# સમયસાર રહસ્ય

ભાગ – ૧૫



ॐ

श्री सिद्ध परमात्मने नमः।

# સમયસાર રહસ્ય

## ભાગ–૧૫

**અધ્યાત્મ યુગપુરુષ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**શ્રી સમયસાર પરમાગમ ઉપરના ૧૭મી વખતના**
**૩૨૮ થી ૩૮૨ ગાથાના સ્વાનુભવ મુદ્રિત ૨૯ અક્ષરશઃ પ્રવચનો**


**પ્રકાશક**
**શ્રી કુંદકુંદ–કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ**
**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

**વીર સંવત**
**૨૫૫૧**

**વિક્રમ સંવત**
**૨૦૮૧**

**ઈ.સ.**
**૨૦૨૫**

**પ્રકાશન**

ઉત્તમ ક્ષમાવણી પર્વ,
તા. ૮-૯-૨૦૨૫

## પ્રાપ્તિ સ્થાન

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.

(૨) શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ,
૧૭૩/૧૭૫, બેંક ઑફ બરોડાની ઉપર,
મુંબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨.

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**અજય ઑફસેટ**
મો. ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રકાશકીય

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરથી ઉદ્ઘાટિત વિશુદ્ધ જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, અષ્ટપાહુડ એ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે કે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી આ નિજ વૈભવ પ્રાપ્ત થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્ભુત શાસ્ત્ર છે. તેમાં નિજ સમયસારરૂપ પરમાત્મતત્ત્વને પ્રકાશિત કરવાનું રહસ્ય ભર્યું છે. તેથી આ પ્રવચન ગ્રંથનું 'સમયસાર રહસ્ય' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે

લખાયેલા છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન રહસ્યયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હતું એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્‌શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો 'પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.'

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમ જ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૭મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટને થઈ કે પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેથી તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના

વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૭મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૭મી વખતના કુલ ૫૯૬ પ્રવચનો છે, જે લગભગ ૨૫ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર રહસ્ય ભાગ-૧૪ પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી રજનીભાઈ દોશી, હિંમતનગર, દ્વારા કરી આપવામાં આવેલ છે તથા પ્રુફ રીડીંગમાં શ્રી હસમુખભાઈ શાહ, હિંમતનગરનો સહયોગ મળેલ છે તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ, મુંબઈ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

# અહોભાગ્ય!

પરમ પૂજ્ય વીતરાગી જિનેન્દ્ર ભગવંતોની વાણીમાં પ્રવાહિત આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન તેમની પરંપરામાં થયેલ વીતરાગી સંતોની પરંપરાથી આજે પણ આપણને સુલભ છે. વીતરાગી નિર્ગ્રંથ સંતોની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોપરી છે. મંગલાચરણમાં શાસનનાયક ભગવાન મહાવીર તથા ગૌતમ ગણધર પછી તુરંત સ્મરણ કરવામાં આવતા આચાર્ય કુંદકુંદ આજે જૈનધર્મના આધાર સ્તંભ ગણવામાં આવે છે. વિદેહક્ષેત્રે સ્થિત જીવંતસ્વામી સીમંધર પરમાત્માના સાક્ષાત્ દર્શન અને દિવ્યધ્વનિ શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે તેઓશ્રીની વિશેષ ઉલ્લેખનીય ઉપલબ્ધિ છે. તેમની લેખનીથી ૮૪ પાહુડની રચના થઈ, જેમાંથી અમુક વર્તમાનમાં ઉપલબ્ધ છે. ગ્રંથાધિરાજ સમયસાર, આચાર્યદેવની નિષ્કારણ કરુણાનો અદ્ભુત પ્રસાદ છે. તેઓશ્રીએ આ ગ્રંથ અત્યંત અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવોના હિતાર્થે રચ્યો છે.

વર્તમાન યુગમાં જ્યારે ધર્મનું વાસ્તવિક સ્વરૂપ આત્મજ્ઞાનશૂન્ય કોરા ક્રિયાકાંડમાં આચ્છાદિત થયું હતું અને આત્મધર્મ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, એવા વિષમકાળમાં જિનશાસનને જીવંત સ્વરૂપ પ્રદર્શિત કરવા માટે એકપુરુષનું અવતરણ થયું. જેમના દિવ્યવચનો અને અંતર્બાહ્ય વ્યક્તિત્વથી મૂળ જિનશાસનનું સ્વરૂપ આ શતાબ્દિમાં પ્રસિદ્ધિને પ્રાપ્ત થયું. તે યુગપુરુષ છે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. જેમણે ૪૫ વર્ષો સુધી અનવરત પોતાની દિવ્યવાણીથી આચાર્ય ભગવંતોના રહસ્યોને ઉદ્ઘાટિત કર્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પરિવર્તનમાં શ્રી સમયસારજીનું અવિસ્મરણીય યોગદાન રહ્યું છે, જે સર્વવિદિત છે. તેથી જિનાગમના અનેક ગ્રંથોના દોહન-પ્રવચન સાથે જ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર ઉપર ૧૯ વાર સભામાં પ્રવચન થયા. જેમાં આપણા સદ્ભાગ્યથી ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯મી વારના પ્રવચનો સી.ડી.માં ઉપલબ્ધ છે.

હું જ્યારે પણ કોઈપણ ગાથાનો સ્વાધ્યાય કરું છું કે કરાવું છું ત્યારે સમયસારની તે ગાથા ઉપર અલગ અલગ વારના પ્રવચનો અવશ્ય સાંભળુ છું અને તેનાથી મને વિશેષ લાભ થતો રહ્યો છે.

અત્યાર સુધી ગુજરાતીમાં શબ્દશઃ પ્રવચનોનું પ્રકાશન કાર્ય આત્માર્થી ભાઈશ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ સંભાળી રહ્યા હતા. પરંતુ તેમના અચાનક દેહપરિવર્તનના કારણે આ કાર્યનું

દાયિત્વ મેં સંભાળવાનો નિશ્ચય કર્યો. જેના ફળસ્વરૂપે શ્રી સમયસારજી ઉપર ૧૭મી વારના પ્રવચન **'સમયસાર રહસ્ય'**નો પંદરમો ભાગ મુમુક્ષુઓને સાદર સમર્પિત છે. આ પવિત્ર ગ્રંથનું કાર્ય કરવાનો મને જે અદ્‌ભુત લાભ મળ્યો તે મારું અહોભાગ્ય જ છે, પરંતુ આપ પણ મનોયોગપૂર્વક સી.ડી. પ્રવચન સાંભળતા સાંભળતા આ ગ્રંથનો ઉપયોગ કરશો તો નિશ્ચિતરૂપે લાભાન્વિત થશો.

પ્રસ્તુત ગ્રંથમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસારના ૧૭મી વારના પ્રવચનો સંગ્રહીત છે. મને જીવનમાં આવા લાભ પ્રાપ્ત થતા રહે તથા મુમુક્ષુ સમાજને આ પ્રયાસ આત્મહિતનું કારણ થાય તેવી ભાવના છે.

રજનીભાઈ મીઠાલાલ દોશી
હિંમતનગર (ગુજરાત)

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૪૫૭ | ૦૨-૦૮-૧૯૭૩ | ગાથા-૩૨૮ થી ૩૩૧, શ્લોક-૨૦૨ | ૦૦૧ |
| ૪૫૮ | ૦૩-૦૮-૧૯૭૩ | ગાથા-૩૨૮ થી ૩૩૧ | ૦૧૭ |
| ૪૫૯ | ૦૪-૦૮-૧૯૭૩ | ગાથા-૩૨૮ થી ૩૩૧, શ્લોક-૨૦૩-૨૦૪ | ૦૩૧ |
| ૪૬૦ | ૦૫-૦૮-૧૯૭૩ | શ્લોક-૨૦૪ | ૦૪૫ |
| ૪૬૧ | ૦૬-૦૮-૧૯૭૩ | ગાથા-૩૩૨ થી ૩૪૪ | ૦૬૫ |
| ૪૬૨ | ૦૭-૦૮-૧૯૭૩ | ગાથા-૩૩૨ થી ૩૪૪ | ૦૭૯ |
| ૪૬૩ | ૦૮-૦૮-૧૯૭૩ | ગાથા-૩૩૨ થી ૩૪૪ | ૦૯૨ |
| ૪૬૪ | ૦૯-૦૮-૧૯૭૩ | ગાથા-૩૩૨ થી ૩૪૪ | ૧૦૪ |
| ૪૬૫ | ૧૦-૦૮-૧૯૭૩ | ગાથા-૨૦૫ | ૧૧૬ |
| ૪૬૬ | ૧૧-૦૮-૧૯૭૩ | શ્લોક-૨૦૫ | ૧૨૯ |
| ૪૬૭ | ૧૨-૦૮-૧૯૭૩ | શ્લોક-૨૦૬ | ૧૪૨ |
| ૪૬૮ | ૧૩-૦૮-૧૯૭૩ | શ્લોક-૨૦૬-૨૦૭, ગાથા-૩૪૫ થી ૩૪૮ | ૧૫૫ |
| ૪૬૯ | ૧૪-૦૮-૧૯૭૩ | ગાથા-૩૪૫ થી ૩૪૮ | ૧૭૧ |
| ૪૭૦ | ૧૫-૦૮-૧૯૭૩ | ગાથા-૩૪૫ થી ૩૪૮ | ૧૮૩ |
| ૪૭૧ | ૧૬-૦૮-૧૯૭૩ | શ્લોક-૨૦૮ | ૧૯૬ |
| ૪૭૨ | ૧૭-૦૮-૧૯૭૩ | શ્લોક-૨૦૯ | ૨૦૯ |
| ૪૭૩ | ૧૮-૦૮-૧૯૭૩ | ગાથા-૩૪૯ થી ૩૫૫, શ્લોક-૨૧૦ | ૨૨૨ |
| ૪૭૪ | ૧૯-૦૮-૧૯૭૩ | ગાથા-૩૪૯ થી ૩૫૫ | ૨૩૮ |
| ૪૭૮ | ૨૩-૦૮-૧૯૭૩ | ગાથા-૩૫૬ થી ૩૬૫ | ૨૬૧ |
| ૪૭૯ | ૨૪-૦૮-૧૯૭૩ | ગાથા-૩૫૬ થી ૩૬૫ | ૨૭૨ |

| | | | |
|---|---|---|---|
| ૪૮૦ | ૨૫-૦૮-૧૯૭૩ | ગાથા-૩૫૬ થી ૩૬૫ | ૨૮૪ |
| ૪૮૨ | ૨૭-૦૮-૧૯૭૩ | ગાથા-૩૫૬ થી ૩૬૫ | ૨૯૫ |
| ૪૮૩ | ૨૮-૦૮-૧૯૭૩ | ગાથા-૩૫૬ થી ૩૬૫ | ૩૦૯ |
| ૪૮૪ | ૩૦-૦૮-૧૯૭૩ | કળશ-૨૧૫ થી ૨૧૬ | ૩૨૩ |
| ૪૮૮ | ૦૩-૦૯-૧૯૭૩ | ગાથા-૩૬૬ થી ૩૭૧, શ્લોક-૨૧૮ | ૩૪૦ |
| ૪૮૯ | ૦૪-૦૯-૧૯૭૩ | ગાથા-૩૭૨, શ્લોક-૨૧૮-૨૧૯ | ૩૫૪ |
| ૪૯૦ | ૦૫-૦૯-૧૯૭૩ | ગાથા-૩૭૨ | ૩૭૦ |
| ૪૯૩ | ૦૮-૦૯-૧૯૭૩ | ગાથા-૩૭૩ થી ૩૮૨, શ્લોક-૨૨૧ | ૩૮૫ |
| ૪૯૪ | ૦૯-૦૯-૧૯૭૩ | ગાથા-૩૭૩ થી ૩૮૨, શ્લોક-૨૨૨ | ૪૦૩ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

॥श्री परमात्मने नमः॥

# સમયસાર રહસ્ય

(અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસારજી પરમાગમ ઉપર ચાલેલા ૧૭મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)

(ભાગ-૧૫)

## કળશ-૨૦૨

"જે પુરુષો આવો વસ્તુસ્વભાવનો નિયમ જાણતા નથી તેઓ અજ્ઞાની થયા થકા કર્મને કરે છે; એ રીતે ભાવકર્મનો કર્તા અજ્ઞાનથી ચેતન જ થાય છે.' - આવા અર્થનું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે :-

(वसन्ततिलका)

ये तु स्वभावनियमं कलयन्ति नेम-<br>
मज्ञानमग्नमहसो बत ते वराकाः।<br>
कुर्वन्ति कर्म तत एव हि भावकर्म-<br>
कर्ता स्वयं भवति चेतन एव नान्यः॥ २०२॥

શ્લોકાર્થ :— (આચાર્યદેવ ખેદપૂર્વક કહે છે કે :) [बत] અરેરે! [ये तु इमम् स्वभावनियमं न

कलयन्ति] જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી [ते वराकाः] તેઓ બિચારા, [अज्ञानमग्नमहसः] જેમનું (પુરુષાર્થરૂપ-પરાક્રમરૂપ) તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે એવા, [कर्म कुर्वन्ति] કર્મને કરે છે; [ततः एव हि] તેથી [भावकर्मकर्ता चेतनः एव स्वयं भवति] ભાવકર્મનો કર્તા ચેતન જ પોતે થાય છે, [अन्यः न] અન્ય કોઈ નહિ.

ભાવાર્થ :— વસ્તુના સ્વરૂપના નિયમને નહિ જાણતો હોવાથી પરદ્રવ્યનો કર્તા થતો અજ્ઞાની (–મિથ્યાદૃષ્ટિ) જીવ પોતે જ અજ્ઞાનભાવે પરિણમે છે; એ રીતે પોતાના ભાવકર્મનો કર્તા અજ્ઞાની પોતે જ છે, અન્ય નથી. ૨૦૨.

---

## શ્રાવણ સુદ-૪, ગુરુવાર, તા.૦૨-૦૮-૧૯૭૩
## ગાથા-૩૨૮ થી ૩૩૧, કળશ-૨૦૨, પ્રવચન-૪૫૭

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. સમયસાર. ૨૦૧ કળશ ચાલ્યો છે. '"**જે પુરુષો આવો વસ્તુસ્વભાવનો નિયમ જાણતા નથી...**' શું કહ્યું એ? કે વસ્તુનો સ્વભાવનો નિયમ એવો છે કે એક દ્રવ્ય બીજી દ્રવ્યની કોઈપણ પર્યાયને કરે નહિ. વસ્તુનો સ્વભાવ જ એવો છે અને એનો નિયમ એવો છે કે આત્મા જડની ક્રિયા, કર્મને બાંધે નહિ, શરીરની ક્રિયા કરે નહિ, વાણીને બોલે નહિ. આહા..હા..! એવું તો વસ્તુના સ્વભાવના નિયમનું સ્વરૂપ જ છે એ. પણ એ '**જાણતા નથી તેઓ અજ્ઞાની થયા થકા કર્મને કરે છે;...**' કર્મ એટલે કે વિકારીભાવને કરે છે. માને છે કે હું આ જડનું અને આ બધાનું કરું એવો જે ભાવ એ ભાવને એ અજ્ઞાની કરે છે. સમજાણું કાંઈ?

'**એ રીતે ભાવકર્મનો કર્તા અજ્ઞાનથી ચેતન જ થાય છે.**'' અજ્ઞાનથી હોં એ. આહા..હા..! સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદઘન એનું જ્યાં ભાન નથી એને અજ્ઞાનપણે પરદ્રવ્યની ક્રિયા કરું એવો જે અજ્ઞાનભાવ તેને કરે. છતાં એ પરને તો કરી શકે નહિ. અને એ જ્યાં સુધી અજ્ઞાન છે, ચૈતન્યની જાત તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે અને રાગ છે તે અણાત્મા છે. પણ એ અણાત્માની ઉત્પત્તિ અજ્ઞાન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે આત્મા જાણ્યો નથી એથી એને અણાત્મા એવો જે રાગ (તેને કરે છે). પરજીવો પણ અણાત્મા એટલે આ આત્મા નથી. પરજીવ કર્મ, શરીર, વાણી. એથી પરદ્રવ્યનો વસ્તુનો સ્વભાવ નિયમથી એનું કાંઈ કરે નહિ. આ ખાવાની ક્રિયા, પીવાની ક્રિયા, બોલવાની ક્રિયા, ચાલવાની ક્રિયા એ જીવ કાંઈ ન કરે. પણ કરે છે એવું માને તો એ અજ્ઞાનભાવનો કર્તા થાય. સમજાણું કાંઈ? એ અજ્ઞાનભાવ પરની અપેક્ષાએ ભિન્ન પાડતા એ ચૈતન્યનો ભાવ છે.

અને ચૈતન્યના સ્વભાવનું ભાન કરતા એ અજ્ઞાનભાવ રાગ-દ્વેષ સંસારભાવ અણાત્મા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- પરની અપેક્ષાએ ચેતન?

ઉત્તર :- પરની અપેક્ષાએ ચૈતન્યની પર્યાય છે. ઇ જડ કરતો નથી અને એ પર્યાય જડને કરતું નથી. એની સત્તામાં, સ્વરૂપના ખબર વિના વસ્તુના નિયમ પ્રમાણે પરનો કર્તા તો નથી. ત્યારે હવે કરે છેને, માને છેને. કે એ માને છે એ અજ્ઞાનભાવને કરે, ભાવકર્મને કરે, વિકારભાવને ઇ કરે.

એ **'અજ્ઞાની થયા થકા કર્મને કરે છે;...'** એટલે કે ચિદાભાસના પરિણામ ઇ જીવના અસ્તિત્વમાં થાય છે અજ્ઞાનભાવે. સમજાય છે કાંઈ? **'એ રીતે ભાવકર્મનો કર્તા અજ્ઞાનથી ચેતન જ થાય છે.' - આવા અર્થનું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે :-'** ૨૦૨. આહા..હા..!

**(वसन्ततिलका)**

**ये तु स्वभावनियमं कलयन्ति नेम-**
**मज्ञानमग्नमहसो बत ते वराकाः।**
**कुर्वन्ति कर्म तत एव हि भावकर्म-**
**कर्ता स्वयं भवति चेतन एव नान्यः ॥ २०२॥**

**'(આચાર્યદેવ ખેદપૂર્વક કહે છે કે :)'** અરેરે..! શું છે પ્રભુ! તું ચૈતન્યસત્તા જેમાં ચૈતન્યના ગુણોની પર્યાયની સત્તા એમાં તું છો. એ પરની સત્તાની ક્રિયા કરે (એમ નથી). આહા..હા..! અત્યારે રાગનો કર્તા અજ્ઞાનીને ઠરાવવો છે. તો રાગ અણાત્મા એ ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ, પણ પરદ્રવ્યની ભિન્નતાની અપેક્ષાએ છે એ આત્માના ભાવ. સમજાણું કાંઈ? આહા..હા..! ચોર્યાસીના અવતારમાં આવા અવતાર કરી અને અજ્ઞાનભાવે રાગ અને પુણ્ય અને પાપના ભાવનો એ કર્તા થાય છે. એ મર્યાદા છોડીને પરનું તો ફોતરું ફેરવી શકતો નથી. તીનકા-છીલકા એ પણ કરી શકે નહિ પરનું. આહા..હા..! તરણાના બે કટકા કરી શકે નહિ. તીનકા.

મુમુક્ષુ :- મોટા-મોટા ડુંગરો તોડી નાખે.

ઉત્તર :- ધૂળેય કરે નહિ મફતનો. આહા..હા..! અરેરે..! એને તો ખરેખર તો એને અણાત્માનો ત્યાગ કરવો જોઈએ. રાગાદિનો ત્યાગ થવો જોઈએ. એને ઠેકાણે એ પરનો ત્યાગ કરે તો પરનો હું કર્તા નથી તો એટલો એની પર્યાયની મર્યાદામાં તો આવ્યો. સમજાણું કાંઈ?

**'(આચાર્યદેવ ખેદપૂર્વક કહે છે કે :) અરેરે!'** **'ये तु इमम् स्वभावनियमं न कलयन्ति'** **'જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી...'** આહા..હા..! વસ્તુ દરેક આત્મા અને દરેક પદાર્થ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલી છે. એ બીજાના પર્યાયને (કરે એમ નથી) દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી એના છે, પણ એનો વર્તમાન પર્યાય છે એનો એ આત્મા કર્તા થાય તો એ માન્યતા અજ્ઞાન અને

એનો કર્તા થાય. આહા..હા..! પણ પરનો કર્તા તો નહિ. આહા..હા..! ભાઈ! તું કેટલે? અનંતકાળમાં અનાદિથી આમ રખડી મર્યો છો. આહા..હા..! દુ:ખી છે... દુ:ખી છે... ક્યાંય શરણ નથી એને. બહારની સામગ્રીઓ એનો કર્તા થવું એ અજ્ઞાન છે એમ અત્યારે તો સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ભાઈ! આ છોકરાને મેં જન્મ આપ્યો. એ મારો દીકરો છે અને એ મારા કહેણ પ્રમાણે બધું કામ કરે છે. એ વાત કહે છે કે ભ્રમ છે તને, ભાઈ! એ બધા પદાર્થો જગતના સ્વયં ટકીને બદલતાના પરિણામનો એ પદાર્થ કર્તા છે. એને ઠેકાણે તું એના બદલતાના પરિણામનો, (તારી) ઉપસ્થિત દેખીને હું આનો કર્તા છું (એમ માને). તો હા. એ વખતે અજ્ઞાન અને રાગ-દ્વેષનો કર્તા થાય છે. આહા..હા..! પરનો તો નહિ. આહા..હા..! આવું એકાંતિક સ્વરૂપ હશે?

મુમુક્ષુ :- એકાંતિક જ હોય સમ્યક્.

ઉત્તર :- પરનું કરી શકે નહિ બિલકુલ એમ એકાંત! કથંચિત્ કરે અને કથંચિત્ ન કરે એમ અનેકાંત ન હોય? એમ હોય જ નહિ. વસ્તુનો સ્વભાવ કીધોને જુઓને.

મુમુક્ષુ :- કે જે પ્રકારે કહ્યું છે એ પ્રકારે બિલકુલ નહિ.

ઉત્તર :- ઇ પ્રમાણે નહિ પણ બીજી રીતે છેને પાછું? વ્યવહારે કરી શકે કે નહિ? નિશ્ચયથી ન કરી શકે. એય..! બે નય છે કે નહિ? પણ બે નય છે એટલે શું? આહા..હા..! એથી બે નય છે એટલે અજ્ઞાનભાવ રાગ, દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, એનો જે વિકલ્પ ઉઠે એનો એ કર્તા થાય. સમજાણું કાંઈ? પરનો તો બિલકુલ થાય નહિ. વસ્તુનો નિયમ એવો છે. વસ્તુનું સ્વરૂપ એવું છે કહે. એથી તો આ ... આહા..હા..!

**'ये तु इमम् स्वभावनियमं न कलयन्ति' 'જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી...'** એટલે કે હું જ્ઞાનાનંદ સ્વરૂપ છું શુદ્ધ આનંદ એની જેને ખબર નથી. એ આનંદનો કર્તા ભલે ન હો, અજ્ઞાનભાવે, પણ એ પરનો કર્તા નથી, સ્વનો કર્તા નથી, ફક્ત રાગ અને દ્વેષનો અજ્ઞાનથી કર્તા થાય છે.

મુમુક્ષુ :- રાગ-દ્વેષ તો ...

ઉત્તર :- હા, કર્તા અજ્ઞાની કરે છે. અજ્ઞાની કરે છે અજ્ઞાની. સમકિતી નહિ. આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિ જીવ તો ચૈતન્ય છું એવો અનુભવ છે. એથી એ ચૈતન્યની જાતથી બીજી જાતનો એ કર્તા થતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ બધું એકાંત લાગે ઘણાને તો હોં. અહીં તો એ જ કહ્યું **'અરેરે! જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી...'** એમ પ્રશ્ન છેને જુઓને. આહા..હા..! વસ્તુનો સ્વભાવ તો આનંદ છે એને જાણતા નથી, પણ આનંદ જાણતા નથી માટે પરનો કર્તા થાય છે એ પણ વસ્તુના સ્વભાવને જાણતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તો આ કેમ હશે આમાં સુજાનમલજી! આહા..હા..! અરેરે..! વરાકા! આચાર્ય કહે છે અરે..! બિચારા! આહા..હા..! ભગવાન! તું શું કરે છો આ? તારા ભગવાનને ભૂલીને કર તો રાગ-દ્વેષને, વિકારને,

મિથ્યાત્વને કર પણ તને ભૂલીને પરને કર (એમ માને). તું શું કરે છો આ? સમજાણું કાંઈ? વરાકા એટલે રાંકા કીધા છે. રાંકા સમજો છો? રાંક નથી કહેતા? ભિખારી. અરેરે..! વરાકા! અરે..! ભિખારી! તારી ચીજને ભૂલીને તું પરનો કર્તા થા બાપુ! શું કરે છે તું? આહા..હા..! સમજાણું કાંઈ? વરાકા શબ્દ આવે છે. શ્વેતાંબરમાં ૩૬મા અધ્યયનમાં આવે છે. વરાકા. વ્યાખ્યાનમાં આવ્યું હતું બધું. ત્યાં તો વાંચતા હતા બધું શાસ્ત્રને. ભિખારી! વરાંકા એટલે રાંક. તારા પુરુષાર્થની ગતિ શું છે એની તને ખબર નથી. તારા ચૈતન્યના પુરુષાર્થની ગતિ તો રાગથી ભિન્ન પડીને શાંતિ અને આનંદને કરે એ તારું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને ઠેકાણે બિચારા, રાંકા. આહા..હા..! ભિખારી! ભલે એ ચક્રવર્તી હોય કે દેવ હોય પણ જે કોઈ પરદ્રવ્યનું કર્તાપણાનું માને છે એ કર્તા થઈ શકતો નથી, પણ સ્વરૂપને ભૂલીને અજ્ઞાનને કરે છે. એ ભિખારી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો આખો દિ' જાણે આ અમે કર્યું... અમે કર્યું... અમે કર્યું... દુકાનને થડે બેઠો હોય તો આમ જાળવ્યું... આમ જાળવ્યું... કેવું અમે જાળવ્યું. બીજાની દુકાનો ઉઠી ગઈ અને અમારી દુકાનને ઉઠવા ન દીધી અમે બરાબર જાળવ્યું માટે.

મુમુક્ષુ :- પુણ્ય હતું.

ઉત્તર :- પણ પુણ્ય તો ઠીક. ઇ તો એમ માને કે અમે બરાબર જાળવ્યું માટે આ દુકાન રહી ગઈ આવી. બીજાની તો ઉડી ગઈ ઘણાની. ઠીક ભાઈ! એમ માનીને તું અજ્ઞાનથી રાગ-દ્વેષનો કર્તા થા. બાકી પરની ક્રિયા તે રાખી માટે થઈ એ વાતમાં જરીએ દોકડો સાચો નથી. આહા..હા..!

**'નિયમને જાણતા નથી...'** **'ते वराकाः'** ભિખારી, ગરીબ માણસ છે બિચારા કહે. જે પરનો કર્તા માને તે અજ્ઞાનમાં ભિખારી ગરીબ છે. એને પોતાની ચૈતન્ય ઋદ્ધિની ખબર નથી. આહા..હા..! એમ કહે છે. ચૈતન્ય સંપદા આનંદ અને જ્ઞાનથી ભરેલી એવો જે આત્મા એની સંપદાની એને ખબર નથી. બિચારો ગરીબ થઈને, રાંક થઈને, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભાશુભભાવ એનો એ કર્તા થાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- એવા વિશેષણ લીધા છે કે કાળજા...

ઉત્તર :- કંપી જાય. આ એના માટે તો વાત ચાલે છે બાપા! ભેદજ્ઞાની. હજી તો પરથી ભેદજ્ઞાની આ તો. આહા..હા..! બાકી તો ઉદયભાવ માત્ર સંસાર અને એનું ફળ ચાર ગતિ એ સંસાર બધો અણાત્મા છે. નિશ્ચય દૃષ્ટિમાં તો એ બધો અણાત્મા છે. એ આત્માના સંપદાની ખબર નથી જેને. એ બહિર્દૃષ્ટિવાળો જીવ પરની ક્રિયાઓને કરું એવી માન્યતાને એ કરે છે. તે ભાવને એ કરે છે. આહા..હા..! શું હશે આ બધું? આહા..હા..! ચોપડીમાં લેખ લખે મોઢા આગળ. આ મેં આ લેખ આવો લખ્યો છે. એ બધું કરી શકતો નથી? કહો, ધન્નાલાલજી!

મુમુક્ષુ :- .. થઈ ગયું.

ઉત્તર :- આહા..હા..! અને એની પ્રશંસા લોકો કરે ત્યારે એ રાજી થાય માણસ તો. આ મેં

કામ કર્યું, જુઓ આ કામ મેં કર્યા. સમજાણું કાંઈ? લોકો પ્રશંસા કરે ત્યારે કહે હા, આપણે કાંઈ ગણતરીમાં છીએ ખરા. કદર કરનારા છે. આહા..હા..! અરે..! તને કાંઈ ખબર નથી, ભાઈ! તું બિચારો રાંક છો. આહા..હા..! વરાકા, રાંકા ચૈતન્ય બાદશાહ આનંદ મૂર્તિને છોડીને તું. આહા..હા..! પરનો કર્તા થવાના ભાવનો કર્તા થા છો. તું પરનો કર્તા તો થઈ શકતો નથી. શું હશે આમાં શેઠ! આ બીડી-બીડીવાળામાં કાંઈ નથી? આ બે જણા તમે શું કરો છો? ધંધા મોટા કરોડો રૂપિયાની બીડીયું ને આ ને તે. કરોડો બીડીયું કેવી? બાળબીડી. બાળકબીડી? બાળકબીડી.

મુમુક્ષુ :- એ તો એ કારખાના કરે.

ઉત્તર :- એટલે શેઠીયા.. લ્યો ભગવાનદાસ શોભાલાલ બુંદેલખંડના બાદશાહ. એકેય વાત સાચી હશે ઇ? આહા..હા..! રામજીભાઈ પણ ત્યાં કરતા કોર્ટમાં ... જજ પાસે. આહા..હા..! કોણ કાઢે ભાઈ! તને ખબર નથી. એ વાણી કોણ કરે? અરે..! વિકલ્પ ઉઠાવવો એ કોણ કરે? બાપુ! તને ખબર નથી. આહા..હા..! એ ભિખારી થઈને તું રાગને કર ભલે. ચૈતન્યની ઋદ્ધિ ભગવાન આત્મા આનંદનો નાથ જ્યાં ચૈતન્યના સાગરથી ભરેલો છે એ ચૈતન્ય સ્વભાવની સંપદાના ભાનવાળો જીવ એ તો પરનો તો કર્તા નથી, પણ પરને કરું એવો જે વિકલ્પ એનો પણ કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આકરું લોકોને લાગે આ તે એકાંત. બાપુ! એકાંત જ છે. આહા..હા..! જુઓને આચાર્યે કેવો ખેદ કર્યો છે. અરેરે..! ભાઈ! તું શું કરે છે આ? તને શું નુકસાન કરી રહ્યો છો? તારી શાંતિને તે ક્યાં ઢળાવી રહ્યો છો? આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞાતા-દૃષ્ટા ભગવાન આત્મા એને આત્મા કહીએ. તું આત્મા પરનો જાણનાર કહેવો એ પણ વ્યવહાર છે. આહા..હા..! એને ઠેકાણે તું પરના કર્તામાં બહિર્બુદ્ધિ તારી પડી છે એથી તને એમાં ઘુંટાઈ ગયું છે જ્ઞાન. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ બાયુ હુશિયાર હોય તો એમ સારા... નથી કહેવાતું કે આ બાઈનો હાથ હળવો છે. એના હાથથી થાય શીરો. શું કહે છે? હલવા, પુરણપોળી. ઓલી પુરણપોળી નથી હોતી? શું કહે છે? પુરણપોળી. તુવેરની દાળ ને સાકર નાખીને. એ તો હુશિયાર બાઈ હોય તો કરી શકે. બડથડ જેવી કરી શકે? આહા..હા..! અમારે ચાલતું ગામડામાં. ઓલી કરેને શું કહેવાય? પાપડને એ બધું શું કરે? વડી-વડી. વડી હોય છેને વડી. ખાટલામાં પાથરે. ખાટલો હોયને ખાટલો? ઇ પાટીયામાં સેવ કરે. તો વડી શી રીતે કરે? આમ કરે અને સુકવે. સુકવતા એ જોયું હતું. અને ઓલી સેવ કરે. બરાબર આમ ખાટલામાં હોયને પાછલો ભાગ? એમાં પાટીયું નાખે લાંબુ મોટું. અને બરાબર આમ ઘોડો થઈને બેસે. આહા..હા..! અરેરે..! શું કરે છે તું આ? ભાઈ! એ તો પરની ક્રિયા અને પરની પર્યાયનું પરિણમન છેને. આહા..હા..! કહો, શેઠ! આ નામા લખે મોતીના દાણા જેવા લ્યો. નામુ નથી લખતા વાણિયા?

મુમુક્ષુ :- અક્ષર બહુ ચોખ્ખા કરે.

ઉત્તર :- અક્ષર મોતીના દાણા જેવા લ્યો. અમારે ખુશાલભાઈને અક્ષર બહુ હતા ચોખ્ખા.

મોતીના દાણા જેવા એમ કહેતા.

મુમુક્ષુ :- મોહનભાઈના પણ એવા જ હતા.

ઉત્તર :- મોહન કાળીદાસ? મોહન મોતી. હશે. અમે તો ખુશાલભાઈને જોયેલા. અક્ષર એવા ચોખ્ખા અને કુંવરજીભાઈ પાછા ગડબડીયા. એ કરી શકે કે નહિ ચોખ્ખા અક્ષર?

મુમુક્ષુ :- અક્ષર ચોખ્ખા ખરા. કોણે કર્યા ઇ પ્રશ્ન.

ઉત્તર :- આહા..હા..! કહે છે કે બાપુ! કઈ રજકણની ક્રિયા તારાથી થાય? આહા..હા..! ભારે વાતું ભાઈ! આ શાસ્ત્રના અનુવાદ કરવા એ ક્રિયા કરી શકે કે નહિ?

મુમુક્ષુ :- આપ ના પાડો છો. અમે તો ઘણું કહીએ પણ આપ ના પાડો છો.

ઉત્તર :- આહા..હા..! અરે..! તું શું કરે છે? ભાઈ! તું ક્યાં જવા માગે છો? ક્યા પરના સંગમાં તારે રહેવું છે? તેથી પરનો કર્તા થા છો? એ સંગ છોડવો નથી તારે? આહા..હા..! આ તો વીતરાગ માર્ગ એવો છે. ઓહો..હો..! આ તો આત્મા આનંદનો નાથ પ્રભુ એ તો રાગને કરે તો એ અણાત્માને કરે. એ તો અણાત્માને કરે અને અણાત્મા એ આખા સંસારને કરે. સંસારને કરે એ સંસારને ભોગવે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! વસ્તુનો સ્વભાવ આવો ભગવાન છોને તું.

'अज्ञानमग्नमहसः' અરેરે..! **'જેમનું (પુરુષાર્થરૂપ-પરાક્રમરૂપ) તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે...'** આહા..હા..! ઇ અક્ષરોની ક્રિયા, શરીરની ક્રિયા, કર્મની ક્રિયા, આ સ્તુતિ, ભાષા નીકળે એની ક્રિયા. એ મેં કરી છે. આહા..હા..! લ્યો, 'પાર્શ્વ પ્યારા...' શું આવતુંને એ શું કીધું? ભજન આવે છેને. 'લાગી લગન...' 'તુમસે લાગી લગન લેલો અપની શરણ પારસ પ્યારા...' આવે છે કે નહિ? ભજન ભક્તિમાં આવે છે. આહા..હા..! એ વાણીની ક્રિયા એ દેશી એવી લાગે. ઇ એ દેશી એને જ આવડે કહે. એમ બોલે. ... એ 'લાગી લગન હમારી...' 'તુમસે લાગી લગન લેલો અપની શરણ પારસ પ્યારા. મેટો મેટોજી સંકટ હમારા...'

મુમુક્ષુ :- પુદ્ગલ ભક્તિ થોડી કરે?

ઉત્તર :- એ ભક્તિ કરે એ પુદ્ગલ ન કરે, પણ એ ક્રિયા થાય એ પુદ્ગલ કરે. આહા..હા..! પહેલું તો પરદ્રવ્યથી ઉઠી જા ઇ વાત કરે છે. પછી રાગથી ઉઠી જવાની પછી વાત છે. આહા..હા..! અરેરે..! આ **'જેમનું (પુરુષાર્થરૂપ-પરાક્રમરૂપ) તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે...'** આહા..હા..! જે વીર્ય રાગને કરે, પુણ્યને કરે એ વીર્ય જ નહિ કહે છે. આવે છેને વીર્યનું. સ્વરૂપરચના સામર્થ્ય વીર્ય. વીર્ય તો એને કહીએ આત્મબળ કે જે સ્વરૂપની રચના કરે. અરેરે..! તારું વીર્ય ડૂબી ગયું અજ્ઞાનમાં. આહા..હા..! એ પરનો કર્તા માનીને રાગનો કર્તા થા. એમ કહે છે. **'(પુરુષાર્થરૂપ-પરાક્રમરૂપ) તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે...'** આહા..હા..! **'कर्म कुर्वन्ति' 'કર્મને કરે છે;...'** એમ માને છે. અથવા ભાવકર્મને કરે છે. વિકલ્પને, પુણ્યને, પાપના ભાવને કરે છે.

'ततः एव हि' 'भावकर्मकर्ता चेतनः एव स्वयं भवति' એ **'ભાવકર્મનો કર્તા ચેતન જ પોતે થાય છે,...'** આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ સ્વરૂપ તદ્દન નિવૃત્તસ્વરૂપ છે. અહીં તો રાગથી નિવૃત્તસ્વરૂપ છે પણ અત્યારે તો પરદ્રવ્યની પર્યાયથી નિવૃત્ત સિદ્ધ કરવું છે. આહા..હા..! મુનિમ સારો હુશિયાર હોય તો કામ બહુ કરે લ્યો. ભલે પગાર લે બસ્સો, ત્રણસો, પાંચસોનો, પણ રળી બહુ આપે. સારા નોકર હોય કે નહિ? શેઠ! મુનિમ-મુનિમ.

મુમુક્ષુ :- ... વયા જાય.

ઉત્તર :- હા, હા. એ તો ન હોય કામ તો વયા જાવ. હું વયો જાવ. શેઠ! તમારું કામ નહિ અહીંયાં. બોલશો નહિ. નોકર કહે. ઓલો જાણે કે છે એ હુશિયાર. આહા..હા..! કોઈ નોકર સારો વેપારના ધંધા કરી શકે કે નહિ? અરેરે..! કહે છે કે આવી તારી માન્યતા! તે પરાક્રમ અને પુરુષાર્થ તારો અજ્ઞાનમાં ડુબી ગયો, પ્રભુ! આહા..હા..!

એ **'ભાવકર્મનો કર્તા ચેતન જ પોતે થાય છે, અન્ય કોઈ નહિ.'** એ અજ્ઞાનનો કર્તા કર્મ નહિ. અહીંથી તો વાત ઉપાડી છે કે પરદ્રવ્યની પર્યાયનો કર્તા તું નહિ. હવે એને ફેરવીને અહીં લાવ્યા પાછા.

મુમુક્ષુ :- ભાવકર્મનો કર્તા તું એમ

ઉત્તર :- હા, તારા પુણ્ય અને પાપ અને અજ્ઞાનનો કર્તા પર નહિ. પરની પર્યાયનો કર્તા તારી પર્યાય નહિ અને તારી પર્યાયનો કર્તા પર નહિ. બેય સમાડી દીધું. સમજાય છે કાંઈ? નહિતર આમ તો વાત ચાલે છે. એક સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્યની કોઈપણ પર્યાયનો કર્તા આત્મા નથી. છતાં ઇ કર્તા છે એમ માને એવા ભાવનો કર્તા છે, એ ભાવનો કર્તા કર્મનો ઉદય નહિ. કારણ કે કર્મના ઉદયની પર્યાય તો જડ છે, ભિન્ન છે અને આ ચેતનાભાસની ક્રિયા રાગની, પુણ્યની, પાપની ચૈતન્યના અસ્તિત્વમાં છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'ભાવકર્મનો કર્તા ચેતન...'** અજ્ઞાનપણાની વાત છે હોં આ. **'પોતે થાય છે, અન્ય કોઈ નહિ.'** અન્ય કોઈ નહિ. અરેરે..! શું કરવું? આ બાયડી, છોકરા બધા એવા પડ્યા કે એને માટે મારે રાગ કરવો પડે છે. આહા..હા..! અમુક તો રાગ મારે કરવો જ પડે. કારણ કે એ બધા બિચારા મારે આશ્રયે પડ્યા છેને? તું ધણી થઈ ગયો એનો? આહા..હા..! કહે છે **'અન્ય કોઈ નહિ.'** હોં તારી પર્યાયનો કર્તા અન્ય કોઈ નહિ. અને અન્યની પર્યાયનો કર્તા તું કોઈ દિ' નહિ. બેય સમાડી દીધી વાત. આહા..હા..! આ માણસ કહે છેને ભાઈ! કર્મનો ઉદય આવે એ પ્રમાણે વિકાર કરવો પડે. તદ્દન જૂઠી વાત છે. તને વ્યવહારના અજ્ઞાનની પણ ખબર નથી. કર્મનો ઉદય આવે જેટલા પ્રમાણમાં એટલા પ્રમાણમાં વિકાર કરવો પડે લ્યો. એ ઉદય કર્મનું જોર હોયને તો વિકાર કર્યા-કરાયા વિના રહે જ નહિ ઇ. ભલે કરે ઇ. પણ ઇ કરાવે.

મુમુક્ષુ :- સમયસાર નાટકમાં આવે છે.

ઉત્તર :- ઇ જ ના પાડે છે ત્યાં. કરે નહિ, કરાવે નહિ અને કાંઈ નથી. પર શું કરતું હતું?

જુઓને **'અન્ય કોઈ નહિ.'** તારી મિથ્યા શ્રદ્ધા હું પરપદાર્થની અવસ્થાને કરું એવી મિથ્યા શ્રદ્ધાનો કર્તા તારા સિવાય કોઈ બીજી ચીજ નથી. પરની પર્યાયનો કર્તા તું નહિ, પણ તારી મિથ્યાશ્રદ્ધાનો કર્તા બીજો કર્તૃત્વ-અન્ય નહિ. આહા..હા..! બેય જુદા પાડી નાખ્યા. આહા..હા..! આ તો કહે શું કરીએ ભાઈ! ગરીબ માણસ, પાપના ઉદય એટલે આવા ધંધામાં અમારે બરાબર ધ્યાન રાખીને ધંધો કરવો પડે. કહે છે કે ઇ ધંધો કરવો પડે ઇ ક્રિયા એ મિથ્યાત્વની માનેલી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'વસ્તુના સ્વરૂપના નિયમને નહિ જાણતો હોવાથી પરદ્રવ્યનો કર્તા થતો અજ્ઞાની...'** પરદ્રવ્યની પર્યાયનો એમ. પરદ્રવ્યનો એટલે પરદ્રવ્યની પર્યાયનો. પરદ્રવ્યમાં દ્રવ્ય, ગુણને તો ક્યાં કરી શકે છે? **'પરદ્રવ્યનો કર્તા થતો અજ્ઞાની (–મિથ્યાદૃષ્ટિ) જીવ પોતે જ અજ્ઞાનભાવે પરિણમે છે;...'** એની પર્યાયને પરિણમાવતો નથી, પણ પોતે અજ્ઞાનભાવે પરિણમે છે. આહા..હા..! આ સંચા, બંચા .. હશે ઠીક. એય..! શાંતિભાઈ! ત્યાં બધા એમ કહે ત્યાં મદ્રાસમાં શાંતિભાઈ બહુ સંચા કરે છે. ધ્યાન રાખે છે. કાંઈ નહિ થાતું હોય? આહા..હા..! આ સંચા થાય છેને શું કહે ફેક્ટરી? બે-પાંચ સંચા હોય, દસ સંચા હોય. ધ્યાન રાખે.

મુમુક્ષુ :- ઉદ્યોગપતિ

ઉત્તર :- ઉદ્યોગપતિ. લ્યો ઉદ્યોગપતિ કહેવાય. ઓલા કરોડોપતિ હોય ને અબજોપતિ? એ ઉદ્યોગપતિ કહેવાય. ઉદ્યોગના પતિ છે ઇ. સાચી વાત હશે?

મુમુક્ષુ :- આખી દુનિયા એમ કહે છે.

ઉત્તર :- દુનિયા એમ કહે છેને. છેને પણ અત્યારે બે આપણા વાણિયામાં. બે અબજપતિ છે અબજપતિ. સો કરોડનો અબજ, સો લાખના કરોડ. સો હજારનો લાખ અને સો લાખનું કરોડ, સો કરોડની અબજ. અને સો અબજનો એક ખર્વ. છાપામાં આવે છે. ત્યાં અમારે આવતું ભણતા ત્યારે હોં. સો અબજનું એક ખર્વ, સો ખર્વનું એક નિખર્વ. ખર્વ, નિખર્વ, પદ્મ, શંખ એ આવતું અમારે. આ ૭૦ વર્ષ પહેલાની વાત છે. અત્યારે તો અબજ સુધી આવે છે. ૧૮ આંકડા આવતા અંત્યા સુધીના. આહા..હા..! એમ એ બોલે પણ એવું. અમે બાહુબળથી પિતાજી મૂકી નહોતા ગયા. એ વખતે અમારી અવસ્થા ગરીબ હતી, પણ બાહુબળે અમે પ્રવિણતાથી અને વિચિક્ષણતાથી આ બધું કર્યું. પ્રવિણતા અને વિચિક્ષણતા. સાચું હશે ઇ?

મુમુક્ષુ :- ખોટું જ છે સાવ.

ઉત્તર :- પણ એ માન્યતા જ ખોટી છે કહે છે. ઇ વસ્તુ તો કરી શકતો નથી, પણ તારી માન્યતા ખોટી એનો તું કર્તા થા છો. આહા..હા..!

કહો, **'પરદ્રવ્યનો કર્તા થતો અજ્ઞાની (–મિથ્યાદૃષ્ટિ) જીવ પોતે જ અજ્ઞાનભાવે પરિણમે**

**છે;...'** આહા..હા..! **'એ રીતે પોતાના ભાવકર્મનો કર્તા અજ્ઞાની પોતે જ છે, અન્ય નથી.'** આહા..હા..! નોકર્મ તો નથી, પણ દ્રવ્ય કર્મ નથી એમ અહીં સિદ્ધ કરવું છે. કેટલાક એમ કહે કે નોકર્મને નથી કરતા. નોકર્મને આપણે નિમિત્ત બનાવવું હોય તો બનાવીએ. પણ કર્મનો ઉદય તો નિમિત્ત થઈને આવે. એથી વિકાર એને કરવો પડે. આહા..હા..! એમ અહીંયાં ભગવાન કહે છે કે મૂઢ છો. સમજાણું કાંઈ? એ કર્મને લઈને વિકાર તારામાં થાય.

મુમુક્ષુ :- એ તો ડિગ્રી ટુ ડિગ્રી.

ઉત્તર :- ડિગ્રી ટુ ડિગ્રી વળી કહે હા. જેવો કર્મનો ઉદય હોય એવો જ અહીં વિકાર થાય. આહા..હા..! ગજબ કર્યું છે. આત્માનું ખુન કર્યું છે. આહા..હા..! એ જ કહે છે વસ્તુના નિયમને નહિ જાણનારા પરને લઈને મારામાં વિકાર થાય અને હું વિકારી પર્યાય કરું તો પરની ક્રિયા વિકાર થઈ શકે એ બધા ભિખારા પુરુષાર્થને ગુમાવી બેઠા છે. આહા..હા..! સાચો પુરુષાર્થ જે જોઈએ, જ્ઞાનાનંદમાં જેની સ્ફુર્ણા જોઈએ એ પુરુષાર્થને ખોઈ બેઠા. આહા..હા..! અરેરે..! એણે અનંતકાળમાં એમ જ કર્યું છે. ભગવાન પાસે ગયો તો એને એમ થયું કે કર્મનું જોર ન ખસે ત્યાં સુધી વિકાર કર્યા વિના રહે કેમ? આ લખાણમાં નથી આવતું? ધર્મીને કર્મનું જોર, બળ હોય ત્યાં સુધી (વિકાર) કરી લે. એનો અર્થ શું? રાગમાં ઉંધો પુરુષાર્થ જ્યાં સુધી છે ત્યાં સુધી કર્મનું નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત છે. અરેરે..! ..ને કોણ પણ? ક્યાંનું ક્યાંય કચરડી-મચરડીને વીતરાગના માર્ગને.

અહીં તો કહે છે એ અજ્ઞાની રાગ ને દ્વેષ ને મિથ્યાત્વ અને વિષયની વાસના કે વેદનો ઉદય આવ્યો માટે વિષયની વાસના થઈ, દર્શનમોહનો ઉદય વર્તે ત્યાં સુધી. ઉદય ન હોય અને વિકાર થયો છે કોઈને? લાવો. એમ કહે છે. એય..! ચેતનજી! ત્યાં કહ્યું હતું ઇડરમાં. વિકાસચંદજીએ ચેતનમાં ક્યાં છે કર્મ તે વિકાર થાય? અહીં કર્મ છે માટે વિકાર થાય છે. આહા..હા..! ભારે ભાઈ આ!

**'અન્ય નથી.'** તારા મિથ્યાત્વભાવનો અને તારા શુભ-અશુભભાવનો અનેરું તત્ત્વ કર્મ આદિ તત્ત્વ કર્તા છે નહિ. તારી પર્યાયનો જ અપરાધ છે. એ તારો જ અપરાધ છે અને એ અપરાધનો કર્તા તું પોતે છો અજ્ઞાનભાવે. અજ્ઞાનભાવે હોં. આહા..હા..!

## ગાથા-૩૨૮ થી ૩૩૧

मिच्छत्तं जदि पयडी मिच्छादिट्ठी करेदि अप्पाणं।
तम्हा अचेदणा ते पयडी णणु कारगो पत्तो ॥३२८॥
अहवा एसो जीवो पोग्गलदव्वस्स कुदि मिच्छत्तं।
तम्हा पोग्गलदव्वं मिच्छादिट्ठी ण पुण जीवो ॥३२९॥
अह जीवो पयडी तह पोग्गलदव्वं कुणंति मिच्छत्तं।
तम्हा दोहिं कदं तं दोण्णि वि भुंजंति तस्स फलं ॥३३०॥
अह ण पयडी ण जीवो पोग्गलदव्वं करेदि मिच्छत्तं।
तम्हा पोग्गलदव्वं मिच्छत्तं तं तु ण हु मिच्छा ॥३३१॥

मिथ्यात्वं यदि प्रकृतिर्मिथ्यादृष्टिं करोत्यात्मानम्।
तस्मादचेतना ते प्रकृतिर्ननु कारका प्राप्ता॥३२८॥
अथवैष जीवः पुद्गलद्रव्यस्य करोति मिथ्यात्वम्।
तस्मात्पुद्गलद्रव्यं मिथ्यादृष्टिर्न पुनर्जीवः॥३२९॥
अथ जीवः प्रकृतिस्तथा पुद्गलद्रव्यं कुरुतः मिथ्यात्वम्।
तस्मात् द्वाभ्यां कृतं तत् द्वावपि भुजाते तस्य फलम्॥३३०॥
अथ न प्रकृतिर्न जीवः पुद्गलद्रव्यं करोति मिथ्यात्वम्।
तस्मात्पुद्गलद्रव्यं मिथ्यात्वं तत्तु न खलु मिथ्या॥३३१॥

जीव एव मिथ्यात्वादिभावकर्मणः कर्ता, तस्याचेतनप्रकृतिकार्यत्वेऽचेतनत्वानुषङ्गात्। स्वस्यैव जीवो मिथ्यात्वादिभावकर्मणः कर्ता, जीवेन पुद्गलद्रव्यस्य मिथ्यात्वादिभावकर्मणि क्रियमाणे पुद्गलद्रव्यस्य चेतनानुषङ्गात्। न च जीवः प्रकृतिश्च मिथ्यात्वादिभावकर्मणो द्वौ कर्तारौ, जीववद- चेतनायाः प्रकृतेरपि तत्फलभोगानुषङ्गात्। न च जीवः प्रकृतिश्च मिथ्यात्वादिभावकर्मणो द्वावप्यकर्तारौ, स्वभावत एव पुद्गलद्रव्यस्य मिथ्यात्वादिभावानुषङ्गात्। ततो जीवः कर्ता, स्वस्य कर्म कार्यमिति सिद्धम्।

---

હવે, ‘(જીવને) જે મિથ્યાત્વભાવ થાય છે તેનો કર્તા કોણ છે?’—એ વાતને બરાબર ચર્ચીને, ’ભાવકર્મનો કર્તા (અજ્ઞાની) જીવ જ છે’ એમ યુક્તિથી સિદ્ધ કરે છે—

જો પ્રકૃતિ મિથ્યાત્વની મિથ્યાત્વી કરતી આત્મને,
તો તો અચેતન પ્રકૃતિ કારક બને તુજ મત વિષે! ૩૨૮.
અથવા કરે જો જીવ પુદ્‌ગલદ્રવ્યના મિથ્યાત્વને,
તો તો ઠરે મિથ્યાત્વી પુદ્‌ગલદ્રવ્ય, આત્મા નવ ઠરે! ૩૨૯.

જો જીવ અને પ્રકૃતિ કરે મિથ્યાત્વ પુદ્‌ગલદ્રવ્યને,
તો ઉભયકૃત જે હોય તેનું ફળ ઉભય પણ ભોગવે! ૩૩૦.
જો નહિ પ્રકૃતિ, નહિ જીવ કરે મિથ્યાત્વ પુદ્‌ગલદ્રવ્યને,
પુદ્‌ગલદરવ મિથ્યાત્વ વણકૃત! –એ શું નહિ મિથ્યા ખરે ? ૩૩૧.

ગાથાર્થ :— [यदि] જો [मिथ्यात्वं प्रकृतिः] મિથ્યાત્વ નામની (મોહનીય કર્મની) પ્રકૃતિ [आत्मानम्] આત્માને [मिथ्यादृष्टिं] મિથ્યાદૃષ્ટિ [करोति] કરે છે એમ માનવામાં આવે, [तस्मात्] તો [ते] તારા મતમાં [अचेतना प्रकृतिः] અચેતન પ્રકૃતિ [ननु कारका प्राप्ता] (મિથ્યાત્વભાવની) કર્તા બની! (તેથી મિથ્યાત્વભાવ અચેતન ઠર્યો!)

[अथवा] અથવા, [एषः जीवाः] આ જીવ [पुद्गलद्रव्यस्य] પુદ્‌ગલદ્રવ્યના [मिथ्यात्वम्] મિથ્યાત્વને [करोति] કરે છે એમ માનવામાં આવે, [तस्मात्] તો [पुद्गलद्रव्यं मिथ्यादृष्टिः] પુદ્‌ગલદ્રવ્ય મિથ્યાદૃષ્ટિ ઠરે! [न पुनः जीवः] જીવ નહિ!

[अथ] અથવા જો [जीवः तथा प्रकृतिः] જીવ તેમ જ પ્રકૃતિ બન્ને [पुद्गलद्रव्यं] પુદ્‌ગલદ્રવ્યને [मिथ्यात्वम्] મિથ્યાત્વભાવરૂપ [कुरुतः] કરે છે એમ માનવામાં આવે, [तस्मात्] તો [द्वाभ्यां कृतं तत्] જે બન્ને વડે કરવામાં આવ્યું [तस्य फलम्] તેનું ફળ [द्वौ अपि भुञ्जाते] બન્ને ભોગવે!

[अथ] અથવા જો [पुद्गलद्रव्यं] પુદગલદ્રવ્યને [मिथ्यात्वम्] મિથ્યાત્વભાવરૂપ [न प्रकृतिः करोति] નથી પ્રકૃતિ કરતી [न जीवः] કે નથી જીવ કરતો (-બેમાંથી કોઈ કરતું નથી) એમ માનવામાં આવે, [तस्मात्] તો [पुद्गलद्रव्यं मिथ्यात्वम्] તો પુદ્‌ગલદ્રવ્ય સ્વભાવે જ મિથ્યાત્વભાવરૂપ ઠરે! [तत् तु न खलु मिथ्या] તે શું ખરેખર મિથ્યા નથી?

(આથી એમ સિદ્ધ થાય છે કે પોતાના મિથ્યાત્વભાવનો-ભાવકર્મનો-કર્તા જીવ જ છે.)

ટીકા :—જીવ જ મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા છે; કારણ કે જો તે (ભાવકર્મ) અચેતન પ્રકૃતિનું કાર્ય હોય તો તેને (-ભાવકર્મને) અચેતનપણાનો પ્રસંગ આવે. જીવ પોતાના જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે; કારણ કે જો જીવ પુદ્‌ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ ભાવકર્મને કરે તો પુદ્‌ગલદ્રવ્યને ચેતનપણાનો પ્રસંગ આવે. વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના કર્તા છે એમ પણ નથી; કારણ કે જો તે બન્ને કર્તા હોય તો જીવની માફક અચેતન પ્રકૃતિને પણ તેનું (-ભાવકર્મનું) ફળ ભોગવવાનો પ્રસંગ આવે. વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના અકર્તા છે એમ પણ નથી; કારણ કે જો તે બન્ને અકર્તા હોય તો સ્વભાવથી જ પુદ્‌ગલદ્રવ્યને મિથ્યાત્વાદિ ભાવનો પ્રસંગ આવે. માટે એમ સિદ્ધ થયું કે—જીવ કર્તા છે અને પોતાનું કર્મ કાર્ય છે

(અર્થાત્ જીવ પોતાના મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે અને પોતાનું ભાવકર્મ પોતાનું કાર્ય છે).

ભાવાર્થ :—ભાવકર્મનો કર્તા જીવ જ છે એમ આ ગાથાઓમાં સિદ્ધ કર્યું છે. અહીં એમ જાણવું કે—પરમાર્થે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યના ભાવનું કર્તા હોય નહિ તેથી જે ચેતનના ભાવો છે તેમનો કર્તા ચેતન જ હોય. આ જીવને અજ્ઞાનથી જે મિથ્યાત્વાદિ ભાવરૂપ પરિણામો છે તે ચેતન છે, જડ નથી; અશુદ્ધનિશ્ચયનયથી તેમને ચિદાભાસ પણ કહેવામાં આવે છે. એ રીતે તે પરિણામો ચેતન હોવાથી, તેમનો કર્તા પણ ચેતન જ છે; કારણ કે ચેતનકર્મનો કર્તા ચેતન જ હોય—એ પરમાર્થ છે. અભેદદષ્ટિમાં તો જીવ શુદ્ધચેતનામાત્ર જ છે, પરંતુ જ્યારે તે કર્મના નિમિત્તે પરિણમે છે ત્યારે તે તે પરિણામોથી યુક્ત તે થાય છે અને ત્યારે પરિણામ- પરિણામીની ભેદદષ્ટિમાં પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે. અભેદદષ્ટિમાં તો કર્તાકર્મભાવ જ નથી, શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ છે. આ પ્રમાણે યથાર્થ પ્રકારે સમજવું કે ચેતનકર્મનો કર્તા ચેતન જ છે.

---

## ગાથા-૩૨૮ થી ૩૩૧ ઉપર પ્રવચન

**'હવે, '(જીવને) જે મિથ્યાત્વભાવ થાય છે તેનો કર્તા કોણ છે?'—એ વાતને બરાબર ચર્ચીને,...'** બરાબર હવે મંથન કરીને ચર્ચે છે. **''ભાવકર્મનો કર્તા (અજ્ઞાની) જીવ જ છે'...'** એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ આદિ પરિણામ એ કર્મનો કર્તા જીવ જ અજ્ઞાનથી છે. **'એમ યુક્તિથી સિદ્ધ કરે છે—'** ગાથા.

**मिच्छत्तं जदि पयडी मिच्छादिट्ठी करेदि अप्पाणं।**
**तम्हा अचेदणा ते पयडी णणु कारगो पत्तो॥३२८॥**
**अहवा एसो जीवो पोग्गलदव्वस्स कुदि मिच्छत्तं।**
**तम्हा पोग्गलदव्वं मिच्छादिट्ठी ण पुण जीवो॥३२९॥**
**अह जीवो पयडी तह पोग्गलदव्वं कुणंति मिच्छत्तं।**
**तम्हा दोहिं कदं तं दोण्णि वि भुंजंति तस्स फलं॥३३०॥**
**अह ण पयडी ण जीवो पोग्गलदव्वं करेदि मिच्छत्तं।**
**तम्हा पोग्गलदव्वं मिच्छत्तं तं तु ण हु मिच्छा॥३३१॥**

નીચે હરિગીત.

**જો પ્રકૃતિ મિથ્યાત્વની મિથ્યાત્વી કરતી આત્મને,**
**તો તો અચેતન પ્રકૃતિ કારક બને તુજ મત વિષે! ૩૨૮.**
**અથવા કરે જો જીવ પુદ્‌ગલદ્રવ્યના મિથ્યાત્વને,**
**તો તો ઠરે મિથ્યાત્વી પુદ્‌ગલદ્રવ્ય, આત્મા નવ ઠરે! ૩૨૯.**

**જો જીવ અને પ્રકૃતિ કરે મિથ્યાત્વ પુદ્ગલદ્રવ્યને,**
**તો ઉભયકૃત જે હોય તેનું ફળ ઉભય પણ ભોગવે! ૩૩૦.**
**જો નહિ પ્રકૃતિ, નહિ જીવ કરે મિથ્યાત્વ પુદ્ગલદ્રવ્યને,**
**પુદ્ગલદરવ મિથ્યાત્વ વણકૃત! –એ શું નહિ મિથ્યા ખરે? ૩૩૧.**

કેટલી ચર્ચા મૂકી છે! ઓહો..હો..! ટીકામાં આવી જાય છે હોં બધું. '**(આથી એમ સિદ્ધ થાય છે કે પોતાના મિથ્યાત્વભાવનો-ભાવકર્મનો-કર્તા જીવ જ છે.)**' કૌંસમાં છેને ઉપર? ટીકા ઉપર. '**જીવ જ...**' લ્યો અહીં તો જીવ જ. 'जीव एव' ટીકા છે. 'जीव एव' એમ નહિ કે (જીવ) વિના એકલું નહિ. 'जीव एव' આહા..હા..! જીવ જ મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા છે. વિપરીત માન્યતા રાગ-દ્વેષ વિષય-વાસના આદિના વિકારી પરિણામનો કર્તા જીવ પોતે સ્વતંત્ર છે. કહો, સમજાણું કાંઈ? બહુ ... પંચાસ્તિકાયમાં ૬૨ ગાથામાં કહી દીધું. એ ચર્ચા થઈ હતી ત્યાં. ૧૬ વર્ષ પહેલા. રાગ-દ્વેષ અને મિથ્યાત્વના પરિણામ પરદ્રવ્યની અપેક્ષા વિના નિરપેક્ષપણે જીવની પર્યાયમાં વિકારી પર્યાય કરે છે. પરની અપેક્ષા વિના, કર્મના નિમિત્તની અપેક્ષા વિના. આહા..હા..! એને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. આહા..હા..! પર્યાયમાં વિકાર છે. દ્રવ્ય-ગુણમાં ક્યાં છે? આહા..હા..! એ પર્યાયમાં જે વિકાર છે તેનો કર્તા ઇ પર્યાય, પર્યાય કર્તા, પર્યાય કાર્ય, પર્યાય કરણ, પર્યાય સંપ્રદાન એટલે પોતે કરીને લીધું. પોતાથી અને પોતાને આધારે. આહા..હા..! આવી વાત તે જુઓને. સ્વતંત્રતાના ઢંઢેરા પીટ્યા છે. એને હજી પર્યાયની સ્વતંત્રતા કબુલાતમાં નથી અને પરને લઈને થાય એને દ્રવ્યની સત્તા સ્વતંત્ર બેસે નહિ કોઈ દિ'.

આ પલટતો અંશ તે પણ વિકારી. એનો પણ કર્તા નહિ દ્રવ્ય-ગુણ, નહિ નિમિત્ત અને કર્તા વિના એ પર્યાય થઈ નથી. વિકારી પર્યાયનો કર્તા પર્યાય. વિકારી પર્યાયનું કાર્ય પર્યાય એક જ પર્યાયમાં એક સમયમાં ષટ્કારક પરિણમે છે. ઓહો..હો..! કહો, જૈનમાં તો ભાઈ કર્મને લઈને આમ આવે એમ કહે છેને? 'કર્મે રંક, કર્મે રાજા, કર્મે વાળ્યો આડો અંક.' 'કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક.' કર્મે રંક અને કર્મે રાજા એ પણ વ્યવહારની વાત છે. એને પ્રતિકૂળતાનું દુઃખનું એ પણ એના અશાતાના ઉદયથી કહેવું એ વ્યવહાર છે. અશાતાનો ઉદય જડ તે બીજી ચીજ છે અને શરીરમાં રોગ આવે એ એનાથી આવે એમ કહેવું એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા છે. બાકી શરીરમાં પરમાણુની, રોગની અવસ્થા તે પર્યાયનો કર્તા તે પર્યાય રોગની અવસ્થાની છે. કર્મ નહિ અને એના દ્રવ્ય-ગુણ નહિ. આહા..હા..! એ રોગની જે અવસ્થા અંદર તાવની આવે ઉની કે .. આવે એ પર્યાયનો કર્તા એ પર્યાય પોતે છે. એ પર્યાયની કર્તા કર્મ નહિ. આહા..હા..! જુઓ તો ઢંઢેરાના. ઓલા રાણીના વખતમાં ઢંઢેરો પીટાણો હતોને કાંઈક? વિક્ટોરિયા. કાંઈક આવ્યું હતું. .. કેવી? સમાનતા ઢંઢેરો પીટ્યો હતો. એમ આ ભગવાને ઢંઢેરો પીટ્યો. આહા..હા..! ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં વાણી દ્વારા ઢંઢેરો આવ્યો. આહા..હા..!

મુમુક્ષુ :- શું આવ્યો?

ઉત્તર :- કે વિકારી પર્યાય જીવ કરે એ કર્મથી નહિ. એના દ્રવ્ય-ગુણથી નહિ. અને શરીરમાં રોગાદિની દશા થાય એ કર્મથી નહિ. એના રજકણો દ્રવ્ય અને ગુણથી નહિ. અપથ્ય આહાર આવ્યો માટે રોગ થયો એમ નહિ. આહા..હા..! ભાઈ ખાતા આવડ્યું નહિ અને અપથ્ય ખાધું. ભૂખ થોડી અને ખાધું બહુ. અજીર્ણ થયું અને જાડા થઈ ગયા અને પાછા વળતા નથી હવે. એ દશા થવાની પર્યાયનો કર્તા એ પર્યાય પોતે છે કહે.

મુમુક્ષુ :- એમાં દ્રવ્ય-ગુણ નથી.

ઉત્તર :- દ્રવ્ય-ગુણ એના (કર્તા) નહિ. તો કર્મનો ઉદય રોગની પર્યાયને કરે એમ નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ... ગ્રંથ લખ્યા

ઉત્તર :- હા લખ્યા છેને. બધાનું જ્ઞાન કરાવા લખ્યા છે. આહા..હા..! આખું ગોમ્મટસાર જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે. લ્યો, આવે છે કે નહિ? જ્ઞાનાવરણીય નામ આવે છે. તો જ્ઞાનાવરણીય શું છે? જડ છે કે ચૈતન્ય? જડ છે. રોકે કોને? જ્ઞાનને.

મુમુક્ષુ :- જડ ચેતનને રોકે? એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે?

ઉત્તર :- કહો, પંડિતજી! મોટી ચર્ચા ચાલી હતી. રેકોર્ડિંગમાં ઉતરી ગયું કે કાનજીસ્વામી કહે છે કે જ્ઞાનની પોતાની યોગ્યતાથી હીણી દશા થાય છે. જ્ઞાનાવરણીયને લઈને નહિ. એય..! ચેતનજી! ખબર નથી વસ્તુની. આહા..હા..! ભણ્યા હોય તો શું થયું? અને બાહ્ય ત્યાગ થયો હોય તો એ શું થયું? અંદર તો મિથ્યાત્વનો ત્યાગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પરને લઈને મને વિકાર થાય ભાઈ! લ્યો નહિતર તો વિકાર સ્વભાવ થઈ જશે. અમરચંદભાઈ! કર્મને લઈને વિકાર ન થાય તો વિકાર સ્વભાવ થઈ ગયો. સ્વભાવ જ છે તે સમયનો સાંભળને. વિભાવ-સ્વભાવ એનો સ્વભાવ છે. આહા..હા..! ... પોતાની પર્યાયમાં થાય છે માટે એ સ્વભાવ છે. ભાવરૂપી સ્વભાવ છે. આહા..હા..! આવું વીતરાગનું વચન જગતને બેસવું કઠણ-ભારે. આહા..હા..!

અહીં ઇ જ કહે છે જુઓ, **'મિથ્યાત્વભાવનો-ભાવકર્મનો-કર્તા જીવ જ છે.'** 'જ' શબ્દ પડ્યો છે પહેલો. ભગવાનના માર્ગમાં 'જ' ન હોય. આમ પણ હોય અને આમ પણ હોય. કથંચિત્ કર્મ નિમિત્ત કરે, કથંચિત્ ઉપાદાન કરે. એમ ન હોય. આહા..હા..! જીવ જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે. એમાં જ આવ્યો ભેગો. વિપરીત શ્રદ્ધા એ દર્શનમોહના ઉદયને લઈને થાય એમ નથી. આહા..હા..! આવું તો બધું સાંભળતા પણ નથી કહે લે. કર્મને લઈને થાય. મોટા-મોટા પંડિતો એમ કહે. પંડિત કહેવા કોને? સાંભળને! આહા..હા..! એનો ઉત્પાદ-વ્યયનો તે વખતનો ચારિત્રગુણનો કે દર્શનગુણનો પર્યાય. આહા..હા..! એ પર્યાયનો કર્તા પર્યાય પોતે છે. એ પર્યાયની કર્તા બીજી ચીજ કર્મનો ઉદય નહિ. નિરપેક્ષપણે એ વિકારી પર્યાય જીવ પોતે પર્યાયપણે કરે છે. આહા..હા..! આવું

જ વસ્તુનું સત્ સ્વરૂપ છે.

**'જીવ જ...'** શબ્દ આવ્યો છેને આમાં જુઓને. આત્મા જ **'મિથ્યાત્વભાવનો-ભાવકર્મનો-કર્તા જીવ જ છે.)'** આદિ છેને? મિથ્યાત્વનો, અવ્રતનો, પ્રમાદનો, કષાયનો, યોગનો. આહા..હા..! એ એનો કર્તા છે. **' કારણ કે જો તે (ભાવકર્મ) અચેતન પ્રકૃતિનું કાર્ય હોય...'** કેવી વાત સિદ્ધ કરે છે લ્યો. જો આત્માનો મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવ, પુણ્ય-પાપભાવ જો નિમિત્તનું કાર્ય હોય. છે? **'અચેતન પ્રકૃતિનું કાર્ય હોય...'** અચેતન પ્રકૃતિનો ઉદય. એનું જો આ રાગ-દ્વેષ મિથ્યાત્વભાવ કાર્ય હોય **'તો તેને (-ભાવકર્મને) અચેતનપણાનો પ્રસંગ આવે...'** જડ અચેતન છે. તો એનાથી થાય તો એનાથી થાય તે અચેતન કહેવાય. ભાવકર્મ અચેતન નથી. આહા..હા..! એકકોર ભાવકર્મને પુદ્ગલ કહેવા. ઇ તો સ્વભાવ અને રાગની ભિન્નતા બતાવવા. અહીં તો હજી પરથી એને ભિન્ન બતાવવો છે. આહા..હા..! હવે આની ચર્ચા કરો ફરીને કહે. એકવાર તો થઈ ગઈ મોટી ખાણિયા ચર્ચા.

મુમુક્ષુ :- ચર્ચા થાય તો .. કાંઈક લાભ થાય.

ઉત્તર :- લાભ થાય. એમ કે અમે જુઓ અમે આમ કરાવ્યું, જુઓ અમે જીત્યા. એ વખતે બેય ચર્ચા થઈ હતી ત્યારે બહાર છાપવાનું હતું તો તમે હા પાડી હતી. પછી પાછા ફરી ગયા કે ના અમે પૈસા નહિ દઈએ. પહેલા પાંચ-પાંચ હજાર બેય જણાએ લેવા એમ નક્કી કર્યું હતું ફુલચંદજીએ કે અમારા તરફથી પાંચ હજાર. પછી જાણ્યું કે આ તો બહાર આવશે તો પોલ દેખાશે. અમારો મત નથી છાપવાનો. પછી ફુલચંદજીએ (છપાવ્યું). આહા..હા..! એ છપાવાની ક્રિયાનો કાળ હતો એટલે છપાણું છે. આહા..હા..! એનો કર્તા જીવ નથી, એનો કર્તા રાગ નથી. અને રાગનો કર્તા એ પર્યાય જે થઈ માટે રાગ અહીં થયો એમ નથી. આહા..હા..! વસ્તુના સત્નું સ્વરૂપ જ આવું છે. હવે એ રીતે વસ્તુને ન જાણે અને બીજી રીતે જાણે. મિથ્યા ભ્રમમાં પડ્યો છે. પછી ભલે ત્યાગી ને બ્રહ્મચારી ને ક્ષુલ્લક ને સાધુ નામ ધરાવતો હોય, પણ આમ જે માને એ બધા મિથ્યાત્વમાં પડેલા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અચેતન પ્રકૃતિનું કાર્ય હોય...'** આત્માનો મિથ્યાત્વભાવ દર્શનમોહ જે અચેતન છે એનું કાર્ય હોય તો એ મિથ્યાત્વ પરિણામ અચેતન થઈ જાય, જડ થઈ જાય. કેવી વાત કરી છે લ્યો. ૭૧માં કહ્યું હતું પહેલું હોં. ૭૧. ૫૮ વર્ષ થયા. લાઠી. રાગનો કર્તા કર્મ-ફર્મ કોઈ છે નહિ. ભગવતીસૂત્ર છે. પહેલો શતક ત્રીજો .. પણ એની મેળે ... સંશય... મોહનીય કાંક્ષમોહ. કાંક્ષામોહનીયનો કર્તા જીવ પોતે છે. પોતાના અતિ ઉત્થાન બળે વીર્ય પુરુષાર્થ એવો પાઠ છે. અસ્તિ ઉત્થાન કર્મબળ વીર્ય પુરુષાર્થના પરાક્રમથી વિકાર થાય છે. કર્મને લઈને નહિ કીધું. એય..! ખળભળાટ... ખળભળાટ... એલા આવું અમે તો એને શીખવ્યું નથી હજી. ... અને આવું ક્યાંથી કાઢ્યું? અમારા ગુરુએ એમ કહ્યું નથી. આ ગુરુ બેઠા એણે કહ્યું નથી અને આ કાઢ્યું ક્યાંથી? કહો, ૭૧. કેટલા વર્ષ થયા? ૫૮.

આ ક્યાંથી કાઢ્યું. અરે..! કાઢ્યું આ છે એમાંથી. નહિતર આ પુસ્તકમાં છે જુઓ. કાંક્ષામોહનીય. પોતાના પુરુષાર્થથી થાય એમ લખ્યું છે જુઓ. ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષાર્થ પરાક્રમ આટલા પાંચ બોલ. એનાથી થાય છે. કર્મથી થાય એમ નથી જુઓ એમાં. એવો લેખ છે. ભગવતીસૂત્ર છેને. આહા..હા..! અહીં વિકાર પોકાર કરે છે.

મિથ્યાત્વભાવનો કર્તા અચેતન જો હોય તો એ મિથ્યાત્વભાવ અચેતન થઈ જાય. **'અચેતનપણાનો પ્રસંગ આવે. જીવ પોતાના જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે; કારણ કે જો જીવ પુદ્‌ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ ભાવકર્મને કરે તો પુદ્‌ગલદ્રવ્યને ચેતનપણાનો પ્રસંગ આવે.'**

મુમુક્ષુ :- એ મિથ્યાત્વનો અનુભવ કરે, પુદ્‌ગલનો કરે

ઉત્તર :- હા. **'(-ભાવકર્મને) અચેતનપણાનો પ્રસંગ આવે. જીવ પોતાના જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે;...'** એ સિદ્ધ કર્યું. થઈ રહ્યું? હવે **'કારણ કે જો જીવ પુદ્‌ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ...'** કર્મનો કર્તા, પોતાના વિકારનો કર્તા ન બનીને જડની પર્યાય દર્શનમોહ એનો જો કર્તા જીવ થાય તો એ ચેતન થઈ જાય જડની પર્યાય. દર્શનમોહનીય, ચારિત્રમોહનીય એ તો અચેતન છે, એ તો જડ-અજીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બે વાત થઈ. બીજી વાત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૫, શુક્રવાર, તા.૦૩-૦૮-૧૯૭૩**

**ગાથા-૩૨૮ થી ૩૩૧, પ્રવચન-૪૫૮**

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ સમયસાર સર્વવિશુદ્ધ અધિકાર ચાલે છે. ચાર ગાથાનો જથ્થો છેને? ૨૯, ૨૯, ૩૦, ૩૧. ટીકા ચાલે છે. શું કહે છે જુઓ, આ જીવ જે છે એ શરીર, વાણી, મન, પરપદાર્થનો કર્તા થઈ શકતો નથી. જીવ પોતાની પર્યાયમાં પોતાના સ્વરૂપના જ્ઞાન વિના મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવનો કર્તા થાય છે. પણ પરદ્રવ્યની પર્યાય એનો કર્તા નથી થતો. સમજાણું કાંઈ? પોતા સિવાય કોઈપણ શરીર, વાણી, મન, ધંધા-પાણી, ખાવા, પીવાની ક્રિયા બધાને આત્મા કરી શકતો નથી. અજ્ઞાનીનો ભ્રમ છે.

મુમુક્ષુ :- સાવ પાંગળો બનાવી દીધો.

ઉત્તર :- પાંગળો, પરથી તો પૂરો પાંગળો છે. આહા..હા..! ખાવા-પીવાની ક્રિયા, હાલવા-ચાલવાની ક્રિયા, બોલવાની ક્રિયા એ આત્મા કરી શકતો જ નથી. એ તો જડની પર્યાય છે. આહા..હા..! એ પરનો કર્તા તો થતો નથી, પણ હું પરનો કર્તા છું એવી જે માન્યતા છે મિથ્યાત્વ એનો કર્તા થાય છે. સમજાણું કાંઈ?

'**ટીકા :—જીવ જ મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા છે;...**' મિથ્યાત્વ, વિપરીત શ્રદ્ધા અને રાગ-દ્વેષના પરિણામ, વિષય-વાસનાનો ભાવ એ ભાવકર્મનો કર્તા છે. વિકારી પરિણામને રચનારો અજ્ઞાની આત્મા જ છે. સમજાણું કાંઈ? '**ભાવકર્મનો કર્તા છે; કારણ કે જો તે (ભાવકર્મ) અચેતન પ્રકૃતિનું કાર્ય હોય...**' આચાર્ય મહારાજ દલીલથી વાતને સિદ્ધ કરે છે કે આત્મામાં જે મિથ્યાત્વભાવ થાય છે. પરમાં સુખ છે, પાપમાં મજા છે, પરને કારણે હું પરને સહાય કરી શકું છું અને પરની મદદથી મારા પણ કાંઈક રાગાદિ થાય છે. એવી જે માન્યતા છે એ માન્યતા જડ જો કરાવે જડ તો એ માન્યતા જડ થઈ જાય. અચેતન પ્રકૃતિ હોય તો પુદ્‌ગલ જડ કર્મ છે. એના જે પુણ્ય-પાપ, મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષ એ કર્મને કારણે જો કાર્ય થાય તો કર્મ જડ છે. તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ પરિણામ જડ થઈ જાય છે. એમ તો થતું નથી ઝીણી વાત છે. બહુ મોટી ગડબડ છેને? આહા..હા..! '**અચેતન પ્રકૃતિનું કાર્ય હોય તો તેને (-ભાવકર્મને) અચેતનપણાનો પ્રસંગ આવે.**' આહા..હા..! એક બાજુ કહે કે પુણ્ય અને પાપ આદિ ભાવ એ પુદ્‌ગલ છે. પુદ્‌ગલ પરિણામ કહીને પુદ્‌ગલ છે એમ કહી દીધું.

મુમુક્ષુ :- એ જ દૃષ્ટિથી?

ઉત્તર :- આ દૃષ્ટિથી નહિ બીજી દૃષ્ટિથી. પોતાનો ચૈતન્ય જ્ઞાયક આનંદ સ્વભાવ એવી જ્યાં દૃષ્ટિ થઈ તો તો એ રાગાદિનો કરનારો આત્મા છે જ નહિ. એ નિમિત્તના સંબંધથી થયો તો એનો કર્તા કર્મ છે. સમજાણું કાંઈ? પણ અહીંયાં તો એ વાત નથી લેવી. અહીંયાં તો કર્મ પુદ્‌ગલ જડ છે એ પોતાની પર્યાય જે અજ્ઞાનની. અજ્ઞાનીના રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, મિથ્યાત્વના પરિણામનો કર્તા જે પુદ્‌ગલ જડ હોય તો એ પરિણામ જડ થઈ જાય છે. એ પરિણામ જડ નથી. મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ ચૈતન્યની અરૂપી પર્યાય છે.

મુમુક્ષુ :- ઘડીકમાં પુદ્‌ગલ કહો અને ઘડીમાં કહો કે...

ઉત્તર :- ઇ જ કહે છેને. પરથી જુદા પાડવા માટે પરનું કાર્ય નથી એટલું બતાવવું છે. અને પછી વિભાવથી ભિન્ન કરવા વિભાવનું કાર્ય આત્મા સ્વભાવ ચૈતન્યમૂર્તિ એવા સંસ્કાર જ્યાં દૃષ્ટિના પડ્યા હું તો જ્ઞાયક ચૈતન્ય જ્યોત અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ એવું જ્યારે સમ્યગ્દર્શન થયું તો તો સ્વભાવ રાગનો કર્તા કેમ હોય? શેઠ! બે ધારની તલવાર છે. આહા..હા..! કહ્યું નહિ? છઠ્ઠા ગુણસ્થાન સુધી શાસ્ત્રમાં તો આવે છે કે નહિ? આહારક શરીર કરે છે, તીર્થંકરગોત્ર બાંધે

છે. રત્નત્રય જેને પ્રગટ્યું, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પૂર્ણ ભગવાન આત્માના સંસ્કારમાંથી અંદર પ્રતીતિ થઈ કે આ પ્રભુ તો પૂર્ણ શુદ્ધ ચૈતન્ય ઘન છે. એવી શ્રદ્ધા થઈ, એવું જ્ઞાન થયું અને એમાં રમણતા છઠ્ઠા ગુણસ્થાને જે કરે છે ચારિત્ર. એને પણ જો તીર્થંકરગોત્ર, આહારકનો બંધ પડે છે એ કષાયભાવથી પડે છે. સમજાણું કાંઈ? કાંઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી એ બંધ નથી પડતો. ત્રણે તો અબંધ પરિણામ છે. આહા..હા..! બહુ ઝીણી વાત. શું?

મુમુક્ષુ :- ઘણી સ્પષ્ટ છે.

ઉત્તર :- સ્પષ્ટ જ છે વસ્તુ. આહા..હા..! જ્યાં અંતર ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ અખંડ એક પ્રતિભાસમય પ્રત્યક્ષ એવી દૃષ્ટિ અંતરમાં સમ્યક્ થયું તો એ સમ્યગ્દૃષ્ટિ જીવ કહો કે સ્વભાવ કહો, એમાં રાગ કેમ રહે? એમાં રાગ ક્યાં છે તો રચે? પણ જ્યાં સુધી અજ્ઞાની છે ત્યાં સુધી પરનો કર્તા થવાનો ભાવ થાય છે તો એ ભાવનો કર્તા એ જીવ છે. પરનો કર્તા થઈ શકતો નથી. આહા..હા..! પંડિતજી! વ્યવહારથી તો કરી શકે છે કે નહિ? નિશ્ચયથી ન કરી શકે. વ્યવહારનો અર્થ શું? અમારું ગામ છે એવું આવ્યું નહિ? તો ગામ એનું થઈ ગયું? એમ હું ખાઉં છું, હું પીવું છું, હું ચાલું છું, હું બોલું છું એ તો વ્યવહારિક ભાષા છે. એવું આત્મા કરી શકતો નથી. આહા..હા..! પોતાની મર્યાદા જે સીમા છે. પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણમાં એની મર્યાદા છે. પોતાનું દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ નામ શક્તિ. શક્તિઓ જ્ઞાન-દર્શન આદિ અને પર્યાય નામ અવસ્થા ત્રણેમાં એની મર્યાદા છે. ત્રણ છોડીને પરમાં કાંઈક કરે. આહા..હા..! એ ત્રણ કાળમાં નથી. પણ એ હું પરને કરું છું એવો જે મિથ્યાત્વભાવ એનો કર્તા એ જીવ છે. એ કર્મના કારણે મારામાં મિથ્યાત્વભાવ થયો, રાગ-દ્વેષ થયો એમ જો માને તો કર્મ તો જડ છે. અને આ પરિણામ તો ચૈતન્યની અરૂપી પર્યાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- ન્યાયથી.

ઉત્તર :- ન્યાયથી. આહા..હા..! ૭૩ ગાથામાં એમ કહે કે વિકારનો સ્વામી તો પુદ્‌ગલ છે. આત્મા નહિ. કઈ દૃષ્ટિએ? એ સ્વભાવનું ભાન થયું કે હું તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું. મારામાં તો પુણ્ય-પાપનો રાગ અને પરની ક્રિયાની તો મારામાં ગંધ નથી. આહા..હા..! એવા સમ્યગ્દર્શનના સંસ્કારમાં અંદરમાં આ આત્મા પરિપૂર્ણ એવી પ્રતીત અને જ્ઞેયનું ભાન થયું, તો કહે છે કે એ રાગાદિ છે એનો સ્વામી તો પુદ્‌ગલ છે. હું તો મારા આનંદને ધરનારો દ્રવ્ય-ગુણ શુદ્ધ પર્યાય એ સ્વ મારું અને હું એનો સ્વામી. પણ એ ભાન નથી. ચૈતન્યમૂર્તિ મહાપ્રભુ. આહા..હા..! જેની સંપદા અપાર સ્વભાવની સંપદા છે. ઉંડે-ઉંડે એનું જ્ઞાન-દર્શન જેનો સ્વભાવ અનંત-અનંત માહાત્મ્યવાળો છે. એવું જેને માહાત્મ્ય દૃષ્ટિમાં આવ્યું તો એ તો સ્વભાવનો સ્વામી થયો એ. એમાં રાગાદિ છે એનો સ્વામી છે નહિ. એ તો સમ્યગ્દર્શનમાં ત્રિકાળી દ્રવ્ય સ્વભાવનું ભાન થયું એ અપેક્ષાએ એ વાત કહેવામાં આવી છે. તો અહીંયાં તો પહેલાથી એમ માને અજ્ઞાની કે મારામાં મિથ્યાત્વ અને

રાગ-દ્વેષ કર્મનો ઉદય જેવો આવે એવો અમારે રાગ કરવો પડે, મિથ્યાત્વ કરવું પડે. તો મૂઢ જીવ તારી પર્યાયની, વિકારની પર્યાયની સ્વતંત્રતાની તને ખબર નથી તો તને ત્રિકાળ દ્રવ્યની ખબર નથી. સમજાણું કાંઈ?

**'મિથ્યાત્વાદિ...'** શબ્દ પડ્યો છેને? **'ભાવકર્મનો કર્તા છે;...'** જીવ **'કારણ કે જો તે (ભાવકર્મ) અચેતન પ્રકૃતિનું કાર્ય હોય...'** એ કર્મ તો પુદ્ગલ છે, માટી, જડ છે, ધૂળ છે. રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી એ તો ચીજ છે ઉદય તો. એ ઉદયનું કાર્ય જો વિકારી પર્યાય હોય તો વિકારી પર્યાય પુદ્ગલથી થઈ જાય છે. રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી ચીજ થઈ જાય છે. તો એવી તો છે નહિ. આહા..હા..! કેટલી સ્પષ્ટતા કરી છે! એ એક વાત. એક વાત થઈ. એ તો કાલે પણ થઈ હતી.

બીજી. **'જીવ પોતાના જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે; કારણ કે જો જીવ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ ભાવકર્મને કરે...'** શું કહે છે? જીવ આત્મા અજ્ઞાનભાવે પોતાનો જ મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવનો એ કર્તા છે. એ **'જીવ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ ભાવકર્મને કરે...'** તે જડની પર્યાયમાં જે અનુભાગ છે મિથ્યાત્વનો અને રાગ-દ્વેષનો. એની પર્યાયને જીવ કરે એ પર્યાય અરૂપી થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? **'મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે; કારણ કે જો જીવ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ ભાવકર્મને કરે તો પુદ્ગલદ્રવ્યને ચેતનપણાનો પ્રસંગ આવે.'** તો જડ ચેતન થઈ જશે. કેવી દલીલ છે! મોટી તકરાર અત્યારે. બસ એ તો વિકાર કર્મથી થાય છે... વિકાર કર્મથી થાય છે... હજી અજ્ઞાનભાવ પણ પોતાથી થાય એની ખબર નથી. આહા..હા..!

જે આત્મા વિપરીત માન્યતા રાગ-દ્વેષના પરિણામ એનો એ કર્તા છે અજ્ઞાનભાવે અને એ એનો કર્તા થાય એ ઉપરાંત પુદ્ગલની પર્યાય કર્મના ઉદયને કરે તો ચેતન પર્યાય જડની પર્યાય થઈ જાય. આ ચેતનપર્યાય ત્યાં થઈ જાય. જડમાં આવી. તો એ રૂપી ન રહ્યો અરૂપી થઈ ગઈ ગયો. સમજાણું કાંઈ? **'મિથ્યાત્વાદિ ભાવકર્મને કરે તો પુદ્ગલદ્રવ્યને ચેતનપણાનો પ્રસંગ આવે.'** તો જડ ચેતન થઈ જશે. શેઠ! સમજાય છે? આ તો હવે હિન્દી ચાલે છે. તમારા માણેકચંદજીએ માગણી કરી. ભાઈ આ બહેન છે એ સમજી ન શકે. અને આ ઓલો મહિનો ઓલો .. છેને આ. આ ૨૦ દિ'ના ગણ્યા છે. માણેકચંદજીએ એ રીતે માગણી કરી ત્યાં પાંચમ આવી ગઈ. સારું થયું. આપણે ઓલો ક્લાસ ચાલે છેને. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે આત્મા જે છે એ તો પોતાની ભૂલ જે મિથ્યા શ્રદ્ધા, રાગ-દ્વેષના પરિણામનો કર્તા છે અને એ આત્મા જડની પર્યાયનો કર્તા થાય તો એ જડની પર્યાય ચેતન થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? બે વાત. બે વાત તો કાલે ચાલી હતી. આ હિન્દીમાં ચાલી આજે.

ત્રીજી વાત. **'વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના કર્તા છે...'** કહે છેને એ

કહે છે રતનચંદજી. ઓલો હળદરનો દાખલો છેને એમાં સમયસારમાં. જયસેનાચાર્યની ટીકામાં છે. ઇ કહે છે બે થઈને કરે. એકલો આત્મા પણ ન કરે, એકલો પુદ્ગલ પણ ન કરે. પુત્ર ઉત્પન્ન થાય તો એકલી સ્ત્રીથી ન થાય અને એકલા પુરુષથી ન થાય. બેથી પુત્ર ઉત્પન્ન થાય છે. પાઠ છે એમાં. એનો અર્થ શું? કે વિકારી પર્યાય ઉત્પન્ન થાય છે એ તો પોતાથી જ ઉત્પન્ન થાય છે. નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું. એનું જ્ઞાન કરાવ્યું, પણ બે મળીને કરે, એક ક્રિયા બે દ્રવ્ય મળીને કરે તો એવું તો વીતરાગમાર્ગમાં છે નહિ. એક ક્રિયાનો બે દ્રવ્ય કર્તા એવું તો ત્રણ કાળમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! જુઓ આ આંગળી ચાલે છે તો પુદ્ગલ પણ કરે ચાલવાની ક્રિયા અને આત્મા પણ કરે. તો એક ક્રિયાના બે કર્તા થયા. એવું તો કોઈ દિ' બને નહિ.

મુમુક્ષુ :- તો જીવ એકલો કરે?

ઉત્તર :- જીવ એકલો પર્યાયને અને રાગને કરે. અને આ શરીરની પર્યાય છે એ તો એકલો પુદ્ગલ કરે. અરે..! વીતરાગ માર્ગની ખબર ન મળે. અરેરે..! જીવન આવા એમ ને એમ અજ્ઞાનપણે ચાલ્યા જાય છે. આહા..હા..! માંડ નિગોદ અને એકેન્દ્રિયમાંથી નીકળી. આહા..હા..! કોઈ તો ત્યાંથી નીકળ્યા છે. સમજાણું કાંઈ? એમાં આ વાત, સત્યની વાતની ગંધ પણ આવે નહિ તો એણે શું જાણ્યું? આહા..હા..! પહેલા નિર્ણય તો કર, કહે છે, ભાઈ! તારી વિપરીત શ્રદ્ધા દર્શનમોહના કારણે થઈ તો આત્માની પર્યાય જડ થઈ જાય છે અને દર્શનમોહની પર્યાયનો તું કર્તા થા તો દર્શનમોહની પર્યાય ચેતન થઈ જાય. કહો, સમજાણું કાંઈ? કૈલાસચંદજી! સમજાય છે? આ તો હિન્દી ચાલ્યું હવે. આહા..હા..!

અને બે મળી જે કરે. '**જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના કર્તા છે એમ પણ નથી; કારણ કે જો તે બન્ને કર્તા હોય...**' આત્માનો મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ ભાવ જીવ પણ કરે અને કર્મ પણ કરે. બે મળીને થાય '**તો જીવની માફક અચેતન પ્રકૃતિને પણ તેનું (-ભાવકર્મનું) ફળ ભોગવવાનો પ્રસંગ આવે.**' કેમકે કર્મ પણ રાગને કરે તો રાગના ફળને ભોગવવાનું કર્મમાં આવી જાય. કરે એ ભોગવવું પડે. તો કર્મ પ્રકૃતિમાં ભોગવવું તો છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આવી કોને પડી છે? જેમ હોય એમ ચાલીને જિંદગી પૂરી કરે અને જાય મરીને ઢોર ને નરક ને નિગોદ. આહા..હા..! અરેરે..! હું કોણ છું? મારું શું થશે? હું શેમાં છું? અને શેમાં હું નથી અને શેમાં હું છું? એની ખબર નથી. આહા..હા..!

અહીં તો કહે છે કે તારો મિથ્યાત્વભાવ પરમાં સુખબુદ્ધિ, પુણ્યભાવથી ધર્મ એવો તારો મિથ્યાત્વભાવ એ મિથ્યાત્વભાવ તમે પણ કરો અને કર્મ પણ કરે. તો જે કરે એ બેયને ભોગવવું પડે. તો કર્મ તો ભોગવી શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આચાર્યે તો દિગંબર સંતોએ જગતને જાહેર કરીને. આહા..હા..! દીવા જેવી વાત છે. સૂર્ય જેવી વાત કરે છે. સમજાણું કાંઈ? ક્યાં ગયા જેઠાભાઈ? ક્યાં ગયું આ બધું તમારું? ઓલા કહે કર્મને લઈને કરે કરો ચર્ચા.

શ્વેતાંબરમાં છેને રામવિજય? એના એ શિષ્ય હતા. પછી ચર્ચા કરતા હતા ભાઈ! ચર્ચા કરો. પહેલા આમ કબુલ કરો કે કર્મથી વિકાર થાય, કર્મ કરે એવી માન્યતા હોય તો આપણે ચર્ચા કરીએ. આ કહે કે ભાઈ! ઇ હજી તો કર્મથી નહિ, વિકાર તો પોતાથી થાય છે. સમજાણું કાંઈ? છઠ્ઠી સાલમાં ગયા હતાને અમે શેત્રુંજય જાત્રા. છઠ્ઠી સાલ. ૨૩ વર્ષ થયા. ત્યારે ત્યાં હતા રામવિજય. પત્ર લખ્યો અને લઈને આવ્યા. એમાં લખ્યું, અનંત તીર્થંકરો એમ કહે છે .. ભગવાન. કર્મથી ચાર ગતિમાં રખડે છે અને કર્મથી વિકાર થાય છે. તમે કહો છો કે પોતાથી થાય એ વાત વિરૂદ્ધ છે. કરો ચર્ચા. અરે..! ભગવાન! છઠ્ઠી સાલ ત્યાં પાલિતાણા .. છેને?

મુમુક્ષુ :- ચર્ચા જ ક્યાં કરવાની રહી?

ઉત્તર :- પણ ચર્ચા કોની? કર્મ જડ એ આત્માને રખડાવે. એ પરદ્રવ્ય-પરદ્રવ્યને રખડાવે એમ ત્રણ કાળમાં બનતું નથી. આહા..હા..! 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ' એ આવે છે. ચંદ્રપ્રભુ ભગવાનની સ્તુતિમાં 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતી પાઈ.' અગ્નિ લોઢાનો સંગ કરે છે તો ઘણ પડે છે. અગ્નિ લોઢાનો સંગ ન કરે તો ઘણ કોઈ પડતો નથી. એમ ભગવાન આત્મા કર્મના નિમિત્તનો સંગ કરે છે તો વિકાર કરે છે અને ચાર ગતિમાં રખડવું પડશે. કર્મથી નહિ પણ તારી ભૂલથી છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઇ તો હજી વાર છે. બોલવામાં. હજી અંદર બેસવું જોઈએ. એય..! જયંતિભાઈ! કહો, સમજાણું કાંઈ? સુજાનમલજી નથી કહેતા? કે સાંભળીએ પણ અમને અંદર બેસે તો. આ તો માર્ગ બાપા! આહા..હા..! જેની દૃષ્ટિમાં જે સંસ્કાર કરે છે એવું એ ભાસે છે. શુભ પરિણામમાં કર્તાપણાના સંસ્કાર તો શુભ પરિણામ મારું કાર્ય એમ માને છે. અશુભના સંસ્કાર તો અશુભ મારું એમ માને છે. પણ સંસ્કારમાં એમ પડ્યું હોય કે હું તો શુદ્ધ ચૈતન્ય આનંદઘન, નિર્મળાનંદ પ્રભુ. આહા..હા..! આનંદનું પૂર હું ચીજ. અરે..! તને મનન કરવામાં શું હરકત છે? તારી મનની ક્રિયા ઉપર આ આત્મા આવો છે એમ તો લાવ એકવાર. સમજાણું કાંઈ? એમ પોતાની પર્યાયમાં જ્યાં આત્મા પૂર્ણાનંદ છે એમ આવ્યું એ તો આત્મા રાગનો કર્તા નહિ અને પરનો કર્તા નથી. અજ્ઞાની પરનો કર્તા માને છે, પણ પરનો કર્તા થઈ શકતો નથી. પોતાના વિકારભાવનો કર્તા થાય છે. આહા..હા..!

અહીંયાં ખુલાસો કર્યો છે જુઓ, કે બે મળીને રાગ થાય એ છોડ. એમ કહેતા હતા કે નહિ? જીવનધરજી. કેટલા ટકા કીધું. પહેલા આવ્યાને શેઠ હુકમીચંદજી. પહેલા આવ્યા હતા એકની સાલમાં. એક-એકની સાલ. ૨૮ વર્ષ થયા. એની સાથે જીવનધર છેને. હવે ગુજરી ગયા બિચારા. ઓલા જીવનધર નહિ? પંડિત. એ ગુજરી ગયા.

મુમુક્ષુ :- બહુ જૂના પંડિત હતા.

ઉત્તર :- જૂના પંડિત હતા. એણે અહીં પ્રશ્ન કર્યો કે ઉપાદાન-નિમિત્ત બે મળીને થાય છે. જીવનધર. બે મળીને એનો અર્થ શું? કે પચાસ ટકા નિમિત્તના અને પચાસ ટકા ઉપાદાનના. સમજાણું કાંઈ? અમારે ૭૬ની સાલમાં ચર્ચા થઈ હતી. ૭૬. દામોદર શેઠ હતા અહીંયાં. ગૃહસ્થ માણસ દસ લાખ રૂપિયા એ વખતે હોં દસ લાખ રૂપિયા. ૬૬ વર્ષ. ૭૬ એટલે ૨૪ અને ૨૯. ૫૩ વર્ષ. ગૃહસ્થ માણસ હતા. તો એને એની શ્રદ્ધા બહુ. કર્મની વાત બહુ કરે. કહે મહારાજ! આમ કહો છો એના કરતા આમ રાખો કે એકાવન ટકા જીવના પુરુષાર્થના, ઓગણપચાસ ટકા કર્મના. હીરાલાલજી! આ વાણિયાવાડી કરી. આપણે સમાધાન કરો. તમે કહો છો કે આત્મા જ એકલો વિકાર કરે. કર્મ બિલકુલ નહિ. તો તમે આટલું રાખો. એકાવન ટકા આત્માના ઉલટા પુરુષાર્થના અને ઓગણપચાસ ટકા સમજો છો? પ્રતિશત. અને ઓગણપચાસ ટકા રાખો કર્મના. કીધું સોએ સો ટકા આત્માના વિકાર કરવામાં અને નિમિત્તની પર્યાયનો નિમિત્ત કર્તા સોએ સો ટકા. પચાસ ટકા શું કરવા? આહા..હા..! મોટી ચર્ચા ચાલતી હતી. ૭૬-૭૬ની સાલ. સંપ્રદાયમાં હતા. એમ નથી. બહુ એને કર્મની શ્રદ્ધા હતી. કર્મ... કર્મ... કર્મ... બસ એ જ. કર્મને લઈને આમ છે, કર્મને લઈને આમ છે.

અહીં તો ના પાડે છે. કર્મથી જો તારામાં વિકાર થાય તો એ વિકાર જડ થઈ જાય છે અને તારાથી જો જડની પર્યાય થાય તો એ ચેતન થઈ જાય છે. બેનો કર્તા, એક જ પર્યાયનો બે કર્તા થાય તો બેને ભોગવવું પડશે. તો કર્મને તો ભોગવવું છે નહિ. રાગ કરે છે તો. સમજાણું કાંઈ? આહા..હા..! મોટી ચર્ચા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો સમ્યગ્દર્શન જેને પ્રાપ્ત કરવું છે એને સમજવાની વસ્તુ છે. ગોમ્મટસારમાં લખ્યું છે તો શું લખ્યું છે? જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે છે એ તો નિમિત્તનું કથન છે.

મુમુક્ષુ :- એમાં એ કહ્યું છે.

ઉત્તર :- .. એ તો વ્યવહારનયનું કથન છે.

મુમુક્ષુ :- અસદ્‌ભૂત વ્યવહારનય.

ઉત્તર :- નહિ, ખોટું વચન છે. આહા..હા..! એક નિમિત્ત છે એ બતાવવા એમ કહ્યું છે. અહીં તો ના પાડે છે કે નિમિત્ત અને ઉપાદાન બે મળીને વિકાર કરે તો બેયને ભોગવવું પડે. તો ભોગવનારો તો જીવ છે એકલો. જેવો વિકાર કરે એવું ભોગવે. જડને શું ભોગવવું? આ તો માટી છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ફેરફાર. તત્ત્વનો બહુ ફેરફાર. ધર્મને નામે કર્મની પ્રકૃતિ જ મને કરાવશે. આવશે ગાથા.

**'જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના કર્તા છે એમ પણ નથી; કારણ કે જો તે બન્ને કર્તા હોય તો જીવની માફક અચેતન પ્રકૃતિને પણ તેનું (-ભાવકર્મનું) ફળ ભોગવવાનો**

**પ્રસંગ આવે.'** તો રાગરૂપ ફળ દુઃખ એ તો કર્મને ભોગવવું પડે. કર્મ જડમાં તો ભોગવવું છે નહિ. આ પ્રકારનું ભોગવવું નથી હોં. જડમાં ભોક્તા ગુણ છે, ભાઈ! એની પર્યાયની ભોગવે એવો ભોક્તા ગુણ છે કર્મમાં પણ. પણ રાગનું ફળ ભોગવે એવું કાંઈ એમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાણુ પુદ્‌ગલમાં પણ ભોગવવાની શક્તિ છે. શું? પોતાની પર્યાય. ઉત્પન્ન કરે એ કર્તા અને વ્યય કરે એ ભોક્તા. પરનો ભોક્તા અને પરનો કર્તા એ કર્મ નથી. એમ આત્મા પરનો કર્તા અને પરનો ભોક્તા આત્મા નથી. પોતાની વિકારી પર્યાયને અજ્ઞાનભાવે કરે અને અજ્ઞાનભાવે વેદે. સમજાણું કાંઈ? ત્યાં એમ લીધું. સમ્યગ્દર્શન થયું, જ્ઞાની થયો તો વિકારનું વેદન એને છે જ નહિ. એમ લઈ લીધું. અહીં તો કહે છે કે વિકારનું વેદન અબુદ્ધિપૂર્વક દસમે ગુણસ્થાન સુધી છે. રાગ છેને રાગ દસમા સુધી? છે તો કાંઈ વેદન છે કે નહિ? છે તો ક્યાં પરમાં છે? આહા..હા..! સ્યાદ્વાદ વીતરાગનો અનેકાંતમાર્ગ કઈ અપેક્ષાએ છે એ વાત સમજવી ભારે. મોટા પંડિતો ગોથા ખાય છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- આવ્યું હતુંને કાલે પણ આવ્યું હતું જુઓને ... ગોટેગોટા બધા. આહા..હા..!

અહીં તો કહે છે કે બે જો કર્તા, એક ક્રિયાના બે કર્તા. રાગ-દ્વેષ મિથ્યાત્વભાવનો કર્તા જીવ અને રાગ-દ્વેષ મિથ્યાત્વનો કર્તા કર્મનો ઉદય. બે એક ક્રિયાનો કર્તા થાય તો બેયને ભોગવવું પડશે. જડને તો ભોગવવું છે નહિ. આ રાગનું ફળ ભોગવવું નથી. સમજાણું કાંઈ? એની પર્યાય ભોગવે એ બીજી ચીજ છે. એ બીજી વાત છે.

ત્રણ બોલ થયા. '**વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના અકર્તા છે...**' ભાઈ! જીવ પણ ન કરે અને કર્મ પણ ન કરે જાઓ. આહા..હા..! કેટલુ સ્પષ્ટ કર્યું! શ્વેતાંબરમાં તો કર્મ જ કરે એવી વાત ચાલે છે. મોટા-મોટા આચાર્યો પણ કર્મથી થાય... કર્મથી થાય.. કર્મથી થાય... કર્મને લઈને આત્મા રખડે છે. બસ કર્મને લઈને આત્મા આવો થાય. આપણે પણ એમ કહે છે રતનચંદજી. જુઓ, આત્મા તો પાંગળો છે. પરમાત્મપ્રકાશમાં કહ્યું છે, ભાઈ! પરમાત્મપ્રકાશમાં કહ્યું છે. આત્મા પાંગળો છે. પાંગળો સમજો છો? પંગુ. પોતાને કારણે ચાર ગતિમાં નથી જાતો, કર્મ લઈ જાય અને કર્મ લાવે અને કર્મ આવા. એ તો સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ વાત કરી છે. સ્વભાવ નથી, પણ પર્યાયમાં તો પોતાથી નરક ગતિમાં જાય છે. આહા..હા..! શ્રેણિક રાજા આ દૃષ્ટાંત આપે છે જુઓ, શ્રેણિક રાજા તો સમકિતી, ક્ષાયિક સમકિતી અને તીર્થંકર ગોત્રનો બંધ છે. તો શું નરકમાં જવાનો ભાવ છે એને? પણ કર્મબંધ જે આયુષ્યનો પડ્યો છે તો એને નરકમાં લઈ જાય છે. આનુપૂર્વી પ્રકૃતિ છે નરકાનુપૂર્વી.

મુમુક્ષુ :- નરકગત્યાનુપૂર્વી.

ઉત્તર :- નરકગત્યાનુપૂર્વી. જેમ બળદને. બળદ હોય છેને બળદ? નાથ નાખે છેને નાથ

નહિ? એમ ખેંચીને લઈ જાય. એમ નથી. આહા..હા..! એમ નરકાનુગતિ કર્મને કારણે શ્રેણિક રાજાને નરકમાં જાવું પડ્યું. ભગવાન કહે છે કે એમ નથી. એ પોતાની પર્યાયમાં જ એ સમયે જવાની એવી યોગ્યતા હતી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે બે નહિ કર્તા એમ માનો તો શું થશે? '**કારણ કે જો તે બન્ને અકર્તા હોય તો સ્વભાવથી જ પુદ્‌ગલદ્રવ્યને મિથ્યાત્વાદિ ભાવનો પ્રસંગ આવે.**' શું કહે છે? કે જડમાં મિથ્યાત્વ પ્રકૃતિની પર્યાય છે એનો સ્વભાવ થઈ જશે. સમજાણું કાંઈ? દર્શનમોહની પર્યાય જે જડની છે એ પર્યાય એનો ધર્મ થઈ જશે. એ તો પર્યાય છે મિથ્યાત્વાદિ પ્રકૃતિ. સ્વભાવ નથી. આહા..હા..! કેટલી સ્પષ્ટતા! એકલો આત્મા કર્તા ન માને, બે થઈને માને તો બેયને ભોગવવું પડે એ વાત પણ જૂઠી છે. અને કર્મ તને વિકાર કરાવે એમ માને તો વિકાર જડ થઈ જશે. એમ પણ નથી. અને જડની પર્યાય તું કરે છો એમ કહો તો એ ચેતન થઈ જશે. બે કરે તો બેને ભોગવવું પડે. બે ન કરે તો મિથ્યાત્વ પ્રકૃતિના પરિણામનો ધર્મ થઈ જશે. મિથ્યાત્વ પર્યાય ક્યાંથી થઈ? સમજાણું કાંઈ? જીવે મિથ્યાત્વ પરિણામ કર્યા એનું નિમિત્ત પામીને કર્મ તો પોતાની પર્યાય મિથ્યાત્વરૂપી પર્યાયથી પરિણમે છે. એ મિથ્યાત્વરૂપી પર્યાય એનો ત્રિકાળ સ્વભાવ નથી. સમજાણું કાંઈ? હવે આવું વાણિયાને બેસતું હશે આવું? પણ ધંધો કરવો એમાં શું? ઇનું ઇ કરવું સવારનું. આ આનું આમ મોલ, આનું આમ મોલ. કાંઈ લાંબુ છે? અને આ વકીલોને બહુ તર્ક કરવા પડે લ્યો. રખડવાના. આહા..હા..!

અમારે આણંદજી હતો તો બહુ ... આણંદજી હતોને અમારે દુકાને. બહુ મોટો ધંધો દુકાનનો. હજારો ચીજો પડી હોય. ૧૩-૧૩ તો મોટા ગોદામ. વેપાર મોટો. અઢી-અઢી લાખની તો પેદાશ વર્ષની દુકાનની. અત્યારે દુકાન ચાલે છેને પાલેજમાં. તો એવું હતું એને કે કયા ભાવનો માલ આવ્યો, એ માલ કેટલો ખપ્યો છે? અત્યારે ભાવ શું છે? કેટલો માલ લાવવાનો છે? નવો માલ કેટલો આવ્યો? એ બધું યાદ એને.

મુમુક્ષુ :- એનો રસ હોયને.

ઉત્તર :- રસ એનો રસ હતો લ્યો. આહા..હા..! અમે પણ માલ લેવા જાતા હતા મુંબઈ એની સાથે. પણ આપણને રસ નહિ. આહા..હા..! એને તો બંગડી બજારમાં જાય તો આમ, ફલાણું આમ. ... રસ... રસ... રસ... અમે આ બધું શું કરી દઈએ જાણે. એય..! હુશિયાર માણસ કરે છે કે નહિ? તો આ ઝવેરાતના ધંધા કોણ કરે?

મુમુક્ષુ :- પોતાની પર્યાયમાં કરે, પરમાં શું કરે?

ઉત્તર :- આહા..હા..! બેય ન કરે તો બેમાં કર્યા વિનાની પર્યાય મિથ્યાત્વ દર્શનમોહ હોય એ તો પુદ્‌ગલ સ્વભાવ થઈ ગયો. એમ છે નહિ. મિથ્યાત્વાદિ પર્યાય તો પુદ્‌ગલની વિભાવિક પર્યાય છે અને વિભાવિક પર્યાય તો નવી ઉત્પન્ન થાય છે. તો એમાં નિમિત્તપણું મિથ્યાત્વભાવનું છે નહિ.

બધી પ્રકૃતિમાં મિથ્યાત્વાદિની પર્યાયનું પરિણમન થયું, નહિતર અકર્તા થાય તો મિથ્યાત્વની પર્યાય પુદ્‌ગલનો સ્વભાવ થઈ જાય. સમજાણું કાંઈ?

**'સ્વભાવથી જ પુદ્‌ગલદ્રવ્યને મિથ્યાત્વાદિ...'** મિથ્યાત્વ ચારિત્રમોહની પર્યાય, વેદનીય પર્યાય, અવ્રત-પ્રમાદની પર્યાય બધી પુદ્‌ગલની પર્યાય થઈ જાય. પુદ્‌ગલની પર્યાયનો સ્વભાવ થઈ જાય. સ્વભાવ છે નહિ. એ વિભાવની નવી કૃતિ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લ્યો,

**'માટે એમ સિદ્ધ થયું...'** એથી એ વાત સાબિત થઈ **'કે—જીવ કર્તા છે અને પોતાનું કર્મ કાર્ય છે...'** જીવ જ રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવનો કર્તા અને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એનું કર્મ. કર્મ નામ કાર્ય. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાનભાવથી. પોતાની ચીજ આનંદમૂર્તિ જ્ઞાનનો સમુદ્ર ઓહો..હો..! એના મનનમાં આ વાત આવી નથી, ખ્યાલમાં આ વાત આવી નથી. એવો અજ્ઞાની જીવ પોતાની પર્યાયમાં મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ અને વિષય-વાસનાનો કર્તા થાય છે. આહા..હા..! આત્મા એટલો સ્પષ્ટ એ વાત માને નહિ. થોડું કર્મ કરાવે, થોડું આત્મા કરે બેય મળીને કરે. કહો, એક દાખલો આપ્યો છે શાસ્ત્રમાં સમયસાર. કે સ્ત્રીને પુરુષ બે મળીને પુત્ર થાય છે. એકલાથી પુત્ર થાય? એય..! એમ વિકાર... એવો પાઠ છે હોં. છોકરું કોણ કરે? એનો આત્મા, એના રજકણો તારાથી જુદા. કોણ દીકરાને ઉપજાવે? આહા..હા..! ભ્રમણા તે કાંઈ ભ્રમણા જગતની. કારણ કે શરીરનો આકાર અને એવો બધો દીકરામાં આવ્યો હોય તો કહે આ બધું મેં કર્યું આ મારો પુત્ર છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- પણ એ કહે કે મારો છે. આહા..હા..! મૂઢ છે. ભારે વાત ભાઈ આ.

કહે છે તારા દોષની પણ સ્વતંત્રતાની તને ખબર નથી. તો દોષરહિત ભગવાન આનંદનો નાથ એની તો તને ક્યાં ખબર છે? સમજાણું કાંઈ? તારી પર્યાયમાં દોષ થાય છે મિથ્યાત્વ, રાગ-દ્વેષ, અજ્ઞાન, વિષય-વાસના. એની પણ તને સ્વતંત્રપણે હું કર્તા છું તો થાય છે એવી તને ખબર નથી. કર્મની અસર-ફસર એમાં છે નહિ. કેમકે જીવ વ્યાપ્ત થઈને વ્યાપક થઈને વ્યાપ્ત થાય છે. જીવ વ્યાપક છે અને વિકારી પર્યાય એનું વ્યાપ્ય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આવી ભૂલ સ્વીકારશે નહિ તો...

ઉત્તર :- એનું તો અજ્ઞાનમાં પોષણ થશે અને ચાર ગતિમાં રખડશે. આહા..હા..! અહીં મોટો બાદશાહ દેખાતો હોય લ્યો. પાંચ કરોડ, દસ કરોડ, પચ્ચીસ કરોડ, અબજપતિ. મરીને.. ભાન તો કાંઈ કર્યું નથી. એકલું અભિમાન કર્યું કે પરનું મેં આમ કર્યું ને આમ કર્યું. એવો મિથ્યાત્વનો કર્તા થઈને જાઓ નરક અને નિગોદ. તારી બાદશાહી પડી રહેશે. આહા..હા..!

મુમુક્ષુ :- છોકરાઓને મળે છેને પછી શું વાંધો?

ઉત્તર :- ધૂળમાંય મળતું નથી છોકરાઓને. છોકરાઓ તો એના પુણ્ય હોય તો હોય છે. એમાં છે શું? અને છે તો ઠીક શું? એમાં ઠીક શું છે? આહા..હા..! મહાપ્રભુ આનંદનો નાથ જેની નજરમાં ન આવે. આહા..હા..! મહા ચૈતન્ય સંપદા જેની અનંત જ્ઞાન-દર્શન-આનંદ છે સંપદા એ નજરમાં ન આવે અને આ સંપદા મારી નજરમાં આવે તો મૂઢ છે. આહા..હા..! પછી ઇ ભલે સામાયિક ને પોષા ને પડિક્કમણા કરતો હોય મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, '**પોતાનું ભાવકર્મ પોતાનું કાર્ય છે).**' છે? '**જીવ કર્તા છે અને પોતાનું કર્મ કાર્ય છે (અર્થાત્ જીવ પોતાના મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે અને પોતાનું ભાવકર્મ પોતાનું કાર્ય છે).**' આહા..હા..!

ભાવાર્થ. આ ચર્ચા તો અમારે બહુ ચાલતી હતી ૭૧ની સાલ. બહુ. જે આવે ઇ સ્થાનકવાસીમાં વિરોધ કરે. .. શ્વેતાંબરવાળા આવે તોપણ વિરોધ કરે. આ શું? કર્મ વિના ભગવાન... કર્મ વિના શું થાય? આ દિગંબરમાં આવ્યા તો દિગંબર વિરોધ કરે. નહિ, બિલકુલ નહિ. કર્મને લઈને જ વિકાર થાય. અરે..! ભગવાન! તારી પર્યાય તારાથી થાય છે કે એ પર્યાય બીજાથી થાય છે? તારી પર્યાય ઉત્પાદ-વ્યયની, ઉત્પાદ-વ્યયને કરનારો તું છો કે ઉત્પાદ-વ્યયની પર્યાયને કરનાર પરદ્રવ્ય છે? તો તે ઉત્પાદ-વ્યયમાં કર્યું શું? પરને કારણે તારામાં વિકાર ઉત્પન્ન થયો તો તે શું કર્યું? આનંદની તો ખબર નથી. જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા એની શ્રદ્ધા, જ્ઞાન સમકિતી તો છે નહિ. સમજાણું કાંઈ? અને મિથ્યાત્વમાં એમ તું માન કે પરને લઈને થયા છે તો તે તારી ભૂલને નાશ કરવાનો ઉપાય રહ્યો નહિ. એમ કે કર્મ આવે જ્યાં સુધી ઉદય હોય ત્યાં સુધી વિકાર થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એ સૂક્ષ્મ મિથ્યાત્વનું... આ તો સ્થૂળ છે. આહા..હા..! કેમ ..લાલજી! આહા..હા..!

'**ભાવાર્થ :—આ ગાથાઓમાં એમ સિદ્ધ કર્યું છે.**' આ ગાથામાં એમ સાબિત કર્યું કે '**ભાવકર્મનો કર્તા જીવ જ છે...**' 'જ' શબ્દ મૂક્યો છે. વળી જીવ જ છે અને એક બાજુ સમ્યગ્દૃષ્ટિ એનો કર્તા નથી. એ બીજી વાત છે. સમ્યગ્દર્શનમાં તો આખું પરમાત્મસ્વરૂપ દૃષ્ટિમાં આવ્યું. એ કૃત્રિમ એક ક્ષણની વિકૃત અવસ્થા એ આત્માના સ્વભાવથી થતી જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? 'પ્રભુનો માર્ગ છે શુરાનો એ કાયરના નહિ કામ.' વીરાના માર્ગ તો વીર સમજે. આહા..હા..! પ્રભુ! તું ચાર ગતિમાં રખડે છો. નરક અને નિગોદ. શાસ્ત્રમાં આવ્યું છેને નિગોદનો જીવ પણ ભાવકલંક પહુરા. ગોમ્મટસારમાં આવ્યું છે. નિગોદનો જીવ પણ નિગોદ બટેટા. બટેટા સમજ્યાને? આલુ, કંદમુળ, લસણ, ડુંગળી. અરે..! અનાજ એવું હોય અને પછી ફુગ ઉપર થઈ જાય. અનાજ-અનાજ હોય છેને દાળ, ભાત, શાક. .. ફુગ-ફુગ થઈ જાય છેને? એમાં અનંતકાય છે. સમજાણું કાંઈ? પોતાના સ્વરૂપની ખબર નથી. ભૂલ પણ મારાથી થઈ એની પણ ખબર નથી.

તો એમાં ઉત્પન્ન થશે. આહા..હા..! આ લાડવા હોય છે, પેંડા હોય છે લ્યોને. ઘણા દિવસ રહે તો પછી ફુગ થઈ જાયને ફુગ? લાલ, સફેદ, લીલી એવી થઈ જાય.

મુમુક્ષુ :- શું થઈ જાય છે?

ઉત્તર :- ફુગ-ફુગ.

મુમુક્ષુ :- ... જેવું?

ઉત્તર :- હા ઇ. શું કહે છે જુઓ. હા એ. આવે ક્યાંથી? ત્યાંથી નવી ઉત્પન્ન થાય છે. આહા..હા..! આ રોટલી હોય છે એમાં. રોટલા-રોટલા હોય છેને. બે દિ' થાય તો રોટલો હોયને બાજરાનો તો એમાં ફુગ થઈ જાય. ત્યાં ઉપજે. આહા..હા..! અરે..! તને તારી ખબર નથી. ભૂલની સ્વતંત્ર કર્તાની ખબર નહિ. આહા..હા..! તો સ્વતંત્ર ભૂલ વિનાની ચીજ એની તને ખબર ક્યાંથી હોય? આહા..હા..! પર્યાયમાં પણ રાગનો, મિથ્યાત્વનો કર્તા હું છું એવી જેને ખબર નથી. એની પર્યાયની પાછળ મહા આનંદનો નાથ પરમાત્માનું દળ-પિંડ પડ્યો છે એનો તો ભરોસો એને આવતો નથી કદી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પણ આ બહારના રંગ અને રાગ, રંગ-રાગ એટલે આ. આહા..હા..! ખુરશી બરાબર પડી હોય અને બેઠા હોય. પચાસ-સો માણસ ભેગા થાય અને સોનાના વાટકા અને એમાં દૂધના ઉના-ઉના ઉકાળા. પીતા હોય બધા ભેગા થઈને. એ લગ્નપ્રસંગ હોય. સારા ઘરની જાન કહેવાય. લાખ-બે લાખ ખર્ચવા હોય. આ તો નાના માટે છે હોં. શેઠિયા માટે તો અલગ. અને આમ જુઓ તમારે ખુશી-ખુશી. આહા..હા..! ધૂળેય નથી, ભગવાન! તું દુઃખી છો બાપુ! એ મિથ્યાત્વના સેવન તને આકરા પડશે, પ્રભુ! આહા..હા..! એવી સગવડતામાં તને ભાસ થાય છે કે મને ઠીક છે. આહા..હા..! તારો નાથ અંદર ચિદાનંદ સ્વરૂપ બિરાજે છે એની સામું તે જોયું નહિ. એની સંપદાનો જ્ઞાનમાં ભાસ થયો નથી. એ જ્ઞાન સંપદા પ્રભુ મહા પરમેશ્વર પ્રભુ પોતે આત્મા અને એ જ આત્મા પ્રભુ પરમાત્મા છે. પરમાત્મદ્રવ્ય ન કહ્યું? ૩૨૦મી ગાથામાં. આહા..હા..!

મુમુક્ષુ :- નિજપરમાત્મા.

ઉત્તર :- નિજપરમાત્મદ્રવ્ય એમ લીધું છે. આહા..હા..! અરે..! તેનું ઘુંટણ તો કર એકવાર. હું સકળ નિરાવરણ આત્મા. આહા..હા..! અખંડ હું છું. એક છું. એ જેવો તારા પરિણમનમાં તું ભાસ કરીશ એવી તારી પર્યાય થશે. અને હું રાગ છું અને પુણ્ય છું એમ માનીશ તો સંસ્કારમાં મિથ્યાત્વ જ થશે. આહા..હા..! મનની ગતિ (જે) સંકલ્પ (તે) વિનાની ચીજ જે અંદર છે એમાં જાય તો એની સંપદાની એને ખબર પડે. આહા..હા..! પણ મનની ગતિમાં જ ઉપજ્યો છે. આહા..હા..! તો એનો કર્તા એ તો આત્મા કર્તા. સ્વતંત્રપણે કરે તે કર્તા. એ કર્તાની વ્યાખ્યા છે અને ઇષ્ટ. કર્તાનું ઇષ્ટ એ એનું કર્મ. તો અજ્ઞાની સ્વતંત્રપણે વિકાર, મિથ્યાત્વ અને અજ્ઞાનને કરે છે. અને એનું ઇષ્ટ એ કાર્ય. સમજાણું કાંઈ?

ધર્મી જીવને જેની દૃષ્ટિમાં સંપદા ભગવાનનો ભાસ થયો એ કર્તા સ્વતંત્રપણે થઈને પોતાની નિર્મળ પર્યાયનો કર્તા થાય છે અને નિર્મળ પર્યાય એનું ઇષ્ટ નામ કાર્ય થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એમ બે પ્રકારે જેમ છે એમ સમજે તો એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જઈને શુદ્ધ ચૈતન્યના સંસ્કારમાં નિર્મળ પર્યાય પ્રગટે એ એનું કાર્ય અને એનો કર્તા આત્મા છે. સમજાણું કાંઈ? પણ હજી તો પર્યાયમાં પણ ઉત્પન્ન કેમ થાય એમાં જ્યાં હજી પરને કારણે છે અને આહા..હા..! અને શુભભાવ કર્મ મંદ પડે તો મને શુભભાવ થાય અને શુભભાવથી અંદરમાં જાવ તો શુદ્ધભાવ થાય. આહા..હા..! એ જડને કારણે શુદ્ધભાવ થાય. આહા..હા..! દૃષ્ટિનો વિષય અને દૃષ્ટિ અનાદિકાળથી પર ઉપર પડી છે. તોપણ પર ઉપર પડી હોય તોપણ વિકારીદશાને કરનારો એ થાય છે. પણ પરનો કર્તા તો ધંધા-પાણી, ખાવું-પીવું. આહા..હા..! આ શાસ્ત્ર રચવા. કહો, બીજાને સમજાવવું એવી ભાષાની પર્યાય આત્મા નથી કરતો. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ભાવકર્મનો કર્તા જીવ જ છે એમ આ ગાથાઓમાં સિદ્ધ કર્યું છે.'** છે? 'જ' નાખ્યો 'જ'. **'અહીં એમ જાણવું કે—પરમાર્થે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યના ભાવનું કર્તા હોય નહિ...'** આ સ્ત્રી, કુટુંબ, પુત્ર એની સંભાળ આત્મા ત્રણ કાળમાં કરી શકતો નથી. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? ભાઈ! મા-બાપની ફરજ છે બાળકોને ભણાવે અને પાવરધા હુશિયાર કરે. અહીં તો ના પાડે છે. આહા..હા..! આમ કહે માતા સારી હોય તો બાળકમાં સારા સંસ્કાર નાખે લ્યો. આહા..હા..! પરને શું કરે ભાઈ! ત્યાં પર અને તારી વચ્ચે તો મોટો અભાવ છે. આહા..હા..! પર અને તારી વચ્ચે તો મોટો વજ્રમય અભાવ છે. તો પરનું શું કરે? આહા..હા..! અહીં કહે છે કે એ ભાવકર્મનો કર્તા નથી થતો. **'પરમાર્થે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યના ભાવનું...'** એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાય. ભાવ એટલે પર્યાય. પર્યાયનો કર્તા નથી. તેથી જે પરમાર્થે વ્યવહારે તો છે કે નહિ? એ તો પરમાર્થે કહ્યું. એ તો કથનમાં કહેવામાં આવ્યું છે. વ્યવહારે પણ નથી. બોલવામાં આવે છે. એ બોલવાની પર્યાય જડ. આહા..હા..!

શ્વેતાંબરમાં એ ગાથા આવેને એને બહુ મલાવે. અનાથ મુનિનો અધિકાર આવે છે. 'અપ્પા કત્તા વિક્તા દોહાણિયા સોહાણિયા...' અનાથ મુનિનો અધિકાર આવે છે. ૨૦મું અધ્યયન. ઉત્તરાધ્યન. અનાથમુનિ. 'અપ્પા કત્તા હિક્તા દોહાણિયા સોહાણિયા...' એમ આવે છે. પછી ભૂલી ગયા. 'અપ્પાણં ..' મિત્ર પણ આત્મા અને વેરી પણ આત્મા. કર્મને કરે તોપણ આત્મા અને કર્મને ભોગવે તોપણ આત્મા જુઓ. અહીં ના પાડે છે. આહા..હા..!

**'ભાવનું કર્તા હોય નહિ તેથી જે ચેતનના ભાવો છે...'** આ ચેતનના ભાવ નામ મિથ્યાત્વ, રાગ-દ્વેષ, વાસના એ ચેતનનો ભાવ છે. **'તેમનો કર્તા ચેતન જ હોય. આ જીવને અજ્ઞાનથી જે મિથ્યાત્વાદિ ભાવરૂપ પરિણામો છે તે ચેતન છે,...'** આહા..હા..! વિપરીત માન્યતાપણે અને રાગ-દ્વેષપણે જે થાય છે એ તો ચૈતન્ય થાય છે. '**જડ નથી; અશુદ્ધનિશ્ચયનયથી તેમને**

**ચિદાભાસ પણ કહેવામાં આવે છે.**' લ્યો, વિકારી પર્યાય છેને? અશુદ્ધનિશ્ચયથી ચિદાભાસ. આત્માના આભાસ જેવી ચીજ. આવે છે સમયસારમાં કે આ તો ચૈતન્યનો ભાસ છેને. તમે શું કામ એને જડ કહો છો? પણ એ તો ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ એ ચિદાભાસ એ જડ છે. અહીં તો પર્યાયની અપેક્ષાએ એની પર્યાય છે. ક્યાં એક લખાણ નિશ્ચયનું અને ક્યાં એ લખાણ અશુદ્ધનિશ્ચયનું! બેને મેળવે નહિ તો ગોટા ઉઠે.

' **એ રીતે તે પરિણામો ચેતન હોવાથી,...**' જુઓ, મિથ્યાત્વભાવ, શુભભાવથી ધર્મ થશે, પુણ્ય કરતા-કરતા ધર્મ થશે, પરને હું કરી શકું છું, પરને હું સહાય કરીને ઉઠાવું છું. બધા પ્રાણીને બહુ ઉઠાવ્યા કર્યા અને સાધારણ સ્થિતિ હતી તો એને મેં ઘણા ભણાવ્યા-ગણાવ્યા. ભણાવ્યા-ગણાવ્યા લ્યો. તેથી એ પરિણામ ચેતન છે. '**તેમનો કર્તા પણ ચેતન જ છે;...**' એ વિકારી પરિણામ ચેતન. વિકારી પરિણામ ચેતન. '**કારણ કે ચેતનકર્મનો કર્તા ચેતન જ હોય—એ પરમાર્થ છે.**' આહા..હા..!

'**અભેદદૃષ્ટિમાં તો જીવ શુદ્ધચેતનામાત્ર જ છે,...**' હવે નિશ્ચયની વાત કરે છે. આહા..હા..! આ તો પર્યાયદૃષ્ટિમાં રાગ ઉપર બુદ્ધિ છે એમાં એ રાગ અને પુણ્ય મિથ્યાત્વનો કર્તા અજ્ઞાની. અભેદદૃષ્ટિમાં... આહા..હા..! છે? '**શુદ્ધચેતનામાત્ર જ છે,...**' એ તો શુદ્ધ ચૈતન્યમાત્ર છે. અભેદ દૃષ્ટિ જ્યાં સમ્યગ્દર્શન થયું. આહા..હા..! અભેદદૃષ્ટિ થઈ તો ત્યાં તો '**શુદ્ધચેતનામાત્ર જ છે, પરંતુ જ્યારે તે કર્મના નિમિત્તે પરિણમે છે ત્યારે તે તે પરિણામોથી યુક્ત તે થાય છે...**' પણ કર્મના નિમિત્તના સંગે જ્યારે રાગ-દ્વેષ મિથ્યાત્વ કરે છે તો એ પરિણામથી સહિત થાય છે. '**અને ત્યારે પરિણામ- પરિણામીની ભેદદૃષ્ટિમાં...**' ઇ પરિણામ અજ્ઞાન અને પરિણામી આત્મા એમ. એ '**ભેદદૃષ્ટિમાં પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે.**' આહા..હા..! વિશેષ કહેશે લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૬, શનિવાર, તા.૦૪-૦૮-૧૯૭૩
## ગાથા-૩૨૮ થી ૩૩૧, કળશ-૨૦૩-૨૦૪, પ્રવચન-૪૫૯

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

એનો ભાવાર્થ ચાલે છે. ૩૨૮, ૨૯, ૩૦, ૩૧નો ભાવાર્થ. વચ્ચે આવ્યું છે જુઓ, માટે '**તેમનો કર્તા પણ ચેતન જ છે; કારણ કે ચેતનકર્મનો કર્તા ચેતન જ હોય—એ પરમાર્થ છે.**' શું કહે છે? સમજાણું કાંઈ? કે આત્મા અભેદદષ્ટિમાં શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ છે. એકલો શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મા. ત્રિકાળ. એની દષ્ટિ થઈ જ્યારે એને અભેદદષ્ટિ કહેવામાં આવે છે. દષ્ટિમાં આવવું જોઈએને. છે તો ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય અભેદ. એવી જ્યાં દષ્ટિ થઈ તો શુદ્ધચેતનામાત્ર તો રાગ કાર્ય અને આત્મા કર્તા એ તો એમાં છે નહિ. સમજાણું કાંઈ? પણ જ્યાં સુધી એની દષ્ટિ અભેદ ચૈતન્યમૂર્તિ અખંડ એવી અંતર દષ્ટિ જ્યાં સુધી નથી ત્યાં સુધી.. જુઓ, '**અભેદદષ્ટિમાં તો જીવ શુદ્ધચેતનામાત્ર જ છે,...**' ત્રિકાળ. પણ જેને દષ્ટિમાં આવ્યું ત્યારે અભેદદષ્ટિ ત્રિકાળ છે એમ માને.

મુમુક્ષુ :- પર્યાય

ઉત્તર :- એ પર્યાય .. એમાં શું? અભેદ વસ્તુ છે તો શું? વર્તમાન પર્યાય-દશામાં એકરૂપ ચૈતન્યદળ અભેદ છે એવી દષ્ટિ થઈ ત્યારે તો એ શુદ્ધચેતનામાત્ર કર્તા રાગનો અને કર્મ રાગ એમ છે નહિ. અરે..! એકલા શુદ્ધ ચૈતન્યમાત્રની અભેદદષ્ટિમાં તો ચેતન કર્તા અને નિર્મળદશા કર્મ ભેદ એ પણ વ્યવહારે છે. ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? ચૈતન્યસ્વરૂપ ધ્રુવ ચૈતન્ય જે જ્ઞાનસ્વભાવી ઉપયોગસ્વભાવી આત્મા એવી જ્યાં દષ્ટિ થઈ એ તો એમાં દષ્ટિમાં તો દ્રવ્યસ્વભાવ પડ્યો છે અભેદ. એમાં ભેદ હોય નહિ કે રાગ કાર્ય અને આત્મા એનો કર્તા એવી અભેદદષ્ટિમાં છે નહિ. પણ અભેદદષ્ટિમાં આત્મા કર્તા અને નિર્મળ મોક્ષમાર્ગ પર્યાય કર્મ એ પણ વ્યવહાર છે. સમજાણું કાંઈ? ઝીણું છે. આહા..હા..!

પરમસ્વરૂપ ભગવાન આત્મા ત્રિકાળી જેવી ચીજ છે એવી દષ્ટિમાં આવવા લાગે તો તો એ રાગનો કર્તા નહિ, પણ નિર્મળ પર્યાય કાર્ય અને આત્મા કર્તા એ ભેદ ક્યાં છે ત્યાં? આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો એ સિદ્ધ કરવું છે કે આત્મા પોતા સિવાય બીજી કોઈ ચીજનો પર્યાયનો કર્તા ત્રણ કાળમાં અજ્ઞાની પણ નથી. સમજાણું કાંઈ? પોતાની સત્તા જેમાં જે છે એમાં એ પોતાના

અજ્ઞાનભાવથી રાગ કરો અને રાગનું ફળ ભોગવો. પણ પરનો કર્તા તો કદી થતો નથી. આહા..હા..! એ તો એનું અભિમાન છે. હું પરપદાર્થની વ્યવસ્થા-અવસ્થા બરાબર જાળવી શકું છું, કરી શકું છું. એ તો મિથ્યા અભિપ્રાય જૂઠો છે. આહા..હા..! કહો, સુમનભાઈ! શું હશે આ બધું? આ તમારા મોટા-મોટા માંડે છેને કારખાના અને .. શું છે આ? કાંઈ કરી શકતો નથી એમ કહે છે.

મુમુક્ષુ :- તમે બોલાવ્યા શું કરવા?

ઉત્તર :- એ તો રામજીભાઈનું કામ છેને એટલે. આહા..હા..!

અહીંયાં તો પ્રભુ ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણ નિર્મળ આનંદકંદ પ્રભુ એ જ આત્મા. એવો આત્મા જેની દૃષ્ટિમાં આવ્યો એ તો દૃષ્ટિનો વિષય જે દ્રવ્યસ્વભાવ અભેદ એ આવી ગયો તો એમાં રાગનો કર્તા અને રાગ કાર્ય એ તો એમાં છે જ નહિ. આહા..હા..!

**'અભેદદૃષ્ટિમાં તો જીવ શુદ્ધચેતનામાત્ર જ છે, પરંતુ...'** છે? ચીમનભાઈ! છે? ગુજરાતી છે? ઠીક. **' જ્યારે તે કર્મના નિમિત્તે...'** જુઓ, ભાષા. પોતાની અભેદદૃષ્ટિનો જ્યાં અભાવ છે ત્યાં એની દૃષ્ટિમાં કર્મ જ નિમિત્ત પડે છે. આહા..હા..! એ નિમિત્ત કર્મના નિમિત્તે પોતાની પર્યાયમાં પરિણમિત થાય છે વિકારીભાવથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'ત્યારે તે તે પરિણામોથી યુક્ત તે થાય છે...'** ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકભાવ વસ્તુ એવી દૃષ્ટિ થઈ ત્યારે તો રાગસહિત થાય એમ છે નહિ. સમજાણું કાંઈ? ત્યારે તો નિર્મળપર્યાયસહિત છે એમ થાય છે. પણ જ્યારે એ આત્મા ત્રિકાળી શુદ્ધ ચૈતન્યમાત્ર એવું દૃષ્ટિમાં આવ્યું નથી તો તો દૃષ્ટિનો વિષય તો પર થયો. પોતાનો વિષય તો આવ્યો નહિ તો દૃષ્ટિમાં પર નિમિત્ત આવ્યું. આહા..હા..! તો કર્મનો સંગ કરવાથી નૈમિત્તિક પોતાની પર્યાયમાં પુણ્ય અને પાપનું, મિથ્યાત્વભાવનું પરિણમન થાય છે. આહા..હા..! ત્યારે તે પરિણામોથી યુક્ત થાય છે. માન્યું છે કે આ રાગ મારો છે. કેમકે પોતાનો સ્વભાવ અભેદ છે, વીતરાગ છે એવી તો ખબર છે નહિ. આહા..હા..! તો આત્મા નિમિત્તના લક્ષે કર્મની ઉપસ્થિતિના લક્ષમાં, એને આશ્રયે જે વિકાર પુણ્ય અને પાપ થાય છે એ તો પરિણમન કરે છે. સમજાણું કાંઈ?

એને પરિણમન કરે છે. પરિણામ થાય છે. **'ત્યારે તે તે પરિણામોથી યુક્ત તે થાય છે...'** રાગ અને દ્વેષ વિકલ્પસહિત વાસનાથી હું યુક્ત છું એમ ભાસે છે એને. સમજાણું કાંઈ? ભારે ઝીણું આવું. ધર્મ કરવા માંડે નહિ સમજ્યા વિના તો. આહા..હા..! આ દેહાદિ માટી છે આ તો. એના સંબંધમાં તો કાંઈ આત્મા કરી શકે નહિ. આ હાલવાનું, બોલવાનું કાંઈ કરી શકે નહિ. આહા..હા..! પણ પોતાના અભેદ સ્વભાવની દૃષ્ટિ જ્યાં સુધી નથી ત્યાં સુધી તો ભેદદૃષ્ટિ થઈ નિમિત્ત ઉપર એનું લક્ષ ગયું. તો નિમિત્તના લક્ષે પોતાની પર્યાયમાં નૈમિત્તિક વિકાર શુભ-અશુભભાવ મિથ્યાત્વભાવ કરે છે. પરિણમે છે તો રાગ-દ્વેષસહિત હું છું એવું ભાસે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને ત્યારે પરિણામ- પરિણામીની ભેદદષ્ટિમાં...'** ભાષા કેટલી કરી જુઓ, આહા..હા..! બહુ સ્પષ્ટ કર્યું છે. કે પોતાનું સ્વરૂપ કર્મનું નિમિત્ત અને નિમિત્તથી થયેલો રાગ એનાથી રહિત છે. એવી દૃષ્ટિમાં તો પરનું લક્ષ કરીને રાગ થવો અને રાગનું કાર્ય, હું રાગનો કર્તા છું એ તો છે નહિ. શેઠ! ઝીણું બહુ છે. આહા..હા..! જયચંદ પંડિતે કેટલો ખુસાલો કર્યો! એક તો નિમિત્તથી પરિણમે છે રાગ ને દ્વેષ ને મિથ્યાત્વભાવથી અને **'તે તે પરિણામોથી યુક્ત તે થાય છે...'** બે બોલ. **'અને ત્યારે પરિણામ- પરિણામીની ભેદદષ્ટિમાં...'** તો વિકારી પરિણામ અને આત્મા પરિણામી એવી ભેદદૃષ્ટિમાં, બે ભિન્ન દૃષ્ટિ કરી (નહિ) **'ભેદદષ્ટિમાં પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે.'** આહા..હા..! જુઓને ગૃહસ્થ છે. ટીકામાં છે એનું સ્પષ્ટિકરણ કરે છે.

કહે છે જ્યાં ભેદદૃષ્ટિ. પરિણામ અને પરિણામી એવી ભેદદૃષ્ટિ થઈ. વિકારનો ભાવ પરિણામ અને હું પરિણમનારો એવી ભેદદૃષ્ટિ થઈ તો **પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે.'** આહા..હા..! અજ્ઞાનભાવરૂપી રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, વિકાર એનો કર્તા તો અજ્ઞાનભાવ જીવ જ છે. આહા..હા..! ભારે ઝીણું આવું સમજવું.

મુમુક્ષુ :- આ અજ્ઞાનભાવનો ખુલાસો કર્યોને.

ઉત્તર :- અજ્ઞાનભાવનો ખુલાસો.

મુમુક્ષુ :- ભ્રાંતિ છે.

ઉત્તર :- ખોટી ભ્રાંતિ કરી, પણ ભ્રાંતિમાં ભ્રાંતિરૂપ પરિણમન થયું અને એ પરિણમનસહિત ભાસ થયો અને પરિણામી આત્મા અને એ પરિણામ મારા એમ કર્તા થયો. આહા..હા..!

મુમુક્ષુ :- લાંબી વાત છે.

ઉત્તર :- લાંબી વાત છે. તેથી તો કાલે મૂકી દીધી હતીને. એકદમ નહિ કીધું પૂરી થાય. આહા..હા..!

અહીં તો દૃષ્ટિનો વિષય સ્વ પૂર્ણ પ્રભુ એ વસ્તુ જ એવી છે અને વસ્તુના મનનમાં પૂર્ણ ચીજ આવે છે. આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં તો પર્યાય એ પરિપૂર્ણને જ માને છે. ત્યારે તો આત્મા કર્તા અને રાગ કર્મ એ છે જ નહિ આહા..હા..! અભેદદૃષ્ટિથી ભ્રષ્ટ થયો તો કર્મના નિમિત્તના સંગે અસંગ ચૈતન્ય ભગવાન એનો આશ્રય છૂટી ગયો તો કર્મના નિમિત્તના આશ્રયે મિથ્યાત્વનું પરિણમન થયું. મિથ્યાભ્રાંતિ અજ્ઞાનનું પરિણમન થયું અને ભ્રાંતિસહિત છું એવો ભાસ થયો અને પરિણામ અને પરિણામી બે ભિન્ન છે એવા ભાનમાં પરિણામનો કર્તા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગદર્શન છે, ભાઈ! સર્વજ્ઞ પરમાત્મા એનો ભાવ, અજ્ઞાનભાવ નિશ્ચયથી થયો અને ભાનનું ભાસન કેમ થાય આત્માનો એ બેયની વાત કરી છે. આહા..હા..!

તો કહે છે કે **'અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે.'** આહા..હા..! ... આ ચીજ ક્યારેય એને અનંતકાળમાં યથાર્થપણે સમજાણી જ નથી. માની લીધું કે અમે કાંઈક કરીએ છીએ

અને ધર્મ થાય છે. ભાઈ! એ ધર્મની ચીજ દુર્લભ છે. તો આ આત્મા પરિપૂર્ણ પ્રભુ એક સમયની પર્યાયમાં જ્યારે આવે છે અને એક સમયની પર્યાય વર્તમાન અવસ્થા આખા પૂર્ણ દ્રવ્યમાં પ્રસરે છે ત્યારે તો ખલાસ થઈ ગયું. અજ્ઞાન રહ્યું નહિ, રાગનો કર્તા રહ્યો નહિ, રાગનું કર્મ એનું છે કાર્ય. એ તો રહ્યું નહિ. સમજાણું કાંઈ? પણ પરિણામી ત્રિકાળ અને એના વર્તમાન રાગાદિ પરિણામ એવી દૃષ્ટિ થઈ તો અજ્ઞાનભાવથી એ મિથ્યાત્વ, રાગ-દ્વેષ, દયા-દાન આદિ પરિણામ એનો એ કર્તા અજ્ઞાની થાય છે. અને એ પરિણામ અજ્ઞાનીનું કાર્ય છે. ભારે સમજવા માટે કેટલું આ! ચક્રવૃદ્ધિ કાઢવું હોય તો સહેલું લાગે એને. ચક્રવૃદ્ધિનું વ્યાજ સમજો છો? આઠ આના તેરીખેની લીધી હોય છ આના. પહેલા છ આના અને આઠ આના હતા. બેંકમાં ત્રણ આના હતા પહેલા. હમણા વધી ગયું. તો પાંચ લાખ, દસ લાખ લીધા હોય તો એના ચાર આના તેરીખે લે છેને ચાર આના વ્યાજ. તો એક દિવસનું ચાર આનાનું વ્યાજ ચડાવી દે. દસ લાખ રૂપિયાના ચાર આના કેટલા એક દિવસમાં? એ ચડાવીને બીજા દિવસમાં વ્યાજસહિત ચાર આના. એમ ત્રીજા દિવસે પાછા એ વ્યાજસહિત ચાર આના કાઢે એમ-એમ બાર મહિનાના. એને અમે ચક્રવૃદ્ધિ વ્યાજ કહીએ. આહા..હા..!

અહીંયાં કહે છે કે એ પણ સૂક્ષ્મ નથી, એ તો સ્થૂળ વાત છે. ભગવાન આત્મા પોતાની પૂર્ણ ચીજ અભેદને ભૂલ્યો તો દૃષ્ટિ પરિણામ ઉપર, પર્યાય ઉપર રહી. સમજાણું કાંઈ? પોતાનું પૂર્ણ અસ્તિત્વ જે છે એ દૃષ્ટિ તો રહી નહિ. તો પોતાની એક સમયની પર્યાય ઉપર દૃષ્ટિ રહી તો પર્યાય દૃષ્ટિ લંબાય છે તો નિમિત્તને આશ્રયે જાય છે. અમરચંદભાઈ! આહા..હા..! સન્મુખ ગયો, વિમુખ થઈ ગયો. આહા..હા..!

તો '**અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે.**' વિકાર મિથ્યાત્વ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, વાસના એનો કર્તા જીવ જ અજ્ઞાનભાવથી છે. કર્મથી એ વિકાર થાય અને આત્મા વિકારી પરિણામથી પરનું કોઈ કાર્ય કરે છે એમ તો છે નહિ. આહા..હા..! ભારે ઝીણું! '**અભેદદૃષ્ટિમાં તો કર્તાકર્મભાવ જ નથી,...**' શુદ્ધ પરિણમન થાય જ છે એમાં પછી હું શુદ્ધ પરિણમન કરું, હું કર્તા એમ છે ત્યાં? એમ કહે છે. પોતાની શુદ્ધ અખંડ અભેદ ચૈતન્યવસ્તુ એ જ દૃષ્ટિમાં જ્યારે આવ્યું ત્યારે તો હું શુદ્ધ પરિણમન કરું અને શુદ્ધ પરિણમનનો કર્તા બેય વાત ક્યાં રહે છે? એ તો થાય જ છે. શુદ્ધ પરિણમન થાય જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો કહ્યું હતુંને પહેલા નહિ? એમાં ભાવ નામની શક્તિ છે. ભાવ નામનો એક ગુણ છે આત્મામાં. એ ભાવ નામના ગુણનું કાર્ય શું? કે ભાવવાન એવો ભગવાન આત્મા દૃષ્ટિમાં આવ્યો તો એ ભાવશક્તિનું કાર્ય એ સમયે નિર્મળ પર્યાય જે થવાની છે એ થશે થશે અને થશે. આહા..હા..! હું કરું તો થાય એમ ત્યાં નથી. આહા..હા..! બહુ માર્ગ એવો. લોકોને બિચારાને બહારની પ્રવૃત્તિમાં રોકી. આ દયા પાળો ને વ્રત કરનો ને તપ કરો, અપવાસ કરો એમાં રોકી દીધા બિચારાને. અરે..! આવું જીવન! આવું જીવન!

આહા..હા..! એવી દૃષ્ટિ વિના એને સાચું જ્ઞાન થતું નથી, એને ચારિત્ર પણ થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ છ ઢાળામાં નથી આવતું? '.. બિના જ્ઞાન ચરિત્રા' આવે છે કે નહિ? બધું યાદ રહે? 'સમ્યગ્દર્શન બિન જ્ઞાન ચરિત્રા મિથ્યા હૈ' એવું આવે છે. છ ઢાળામાં આવે છે.

મુમુક્ષુ :- 'મોક્ષ મહલ કી પ્રથમ સીઢી, યા બિન જ્ઞાન ચરિત્રા સમ્યક્તા ન લહે સો દર્શન ધારો પવિત્રા.'

ઉત્તર :- ઇ. ઇ.

મુમુક્ષુ : મોક્ષ મહેલકી પ્રથમ સીઢી હૈ ...

ઉત્તર :- ઇ. પાઠશાળામાં ચાલે છે. અર્થની ખબર નથી આ.

મુમુક્ષુ :- અર્થનું શું કામ છે?

ઉત્તર :- અર્થ નામ પ્રયોજનભૂત તત્ત્વ આત્મા. એ અર્થની ખબર નથી. આહા..હા..!

કહે છે **'અભેદદષ્ટિમાં તો કર્તાકર્મભાવ જ નથી, શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ છે.'** એ તો સમય-સમયમાં જે ભાવની પરિણતિ થવાની તે થાય જ છે. એ પરિણમન કરવું પડે તો પરિણમન થાય એમ છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? **'આ પ્રમાણે યથાર્થ પ્રકારે સમજવું...'** જોઈએ. એ પ્રકારે યથાર્થપણે સમજવું જોઈએ **'કે ચેતનકર્મનો કર્તા ચેતન જ છે.'** પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, મિથ્યાત્વભાવ એનો કર્તા જીવ છે. કર્મ નહિ. કર્મને કારણે થાય એ બિલકુલ સત્ય નથી. મોટી ગડબડ એ અત્યારે જૈનમાં પણ. જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે, દર્શનારણીય દર્શનને રોકે, અંતરાય વીર્યને સ્ફુરણ કરવા ન દે, મોહકર્મ સમ્યગ્દર્શન પ્રગટ થવા ન દે. એ આવે છે ઘણું બધું. ... આખું ગોમ્મટસાર આખું આમ થાય. એ તો નિમિત્તના કથન છે ત્યાં. નિમિત્તથી થાય એવી વાત નથી. આહા..હા..! પોતાની પર્યાયમાં જ્ઞાનને હીણારૂપે કરે છે તો જ્ઞાનાવરણીને નિમિત્ત કહે છે. એનાથી જ્ઞાનની હીણી પર્યાય થાય છે એમ નથી. મોટી ચર્ચા, મોટા વાંધા. આહા..હા..!

## કળશ-૨૦૩

(शार्दूलविक्रीडित)

**कार्यत्वादकृतं न कर्म न च तज्जीवप्रकृत्योर्द्वयो-**
**रज्ञायाः प्रकृतेः स्वकार्यफलभुग्भावानुषङ्गात्कृतिः।**
**नैकस्याः प्रकृतेरचित्त्वलसनाज्जीवोऽस्य कर्ता ततो**
**जीवस्यैव च कर्म तच्चिदनुगं ज्ञाता न यत्पुद्गलः ॥२०३॥**

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :— [क्रम कार्यत्वात् अकृतं न] કર્મ (અર્થાત્ ભાવકર્મ) છે તે કાર્ય છે, માટે તે અકૃત હોય નહિ અર્થાત્ કોઈએ કર્યા વિના થાય નહિ. [च] વળી [तत् जीव-प्रकृत्योः द्वयोः कृतिः न] તે (ભાવકર્મ) જીવ અને પ્રકૃતિ બન્નેની કૃતિ હોય એમ નથી, [अज्ञायाः प्रकृतेः स्व-कार्य-फल-भुग्-भाव-अनषङ्गत] કારણ કે જો તે બન્નેનું કાર્ય હોય તો જ્ઞાનરહિત (જડ) એવી પ્રકૃતિને પણ પોતાના કાર્યનું ફળ ભોગવવાનો પ્રસંગ આવે. [एकस्याः प्रकृतेः न] વળી તે (ભાવકર્મ) એક પ્રકૃતિની કૃતિ (-એકલી પ્રકૃતિનું કાર્ય–) પણ નથી, [अचित्त्वलसनात्] કારણ કે પ્રકૃતિને તો અચેતનપણું પ્રકાશે છે (અર્થાત્ પ્રકૃતિ તો અચેતન છે અને ભાવકર્મ ચેતન છે). [ततः] માટે [अस्य कर्ता जीवः] તે ભાવકર્મનો કર્તા જીવ જ છે [च] અને [चिद्-अनुगं] ચેતનને અનુસરનારું અર્થાત્ ચેતન સાથે અન્વયરૂપ (-ચેતનના પરિણામરૂપ-) એવું [तत्] તે ભાવકર્મ [जीवस्य एव कर्म] જીવનું જ કર્મ છે, [यत्] કારણ કે [पुद्गलः ज्ञातान] પુદ્ગલ તો જ્ઞાતા નથી (તેથી તે ભાવકર્મ પુદ્ગલનું કર્મ હોઈ શકે નહિ).

ભાવાર્થ :—ચેતનકર્મ ચેતનને જ હોય; પુદ્ગલ જડ છે, તેને ચેતનકર્મ કેમ હોય? ૨૦૩.

---

## કળશ-૨૦૩ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-' ૨૦૩.

(शार्दूलविक्रीडित)

**कार्यत्वादकृतं न कर्म न च तज्जीवप्रकृत्योर्द्वयो-**
**रज्ञायाः प्रकृतेः स्वकार्यफलभुग्भावानुषङ्गात्कृतिः।**
**नैकस्याः प्रकृतेरचित्त्वलसनाज्जीवोऽस्य कर्ता ततो**
**जीवस्यैव च कर्म तच्चिदनुगं ज्ञाता न यत्पुद्गलः ॥२०३॥**

ભારે કળશ. આહા..હા..! જે **'કર્મ (અર્થાત્ ભાવકર્મ) છે...'** ટીકા. અર્થ-અર્થ. જે મિથ્યાત્વભાવ છે, મિથ્યાશ્રદ્ધાનો ભાવ, રાગ-દ્વેષનો ભાવ, વિષય-વાસનાનો ભાવ એ ભાવકર્મ છે. **'તે કાર્ય છે,...'** કર્મ છે એ કાર્ય છે. **'માટે તે અકૃત હોય નહિ...'** જેમ ઘડો છે ઘડો. ઘડો સમજ્યા ઘટ્ટ. ઘડો એ કાર્ય છે. ઘટ-ઘડો. આકાશ છે એ કાર્ય નથી. એ તો ચીજ છે. પણ ઘટ, રોટલી, દાળ, ભાત એ બધું કાર્ય છે. પર્યાયનું કાર્ય છે. આહા..હા..! **'અર્થાત્ કોઈએ કર્યા વિના થાય નહિ...'** પર્યાયનું કાર્ય લેવું છેને અહીંયાં? સર્વવિશુદ્ધ અધિકાર છેને. તે કર્મ જે ભાવકર્મ પુણ્ય અને પાપના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા શુભાશુભભાવ. એ મારા એવો મિથ્યાત્વભાવ. એનું કર્મ નામ

કાર્ય છે. **'માટે તે અકૃત હોય નહિ અર્થાત્ કોઈએ કર્યા વિના થાય નહિ.'** ઘડો બને છે તો ઘડો કાર્ય છે. બન્યા વિના ઘડાનું કાર્ય થાય, માટીથી ઘડાનું કાર્ય થયા વિના થાય એમ બને નહિ. સમજાણું કાંઈ? માટી છે એ કર્મ નથી, પણ માટીથી ઘડો બન્યો એ કર્મ-કાર્ય છે. એ કાર્ય કર્યા વિના થાય એમ નથી. એ ઘડાના કાર્યનો કર્તા માટી છે.

મુમુક્ષુ :- કુંભાર તો હશેને.

ઉત્તર :- કુંભાર-કુંભાર છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ રોટલી હોય છેને રોટલી. એ રોટલી પાકે છે એ કાર્ય છે. એનો કર્તા જે રજકણ છે એ કર્તા છે. એ રોટલીનું કાર્ય સ્ત્રીથી તો થતું નથી. તવાથી નથી થતી, અગ્નિથી પણ નથી થતી. આહા..હા..! ઉની-ઉની રોટલી થાય છે કે નહિ? પછી ચીપીયેથી આમ ફેરવેને. આ બાજુ પાકી ગઈ હોય તો ફેરવીને આમ નાખે. એ ચીપીયાથી પણ નથી થતી એમ કહે છે. આહા..હા..! રોટલી હોય છેને રોટલી? દડો કરવી હોયને દડો. ફુલીને દડો થાય છેને. તો ગોરણું લે તો એમાં વચ્ચે થોડો લોટ નાખે છે. વચ્ચે લોટ નાખીને આમ કરે છે. એ વચ્ચે થોડો નાખ્યો છે એમાં કપડું નાખે એટલું. તો દડો થાય. કહે છે કે એ કપડાથી કાર્ય થયું જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ હલાવે? આહા..હા..! એ કાર્ય કર્તા વિના થયું નથી, પણ કર્તા કોણ એ કાર્યનું? એમ કહે છે. એ તો એના પરમાણુ જ કર્તા છે. આહા..હા..! ભારે ભ્રમ જગતને.

મુમુક્ષુ :- નિમિત્ત વગર રોટલી બને જ નહિ.

ઉત્તર :- અહીં તો નિમિત્ત વિના જ બને છે એમ લેવું છે. કપુરચંદજી! કેમકે નિમિત્તને તો રોટલીનું કાર્ય અડતું પણ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...સોનગઢ નિમિત્ત

ઉત્તર :- નિમિત્ત માને છે, પણ નિમિત્તથી કાર્ય નથી થતું. ત્યારે નિમિત્ત કહેવાય. જો (નિમિત્તથી) કાર્ય થાય તો નિમિત્ત રહ્યું ક્યાં? આહા..હા..! મોટી ગડબડ... મોટી ગડબડ... એ મોટા-મોટા મહાત્મા નામ ધરાવવામાં આ ગડબડ અમે જોઈ છે અંદર. મિથ્યાદષ્ટિ, .. આત્મા કર્મ વિના રાગ કરી શકતો નથી, કર્મથી રાગ થાય છે. જ્ઞાનની કમી-બેસી જે પર્યાયમાં થાય છે એ કર્મને કારણે થાય છે. કર્મનો ઉદય આવે તો કમી થઈ જાય છે, એનો ક્ષયોપશમ હોય તો વિકાસ થાય છે. એમ નથી? કહો, શેઠ! ધનાલાલજી! દુકાન ઉપર બરાબર બેસે અને ફડાકે માલ રૂના ને કપાસના એવું હુશિયાર માણસ કરી શકે કે નહિ? હેમચંદજી! હવે ભાઈ કરે છે. પિતાજીએ છોડી દીધું. એક કલાક જાય. પણ એક કલાક જાય કે બે કલાક જાય પણ પરનું કરી શકે છે? જ્ઞાનચંદજી! ગ્રાહક ગ્રાહકને કારણે સમજે છે. અમારે કુંવરજીભાઈ હતા એનો બહુ દાવો હતો. કુંવરજીભાઈ અમારે હતાને ફઈના દીકરા. ભાગીદાર. મેં આમ થડે બેસીને બરાબર કામ કર્યું.

સવારે વહેલો આવીશ અને માણસોને ઉઠાડીશ. છોકરાઓ કહે પણ બાપા! પણ હવે શું કામ છે તમારે? શેઠ! અમારે પૈસા ઘણા છે. પેદાશ પણ ઠીક છે. હવે અમારા માટે કરો છો તો અમે તો ના પાડીએ છીએ. એય..! ધન્નાલાલજી! એવી મમતાવાળો. બહુ મમતા. અમારા ભાઈ પણ ભાગીદાર હતા હુશિયાર. પણ એની પ્રકૃતિ બહુ સુવાળી. આમ ચલાવે નહિ... આને તો એકલી ... દુકાનું વધી ગઈ. મહિનાના બે રૂપિયા આવતા હતા. ... માસીક બે. એની બે લાખની આમદની વર્ષની. પેદાશ હોં. મગજ ફાટી જાય. ધૂળમાંય નથી એમાં. બુદ્ધિના બારદાન હોય એ કરોડો પેદા કરે છે એમાં એની સાથે સંબંધ શું છે? અને બુદ્ધિના ખાં છે એને મહિને હજાર પેદા કરવામાં પરસેવો ઉતરી જાય છે. આહા..હા..! અમારે તો ઘરમાં જ આવો ગોટો હતો. ફેરવી-ફેરવી .. એવું શરીર ઉપાડે ત્યારે માંડ બેસી શકે. પછી રોવે. શું રોવે હવે થઈ રહ્યા. બીજો અમારે હતો રામજી. એ તો બાયડી-ભાયડો બે જ હતા. કાંઈ હતું નહિ. લાખો રૂપિયા હતા. ઇ પણ દુકાને બે કલાક, ત્રણ કલાક જાય ને આમ તેમ.

મુમુક્ષુ :- તો વખત ઘરે કેમ..

ઉત્તર :- હવે ઘર અહીં બેઠો નથી અંદર? આહા..હા..! પોતાના ઘરમાં અંદર આવેને. કીધું અમે તો કહ્યું હતું. હું તો બહુ કહેતો હતો. .. અરેરે..! મને કોઈએ કહ્યું નહિ. શું કરવા કહે? મફતનો મજુર બેઠો હોય દુકાને. એમ બોલ્યા હતા અમારી પાસે એક ફેરી. અરે..! મને કોઈ કહ્યું નહિ કે આ તમે કરો, છોડો. પણ મેં તને કહ્યું હતુંને ઘણીવાર. મરી ગયા લ્યો આ બાયડી મૂકીને ચાલ્યા ગયા.

મુમુક્ષુ :- રૂપિયા તો મૂકી ગયાને.

ઉત્તર :- રૂપિયા ક્યાં હતા એના બાપના તે મૂકી જાય. એ તો જડને જડ. આહા..હા..!

અહીં કહે છે કે જે કોઈ કર્મ છે એ કાર્ય છે. પર્યાય છેને એ? પર્યાય તો કાર્ય છે. ઘડાનું કાર્ય, રોટલીનું કાર્ય, પાણી પીવાનું કાર્ય, ખાવાનું કાર્ય. રોટલીનો ટૂકડો થાય ટૂકડો. એ કાર્ય છેને? તો કાર્ય કર્તા વિના થાય નહિ. તો કર્તા કોણ? કે એ રોટલીના રજકણ. ગીરધરભાઈ! શું હશે આ બધું? આ બધું કેટલું હાંક્યું જુઓ.

મુમુક્ષુ :- .. ગયા એમાં ...

ઉત્તર :- બાયડીનું નામ લખ્યું ત્યાં બાયડી પહેલી મરી ગઈ. એક પોતાને નામે રાખ્યો. છોકરાને નામે રાખ્યો તો છોકરો મરી ગયો પહેલો. અરે..! આ તે. હવે બે છોકરા નાના છે એને મોટા કરવા. શું હશે આ બધું? ભાઈ! કોઈપણ પદાર્થ કાર્ય વિના છે? કાર્ય કહો કે પર્યાય કહો. તો પર્યાયના કાર્ય વિના દ્રવ્ય નથી તો એનું કાર્ય તું કેમ કરી શકે? તારામાં અજ્ઞાનભાવથી રાગનો કર્તા તું છો તો રાગ તારું કાર્ય છે. કર્મથી રાગ છે અને કર્મનું એ કાર્ય છે. આહા..હા..! એમ છે નહિ. 'અપનેકો આપ ભુલકે હૈરાન હો ગયા.' પોતાની ચીજ આનંદનો નાથ પ્રભુ. આહા..હા..! જેની

સન્મુખ જોતા નિધાન પૂર્ણાનંદનો જ્યાં પડકાર અંદર પર્યાયમાં આવે છે. એવી ચીજ તો કદી જોઈ નથી. જોવાનો પ્રયત્ન કર્યો નથી. આહા..હા..! પર્યાય ઉપર દૃષ્ટિ રહી. આહા..હા..! પર્યાયનું આવે છેને ભાઈ! પર્યાય વિના જ્ઞાન વિનાની પર્યાય નહિ નિયમસારમાં નથી આવતું પહેલું? આત્માનું જ્ઞાન. અજ્ઞાન વિના જુઓ. ૧૫મી ગાથામાં છે ૧૫મી. **'પર્યાયી આત્માના જ્ઞાન વિના આત્મા પર્યાયસ્વભાવવાળો હોય છે.'** છેને? ૧૫-૧૫ ગાથા. પર્યાયી આત્માના જ્ઞાન. પર્યાયી એટલે આત્મા. ત્રિકાળી પર્યાયનો ધરનાર એવો ભગવાન આત્મા એના જ્ઞાન વિના આત્મા પર્યાય સ્વભાવવાળો એટલે પર્યાયદૃષ્ટિવાળો હોય છે. **'તેથી શુભાશુભ મિશ્ર પરિણામથી આત્મા વ્યવહારે મનુષ્ય થાય છે'** એમ. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયી આત્માના જ્ઞાન વિના, પર્યાયના જ્ઞાન વિના નહિ, પર્યાયી આત્માના જ્ઞાન વિના. ત્રિકાળ. આહા..હા..! ૧૫મી ગાથામાં છે લ્યો. પહેલી જ લીટી. **'પર્યાયી આત્માના જ્ઞાન વિના આત્મા પર્યાયદૃષ્ટિવાળો હોય છે.'** સ્વભાવવાળો નથી હોતો. **'તેથી શુભાશુભ મિશ્ર પરિણામથી આત્મા વ્યવહારે મનુષ્ય થાય છે'** પરમાર્થે તો કોઈ મનુષ્ય-બનુષ્ય છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! વ્યવહારે મનુષ્ય કહેવાય છે. મનુષ્યપણું ક્યાં હતું? ગતિ હોં, શરીર નહિ. શરીર ક્યાં, આ ક્યાં મનુષ્યપણું છે? આ જીવનું ક્યાં છે આ? આ તો જડ છે. અંદર મનુષ્યની ગતિની યોગ્યતા તે મનુષ્યપણું છે. આહા..હા..! એ વ્યવહારે પર્યાયે એવો જે ભગવાન આત્મા એના ભાન વિના પર્યાય સ્વભાવવાળો જે અંશ દૃષ્ટિવાળો હોવાથી શુભાશુભભાવ કરે છે અને એના ફળમાં નિમિત્તપણે ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! નિયમસાર તો સોનાનો પાટલો જેમ હોયને. એવું છે. હીરા-હીરા ભર્યા છે એકલા. એક-એક પંક્તિ અને એક-એક લીટી. આહા..હા..! લ્યો આવું હોય તો યાદ રહે ભાઈ! ૧૫મી ગાથામાં છે આ.

કહે છે **' માટે તે અકૃત હોય નહિ...'** ઘટ, પટ એ કર્મ છે અને કાર્ય છે અને કાર્ય છે એ કર્યા વિના નથી થતું. એમ પુણ્ય-પાપના ભાવ, મિથ્યાત્વના ભાવ એ કર્મ છે, એ પરિણામ કર્મ છે. એ કાર્ય છે. એ **'તે અકૃત હોય નહિ અર્થાત્ કોઈએ કર્યા વિના થાય નહિ.'** સમજાણું કાંઈ? **'વળી તે (ભાવકર્મ) જીવ અને પ્રકૃતિ બન્નેની કૃતિ હોય એમ નથી,...'** પાઠમાં છેને એ અહીંયાં લીધું છે. પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ વિકલ્પ. આહા..હા..! ભારે વાત! ભગવાનની ભક્તિનો ભાવ એ પણ રાગ છે. એ રાગ કાર્ય છે, કર્મ છે. કર્યા વિના થાય નહિ. આહા..હા..! અને **'(ભાવકર્મ) જીવ અને પ્રકૃતિ બન્નેની કૃતિ હોય એમ નથી,...'** એ રાગ જીવ પણ કરે અને કર્મ પણ કરાવે એમ છે નહિ. એક સમયની ક્રિયા બે કરે એવું તો જૈનદર્શનમાં છે નહિ. એ તો દ્વિક્રિયાવાદી થયો. આહા..હા..!

**'જીવ અને પ્રકૃતિ બન્નેની કૃતિ હોય એમ નથી, કારણ કે જો તે બન્નેનું કાર્ય હોય તો જ્ઞાનરહિત (જડ) એવી પ્રકૃતિને પણ પોતાના કાર્યનું ફળ ભોગવવાનો પ્રસંગ આવે.'** તો કર્મમાં

પણ રાગનું ફળ ભોગવવાનો પ્રસંગ આવે. તો કર્મમાં ભોગ ક્યાંથી આવે? આહા..હા..! સમજાણું કાંઈ? આચાર્યોએ જંગલમાં રહીને. આહા..હા..! કરૂણાબુદ્ધિથી ભાવ થયો.

**'પોતાના કાર્યનું ફળ ભોગવવાનો પ્રસંગ આવે. વળી તે (ભાવકર્મ) એક પ્રકૃતિની કૃતિ (-એકલી પ્રકૃતિનું કાર્ય-) પણ નથી,...'** હવે કર્મનું કાર્ય એમ પણ નથી. બે મળીને પણ નહિ અને એકલા કર્મનું કાર્ય છે રાગ-દ્વેષ એમ પણ નથી. **'કારણ કે પ્રકૃતિને તો અચેતનપણું પ્રકાશે છે...'** કર્મ તો જડ પ્રગટ છે પરમાણુ જડ છે. એની પર્યાય પણ જડ છે. એ જડ શું રાગની, ચૈતન્યની પર્યાયને કરે. આહા..હા..! સમજાણું કાંઈ? **'એક પ્રકૃતિની કૃતિ (-એકલી પ્રકૃતિનું કાર્ય-) પણ નથી, કારણ કે પ્રકૃતિને તો અચેતનપણું પ્રકાશે છે (અર્થાત્ પ્રકૃતિ તો અચેતન છે અને ભાવકર્મ ચેતન છે).'** મિથ્યાત્વભાવ ઉલટી શ્રદ્ધા વિપરીત, શુભભાવથી શુદ્ધ થશે. પુણ્ય કરતા-કરતા ધર્મ થશે. એવો જે મિથ્યાત્વભાવ. સમજાણું કાંઈ? કહ્યું નહિ? **'માટે તે ભાવકર્મનો કર્તા જીવ જ છે...'** પ્રકૃતિનું કાર્ય નથી, બેનું કાર્ય નથી, કર્યા વિના રહ્યો નહિ. તો કોનો કર્તા છે એ? કે ભાવકર્મનો કર્તા જીવ જ છે. આહા..હા..!

**'અને ચેતનને અનુસરનારું...'** એ રાગ-દ્વેષ મિથ્યાત્વ ચેતનને અનુસરનારું છે. એ કોઈ જડને અનુસરનારું નથી. **ચેતનને અનુસરનારું અર્થાત્ ચેતન સાથે અન્વયરૂપ (-ચેતનના પરિણામરૂપ-) એવું તે ભાવકર્મ જીવનું જ કર્મ છે,...'** આહા..હા..! મોટા વાંધા આમાં. ૧૩ની સાલમાં ચર્ચા થઈને? કે વિકાર જીવનું જ કાર્ય છે નિશ્ચયથી. પરની અપેક્ષા વિના. ચેતનજી! એવો પ્રશ્ન થયો બહુ. શું કહેવાય ઇ? મધુવનમાં. ૧૩ની સાલ. ૧૬ વર્ષ થયા. બહુ ચર્ચા થઈ. વિકાર મિથ્યાત્વ અને રાગ-દ્વેષ જીવની વિકારી પર્યાયનો કર્તા વિકારી પર્યાય છે. જીવ નહિ, જીવના દ્રવ્ય-ગુણ નહિ અને પર નિમિત્તની અપેક્ષા નિરપેક્ષપણે નિમિત્તની અપેક્ષા વિના વિકાર થાય છે. એવો પાઠ છે ટીકામાં. ૬૨ ગાથા પંચાસ્તિકાય. એય..! ખળભળાટ... ખળભળાટ... એ તો અભેદની વાત છે. એનો અર્થ શું? અભેદનો અર્થ ઇ કે આત્મા પોતે પોતાથી કરે પરથી નહિ. એનો અર્થ. બહુ ચર્ચા. મોટા પંડિત હોં. આહા..હા..! મૂળ તો એ બ્રાહ્મણ પાસે શીખ્યા હોય. બ્રાહ્મણ ઈશ્વરના કર્તા કાશીમાં. એની પાસે શીખે જુઓ કર્તા ઈશ્વર છે એમ નિમિત્ત. તો એવું લાકડું ગરી ગયું. કર્મ કર્તા થઈ ગયો, ઓલામાં ઈશ્વર કર્તા. સમજાણું કાંઈ?

અહીં તો સ્વતંત્ર વિકારનો કર્તા અજ્ઞાની આત્મા પર્યાયમાં પર્યાયથી કર્તા થાય છે. નિશ્ચયને તો નિમિત્તની અપેક્ષા પણ નથી. નિમિત્ત છે તો થયું એમ પણ નથી. એનું સત્ છે તો આ સત્ છે એમ ક્યાંથી આવ્યું? એની અસ્તિકાય સિદ્ધ કરવી છેને? નિમિત્તનું અસ્તિત્વ સત્ છે તો આ સત્ વિકારનો અંશ.. એમ ક્યાંથી આવ્યું? આહા..હા..! એ તો ઉત્પાદ વિકાર પુણ્ય-પાપના મિથ્યાત્વના ઉત્પાદનો કર્તા એ પર્યાય છે, દ્રવ્ય-ગુણ પણ નહિ. આહા..હા..! એક સમયનો વિકારનો કર્તા આવી બુદ્ધિ જ્યારે હોય તો વિકારની દૃષ્ટિ ઉઠી જશે. સમજાણું કાંઈ? એ માટે બતાવવું છેને? વિકાર

વિકારથી થયો એ બતાવવાનું ફળ, કાર્ય શું પછી? વીતરાગતા સાર છેને એનો. આહા..હા..! એ દૃષ્ટિ છોડી દે એમ કહે છે. નક્કી કરીને કે રાગ મારાથી વિકાર થાય છે એ દૃષ્ટિ છોડી દે. શાસ્ત્રના અર્થનું તાત્પર્ય તો વીતરાગતા છેને? એ બતાવીને વીતરાગતા બતાવવી છેને? કે ત્યાં ઉભા રહેવું બતાવવું છે? નહિ. આહા..હા..! ધન્નાલાલજી! એ પંચાસ્તિકાયમાં આવે છેને. ચારેય અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. ૧૭૨ ગાથા પંચાસ્તિકાયની છેલ્લી. ૧૭૩. આખા અનુયોગનું, દ્રવ્યાનુયોગ હો કે ચરણાનુયોગ કે કરણાનુયોગ હોય કે ધર્મકથાનુયોગ. વીતરાગભાવ. પરની ઉપેક્ષા અને સ્વની અપેક્ષા એ કર◌ાવવાનો ભાવ છે. સમજાણું કાંઈ? તો વીતરાગતા થશે. પરની ઉપેક્ષા અને સ્વની અપેક્ષા. આહા..હા..! ત્યારે સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય થશે. એ બતાવવા માટે એ કહે છે તારી પર્યાય તારાથી વિકાર થયો છે. એ કહીને એને ત્યાંથી ઉઠાવવો છે ત્યાંથી. ગુનેગાર તમારો છે. કર્મ આવ્યા, આવું કર્મ આવ્યું શું કરીએ? ભાઈ! મોટા માંધાતાને પાડી દે છે. કર્મ અગિયારમા ગુણસ્થાનેથી પાડી દે લ્યો. કર્મ ત્યાં ક્યાં છે? પોતાની પર્યાયની કમજોરીથી નીકળી જાય છે. આહા..હા..! કહો, પંડિતજી! શું અગિયારમા ગુણસ્થાનેથી પડે છે કે નહિ કર્મને કારણે? ...

મુમુક્ષુ :- ... ભાન જ નથી.

ઉત્તર :- ખબર નથી. ... આહા..હા..! એ દ્રવ્ય-ક્ષેત્ર અને ભાવની, કાળની પર્યાય તો એની એક સમયની વિકારી અવસ્થા કાળ છે પર્યાયનો, સ્વકાળ છે. અજ્ઞાનભાવથી વિકારની પર્યાયનો સ્વકાળ રચનારો જીવ જ છે. અને એટલું કહીને સન્મુખ કરાવવો છે. આહા..હા..! એ પર્યાયથી વિકાર કરવો આ તારી ચીજ છે? આહા..હા..! વિકાર કરવો અને વિકાર કાર્ય એ દ્રવ્યસ્વભાવ છે? .. દ્રવ્ય સ્વભાવમાં વિકારની એકતા થવી જોઈએ. આ આત્મા તો વિકારમય માન્યો. વિકારનો કર્તા થાય છે તો આખા આત્માને વિકારમય જ માન્યો. તો એવો આત્મા છે નહિ. સમજાણું કાંઈ? વિકારી પર્યાયની સ્વતંત્રતા ભાસવામાં અવિકારી ત્રિકાળી ચીજની દૃષ્ટિ કરાવાનું તાત્પર્ય છે. આહા..હા..! આવો તો માર્ગ ગજબનો. બિચારા સાધારણ બાયુ ... હવે એને આવું કહે. અરે..! આ શું માંડી તમે? આહા..હા..! બાપુ! તારી રમતું એ પુણ્ય ને પાપ ને મિથ્યાત્વમાં તારી રમત છે. તારી રમત છે. તારું કાર્ય છે. કર્મથી બિલકુલ નહિ. કિંચિત્ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- તો .. ક્યાં ગયા? નોકર્મ તો

ઉત્તર :- નોકર્મની તો ક્યાં વાત છે.

**‘માટે તે ભાવકર્મનો કર્તા જીવ જ છે અને ચેતનને અનુસરનારું અર્થાત્ ચેતન સાથે અન્વયરૂપ (-ચેતનના પરિણામરૂપ-) એવું તે ભાવકર્મ જીવનું જ કર્મ છે,...’** આહા..હા..! **‘કારણ કે પુદ્ગલ તો જ્ઞાતા નથી...’** પુદ્ગલ કોઈ જ્ઞાતા નથી. આત્મા જ્ઞાતા છે. તો એના અનુસરણમાં રાગ-દ્વેષ થાય છે. આહા..હા..! **ચેતન સાથે અન્વયરૂપ (-ચેતનના પરિણામરૂપ-) એવું તે ભાવકર્મ જીવનું જ કર્મ છે,...’** આહા..હા..! **‘કારણ કે પુદ્ગલ તો જ્ઞાતા નથી (તેથી તે ભાવકર્મ**

**પુદ્ગલનું કર્મ હોઈ શકે નહિ).'** લ્યો. આહા..હા..!

**'ભાવાર્થ : —ચેતનકર્મ ચેતનને જ હોય; પુદ્ગલ જડ છે, તેને ચેતનકર્મ કેમ હોય?'** બહુ ટૂંકું.

મુમુક્ષુ :- પુદ્ગલ...

ઉત્તર :- પુદ્ગલ જાણે તે ભૂલ કરે એમ કહે છે. ટીકામાં ... ભણે એ ભૂલે. પણ એ ભણે ભૂલે એમ. જાણે એ ભૂલે. પણ જાણતું નથી એને ભૂલ ક્યાંથી? આહા..હા..! મોટા આવા મોટા-મોટા વાંધા ઉઠેલા. અરે..! આ લોકો ભૂલ્યા. મિથ્યાત્વ. વિકાર પોતાથી થાય પરની અપેક્ષા વિના. ભારે ભૂલ્યા. રાડ આવી કલકત્તે શેઠિયા ઉપર. શાહુજી-શાહુજી. ગજરાજજી છેને ગજરાજજી ત્યાં છેને? એને ત્યાં આહાર કરવા ગયા હતા. ગજરાજજી નહિ? આ વચ્છરાજજીના નાના ભાઈ. એને ત્યાં આહાર કરવા ગયા હતા. તેરની સાલ. ત્યાં શાહુજી આવ્યા, પત્ર આવ્યો. આવ્યા ઉપર પત્ર આવ્યો છે. શું છે? વિકારનો કર્તા તમે કેમ કહો છો? વિકારનો કર્તા પર્યાય... જવાબ આપી દીધો જાઓ. શેઠ હોય તો અમારે શું છે? શાહુજી કહે ... ૪૦ કરોડનો આસામી શાહુજી શાંતિપ્રસાદ. બધાને જવાબ આપી દીધો છે. ભોજન કરવા બેઠા હતા. શાહુજી આવ્યા કહેતા હતા. આ તો સવા વર્ષ થયું. કલકત્તા ગજરાજજીને ત્યાં. આવો પ્રશ્ન આવ્યો છે. બધાનો જવાબ આપી દીધો છે. અત્યારે કાંઈ નહિ હવે. વિકાર વિકારથી થાય, પરની અપેક્ષા વિના. એ વાત તો બધા બેઠા હતાને થઈ ગઈ. રામજીભાઈ હતાને ભાઈ! રામજીભાઈ હતા અમારે હિંમતભાઈ હતા. વજુભાઈ હતા કે નહિ? હતા. એ તો ઘણા બેઠા હતા. ખાનગી પ્રશ્ન કાંઈ નથી. સભામાં ઘણા બેઠા હતા. ફુલચંદજી હતા. ભાઈ કેવા? બંસીધરજી હતા ઇંદોરવાળા બંસીધરજી બધા બેઠા હતા. ચોખ્ખી વાત કરી હતી. વિકારના પરિણામ મિથ્યાત્વ અને રાગ-દ્વેષની પર્યાય જીવની પર્યાય કરે છે. પરની અપેક્ષા બિલકુલ નથી. જુઓ ટીકા કરી. ફુલચંદજીએ કહ્યું.

નિશ્ચયથી પરની અપેક્ષા વિના વિકાર જીવની પર્યાય કરે છે એવું સ્વામીજી કહે છે. અને અહીં ચર્ચા થઈ બંસીધરજીની. ત્યારે શેઠિયા હતાને આ શેઠ હુકમચંદજી. ઉપાદાન-નિમિત્તનું. કારણ કે હજી નવા .. હતાને સ્વામીજી. ... નવા છેને. દિગંબર નવા થયા હતા સર હુકમચંદજી શેઠ. કેમ આમ કરવું? લાવો બહાર ... પંડિતોને, શેઠિયાઓ બધા બહાર પાડી દો કે ઉપાદાનથી કાર્ય થાય અને પરથી થતું નથી. આ કાંઈ ગુપ્ત વાત રાખવાની નથી. શેઠને પહેલા એમ કે .. હુકમચંદજી. આહા..હા..! એ ચારિત્ર ગુણની વિકૃત અને શ્રદ્ધાગુણની વિકૃત અવસ્થાનો કાળ છે તો એ જ જીવ પર્યાયને કરે છે. આહા..હા..! એ પર્યાયરૂપી જીવ હોં. ત્રિકાળી (નહિ). ઓહો..હો..!

## કળશ-૨૦૪

હવેની ગાથાઓમાં જેઓ ભાવકર્મનો કર્તા પણ કર્મને જ માને છે તેમને સમજાવવાને સ્યાદ્વાદ અનુસાર વસ્તુસ્થિતિ કહેશે; તેની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છે -

(शार्दूलविक्रीडित)

कर्मैव प्रवितर्क्य कर्तृ हतकैः क्षिप्त्वात्मनः कर्तृतां
कर्तात्मैष कथञ्चिदित्यचलिता कैश्चिच्छ्रुतिः कोपिता।
तेषामुद्धतमोहमुद्रितधियां बोधस्य संशुद्धये
स्याद्वादप्रतिबन्धलब्धविजया वस्तुस्थितिः स्तूयते।।२०४।।

શ્લોકાર્થ :— [कैश्चित् हतकैः] કોઈ આત્માના ઘાતક (સર્વથા એકાંતવાદીઓ) [कर्म एव कर्तृ प्रवितर्क्य] કર્મને જ કર્તા વિચારીને [आत्मनः कर्तृतां क्षिप्त्वा] આત્માના કર્તાપણાને ઉડાડીને, [एषः आत्मा कथञ्चित् कर्ता] આ આત્મા કથંચિત્ કર્તા છે' [इति अचलिता श्रुतिः कोपिता] એમ કહેનારી અચલિત શ્રુતિને કોપિત કરે છે (–નિર્બાધ જિનવાણીની વિરાધના કરે છે); [उद्धत-मोह-मुद्रित-धियां तेषाम् बोधस्य संशुद्धये] તીવ્ર મોહથી જેમની બુદ્ધિ બિડાઈ ગઈ છે એવા તે આત્મઘાતકોના જ્ઞાનની સંશુદ્ધિ અર્થે [वस्तुस्थितिः स्तूयते] (નીચેની ગાથાઓમાં) વસ્તુસ્થિતિ કહેવામાં આવે છે—[स्याद्वाद-प्रतिबन्ध-लब्ध-विजया] કે જે વસ્તુસ્થિતિએ સ્યાદ્વાદના પ્રતિબંધ વડે વિજય મેળવ્યો છે (અર્થાત્ જે વસ્તુસ્થિતિ સ્યાદ્વાદરૂપ નિયમથી નિર્બાધપણે સિદ્ધ થાય છે).

ભાવાર્થ :—કોઈ એકાંતવાદીઓ સર્વથા એકાંતથી કર્મનો કર્તા કર્મને જ કહે છે અને આત્માને અકર્તા જ કહે છે; તેઓ આત્માના ઘાતક છે. તેમના પર જિનવાણીનો કોપ છે, કારણ કે સ્યાદ્વાદથી વસ્તુસ્થિતિને નિર્બાધ રીતે સિદ્ધ કરનારી જિનવાણી તો આત્માને કથંચિત્ કર્તા કહે છે. આત્માને અકર્તા જ કહેનારા એકાન્તવાદીઓની બુદ્ધિ ઉત્કટ મિથ્યાત્વથી બિડાઈ ગયેલી છે; તેમના મિથ્યાત્વને દૂર કરવાને આચાર્યભગવાન સ્યાદ્વાદ અનુસાર જેવી વસ્તુસ્થિતિ છે તેવી, નીચેની ગાથાઓમાં કહે છે. ૨૦૪.

## કળશ-૨૦૪ ઉપર પ્રવચન

**'હવેની ગાથાઓમાં જેઓ ભાવકર્મનો કર્તા પણ કર્મને જ માને છે તેમને સમજાવવાને સ્યાદ્વાદ અનુસાર વસ્તુસ્થિતિ કહેશે;...'** લ્યો, આહા..હા..! પાક્કુ કરે છે પાક્કુ. **' ભાવકર્મનો કર્તા પણ કર્મને જ માને છે...'** કર્મથી થાય છે, કર્મથી થાય છે **'તેમને સમજાવવાને સ્યાદ્વાદ અનુસાર વસ્તુસ્થિતિ કહેશે; તેની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છે -'** ... ભાઈ! કે વિકારનો કર્તા જીવ માનો તો દૃષ્ટિ ખોટી છે. ખોટી દૃષ્ટિ છે અને વિકારનો કર્તા આત્મા નથી તો તો ઉપાદાનથી થાય એની એ વાત રહેતી નથી. એ પ્રશ્ન આવ્યો હતો બહારથી. બધાની ખબર છે હોં ક્યાંથી અને કોણ? કે વિકારનું કામ જો જીવનું કહે તો તો આત્મા વિકારનો કર્તા અને વિકાર એનું કામ તો તો સ્વભાવદૃષ્ટિમાં તો વિકાર આત્માનું કામ છે જ નહિ તો શું અર્થ શીખવો પડે એને? અને જો કર્મને કહે તો એને ઉપાદાનથી થાય એ વાત ઉંધી પડે છે. એય..! આહા..હા..!

અહીંયાં તો અજ્ઞાનભાવથી પોતાના સ્વરૂપનું ભાન નથી ત્યાં સુધી, ત્યાં સુધી વિકારી પર્યાયનો આત્મા કર્તા અને વિકારી પર્યાય કર્મ પરની અપેક્ષા વિના. સમજાણું કાંઈ? જ્યારે આત્મા ચિદાનંદસ્વરૂપ જેની દૃષ્ટિમાં આવ્યો પછી રાગનો કર્તા આત્મા અને રાગ કર્મ એમ રહેતું નથી. પછી તો રાગનો જ્ઞાતા થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૨૦૪.

**(शार्दूलविक्रीडित)**

**कर्मैव प्रवितर्क्य कर्तृ हतकैः क्षिप्त्वात्मनः कर्तृतां**
**कर्तात्मैष कथञ्चिदित्यचलिता कैश्चिच्छ्रुतिः कोपिता।**
**तेषामुद्धतमोहमुद्रितधियां बोध संशुद्धये**
**स्याद्वादप्रतिबन्धलब्धविजया वस्तुस्थितिः स्तूयते।।२०४।।**

**'કોઈ આત્માના ઘાતક...'** આહા..હા..! ઘાતક કહે છેને? આહા..હા..! આવું ક્યાં મળે એવું છે ચીમનભાઈ! ત્યાં ક્યાં મળે એવું છે તમારે મુંબઈમાં. નવરા ક્યાં થાય ત્યાં? આહા..હા..! અહીંથી ક્યાં જાવું છે અને કેવો ભાવ કરે છે એની પણ ખબર નથી એને. પાપ સાથે આવશે. દુકાનમાં અને પૈસામાં, બાયડી, છોકરામાં, આબરૂ સરખી રાખવા માટે. આબરૂ સમજ્યા? નાક. નાક કહે છેને. આમ રાખવું. આહા..હા..! પણ ભાઈ! એ પરિણામમાં પરિણામ શું આવશે? એ પાપના પરિણામ એમાં પરિણામ શું આવ્યું? એ તો તને પરાધિનતા થઈ જશે. આહા..હા..! અને એ પરિણામ અજ્ઞાનભાવથી હું કરું છું એવી જો દૃષ્ટિ થઈ જાય તો તો ત્યાંથી દૃષ્ટિ ખસીને દ્રવ્ય સ્વભાવમાં જ ચાલી જાય. આહા..હા..! પરથી થાય છે અને પરથી થાય છે એ દૃષ્ટિ છૂટી જાય છે. મારાથી થાય છે અને રાગાદિ અજ્ઞાનભાવથી.

અહીં કહે છે '**કર્મને જ કર્તા વિચારીને આત્માના કર્તાપણાને ઉડાડીને, આ આત્મા કથંચિત્ કર્તા છે**'...' કથંચિત્ નામ અજ્ઞાનભાવથી રાગનો, વિકરનો કર્તા છે. '**એમ કહેનારી અચલિત શ્રુતિને કોપિત કરે છે...**' ભગવાનની વાણી એની ઉપર કોપ આવે છે. બે અર્થ કર્યા છે. અને કળશટીકામાં બીજો અર્થ કર્યો છે કળશટીકામાં. કે એને એમ કહો વિકારનો કર્તા જીવ છે કોપ ચડી જાય છે એને. અરે..! કોપ થઈ જાય. વિકાર જીવ કરે? એ કોપ કરે છે અજ્ઞાની. સ્વભાવ નથી પણ પર્યાયદૃષ્ટિવંત અજ્ઞાની જ્યાં સુધી છે ત્યાં સુધી તો એ જ કરે છે.

મુમુક્ષુ :- પોતાની પર્યાયને કરે?

ઉત્તર :- એની પર્યાયને બીજો કરે? ઉત્પાદ-વ્યયની, ચારિત્રગુણની પર્યાય, શ્રદ્ધાગુણની ઉત્પાદ-વ્યયની પર્યાય એ ઉત્પાદ-વ્યયની પર્યાયનો કર્તા કોણ છે? એ તો ઉત્પાદ-વ્યય છે. પર કર્તા છે નહિ. આહા..હા..! એટલે સ્યાદ્વાદથી એને સંભળાવે તો કહે છે કે કોપ આવે છે એને. આહા..હા..! અહીં તો એમ લીધું કે ભગવાનની વાણીનો કોપ તારા ઉપર થાય છે. તું યથાર્થ સમજતો નથી. ભગવાને એમ કહ્યું જ નથી. વિશેષ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૭, રવિવાર, તા.૦૫-૦૮-૧૯૭૩
## કળશ-૨૦૪, પ્રવચન-૪૬૦

૨૦૪ કળશ. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. સમયસાર. કળશ બોલાઈ ગયો છે. અર્થ-અર્થ. '**કોઈ આત્માના ઘાતક...**' ત્યાંથી છેને? ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એવું હોવા છતાં એનું ભાન નથી અનાદિથી. ચાર ગતિમાં રખડે છે, પરિભ્રમણ કરે છે. એ પરિભ્રમણનું કારણ આત્માના અજ્ઞાનભાવમાં વિકારને કરવો એ પરિભ્રમણનું કારણ છે. સમજાણું કાંઈ? તો અજ્ઞાની એમ માને છે કે '**કર્મને જ કર્તા વિચારીને...**' અમને વિકાર જે થાય છે આ પુણ્ય-પાપ, કામ-ક્રોધ, શુભ-અશુભભાવ, મિથ્યાત્વભાવ એ જડકર્મ કરાવે છે તો અમારામાં વિકાર થાય છે. એમ અજ્ઞાની માને છે.

મુમુક્ષુ :- વિકાર કરવાની કોઈને ભાવના છે?

ઉત્તર :- ભાવના નથી, ભાન ન મળે. આહા..હા..! ચૈતન્ય વસ્તુ શું છે એની ખબર નથી. અજ્ઞાનપણે મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવ, પુણ્ય-પાપના ભાવ, વિષય-વાસનાનો ભાવ એ જીવ અજ્ઞાનપણે પોતાથી કરે છે. કર્મ કરાવે છે એમ છે નહિ. ત્યાં પણ જેને નિર્ણય કરવાની ખબર જ નથી શું ચીજ છે અને શું થાય છે. ... આહા..હા..! આચાર્યદેવ કરૂણા કરીને કહે છે. અરેરે..!

**'આત્માના ઘાતક (સર્વથા એકાંતવાદીઓ) કર્મને જ કર્તા વિચારીને...'** જડકર્મ અમને વિકાર કરાવે છે અને એ વિકારથી અમને પરિભ્રમણ થાય છે એમ અજ્ઞાની માને છે. **'આત્માના કર્તાપણાને ઉડાડીને,...'** આત્મા જ પોતાના સ્વભાવને ભૂલીને મિથ્યાત્વભાવ, પરમાં સુખ છે, પુણ્યથી ધર્મ થાય છે, પાપના ભાવમાં ઠીક પડે છે એવો જે મિથ્યાત્વભાવ એ આત્મા કરે છે અજ્ઞાનપણે એને ઉડાવી દે છે અજ્ઞાની તો. આહા..હા..! પરનો કર્તા થઈ શકતો નથી. આ શરીરની ક્રિયા, વાણીની ક્રિયા.

મુમુક્ષુ :- .. પછીની વાત છેને.

ઉત્તર :- આ અત્યારે ..ની વાત ક્યાં? અત્યારે આત્મા પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાયની સીમામાં રહે છે. દ્રવ્ય નામ ત્રિકાળી વસ્તુ, ગુણ નામ ત્રિકાળી શક્તિ, પર્યાય નામ વર્તમાન અવસ્થારૂપી હાલત એ ત્રણમાં રહે છે. એ ત્રણ છોડીને શરીરની ક્રિયા કરે હાલવું, ચાલવું, આમ બોલવું એ ક્રિયા આત્માની છે જ નહિ. આત્મા એનો કર્તા ત્રણ કાળમાં નથી. આહા..હા..! આ વાત. સમજાણું કાંઈ? ક્યાં ગયા? એય..! ચીમનભાઈ!

મુમુક્ષુ :- બરોબર છે.

ઉત્તર :- શું બરોબર છે પણ? આ બધા કાર્ય લઈને બેઠા છેને. ચીમનભાઈ! આહા..હા..! અરે..! ભાઈ! તને ખબર નથી. તારી સીમા, તારી સીમા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં તારી મર્યાદા છે. એ મર્યાદા છોડીને શરીરની હલન-ચલનની ક્રિયા આત્મા કરે, વાણી આત્મા બોલે, દુકાનનો ધંધો આત્મા ચલાવે. એય..! એ તમારે લઈને છે? આહા..હા..! આ ઇંજેક્શનની ક્રિયા આત્મા કરે એ વાતમાં એકેય દોકડો સાચો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- નિશ્ચયની વાત

ઉત્તર :- નિશ્ચયની એટલે સત્ય.

મુમુક્ષુ :- વ્યવહારે

ઉત્તર :- વ્યવહારે ધૂળેય કરે નહિ. એ તો વાત ચાલે છે. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવ ત્રિલોકનાથ એના જ્ઞાનમાં આવ્યું કે પ્રત્યેક પદાર્થ, જગતની ચીજ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયની સીમા નામ મર્યાદામાં છે. એ મર્યાદા છોડીને પરની ક્રિયા કરે એ અજ્ઞાની પણ પરની ક્રિયા કરી શકતો નથી. આહા..હા..! જૂઠું કર્યું એણે. એ જૂઠું હું પરને કરું એવી માન્યતા જે છે

મિથ્યાત્વ એને એ કરે છે.

મુમુક્ષુ :- સાહેબ ન દેખે એનો કર્તા અને કરે એનો...

ઉત્તર :- કોણ દેખે છે? દેખનાર તો જ્ઞાન છે. આહા..હા..! આ જડ થાય છે તો જડથી થાય છે એની ખબર નથી એને? તો પદાર્થ છે કે નહિ પદાર્થ? વાણી આ પદાર્થ છે કે નહિ? તો એમાં જે હલન ચલન આદિ હોય છે કે પર્યાય છે એ જડમાં જડથી થાય છે. પોતાનો આત્મા પોતાની પર્યાયમાં રહે છે. એની પર્યાય એમાં થાય છે. પોતાથી એ થાય એવી માન્યતા મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવની છે. તો મિથ્યાત્વનો કર્તા છે એ. સમજાણું કાંઈ? આહા..હા..!

એ **'આત્માના કર્તાપણાને ઉડાડીને, આ આત્મા કથંચિત્ કર્તા છે'...'** કથંચિત્‌નો અર્થ? પોતાના સ્વરૂપનું ભાન નથી ત્યાં સુધી કથંચિત્ નામ અજ્ઞાનભાવે કર્તા થાય છે. કર્તા થાય છે અને કરે છે, પોતાના સ્વરૂપનું ભાન થાય છે ઓહો..હો..! હું તો જ્ઞાનસ્વરૂપ છું. હું પરનું તો શું કરું? પણ પોતામાં રાગ અને દ્વેષની વિકલ્પદશા થાય એનો પણ હું કર્તા નથી. હું તો મારા ચૈતન્યસ્વભાવને જાણનાર-દેખનાર છું. પરને જાણવું-દેખવું એ પણ વ્યવહાર છે. ભારે વાત. ચોર્યાસીના અવતારનો ભવસમુદ્ર અનાદિના દરિયામાં ડુબકી મારે છે. એક ભવથી બીજો, બીજાથી ત્રીજો એવા અનંત-અનંત ભવ પોતાની ચીજની ઓળખાણ અને ભાન વિના. તો કહે છે કે કથંચિત્ આત્મા કર્તા છે. કથંચિત્ નામ અજ્ઞાનભાવે રાગ અને દ્વેષ અને મિથ્યાત્વભાવને આત્મા જ વર્તનારો છે. કથંચિત્ કહ્યુંને? કથંચિત્‌નો અર્થ એવો નથી કે કોઈ અપેક્ષાએ અજ્ઞાની રાગને કરે અને કોઈ કથંચિત્ કર્મ પણ કરે એ કથંચિત્ કર્તાની વ્યાખ્યા અહીંયાં નથી.

અહીં તો કથંચિત્ નામ ભગવાન ચૈતન્યસ્વરૂપ જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા એ તો જ્યાં અંતર અભેદદૃષ્ટિ થઈ તો એ આત્મા રાગનો કર્તા પણ નથી. કેમ? કે પોતાના સ્વભાવનું ભાન, ધર્મભાવ થયો. હું તો શુદ્ધ ચૈતન્યઘન આત્મા પરમાત્મા જેવો જ હું છું. એવું સમ્યગ્દર્શન થયું ત્યારથી તો આત્મા પોતાના સ્વભાવનો કર્તા અને સ્વભાવ એનું કામ છે. આહા..હા..! ત્યારે તે રાગાદિ થાય છે એનો કર્તા નથી તો કર્મ કર્તા છે એ તો છે જ નહિ. પછી સમ્યગ્જ્ઞાન થયું, પછી રાગ અને પુણ્યનો આત્મા કર્તા નથી એનો એ અર્થ નથી કે કર્તા નથી તો રાગ-દ્વેષનો કર્તા કર્મ છે એ સમયે. પણ પોતાની બુદ્ધિ અને દૃષ્ટિમાં ભગવાન ચૈતન્યસ્વરૂપ એવી દૃષ્ટિ સમ્યક્ સત્ થયું તો નબળાઈને કારણે રાગાદિ થાય છે, એનો જ્ઞાની, ધર્મી જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા..! અને જ્યાં સુધી ભાન નથી. હું જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા જગતનો ચક્ષુ હું છું. દૃષ્ટાનો દૃષ્ટિ દૃષ્ટ છું. દૃષ્ટા બધી ચીજ જે દૃષ્ટ છે, જોવાલાયક એનો તો હું દૃષ્ટા છું. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- સમજાણું નહિ.

ઉત્તર :- ન આવ્યું? બરાબર છે. કહે છે કે હું તો એક દેખનાર અને તારી ચીજ રાગથી માંડીને બધું દૃશ્ય દેખનારી ચીજ જોવામાં આવે છે એ વ્યવહાર. એવી ચીજ છે. એવી ચીજની

ખબર નથી ત્યાં સુધી તો રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપના ભાવ બધાનો (કર્તા થાય છે એવો) મિથ્યાત્વભાવ થાય છે. ભારે વાતું! સમજાણું કાંઈ? છેને જુઓને **'આ આત્મા કથંચિત્ કર્તા છે...'** એનો અર્થ? અજ્ઞાનભાવે કર્તા છે, ભાનભાવે કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ પ્રશ્ન આવ્યો હતો એ બાજુથી એકવાર. કે આ સોનગઢવાળા રાગને કર્તા નથી માનતા તો રાગનો કર્તા માનતા નથી તો એ જ્ઞાની થઈ ગયા. અને રાગનો કર્તા માને તો અજ્ઞાની થાય છે. તો રાગના કર્તા નથી માટે હું કર્તા નથી. તો હું કર્તા નથી તો પછી અજ્ઞાની છે. અને રાગનો કર્તા કર્મથી કહે તો પોતાના ઉપાદાનથી રાગ થાય છે એ વાત એની ખોટી પડે છે. એય..! શું કહ્યું? આ તો વાત વીતરાગમાર્ગ ભાઈ! એણે સમજ્યો જ નથી. આહા..હા..!

પુણ્ય અને પાપના ભાવનો જે કર્તા માને એ તો અજ્ઞાની છે. તો અજ્ઞાની કર્તા થયો તો અજ્ઞાની એણે અજ્ઞાન માનવું પડશે અને કર્તા ન માને તો કર્મને કર્તા માનવું પડશે તો ઉપાદાનથી વિકાર થાય એ વાત એનાી ખોટી છે. એય..! એનો અર્થ સમજ્યા વિના કાંઈ ખબર ન મળે. આત્મા અંદર ચૈતન્ય ભગવાન પરમ આનંદની મૂર્તિ એવું જેને ભાન નથી. અજ્ઞાન. અજ્ઞાનમાં તો વિકારનો જ કર્તા છે. અજ્ઞાનમાં કર્મથી કર્તા એ તો છે નહિ. ત્યારે કહે કથંચિત્ કર્તા. તો કથંચિત્ કર્મ કરે છે એમાં? એ નહિ. કથંચિત્નો અર્થ જ્યાં સુધી સ્વરૂપનું ભાન નથી, અજ્ઞાનભાવમાં કોઈ અપેક્ષાએ પર્યાયબુદ્ધિવાળો વિકારનો કર્તા છે. અમરચંદભાઈ! આહા..હા..! ભાનભાવે. આહા..હા..! છ ખંડના રાજમાં ચક્રવર્તી હતા. ભરત ચક્રવર્તી. છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ. સમ્યગ્દષ્ટિ તો માને છે કે હું તો મારા ચૈતન્ય આનંદસ્વભાવમાં છું. એ ચીજમાં નથી તો એ ચીજનું કાર્ય મારું એવું મારામાં છે નહિ. આહા..હા..! સમ્યગ્દષ્ટિમાં સ્ત્રી-કુટુંબનું પાલન કરી શકું છું, પૈસા કમાઈ શકું છું અને પૈસાનો સદુપયોગ વેપાર કરી શકું છું એવું સમ્યગ્દષ્ટિ માનતા નથી. આહા..હા..!

અજ્ઞાની પોતાની ચીજની તો ખબર નથી. હું જ્ઞાનસ્વરૂપી ભગવાન પુંજ, જ્ઞાનનો પુંજ. એક સમયનો પુંજ આત્મા એ તો છે. એવી ખબર નથી તો અજ્ઞાનભાવે પરનો કર્તા માનીને મિથ્યાત્વનો કર્તા થાય છે. મિથ્યા શ્રદ્ધાનો કર્તા થાય છે. આહા..હા..! ભારે! વસ્તુ શું છે કાંઈ ખબર નથી. આંધળે આંધળો ચાલે. સ્વરૂપના ભાન વિના કર્તા થાય છે. આહા..હા..! પરનો કર્તા તો સ્વરૂપના ભાન વિના પણ થઈ શકતો નથી. એ તો વાત છે જ નહિ. આ આંગળી ચાલે એની જે પર્યાય થાય છે આમ. એનો કર્તા તો અજ્ઞાની પણ નથી. કેમકે એ જડ છે. વસ્તુ તો એની કાર્યરૂપ પર્યાય એનામાં થાય છે. એ બીજો આત્મા પરને શું કરે? આહા..હા..!

મુમુક્ષુ :- હમણા હલાવીને આપે.

ઉત્તર :- કોણ હલાવે? એય..! વીતરાગમાર્ગ બહુ ઝીણો છે, ભાઈ!

મુમુક્ષુ :- હલાવો છો અને ના પાડો છો?

ઉત્તર :- કોણે હલાવી પણ?

મુમુક્ષુ :- પ્રત્યક્ષ દેખાય છે.

ઉત્તર :- ક્યાં હલાવી કોણે? હું ક્યાં છું અને આ શું થાય છે એ ખબર છે એને?

મુમુક્ષુ :- દેખે છે અને માને છે.

ઉત્તર :- દેખવામાં એની.. આ અને આત્મા અનેક છે કે એક છે? બે. તો બે છે તો આ ક્રિયા થાય છે. તો બે મળીને ક્રિયા થાય છે? ...

મુમુક્ષુ :- માને છે એને દેખતા નથી.

ઉત્તર :- નહિ, માન્યતાની ઉંધી દૃષ્ટિથી જોવે છે.

મુમુક્ષુ :- જે દેખાય તે માને છે.

ઉત્તર :- શું દેખાય છે? (જડ) એક પદાર્થ છે અને ચૈતન્ય એક પદાર્થ છે. હવે બેમાં એની આ ક્રિયા થઈ તો આત્માના અસ્તિત્વથી એ થઈ એવું ક્યાં જોયું એણે?

મુમુક્ષુ :- મોટરમાં આ વાત જ નીકળી હતી.

ઉત્તર :- સાચી વાત છે. આહા..હા..!

મુમુક્ષુ :- મને આ વાત તમારી આટલા વખતથી સાંભળું છું પણ મને બેસતી નથી.

ઉત્તર :- પણ ક્યાંથી એની દરકાર કરી છે કે દિ'? એના ઓલા દવાખાનામાં.

મુમુક્ષુ :- પણ બેસતી ન હોય તો એમાં ...

ઉત્તર :- પણ મોઢું આમ છે તો કરી લેને આમ કર્તા હોય તો? આ હાથ છે આમ કરી દે.

મુમુક્ષુ :- એક ..થી બીજું .. કરી દ્યો.

ઉત્તર :- કેમ કરે પણ? આહા..હા..! એની દૃષ્ટિમાં ભ્રમ છે. બે દ્રવ્ય લક્ષમાં લેવા અને બે દ્રવ્યની એક દ્રવ્યની પર્યાય બીજું દ્રવ્ય કરે તો બે દ્રવ્ય રહ્યા જ નહિ. બે દ્રવ્યની પૃથક્તા રહી જ નહિ. લોજિકથી તો વાત છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથના સમવસરણમાં એ પોકાર હતો. એ સંતો જગત પાસે જાહેર કરે છે. આહા..હા..! 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે. શકટનો ભાર જેમ શ્વાન તાણે.' મોટી બળદગાડી હોય છેને. તો શકટ-કુતરું હોયને નીચે. નીચે અડે તો જાણે મારાથી ગાડું ચાલે છે. બળદગાડી. આમ બેસશે તો મરી જઈશ હવે સાંભળને. એમ દુકાનનો ધંધો, પૈસા દેવા, લેવા, કુટુંબ, કબીલા, સ્ત્રી, પુત્ર, વેવાઈ, વેવલા એ બધાની અવસ્થા હું કરું છું, બધાનું ધ્યાન હું રાખું છું તો એ સગાસંબંધી પોતાના પ્રત્યે પ્રીતિ કરે છે. મૂઢ છે. કહો, ચંદુભાઈ! અહીં તો આ છે. વીતરાગની પેઢીમાં તો આ છે. આહા..હા..! ભાઈ! તું પરથી તો નિવૃત્તરૂપ છોને. પરથી તો તું અભાવસ્વરૂપ છે અને તારી ચીજથી એ ચીજ અભાવસ્વરૂપ છે. આ બે આંગળી છે તો આ આંગળીનો આ આંગળીમાં અભાવ છે. એમાં આનો અને આનો આમાં અભાવ છે. આ પોતાથી છે અને એનાથી નથી. તો એનાથી નથી એ ચીજ અહીં કાંઈ કરી દે?

અને આ આંગળી આમાં નથી. આ આંગળી આમાં નથી. તો એમાં નથી એ ચીજ પરનું કરે આંગળી? આહા..હા..! ઓલા આપણા રાજકોટથી નહોતા આવ્યા ખબર છેને એક? ... અપાસરાની સામે નહિ? એક બહુ આવતા. ન્યાલભાઈ દફતરી. એના દીકરા હતાને ... આપણે .. આવતા. તે દિ' એણે... આવ્યા હતા. ન્યાલભાઈ હતા. બે આંગળી વચ્ચે ચોંટી ગઈ હતી. અહીં આવ્યા હતા ૯૪માં છેલ્લા. ઓલાના લગન હતા મોહનભાઈનો દીકરો નાનો નહિ? કાંતિ. કાંતિના લગન કરવા ગયા હતાને ભાવનગર. મોરબીવાળા ડોક્ટર. મોરબીવાળા ડોક્ટર.. મનસુખભાઈ. ખબર છેને. અમે ઓળખીએ છીએને. અમે ગયા હતાને એક ફેરી ... ૭૭ ભાવનગર. ઇ અહીં આવ્યા હતા ૯૪માં હોં. લગન થઈ ગયા સાંજે. પછી આવ્યા બધા મોહનભાઈ, નિહાલભાઈ બધા. સાચી વાત છે. આહા..હા..! શું કરે? બે આંગળી આમ ચોંટી ગઈ હો. તો ધક્કો મારીને તોડી નાખે?

મુમુક્ષુ :- સારો ડોક્ટર હોય તો ઓપરેશન કરે.

ઉત્તર :- પણ ઇ તો ઓપરેશન તો પરવસ્તુ. જ્યારે એના ટૂકડા થવાની લાયકાત તે સમયે હોય તો ત્યારે તે નિમિત્ત પડે છે. એમાં એણે શું કર્યું? આહા..હા..! આ તો વસ્તુની સ્થિતિ છે, લોજિકથી ચીજ છે. ખબર નથી. એનું ભાન જ ન મળે કે શું ચીજ છે અને શું થાય છે? ઓહો..હો..!

કહે છે **'આ આત્મા કથંચિત્ કર્તા છે' એમ કહેનારી અચલિત શ્રુતિ...**' ભગવાનની વાણી. **'અચલિત શ્રુતિને કોપિત કરે છે...**' આહા..હા..! '**(-નિર્બાધ જિનવાણીની વિરાધના કરે છે);...**' ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં આવ્યું કે પોતાનો આત્મા પોતાના સ્વરૂપના અજ્ઞાનભાવે વિકારનો કર્તા એ છે એવું જિનવાણીમાં આવ્યું. અને એ ન માને કે ના, ના હું કર્તા નથી, કર્મ કરે છે. જિનવાણીનો કોપ છે એની ઉપર. આહા..હા..! જિનવાણીની વિરાધના કરે છે. એવું કથન લીધું છે. બીજો અર્થ એવો કર્યો છે કે અજ્ઞાની પોતાની ચીજનો કર્મ કર્તા વિકારને એમ માનનારને એમ કહે કે કર્મ નહિ, તારો વિકાર તારાથી થાય છે તો કોપ કરે છે. નહિ. કજિયા કરે છે. કર્મ કરે છે. વિકાર પોતાને કરવાનો ભાવ છે? એમ અજ્ઞાની મૂઢ કોપ કરે છે. સમજાણું કાંઈ? આ તત્ત્વની વાત છે. નવ તત્ત્વમાં જીવ અને અજીવ તત્ત્વ ભિન્ન છે. તો ભિન્ન તત્ત્વ જીવની ક્રિયા તો કરે નહિ, પણ એ જીવ આસ્રવ અને વિકારનો કર્તા પણ અજ્ઞાનપણે થાય છે. આહા..હા..! ત્યારે કહે જ્ઞાન થયા પછી? પછી તો વિકારનો કર્તા કર્મ કહો, તું કર્તા નથી તો કર્મને કહેવું જ પડશે. એમ નથી. એ વિકારની પર્યાય થાય છે એ જ સમયે આત્મા જ્ઞાતા-દૃષ્ટા થઈને રાગને જાણે છે. આહા..હા..! ભારે કામ આકરું! ધર્મ... ધર્મ... ધર્મ... કોને કહીએ? સમજાણું કાંઈ? 'ધર્મ ધર્મ સૌ કહે ધર્મ ન જાણે કોઈ, ધર્મ જિનેશ્વર શરણ ગયા પછી કોઈ ન બાંધે કર્મ.' 'ધર્મ ધર્મ સૌ કહે ધર્મ ન જાણે મર્મ. ધર્મ જિનેશ્વર શરણ ગયા પછી કોઈ ન બાંધે કર્મ.' એ આ. ચૈતન્ય ભગવાન હું તો શુદ્ધ ચૈતન્ય છું

એવું સમ્યગ્દર્શન થયું તો એ સમયે રાગનો કર્તા આત્મા નથી, બંધ પણ એને નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો અજ્ઞાની અનાદિકાળથી પોતાની ચીજની ખબર વિના અજ્ઞાનભાવથી રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને તપનો વિકલ્પ એનો અજ્ઞાની કર્તા છે. નિર્બાધ જિનવાણી વિરાધના. ના પાડે છે કે ના, ના. આત્મા કર્તા નથી. એ તો કર્મ કર્તા છે. જિનવાણીની વિરાધના કરે છે. ભગવાનની વાણીનો સ્યાદ્વાદ વાણીનો કોપ એના ઉપર છે. આહા..હા..! અથવા **'વિરાધના કરે છે);...'** આહા..હા..! **'તીવ્ર મોહથી જેમની બુદ્ધિ બિડાઈ ગઈ છે...'** જેની બુદ્ધિ તીવ્ર મોહથી. મહાતીવ્ર મિથ્યાત્વ એમ કહે. આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવી વસ્તુ એની ખબર નથી અને પોતાના તીવ્ર મોહથી જેમની બુદ્ધિ મુદ્રિત-ઢંકાઈ ગઈ **'એવા તે આત્મઘાતકોના...'** છે? આહા..હા..! રાગનો કર્તા હું નહિ, રાગનો કર્તા, પુણ્યનો કર્તા કર્મ એમ માનનારો **'આત્મઘાતકોના જ્ઞાનની સંશુદ્ધિ અર્થે...'** જ્ઞાનની સંશુદ્ધિ માટે **'(નીચેની ગાથાઓમાં) વસ્તુસ્થિતિ કહેવામાં આવે છે—'** વસ્તુની મર્યાદા ભગવાને દેખી એમ કહેવામાં આવે છે. આહા..હા..! પણ આ નવરાશ ક્યાંથી હોય અત્યારે .. જગતમાં. આહા..હા..! બીજાને કરી દઉં, બીજાની સંભાળ કરું, બીજાની વ્યવસ્થા કરું, બરાબર કહો આ વકીલો પણ પરને જીતાડી દે કે નહિ કેસને? નહિ? એય..!

મુમુક્ષુ :- વકીલ પણ ક્યાં જીતે છે? એ તો કલ્પના કરે છે.

ઉત્તર :- આહા..હા..! ભારે માર્ગ, ભાઈ! .. વીતરાગને તે઼ સાંભળ્યા નથી. ત્રણ લોકના નાથ અરિહંતદેવ બોલે નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... પણ એનું ફરમાન અને આજ્ઞા શું છે? એની ખબર ન મળે. આહા..હા..!

કહે છે એ **'આત્મઘાતકોના...'** આહા..હા..! એ રાગ અને પુણ્ય-પાપનો કર્તા હું નથી. કર્મ કર્તા એ આત્માની હિંસા કરનારો છે. તીવ્ર મોહભાવ લીધો અહીં તો. સમજાણું કાંઈ? રાગનો કર્તા છે અજ્ઞાનભાવે ત્યાં સુધી તો મિથ્યાત્વભાવ છે. પણ રાગનો કર્તા હું નથી, તો વિકારનો કર્તા તો કર્મ છે, તો તીવ્ર મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે આવું ઝીણું બધું ક્યાં નવરાશ આમાં? નવરાશ ક્યાં? આહા..હા..! **'(નીચેની ગાથાઓમાં) વસ્તુસ્થિતિ કહેવામાં આવે છે—'** વસ્તુસ્થિતિ. **'કે જે વસ્તુસ્થિતિએ સ્યાદ્વાદના પ્રતિબંધ વડે વિજય મેળવ્યો છે...'** આહા..હા..! વસ્તુ ભગવાનની અજ્ઞાનપણે વિકાર કરવો એ તો વસ્તુની મર્યાદા છે કહે છે. આહા..હા..! અજ્ઞાનપણે આત્માના ભાન વિના પુણ્ય-પાપ મિથ્યાત્વનો જીવ કર્તા અજ્ઞાનભાવે એ તો વસ્તુની સ્થિતિ છે. એ વસ્તુની સ્થિતિએ સ્યાદ્વાદના પ્રતિબંધ વડે. સ્યાદ્વાદ અપેક્ષા અજ્ઞાનભાવે કર્તા, આત્મભાને નહિ. એવો સ્યાદ્વાદનો વિજય છે. આહા..હા..! સમજાણું કાંઈ? હુશિયાર માણસ હોય તો આ બધું કેવું કામ કરે લ્યો! એય..! પંડિતજી! ન કરે? આ ઝવેરાતને શું કરે ત્યાં? એ શું જડ

કરવા આવતું હશે? એય..! નવરંગભાઈ! તો આ ડોક્ટર છે લ્યો. નાકનું, કાનનું કોણ કરે?

મુમુક્ષુ :- એની મેળે કરે. બ઼ીજું કોણ કરે?

ઉત્તર :- એની મેળે પણ એ તત્ત્વ છે કે નહિ? તત્ત્વ છે તો એના કાર્ય પર્યાયરૂપ દશા થાય છે કે નહિ? કાયમ ટકે છે કાયમ રહીને વર્તમાનની દશા છે કે નહિ? દશા વિનાની એ ચીજ છે? કે પરની દશાનો તું કર્તા થઈ જા? આહા..હા..! પોતામાં રાગ પણ કરે અને શરીરની ક્રિયા પણ કરે, તો એક ક્ષણમાં બે ક્રિયાનો કર્તા વીતરાગ કહે અમારા માર્ગમાં નથી. સમજાણું કાંઈ? કહો, દાસ! શું હશે આ? આ મીલમાં કેટલું કામ કરે લ્યો. પગાર મફતનો આપતા હશે આઠસો, હજારનો? આહા..હા..! ભગવાન કહે, બાપુ! અનંત અનંત જો પદાર્થ તું માન, અનંત. તો અનંત-અનંત રહીને પોતાની પર્યાયને કરે. અનંતમાં એકબીજાનું કરે તો અનંત રહેતું જ નથી. ચંદુભાઈ!

મુમુક્ષુ :- આપની ગણતરી સાચી પણ ગળે ઉતરવી જોઈએને.

ઉત્તર :- ગળે ન ઉતરે તો પછી એના ગળામાં કાંઈક વેળણું નાખવું પડે. વેળણું સમજો છો? વેલણ-વેલણ હોય છે કે નહિ? ન ઉતરે તો આમ નાખે પછી દરેડો કરે પાણીનો તો નીચે ઉતરી જાય. ગળુ ફાડે એમ. અમારે કાઠિયાવાડમાં કહેવત છે. ગળે ન ઉતરે તો વેળણું નાખો. પછી ખુલ્લુ મોઢું થાય તો પાણી નાખે, મોસંબી નાખે, જે નાખે ઇ. આહા..હા..! અહીં ગળે ન ઉતરે તો અહીં કાણુ પાડીને ઉતારે ડોક્ટર. એય..! ડોક્ટર! ડોક્ટરને ખબર હોયને. અહીંયાં કાણું. જોયા છેને માણસને જોયા છે. અહીં બંધ થઈ ગયું હોય, પાણી ન ઉતરે. માણસને જોયા છે. રબ્બર જેવું કાંઈ નાખ્યું હતું. પાતળો પ્રવાહ નાખે. અહીં તો બંધ થઈ જાય. જોયો છે માણસ અમારી પાસે આવ્યો. નાખ્યું બધું... આહા..હા..! એ પર્યાય ગળે ઉતરવાની નથી તો કેમ ઉતરે? આહા..હા..! એ પર્યાયનો સ્વકાળ. અજ્ઞાની કહે છે કે અમારા વિકારનો સ્વકાળ અમારો નથી. એ વિકાર તો કર્મથી થાય છે. આહા..હા..! દૃષ્ટાંત આપશે હોં. આહા..હા..!

'**વસ્તુસ્થિતિ સ્યાદ્વાદરૂપ નિયમથી નિર્બાધપણે સિદ્ધ થાય છે).**' આહા..હા..! '**વસ્તુસ્થિતિ સ્યાદ્વાદરૂપ નિયમથી નિર્બાધપણે સિદ્ધ થાય છે).**' અજ્ઞાનભાવે અજ્ઞાની પોતાથી જ સંસાર ઉભો કરે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? .. આવે છેને .. નહિ શ્રીમદ્‌માં? 'ઉપજે મોહ વિકલ્પસે સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતા વિલય થતા઼ નહિ વાર.' છેલ્લી કડી છે .. 'ઉપજે મોહ વિકલ્પથી...' પોતાના સ્વરૂપના ભાન વિના મિથ્યાત્વ અને રાગ-દ્વેષની કલ્પનાથી 'ઉપજે મોહ વિકલ્પ સમસ્ત આ સંસાર.' આખા સંસારનો હું કર્તા છું એવું અજ્ઞાની માને છે. આહા..હા..! 'અંતર્મુખ અવલોકતા...' ચૈતન્ય પ્રભુ પૂર્ણાનંદ ભગવાન સર્વજ્ઞે જોયું એવું. એવું અંતર્મુખ જોતા પરતરફનો મોહ વિલય પામે છે. '**વસ્તુસ્થિતિ સ્યાદ્વાદરૂપ નિયમથી નિર્બાધપણે...**' શું કહ્યું? સ્યાત્ અપેક્ષાએ કહેવું. અજ્ઞાનપણે આત્મા સંસાર-વિકારનો કર્તા, ભાનપણે વિકારનો જ્ઞાતા. એવી સ્યાદ્વાદ શૈલી જે વીતરાગની. આહા..હા..! '**સ્યાદ્વાદરૂપ નિયમથી નિર્બાધપણે સિદ્ધ થાય છે).**'

'**ભાવાર્થ :—કોઈ એકાંતવાદીઓ સર્વથા એકાંતથી કર્મનો કર્તા કર્મને જ કહે છે...**' સર્વથા એકાંત કહો. સમજાણું કાંઈ? ..સર્વથા એકાંત કથંચિત્ કર્મ કરે અને કથંચિત્ વિકાર જીવ કરે એવું છે એમાં? એમ નહિ. પણ આત્મા વિકાર કરે છે તો નિમિત્તપણું કર્મનું હોય, પણ નિમિત્ત છે તો વિકાર થાય એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાતું! નિમિત્ત અને ઉપાદાનના ઝગડા, વિકારના ઝગડા, વ્યવહાર અને નિશ્ચયના ઝગડા, ક્રમબદ્ધના ઝગડા, પાંચ ઝગડા છે. નિશ્ચય અને વ્યવહાર. વ્યવહાર છે તો નિશ્ચય થાય છે એ પણ ખોટું. ઉપાદાન અને નિમિત્ત. એ નિમિત્ત છે તો ઉપાદાનમાં કાર્ય થાય છે એ પણ જૂઠું છે. ક્રમબદ્ધ. એક પછી એક ક્રમસર પર્યાય થાય છે. (તો) કહે નહિ. ક્રમસર ન હોય તો આગળ-પાછળની વ્યાખ્યા શું? સમજાણું કાંઈ? આ સમયની પર્યાય અહીં થઈ અને એ સમયની અહીં થઈ? એનો અર્થ શું? આહા..હા..! મોતીની માળા છે મોતીની માળા. જ્યાં જ્યાં મોતી જે છે ત્યાં ત્યાં છે. એ પચાસ નંબરનું મોતી ચાલીસમાં નંબરે આવે? ચાલીસમાં નંબરનું મોતી પચાસમાં નંબરે આવી જાય? એમ દ્રવ્યની પર્યાય પ્રત્યેક પોતાની જે સમયે જે થવાનો સ્વકાળ છે એનાથી પર્યાય થાય છે. પરથી બિલકુલ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પાંચ ઝગડા કહ્યાને?

ઉત્તર :- હા, પાંચ કીધાને. નિશ્ચય અને વ્યવહાર, ઉપાદાન અને નિમિત્ત અને ક્રમબદ્ધ. પાંચ થયા. ઉપાદાન અને નિમિત્ત. બે-બે છે. ઘણા વર્ષોથી ઝગડા છે અમારી સામે. ભગવાનની સામે છે. સુજાનમલજી! આહા..હા..! એ તો ઉપાદાન અને નિમિત્ત કહો કે નિશ્ચય અને વ્યવહાર કહો. બે એક જ વાત છે. એ અંતરનો નિશ્ચય અને રાગાદિ વ્યવહાર એ નિમિત્ત. પણ રાગ છે તો અંતર આત્માના અવલંબનથી ધર્મ થાય છે એમ નથી. એ તો પોતાના ભગવાન આત્માના આશ્રયે ધર્મ થાય છે. રાગ છે તો, વ્યવહાર છે તો સ્વનો આશ્રય થઈને ધર્મ થાય એમ નથી. એમ નિમિત્ત છે તો ઉપાદાનમાં કાર્ય થયું એવું કદી બનતું નથી. નિમિત્તના અસ્તિત્વની હયાતી, નિમિત્તમાં અને પરદ્રવ્યની પર્યાય ઉપાદાનની હયાતી ઉપાદાનમાં. પોતાના અસ્તિત્વમાં બીજા પદાર્થનું અસ્તિત્વ પ્રવેશતું નથી. સંક્રમણ કરતું નથી. એ ગાથા આવે છેને. ૧૦૩. સમયસાર. ૧૦૩ ગાથા. એક દ્રવ્યના ગુણ-પર્યાયમાં પરમાં સંક્રમણ કદી કરતું નથી. સંક્રમણ કર્યા વિના પરનો કર્તા કદી થતો નથી. આવે છે? ૧૦૩ ગાથા. આ તો સમયસાર છેને. જુઓને ૧૦૩ આમાંથી કાઢોને. અહીં છેને સમયસાર. ૧૦૩ લ્યો. '**जो जम्हि गुणे दव्वे सो अण्णम्हि दु ण संकमदि दव्वे।**' ૧૦૩ ગાથા. હિન્દી ૧૮૧. જુઓ, ઉપર છે શબ્દ? '**न च परभावः केनापि कर्तुं पार्येत**' એની નીચે છે. '**પરભાવને કોઈ (દ્રવ્ય) કરી શકે નહિ એમ હવે કહે છે -**' છે? '**जो जम्हि गुणे**' જેમાં જે શક્તિ છે '**दव्वे**' જે દ્રવ્ય છે '**सो अण्णम्हि दु ण संकमदि दव्वे।**' એ પોતાના દ્રવ્ય-ગુણની દશા પર્યાય-પરમાં સંક્રમણ થતી નથી, પરમાં પ્રવેશ કરતી નથી, પરમાં બદલીને પરમાં જાતી નથી. તો '**सो अण्णमसंकतो**' અન્યમાં

દરેક પર્યાય પરમાં સંક્રમતિ નથી. '**कह तं परिणामए दव्वं।।**' એ પરદ્રવ્યને શું પરિણમાવે? આહા..હા..! સમયસાર તો સૂર્ય છે ભરતક્ષેત્રનો. કેવળજ્ઞાની પરમાત્માની વાણી સંતો કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ ભગવાન પાસે ગયા, બિરાજે છે પરમાત્મા ત્યાં મહાવિદેહમાં સીમંધર ભગવાન કેવળજ્ઞાનીપણે બિરાજે છે. કરોડપૂર્વનું આયુષ્ય છે. બે હજાર વર્ષ પહેલા કુંદકુંદાચાર્ય નગ્નમુનિ દિગંબર આત્મજ્ઞાની, ધ્યાની ભાવલિંગી ત્યાં ગયા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું.

મુમુક્ષુ :- શું ખબર મહારાજ ગયા કે નહિ?

ઉત્તર :- આ શું કહીએ છીએ અમે? આ વાણી તો જુઓ સાક્ષાત્ ભગવાનને ત્યાંથી આવેલી વાણી... આહા..હા..!

મુમુક્ષુ :- .. પુરાવો જોઈએ.

ઉત્તર :- એ પુરાવો અમારો. અમે કહીએ છીએ. સમજાણું કાંઈ? આહા..હા..! સાક્ષાત્ ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ ભરતક્ષેત્રમાં (વિદેહક્ષેત્રમાં) સાંભળી છે. શું છે? વાત આવી છે. ... ઘણો કાળ... આહા..હા..! જુઓને આ ગાથા. આ ગાથા ત્યાં પણ મૂકી ભાઈ! ઓલા સર્વવિશુદ્ધમાં. આનો આધાર આપ્યો છેને. કર્તા-કર્મની વ્યાખ્યા તો ઓહો..હો..! આખા સમયસારને ... જુઓ, એમાં મૂળભૂત ભૂલ છે. ...

મુમુક્ષુ :- ... શેઠનો દાખલો આપ્યો છે.

ઉત્તર :- ત્યાં દાખલો આવ્યો છે. ... ભાઈ!

અહીં તો પરમાત્મા કહે છે. પરમાત્માના મુનિ આડતિયા છે. માલ પરમાત્માનો છે. એ આ મુનિ આડતિયા થઈને વેચે છે. આહા..હા..! ત્રણ લોકના નાથ પરમાત્મા આમ ફરમાવે છે. જિનવર એમ કહે છે. એમ ભાષા કરવી પડી. મુનિ છે તો મુનિ કહે તો એ યથાર્થ છે. જિનવર એમ કહે છે. આહા..હા..! ત્રણ લોકના નાથ તીર્થંકર ઉપસ્થિતિમાં અમારી હાજરી હતી ત્યાં એમ કહે છે. આહા..હા..! એ ભગવાન! ઓલું આવે છેને ભાઈ ઓલું પંચાસ્તિકાયમાં ... આહા..હા..! લોકના સ્વભાવને સાંભળનારા શ્રોતાને ભગવાન એમ કહેતા હતા. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે કઠણ પણ હોં. આખો દિ' આમ કરે... આમ કરે... આમ હલે... આ ઉંચું કર્યું લ્યો આંગળીએ. આંગળી ઉંચી કરી જીવે અને આંગળીએ ઉંચું કર્યું આને. બેય ભૂલે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થાય છે, પણ એનાથી થયું એવું ક્યાં જોયું? આ ચીજ છે. ચીજ પલટીને ત્યાં આવી. પણ આંગળીએ એને પલટાવી એમ ક્યાં જોયું? આ દ્રવ્ય તો ભિન્ન રહ્યું, આ દ્રવ્ય ભિન્ન રહ્યું. સમજાણું કાંઈ? વીતરાગ ત્રિલોકનાથ... આહા..હા..! સર્વજ્ઞદેવની વાણી તો આ છે.

મુમુક્ષુ : જાદુઈ ચીજ છે.

ઉત્તર :- જાદુ. .. છેને ભાઈ આ તો. .. નહિ? ઓલા કોક ઇંદોરમાં ઓલા જાદુગર આવ્યા

હતાને. ઇ કહે કે ભાઈ! આ જાદુગરી, મહારાજ! તમારી પાસે જાદુગરી લાકડી છે તો .. લાકડી ફરે તો માણસ ફરી જાય કહે. ઓલા ભાઈ છેને ... કે.લાલ. ..ભાઈ? દેરાવાસી શ્વેતાંબર. બગસરા. આવ્યા હતાને. ત્યાં આવ્યા હતાને ત્યાં. ઓલામાં ૧૬ દિવસ. પછી આવ્યા મારી પાસે. અહીં પહેલા આવ્યા હતા. ત્યાં આવ્યા હતા. મહારાજ! અમારા ... એક દિ'ના પાંચ-પાંચ હજાર. રાત્રીના પાંચ-પાંચ હજાર લે. એક ફેરી ત્રણ કલાકના પાંચ લાખ. ભારે હુશિયાર. ૪૮ વર્ષની ઉંમર. એની બહેનની દીકરી અહીં છે આપણે બ્રહ્મચારી. ... ખાલી ૪૮ (વર્ષની ઉંમર). પછી ત્યાં હમણા ઇંદોર આવ્યો હતો. ... કહે આ ધતીંગ છે મહારાજ અમારા. પણ અમે .. તો લોકો એમ માને નજરબંધી છે. અને આ રજનીશ અને ઓલા સાંઈબાબા. એ ત્યાગી છે એટલે કાંઈક શક્તિ છે એમ માને. બાકી અમે બધા છીએ જાદુગર. એમ બિચારા કહેતા હતા હોં. કાંઈ છે નહિ. ધતીંગ છે. મરી જશો કીધું આમ ને આમ. ચાલ્યા જાશો. એ પૂર્વના પુણ્યને લઈને તમારી ચપળાઈ ભાષા આવી અને લોકોને એવું થાય. બાઈને કાપી નાખે અને પાછી બોલાવે. ચાલી આવે. એય..! બહુ ચપળાઈ ઘણી છે વાણીની. ત્યાં મારી પાસે બતાવ્યું હતું. અહીં પણ બતાવ્યું હતું. ભાઈ હતાને. .. એવી દોરી બાંધે. બે તો છેડા બાંધે. પછી કાપે. આહા..હા..! ત્યાં ઓલો ગંજીપો બતાવ્યો હતો. ગંજીપો. ગંજીપો હોયને. .. બતાવે. ... ... આમ વીર્યવાળો. જાદુગર કેટલો માયાજાળ છે બીજું કાંઈ છે નહિ અમારી પાસે. .. અમે જગતને છેતરીએ છીએ. આહા..હા..! ભાઈ! આ જીવન ચાલ્યા જાય છે ભાઈ બાપુ! અરેરે..! આમાં પાંચ-પચ્ચીસ લાખ મળે એ તો પૂર્વના પુણ્યને કારણે મળે છે. એ કાંઈ તમારા ડહાપણથી અને જાદુગરીથી નથી મળતા. આહા..હા..! પુસ્તક આપ્યા હતા. બે-ત્રણ પુસ્તક. આત્મસિદ્ધિને. વાંચે. વાંચે તો ખરા બાપા તમે આ. આહા..હા..! ભાઈ જોયો છે તમે? ત્યાં આવ્યા હતા આપણે. ત્યાં આગળ અને અહીં પણ આવ્યા. આહા..હા..! એ જ્યારે માથે બાંધે અને ઓલી નાખે. કલગી. આમ જ્યાં કરે ત્યાં મોટા માંધાતા ઢીલા પડી જાય. એક જણો કહેતો મોટો કાર્યવાહક માણસ હતો મોટો પાંચ હાથનો ઉંચો. મારી પાસે આવ્યો અને મેં હાથ આમ લાંબો કર્યો ત્યાં ડૂબી ગયો. નહિ કાંઈક કીધું હતું એણે? કાંઈ કાર્યવાહક મોટો હતો. મોટો કાર્યકર. હાથ આમ કર્યો ત્યાં હાથ પકડ્યા પહેલા તો .. એટલું ત્યાં તો આ તો જાદુગર છેને. કાંઈ ન મળે હોં. આહા..હા..!

અહીં તો કહે છે કે એક રજકણની પણ પર્યાય આત્મા કરી શકે એવું ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી. એવી સમજ વિના, સત્ય વિના સત્યજ્ઞાન થતો નથી અને સત્યજ્ઞાન વિના સાચી રુચિ થતી નથી. અને સાચી રુચિ વિના શેમાં રમણ કરવું એની ખબર પડતી નથી. આહા..હા..!

**'કોઈ એકાંતવાદીઓ સર્વથા એકાંતથી કર્મનો કર્તા કર્મને જ કહે છે અને આત્માને અકર્તા જ કહે છે;...'** આત્મા તો અકર્તા. **'તેઓ આત્માના ઘાતક છે.'** કેટલું સ્પષ્ટ છે! એકલી તકરાર... તકરાર... તકરાર... અહીં તો ૭૧ની સાલથી .. વાત છે અમારે તો. પહેલા કાઢ્યું હતું ૭૧માં લાઠી

ચોમાસું હતું. ૫૮ વર્ષ થયા. પહેલા કાઢ્યું બહાર. પોષા કરેને ભાઈ આઠમના અને આ .. પછી લોકોને બહુ .. કાનજીસ્વામી વાંચે છે. .. નાની ઉંમર, પચ્ચીસ વર્ષની ઉંમર. શરીર આમ સુંદર, ભાષા કંઠ સારો. શાસ્ત્ર બહુ કંઠસ્થ કરેલા એટલે લોકો આવે કાનજીસ્વામી આવે. બપોરે એક કલાક વાંચીએ બપોરે. પોષા કર્યા હોયને પોષા. એમાં આ કહ્યું હતું. ૭૧. લાઠી. કાનજીભાઈને યાદ પણ નહિ હોય. કાનજીભાઈ છે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... મૂળ છે તો ભગવતી. મૂળ ભગવતી. આહા..હા..! આત્મામાં વિકાર થાય એ આત્મા સ્વતંત્રપણે કરે છે. કર્મથી વિકાર થાય એ જૈનમાર્ગ નથી. ખળભળાટ થઈ ગયો. અમારા ગુરુ સાંભળતા હતા. .. શાસ્ત્રોના દૃષ્ટાંત દઈએને એટલે બોલે નહિ બાકી મનમાં અંદર કે આ ક્યાંથી કાઢ્યું? મેં તો સમજાવ્યું પણ નથી. અમારી પાસે તો બોલ્યા નથી. જુઓ, ભગવતીસુત્ર પહેલા શતક .. કાંક્ષા મોહનીય જીવ સ્વતંત્ર કરે છે, પોતાના પુરુષાર્થથી કરે છે. કર્મથી થાય એ કાંક્ષામોહનીય મિથ્યાત્વ છે જ નહિ. બહુ શબ્દ ઉઠાન કર્મે બળે વીર્યે... પોતાના પુરુષાર્થથી ઉત્થાન, વીર્યનું ઉત્થાન પુરુષાર્થ બળ વીર્યથી રાગ-દ્વેષ, અજ્ઞાન મિથ્યાત્વના ભાવ અજ્ઞાની પોતે પોતાથી કરે છે. કર્મથી બિલકુલ નહિ. આહા..હા..! રાડ નાખી જાય અંદર. જુઓ આ સ્થાનકવાસીમાં ગડબડ થઈ, શ્વેતાંબરમાં ખબર પડી તો એમાં ગડબડ કરી. પાલિતાણા છઠ્ઠી સાલ. ત્રણ લોકના નાથ એમ કહે છે કે .. કર્મથી ચાર ગતિમાં રખડે છે અને તમે કહો છો કે પોતાના દોષથી રખડે છે. મેં કીધું પોતાના દોષથી રખડે. કર્મ શું કરે? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' કર્મ તો જડ બિચારા. એને તો ખબર પણ નથી. સમજાણું કાંઈ? દિગંબરમાં ગડબડ થઈ ગઈ પછી.

મુમુક્ષુ :- બધાની એક જ જાતની માન્યતા છેને.

ઉત્તર :- ત્યાં આવ્યા તો કહે નહિ, વિકાર કર્મ કરાવે છે. કથંચિત્ કર્મ કરાવે છે, કથંચિત્ આત્મા કરે છે એમ લ્યો. અરે..! ભગવાન! કથંચિત્‌નો અર્થ શું? નિમિત્તથી કથંચિત્ થાય છે કાર્ય અને કથંચિત્ ઉપાદાનથી થાય છે એમ બે લ્યો. બિલકુલ ખોટી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે આત્માના ઘાતક છે. '**આત્માને અકર્તા જ કહે છે; તેઓ આત્માના ઘાતક છે. તેમના પર જિનવાણીનો કોપ છે,...**' છે? વીતરાગની વાણીનો કોપ છે એના ઉપર. '**કારણ કે સ્યાદ્વાદથી વસ્તુસ્થિતિને નિર્બાધ રીતે સિદ્ધ કરનારી જિનવાણી તો આત્માને કથંચિત્ કર્તા કહે છે.**' અજ્ઞાનભાવે આત્મા જ વિકાર કરે છે એમ જિનવાણી છે. કર્મ કરાવે એવી વાત છે નહિ. '**આત્માને અકર્તા જ કહેનારા એકાન્તવાદીઓની બુદ્ધિ ઉત્કટ મિથ્યાત્વથી બિડાઈ ગયેલી છે;...**' આહા..હા..! કેટલું સ્પષ્ટ છે! '**આત્માને અકર્તા જ કહેનારા એકાન્તવાદીઓની બુદ્ધિ**

**ઉત્કટ મિથ્યાત્વથી બિડાઈ ગયેલી છે;...'** આહા..હા..! **'તેમના મિથ્યાત્વને દૂર કરવાને આચાર્યભગવાન સ્યાદ્વાદ અનુસાર...'** અપેક્ષાથી વસ્તુસ્થિતિ છે. અજ્ઞાનભાવે જીવ કરે, જ્ઞાનભાવે કર્મ કરે એ તો છે જ નહિ. થાય છે એનો જાણનાર-જ્ઞાતા છે. **'જેવી વસ્તુસ્થિતિ છે તેવી, નીચેની ગાથાઓમાં કહે છે.'** લ્યો એ ગાથામાં આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૩૩૨ થી ૩૪૪

**कम्मेहि दु अण्णाणी किज्जदि णाणी तहेव कम्मेहिं।**
**कम्मेहि सुवाविज्जदि जग्गाविज्जदि तहेव कम्मेहिं ॥३३२॥**
**कम्मेहि सुहाविजदि दुक्खाविजदि तव कम्मेहिं।**
**कम्मे हि य मिच्छत्तं णिज्जदि णिज्जदि असंजमं चेव ॥ ३३३॥**
**कम्मेहि भमाडिज्जदि उड्ढमहो चावि तिरियलोयं च।**
**कम्मेहि चेव किज्जदि सुहासुहं जेत्तियं किंचि ॥३३४॥**
**जम्हा कम्मं कुव्वदि कम्मं देदि हरदि त्ति जं किंचि।**
**तम्हा उ सव्वजीवा अकारगा होंति आवण्णा ॥३३५॥**
**पुरिसित्थियाहिलासी इत्थीकम्मं च पुरिसमहिलसदि।**
**एसा आयरियपरंपरागदा एरिसी दु सुदी ॥३३६॥**
**तम्हा ण को वि जीवो अबंभचारी दु अम्ह उवदेसे|**
**जम्हा कम्मं चैव हि कम्मं अहिलसदि इदि भणिदं ॥३३७॥**
**जम्हा घादेदि परं परेण घादिज्जदे य सा पयडी।**
**एदेणत्थेणं किर भण्णदि परघादणामेत्ति ॥३३८॥**
**तम्हा ण को वि जीवो वधादओ अत्थि अम्ह उवदेसे।**
**जम्हा कम्मं चैव हि कम्मं घादेदि इदि भणिदं ॥३३९॥**
**एवं संखुवएसं जे दु परूवेंति एरिसं समणा।**

तेसिं पयडी कुव्वदि अप्पा य अकारगा सव्वे ॥३४०॥
अहवा मण्णसि मज्झं अप्पा अप्पाणमप्पणो कुणदि।
एसो मिच्छसहावो तुम्हं एवं मुणंतस्स ॥३४१॥
अप्पा णिच्चोऽसंखेपदेसो देसिदो दु समयम्हि।
ण वि सो सक्कदि तत्तो हीणो अहिओ य कादुं जे ॥३४२॥
जीवस्स जीवरूवं वित्थरदो जाण लोगमेत्तं खु।
तत्तो सो किं हीणो अहिओ य कहं कुणदि दव्वं ॥३४३॥
अह जाणगो भावो णाणसहावेण अच्छदे त्ति मदं।
तम्हा ण वि अप्पा अप्पयं तु सयमप्पणो कुणदि ॥३४४॥
कर्मभिस्तु अज्ञानी क्रियते ज्ञानी तथैव कर्मभिः।
कर्मभिः स्वाप्यते जागर्यते तथैव कर्मभिः ॥३३२॥
कर्मभिः सुखी क्रियते दुःखी क्रियते तथैव कर्मभिः।
कर्मभिश्च मिथ्यात्वं नीयते नीयतेऽसंयमं चैव ॥३३३॥
कर्मभिर्भ्राम्यते ऊर्ध्वमधश्चापि तिर्यग्लोकं च।
कर्मभिश्चैव क्रियते शुभाशुभं यावद्यत्किञ्चित् ॥३३४॥
यस्मात्कर्म करोति कर्म ददाति हरतीति यत्किञ्चित्।
तस्मात्तु सर्वजीवा अकारका भवन्त्यापन्नाः ॥३३५॥
पुरुषः स्त्र्यभिलाषी स्त्रीकर्म च पुरुषमभिलषति।
एषाचार्य परम्परागतेदृशी तु श्रुतिः ॥३३६॥
तस्मान्न कोऽपि जीवोऽब्रह्मचारी त्वस्माकमुपदेशे।
यस्मात्कर्म चैव हि कर्माभिलषतीति भणितम् ॥३३७॥
यस्माद्धन्ति परं परेण हन्यते च सा प्रकृतिः।
एतेनार्थेन किल भण्यते परघातनामेति॥३३८॥
तस्मान्न कोऽपि जीव उपघातकोऽस्त्यस्माकमुपदेशे।
यस्मात्कर्म चैव हि कर्म हन्तीति भणितम् ॥३३९॥
एवं साङ्ख्योपदेशं ये तु प्ररूपयन्तीदृशं श्रमणाः।
तेषां प्रकृतिः करोत्यात्मानश्चाकारकाः सर्वे ॥३४०॥
अथवा मन्यसे ममात्मात्मानमात्मनः करोति।
एष मिथ्यास्वभावः तवैतज्जानतः॥३४१॥
आत्मा नित्योऽसङ्ख्येयप्रदेशो दर्शितस्तु समये।
नापि स शक्यते ततो हीनोऽधिकश्च कर्तुं यत् ॥३४२॥
जीवस्य जीवरूपं विस्तरतो जानीहि लोकमात्रं खलु।
ततः स किं हीनोऽधिको वा कथं करोति द्रव्यम् ॥३४३॥

अथ ज्ञायकस्तु भावो ज्ञानस्वभावेन तिष्ठतीति मतम्।
तस्मान्नाप्यात्मात्मानं तु स्वयमात्मनः करोति ॥३४४॥

कर्मैवात्मानमज्ञानिनं करोति, ज्ञानावरणाख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। कर्मैव ज्ञानिनं करोति, ज्ञानावरणाख्यकर्मक्षयोपशममन्तरेण तदनुपपत्तेः। कर्मैव स्वापयति, निद्राख्यकर्मोदय- मन्तरेण तदनुपपत्तेः। कर्मैव जागरयति, निद्राख्यकर्मक्षयोपशममन्तरेण तदनुपपत्तेः। कर्मैव सुखयति, सद्वेद्याख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। कर्मैव दुःखयति, असद्वेद्याख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। कर्मैव मिथ्यादृष्टिं करोति, मिथ्यात्वकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। कर्मैवासंयतं करोति, चारित्रमोहाख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। कर्मैवोर्ध्वाधस्तिर्यग्लोकं भ्रमयति, आनुपूर्व्याख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। अपरमपि यद्यावत्किञ्चिच्छुभाशुभं तत्तावत्सकलमपि कर्मैव करोति, प्रशस्ताप्रशस्तरागाख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। यत एवं समस्तमपि स्वतन्त्रं कर्म करोति, कर्म ददाति, कर्म हरति च, ततः सर्व एव जीवाः नित्यमेवैकान्तेनाकर्तार एवेति निश्चिनुमः। किञ्च श्रुतिरप्येनमर्थमाह; पुंवेदाख्यं कर्म स्त्रियमभिलषति, स्त्रीवेदाख्यं कर्म पुमांसमभिलषति इति वाक्येन कर्मण एव कर्माभिलाषकर्तृत्वसमर्थनेन जीवस्याब्रह्मकर्तृत्व प्रतिषेधात्, तथा यत्परं हन्ति, येन च परेण हन्यते तत्परघातकर्मेति वाक्येन कर्मण एव कर्मघातकर्तृत्वसमर्थनेन जीवस्य घातकर्तृत्वप्रतिषेधाच्च सर्वथैवाकर्तृत्वज्ञापनात्। एवमीदृशं सांख्यसमयं स्वप्रज्ञापराधेन सूत्रार्थमबुध्यमानाः केचिच्छ्रमणाभासाः प्ररूपयन्ति; तेषां प्रकृतेरेकान्तेन कर्तृत्वाभ्युपगमेन सर्वेषामेव जीवानामेकान्तेनाकर्तृत्वापत्तेः जीवः कर्तेति श्रुतेः कोपो दुःशक्यः परिहर्तुम्। यस्तु कर्म आत्मनोऽज्ञानादिसर्वभावान् पर्यायरूपान् करोति, आत्मा त्वात्मानमेवैकं द्रव्यरूपं करोति, ततो जीवः कर्तेति श्रुतिकोपो न भवतीत्यभिप्रायः स मिथ्यैव। जीवो हि द्रव्यरूपेण तावन्नित्योऽसंख्येयप्रदेशो लोकपरिमाणश्च। तत्र न तावन्नित्यस्य कार्यत्वमुपपन्नं, कृतकत्वनित्यत्वयोरेकत्वविरोधात्। न चावस्थितासंख्येयप्रदेशस्यैकस्य पुद्गलस्कन्धस्येव प्रदेशप्रक्षेपणाकर्षणद्वारेणापि तस्य कार्यत्वं, प्रदेशप्रक्षेपणाकर्षणे सति तस्यैकत्वव्याघातात्। न चापि सकललोकवास्तुविस्तारपरिमित-नियतनिजाभोगसंग्रहस्य प्रदेशसङ्कोचनविकाशनद्वारेण तस्य कार्यत्वं, प्रदेशसङ्कोचनविकाशनयोरपि शुष्कार्द्रचर्मवत्प्रतिनियतनिजविस्ताराद्धीनाधिकस्य तस्य कर्तुमशक्यत्वात्। यस्तु वस्तुस्वभावस्य सर्वथापोढुमशक्यत्वात् ज्ञायको भावो ज्ञानस्वभावेन सर्वदैव तिष्ठति, तथा

तिष्ठंश्च ज्ञायककर्तृत्व-योरत्यन्तविरुद्धत्वान्मिथ्यात्वादिभावानां न कर्ता भवति, भवन्ति च मिथ्यात्वादिभावाः, ततस्तेषां कर्मैव कर्तृ प्ररूप्यत इति वासनोन्मेषः स तु नितरामात्मात्मानं करोतीत्यभ्युपगममुपहन्त्येव। ततो ज्ञायकस्य भावस्य सामान्यापेक्षया ज्ञानस्वभावावस्थितत्वेऽपि कर्मजानां मिथ्यात्वादिभावानां समयेऽनादि-ज्ञेयज्ञानभेदविज्ञानशून्यत्वात् परमात्मेति जानतो विशेषापेक्षया त्वज्ञानरूपस्य ज्ञानपरिणामस्य करणात्कर्तृत्वमनुमन्तव्यं; तावद्यावत्तदादिज्ञेयज्ञानभेदविज्ञान-पूर्णत्वादात्मानमेवात्मेति जानतो विशेषापेक्षयापिज्ञानरूपेणैव ज्ञानपरिणामेन परिणममानस्य केवलं ज्ञातृत्वात्साक्षादकर्तृत्वं स्यात्।

---

'આત્મા સર્વથા અકર્તા નથી, કથંચિત્ કર્તા પણ છે' એવા અર્થની ગાથાઓ હવે કહે છે -

કર્મો કરે અજ્ઞાની તેમ જ જ્ઞાની પણ કર્મો કરે,
કર્મો સુવાડે તેમ વળી કર્મો જગાડે જીવને; ૩૩૨.
કર્મો કરે સુખી તેમ વળી કર્મો દુખી જીવને કરે,
કર્મો કરે મિથ્યાત્વી તેમ અસંયમી કર્મો કરે; ૩૩૩.
કર્મો ભમાવે ઊર્ધ્વ લોકે, અધઃ ને તિર્યક્ વિષે,
જે કાંઈ પણ શુભ કે અશુભ તે સર્વને કર્મ જ કરે. ૩૩૪.
કર્મ જ કરે છે, કર્મ એ આપે, હરે,-સઘળું કરે,
તેથી ઠરે છે એમ કે આત્મા અકારક સર્વ છે. ૩૩૫.
વળી પુરુષકર્મ સ્ત્રીને અને સ્રીકર્મ ઇચ્છે પુરુષને'
-એવી શ્રુતિ આચાર્ય કેરી પરંપરા ઊતરેલ છે. ૩૩૬.
એ રીત 'કર્મ જ કર્મને ઇચ્છે'—કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ અબ્રહ્મચારી અમ ઉપદેશમાં. ૩૩૭.
વળી જે હણે પરને, હણાયે પરથી, તેહ પ્રકૃતિ છે,
—એ અર્થમાં પરઘાત નામનું નામકર્મ કથાય છે. ૩૩૮.
એ રીત 'કર્મ જ કર્મને હણતું'—કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ છે હણનાર અમ ઉપદેશમાં.'૩૩૯.
એમ સાંખ્યનો ઉપદેશ આવો, જે શ્રમણ પ્રરૂપણ કરે,

તેના મતે પ્રકૃતિ કરે છે, જીવ અકારક સર્વ છે! ૩૪૦.
અથવા તું માને 'આતમા મારો કરે નિજ આત્મને',
તો એવું તુજ મંતવ્ય પણ મિથ્યા સ્વભાવ જ તુજ ખરે. ૩૪૧.
જીવ નિત્ય તેમ વળી અસંખ્યપ્રદેશી દર્શિત સમયમાં,
તેનાથી તેને હીન તેમ અધિક કરવો શક્ય ના. ૩૪૨.
વિસ્તારથીય જીવરૂપ જીવનું લોકમાત્ર જ છે ખરે,
શું તેથી તે હીન-અધિક બનતો? કેમ કરતો દ્રવ્યને? ૩૪૩.
માને તું—જ્ઞાયક ભાવ તો જ્ઞાનસ્વભાવે સ્થિત રહે',
તો એમ પણ આત્મા સ્વયં નિજ આતમાને નહિ કરે. ૩૪૪.

ગાથાર્થ - [कर्मभिः तु] કર્મો [अज्ञानी क्रियते] (જીવને) અજ્ઞાની કરે છે [तथा एव] તેમ જ [कर्मभिः ज्ञानी] કર્મો (જીવને) જ્ઞાની કરે છે, [कर्मभिः स्वाप्यते] કર્મો સુવાડે છે [तथा एव] તેમ જ [कर्मभिः जागर्यते] કર્મો જગાડે છે, [कर्मभिः सुखी क्रियते] કર્મો સુખી કરે છે [तथा एव] તેમ જ [कर्मभिः दुःखी क्रियते] કર્મો દુ:ખી કરે છે, [कर्मभिः च मिथ्यात्वं नीयते] કર્મો મિથ્યાત્વ પમાડે છે [च एव ] તેમ જ [असंयमं नीयते] કર્મો અસંયમ પમાડે છે, [कर्मभिः] કર્મો [उर्ध्वम् अधः च अपि तिर्यग्लोकं च] ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્યગ્લોકમાં [भ्राम्यते] ભમાવે છે, [यत्किञ्चित् यावत् शुभाशुभं] જે કાંઈ પણ જેટલું શુભ અશુભ છે તે બધું [कर्मभिः च एव क्रियते] કર્મો જ કરે છે. [यस्मात्] જેથી [कर्म करोति] કર્મ કરે છે, [कर्म ददाति] કર્મ આપે છે, [हरति] કર્મ હરી લે છે- [इति यत्किञ्चित्] એમ જે કાંઈ પણ કરે છે તે કર્મ જ કરે છે, [तस्मात् तु] તેથી [सर्वजीवाः] સર્વ જીવો [अकारकाः आपन्नाः भवन्ति] અકારક (અકર્તા) ઠરે છે.

વળી, [पुरुषः] પુરુષવેદ, [स्त्र्यभिलाषी] સ્ત્રીનું અભિલાષી છે [च] અને [स्त्रीकर्म] સ્ત્રીવેદકર્મ [पुरुषम् अभिलषति] પુરુષની અભિલાષા કરે છે-[एषा आचार्यपरम्परागता ईदृशी तु श्रुतिः] એવી આ આચાર્યની પરંપરાથી ઊતરી આવેલી શ્રુતિ છે; [तस्मात्] માટે [अस्माकम् उपदेशे तु] અમારા ઉપદેશમાં [कः अपि जीवः] કોઈ પણ જીવ [अब्रह्मचारी न] અબ્રહ્મચારી નથી, [यस्मात्] કારણ કે [कर्म च एव हि] કર્મ જ [कर्म अभिलषति] કર્મની અભિલાષા કરે છે [इति भणितम्] એમ કહ્યું છે.

વળી, [यस्मात् परं हन्ति] જે પરને હણે છે [च] અને [परेण हन्यते] જે પરથી હણાય છે [सा प्रकृतिः] તે પ્રકૃતિ છે-[एतेन अर्थेन किल] એ અર્થમાં [परघातनाम इति भण्यते] પરઘાતનામકર્મ

કહેવામાં આવે છે. [तस्मात्] તેથી [अस्माकम् उपदेशे] અમારા ઉપદેશમાં [कः अपि जीवः] કોઈ પણ જીવ [उपघातकः न अस्ति] ઉપઘાતક (હણનાર) નથી [यस्मात्] કારણ કે [क अपि जीवः] કર્મ જ [कर्म हन्ति] કર્મને હણે છે [इति भणितम्] એમ કહ્યું છે.'

(આચાર્ય ભગવાન કહે છે કે-) [एवं तु] આ પ્રમાણે [ईदृशं साङ्ख्योपदेशं] આવો સાંખ્યમતનો ઉપદેશ [ये श्रमणाः] જે શ્રમણો (જૈન મુનિઓ) [प्ररूपयन्ति] પ્રરૂપે છે [तेषां] તેમના મતમાં [प्रकृतिः करोति] પ્રકૃતિ જ કરે છે [आत्मानः च सर्वे] અને આત્મા તો સર્વે [अकारकाः] અકારક છે એમ ઠરે છે!

[अथवा] અથવા (કર્તાપણાનો પક્ષ સાધવાને) [मन्यसे] જો તું એમ માને કે [मम आत्मा] 'મારો આત્મા [आत्मनः] પોતાના [आत्मानम्] (દ્રવ્યરૂપ) આત્માને [करोति] કરે છે', [एतत् जानतः ए] તો એવું જાણનારનો તારો [एषः मिथ्यास्वभावः] એ મિથ્યાસ્વભાવ છે (અર્થાત્ એમ જાણવું તે તારો મિથ્યાસ્વભાવ છે); [यद्] કારણ કે-[समये] સિદ્ધાંતમાં [आत्मा] આત્માને [नित्य] નિત્ય, [अशङ्कयेयप्रदेशः] અસંખ્યાત-પ્રદેશી [दर्शितः तु] બતાવ્યો છે, [ततः] તેનાથી [सः] તેને [हीनः अधिकः च] હીન-અધિક [कर्तुं न अपि शक्यते] કરી શકાતો નથી; [विस्तरतः] વળી વિસ્તારથી પણ [जीवरूपं] જીવનું જીવરૂપ [खलु] નિશ્ચયથી [लोकमात्रं जानीहि] લોકમાત્ર જાણ; [ततः] તેનાથી [किं सः हीनः अधिकः वा] શું તે હીન અથવા અધિક થાય છે? [द्रव्यम् कथं करोति] તો પછી દ્રવ્યને (અર્થાત્ દ્રવ્યરૂપ આત્માને) કઈ રીતે કરે છે?

[अथ] અથવા જો [ज्ञायकः भावः तु] 'જ્ઞાયક ભાવ તો [ज्ञानस्वभावेन तिष्ठति] જ્ઞાનસ્વભાવે સ્થિત રહે છે' [इति मतम्] એમ માનવામાં આવે, [तस्मात् अपि] તો એમ પણ [आत्मा स्वयं] આત્મા પોતે [आत्मनः आत्मानं तु] પોતાના આત્માને [न करोति] કરતો નથી ઠરે છે!

(આ રીતે કર્તાપણું સાધવા માટે વિવક્ષા પલટીને જે પક્ષ કહ્યો તે ઘટતો નથી.)

(આ પ્રમાણે, કર્મનો કર્તા કર્મ જ માનવામાં આવે તો સ્યાદ્વાદ સાથે વિરોધ આવે છે; માટે આત્માને અજ્ઞાન-અવસ્થામાં કથંચિત્ પોતાના અજ્ઞાનભાવરૂપ કર્મનો કર્તા માનવો, જેથી સ્યાદ્વાદ સાથે વિરોધ આવતો નથી.)

ટીકા :—(અહીં પૂર્વપક્ષ આ પ્રમાણે છે:) કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે, કારણ કે જ્ઞાનાવરણ નામના કર્મના ઉદય વિના તેની (–અજ્ઞાનની) અનુપપત્તિ છે; કર્મ જ (આત્માને) જ્ઞાની કરે છે, કારણ કે જ્ઞાનાવરણ નામના કર્મના ક્ષયોપશમ વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ સુવાડે છે, કારણ કે નિદ્રા નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ જગાડે છે, કારણ કે નિદ્રા નામના કર્મના ક્ષયોપશમ વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ સુખી કરે છે, કારણ કે શાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ દુ:ખી કરે છે, કારણ કે અશાતાવેદનીય નામના

કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ મિથ્યાદૃષ્ટિ કરે છે, કારણ કે મિથ્યાત્વકર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ અસંયમી કરે છે, કારણ કે ચારિત્રમોહ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં અને તિર્યંગ્લોકમાં ભમાવે છે, કારણ કે આનુપૂર્વી નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; બીજું પણ જે કાંઈ પણ જેટલું શુભ-અશુભ છે તે બધુંય કર્મ જ કરે છે, કારણ કે પ્રશસ્ત-અપ્રશસ્ત રાગ નામના કર્મના ઉદય વિના તેની અનુપત્તિ છે. એ રીતે બધુંય સ્વતંત્રપણે કર્મ જ કરે છે, કર્મ જ આપે છે, કર્મ જ હરી લે છે, તેથી અમે એમ નિશ્ચય કરીએ છીએ કે—સર્વે જીવો સદાય એકાંતે અકર્તા જ છે. વળી શ્રુતિ (ભગવાનની વાણી, શાસ્ત્ર) પણ એ જ અર્થને કહે છે; કારણ કે, (તે શ્રુતિ) 'પુરુષવેદ નામનું કર્મ સ્ત્રીની અભિલાષા કરે છે અને સ્રીવેદ નામનું કર્મ પુરુષની અભિલાષા કરે છે' એ વાક્યથી કર્મને જ કર્મની અભિલાષાના કર્તાપણાના સમર્થન વડે જીવને અબ્રહ્મચર્યના કર્તાપણાનો નિષેધ કરે છે, તથા જે પરને હણે છે અને જે પરથી હણાય છે તે પરઘાતકર્મ છે' એ વાક્યથી કર્મને જ કર્મના ઘાતનું કર્તાપણું હોવાના સમર્થન વડે જીવને ઘાતના કર્તાપણાનો નિષેધ કરે છે, અને એ રીતે (અબ્રહ્મચર્યના તથા ઘાતના કર્તાપણાના નિષેધ દ્વારા) જીવનું સર્વથા જ અકર્તાપણું જણાવે છે."

(આચાર્યદેવ કહે છે કે :—) આ પ્રમાણે આવા સાંખ્યમતને, પોતાની પ્રજ્ઞાના (બુદ્ધિના) અપરાધથી સૂત્રના અર્થને નહિ જાણનારા કેટલાક *શ્રમણાભાસો પ્રરૂપે છે; તેમની, એકાંતે પ્રકૃતિના કર્તાપણાની માન્યતાથી, સમસ્ત જીવોને એકાંતે અકર્તાપણું આવી પડે છે તેથી જીવ કર્તા છે' એવી જે શ્રુતિ તેનો કોપ ટાળવો અશક્ય થાય છે (અર્થાત્ ભગવાનની વાણીની વિરાધના થાય છે). વળી, 'કર્મ આત્માના અજ્ઞાનાદિ સર્વ ભાવોને—કે જેઓ પર્યાયરૂપ છે તેમને—કરે છે, અને આત્મા તો આત્માને જ એકને દ્રવ્યરૂપને કરે છે માટે જીવ કર્યા છે; એ રીતે શ્રુતિનો કોપ થતો નથી'—એવો જે અભિપ્રાય છે તે મિથ્યા જ છે. (તે સમજાવવામાં આવે છે:) જીવ તો દ્રવ્યરૂપે નિત્ય છે, અસંખ્યાત-પ્રદેશી છે અને લોકપરિમાણ છે. તેમાં પ્રથમ, નિત્યનું કાર્યપણું બની શકતું નથી, કારણ કે કૃતકપણાને અને નિત્યપણાને એકપણાનો વિરોધ છે. (આત્મા નિત્ય છે તેથી તે કૃતક અર્થાત્ કોઈએ કરેલો હોઈ શકે નહિ.) વળી અવસ્થિત અસંખ્ય-પ્રદેશી એક એવા તેને (–આત્માને), પુદ્ગલસ્કંધની માફક, પ્રદેશોનાં પ્રક્ષેપણ-આકર્ષણ દ્વારા પણ કાર્યપણું બની શકતું નથી, કારણ કે પ્રદેશોનું પ્રક્ષેપણ તથા આકર્ષણ થાય તો તેના એકપણાનો વ્યાઘાત થાય. (સ્કંધ અનેક પરમાણુઓનો બનેલો છે, માટે તેમાંથી પરમાણુઓ નીકળી જાય તેમ જ તેમાં પરમાણુઓ આવે; પરંતુ આત્મા નિશ્ચિત અસંખ્ય-પ્રદેશવાળું એક જ દ્રવ્ય હોવાથી તે પોતાના પ્રદેશોને કાઢી નાખી શકે નહિ તેમ જ વધારે પ્રદેશોને લઈ શકે નહિ.) વળી સકળ લોકરૂપી ઘરના વિસ્તારથી પરિમિત જેનો નિશ્ચિત નિજ *વિસ્તાર-સંગ્રહ છે (અર્થાત્ લોક જેટલું જેનું નિશ્ચિત માપ છે) તેને (-આત્માને) પ્રદેશોના સંકોચ-વિકાસ દ્વારા પણ કાર્યપણું બની શકતું નથી, કારણ કે પ્રદેશોના સંકોચ-વિસ્તાર

થવા છતાં પણ, સૂકા-ભીના ચામડાની માફક, નિશ્ચિત નિજ વિસ્તારને લીધે તેને (-આત્માને) હીન-અધિક કરી શકાતો નથી. (આ રીતે આત્માને દ્રવ્યરૂપ આત્માનું કર્તાપણું ઘટી શકતું નથી.) વળી, "વસ્તુસ્વભાવનું સર્વથા મટવું અશકય હોવાથી જ્ઞાયક ભાવ જ્ઞાનસ્વભાવે જ સદાય સ્થિત રહે છે અને એમ * સંગ્રહ જથ્થો; મોટપ. સ્થિત રહેતો થકો, જ્ઞાયકપણાને અને કર્તાપણાને અત્યંત વિરુદ્ધતા હોવાથી, મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા થતો નથી; અને મિથ્યાત્વાદિ ભાવો તો થાય છે; તેથી તેમનો કર્તા કર્મ જ છે એમ પ્રરૂપણ કરવામાં આવે છે"—આવી જે વાસના (અભિપ્રાય, વલણ) પ્રગટ કરવામાં આવે છે તે પણ 'આત્મા આત્માને કરે છે એવી (પૂર્વોક્ત) માન્યતાને અતિશયપણે હણે જ છે (કારણ કે સદાય જ્ઞાયક માનવાથી આત્મા અકર્તા જ ઠર્યો).

માટે, જ્ઞાયક ભાવ સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં, કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે, અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, પરને આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ) વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી (-અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તેને કરતો હોવાથી), તેને કર્તાપણું સંમત કરવું (અર્થાત્ તે કર્તા છે એમ સ્વીકારવું); તે ત્યાં સુધી કે જ્યાં સુધી ભેદવિજ્ઞાનના આદિથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી પૂર્ણ (અર્થાત્ ભેદવિજ્ઞાન સહિત) થવાને લીધે આત્માને જ આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ), વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામે પરિણમતો થકો (–જ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તે-રૂપે જ પરિણમતો થકો), કેવળ જ્ઞાતાપણાને લીધે સાક્ષાત્ અકર્તા થાય.

ભાવાર્થ :—કેટલાક જૈન મુનિઓ પણ સ્યાદ્વાદ-વાણીને બરાબર નહિ સમજીને સર્વથા એકાંતનો અભિપ્રાય કરે છે અને વિવક્ષા પલટીને એમ કહે છે કે—"આત્મા તો ભાવકર્મનો અકર્તા જ છે, કર્મપ્રકૃતિનો ઉદય જ ભાવકર્મને કરે છે; અજ્ઞાન, જ્ઞાન, સૂવું, જાગવું, સુખ, દુઃખ, મિથ્યાત્વ, અસંયમ, ચાર ગતિઓમાં ભ્રમણ—એ બધાંને, તથા જે કાંઈ શુભ- અશુભ ભાવો છે તે બધાયને કર્મ જ કરે છે; જીવ તો અકર્તા છે." વળી તે મુનિઓ શાસ્ત્રનો પણ એવો જ અર્થ કરે છે કે—"વેદના ઉદયથી સ્ત્રી-પુરુષનો વિકાર થાય છે અને ઉપઘાત તથા પરઘાત પ્રકૃતિના ઉદયથી પરસ્પર ઘાત પ્રવર્તે છે." આ પ્રમાણે, જેમ સાંખ્યમતી બધુંય પ્રકૃતિનું જ કાર્ય માને છે અને પુરુષને અકર્તા માને છે તેમ, પોતાની બુદ્ધિના દોષથી આ મુનિઓનું પણ એવું જ એકાંતિક માનવું થયું. માટે જિનવાણી તો સ્યાદ્વાદરૂપ હોવાથી, સર્વથા એકાંત માનનારા તે મુનિઓ પર જિનવાણીનો કોપ અવશ્ય થાય છે. જિનવાણીના કોપના ભયથી જો તેઓ વિવક્ષા પલટીને એમ કહે કે ભાવકર્મનો કર્તા કર્મ છે અને પોતાના આત્માનો (અર્થાત્ પોતાનો) કર્તા આત્મા છે; એ રીતે અમે આત્માને કથંચિત્ કર્તા કહીએ છીએ, તેથી વાણીનો કોપ થતો નથી;" તો આ તેમનું કહેવું પણ મિથ્યા જ છે. આત્મા દ્રવ્યે નિત્ય છે, અસંખ્યાત પ્રદેશોવાળો છે, લોકપરિમાણ છે, તેથી તેમાં તો કાંઈ નવીન કરવાનું છે નહિ; અને જે

ભાવકર્મરૂપ પર્યાયો છે તેમનો કર્તા તો તે મુનિઓ કર્મને જ કહે છે; માટે આત્મા તો અકર્તા જ રહ્યો! તો પછી વાણીનો કોપ કઈ રીતે મટ્યો? માટે આત્માના કર્તાપણા અને અકર્તાપણાની વિવક્ષા યથાર્થ માનવી તે જ સ્યાદ્વાદનું સાચું માનવું છે. આત્માના કર્તાપણા-અકર્તાપણા વિષે સત્યાર્થ સ્યાદ્વાદ-પ્રરૂપણ આ પ્રમાણે છે —

આત્મા સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે; પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે, અનાદિ કાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે, તેથી એ રીતે વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી કર્તા છે; અને જ્યારે ભેદવિજ્ઞાન થવાથી આત્માને જ આત્મા તરીકે જાણે છે ત્યારે વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામે જ પરિણમતો થકો કેવળ જ્ઞાતા રહેવાથી સાક્ષાત્ અકર્તા છે.

---

## શ્રાવણ સુદ-૮, સોમવાર, તા.૦૬-૦૮-૧૯૭૩
## ગાથા-૩૩૨ થી ૩૪૪, પ્રવચન-૪૬૧

### પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

સમયસાર સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. **'આત્મા સર્વથા અકર્તા નથી,...'** ઉપર છેને? ' **કથંચિત્ કર્તા પણ છે'...**' સર્વથા આત્મા અકર્તા હોય તો વિકારાદિ ભાવ કોણે કર્યા? અજ્ઞાનભાવે. કર્મ કરાવે તો સંસાર રહેતો નથી. પોતાની પર્યાયમાં સંસાર, વિકાર, ઉદયભાવનું અસ્તિત્વ એ આત્માનું જ્ઞાન સમ્યગ્દર્શન નથી. જ્યાં સુધી આત્મા અંતરદૃષ્ટિમાં નથી, ત્યાં સુધી તો એ વિકાર અને સંસારની ઉત્પત્તિ કરનાર એ જ છે. કર્મ નથી. કર્મને લઈને થાય એમ નથી. ૧૩ ગાથા છે.

**कम्मेहि दु अण्णाणी किज्जदि णाणी तहेव कम्मेहिं।**
**कम्मेहि सुवाविज्जदि जग्गाविज्जदि तहेव कम्मेहिं ॥३३२॥**
**कम्मेहि सुहाविजदि दुक्खाविजदि तव कम्मेहिं।**
**कम्मे हि य मिच्छत्तं णिज्जदि णिज्जदि असंजमं चेव ॥ ३३३॥**

कम्मेहि भमाडिज्जदि उड्ढमहो चावि तिरियलोयं च।
कम्मेहि चेव किज्जदि सुहासुहं जेत्तियं किंचि ॥३३४॥
जम्हा कम्मं कुव्वदि कम्मं देदि हरदि त्ति जं किंचि।
तम्हा उ सव्वजीवा अकारगा होंति आवण्णा ॥३३५॥
पुरिसित्थियाहिलासी इत्थीकम्मं च पुरिसमहिलसदि।
एसा आयरियपरंपरागदा एरिसी दु सुदी ॥३३६॥
म्हाण को वि जीवो अबंभचारी दु अम्ह उवदेसे|
जम्हा कम्मं चैव हि कम्मं अहिलसदि इदि भणिदं ॥३३७॥

બધી વાત નાખી છે અહિંસા અને બ્રહ્મચર્યની.

जम्हा घादेदि परं परेण घादिज्जदे य सा पयडी।
एदेणत्थेणं किर भण्णदि परघादणामेत्ति ॥३३८॥
तम्हा ण को वि जीवो वधादओ अत्थि अम्ह उवदेसे।
जम्हा कम्मं चैव हि कम्मं घादेदि इदि भणिदं ॥३३९॥
एवं संखुवएसं जे दु परूवेंति एरिसं समणा।
तेसिं पयडी कुव्वदि अप्पा य अकारगा सव्वे ॥३४०॥
अहवा मण्णसि मज्झं अप्पा अप्पाणमप्पणी कुणदि।
एसो मिच्छसहावो तुम्हं एवं मुणंतस्स ॥३४१॥
अप्पा णिच्चोऽसंखेपदेसो देसिदो दु समयम्हि।
ण वि सो सक्कदि तत्तो हीणो अहिओ य कादुं जे ॥३४२॥
जीवस्स जीवरूवं वित्थरदो जाण लोगमेत्तं खु।
तत्तो सो किं हीणो अहिओ य कहं कुणदि दव्वं ॥३४३॥
अह जाणगो भावो णाणसहावेण अच्छदे त्ति मदं।
दु तम्हा ण वि अप्पा अप्पयं तु सयमप्पणो कुणदि ॥३४४॥

હરિગીત.

કર્મો કરે અજ્ઞાની તેમ જ જ્ઞાની પણ કર્મો કરે,
કર્મો સુવાડે તેમ વળી કર્મો જગાડે જીવને; ૩૩૨.
કર્મો કરે સુખી તેમ વળી કર્મો દુખી જીવને કરે,
કર્મો કરે મિથ્યાત્વી તેમ અસંયમી કર્મો કરે; ૩૩૩.
કર્મો ભમાવે ઊર્ધ્વ લોકે, અધઃ ને તિર્યક્ વિષે,

જે કાંઈ પણ શુભ કે અશુભ તે સર્વને કર્મ જ કરે. ૩૩૪.
કર્મ જ કરે છે, કર્મ એ આપે, હરે,-સઘળું કરે,
તેથી ઠરે છે એમ કે આત્મા અકારક સર્વ છે. ૩૩૫.
વળી પુરુષકર્મ સ્ત્રીને અને સ્રીકર્મ ઇચ્છે પુરુષને'
-એવી શ્રુતિ આચાર્ય કેરી પરંપરા ઊતરેલ છે. ૩૩૬.
એ રીત 'કર્મ જ કર્મને ઇચ્છે'—કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ અબ્રહ્મચારી અમ ઉપદેશમાં. ૩૩૭.
વળી જે હણે પરને, હણાયે પરથી, તેહ પ્રકૃતિ છે,
—એ અર્થમાં પરઘાત નામનું નામકર્મ કથાય છે. ૩૩૮.
એ રીત 'કર્મ જ કર્મને હણતું'—કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ છે હણનાર અમ ઉપદેશમાં.'૩૩૯.
એમ સાંખ્યનો ઉપદેશ આવો, જે શ્રમણ પ્રરૂપણ કરે,
તેના મતે પ્રકૃતિ કરે છે, જીવ અકારક સર્વ છે! ૩૪૦.
અથવા તું માને 'આતમા મારો કરે નિજ આત્મને',
તો એવું તુજ મંતવ્ય પણ મિથ્યા સ્વભાવ જ તુજ ખરે. ૩૪૧.
જીવ નિત્ય તેમ વળી અસંખ્યપ્રદેશી દર્શિત સમયમાં,
તેનાથી તેને હીન તેમ અધિક કરવો શક્ય ના. ૩૪૨.
વિસ્તારથીય જીવરૂપ જીવનું લોકમાત્ર જ છે ખરે,
શું તેથી તે હીન-અધિક બનતો? કેમ કરતો દ્રવ્યને? ૩૪૩.
માને તું—જ્ઞાયક ભાવ તો જ્ઞાનસ્વભાવે સ્થિત રહે',
તો એમ પણ આત્મા સ્વયં નિજ આતમાને નહિ કરે. ૩૪૪.

તેર ગાથા થઈ.

ટીકા. શું કહે છે? '(અહીં પૂર્વપક્ષ આ પ્રમાણે છે:) કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે,...' આત્મામાં જ્ઞાનનો જે અભાવ દેખાય છે એ કર્મને કારણે છે. નહિ?

મુમુક્ષુ :- જૈન લોકો તો એમ કહે છે.

ઉત્તર :- જૈન છે જ ક્યાં? જૈન... આહા..હા..! આત્મા જે વસ્તુ છે એમાં જ્ઞાનની હીણી દશા થાય છે એ જ્ઞાનાવરણીય કર્મને કારણે હીણી થાય છે એમ અજ્ઞાની કહે છે. અમરચંદજી!

આહા..હા..! આત્મા પોતાના પુરુષાર્થથી હીણી દશા કરી છે જ્ઞાનની. એમ નથી માનતા. આત્મા તો સચ્ચિદાનંદ સ્વરૂપ આનંદ અને જ્ઞાનનો પુંજ પ્રભુ એ પોતાની પર્યાય હીણી કરવામાં સ્વતંત્ર કર્તા છે. કર્મને કારણે જ્ઞાનમાં હીનતા આવે છે એ છે નહિ. કહો, આ મોટી ચર્ચા. એ છપાઈ ગયું છેને રેકોર્ડિંગ.

મુમુક્ષુ :- બધું થયું અને વયું ગયું.

ઉત્તર :- વયું ગયું. .. સ્થિતિની. આ ચીજ જ સાંભળવામાં મળે નહિ.

અહીં તો કહે છે કે આ આત્મા જે છે એ શરીર, વાણી, મન, પરદ્રવ્યનું તો કાંઈ કરતું જ નથી. આહા..હા..! કેમકે પરદ્રવ્ય સ્વતંત્ર ચીજ છે. તો એની પર્યાયનું કાર્ય આત્મા કરે એવું તો ત્રણ કાળમાં અજ્ઞાની પણ કરી શકતા નથી. હવે રહી અંદરમાં વિકારીદશા. જ્ઞાનની કમી, દર્શનની કમી, વીર્યની કમી, રાગ-દ્વેષની વિપરીતતા એ બધી ક્રિયાઓનો કર્તા કર્મ છે એમ અજ્ઞાની માને છે. પ્રશ્ન છેને? ભાઈ! આત્મા દ્રવ્ય છે એ શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે, તો પર્યાયમાં અશુદ્ધતા આવી ક્યાંથી? કહો, એવો પ્રશ્ન હતોને. હમણા પણ કોકનો પ્રશ્ન હતો. રાતે હતો કોઈનો પ્રશ્ન. કૈલાસચંદજી. કૈલાસચંદજી આવ્યા હતાને. પાલિતાણા ગયા. ઠીક. ભાઈની સાથે ગયા હશે. માણેકચંદજી. બધાનો પ્રશ્ન છે. અત્યારનો નહિ ઘણા વર્ષોથી. કે આ વસ્તુ જે ભગવાન આત્મા છે એ તો દ્રવ્યે તો શુદ્ધ છે, પવિત્ર છે અને એના ગુણ પણ શુદ્ધ અને પવિત્ર છે. સમજાણું કાંઈ? તો પર્યાયમાં અશુદ્ધતા, વિપરીતતા, મલિનતા આવી ક્યાંથી? એય..!

મુમુક્ષુ :- કોઈ એવી શક્તિ એણે કરી.

ઉત્તર :- બસ, એ કહે છે કે દ્રવ્ય વસ્તુ જે ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપી આનંદમૂર્તિ છે દ્રવ્ય અને ગુણ પણ પવિત્ર છે. તો પર્યાયમાં અશુદ્ધતા સંસારની દશા આવી ક્યાંથી? કહો, પંડિતજી! તો કહે છે કે એ સંસારદશા કર્મથી આવી. એમ અજ્ઞાની કહે છે. એ ખોટી વાત છે. સમજાણું કાંઈ?

'**(અહીં પૂર્વપક્ષ આ પ્રમાણે છે:) કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે,...**' જુઓ, '**કારણ કે જ્ઞાનાવરણ નામના કર્મના ઉદય વિના તેની (–અજ્ઞાનની) અનુપપત્તિ છે;...**' લ્યો, સિદ્ધમાં કેમ નથી વિકાર અને જ્ઞાનની હીનતા-કર્મ નથી. અહીંયાં તો કર્મ છે. તો કર્મને કારણે જ્ઞાનાવરણીય કર્મ નામ આવ્યું જુઓ, કે જ્ઞાનસ્વરૂપી પ્રભુ એનું આવરણ કરનાર તો જ્ઞાનાવરણીય કર્મ છે જડ. શાસ્ત્રમાં નથી લખ્યું? ગોમ્મટસારમાં લખ્યું છે કે જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે છે લ્યો. .. પોતાની પર્યાયને પર્યાયદૃષ્ટિવંત સ્વભાવની દૃષ્ટિથી ખાલી. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ દૃષ્ટિમાં તો આવ્યો નથી, માહાત્મ્ય કર્યું નહિ, માહાત્મ્ય લાવ્યો નથી તો એની દૃષ્ટિ પર્યાય ઉપર છે. આહા..હા..! અને પર્યાયમાં જ્ઞાનની હીણતા સ્વતંત્રપણે કર્તા થઈને હીનતા કરે છે. કર્મની નિમિત્તની અપેક્ષા બિલકુલ નથી. આહા..હા..! નિશ્ચયથી તો નિમિત્તની અપેક્ષા નથી. વ્યવહારથી

કહેવામાં આવે છે. નિમિત્તનું લક્ષ કરીને પોતામાં જ્ઞાનની હીનતા થાય છે. આહા..હા..! મોટી તકરાર આ કર્મના વાંધા. મોટા પંડિતોની વચ્ચે. કાશીના ભણેલા. એય..! પંડિતજી! બનારસના ભણેલા. બનારસના ભણેલા શું છે? આત્માની સાથે ભણતર તો છે નહિ. આહા..હા..!

અજ્ઞાન '**કર્મ જ...**' ભાષા એમ છેને જુઓ, '**કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે, કારણ કે જ્ઞાનાવરણ નામના કર્મના ઉદય વિના તેની (–અજ્ઞાનની) અનુપપત્તિ છે;...**' જ્ઞાનની હીણી દશા એ જ્ઞાનાવરણીય કર્મના ઉદય વિના હીણી દશા થાય? એની દલીલ છે. સુજાનમલજી!

મુમુક્ષુ :- આઠ પાંચશેરીની ભૂલ છે.

ઉત્તર :- આઠ પાંચશેરીની ભૂલ છે. એક બોલ આવ્યો અજ્ઞાનનો.

'**કર્મ જ...**' જુઓ, '**(આત્માને) જ્ઞાની કરે છે, કારણ કે જ્ઞાનાવરણ નામના કર્મના ક્ષયોપશમ વિના તેની અનુપપત્તિ છે;...**' જ્ઞાનાવરણીય કર્મ છે જેની પાસે એ કારણે એને જ્ઞાનનો વિકાસ થતો નથી. કહો, અમરચંદજી! શેઠ! તો બધાને કેમ યથાર્થ જ્ઞાન નથી? તો કોઈ કારણ હોવું જોઈએ કે નહિ? હમણા આવ્યો હતોનો એક માણસ. છોકરો આવ્યો હતોને અમદાવાદથી બાર વર્ષનો છોકરો છે ... એ બિચારાને ખબર નથી. ત્યાં એમ કે તમે વાયુ મટાડી શકો છો. કોક ઓલા આશ્રમ.. અહીં તો બધા ઢોંગ નાશ કરવાની વિદ્યા છે અહીં તો. વાયુ મટાડવાની વાત નથી.

મુમુક્ષુ :- આપ ભલે કહો પણ આપનું નામ ...

ઉત્તર :- શું કહે છે?

મુમુક્ષુ :- આપ ન માનો, પણ આપનું નામ લે ત્યાં રોગ મટી જાય.

ઉત્તર :- અહીં તો કહે છે..

મુમુક્ષુ :- નામ પણ ક્યાં...

ઉત્તર :- નામેય કોનું અને શરીર પણ કોનું? વાત શું?

અહીંયાં તો અજ્ઞાની એમ માને છે કે જ્ઞાનાવરણીય એક કર્મ છે. જેટલો એનો ક્ષયોપશમ હોય એટલું જ્ઞાન ઉઘડે છે. કર્મને કારણે છે. મિત્રસેનજી! કેમ સાંભળ્યું નથી તમે? ...માં સાંભળ્યું છે કે નહિ?

મુમુક્ષુ :- આમાં એમ જ કહે છે. પૂર્વપક્ષ એટલે અજ્ઞાની.

ઉત્તર :- પૂર્વપક્ષ અજ્ઞાનીનો .. આ તો. આહા..હા..! આ પ્રશ્ન તો બહુ ચાલતો હતો. હંસરાજભાઈ હતાને હંસરાજજી. એ ૮૧માં ગઢડે આવ્યા. દામાણી કરોડપતિ. ત્રણ, ચાર, પાંચ કરોડ છે. એના પિતા. આ રામજીભાઈ નહિ? રામજી હંસરાજજી ત્રણ ભાઈઓ હતાને? એ ગુજરી ગયા. નરભેરામભાઈ આવતા હતાને. એના બાપ ભગવાનજી વૃદ્ધાવસ્થા આવી. એના દીકરા પાસે દસેક લાખ રૂપિયા થયા ત્યારે ભણવા ગયા હતા. અત્યારે તો ચાર-પાંચ કરોડ થઈ ગયા. આ પુનમચંદજી ગુજરી ગયોને હમણા? એના દીકરા. એ એમ કહેતા હતા. ગઢડે આવ્યા

હતા ૮૧માં. જુઓ, મહારાજ! કે કર્મના ક્ષયોપશમ વિના જ્ઞાન થાય છે અને કર્મનું આવરણ છે તો આત્મામાં જ્ઞાનની હીણી દશા છે. આ શીખીને આવ્યા કીધું બનારસથી. એમ નથી. પોતાનો આત્મા આનંદમૂર્તિ અને જ્ઞાનસ્વભાવી ચીજ છે એવી જેને દૃષ્ટિ નથી એ પોતાના જ્ઞાનની હીણી દશા કરવામાં સ્વતંત્ર કર્તા થઈને અજ્ઞાની કરે છે. આહા..હા..! કર્મના નિમિત્તની અપેક્ષા વિના નિશ્ચયથી. સમજાણું કાંઈ? પોતાથી જ્ઞાનનો ક્ષયોપશમ કરે છે. જ્ઞાનમાં હીનાધિકતા થાય છે. કોઈનું સમ્યક્ જ્ઞાન, કોઈનું વિશેષજ્ઞાન એ કર્મને કારણે નહિ. સમજાણું કાંઈ?

લ્યો, **'વિના તેની અનુપપત્તિ છે;...'** જ્ઞાનના ક્ષયોપશમ વિના .. વિકાસ થાય છે. સાંભળતો ખરો. ક્ષયોપશમ છે તો એના ઘરમાં રહ્યો. પોતાની પર્યાયમાં જ્ઞાનનો વિકાસ તો પોતાના પુરુષાર્થથી કરે છે. સમજાણું કાંઈ? એમ કે બાર વર્ષનો છોકરો છે દસ અંક શીખ્યો છે. દસ અંક. શું? એકથી દસ. એક છોકરો બીજો હતો ૭૦માં. દશાશ્રીમાળીનો હતો. મજુરી કરતા હતા. અમે અપાસરામાં ગયા. ૭૦ની સાલ. ૬૦ વર્ષ થયા. એ મજુરી કરતા હતા. ... હતા. એલા તું કોણ છો કીધું. કોણ છો? દશાશ્રીમાળી વાણિયા. આ શું? .. મજુરી, ત્રણ આનામાં દાડીએ. ત્રણ આના. તે દિ' તો ત્રણ આના હતાને. એક દિવસના ત્રણ આના દાડીના. મજુરી કરે. એલા આ શું? હું દસ વર્ષથી મહારાજ ભણ્યો. શીખ્યો. સો આંકડા આવડતા હતા. એકથી સો. બસ. એલા આ શું? એ પોતાને કારણે. એ કર્મને કારણે નહિ. પહેલા વહેલા એ વાત જોઈ હતી લ્યો અમરેલી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા ઇ. એ ગામ ક્યું કીધું? દહીડા દહીડાનો હતો લ્યો. ૭૦ની વાત છે. ત્યારે એ કર્મ વિના એને ક્ષયોપશમ જ્ઞાન વિકાસ કરવાનો ભાવ નથી? જ્ઞાન વિકાસ કરવાની ભાવના અને સ્વભાવ તરફનું લક્ષ અથવા રાગની મંદતા કરે તો જ્ઞાનનો ક્ષયોપશમ થાય છે. પરને કારણે થતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! મોટો જૈનમાં આ મોટો ગોટો. બધા પંડિતથી માંડીને કર્મને લઈને થાય... કર્મને લઈને થાય... એક .. મોટો એલ.એલ.બી. એને આવ્યું શું કહેવાય એ મોટું? શિવલાલ પાનાચંદ. આઈ.સી. આઈ.સી. પદવી મોટી વઢવાણ-વઢવાણ. શિવલાલ પાનાચંદ. વઢવાણમાં હતાને. ત્રણ હજારનો પગાર માસિક. સી. આઈ. મોટી પદવી. આખો કપાટ વાંચે તો યાદ રહી જાય એવો ઉઘાડ હતો એનો. પણ એ તો જ્ઞાનાવરણીયનો એ જાતનો ક્ષયોપશમ કર્યો હતો તો એવું થયું. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થયો તો અહીંયાં એવો ક્ષયોપશમ છે એમ છે નહિ. ઇ અજ્ઞાનભાવે પણ એમ છે. આહા..હા..! એક વાત.

**'કર્મ જ સુવાડે છે,...'** અજ્ઞાની કહે છે કે અમને જે નિંદ્રા આવે છે એ કર્મને કારણે છે. નિંદ્રા-નિંદ્રા રાત્રે આવે છેને? ઉદય આવે તો અમે સૂઈ જઈએ. .. ઈશ્વરને કર્તા માને એ તો મોટી ખોટી વાત છે. એ તો છે જ નહિ. અહીં તો અજ્ઞાનપણે એ નિંદ્રા કરે છે એ નિંદ્રામાં પોતાની પર્યાયનું કારણ છે. કર્મનું કારણ છે નહિ. આહા..હા..! **'કર્મ જ સુવાડે છે, કારણ કે નિદ્રા નામના કર્મના**

**ઉદય વિના...'** ભાષાની દલીલ કેવી છે કે ઓલો ઉદય ન હોય અને નિંદ્રા આવી જાય એમ છે?

મુમુક્ષુ :- કેવળી ભગવાનને નથી એટલે ઉંઘ નથી આવતી.

ઉત્તર :- અરે..! પણ ઇ તો પોતાની પર્યાયથી પર્યાયના કારણે, કર્મને કારણે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! સત્યની ખબર જ નથી હજી. મારો પુરુષાર્થ નિંદ્રા કરવામાં ઉલટો છે તો નિંદ્રા આવે છે. સમજાણું કાંઈ? કર્મને કારણે નિંદ્રા નથી, કોઈ દિ' ત્રણ કાળમાં નથી. પરદ્રવ્ય શું કરે? અહીં તો આત્મા પરદ્રવ્યનો કર્તા નથી, પરદ્રવ્ય પોતાની પર્યાયનો કર્તા નથી. આત્માની પર્યાય કરતો નથી. એ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

**'કર્મ જ સુવાડે છે, કારણ કે નિદ્રા નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...'** એમ પૂર્વપક્ષ. અજ્ઞાનીનો એ પક્ષ છે. એ વાત સાચી છે નહિ. આવી ગયુંનેય **'કર્મ જ જગાડે છે,...'** નિંદ્રા કર્મનો ઉદય બંધ હોય તો તરત જાગી જાય. એવું દેખાય છે કે નહિ? એમ છે જ નહિ. તને ભાન નથી. તારી ઉંઘ ખુલી જાય એ તો તારા પુરુષાર્થથી એ જાતના વિકાસથી એ ખુલે છે. નિદ્રા નામનો કર્મ ખુલી ગયો, ઉઘાડ થયો તો જાગૃત થયો એમ છે નહિ. આહા..હા..! અહીંયાં તત્ત્વની દૃષ્ટિમાં ભૂલ શું છે એ બતાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'નિદ્રા નામના કર્મના ક્ષયોપશમ વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ સુખી કરે છે,...'** હવે આ આવ્યું. જુઓ, ભાઈ! કર્મની બળવત્તાથી સંયોગ અનુકૂળ મળે છે. પૈસા મળે પૈસા અને કલ્પનામાં સુખી થાય. એ સુખી માને છેને? પૈસા, આબરૂ, કીર્તિ. એય..! ચીમનભાઈ! પૈસાવાળા એમ માને છેને કે અમે સુખી છીએ.

મુમુક્ષુ :- આ તો માને છે પણ...

ઉત્તર :- માને છે. એય..! આહા..હા..! એમ કહે છે જુઓ, અજ્ઞાનીનો પ્રશ્ન છે. અજ્ઞાની પૂર્વપક્ષથી કહે છે કે કર્મ જ સુખી કરે છે. અમને સગવડતા મળે તો અમને સુખ થાય એ કર્મને કારણે છે. કહો, લાલજીભાઈ! નહિ? આ તો પૈસાવાળા સુખી નથી કરતા? પૈસાવાળા હોય તો પાંચ, પચ્ચીસ લાખ અને છોકરા સારા હોય, .. હોય. દીકરીના સારા ઘરે લગન કરે છે તો એ સુખી છે કે નહિ? એય..! કપુરચંદજી!

મુમુક્ષુ :- અન્યમતિ કહે છે.

ઉત્તર :- ના, અજ્ઞાની કહે છે અહીંયાં જૈનવાળા. જૈનવાળા અજ્ઞાની કહે છે. એવી મોટી દુકાન મળે. કહો, કેટલી દુકાન મોટી ચાલે લ્યો જયપુરમાં.

મુમુક્ષુ :- સૌ સૌના ભાગ્યથી.

ઉત્તર :- ભાગ્યથી. પણ ભાગ્યમાં સુખ છે કે નહિ?

મુમુક્ષુ :- એ તો ...

ઉત્તર :- ધૂળેય નથી. એ તો શાતા વેદનીય કર્મ એ શબ્દ છે જુઓ.

**'શાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...'** શાતાવેદનીય કર્મનો

ઉદય હોય, પૈસા મળે, સ્ત્રી અનુકૂળ મળે, મકાન મળે તો એ કર્મને કારણે અમને સુખ દેખાય છે. એમ પૂર્વપક્ષ છે અજ્ઞાનીનો. એ ખોટી વાત છે. એ શાતા ઉદયથી ચીજ મળે છે એ મને ઠીક છે એ માન્યતા અજ્ઞાની ઉભી કરે છે. કર્મને કારણે નહિ. સમજાણું કાંઈ? સુખી છે. એમ અમારે આવ્યા હતા એક ભાઈ. વઢવાણથી નહિ? અમારા વેવાઈ સુખી છે. કીધું સુખીની વ્યાખ્યા શું? ઓલા નાનાલાલ કાળીદાસ કરોડપતિ. એના વેવાઈ હતા મોહનલાલભાઈ. ચુડગર-ચુડગર. એ ઘણા વર્ષની વાત કહેતા. વેવાઈ બહુ સુખી. સુખની વ્યાખ્યા શું કીધું. સુખી શું કર્યું? એ પૈસા-બૈસાથી સુખી, દુકાન ચાલે સુખી ઝવેરાતની. એય..! બુંદેલ! આ તમારે છેને મકાન ત્યાં મોટા. પૈસા પેદા થાય ... અહીં વેપાર કરે આ.

મુમુક્ષુ :- પૈસાનું કામ છેને. ગમે તે રીતે આવે એનું શું કામ છે?

ઉત્તર :- અહીં તો કહે છે કે પૈસા મળવા એ શાતાવેદનીયને કારણે છે, પણ એમાં એમ માનવું કે હું સુખી છું. એ કર્મ કરાવે છે એવી વાત નથી. અજ્ઞાની મૂઢ માને છે કે અમે સુખી છીએ. આહા..હા..! બહુ દુ:ખી છે. નવરંગભાઈ!

એ **'શાતાવેદનીય નામના કર્મના ઉદય...'** જુઓ, પહેલા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, પછી શાતાવેદનીય લીધું છે. **'ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ દુ:ખી કરે છે,...'** આહા..હા..! હેરાન-હેરાન જુઓ. પ્રતાપ રાણા જેવો રાજા. સાંભળ્યું છે ઇ? ચિત્તોડ. ત્યાં અંદર .. ચડ્યા .. ઉપર ... મુસલમાન. નીકળી જાવું પડ્યું લ્યો. આકરા ઉદય.. દુ:ખી છેને ઇ? ત્યાં સુધી આવ્યું હતું. દીકરી હતી દીકરી. રાજા પિતા. રોટલો મળ્યો. રોટલી મળી હતી. તો અડધું ખાઈને અડધું દાટ્યું. .. વેલું. કુતરો આવીને ખાઈ ગયો. પછી રોવે. રાજાની દીકરી. કર્મને કારણે થયુંને એવું? ખોટી વાત છે. એ પ્રતિકૂળ આવ્યું એમાં માન્યું કે હું દુ:ખી છું. એ તો તારી વિપરીત દૃષ્ટિથી અને વિપરીત માન્યતાથી દુ:ખી છો. પ્રતિકૂળતાઓ દુ:ખનું કારણ છે અને દુ:ખ છે એમ છે નહિ. નિર્ધનતા, ગરીબતા રોગ શરીરમાં એ કોઈ દુ:ખનું કારણ નથી. એ તો સંયોગ છે. માને કે હું તો દુ:ખી છું. પચાસ આના અમારે .. ઉપજે છે અને આ ગૃહસ્થ લોકો પાંચ-પાંચ લાખ પેદા કરે છે તો એના પુણ્યના કારણે એ સ્થિતિ છે. એ વાતમાં એકેય દોકડો સાચો નથી. કેમ? ..લાલજી! આ તમે એકલા રહ્યા જુઓ. નહિ બાયડી, નહિ ઘર, નહિ મકાન, નહિ આબરૂ-કીર્તિ લ્યો. સુખી હશે?

મુમુક્ષુ :- પૂર્વના કર્મના ...

ઉત્તર :- આહા..હા..!

કહે છે **'કર્મ જ દુ:ખી કરે છે, કારણ કે અશાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...'** આહા..હા..! ભાઈ! અશાતાનો ઉદય આવે તો અમે દુ:ખી થઈએ. ખોટું છે. નરકમાં નારકીને અશાતાનો ઉદય તીવ્ર છે. સાતમી નરક. સમ્યગ્દૃષ્ટિ સુખ માને છે. હું આત્મા આનંદમૂર્તિ છું. એટલી પ્રતિકૂળતામાં એ પોતાને સુખી માને છે. કહો, સુજાનમલજી! આ તમે સુખી

નથી? એક હજાર-બારસોનો પગાર દીકરાને. આવો પિતાજી! પિતાજી! આમ કરો.

મુમુક્ષુ :- આકુળતા ...

ઉત્તર :- એ આકુળતા આત્મા કરે છે તો થાય છે. કોઈ કર્મ આકુળતા કરાવે એમ છે નહિ. આહા..હા..!

**'કર્મ જ મિથ્યાદષ્ટિ કરે છે,...'** જુઓ, **'કારણ કે મિથ્યાત્વકર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...'** વિપરીત માન્યતા અમને થાય છે, પુણ્યમાં સુખ છે, પાપમાં મજા છે, અનુકૂળતામાં હું સુખી છું, પ્રતિકૂળતા દુઃખી છે એવી જે માન્યતા કરે છે એ મિથ્યાત્વ કર્મના ઉદયથી થાય છે. એમ પૂર્વપક્ષ અજ્ઞાની દલીલ કરે છે. આ અજ્ઞાનીની દલીલ છે. આહા..હા..! **'કર્મ જ મિથ્યાદષ્ટિ કરે છે,...'** ભાઈ! આહા..હા..! શું કરીએ? અમારી શ્રદ્ધા વિપરીત કરવાનો ભાવ અમને થાય છે? એ તો દર્શનમોહનો ઉદય આવે છે તો અમારી દૃષ્ટિ વિપરીત થાય છે. એવી અજ્ઞાનીની દલીલ છે. એ ખોટી દલીલ છે. એ વિપરીત શ્રદ્ધા કરે છે કે પુણ્યમાં ધર્મ છે અને પાપમાં મજા છે, સગવડતા છે અમે સુખી છે અને અગવડતા છે તો દુઃખી છે અને પરને અમે સગવડતા આપી શકીએ છીએ, પરને અગવડતા આપી શકીએ છીએ એવી માન્યતા મિથ્યાદૃષ્ટિ સ્વયં કરે છે. કર્મ નહિ. આહા..હા..! કહો, પંડતિજી! શું શીખ્યું હતું અત્યાર સુધી?

મુમુક્ષુ :- ઉલટું શીખ્યા હતા.

ઉત્તર :- ઉલટું શીખ્યા હતા? આહા..હા..! મિથ્યાત્વ એમ જ કહેતા હતા ઓલા ત્યાં ઇડરમાં. ઓલા વિકાસચંદજી. જુઓ, એને કર્મ છે ... ઉપજ્યો.. કર્મ હોય એને વિકાર થાય જ. આ ઠીક છે આ બધાને શીખામણ આપવા આગળ આવે છે બહુ હોં. આ .. આવે અહીં. શાંતિથી વિચારો. તમારી ભૂલ છે. અમારે રત્ન પકડાઈ ગયું છે. ટોડરમલની ભૂલ છે, બનારસીદાસની ભૂલ છે, શ્રીમદ્‌ની ભૂલ છે, પંચાધ્યાયકારની ભૂલ છે. ચારની ભૂલ આવી છે. એમ કે ચોથે ગુણસ્થાને નિશ્ચય સમ્યગ્દર્શન થાય એ બધાની ભૂલ છે. ઠીક! વ્યવહારસમ્યક્ થાય છે એમ કહે. ચોથે, પાંચમે, છઠ્ઠે રતનચંદજી કહે છે. આહા..હા..! ભાઈ! આમ ને આમ અનાદિથી જૂઠું પકડીને કહે છે. કહે છે કે મિથ્યાત્વભાવ મિથ્યાત્વ કર્મના ઉદય વિના નથી થતું. અમને દર્શનમોહનો ઉદય આવે છે તો અમને વિપરીત માન્યતા થાય છે. ...લાલજી! ખોટું છેને? એ ખોટું છે. કર્મના ઉદયથી શું આવ્યું? એ તો જડ છે. તારી પર્યાય ચેતનની વિપરીત છે. આહા..હા..! ભારે ગડબડ અત્યારે. આ કર્મને બહાને તો મોટા માંધાતા જૂઠા થઈ જાય. આહા..હા..!

એ **'કર્મ જ અસંયમી કરે છે,...'** લ્યો, ભાઈ અવ્રત અને અસંયમના પરિણામ જે થાય છે આત્મામાં એ કર્મનો ઉદય, ચારિત્રમોહનો ઉદયથી પોતાથી જ થાય છે. એવી વાત નથી? અસંયમનું થવું તારી પર્યાયની ભૂલથી થાય છે. પરથી થતું નથી. આહા..હા..! શ્રીમદ્‌માં આવે છેને ઓલા તારા અપરાધથી તું દુઃખી છું. સંસારથી તારો અપરાધ એટલો કે પરને પોતાના માનવા

અને પોતાને ભૂલી જવું. સમજાણું કાંઈ? ટૂંકા શબ્દમાં શ્રીમદે. તારી ભૂલથી તારે સંસારમાં રખડવું પડે છે. તારી ભૂલ એટલી કે પરને પોતાના માનવા અને પોતાને ભૂલી જવું. હું આનંદસ્વરૂપ ભગવાન આત્મા ચિદાનંદ છું એમ ભૂલીને પરમાં ઠીક છે, પરમાં લાભ છે, પરથી નુકસાન નથી અને પરથી મારામાં નુકસાન અને પરથી મારામાં લાભ એવી માન્યતા તું કરે છો તો થાય છે. કર્મથી થતું નથી. જુઓ, અસંયમી થાય છે જુઓ. અચારિત્રવંત થાય છે. સંયમી પણ કર્મનો ઉદય આવે તો નીચે પડી જાય છે. શેઠ! છટ્ઠે ગુણસ્થાનેથી ચોથે આવી જાય.

મુમુક્ષુ :- મુનિ હોય.

ઉત્તર :- મુનિ હોય સંયમી.

મુમુક્ષુ :- સર્વાર્થસિદ્ધિમાં જાય.

ઉત્તર :- પણ એ તો પોતાની પર્યાયથી જાય છે. કાંઈ પરથી છે? આહા..હા..! છટ્ઠે ગુણસ્થાને મુનિ, સાતમે મુનિ દેહ છૂટે એટલે ચોથે જાય સર્વાર્થસિદ્ધ. પણ કર્મનો ઉદય આવ્યો તો ચોથું થયુંને? એમ નથી. આહા..હા..! કાંઈ ખબર ન મળે. જૈનને નામે કર્મને લઈને આમ થાય છે, કર્મને લઈને આમ થાય છે.

**'કર્મ જ અસંયમી કરે છે, કારણ કે ચારિત્રમોહ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...'** આહા..હા..! હવે **'કર્મ જ ઊર્ધ્વલોકમાં,...'** એ સ્વર્ગમાં લઈ જાય છે કર્મ. અમારે જાવું છે તો કર્મને કારણે ઊર્ધ્વલોક જાય છે. સ્વર્ગમાં જાય છે તો આનુપુર્વી કર્મ પ્રકૃતિ છે એ ઊર્ધ્વ લઈ જાય. દેવાનુપૂર્વી શું કહેવાય? દેવ ગતિ આનુપૂર્વી એ ઊર્ધ્વલોક લઈ જાય તો અમે જઈએ છીએ. ખોટી વાત છે. તારી પર્યાયની લાયકાતથી એમ થાય છે. કહો, સમજાય છે કાંઈ? કહો, અમુલખજી! આવી વાત સાચી હશે? આ બધા લાખો માણસ કહે. પંડિત. પુછો પંડિત સૌને. હા, જાય તો આત્માને કર્મનો ઉદય આવે તો જાવું પડે. કર્મનો ઉદય આવે તો નરકમાં જાવું પડે. શ્રેણિક રાજા નરકમાં ગયા. ગયા કે નહિ? ક્ષાયિક સમકિત હતા. તીર્થંકરગોત્ર બાંધે છે. પણ એવી પ્રકૃતિ નરકનો ઉદય આવ્યો તો નરકમાં જાવું પડ્યું. એમ અજ્ઞાની કહે છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! મોટી આ તકરાર જગતની. કર્મની મોટી તકરાર.

**'અધોલોકમાં...'** નરક. **'અને તિર્યંગ્લોકમાં...'** આ તિર્યંચની ગતિમાં જાવું પડે તિર્યંગ્લોકમાં તો કર્મના ઉદયથી જાવું પડે, નિગોદમાં જાવું પડે શું કરે? કર્મનો એવો ઉદય આવે તો. પોતે તો ધોયેલ મૂળા જેવો. ધોયેલ મૂળા જેવો. અમારે કાંઈ નહિ. એ તો કર્મને કારણે છે. મૂઢ છે. પોતાની પર્યાયમાં યોગ્યતા પોતાને કારણે છે તો ઊર્ધ્વલોક જાય છે. પોતાની પર્યાયમાં એવી યોગ્યતા હોય તો નરકમાં જાય છે અને પર્યાયમાં એવી યોગ્યતા હોય તો મનુષ્ય અને તિર્યંચની ગતિમાં જાય છે. પરને કારણે કાંઈ છે નહિ. પ્રવચનસારમાં નહિ પંચાસ્તિકાયમાં આવતું? નામકર્મની પ્રકૃતિ હણાઈને ... પંચાસ્તિકાયમાં આવે છે.

મુમુક્ષુ :- .....

ઉત્તર :- ઇ ભલે પછીનું આવ્યું, પણ પહેલું તો આ કીધુંને. એમ કહે. ત્યાં એમ કહે છે. નામકર્મની પ્રકૃતિનો ઉદય તો આત્માનો ઘાત કરે છે. પંચાસ્તિકાયમાં આવે છે.

મુમુક્ષુ :- પંચાસ્તિકાય તો કુંદકુંદાચાર્યનું છે.

ઉત્તર ;- કુંદકુંદાચાર્યની વાત છે.

મુમુક્ષુ :- .. સ્વયં કહે છે.

ઉત્તર :- સ્વયં કહે છે અને પછી સ્વયં કહે છે. એ તો નિમિત્તનું કથન છે. પછી કહ્યું કે કર્તા એ કરે છે તારો ભાવ. તો તે શું કર્યું? તારું કર્મ તો તારા પરિણામ એ તારું કર્મ છે. જડ એ તારું કર્મ જ નથી. એ તો જડનું છે. આહા..હા..! કાંઈ ખબર ન મળે અને માણસ કહે અમારે ધર્મ કરવો. કર્મ માર્ગ આપે તો ધર્મ થાય. એવી દૃષ્ટિ અજ્ઞાનીની અનાદિથી ચાલી આવે છે. આહા..હા..!

**'ભમાવે છે,...'** જુઓ, ત્રણ લોકમાં ભ્રમણ કરાવે છે. આત્મા તો પાંગળો છે. રતનચંદજીએ લખ્યું હતું પરમાત્મપ્રકાશમાં. પરમાત્મપ્રકાશમાં એમ છે કે આત્મા પાંગળો છે. કર્મ લઈ જાય તો જાય છે. એ તો સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ વાત છે. સ્વભાવમાં દૃષ્ટિમાં જાણ્યું કે આવો સ્વભાવ છે નહિ. એ વાત કરે છે. ઊર્ધ્વલોક આદિ ત્રણ લોક જ્યાં જવું હોય ત્યાં પોતાની પર્યાયથી જાય છે. પોતાની યોગ્યતા ભ્રમણ કરે છે. શું પરથી કરે છે કર્મથી? ખોટી વાત છે. આહા..હા..! જુઓ, દાખલો આપ્યો જુઓ. **'કારણ કે આનુપૂર્વી નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...'** જુઓ, ઊર્ધ્વલોકમાં, દેવગતિમાં આનુપૂર્વી હોય તો જાય છે. આ બળદ હોય છેને બળદ-બળદ. બળદમાં એ નાક નાખે છેને નાક? નાક સમજો છો? એ ખેંચે તો જાય. જેનીકોર ખેંચે ત્યાં જાય. ગાય અને કન્યા જ્યાં દોરે ત્યાં જાય નથી આવતું? આવે છે કે નહિ?

મુમુક્ષુ :- દીકરી અને ગાય દોરે ત્યાં જાય.

ઉત્તર :- ઇ. ઇ. દીકરી અને ગાય દોરે ત્યાં જાય.

મુમુક્ષુ :- એ બધું આજે ખોટું પડે.

ઉત્તર :- ખોટું? એક બાઈ કહેતી હતી બિચારી. .. હતી ત્યાં રાજકોટ. તમારા ગામમાં નહિ? રામજીભાઈ. .. ડાહ્યાભાઈની દીકરી હતી. એ ... ... તો રાજકોટમાં ત્યાં બહાર વ્યાખ્યાનમાં આવતા. એમાં કોઈએ કહ્યું કે અરે..! બહેન! તમારે તો બહુ સારું ઘર પીયરનું અને આ તમે ગામડામાં. આ તો તમે વિધવા અને દુઃખી થયા. ત્યારે એણે કીધું. એવું બોલતી હતી એ વખતે. ૮૯ની સાલ. સંવત્ ૧૯૮૯. એ કહેતી હતી બિચારી. મા-બાપ જન્મ આપે કાંઈ મા-બાપ કર્મ આપે? એમ કે વિધવા થયા, નાના ગામમાં. એ તો અમારા કારણે. કર્મને કારણે ઇ બાઈ કહેતી હતી. ગાંડી હતીને જરી. આ ૮૯ની વાત છે. બિચારાને કાંઈ ખબર ન મળે. મા-બાપ તો જન્મ આપે, પણ કર્મ આપે? એ તો જેવા આપણા કર્મ હોય એ પ્રમાણે આપણને નાના ગામડામાં મળે

અને વિધવા થયા. મા-બાપ સુખી છે. આહા..હા..! એ પણ બહારની પ્રતિકૂળતા એ દુઃખ જ નથી. એ તો કલ્પના માને છે કે અમે દુઃખી છીએ, વિધવા દુઃખી. વિધવા થાય ત્યારે કહે છેને દુઃખાણીને રોવે. મરે ત્યારે એમ કહે કે આ દુઃખાણી. દુઃખાણીનો અર્થ શું? પતિ મરી ગયો એમાં દુઃખ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? વિધવા કહે છેને? તમારે કહે છેને? .. હા ઇ. અમારામાં દુઃખાણી છે બાઈ. બે વર્ષના લગને મરી ગયો બિચારી દુઃખાણી. દુઃખની વ્યાખ્યા શું? પ્રતિકૂળ સંયોગો દુઃખ છે? તે માન્યું કે આ મને દુઃખ છે એ તો તારી કલ્પના છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એક બાઈ તો એમ કહેતી હતી એકવાર. ચુડામાં હતા દિવાળીબેન નહિ? ચુડા-ચુડા. એય..! દિવાળીબેન આવતા તમને ખબર છે? અપાસરાની પાછળ નહિ? ગોળિયા. ... એની દીકરી દિવાળી મહેતા. વિધવા બહુ નાની ઉંમરમાં. બહુ નાની ઉંમર. પણ એટલે ઇ કહેતા બિચારા સારું થયું કે આ નિવૃત્તિ મળી. નહિતર ધણી હોત તો આ નિવૃત્તિ ન મળત. ઇ દિવાળીબહેન હતા. આ તો ઘણા વર્ષની વાતું. ૭૮ પહેલાની વાત છે. એ વાત કરતા ડોશી. આ ધણી મરી ગયો તો નિવૃત્તિ મળી. જો ધણી હોત તો નિવૃત્તિ મળત જ નહિ. સારું થયું.

મુમુક્ષુ :- એ સારું નથી અને નરસું પણ નથી.

ઉત્તર :- પણ એ વખતે બિચારા... બીજા એમ કહેને કે તમે નાની ઉંમરના, ફલાણા ભાઈ. આ શિવલાલભાઈ નહિ? આ જયચંદભાઈ. જયચંદભાઈ નહિ જયંતિભાઈના સસરા. જયંતિભાઈ આ પુનમચંદ તમારા. વેવાઈ. એ જયચંદભાઈ .. ગયા હતાને .. જયચંદભાઈની બહેન. એ હતી શિવલાલભાઈને ત્યાં. તો શિવાલભાઈને ત્યાં એમ કે જો અમારે બહેન છે એ આમ કહે છે. અમે કાંઈ દુઃખીયા નથી. વિધવા થયા માટે દુઃખીયા અમને કહો એમ નહિ. ધર્મમાં સંપ્રદાયની દૃષ્ટિએ સામાયિક કરે, પોષા કરે, પડિક્કમણા કરે. અમને સારી નિવૃત્તિ મળી, ધણી હોય તો છોકરા થાય અને બાળક થાય અને ઉપાધિના પાર ન મળે. વળી છોકરાને સાચવવા અને વળી એના લગન કરવા એને નાનાથી મોટા કરવા. મારા પણ. એ તો કલ્પના છેને. આહા..હા..!

મુમુક્ષુ :- દુઃખ છે એ કલ્પના અને સુખ છે એ...

ઉત્તર :- એ બેય કલ્પના છે. એ કર્મને લઈને કલ્પના નહિ. પોતાના ઉલટા પુરુષાર્થથી ગતિ કરે છે તો એમ માને છે. આહા..હા..! કહો,

હવે '**બીજું પણ જે કાંઈ પણ જેટલું શુભ-અશુભ છે તે બધુંય કર્મ જ કરે છે,...**' લ્યો, આ શુભભાવ થાય છે તો એ પણ કર્મથી અને અશુભભાવ થાય છે એ પણ કર્મથી. આહા..હા..! એ પૂર્વપક્ષ અજ્ઞાનીની આ દલીલ છે. ખોટી વાત છે. બિલકુલ જૂઠી. કર્મ બિચારા કોણ? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' આવે છે? શિવલાલજી! શેમાં? હા ઇ. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતી પાઈ.' આહા..હા..!

મુમુક્ષુ :- બોલતા જાવ, કહેતા જાવ અને પાછા માનતા નથી.

ઉત્તર :- આમ બોલે પણ માને આમ. કાંઈ ઠેકાણા નહિ.

અહીંયાં તો કહે છે કે **'બીજું પણ જે કાંઈ પણ જેટલું શુભ-અશુભ છે...'** આહા..હા..! સમજાણું કાંઈ? **'તે બધુંય કર્મ જ કરે છે, કારણ કે પ્રશસ્ત-અપ્રશસ્ત રાગ નામના કર્મના ઉદય વિના...'** લ્યો જોયું? કર્મના પ્રશસ્ત રાગ મંદ હોય તો અમને શુભભાવ થાય છે. કર્મના તીવ્ર ભાવ હોય તો અમને અશુભ થાય છે. એ અજ્ઞાનીની દલીલ છે. લ્યો અહીં તો શુભ-અશુભભાવ બધામાં કર્મ છે એમ અજ્ઞાની માને છે. ધર્મી કહે છે કે શુભ અને અશુભભાવ તો અમારાથી થાય છે. અમે રાગની મંદતાના ભાવ થાય છે, તીવ્ર થાય તે અમારાથી થાય છે. કર્મથી કાંઈ થતા નથી. અહીં તો અજ્ઞાનપણે સિદ્ધ કરવું છેને? અરે..! જ્ઞાનીને પણ કર્તૃત્વબુદ્ધિ નથી. પણ જ્યાં સુધી રાગ અને રાગનું વેદન છે ત્યાં સુધી પરિણમનને કર્તા કહેવામાં આવે છે. એ નય-નય. ૪૭ નય. પરિણમન છેને એનું? ગણધર માને છે છઠ્ઠે ગુણસ્થાને. એ રાગ છે. ભગવાન પ્રત્યે વિનય આદિ રાગ છે. એ રાગ એ અમારું પરિણમન છે અને એ અમે ભોગવીએ છીએ. કોઈ જડ નથી ભોગવતા એ. પણ કર્તા-ભોક્તાનો સ્વામી નિશ્ચયથી નથી. દૃષ્ટિની અપેક્ષાએ, પણ જ્ઞાનની અપેક્ષાએ સ્વામી એ છે. આહા..હા..! ભારે! સમજાણું કાંઈ? જ્ઞાનની અપેક્ષાએ તો એને .. અધિષ્ઠાતા કહ્યો. એ અનંત ધર્મનો અધિષ્ઠાતા આત્મા છે. કર્તા, ભોક્તા આદિ નયનો અધિષ્ઠાતા આત્મા છે. પોતાની પર્યાયમાં કમી છે તો પરિણમન થાય છે. અને ભોક્તા પણ પોતાથી છે પરને કારણે છે નહિ. કર્તૃત્વબુદ્ધિથી નહિ, પણ પરિણમનમાં કમી છે ત્યાં સુધી તો મારું કાર્ય છે. આહા..હા..! કહો, ઘાસીલાલજી! આવો આકરો માર્ગ.

મુમુક્ષુ :- નયોનું સ્વરૂપ જાણ્યા વિના ગોટા ઉઠે.

ઉત્તર : ગોટા ઉઠે બધા. એક બાજુ કહે જ્ઞાની રાગનો કર્તા નથી. એ તો કર્તૃત્વબુદ્ધિથી કર્તા નથી, પણ નબળાઈને કારણે જેટલું પરિણમન છે એટલો તો કર્તા છે અને એટલો ભોક્તા પણ છે. આહા..હા..! ભારે માર્ગ ભાઈ!

મુમુક્ષુ :- બેય વાત બરાબર જાણવી જોઈએ.

ઉત્તર :- બેય વાત જાણવી જોઈએ. દૃષ્ટિ તો નિર્વિકલ્પ છે અને એનો વિષય નિર્વિકલ્પ છે. તો દૃષ્ટિમાં ભેદ નથી. એ કારણે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન ત્રિકાળને સ્વીકારે છે. તો એ અપેક્ષાએ, દૃષ્ટિના સ્વભાવની અપેક્ષાએ આત્મા રાગનો કર્તા-ભોક્તા છે નહિ.

મુમુક્ષુ :- ચારિત્રમાં?

ઉત્તર :- ચારિત્રની અપેક્ષાએ? આહા..હા..! ધર્મી, મુનિ છઠ્ઠે ગુણસ્થાને. અરે..! તીર્થંકર હોય. આહા..હા..! મુનિ હોય તીર્થંકર હોય ત્યાં સુધી તો. એને મહાવ્રતનો વિકલ્પ પ્રમાદ આવે છે તો ઝેર. આહા..હા..! એને કર્તા પરિણમન, ભોક્તા એને છે આરે..! ભારે વાત ભાઈ! એક ... બાંધોને કહે. ... દૃષ્ટિની અપેક્ષાએ જ્ઞાયકભાવથી આત્મા જ્ઞાયકનો, આનંદનો જ કર્તા છે. રાગનો

કરવાવાળો હું છું એવી બુદ્ધિ નથી. પણ પોતાની પર્યાયમાં રાગ અને દ્વેષ જેટલો કરે છે એને જાણે છે. જાણે છે. અજ્ઞાની તો એ માને છે કે અમારાથી એ ન થયું. એ બધું રાગનું કર્તા મંદ-તીવ્ર કર્મથી થાય છે. સમજાણું કાંઈ? ઓલામાં પણ આવે છેને પંચસંગ્રહ? છઠ્ઠા ગુણસ્થાને. છઠ્ઠા ગુણસ્થાનમાં કષાયની મંદતા છે. તીવ્રતા છે અને સાતમે મંદ. એ સંજ્વલનના તીવ્ર ઉદયને કારણે એ તીવ્રતા છે છટ્ઠે ગુણસ્થાને. એ વાત ખોટી છે. ત્યાં આવ્યું હતું. અધ્યાત્મ પંચસંગ્રહ. છઠ્ઠા ગુણસ્થાને સંજ્વલનની તીવ્રતા છે પ્રમાદે અને સંજ્વલન મંદ થાય તો સાતમું ગુણસ્થાન હોય છે. કારણ કે ખોટું બોલે છે. કર્મથી થાય એમ છે નહિ. આહા..હા..! એ નાખ્યું છે એણે. જોયું છે? ચેતનજી! નથી જોયું? વાત તો એવી છે. આ બાજુ છે. નીચે બીજે પાને. કે કર્મને કારણે સંજ્વલનની તીવ્રતાને કારણે છઠ્ઠું ગુણસ્થાને છે. અને કર્મ મંદ થાય તો સાતમું છે. મૂઢ છો તું. તારી પર્યાયની પુરુષાર્થની ખામી છે ઉલટી તો પ્રમાદ છે. પુરુષાર્થ ઉગ્ર છે તો મંદ ઉદય કહેવામાં આવે છે. એ મંદ તારી પર્યાયમાં મંદ થયો. મારે આહા..હા..! લોકોએ કેટલી વાત કરી છે ગૃહસ્થાશ્રમમાં રહે છે. દીપચંદજી અનુભવપ્રકાશ, ચૈતન્યવિલાસ, ચિદ્‌વિલાસ.

અહીંયાં તો કહે છે કે જેટલા શુભ-અશુભભાવ થાય છે એ પ્રશસ્ત-અપ્રશસ્ત કર્મના ઉદયને કારણે થાય છે. એમ અજ્ઞાનીનો પક્ષ છે. મૂઢ છે કહે. સાંખ્યમતિ જેવી તારી શ્રદ્ધા છે. વીતરાગમાર્ગ કહે છે એની તને ખબર નથી. આહા..હા..! **'એ રીતે બધુંય સ્વતંત્રપણે કર્મ જ કરે છે,...'** જુઓ, એવું કથન સિદ્ધ કરવું છેને? આત્મામાં વિકારી પર્યાય શુભ-અશુભ આદિ મિથ્યાત્વ અસંયમ, નિદ્રા, અનિંદ્રા આદિ સુખ-દુ:ખની કલ્પના બધું કર્મથી થાય છે એમ અજ્ઞાની માને છે. **'બધુંય સ્વતંત્રપણે કર્મ જ કરે છે, કર્મ જ આપે છે,...'** આહા..હા..! કહો, કર્મ પૈસા આપે, લક્ષ્મી આપે, શેઠાઈ આપે, પ્રમુખપણું આપે લ્યો મોટું. એય..! **'કર્મ જ આપે છે, કર્મ જ હરી લે છે,...'** લ્યો લક્ષ્મી આદિ વઈ જાય એ કર્મને કારણે જાય. પણ તારી યોગ્યતા જ નથી એટલું પૈસાની સમીપમાં રહેવું એ. આહા..હા..! ભારે વાત! તારી પર્યાયમાં જ એટલો સંયોગ-વિયોગની દશામાં (રહેવું તે) તારી પર્યાય તે કારણે એટલું છે. પરને કારણે છે નહિ.

**'કર્મ જ આપે છે,...'** આવે છેને સંપ્રદાન? દે આત્માને. **'કર્મ જ હરી લે છે,...'** આહા..હા..! ભિખારી બનાવી દે. રાજા હોય તો ઉઠાવી દે. રાજગાદીથી ઉઠાવે, ભિખારી બનાવે છે. બધું ખોટું છે. આહા..હા..! પોતાની પર્યાયમાં હીનતા આદિ થવી અને અધિકતા આદિ થાય એ પોતાને કારણે છે. કર્મ તો નિમિત્તમાત્ર ચીજ પર છે. એનાથી પોતામાં થાય તો બે દ્રવ્ય એક થઈ જાય છે. લ્યો, કર્મ જ આપે છે. **'તેથી અમે એમ નિશ્ચય કરીએ છીએ કે—સર્વે જીવો...'** બધા એકેન્દ્રિયથી માંડીને બધા. **'સદાય એકાંતે અકર્તા જ છે.'** બધા જીવો સદા એકાંતથી અકર્તા છે. કાંઈક સંસારની પર્યાય રાગ-દ્વેષ, મિથ્યાત્વ આદિનો એ કર્તા છે નહિ. એમ અજ્ઞાની નિર્ણય કરે છે. એ નિર્ણય એનો ખોટો છે એ વાત કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૯, મંગળવાર, તા.૦૭-૦૮-૧૯૭૩
## ગાથા-૩૩૨ થી ૩૪૪, પ્રવચન-૪૬૨

### પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ગાથા ચાલે છે ૧૩. અહીંયાં સુધી આવ્યું જુઓ, દલીલ આવી છે દલીલ પૂર્વપક્ષની. કે આ આત્મા જે છે આત્મા એમાં જે જ્ઞાનાવરણીય કર્મથી જ અજ્ઞાન થાય છે. પોતાની પર્યાયમાં જ્ઞાનની દશા હીણી થાય છે એ જ્ઞાનાવરણીય કર્મને કારણે થાય છે. એમ અજ્ઞાનીનો પક્ષ છે. અને એ જ્ઞાનાવરણીય કર્મ કાંઈ માર્ગ આપે એટલે કાંઈક ક્ષયોપશમ હોય તો આત્મામાં જ્ઞાન થાય છે. એ કર્મને કારણે આત્મામાં જ્ઞાનનો અભાવ અને કર્મને કારણે જ જ્ઞાનનો સદ્ભાવ એમ અજ્ઞાની માને છે. એમ છે નહિ. સમજાણું કાંઈ? પોતાની પર્યાયમાં જ્ઞાનની હીણીદશા પોતાથી થાય છે તો જ્ઞાનાવરણીય કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. આવી વાત છે. આહા..હા..! એ તો એમ કહે કે નહિ કર્મને કારણે પોતામાં જ્ઞાનનો વિકાસ કેમ ન થાય? કર્મ જ્ઞાનાવરણીયનું જોર છે તો વિકાસ નથી થતો.

મુમુક્ષુ :- ઠીક લાગે છે.

ઉત્તર :- ખોટું છે. ઠીક શું લાગે? કર્મ શું કરે બિચારા? ‘કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.’ કર્મ તો જડ છે, માટી છે. તો પોતાની પર્યાયમાં એનો તો અત્યંત અભાવ છે. કર્મનો પોતાની દશામાં અત્યંત અભાવ છે. તો પરચીજ કરે શું? પોતાની જ્ઞાનદશામાં હીણી દશા પોતાથી થાય છે. તો એ હીણીદશાને કરનાર આત્મા જ છે. કર્મ નહિ. આહા..હા..! એમ વિકાસ એમ દર્શનાવરણીય. નિંદ્રા કર્મના ઉદયે અમને નિંદ્રા આવે છે અને નિંદ્રા કર્મના ક્ષયોપશમથી અમને નિંદ્રા ઉડી જાય છે. એ પણ ખોટું છે. સમજાણું કાંઈ? પોતાની પર્યાયમાં પોતાના પ્રમાદથી નિંદ્રા આવે છે. નિંદ્રા કર્મને કારણે આવે છે એમ છે નહિ. આહા..હા..!

એમ વેદનીય. શાતા-અશાતાવેદનીયને કારણે અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો મળે છે અને એને કારણે અમને સુખ-દુઃખની કલ્પનાનો ભાવ કર્મને કારણે થાય છે. એમ અજ્ઞાનીનો પક્ષ છે. સમજાણું કાંઈ? એમ છે જ નહિ. શાતા-અશાતાનો ઉદય તો સંયોગ મળે. તો સંયોગમાં મને ઠીક છે, અઠીક છે. એવી કલ્પના થાય તે કર્મથી થતી નથી. પોતાના અપરાધથી થાય છે. કહો, ધન્નાલાલજી!

મુમુક્ષુ :- ભાન વિના કોણ અપરાધ કરે મહારાજ?

ઉત્તર :- અરે..! ભાન વિના જ કરે છે બધું. આહા..હા..! પોતાની પર્યાય અપરાધ બીજા ઉપર નાખી દે બહુ અન્યાય કરે છે. અન્યાય કરે છે એ. રાગ થાય છે. એ પુરુષાર્થસિદ્ધિ .. છે. .. એમાં જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ પણ અપરાધ છે એમ કહે છે. રાગ છેને? કહો, રાગ બંધાય તો રાગને ભલો માનવો? રાગ કરે છે જીવ, પણ એ ભલો છે એમ માનવું? આહા..હા..! બહુ ગડબડ! સત્ય વસ્તુ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહેલો માર્ગ બહુ ફેરફાર... ઘણો ફેરફાર કરી નાખ્યો લોકોએ. આજ મોટો લેખ છે. સોનગઢી લોકો અને સોનગઢને માનનારા. એય..! ..લાલજી!

મુમુક્ષુ :- શેમાં છે?

ઉત્તર :- સુમેરુચંદ .. દિવાકર. આ વાત તો બાવા અજ્ઞાની પણ કહે છે એમાં શું? કુંદકુંદાચાર્ય પણ પંચ મહાવ્રત પાળતા હતા. અને પંચ મહાવ્રત તો વિકલ્પ રાગ છે. રાગ પાળતા હતા કે રાગ થતો હતો? થતો હતો એને જ્ઞાની જાણતા હતા. સમજાણું કાંઈ? આહા..હા..! આત્મા રાગથી ભિન્ન એવું અંતરમાં સમ્યગ્દર્શન થયું હોય એ તો રાગની પર્યાયને દુઃખરૂપ અને હેય જાણે છે. સમજાણું કાંઈ? અહીં કહે છે કે શાતા-અશાતા કર્મને કારણે એમાં સુખ-દુઃખની કલ્પના એ કારણે થાય છે. એ ખોટું છે. સુખ-દુઃખની કલ્પના કરે છે એ અજ્ઞાની પોતાના અપરાધથી કરે છે. કર્મને કારણે નહિ. કર્મ તો જડ, માટી, ધૂળ, અજીવ છે. આહા..હા..! પછી મોહનીય કર્મ લીધો. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને મોહ લીધો. તો અમારા દર્શનમોહના ઉદયને કારણે મિથ્યાદૃષ્ટિ થાય છે. અમને મિથ્યાદૃષ્ટિ કરવાનો શું ભાવ છે? ..ચંદજી! એમ કહે છે.

મુમુક્ષુ :- ક્યારથી?

ઉત્તર :- અનાદિકાળથી.

મુમુક્ષુ :- ક્યાં સુધી કહેશે?

ઉત્તર :- જ્યાં સુધી અજ્ઞાન રહેશે ત્યાં સુધી. આહા..હા..! સમજાણું કાંઈ? તો મોહનીય કર્મને કારણે, દર્શનમોહને કારણે અમારે મિથ્યાદૃષ્ટિ થવું પડે. મિથ્યાદૃષ્ટિનું કાર્ય અમારું નથી. એ તો કર્મનું કાર્ય છે. એમ અજ્ઞાનીનો પક્ષ છે. સમજાણું કાંઈ? ખોટી વાત છે. આહા..હા..! પોતાની વિપરીત માન્યતાની પર્યાયનો કર્તા જીવ છે. કર્મ નથી. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' એ ભજનમાં આવે છે. ચંદ્રસ્વામી. ચંદ્રને? (ચંદ્રપ્રભુની સ્તુતિમાં) પૂજામાં આવે છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતી પાઈ.' એ તો આવે છે. ત્યાં બોલે અને અહીં પાછા ખોટું બોલે મારા. કે અમારામાં જે ભૂલ મિથ્યાદૃષ્ટિ થાય છે એ દર્શનમોહના ઉદયને કારણે. અને અમારામાં જે અસંયમ જે રહે છે અચારિત્રનો ભાવ એ ચારિત્રમોહના ઉદયથી થાય છે એમ અજ્ઞાની કહે છે. એમ છે નહિ. પોતાના અપરાધ અને ભૂલથી અચારિત્રના પરિણામ થાય છે. પરને કારણે નહિ.

મોહનીય લીધો, પછી ગતિ લીધી. **'ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં અને તિર્યંગ્લોકમાં ભમાવે છે,...'** તો નામકર્મની પ્રકૃતિ તેને ચાર ગતિમાં લઈ જાય છે. એમ અજ્ઞાની કહે છે. એમ છે નહિ. કર્મ તો નિમિત્તમાત્ર ચીજ જડ-પર છે. પોતાની પર્યાયમાં ચાર ગતિમાં જવાની લાયકાતનો ભાવ થાય એ કારણે ચાર ગતિમાં જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ગતિની વાત આવી. નામ. **'બીજું પણ જે કાંઈ પણ જેટલું શુભ-અશુભ છે તે બધુંય કર્મ જ કરે છે, કારણ કે પ્રશસ્ત-અપ્રશસ્ત રાગ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે.'** એમ અજ્ઞાની કહે છે. અમને તો પ્રશસ્ત રાગનો ઉદય હોય તો શુભભાવ થાય છે, અપ્રશસ્ત રાગનો ઉદય હોય તો અશુભ થાય છે. કર્મને કારણે શુભાશુભભાવ થાય છે. એવી અજ્ઞાનીની દલીલ ખોટી છે. સમજાણું કાંઈ? આ તો વીતરાગ સર્વજ્ઞદેવ પરમાત્માના મુખથી નીકળેલી આ વાણી છે. આહા..હા..!

પછી. **'એ રીતે બધુંય સ્વતંત્રપણે કર્મ જ કરે છે,...'** ત્યાં સુધી આવ્યું છે. **'કર્મ જ આપે છે,...'** એ અંતરાય લીધો. એક આયુષ્ય સાધારણ ગતિમાં .. ચાર ગતિ છેને? નામકર્મમાં આયુષ્ય આવી ગયો. બધુંય કીધુંને બધું આવી ગયું. આયુષ્ય કર્મને કારણે અમારે શરીરમાં રહેવું પડે છે. એ પણ ખોટી વાત છે. સુજાનમલજી!

મુમુક્ષુ :- વાત તો બરોબર છે, પણ ...

ઉત્તર :- આ શેઠિયાને ઉંઘ ન આવે તો ગોળી લે ત્યારે ઉંઘ આવે છે. એ તો પોતાના પ્રમાદને કારણે નિંદ્રા આવે છે. ગોળીથી પણ નહિ અને નિંદ્રા કર્મથી પણ નહિ. આહા..હા..! કેટલાય તો કેટલી ગોળી લે તોપણ ઉંઘ ન આવે. એય..! ચીમનભાઈ! આ એકદમ આ કેટલી ગોળી લે છે. ૧૫-૧૫, ૧૭ ગોળી. એ તો ભાઈ લેતો હતો આ મોહનભાઈનો દીકરો નહિ? વસંત. પણ બીજાનું એવું સાંભળ્યું હતું. ઉંઘ આવતી નથી. આટલી-આટલી ગોળી લે તોપણ. ગોળી શું કરે? એ તો જડ છે. નિંદ્રા આવવી કે ન આવવી એ તો પોતાના પુરુષાર્થને કારણે છે. સમજાણું કાંઈ? એવી વાત છે. કોક બીજા શેઠિયાને આવતી ન હતી. કેટલી ગોળીયું રાખે ત્યારે માંડ નિંદ્રા આવે. નિંદ આવે નહિ પાછી. આહા..હા..! આ ઉપાધિ બહુ કરતા હોયને સટ્ટાનો ધંધો. પુનમચંદ હા લ્યો તમારે ઇ. એ સાંભળ્યું હતું. એ વાત મગજમાં ... એય..! આ તમારો ભત્રીજો. એ પુનમચંદ છેને ભાઈ! એ. એના મોટા ભાઈનો દીકરો. ચાર કરોડ રૂપિયા છે. ઉંઘ આવતી નથી. કેટલી ગોળી લે ત્યારે ઉંઘ આવે છે. લ્યો દુ:ખી બિચારા. તમે કહ્યું મગજમાં ... પુનમચંદ. પુનમચંદ મલુપચંદ. એના મોટા ભાઈના દીકરા છે. આપણે ચંદુભાઈના બાપના મોટા ભાઈ એના દીકરા. ખીમચંદભાઈ એમના પિતાજી. .. એનાથી મોટા ભાઈ મલુપચંદ. આ ખીમચંદ નાના અને આ ત્રીજા. ચોથા ચીમનભાઈ અને પાંચમા મનસુખ. પાંચ-પાંચ છે. બેની પાસે તો ચાર-ચાર કરોડ, ત્રણ-ત્રણ કરોડ રૂપિયા બેની પાસે. પુનમચંદના મોટા ભાઈ છે ન્યાલભાઈ એ સ્વીત્ઝર્લેન્ડ રહે છે. એની પાસે ચાર કરોડ. દીકરો એકેય નથી. પણ એનું સાંભળ્યું નથી હોં આ ગોળીનું. એનું નથી સાંભળ્યું. એની વાત કરી.

આહા..હા..! એની આગળ જૈના વોચ દિલ્હી છેને એ? જૈના વોચ કંપની નહિ એ? દિલ્હીમાં છે પ્રેમચંદ નહિ? આ કંપની. આ કંપનીનું નામ લખ્યું છેને. જૈના વોચ એણે આ ભેટ આપ્યું છે. એ કહેતા હતા. એને પરિચય છેને ઘડિયાળનો નહિ? ઘડિયાળનો છેને? ઇ કહેતા હતા. આટલી ગોળી લે. આહા..હા..! હેરાન-હેરાન છે.

આ મજુરી મજુર કરે છે બિચારા ઓલામાં સુઈ જાય છે. શું કહેવાય ઇ મોટા? સડક ઉપર. મુંબઈ સડક ઉપર સુઇ જાય છે. હોય કાંઈ નહિ. એક ફેરી નીકળ્યા હતા તો આ સડક ઉપર સુવે. અહીં જ જન્મ દે. સંભાળતા હોય લોઢાનું બધું હોયને. પાણી નીકળવાનું મોટું એમાં ગરી જાય બાઈ પછી જન્મ દે. એમાં મોટા થાય અને લોઢાના મોડા ભુંગળા. અમે નીકળ્યા હતા ત્યાં એક ફેરી. સુમનભાઈએ વાત કરી લ્યો. પહેલા મુકવા આવ્યા હતાને પાછા? ત્યારે નીકળ્યા હતા. કહે આમાં ને આમાં જન્મે અને અહીં મરે. આ એના મકાન. એમાં ઉંઘ આવી જાય. જોડે મોટર નીકળી હોય તોપણ. શેઠ! અને આના મોટા પલંગ બબ્બે-ત્રણ ગાદલા નાખે તો ઉંઘ ન આવે. ફર્યાફર... ફર્યાફર... એમ કરે છે. એ તો નિદ્રા આવવાની પર્યાયમાં હોય તો આવે છે અને ન આવે તો કર્મને કારણે કાંઈ નથી. સમજાણું કાંઈ? દૂધપાક બહુ ખાય છેને? દૂધપાક, લાડવા તો એકદમ ઉંઘ આવી જાય તો એને કારણે આવે છે? દૂધપાક કહે છેને? ખીર. તમારે ખીર કહે છે. અમારે દૂધપાક કહે છે. એક શેર દૂધમાં એક તોલા ચોખા નાખે ચોખા એને દૂધપાક કહે છે. અને એક શેર દૂધમાં પાશેર ચોખા નાખે તો એને ખીર કહે છે. અમારે ખીર અને દૂધપાકમાં ફેર છે. એ દૂધપાક. એક મણ દૂધમાં એક શેર ચોખા. એને દૂધપાક કહે છે. અને અહીં એક મણમાં અંદર પાંચ શેર ચોખા નાખે ચાર શેર એને ખીર કહે છે. ઓલો દૂધપાક ખાય બહુ .. હોયને દૂધ તો ઉંઘ આવી જાય. એને કારણે આવે છે? ઘેન ચડે. એ બધું ખોટું છે. પરને કારણે પોતામાં થાય એ વાત સર્વથા જૂઠી છે. સમજાણું કાંઈ?

એ '**કર્મ જ આપે છે,...**' અંતરાય લીધો. '**કર્મ જ આપે છે,...**' જુઓ ભાઈ! અમને તો કર્મ પૈસા દે, સ્ત્રી, કુટુંબ આદિ બધાને. અને '**કર્મ હરિ લે છે,...**' લાભાંતરાયનો ઉદય હોય, ક્ષયોપશમ હોય તો પૈસા મળે, ક્ષયોપશમ ન હોય તો ... તો અંતરાયકર્મ, એ કર્મને કારણે બધું આવે છે. એમ છે જ નહિ. સમજાણું કાંઈ? '**તેથી અમે એમ નિશ્ચય કરીએ છીએ કે—સર્વે જીવો સદાય એકાંતે અકર્તા જ છે.**' અજ્ઞાની એમ કહે છે, ભાઈ! આત્મા તો અકર્તા છે. વિકાર કરતો નથી, સંસારનો ભાવ કરતો નથી, સુખ-દુ:ખને કરતો નથી. એ બધું કર્મથી થાય છે. વળી અજ્ઞાનીની દલીલ છે. '**વળી શ્રુતિ (ભગવાનની વાણી, શાસ્ત્ર) પણ એ જ અર્થને કહે છે;...**' દલીલ આપે છે. જયસેનાચાર્યમાં સાંખ્યમત કહે છે એ દલીલ હતી ભાઈ સાંખ્યમતની જયસેનાચાર્યની. અહીં તો ખાસ કહે છે કે ભગવાનની વાણી આવે છેને શાસ્ત્રમાં? '**કારણ કે, (તે શ્રુતિ) 'પુરુષવેદ નામનું કર્મ સ્ત્રીની અભિલાષા કરે છે...**' શાસ્ત્રમાં એમ આવે છે. પુરુષવેદની અભિલાષા સ્ત્રીને

જ ઇચ્છે છે. કહો, સમજાણું કાંઈ? શ્રુતિ, અભિલાષા કરે છે **'અને સ્રીવેદ નામનું કર્મ પુરુષની અભિલાષા કરે છે' એ વાક્યથી કર્મને જ કર્મની અભિલાષાના કર્તાપણાના સમર્થન વડે...'** આહા..હા..! એમ અજ્ઞાની કહે છે. એમ છે નહિ. વેદની વાસના ઉત્પન્ન કરવી એ તો તારો અપરાધ છે. કર્મ શું કરે? સમજાણું કાંઈ? આહા..હા..! તો અમારે તો **'જીવને અબ્રહ્મચર્યના કર્તાપણાનો નિષેધ કરે છે,...'** એમ અજ્ઞાની કહે છે. જુઓ, ભગવાનની વાણી એમ કહે છે. શાસ્ત્રમાં આવે એવું. પુરુષવેદના ઉદયથી સ્ત્રીની અભિલાષા થાય છે. એ નિમિત્તનું કથન છે. સ્ત્રીવેદના ઉદયથી પુરુષની અભિલાષા થાય એ તો નિમિત્તનું કથન છે. પોતે અભિલાષા કરે છે તો કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. પરથી કાંઈ થાતું નથી. ભારે ગડબડ! કર્મની તો ગડબડ ભારે. કર્મની અને આ વ્રત ને તપ ને આ અપવાસને એ શુભભાવ. એ કલ્યાણનું કારણ છે. કુંદકુંદાચાર્યે પણ એ પાળ્યા છે. એમ લખ્યું છે.

મુમુક્ષુ :- .. કોકને એમ થાય લખ્યું શું કામ?

ઉત્તર :- આહા..હા..! પણ એ તો શુભભાવ છે. શુભભાવ જણાવ્યો એને વિકલ્પ આવે છે. પણ એ વસ્તુધર્મ નથી. ધર્મ તો રાગ અને વિકલ્પથી જેટલો પોતાના આત્માને પૃથક્ કરે છે અને પોતાના આત્મામાં એકાગ્ર થાય એટલો ધર્મ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! અત્યારે તો બધું ઇ છે. વ્રત પાળો, વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, આમ કરો, દાન, દયા બધા નામ આપ્યા છે. દાન, દયા અને પૂજામાં પણ કલ્યાણ નથી માનતા. હવે દાન, દયા અને પૂજા એ તો શુભભાવ છે, પુણ્યબંધનું કારણ છે. વીતરાગમાર્ગમાં રાગ ધર્મનું કારણ છે? તો વીતરાગ ક્યાંથી થયો? સમજાણું કાંઈ?

અજ્ઞાની એમ દલીલ કરે છે કે શાસ્ત્રમાં એમ લખ્યું છે પુરુષવેદના ઉદયથી સ્ત્રીની અભિલાષા થાય છે. માટે અમારામાં કોઈ અબ્રહ્મચારી છે નહિ. અબ્રહ્મ ઉત્પન્ન થાય છે એ કર્મને કારણે છે. એવી અજ્ઞાનીની દલીલ છે. એમ નથી. તું અપરાધ કરે છો તો વિષયની વાસના થાય છે. પર શું કરે? સમજાણું કાંઈ? અપરાધ તું કર અને અપરાધ નાખ કર્મને માથે. આહા..હા..!

મુમુક્ષુ :- સારું કામ હોય તો કહે મેં કર્યું, ખરાબ હોય તો કે .. કર્યું.

ઉત્તર :- .. કર્યું. આહા..હા..!

**'અબ્રહ્મચર્યના કર્તાપણાનો નિષેધ કરે છે, તથા જે પરને હણે છે...'** એ અબ્રહ્મ અને બ્રહ્મની વાત લીધી. ચાર ગતિ... હવે કહે છે. હિંસાનું કહે છે. **'જે પરને હણે છે અને જે પરથી હણાય છે તે પરઘાતકર્મ છે'...'** જે નામકર્મમાં આવે છે પરઘાત નામની પ્રકૃતિ. એ પરઘાત પ્રકૃતિ પરને હણે અને ઉપઘાત પ્રકૃતિ હોય તો પરથી હણાવે. જૂઠું છે. હિંસા કરવાનો ભાવ તારો અને પરઘાતીએ હિંસા કરાવી. આ ક્યાંથી લાવ્યો? સમજાણું કાંઈ? હિંસા કરવાનો ભાવ તારો અને પરઘાત પ્રકૃતિને કારણે હિંસા થઈ. ખોટું છે. પ્રકૃતિ છે નામકર્મની. ૯૩ પ્રકૃતિ છેને એમાં એ ...

ઉપઘાત પ્રકૃતિ. એ હરણમાં આવે છેને મોટા શું કહેવાય ઇ? સાબર. મોટા શિંગડા હોય છે. તો પોતાના શિંગડા ભરાઈ જાય ક્યાંય. એ ઉપઘાત પ્રકૃતિ કહે છે અને પરાઘાત પોતાના શિંગડાથી બીજાને મારી નાખે એ પરાઘાત પ્રકૃતિ છે. એ તો પ્રકૃતિનું નિમિત્ત છે, ભાઈ! પણ હિંસાનો ભાવ કર્યો એનાથી હિંસા થઈ છે. એને ઇચ્છા થઈ એ મરી ગયો એ તારા કારણે નહિ અને જીવ્યો તે દયાનો ભાવ કર્યો માટે નહિ. પણ ભાવ તારો છે દયા અને હિંસાનો. એનાથી કાંઈ પરમાં થયું અને એ ભાવ પરથી થયો (એમ નથી). આહા..હા..! દયાનો ભાવ થાય તો પરની દયા પાળી શકે એમ નથી. એ તો પરદ્રવ્યની પર્યાય સ્વતંત્ર છે. અને હિંસાનો ભાવ થાય તો પરના આયુષ્યમાં દેહ છોડી દે એમ પણ નથી. અને હિંસા અને દયાનો ભાવ થાય તે કર્મને કારણે થાય એમ પણ નથી. આહા..હા..! ભારે તત્ત્વની દૃષ્ટિ! તત્ત્વની ખબર ન મળે. આહા..હા..!

**'તે પરઘાતકર્મ છે' એ વાક્યથી કર્મને જ કર્મના ઘાતનું કર્તાપણું હોવાના સમર્થન વડે જીવને ઘાતના કર્તાપણાનો નિષેધ કરે છે, અને એ રીતે (અબ્રહ્મચર્યના તથા ઘાતના કર્તાપણાના નિષેધ દ્વારા) જીવનું સર્વથા જ અકર્તાપણું જણાવે છે."'** અમને તો વીતરાગની વાણી જીવ રાગને કરતો નથી એમ બતાવે છે. જુઓ, આગમની દલીલ આપી છે. આગમનો આધાર લીધો. **'પુરુષવેદ નામનું કર્મ સ્ત્રીની અભિલાષા કરે છે...'** જુઓ, .. નહિ ફુલચંદજીને. ત્યાં કાંઈક છે લેખ. પુરુષ વેદના ઉદયને લઈને સ્ત્રીની ઇચ્છા એવું કાંઈક છે ફેર. ... છે. પણ આમાં છે. આચાર્ય કહે છે આત્મા...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઇ તો કહે છે. આ કાંઈક છે. અર્થમાં છે. કાઢ્યો છે?

અહીંયાં ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે આગમનો આધાર લઈને આત્માને પરનો કર્તા ઠીક નથી, પણ પરથી પોતામાં વિકાર કરે છે એમ આગમ કહે છે એવી દલીલ અજ્ઞાની કરે છે. આહા..હા..! આ રીતે સાંખ્યમતમાં પોતાની પ્રજ્ઞાના અપરાધથી. જુઓ, સૂત્રના અર્થને નહિ જાણનારા. ભગવાનની વાણીના અર્થોની જેને સમજ નથી. ઇ એવા અર્થ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાસ્ત્રનો કેવો અર્થ કરવો અને શાસ્ત્રમાંથી કેવું સત્ય કાઢવું એની ખબર નથી. ક્યાંથી ધર્મ થાય? વ્રત ને તપ ને કરીને મરી જાયને. આહા..હા..! એવું તો અનંતવાર કર્યું. વ્રત, તપ, શુક્લલેશ્યા. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો. પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એમાં શું કહ્યું? ભગવાન કહે છેને. ઠેકઠેકાણે કહે છે ભગવાન. પ્રવચનસારમાં અજ્ઞાની આવું કરે છતાં જ્ઞાની એક ક્ષણમાં કર્મને ખપાવી દે. અજ્ઞાની નથી ખપાવી શકતા. સમજાણું કાંઈ? પ્રવચનસારમાં છેને પાઠ. આહા..હા..! પાછળ ચરણાનુયોગમાં. આહા..હા..! આ તો મોટા ઝઘડા. જૈન નામ ધરાવીને કર્મથી અમારામાં વિકારાદિ થાય છે. મોટી વિપરીત દૃષ્ટિ. પરદ્રવ્યથી પોતામાં વિકાર થાય અને પોતાના વિકારથી પરમાં કાંઈ થાય એ બધી દૃષ્ટિ વિપરીત, વીતરાગમાર્ગથી

વિરૂદ્ધ છે. આહા..હા..! કાંઈ ખબર જ નથી. વાંચન નહિ, સાંભળવા મળે નહિ. આમ ને આમ. કરો ભક્તિ, ભગવાનની પૂજા કરો અને જાત્રા કરો જાવ કલ્યાણ.

મુમુક્ષુ :- પુણ્યબંધ થશે.

ઉત્તર :- પુણ્યબંધ થશે. આ તો પુણ્યબંધ છે. એમાં અબંધ પરિણામ ક્યાંથી આવ્યા? સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ. જાત્રા સમ્મેદશિખરની. 'એકવાર વંદે જો કોઈ.' આવે છે કે નહિ? ...લાલજી! શું આવે છે? 'એકવાર વંદે જો કોઈ તાહી નરક-પશુ ન હોઈ.' જ્ઞાનચંદજી! .. 'એકવાર વંદે જો કોઈ...' સમ્મેદશિખર 'નરક-પશુ ન હોઈ.' હવે નરક, પશુ ન હોય તો ત્રીજે ભવે જશે. સમજાણું કાંઈ? શુભભાવથી સંસારનો નાશ થાય છે એમ ત્રણ કાળમાં નથી. શુભભાવ સંસાર છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ શુભભાવ થાય છે પોતાથી, પણ છે શુભભાવ બંધનું કારણ. આહા..હા..! ભારે ગડબડ અરે..! ... હવે એને તો આ બધા ગુનેગાર થઈ ગયા એવું છે. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં મળ્યા હતા એના ગામમાં. ... ઘરે લઈ ગયા હતા. એના બાપ માંદા હતા તો મંગળિક સંભળાવા.

મુમુક્ષુ :- એ વખતે તો ઠીક હતું.

ઉત્તર :- એ કાંઈ નહોતું. એ વખતે પણ ખોટું પણ ઓલું... પછી તો જયપુર પણ આવ્યા હતા. જયપુર અમે હતાને પહેલા ત્યાં આવ્યા હતા. જ્યાં ઉતર્યા ત્યાં. પણ કાંઈ બોલે નહિ. બોલે નહિ. આહા..હા..! અરેરે..! પોતાનો ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણાનંદ શુદ્ધસ્વરૂપ એનો આશ્રય લીધા વિના ધર્મ ત્રણ કાળમાં થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો પૂજા, ભક્તિ આદિ વ્રત તો પરને આશ્રયે છે. એ કહ્યું નથી? આવ્યું છે આપણે આત્મધર્મમાં. ભાવપાહુડની ૮૩ ગાથા. છે અહીંયાં? નથી? લાવોને એ ભાવપાહુડ. ભાવપાહુડની ૮૩ ગાથા. ૮૦ અને ૩. એમાં આવ્યું છે. ઘણીવાર નીકળી છે. અહીં તો ૩૯ વર્ષથી ચાલે છે. આત્મધર્મમાં ઘણું આવ્યું છે. ત્યાં લખ્યું છે જુઓ કુંદકુંદાચાર્ય.

**पूजादिषु व्रतसहितं पुण्य हिं जिनैः शासने भणितम्।**
**मोहक्षोभविहिनः परिणामः आत्मनः धर्मः।।८३।।**

મૂળપાઠ. **'જિનશાસનમાં જિનેન્દ્રદેવે આ પ્રકારે કહ્યું છે કે--પૂજા આદિકમાં અને વ્રત સહિત હોવું એ તો પુણ્ય જ છે...'** કહો, હીરાલાલજી! ક્યાં ગયા ચેતનજી? ચંદુલાલજી! તમારી પાછળ બેઠા છેને. આ બેઠા છે. આત્મધર્મમાં લીધું છે. હોય, અશુભથી બચવા ભાવ થાય, પણ છે એ પુણ્ય. જૈનશાસન વિષે લખ્યું છે. **"જિનશાસનમાં જિનેન્દ્રદેવે આ પ્રકારે કહ્યું છે કે--પૂજા આદિકમાં અને વ્રત સહિત હોવું એ તો પુણ્ય જ છે અને મોહના ક્ષોભથી રહિત જે આત્માના**

**પરિણામ તે ધર્મ છે.'** '**લૌકિકજન તથા અન્ય મતિ કહે છે...**' એ ભાઈએ લખ્યું છે. જયચંદ પંડિત અર્થ કરે છે. '**લૌકિકજન તથા અન્ય મતિ કહે છે કે જે પૂજા આદિક શુભક્રિયા અને વ્રતક્રિયા સહિત છે તે જિનધર્મ છે,....**' અજ્ઞાની કહે છે. '**પરંતુ એવું નથી,...**' ભીખાભાઈ! '**જિનમતમાં જિનેન્દ્ર ભગવાને આ પ્રકારે કહ્યું છે કે-પૂજા આદિકમાં અને વ્રત સહિત હોવું તે તો પુણ્ય છે. તેમાં પૂજા અને આદિક શબ્દથી ભક્તિ, વંદના, વૈયાવૃત્ય વગેરે સમજવાં.**' એ બધું પુણ્ય છે. સમજાણું કાંઈ? ભાવપાહુડની ૮૩ ગાથા. ૮૦ અને ૩. '**આ તો દેવ-ગુરુ-શાસ્ત્ર માટે હોય છે...**' પૂજા, ભક્તિ તો દેવ-ગુરુ-શાસ્ત્રના લક્ષે અને એને કારણે હોય છે. તો પરને આશ્રયે થાય તો પુણ્ય છે. આહા..હા..! પોતાનો આત્મા પરમાનંદ અને જ્ઞાનનો સમુદ્ર એના આશ્રયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ધર્મ પરિણમે છે. એ સિવાય કિંચિત્‌માત્ર પરને આશ્રયે ધર્મ થાય એ જૈનશાસનમાં છે નહિ. તો જૈનશાસન સિવાય બીજે તો ક્યાંય છે નહિ. આહા..હા..! આ આત્મધર્મમાં આવી ગયું છે. '**અને ઉપવાસ આદિક વ્રત છે તે શુભક્રિયા છે. તેમાં આત્માના રાગસહિત શુભ પરિણામ છે, તેનાથી પુણ્યકર્મ થાય છે. તે માટે તેને પુણ્ય કહે છે. તેનું ફળ સ્વર્ગાદિક ભોગોની પ્રાપ્તિ છે.**' સ્વર્ગાદિ ભોગની પ્રાપ્તિ છે, આત્માની પ્રાપ્તિ નથી. કહો, સમજાણું કાંઈ? શ્રદ્ધાના ઠેકાણા નથી હજી તો અને થઈ ગયા વ્રત ને તપ ને ... આહા..હા..! એ આત્મધર્મમાં આવી ગયું છે.

કહે છે ભગવાન હવે કહે છે આચાર્ય. અરે..! આવું માનનારો પોતામાં જે ભાવ થાય છે વિકારી એ કર્મને કારણે થાય છે. એમ '**(આચાર્યદેવ કહે છે કે :—) આ પ્રમાણે આવા સાંખ્યમતને, પોતાની પ્રજ્ઞાના (બુદ્ધિના) અપરાધથી સૂત્રના અર્થને નહિ જાણનારા...**' આહા..હા..! સમજાણું કાંઈ? આવા પુણ્યથી, શુભભાવથી ધર્મ થાય છે એ પણ સૂત્રના અર્થને જાણતા નથી. આહા..હા..! '**કેટલાક શ્રમણાભાસો પ્રરૂપે છે;...**' જુઓ, એવા સાધુ નામ ધરાવીને. છેને નીચે? '**મુનિના ગુણો નહિ હોવા છતાં પોતાને મુનિ કહેવડાવનારા**' એવી પ્રરૂપણા કરે છે એવો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ખુલ્લી વાત છે. બિલકુલ ખુલ્લી.

ઉત્તર :- આમાં ક્યાં ગુપ્ત છે? વીતરાગમાર્ગ તો આવો પોકાર કરે છે. કેવળી, સંતો, મુનિઓ, સમકિતીઓ તો આવો પોકાર કરે છે. આહા..હા..!

'**શ્રમણાભાસો પ્રરૂપે છે; તેમની, એકાંતે પ્રકૃતિના કર્તાપણાની માન્યતાથી, સમસ્ત જીવોને એકાંતે અકર્તાપણું આવી પડે છે...**' તો તો સર્વ જીવો રાગ અને સંસાર અને વિકારના કર્તા નથી એમ આવે છે. '**શ્રમણાભાસો પ્રરૂપે છે; તેમની, એકાંતે પ્રકૃતિના કર્તાપણાની માન્યતાથી, સમસ્ત જીવોને એકાંતે અકર્તાપણું આવી પડે છે તેથી જીવ કર્તા છે' એવી જે શ્રુતિ...**' છે. ભગવાનની વાણીમાં તો એ આવ્યું. જીવ કર્તા છે અને તું કર્તા ના પાડે છે તો કર્તા કેમ સિદ્ધ થશે?

આહા..હા..! સમજાણું કાંઈ? 'અપને કો આપ ભૂલ કે હેરાન હો ગયા.' એ કાંઈ પરને કારણે નથી. આહા..હા..! અરે..! સત્ય વાત સાંભળવા ન મળે શું કરે? એમ અનાદિકાળથી મિથ્યાદૃષ્ટિ ભ્રમણ કરે છે. એવી **'માન્યતાથી, સમસ્ત જીવોને એકાંતે અકર્તાપણું આવી પડે છે તેથી જીવ કર્તા છે' એવી જે શ્રુતિ...'** ભગવાનની વાણી **'તેનો કોપ ટાળવો અશક્ય થાય છે...'** વીતરાગની વાણીનો અપરાધ થાય છે. તું જીવને અકર્તા માને છો. અહીં તો કહે છે કે અજ્ઞાની જ્યાં સુધી છે ત્યાં સુધી વિકારનો કર્તા આત્મા જ છે. એવી કર્તાબુદ્ધિનો અભાવ થઈ જાય છે, જિનવાણીનો અપરાધ થાય છે. સમજાણું કાંઈ? જ્યાં સુધી અજ્ઞાન છે અર્થાત્ પર્યાયબુદ્ધિ છે ત્યાં સુધી વિકારનો કર્તા આત્મા જ છે અને જ્યારે રાગથી ભિન્ન પોતનો ચૈતન્ય મૂર્તિ ભગવાન એનું અંતર બોધ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન થયું ત્યારથી તો રાગનો કર્તા નથી, રાગને જાણનારો છે. કહો, સમજાણું કાંઈ?

ચૈતન્ય સ્વભાવ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ થઈ ત્યારે તો સ્વભાવનો કર્તા થાય છે એ તો. રાગ થાય છે, પણ એને તો જાણે છે કે છે. છ દ્રવ્ય જગતમાં છે એમ આ પણ છે. પણ એ સ્વભાવની દૃષ્ટિ થાય ત્યારે. પણ સ્વભાવની દૃષ્ટિ વિના જ્યાં સુધી પર્યાયની દૃષ્ટિ અંશ ઉપર, રાગ ઉપર હોય છે ત્યાં સુધી તો રાગનો કર્તા, સંસારનો કર્તા, ઉદયભાવનો કર્તા આત્મા જ છે. સમજાણું કાંઈ? એ **'તેનો કોપ ટાળવો અશક્ય થાય છે...'** ભગવાનની વાણીની વિરાધના થાય છે. આહા..હા..! છે મિથ્યાદૃષ્ટિ. પુણ્યથી ધર્મ માનનારો, પાપમાં સુખ માનનારો, પરને કરી શકું છું, પરથી મારામાં લાભ થાય છે એવી દૃષ્ટિ તો મિથ્યાત્વ છે અને કહે છે કે અમે અપરાધ નથી કરતા એ અપરાધ કર્મ કરાવે છે. તો કથંચિત્ કર્તા ભગવાનની વાણી કહે છે એ કર્તાપણું તો રહ્યું નહિ. આત્મા કથંચિત્ કર્તા અજ્ઞાનભાવે છે. આહા..હા..! જ્ઞાનસ્વભાવનું ભાન થતાં તો કર્તા-ફર્તા ઉડી જાય છે. વસ્તુમાં શું છે? જ્યાં સુધી પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ, અંશબુદ્ધિમાં પડ્યો છે ત્યાં સુધી તો વિકારનો કર્તા જીવ જ છે. એવી કર્તાબુદ્ધિ ભગવાનની વાણીમાં આવી. એ ના પાડે છે કે નહિ, આત્મા તો સર્વથા અકર્તા છે. ભગવાન કહે છે કે કર્તા છેને? તો કેમ તું સમાધાન કરીશ?

**'તેનો કોપ ટાળવો અશક્ય થાય છે વળી, 'કર્મ આત્માના અજ્ઞાનાદિ સર્વ ભાવોને—કે જેઓ પર્યાયરૂપ છે તેમને—કરે છે,...'** હવે અજ્ઞાનીની દલીલ બીજી છે કે ભગવાન એમ કહે છે કે વિકારનો કર્તા આત્મા છે. ઓલા કર્તા છે. તો કર્તાની વ્યાખ્યા એવી કરે છે કે અજ્ઞાન, રાગ-દ્વેષ આદિ પરિણામનો કર્તા કર્મ. છે? જીવ **'આત્માને જ એકને દ્રવ્યરૂપને કરે છે...'** આ કર્તા ઠરાવ્યો. ભગવાનની વાણી કહે છે કે અજ્ઞાનભાવથી જીવ કર્તા કથંચિત્ છે. એમ કહ્યું તો વીતરાગની વાણીનો વિરોધ થયો. કહે નહિ વિરોધ નથી. કેમ? કે અમે કહીએ છીએ કે અજ્ઞાન જ્ઞાનનો ક્ષયોપશમ, રાગ-દ્વેષ ભાવ, પુણ્ય-પાપના ભાવ, મિથ્યાત્વભાવ એ ભાવનો કર્તા કર્મ. આત્મા દ્રવ્ય જે વસ્તુ છે એનો કર્તા આત્મા. પર્યાયનો કર્તા પર, દ્રવ્યનો કર્તા હું. લ્યો કથંચિત્ કર્તા આવી ગયું.

મુમુક્ષુ :- હવે વાણીનો કોપ નહિ રહે.

ઉત્તર :- આહા..હા..! સમજાણું કાંઈ? એમ અજ્ઞાની કહે છે. કર્તા છેને? ભગવાને કહ્યું છે. તો અમે કહીએ છીએ કે આત્મા આત્માને કરે. આત્માનો વિકાર સંસારભાવ કર્મ કરે. લ્યો આવી ગયો કર્તા. આહા..હા..!

મુમુક્ષુ :- આત્મા કરે નહિ એ મંતવ્ય નિશ્ચયનયતણું.

ઉત્તર :- આવી ગયું. ૮૩માં આવી ગયુંને.

મુમુક્ષુ :- આત્મા નિજને જ કરે છે.

ઉત્તર :- એમાં ક્યાં કહ્યું પણ ઇ? આત્માની પર્યાયને કરે છે. ત્યાં ૮૩ ગાથામાં એ આવ્યું. પોતાનો શુદ્ધસ્વભાવ પરિણામ મોક્ષ-ક્ષોભરહિત આત્મા કર્તા સમ્યગ્દર્શનમાં છે. આત્મા દ્રવ્યને કરે એ ક્યાં આવ્યું? દ્રવ્ય કરે કોણ? દ્રવ્ય તો અનાદિ છે.

મુમુક્ષુ :- ભાઈ નવું કરવું છે...

ઉત્તર :- જે કોઈ પર્યાય બદલે છે એમાં કર્તૃત્વ થાય છે. ત્રિકાળ ચીજમાં કર્તૃત્વ કેવું? એ તો ત્રિકાળ છે. સમજાણું કાંઈ? ૮૩મી ગાથામાં તો એ કહ્યું છે કે રાગનો પુણ્યનો કર્તા આત્મા નથી. એ મોહ, ક્ષોભ રહિત પરિણામનો કર્તા આત્મા છે. એ પર્યાયનો કર્તા આત્મા છે. પણ નિર્મળ પર્યાય. સ્વભાવની દૃષ્ટિ થઈ તો નિર્મળ પર્યાયનો કર્તા આત્મા છે. સમજાણું કાંઈ? અને જ્યાં સુધી અજ્ઞાન છે ત્યારે વિભાવનો કર્તા આત્મા છે. બેય આત્મામાં એવું લાગુ પડે છે. આણે વળી સમાધાન કર્યું. ... શું કહ્યું? કે અમને તો પર્યાયરૂપ છે કે આત્માને એકને દ્રવ્યરૂપ કરે છે. પર્યાય તો જેટલી વિકારી છે એ બધાનો કર્તા કર્મ. ભગવાન કહે છે કે આત્મા કર્તા છેને કથંચિત્? તો આત્મા આત્માનો કર્તા છે દ્રવ્યનો. લ્યો. દ્રવ્યને શું કરે? કર્તૃત્વ પર્યાયમાં થાય છે, દ્રવ્ય તો ત્રિકાળી છે. ત્રિકાળીને કરે કોણ? આહા..હા..!

**'એકને દ્રવ્યરૂપને કરે છે માટે જીવ કર્તા છે; એ રીતે શ્રુતિનો કોપ થતો નથી'—એવો જે અભિપ્રાય છે તે મિથ્યા જ છે.'** એનો ખુલાસો કરે છે. **'જીવ તો દ્રવ્યરૂપે નિત્ય છે,...'** વસ્તુ તો નિત્ય છે. નિત્યમાં કરવું ક્યાંથી આવે? એમ કે જીવ દ્રવ્યનો કર્તા આત્મા અને વિકારનો કર્તા કર્મ. દ્રવ્ય તો નિત્ય છે. નિત્યમાં કર્તૃત્વ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? ન્યાયથી તો દલીલ કરી છે. **'જીવ તો દ્રવ્યરૂપે નિત્ય છે, અસંખ્યાત-પ્રદેશી છે...'** અસંખ્યાત પ્રદેશી છે. કહો, સમજાણું કાંઈ? શું કહ્યું? અજ્ઞાનીએ કર્તૃત્વ વીતરાગ કહે છે તો એમ લગાવ્યું કે આત્મદ્રવ્ય વસ્તુને આત્મા કરે અને વિકારી પર્યાયને કર્મ કરે. લ્યો આ કર્તા આવી ગયું. આચાર્ય મહારાજ કહે છે કે તારી દલીલ જૂઠી છે. કેમ? કે **'જીવ તો દ્રવ્યરૂપે નિત્ય છે,...'** એક વાત. **'અસંખ્યાત-પ્રદેશી છે...'** ક્ષેત્રથી. એ તો અનાદિ-અનંત છે. અસંખ્ય પ્રદેશ છે એમાં તો અનંત નાખ્યું. દ્રવ્યને શું કરવું? ક્ષેત્રને કરવું શું? સમજાણું કાંઈ? **'અને લોકપરિમાણ છે.'** જેટલા લોકના આકાશના પ્રદેશ છે એટલા એક જીવના અસંખ્ય પ્રદેશ છે. તો અસંખ્ય પ્રદેશમાં કરવું શું? ઘટાડવું શું? વૃદ્ધિ શું કરવી? એમાં તો થતું જ

નથી. આહા..હા..! ઝીણી વાત છે.

મુમુક્ષુ :- સાંખ્યમતિ...

ઉત્તર :- આહા..હા..!

**'જીવ તો દ્રવ્યરૂપે નિત્ય છે, અસંખ્યાત-પ્રદેશી છે અને લોકપરિમાણ છે. તેમાં પ્રથમ, નિત્યનું કાર્યપણું બની શકતું નથી,...'** નિત્ય વસ્તુમાં કરવું હોઈ શકે નહિ. છે એને કરવું શું? પર્યાય થાય છે, બદલતી દશામાં કરવું આવે છે. **'નિત્યનું કાર્યપણું બની શકતું નથી, કારણ કે કર્તૃત્વપણાને અને નિત્યપણાને એકપણાનો વિરોધ છે.'** શું કહે છે? કાર્યપણું અને નિત્યપણું બેમાં વિરોધ છે. કરવાપણું અને નિત્યપણું બે વિરોધ છે. નિત્યમાં કરવાપણું હોય નહિ અને કરવાપણું છે તે પર્યાયમાં છે. આહા..હા..! પર્યાયમાં તો કર્તાપણું તેં ઉડાડી દીધું. એ તો બધું કર્મથી થાય છે. દ્રવ્યનો કર્તા આત્મા છે. તો દ્રવ્યને શું કરે? એ તો નિત્ય છે. નિત્યમાં કરવું શું? આહા..હા..! આચાર્યોએ કેટલી દલીલ કરી! ઓહો..હો..! સમજાવાનો પ્રયત્ન તો ઘણો કર્યો. ... આહા..હા..!

મુમુક્ષુ :- બાલની ખાલ ઉતારી છે.

ઉત્તર :- ખાલ ઉતારી છે.

**'કર્તૃત્વપણાને અને નિત્યપણાને એકપણાનો વિરોધ છે.'** બે એક નથી. **'(આત્મા નિત્ય છે તેથી તે કૃતક અર્થાત્ કોઈએ કરેલો હોઈ શકે નહિ.)'** સમજાણું કાંઈ? કોઈ દ્વારા આત્મા કરી શકાતો નથી. **'વળી અવસ્થિત અસંખ્ય-પ્રદેશી એક એવા તેને (–આત્માને), પુદ્‌ગલસ્કંધની માફક...'** શું કહે છે હવે? એક તો દ્રવ્ય વસ્તુ નિત્ય છે અને કર્તા બેને વિરૂદ્ધ છે. એટલે નિત્યમાં કર્તૃત્વ હોતું નથી. એક વાત. બીજી. અસંખ્ય પ્રદેશી જીવ છે. **'અસંખ્ય-પ્રદેશી એક એવા તેને (–આત્માને), પુદ્‌ગલસ્કંધની માફક...'** જેમ પુદ્‌ગલ છે આ. એમાં કેટલા પરમાણુ નીકળી જાય અને નવા પરમાણુ આવે એમ બને છે. આત્મા અસંખ્ય પ્રદેશી છે એમાં કોઈ પ્રદેશ ઘટી જાય અને કોઈ પ્રદેશ આવી જાય એમ બને? એ તો લોક પ્રમાણે અસંખ્ય પ્રદેશી અનાદિ-અનંત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ દ્રવ્યમાં ગુણ આવી ગયા. દ્રવ્ય નિત્ય છેને એમ ગુણ પણ નિત્ય છે. ભાવ છે ત્રિકાળી એ પણ નિત્ય છે. પણ નિત્યમાં દ્રવ્ય-ગુણમાં કરવાપણું હોતું નથી.

**'અવસ્થિત અસંખ્ય-પ્રદેશી એક...'** ભગવાન તો અસંખ્ય પ્રદેશી અવસ્થિત ત્રિકાળ છે. ચાહે તો નિગોદમાં હોય અને ચાહે તો હજાર યોજનના મચ્છમાં હોય. એ તો અસંખ્ય પ્રદેશ જેટલો છે એટલો જ છે. આહા..હા..! નિગોદમાં હોય તોપણ પ્રદેશ તો એટલો જ છે. સંકોચ થાય છે. અને હજાર યોજનનો મચ્છ હોય તો એટલો જ પ્રદેશ એમાં છે. કાંઈ વધે છે અને નિગોદમાં જાય તો અસંખ્ય પ્રદેશ ઘટી જાય છે એમ નથી. આહા..હા..! **' અસંખ્ય-પ્રદેશી એક એવા તેને (–આત્માને), પુદ્‌ગલસ્કંધની માફક,...'** સ્કંધ છેને પરમાણુના સ્કંધ આ? તો એમાં કેટલાક

પરમાણુ આવે છે તો મોટો થઈ જાય, કેટલાક પરમાણુ નીકળી જાય તો નાનો થઈ જાય છે. એમ **'પ્રદેશોનાં પ્રક્ષેપણ-આકર્ષણ...'** આત્મામાં કેટલા પ્રદેશ નવા નાખવા અને કેટલા પ્રદેશને છોડવા એ **'દ્વારા પણ કાર્યપણું બની શકતું નથી,...'** અસંખ્ય પ્રદેશમાં કેટલા ઘટી જાય અને કેટલા વધી જાય એમ બનતું નથી. તો એનું પણ કાર્ય નથી થતું. ક્ષેત્રનું કાર્ય નથી થતું, દ્રવ્યનું કાર્ય નથી થતું. આહા..હા..! **'કારણ કે પ્રદેશોનું પ્રક્ષેપણ તથા આકર્ષણ થાય તો તેના એકપણાનો વ્યાઘાત થાય.'** અસંખ્ય પ્રદેશી એકરૂપ ત્રિકાળ છે. તો અસંખ્ય પ્રદેશમાં કોઈ થોડું નીકળી જાય અને થોડું આવી જાય એમ બને તો એકત્વનો વિરોધ થાય છે. આહા..હા..!

**'(સ્કંધ અનેક પરમાણુઓનો બનેલો છે, માટે તેમાંથી પરમાણુઓ નીકળી જાય તેમ જ તેમાં પરમાણુઓ આવે;...'** આ શરીરની અંદર. કેટલાક પરમાણુ આવે છે અને કેટલાક પરમાણુ જાય છે. વૃદ્ધાવસ્થામાં શરીર શિથિલ થાય છે. યુવાનીમાં લઠ્ઠ શરીર હોય છે. કહો, સમજાણું કાંઈ? એમ આત્માના પ્રદેશમાં બને છે? નિગોદમાં જાય તો પ્રદેશ ઘટી જાય અને હજાર યોજનના મચ્છમાં જાય તો પ્રદેશ વધી જાય (એમ થાય નહિ). આહા..હા..! સોનાની સાંકળ હોય છેને સાંકળી કહે છેને? ચેન. સો મકોડાની, હજાર મકોડાની. મકોડા સમજો છો? શું કહે છે? કડી. સોનાની કડી હોય છેને? તો એક સાંકળમાં હજાર કડી હોય છે. તો હજાર કડીવાળી સાંકળી હોય છે. તો નાના બાળકને નાખે તો બહુ સળા નાખે અને આદમીમાં નાખે તો થોડા સળા પણ એ જેટલી કડી છે એમાં વધ-ઘટ ક્યાં થઈ? નાનું બાળક હોય. સમજ્યા? છ વર્ષનું, પાંચ વર્ષનું બાળક હોય એને પાંચસોની એક સાંકળી હોય તો બહુ નાના સળા કરી નાખે અને આદમીને નાખે તો થોડા સળા એકવાર એવું બન્યું હતું. બાળકોને પહેરાવી હતીને સાંકળીઓ. સાંકળીઓ સમજ્યાને સોનાની? ચેઈન. એક કંદોઈ નીકળ્યો. એક પેંડો આપ્યો અને લઈ લીધી સાંકળી. એને સાંકળીની કિંમત કાંઈ બાળકને તો ન હોય. એક પેંડો આપ્યો અને સાંકળી લઈ લીધી. પેંડો મીઠો લાગે. સાંકળીમાં શું મીઠું લાગે? સાવ .. હતા. .. સમજ્યા? દરબાર. સાંકળી પહેરાવી એમાં કંદોઈ નીકળ્યો. કહે હા એની પાસે છે. દુકાનેથી પેંડો લઈ આવ્યો અને આમ ચખાડ્યો જરા. લઈ ગયો. એક પેંડામાં સાંકળી. એનો પ્રદેશ વધી-ઘટી ગયો? સમજાણું કાંઈ? એ નાના સરા હતા એના ગળામાં. પોતે પહેરી લીધા તો બહુ થોડા સરા થઈ ગયા. તો કાંઈ વધ-ઘટ થઈ? એટલાને એટલા છે. આહા..હા..!

**'પરંતુ આત્મા નિશ્ચિત અસંખ્ય-પ્રદેશવાળું એક જ દ્રવ્ય હોવાથી તે પોતાના પ્રદેશોને કાઢી નાખી શકે નહિ તેમ જ વધારે પ્રદેશોને લઈ શકે નહિ.)'** આહા..હા..! છે? વધારે પ્રદેશોને લઈ નથી શકતો. ન્યાયનો વિષય છે આ તો કોર્ટમાં ન્યાય આપેને એમ ન્યાયથી કીધું. એય..! ચીમનભાઈ! આ વાણિયાને સમજાતું હશે આવું? આહા..હા..! કહે છે કે અસંખ્ય પ્રદેશી પ્રભુ એક દ્રવ્ય છે આત્મા. એ દ્રવ્ય નિત્ય છે અને અસંખ્ય પ્રદેશી નિત્ય જ છે. એમાં ઘટતું-વધતું નથી તો

કર્તૃત્વ રહ્યું ક્યાં એમાં? સમજાણું કાંઈ? સુજાનમલજી! આહા..હા..! **'વળી સકળ લોકરૂપી ઘરના વિસ્તારથી...'** એક આત્માના કેટલા પ્રદેશ જુઓ, **'સકળ લોકરૂપી ઘરના વિસ્તારથી પરિમિત જેનો નિશ્ચિત નિજ *વિસ્તાર-સંગ્રહ છે...'** લોકના આકાશ પ્રદેશ જેટલા છે એટલા એક જીવના અસંખ્ય પ્રદેશ છે. નિશ્ચિત છે. **'નિજ વિસ્તાર-સંગ્રહ છે...'** જેનું લોક જેટલું નિશ્ચિત માપ છે જેના પ્રદેશ. **'તેને (-આત્માને) પ્રદેશોના સંકોચ-વિકાસ દ્વારા પણ કાર્યપણું બની શકતું નથી,...'** સંકોચ-વિકાસથી પણ અસંખ્ય પ્રદેશમાં ફેરફાર નથી થતો. સંકોચ થઈ જાય તો અસંખ્ય પ્રદેશ ઘટી જાય એમ છે? એ તો એટલો ને એટલો જ છે. **'વિકાસ દ્વારા પણ કાર્યપણું બની શકતું નથી, કારણ કે પ્રદેશોના સંકોચ-વિસ્તાર થવા છતાં પણ, સૂકા-ભીના ચામડાની માફક, નિશ્ચિત નિજ વિસ્તારને લીધે તેને (-આત્માને) હીન-અધિક કરી શકાતો નથી.'** આહા..હા..! સૂકા-ભીના ચામડા હોય. ભીના ચામડા હોય તોપણ એટલાને એટલા છે અને સૂકા હોય તોપણ એટલા ને એટલા છે. એમાં કોઈ ફેરફાર થાય છે? આહા..હા..! **'સૂકા-ભીના ચામડાની માફક, નિશ્ચિત નિજ વિસ્તારને લીધે તેને (-આત્માને) હીન-અધિક કરી શકાતો નથી. (આ રીતે આત્માને દ્રવ્યરૂપ આત્માનું કર્તાપણું ઘટી શકતું નથી.)'** સમજાણું કાંઈ?

હવે .. બીજી છે કહે. **'"વસ્તુસ્વભાવનું સર્વથા મટવું અશકય હોવાથી જ્ઞાયક ભાવ જ્ઞાનસ્વભાવે જ સદાય સ્થિત રહે છે...'** હવે જો ભગવાન આત્મા એમ કહે કે જ્ઞાયક છે ભાવથી. હવે ભાવ લીધો. પહેલા દ્રવ્ય લીધું, પછી ક્ષેત્ર લીધું હવે ભાવ લીધો. સમજાણું કાંઈ? ભાવમાં પણ વધ-ઘટ ક્યાં છે? તો કોઈ એમ કહે કે **'"વસ્તુસ્વભાવનું સર્વથા મટવું અશકય હોવાથી જ્ઞાયક ભાવ જ્ઞાનસ્વભાવે જ સદાય સ્થિત રહે છે અને એમ સંગ્રહ જથ્થો; મોટપ. સ્થિત રહેતો થકો, જ્ઞાયકપણાને અને કર્તાપણાને અત્યંત વિરુદ્ધતા હોવાથી,...'** જ્ઞાયકપણું ત્રિકાળ છે, તો કર્તાપણું એમાં નવું થાય છે. તો જ્ઞાયકપણાને અને કર્તાપણાને બેને વિરોધ છે. ઓહો..હો.! કેવી દલીલ! સમજાણું કાંઈ? પહેલા દ્રવ્યમાં અને કર્તાપણામાં વિરોધ છે, પછી અસંખ્ય પ્રદેશમાં સંકોચ-વિકાસ થાય તોપણ પ્રદેશની વધ-ઘટ નથી થતી. ભીનું ચામડું હોય કે સૂકું હોય છે તો એટલું ને એટલું. એમાં કોઈ વધ-ઘટ થઈ ગઈ છે? **'"વસ્તુસ્વભાવનું સર્વથા મટવું અશકય હોવાથી જ્ઞાયક ભાવ જ્ઞાનસ્વભાવે જ સદાય સ્થિત રહે છે અને એમ સંગ્રહ જથ્થો; મોટપ. સ્થિત રહેતો થકો, જ્ઞાયકપણાને અને કર્તાપણાને અત્યંત વિરુદ્ધતા હોવાથી, મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા થતો નથી;...'** કોણ? દલીલ કરે છે અજ્ઞાની. જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવ છે. એ શું મિથ્યાત્વ કરે? આહા..હા..!

**'અને મિથ્યાત્વાદિ ભાવો તો થાય છે;...'** આચાર્ય કહે છે હવે. સમજાય છે? **'તેથી તેમનો કર્તા કર્મ જ છે એમ પ્રરૂપણ કરવામાં આવે છે"—'** આચાર્ય દલીલ કરે છે એની સામે. કે તું એમ કહે છો કે મિથ્યાત્વ આદિ ભાવોનો કર્તા તો નથી થતો જ્ઞાયકભાવ રહેવાથી. જ્ઞાયકપણું

રહેવાથી મિથ્યાત્વાદિ ભાવ તો જ્ઞાયકમાં થતો નથી. **'મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા થતો નથી; અને મિથ્યાત્વાદિ ભાવો તો થાય છે;...'** માટે કાંઈક... દ્રવ્ય વિકારને કરતું નથી, ક્ષેત્ર કરતું નથી. ભાવ કરતો નથી અને વિકાર તો થાય છે. હવે એ વિકાર કર્મથી થાય છે અમારી દલીલ છે કહે છે. આહા..હા..! ઝીણો વિષય થોડો. **'તેથી તેમનો કર્તા કર્મ જ છે એમ પ્રરૂપણ કરવામાં આવે છે"—આવી જે વાસના (અભિપ્રાય, વલણ) પ્રગટ કરવામાં આવે છે તે પણ 'આત્મા આત્માને કરે છે એવી (પૂર્વોક્ત) માન્યતાને અતિશયપણે હણે જ છે...'** આત્મા આત્માને કરે તો ઘાત કરે છે તારી દલીલ. ખોટી છે. શું કરે? દ્રવ્યથી આમ છે, ક્ષેત્રથી આમ છે અને ભાવથી પણ આમ જ છે. ક્ષેત્રમાં તો ફેરફાર થતો નથી. અને ફેરફાર મિથ્યાત્વાદિ ભાવ તો છે. અને તું કહે છો કે મિથ્યાત્વાદિ ભાવ દ્રવ્ય-ક્ષેત્રભાવથી નથી થતો, તો પરદ્રવ્ય થાય છે. તો મિથ્યાત્વભાવ દ્રવ્ય-ક્ષેત્રભાવ ન કરે તો કર્તાપણું ક્યાંથી આવ્યું તને? દ્રવ્યપણે દ્રવ્ય કરતું નથી, ક્ષેત્ર કરતું નથી. દ્રવ્યનું પણ કર્તાપણું નથી, ક્ષેત્રનું કર્તાપણું નથી અને ભાવનું પણ કર્તાપણું નથી. તો વિકારના પરિણામનું કર્તાપણું ક્યાંથી આવ્યું તને? આહા..હા..!

**'(કારણ કે સદાય જ્ઞાયક માનવાથી આત્મા અકર્તા જ ઠર્યો).'** તો તારી દૃષ્ટિથી તો સદાય જ્ઞાયક માનવાથી આત્મા અકર્તા સિદ્ધ થયો. કર્તા તો એમાં આવ્યો નહિ. હવે કર્તા કેમ આવે છે અને કર્તાપણું છે એ કેમ મટે એની દલીલ કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૧૦, બુધવાર, તા.૦૮-૦૮-૧૯૭૩
## ગાથા-૩૩૨ થી ૩૪૪, પ્રવચન-૪૬૩

## પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. ૧૩ ગાથાની ટીકા ચાલે છે. અહીંયાં સુધી આવ્યું જુઓ, **'(કારણ કે સદાય જ્ઞાયક માનવાથી આત્મા અકર્તા જ ઠર્યો).'** છે? શું કહે છે? જુઓ ફરીને. કાલે જરી ઝીણું પડ્યું લોકોને. કે આ આત્મા જે છે આત્મા એ વસ્તુ સ્વભાવે તો જ્ઞાન અને આનંદમય છે. એની પર્યાયમાં, અવસ્થામાં સંસાર, વિકાર દેખાય છે એ જૈનમુનિ જૈન નામ ધરાવનારા પણ, જૈન શ્રાવક નામ ધરાવનારા, મુનિ નામ ધરાવનારા એમ કહે છે કે આત્મા તો જ્ઞાયક વસ્તુ છે. એ પર્યાયમાં જે વિકાર થાય છે એ વિકાર કરનાર કર્મ છે. કેમકે દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે. પર્યાયમાં અશુદ્ધતા ક્યાંથી આવી? એ પ્રશ્ન છે. પહેલા પણ પ્રશ્ન ઉઠ્યો હતો એ

ચિદાનંદજી હતાને અહીંયાં? ચિદાનંદજી નહિ? ચોમાસુ હતું. ક્ષુલ્લક. એણે પહેલા પ્રશ્ન કર્યો હતો કે આ દ્રવ્ય શુદ્ધ અને ગુણ શુદ્ધ અને આ પર્યાય ક્યાંથી આવી અશુદ્ધ? કીધું થોડું સાંભળો. ચોમાસું હતુંને. ક્ષુલ્લક ચિદાનંદજી. ક્ષુલ્લક મુનિ. ચિદાનંદજી. એ દ્રોણગીરી રહેતા હતાને. કારણ કે ક્ષુલ્લકપણું લઈ લીધું પણ ખબર નહિ કે શું ચીજ છે. અંદર પણ આવ્યા હતા પછી તો. વાત તો તમારી સાચી છે કે અમે ક્ષુલ્લક પણ નથી. તો અમારે કરવું શું? ભાઈ! અમે કોઈને નથી કહેતા કે તમારે શું કરવું. ક્ષુલ્લકપણું છોડી દો કે એમ એમ નથી કહેતા. અમે તો તત્ત્વની વાત અહીં કહીએ છીએ. સાંભળો. તો એમે કહ્યું કે દ્રવ્ય શુદ્ધ છે. ભગવાન આત્મા વસ્તુ તો શુદ્ધ છે અને વસ્તુ શુદ્ધ છે તો એના ગુણ, સ્વભાવ એ પણ શુદ્ધ છે. તો અશુદ્ધતા આવી ક્યાંથી? કે કર્મને કારણે આવી એમ લાગે છે. એ બધી વાત જૂઠી છે. સમજાણું કાંઈ? એનો પ્રશ્ન છે કે જુઓ, ભાઈ! આત્મા કથંચિત્ કર્તા છે એમ જૈન પરમેશ્વર કહે છે. તો અમે પણ જીવને કર્તા કહીએ છીએ. પણ કેમ? કે આત્મા દ્રવ્ય જે છે ત્રિકાળ એનો આત્મા કર્તા છે અને પર્યાયમાં જે વિકાર થાય તે કર્મ કરે છે. લ્યો આ કથંચિત્ કર્તા આવી ગયું. સ્યાદ્વાદ. એમ કહ્યું એણે. ત્યારે આચાર્યોએ જવાબ આપ્યો એને, ભાઈ! તું દ્રવ્યને કર્તા કહે છો તો દ્રવ્ય તો ત્રિકાળી ધ્રુવ છે. ધ્રુવ છે એમાં કર્તાપણું ક્યાંથી આવ્યું? ધ્રુવ અને કર્તા બેમાં તો વિરોધ છે. ધ્રુવ વસ્તુ નિત્યાનંદ પ્રભુ એ વસ્તુ છે એમાં કર્તા ક્યાં આવ્યું? કર્તૃત્વ અને દ્રવ્યસ્વભાવ બેથી એ વિરૂદ્ધ છે. તો દ્રવ્યનો કર્તા દ્રવ્ય છે નહિ. અને અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે એ અસંખ્ય પ્રદેશી લોકપ્રમાણ જેટલો પ્રદેશ છે આકાશનો. ઇ ક્ષેત્રમાં કમી-બેસી કાંઈ કરી શકતા નથી. સુકા ચામડા અને લીલા ચામડાનું દૃષ્ટાંત દીધુંને? તો સુકું હોય કે લીલું હોય એ તો જેવું છે એવું છે. એમાં કાંઈ ઘટ-વધ થાય એમ નથી. એમ આત્મામાં અસંખ્ય પ્રદેશ વસ્તુ છે એને તું કથંચિત્ કર્તા કહીને વીતરાગની વાણીમાં સ્યાદ્વાદનો કોપ નીકળે એમ તું કહે છો તો એ વાત પણ યથાર્થ નથી. માણેકચંદજી! જરી વિચાર કરવાની વાત છે આ. વેપાર .. કરે છે એમાં મદદ કરવી થોડી. એય..! ઝીણી વાત છે. કર્તાપણાની મોટી ભૂલ અનાદિથી.

આચાર્યે કર્તાપણાની વ્યાખ્યા તો ઘણી સ્પષ્ટ કરી દીધી છે. પહેલા તો ઈશ્વરકર્તા માનનારની વાત કરી. ભાઈ! ઈશ્વરકર્તા જગતના છે એમ કોઈ માને એમ જૈનમાં જૈન સાધુ કે શ્રાવક અમે છ કાયના જીવની રક્ષા કરી શકીએ છીએ એમ માને તો બેયની દૃષ્ટિ વિપરીત છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યની રક્ષા કરું છું એ ઈશ્વરકર્તા અને તું પણ છકાયનો કર્તા થયો. બેની કર્તાપણામાં ફેર પડ્યો નહિ. સમજાણું કાંઈ? પછી આ વાત લીધી. જૈન સાધુ થઈને તું એવી પ્રરૂપણા કરે છો કે આત્મામાં રાગ-દ્વેષ, મિથ્યાત્વ, જ્ઞાનની કમી, જ્ઞાનનો વિકાસ, ગતિમાં જાવું અને શુભાશુભભાવ કોઈપણ થાય છે એ બધું કર્મનું કાર્ય છે એમ જો તું કહે તો કર્તા ભગવાન કહે છે કે કથંચિત્ આત્મા કર્તા છે. આ વાતમાં આત્મામાં કર્તાપણું તો આવ્યું નથી. તો આચાર્ય કહે છે કર્તા આવ્યું અમારે. કેમ? પોતાના દ્રવ્યને દ્રવ્ય કરે અને પર્યાય વિકારને કર્મ કરે. કથંચિત્ કર્તા આવી ગયું

અમારે. એમ મિથ્યાદૃષ્ટિ જૈન નામ ધરાવનારા મુનિ હોય કે શ્રાવક હોય એમ કહ્યું. તો એના ઉત્તરમાં કહ્યું, ભગવાન! સાંભળતો ખરો તું. તારી ચીજ જે છે વસ્તુ અનંત અનંત શક્તિ સંપન્ન એકરૂપ વસ્તુ એ તો નિત્ય છે. નિત્યમાં કરવું, બદલવું, ફેરવવું નિત્યમાં ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? અને ક્ષેત્રથી તમે લો તો અસંખ્ય પ્રદેશી છે. અસંખ્ય પ્રદેશમાં સંકોચ-વિકાસ થાય, પણ એનો સંકોચ થવાથી અસંખ્ય પ્રદેશ ઘટી જાય છે? અને હજાર યોજનનો મચ્છ હોય તો એનો પ્રદેશ વધી જાય છે? એ તો એટલું ને એટલું અનાદિ-અનંત છે. તો અસંખ્ય પ્રદેશમાં પણ કરવું એ તો આવ્યું નહિ.

હવે રહ્યો ભાવ. કાળની પછી વાત કરશે. ભાવ. તો આત્મા જ્ઞાયકભાવ છે તું કહે છો. એ જ્ઞાયકભાવ છે તો જ્ઞાયકભાવપણે રહ્યો છે. એમ નથી કહેતા કે દ્રવ્ય અનાદિથી જ્ઞાયકભાવ જ રહ્યો છે. નથી કહ્યું? ૨૦૦મી ગાથામાં નથી આવ્યું? પ્રવચનસાર. એ તો જ્ઞાયકભાવપણે જ્ઞાયક રહ્યો છે. ત્યારે હવે તું કહે છો કે કર્તા જ્ઞાયક જ્ઞાયકભાવે રહ્યો એમાં કર્તાપણું તો આવ્યું નહિ. સમજાણું કાંઈ? તું પ્રરૂપણા એવી કરે છો કે જ્ઞાયકભાવનો જ્ઞાયકભાવ કર્તા એ વાત બનતી નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે જરી. હવે રહ્યો કાળ. તો કાળમાં જે વિકાર થાય છે એ કર્મ કરે છે એમ તું કહે છો તો કર્તાપણું તો કોઈ રીતે આવ્યું નહિ. સમજાણું કાંઈ? કહો, મનસુખ! સમજાય છે કે નહિ આ? દુકાનમાં બહુ ... ભાઈ! આ જગતનું ભારે પણ. જાવું છે ક્યાં એનું નહિ પણ આ બધું આનું કરી દઈએ અમે. એય..! સુજાનમલજી!

મુમુક્ષુ :- અમારી બોલવાની તાકાત નથી તમારી સામે.

ઉત્તર :- તો કહ્યું કે એવી પ્રરૂપણા જો તું કરે છે કે જ્ઞાયકભાવ જે જાણનારી ચીજ જે ધ્રુવભાવ છે ધ્રુવભાવ. એ ધ્રુવભાવ હું કરું છું. તે તો ના પાડી હતી. જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવ છે. એ કાંઈ પલટતું, બદલતું નથી. એમાં કર્તાપણું તો આવ્યું નહિ. ત્યારે તમારે કથંચિત્ કર્તા ક્યાં લાગુ પડ્યું તમારે? દ્રવ્ય-ક્ષેત્ર-ભાવમાં પણ લાગુ નથી પડ્યું અને પર્યાયમાં વિકારનો કર્તા પણ લાગુ ન થયું. તો તારી વાત તો કર્તૃત્વની ઉડી ગઈ બધી. સમજાણું કાંઈ? ધ્યાન રાખે તો પકડાય એવું છે.

'**(કારણ કે સદાય જ્ઞાયક માનવાથી આત્મા અકર્તા જ ઠર્યો).**' એમાં કર્તાપણું તો કાંઈ આવ્યું નહિ. ત્યારે હવે છે શું? આ કર્તાપણું કેવી રીતે સિદ્ધ કરવું? સમજાણું કાંઈ? એ પેરેગ્રાફ પૂરો થયો. હવે બીજો પેરેગ્રાફ. '**માટે...**' સમજાય છે? સંસારની વાત હોય તો સમજાય. આહા..હા..! તારી ચીજ તો દ્રવ્યથી, વસ્તુથી તો નિત્ય છે. તારી ચીજ તો અસંખ્ય પ્રદેશી ક્ષેત્રથી નિત્ય છે અને તારી ચીજ તો ગુણથી, ભાવથી પણ નિત્ય છે. એમાં કર્તાપણું તો આવ્યું નથી અને તું કહે કે એનો હું કર્તા છું. દ્રવ્ય-ક્ષેત્ર-ભાવનો કર્તા હું છું, પર્યાયનો કર્તા વિકાર છે. સમજાણું કાંઈ? આ ભૂલ છે અનાદિની. અંદર મુનિ નામ ધરાવે છે એમ કહે છે. શ્રાવક નામ ધરાવે અમે બાર

વ્રતધારી છીએ અને અમે પંચ મહાવ્રતધારી છીએ. અને માન્યતા આવી (છે) તો મિથ્યાદૃષ્ટિ છે. આત્માનો ઘાત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

બીજો પેરેગ્રાફ. '**માટે, જ્ઞાયક ભાવ...**' ભગવાન આત્મા જાણકસ્વભાવરૂપી ભાવ જે છઠ્ઠી ગાથામાં લીધું કે જ્ઞાયકભાવ તો ત્રિકાળી ધ્રુવ છે. એ પર્યાય છે એ પર્યાયથી ભિન્ન દૂર છે. છઠ્ઠી ગાથા. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' ભગવાન આત્મા પ્રમત્ત-અપ્રમત્ત એવી પર્યાય છે નહિ. એ તો જ્ઞાયકભાવ છે. હવે કહે છે કે જ્ઞાયકભાવ છે તો જ્ઞાયકભાવમાં કર્તાપણું તો આવતું નથી. ત્યારે કથંચિત્ કર્તા એને કેવી રીતે કહેવામાં આવે છે? તું કહે છે એમાં કર્તા તો આવ્યો નહિ. દ્રવ્ય-ક્ષેત્ર-ભાવ તો નિત્ય છે અને એનો હું કર્તા છું એમ તે માન્યું. એ વાત તો જૂઠી છે. પર્યાયમાં વિકારીભાવ કર્તાપણું છે તો એને કર્મમાં ઠરાવ્યું. કર્મથી વિકાર, કર્મથી રાગ, કર્મથી સુખ, કર્મથી બંધ, કર્મથી ગતિ, કર્મથી દેવ, કર્મથી નારકી આદિ એ કર્મથી ચાલ્યું. એમ લખ્યું છે પરમાત્મપ્રકાશમાં. આત્મા તો પાંગળો છે એ તો કર્મ લઈ જાય છે. એ તો પોતાનો સ્વભાવ ત્રિકાળ ધ્રુવની અપેક્ષાએ કર્મ રાગાદિ થાય એ એમાં છે જ નહિ. ગતિ આદિ થાય છે એમાં તો છે જ નહિ. એ તો સ્વભાવની દૃષ્ટિ થઈ તો રાગાદિ અને ગતિ આદિનો કર્તા કોણ? કે કર્મના નિમિત્તને આધીન થયો એ પર્યાયદૃષ્ટિ કર્તા છે. આહા..હા..! ભારે આકરી વાતું! ઓલું તો દયા પાળો, અહિંસા કરો તો ધર્મ થાય. પણ ધર્મ શી રીતે કરે? કર્તાપણે ધર્મ કરવો. કર્તાપણે કરવો છેને? તો પહેલા કર્તાપણું વિકારમાં સિદ્ધ ન થાય તો વિકારનો નાશ કરીને નિર્વિકારી પર્યાયનો કર્તા થવું એ ક્યાંથી થશે તને? આહા..હા..! સમજાણું કાંઈ?

'**માટે, જ્ઞાયક ભાવ સામાન્ય અપેક્ષાએ...**' સામાન્ય અપેક્ષાએ એટલે? જાણકસ્વભાવ સામાન્ય ધ્રુવ તો ત્રિકાળ છે. સમજાણું કાંઈ? જાણકસ્વભાવ જ્ઞાયકભાવ એ તો ત્રિકાળ ધ્રુવ છે. એ સામાન્ય અપેક્ષાએ એટલે ધ્રુવપણાની અપેક્ષાએ '**જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં,...**' જ્ઞાયક તો જ્ઞાયકપણે જ સ્થિર નિત્ય છે. અવિનશ્વર છે. સમજાણું કાંઈ? અવસ્થિત છે. નશ્વર નથી. એ તો છે જ એવો જ્ઞાયકભાવ ત્રિકાળ ધ્રુવ ચૈતન્યબિંબ. એમ '**અવસ્થિત હોવા છતાં,...**' જ્ઞાયકભાવ ભગવાન આત્મા જ્ઞાયકપણે રહેવા છતાં '**કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે,...**' આહા..હા..! હવે જુઓ પછી કહ્યું. એય..! ઓલા કહે કે કર્મથી થાય. આજ પાછું કર્મ સિદ્ધ કર્યું આચાર્યે. કઈ રીતે કહે છે? એને આશ્રયે. '**કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે,...**' શું કહે છે? હવે જરી ઝીણી વાત છે તદ્દન. કે આત્મા વસ્તુએ નિત્ય, ક્ષેત્રે નિત્ય અસંખ્ય પ્રદેશી અને જ્ઞાયકભાવ જ્ઞાયકભાવપણે નિત્ય નામ સ્થિત-અવસ્થિત. પણ હવે એમાં પલટો થાય છે, વિકાર થાય એ શું છે? એ '**કર્મથી ઉત્પન્ન...**' કર્મના નિમિત્તના લક્ષે '**ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ...**' અસંયમ, રાગ-દ્વેષભાવોના '**જ્ઞાનસમયે,...**' ઝીણી વાત છે. આહા..હા..! આત્મામાં મિથ્યાત્વ, રાગ-દ્વેષ અંદર જ્ઞાયકભાવ દ્રવ્ય-ક્ષેત્રમાં છે નહિ, પણ એ

જ્ઞાયકભાવમાં જ્યારે પરના નિમિત્તે પોતામાં જે રાગાદિ, મિથ્યાત્વાદિ ઉત્પન્ન થાય છે એ **'મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે,...'** એ રાગનું જ્ઞાન કરવું અને એ જ્ઞેય છે એ સમયે ભૂલ થાય છે એમ કહે છે. આહા..હા..!

**'અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...'** પણ એ મિથ્યાત્વ એ જ્ઞેય છે અને હું જાણનાર છું એમ બે વચ્ચે ભેદવિજ્ઞાનના અભાવને લીધે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી આવે છે. કાંઈ બહુ એવી સૂક્ષ્મ નથી.

મુમુક્ષુ :- વાત ગંભીર છે.

ઉત્તર :- ગંભીર વાત છે. પોતે ગંભીર છે. આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યબિંબ. સમજાણું કાંઈ? એવું સામાન્યપણે હોવા છતાં કર્મથી, કર્મના નિમિત્તના લક્ષે ઉત્પન્ન થતાં મિથ્યાત્વ, અસંયમ, રાગ-દ્વેષભાવ. એ જ્ઞાનના સમયે. ખરેખર રાગ અને મિથ્યાત્વ એ જ્ઞેય છે. અને હું તો જાણનાર છું. એવું બે વચ્ચે બેના ભેદજ્ઞાનના અભાવને લીધે. **'અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદ...'** એ રાગ અને મિથ્યાત્વ એ તો જ્ઞેય છે. સમજાણું કાંઈ? અને આત્મા તો એને જાણનાર છે. એવો બે વચ્ચે ભેદ છે. પણ બે વચ્ચેના ભેદજ્ઞાનના અભાવને લીધે. છે? **'અનાદિકાળથી...'** અનાદિકાળથી. **'જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી...'** ભાષા જુઓ, ખરેખર તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ એ તો જ્ઞાનનું નિશ્ચયથી તો પરજ્ઞેય છે. સ્વજ્ઞેય નથી. સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાયક ચૈતન્ય સૂક્ષ્મ સંધિ છે આ. રાગ અને જ્ઞાયકભાવની વચ્ચે સંધિ છે. એક નથી થયો. પણ રાગ અને મિથ્યાત્વનું જ્ઞાનનું પરજ્ઞેય તરીકે હોવું જોઈએ એમ ન માનતા. આહા..હા..! **'જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...'** આહા..હા..! પોતાની શક્તિ જ્ઞાનસ્વરૂપ એ ઉપર લક્ષ અને દૃષ્ટિ નહિ હોવાથી જે જ્ઞાનમાં જાણવામાં આવ્યું, રાગ એ પરજ્ઞેય છે. છતાં એ જ્ઞેય મારું છે. આહા..હા..! બહુ ઝીણી વાત, ભાઈ! વીતરાગ માર્ગ સિવાય આ ચીજ ક્યાંય છે નહિ. એક સમયમાં બતાવ્યું. એક સમય. જ્ઞાયકભાવ ચૈતન્ય હોવાને લીધે કર્મના લક્ષે, નિમિત્તે, આશ્રયે ઉત્પન્ન થયેલો વિકાર. તો એ વિકાર નિશ્ચયથી તો પરજ્ઞેય છે. જ્ઞેય તો પોતે સ્વજ્ઞેય છે. પણ રાગાદિભાવ એ પરજ્ઞેય છે અને હું એને જાણનાર છું એવા ભેદવિજ્ઞાનના અભાવને લીધે. કહો, સમજાણું કાંઈ? છોટાલાલજી! એવી વાત છે. એય..! કૈલાસચંદજી! સમજાણું કે નહિ? આહા..હા..! આ સમજવાનું છે અંદર. ભગવાન આત્મા જ્ઞાયક છે અને રાગાદિ એ પરજ્ઞેય છે. જ્ઞેય તો સ્વજ્ઞેય અને પરજ્ઞેય બે પ્રકારના છે. સમજાણું કાંઈ? તો એ રાગ, વિકલ્પ, શુભ-અશુભભાવ એ પરજ્ઞેય છે, પણ એ પરજ્ઞેય અને જ્ઞાયક આત્મા એવો બે વચ્ચે ભેદ કરવાના અભાવને લીધે. સમજાણું કાંઈ?

**'પરને આત્મા તરીકે જાણતો એવો...'** ભાષા જુઓ, આહા..હા..! એક દયા, દાન, વ્રત,

ભક્તિ, પૂજાનો વિકલ્પ રાગ. એ નિશ્ચયથી તો પર છે. સ્વજ્ઞેય નહિ. જ્ઞેય તો કહ્યું હતું. જ્ઞેય છે પણ પરજ્ઞેય છે. આહા..હા..! કેટલી વાત સ્પષ્ટ કરી છે. ઓહો..હો..! એ તો ચાર ચોપડી ભણેલાને પણ સમજાઈ જાય. અમારે ધરમચંદભાઈ કહે છે. ધરમચંદભાઈ છેને. ઘણા વર્ષ નહિ? આહા..હા..! તું આત્મા જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યબિંબ અને એ જાણવાથી (જાણવાના કાળે) રાગાદિ ઉત્પન્ન થાય છે એ જાણવાના કાળે, જાણવાના સ્વકાળમાં એ રાગ અને પુણ્ય-પાપના ભાવ એ પરજ્ઞેય છે. છે? **'પરને આત્મા તરીકે જાણતો એવો...'** એ રાગ ઉપર જ એનું લક્ષ અને અસ્તિત્વ છે. રાગ અને પુણ્ય-પાપના ભાવ એ તરફના અસ્તિત્વ ઉપર એની દૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો મર્મ છે વીતરાગમાર્ગનો. ભાષા એમ જ નથી કહી કે કર્મને કારણે એમાં એકતાબુદ્ધિ છે. એમ નથી કહ્યું. ભાઈ! એકતાબુદ્ધિ તો તું પરને પોતાનું માને છો તો એકતાબુદ્ધિ તેં કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે તો કહ્યું કર્મથી ઉત્પન્ન થતાં એવા. કારણ કે પોતાની ચીજમાં તો છે નહિ, પણ કર્મના નિમિત્તે અશુદ્ધતા જે ઉત્પન્ન થાય છે એને જાણવાના કાળે આ પરજ્ઞેય છે એવા ભેદજ્ઞાનના અભાવને કારણે **'પરને આત્મા તરીકે જાણતો એવો...'** એ રાગને પોતારૂપ જાણે છે. આહા..હા..! મનસુખ! આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ તો ગુજરાતી આવી જાયને. આ માણેકચંદજીએ હિન્દી કરાવ્યું છે હોં. એનો ટાઈમ આવી ગયો ત્યાં ઓલા શું કહેવાય આપણે? ક્લાસનો. ક્લાસમાં .. ચાલે છેને ભાઈ! તો હિન્દી કરો બરાબર છે કીધું બરાબર છે. પણ હિન્દી બરાબર ન આવે, થોડી ગુજરાતી આવી જાય શબ્દોમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઓહો..હો..!

અનાદિકાળથી એ રાગ અને મિથ્યાત્વના પરિણામને પરજ્ઞેય તરીકે ન જાણતા સ્વજ્ઞેય તરીકે મારી ચીજ છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ જે થયો એ નિમિત્તને આશ્રયે ઉત્પન્ન થયો, પોતાને આશ્રયે નહિ. હવે એમાં **'પરને આત્મા તરીકે જાણતો એવો...'** આહા..હા..! દૃષ્ટિ પર ઉપર છે. પોતાનું અસ્તિત્વ જ્ઞાયક ત્રિકાળ છે એ દૃષ્ટિ તો છે નહિ. સમજાણું કાંઈ? હું ચૈતન્યસ્વરૂપ જ્ઞાનબિંબ, ચૈતન્યસૂર્ય હું છું. મારા પ્રકાશમાં જે રાગાદિ દેખાય છે એ તો પરચીજ છે. એનું તો ભાન નથી. પર્યાયબુદ્ધિ છે. તો પર્યાયમાં જે રાગાદિ દેખાય છે એને **'પરને આત્મા તરીકે જાણતો એવો...'** આહા..હા..! આ રાગ મારો ભેખ છે એટલે મારી પર્યાય છે એમ અજ્ઞાની જાણતો થકો. આહા..હા..! સમજાણું કાંઈ? છે પુસ્તક સામે. પુસ્તકમાં જુઓ શું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કારણ શું છે એનું? કે **'અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...'** એવું કારણ લીધું છે. કર્મનું જોર આવ્યું અને મિથ્યાત્વ આવ્યું અને એને એકત્વબુદ્ધિથી માની લીધું. એમ નથી. તારા જ્ઞાનનું ભાન નથી. એટલે પરનો ભેદ કરવાની તારી

શક્તિ નથી. આહા..હા..! એવું તારા કારણે '**ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, પરને આત્મા તરીકે જાણતો એવો...**' કેમકે પોતાના જ્ઞાયકભાવનું અસ્તિત્વ જ્યારે દૃષ્ટિમાં છે નહિ, તો કાંઈપણ પોતાનું અસ્તિત્વ છે કોઈમાં એમ માનવું તો પડશે. આહા..હા..! આવો વીતરાગમાર્ગ. સર્વજ્ઞ પરમાત્માએ કહ્યો એ સંતો આડતિયા તરીકે જગતને માલ વેચે છે. પ્રભુ! એકવાર સાંભળતો ખરો, નાથ! આહા..હા..! તારી ચીજ તો જ્ઞાયકભાવથી ભરેલી છે, પણ એ જ્ઞાયકભાવમાં નિમિત્તને આશ્રયે ઉત્પન્ન થયો જે વિકાર એ પરજ્ઞેય છે અને હું સ્વ છું એવો ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાથી. આહા..હા..! તો હવે બાયડી, છોકરા અને કુટુંબ તો ક્યાંય રહી ગયા નહિ?

અહીં તો અંદરનો વિકલ્પ રાગ ઉઠે, ગુણ-ગુણીનો ભેદ કરીને વિકલ્પ જે ઉઠે એ વિકલ્પ પર છે અને હું જ્ઞાયક છું એમ બે વચ્ચે '**ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...**' આહા..હા..! કહો, જેઠાભાઈ! શું પણ આવું સાંભળ્યું હતું ત્યાં? ત્યાં તો તકરાર માંડી હતી. કર્મથી રખડે ચાલો ચર્ચા કરો. એ ચર્ચા થાય છે. શ્વેતાંબર છે. રામવિજય સાથે. એના શિષ્ય છે. ચર્ચા. રામવિજય કહે. રામવિજય કહે પહેલા એ કબુલ કરો કે કર્મથી આત્મામાં વિકાર થાય છે. પછી આપણે ચર્ચા કરીએ. આ કહે ભાઈ એ વાત અમારે માન્ય નહિ. સમજાણું કાંઈ? અહીં એ કહે છે. આહા..હા..! ભગવાન સર્વજ્ઞ પરમાત્માથી કહેલી આગમવાણી સંતો જગતને જાહેર કરે છે. ભગવાન તારી શું ભૂલ થઈ? કેમ થઈ? કે જ્યારે એ રાગ અને દ્વેષની પર્યાયમાં ઉત્પન્ન થાય છે એ પરજ્ઞેય છે અને તું એને જાણનારો ભિન્ન છો એવી બે વચ્ચેની એકતાપણાને લીધે '**ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...**' તો બેની એકતા થઈ ત્યાં. એ ખુલાસો અહીં કર્યો. '**પરને આત્મા તરીકે જાણતો એવો...**' લીધુંને ઇ? આહા..હા..! ગજબ વાત કરી. એ રાગભાવ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ગમે તે હોય, એ રાગભાવની ઉત્પત્તિ, મિથ્યાત્વની ઉત્પત્તિથી અહીં તો લીધું છે. ભ્રમણા જે ઉત્પન્ન થાય છે એ ભ્રમણા નિશ્ચયથી જ્ઞાયક આત્માનું એ જ્ઞેય છે. પણ એ જ્ઞેય તરીકે પર છે એમ ન માનતા, એનાથી ભિન્ન કરવાની શક્તિથી શૂન્ય હોવાને લીધે અને પરને પોતારૂપ જાણવાથી. આહા..હા..! શિવલાલજી! આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? આહા..હા..!

તારું તે અહિત કેમ કર્યું? કે અહિતનો ભાવ જે વિકાર આદિ છે એનાથી હું ભિન્ન છું એવા ભેદજ્ઞાનથી શૂન્યને કારણે તે અહિત કર્યું. સમજાણું કાંઈ? સંસારમાત્રની ઉત્પત્તિ એ પરજ્ઞેય છે અને આત્મા જાણનારો છે એ બે વચ્ચે ભિન્નતાના ભાવથી શૂન્ય હોવાને લીધે એને પરને પોતાનો માનવાથી. અહીં (ભેદજ્ઞાનથી) શૂન્ય અને પરને પોતાનો માનવાથી. આહા..હા..! અમુલખચંદજી! ભારે આવી વાતું ભાઈ! આ .. તો શાસ્ત્રમાં આવે ગોમ્મટસારમાં. જ્ઞાનાવરણીય કર્મે જ્ઞાન રોક્યું, અંતરાયકર્મે વીર્ય રોક્યું આવી ગયું પહેલા. કહો, દર્શનમોહનીય વિના મિથ્યાત્વ થાય છે? ચારિત્રમોહ વિના પણ અસંયમ થાય છે? એવું તો આવી ગયું. પણ સાંભળતો ખરો, ભગવાન! એ વિકારી પરિણામ અને તારી ચીજ જે ભિન્ન છે એવા ભેદજ્ઞાનના અભાવને કારણે એ રાગ અને

અસંયમને પોતાના માની લે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ તું માને છો. તારા કારણથી-માન્યતાથી આમ થયું છે. કર્મને કારણે નહિ. આહા..હા..! કહો, ચંદુભાઈ! સમજાય છે કે નહિ? બધું થોડું પણ આ સમજવું પડશે કે નહિ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર ;- અંતરમાં એ ભાવનું ભાસન થવું જોઈએ. એ ભાવનો બોધ હોવો જોઈએ. આહા..હા..! રતનચંદજી જ્યાં હોય ત્યાં એ નાખે લ્યો. કર્મને કારણે થાય છે... કર્મને કારણે થાય છે બસ ઇ. આ પ્રશ્ન થયો હતો. ... ... કે વિચારણીય છે એમ લખ્યું છે. આગામી કાળમાં એના ઉત્તર કહેશે. કોઠીમાં ઉપર પત્ર છે. રતનચંદજી કૈલાસચંદજી એ બે છેને. જૈનસંદેશમાં. કૈલાસચંદજીએ તો બહુ સારું લખ્યું હતું. પ્રવચનસારનું દૃષ્ટાંત દઈને. પ્રવચનસારમાં તો એમ કહ્યું ભગવાન કુંદકુંદાચાર્યે. પર્યાય ઉત્પન્ન ન થઈ હોય અને પર્યાય ઉત્પન્ન થઈને નષ્ટ થઈ તેને સર્વજ્ઞ પ્રત્યક્ષ જાણે છે. એક સમયમાં આમ પ્રત્યક્ષ જાણે છે. ત્યારે કહે પરિણમન વિના? પણ પરિણમન એ વખતે થશે એમ નથી. એને તો પરિણમન છે એમ જાણે છે. સમજાણું કાંઈ? બહુ ઝીણી વાત. એ જ્ઞાન કોને કહીએ? આહા..હા..! એને વળી એક અપેક્ષા રાખીને આમ જાણે, ફલાણું રાખીને આમ જાણે. સમજાણું કાંઈ? એ જ્ઞાન તો એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકની પર્યાય દ્રવ્ય-ગુણસહિત પ્રત્યક્ષ દેખે. આહા..હા..! ... છે. તો પોતાની તાકાત છે જ્ઞાનની એવું જેને માન્ય નથી અને રાગને કારણે મારામાં મલિનતા થઈ પરને કારણે (એમ માને). સમજાણું કાંઈ? ભૂલ છે. એ અજ્ઞાનમાં અજ્ઞાન છે તારું. આહા..હા..!

કહે છે કે **'અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી...'** એ શું કહ્યું સમજાણું? કે રાગભાવ, દયા, દાનનો ભાવ, પુણ્ય-પાપનો ભાવ એ જ્ઞેય છે. જ્ઞેય તો બે પ્રકારના છે. સ્વ અને પર બે જ્ઞેય. આ તો પરજ્ઞેય છે. ટીકા કરવી છે તો ક્રમસર કરેને. તો એ **'જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...'** એ કાંકરા અને દાણા. કાંકરા હોય છેને. કંકર આ ઘઉં વીણતા નથી? ... ઘઉં વીણે છે કે કાંકરા? ઘઉં વીણે છે. ઘઉં તો હજાર ઘઉં છે. હજાર વીણે? કાંકરા ૨૫-૫૦ હોય તો વીણે. પણ એ સંસારની બોલણી જ એવી છે. એમ અહીંયાં કહે છે કે કર્મને કારણે વિકાર ઉત્પન્ન થાય છે એ તારી માન્યતા ખોટી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ **'પરને આત્મા તરીકે જાણતો એવો...'** છે? આહા..હા..! એ શુભ અને અશુભભાવ એ આત્માનું રૂપ છે, આત્માનું સ્વરૂપ છે, આત્માના અસ્તિત્વમાં એ છે. પરજ્ઞેય તરીકે ન માનીને પોતાના અસ્તિત્વમાં એ પોતાથી છે. સમજાણું કાંઈ? **'પરને આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ) વિશેષ અપેક્ષાએ...'** જુઓ, હવે આવ્યું. પર્યાયમાં ધ્રુવ તો જ્ઞાયકભાવ છે જ.

ત્રિકાળ ધ્રુવ. હવે વિશેષ અપેક્ષાએ, વર્તમાન પર્યાય વિશેષદશામાં રાગને પોતારૂપ જાણતો, રાગથી પોતાના સ્વરૂપનું ભેદજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે **'વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી...'** લ્યો, એ રાગ એ અજ્ઞાન છે. જ્ઞાનસ્વરૂપ નથી. રાગ એ તો જ્ઞાન વિનાની ચીજ છે. દયા, દાન, વ્રત પરિણામ આદિ શુભભાવ એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન એના જ્ઞાનના અંશનો તો એમાં અભાવ છે. આહા..હા..! એ અપેક્ષાએ એને અજ્ઞાન કહ્યું છે. અજ્ઞાનનો અર્થ એવો નથી કે એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એકતાબુદ્ધિ મિથ્યાત્વભાવ છે, પણ ભેદબુદ્ધિમાં એ રાગ આવે છે એ તો પરતરીકે વસ્તુ છે. આહા..હા..!

**'વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી...'** આહા..હા..! પોતાના જ્ઞાયકભાવમાં વર્તમાન જ્ઞાન પરિણામ હોવું જોઈએ તો એ અજ્ઞાનભાવથી જ્ઞાનપરિણામને કરતો થકો. પોતાના જ્ઞાનનું પરિણામ અજ્ઞાનભાવરૂપ કરતો થકો. પંડિતજી! આહા..હા..! આ તો અભ્યાસ હોવો જોઈએ ભાઈ! અભ્યાસ વિના અંતરની વાત ક્યાં ભૂલ થાય છે એ પણ ખબર નથી.

મુમુક્ષુ :- .. અજાણ છે.

ઉત્તર :- અજ્ઞાન છે. વસ્તુ જે જ્ઞાયકભાવ છે એનું જે પરિણમન એ રાગરૂપ થઈ ગયું. વિકારીરૂપ થયું. સમજાણું કાંઈ?

**'વિશેષ અપેક્ષાએ...'** એ તો વિશેષમાં છેને? પર્યાય તો વિશેષ છેને? જ્ઞાયકભાવ, ક્ષેત્ર અને દ્રવ્ય તો સામાન્ય ત્રિકાળ છે. આહા..હા..! હવે વિશેષ અપેક્ષાએ. પહેલું કહ્યું હતું **'જ્ઞાયક ભાવ સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં,...'** પહેલી લીટી. એ વિશેષ અપેક્ષાએ જ્ઞાયકભાવમાં રાગને પોતાનો માનવો, પોતારૂપ માનવો, પોતાનું સ્વરૂપ માનવું એ **'વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી...'** રાગરૂપ કરતો થકો. કર્મથી રાગરૂપ થયો એમ નથી. આહા..હા..! કેટલું દિગંબર સંતો જંગલમાં રહીને. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આહા..હા..! દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. આત્મામાં ચાર બોલ છે. દ્રવ્ય ત્રિકાળી ચીજ, ક્ષેત્ર પણ અસંખ્ય પ્રદેશી ત્રિકાળી, ભાવ ગુણ ત્રિકાળી, હવે રહ્યો કાળ. તો કાળ સમયમાં નિમિત્તને આશ્રયે ઉત્પન્ન થયેલો વિકાર એની એકતાબુદ્ધિને કારણે ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે અને પરરૂપને પોતારૂપ કરતો થકો, રાગ પોતાનું સ્વરૂપ છે, શુભ-અશુભભાવ પોતારૂપ છે એમ કરતો થકો જ્ઞાન પરિણામને કરે છે. અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરે છે. આહા..હા..! પોતાની વિશેષ જ્ઞાનદશામાં અજ્ઞાનરૂપ રાગરૂપ હું છું એવું જ્ઞાન પરિણામ કરે છે. આહા..હા..! ગજબ વાતું! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! હિંમતભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પણ કથંચિત્ કરે છે. પહેલા કહે કે દ્રવ્ય-ક્ષેત્ર-ભાવનો કર્તા આત્મા અને પર્યાય વિકારનો કર્તા કર્મ. કથંચિત્ કર્તા આવી ગયું. એ જૂઠું છે તારું.

મુમુક્ષુ :- કેમ કરે?

ઉત્તર :- ક્યાંથી કરે? દ્રવ્ય-ક્ષેત્ર અને ભાવ તો ત્રિકાળી છે અને એ જ્ઞાનભાવ જે ત્રિકાળ છે એને વર્તમાનમાં રાગને જ્ઞેય બનાવીને હું ભિન્ન છું એમ ન કરતાઃ પરથી ભિન્ન કરવાની શક્તિના અભાવથી, પરને પોતારૂપ માનવાથી. આહા..હા..! આસ્રવભાવ. આહા..હા..! રતિલાલજી! ભગવાનની ભક્તિ આસ્રવભાવ છે કે સુખરૂપ છે? આસ્રવભાવ. અમરચંદભાઈ! એ દુઃખરૂપ ભાવ છે. પરજ્ઞેય તરીકે છે.

મુમુક્ષુ :- રાગને પોતાનો માને...

ઉત્તર :- એ મિથ્યાત્વભાવ છે. ... આહા..હા..! એ ભક્તિનો ભાવ ત્રિલોકનાથની. એ ભાવ તો રાગ છે, ભગવાન! અને એ રાગ જ્ઞાયકભાવથી ઉત્પન્ન થયો એમ નથી. એ તો નિમિત્તને આશ્રયે ઉત્પન્ન થયેલો રાગ છે. એ રાગ અને આત્મા બે વચ્ચેની ભિન્નતાના અભાવને કારણે અને રાગને પોતારૂપ માનવાથી અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરે છે. રાગરૂપ આત્માના પરિણામનો કર્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ધીમે-ધીમે વાત ચાલે છે, ભાઈ! નહિતર આ. આહા..હા..!

**'વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી...'** એ આત્માના જ્ઞાન પરિણામ એ રાગરૂપ કરતો હોવાથી એમ. પોતાનું જ્ઞાનપરિણામ, જાણવું પરિણામ હોવું જોઈએ એને છોડીને અજ્ઞાનરૂપ કર્તા થયો. આહા..હા..! **'અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી (-અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તેને કરતો હોવાથી),...'** ચૈતન્ય જ્ઞાનનું પરિણમન અજ્ઞાનરૂપ કરતો થકો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી ચર્ચાની વ્યાખ્યા. આહા..હા..! એની તો કાંઈ ખબર નથી. પરથી હું ભિન્ન છું એવું ભેદજ્ઞાન નથી અને એને ચારિત્ર ને તપ ને વ્રત આવી જાય. આહા..હા..! વસ્તુ શું છે અને કેમ ભૂલ થાય છે અને ભૂલ કેમ ભાંગે, ભૂલનો નાશ કેમ થાય? એ ખબર નથી અને એને ચારિત્ર ને વ્રત ને તપ થઈ ગયા સંવર નિર્જરા. આહા..! અરે..! આત્માને છેતર્યો એણે. પોતાને છેતર્યો. વિકારભાવને પોતાનો માનીને, પોતારૂપ માનીને આત્માને છેતર્યો કે હું ત્યાગમાં છું અને મને કાંઈક લાભ થશે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી...'** એટલે જ્ઞાયકભાવમાં જે જ્ઞાનપરિણામ અજ્ઞાનરૂપ થયું. **'એવું જે જ્ઞાનનું પરિણમન તેને કરતો હોવાથી), તેને કર્તાપણું સંમત કરવું (અર્થાત્ તે કર્તા છે એમ સ્વીકારવું);...'** લ્યો, આ કારણે રાગનો કર્તા હું છું એવો સ્વીકાર કરવો જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..! ચાર લીટીમાં ઘણું ભરી દીધું છે. ઓહો..હો..! આ કારણે કે રાગાદિનો ભાવ એ પરજ્ઞેય તરીકે ન જાણતા ભેદજ્ઞાનથી શૂન્ય હોવાથી રાગને પોતારૂપ માનીને જ્ઞાનના પરિણામને અજ્ઞાનરૂપ કરતો હોવાથી. એ તો અજ્ઞાનરૂપ રાગરૂપને જ્ઞાન પરિણામને કરતો

હોવાથી. આહા..હા..! આ વાંચન કરે તો એકદમ લઈ જાય. વાંચી લીધું. એક જણો કહે સમયસાર પંદર દિવસમાં વાંચી લીધી. બહુ સરસ. જીવની વાત છેને એમાં? નવ તત્ત્વની વાત છે. પંદર દિવસમાં વાંચ્યું. બહુ સારી વાત છે, ભગવાન! સમયસાર શું ચીજ છે અને શું સિદ્ધ કરે છે? અને અજ્ઞાનભાવથી શું દોષ થાય છે અને ભેદજ્ઞાનના અભાવને કારણે રાગને પોતાનો માને છે એ રાગથી પોતાને ભિન્ન માની શકતો નથી. આહા..હા..! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન. જુઓને ઇ કહે છે. વ્યવહાર રાગાદિ થાય છે તો પોતાથી ભિન્ન છે એમ ન જાણતા વ્યવહાર રાગરૂપ જ હું છું, એ વ્યવહારરૂપ જ હું છું (એમ માને છે). આહા..હા..! એમ છે. આહા..હા..!

**'તેને કર્તાપણું સંમત કરવું (અર્થાત્ તે કર્તા છે એમ સ્વીકારવું);...'** ભગવાન! તારી ભૂલ તારાથી થઈ છે એમ સ્વીકારવું જોઈએ. આહા..હા..! ચાહે તો રાગ હોય, દ્વેષ હોય, મિથ્યાત્વ હોય. એ ભૂલ તારાથી થઈ છે. તારામાં થઈ છે. વિશેષ અપેક્ષાએ પરિણમન અજ્ઞાનરૂપ જ્ઞાનનું પરિણમન તે઼઼ કર્યું. આહા..હા..! સ્વભાવરૂપ પરિણમન હોવું જોઈએ, રાગથી ભિન્ન થઈને પોતાની ચીજમાં સ્વભાવ જ્ઞાનનો જ્ઞાતા-દૃષ્ટાપણાનું પરિણામ હોવું જોઈએ એની સામે તું અજ્ઞાનરૂપ જ્ઞાનનું પરિણમન કરી ગયો. આહા..હા..! એટલું કરી શકે છે અજ્ઞાનભાવે, પણ પરનું તો કરી શકતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ વાત છે. આ નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... પણ વ્યવહાર-વ્યવહાર ક્યાં ભગવાન? નિશ્ચય એ જ સત્ય છે. આ નિશ્ચય અશુદ્ધનિશ્ચયનયે રાગને જીવ કરે એ પણ મિથ્યાત્વભાવનો કર્તા એ પણ સત્ય છે. સમજાણું કાંઈ? વ્યવહારનય અશુદ્ધ નિશ્ચયથી રાગથી પુણ્ય-પાપના ભાવથી ચૈતન્યવસ્તુ ભિન્ન છે એવી તો બુદ્ધિ થઈ નથી. ત્યારે પોતાના અસ્તિત્વનો ક્યાંક તો સ્વીકાર કરવો પડશે. તો રાગમાં, પુણ્યમાં, દયા, દાનના પરિણામ મારા એવો સ્વીકાર કર્યો. આહા..હા..! શેઠ! બહુ સારી વાત છે લ્યો. આહા..હા..! ભાઈ! સમજાય છે કે નહિ? હિન્દી ચાલે છે. આહા..હા..!

ભગવાન! તારી ભૂલ ક્યાં થઈ? કેમ થઈ? તો કેમ થઈ? આહા..હા..! વિકારના પરિણામ ઉત્પન્ન થયા એ નિમિત્તને આશ્રયે ઉત્પન્ન થયા છે કાંઈ તારે આશ્રયે નથી ઉત્પન્ન થતાં. એ પરિણામ જ્ઞેયરૂપ અને આત્મા જ્ઞાન એમ કરવું જોઈએ. એમ ન કરતાં રાગ જ પોતાનું રૂપ અને પોતાનું કર્તવ્ય અને પોતાના સ્વરૂપમાં છે એમ માનીને અજ્ઞાનભૂત, જે રાગરૂપ. રાગરૂપ કહો કે અજ્ઞાનરૂપ કહો. દ્વેષરૂપ, દયારૂપ, દાનરૂપ એ બધા અજ્ઞાનભાવ છે. ઓહો..હો..! એ અજ્ઞાનરૂપ આત્માના જ્ઞાન પરિણામ પર્યાયમાં એ કર્તા થયો. આહા..હા..! એમ સ્વીકાર કરવો જોઈએ. આહા..હા..! અજ્ઞાનભાવમાં પરથી ભેદજ્ઞાનના અભાવમાં અરિહંતના મતમાં રાગનો કર્તા અજ્ઞાની છે એમ સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ?

**'તે ત્યાં સુધી...'** એવું પણ ક્યાં સુધી કરવું-માનવું? **'કે જ્યાં સુધી ભેદવિજ્ઞાનના આદિથી...'** આહા..હા..! રાગનું લક્ષ છોડીને સ્વચૈતન્યનું લક્ષ થયું તો ભેદજ્ઞાન થયું ત્યારે રાગનો કર્તા નથી.

સમજાણું કાંઈ? આહા..હા..! **'તે ત્યાં સુધી કે જ્યાં સુધી ભેદવિજ્ઞાનના આદિથી...'** ચોથે ગુણસ્થાનથી. આહા..હા..! આદિથી લીધુંને? ભેદજ્ઞાનની શરૂઆતથી. આહા..હા..! કે રાગ પરદ્રવ્ય વસ્તુ છે. મારી ચીજ તો જ્ઞાનસ્વભાવી સ્વ છે. એવી ભેદજ્ઞાનની શરૂઆતથી, ભેદજ્ઞાનની શરૂઆતથી. સમજાણું કાંઈ? જુઓ, **'જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી...'** રાગાદિભાવ તો પરજ્ઞેય છે. હું એનો જાણનાર-દેખનાર છું. એવા **'ભેદવિજ્ઞાનથી પૂર્ણ...'** ઓલા ભેદવિજ્ઞાનથી શૂન્ય હતો. આ **'ભેદવિજ્ઞાન પૂર્ણ (અર્થાત્ ભેદવિજ્ઞાન સહિત)...'** પાછા પૂર્ણ કોઈને ભેદવિજ્ઞાન કોઈને તેરમે પૂરું થાય. એમ નથી. આહા..હા..! **'જ્ઞાનના ભેદવિજ્ઞાનથી પૂર્ણ...'** રાગથી મારી ચીજ **'णाणसहावाधियं मुणदि आदं '** પોતાનો જ્ઞાયકસ્વભાવ રાગથી અધિક નામ ભિન્ન છે. એવું જ્યારે જાણવામાં આવ્યું ત્યારથી રાગ પર અને આત્મા જાણનાર એવું ભેદજ્ઞાન થયું. ચોથે ગુણસ્થાનથી. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ લોકો કહે કુંદકુંદાચાર્યે વ્રત પાળ્યા, તપસ્યાઓ કરી, દયા પાળી. અરે..! ભગવાન! સાંભળતો ખરો પ્રભુ! તું ... દે છો. એ રાગનું તો ભેદજ્ઞાન થયું છે. વ્રતાદિના પરિણામને દુ:ખરૂપ, ઝેરરૂપ જાણીને પર માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિશ્ચયથી પોતાનું કર્તવ્ય કરવાલાયક છે એમ નથી. આહા..હા..! એટલું રાગનું પરિણમન થાય છે. એ અપેક્ષાએ જાણે છે. આહા..હા..! પરમ સત્યના વેણલા છે આ બધા.

**'(અર્થાત્ ભેદવિજ્ઞાન સહિત) થવાને લીધે આત્માને જ આત્મા તરીકે જાણતો એવો...'** હું તો જ્ઞાયકભાવસ્વરૂપ છું એવા આત્માને આત્મારૂપ જાણતો. ઓલામાં શું આવ્યું હતું? આત્માને પરરૂપ-રાગરૂપ જાણતો એવો. સમજાણું કાંઈ? આ આત્માને આત્મારૂપ જાણતો એવો. હું તો આત્મા જ્ઞાનસ્વરૂપ છું. એવા **'આત્માને જ આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ), વિશેષ અપેક્ષાએ પણ...'** ઓલામાં વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનનું પરિણામ હતું. અને આ ભેદજ્ઞાન થયું. **' વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામે...'** રાગથી ભિન્ન ભેદજ્ઞાન કર્યું. તો જ્ઞાન પરિણામ જ્ઞાનરૂપ થયું. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'આત્માને જ આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ), વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામે પરિણમતો થકો (–જ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તે-રૂપે જ પરિણમતો થકો), કેવળ જ્ઞાતાપણાને લીધે સાક્ષાત્ અકર્તા થાય.'** દ્રવ્ય તો અકર્તા છે જ. પણ દૃષ્ટિ થઈ ત્યારે પર્યાય પણ અકર્તા થઈ. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૧૧, ગુરુવાર, તા.૦૯-૦૮-૧૯૭૩**
**ગાથા-૩૩૨ થી ૩૪૪, પ્રવચન-૪૬૪**

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

એનો ભાવાર્થ. તેર ગાથા ચાલીને? એનો ભાવાર્થ છે. **'કેટલાક જૈન મુનિઓ પણ સ્યાદ્વાદ-વાણીને બરાબર નહિ સમજીને...'** જૈન મુનિ અને જૈન શ્રાવક. મુનિનું નામ આવ્યું એમાં શ્રાવક નામધારી પણ આવી ગયા. **'કેટલાક જૈન મુનિઓ પણ સ્યાદ્વાદ-વાણીને બરાબર નહિ સમજીને...'** ભગવાને જે અપેક્ષાએ કહ્યું છે કે જે આત્મા અજ્ઞાનભાવે વિકારનો કર્તા છે અને ભાનભાવે એનો જ્ઞાતા છે. સમજાણું કાંઈ? એ સ્યાદ્વાદ છે. વીતરાગની વાણી સ્યાદ્વાદ અપેક્ષિત કથન છે. આત્મા અકર્તા છે એ તો આત્મજ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું, પર્યાયબુદ્ધિ છૂટી ગઈ ત્યારે તો સ્વભાવની દૃષ્ટિમાં તો આત્મા રાગનો કર્તા છે જ નહિ. રાગ આવે છે જરૂર, થાય છે જરૂર, પણ ધર્મી એનો જાણનાર રહે છે. એનો સ્વામી થતો નથી. આહા..હા..! અને જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી તો અજ્ઞાની આત્માની દૃષ્ટિ તો પર ઉપર છે, પર્યાયબુદ્ધિ છે. તો પર્યાયબુદ્ધિની દૃષ્ટિમાં જે રાગ થાય છે... રાગ, દ્વેષ, દયા, દાન આદિનો ભાવ એ અજ્ઞાનીનું કર્તવ્ય છે. એ કર્તવ્ય કર્મથી રાગ થયો છે એમ નથી. સમજાણું કાંઈ?

**'બરાબર નહિ સમજીને સર્વથા એકાંતનો અભિપ્રાય કરે છે અને વિવક્ષા પલટીને એમ કહે છે...'** જે અપેક્ષાએ કહ્યું છે એ અપેક્ષાએ ન સમજતા કથનમાં ફેરફાર કરી નાખે. એ કહે છે જુઓ, **'કે—"આત્મા તો ભાવકર્મનો અકર્તા જ છે,...'** પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, શુભ અને અશુભભાવ એ આત્મા તો એનો અકર્તા જ છે. એમ અજ્ઞાની કહે છે. **'કર્મપ્રકૃતિનો ઉદય જ ભાવકર્મને કરે છે;...'** કર્મનો ઉદય આવે છે એ જ આત્મામાં વિકારીભાવ કરે છે. એમ અજ્ઞાનીની દલીલ પક્ષપાતની છે. સમજાણું કાંઈ? એ લીધું જુઓ, આત્મામાં જે જ્ઞાનની હીનતા-કમી દેખાય છે એ જ્ઞાનાવરણીય કર્મને કારણે છે. એમ અજ્ઞાની કહે છે. સમજાણું કાંઈ? અને જ્ઞાન દેખાય. ક્ષયોપશમ જ્ઞાનના વિકાસનો અંશ દેખાય છે એ પણ જ્ઞાનાવરણીયના ક્ષયોપશમને કારણે દેખાય છે. પોતાની પર્યાયની યોગ્યતાથી છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એક દલીલ તો પહેલા આવી ગઈ છે કે આત્મા પરનો કર્તા તો છે નહિ. ક્યારેય કોઈ દેશનો, શરીરનો, વાણીનો, મનનો, પરદ્રવ્યની કોઈપણ પર્યાયનો અજ્ઞાની આત્મા પણ પરનો કર્તા છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કરો... કરો... કરો... આમ કરો, આમ કરે. શું કરે પ્રભુ સાંભળતો ખરો. પરપદાર્થની અવસ્થા એ તો એ દ્રવ્યનું કાર્ય છે. એ કાર્ય પરદ્રવ્ય કરે એ કેમ બને? પહેલી તો એ ભૂલ કે વ્યવહારમાં પણ એમ કહે છેને? વ્યવહારનો ઉપદેશ છે. અમારો ઉપદેશ છે. .. થઈ ગયું એનું? સમજાણું કાંઈ? એમ બોલવામાં આવે છે કે જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાન રોકાય છે. એ તો કથન છે નિમિત્તનું. એમ છે નહિ. આહા..હા..! 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' પોતાની જ્ઞાનની કમીને કારણે પોતાને કારણે જ્ઞાનમાં વધ-ઘટ થાય છે. બરાબર છે?

જ્ઞાનાવરણીય કર્મને કારણે જ્ઞાનની ખામી અને એના ક્ષયોપશમને કારણે વૃદ્ધિ એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! તો અજ્ઞાની કહે છે કે જુઓ અમારે તો જ્ઞાનાવરણીય કર્મનો ઉદય આવે છે એ જ પોતાની જ્ઞાનપર્યાયને હીણી કરે છે. જ્ઞાનનો વિકાસ થાય છે. શાસ્ત્રમાં નથી લખ્યું? જ્ઞાનાવરણીય ઉદયથી જ્ઞાન (થતાં) આત્માને રોકે છે. અને એના ક્ષયોપશમથી આત્મામાં જ્ઞાનવિકાસ થાય છે. અમે તો એમ માનીએ છીએ. સમજાણું કાંઈ? પણ એમ છે નહિ. તારી જ્ઞાનમાં વધ-ઘટ થાય છે એ તારા કારણે છે. કર્મને કારણે છે નહિ. એમ છે જ નહિ. જૈનમાં તો એ જ લાકડું ગરી ગયું છે. આહા..હા..! કર્મ કરાવે... કર્મ કરાવે... કર્મ કરાવે... લ્યો. અમારે તો ૭૧ની સાલથી ઝઘડા થાય છે સંપ્રદાયમાં તો. સંપ્રદાયમાં ઝઘડા થાય છે. કે કર્મને કારણે આમ થાય છે. કીધું હરામ વાત છે જૂઠી. કર્મને કારણે આત્મામાં વિકાર થાય છે કે અલ્પજ્ઞતા થાય કે વિકાસ થાય એ વાત બિલકુલ સત્ય નથી. સમજાણું કાંઈ? દામોદર શેઠ કર્મનો બહુ પક્ષ. ઘણા પક્ષપાતી કર્મના એકલો પક્ષ. બસ કર્મથી જ થાય છે. સમજાણું કાંઈ? અને આ પરવસ્તુ છે તો એ છે તો એનું જ્ઞાન અહીં થાય છે. એમ કહેતા. પોતાથી જ્ઞાનનો વિકાસ થાય છે એમ નહિ. .. વીરજીભાઈને ૮૩ની સાલ છે. વીરજીભાઈ સાથે ચર્ચા થઈ ઉપર પછી આવ્યા મારી પાસે કે આમ છે. કીધું એમ બિલકુલ નથી. લોકાલોક છે તો આત્મામાં જ્ઞાનની પર્યાય લોકાલોકની અસ્તિ છે તો થાય છે?

મુમુક્ષુ :- પોતાને કારણે...

ઉત્તર :- પોતાની પર્યાયમાં પરિપૂર્ણતા પ્રગટ પોતાને કારણે થાય છે. એ પરને જાણવું એ તો વ્યવહાર છે. પણ પરને જાણવાની પોતાની પર્યાય પરિપૂર્ણ એને જાણવું. આહા..હા..! અને ઇ પોતાની પર્યાયમાં સામર્થ્ય. જગતનું એટલું અસ્તિત્વ છે. જ્ઞેય પ્રમાણે જ્ઞાન. તો જ્ઞેય છે તો અહીં જ્ઞાનની પર્યાય એવી પરિપૂર્ણ થઈ (એમ નથી). એ તો સદાય છે. કેમ પરિપૂર્ણ પર્યાય નથી થતી? સમજાણું કાંઈ? એને કારણે છે જ નહિ. આહા..હા..! મોટી ચર્ચા થઈ હતી ૮૩. મારી પાસે બોલે નહિ. અંદર બોલે ખાનગી-ખાનગી. કે આ મહારાજ આમ કહે છે. આ તો પડાઈ ઉડે છે. વગર દોરની પડાઈ છે. પડાઈ સમજો છો? પતંગ. ... જ્યાં પડી ત્યાં ખડી પડી એમ કહે છે. ૮૩માં બહુ

ખાનગી મારી પાસે બોલે નહિ. મારી પાસે બોલે તો આપણે તો તરત એક ને એક બે. એમાં કાંઈ ફેરફાર ન થાય. શેઠિયો હોય કે ગમે તે હોય એને ઘરે રહ્યો. માર્ગ આવો નથી. ગૃહસ્થ માણસ હતા. એ વખતે તો દસ લાખ બહુ કહેવાતાને પચાસ વર્ષ પહેલા? દસ લાખ. ચાલીસ હજારની ઉપજ. ઘરે ગામ હતું એક ગામ. દસ હજારની ઉપજનું. બે ઘોડા. ઘોડા હતા. એક ઘોડો નહિ. ઘણા ઘોડા. ઘોડા સમજ્યાને અશ્વ. મોટા ગૃહસ્થ આરબ રહેતા. એ પ્રવેશ કરે તો આરબ બેઠા હતા. આરબ સમજ્યાને? આ આરબ લોકો હોયને. ચોકીદાર. આરબ લોકો. આ તો વાણિયા.. મોટું રાજ. એ વખતની આ તો ૫૦-૬૦ વર્ષ પહેલાની વાત. અત્યારે તો કરોડ રૂપિયા હોય તો પાંચ લાખ જેટલી કિંમત. એ વખતે તો દસ લાખ એટલે બહુ પૈસા કહેવાતા. એ અભિમાન ચડી જાય. જુઓ મેં કેટલી વ્યવસ્થા ... કરીએ છીએ. ધૂળેય કરતો નથી કીધું. આહા..હા..! પરનો કર્તા તો નથી, પણ પર તારી પર્યાયને કરે. અરસ-પરસ કર્તા એ ત્રણ કાળમાં નથી. આહા..હા..!

**'અજ્ઞાન, જ્ઞાન, સૂવું,...'** નિંદ્રા આવે તો નિંદ્રાવર્ણી કર્મ. નિંદ્રા-નિંદ્રા. નિંદ્રાવરણીય કર્મનો ઉદય હોય તો અમને નિંદ્રા આવી જાય. એમ અજ્ઞાની કહે છે. એમ છે નહિ. પોતાના પ્રમાદને કારણે નિંદ્રા આવે છે. નિંદ્રા નામનું કર્મ છે નિંદ્રા એને કારણે નિંદ્રા આવે એમ અજ્ઞાની કહે છે. સમજાણું કાંઈ? અને **'જાગવું,...'** એ નિંદ્રાવરણીય કર્મનો ક્ષયોપશમ થઈ જાય ત્યારે જાગી જાય છે. એ જૂઠું છે. તારા ક્ષયોપશમની દશા છે જાગવાની. એ તારા કારણે છે. પરને કારણે થતી નથી. અને **'સુખ, દુઃખ,...'** આ શાતાનો ઉદય હોય તો સંયોગ મળે અને અમે સુખી છીએ એ કર્મને કારણે. એમ અજ્ઞાની કહે છે. કહો, સમજાણું કાંઈ? શાતાનો ઉદય આમ બંગલા, માલ, પૈસા, કુટુંબ, કબીલા, સારા ક્ષેત્ર ઘરે, મકાન, મહેલ, સારી .. એમાં સુખી અમે છીએ. એ કર્મ શાતાવેદનીય અમને સુખી કરે છે. નહિ શેઠ! તારી કલ્પના તું કરે છો કે એમાં સુખ છે એ તો તારી વિપરીત માન્યતા છે. એ તો તારાથી થઈ છે. કાંઈ પરથી થઈ છે? આહા..હા..! એમ દુઃખ. પ્રતિકૂળ સંયોગો નરકના, નિગોદના આવે તો અમને દુઃખ થાય છે. એ અશાતાવેદનીયને કારણે દુઃખ થાય છે. અશાતાવેદનીયને કારણે દુઃખ થાય છે એમ અજ્ઞાની માને છે. એમ છે નહિ. દુઃખ જે તારી પર્યાયમાં વિકારીભાવ ઉત્પન્ન કરે છે એ તારા પુરુષાર્થથી તને દુઃખ થાય છે. પરને કારણે દુઃખ છે નહિ. આહા..હા..!

**'મિથ્યાત્વ,...'** અમને વિપરીત શ્રદ્ધા હોય દર્શનમોહના ઉદયને કારણે થાય છે એમ. મિથ્યાત્વભાવ થાય છે એ દર્શનમોહનીય કર્મ ઉદય વિના મિથ્યાત્વ થાય છે? એ પહેલા દલીલ આવી ગઈ છે. દર્શનમોહનો ઉદય ન હોય અને મિથ્યાત્વ થાય છે?

મુમુક્ષુ :- ઉદય ઉદયમાં રહ્યો.

ઉત્તર :- ઉદય એને ઘરે રહ્યો. આત્માની પર્યાયમાં એનો તો અત્યંત અભાવ છે. સમજાણું કાંઈ? બહુ કઠણ વાત જગતને અત્યારે.. સાધુ પણ ક્યાં ચડી ગયા છેને બધા. આમ કરીએ...

આમ કરીએ... આમ કરીએ... દુનિયાનું કરી દઈએ અને એને કારણે પોતાને લાભ થાય. દુનિયાને સુખી કરે પૈસા, આહાર, પાણી દે. દેશની સેવા કરે તો આત્માને લાભ થાય. ધૂળેય લાભ નથી થતો. પરની સેવા કરે કોણ? સમજાણું કાંઈ? પરદ્રવ્યની સેવા કરે કોણ? પરદ્રવ્યની પર સેવા કરે? પરદ્રવ્યમાં તો પોતાનો અભાવ છે અને પોતાની પર્યાયમાં પરદ્રવ્યનો અભાવ છે. અભાવની ભીંત તો વજ્ર જેવી પડી છે વચ્ચે. પરનું શું કરે? સમજાણું કાંઈ? વીતરાગમાર્ગમાં બહુ ફેરફાર લોકોએ કરી નાખ્યો છે. આચાર્યને એ વખતે પણ આવા માનનારા હશેને એ વખતે? આહા..હા..!

**'મિથ્યાત્વ, અસંયમ,...'** ભાઈ! અમારે ચારિત્રમોહનો ઉદય આવે તો વિષય, વાસના અને અસંયમભાવ થાય છે. કહો, સમજાણું કાંઈ? એ દૃષ્ટાંત પણ દે છે. જુઓ, શ્રીકૃષ્ણ. બળદેવના મડદાને છ મહિના સુધી લઈને ચાલ્યા. કૃષ્ણ. શ્રી કૃષ્ણ. બળદેવને. બળદેવે શ્રીકૃષ્ણને. શ્રીકૃષ્ણ છ મહિના મડદું લઈને ચાલ્યા. એના ભાઈ બળદેવ. ભાઈ બળદેવ. એ છ મહિના લઈને ચાલ્યા. ચારિત્રમોહ મંદ થયો છ મહિને ખ્યાલ આવ્યો. એમ આવે છે એમાં. દ્વારકા જ્યારે...

મુમુક્ષુ :- એ તો લક્ષ્મણની વાત કરી પછી રામની કરી

ઉત્તર :- રામની કરી. અનંત વાસુદેવ થયા ત્યારે બળદેવ છ મહિના લઈને ચાલ્યા. તો કહે છે કે જુઓ, એની સ્થિતિ ચારિત્રમોહની છ મહિના સુધી હતી. તો એમ થયું. સ્થિતિ ઘટી ગઈ .. લ્યો એ વાત સાચી નથી. પોતાની પર્યાયમાં જ એટલું સંયમપણું પોતાને કારણે થયું છે. ચારિત્રમોહને કારણે છે નહિ. આહા..હા..!

**'અસંયમ, ચાર ગતિઓમાં ભ્રમણ—'** એ ઊર્ધ્વલોકને છેને? ઊર્ધ્વલોકમાં જાવું, મધ્યલોકમાં જાવું, અધોલોકમાં જાવું એ બધી ગતિઓનું ભ્રમણ પણ કર્મને કારણે છે. **'એ બધાંને,..'** કર્મ કરાવે છે ભાઈ! અમે શું કરીએ? આહા..હા..! હું તો જ્ઞાનસ્વરૂપ છે. એ રાગાદિ થાય છે શુભ-અશુભ પરિણામ તે કર્મને કારણે છે. **'તથા જે કાંઈ શુભ- અશુભ ભાવો છે...'** લ્યો, એ દયા, દાન, શુભભાવ, વ્રતના ભાવ આદિ થાય છે એ કર્મ મંદ પડ્યા તો એને કારણે મને રાગની મંદતા થઈ. કર્મના ઉદયમાં મંદતા આવી તો મારામાં શુભભાવ થયો એમ અજ્ઞાની કહે છે. એમ છે નહિ. અને કર્મના ઉદયની તીવ્રતા થાય તો અશુભભાવ થાય. ખોટી વાત છે. તારા શુભ-અશુભભાવ તો તારાથી થાય છે. કર્મ તો પરચીજ છે, નિમિત્તમાત્ર એ તો ચીજ છે. કરાવે છે તને? બહુ ગડબડ, મોટી ગડબડ હજી વ્યવહારશ્રદ્ધામાં ગડબડ. નિશ્ચય તો ક્યાં રહ્યો? સમજાણું કાંઈ?

**'જે કાંઈ શુભ- અશુભ ભાવો છે તે બધાયને કર્મ જ કરે છે; જીવ તો અકર્તા છે." વળી તે મુનિઓ શાસ્ત્રનો પણ એવો જ અર્થ કરે છે...'** શાસ્ત્રના પણ ઉંધા અર્થ કરે છે. ઉંધા. શું? **'"વેદના ઉદયથી સ્ત્રી-પુરુષનો વિકાર થાય છે...'** શાસ્ત્રમાં એમ લખ્યું છે? પુરુષવેદના ઉદયથી સ્ત્રીની અભિલાષા થાય છે, સ્ત્રી વેદના ઉદયથી પુરુષની અભિલાષા થાય છે. શાસ્ત્રમાં એમ લખ્યું છે. પુરુષને વિકાર થાય છે. સમજાણું કાંઈ? **'"વેદના ઉદયથી સ્ત્રી-પુરુષનો વિકાર થાય છે...'**

એમ કહે છે અજ્ઞાની. એમ છે નહિ. આહા..હા..! **'અને ઉપઘાત તથા પરઘાત પ્રકૃતિના ઉદયથી પરસ્પર ઘાત પ્રવર્તે છે."...'** એ અજ્ઞાની શું કહે છે જુઓ, શાસ્ત્રમાં લખ્યું છે કે પરઘાત પ્રકૃતિ છે એક નામકર્મની. ઉપઘાત અને પરઘાત બે પ્રકૃતિ છે. તો પરઘાતથી આત્મા પરને હણે અને ઉપઘાતથી આત્મા પરથી હણાય જાય. એવો અર્થ કરે છે શાસ્ત્રકાર. છે? શાસ્ત્રમાં જુઓ પરઘાત પ્રકૃતિ છે કે નહિ? અર્થમાં પરઘાત લીધું છે. આમાં બે લીધું છે. છેને બરાબર હજી. પરઘાત પ્રકૃતિ તો નિમિત્ત છે. પરને હિંસા કરવાનો ભાવ તો જીવ કરે છે તો થાય છે. આહા..હા..! અને પર તને ઘાત કરે શરીરાદિમાં. એ પણ તારી પર્યાયની યોગ્યતાથી ત્યાં થાય છે. પરથી ઉપઘાત તારામાં થાય છે એમ બનતું નથી. ભારે ગડબડ! આટલું તો આચાર્યને ૧૩ ગાથા લેવી પડી. ઓહો..હો..! જ્ઞાનાવરણીયથી જ્ઞાન તો અંતરાય, આઠેય કર્મથી આત્મામાં આમ થાય છે એમ કહે છે. અહીં કહે છે કે બિલકુલ પરથી થતું નથી. આહા..હા..! એવી હજી વ્યવહારશ્રદ્ધાના પણ ઠેકાણા નથી. તારી પર્યાય તારાથી થાય છે એના ઠેકાણા નથી. તો એ પર્યાયની પાછળ આખું દ્રવ્ય પડ્યું છે આનંદકંદ પ્રભુ એની તો દૃષ્ટિ ક્યાંથી તને થાય? સમજાણું કાંઈ? પર્યાયની પણ સ્વતંત્રતા તારાથી છે એટલું બેસે નહિ અને પરને કારણે મારી પર્યાયમાં થાય. તો પર્યાયથી રહિત ભગવાન આત્મા અંદર ધ્રુવ ચિદાનંદ પ્રભુ એ તો પર્યાયના અંશ પાછળ આખો ધ્રુવ પ્રભુ પડ્યો છે. એ પ્રગટ છે, વ્યક્ત છે, મોજુદગી ચીજ છે એ. તો એક સમયની પર્યાયમાં વિકારનો કર્તા સ્વતંત્ર હું છું એમ ન બેસે એને ભગવાન આનંદકંદ પ્રભુ છે એવી દૃષ્ટિ કદી ન બેસે. સમજાણું કાંઈ? આહા..હા..!

પ્રગટ પર્યાય, પ્રગટ પર્યાયનો ઉત્પાદ-વ્યય થાય છે. કોઈપણ ગુણમાં. એ ગુણ તો ધ્રુવ છે, પણ એમાં ઉત્પાદ-વ્યય થાય છે એ તો પોતાની પર્યાયને કારણે છે. ઉત્પાદ-વ્યયને કારણે છે. કર્મને કારણે ઉત્પાદ થાય છે તને, વિકાર થાય છે અને જ્ઞાનની હીણી દશા થાય અને વિકાસ થાય. એમ કહે છે શું કરીએ ભાઈ! અમને કર્મ માર્ગ દે. આમ કરે પાછા. કર્મ માર્ગ. નસીબમાંથી ખસે નહિ ત્યાં સુધી શું કરીએ? એમ શાંતિભાઈ પણ બોલી ગયા હતા એક ફેરી વ્યાખ્યાનમાં. ભાઈ! નગ્ન તો થઈ ગયા અમે. પણ કર્મ ખસ્યા વિના શું થાય? એમ બોલી ગયા પછી. .. કષાય. મંદને પણ એને ઓલું મગજમાં હતું એવું કાંઈક. માણસ મંદ કષાય ઘણો, નરમ માણસ. પણ એને વ્યાખ્યાનમાં ... આહા..હા..! પોતાની પર્યાયમાં પોતાના પુરુષાર્થથી ઉંધો વિકાર થાય છે. અને એ વિકારનો અભાવ પણ પોતાના પુરુષાર્થથી થાય છે. સમજાણું કાંઈ? આ વાત જૈનની કથની તો કંઈ બહાર રહી ગઈ. બહારમાં આમ કરવું, આ કરો ને આ કરો ને આ કરો દુનિયામાં. આહા..હા..! પરનું કરો અને પરથી મારામાં થાય છે. આહા..હા..!

તો કહે છે કે **'ઉપઘાત તથા પરઘાત પ્રકૃતિના ઉદયથી પરસ્પર ઘાત પ્રવર્તે છે."'** પરસ્પર છેને? પરઘાતથી પરમાં હિંસા થાય છે અને ઉપઘાતથી પોતામાં થાય છે. એવો અજ્ઞાની નામ કર્મની પ્રકૃતિનો અર્થ કરે છે. પણ એમ છે નહિ. **'આ પ્રમાણે, જેમ સાંખ્યમતી બધુંય પ્રકૃતિનું જ**

**કાર્ય માને છે...**' સાંખ્ય મતવાળા પ્રકૃતિનું જ કાર્ય. આત્મા કાંઈ નથી કરતો. આત્મા તો કુટસ્થ અપરિણામી છે. અને વિકાર આદિ થાય એ બધું પ્રકૃતિ કરાવે. '**અને પુરુષને અકર્તા માને છે...**' સાંખ્યમતિ. '**તેમ, પોતાની બુદ્ધિના દોષથી...**' જુઓ, જૈન સાધુ કે જૈન શ્રાવક કે જૈન મિથ્યાદષ્ટિ અજ્ઞાની જૈનપણે નામ ધરાવનારા એ '**પોતાની બુદ્ધિના દોષથી આ મુનિઓનું પણ એવું જ એકાંતિક માનવું થયું.**' સાંખ્યમતિ જેવી થઈ. '**માટે જિનવાણી તો સ્યાદ્વાદરૂપ હોવાથી,...**' વીતરાગવાણી તો સ્યાદ્વાદ છે. અપેક્ષાએ કર્તા અને અપેક્ષાએ અકર્તા. સર્વથા અકર્તા એમ છે નહિ. આહા..હા..! '**સર્વથા એકાંત માનનારા તે મુનિઓ પર જિનવાણીનો કોપ અવશ્ય થાય છે.**' જિનવાણીનું વિરાધકપણું છે એને. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જિનવાણી તો પુદ્ગલ છે એનું વિરાધકપણું...

ઉત્તર :- જિનવાણીમાં કહેવાનો ભાવ જે છે એ નથી તો વિરાધક છે એમ. જિનવાણી તો જડ છે. પણ જિનવાણીમાં કહેવાનો જે ભાવ છે એ ભાવને માનતો નથી. ભગવાન તો કહે કે તારી પર્યાયમાં વિકાર, અલ્પજ્ઞતા, વીર્ય મંદ થવું, વીર્ય ઉગ્ર થવું એ તારા કારણે છે. અજ્ઞાનભાવથી. પરને કારણે તું માને છો. (તો) જિનવાણીમાં જે અભિપ્રાય છે એનાથી તારું વિરૂદ્ધ છે. સમજાણું કાંઈ?

'**જિનવાણીનો કોપ અવશ્ય થાય છે. જિનવાણીના કોપના ભયથી...**' હવે વિવિક્ષા ... '**તેઓ વિવક્ષા પલટીને...**' કથનશૈલીને બદલીને '**એમ કહે કે ભાવકર્મનો કર્તા કર્મ છે...**' વિકારીભાવ, અજ્ઞાનભાવ, સૂવું, જાગવું એ બધાનો કર્તા તો કર્મ છે '**અને પોતાના આત્માનો (અર્થાત્ પોતાનો) કર્તા આત્મા છે;...**' લ્યો, અમારું કર્તાપણું આવ્યું. અજ્ઞાની કહે છે આત્મા આત્માને કરે અને વિકારી પર્યાય હીણી આદિ કર્મ કરે. કથંચિત્ કર્તા અને કથંચિત્ અકર્તા વીતરાગ કહે છે એવું આવી ગયું અમારામાં. સમજાણું કાંઈ? '**એ રીતે અમે આત્માને કથંચિત્ કર્તા કહીએ છીએ, તેથી વાણીનો કોપ થતો નથી;**''' એમ અજ્ઞાનીનો પક્ષ છે. '**તો આ તેમનું કહેવું પણ મિથ્યા જ છે.**' એનું કથન પણ જૂઠું છે. '**આત્મા દ્રવ્યે નિત્ય છે...**' છે? વસ્તુ તો નિત્ય છે એમાં કરવું શું આવ્યું? કરવું તો પર્યાયમાં છે. તો પર્યાયનો કર્તા તું કર્મ કહે છે અને દ્રવ્યનો કર્તા હું છું. તો દ્રવ્યનો કર્તા છે ક્યાંથી આવ્યું? એ તો છે જ. કર્તૃત્વ અને દ્રવ્ય નિત્યતા બે તો વિરૂદ્ધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી દલીલ મૂકીને વાત કરી છે! નિત્ય પ્રભુ ત્રિકાળ દ્રવ્ય છે એમાં કરવું શું આવ્યું? દ્રવ્ય દ્રવ્યને કરે એમ ક્યાંથી આવ્યું? આહા..હા..! ખબર નહિ અને હાંકે રાખે ગાડા એમ ને એમ. આહા..હા..! અને જૈન નામ ધરાવે. આહા..હા..! મિથ્યાત્વનું પોષણ કરીને ગતિ ચાલી જશે. અહીં વખણાય દુનિયામાં કદાચ. ઓહો..હો..! ભારે!

મુમુક્ષુ :- ગાંડી દુનિયા છે.

ઉત્તર :- આહા..હા..! અહીંયાં તો કહે છે કે દ્રવ્ય તો નિત્ય છે, અસંખ્યાત્ પ્રદેશી છે, તો

અસંખ્ય પ્રદેશમાં કાંઈ વધ-ઘટ થાય છે? એ તો પોતાના અસંખ્ય પ્રદેશ નિત્ય. વસ્તુ નિત્ય, એનું ક્ષેત્ર નિત્ય બે.

**'લોકપરિમાણ છે,...'** લોકના માપ પ્રમાણે અસંખ્ય પ્રદેશ છે. એમાં ક્યાં ઓછું-વત્તું થાય છે? **'તેથી તેમાં તો કાંઈ નવીન કરવાનું છે નહિ;...'** દ્રવ્ય-ક્ષેત્રમાં તો કાંઈ નવીન કરવું છે નહિ. એ તો અનાદિનું દ્રવ્ય નિત્ય છે અને અસંખ્ય પ્રદેશપણ છે. **'અને જે ભાવકર્મરૂપ પર્યાયો છે તેમનો કર્તા તો તે મુનિઓ કર્મને જ કહે છે;...'** અજ્ઞાની તો કર્મથી થાય છે... કર્મથી થાય છે... કર્મ માર્ગ દે અમને લાભ થાય. શું કર઼ીએ ભાઈ? આહા..હા..! બહુ ચર્ચા થઈ હતી ૮૩ની સાલમાં. એક તો છેને એ જિનવિજય નથી ભાઈ! દેરાવાસીમાં છે.

મુમુક્ષુ :- ..ની સામે રહેતા.

ઉત્તર :- હા ઇ. છેને? હજી તો છેને? ગુજરી ગયા? છે. છે. વૃદ્ધ થઈ ગયા. તો એ જિનવિજયે ૮૩ની સાલમાં એક પુસ્તક બહાર પાડ્યું હતું. કે બધું જ કર્મથી થાય છે. દ્રવ્ય છે કે નહિ એ કર્મ? તો દ્રવ્યથી પોતાની સત્તા રાખે છે તો એને કારણે જ આત્મામાં બધું થાય છે. એવું પુસ્તક આવ્યું હતું. ૮૩ની સાલમાં. આ બહેન હશે ત્યારે. બધા હતા. ..બહેન. ત્યાં હતા. એને પુસ્તક આપ્યું હતું ચર્ચા પછી. જુઓ, મહારાજ કહે છે એમ નથી. જુઓ, આ કહે છે. એ જિનવિજય દેરાવાસી સાધુ હતા. છોડી દીધું પછી. એ લૌકિક સુધારા માનતા હતા. કે આમ સુધારા કરવા... આમ કરવું... કોણ કરે? આહા..હા..!

તો કહે છે કે **'તેમનો કર્તા તો તે મુનિઓ કર્મને જ કહે છે; માટે આત્મા તો અકર્તા જ રહ્યો!'** એમાં આત્મા કથંચિત્ કર્તા ક્યાંથી થયો? વિકારનો કર્તા, અલ્પજ્ઞદશાનો કર્તા, ગતિનો, ભાવનો કર્તા તો કર્મને કહે છે. હવે આત્મા દ્રવ્યે નિત્ય છે, ક્ષેત્રે નિત્ય છે. એનો તો કર્તા નિત્યમાં હોઈ શકે નહિ. આત્મા તો અકર્તા થયો. ભગવાનની વાણીનો કોપ તો ન છૂટ્યો. આહા..હા..! **'માટે આત્મા તો અકર્તા જ રહ્યો! તો પછી વાણીનો કોપ કઈ રીતે મટ્યો?'** તો વીતરાગની વાણીનો વિરોધ કેમ તને મટ્યો? સમજાણું કાંઈ? આ તો બધું લોજિક-તર્કથી. ભાઈ નથી? ગયા છે ભાઈ. ધન્નાલાલજી. ભાવનગર. કહો, સમજાણું કાંઈ? **'આત્મા તો અકર્તા જ રહ્યો!'** તને કથંચિત્ કર્તા ક્યાં લાગું પડ્યું? નિત્યમાં કર્તા થતો નથી, અનિત્ય પર્યાયનો કર્તા કર્મ છે. હવે તને કર્તા ક્યાં રહ્યું? વીતરાગની વાણી કથંચિત્ કર્તા કહે છે એ તો રહ્યું નહિ તને. સમજાણું કાંઈ?

**'માટે આત્માના કર્તાપણા અને અકર્તાપણાની વિવક્ષા યથાર્થ માનવી તે જ સ્યાદ્વાદનું સાચું માનવું છે.'** ભગવાને જેમ કહ્યું એમ માનવું એનું નામ યથાર્થ માનવું છે. **'આત્માના કર્તાપણા-અકર્તાપણા વિષે સત્યાર્થ સ્યાદ્વાદ-પ્રરૂપણ આ પ્રમાણે છે :—'** હવે સિદ્ધ કરે છે. **'આત્મા સામાન્ય અપેક્ષાએ...'** ધ્રુવની અપેક્ષાએ, ત્રિકાળ નિત્ય આત્મા એ અપેક્ષાએ **'તો જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે;...'** એ તો જ્ઞાનભાવમાં જ સ્થિત છે. ધ્રુવમાં જ છે. આહા..હા..! વસ્તુ

ધ્રુવભાવમાં જ છે. **‘પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે,...’** પણ જે મિથ્યાત્વાદિ કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલા ભાવ એને જાણવાના કાળે, મિથ્યાત્વ અને રાગ-દ્વેષને જાણવાના કાળે **‘અનાદિ કાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવને લીધે,...’** એ રાગ અને મિથ્યાત્વ પરજ્ઞેય છે અને હું એનાથી ભિન્ન જાણનારો છું એવા ભેદજ્ઞાનના અભાવને લીધે. આહા..હા..! કહો, જેઠાભાઈ! આ બધું આવ્યું વિરૂદ્ધ તમારાથી. તમારાથી એટલે ઓલા સંપ્રદાયને માને એનાથી. આહા..હા..! સામાન્ય અપેક્ષાએ તો ભગવાન ભગવાનસ્વરૂપમાં જ છે. ધ્રુવ ધ્રુવમાં જ છે. પરંતુ વિશેષ અપેક્ષાએ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવ જ્યારે કર્મના નિમિત્તના સંગે પર્યાયમાં થાય છે એ ભાવને જાણતી વખતે **‘અનાદિ કાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવને લીધે,...’** પણ એ રાગ અને મિથ્યાત્વ પરજ્ઞેય છે અને હું જાણનારો સ્વ છું. એવા બેના ભેદજ્ઞાનના અભાવને કારણે. એકલી લોજિક-ન્યાયથી વાત કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યસ્વરૂપ સ્વરૂપ ધ્રુવ તો ધ્રુવમાં જ છે. પણ એની પર્યાયમાં જાણતી વખતે, પર્યાયને જાણવાના કાળે જે રાગમાં હીણી દશા કે વિકાર આદિ થાય છે એ ખરેખર તો પરજ્ઞેય છે. આહા..હા..! અહીં તો એ લીધું ભાઈ! જ્ઞાનની હીણી દશા એ પણ પરજ્ઞેય છે. આહા..હા..! મિથ્યાત્વથી વાત લીધી છે. સમજાણું કાંઈ? એમ દર્શન ઉપયોગની હીણી દશા એ પણ પરજ્ઞેય છે. તો એ પરજ્ઞેયને જાણતી વખતે એ હું નહિ, હું બીજો છું એવા ભેદજ્ઞાનના અભાવને કારણે અલ્પજ્ઞતા અને રાગથી ભિન્ન એવી મારી ચીજ છે એવા ભેદજ્ઞાનના અભાવને લીધે **‘જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે,...’** આહા..હા..! એ મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ અને અલ્પજ્ઞભાવ, અલ્પવીર્યભાવ. આહા..હા..! કહો, મનસુખભાઈ! આ બધું ત્યાં વાંચે તો સમજાય એવું નથી. લ્યો ઇ ના પાડે છે. દુકાનના ધંધા આડે નવરાશ ક્યાં પણ ત્યાં. નવરાશ હોય તો (પણ) આ સમજાય નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- અલ્પજ્ઞાનની પર્યાય એ પણ પરજ્ઞેય છે.

ઉત્તર :- હા, એ પણ પરજ્ઞેય છે. સ્વજ્ઞેય તો ધ્રુવ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? અને એ ધ્રુવમાં જ્યારે જાણવાનો સમય આવ્યો પર્યાયમાં વિશેષમાં. તો એ ચીજ પર છે અને હું ભિન્ન છું એવા ભેદજ્ઞાનના અભાવને લીધે. પછી લીધું. **‘મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે,...’** જુઓ, એ આત્માનું રૂપ છે. અલ્પજ્ઞપણું, અલ્પદર્શીપણું, અલ્પવીર્યપણું અને રાગ-દ્વેષપણું અને મિથ્યાત્વભાવ એ મારું રૂપ છે એમ અજ્ઞાની માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! સંતોએ જગતને સત્યના ઢંઢેરા પીટીને વાત કરી છે. ભગવાન! તારી શક્તિ તો એવી છે. આહા..હા..!

**‘જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે,...’** આહા..હા..! કેમકે પોતાનું અસ્તિત્વ જ્ઞાયકભાવે પડ્યું છે એ તરફ તો દૃષ્ટિ છે નહિ. આહા..હા..! તો એ દૃષ્ટિ તો પર્યાય

ઉપર છે. અને પર્યાયમાં થનારી અલ્પજ્ઞતા અને રાગાદિ, મિથ્યાત્વાદિ ભાવ એનો ભેદ કરવાની તાકાત નથી. તો અભેદરૂપ માને છે. આ મારું સ્વરૂપ છે એમ માને છે. આહા..હા..! આ તેર ગાથા તો ગજબ વાત કરી છે. સમજાણું કાંઈ? એવી વાત છે. આહા..હા..! ભગવાન! આત્મા કથંચિત્ કોઈ અપેક્ષાએ કર્તા છે એ વાણી તો વીતરાગની છે અને તું કહે છો કે દ્રવ્ય દ્રવ્યને કરે અને પર્યાયને કરે કર્મ. એમાં કર્તા ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? તો તારી ભૂલ કેમ થાય છે? એમ કહે છે. કે એ રાગની ઉત્પત્તિના કાળે અને અલ્પજ્ઞતાના કાળે એને એ જ્ઞેય છે અને હું જાણનાર ભિન્ન છું એવી શક્તિના અભાવને કારણે બેની એકતાબુદ્ધિને કારણે આ મારું રૂપ છે એમ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! હજી તો અહીં તકરાર આ રહી. અરેરે..! ભગવાનની ભક્તિ એમાં કાંઈક છે. વાત છે, રાગ છે. અને એ રાગ તારો કરેલો છે. સમજાણું કાંઈ? આહા..હા..! જ્યાં સુધી રાગમાં ધર્મ છે, શાંતિ છે એનાથી, ત્યાં સુધી તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! જેમ એ પરદ્રવ્ય છે એમ રાગ ખરેખર નિશ્ચયથી તો પરજ્ઞેય છે. એમ કહ્યું કે નહિ? આહા..હા..!

જેમ શરીર, વાણી, મન પરદ્રવ્ય છે એમ ત્રિકાળી દ્રવ્ય દૃષ્ટિની અપેક્ષાએ અલ્પજ્ઞપણું, અલ્પદર્શીપણું, અલ્પવીર્યપણું, મિથ્યાત્વપણું, રાગ-દ્વેષપણું, ગતિનું ભાવપણું એ બધું ખરેખર તો પરજ્ઞેય છે. આહા..હા..! તો એ પરજ્ઞેય અને હું આત્મા ભિન્ન જાણનારો એવી ભિન્ન કરવાની શક્તિના અભાવને લીધે એને પોતારૂપ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું ઝીણું છે, મનસુખભાઈ! અને માંડ કેટલા કામ કર્યા લ્યો છોકરાને જુદો પાડ્યો તો છોકરાને ઓલામાં રહેવું પડ્યું લ્યો. એમ અમારે ભાઈ વાત કરે. એય..! કેવા? શું કહેવાય આ? રતિભાઈ. .... એય..! .. ક્યાં છે? ત્યાં બેઠા. એને ઉધરસ આવે છેને. ઉધરસ આવે તોપણ જોવા ગયા હતા ત્યાં હોં આઠ મહિના. ઇ વાત કરે બધી હોં તારી બધી. આમ છે ને આમ છે ત્યાં રોકાવું પડે છે. .. આમ છે તેમ છે એવી વાતું કરે બધી. એકલો છોકરો પહોંચી શકે નહિ. એટલા ગ્રાહક આવે છે. કારણ કે જુદી દુકાન કરીને .. પહેલા. આહા..હા..! ઓહો..હો..! ગજબ વાત કરી છેને. સમજાણું કાંઈ? ઘાસિલાલજી! એવી સૂક્ષ્મ વસ્તુ છે, ભગવાન! આહા..હા..! એમ અંદર ભિન્ન છે જ, પણ ભિન્ન કરવાની શક્તિના અભાવને લીધે. આહા..હા..! ભિન્ન ચીજરૂપ છું એવી એની માન્યતા થઈ ગઈ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... છે. આહા..હા..!

**'ભેદવિજ્ઞાનના અભાવને લીધે,...'** એ અલ્પજ્ઞતા અને રાગાદિને પરજ્ઞેય તરીકે જાણવું થવું જોઈએ એવું પરજ્ઞેય તરીકે જાણવામાં આવ્યું નથી. કેમકે પરથી ભિન્ન કરવાની શક્તિ છે નહિ. આહા..હા..! એ પરથી ભિન્ન કરવાની શક્તિ કર્મને કારણે છે એમ નથી. આહા..હા..! સમજાણું

કાંઈ? ઓહો..હો..! દિગંબર સંતોની વાણી. આહા..હા..! એક-એક ન્યાય એનો આમ ટંકોત્કીર્ણ. આહા..હા..! એ જ વસ્તુનું સ્વરૂપ અનાદિનું છે. આહા..હા..! કહે છે જ્યાં સુધી પરથી ભિન્ન કરવાની શક્તિ નથી એનો અર્થ? તારી બુદ્ધિમાં એ અલ્પજ્ઞ અને રાગપણામાં જ તારી બુદ્ધિ પડી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઇ **'મિથ્યાત્વાદિ ભાવોને...'** ભાવ શબ્દે પર્યાય હોં. ભાવ શબ્દે અહીં ગુણ નહિ. પર્યાય. મિથ્યાત્વ-રાગ-દ્વેષ આદિ પર્યાયને **'આત્મા તરીકે જાણે છે,...'** એ પોતાની પર્યાય પોતામાં પોતાથી છે એમ માને છે. છે તો પર. પણ પોતાથી પોતામાં થઈ એ પોતાની ચીજ છે. એમ માને છે. **'તેથી એ રીતે વિશેષ અપેક્ષાએ...'** જુઓ, વિશેષ અપેક્ષાએ **'અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી કર્તા છે;...'** વિશેષ અપેક્ષાએ રાગ અને અલ્પજ્ઞપણું એ બધું અજ્ઞાનરૂપ છે. આહા..હા..! એ જ્ઞાનપરિણામને કરવાથી. આ મારા પરિણામ છે. ઝીણી વાત છે, ભાઈ! આ સમયસાર તો ભરતક્ષેત્રનો અજોડ સૂર્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેવી મધુરી મીઠી વાણી! ભગવાન તું ભૂલી ગયો. આહા..હા..! તારાથી, રાગ અને અલ્પજ્ઞપણું તો તારી વસ્તુસ્થિતિ ભિન્ન છે. ભિન્ન ન હોય તો એ ટળે કેમ? સમજાણું કાંઈ? ભિન્ન છે તો નાશ થાય છે. તો ભિન્નને ભિન્ન કરવાની શક્તિ તારામાં નથી. એ કારણે તું આત્મારૂપ માને છે એને. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત વીતરાગની દુનિયા પાસે મૂકવી જોઈએને. આહા..હા..! હવે આનું આ કરે અને આનું આ થાય. ધૂળેય નથી. મિથ્યાત્વનું સેવન છે. આહા..હા..!

મુમુક્ષુ :- કરી કરીને મર્યો.

ઉત્તર :- કરીને ભાવ કર્યો. એ પરને શું કર્યું? આહા..હા..! આપણે બધા મળીને એવું કાર્ય કરીએ. એક હાથે તાળી ન પડે. તાળી સમજ્યાને? આ એક હાથે તાળી પડે? બે જોઈએ. એમ કહે છે કે નહિ? એક હાથે તાળી ન પડે. આપણે ઝાઝા હોઈએ તો તાળી પડે. આહા..હા..! એ અવાજ ઉઠે છે એમાં તો આ હાથ અડ્યો છે માટે અવાજ થયો એમ પણ નથી. એ જુદી વર્ગણા છે, શબ્દવર્ગણા છે. આમ એનો અવાજ નીકળે છે એ તો શબ્દવર્ગણા છે અને આ તો આહારવર્ગણા છે. ભારે .. ભાઈ! આહા..હા..! ભિન્ન છે એ ભિન્નનું એને ભાન નથી. તો પરને પોતારૂપ માનીને. ભાષા જુઓને. આહા..હા..!

**'આત્મા તરીકે જાણે છે,...'** પર્યાયબુદ્ધિવાળો પર્યાય જે વિપરીત એને પોતારૂપ માને છે. ભગવાન આત્માનું એ રૂપ છે જ નહિ. એનું રૂપ તો જ્ઞાતા-દૃષ્ટા પરમ આનંદસ્વરૂપ એનું રૂપ છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'અને જ્યારે ભેદવિજ્ઞાન થવાથી...'** એ અલ્પજ્ઞપણું અજ્ઞાન આદિનો ભાવ, રાગાદિનો ભાવ એનાથી ભેદવિજ્ઞાન થવાથી, એનાથી હું ભિન્ન છું, મારી ચીજમાં એ નથી. એમ પરજ્ઞેયથી પોતાનું જ્ઞેય પરિપૂર્ણ પ્રભુ ભિન્ન જ્યારે ભાસન થયું. **'ભેદવિજ્ઞાન થવાથી આત્માને જ આત્મા તરીકે જાણે છે...'** આહા..હા..! ઓલું પરરૂપ તો પોતારૂપ જાણતા હતા. પછી **'ભેદવિજ્ઞાન થવાથી...'** એ પરજ્ઞેયથી ભગવાન ભિન્ન છે. એ અલ્પજ્ઞપર્યાય, અલ્પદર્શી, વીર્ય

અને ગતિનો ભાવ વગેરે ખરેખર તો પરજ્ઞેય છે. અને સ્વજ્ઞેય તો એનાથી ભિન્ન છે. બે વચ્ચે જ્યારે ભેદ થયો એટલે કે ભેદજ્ઞાન થયું. ભેદ થયો તો ભેદનું જ્ઞાન થયું. **'આત્માને જ આત્મા તરીકે જાણે છે...'** આત્માને આત્માના રૂપે જાણે છે એમ ભાષા આવી. સમજાણું કાંઈ? પોતાને જાણવું-દેખવું એ પોતાનું રૂપ છે. આહા..હા..! આવી વાત. પાછું **'આત્માને જ આત્મા તરીકે જાણે છે...'** એમ કહ્યું. પાછું એમ નથી કહ્યું કે રાગને જાણે છે. એનું જે જ્ઞાન રાગથી ભિન્ન પડ્યું એનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન તો પોતાની પર્યાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ પરજ્ઞેય છે તો એનું જ્ઞાન પરજ્ઞેય છે તો થયું એમ નથી. પોતાનું સ્વજ્ઞેય ભગવાન ચિદાનંદ સ્વરૂપ છે એવું પરથી ભિન્ન જ્ઞાન થતાં પોતારૂપ જાણવું-દેખવું એનો જ કર્તા થાય છે. સમજાણું કાંઈ? એ તરીકે જાણે છે.

**'ત્યારે વિશેષ અપેક્ષાએ પણ...'** સામાન્ય અપેક્ષાએ તો ભિન્ન હતો જ, પણ રાગથી અને અલ્પપર્યાયથી ભિન્ન થઈને સ્વભાવ તરફ આરૂઢ થયો. સમજાણું કાંઈ? **'ત્યારે વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામે જ પરિણમતો થકો...'** ઓલું અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામ કરતા હતા. આ તો **'ત્યારે વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામે જ પરિણમતો થકો...'** જાણવા-દેખવા એ પરિણામે પરિણમતો થકો. રાગરૂપે અને પરરૂપે અને અલ્પજ્ઞરૂપે પરિણમતો એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? દેવીલાલજી! એવી ચીજ છે. અરે..! જૈનમાર્ગ વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ. જગત પાસે બીજી રીતે મૂક્યો છે. આહા..હા..! દયા, દાન, વ્રતાદિના ભાવ, ખરેખર તો એ તો કહે છે કે એ તો પરજ્ઞેય છે. આહા..હા..! હવે એને પોતામાં લાભ થાય એમ માને. શું કરવું? આહા..હા..! એનું જ્ઞાન જે અહીંયાં થાય છે એ એને કારણે નહિ. એ તો પોતાનો જ્ઞાયકભાવ છે તો પોતાની પર્યાયમાં પોતાને અને પરને જાણવાના સ્વપરિણામ છે એ રૂપે પરિણમે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'કેવળ જ્ઞાતા રહેવાથી સાક્ષાત્ અકર્તા છે.'** આહા..હા..! જાણવું-દેખવું રહેવાથી ખરેખર સાક્ષાત્ પર્યાયમાં અલ્પજ્ઞ અને રાગનો અકર્તા થાય છે. આ એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન છે. આહા..હા..! અરે..! દુનિયા બહારની અગવડતા થોડી હોય ત્યાં જાણે અમારે આમ થઈ ગયું... અમારે આમ થઈ ગયું... આહા..હા..! મહા ભગવાન અગવડતા તેં કરી છે. એની તો તને ખાત્રી થતી નથી. એ દોષ દેખાતા નથી. આહા..હા..! ભગવાન પૂર્ણ પ્રભુ જ્ઞાન અને આનંદનો ભંડાર ભગવાન આત્મા છે. એમ જ્યારે પરજ્ઞેયથી ભિન્ન થઈને પોતાની બુદ્ધિ ભેદજ્ઞાનથી પોતામાં આવી તો એ પર્યાયને જ્ઞાનરૂપ પરિણમતો થકો એ આત્માની પર્યાય પણ રાગ અને અલ્પજ્ઞની કર્તા રહી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ધીરજના કામ છે, બાપુ! આહા..હા..! આ કાંઈ પાવડા અને કુહાડાથી કાંઈ કાપવાની કે ખોદવાની ચીજ છે આ? પાવડો સમજો છો? માટી ખોદવા. શું કહે છે હિન્દીમાં? પાવડો. પાવડો હોય છેને માટી કાઢવાનો? કુહાડો અમારે. એવી ચીજ નથી. આ

તો બીજી ચીજી છે. આહા..હા..! કુહાડો કોણ મારે અને પાવડો કોણ ખેંચે? આહા..હા..! એ તો પરપદાર્થ છે. અહીં તો અલ્પજ્ઞ અને રાગ-દ્વેષને પરપદાર્થ કહી દીધો છે. ... અલ્પજ્ઞ રહેતો નથી. ભેદજ્ઞાન થયું તો સર્વજ્ઞ થઈ જાય છે. આહા..હા..! અને વીતરાગતા થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..! કુંદકુંદાચાર્ય. કોઈ કહે કે ભગવાન પાસે ગયા હતા કે નહિ? પણ આ સાંભળતો ખરો. આવી વાણીનો પોકાર ધમધોકાર ચાલે છે એ વાણી ક્યાંથી આવી? સમજાણું કાંઈ? આહા..હા..! અંતરના ભગવાન પાસે ગયા હતા પણ બહારના ભગવાન પાસે ગયા હતા. સમજાણું કાંઈ?

**'કેવળ જ્ઞાતા રહેવાથી...'** જે કોઈ રાગાદિની કે શરીરાદિની ક્રિયા થાય છે એ જ સમયે જ્ઞાતા-દૃષ્ટાનું પરિણમન જ્ઞાનીને થાય છે. એ જાણવામાં આવ્યું અને પછી એને આ નહિ એવું જ્ઞાન. એમ નથી. એમ કહે છે. આહા..હા..! એ તો અલ્પજ્ઞ અને રાગની બુદ્ધિ છૂટી ગઈ અને સર્વજ્ઞ પરમેશ્વર હું ભગવાન આત્મા છું. આહા..હા..! એવી બુદ્ધિમાં કહે છે કે માત્ર જ્ઞાતાના પરિણામ જાણવા-દેખવાના થયા, સાક્ષાત્ પર્યાયમાં પણ રાગ અને અલ્પજ્ઞનો કર્તા થયો. અકર્તા થઈ ગયો. કર્તા છૂટી ગયો. સમજાણું કાંઈ?

**'હવે એ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે.'** હવે એને કાવ્યમાં વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કળશ-૨૦૫

**(शार्दुलविक्रीडित)**

**माऽकर्तारममी स्पृशन्तु पुरुषं सांख्या इवाप्यार्हताः**
**कर्तारं कलयन्तु तं किल सदा भेदावबोधादधः।**
**ऊर्ध्वं तूद्धतबोधधामनियतं प्रत्यक्षमेनं स्वयं**
**पश्यन्तु च्युतकर्तृभावमचलं ज्ञातारमेकं परम्॥205॥**

**ફરી આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :**

**શ્લોકાર્થ :-** [अमी आर्हताः अपि] **આ અર્હત્‌ના મતના અનુયાયીઓ અર્થાત્ જૈનો પણ** [पुरुषं] **આત્માને,** [सांख्या इव] **સાંખ્યમતીઓની જેમ,** [अकर्तारम् मा स्पृशन्तु] **(સર્વથા) અકર્તા ન માનો;**

[भेद-अवबोधात् अधः] ભેદજ્ઞાન થયા પહેલાં [तं कि] તેને [सदा] નિરન્તર [कर्तारम् कलयन्तु] કર્તા માનો, [तु] અને [ऊर्ध्वम्] ભેદજ્ઞાન થયા પછી [उद्धत-बोध-धाम-नियतं स्वयं प्रत्यक्षम् एनम्] *જ્ઞાનધામમાં નિશ્ચિત એવા આ સ્વયં પ્રત્યક્ષ આત્માને [च्युत-कर्तृभावम् अचलं एकं परम् ज्ञातारम्] કર્તાપણા વિનાનો, અચળ, એક પરમ જ્ઞાતા જ [पश्यन्तु] દેખો.

ભાવાર્થ :- સાંખ્યમતીઓ પુરુષને સર્વથા એકાંતથી અકર્તા, શુદ્ધ ઉદાસીન ચૈતન્યમાત્ર માને છે. આવું માનવાથી પુરુષને સંસારના અભાવનો પ્રસંગ આવે છે; અને જો પ્રકૃતિને સંસાર માનવામાં આવે તો તે પણ ઘટતું નથી, કારણ કે પ્રકૃતિ તો જડ છે, તેને સુખદુઃખ આદિનું સંવેદન નથી, તેને સંસાર કેવો? આવા અનેક દોષો એકાંત માન્યતામાં આવે છે. સર્વથા એકાંત વસ્તુનું સ્વરૂપ જ નથી. માટે સાંખ્યમતીઓ મિથ્યાષ્ટિ છે; અને જો જૈનો પણ એવું માને તો તેઓ પણ મિથ્યાદષ્ટિ છે. તેથી આચાર્યદેવ ઉપદેશ કરે છે કે-સાંખ્યમતીઓની માફક જૈનો આત્માને સર્વથા અકર્તા ન માનો; જ્યાં સુધી સ્વપરનું ભેદવિજ્ઞાન ન હોય ત્યાં સુધી તો તેને રાગાદિનો-પોતાનાં ચેતનરૂપ ભાવકર્મોનો-કર્તા માનો, અને ભેદવિજ્ઞાન થયા પછી શુદ્ધ વિજ્ઞાનઘન, સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત, એક જ્ઞાતા જ માનો. આમ એક જ આત્મામાં કર્તાપણું તથા અકર્તાપણું-એ બન્ને ભાવો વિવક્ષાવશ સિદ્ધ થાય છે. આવો સ્યાદ્વાદ મત જૈનોનો છે; અને વસ્તુસ્વભાવ પણ એવો જ છે, કલ્પના નથી. આવું (સ્યાદ્વાદ અનુસાર) માનવાથી પુરુષને સંસાર-મોક્ષ આદિની સિદ્ધિ થાય છે; સર્વથા એકાંત માનવાથી સર્વ નિશ્ચય-વ્યવહારનો લોપ થાય છે. 205.

## શ્રાવણ સુદ-૧૨, શુક્રવાર, તા.૧૦-૦૮-૧૯૭૩
## ગાથા-૨૦૫, પ્રવચન-૪૬૫

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

૨૦૫ કળશ છે. ૨૦૫ કળશ છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર.

(शार्दुलविक्रीडित)

माऽकर्तारममी स्पृशन्तु पुरुषं सांख्या इवाप्यार्हताः
कर्तारं कलयन्तु तं किल सदा भेदावबोधादधः।

ऊर्ध्वं तूद्धतबोधधामनियतं प्रत्यक्षमेनं स्वयं
पश्यन्तु च्युतकर्तृभावमचलं ज्ञातारमेकं परम्॥205॥

**'આ અર્હત્‌ના મતના અનુયાયીઓ...'** છે? આવ્યુંને પહેલું? આમાં તો અર્હંત મતનું અનુયાયી સમ્યગ્દષ્ટિ લખ્યું છે. કળશમાં તો. કે સમ્યગ્દષ્ટિલોક એમ લીધું છે. એ જોઈએ. આ અર્હંતના મતના સાધારણ વ્યાખ્યા. એમ કે સમ્યગ્દષ્ટિ જીવ **'જૈનો પણ આત્માને, સાંખ્યમતીઓની જેમ, (સર્વથા) અકર્તા ન માનો;...'** આત્મા વિકારનો કર્તા છે જ નહિ એમ ન માનો. સમજાણું કાંઈ? **'આ અર્હત્‌ના મતના અનુયાયીઓ...'** એમ છેને? અર્હતા. એનો સ્વીકાર કરનાર એવા પહેલાથી. અજ્ઞાનભાવમાં પણ રાગનો કર્તા આત્મા નથી. એમ ન માનો. સમજાણું કાંઈ? આહા..! **'સાંખ્યમતીઓની જેમ, (સર્વથા) અકર્તા ન માનો; ભેદજ્ઞાન થયા પહેલાં...'** જ્યાં સુધી રાગથી ભિન્ન પોતાના આત્મા સ્વભાવની દષ્ટિ થઈ નથી. રાગથી ભિન્ન, વિકલ્પથી ભિન્ન નિર્વિકલ્પ ચૈતન્યનો અનુભવ સમ્યગ્દર્શન ન થયું ત્યાં સુધી અજ્ઞાનમાં રાગનો કર્તા, વિકારનો કર્તા જીવ જ છે. કર્મ કર્તા છે એમ છે નહિ.

**'નિરન્તર કર્તા માનો, અને ભેદજ્ઞાન થયા પછી...'** સમજાણું કાંઈ? પોતાની પર્યાય છેને? ઉત્પાદ-વ્યયની. શ્રદ્ધા-ગુણની ઉલટી પર્યાય, ચારિત્રની ઉલટી પર્યાય, આનંદની ઉલટી પર્યાય જ્યાં સુધી દષ્ટિ પર્યાય ઉપર છે ત્યાં સુધી તો કર્તા માન. સમજાણું કાંઈ? દ્રવ્યદષ્ટિ થઈ. ચૈતન્ય જ્ઞાયકભાવ પરમ આનંદસ્વરૂપ એવો અનુભવ દષ્ટિમાં થયો. પછી ન માનો. પછી કોણ માને? કેમકે રાગ એ તો પૃથક્ ચીજ છે. વ્યવહાર એ પૃથક્ ચીજ છે. અહીંયાં એનાથી પૃથક્ પોતાની ચીજની દષ્ટિ થઈ તો રાગનું પરિણમન મારામાં છે અથવા રાગનું પરિણમન હું કરવાલાયક છું એવી તો દષ્ટિ રહી નહિ. સમજાણું કાંઈ?

**'ભેદજ્ઞાન થયા પહેલાં નિરન્તર કર્તા માનો,...'** જુઓ, 'सदा' એમ છેને? 'कर्तारं कलयन्तु तं किल सदा भेदावबोधादधः।' બીજી કડી. આહા..હા..! એ તો આ પહેલેથી જ અજ્ઞાની એમ માને કે ઇ વિકાર પરથી થાય છે... પરથી થાય છે... પરથી થાય છે... એ અજ્ઞાની છે. આત્માનું ભાન-અનુભવ તો છે નહિ. ચૈતન્ય સ્વભાવ શુદ્ધ આનંદઘન એવી અંતરમાં સ્વભાવસન્મુખની દષ્ટિ તો થઈ નથી અને એ જ એમ માને કે મારી પર્યાયમાં વિકાર થાય છે એ વિકાર કર્મથી થાય છે. એમ નથી. સમજાય છે? એમ અજ્ઞાની માને છે. ... અજ્ઞાની .. એમ ન માનો. સમ્યગ્દર્શન થયા પહેલા દ્રવ્યદષ્ટિ નથી ત્યાં સુધી પર્યાયદષ્ટિ છે અજ્ઞાનીની. તો પર્યાય ઉપર લક્ષ છે ત્યાં સુધી તો રાગ અને વિકાર અને પુણ્ય-પાપનો કર્તા જીવ છે. કર્મ કર્તા નથી. કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- વાત તો બરોબર છે. એમ જ માને છે... કે કર્મ કરાવે બસ.

ઉત્તર :- કર્મ કરાવે બસ. પોતે તો ધોયેલ મુળા જેવો. આહા..હા..! એ જ કહે છે જુઓને. **'આ અર્હત્‌ના મતના અનુયાયીઓ અર્થાત્ જૈનો પણ આત્માને, સાંખ્યમતીઓની જેમ, (સર્વથા)**

**અકર્તા ન માનો;...**' સમજાણું કાંઈ? '**ભેદજ્ઞાન થયા પહેલાં...**' આહા..હા..! સમ્યગ્દર્શન નથી અને એકલો રાગનો કર્તા કર્મને માને તો બહુ મોટી તીવ્રતા મિથ્યાત્વની. સમજાણું કાંઈ? જેવા કર્મ ઉદયમાં આવે છે ડીગ્રી ટુ ડીગ્રી વિકાર કરવો પડે. એ માન્યતા અત્યારે તો છે. ઘણાની માન્યતા છે.

મુમુક્ષુ :- ... કરના-ધરના કુછ નહિ.

ઉત્તર :- પણ ક્યારે? પોતાના સ્વભાવનું થયા પછી તો રાગનો કર્તા, રાગનું પરિણમન થાય છે, પણ એ કરવાલાયક છે એવી બુદ્ધિ રહેતી નથી. પરને કરું એમ ક્યાં છે? એ રાગ તો પર છે. પહેલા જ્ઞાન હોવાથી પર્યાયમાં રાગનું પરિણમન છે એ જ્ઞાની જાણે. પણ કર્તા, કરવાલાયક છે એવી તો બુદ્ધિ રહેતી નથી. જે પરદ્રવ્ય કાંઈ કરતું નથી એમ રાગનો કર્તા પણ આત્માની સ્વભાવદૃષ્ટિ તો છે જ. પણ છતાં પરનું જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ? એમ રાગ થાય છે એનું જ્ઞાન થાય. એ તો પોતાથી રાગ જ્ઞાન થાય. આહા..હા..! પાછું પછી પણ કર્તા ન માનો એનો અર્થ? એય..! ઘાસીલાલજી! અરેરે..! કોઈપણ પ્રાણીની ભૂલ હોય તો નીકળી જાય એવી ભાવના તો હોવી જોઈએને? આહા..હા..! કોઈપણ પ્રાણી એમ માને કે અજ્ઞાનમાં પણ કર્મનો કર્તા, વિકારનો કર્તા તો કર્મ જ છે. એમ ન માનો. સમ્યગ્દર્શન થયા પહેલા તો નિરંતર અજ્ઞાનમાં. કેમકે દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર છે નહિ. ત્રિકાળી સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી, વર્તમાન અંશ અને રાગ ઉપર દૃષ્ટિ છે. એટલો સ્વીકાર કર્યો છે એ સ્વીકારમાં કર્તાપણું તો તારું છે. સમજાણું કાંઈ?

પછી '**ભેદજ્ઞાન થયા પછી,...**' હવે આનો ખુલાસો. રાગથી ભિન્ન પોતાની ચીજ સમ્યગ્દર્શન થયું. તો 'उद्धत' '**જ્ઞાનધામમાં...**' જ્ઞાનમંદિર, જ્ઞાનપ્રકાશમાં ' **નિશ્ચિત એવા આ સ્વયં પ્રત્યક્ષ આત્માને કર્તાપણા વિનાનો,...**' એનો અર્થ કે રાગથી ભિન્ન પોતાનું સમ્યગ્દર્શન થયું, તો સમ્યગ્દર્શનમાં, સમ્યગ્દર્શન જે છે એ નિર્વિકલ્પ અભેદ ચીજ છે અને એનો વિષય પણ નિર્વિકલ્પ અભેદ ચીજ છે. શું કહ્યું? સમ્યગ્દર્શન જે છે એ તો નિર્વિકલ્પ અભેદ છે. સમ્યગ્દર્શન એમ નથી જાણતા કે હું સમ્યગ્દર્શન છું અને આ અભેદ આખી ચીજ છે. પણ એ વિષય એનું લક્ષ જાય છે સ્વતરફ. તો એ દૃષ્ટિ નિર્વિકલ્પ છે તો એનો વિષય અભેદ નિર્વિકલ્પ છે. એમાં રાગ અને પર્યાયનું કર્તાપણું એની દૃષ્ટિમાં આવતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. આમાં નથી લખ્યું.

ઉત્તર :- ઇ એમાં આવ્યું છે. શું કહ્યું? '**જ્ઞાનધામમાં નિશ્ચિત એવા આ સ્વયં પ્રત્યક્ષ આત્માને...**' પ્રત્યક્ષ જ્યારે થયો આત્મા. એમ કહ્યુંને? આહા..હા..! છેને? 'प्रत्यक्षम् एनम् स्वयं' સમજાણું કાંઈ? દૃષ્ટિમાં આત્મા જ્યારે શ્રદ્ધામાં આવ્યો એની સાથે જ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ થયો. એક બાજુ પ્રત્યક્ષ થયો એનું જ્ઞાન જ્યારે થયું ત્યારે રાગ અને પુણ્યનો કર્તા વ્યવહાર રત્નત્રયનો કર્તા આત્મા નથી. કરવાલાયક છે એવી બુદ્ધિ નથી, પણ જ્યાં સુધી વીતરાગતા ન થાય ત્યાં સુધી જ્ઞાન બીજી બાજું દેખે છે. જ્ઞાનમાં તો બધું જોવાની ચીજ છે. શ્રદ્ધામાં તો એકલી અભેદ ચીજ છે.

એ પણ જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? દર્શન તો કાંઈ જાણતું નથી કે હું કોણ છું? મારો વિષય શું છે? ફકત ત્રિકાળ ઉપર આમ વળે છે એથી એ દૃષ્ટિનો વિષય સામાન્ય અભેદ છે, ધ્રુવ છે એમ કહેવામાં આવે છે. અને એની સાથે જે જ્ઞાન થયું, સમ્યગ્જ્ઞાન તો એ જ્ઞાન જાણે છે કે રાગનું કર્તૃત્વ જીવમાં નથી. એ એક નય છે. અને બીજી નય એ પણ છે કે રાગનું પરિણમન અંશ છે એટલું પરિણમન એ અપેક્ષાએ કર્તા કહે છે. પરિણમે છે તો કર્તા એટલું કહેવું. કરવાલાયક છે એ અપેક્ષા અહીં નથી.

મુમુક્ષુ :- કઈ અપેક્ષાએ ..

ઉત્તર :- નહિ. ભારે ભાઈ! જૈનદર્શન વીતરાગનો માર્ગ તો અલૌકિક છે. સમજાણું કાંઈ? જ્ઞાન તો સમય સમયનું અસ્તિત્વ શું છે એને બરાબર જાણે છે. જો જ્ઞાન ન જાણે તો જ્ઞાન વિપરીત થઈ જાય. સમજાણું કાંઈ? જ્ઞાન તો સ્વપરપ્રકાશક છેને? દ્રવ્ય અને પર્યાય બેને જાણનારા છે. શ્રદ્ધા તો દ્રવ્યની દૃષ્ટિ પૂર્ણ છે એના ઉપર દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? પણ સાથે જે જ્ઞાન થયું એ જ્ઞાન ત્રિકાળને પણ જાણે છે અને વર્તમાન રાગાદિનું પરિણમન છે. અમુલખચંદજી! શું થયું? આ બે વાત ક્યાંથી આવી? કર્તૃ અને અકર્તૃત્વ.

મુમુક્ષુ :- કર્તૃત્વ એટલે રાગનું ...

ઉત્તર :- છે. રાગ એટલો છે. સાધકદશા છે, બાધકપણું એટલું છે. સાધકપણું એને કહે છે. તો સિદ્ધ કેવળ થઈ જાય. સમજાણું કાંઈ? ભારે! એટલું દુઃખ છે. આનંદસ્વરૂપ ભગવાન સમ્યગ્દર્શનમાં આનંદ આત્મા એવું ભાન થયું, પણ શું આનંદની પર્યાય પૂર્ણ થઈ છે? તો અધૂરી છે તો એની સાથે દુઃખ પણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ દુઃખનું પરિણમન પર્યાયમાં છે. એમ જ્ઞાની જાણે છે. કરવાલાયક છે એમ નથી. પણ પરિણમે તે કર્તા એ અપેક્ષાએ પર્યાય રાગરૂપે, દ્વેષરૂપ આદિ થાય છે એને જાણે. એનો ભોક્તા પણ હું છું એમ જાણે. આમ દૃષ્ટિનો વિષયમાં તો રાગનો કર્તા, રાગનો ભોક્તા કોઈ છે જ નહિ. આ તો જ્ઞાનની અપેક્ષાએ વાત. સમજાણું કાંઈ? આહા..હા..! એમાં એકાંત જ માની લે કે સમ્યગ્જ્ઞાન થયું દર્શન, પછી રાગનું વેદન જ નથી તો રાગનું પરિણમન પણ નથી. દૃષ્ટિ વિપરીત છે. દૃષ્ટિ પણ ખોટી ઠરી. સમજાણું કાંઈ? ભારે વાતું આવી! હવે આવું કરતા સમજ્યા વિના ધર્મ કરવા માંડે તો? પણ ધર્મનો અર્થ શું? ધર્મનો અર્થ શું? વસ્તુનો સ્વભાવ ધર્મ. વસ્તુનો સ્વભાવ એ ધર્મ. તો એનો સ્વભાવ કેવો છે? એને જાણ્યા વિના. તો કર્તા પણ સ્વભાવ છે અને અકર્તા પણ સ્વભાવ છે, ભોક્તા પણ સ્વભાવ છે અને અભોક્તા પણ સ્વભાવ શક્તિમાં છે. તો જેવું શક્તિમાં છે એવું પર્યાયમાં પણ આવે છે. ધનાલાલજી! ભારે વાતું ભાઈ આવી આ. હવે આ બિચારા સાધારણ બાયુંને આવડે નહિ મગજમાં. અરે..! આ બાયુ કે દિ' હતી? એ તો આત્મા છે. બાયુ આ તો જડની દશા, માટીની દશા છે જડ. આત્મા સ્ત્રી કેવો? પુરુષ કેવો? આહા..હા..! એ તો પરમાત્મપુરુષ છે. સમજાણું કાંઈ? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં

કહ્યું છેને. પુરુષ કોને કહીએ? કે પોતાની ચૈતન્ય આનંદ આદિ દશામાં સૂવે, રમે એનું નામ પુરુષ કહીએ. પુરુષનો અર્થ કાંઈ સ્ત્રી અને પુરુષ બેની વાત નથી. એ આત્માપુરુષ એને કહીએ. કે પોતાની ચેતનદશામાં રમે. આહા..હા..! એને પુરુષ કહીએ. પુરુષ. પુરુષ. વેદે, જાણે. પોતાની પર્યાયમાં વેદે અને જાણે ચૈતનની. એને પુરુષ કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? પુરુષાર્થસિદ્ધિ ઉપાય છે? જ્ઞાનચંદજી! આ તમારું પુરુષાર્થસિદ્ધિ. પુરુ-પુરુષાર્થ શબ્દ છેને આ પુરુષાર્થસિદ્ધિ ઉપાય. પુરુ-ઉત્તમ ચેતના ગુણમાં ચેતે તે સ્વામી થઈને પ્રવર્તે. એને પુરુષ કહીએ. એને પુરુષાર્થસિદ્ધિ ઉપાય. ભગવાન આત્મા પુરુ નામ ઉત્તમ ચેતનાગુણમાં ચેતે. સ્વામી થઈને પ્રવર્તે એનું નામ પુરુષ છે. જ્ઞાન-દર્શન-ચેતનાના નાથને પુરુષ કહીએ. આહા..હા..! જાણન-દેખન દશા અને ગુણ એનો સ્વામી-નાથ એને પુરુષ કહીએ. આ તો પુરુષ એટલે આત્મા. આ કાંઈ સ્ત્રી-પુરુષ નહિ. આ તો હાડકા અને આ તો દેખાવ બધાય છે. એ તો જડની પર્યાય. આહા..હા..! ભાઈ! તું એમાં નથી અને એ તારામાં નથી. આહા..હા..! શરીરાદિની ચેષ્ટા એ બધું આત્મામાં નથી. સમજાણું કાંઈ?

અહીં તો અર્થ એવો કર્યો છે જુઓ,

**अस्ति पुरुषश्चिदात्मा विवर्जितः स्पर्शगन्धरसवर्णैः।**
**गुणपर्ययसमवेतः समाहितः समुदयव्ययध्रौव्यैः॥९॥**

(પુરુષાર્થસિદ્ધિ ઉપાય-૯)

આહા..હા..! કેટલું આચાર્યોએ સ્પષ્ટ કર્યું છે! પુરુષ એટલે શું? પોતાનું ચેતનસ્વરૂપ ચેતનગુણમાં સ્વામી થઈને. એ તો પર્યાય થઈ ગઈ. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ અને એનો ચેતનાગુણ એનો સ્વામી. તો સ્વામી ક્યારે થાય? પર્યાયમાં એની દૃષ્ટિ અનુભવ થયો ત્યારે એ ચેતનાનો સ્વામી આત્મા છે. એને પુરુષ કહીએ. સમજાણું કાંઈ? ભાઈ! આ તો વીતરાગનો, સર્વજ્ઞનો માર્ગ છે. એ કાંઈ સાધારણ લાલાપેઠામાં કામ ન આવે. 'ધન અને યૌવન અને જીવન, ધન યૌવન જીવન નાશવાન.' ભગવાન ચેતનગુણ અવિનાશી. જ્યારે નાશવાનની ચીજ રાગાદિ પણ નાશવાન, અરે..! એક સમયની પર્યાય પણ નાશવાન. આહા..હા..! એ દૃષ્ટિ ફેરવીને ધ્રુવ ચૈતન્ય ભગવાન આત્મા એની જ્યાં દૃષ્ટિ થઈ તો ચેતનનો સ્વામી થયો એ. અનાદિથી જે રાગ અને પુણ્ય અને શરીર અને નિમિત્તનો સ્વામી માનતા હતા એ માન્યતા છૂટી ગઈ. આહા..હા..! ચાહે તો ચક્રવર્તીના રાજમાં દેખાય સમકિતી, પણ એ તો ચૈતન્યનો જ સ્વામી છે. એની પત્નીનો એ પતિ નહિ, રાગનો એ સ્વામી નહિ અને નરેન્દ્ર પણ એ નહિ.

મુમુક્ષુ :- ચક્રવર્તી ખરો.

ઉત્તર :- નરેન્દ્ર નહિ, ચક્રવર્તી નહિ. ચક્રવર્તી ખરો જ્ઞાનગુણનો ચક્રવર્તી. એ ..માં આવે છે. .. સામાયિકમાં આવે છે. ચક્રવર્તી.. આવે છેને. ચક્રવર્તી નમોત્થુણમં. અરિહંતાણં... ચક્રવર્તી. ચાર ગતિનો જેણે અંત કર્યો. આહા..હા..! .. નમોત્થુણંમાં છે. આપણે સામાયિકમાં એમ છે. પણ

દિગંબરમાં એ પ્રચલિત નથી. શ્વેતાંબરમાં બહુ પ્રચલિત. નમોત્થુણં. આવે છે? એમાં આવે છે? નમોત્થુણં આઈરિયાણં... .. ... આવે છેને? ... ચક્રવર્તી લ્યો. આ નમોત્થુણં તો ઘણા વર્ષ પહેલા કર્યું હતું. સમજ્યા? ૭૪ વર્ષ પહેલા. પાઠશાળામાં એ હતાને પાઠશાળા. ઉમરાળા પાઠશાળા. મનસુખભાઈ. સોમચંદભાઈ હતાને આંધળા નહિ? એ શીખવતા હતા નાની ઉંમરમાં. દસ વર્ષની ઉંમર. જૈનશાળામાં પાઠ બોલાવતા. એમાં આ નમોત્થુણં બોલાવતા. દસ વર્ષની ઉંમર હતી. સામાયિક, નોકાર પછી ... ઇચ્છામી, તસ્સુતરી, લોગસ્સ.. સામાયિક છેલ્લું નમોત્થુણં. એ પાઠ છે. એય..! ઘાસીલાલજી! કર્યુંને બધું? સામાયિક પણ કરી હતીને ક્યારેક ક્યારેક? અમે પણ સામાયિક કરતા હતા. બહુ કરતા હતા. .. પાલેજમાં પણ કરતા હતા. પર્યુષણમાં હોં. આઠ દિવસ કરીએ. કાંઈ ભાન ન મળે. શું સામાયિક અને શું પોષા? આહા..હા..!

હવે અહીં શ્રાવકરત્નકરંડાચારમાં લખે છે. અરે..! પ્રભુ! આ કુટુંબ ને કબીલા ને પુત્ર ને પુત્રી આ બધા સંબંધમાં તું રોકાઈને પાપ કરે છો. એ તો ચાલ્યા જશે. તું તને જો છો તો શરીરને જોવે છે. આત્માને તો જોતો નથી. શરીર તો રાખ થઈ જશે. અને જેને તું જોવે છે એ શરીર પણ રાખ થઈ જશે. તો તને સંબંધ કોનો? આહા..હા..! શેઠ! આહા..હા..! ક્યાંય રાખ સ્ત્રી કહેવી, પુરુષ કહેવા, આ છોકરા, મકાન, પૈસા, આબરૂ, કીર્તિ એ બધું નાશવાન છે. 'ધન યૌવન અને જીવન ત્રણે નાશવાન.' યૌવન પણ નાશવાન, ધન નાશવાન, જીવન શરીરની સ્થિતિ. એમાં આ જગતના માટે મરીને ચોર્યાસીના અવતારમાં પાપ કરે છે આખો દિ' એય..! મનસુખભાઈ! આ શું કરે છે? બે જુદા પડ્યા તો આ બધું કરવું પડે છે. નહિતર તો નિવૃત્તિ હતી. બે જણાએ સલવાઈને કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- કોઈ કોઈને સલવાવે?

ઉત્તર :- એય..! નટુ! પણ એમ કે એની ભેગા હતા તો નિવૃત્તિ લેતા ક્યાંક. હવે આ તો છોકરો એક. રોકાવું પડે. ગ્રાહકી ઘણી. જૂના માણસ જાણીતા. આ તો હમણા થયા બધા. મોટી છેને. ૫૫ વર્ષ એને થયા. ૫૫ને? ૭૪. ૭૪માં જન્મ છે. ૧૯૭૪. ૫૫ થયા. એની મા લાવ્યા હતા. એની બાની મા જન્મ આપીને. પગે લગાડવા ત્યાં. ગઢડા-ગઢડા. તે દિ' યાદ છે. ... ૫૫ વર્ષ પહેલાની વાત છે. પણ અહીં તો કાલ જેવું દેખાયને. ૫૫ હોય કે ૬૦ હોય કે ૭૦ હોય. આહા..હા..!

કહે છે કે એરે..! પ્રભુ! તું શેના માટે કરે છે? શું કરે છે તને? સ્ત્રી, કુટુંબ, પરિવાર માટે તું રોકાઈને તારા આત્માનો નાશ કરે છે અને ભવિષ્યમાં જાવું છે ત્યાં તો કોઈ એક પાઈનો ટૂકડો પણ સાથે નહિ આવે. બહુ .. છે બહુ...

મુમુક્ષુ :- મોઢામાં તો પાવલી મૂકે.

ઉત્તર :- મોઢામાં પાવલી મૂકે ભાઈસાહેબ આવે નહિ ફરીને એમ. ભુતડું ન થાય. અરે..!

ઓલા ઠાઠડી બાંધેને નનામી-નનામી. નનામી કહે છે? શું કહે છે? .. તો ઓરડામાં મરી ગયો હોય તો બે બારણામાં અડવા ન દે. ... બે બારણા હોયને એને અડી જાય તો ભુત થઈને આવશે.

મુમુક્ષુ :- હિન્દીમાં કહો મહારાજ.

ઉત્તર :- અડવા ન દે. દરવાજા હોયને નીકળવાના. તો ઠાઠડીને અડે નહિ. આ બાજુ નહિ અને આ બાજુ નહિ. કોઈને અડે નહિ. ભુત થઈને આવે તો પાછો?

મુમુક્ષુ :- પણ ઇ તો વયો ગયો છે.

ઉત્તર :- પણ એને ભાન કે દિ' છે? આહા..હા..! કીધું નહિ અમદાવાદમાં એક દીકરો હતો. મરણ થયું. અમદાવાદ. એના પિતાજી ડોક્ટર અને એની મા મમતાવાળી બહુ. મમતા. દીકરો મરી ગયો યુવાન અવસ્થામાં. .. હવે એની મા કહે કે નનામી ન બાંધવા દઉં. ઠાઠડી. નહિ બાંધવા દઉં. પછી શું કરવું હવે? આપણે પેટી તો રાખીએ છીએ એમાં રાખવો છે? હીરાલાલજી! એ શેઠે કહ્યું ડોક્ટરે એની પત્નીને. આપણે ૩૦ વર્ષનો જુવાન મરી ગયો હવે ત્યારે બાંધવો પડેને બાળવા માટે. બાળવા લઈ જાયને? વચમાં બેસે. માથા ફોડે. શું છે? તો આપણે રાખવો પટારો કરીને? તો કહે ના એમ નહિ. હવે પણ તારે કરવું છે શું? એમાં એ છોકરો આવ્યો ભુત થઈને. વૈરાગ્ય કાંઈક થઈ ગયેલો. મરીને ભુતડામાં ગયેલો. અરે..! પિતાજી! માતાજી! શું કામ રોવો છો? કહે અરે..! ભાઈ તું મરી ગયો. તો હું આવું. તો જેટલા વર્ષ કહો. ૨૫, ૩૦, ૪૦ વર્ષ શરીરમાં આવું. ભાઈસાહેબ! ઇ આવે તો અમને ડર લાગે. ધ્યાનચંદજી! હવે કરવું છે શું તારે? હું આવું તો ડર લાગે અને શરીરને પેટીમાં રાખવું હોય તો ડર લાગે. હવે શા માટે તારે રોવું છે?

મુમુક્ષુ :- એવો બનાવ બન્યો?

ઉત્તર :- બની ગયોને. બન્યો હતો આવું. એવો બનાવ બન્યો હતો. .. ડોક્ટર. ...

મુમુક્ષુ :- નિર્ણય થઈ ગયો.

ઉત્તર :- શું કરે? ઓલી રોતી-રોતી માથા ફોડે પણ શું કરવું તારે? આ છોકરો આવ્યો જો. તો એ કહે છે કે હું રહું તમને સંતોષ થાય ત્યાં સુધી. શરીરમાં રહું ૨૫, ૪૦ વર્ષ. ભાઈસાહેબ! અમને વહેમ પડે. તું ભુત છોકે. એય..! શેઠ! જુઓ આ સગા. તમે કહો હું ખાત્રી આપું. લ્યો આપણે પૈસા આ ઠેકાણે છે. આ મારા કોટ અને ફલાણું આ ઠેકાણે છે. આટલા કોટ છે, આટલું આમ છે. ...

મુમુક્ષુ ;- સાક્ષી દે.

ઉત્તર :- સાક્ષી દે. તમે કહો એ હું બતાડી દઉં. આપણા આટલા લેણા છે આની પાસે, આટલા દેણા છે આની પાસે. ઓહો..હો..! આ તો દીકરો જ છે. તો હું આ શરીરમાં રહું ૫૦ વર્ષ. ભાઈસાહેબ એ નહિ. ઘરના છોકરા ડરે. તો હવે શું કરવું છે તારે? આ મૂર્ખાઓની ટોળી છે. આહા..હા..! આજીવિકા માટે એ મૂર્ખાની ટોળી ભિખારી મળ્યા છે ભિખારી. સ્ત્રી, કુટુંબ, ધુતારાની ટોળી છે. ધુતારાની ટોળી છે બધી હોં. આહા..હા..! ભગવાન આત્મા પોતાની ચીજને ભૂલીને

વિકાર કરે છે એ કરવા ચાહે કે હું એને ન મારું, પરની રક્ષા કરવું, બે-ત્રણ પેઢીથી મારે પૈસા આવે છે તો હું હુશિયાર છું તો મારા પૈસા નહિ જાય. શેઠ! ... વિચિક્ષણ છે, શુરવીર છે. બધાની તો દુકાન આદિ તો ભાંગી ગઈ, અમારી દુકાન ન ભાંગી કેમ? અમારી વિચિક્ષણતાને કારણે. સાચી વાત છે? એય..! નટુ! એ તારો બાપ એમ કહેતો હતો લ્યો. નહિ? મનસુખભાઈને ખબર છે. આહા..હા..! આને તો મમતા બહુ હતી. આહા..હા..! શું છે પણ? આ કોના માટે છે? કોના માટે અને શા માટે શું કરું છું? એનું ફળ શું? એનો વિચાર જ નથી એને.

મુમુક્ષુ :- આપને દેખાય છે પણ અમને નથી દેખાતું.

ઉત્તર :- પણ હજાર, બારસોનો પગાર હોય અને અમલદાર મોટો હોય. પિતાજી સાહેબ આવો... પિતાજી સાહેબ આવો... ... છેને. નોકર હતા. હજાર, બારસોનો પગાર. પ્રોફેસર. આ કોની સાથે તે... હવે આ રામજીભાઈને લ્યોને આ મનસુખ, સુમનભાઈ પૈસા ખર્ચ્યા, આ બધું કર્યું, રોટલા રળીને તમે અહીં ખાવ એકલા. હું મારા ત્યાં ખાઉં. પણ એમ જ હોય. બીજું શું હોય ત્યારે એના માટે રોકાય? નોકરી કરવી કે અહીં રોકાય એના બાપ પાસે? પણ એને પોતાને આજીવિકા કાંઈ કરવી હોય તો શું કરે? મરે પછી આવશે વળી પાછા. મારા એકદમ તાર ન કર્યો. એકદમ ઉડી જાય. ખબર ન પડે. એમ કે કાંઈક મોળું હોય તો તાર કરવો હતોને! એય..! .. નથી આવ્યાને? ... ... આહા..હા..! છતાં એવી ચીજમાં પણ આત્મા બિલકુલ કર્તા-હર્તા છે નહિ. માને કે હું કરું છું તો મૂઢની દશા છે. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે જ્યાં સુધી તને ભેદજ્ઞાન ન થાય ત્યાં સુધી તો અજ્ઞાની પોતાથી જ વિકાર કર્મની અપેક્ષા રાખ્યા વિના. નિમિત્તની અપેક્ષા નથી. સમજાણું કાંઈ? ૬૨ ગાથામાં ભાઈ આવ્યું હતુંને. પરથી નિરપેક્ષ. આહા..હા..! કેટલી સ્વતંત્રતા! કર્મની પરની અપેક્ષા વિના. આહા..હા..! નિશ્ચય કોને કહે? પોતાથી વિકાર થાય છે. એ તો ત્યાં કહ્યું હતું શું કહેવાય ઈ? મધુવન. મધુવનમાં કહ્યું હતું બહું. એવું લાગ્યું લોકોને આહા..હા..! હવે ભૂલમાં આવ્યા. હવે પકકડમાં આવ્યું એમ કહે. બધા હતા. રામજીભાઈ હતા, હિંમતભાઈ હતા. વિકાર થાય છે એ આત્મામાં પોતાની પર્યાયથી સ્વતંત્ર થાય છે. કર્મની અપેક્ષા રાખ્યા વિના, દ્રવ્ય-ગુણની અપેક્ષા રાખ્યા વિના. પોતાના દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. સમજાણું કાંઈ? ૧૩ની સાલ. ૧૬ વર્ષ થયા ૧૬. ઘણી ગડબડ થઈ ગઈ. પછી ગયા અમે કલકત્તા. ત્યાં આવ્યો મોટો પત્ર શેઠનો. શાહુજીનો. શાહુજી આવ્યા. અમે ગજરાજજીને ત્યાં ભોજન કરવા ગયા હતા. ગજરાજજી નહિ? એની બહેન નથી? એની દીકરી? નથી આવી. એને ત્યાં ભોજન કરવા ગયા હતા. ત્યાં કાગળ આવ્યો. આમ આવ્યું છે મધુવનથી. વિકાર કેમ થાય? કીધું વિકાર કેમ થાય એ પોતાથી થાય એ ખુલાસો કરી દીધો. શાહુજી હોય તો અમારે શું છે? ખુલાસો કરી દીધો છે ત્યાં. બધા બેઠા હતા. ફુલચંદજીએ બહાર પાડી દીધું હતું કે સ્વામીજી એમ કહે છે કે પર્યાયમાં રાગ, દ્વેષ, પુણ્ય-પાપ આદિ ભાવ થાય છે એ

પોતાનો કર્તા થઈને થાય છે. કર્મની અપેક્ષા બિલકુલ છે નહિ. હાય.. હાય..! ત્યાં તો એમ થઈ ગયું. આહા..હા..! મોટી સો ટકાની ભૂલ થઈ ગઈ જાણે. શાહુજી ઉપર પત્ર આવ્યો લાંબો. શાહુજી હોય કે ગમે તે હોય ખુલાસો થઈ ગયો. હજુ પણ એ જ કહે છે. વિકાર થાય છે એ કર્મને કારણે નહિ, પણ પોતાના પુરુષાર્થથી થાય છે. પર્યાયમાં કર્મ વિકારનો કર્તા પર્યાય, વિકાર એનું કાર્ય, વિકાર એનું કરણ, વિકાર એનું દાન, વિકાર એનું અપાદાન અને વિકારને આધારે વિકાર. એ દ્રવ્ય-ગુણને કારણે પણ નહિ અને નિમિત્તને કારણે પણ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ ક્યાં ખાનગી વાત છે? ...

એ ચર્ચા થઈ હતી પાંચની સાલમાં. પહેલા વહેલા આવ્યાને શેઠ. ઉપાદાનથી કામ થાય છે. નિમિત્તથી નહિ. ... ... ... આપણે બધા પંડિતો વાતું કરીએ. એ પણ ભાષણ કરતા હતા પાંચ-પાંચ હજારમાં. ઇંદોરમાં. કે આ બધું .. નાખતા હશે. ...શેઠિયાઓમાં કે વિદ્વાનોમાં, ગરીબોમાં બધે ઠેકાણે પ્રચાર કરો કે ઉપાદાનથી પર્યાયનું કાર્ય થાય છે, નિમિત્તથી નહિ. એય..! અહીં ક્યાં ગુપ્ત રાખવી છે વાત? આહા..હા..! આ એ કહે છે. અજ્ઞાની જ્યાં સુધી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'થયા પછી...'** આહા..હા..! 'उद्धत' **'જ્ઞાનધામ...'** જુઓ. .. નથી કાંઈ? નથી. જ્ઞાનધામ કૌંસમાં લખ્યું છે ભાઈ! આમાં નથી. આમાં કૌંસમાં લખ્યું છે. ઓલામાં નીચે હતું ત્યારે યાદ આવ્યું હતુંને. આમાં કૌંસમાં લખ્યું છે અને ઓલા ગુજરાતીમાં નીચે. 'उद्धत' **'જ્ઞાનધામ...'** આહા..હા..! જેનું ધામ અને સ્થાન એ જ્ઞાનસ્વભાવ છે. એવી જ્યારે દૃષ્ટિ થઈ તો જ્ઞાનધામ અને જ્ઞાન મંદિરમાં આવે છે ત્યારે રાગ અને સંસારની પર્યાયને જાણનારો છે. કર્તા-ફર્તા છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એકકોર કર્તા કહેવું અને મિથ્યાદૃષ્ટિ અને એકકોર કર્તા ન માને પરિણમનમાં એ પણ ખોટું જ્ઞાન. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- સ્યાદ્વાદ છેને.

ઉત્તર :- સ્યાદ્વાદ કોને કહે? આહા..હા..!

અને **'ભેદજ્ઞાન થયા પછી જ્ઞાનધામમાં નિશ્ચિત એવા આ સ્વયં પ્રત્યક્ષ આત્માને...'** ઓહો..હો..! જુઓ, એ રાગ છે વ્યવહારનો તો સ્વયં પ્રત્યક્ષ થયો એમ નથી. એ તો સ્વયં પ્રત્યક્ષ થવાનો સ્વભાવ જ એનો છે. આહા..હા..! એમાં પણ વાંધા. નીચે પ્રત્યક્ષ ન હોય. પ્રત્યક્ષ તો આગળ કેવળજ્ઞાન થાય ત્યારે. સાંભળતો ખરો ભાઈ! એ તો સર્વથા પ્રત્યક્ષ. અહીં તો અનુભવ પ્રત્યક્ષ, જ્ઞાન પ્રત્યક્ષ થાય છે. આહા..હા..! ચોથે ગુણસ્થાને મતિ અને શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ થાય છે. આહા..હા..! ઝીણી વાતું, ભાઈ! જુઓને સ્વયં પ્રત્યક્ષ લીધોને? ભેદજ્ઞાન થવાથી. જ્ઞાનધાન ઉદ્ધત. કોઈને ગણતા નથી. સ્વભાવને જ ગણે છે. આહા..હા..! એવું ભેદજ્ઞાન રાગથી, પુણ્યથી, વ્યવહારથી ભિન્ન ભગવાન આત્મા એવું સમ્યગ્દર્શન થયું તો **'નિશ્ચિત એવા આ સ્વયં પ્રત્યક્ષ આત્માને કર્તાપણા વિનાનો,...'** રાગને કરવું છે એનાથી રહિત. આહા..હા..! **'અચળ, એક પરમ**

**જ્ઞાતા જ દેખો.**' આહા..હા..! પરમજ્ઞાતા. હજી તો ચોથાની વાત હોં તોપણ પરમ જ્ઞાતા. આહા..હા..! વસ્તુની સ્થિતિ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો માનો, દેખો .. એ તો માનો-દેખો.

'**આત્માને કર્તાપણા વિનાનો, અચળ, એક પરમ જ્ઞાતા જ દેખો.**' જાણો કહો, દેખો કહો, માનો કહો બધું એક જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો તેર ગાથામાં તો એટલો સ્પષ્ટ કરી દીધો છે. ઓહો..હો..! થોડા વખતમાં ચાલી ગાથાઓ. પછી આમાં તો આખો વિકાર, વિકારનું નિમિત્ત, નિમિત્તની અપેક્ષા વિના વિકાર. વિકાર વિનાની ચીજ એવું ભેદજ્ઞાન થતાં વિકારનો કર્તા નથી, ભેદજ્ઞાન નથી, રાગને પોત઼ાનો માને છે ત્યાં સુધી રાગનો કર્તા છે.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગની, બંધમાર્ગની બધી પ્રક્રિયા આવી ગયી.

ઉત્તર :- બધી. ઓહો..હો..! આખો ગોમ્મટસારનો લેખ. ખુલાસો. ઓલામાં તો જ્ઞાનાવરણીય જ્ઞાન રોકે, દર્શનમોહની મિથ્યાત્વ થાય. ઠેકઠેકાણે રતનચંદજી ઇ જ આવે છે. .. આહા..હા..! કર્મને લઈને આ થાય... કર્મને લઈને આ થાય... અરે..! પણ ક્યાં સુધી તારે? પરદ્રવ્યને લઈને આ થાય? આહા..હા..! એને બેઠું હોય. એવી જાતનું બેઠું હોય એને.

મુમુક્ષુ :- .. સિદ્ધાંત વિરુદ્ધ કહે...

ઉત્તર :- આ સિદ્ધાંત છે સમયસાર. અને આ દૃષ્ટિ સમજ્યા વિના ચાર અનુયોગનો અર્થ સાચો થતો નથી. સમયસારની દૃષ્ટિ, જે શુદ્ધ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ એવા ભાન વિના કોઈપણ અર્થ ધ્રુવમાં કાંઈપણ નથી અને પર્યાય સ્વતંત્ર થાય છે એવી દૃષ્ટિથી વાંચે તો બધા અનુયોગ સાચા ઠરશે. નહિતર ગડબડ... ગડબડ... થશે. આહા..હા..! અરે..! થોડા વખતમાં કેટલું કામ કરવું છે, ભાઈ! સમય થોડો, કામ કરવું ઘણું. આહા..હા..!

ભાષા કેવી મૂકી! અર્હંતા... એ આમ તો સાધારણ સમ્યગ્દૃષ્ટિ પણ જ્યાં સુધી અજ્ઞાન હતું ત્યાં સુધી અજ્ઞાનનો કર્તા હતો એમ જાણતો હતો. એમ. સમજાણું કાંઈ? એ વખતે કર્મ વિકાર કરાવતું હતું, કર્મને લઈને અમને સંસારમાં પરિભ્રમણ હતું. ચોર્યાસીનો અવતાર કર્મને લઈને છે એમ છે નહિ. આહા..હા..! કહો, મનસુખભાઈ! આ તેર ગાથા આવીને? સાંભળીને તમે તો? તેર ગાથા નહિ કાલે. આ એનો કળશ છે. આહા..હા..! ઉત્પાદ-વ્યય-ધ્રુવ દરેક ગુણનો ઉત્પાદ-વ્યય વિપરીત જ્યારે થાય ત્યારે તો એ વિપરીતનો કર્તા અજ્ઞાનભાવે જીવ જ છે, પણ દ્રવ્યસ્વભાવનું ભાન થયું, સમ્યગ્દર્શન થયું તો તો સ્વભાવનું પરિણમન થયું, તો જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો, પરમ જ્ઞાતા-દૃષ્ટા. છેને?

'**એક પરમ જ્ઞાતા જ દેખો.**' જુઓ, જાણવું-દેખવું છે. '**એક પરમ જ્ઞાતા જ દેખો.**' વળી બે એમાં ક્યાંથી પાછું આવ્યું? તો સમ્યગ્જ્ઞાન થયું તો રાગનું પરિણમન છે એ મારું છે, ભોક્તા હું છું

એમ એકની સાથે બીજું મેળવો. અહીં એક લખ્યું છે. આહા..હા..! **'एकं परम् ज्ञातारम्'** સ્યાદ્વાદની કથની કઈ અપેક્ષાએ ત્યાં કહ્યું એ જાણવું જોઈએ. નહિતર **'એક પરમ જ્ઞાતા જ દેખો.'** વળી ત્યાં નયના અધિકારમાં કહે કે કર્તા અને ભોક્તા જીવ રાગની પર્યાયનો સમકિતી છે. ગણધર પણ છટ્ઠે ગુણસ્થાને, તીર્થંકર પણ જ્યારે છટ્ઠે ગુણસ્થાને હોય છદ્મસ્થમાં ત્યારે રાગ જેટલો રહે છે એના કર્તા અને ભોક્તાની દશા એની પર્યાયમાં છે. એક જ છે એમ નહિ, બીજું પણ છે. સમજાણું કાંઈ? અકર્તા જ દેખો એ એક જ પ્રકાર. તો અહીં કહે છે કે કર્તા અને ભોક્તા પણ દેખો. બીજો પ્રકાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. વસ્તુસ્થિતિ એવી છેને. આહા..હા..! જ્યાં સુધી રાગ અને વિકારરૂપે દૃષ્ટિ છે એ તો અનાદિની એ જ દૃષ્ટિ છે. ત્યાં સુધી તો વિકાર કરે છે અને વિકારને ભોગવે છે. સંસારમાં તો એ થઈ ગયું છે કે પરચીજને કરી અને પરચીજને ભોગવી એવું તો અજ્ઞાનમાં પણ નથી. આહા..હા..! મેં મકાન બનાવ્યું. તળાઈ. તળાઈ શું કહે છે? તલાઈ-તળાઈ શું હશે આ? પલંગ ઉપર પાથરે છેને. ગદ્દી-ગદ્દી.ગાદલા કહે છે અમારે અહીંયાં. ગદલા કહે. .. ગાદલા. અમારે આ ભાઈ હતાને સુમનભાઈ ભાયાણી. છે એકેય ભાઈઓ છે? નથી. આપણે આ મુનિમ છેને એના ભાઈથી નાના સુમનભાઈ. ૯૪માં અહીં આવ્યા હતા ૯૪માં. કેટલા વર્ષ થયા? ૯૪. ઇ કહે કે એનો જન્મ ૮૬માં. આઠ વર્ષની ઉંમર. ત્યાં અમે ગયા હતાને ૮૬માં? એ વખતે જન્મ નહોતો. હવે બધી ખબર એટલે કહું છું. ૮૬માં. ચૈત્ર મહિને ગયા હતા. .. પછી એનો જન્મ. કનુભાઈ નહિ? નાનો ભાયાણી. કનૈયાલાલ હરિલાલ. તો એ કહે. અહીં બેઠા હતા બહાર. મહારાજ! અમે નીચે એક ગોદડું પાથરીયે. પાતળું અને સુઈએ તો તમે કહો કે મિથ્યાદૃષ્ટિ છે અને એ બબ્બે ગાદલામાં સૂવે સમકિતી. એ સમકિતી છે? આઠ વર્ષનો છોકરો. આપણે મુનિમ છેને કાંતિભાઈ મુનિમ એના નાના ભાઈ. એણે એમ પૂછ્યું હતું. ૯૪માં. આઠ વર્ષની ઉંમર. બહાર બેઠા હતા આહાર કરીને. કે આ બબ્બે ગાદલામાં સૂવે, રેશમી ગાદલામાં અને પલંગમાં. તો કહે છે કે એ તો જ્ઞાની છે. અને અમે નીચે સાધારણ પાથરીયે. શું કહે છે? ચટાઈ. સાધારણ પાથરીને નીચે સૂઈએ તો તમે કહો કે આ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- ઇ એને માટે ક્યાં..

ઉત્તર :- .. એય..! કાંતિભાઈ! ભાઈ! કીધું બાપુ! એ સૂવાની સામગ્રી તો પૂર્વના પુણ્યને કારણે. છન્નું હજાર સ્ત્રી હોય, પણ અંતર દૃષ્ટિમાં એ ચીજ મારી છે એવી માન્યતા ક્યાં છે? રાગ મારો છે એવી માન્યતા નથી તો વળી આ માન્યતા ક્યાંથી આવી? આહા..હા..! ક્યાંય રઝળતા, રખડતા ક્યાંના ક્યા સંગ થઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! અમારે રામવિજય હતો તો પૂછ્યું હતું. આ મનસુખ નહિ ઓલામાં. સગપણ કરવા આવ્યા હતાને જ્યારે? ૮૬ .. અમરેલી. ૮૬માં ચોમાસું હતું ત્યાં આવ્યો હતો. મનસુખ .. કે મહારાજ! આ શું હશે? ક્યાંની કન્યા અને ક્યાનો આ એ

કાંઈ પૂર્વે મેળ હશે? કીધું એક માણસ થોરમાંથી આવ્યો હોય. ... સમજ્યા? થોર નથી સમજતા? થુવર. અને એક આવ્યો હોય ઇયળમાંથી. .. કહ્યું હતું. ... ૮૭માં કારતક વદ એકમ. .. ગયેલાને ત્યાં આવ્યા હતા. ૮૬નું ચોમાસું અમરેલી. કીધું એક બાઈ આવી હોય ઇયળમાંથી અને આદમી આવ્યો હોય ધણી આવ્યો હોય થોરમાંથી. આ થઈ ગયા પતિ-પત્ની એમાં ક્યાં સંબંધ છે. અને મરી જાય એક જાય પાછા ઢોરમાં અને એક જાય કોઈ માણસમાં. ક્યાં કાંઈ મેળ કોની સાથે કાંઈ? આહા..હા..! એમ કે આ પતિ-પત્નીનો મેળ ખાઈ ગયો માટે કાંઈ પૂર્વે સંબંધ હશે માટે. જેમ રાજુલ અને નેમિનાથનો. નવ ભવનો નહોતો સંબંધ? એવો સંબંધ છે? એ તો કોઈને એવો સંબંધ હોય. બધાને ક્યાં સંબંધ છે? એ તો ક્યાંય નિગોદમાંથી નીકળ્યા હોય પહેલાવહેલા હજી તો. એ સ્ત્રી થઈ હોય અને આદમી રખડતો રખડતો પુરુષ થયો હોય. એ પતિ-પત્ની થઈ જાય તો એમાં શું સંબંધ કોની સાથે? ...લાલજી!

અહીંયાં તો રાગનો સંબંધ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી હું કર્તા છું એમ તારે જાણવું. પણ રાગ પૃથક્ થયો તો તો એ ચીજ પર થઈ ગઈ. પરનો કર્તા આત્મા સ્વ ક્યાંથી થાય? સમજાણું કાંઈ? આહા..હા..! હવે ત્યાં નય અધિકારમાં એમ લીધું. એ પણ અમૃતચંદ્રચાર્ય. આ પણ અમૃતચંદ્રાચાર્ય. અનન્ય પરિણામ રાગ એ જીવના અનન્ય પરિણામ છે. ભિન્ન નહિ. આહા..હા..! કહો, અમરચંદભાઈ! રાગ-દ્વેષ સંસારના અનન્ય પરિણામ, જીવની સાથે અનેરા પરિણામ નહિ, અનન્ય પરિણામ છે. એમ આવે છે.

મુમુક્ષુ :- કયું માનવું?

ઉત્તર :- બેય. એ જે અપેક્ષાએ કહ્યું એ બેય માનવું. જ્યાં સુધી રાગ અને પુણ્ય સંસાર મારી ચીજ છે એવું જ્યાં સુધી માન્યું છે તો અનન્ય પરિણામ એના જ છે તો એનો એ કર્તા છે. અને રાગથી ભિન્ન જ્યારે આત્માને જાણ્યો તો અનન્ય પરિણામ રહ્યા નહિ, એ તો અન્ય થઈ ગયા. જેમ અન્ય દ્રવ્યનો જીવ કર્તા નથી એમ રાગનો પણ કર્તા નથી પછી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે માર્ગ વીતરાગનો બાપુ! આહા..હા..! કેવળજ્ઞાની પરમાત્મા આહા..હા..! જેની દશા પૂર્ણ થઈ. જેના સંસારનો અંત આવી ગયો એવું ભગવાનની વાણીમાં તો આમ આવ્યું. અર્હંત મતમાં એમ કહ્યુંને? **'અર્હંતના મતના અનુયાયી...'** જ્યું સુધી ભેદજ્ઞાન ન થાય ત્યાં સુધી અજ્ઞાનમાં રાગ-દ્વેષનો કર્તા જીવ છે એમ માનો. ભેદજ્ઞાન થતાં જે ચીજ છે એનાથી જુદો પડી ગયો. જુદા પડ્યા પછી કર્તાબુદ્ધિ ક્યાં રહી? આ મારું છે એમ તો રહ્યું નહિ. પરિણમન ભલે હોય. સમજાણું કાંઈ? પણ આ મારા સ્વભાવમાં વિભાવ મારી ચીજ છે એવો તાદાત્મ્ય અભ્યાસ તો છૂટી ગયો. આહા..હા..!

આવે છેને આત્મસિદ્ધિમાં નહિ? 'કોટી વર્ષનું સ્વપ્ન જાગૃત થતાં સમાય, તેમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય.' એ આત્મસિદ્ધિમાં છે. ગુજરાતી છે. 'કોટી વર્ષનું સપનું' કરોડ

વર્ષનું સપનું આવ્યું અંદર. આમ જ્યાં ઉઠ્યો તો કાંઈ ન મળે. એમ અનાદિકાળનો વિભાવ નામ અજ્ઞાનથી વિકારનો કર્તા માનતો હતો. ભાન જ્યાં થયું. ચક્ષુ ખુલી ગયા. ખલાસ થઈ ગયું. ઓહો..હો.! એ શું છે? મારી ચીજમાં જ નથી. આહા..હા..! એ દૃષ્ટિની અપેક્ષાએ. પર્યાયમાં જાણવાની જ્ઞાનની દશામાં જાણે છે એટલું .. છે બસ એટલું. સાથે સાથે કર્તૃત્વ અને અકર્તૃત્વ સાથે છે. ભોક્તૃત્વ અને અભોક્તૃત્વ બેય એક સમયમાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે! એને તો અધિષ્ઠાતા પણ કહી દીધા છે ત્યાં તો. ... આ ફેરે આવ્યું છે બહુ સારું આવ્યું છે. આત્મધર્મમાં ભાઈ! તે દિ' વ્યાખ્યાન થયું હતુંને? આત્મધર્મમાં આવી ગયું છે લખાણ. ... કે રાગ, વિકલ્પ આદિ પોતાની પર્યાય છે એવી સ્વભાવની દૃષ્ટિ નથી ત્યાં સુધી કર્તા છે અને પછી પણ જ્ઞાન થયું તો પર્યાયમાં (છે) દ્રવ્યમાં નહિ, ગુણમાં નહિ. પર્યાયમાં જેટલો રાગાદિ છે એ જ્ઞાન જાણે છે. એની સાથે અકર્તૃત્વને પણ જાણે છે. રાગનો કર્તા પણ હું છું અને રાગનો અકર્તા પણ હું છું. એક સમયમાં બેય છે. કોઈ વખતે કર્તા અને કોઈ વખતે અકર્તા એમ નથી. આહા..હા..! છેને વસ્તુ આ તો .. નથી. ક્યાં કેવળજ્ઞાનની અનંત આનંદની પર્યાય. પૂર્ણ શુદ્ધની દશા પૂર્ણ અને અહીંયાં નીચે તો પૂર્ણ શુદ્ધ નથી. દ્રવ્ય-ગુણ પૂર્ણ શુદ્ધ, પર્યાય પુર્ણ શુદ્ધ નથી. પ઼ામરતા જાણે છે એની. આહા..હા..!

સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં આવ્યું છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધી પણ સમ્યગ્દૃષ્ટિ પ્રાણી પોતાની પર્યાયમાં ક્રમસર જાણે છે. ત્રણનું. ક્યાં કેવળજ્ઞાન પર્યાય અને ક્યાં.. એમ પોતાની પર્યાયને એમ જાણે છે. અને જ્ઞાનની પર્યાય અપેક્ષા. સમજાણું કાંઈ? દૃષ્ટિની અપેક્ષાએ તો પૂર્ણ પરમાત્મા કૃતકૃત્ય છું. આહા..હા..! આવ઼ી વાત સ્યાદ્વાદ... એ તો એ સ્વભાવ એનો એવો છે હોં. સ્યાદ્વાદ એટલે કાંઈ ગડબડ કરીને કહેવું એમ નહિ. વસ્તુનો સ્વભાવ એવો છે. દ્રવ્યધર્મ, ગુણધર્મ, પર્યાયધર્મ એને જાણવું જોઈએને? એ પર્યાયમાં રાગ છે તો ધારી તો એણે રાખ્યું છેને પર્યાયે? કે કર્મે ધારી રાખ્યું છે? સમ્યગ્દર્શન ક્ષાયિક સમકિત થયું. પણ રાગનો અંશ છે અશુદ્ધનયે. ધારી તો એણે રાખ્યું છે. કે કર્મને કારણે છે? આહા..હા..! એવો દૃષ્ટિમાં સુધાર થયા પછી પણ એવી કર્તૃત્વ-ભોક્તૃત્વ પર્યાયમાં કર્તૃત્વ-ભોક્તૃત્વ જાણે છે. આહા..હા..!

અહીંયાં તો '**એક પરમ જ્ઞાતા જ દેખો.**' એય..! '**એક પરમ જ્ઞાતા જ દેખો.**' જરીએ કર્તા અને ભોક્તા એમ નહિ. અહીં તો દૃષ્ટિની અપેક્ષાનો વિષય છે. સમજાણું કાંઈ? આહા..હા..! મુખ્યપણે વાત સમજવી જોઈએને. આહા..હા..! વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૧૩, શનિવાર, તા.૧૧-૦૮-૧૯૭૩
## કળશ-૨૦૫, પ્રવચન-૪૬૬

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ સમયસાર સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ભાવાર્થ ચાલે છેને? તેર ગાથાનો છેને ઇ? તેર ગાથાનો ભાવાર્થ છે કે નહિ? કળશનો, પણ તેર ગાથાનો કળશ છેને? વિસ્તાર કર્યો છેને.

'**ભાવાર્થ :- સાંખ્યમતીઓ પુરુષને સર્વથા એકાંતથી અકર્તા...**' શું કહે છે? કે જે આત્મા છે એ અનંત આનંદ આદિ શાંતિનો ભંડાર છે. એમ હોવા છતાં અનાદિથી સ્વરૂપનું ભાન નહિ હોવાથી અજ્ઞાનપણે એ રાગ, દ્વેષ અને વિકારીભાવનો કર્તા થાય છે. કર્મથી વિકારનો કર્તા થાય છે એમ નથી. સમજાણું કાંઈ? '**સાંખ્યમતીઓ પુરુષને સર્વથા એકાંતથી અકર્તા...**' તો એમ કે પ્રકૃતિ એ કરે છે. આગળ લેશે. જૈન પણ એમ માને કે કર્મ જ અમને વિકાર કરાવે છે અનાદિથી. તો એ અને મિથ્યાદૃષ્ટિ બેય સરખા છે. સમજાણું કાંઈ? '**એકાંતથી અકર્તા, શુદ્ધ ઉદાસીન ચૈતન્યમાત્ર માને છે.**' એ તો ઉદાસ. આખા વિકાર અને સંસારથી તો ભિન્ન ચીજ છે ઇ. એમ અજ્ઞાની માને છે. '**આવું માનવાથી પુરુષને સંસારના અભાવનો પ્રસંગ આવે છે;...**' સંસાર જો ન હોય પર્યાયમાં, વિકાર ન હોય અને વિકાર જીવ ન કરતો હોય તો સંસાર આત્મામાં પર્યાય વિકારી છે ઉદયભાવ એનો અભાવ થશે. '**સંસારના અભાવનો પ્રસંગ આવે છે;...**' સમજાણું કાંઈ? તદ્દ્ન આત્મા શુદ્ધ અનાદિથી છે પર્યાયમાં પણ. અને રાગ અને સંસાર પુણ્ય-પાપના વિકારનો કર્તા કર્મ છે એમ માને છે સાંખ્યમતિ. આત્મા સર્વથા ઉદાસ પરથી ભિન્ન. એમ છે નહિ. જો એમ હોય તો પર્યાયમાં સંસાર, દુઃખ, વિકાર એ ન હોય તો સંસાર અભાવનો થઈ જાય. સંસારનો .. નહિ. સમજાણું કાંઈ?

'**અને જો પ્રકૃતિને સંસાર માનવામાં આવે...**' પહેલા સાંખ્યમતિની વાત કરે છે, પછી જૈનની કરશે. લોકો પ્રકૃતિ સંસાર. રજો, તમો અને સત્ત્વ કહે છેને? રજ, તમો અને સત્વ એ પ્રકૃતિ. એનો એ સંસાર વિકાર છે એમ કહે છે. પોતાના આત્મામાં છે નહિ. તો કહે છે કે એને '**સંસાર માનવામાં આવે તો તે પણ ઘટતું નથી, કારણ કે પ્રકૃતિ તો જડ છે,...**' આહા..હા..! '**તેને સુખદુઃખ આદિનું સંવેદન નથી,...**' પ્રકૃતિને કાંઈ સુખ-દુઃખનું વેદન નથી. સુખ-દુઃખનું વેદન તો

જીવને છે. આહા..હા..! **'તેને સંસાર કેવો?'** સુખ-દુઃખનું વેદન નથી પ્રકૃતિમાં, જડમાં. તો એને સંસાર હોય નહિ. **'આવા અનેક દોષો એકાંત માન્યતામાં આવે છે.'** એવા અનેક પ્રકારના દોષ એકાંત આત્મા કર્તા જ નથી એમ માને તો એકાંત દોષ આવે છે. મિથ્યાદૃષ્ટિ થાય છે. સમજાણું કાંઈ?

**'સર્વથા એકાંત વસ્તુનું સ્વરૂપ જ નથી.'** સર્વથા વસ્તુનું સ્વરૂપ વિકારનો અકર્તા છે એમ નથી. અજ્ઞાનભાવે જ્યાં સુધી મિથ્યાત્વભાવ છે ત્યાં સુધી તો રાગ-દ્વેષ-વિકાર જીવ જ કરે છે. જીવનો જ દોષ છે, જીવનો જ અપરાધ છે. એ સંસાર જીવનો છે. આહા..હા..! સમજાણું કાંઈ? નરક-નિગોદમાં જે દુઃખ છે એ કોને? જડને દુઃખ છે? સ્વર્ગમાં પણ સુખ કલ્પના છે. એ છે તો દુઃખ જ. પણ એ દુઃખ કોને છે? જડને છે? આત્માને છે. .. **'આવા અનેક દોષો એકાંત માન્યતામાં આવે છે. સર્વથા એકાંત વસ્તુનું સ્વરૂપ જ નથી. માટે સાંખ્યમતીઓ મિથ્યાદૃષ્ટિ છે;...'** એ સિદ્ધ કર્યું પહેલાં.

**'અને જો જૈનો પણ એવું માને...'** જૈનમાં જન્મેલો જીવ એમ જૈન પણ જો એમ માને **'તો તેઓ પણ મિથ્યાદૃષ્ટિ છે.'** કરે રાગ, દ્વેષ, વિકાર, મિથ્યાત્વ કરે એ અને કર્મથી થાય છે તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'અપનેકો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' કોઈ કર્મથી હેરાન થયો એમ છે જ નહિ. આહા..હા..! **'તેથી આચાર્યદેવ ઉપદેશ કરે છે કે-સાંખ્યમતીઓની માફક....'** સાંખ્યમતિની જેમ. **'જૈનો આત્માને સર્વથા અકર્તા ન માનો;...'** જેનો જૈનમાં જન્મ છે એ અકર્તા જીવને સર્વથા ન માનો. કથંચિત્ કર્તા અજ્ઞાનભાવે સંસાર વિકારનો કર્તા છે અને ભેદજ્ઞાનભાવે વિકારનો કર્તા નથી. ભારે સમજવું! એવી ચીજ છે, ભાઈ! સમજાણું કાંઈ? પરનો તો કર્તા છે જ નહિ. એ તો બંધ અધિકારમાં આવ્યું. પરને હું જીવાડું, પરને મારું, પરને સુખી કરું, પરને દુઃખી કરું, સંસારની વ્યવસ્થા અનુકૂળ કરીએ તો જગત સુખી થાય. એવી પરની અનુકૂળતા આત્મા કરી શકતો નથી. કહો, સમજાણું કાંઈ? અને પરને પ્રતિકૂળતા કોઈ નથી દઈ શકતું. પરને મારવા, દુઃખ દેવા એ નથી કરતો. એ તો પાપના ઉદયથી એને પ્રતિકૂળ સંયોગ આવે છે. અને પ્રતિકૂળ સંયોગમાં અજ્ઞાની દુઃખ માને છે. પ્રતિકૂળ સંયોગ દુઃખ નથી. માન્યતા એની છે કે હું દુઃખી.. આહા..હા..!

તો કહે છે કે જૈન પણ જો એમ માને તો તેઓ પણ મિથ્યાદૃષ્ટિ છે. છેને? **'તેથી આચાર્યદેવ ઉપદેશ કરે છે કે-સાંખ્યમતીઓની માફક જૈનો આત્માને સર્વથા અકર્તા ન માનો; જ્યાં સુધી સ્વપરનું ભેદવિજ્ઞાન ન હોય...'** આહા..હા..! રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવો વિકલ્પ રાગ અને ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યદળ, આનંદસ્વરૂપ એવા રાગથી પોતાની ચીજને જ્યાં સુધી ભેદજ્ઞાન ન થાય ત્યાં સુધી તો રાગ અને સંસાર વિકારનો કર્તા જીવ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિકાર કરે અને સ્વચ્છંદે એમ માને અમને શું છે? વિકાર તો કર્મથી થયો.

સમજાણું કાંઈ? એક પંડિત હતો. બીજાને માર્યો, ક્રોધ થયો તો થોડો. ભાઈ! શું કર્યું તમે? કે ભાઈ! કર્મનો ઉદય આવ્યો તો ક્રોધ થયો. અમને શું છે? સમજાણું કાંઈ? મૂર્ખ છે? કરે છે તું અને કર્મના માથે નાખે છો? એ પ્રશ્ન આવ્યો હતો પહેલા. ઘણા વર્ષ પહેલાં. ૨૫, ૨૭, ૨૮ વર્ષ પહેલાં. બે હજારની સાલમાં. કોઈ પંડિત હતો તો એણે એકને મારી થપાટ. શું કહે છે? થપ્પડ-થપ્પડ. તો એને કોઈએ કહ્યું કે શું કરે છે તું? તો કહે મને કાંઈ ખબર નહિ ગોમ્મટસાર.. ગોમ્મટસારમાં એમ લખ્યું છે કે ચારિત્રમોહનો ઉદય આવે તો ક્રોધ થયા વિના રહે નહિ. એ આવ્યું હતું ભાઈ! ઘણા વર્ષ પહેલા નહિ? બેની સાલમાં. બેની સાલમાં. ૨૭ વર્ષ થયા. એ તમારા તરફથી આવ્યું હતું હોં એ બાજુથી. આહા..હા..! શું કરીએ ભાઈ! કર્મનો ઉદય ન હોય તો અમને વિકાર કેમ થાય? એ કર્મનો ઉદય છે તો વિકાર થાય છે. એ ઉદયનું કાર્ય છે મારું નહિ. હું તો નિર્મળ શુદ્ધ છું. એમ માનનારો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! જે અજ્ઞાનમાં વિકાર કરે છે તો થાય છે એવી જેને સત્યની શ્રદ્ધામાં પ્રતીત નથી એને વિકાર જ મારી ચીજ પરથી ભિન્ન છે એવી શ્રદ્ધા એને થતી નથી. સમજાણું કાંઈ? પર્યાયમાં જે વિકાર, કામ, ક્રોધ, માન, માયા, લોભ, રતિ, અરતિ આદિ ભાવ એ પોતાની પર્યાયમાં પોતાના ભાવથી થાય છે. એમ જો ન માને અને એ અપરાધ કર્મથી થયા એમ માને તો પોતાની પર્યાયની વિકારતા સ્વતંત્ર આત્મા કરે છે તો થાય છે. એવી જેની કબુલાત નથી એને રાગથી ભિન્ન ભગવાન પૂર્ણાનંદ એનું ભેદજ્ઞાન નથી થતું. સમજાણું કાંઈ? આહા..હા..!

**'જ્યાં સુધી સ્વપરનું ભેદવિજ્ઞાન ન હોય ત્યાં સુધી તો તેને રાગાદિનો-પોતાનાં ચેતનરૂપ ભાવકર્મોનો-કર્તા માનો,...'** આ વાત સૂક્ષ્મ છે અને યથાર્થની વાત છે. મોટી ગડબડ છે જૈનમાં. સમજાણું કાંઈ? કર્મ સંસાર, કર્મ છે તો સંસાર. કહ્યુંને પહેલા છટ્ઠી સાલમાં ગયા હતા પાલિતાણા. કે તમે કહો છો કે સંસાર વિકાર આત્માનો અને વિકારથી રખડે છે. ત્રિલોકનાથ પરોપકારી ભગવાન એમ કહે છે કે કર્મથી આત્મા રખડે છે. પંડિતજી! છટ્ઠી સાલ. પાલિતાણા. કહો, આહા..હા..!

મુમુક્ષુ :- સમ્મેદશિખરમાં...

ઉત્તર :- સમ્મેદશિખરમાં .. બહુ ... બેય દિગંબરના મોટા અને શ્વેતાંબરના બેયે એમ કહ્યું. છટ્ઠી સાલમાં અહીં અને તેરમી સાલમાં ત્યાં સમ્મેદશિખર. કે કર્મને લઈને વિકાર છે. કેમકે વિભાવ છે. વિભાવ પોતાનો સ્વભાવ ક્યાંથી હોય? વિભાવ તો કર્મથી થાય છે. મોટી ચર્ચા થઈ હતી. ત્યારે તમે નહોતા?

મુમુક્ષુ :- સાંભળ્યું નથી.

ઉત્તર :- સાંભળ્યું નથી, પણ ત્યાં પહેલા નહોતા આવતા?

મુમુક્ષુ:- પછી આવ્યા. .. વર્ષ પછી...

ઉત્તર :- એ વખતે નહોતા અહીંયાં. આ બાજુ નહોતા. ૧૪ની સાલ .. ૧૫ થઈ ગયા. એ વખતે મોટી ચર્ચા થઈ હતી. સમ્મેદશિખર. શું કહેવાય ઈ? મધુવન. ઘણી ચર્ચા. વર્ણીજી, બંસીધરજી. ઇંદોરના છેને મોટા પંડિત? બધા બેઠા હતા. ઘણી ચર્ચા થઈ હતી. કહે વિકાર કેમ થાય છે? કીધું વિકાર પોતાની પર્યાયથી, પોતાથી થાય છે. કર્મની અપેક્ષાએ વિકાર થાય છે. એટલી અપેક્ષાથી પણ નહિ. કર્મથી તો નહિ, પણ કર્મ છે તો થાય છે એમ પણ નથી. મોટી ચર્ચા હતી. આહા..હા..! મૂળ જૈનમાં સાચી ચીજ શું છે? એની પરંપરા છૂટી ગઈ. પોતાની કલ્પનાથી માની લીધું. અને આ ગૃહસ્થોને કોઈ ખબર ન હોય, કોઈ માથે બેઠું હોય એ કહે તો જય નારાયણ. શેઠ!

મુમુક્ષુ :- સાચી વાત છે.

ઉત્તર :- સાચી વાત છે લ્યો. માથે જે પાટ ઉપર બેસનારા કહે પંડિત. યથાર્થ છે... યથાર્થ છે... શું યથાર્થ છે? વિકાર જે થાય છે એ ત્રિકાળી સ્વભાવને ભૂલે છે. એ અજ્ઞાનીને વિકાર થાય છે અને એ પોતાને કારણે. સોએ સો ટકા પોતાને કારણે. બે, ચાર, પચ્ચીસ ટકા કર્મના અને પોણો સો ટકા ઉંધા પુરુષાર્થના. એમ બિલકુલ નથી. સમજાણું કાંઈ? બહુ ચર્ચા અમારે તો ૭૧ની સાલથી ચર્ચા ચાલે છે આ તો. સંપ્રદાયમાં પણ બધા એમ માનતા હતા. બહાર વાત આવી તો શ્વેતાંબર લોકોએ પણ વિરોધ કર્યો. નહિ, કર્મથી વિકાર થાય એમ કેમ કહ્યું? અહીંયાં દિગંબરમાં આવ્યા તો દિગંબર લોકોએ વિરોધ કર્યો. પંડિતજી!

મુમુક્ષુ :- અભ્યાસ તો કરવો જોઈએ.

ઉત્તર :- .. વાત મળી નહોતી, સાંભળી નહોતી. ગુરુગમ નહિ તેમ કોઈ પૂર્વના સંસ્કાર નહિ. પોતાની કલ્પનાથી વાંચે. જુઓને અમારા ગુરુ હતા સંપ્રદાયમાં. એ પ્રશ્ન ચાલ્યો. ત્યારે .. થાય છે એ તો વાત પહેલા ૭૧થી ચાલતી હતી. પણ એ ચાલી ૭૨ની સાલમાં. ભગવાને જોયું એમ આપણે ભોગવવું, ભગવાને જોયું એવો આપણે વિકાર કરવો પડે. કીધું આ શબ્દ અમને નથી બેસતા. સમજાણું કાંઈ? ભગવાને જોયું છે તો સંસારમાં રખડવું પડશે.

મુમુક્ષુ :- એ ભગવાને ...

ઉત્તર :- આહા..હા..! મેં કહ્યું કે જેમ ભગવાન સર્વજ્ઞ પરમાત્મા આ જગતમાં છે. ૭૨ની સાલ. ૫૭ વર્ષ થયા. ૫૦ અને ૭. એમ કહ્યું કે જે ભગવાન સર્વજ્ઞ છે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે છે. એવી પર્યાયની સત્તાનું સામર્થ્ય જેને જ્ઞાનમાં બેસી જાય એને ભગવાને ભવ જોયો જ નથી. ચંદુલાલજી! આ તો ૫૭ વર્ષ પહેલાની વાત. ૫૦ અને ૭. કંઈકના તો જન્મ પણ નહિ હોય. આ બધાને ૪૦-૪૫ વર્ષ. ૫૭ વર્ષ પહેલા મોટી ચર્ચા... મોટી ચર્ચા... પણ અમારા ગુરુ હતા એ નરમ હતા. તો એ પણ હજી એમાં ૪૬ વર્ષની દીક્ષા. ૪૦ અને ૬. ૪૬ કહે છેને તમારે? ૪૪. ૭૨માં. ૪૦ અને ૪. એને પણ જરા અનુકૂળ આ. મેં કહ્યું કે આ વાત સાચી લાગે છે. પણ બીજે દિવસે એ નક્કી કરવા ગયા. ફરી ગયા કેમ? મારી .. પુરુષાર્થ કરવા નહિ, પણ એ વાત

સાબિત કરવા કે ભગવાને તો ભવિ-અભવિ દીઠા એમ, ભાઈ! ભગવાને ભવ દીઠા એમ નથી. કીધું અરે..! ભગવાન! મોટી ચર્ચા. સાડા ચાર વાગે લગભગ હતી. ફાગણ સુદ પુનમ. ફાગણ-ફાગણ. ફાગણ કહે છેને? આ ચર્ચા .. પણ પછી .. ચર્ચા થઈ હતી આવ્યા પછી થઈ. આહા..હા..! અરે..! કીધું પ્રભુ! આ શું કરો છો? સર્વજ્ઞ પરમેશ્વરે દેખ્યું માટે સંસારમાં રખડવું પડે એમ છે? કે પોતાના અપરાધથી રખડે છે? આહા..હા..! અને જ્યારે અપરાધ હું સર્વજ્ઞ પરમેશ્વર જેના જ્ઞાનમાં આવ્યું. '**वंदित्तु सव्व सिद्धे**' આવ્યુંને? સર્વ સિદ્ધોને હું પધરાવું છું મારી પર્યાયમાં. આહા..હા..!

મુમુક્ષુ :- સાંભળવાવાળાને અને પોતાને બેયને.

ઉત્તર :- કુંદકુંદાચાર્યે કહ્યું પહેલી ગાથામાં હું સર્વ સિદ્ધોને મારી પર્યાયમાં પધરાવું છું અને સાંભળનારાને પણ પર્યાયમાં અનંત સિદ્ધોને બિરાજમાન કરું છું. આહા..હા..! આવે છેને પહેલા? પહેલી ગાથામાં. ઓહો..હો..! અનંત-અનંત સિદ્ધ ભાઈ! શબ્દ વાચક, શબ્દનું વાચ્ય શું એનું? ઓહો..હો..! અનંત કેવળજ્ઞાની પરમાત્મા જેને કેવળજ્ઞાનમાં અનંત કેવળી જાણવામાં આવે એવા અનંત સિદ્ધો, પર્યાય અલ્પજ્ઞ અહીંયાં. એમાં અનંતા સિદ્ધને બિરાજમાન કરે છે. આહા..હા..! એવી અનંત સિદ્ધની જે સત્તા એક સમયમાં જાણવાની. એ પર્યાયમાં સત્તા કબુલાત કરે છે એ. આહા..હા..! તો એ સમયે જેમ કબુલાત કરે છે ત્યારે એનું લક્ષ દ્રવ્ય ઉપર ચાલી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

પછી કહે છે કે કુંદકુંદાચાર્ય સાંભળો, '**वंदित्तु सव्व सिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।**' પહેલી ગાથા. '**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।**' એમાં પણ વાંધો પડ્યો ભાઈ હમણા. એ તો શ્રુતનું કહેલું છે. કેવળીનું ક્યાં કહેલું? અરે..! ઓલો મેરુ છેને સુમેરુ. શું કહેવાય? સુમેરુ. અને આ લોકો સમયસાર કેવળીનું કહેલું છે એમ કહે છે. પણ અહીંયાં તો '**सुदकेवलीभणिदं**' પણ શ્રુતકેવળી કહો તો એક પણ શ્રુતકેવળીની ટીકા કરી અમૃતચંદ્રાચાર્યે તો શ્રુતકેવળી અને કેવળી બે લીધા છે. અને નિયમસારમાં તો મૂળ ગાથા લીધી છે. '**केवलीसुदकेवलीभणिदं**' એવો પાઠ છે. નિયમસારમાં પહેલી ગાથા. કેવળી અને શ્રુતકેવળી. એ એમ કહે છે કે સમયસાર ભગવાન પાસે ગયા અને આવીને બનાવ્યું. એ વાત સાચી નથી. આહા..હા..! એ તો શ્રુતકેવળીથી મળ્યું હતું. આહા..હા..! નિયમસારમાં તો પહેલી ગાથામાં જ એ છે. '**केवलीसुदकेवलीभणिदं**' પણ શ્રુતકેવળી કહે એ કેવળી કહે કે બીજું કહે? પણ ટીકામાં તો એવો અર્થ લીધો જ નથી. ટીકામાં તો કેવળીએ કહ્યું અને શ્રુતકેવળીએ કહ્યું એમ ટીકામાં અર્થ લીધો છે. અમૃતચંદ્રાચાર્ય પોતે. અને નિયમસારમાં કહ્યું કેવળી, શ્રુતકેવળીએ કહેલો અમે મોક્ષમાર્ગ કહીશું. કેવળી પાસે સાક્ષાત્ સાંભળ્યું એમ સીધું ન લેતા, એમ કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! અને એવા કેવળજ્ઞાની પરમાત્મા અનંત સિદ્ધ. એવી સત્તાનો સ્વીકાર જ્યારે નિશ્ચયથી કરવા જાય છે તો પર્યાયબુદ્ધિ રહેતી નથી એને. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. મૂળ ચીજમાં વાંધા. બહુ વાંધા. તિરસ્કાર બહુ કર્યો હતો એ સમયે. આમ કહ્યું.

ભાઈ! આ વાત આપણને બેસતી નથી. ભગવાને ભવ દીઠા હશે તમારા માટે તમને આ બેસે. અમારે તો ભવબવ છે નહિ. અને પછી ખીજાણા. ... આપણને કાંઈ ... જો ભાઈ! એ વાત તો મને અંદરથી આવે છે એ હું તો કહું છું. આ કાંઈ .. સાંભળી નથી કે તમે કીધી નથી. તમે કીધી નથી અને એનાથી તમને તો વિરૂદ્ધ બેસે. પણ અંદરથી મને આ વાત આવી છે એનું શું કરું? અંદરથી આવી છે કે કેવળજ્ઞાનીને જે સમયે માન્યું એનો સંસાર કપાઈ ગયો. આહા..હા..! એને સંસાર કેવો? એક-બે ભવ હોય એ તો જ્ઞાનનું જ્ઞેય થઈ ગયું. એવી કેવળીની શ્રદ્ધા કરવામાં એટલી તાકાત છે. એ વાત તો નીકળી ૮૦ ગાથામાં પ્રવચનસાર. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**।' જે અરિહંતની પર્યાય કેવળજ્ઞાની છે જે જાણે એને આત્માનું જ્ઞાન થયા વિના રહે નહિ. '**मोहो खलु जादि तस्स लयं**॥' નાશ થઈ જાય મિથ્યાત્વ. સમજાણું કાંઈ? એ કર્મ નાશ થાય તો અહીંયાં મિથ્યાત્વ નાશ થાય એમ નથી. સમજાણું કાંઈ? આ કર્મ શું કાંઈક કીધું હતું હમણા ઇ? કર્મ માર્ગ આપે તો થાય એમ કોઈએ કહ્યું. સમજાણું કાંઈ?

અહીંયાં તો ભગવાન કુંદકુંદાચાર્ય વસ્તુની સ્થિતિની મર્યાદા કે જ્યાં સુધી આત્મા રાગથી ભિન્ન ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનું સ્વરૂપ, એના અનુભવમાં, પ્રતીતમાં, જ્ઞેય થઈને જ્ઞાનમાં ન આવે ત્યાં સુધી તો અજ્ઞાની રાગ અને દ્વેષ અને વિષય-વાસનાનો કર્તા... કર્તા... કર્તા... છે. સમજાણું કાંઈ? આ વાત સાધારણ નથી હોં. મુદ્દાની વાત છે. એક તત્ત્વથી બીજા તત્ત્વમાં પરિભ્રમણ થાય. સમજાણું કાંઈ? બીજા તત્ત્વની હયાતીથી બીજા તત્ત્વની પરિભ્રમણની હયાતી આવે એવું વસ્તુનું સ્વરૂપ નથી. જુઓને શું કહ્યું? કહ્યુંને અહીંયાં? '**ચેતનરૂપ ભાવકર્મોનો-કર્તા માનો, અને ભેદવિજ્ઞાન થયા પછી શુદ્ધ વિજ્ઞાનઘન,...**' આહા..હા..! વિજ્ઞાનઘન ભગવાન આત્મા '**સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત,...**' સમસ્ત કર્તા. રાગાદિનો કર્તા તો નથી, એ તો નહિ, પણ હું શુદ્ધ પરિણામ કરું એવો વિકલ્પ પણ નથી. અને જે પરિણામ થાય છે એ પરિણામના ક્રમ ફેરવી દઉં એવી દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિની હોય નહિ. સમજાણું કાંઈ?

તો '**સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત,...**' જુઓ, આહા..હા..! '**સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત,...**' આહા..હા..! નિર્મળ પરિણામ પણ કરવા છે એ તો થાય છે એને કરવું શું? સમજાણું કાંઈ? આત્માની દૃષ્ટિ થઈ કે હું તો શુદ્ધ ચૈતન્યઘન. એવી પ્રતીત થઈ તો એને સમયે સમયે ભાવ થવાનો હોય તે થશે, થશે અને થશે. કહો, હું આ કરું તો થાય એમ છે નહિ. આહા..હા..! ઘણી વાતો ભાઈ! ભાઈએ બહુ લખ્યું છે સોગાનીજીએ એમાં. ભાઈ! સોગાનીએ બહુ લખ્યું છે. પરિણામનો ફેરફાર જ્ઞાની કરતા નથી. ફેરફાર કરવાનો ભાવ નથી. બહુ ઠેકાણે લીધું છે એણે. દૃષ્ટિ ... એય..! ચેતનજી! બહુ ઠેકાણે લીધું છે. પત્રોમાં પણ લીધું છે અને ઓલામાં પણ લીધું છે પત્રમાં. .. છેને એ પત્ર? એમાં પણ લીધું છે અને પત્રમાં પણ લીધું છે. એવા સંસ્કારી જીવ હતાને. એકદમ અંદર અનુભવ થયો. આહા..હા..! આપણે શું કહેવાય? સમિતિ.

મુમુક્ષુ :- સમિતિના ઓરડામાં.

ઉત્તર :- સમિતિના રૂમમાં. ભગવાનજીભાઈ! આહા..હા..! અરેરે..! એ વાત લોકોને બેસતી નથી. એને એમ કે રાગને ભઠ્ઠી કેમ કહ્યો? અરે..! પ્રભુ! આ તો લાવ્યા હતા ભાઈ હમણા. ... ભાઈ! એમાં લખ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, .. પંચ પરમેષ્ઠીની ભક્તિ પણ અગ્નિ છે. અગ્નિદાહ લખ્યું છે એમણે. વાત પણ કષાય છેને બાપુ! આહા..હા..! અને એમાં દાખલો આપ્યો છે જુઓ, અને તેનો દાખલો આપ્યો છે જુઓ પંચાસ્તિકાયમાં અંગારા કહ્યું છે. એના ફળમાં. એના ફળમાં આત્માની શાંતિ મળશે એમ નથી. આહા..હા..! શુભભાવથી પુણ્ય બંધાય. સમકિતીને પણ. આહા..હા..! અને પુણ્યબંધને કારણે ઉદય આવે તો સંયોગ મળે. ચાહે તો ત્રિલોકના નાથનો સંયોગ મળે. સંયોગ મળે અને સંયોગીભાવથી સંયોગ મળે. સ્વભાવભાવથી એકાગ્રતા થાય. આહા..હા..! તો સંયોગ મળશે તો લક્ષ જાશે તારું. રાગ જ થશે. સ્ત્રી, પુત્ર, કુટુંબ, લક્ષ્મીનો સંયોગ મળશે તો અશુભરાગ થશે. દેવ-ગુરુની વાણીનો સંયોગ મળે તો તને શુભરાગ થશે. આહા..હા..! ગજબ વાત કરે છેને! પાંગળો છે. કાંઈક ટેકો હોય તો. પણ ભગવાન પૂર્ણાનંદ તારી ચીજ, તને જાણવામાં, સ્વભાવથી જણાય છે કે પ્રત્યક્ષ આત્મા છે એવી તારી ચીજ છે. એમાં પાંગળા થવું એ આત્માને ઘાત કરનાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો માર્ગની વાત છે, ભગવાન! અને એ સંતો, દિગંબર સંતોની. ઓહો..હો..! કેવળજ્ઞાનીનો પ્રવાહ અનાદિનો ઓહો..હો..! પ્રવાહરૂપે છોડી દીધો જગત પાસે. આ માર્ગ છે, ભાઈ! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે જુઓ, '**આચાર્યદેવ ઉપદેશ કરે છે...**' એ કોણ આચાર્ય? કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય. '**સાંખ્યમતીઓની માફક જૈનો આત્માને સર્વથા અકર્તા ન માનો; જ્યાં સુધી સ્વપરનું ભેદવિજ્ઞાન ન હોય ત્યાં સુધી તો તેને રાગાદિનો-પોતાનાં ચેતનરૂપ ભાવકર્મોનો-કર્તા માનો, અને ભેદવિજ્ઞાન થયા પછી શુદ્ધ વિજ્ઞાનઘન, સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત, એક જ્ઞાતા જ માનો.**' એક જ્ઞાતા જ માનો પછી. આહા..હા..! અને અજ્ઞાન છે ત્યાં સુધી તો અનેક રાગનો કર્તા છે એમ જાણો. આહા..હા..! સમજાણું કાંઈ? એ આપણે આવ્યું હતુંને. એક પરમજ્ઞાતા જ દેખો. એ આવ્યું. એ મૂળ કળશમાં. કળશમાં આવ્યું હતું એક પરમજ્ઞાતા દેખો. એમાં પણ અનેકાંત છે. ભેદજ્ઞાન થયા પછી એક પરમજ્ઞાતા જ માનો. એ તો દૃષ્ટિની અપેક્ષાએ વાત કરી છે. પણ જ્ઞાનની અપેક્ષાએ તો રાગ અને આદિ કર્તૃત્વ છે, પરિણમન છે, ભોક્તા પણ છે એમ પણ માનો. સમજાણું કાંઈ? એ સાધકની વાત છે. એ ચીજ એવી છે.

એ કહે છે જુઓ, '**આમ એક જ આત્મામાં કર્તાપણું તથા અકર્તાપણું-એ બન્ને ભાવો વિવક્ષાવશ...**' કહેવામાં કહેવા ધારેલી જે ચીજ છે. જે ચીજ કહે છે એ ચીજને વશ '**સિદ્ધ થાય**

**છે.**' અજ્ઞાનભાવથી વિકારનો કર્તા એ સિદ્ધ થાય છે અને રાગથી ભિન્ન પડેલો ભેદજ્ઞાની રાગનો અકર્તા એ બે વાત સિદ્ધ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'આવો સ્યાદ્વાદ મત...'** છે? **'જૈનોનો છે;...'** જૈન પરમેશ્વરનો એવો મત છે. આહા..હા..! જિનેન્દ્રદેવ પરમેશ્વર એનો સ્યાદ્વાદ એવો છે. કથંચિત્ અજ્ઞાનભાવે વિકાર જીવ કરે છે અને કથંચિત્ ભેદજ્ઞાનમાં આત્મા અકર્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ? કાંતિભાઈ!

મુમુક્ષુ :- કથંચિત્ જીવ કર્તા છે, કથંચિત્ કર્મ કરે છે.

ઉત્તર :- નહિ જરીએ નહિ. એ વાત જ નથી. એ તો જ્યારે સ્વભાવનું ભાન થયું, સ્વભાવનું ભાન થયું. એ ૭૭ ગાથામાં આવે છે કે નહિ? આત્મા આનંદસ્વરૂપ ધ્રુવ ચિદાનંદ પ્રભુ એવું ભાન થયું તો ભાનમાં તો સ્વભાવની જ પરિણતિ થાય છે. એમાં જે વિભાવની પરિણતિ છે એને પરમાં નાખી દીધી. સમજાણું કાંઈ? કર્મ વ્યાપક થઈને વિકાર વ્યાપ્ય થાય છે એમ કહ્યું ૭૫માં. અમરચંદભાઈ! હા. કર્મ વ્યાપક થઈને પ્રસરીને કેમકે આત્મામાં તો એ છે નહિ. અને આત્મદૃષ્ટિ થઈ હું જ્ઞાતા-દૃષ્ટા શુદ્ધ ચૈતન્ય પ્રભુ તો એની પરિણતિ તો દ્રવ્ય એને આશ્રયે શુદ્ધ જ થાય છે. તો હવે અશુદ્ધતા છેને હજી. તો પરના નિમિત્તના સંબંધે થઈ તો નિમિત્ત વ્યાપક અને નૈમિત્તિક જે પર્યાય થઈ એ વ્યાપ્ય. પરમાં નાખી દીધું. સમજાણું કાંઈ? આહા..હા..! એ કર્મ વ્યાપક અને વિકાર વ્યાપ્ય એમ લીધું છે. અરે..! ત્યાં તો એમ પણ લીધું છે કે પૂર્વનું કર્મ વ્યાપક અને નવું કર્મ બંધાણું એ વ્યાપ્ય. ૧૦૮, ૯, ૧૦માં લીધું. આહા..હા..! એની કથનની શૈલી. આવે છે કે નહિ ચેતનજી!

મુમુક્ષુ :- ... કરે.

ઉત્તર :- .. કરે એ આત્મા નહિ. આહા..હા..! ... અચેતન છે. એય..! એ છેને સનાવદવાળા એક. પ્રેમચંદજી! પ્રેમચંદને? ... સનાવદના આવ્યા હતા ત્યાં ખંડવા-ખંડવા. જુવાન માણસ છે. એ કહે શાસ્ત્રમાં જે લખ્યું છે કે કર્મથી જે થાય છે એ જડકર્મ લેવા. ભાવકર્મ નહિ. એ પ્રશ્ન કર્યો હતો. ૭૫, ૭૪ ગાથામાં આવે છેને? અભ્યંતર જે અંતરભાવ છે પુણ્ય અને પાપના જે અંતરભાવ છે એ પુદ્‌ગલ છે. તો એ વિકાર પણ પુદ્‌ગલ જડ, અજીવ છે. અહીં વિકારને લેવો. એમ કહે છે. ૭૫માં આવે છેને. બાહ્યભાવ અને અંતરંગભાવ બેય પુદ્‌ગલ છે. તો બાહ્યભાવ તો શરીર, વાણી, મન, જડ એ તો બાહ્યભાવ. હવે અંતરભાવ કર્મના નિમિત્તે જે થયું એને પણ પુદ્‌ગલ કહી દીધું છે. તો એ પુદ્‌ગલ તો કહે કર્મ જડ છે એની વાત અહીંયાં છે. વિકાર પરિણામ પુદ્‌ગલ છે એવી વાત નથી ત્યાં. મોટી ચર્ચા થઈ હતી. એ ખંડવામાં ... ખંડવા-ખંડવાને? ત્યાં આવ્યા હતા. અરે..! ભાઈ! અતિરેક કહ્યું હોં. શાસ્ત્રનો અર્થ કરવામાં અતિરેક થઈ ગયો. એમ ન હોય. શું થાય? આહા..હા..! એમ કે જે કર્મથી અંદર અંતરંગ પરિણામ થયા. એને પુદ્‌ગલ કહ્યા છે. એ પુદ્‌ગલ જડને કહ્યા છે. પુણ્ય-પાપના ભાવને નહિ. એય..! આહા..હા..! બાપુ! ત્યાંતો સ્વભાવની દૃષ્ટિની વાત છે. સ્વભાવ ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ અને અખંડ અને એક ચીજ આખી. આહા..હા..! એ ચીજની દૃષ્ટિ થઈ

પછી વિકારનું પરિણમન સ્વભાવમાંથી ક્યાંથી આવે છે? સમજાણું કાંઈ? એ અપેક્ષાએ ત્યાં એમ કહ્યું. ધર્મીને જે વિકાર થાય છે એ વિકાર વ્યાપ્ય અવસ્થા છે અને કર્મ એનું દ્રવ્ય વ્યાપક છે. આહા..હા..! ભારે ભાઈ! સ્યાદ્વાદ દેવીલાલજી! સમજાણું કાંઈ? એવું છે ૭૫, ૭૪ ગાથામાં. બધે એમ જ છે. બધે છેને. એ ચારમાં લીધુંને. એક ગુણસ્થાન કર્તા એ જડ પુદ્ગલ છે. આહા..હા..! ઘણું સ્પષ્ટ કર્યું છે. એય..! ઘાસીલાલજી!

એક બાજુ અહીંયાં કહે કે કર્તા.. કર્મ કર્તા નથી. એ કઈ અપેક્ષાએ એ પોતાના પર્યાયનો કર્તા અજ્ઞાની છે, કર્મ નથી. પણ વળી ત્યાં કહ્યું કે કર્મ જ કર્તા છે વિકારનો, સંસારનો. આત્મા નહિ. એ બીજી અપેક્ષા છે. આહા..હા..! ત્રિકાળ જ્ઞાયકભાવ જ્યાં રાગથી ભિન્ન પ્રભુ દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ થઈ તો એ દ્રવ્યસ્વભાવવંત વિકારપણે કેમ પરિણમે? તો એ અપેક્ષાએ લઈને વિકારનું વ્યાપ્ય, અવસ્થા અને કર્મ વ્યાપક કર્તા. લ્યો ઠીક એય..! ચેતનજી! ત્યાં ઓલાએ આ નાખ્યું. આહા..હા..! અહીં તો કહે ના. કર્મ કર્તા અને આત્માનું વિકાર કાર્ય એમ છે જ નહિ. આહા..હા..! એ જુદી અપેક્ષા થઈ. આહા..હા..! એ જ અહીંયાં કહ્યુંને કે જ્ઞાતા. **'આત્મામાં કર્તાપણું તથા અકર્તાપણું- એ બન્ને ભાવો વિવક્ષાવશ...'** એ વિવક્ષા એટલે જે અપેક્ષાએ કહેવામાં આવ્યું છે.એ અપેક્ષાએ બેય સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? ભારે વાતું આમાં. સમજણ ન મળે, સાંભળે નહિ, વિચારે નહિ. હવે જે ગોટા મારે, માર્યા કરે ગોટા. ઓલા કહેતા હતા ભાઈ! રાજેન્દ્રકુમાર છેને. રાજેન્દ્ર છેને? મથુરાવાળા. કે મેં ત્રણ વાર સમયસાર વાંચ્યું. એટલે મને તો નક્કી જ થઈ ગયું કે વિકાર કર્મથી થાય છે. આવેને? એક તો જાણે ગોમ્મટસારમાં એમ આવે કે કર્મથી જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય એક. આમાં સિદ્ધાંત નિશ્ચયની દૃષ્ટિમાં આવે કે જ્ઞાનની હીનતા આદિ કર્મથી છે, પોતાથી નહિ.

મુમુક્ષુ :- મેળ ખાઈ ગયો બેયનો.

ઉત્તર :- મેળ ખાઈ ગયો. ગોમ્મટસારમાં એમ આવ્યું, નિશ્ચયમાં આ આવ્યું. પરમેશ્વર ભગવાન સ્વભાવ સંપન્ન પ્રભુ એ વિકાર કેમ કરે? પણ વિકાર છેને. તો કર્મ કર્તા છે અને વિકાર કાર્ય. વ્યાપ્ય કહો કે કાર્ય કહો, વ્યાપક કહો કે કર્તા કહો. લ્યો ત્યાં એમ આવ્યું. સમજાણું કાંઈ? અહીં એમ કહ્યું કે અજ્ઞાન ભાવ જ્યાં સુધી ત્યાં સુધી પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ, રાગબુદ્ધિ છે. રાગ અને દ્વેષ અને વિકાર અને મિથ્યાત્વનો કર્તા જીવ છે. કૈલાસચંદજી! આહા..હા..! ..રામજી! આ બધું શીખવું પડશે તમારા જેવા ગામમાં બીજા શેઠીયા હોય હા.. હો. ને હા.. હો.. પણ આ બધું સમજવું પડશે. કહો, સમજાણું કાંઈ? ક્યાં ગયા ચુનીલાલજી! ત્યાં બેઠા ઠીક. આહા..હા..! નહિતર તો મુંઝવી નાખશે સામા માણસ.

જુઓ, આ આવ્યું ૭૪, ૭૫ ગાથામાં. કર્મ વ્યાપક થઈને વિકાર વ્યાપ્ય થાય છે. કર્મ કર્તા અને વિકાર એનું વ્યાપ્ય નામ પર્યાય નામ કાર્ય. એમ ત્યાં લીધું છે. એ તો પુદ્ગલ જ છે. કઈ

અપેક્ષાએ? ત્રિકાળ દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ વસ્તુ વસ્તુ ચૈતન્ય ગંજ પ્રભુ એ ચૈતન્યની અપેક્ષાએ જેટલો વિકલ્પ એ તો અચેતન છે. ત્રિકાળની અપેક્ષાએ. અચેતન છે. એમાં ચિદાભાસ કહ્યો છે. સમજાણું કાંઈ? એ અચેતનનો કર્તા અચેતન છે. આત્મા નહિ. વળી ત્યાં એમ કહ્યું. અહીં કહે કે અજ્ઞાનભાવ છે ત્યાં સુધી વિકારનો કર્તા જીવ જ છે. કર્મ નહિ. બિલકુલ નહિ. કહો ૬૨ ગાથામાં એમ કહ્યું. પંચાસ્તિકાય. એ ચર્ચા થઈ હતી તેરની સાલ. એક સમયની પર્યાય જે જીવની છે એમાં એ ષટ્કારકરૂપે વિકારરૂપ પરિણમન જીવની પર્યાય કરે છે. પર્યાય. કર્મની અપેક્ષા રાખ્યા વિના. આહા..હા..! સમજાણું કાંઈ? એ અસ્તિકાય સિદ્ધ કરવું છેને? અસ્તિત્વ. તો વિકારનું અસ્તિત્વ છે એ પોતાથી છે. પરથી નહિ. હોવાપણું પરથી થાય? આહા..હા..! આટલી બે-ચાર અપેક્ષાઓ આવે, માણસ સમજે નહિ. ગડબડ...

આચાર્યોએ તો ઘણું સ્પષ્ટ કર્યું છે. બધી અપેક્ષાઓથી લઈને ઘણું સ્પષ્ટ કરી દીધું. ભાઈ! આત્મા તો ચૈતન્યસ્વરૂપી ભગવાન એ દ્રવ્ય સ્વભાવ વિકારનો કર્તા ક્યાંથી થાય? એ વિકારને, જેને દ્રવ્યદૃષ્ટિ થઈ છે. ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિ થઈ છે એ વિકાર કેમ કરે? એટલે વિકાર કર્મના કારણે થાય છે એમ નિમિત્તની પ્રધાનતાથી નાખી દીધું. સમજાણું કાંઈ? અહીં તો કહ્યું કે નિમિત્તથી થયું જ નથી. ૬૨ ગાથામાં કહ્યું નિમિત્તથી થયું જ નથી તને વિકાર. એ અજ્ઞાનભાવની વાત. અને રાગથી ભિન્ન થઈને ચૈતન્ય સ્વરૂપ ભગવાન એનો ભેટો થયો, જ્ઞાનની પર્યાયમાં પ્રભુ સમીપમાં આવ્યો. દૂર હતો એ નજીક આવ્યો. આહા..હા..! એ કહે છે કે એ સમયે રાગનો કર્તા જીવ નથી બસ એટલું. કર્મ કર્તા અહીં સિદ્ધ નથી કરવું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જીવ કર્તા નહિ.

ઉત્તર :- જીવ કર્તા. તો જીવ કર્તા નહિ તો કર્મ કર્તા છે એમ અહીંયાં સિદ્ધ નથી કરવું. નબળાઈથી થાય છે એ જીવનું કાર્ય નથી. સમજાણું કાંઈ? નબળાઈ પણ પરમાં લીધું. આહા..હા..! એ અપેક્ષાએ સ્વામીપણું નથી. વળી બીજી અપેક્ષાએ-જ્ઞાનની અપેક્ષાએ રાગનું સ્વામીપણું પર્યાયનું જીવનું છે. એ ત્રણ બોલ આવતા હતાને પહેલા નહિ? દર્શન સમકિતની અપેક્ષાએ રાગ હેય છે એમ આવતું હતું. જ્ઞાનની અપેક્ષાએ જ્ઞેય છે અને ચારિત્રની અપેક્ષાએ ઝેર છે. પહેલા કહ્યું હતું. ઉદયપુરમાં લખ્યા હતા નહિ? બેઠકમાં. સમ્યગ્દર્શનની અપેક્ષાએ હેય નામ સ્વરૂપમાં છે જ નહિ. પર્યાયમાં છે તો હેય કહ્યું. હેય એટલે પરરૂપ થઈ ગયું. જ્ઞાનની અપેક્ષાએ જ્ઞેય છે અને ચારિત્રની અપેક્ષાએ રાગ તે ઝેર છે. ઘણા વર્ષ પહેલા ત્રણ કહ્યા છે. હવે આ સમજવું ક્યાં મારે નવરાશ ક્યાં? કહો, અમરચંદભાઈ! કેટલા પ્રકાર છે એમાં? ઓહો..હો..! વસ્તુની સ્થિતિ એવી છે જુઓ, વસ્તુ સ્વભાવ પણ એવો જ છે. છે અંદર? વસ્તુનો સ્વભાવ એવો જ છે. એટલે વિકારનો કર્તા અજ્ઞાનભાવે વસ્તુનો સ્વભાવ એનો એવો જ છે પર્યાયામાં. આહા..હા..! સમજાણું કાંઈ? અને ભાન જ્યાં થયું તો દૃષ્ટિનો વિષય તો પૂર્ણાનંદ પ્રભુ છે. આહા..હા..! ત્યાં એ વિકારનો કર્તા જીવ નથી.

જીવ નથી એટલે કર્મ કર્તા અહીં સિદ્ધ નથી કરવું. એનું પરિણમન જીવને કરવાલાયક છે એમ નથી. પણ પરિણમન થાય છે. આહા..હા..! કેટલી અપેક્ષા હવે આમાં? એય..! તમારે ક્યાં ગયા જયંતિભાઈ! એય..! જયંતિભાઈ! આ બધું સમજવું પડશે હોં. ત્યાં રૂપિયામાં એકલા ગોથા ખાતા હતા તો. માંડ મહિનો લઈને આવ્યા ત્યાં પાછા દસ દિ' ત્યાં રોકાય અને દસ દિ' અહીંયાં રોકાય. એમાં સાથે મનસુખ પણ ગયો છે. હવે કીધું આ મળવાનો આ વખત ચાલ્યો જાય છે. આહા..હા..! અરેરે..! પોતાનો સ્વભાવ, પોતાના સ્વરૂપના લાભ વિના ઉંઘ કેમ આવે? એવા પ્રમાદમાં. આહા..હા..!

કબીરમાં આવે છે 'સુખીયા સબ સંસાર, ખાય પીકે સુવે, દુખીયો દાસ કબીર એ કલાક બે કલાક ઉંઘમાં ગયો. દુઃખીયો દાસ કબીર જબ જાગે તબ રોવે.' એય..! મારો કાળ ગયો, મારું.. એ તો ઈશ્વરની વ્યાપક માન્યતાઓ. અહીંયાં તો એક-એક ચીજની પર્યાયનો કર્તા આત્મા છે. આહા..હા..! એવો અંતર નિર્ણય કરીને સાક્ષાત્કાર થયો ત્યારે તેને પછી નિંદ્રા આવે છે. નહિતર નિંદ્રામાં પણ એવું આવે કે અરે..! આવો આત્મા છે... આવો આત્મા છે... સમજાણું કાંઈ?

'**વસ્તુસ્વભાવ પણ એવો જ છે,...**' લ્યો, એ અજ્ઞાનભાવે વિકાર કરવો એ પણ વસ્તુનો સ્વભાવ છે એમ કહે છે. વસ્તુ નામ પર્યાય. આહા..હા..! બરાબર છે. આહા..હા..! સમજાય છે કે નહિ ભાઈ! આ તો કોલેજ છે. કોલેજમાં પ્રોફેસર એક કલાક આવે છેને? પ્રોફેસર એક કલાક. ... આ તો વીતરાગ પરમાત્મા કેવળજ્ઞાનીની કોલેજ છે આ. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે ભગવાન! તારો સંસાર, દુઃખ, વિકાર અશાંતિ, એનો કર્તા તો શાંતિ, સ્વભાવ જોયો નથી ત્યાં સુધી તો તે એ માન્યું છે. આ હું આનંદ છું એવું તો માન્યું નથી, પણ આ મારું એમ માન્યું છે. આહા..હા..! એમ કહે છે. કે પરદ્રવ્યને તે તારું માન્યું એનો તો તું કર્તા છે? અને જ્યારે રાગ મારો નથી. હું તો શુદ્ધ ચિદાનંદ ધ્રુવ છું. એવો ધ્રુવસ્વભાવ જ્યાં મારો છે એમ માન્યું તો એમાં રાગ નથી. તો એ સમયે રાગ પરદ્રવ્ય થઈ ગયો. તો પરદ્રવ્યનો કેમ કર્તા થાય એ? આહા..હા..! ભારે ઝીણું ભાઈ! શેઠ! આ બધા પડખાં જાણવા પડશે હોં. તમારે તો (વેપારમાં) કેટલા પડખા જાણવા. લ્યો આ તમારે ... માને... આ .. આવે છેને. .. અહીં તો તરત ગંધાય. લાવે આમ. આહા..હા..!

શું કહે છે જુઓ, '**કલ્પના નથી.**' આ કલ્પનાથી ઘડી નાખ્યું એમ નથી. કોણી મારીને કુલડા કર્યા એમ નથી કહેતા લોકો? કુલડા કરે છેને માટીના. તો કોણી મારીને સરખા કર્યા છે. કુલડા એમ ન થાય. બરાબર માટીના થાય. કુલડી સમજતા નથી? હોય છે. કહેવત છે તમારામાં પણ કહેવત હશે. કોણી મારીને કુલડા કરે એવો કોઈ શબ્દ છે કે નહિ એમાં? આ કોણી છેને આ? માટીના બનાવવાના હોયને તો માટી નાખીને સરખી કુલડી બને એમ બને? એમ ન બને. માટીનું કુલડું છે. કુલડી નાની. શું કહેવાય પાણીના કોડિયા. નાના છોકરા ... પાણીના ભરવા નહિ? માથે આવડા. માટલું મોટું. એ જ્યારે છે ત્યાં સુધી તો વિકારનો અંશ અને .. બધાનો કર્તા જીવ જ છે. એ વસ્તુની

પર્યાયની સ્થિતિ છે. અને જ્યારે પર્યાયદૃષ્ટિ છૂટી ગઈ અને સમ્યગ્દર્શન થયું, વસ્તુ ત્રિકાળ આનંદકંદ પ્રભુ છે એવી પ્રતીત અનુભવમાં આવી એ સમયે રાગનો જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો. પરિણમન હોવ઼ા છતાં જ્ઞાતા-દૃષ્ટા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'આવું (સ્યાદ્વાદ અનુસાર) માનવાથી પુરુષને...'** પુરુષ એટલે આત્મા. **'સંસાર-મોક્ષ આદિની સિદ્ધિ થાય છે;...'** નહિતર તો સિદ્ધિ ક્યાંથી થાય? કર્મ કરાવે તો વિકાર સંસાર આત્માનો છે, એ તો રાગ છે. આહા..હા..! ચૌદમે ગુણસ્થાન સુધી અસિદ્ધ કહ્યું, સંસારસ્થ કહ્યો. ચૌદમે ગુણસ્થાન સુધી. સમ્યગ્દર્શન ભાન થયું તો તે સંસારફળ જીવ નથી. એનો જ્ઞાતા છે. ત્યાં કેવળીને પણ સંસારથી જ્ઞાની કહેવામાં આવે છે. આહા..હા..! કેટલી અપેક્ષા!

મુમુક્ષુ :- .. સાધક જીવ છેને?

ઉત્તર :- સાધક છે. આત્મા જ લેવો.

**'સંસાર-મોક્ષ આદિની સિદ્ધિ થાય છે;...'** પુરુષને એટલે જીવને. એ અપેક્ષાએ **'સંસાર-મોક્ષ આદિની સિદ્ધિ થાય છે; સર્વથા એકાંત માનવાથી સર્વ નિશ્ચય-વ્યવહારનો લોપ થાય છે.'** આહા..હા..! સાબિત શી રીતે થશે? વિકાર પરથી થાય તો વિકાર સંસારની સાબિતી તો થઈ નથી. સંસારદશા તો એની પર્યાયમાં છે અને એ પર્યાય તો વસ્તુનો અંશ છે અને એ પર્યાય વિકાર જીવે ધારી રાખ્યો છે. કોઈ જડે ધારી રાખ્યો છે (એમ નથી). સમજાણું કાંઈ? અને જ્યારે ભેદજ્ઞાન થયું તો જાણનારો રહ્યો. રાગ ચાહે તો રૌદ્ર ધ્યાન હોય, લડાઈનો ભાવ હોય એ રૌદ્ર ધ્યાનને જાણનારો છે. આહા..હા..! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એ. ...

આગાળની ગાથાઓમાં કર્તા અન્ય અને ભોક્તા અન્ય છે. બૌદ્ધમત. જે પર્યાય કરે છે એ પર્યાય ભોક્તા નથી. રાગ-દ્વેષ આ સમયે પર્યાયમાં થયા તો એનું ફળ જે દુઃખ આદિ એ પર્યાય છે તો નિશ્ચયથી રાગ અને સુખ-દુઃખ કર્યા. એ વાત અહીંયાં સિદ્ધ નથી કરવી. શું કહે છે? નિશ્ચયથી તો જે સમયે રાગ-દ્વેષ થયા એ જ સમયે એનું વેદન છે. કર્તા અને ભોક્તાનો એમાં ભેદ છે નહિ, પણ અહીંયાં સંયોગની વાત કરવી છે કે આ સમયે રાગ-દ્વેષ થયો તેનો બંધ થયો તો એનું ફળ જ્યારે સંયોગ અનુકૂળ-પ્રતિકૂળ મળે ત્યારે આ સમયે.. જે સમયે વિકાર કર્યો એ પર્યાય તેનો ભોક્તા નથી. બીજી પર્યાય એને ભોગવે. સમજાણું કાંઈ? હવે આ બીજી વાત આવી.

મુમુક્ષુ :- બીજો નમૂનો.

ઉત્તર :- બીજો નમૂનો. કર્તા અન્ય છે અને ભોક્તા અન્ય છે. એમ માનનારા ક્ષણિકવાદી બૌદ્ધમતિઓની સર્વથા એકાંત માન્યતામાં દૂષણ બતાવે છે. આહા..હા..! તું જો પર્યાયમાં વિકાર કરે છે એ પર્યાય ભોગવતી નથી માટે અનેરો આત્મા ત્યાં થઈ ગયો એમ નથી. આત્મા તો જે અહીંયાં વિકાર કર્યો એનું ફળ સંયોગ ભોગવે એ, દુઃખ ભોગવે એ જ આત્મા છે. પર્યાય તરીકે અન્ય છે, પમ આત્મા તરીકે અન્ય નથી. આત્મા તો એ જ છે. આહા..હા..! અહીં કુટુંબ, કબીલા. મેં પાપ

કર્યા માટે આંખ મીંચાઈ ગઈ જાઓ નરક ને પશુ, ઢોર. આહા..હા..! તે કાળે આ પર્યાયે પાપ કર્યું હતું તો એ પર્યાય તો ત્યાં છે નહિ. પર્યાય તો બીજી અવસ્થા છે. પણ આત્મા તરીકે જેણે કર્યું એ એણે જ કર્યું છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ કુટુંબ, કબીલા, સ્ત્રી, પુત્ર, વેપાર, ધંધા માટે જે પાપ કરે છે. લ્યો, એય..! નટુ! વેપારમાં ઇ છે મોઢા આગળ તો. હવે ઇ બધા પાપ કર્યા આ પર્યાયે અને એનો બંધ થાય અને એનો સંયોગ જ્યારે મળે ત્યારે આ પર્યાય નીકળી ગઈ. બીજી અવસ્થા. આહા..હા..! તિર્યંચ અવસ્થા, પશુની અવસ્થા. એ અવસ્થા તરીકે અન્ય-અન્ય છે. પણ આત્મા તરીકે અન્ય નથી. જે આત્માએ કર્યું એ જ આત્મા ભોગવનારો છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કળશ-૨૦૬

क्षणिकमिदमिहैकः कल्पयित्वात्मतत्त्वं
निजमनसि विधत्ते कर्तृभोक्त्रोर्विभेदम्।
अपहरति विमोहं तस्य नित्यामृतौघैः
स्वयमयमभिषिञ्चंश्चिच्चमत्कार एव॥206॥

**શ્લોકાર્થ :- [इह] આ જગતમાં [एकः] કોઈ એક તો (અર્થાત્ ક્ષણિકવાદી બૌદ્ધમતી તો) [इदम् आत्मतत्त्वं क्षणिकम् कल्पयित्वाव] આ આત્મતત્ત્વને ક્ષણિક કલ્પીને [कर्तृ-भोक्त्रोः विभेदं विधत्ते] કર્તા અને ભોક્તાનો ભેદ કરે છે (-અન્ય કર્તા છે અને અન્ય ભોકતા છે એવું માને છે); [तस्य विमोहं] તેના મોહને (અજ્ઞાનને) [अयम् चित्-चमत्कारः एव स्वयम्] આ ચૈતન્યચમત્કાર જ પોતે [नित्य-अमृत-ओघैः] નિત્યતારૂપ અમૃતના ઓઘ (-સમૂહો) વડે [अभिषिञ्चन्] અભિસિંચન કરતો થકો, [अपहरति] દૂર કરે છે.**

**ભાવાર્થ :- ક્ષણિકવાદી કર્તા-ભોક્તામાં ભેદ માને છે, અર્થાત્ પહેલી ક્ષણે જે આત્મા હતો તે બીજી ક્ષણે નથી-એમ માને છે. આચાર્યદેવ કહે છે કે-અમે તેને શું સમજાવીએ? આ ચૈતન્ય જ તેનું**

**અજ્ઞાન દૂર કરશે-કે જે (ચૈતન્ય) અનુભવગોચર નિત્ય છે. પહેલી ક્ષણે જે આત્મા હતો તે જ બીજી ક્ષણે કહે છે કે 'હું પહેલાં હતો તે જ છું;' આવું સ્મરણપૂર્વક પ્રત્યભિજ્ઞાન આત્માની નિત્યતા બતાવે છે. અહીં બૌદ્ધમતી કહે છે કે-'જે પહેલી ક્ષણે હતો તે જ હું બીજી ક્ષણે છું' એવું માનવું તે તો અનાદિ અવિદ્યાથી ભ્રમ છે; એ ભ્રમ મટે ત્યારે તત્ત્વ સિદ્ધ થાય, સમસ્ત ક્લેશ મટે. તેનો ઉત્તર આપવામાં આવે છે કે-'હે બૌદ્ધ! તું આ જે દલીલ કરે છે તે આખી દલીલ કરનાર એક જ આત્મા છે કે અનેક આત્માઓ છે? વળી તારી આખી દલીલ એક જ આત્મા સાંભળે છે એમ માનીને તું દલીલ કરે છે કે આખી દલીલ પૂરી થતાં સુધીમાં અનેક આત્માઓ પલટાઈ જાય છે એમ માનીને દલીલ કરે છે? જો અનેક આત્માઓ પલટાઈ જતા હોય તો તારી આખી દલીલ તો કોઈ આત્મા સાંભળતો નથી; તો પછી દલીલ કરવાનું પ્રયોજન શું?* આમ અનેક રીતે વિચારી જોતાં તને જણાશે કે આત્માને ક્ષણિક માનીને પ્રત્યભિજ્ઞાનને ભ્રમ કહી દેવો તે યથાર્થ નથી. માટે એમ સમજવું કે-આત્માને એકાંતે નિત્ય કે એકાંતે અનિત્ય માનવો તે બન્ને ભ્રમ છે, વસ્તુસ્વરૂપ નથી; અમે (જૈનો) કથંચિત્ નિત્યાનિત્યાત્મક વસ્તુસ્વરૂપ કહીએ છીએ તે જ સત્યાર્થ છે'. 206.**

---

## શ્રાવણ સુદ-૧૪, રવિવાર, તા.૧૨-૦૮-૧૯૭૩
## કળશ-૨૦૬, પ્રવચન-૪૬૭

## પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

આ સમયસાર સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૨૦૫ કળશ થઈ ગયો. ૨૦૫ કળશ. એ ગાથામાં એમ કહ્યું કે આ આત્મા અજ્ઞાનભાવે પોતાની પર્યાયમાં વિકારનો કર્તા છે. એવી પહેલા એને કબુલાત હોવી જોઈએ. વિકાર જે થાય છે એ કર્મથી થાય છે એમ નથી. એમ કહીને અજ્ઞાનથી વિકારનો કર્તા થાય છે તો એ છોડ. એ દૃષ્ટિ છોડ. એમ બતાવવું છે. સમજાણું કાંઈ? અજ્ઞાનથી કર્તા છે, ભોક્તા છે, ત્યાં એને ઉભો રાખવો નથી. વસ્તુ જે છે એ તો ચૈતન્યઘન જ્ઞાનપ્રભુ એ

---

*** જો એમ કહેવામાં આવે કે 'આત્મા તો નાશ પામે છે પણ તે સંસ્કાર મૂકતો જાય છે' તો તે પણ યથાર્થ નથી; આત્મા નાશ પામે તો આધાર વિના સંસ્કાર કેમ રહી શકે? વળી કદાપિ એક આત્મા સંસ્કાર મૂકતો જાય, તોપણ તે આત્માના સંસ્કાર બીજા આત્મામાં પેસી જાય એવો નિયમ ન્યાયસંગત નથી.**

રાગના અને કર્તા-ભોક્તા નથી પણ બંધમોક્ષનો કર્તા (નથી) એ તો દ્રવ્ય સ્વભાવ. ત્યાં લઈ જવા આ વાત કરી છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો ચૈતન્યઘન વિજ્ઞાનનો પુંજ, વીતરાગ વિજ્ઞાન મૂર્તિ એ આત્મા. એ આત્માની દૃષ્ટિ કરાવવા પહેલી આ દૃષ્ટિમાં ભૂલ છે એ ભૂલ બતાવે છે. સમજાણું કાંઈ? જે કોઈ એમ માને કે વિકાર તો કર્મ કરાવે. આત્મા કરે નહિ તો આખા નિશ્ચય-વ્યવહારનો લોપ થઈ જશે. સમજાણું કાંઈ? એમ બનતું નથી.

છેને છેલ્લે? સ્યાદ્વાદ મત જૈનોનો છે અને '**વસ્તુસ્વભાવ જ એવો જ છે,...**' એ તો કાલે આવી ગયું. '**કલ્પના નથી.**' ''**આવું (સ્યાદ્વાદ અનુસાર) માનવાથી પુરુષને સંસાર-મોક્ષ આદિની સિદ્ધિ થાય છે;...**' પર્યાયમાં અજ્ઞાનભાવથી વિકાર કર્તા ન માને તો સંસાર એની પર્યાયમાં છે એ સિદ્ધ નહિ થાય. સંસાર છે નહિ તો સંસારનો અભાવ, મોક્ષ પણ પછી રહ્યો નહિ. સમજાણું કાંઈ? એવી પહેલી દૃષ્ટિ પર્યાયબુદ્ધિ ઉપર જે છે અને એ વિકારનો કર્તા અજ્ઞાનભાવે માને છે એને બતાવીને, છોડાવવા માટે કહ્યું છે. સમજાણું કાંઈ? એ અજ્ઞાનભાવથી વિકારનો કર્તા એ તો પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ છે. તારી ચીજ એટલી નથી. સમજાણું કાંઈ? તારી ચીજ તો જ્ઞાનાનંદ કંદ પ્રભુ જે બંધમોક્ષના સંયોગથી તો રહિત છે, પણ બંધમોક્ષની એક સમયની પર્યાયથી પણ એ ચીજ તો રહિત છે. સમજાણું કાંઈ? એવા આત્માનો અનુભવ કરાવવા, સાક્ષાત્ કરાવવા, છે એને પ્રાપ્ત કરાવવા માટે આ વાત કરી છે. સમજાણું કાંઈ?

હવે બીજી વાત કરે છે. એ પણ વાત તો એ કહેવી છે એમાં. એ આવશે પાઠમાં. ૨૦૬.

**क्षणिकमिदमिहैकः कल्पयित्वात्मतत्त्वं**
**निजमनसि विधत्ते कर्तृभोक्त्रोर्विभेदम्।**
**अपहरति विमोहं तस्य नित्यामृतौघैः**
**स्वयमयमभिषिञ्चंश्चिच्चमत्कार एव॥206॥**

જુઓ, ભગવાન અમૃતચંદ્રાચાર્યે એનો સાર સાથે નાખ્યો કે '**આ જગતમાં કોઈ એક તો (અર્થાત્ ક્ષણિકવાદી બૌદ્ધમતી તો)...**' બૌદ્ધમતિ શું પર્યાયને માનનારા છે એ બધા બૌદ્ધમતી છે. એક સમયની પર્યાય છે ત્યાં દૃષ્ટિ છે અને ત્રિકાળ ભગવાન પરમાનંદમૂર્તિ એની દૃષ્ટિ છે નહિ એ બધા ક્ષણિકવાદી બૌદ્ધમતી છે. સમજાણું કાંઈ? આ તો બૌદ્ધમત ચાલે છે એની વાત લે છે. પણ એનો અર્થ એ છે. આહા..હા..! જેની બુદ્ધિમાં ભગવાન આત્મા પૂર્ણાનંદનું દળ એકલો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવથી પૂર્ણ છે. જેમાં સંસારની વિકલ્પના, એનો કર્તા-ભોક્તા પણ એમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવી ચીજ સમજાવા માટે આ વાત લીધી છે.

'**આ જગતમાં કોઈ એક તો (અર્થાત્ ક્ષણિકવાદી બૌદ્ધમતી તો) આ આત્મતત્ત્વને ક્ષણિક કલ્પીને...**' એક સમયની પર્યાય છે એટલો આત્મા. સમજાણું કાંઈ? '**પોતાના મનમાં કર્તા અને ભોક્તાનો ભેદ કરે છે...**' કે જે પર્યાય કરે છે એ પર્યાય ભોગવતી નથી એવી પર્યાય ઉપર દૃષ્ટિ

એ વાત કરે છે. સમજાણું કાંઈ? જે સમયમાં જે પર્યાયે વિકાર કર્યો, તો એ વિકારનો બંધ જે થયો પુણ્ય-પાપનો અને એ પુણ્ય-પાપના ફળમાં સંયોગ ચીજ આવી, એમાં જે લક્ષ કરવું છે, રાગ-દ્વેષને ભોગવવા છે એ પર્યાય બીજી છે. પર્યાય બીજી છે, પણ આત્મા તો એનો એ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહ્યુંને? '**કર્તા અને ભોક્તાનો ભેદ કરે છે (-અન્ય કર્તા છે અને અન્ય ભોક્તા છે એવું માને છે);...**' જે આત્માની વર્તમાન પર્યાય કરે છે એ પર્યાય બીજા ભવમાં. તો એ પર્યાય રહી નહિ. તો આત્મા એવો (રહ્યો) નથી એમ માને છે. આત્મા જ એક સમયની પર્યાય જેટલો છે. આહા..! ક્ષણે-ક્ષણે આત્મા જ બીજો થઈ જાય છે. એમ માને છે. સમજાણું કાંઈ? કર્તા વિકારીભાવની પર્યાય વર્તમાન અને ભોગવનારી પર્યાય એટલે જ્યારે એ પુણ્ય-પાપનું બંધન થયું, પુણ્ય-પાપનો કર્તા થવાથી. તો એનું ફળ સંયોગ આવ્યો, પુણ્ય-પાપ બંધ પડ્યો એને કારણે સંયોગ થયો. અને સંયોગ ઉપર લક્ષ જતાં રાગ-દ્વેષનો ભોક્તા છે એ દ્રવ્ય છે એમ તો માનતો નથી. એ અનેરી પર્યાય કરે છે અને અનેરી પર્યાય ભોગવે છે સમજાણું કાંઈ? એમ અજ્ઞાની માને છે. આહા..હા..! .. બધું બદલાઈ જાયને? એક રાજાને કહ્યું હતું. અરે..! દરબાર! આવું પાપ કરે છો તું કુંજડા-કુંજડા હોય છેને? કુંજડા નથી હોતા? પંખી. અમારે ત્યાં આવે ઉપરથી. સેંકડો મોટા પંખી. તો એ દરબાર એવો હતો કે એ કુંજડાને મારે. મારી નાખે અને એક બ્રાહ્મણ હતો. રાજા મારતો હતો ત્યાં બ્રાહ્મણની એક ઝુંપડી હતી. તો બ્રાહ્મણે એમ કહ્યું કે, સાહેબ! અમે બ્રાહ્મણ અને આ તમે આમ કરો. પોલીસને હુકમ કરી દીધો કે જે કુંજડા મરે છે, બ્રાહ્મણને .. બ્રાહ્મણને કહે કરો. આહા..હા..! પછી બીજાએ એને કહ્યું, અરે..! મહારાજ! દરબાર! આ શું? ભાઈ! એમાં શું આ હાથે કરીએ અને આ હાથે ભોગવીએ અમે. એવો જવાબ આપ્યો. ..ભાઈ! ઇ તમારા દરબાર. રણજીતસિંહ જામનગર દરબાર. આહા..હા..! ખબર નથી. આ હાથે કરીએ છીએ તો આ હાથે ભોગવશું એમાં તમારે શું? એય..! ભગવાનજીભાઈ! આહા..હા..!

અહીંયાં તો કહે છે કે જે પર્યાયે જે અવસ્થામાં વિકાર કર્યો તો એ વિકાર નિશ્ચયમાં કર્તા પણ એ સમયે છે અને ભોક્તા પણ એ જ સમયે છે. પણ અહીંયાં બીજું લેવું છે. સમજાણું કાંઈ? શું કહ્યું? જ્યારે વિકાર કરે છે શુભ-અશુભ. તો એ જ સમયે એનું વેદન છે. કર્તા સમયે જ એનું વેદન છે. સમજાણું કાંઈ? જે સમયે રાગ કરે છે, દ્વેષ કરે છે, મિથ્યાત્વ કરે છે, એ જ સમયે દુઃખનું વેદન છે, એ જ સમયે છે. પણ અહીંયાં બીજું સિદ્ધ કરવું છે. કે એ પુણ્ય-પાપનો ભાવ વર્તમાન કરે અને એનું બંધન થાય અને એનો સંયોગ મળે તો એ સંયોગ તરફનું લક્ષ કરનારી પર્યાય અનેરી છે. એ આત્મા જ અનેરો છે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર્યાયને આત્મા માને છે.

ઉત્તર :- પર્યાયને આત્મા માને છે. આ વર્તમાન ઉપર જેની દૃષ્ટિ છે. આ ભવ દીઠો, પરભવ

કોને દીઠા? એ બધા પર્યાયબુદ્ધિવાળા છે. સમજાણું કાંઈ? વર્તમાનમાં આપણે જોયું એ બસ છે. એ વર્તમાન પર્યાયને જ એકલી માને છે અને વર્તમાનમાં ભગવાન આત્મા ત્રિકાળ આનંદકંદ જ્ઞાયકમૂર્તિ જેની વસ્તુમાં તો પર્યાય પણ નથી. આહા..હા..! એવી ચીજની ખબર નથી અને એ વર્તમાન પર્યાયને જ બધું માને છે. તો એ કહે છે કે જે પર્યાયે કર્યું એ પર્યાયને ભોગવતી નથી. એ સમયે જેમ મનુષ્યપણામાં પાપ કર્યું અને નરકમાં ભોગવ્યું. પર્યાય તો બીજી થઈને? પર્યાય એટલે અવસ્થા. પર્યાય એટલે શરીર નહિ અહીં. સમજાણું કાંઈ? જ્યાં પાપ કર્યું અને મરીને ઢોરમાં જાય પશુમાં. ત્યાં ભોગવે. આહા..હા..! અહીં કરોડોપતિ હોય, અબજો પતિ હોય અને માંસ અને દારૂનો ખોરાક ન હોય. સમજાણું? પણ માયા ને કપટ ને કુટિલતા ને મમતાનો પાર ન હોય એવા તૃષ્ણાવંત જીવ મરીને ઢોરમાં જાય. ઢોર સમજ્યા? પશુ. તિર્યંચ-તિર્યંચ. આહા..હા..! કેમ ભગવાન એને તિર્યંચ કહે છે? કે વર્તમાનમાં એના વિકારના ભાવમાં આડોડાઈ, અવળાઈ, વક્રતાઈ બહુ કરી. તો એના ફળમાં શરીર પણ તિર્યંચનું આડુ મળી ગયું.

મુમુક્ષુ :- ટેઢા.

ઉત્તર :- આડું. આ મનુષ્ય ઉભો છે. આ ગાય, ભેંસ, બળદ આડું છેને શરીર? તો અંતરની દશા પણ બહુ વક્ર અને આડી હતી. આડી શું કહે છે? ટેઢી. તો આડાના ફળમાં એનું શરીર પણ આડું થઈ ગયું. આ વાણિયા-બાણિયા મોટા હોય છેને અને ધર્મની ખબર ન મળે અને આ પૈસામાં આખા ઘુંચમાં આખા ત્યાં ને ત્યાં પડ્યા રહે. તો એ મરીને ઢોરમાં જવાના, પશુમાં.

મુમુક્ષુ :- શેઠ્યાઓ જાય?

ઉત્તર :- શેઢ્યો ક્યાં હતો? ધૂળમાં? આહા..હા..! એ શેઠ્યા મરીને જાય ત્યાં. એય..! નટુભાઈ! ખબર છે કે નહિ? એના બાપની એને ખબર નથી? મરતા હતા તો ગાંડા થઈ ગયા, પાગલ થઈ ગયા. બબ્બે લાખની પેદાશું વર્ષની. તે દિ' હોં. ૬૦ વર્ષ થયાને? કેટલા થયા? ૬૦ થયા? ૨૧ની સાલ નહિ? ૨૧માં ગુજરી ગયા. ૨૧. ત્યાં આવ્યા હતા દર્શન કરવા નહિ? જંબુ? આમોદ-આમોદ. આમોદને રસ્તે મોટર નીકળી ત્યાં આવ્યા હતા. ... ઉભા માંડ-માંડ. આહા..હા..! ઘણી મમતા. એ તો છોકરાઓને પણ ખબર છેને. આ તો હજી નાનો છે, પણ આ મનસુખે તો ઘણું બધું જોયું હોયને. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! અરેરે..! અને એ મેં કહ્યું હતું હોં મનસુખભાઈ! એ લગભગ ૬૫-૬૬ની સાલમાં. ૬૫-૬૬ સંવત્ તો હું દુકાનમાં હતો. બે દુકાન હતીને. રસોડું એક હતું બે દુકાનનું. ૨૫-૩૦ માણસ સાથે. તો આ દુકાને હું જમવા ગયો તો એ બેઠા હતા. મારાથી એમ બોલાઈ ગયું. ૬૫-૬૬. કુંવરજીભાઈ! આ તમે જે આ ધંધાને એ કરો છો. જુઓ આપણે વાણિયા છીએ. વાણિયા સમજો છોને? વેપાર કરનારા વાણિયા એમ. વાણિયા એટલે. અને આપણે કાંઈ માંસ-દારૂ ખાતા નથી. પણ માંસ-દારૂ તો ખાતા નથી એટલે નરકમાં તમે નહિ જાવ કીધું. મનસુખ! એ તારા જન્મ પહેલાની વાત છે હોં. ૬૫-૬૬ની વાત છે. એનો ૭૪માં

જન્મ છે. મારાથી એમ બોલાઈ ગયું. પણ સામું ન બોલે. સાંભળે. કીધું આ તમે આખો દિ'? આ શું છે આ તમારે? નરકમાં નહિ જાવ, તેમ તમારા દેવમાં જવાના લક્ષણ મને દેખાતા નથી કીધું. એય..! મનસુખ! દેવમાં જવાના લક્ષણ તો નથી. હવે મનુષ્ય ક્ષેત્ર એક રહ્યું. એ મનુષ્યની યોગ્યતા તમારી દેખાતી નથી મને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહ્યું હતું. બરાબર કહ્યું. અને એ સમયે તો એની પેદાશ બહુ નહોતી. એ વખતે દસ-પંદર હજારની આમદાની. દસ હજાર એ સમયે. ગુજરી ગયા ત્યારે બે લાખની. આ તો અહીંયાં એને થોડા .. ત્રણ વર્ષના સોળ હજાર એકવાર થયા હતા. અમે ત્યાં હતા ત્યારે. ત્રણ વર્ષનો સરવાળો કર્યો દુકાનનો સોળ હજાર થયા. આ તો ૬૫-૬૬-૬૭ની વાત. ૬૩માં દુકાન હતી. એક ગતિ તમારા માટે તિર્યંચની રહી કીધું. અહીં દુકાન ચાલે. હજી શરીર તે વખતે તો ૬૫-૬૬માં તો બહુ શરીર નાનુ કહેવાયને એ વખતે? પણ એવું જ કહેવાણું હતું લ્યો. આહા..હા..! શું છે પણ આ? આટલી તલ્લીનતા અને આટલી મમતા! આત્મા ત્રિકાળ છે એને ક્યાં જાવું છે? આહા..હા..! ધન્નાલાલજી! આહા..હા..! અને એમ જ બન્યું મરતા. મગજ અસ્થિર થઈ ગયો. બકવાસ થઈ ગયો પછી કીધું જાવ. આહા..હા..! આ તે અવતાર! અરર..! એવા તો અનંતવાર કર્યા છેને ભગવાન! ઓહો..હો..! પુત્ર-પુત્રી, દીકરા-દીકરી અને મોભા. મોભા સમજો છો? મોભાને શું કહે છે? આબરૂ. શું કહ્યું?

મુમુક્ષુ :- પ્રતિષ્ઠા.

ઉત્તર :- મોભો એટલે .. સરખું રહે એમ દેખાય આમ. ઓહો..હો..! જાણે અમે પૈસાવાળા છીએ, વેપાર મોટો કરીએ, દીકરા-દીકરીના સારા લગન કરીએ છીએ, અમારી આબરૂ બરાબર સચવાય છે. ધૂળમાંય આબરૂ નથી તારી. આહા..હા..!

અહીં કહે છે કે જે પર્યાયે કર્યું એ પર્યાય ભોગવનારી છે, પણ આત્મા તો એ જ કર્તા અને એ જ ભોક્તા છે. પણ ક્ષણિક બુદ્ધિ છે. વર્તમાનબુદ્ધિ જેને. આહા..હા..! માણસો નથી કેટલાક મરતા ગોલણ ગાડા ભરે. એમ કહે છે. હવે ગોલણ ગાડા ભરે એ સમજ્યા? નહિ સમજ્યા. ગોલણ એટલે દાસ-દાસીયું. દાસી મરી જાય પછી ગોલણ ગાડા ભરે એટલે ગમે તે લઈ જાય વસ્તુ. જેને લઈ જવું હોય એ લઈ જાય. એ અમારે કહેવત છે. તમારે પણ હશે, પણ બીજી ભાષા હશે. આહા..હા..! આ ભવ દીઠા, પરભવ કોણે દીઠા છે? અરે..! ભગવાન! આ ભવ દીઠા અને પરભવ કોણે દીઠા? આહા..હા..! એ બધા ક્ષણિક માનનારા હોં બૌદ્ધ. ધન્નાલાલજી! આહા..હા..! ભગવાન અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ ક્યાંથી થયો અને ક્યાં નાશ પામશે એ છે એમાં? આહા..હા..! છે... છે... છે... આદિ નથી... આદિ નથી... આદિ નથી એટલે છે... છે... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... આમ ભૂતકાળનો પ્રવાહ લક્ષમાં લ્યો તો અનંત... અનંત... અનંત... અનંત... ક્યાં

એની શરૂઆત થઈ? એવો અનાદિનો. પ્રભુ વસ્તુ તો અનાદિની છે અને વસ્તુ તો અનંતકાળ રહેશે. દ્રવ્ય તરીકે તો અનાદિ-અનંત વસ્તુ ધ્રુવ છે. એની વર્તમાન પર્યાયમાં જે આ ભૂલ કરે છે એ બીજી પર્યાયમાં ભોગવવું પડે એ અપેક્ષા લઈને અનેરો કર્તા અને અનેરો ભોક્તા એમ કહે છે. આહા..હા..!

**'તેના મોહને (અજ્ઞાનને)...'** ભાષા જુઓ. સરવાળો લાવ્યા. આહા..હા..! ઓલામાં કહ્યુંને, ભાઈ! પહેલું પર્યાયમાં અજ્ઞાનભાવે વિકારનો કર્તા-ભોક્તા તું છો. તે તું છો. એ બતાવીને ભગવાન ત્રિકાળ વસ્તુમાં એવી ચીજ છે નહિ. વાતને ત્યાં લઈ જવી છે. દરેક શબ્દમાં તો વીતરાગતા બતાવવી છે. સમજાણું કાંઈ? તો એ બતાવીને વાત તો એ લીધી છે. આહા..હા..! ભગવાન! પર્યાયની અપેક્ષામાં વિકાર છે, કર્તા છે એ પણ છોડી દે દૃષ્ટિ. આહા..હા..! ત્રિકાળી ભગવાન આત્મા આનંદકંદ પ્રભુ ધ્રુવ ધામમાં દૃષ્ટિ કર. આહા..હા..! જે અનાદિ-અનંત ચીજ છે, મોજુદ છે, એવી ને એવી છે. એ ચીજની દૃષ્ટિ કરાવવા અને એ ચીજમાં વાળવા આ બધી વાત કરે છે. સમજાણું કાંઈ? તાત્પર્ય તો આ છે. આહા..હા..!

અહીંયાં કહે છે અરે..! **'તેના મોહને (અજ્ઞાનને) આ ચૈતન્યચમત્કાર જ પોતે...'** ભાષા જુઓ, જે પર્યાયે કરી એ પર્યાય ભોગવનાર નથી. તો અનેરો આત્મા કરે છે અને અનેરો આત્મા ભોગવે છે એવી અજ્ઞાનીની દલીલ છે. હવે અહીંયાં હોય મોટા શેઠ અને રાજા અને મરીને ઢોર ને નરકમાં જાય પશુમાં. બધું બદલાઈ ગયું. વસ્તુ ભલે એ રહી. સંયોગો બધા ક્ષેત્રો, દ્રવ્ય, કાળ, ભાવ, ભવ બધું બદલાઈ ગયું. આહા..હા..! જેની ધ્રુવતા ઉપર દૃષ્ટિ નથી એ વર્તમાન ક્ષણિકને જ પોતાનું માને છે. એમ કહે છે. આહા..હા..! આ પુણ્યના પરિણામથી ધર્મ થાય છે એ પણ વર્તમાન ક્ષણિક બુદ્ધિ છે એની. ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! પુણ્યના--દયા, દાન, વ્રત શુભભાવ એ દુ:ખરૂપ છે. એનાથી ધર્મ થાય અથવા વર્તમાન એ દુ:ખરૂપ નથી એ પર્યાયબુદ્ધિવાળો છે. ત્રિકાળી આનંદનો નાથ આવ્યું જુઓ **'મોહને (અજ્ઞાનને) આ ચૈતન્યચમત્કાર જ પોતે નિત્યતારૂપ અમૃતના ઓઘ (-સમૂહો) વડે...'** ભાષા તો જુઓ, આહા..હા..! એ આત્મા રાગને કરે છે એ જ આત્મા એના ફળનો ભોક્તા નથી એમ કહેનારને જ નિત્ય ભગવાન જ તારું અજ્ઞાન દૂર કરશે. સમજાણું કાંઈ? ચૈતન્ય ચમત્કાર. જેણે આજ જાણ્યું એ પચાસ વર્ષ પછી કહે છે કે મેં અહીંયાં જોયું હતું એ બીજી ચીજ છે. દેખનારો તો એ જ રહ્યો. સમજાણું કાંઈ? પર્યાય બદલાઈ ગઈ, પણ દ્રવ્ય તો એનું એ જ છે. આહા..હા..!

સસલાનો એવો સ્વભાવ છેને. સસલું સમજો છો? ખરગોશ. દોડે બહુ. ગતિ કરે. કોઈ મારવા આવે તો ગતિ કરે. જો એ પકડાય જાય આંખ મીંચી જાય. આંખ મીંચી જાય એટલે ... એનો સ્વભાવ છે. સસલા હોય છેને સસલા? અમે તો બહુ જોયા છેને બહુ. પ્રયોગમાં આવી ગયું એ. એ રાણપરમાં પલાસ્યું હતુંને પલાસ્યુ બહાર નહિ. ત્યાં અમારે કાયમ .. એટલી એટલી ... હતી.

ફળફૂલ નહોતા. અંદર .. હોય. એ ભેગી જગ્યા હોય.. ત્યાં સસલા બહુ રહે બહુ રહે. ખળભળાટ થાય તો ભાગે એકદમ. સસલા-ખરગોશ. તો જગ્યાને પકડવા જાય. દોડે બહુ પણ ન પહોંચી શકે તો આંખ મીંચી જાય. તો આંખ મીચે એટલે હવે નહિ પકડાય? એટલે કે હવે હું નથી દેખતો એમ. સમજાણું કાંઈ? તમારા નાગનેશમાં પળાસ્યું હતું. .. ખબર છેને. ત્યાં ... બપોરે. એટલે ત્યાં ગણા ૭૮ની સાલ હશે. ત્યાં બેઠું બહાર. ૭૫ની સાલ હશે. ઓહો..હો..! આ તો બધું દેખાય.. આ તો પુદ્‌ગલની વિભાવિક પર્યાય છે. પુદ્‌ગલની મૂળ વસ્તુ નથી. મુળ વસ્તુ તો બધી અતીન્દ્રિય ગ્રાહ્ય છે. અહીંયાં તો પરમાણુ હોય કે આત્મા હોય આ બધું જેટલું દેખાય છે એ મૂળ દ્રવ્ય નથી. તેમ મૂળ દ્રવ્યની સ્વભાવિક પર્યાય નથી. સમજાણું કાંઈ? આ તો બધી વિભાવિક પર્યાય છે. સ્કંધો દેખાય છે એમાં આત્મા ક્યાં આવ્યો? એ તો બધું જડ છે. આહા..હા..! એમાં કાંઈ જાણવાની શક્તિ નથી. જાણનારો એને જાણે એ જાણનારો તો જ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તેથી આચાર્ય એમ કહે છેને કે તમને બધાને દેખનાર છે એવા દેખનારનું અસ્તિત્વ નક્કી કરીને જોનારને જો. તારું અસ્તિત્વ માનવું હોય તો ત્યાં જા. સમજાણું કાંઈ? જાણનારને જાણ. આહા..હા..! કેમકે કોઈ ચીજ જાણવામાં પહેલા આત્મા હોય તો એ જણાય છે. તો એ જ્યાં જ્યાં શરીર, વાણી, મન, આ વસ્તુ એ જાણનાર જે છે એ જાણનારની મુખ્યતા છે. તો એ જાણનારો એ જાણે છે. તો એ જાણનારને તું જાણ અંદર. સમજાણું કાંઈ? અહીંયાં એ કહે છે. તારી પર્યાયબુદ્ધિમાં અનેરો આત્મા કરનાર અને અનેરો આત્મા ભોગવનાર એ તારો આત્મા જ તારું અજ્ઞાન નાશ કરશે.

ભગવાન નિત્યાનંદ પ્રભુ છે? **'તેના મોહને (અજ્ઞાનને) આ ચૈતન્યચમત્કાર...'** અલ્પકાળમાં પોતાના ત્રિકાળને જાણે છે અને અલ્પકાળમાં પરવસ્તુને પણ ત્રિકાળ જાણે છે. આહા..હા..! એવા ચૈતન્યચમત્કારની મોજુદગી, અસ્તિ એ જ પોતે. આહા..હા..! એ નિત્યાનંદ ભગવાન એમાં તારી દૃષ્ટિ હોય. આ તો ક્ષણિક પર્યાય છે. તો નિત્યતારૂપ અમૃત. આહા..હા..! ભગવાન ધ્રુવરૂપ અમૃત. વસ્તુ ધ્રુવ નિત્યરૂપ અમૃત. આહા..હા..! એવા ઓઘ વડે નિત્યતા એ અમૃતના ઓઘ વડે. કોઈપણ ચીજને દાળ,ભાત, શાક ખાતી સમયે, જોવાના કાળે, રાંધવાના સમયે, વેપારને સમયે જો એ પર્યાય વધે છે તો એનો એ સમયે જાણનારો તો ભિન્ન છે. સમજાણું કાંઈ? જાણવું એ ચીજમાં છે? જાણવું તો પોતાની પર્યાયમાં છે. એ જાણનારો કોઈપણ ચીજની સમીપમાં જ્યાં લક્ષ દે તો એમાં તારું જ્ઞાન જ જાણે એવું અસ્તિત્વ જાણ. તારું જ્ઞાન જ એ ચીજને જાણે છે. એ ચીજમાં તારું આ જ્ઞાન છે નહિ. આહા..હા..! એવા ચૈતન્યચમત્કાર ઉપર દૃષ્ટિ પડતાં જ. આહા..હા..! તું ત્રિકાળ છો એવું પણ જ્ઞાન થઈ જાય છે અને આખી ચીજ પણ અવસ્થા બદલતી ભલે હોય, પણ એ ચીજ પણ નિત્ય છે. એવા તને ચૈતન્યચમત્કારથી નિત્ય અમૃતનો ધોધ. આહા..હા..!

એ **'વડે અભિસિંચન કરતો થકો,...'** હું અમૃત નિત્યાનંદ અમૃત છું એવી દૃષ્ટિથી તારી

પર્યાયમાં અભિસિંચન કરતો થકો. આનંદની દશાનો પ્રવાહ આવતા મોહનો અજ્ઞાન દૂર કરશે. આહા..હા..! ઓહો..હો..! કહો, સમજાણું કાંઈ? ઓહો..હો..! ક્યાં નાખ્યું જુઓ. અનેરા કરે અને અનેરા ભોગવે. એ જ કર્તા અને એ જ ભોક્તા નિત્ય ઉપર દૃષ્ટિ દે એ પર્યાયને પણ જાણનાર કાયમ. એ જાણવું... જાણવું... જાણવું.... જાણવું... જાણવું... જાણવું... એવી જે નિત્ય ચીજ ચમત્કારી એ જ નિત્ય અમૃતરૂપ ઓઘ વડે અભિસંચિન તારી પર્યાયમાં તને નક્કી થશે. આહા..હા..! એમ કહે છે. સમજાણું કાંઈ? એ નિત્ય ઉપર દૃષ્ટિ પડતાં પર્યાયમાં અમૃતની ધારા આવશે. એથી નક્કી થશે કે ઓહો..હો..! આ તો ઓલું નિત્ય ત્રિકાળી છે. આહા..હા..! ...લાલજી! સમજાય છે? એવી વાત છે, ભાઈ! દુનિયાથી ભિન્ન ચીજ છે આ તો. આહા..હા..! .. આમ કરો... આમ કરો... આમ કરો.. અને મરો. કર્તા થાય છે ત્યાં મરે છે. ભાઈ! તારા જીવનની તને ખબર નથી. તારું જીવન ચૈતન્ય એ તો નિત્યાનંદ પ્રભુ છે. એ પર્યાયને જાણનારો તો નિત્ય છે. આહા..હા..! જાણનારી પર્યાય ભલે વર્તમાન અનિત્ય હોય, પણ એ પર્યાયને કરનારો, જાણનારો તો નિત્ય ત્રિકાળ છે. આહા..હા..!

**'અભિસિંચન કરતો થકો, દૂર કરે છે.'** કોને? મોહને-અજ્ઞાનને. ક્ષણે-ક્ષણે પર્યાય બદલાય છે કોના ઉપર? નિત્ય ઉપર. સમજાણું કાંઈ? નિત્યની સંધિ વિના એક સમયની પર્યાય કોને આધારે ઉત્પન્ન થઈ? આહા..હા..! એક સમયની પર્યાયને જ તું આત્મા માને છો અને બીજે સમયે બીજો આત્મા થયો એવું તારું અજ્ઞાન છે એ તારી ચીજ જ તારા અજ્ઞાનને દૂર કરશે. આહા..હા..! સમજાણું કાંઈ? હું ભગવાન ચૈતન્ય ચમત્કાર પહેલા શબ્દ લીધો છે. સમય એક અને જાણવાની શક્તિ અનંત. એવો ચૈતન્ય ચમત્કાર છે. એ પર્યાયમાં ચૈતન્ય ચમત્કાર તારા અમૃતના ઓઘથી સિંચન કરશે. આહા..હા..! બતાવવાનો તો આ આશય છે. અજ્ઞાનભાવે કર્તા જીવ છે એમ ન માને પણ મનાવા માટે એની સ્વતંત્રતા સિદ્ધ કરી. બાપુ! વસ્તુનું સ્વરૂપ એવું છે, ભગવાન! પર્યાય દૃષ્ટિ છે ત્યાં સુધી તો પર્યાયમાં અજ્ઞાની એ રાગ-દ્વેષનો કર્તા પોતાથી છે, પણ તેનું તાત્પર્ય? આહા..હા..! ભાઈ! એ પર્યાયનો કર્તા પર્યાય છે રાગાદિની. એ દૃષ્ટિ છોડી દે. અને વસ્તુની દૃષ્ટિ કર એ માટે વાત કરી છે. આહા..હા..! એનો ખુલાસો અહીં લેશે હવે ક્ષણિકમાં. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે! આવી વ્યાખ્યા કઈ જાતની? આ તો માર્ગ એવો છે, ભગવાન! દુનિયાને સમજાય, ન સમજાય, બેસે, ન બેસે એ સ્વતંત્ર છે, પણ વસ્તુ તો એવી છે. આહા..હા..! એ જ સમજાય અને એ સમજવાને લાયક એ આત્મા જ છે. આહા..હા..! કેમ ન સમજાય? પ્રભુ! તારી જ્ઞાનદશામાં એક સમયની અવસ્થા જેને આધારે પલટે છે એવી દૃષ્ટિ કરવાથી એ ચૈતન્ય ચમત્કાર પ્રત્યેક પર્યાયમાં હાજર દ્રવ્યરૂપે છે અને પ્રત્યેક પર્યાયમાં હાજર ત્રિકાળી ભગવાન છે એવો જ્યારે ચમત્કાર પ્રગટ થયો તો અમૃતનો ઓઘરૂપી સિંચન તારી પર્યાયમાં આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? મનસુખભાઈ! સમજાય છે કે નહિ આ ઝીણું બહુ? આહા..હા..! આ તો સાદી વાત છે.

અંદર એની દૃષ્ટિમાં પલટો ખાધો વસ્તુ તો નિત્ય રહેનારી છે. એ નિત્ય રહેનારી ચીજ છે. દૃષ્ટિ જ્યાં નિત્ય ઉપર આવી તો પર્યાયમાં અમૃતનો સમુદ્ર ઉછળ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? જો પર્યાયમાં વિકારભાવનો કર્તા અનેરા કર્તા, અનેરો ભોક્તા અથવા એ અજ્ઞાનભાવે કર્તા. એવી દૃષ્ટિ છૂટીને.. આહા..હા..! જયસુખભાઈ! છે તો આ લોજિકથી. આહા..હા..!

કહે છે કે તારો આત્મા જ પોકાર કરશે. સમજાણું કાંઈ? ઓહો..હો..! હું તો છું... છું... છું... ક્યારે નહોતો? અને ક્યારથી છે? એ ક્યારથી છે એ પ્રશ્ન જ ક્યાં છે? છે ત્યાં વળી ક્યારથી છે એ પ્રશ્ન ક્યાં? આહા..હા..! અનંતા એ દૃષ્ટાંત આપ્યું છે રત્નના દીવાનું. પ્રવચનસારમાં. ઓરડો હોયને ઓરડો. તો રતનનો દીવો એક પછી એક આમ લઈ જાય. તે ઓરડાથી ભિન્ન છે. એ તો રત્નનો દીવાનો પ્રકાશ થાય છે. એક ઓરડો, બીજો ઓરડો, ત્રીજો ઓરડો પચાસ ઓરડા એમ આ અનંત શરીરમાં ભગવાન ચૈતન્ય રત્ન તો એનું એ છે. ઓરડા જુદા-જુદા. એ રાગ-દ્વેષ પણ જુદા-જુદા. એ બધી પરચીજ. આહા..હા..!

જાણનારો ત્રિકાળી ચીજ છે એવી જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં તો પર્યાયમાં અમૃતનો ઓઘ આવે છે કહે. એ રાગની ભરતી હતી. અજ્ઞાનભાવમાં વિકારની ભરતી હતી. ભરતી સમજ્યાને? બાઢ. બાઢ. અહીંયાં તો કહે છે કે જ્યાં ત્રિકાળી ભગવાન ચૈતન્ય ચમત્કાર કાળ અલ્પ અને જાણે અનંત. કાળ અલ્પ અને જાણે ત્રિકાળ. આહા..હા..! ચાહે તો મતિશ્રુતજ્ઞાનની પર્યાય પણ જાણે ત્રિકાળ. આ તે કાંઈ ચમત્કાર! આ આધ્યાત્મિક... સમજાણું કાંઈ? વર્તમાનની એ પર્યાય વર્તમાન ટકતી રહેતી ત્રિકાળમાં ગયા વિના ત્રિકાળને જાણે છે. સમજાણું કાંઈ? વર્તમાનની દશા મતિ અને શ્રુતનો અંશ જે ખુલ્યો છે એ ત્રિકાળ નહિ ટકતા છતાં પણ ત્રિકાળને જાણે છે. આહા..હા..! અને ત્રિકાળને સ્પર્શ્યા વિના જાણે છે. આ તારો ચમત્કાર તો જો કહે. સમજાણું કાંઈ? આહા..હા..! એવી ચીજ તને તો એક સમયની પર્યાય એટલો જ આત્મા છે એ દૃષ્ટિ છૂટી જશે તને. આહા..હા..! એવા અજ્ઞાનમોહનો નાશ થઈ જશે. આહા..હા..! ભગવાનની નિધિ ખુલી જશે તને. સમજાણું કાંઈ? રાગ અને સ્વભાવની એકતાથી નિધાનને તાળું દીધું છે. તાળું કહે છેને? તાલા. એ જ્યાં નિત્યાનંદ ભગવાન. આહા..હા..! કેમકે એક સમયની દશા અનંતને જાણે એવી એ પર્યાયનો આધાર કોણ? એ પલટતી દશાનું આશ્રય, શરણ કોણ? એવા ચૈતન્ય ચમત્કાર ઉપર દૃષ્ટિ જતાં એ જાણનારની સાથે અમૃતની પર્યાય, શાંતિની પર્યાય (પ્રવાહિત થશે). આહા..હા..! અરે..! જેના ઘરમાં હોય એ પ્રવાહમાં આવશે. એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અરે..! આત્મા શું ચીજ છે? એની પર્યાયમાં કેટલી તાકાત છે એની ખબર ન મળે અને આંધળે આંધળું ખાતું. આહા..હા..! મોટા બી.એ. અને એલ.એલ.બી.ના પુંછડા વળગાડે. એમ.એ.ના. મોટા થઈ ગયા તો પાંચ હજારના પગાર અને દસ હજારના પગાર. થઈ ગયા મોટા વિજ્ઞાનવેતા. આત્મવેતા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યરૂપ વસ્તુ કહે છે કે

તારી ક્ષણિક બુદ્ધિનો જે અજ્ઞાનભાવ એ નિત્યાતનંદ પ્રભુ તારા અજ્ઞાનને એ નાશ કરશે. આહા..હા..! અને તારા આત્માથી નાશ થશે. પરની અપેક્ષા એમાં છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? એ ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ પર્યાયમાં એક-એક મોતી આખા દોરામાં. દોરો સમજો છો? ધાગા. મોતી એક-એક પણ બધા મોતીમાં દોરો તો એક છે. એમ સમય-સમયની પર્યાયરૂપી મોતી એમાં નિત્ય દોરો તો એનો એ છે. આ કેમ સમજાય? કઈ જાતની આ કળા! ખબર નહિ. અનંતકાળમાં એને પોતાની ચીજ કેવી છે એની ખબર જ નથી. આહા..હા..! આ સંસારની કેળવણી ખાતર આઠ-આઠ વર્ષ, દસ-દસ વર્ષ, પંદર વર્ષ. પાપ માટે. એક જણો મારો મિત્ર હતો. ઘણા વર્ષ... વાડીલાલ વેણીલાલ ડોક્ટરનો દીકરો. ઘણા વર્ષ ત્યાં પાલેજથી ત્યાં ભાવનગર વચમાં મળી ગયો. કઈ સાલ હશે? ૬૫-૬૬ની. એલા! અહીં વેણિલાલ તું છો? હા તો હું હજી ભણું છું. હેં! કેટલા વર્ષ! ૨૫-૨૬, ૨૮ વર્ષ થયા હશે. મારા આવા પાપ માટે કેટલા કાળ ગાળે.

મુમુક્ષુ :- એના રૂપિયા મળે છે. આમાં કાંઈ મળતું નથી.

ઉત્તર :- આમાં આનંદ મળે છે. ઓલામાં રૂપિયા મળતા નથી પણ મમતા મળે છે. રૂપિયા રૂપિયાના ઠેકાણે રહ્યા. એના લક્ષમાં આવ્યું કે મને આ મળ્યા. એ મમતા મળી એને તો. એને મમતા મળે છે. ગુજરાતી આવી જાય છેને થોડી ગુજરાતી. આહા..હા..! આચાર્યે ગજબ કામ કર્યા છે. આહા..હા..!

પાઠ તો જુઓ, **'नित्य-अमृत-ओघैः अयम् चित्-चमत्कारः एव स्वयम्'** **'चमत्कारः एव'** તારો આત્મા જ ચમત્કારી વસ્તુ છે એ તારું અજ્ઞાન નાશ કરશે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તેના મોહને (અજ્ઞાનને) આ ચૈતન્યચમત્કાર જ...'** એમ છેને જ. **'एव'** એમ છેને? **'चित्-चमत्कारः एव'** **'ચૈતન્યચમત્કાર જ...'** આહા..હા..! **'स्वयम्'** એ બીજે પડ્યું છે. ચોથી લીટીમાં છે. **'स्वयम्'** ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અમૃતનો સાગર પરમાત્મા પોતાનું સ્વરૂપ જ અમૃતનો સાગર છે. વિકાર કરે છે એ તો દુઃખરૂપભાવ છે. આહા..હા..! ચાહે તો શુભ હોય કે અશુભ હોય. દુઃખ છે. આકુળતા છે. ભગવાનનું સ્વરૂપ તો અનાકૂળ આનંદ છે. આહા..હા..! એ તરફના વલણથી કાયમ રહેનારી આ ચીજ એમાંથી આનંદ આવ્યો એ તારા અજ્ઞાનનો નાશ કરશે. સમજાણું કાંઈ? ભારે આવી વાત! આવું વ્યાખ્યાન કઈ જાતનું? ઓલું તો કહે દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, ભગવાનની ભક્તિ કરો, દાન કરો. કોણ કરે ભગવાન! ઇ કરે કોણ? પરને કોણ કરે? તારા અસ્તિત્વમાં જે ચીજ નથી એને કરે કોણ? આહા..હા..! તારા અસ્તિત્વ સત્તામાં શરીર, વાણી, મન આ બધું ધૂળબુળ કાંઈ છે નહિ તારી સત્તામાં. તો તારા અસ્તિત્વમાં જે ચીજ નથી એને તું કરે? આહા..હા..! સમજાણું કાંઈ? એ કર્તા માન્યું હતું અજ્ઞાનપણું એ તો શું કે એની દૃષ્ટિમાં રાગ-દ્વેષ આદિ મારું રૂપ છે. તો જેને પોતાનો માન્યો એનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? પોતાના

અસ્તિત્વમાં છે એમ માન્યું તો એનો કર્તા થાય છે. શું કહ્યું? એ આવ્યું હતું ત્યાં આત્મરૂપ. આવ્યું હતુંને? આત્મરૂપ નહિ? આ રહ્યું. હોવાને કાળે આત્માને આત્મારૂપે જાણતો થકો. વિશેષ અપેક્ષા પણ ...

મુમુક્ષુ :- બીજા પેરાગ્રાફમાં ત્રીજી

ઉત્તર :- ત્રીજી. પરને આત્મારૂપે જાણે બસ ઇ. 'કર્મથી ઉત્પન્ન થતાં મિથ્યાત્વ આદિ ભાવોના જ્ઞાનને સમયે અનાદિ કાળથી જ્ઞેયજ્ઞાયકના ભેદવિજ્ઞાનથી શૂન્ય...' એક વાત. 'ભેદવિજ્ઞાનથી શૂન્ય...' તો એનો આશય થયો કે રાગાદિ પોતાની પર્યાયમાં છે, પોતાના અસ્તિત્વમાં છે. એવું માને છે એ એનો કર્તા થાય છે. પોતામાં હોય એનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? (પર)વસ્તુ તો પોતામાં છે નહિ. અને પોતાનો આત્મા પરચીજમાં નથી. આહા..હા..! તો જેમાં પોતાના આત્માનું અસ્તિત્વ નથી એ પરનું શું કરે? આ દેશસેવા, ગામસેવા, નાતસેવા, સંઘસેવા. આહા..હા..!

મુમુક્ષુ :- ... બધું કરવું પડે.

ઉત્તર :- કરવું શું પડે? વિકલ્પ કરે. બીજું શું કરે? આહા..હા..! એક જુવાન માણસ હતો. ઘણા વર્ષની વાત છે હોં અમરેલી. પ્રેમચંદભાઈના મામાનો દીકરો હતો. એને સનેપાત થઈ ગયો અને દેશસેવામાં હતો. ઘણા વર્ષની વાત છે. ઇ લવારો આમ કરતો લ્યો. આમ છે... આમ કરવું... તેમ કરવું... ફલાણું કરવું... લવારો થઈ ગયો. લવારો સમજો છો? બકવાસ. લવારો સમજો છે? બકવું. લવ એટલે બોલવું. લવારી. તે દિ' ત્યાં અમે નીકળ્યા હતા. આહાર લેવા ઓલીકોર ઘર હતું ડેલામાં. ધનજીભાઈ નહિ? ધનજીભાઈને? ધનજી ગોવિંદજી. એના ડેલાની ઓલીકોર આગળ. પ્રેમચંદભાઈના મામા હતાને. આગળ અંદર જતા. એનો છોકરો માંદો પડી ગયો હતો તો ઇ લવારો કરતો હતો. સનેપાત થયો છે. દેશસેવાનો લવારો કરે છે. દેશસેવામાં ઝુકી ગયેલો. મરી ગયો પછી. આહા..હા..! જેનું જેને મનન, તેનો તેને ભાષાનો લવારો આવશે. આહા..હા..!

અહીં તો ભગવાન આત્મા. આહા..હા..! અરે..! પોતાની ચીજને ન જાણી અને પરની ચીજના ડહાપણમાં પોતાનું ડહાપણ માને છે. ડહાપણ શું? સમજ. ડહાપણ શું કહે છે? ચતુરાઈ. પરને જાણવાની ચતુરાઈ એ મૂર્ખાઈ છે. આહા..હા..! પોતાની ચીજ કહે છે. અહીં ક્ષણિકવાળાને કહે છે. આહા..હા..! તારી બુદ્ધિ પર્યાય ઉપર છે. અને એ જ આત્મા. સાંભળતો ખરો, ભગવાન! ત્યાંથી દૃષ્ટિ પલટીને કાયમ રહેનારી આ ચીજ છે. જેના આધારે પર્યાય ઉત્પન્ન થાય છે એ વસ્તુ તો નિત્ય છે. અદ્ધરથી પર્યાય ઉત્પન્ન થઈ? પાણીનો તરંગ ઉત્પન્ન થાય છે તરંગ. તો પાણી કાયમ રહેનારી ચીજ ઉપર તરંગ ઉઠે છે કે અદ્ધરથી તરંગ ઉઠે છે? આહા..હા..! સમજાણું કાંઈ? પાણી હોય છેને પાણી? તરંગ ઉઠે છે. પણ પાણીપણું તો કાયમ રહીને તરંગ ઉઠે છે. મોજા ઉઠે છે. એમ ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ ધ્રુવને આલંબન-આશ્રયે પર્યાય ઉત્પન્ન થાય છે. તો જેનાથી પર્યાય ઉત્પન્ન થઈ એ ચીજ કેવી છે? એવી દૃષ્ટિ પડવાથી. આહા..હા..! આ તો અંતરની વાતું છે.

આહા..હા..! એ કાંઈ શાસ્ત્ર ભણે મળે એવું નથી. આહા..હા..! ભગવાનની વાણીથી પણ એ મળે એવું નથી. આહા..હા..! એ 'દિશા બતાવી અળગા રહે.' આનંદઘનજી કહે છે. શાસ્ત્ર દિશા બતાવી અળગા રહે. એ કાંઈ અંદર ન આવે.

મુમુક્ષુ :- પાટિયા ઉપર હાથ ફેરવે તો ભેગું ચાલવા માંડે રસ્તા ઉપર?

ઉત્તર :- ચાલવા માંડે? આહા..હા..!

કહે છે. અહીં અહીં અહીં અટક્યું છે ક્યાં વધારે? **'ચૈતન્ય ચમત્કાર...'** સમજાણું કાંઈ? અને **'નિત્યતારૂપ અમૃતનો ઓઘ...'** ઓહો..હો..! **'(સમૂહ) વડે...'** એવો નિત્ય પ્રભુ આત્મા અમૃતનો સાગર. ત્રિકાળ દ્રવ્ય ઉપર જ્યાં દૃષ્ટિ પડી તો એવા ત્રિકાળ દ્રવ્ય વડે **'અભિસંચિન કરતો થકો...'** ઓલી નિત્ય પર્યાયમાં શાંતિ આવી એ કારણે આ આત્મા ત્રિકાળ છે એવો અમૃતનો અનુભવ પર્યાયમાં આવ્યો. આહા..હા..! અમૃત. .. લીધુંને ઓલું નિત્ય છેને અમૃત એટલે? નિત્ય છે એ કાયમ રહે છે. નિત્ય એટલે મરતું નથી. આહા..હા..! ઉત્પાદ-વ્યયની પર્યાય ઉત્પાદ છે તો વ્યય થાય છે. મરી જાય. આ તો અમૃત. આનંદરૂપી અમૃત અને ન મરે એવું અમૃત. સમજાણું કાંઈ? **'નિત્યતારૂપ અમૃતનો ઓઘ...'** એના વડે. **'અભિસિંચન કરતો થકો...'** તારી પર્યાયમાં જ નિત્યના પ્રવાહની કબુલાત જ્યાં અંદરમાં આવી તો શાંતિ અને આનંદનો અનુભવ કરતો થકો તને ક્ષણિકવાદને-અજ્ઞાનને દૂર કરે છે. ક્ષણિક જ આત્મા છે એવું અજ્ઞાન દૂર કરે છે. આહા..હા..!

ઘણા તો એમ કહે છેને કે આપણે તો વર્તમાન બસ અનુકૂળ હોય પછી ગમે તે થાવ. ગમે તે થાવ એટલે શું? આહા..હા..! નદીમાં મોટું પૂર આવતું હોય ઉપરથી. ઘોડાપુર કહે છે સાંભળ્યું છે? ઘોડાપુર એટલે? એ ઘોડો ચાલ્યો આવે છેને અશ્વ એમ પાણીનું દળ ચાલ્યું આવે. અમારે ઉમરાળામાં તો બહુ જોયું છે. નાની ઉંમરમાં જોયું હતું. બહુ પૂર. ત્યાં તો સાધારણ. ઓલું તો બે માથોડા આમ ચાલ્યું આવે બબ્બે માથોડા. કેમકે ચારેકોર એકઠું થતું જાયને. નેરામાં નદીમાંથી ઉપરથી બધું ભેગું થાય તો બે માથોડા પાણી .. છોકરાઓ રમતા હોય ત્યાં રાડુ પાડે મોટા નીકળો રે નીકળી જાવ. પણ થાવું હશે એ થાશે એમ કહે તો? ભાવનગરના દરિયામાં જાય. એ પાણીનો પ્રવાહ દરિયામાં જાય. ઉમરાળા. એમ ભવિષ્યમાં થવાનું હશે એ થશે. વર્તમાન સંભાળોને. વર્તમાન ચીજની જતના કરો. પણ મરી જઈશ ક્યાંક. આહા..હા..! એમ નાસ્તિપણે ધીઠાઈથી કરવા માંડે. થાવાનું થાશે શું? મરી જઈશ ચાર ગતિએ. રખડી મરીશ ચાર ગતિમાં. ભવસમુદ્ર. એમાં પ્રવાહ તારો જાશે. આહા..હા..! ભાવાર્થ. જુઓ આ કળશ બહુ સરસ આવ્યો હોં. અને એ કળશમાં આટલો વખત ગયો. પાંચ મિનિટ છે. સુજાનમલજી! આહા..હા..!

મુમુક્ષુ :- આત્માનો મહિમા છે અને આપનો મહિમા છે.

ઉત્તર :- આત્માનો મહિમા છે.

**'ક્ષણિકવાદી કર્તા-ભોક્તામાં ભેદ માને છે, અર્થાત્ પહેલી ક્ષણે જે આત્મા હતો તે બીજી**

**ક્ષણે નથી-એમ માને છે. આચાર્યદેવ કહે છે કે-અમે તેને શું સમજાવીએ?'** આહા..હા..! એય..! ચેતનજી! ક્યાં ગયા? કાઢ્યું હતુંને તમે બપોરે નહિ ઓલું સમજવું અને સમજાવું. ભ્રમ. એમાં છેને એ? સ્વાત્માનું મનન છેને એમાં છે. ઘણે ઠેકાણે લખ્યું છે ખબર છેને. સમજવું અને સમજાવું. સોગાની એમ કહે કે સાંભળવામાં નુકસાન અને કહેવામાં નુકસાન. એ નહિ. એ શબ્દ પડ્યો છે ખબર છે અમને. આહા..હા..! સમાધિશતકમાં તો ત્યાં સુધી કહે છે કે ઉપદેશ દેવાનો વિકલ્પ ઉન્માદ છે. આહા..હા..! અરે..! ભગવાન આનંદનો નાથ એની પાસે આ વિકલ્પ શો? આહા..હા..! ભલે શુભરાગ હોય પણ એ તો ઝેર છે. આમાં કોઈનો પક્ષ નથી. આ તો વસ્તુનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પ્રભુભાઈ આવ્યા છે? ઠીક. ક્યારે આવ્યા? કહો, આ સમજાય છે કે નહિ ઓલા વેપારના સંસારમાં? આહા..હા..!

મુમુક્ષુ :- આ પણ વેપાર છેને.

ઉત્તર :- આ વેપારની વાતું શું કરવી! આહા..હા..! જેમાં અનાદિ સંસારની ખોટ પૂરી પડે અને ઢગલો થાય. આહા..! પર્યાયની વાત છેને. ઓલું તો ... વેપાર તો પર્યાયમાં થાય છેને.

**'આચાર્યદેવ કહે છે કે-અમે તેને શું સમજાવીએ?'** ઓલા સમજાવા ઉપર આવ્યું. સ્વાત્માનું મનનમાં લખ્યું છે. પરથી સમજવું અને સમજાવું એ વિભ્રમ છે. એય..! ભગવાનમૂર્તિ ચિદાનંદ બિરાજે છે. એ તને સમજાવશે. એ તારા ગુરુ. આહા..હા..! **'આ ચૈતન્ય જ તેનું અજ્ઞાન દૂર કરશે...'** એ ચૈતન્ય જ એનું અજ્ઞાન દૂર કરશે **'કે જે (ચૈતન્ય) અનુભવગોચર નિત્ય છે.'** લ્યો, એ તો અનુભવગમ્ય અને નિત્યવસ્તુ છે. આહા..હા..! એય..! તારું અજ્ઞાન દૂર થઈ જશે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૧૫, સોમવાર, તા.૧૩-૦૮-૧૯૭૩
## કળશ-૨૦૬-૨૦૭, ગાથા-૩૪૫ થી ૩૪૮, પ્રવચન-૪૬૮

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ સમયસાર. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ભાવાર્થ. થોડું ચાલ્યું બે લીટી, ત્રણ લીટી. અહીંયાં સુધી. શું કહે છે? કે એક સમયની આત્માની પર્યાય જોઈને. પર્યાય એ જ આત્મા છે એમ અજ્ઞાની માને છે. કેમકે પર્યાય છે એ તો એક સમય રહે છે અને બીજે સમયે બીજી અવસ્થા થાય છે. તો એ આત્મા જ બીજો થઈ ગયો એમ માને છે. **'ક્ષણિકવાદી...'** પર્યાયને જ આત્મા માનનારો **'કર્તા-ભોક્તામાં ભેદ માને છે...'** જે આત્મા જે સમયે જે કર્યું એ જ પર્યાયને ભોગવનારો અનેરો આત્મા છે. **'અર્થાત્ પહેલી ક્ષણે જે આત્મા હતો તે બીજી ક્ષણે નથી-એમ માને છે.'** પર્યાય બીજે ક્ષણે ન રહી, પણ આત્મા બીજે ક્ષણે ન રહ્યો. આહા..હા..! ક્ષણિકબુદ્ધિ છેને ક્ષણિક? ત્રિકાળ ચીજની પાછળ ધ્રુવ ચીજ પડી છે નિત્ય. એ તો દેખાતી નથી. અને ક્ષણિકને જ આત્મા માનીને બીજે ક્ષણે બીજો આત્મા થઈ ગયો એમ માને છે.

**' આચાર્યદેવ કહે છે કે-અમે તેને શું સમજાવીએ?'** આહા..હા..! **'આ ચૈતન્ય જ તેનું અજ્ઞાન દૂર કરશે...'** કાયમ રહેનારી ચીજ જે એની નજરમાં આવી જાય. કે આ તો ધ્રુવ છે. જેની ઉપર પર્યાય ચાલે છે એ ચીજ તો ધ્રુવ છે. સમજાણું કાંઈ? તારું અજ્ઞાન તો ચૈતન્ય જ દૂર કરશે. **'કે જે (ચૈતન્ય) અનુભવગોચર નિત્ય છે.'** જે પર્યાયમાં પરને દેખે છે એ પર્યાયથી સ્વને દેખે તો એનું અજ્ઞાન દૂર થઈ ગયું. એને ખ્યાલ આવી ગયો કે ઓહો..હો..! જે પર્યાય પરને દેખે છે એ પર્યાય નહિ પણ પછીની પર્યાય. ભાષા તો એમ જ આવેને. સમજાણું કાંઈ? એ પર્યાય જેને દેખાય છે પર્યાયમાં એ દેખનારની પર્યાયમાં પર્યાય જેટલો હું, પર્યાયને ધરનારો દ્રવ્ય હું ભિન્ન છું. પલટીને જોવે, ગુલાંટ ખાઈને જોવે તો ચૈતન્ય જ તારું અજ્ઞાન દૂર કરશે એમ કહે છે. આહા..હા..! વસ્તુ નિત્ય રસ, ચૈતન્ય રસ, જ્ઞાયકભાવરૂપ ભાવ તો ત્રિકાળ છે. સમજાણું કાંઈ? બૌદ્ધમત કહે છે એમ નહિ પણ લોકોને એ વાત વર્તમાન ક્ષણિક અવસ્થામાં એ જ હું છું એમ માનનારો પણ બૌદ્ધમતિ જ છે. આહા..હા..! બીજી રીતે કહીએ તો પર્યાયબુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ અને બૌદ્ધમતિ છે. એક સમયની દશા ઉપર જેની રુચિ, પ્રતીતિ અને એ જ હું છું એવો માનનારો ક્ષણિક પર્યાયબુદ્ધિ, બૌદ્ધમતિ, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બૌદ્ધની સંખ્યા બહુ વધી ગઈ છે.

ઉત્તર :- સંખ્યા જ બહુ છે. શું થાય? એ અગમ્ય ચીજ વિકલ્પથી ગમ્ય નથી, રાગથી ગમ્ય નથી, વીતરાગની વાણીથી ગમ્ય નથી. આહા..હા..! ઇ માટે તો કહ્યુંને કે અનુભવગમ્ય છે. આહા..હા..! જે પર્યાય પરને દેખે છે એ પર્યાય અંતર્મુખ વાળતા ચૈતન્ય જ તારું અજ્ઞાન દૂર કરશે, પર્યાયબુદ્ધિ તારી નાશ પામશે એમ કહે છે. આહા..હા..! આવી નિવૃત્તિ-અવસર ક્યાં મળે? બહારને જોનાર અંદરમાં દેખે તો પૂર્ણ બ્રહ્મ સિદ્ધસમાન છું. હું તો નિશ્ચયથી વિકલ્પ નામ સંસારથી તન્મય નથી થયો, પણ એક સમયની પર્યાયથી હું એકરૂપ નથી થયો. આહા..હા..! સમજાણું કાંઈ? એવો સમ્યગ્દર્શનનો વિષય આહા..હા..!

એ ચૈતન્ય જ તારી અજ્ઞાનદશાને દૂર કરશે. કેમકે ચૈતન્ય કાયમ રહેનારી ચીજ નિત્યાનંદ પ્રભુ છે. એ પર્યાય જેનાથી ઉત્પન્ન થઈ. .. અત્યારે તો એ સિદ્ધ કરવું છેને. એનો આધાર શું છે? દ્રવ્ય છે. પાણીના દળ ઉપર તરંગ ઉઠે છે. તો તરંગનો આધાર કોઈ ચૈતન્ય દળ છે. એમ પર્યાયનો આધાર ચૈતન્યદળ છે. વિજ્ઞાનઘન છે. વસ્તુ જગતની મૂળ એવી દૃષ્ટિ થતાં તારી પર્યાયબુદ્ધિ નાશ પામશે. દ્રવ્ય જ તારું અજ્ઞાન દૂર કરશે. આ પ્રથમ કર્તવ્ય છે. કહો, સમજાણું કાંઈ? આજે લેખ આવ્યો છે. .. એમ કે મેં શાંતિસાગરને .. પહેલા શું અમારે ગૃહસ્થોએ શું કરવું? ગૃહસ્થોએ સમ્યક્ કરવું. પણ એ સમ્યક્ શું? પછી વ્યાખ્યા ઉતરી હતી આ પોતે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન આહા..હા..! એ અપૂર્વ ચીજ.

મુમુક્ષુ :- એ બાજુની પર્યાય જ ક્યાં છે?

ઉત્તર :- પર્યાય ક્યાં છે? પણ એને પણ માની. ગૃહસ્થાશ્રમમાં તો આહા..હા..! ગૃહસ્થાશ્રમ આત્મામાં છે ક્યાં? આહા..હા..! ગૃહસ્થાશ્રમની પર્યાય જેટલો આત્માને માનવો એ પણ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સાધુની પર્યાય જેટલો આત્માને માનવો એ પણ મિથ્યાદૃષ્ટિ છે. પોતાની પર્યાયમાં મૂર્ખતા અને પંડિતતા દેખાય છે એ બેય ચીજ આત્માની નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ અગમ્યને ગમ્ય કરવાનું છે. આહા..હા..!

કહે છે એ તો **'અનુભવગોચર નિત્ય છે. પહેલી ક્ષણે જે આત્મા હતો તે જ બીજી ક્ષણે કહે છે કે 'હું પહેલાં હતો તે જ છું;'...'** જાણે છે કે હું કાલે હતો એ જ હું આજે છું. એ તો નિત્ય બતાવે છે. આહા..હા..! પચાસ વર્ષની, સો-સો વર્ષનું યાદ આવે છે કે નહિ? કે પૂર્વે જાણનારો હું હતો, અત્યારે જાણનારો પણ હું છું. એ તો નિત્ય બતાવે છે. પણ એ નિત્ય શબ્દમાં નહિ. આહા..હા..! પર્યાયમાં એનું પરિણમન થયું કે હું નિત્ય છું, ધ્રુવ છું. આહા..હા..! એને સમ્યગ્દર્શન કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ગૃહસ્થાશ્રમને કરવું એ જ સમકિત છે. ઓહો..હો..! જગત ક્યાં જાય છે? આહા..હા..! પોતાનો પક્ષ પુષ્ટ કરવા કેવું-કેવું માને છે! અરે..! ભાઈ! આ જન્મ-મરણનો બોજો માથે પડ્યો છે એ પર્યાયદૃષ્ટિથી જ પડ્યો છે. વ્યવહાર સમકિત એ તો કોઈ સમકિત છે જ

નહિ, એ તો રાગની પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની પર્યાય કોને કહે છે? કે ત્રિકાળી શ્રદ્ધાગુણ છે એ ગુણને ધરનારો ભગવાન નિત્ય છે. એ ગુણગુણીનો ભેદ પણ અંદરથી કાઢી નાખવો. આહા..હા..! એવું તત્ત્વ ભગવાન અભેદ અને દૃષ્ટિ નિર્વિકલ્પ એ પણ અભેદ. એ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને નિશ્ચય એનો વિષય તો અભેદ છે. એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ? નવ તત્ત્વને ભેદરૂપ જાણવા એ પણ સમ્યગ્દર્શન નથી. મિથ્યાદૃષ્ટિને પણ નવ તત્ત્વની ભેદરૂપ શ્રદ્ધા તો હોય છે. આહા..હા..! અરે..! એને માહાત્મ્ય નથી. હું ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... છે... છે... છે... મારી મોજુદગી વિના આ ચીજ છે એમ જાણનારો કોણ? સમજાણું કાંઈ? પર ચીજ છે અને પરચીજનો નાશ થાય છે તો મારી મોજુદગી વિના એને જાણે કોણ? શરીરમાં ઉત્પાદ-વ્યય થાય છે અને આત્માની પર્યાયમાં ઉત્પાદ-વ્યય થાય છે. આહા..હા..! એ નિત્ય વિના જાણે કોણ એને? જાણનારી તો પર્યાય છે. તો નિત્ય કાયમ રહેનાર વિના આ જ્ઞાન કરે છે એ ક્યાંથી આવ્યું? આહા..હા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! એણે ચૈતન્ય મહાપ્રભુ, એણે શાસ્ત્ર પણ વાંચ્યા હતા, અનંતવાર ભણ્યો. નિત્ય છે, પર્યાય અનિત્ય છે. એવું એકાંત નથી કે આત્મા નિત્ય જ છે અને આત્મા પર્યાયથી એકલો છે એમ નથી. એવું તો અગિયાર અંગમાં ભણ્યો હતો. પણ એ તો ભાષામાં ભણ્યો. એ અનુભવ કરીને નિત્ય આત્મા છે એવો અનુભવ કરીને નિત્ય જાણવું એનું નામ યથાર્થ નિત્ય જોયું. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે '**જે આત્મા હતો તે જ બીજી ક્ષણે કહે છે કે 'હું પહેલાં હતો તે જ છું;' આવું સ્મરણપૂર્વક પ્રત્યભિજ્ઞાન આત્માની નિત્યતા બતાવે છે.**' આહા..હા..! '**અહીં બૌદ્ધમતી કહે છે કે-'જે પહેલી ક્ષણે હતો તે જ હું બીજી ક્ષણે છું' એવું માનવું તે તો અનાદિ અવિદ્યાથી ભ્રમ છે;...**' આહા..હા..! છેને એ માન્યતા? બૌદ્ધ જે હતો એ રાજાનો કુંવર હતો. બધું અનિત્ય, જરા, રોગ, મૃત્યુનું દુઃખ દેખીને એને વૈરાગ્ય થયો. એ તો ક્ષણિક. સમજાણું કાંઈ? રાજકુમાર હતા. છેને એની પ્રતિમા ગયામાં છે. મોટું મંદિર છે ગયામાં. ગયા. અમે ગ્યા હતા એ જોવા. એક હાથમાં પાત્ર છે... એ રાજકુમાર હતા. પણ લોકોની નિર્ધનતા, વૃદ્ધાવસ્થા, દરિદ્રતા અને મૃત્યુ એ દુઃખને જોઈને એને વૈરાગ્ય થઈ ગયો. પણ એ તો અનિત્ય વૈરાગ્ય છે. સમજાણું કાંઈ? ત્રિકાળ નિત્યને જોતાં વૈરાગ્ય થાય. પુણ્ય-પાપથી ખસી જાય એ તો ત્રિકાળી નિત્ય ઉપર દૃષ્ટિ આવવાથી પુણ્ય-પાપથી ખસી જાય છે. એ વૈરાગ્ય છે. પોતાના ત્રિકાળ અસ્તિત્વની પ્રતીતિમાં પુણ્ય-પાપના વિકલ્પથી ખસી જવું. એનું નામ સમ્યગ્દર્શન અને વૈરાગ્ય છે. આહા..હા..! ભારે વાત ભાઈ!

નિયમસારમાં તો એમ કહ્યું કે સાત તત્ત્વ છે એમાં બધી પર્યાયો છે એ તો નાશવાન છે. મોક્ષપર્યાય પણ નાશવાન છે. આહા..હા..! સંવર-નિર્જરા પણ એક સમયની અવસ્થા એ નાશવાન છે. એમાં સળંગ રહેનારો ભગવાન એ ધ્રુવ છે. એ અંતરમાં અનુભવથી પ્રતીતિ કરવી તો તો ખ્યાલ આવે કે ઓહો..હો..! આ તો આત્મા એ જ છે. સમજાણું કાંઈ? જાતિસ્મરણમાં પણ પૂર્વનો

ખ્યાલ આવે છે કે નહિ? તો કોને? નિત્ય રહે એને ખ્યાલ આવે કે અનિત્યમાં ખ્યાલ આવી જાય? હું ભગવાન પાસે હતો અને એ જ અત્યારે હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? અને ભગવાન પાસે સાંભળ્યું હતું એ જ આ ધ્વનિ છે. એવું એને ખ્યાલ આવે છે કે નહિ નિત્યને? કે અનિત્યને ખ્યાલ આવે છે? આહા..હા..! સમજાણું કાંઈ?

**'બીજી ક્ષણે છું' એવું માનવું તે તો અનાદિ અવિદ્યાથી ભ્રમ છે;...'** આહા..હા..! ભારે ભાઈ આ! આત્માને ત્રિકાળી માનવો એ તો ભ્રમ છે. આહા..હા..! ઓલા કહે છે કે મોક્ષના બે માર્ગ માનવા એ ભ્રમ છે. ત્યારે ઓલા કહે છે કે બે મોક્ષમાર્ગ ન માને એ ભ્રમ છે. આવી તકરાર. અરે..! ભગવાન! તારી ચીજમાં આ શું? આ ગડબડી શું? મોક્ષમાર્ગ તો એક જ છે. જેમાં આનંદની પર્યાયનું વેદન અને પ્રતીત અને જ્ઞાન થાય છે. વેદન છે સ્વરૂપાચરણ... સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્દર્શનમાં આત્માની પ્રતીતિ આવી. સમજાણું કાંઈ? એ એક જ મોક્ષનો માર્ગ છે. સમ્યગ્દર્શન એક જ પ્રકારનું છે. વ્યવહાર સમકિત કહ્યું એ તો ઉપચારથી કથન છે. આહા..હા..!

કહે છે **'અનાદિ અવિદ્યાથી ભ્રમ છે;...'** તને કે હું નિત્ય છું એમ કહે છે. અજ્ઞાની એમ કહે છે. **'એ ભ્રમ મટે ત્યારે તત્ત્વ સિદ્ધ થાય,...'** બૌદ્ધ એમ કહે છે. **'સમસ્ત ક્લેશ મટે. તેનો ઉત્તર આપવામાં આવે છે કે-'હે બૌદ્ધ! તું આ જે દલીલ કરે છે...'** આ દલીલ કરે છે દલીલ. **'તે આખી દલીલ કરનાર એક જ આત્મા છે...'** તર્ક.. એ તર્ક કરનારો એ આત્મા અને બીજો તર્ક કરનારો એ આત્મા.. બીજો બીજો આત્મા છે. જ્યાં સુધી તારી દલીલ લંબાણી એમાં રહેનારો કોઈ છે કે નહિ? કોણે જાણ્યું કે આ તર્ક... આ તર્ક... આ તર્ક... આ તર્ક... આહા..હા..! સમજાણું કાંઈ? કરવાલાયક તો આ કરી શકે છે. આહા..હા..! **'णियमेण य जं कज्जं'** નિયમસારમાં આવે છેને? ત્રીજી ગાથામાં. **'णियमेण य जं कज्जं'** નિયમથી, નિશ્ચયથી જે કરવાલાયક છે એ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ કરવાલાયક છે. આ વ્યવહાર સમ્યગ્દર્શન કહીને લોકોને એ આવી ગયા એમાં એમ કહે છે. ધન્ય થઈ ગયા. એ ક્ષણિકને જ માને છે. ક્ષણિક એટલે બૌદ્ધમતિ છે મિથ્યાદૃષ્ટિ. આહા..હા..!

**'વળી તારી આખી દલીલ એક જ આત્મા સાંભળે છે એમ માનીને તું દલીલ કરે છે...'** બીજી વાત. એક વાત તો કહેનારની વાત કરી. **'આ જે દલીલ કરે છે તે આખી દલીલ કરનાર એક જ આત્મા છે કે અનેક આત્માઓ છે?'** કારણ કે સમય તો એક હોય છે અને દલીલ તો અસંખ્ય સમયમાં થાય છે. એ અસંખ્ય સમયમાં એ તર્ક કરનારો એક આત્મા છે? કે આત્મા ભિન્ન ભિન્ન છે? આહા..હા..! **' તે આખી દલીલ કરનાર એક જ આત્મા છે કે અનેક આત્માઓ છે?'** એક વાત. **'વળી તારી આખી દલીલ એક જ આત્મા સાંભળે છે એમ માનીને તું દલીલ કરે છે કે આખી દલીલ પૂરી થતાં સુધીમાં અનેક આત્માઓ પલટાઈ જાય છે એમ માનીને દલીલ કરે છે?'** આહા..હા..! તું જેને સંભળાવે છે. એ સાંભળે છે તો જ્યાં સુધી

સાંભળવાનો કાળ છે ત્યાં સુધી તે આત્મા રહે છે? કે સાંભળવાના સમયે આત્મા ભિન્ન-ભિન્ન છે? તો એને ભિન્ન-ભિન્ન છે તો એને સાંભળનારી ચીજ આ નિત્ય છે, આ ક્ષણિક છે એવો એને બોધ કેમ થાય? સમજાણું કાંઈ? સાંભળનારની પર્યાય જો આત્મા ભિન્ન થઈ જાય તો એ આત્માને આ આત્મા છે અને આ આવી વાત કરે છે એ તો ખ્યાલ આવે નહિ. એ આત્માને ખ્યાલ આવતો નથી, બીજા આત્માને ખ્યાલ આવી જાય. આહા..હા..! બરાબર છે?

**'અનેક આત્માઓ પલટાઈ જાય છે એમ માનીને દલીલ કરે છે? જો અનેક આત્માઓ પલટાઈ જતા હોય તો તારી આખી દલીલ તો કોઈ આત્મા સાંભળતો નથી;...'** તું તર્ક કરે છો કે આમ છે ત્યાં સુધી તો એક આત્મા રહેતો નથી. તો એ તો સાંભળતો નથી. બરાબર છે? **'તો પછી દલીલ કરવાનું પ્રયોજન શું?'** તારા તર્ક કરવાનું શું પ્રયોજન છે? નીચે. **'જો એમ કહેવામાં આવે કે 'આત્મા તો નાશ પામે છે પણ તે સંસ્કાર મૂકતો જાય છે'...'** પહેલી અવસ્થામાં જે આત્મા હતો એ બીજી અવસ્થામાં નથી રહેતો, પણ સંસ્કાર છોડતો જાય છે. તો સંસ્કાર છોડી જાય તો નિત્ય થઈ ગયો. **'તો તે પણ યથાર્થ નથી; આત્મા નાશ પામે તો આધાર વિના સંસ્કાર કેમ રહી શકે?'** પહેલી પર્યાયનો આત્મા બીજી પર્યાયમાં રહે નહિ, પણ સંસ્કાર મૂકે. તો સંસ્કાર કોને આધારે મૂક્યા? એક આત્મા .... આહા..હા..! **'વળી કદાપિ એક આત્મા સંસ્કાર મૂકતો જાય, તોપણ તે આત્માના સંસ્કાર બીજા આત્મામાં પેસી જાય એવો નિયમ ન્યાયસંગત નથી.'** પહેલી પર્યાય સંસ્કાર છોડે, પણ બીજી પર્યાય સંસ્કાર લે એ ક્યાં નિયમ રહ્યું? સમજાણું કાંઈ? બીજા આત્મામાં એનો પ્રવેશ થઈ જાય એમ તો રહ્યું નહિ. ભિન્ન-ભિન્ન આત્મા.

**'આમ અનેક રીતે વિચારી જોતાં તને જણાશે...'** તને જણાશે. **'આત્માને ક્ષણિક માનીને પ્રત્યભિજ્ઞાનને ભ્રમ કહી દેવો...'** આજે જાણ્યું એ જ કાલે જાણનારો છે. એવો ભ્રમ કહી દેવો **'યથાર્થ નથી. માટે એમ સમજવું કે-આત્માને એકાંતે નિત્ય કે એકાંતે...'** બેય બાજું .. લીધો. **'નિત્ય કે એકાંતે અનિત્ય માનવો તે બન્ને ભ્રમ છે,...'** લ્યો, કહેવું તો એને નિત્ય હતું, પણ એકલું અનિત્ય માનવું, પર્યાયમાં અનિત્ય એકલું અનિત્ય અને એકલું નિત્ય માનવું એ બેય ભ્રમ છે. નિત્યાનિત્યસ્વરૂપ ભગવાન આત્માનું છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'વસ્તુસ્વરૂપ નથી;...'** ક્ષણિક પર્યાય પણ છે અને ત્રિકાળ ધ્રુવ પણ છે. એકાંત ધ્રુવ માનવું એ પણ અજ્ઞાન, એકાંત પર્યાય માનવી એ પણ અજ્ઞાન. ક્ષણિકવાદી એકાંત પર્યાય માને છે, સાંખ્યમતિ આદિ એકલા ધ્રુવને માને છે. સમજાણું કાંઈ? બેય અજ્ઞાન છે. **'વસ્તુસ્વરૂપ નથી; અમે (જૈનો) કથંચિત્ નિત્યાનિત્યાત્મક વસ્તુસ્વરૂપ કહીએ છીએ...'** અમે જૈન છીએ, પરમેશ્વર જૈન કથંચિત્ નિત્ય-અનિત્ય. ત્રિકાળની અપેક્ષાએ નિત્ય, બદલતી અપેક્ષાએ અનિત્ય. આ ભાષા તો સાંભળી હોય ઘણીવાર, પણ એ ભાષાના ભાવમાં જે અંદર વજન આવવું જોઈએ એ વજન આપ્યું નહિ. આહા..હા..! **'નિત્યાનિત્યાત્મક વસ્તુસ્વરૂપ કહીએ છીએ તે જ સત્યાર્થ છે'.**

## કળશ-૨૦૭

(अनुष्टुभ्)
वृत्त्यंशभेदतोऽत्यन्तं वृत्तिमताशकल्पनात्।
अन्यः करोति भुंक्तेऽन्य इत्येकान्तश्चकास्तु मा॥207॥

ફરી, ક્ષણિકવાદને યુક્તિ વડે નિષેધતું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે :

શ્લોકાર્થ :- [वृत्ति-अंश-भेदतः] વૃત્ત્યંશોના અર્થાત્ પર્યાયોના ભેદને લીધે [अत्यन्तं वृत्तिमत्-नाश-कल्पनात्] 'વૃત્તિમાન અર્થાત્ દ્રવ્ય અત્યંત (સર્વથા) નાશ પામે છે' એવી કલ્પના દ્વારા [अन्य करोति] 'અન્ય કરે છે અને [अन्यः भुक्तें] અન્ય ભોગવે છે' [इति एकान्तः माचकास्तु] એવો એકાંત ન પ્રકાશો.

ભાવાર્થ :- દ્રવ્યની અવસ્થાઓ ક્ષણે ક્ષણે નાશ પામતી હોવાથી બૌદ્ધમતી એમ માને છે કે 'દ્રવ્ય જ સર્વથા નાશ પામે છે'. આવી એકાંત માન્યતા મિથ્યા છે. જો અવસ્થાવાન પદાર્થનો નાશ થાય તો અવસ્થા કોના આશ્રયે થાય ? એ રીતે બન્નેના નાશનો પ્રસંગ આવવાથી શૂન્યનો પ્રસંગ આવે છે. 207.

---

## કળશ-૨૦૭ ઉપર પ્રવચન

'ફરી, ક્ષણિકવાદને યુક્તિ વડે નિષેધતું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે :--' કાવ્ય ૨૦૭.

(अनुष्टुभ्)
वृत्त्यंशभेदतोऽत्यन्तं वृत्तिमताशकल्पनात्।
अन्यः करोति भुंक्तेऽन्य इत्येकान्तश्चकास्तु मा॥207॥

'**વૃત્ત્યંશોના અર્થાત્ પર્યાયોના ભેદને લીધે...**' વર્તમાન અવસ્થા ભિન્ન-ભિન્ન હોવાને લીધે "**વૃત્તિમાન અર્થાત્ દ્રવ્ય અત્યંત (સર્વથા) નાશ પામે છે' એવી કલ્પના દ્વારા 'અન્ય કરે છે અને અન્ય ભોગવે છે' એવો એકાંત ન પ્રકાશો.**' અવસ્થા બદલાય છે તો દ્રવ્ય પણ આખું બદલાઈ ગયું. આહા..હા...! દ્રવ્ય સર્વથા નાશ પામે છે. શ્રીમદ્‌માં આવે છેને દેહ ઉપજે અને દેહ વિણસે. શું કહે છે? 'દેહ સંયોગે ઉપજે અને દેહ વિયોગે નાશ.' લ્યો. એક જણે લખ્યું હતું

હમણા એક વકીલે. કે એમ હોય તો ભલે હોય. 'દેહ સંયોગે ઉપજે અને દેહ વિયોગે નાશ પામે.' મારે ગજબ કરે છેને! આ જૈનના મોઢા આગળ અગ્રેસર. આહા..હા..! 'દેહ સંયોગે ઉપજે અને દેહ વિયોગે નાશ.' આવે છે કે નહિ? એય..! ચેતનજી! આવ્યું હતું એ મુંબઈથી લખાણ. આહા..હા..! અમે તો પ્રામાણિક જીવન જીવીએ છીએ. પછી ભલે જે હોય તે. પ્રમાણિક જીવન જીવનારો ત્રિકાળી છે કે પ્રમાણિક જીવનવાળો ક્ષણિક જ છે? આહા..હા..! સમજાણું કાંઈ? પ્રમાણિક જીવન અત્યારે અપ્રમાણિક અનીતિ .. લૌકિક હોં. લોકોત્તર અનીતિ તો પર્યાય નિત્ય માનવી એ લોકોત્તર અનૈતિકતા છે. આ તો લોકો જ્યાં હોય ત્યાં ગૃહસ્થ લોકો માણસો કાર્યવાહકો કાંઈક એને ગુંજામાં આપો તો તમારું કામ કરે. રિપોર્ટ લખાવવા હોય, ગમે તે લખાણ હોય પણ એને ચા-પાણી જોઈએ. ઇ ચા-પાણી એટલે? ચા-પાણી નહિ. ચા-પાણી એટલે. આહા..હા..! બહુ બહુ ઘટી ગયું. નૈતિક જીવન બહુ ઘટી ગયું. ૫૦-૬૦ વર્ષ પહેલા જીવન હતું. ઓહો..હો..!

વીરજીભાઈ કહેતા. વીરજીભાઈ હતાને વકીલ. વીરજી વકીલ હતા. સમીરભાઈ. ક્યાં છે? એમના બાપના બાપ. વીરજીભાઈ. ઇ કહેતા. આ મકાન બનાવ્યાને ઓલાપણે પાછળ નહોતા? તમારું મોટું મકાન. એ મકાન પહેલા સુતારને દીધું હતું. સુતારને. અમે કાંઈ લાકડા ન લઈએ, પૈસા દઈએ. કહે એટલા પૈસા દઈ દઈએ. ઇ પૈસા માલ ઓલો લાવે, ખર્ચે ઇ, કામ કરે ઇ. આખું મકાન બનાવ્યું આખું લાકડાનો કટકો પણ વધારે નહિ. એવું એનું જીવન હતું કહે. સુતાર. અત્યારે ગડબડ કરી દે અંદરથી. પાંચસોનો માલ લાવીને હજારનો લઈ આવે એમ કહે આમ છે ને તેમ છે. અરરર..! બહુ આહા..હા..! બહુ અનીતિ. અરેરે..! એક સારું મકાન બનાવ્યું ડેલી બંધ. વીરજીભાઈ કહેતા લાકડીનો ટૂકડો પણ એક વધે નકામો. બધાય .. એમાં મકાન માટે જેટલા લાકડું લાવ્યા હતા એ લાવે, એ પૈસા .. એ ખર્ચે એ બધું કરે. અમે જોવા પણ ન જઈએ. એટલું નૈતિક જીવન હતું. બહુ ફર્ક! ઓહો..હો..! લૌકિક સજ્જનતાની નીતિના ઠેકાણા નથી. આ તો લોકોત્તર સજ્જનતા. આવે છેને ભાઈ આપણે? કળશમાં પાછળ આવે છે. નૈતિક. જૈન નીતિ... આહા..હા..! જૈન નીતિનો અર્થ ભગવાન ત્રિલોકનાથ જ્ઞાયકભાવ એવો ને એવો પડ્યો છે. એને સંસારથી કાંઈ સંબંધ નથી, વિકલ્પથી કાંઈ સંબંધ નથી. આહા..હા..! એ જૈન નીતિ લોકોત્તર નીતિ છે. સમજાણું કાંઈ? લૌકિકનીતિ કોઈના પૈસા મૂકી ગયા હોય ઘરે પાંચ હજાર, દસ હજાર, પચ્ચીસ હજાર. અને ભૂલી જાય કે મેં તો પચ્ચીસ હજાર નથી મૂક્યા, મેં તો અગિયાર હજાર મૂક્યા હતા. તો એ ચૂપચાપ અગિયાર હજાર દઈ દે એ અનીતિ. એમ હોય નહિ. બાપુ! તું ભૂલી ગયો. મારી પાસે તેં પચ્ચીસ હજાર મૂક્યા છે અને આઠ આના કેવા કહેવાય? આઠ આનાની? વ્યાજ-વ્યાજ લ્યોને. ... તેરીખ. એમ કહે, ભાઈ! તું ભૂલી ગયો છો. મારી પાસે તો આટલા મૂક્યા હતા. આ તો કહે .. આપણે ક્યાં (જૂઠું બોલ્યા) એણે માગ્યા એટલા તો આપી દીધા. એ નૈતિક જીવન નથી. સમજાણું કાંઈ?

આ તો લોકોત્તર નૈતિક જીવન. આહા..હા..! દેવાધિદેવ પરમાત્માના મુખથી નીકળેલી એ

જિનાજ્ઞા એમ કહે છે, પ્રભુ! તારી એક સમયની પર્યાય બદલી છે, પણ વસ્તુ તો ત્રિકાળ છે. આહા..હા..! એના ઉપર દૃષ્ટિ દે. સમજાણું કાંઈ?

'**વૃત્ત્યંશોના...**' વૃત્તિ એ દ્રવ્ય પદાર્થ એના અંશ એટલે પર્યાય. એના ભેદને લીધે. અંશના ભેદને લીધે ''**વૃત્તિમાન અર્થાત્ દ્રવ્ય અત્યંત (સર્વથા) નાશ પામે છે'...**' આહા..હા..! પર્યાયથી નાશ પામે છે, વસ્તુથી નાશ પામતું નથી. આહા..હા..! '**એવી કલ્પના દ્વારા 'અન્ય કરે છે અને અન્ય ભોગવે છે' એવો એકાંત ન પ્રકાશો.**' સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- દ્રવ્યની અવસ્થાઓ ક્ષણે ક્ષણે નાશ પામતી હોવાથી...**' આત્માની સમય-સમયની દરેક પરદ્રવ્યની. '**બૌદ્ધમતી એમ માને છે કે 'દ્રવ્ય જ સર્વથા નાશ પામે છે'.**' દ્રવ્ય સર્વથા નાશ પામ્યું. '**આવી એકાંત માન્યતા મિથ્યા છે. જો અવસ્થાવાન પદાર્થનો નાશ થાય તો અવસ્થા કોના આશ્રયે થાય?**' એ સિદ્ધ કરવું છેને? વળી પાછી પર્યાય પરની દ્રવ્યને આશ્રયે નથી થતી એ પર્યાય સ્વતંત્ર થાય છે. એ બીજી વાત છે. સમજાણું કાંઈ? વસ્તુ ધ્રુવ ધ્રુવને આશ્રયે અને પર્યાય પ્રગટે છે તે પર્યાયને કારણે છે. દ્રવ્યને કારણે નથી. પણ એ તો બીજી વાત છે. એ તો બેની સ્વતંત્રતા સિદ્ધ કરવા માટે. અહીંયાં તો પર્યાયનો આધાર દ્રવ્ય છે એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! કથન તે કથન ઘણા પ્રકાર. જે અપેક્ષાએ કહ્યું એ અપેક્ષાએ સમજવું જોઈએ.

કહે છે પર્યાયવાન પદાર્થનો જ નાશ પામે તો પર્યાય કોને આશ્રયે થશે? કોઈને વિરોધ લાગે. કે ૩૨૦ ગાથામાં તો તમે એમ કહેતા હતા. એ ચાલી ગઈને ૩૨૦ ગાથા? જયસેનાચાર્યની ૩૨૦ ગાથા. ત્યાં તો ભગવાન ધ્રુવ સ્વરૂપ પરમાત્મા નિત્યાનંદ પ્રભુ મોક્ષની પર્યાય અને સંવર-નિર્જરાની પર્યાયને પણ કરતો નથી. સંસારનો રાગ ઉદયભાવની પર્યાયને પણ કરતો નથી. એ તો નિષ્ક્રિય વસ્તુ છે. નિષ્ક્રિયનો અર્થ? પર્યાયનું પરિણમન કરનારો એ નથી. ચેતનજી! સવારમાં આવ્યું હતું તમારું સક્રિય-નિષ્ક્રિય એ બીજી ચીજ હતી ત્યાં. એ તો રાગ સક્રિય છે અને ધ્રુવ અક્રિય એ બતાવવું હતું. ત્યાં એ વાત નહોતી. કહે છેકે જ્ઞાનીને પણ રાગનો અંશ વેદન છે એ વાત નહોતી એમાં. આહા..હા..! સમજાણું કાંઈ? પણ મુનિને પણ સક્રિય છે અને અજ્ઞાનીને પણ નિષ્ક્રિય એમ નહોતું ત્યાં સિદ્ધ કરવું. આહા..હા..! ત્યાં તો રાગ એ સક્રિય અવસ્થા છે. સમજાણું કાંઈ? અને ભગવાન નિત્યાનંદ એ નિષ્ક્રિય છે. પછી પર્યાય નિર્મળ છે એ પણ સક્રિય છે. અને દ્રવ્ય એ નિષ્ક્રિય છે અને પર્યાય જે સક્રિય છે એમાં પણ બે ભાગ છે--એક શુદ્ધરૂપી પર્યાય સક્રિય એ પર્યાયનો બીજો ભાગ થોડો અશુદ્ધરૂપી વિકારની સક્રિયાતા. આહા..હા..! આ તો અભ્યાસ જોઈએ.

મુમુક્ષુ :- આપ આટલી બધી વાત કરો છો આમાંથી કઈ અમારા માટે છે એ ખબર પડતી નથી.

ઉત્તર :- આ બધી જ આત્માને સમજવા માટે છે. શ્રીમદે ન કહ્યું 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ. ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એ.' એમાં નાખી દીધું છે. એમાં એ ટૂંકામાં નાખી દીધું છે. સમજાણું કાંઈ? આ તો સંતોની વાણી કોઈપણ અંશ સમકિતનો મલિન હોય તો એ તો મારામાં છે, હું એનો સ્વામી છું. કોઈ જડ સ્વામી છે એમ નથી. કેમકે મારી પર્યાયના અસ્તિત્વમાં જ પરિણમન થઈ રહ્યું છે. આહા..હા..!

મુમુક્ષુ :- પરની અપેક્ષા એટલે ઇ જ થયુંને.

ઉત્તર :- બીજી અપેક્ષાથી લે જ્યારે દૃષ્ટિની અપેક્ષા લે ત્યારે વિકારનો સ્વામી કર્મ છે. એનો હું સ્વામી નથી. એ દૃષ્ટિની અપેક્ષામાં અભેદની વાત છે. પણ જ્ઞાનની પ્રધાનતાનું સાથે કથન લે તો અંશ-અંશ જેટલી અશુદ્ધતા અને જેટલી શુદ્ધતા એને જાણનારો પરમજ્ઞાની છે. મારામાં અશુદ્ધતા એટલી છે. આહા..હા..! ભાઈ! સમજવું પડશે એણે. હળદરનો ગાંઠીયો લઈને ગાંધી થઈ જાય?

મુમુક્ષુ :- .. કરોડો રૂપિયા ઉપજે.

ઉત્તર :- ના, ના કરોડો ઉપજે નહિ. ગમે તે હોય નહિ, ગમે તેવા ભાવ કરે નહિ. ગાંધી થઈ જાય. અહીં તો એમ કહેવું છે. પૈસાની અહીંયાં વાત નથી. એક ગાંઠીયે ગાંધી થઈ જાય? ગાંધી સમજો છો? હળદર પણ બહુ હોવું જોઈએ, ધાણાજીરૂ .. ઘણી ચીજો હોય તો ગાંધી કહેવાય કે એક હળદરના ગાંઠીયે ગાંધી થઈ ગયો? શેઠ! એમ કહે છે અમારે. તમારે પણ હશે. સંસારની .. બેસી જાય. હળદરના ગાંઠીયે સંસારી થઈ ગયો. એક ગાંઠીયો? એમ તો હળદર એમાં બધા ખાના ભર્યા હોય, ધાણા, જીરૂ, કોકમ, સોપારી, બદામ, પિસ્તા, ચારોળી સમજાણું કાંઈ? એય..! મનસુખ! એ બધું રાખવું પડે. ... ઓલામાં માલ પડ્યો હોય પછી બીજે ગોદામમાં. અમારા વખતે પણ આવા ગોદામ-ગોદામ નહોતા, પણ કાચની બરણી હોયને એમાં રાખે. એટલો જ માલ હોય ૩૦૦, ૪૦૦ બસ. થોડો. એ બરણીમાં હોય આ બદામ, આ પિસ્તા. શું કહેવાય ઓલા? કાજુ. આવે છેને મેવો?

મુમુક્ષુ :- સુકો મેવો.

ઉત્તર :- સુકો મેવો. બસ એક ગાંઠીયે થઈ જાય? આહા..હા..! એમ એક જ વાત સાંભળવાથી જ્ઞાન થઈ જાય એમ નથી. ઘણું સાંભળવું પડશે એણે.

મુમુક્ષુ :- .. જ્ઞાન તે આત્મા એટલું સાંભળે ત્યાં કામ થઈ જાય.

ઉત્તર :- ઓહો..હો..! .. તો એમ પણ થઈ જાય, પણ યોગ્યતા હોવી જોઈએને. યોગ્યતામાં કચાશ છે તો ક્યાંથી ઉતરે? ત્રિકાળી આત્મા આનંદકંદ પ્રભુ છે એમ સાંભળીને અંદરમાં ઉતરી જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ કરે ત્યારે. લાકડા અંદરમાં અનેક પ્રકારના.

મુમુક્ષુ :- આપ જ કહો છો એમ.

ઉત્તર :- પણ એ તો કહે એમ. કોને? જેની એવી તૈયારી હોય. એક ક્ષણમાં બધું જાણી લે. બાકી તો અનંતવાર અગિયાર અંગ સાંભળ્યા. કોઈ ચીજની ખબર મળી નહિ. આહા..હા..!

કહે છે કે **'એ રીતે બન્નેના નાશનો પ્રસંગ આવવાથી શૂન્યનો પ્રસંગ આવે છે.'** પર્યાયને જ આત્મા માનવાથી ભિન્ન-ભિન્ન આત્મા તો દ્રવ્ય પણ ન રહ્યું, દ્રવ્ય ન રહ્યું તો પર્યાય પણ ન રહી. એનો નાશ થઈ ગયો. આ આચાર્યો આટલી વાત કરે છે. નવરા છે આચાર્યો કાંઈ? સમજાણું કાંઈ? મહાવીતરાગી મુનિ. જે આખી દુનિયાથી ઉદાસ... ઉદાસ... ઉદાસ... મારો ભગવાન આત્મા એની સાથે સંસારનું તન્મયપણું તો ત્રિકાળ નથી. આહા..હા..! એ વિકલ્પ પણ મારામાં નથી. છતાં સમજાવાનો વિકલ્પ હું આવું સ્પષ્ટિકરણ કરું છું. આહા..હા..! કરૂણા ઉપજે. કરૂણા, કરૂણા છે. આવે છેને મોક્ષમાર્ગપ્રકાશકમાં?

મુમુક્ષુ :- કોઈ ક્રિયા જડ થઈ રહ્યા

ઉત્તર :- હા ઇ તો આમાં આપણે મોક્ષમાર્ગપ્રકાશકમાં. મુનિને અશુભ તો છે નહિ, પણ ધર્મના લોભીને જોઈને શુભરાગ આવે છે. એમ છેને? શરૂઆતમાં છે. આવે. ... ભેગા કરી દે એમ નથી. સમજાણું કાંઈ? આ વળી મૂક્યું છે જુઓ, સમજાણું કાંઈ? બધા ગુણો અંદરમાં એકરૂપ છે એ દોરો અને આખી ચીજ એ હાર. એમ ભગવાન અનંત પર્યાયો, એક-એક પર્યાયો મોતી એ પર્યાયમાં બધા ગુણ સળંગ છે એ ગુણ. અને અનંતગુણનું એકરૂપ દોરો તે દ્રવ્ય. કહો, સમજાણું કાંઈ? કોઈ .. લાગે. પછી આટલું જરી .. કર્યો હતો. અહીં તો ... સમજાણું કાંઈ? આહા..હા..! એક સમયની આ ...માં આખો હાર આવી જાય? એક મોતીમાં આખો દોરો આવી જાય? ભિન્ન-ભિન્ન છે. અને દોરો તો સળંગ છે અંદરમાં અને આખો હાર તો અખંડ છે. એ ક્રમબદ્ધમાં આ દૃષ્ટાંત દેતા હતા. ૯૯ ગાથા આવે છેને પ્રવચનસાર. ત્યાં હારનું દૃષ્ટાંત આપ્યું છે અમૃતચંદ્રાચાર્યે. હારનું દીધું છે. જુઓ ભાઈ! જે સમયે જે અવસ્થા થાય છે એ અવસ્થા થશે. આગળ-પાછળ નહિ થાય. ભુતકાળની અવસ્થા ભુતકાળમાં થશે, ભવિષ્યની ભવિષ્યમાં થશે અને વર્તમાનની વર્તમાને થશે. બસ. આઘા-પાછાનો પ્રશ્ન ક્યાં? એમ જે સમયે જે મોતી છે એ સમયે મોતી રહેશે. નહિ તો ક્રમબદ્ધ નહિ રહે. આઘું-પાછું હોય તો દોરો નહિ રહે. તો દ્રવ્ય નહિ રહે. કહો, નહિ માનવા માટે આવા તર્ક કરે છે. એમ કે અહીંયાં કરવું... ત્યાં કરવું.. તોડે તો દ્રવ્યસ્વરૂપ બેય નહિ રહે. આહા..હા..!

અહીંની વાત ચાર-પાંચ મુખ્ય. ઉપાદાન અને નિમિત્ત, નિશ્ચય અને વ્યવહાર અને ક્રમબદ્ધ. એ ઝઘડા બધા. પાંચ નાખે છે. કોક વળી બીજાએ વધારે નાખ્યા છે કાંઈક હમણા. શ્રદ્ધામાં, જ્ઞાનમાં અને ફલાણામાં. પાંચ ઉપરાંત નાખ્યા છે. ઓલા હેમચંદજી અજમેરવાળો પંડિત. અરે..! ભગવાન! ભગવાન! તને તારી ખબર નથી, ભાઈ! આહા..હા..! તારી વસ્તુ સ્થિતિ શું છે? વસ્તુની કેવી મર્યાદા છે? અને વસ્તુ કેમ ટકી છે અને વસ્તુ કેમ બદલે છે? આહા..હા..! કહે છે ઓલું બદલે છે

તો નિમિત્તથી બદલે છે. તો એનો પર્યાયનો કાળ નહોતો કે નિમિત્તથી બદલાણી? કાર્યકાળ હતો તો થઈ. તો એમાં નિમિત્ત શું કરે?

મુમુક્ષુ :- .. લખ્યું છે કે બેય કારણ જોઈએ.

ઉત્તર :- એ કારણ વ્યવહારથી કહ્યું છે. વ્યવહાર સિદ્ધ કરવા. ઉપાદાન વખતે જે ચીજ હોય એ સિદ્ધ કરવા કહ્યું છે. નિમિત્ત છે તો અહીંયાં ઉપાદાનની પર્યાય થઈ છે? એનો સત્‌નો અંશ છે તો આ સત્‌નો અંશ અહીં આવ્યો. તો તો સ્વતંત્ર રહે જ નહિ. સમજાણું કાંઈ? અને વ્યવહારથી નિશ્ચય થાય છે. ... નિમિત્ત હોય... શ્રીમદ્‌માં કહ્યું સવારમાં. બે નય એક સાથે રહે છે. એય..! ચેતનજી! 'નય નિશ્ચયે એકાંતે નહિ, આમાં નથી એકાંતે વ્યવહારે બંને સાથ રહે.' જુઓ, આહા..હા..! ત્યાં તો મુખ્ય... નિશ્ચયનું ભાન થયું તો રાગાદિ છે એને વ્યવહાર કહેવો એ તો સાથે છે. સમજાણું કાંઈ? રાગની ક્રિયા કરી તો નિશ્ચય થાય એવું એમાં રહ્યું નહિ. કહો, એય..! 'સાધન કરવા સહુ' એ આવે છે કે નહિ? 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સહુ' ક્યું સાધન? રાગની મંદતાનું? રાગની મંદતાનું સાધન પહેલા અને નિશ્ચય પછી. તો એ ગાથા રહેતી નથી. ન્યાયથી અંદર બેસવું જોઈએને. પોતાની મતિથી કરે એમ કાંઈ ચાલે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. સાધન કરે તો નિશ્ચય તો લક્ષમાં રાખવાનું. નિશ્ચય પ્રગટ્યું નથી અને સાધન? ભારે આકરી વાત બાપા! અહીંયાં તો દિગંબર સંતો તો ધડાબંધ, જ્યારે નિશ્ચય છે તો સાથે વ્યવહાર હોય છે પૂર્ણ ન હોય તો. બસ થાય છે એટલું પર્યાપ્ત જ્ઞાન કરે છે. પણ એ વ્યવહારથી નિશ્ચય થાય છે એવું કદી બનતું નથી. આહા..હા..! અહીંયાં તો પર્યાયની વાત કરીને? ૨૦૭ કળશ થઈ ગયો.

---

## ગાથા-૩૪૫ થી ૩૪૮

**केहिंचि दु पज्जएहिं विणस्सए णेव केहिंचि दु जीवो।**
**जम्हा तम्हा कुव्वदि सो वा अण्णो व णेयंतो।।345।।**

केहिंचि दु पज्जएहिं विणस्सए णेव केहिंचि दु जीवो।
जम्हा तम्हा वेददि सो वा अण्णो व णेयंतो॥346॥
जो चेव कुणदि सो चिय ण वेदए जस्स एस सिद्धंतो।
सो जीवो णादव्वो मिच्छादिट्ठी अणारिहदो॥347॥
अण्णो करेदि अण्णो परिभुंजदि जस्स एस सिद्धंतो।
सो जीवो णादव्वो मिच्छादिट्ठी अणारिहदो॥34 8 ॥

कैश्चित्तु पर्यायैर्विनश्यति नैव कैश्चित्तु जीवः।
यस्मात्तस्मात्करोति स वा अन्यो वा नैकान्तः॥345॥
कैश्चित्तु पर्यायैर्विनश्यति नैव कैश्चित्तु जीवः।
यस्मात्तस्माद्वेदयते स वा अन्यो वा नैकान्तः॥346॥
यश्चैव करोति स चैव न वेदयते यस्य एष सिद्धान्तः।
स जीवो ज्ञातव्यो मिथ्यादष्टिरनार्हतः॥347॥
अन्यः करोत्यन्यः परिभुंक्ते यस्य एष सिद्धान्तः।
स जीवो ज्ञातव्यो मिथ्यादष्टिरनार्हतः॥348॥

यतो हि प्रतिसमयं सम्भवदगुरुलघुगुणपरिणामद्वारेण क्षणिकत्वादचलितचैतन्यान्वयगुण-द्वारेण नित्यत्वाच्च जीवः कैश्चित्पर्यायैर्विनश्यति, कैश्चित्तु न विनश्यतीति द्विस्वभावो जीवस्वभावः। ततो य एव करोति स एवान्यो वा वेदयते, य एव वेदयते, स एवान्यो वा करोतीति नास्त्येकान्तः। एवमनेकान्तेऽपि यस्तत्क्षणवर्तमानस्यैव परमार्थसत्त्वेन वस्तुत्वमिति वस्त्वंशेऽपि वस्तुत्वमध्यास्य शुद्धनयलोभादृजुसूत्रैकान्ते स्थित्वा य एव करोति स एव न वेदयते, अन्यः करोति अन्यो वेदयते इति पश्यति स मिथ्यादृष्टिरेव द्रष्टव्यः, क्षणिकत्वेऽपि वृत्यंशानां वृत्तिमतश्चैतन्यचमत्कारस्य टङ्कोत्कीर्णस्यैवान्तःप्रतिभासमानत्वात्।

હવે ગાથાઓમાં અનેકાંતને પ્રગટ કરીને ક્ષણિકવાદને સ્પષ્ટ રીતે નિષેધે છે :

પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,
તેથી કરે છે તે જ કે બીજો-નહીં એકાંત છે. 345.
પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,
જીવ તેથી વેદે તે જ કે બીજો-નહીં એકાંત છે. 346.
જીવ જે કરે તે ભોગવે નહિ-જેહનો સિદ્ધાંત એ,
તે જીવ મિથ્યાષ્ટિ છે, અર્હંતના મતનો નથી. 347.
જીવ અન્ય કરતો, અન્ય વેદે-જેહનો સિદ્ધાંત એ,
તે જીવ મિથ્યાષ્ટિ છે, અર્હંતના મતનો નથી. 348.

ગાથાર્થ :- [यस्मात्] કારણ કે [जीवः] જીવ [कैश्चित् पर्यायैः तु] કેટલાક પર્યાયોથી [विनश्यति]

નાશ પામે છે [तु] અને [कैश्चित्] કેટલાક પર્યાયોથી [न एव] નથી નાશ પામતો, [तस्मात्] તેથી [सः वा करोति] '(જે ભોગવે છે) તે જ કરે છે' [अन्यः वा] અથવા 'બીજો જ કરે છે' [न एकान्तः] એવો એકાંત નથી (-સ્યાદ્વાદ છે).

[यस्मात्] કારણ કે [जीवः] જીવ [कैश्चित् पर्यायैः तु] કેટલાક પર્યાયોથી[विनश्यति] નાશ પામે છે [तु] અને [कैश्चित्] કેટલાક પર્યાયોથી [न एव] નથી નાશ પામતો, [तस्मात्] તેથી [सः वा वेदयते] '(જે કરે છે) તે જ ભોગવે છે' [अन्यः वा] અથવા 'બીજો જ ભોગવે છે' [न एकान्तः] એવો એકાંત નથી (-સ્યાદ્વાદ છે).

'[अन्यः करोति] જે કરે છે [अन्यः परिभुंक्ते] તે જ નથી ભોગવતો' [एषः यस्य सिद्धान्तः] એવો જેનો સિદ્ધાંત છે, [सः जीवः] તે જીવ [मिथ्यादृष्टिः] મિથ્યાદષ્ટિ, [अनार्हतः] અનાર્હત અર્હત્‌ના મતને નહિ માનનારો) [ज्ञातव्यः] જાણવો.

'[अन्यः करोति] બીજો કરે છે [अन्यः परिभुंक्ते] અને બીજો ભોગવે છે' [एषः यस्य सिद्धान्तः] એવો જેનો સિદ્ધાંત છે, [सः जीवः] તે જીવ [मिथ्यादृष्टिः] મિથ્યાદષ્ટિ, [अनार्हतः] અનાર્હત (-અજૈન) [ज्ञातव्यः] જાણવો.

ટીકા : જીવ, પ્રતિસમયે સંભવતા (-દરેક સમયે થતા) અગુરુલઘુગુણના પરિણામ દ્વારા ક્ષણિક હોવાથી અને અચલિત ચૈતન્યના અન્વયરૂપ ગુણ દ્વારા નિત્ય હોવાથી, કેટલાક પર્યાયોથી વિનાશ પામે છે અને કેટલાક પર્યાયોથી નથી વિનાશ પામતો-એમ બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે; તેથી 'જે કરે છે તે જ ભોગવે છે' અથવા 'બીજો જ ભોગવે છે', 'જે ભોગવે છે તે જ કરે છે' અથવા 'બીજો જ કરે છે'-એવો એકાંત નથી. આમ અનેકાંત હોવા છતાં, 'જે (પર્યાય) તે ક્ષણે વર્તે છે, તેને જ પરમાર્થ સત્પણું હોવાથી, તે જ વસ્તુ છે' એમ વસ્તુના અંશમાં વસ્તુપણાનો અધ્યાસ કરીને શુદ્ધનયના લોભથી ઋજુસૂત્રનયના એકાંતમાં રહીને જે એમ દેખે-માને છે કે 'જે કરે છે તે જ નથી ભોગવતો, બીજો કરે છે અને બીજો ભોગવે છે', તે જીવ મિથ્યાદ્દષ્ટિ જ દેખવો-માનવો; કારણ કે, વૃત્ત્યંશોનું (પર્યાયોનું) ક્ષણિકપણું હોવા છતાં, વૃત્તિમાન (પર્યાયી) જે ચૈતન્યચમત્કાર (આત્મા) તે તો ટંકોત્કીર્ણ (નિત્ય) જ અંતરંગમાં પ્રતિભાસે છે.

ભાવાર્થ : વસ્તુનો અભાવ જિનવાણીમાં દ્રવ્યપર્યાયસ્વરૂપ કહ્યો છે; માટે સ્યાદ્વાદથી એવો અનેકાંત સિદ્ધ થાય છે કે પર્યાય-અપેક્ષાએ તો વસ્તુ ક્ષણિક છે અને દ્રવ્ય-અપેક્ષાએ નિત્ય છે. જીવ પણ વસ્તુ હોવાથી દ્રવ્યપર્યાયસ્વરૂપ છે. તેથી, પર્યાયદષ્ટિએ જોવામાં આવે તો કાર્યને કરે છે એક પર્યાય, અને ભોગવે છે અન્ય પર્યાય; જેમ કે - મનુષ્યપર્યાયે શુભાશુભ કર્મ કર્યાં અને તેનું ફળ દેવાદિપર્યાયે ભોગવ્યું. દ્રવ્યદષ્ટિએ જોવામાં આવે તો, જે કરે છે તે જ ભોગવે છે; જેમ કે-

મનુષ્યપર્યાયમાં જે જીવદ્રવ્યે શુભાશુભ કર્મ કર્યાં, તે જ જીવદ્રવ્યે દેવાદિ પર્યાયમાં પોતે કરેલાં કર્મનું ફળ ભોગવ્યું.

આ રીતે વસ્તુનું સ્વરૂપ અનેકાંતરૂપ સિદ્ધ હોવા છતાં, જે જીવ શુદ્ધનયને સમજ્યા વિના શુદ્ધનયના લોભથી વસ્તુના એક અંશને (-વર્તમાન કાળમાં વર્તતા પર્યાયને) જ વસ્તુ માની ઋજુસૂત્રનયના વિષયનો એકાંત પકડી એમ માને છે કે 'જે કરે છે તે જ ભોગવતો નથી-અન્ય ભોગવે છે, અને જે ભોગવે છે તે જ કરતો નથી-અન્ય કરે છે', તે જીવ મિથ્યાદષ્ટિ છે, અર્હંતના મતનો નથી; કારણ કે, પર્યાયોનું ક્ષણિકપણું હોવા છતાં, દ્રવ્યરૂપ ચૈતન્યચમત્કાર તો અનુભવગોચર નિત્ય છે; પ્રત્યભિજ્ઞાનથી જણાય છે કે 'બાળક અવસ્થામાં જે હું હતો તે જ હું તરુણ અવસ્થામાં હતો અને તે જ હું વૃદ્ધ અવસ્થામાં છું'. આ રીતે જે કથંચિત્ નિત્યરૂપે અનુભવગોચર છે-સ્વસંવેદનમાં આવે છે અને જેને જિનવાણી પણ એવો જ ગાય છે, તેને જે ન માને તે મિથ્યાદષ્ટિ છે એમ જાણવું.

---

## ગાથા-૩૪૫ થી ૩૪૮ ઉપર પ્રવચન

'હવે ગાથાઓમાં અનેકાંતને પ્રગટ કરીને ક્ષણિકવાદને સ્પષ્ટ રીતે નિષેધે છે :-' ગાથા ચાર.

**केहिंचि दु पज्जएहिं विणस्सए णेव केहिंचि दु जीवो।**
**जम्हा तम्हा कुव्वदि सो वा अण्णो व णेयंतो॥345॥**
**केहिंचि दु पज्जएहिं विणस्सए णेव केहिंचि दु जीवो।**
**जम्हा तम्हा वेददि सो वा अण्णो व णेयंतो॥346॥**
**जो चेव कुणदि सो चिय ण वेदए जस्स एस सिद्धंतो।**
**सो जीवो णादव्वो मिच्छादिट्ठी अणारिहदो॥347॥**
**अण्णो करेदि अण्णो परिभुंजदि जस्स एस सिद्धंतो।**
**सो जीवो णादव्वो मिच्छादिट्ठी अणारिहदो॥34 8 ॥**

અપસિદ્ધાંત આવે છેને એમાં? ટીકામાં? અપસિદ્ધાંત આવે છેને ક્યાંક? છે ક્યાંક શબ્દ. ૯૯માં હતું. લ્યો ઇ આમ માને એ અપસિદ્ધાંત કહેવાય. અપસિદ્ધાંત એટલે અમારો સિદ્ધાંત ખોટો? એમ. ..ભાઈ હતા. નાના અપસરામાં. અપસિદ્ધાંત છે આવ્યું હતું. આમાં પહેલા આવી ગયું.

મુમુક્ષુ :- ૨૦૦ કળશ.

ઉત્તર :- ૨૦૦ કળશ. બોલોને ભાઈ! આંહી અમને કાંઈ બધું યાદ હોય છે? અપસિદ્ધાંત આવ્યું હતું. હા એ આવ્યું હતું. ટીકા? ટીકાને? એ આવ્યું હતું. જુઓ નીચે છે. અપસિદ્ધાંત મિથ્યા ભૂલ ભરેલો સિદ્ધાંત એવું આવ્યું હતું. હા એ. 'આત્માને જ કર્તા જ દેખે-માને છે. લોકોત્તર હોય તોપણ લૌકિકજન .. ' પરનું હું કરું છું. છકાયના જીવની રક્ષા હું કરી શકું છું. એ લોકોત્તર હોય પણ એ અપસિદ્ધાંતવાળો છે. અપસિદ્ધાંત છે. એ ૯૯માં પ્રશ્ન થયો હતો. ભોળાભાઈ હતા. લાલચંદ શેઠની સામે ભોળાભાઈ. બે પક્ષ હતા. એ ..ભાઈ વ્યાખ્યાનમાં આવે ૯૯માં. તે દિ' તો રાતે ભાઈ પણ આવ્યા હતા આ વકીલ. કેવા? રાતે આવ્યા હતા મેડી ઉપર ૯૯માં. ઇ કહે કે અપસિદ્ધાંત? પરને કર્તા માનવો એ તો અપસિદ્ધાંત છે. મિથ્યા સિદ્ધાંત છે તારો. જેમ વિષ્ણુને પરનો કર્તા માને છે એમ તું પણ છ કાયની રક્ષા કરી શકું છું, પરની અવસ્થા હું રચી શકું છું એ અપસિદ્ધાંત-જૂઠો સિદ્ધાંત છે. એ કહે અપસિદ્ધાંત અમારો સિદ્ધાંત જૂઠો ઠરાવે છે. સિદ્ધાંત અપસિદ્ધાંત હોય નહિ.

મુમુક્ષુ :- એ પણ નથી ખબર ...

ઉત્તર :- એને એ... આહા..હા..! .. ક્યાં પક્ષ કર્યાં છે? આહા..હા..! સાંભળવામાં એ .. થઈ ગઈ.

મુમુક્ષુ :- અમારા સિદ્ધાંતને તમે અપસિદ્ધાંત કહીને વાત કરો

ઉત્તર :- ... શેઠ હતાને. ગીરધરભાઈ હતા. ગીરધર મનસુખ ૯૯ની વાત છે. ૯૯-૯૯. ૩૦-૩૧ વર્ષ થયા. આ આવ્યુંને?

**પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,**
**તેથી કરે છે તે જ કે બીજો-નહીં એકાંત છે. 345.**
**પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,**
**જીવ તેથી વેદે તે જ કે બીજો-નહીં એકાંત છે. 346.**
**જીવ જે કરે તે ભોગવે નહિ-જેહનો સિદ્ધાંત એ,**
**તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અર્હંતના મતનો નથી. 347.**
**જીવ અન્ય કરતો, અન્ય વેદે-જેહનો સિદ્ધાંત એ,**
**તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અર્હંતના મતનો નથી. 348.**

કુંદકુંદાચાર્યનો પોકાર તો આ છે.

'**ટીકા : જીવ, પ્રતિસમયે...**' પ્રત્યેક સમયે '**સંભવતા...**' ભાષા જુઓ, જે દ્રવ્યમાં જે પર્યાય સંભવે છે એ જ પર્યાય થશે. સમજાણું કાંઈ? '**જીવ, પ્રતિસમયે...**' પ્રત્યેક સમયે '**સંભવતા (-દરેક સમયે થતા) અગુરુલઘુગુણના પરિણામ દ્વારા...**' સંભવતા એટલે થનારા એમ. વાત તો આ

સંભવતા એ સમયની પર્યાય જે થવાની છે એ જ સંભવે છે. સમજાણું કાંઈ? **'અગુરુલઘુગુણના પરિણામ દ્વારા ક્ષણિક હોવાથી...'** એ કારણે ક્ષણિક છે. સમય-સમય પરિણમન બદલે છે એ અપેક્ષાએ ભગવાન અને દરેક દ્રવ્ય ક્ષણિક છે. **'અચલિત ચૈતન્યના અન્વયરૂપ ગુણ દ્વારા...'** પણ ચળે નહિ એવું ચૈતન્યના અન્વય સાથ રહેનારા. એ **'નિત્ય હોવાથી,...'** આહા..હા..! કાયમ ચૈતન્યના અન્વય પર્યાયમાં એ... એ... એ... એ... અન્વય સાથે છે એમ નિત્ય હોવાથી **'કેટલાક પર્યાયોથી વિનાશ પામે છે...'** કોઈ કોઈ પર્યાય જે છે. પર્યાયની અપેક્ષાએ નાશ પામે છે. **'અને કેટલાક પર્યાયોથી નથી વિનાશ પામતો...'** પર્યાય શબ્દે ગુણ. સમજાણું કાંઈ? **'અને કેટલાક પર્યાયોથી નથી વિનાશ પામતો...'** પર્યાય શબ્દે ભેદ-ગુણ. શબ્દ પડ્યો છે પર્યાય. સ્વભાવિક કીધુંને.

**'એમ બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે;...'** બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે. આહા..હા..! ક્ષણિક અવસ્થાથી નાશવાન થાય છે અને ત્રિકાળ અવસ્થા-ગુણથી અવિનાશી છે. વિનાશને પામતો નથી એમ. પર્યાયની અપેક્ષાએ નાશવાન-વિનાશને પામે છે અને ગુણની અપેક્ષાએ નાશવાન નથી. આહા..હા..! આવું બાયુને અને છોકરાઓને ક્યાંથી ઝટ દઈને સમજાય? પછી માણસ વાતું કરે માટે અમને બીજું શીખવો, બીજું. હવે બધા આત્મા છે. અને પંચેન્દ્રિય સંજ્ઞી ક્ષયોપશમ તો લઈને આવ્યો છે. હવે આ ધુળધાણી આ સંસારની વાતું બધી સમજે. બાયુ વડી કેમ કરવી? શેરો કેમ કરવો? પાપડ કેમ કરવા? લાપસી કેમ કરવી? એ બધું આવડે કે નહિ એને? જ્ઞાન-ખ્યાલ હોં ખ્યાલ. કરી શકે નહિ એ પ્રશ્ન નથી. પુરણપોળી કેમ કરવી? લાડવા કેમ બને? દળના લાડુ કેમ બને? દળ નહિ દળ. મોહનથાળ, મેસુબ બધાનો ખ્યાલ નથી? ખ્યાલ હોં. ખ્યાલથી કરી શકે એ પ્રશ્ન અહીં નથી. આહા..હા..! એમ આ આત્મા કેવો છે એનો ખ્યાલ ન રાખે? એ તો દુનિયાની ચીજ જડની વાત છે. આહા..હા..! અરે..! કેટલાક એમ કહે કે અમે તો સ્ત્રી છીએ, અમને તો ઓછું જ્ઞાન છે. અમે તો રાંધણિયામાં જ વધારે રહીએ છીએ. રાંધણિયા સમજો? રસોઈ કરનારા. રસોઈઘર. એ કહ્યું હતું અમારે ગોદાવરીબહેનને કોકે. કોકે રાંધણિયું કીધું. કોકે કોણ? બા. રાંધણું રાંધણા કરવામાં રોકાઈ ગયા છે એમ કોક કહેતું હતું. આપણામાંથી કોકે કીધું હતું ખરું. શબ્દ આવ્યો હતો. આહા..હા..! અહીં તો કહે છે કે રાંધવામાં રોકાય કોણ? એનો ખ્યાલ થયો બસ. તો એ ચીજનો ખ્યાલ આવે છે તો આ ચીજનો ખ્યાલ ન આવે? નિજ ચીજનો ખ્યાલ ન આવે કે હું આવો ત્રિકાળ દ્રવ્ય છું, વર્તમાન પલટતી અવસ્થાથી હું નાશવાન ગણવામાં આવું છું.

**'કેટલાક પર્યાયોથી નથી વિનાશ પામતો-એમ બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે; તેથી 'જે કરે છે તે જ ભોગવે છે'...'** કર્તા છે એ જ ભોગવે છે. એ દ્રવ્યથી છે. **'અથવા 'બીજો જ ભોગવે છે',...'** એ પર્યાયથી છે. **' 'જે ભોગવે છે તે જ કરે છે' અથવા 'બીજો જ કરે છે'-એવો એકાંત નથી...'** એને એવું એકાંત છે નહિ. એનો ખુલાસો કરશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૧, મંગળવાર, તા.૧૪-૦૮-૧૯૭૩**
**ગાથા-૩૪૫ થી ૩૪૮, પ્રવચન-૪૬૯**

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

સમયસાર. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ચાર ગાથાની ટીકા ચાલે છે. ફરીને લ્યો. ટીકા છેને? આ જીવ જે છે આત્મા એ **'પ્રતિસમયે સંભવતા (-દરેક સમયે થતા) અગુરુલઘુગુણના પરિણામ દ્વારા...'** સંભવતા. એ સમયે થવાલાયક છે એ સંભવતા. **'અચલિત ચૈતન્યના અન્વયરૂપ ગુણ દ્વારા...'** એક તો એ પરિણામ દ્વારા અને એક ગુણ દ્વારા. વસ્તુ જે છે આત્મા એના વર્તમાન પરિણામ જે અગુરુલઘુગુણ દ્વારા પર્યાય જે થાય છે એ વડે. એ દ્વારા શું કહે છે? એ પ્રકારે બે સ્વભાવવાળા છે એમ. સમજાણું કાંઈ? અને **'અચલિત ચૈતન્યના અન્વયરૂપ ગુણ દ્વારા...'** જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... અન્વય એકરૂપ રહેનારા. એવા **'અન્વયરૂપ ગુણ દ્વારા નિત્ય હોવાથી,...'** ભગવાન આત્મા નિત્ય છે. કાયમ ટકનારી ચીજથી એ નિત્ય છે. પરિણામ દ્વારા એ અનિત્ય છે. પરની સાથે કોઈ સંબંધ છે નહિ. **'કેટલાક પર્યાયોથી વિનાશ પામે છે...'** પર્યાય જે અવસ્થા થાય છે એનાથી તો વિનાશ પામે છે. નવી-નવી અવસ્થા થાય છે તો જૂની અવસ્થા વિનાશ પામે છે. આહા..હા..! **'અને કેટલાક પર્યાયોથી નથી વિનાશ પામતો...'** પર્યાય શબ્દે ભેદગુણ સહવર્તી. આત્મામાં જ્ઞાન-દર્શન-આનંદ આદિ એકરૂપ રહેનારા એને જ સહવૃત્તિ પર્યાય કહે છે. એ વિનાશ પામતો નથી. આહા..હા..! **'એમ બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે;...'**

મુમુક્ષુ :- આત્મા એક અને સ્વભાવ બે.

ઉત્તર :- વસ્તુ એક, સ્વભાવ બે. આહા..હા..! બદલવું એ પણ એની પર્યાય સ્વભાવ છે અને અવિનાશી રહેવું એ ગુણસ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેથી 'જે કરે છે તે જ ભોગવે છે'...'** એમ કોઈ એકાંત કહે એમ નથી. **''જે કરે છે તે જ ભોગવે છે'...'** કેમકે (એક) પર્યાય કરે છે બીજી પર્યાય ભોગવે છે. દ્રવ્યથી એ દ્રવ્ય પર્યાય કરી છે અને બીજી પર્યાયમાં એ દ્રવ્ય ભોક્તા છે. પણ પર્યાયથી જુઓ તો કર્તા અને ભોક્તા બીજો છે. આહા..હા..! એવું એકાંત નથી. એવું એકાંત નથી એમ. **''બીજો જ ભોગવે છે', 'જે ભોગવે છે તે જ કરે છે' અથવા 'બીજો જ કરે છે'-એવો એકાંત નથી આમ અનેકાંત હોવા છતાં,...'**

સમજાણું કાંઈ? પર્યાય છે એ એક સમયની પર્યાય કરે છે અને એ પર્યાય બીજે ક્ષણે રહેતી નથી. તો બીજી પર્યાય ભોગવે છે એમ પર્યાયદષ્ટિથી કહેવામાં આવે છે. પણ એકાંત નથી. કેમકે દ્રવ્ય જે પર્યાયમાં કરે છે એ જ દ્રવ્ય ભોગવવા સમયે દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

**'એવો એકાંત નથી. આમ અનેકાંત હોવા છતાં, 'જે (પર્યાય) તે ક્ષણે વર્તે છે, તેને જ પરમાર્થ સત્પણું હોવાથી,...'** એ જ પરમાર્થ આત્મા છે એવું માનનારો મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? વર્તમાન દૃષ્ટિ બૌદ્ધ જેવી ઘણાને છે. બસ વર્તમાન પર્યાય જે દેખાય એ જ હું. વળી બીજે સમયે રહેશે એ કોણ માને છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મરી જાય ત્યાં સુધી રહે એમ તો માને છે.

ઉત્તર :- મરી જાય ત્યાં સુધી રહેતી નથી. એ તો સમયે સમયે બદલે છે. પર્યાય તો સમયે સમયે બદલાય છે. આહા..હા..! જે ધંધા વખતે પાપની પર્યાય હતી એના ફળ ભોગવવા વખતે એ પર્યાય નથી રહેતી. સમજાણું કાંઈ? અને દ્રવ્ય જુઓ તો જે સમયે જે દ્રવ્યે પાપ કર્યું એ જ દ્રવ્ય બીજા ભવે ભોગવશે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ કુટુંબ ને કબીલા ને બાયડી ને છોકરાને. એ માટે પાપ કરે છે. આહા..હા..! એ પાપ કરનારી પર્યાય વર્તમાન છે અને એ જ પર્યાય એનું ફળ જ્યારે આવશે પ્રતિકૂળ સંયોગ એ વખતે ભોગવનારી પર્યાય બીજી છે. આહા..હા..! પણ દ્રવ્ય તો એનું એ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેને જ પરમાર્થ સત્પણું હોવાથી, તે જ વસ્તુ છે' એમ વસ્તુના અંશમાં...'** એક સમયના અંશમાં **'વસ્તુપણાનો અધ્યાસ કરીને...'** એટલી જ વસ્તુ છે એક સમય જેટલી જ વસ્તુ છે. પર્યાય પાછળ નાશ નહિ થનારો ગુણ છે એની ખબર નથી. આહા..હા..! એ અધ્યાસ **'શુદ્ધનયના લોભથી...'** શું કહે છે? શુદ્ધનયમાં વળી આ વર્તમાન અને ભવિષ્ય, વર્તમાનની સમય અવસ્થા અને બીજે સમયે તો ભિન્ન-ભિન્ન છે. એમાં સળંગ માનવી એ તો શુદ્ધનયમાં દોષ આવે છે એમ માને છે, પણ શુદ્ધનયનો એવો અર્થ નથી. **'શુદ્ધનયના લોભથી...'** એમ લીધું છે. તો એક સમયની પર્યાયમાં જે દ્રવ્યને ત્રિકાળ માનશે તો તો દોષ લાગશે. એમ અજ્ઞાની માને છે.

**'ઋજુસૂત્રનયના એકાંતમાં રહીને...'** એકાંતમાં. વર્તમાન દશા એ જ હું. એવું એકાંત ઋજુસૂત્ર નામ સરળદષ્ટિ સીધું દેખે એમ નહિ. વર્તમાન. આહા..હા..! એમ કહે છેને કેટલાક કે અત્યારે પાપ કરીએ છીએ. ભવિષ્યમાં કોણ ભોગવશે? હું તો રહીશ નહિ. પણ તું રહીશ નહિ પણ દ્રવ્ય તો છે કે નહિ? આહા..હા..! એક દષ્ટાંત એવું છે. નરકમાં ... હતી. કુટુંબ-કબીલા માટે પાપ ઘણા કર્યા. મરીને નરકમાં ગયો. ધર્મ તો ન કર્યો પણ પુણ્ય પણ ન કર્યા. તો એના દીકરા આદિ હતા તો ત્યાં અસુર કુમારના દેવ થયા. નરકમાં. બાપને મારે. એને જાતિસ્મરણ થયું અજ્ઞાનમાં. વિભંગ છેને થોડું. કે આ તો મારો દીકરો. અરે..! આને માટે મેં પાપ કર્યા એ તો અસુરકુમાર થયો અને એ મારો ધણી થયો. મને મારે છે. અરે..! તું તો એમ કરે છે. અત્યારે ભૂલી

જાવ. એ બાપ-બાપ અહીંયાં છે નહિ. એ ત્યાં બાપ તારા હતા. તું હતો અને આ હતા. અમારા અહીં બાપ ક્યાં છે? અહીં તો જેલર અમે છીએ અને તમે જેલમાં છો અહીં. જેલર સમજો છો? જેલર. અધિકારી. આહા..હા..! અરે..! પણ તારા માટે મેં પાપ કર્યા. મેં પૈસા-બૈપા ભેગા કર્યા. મારે તો પૈસાનું કાંઈ લેવું નહોતું. તારા માટે મેં આ સ્ત્રી માટે, કુટુંબ માટે, કબીલા માટે. શીવલાલભાઈ! એને માટે ક્યાં કર્યું? એની તો મમતા માટે તે કર્યું. પણ લક્ષ તો ત્યાં હતુંને સામાન્ય? આહા..હા..! પાંચ-દસ લાખ, વીસ લાખ પેદા કરે એ તો પડ્યા રહે અહીંયાં. મૂકી દીધા. એનું પાપ લઈને જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં અસુરકુમાર ઓલાના પરિણામ કાંઈક ઠીક થયા પુત્રના. તો ત્યાં અસુરકુમાર થયો. મારે એને. અરે..! પણ ભાઈ! તું તો મારો દીકરો હતોને. દીકરો-બીકરો ક્યાં છે? એ ભૂતકાળની વાત છોડી દે. માર. આહા..હા..! અગ્નિમાં તપાવેલું લોઢું. સ્પર્શ કર તે બહુ ત્યાં પાપ કર્યા હતા ઘણી હોશ અને હરખથી. આહા..હા..!

અહીં કહે છે કે એક પર્યાયે જે કર્યું એ પર્યાય ત્યાં નથી રહેતી. પણ એ પર્યાયે કર્યું એ પર્યાય ભોગવતી નથી એ પર્યાય અપેક્ષાએ બરાબર છે, પણ એકાંતે એમ નથી. દ્રવ્ય તો એ જ આત્મા છે. જે અહીંયાં પર્યાયમાં કર્યું હતું પાપ એ જ એ સમયે પ્રતિકૂળ સંયોગ જોઈને આહા..હા..! અરરર..! આ! અરે..! ત્યાં વિભંગજ્ઞાન હોય તો થોડો ખ્યાલ પણ આવી જાય કે આ સ્થિતિમાં મેં ત્યાં પાપ કર્યા. આહા..હા..! અહીં ભોગવવું પડશે. રાડ-રાડ નાખે. પીડા... પીડા... પીડા... એ અગ્નિ, એ ઠંડી. જન્મે ત્યારથી સોળ રોગ. જન્મથી રોગ. અહીં પડ્યા રહ્યા પૈસા કરોડ, બે કરોડ, પાંચ કરોડ. ભગવાનજીભાઈ! એય..! શેઠ! આ બે શેઠિયા રહ્યા કરોડપતિ. આ ત્રીજા વળી આવ્યા આજ. એ ઠીક કર્યું ... આહા..હા..! કોણ કરોડપતિ? કોનો જડનો પતિ? આહા..હા..!

મુમુક્ષુ :- આપ એને કરોડપતિ કહીને પછી કહો છો. પહેલા કહેતા નથી.

ઉત્તર :- પણ લોકો ઓળખાવે શી રીતે એને? ઓળખાવે એમ લ્યો આ ઘીયા કરોડપતિ છે, ભગવાનજીભાઈ કરોડપતિ છે. એમ ઓળખાવેને? શેઠિયા બુંદેલખંડના. ભલે ૨૫-૫૦ લાખ હોય પણ કરોડપતિ કહેવાયને? વધારે હોય ત્યાં ક્યાં ગણવા હતા? આહા..હા..! અરેરે..! તું ક્યાંનો ભાઈ પ્રભુ! શા માટે, ક્યા કારણે તે પર્યાય કરી? અને બીજે કાળે એ પર્યાય ભોગવવામાં પ્રતિકૂળ સંયોગ આવ્યા. હાય... હાય... મેં તો કર્યું નહોતું એ તો પર્યાયે કર્યું. પણ પર્યાયમાં તું હતોને. આહા..હા..!

મુમુક્ષુ :- ત્યાં તો બેનું એકપણું

ઉત્તર :- એમ એકપણું માનતો નથી દ્રવ્ય તરીકે. દ્રવ્યપણે તો હું એ જ છું. જે એ પર્યાયમાં કર્યું હતું એ જ મારું દ્રવ્ય. અહીં ભોગવું છું એ પણ મારું દ્રવ્ય. હું તો એ જ છું એમ માનતો નથી. ભૂલી ગયો. એકાંત વર્તમાન માનનારો.

મુમુક્ષુ :- .. અને પર્યાય તો સર્વથા ભિન્ન છે પછી શું.

ઉત્તર :- એ વળી શું? એ તો કઈ અપેક્ષાએ?

મુમુક્ષુ :- એમાં અપેક્ષા?

ઉત્તર :- હા. એ પર્યાય કથંચિત્ ભિન્ન એમ લીધું છે. ભાઈએ એમાં લીધું છે હોં.

મુમુક્ષુ :- કથંચિત્ નહિ, સર્વથા ભિન્ન છે.

ઉત્તર :- ઇ આણે કથંચિત્ લીધું છે ભાઈએ. સમ્યગ્જ્ઞાનદિપીકા. સમ્યગ્જ્ઞાનદિપીકા છેને? જે વાત કરું છું .. કથંચિત્ ભિન્ન પર્યાય. એ આમાં પણ કથંચિત્ ભિન્ન આવ્યું હતુંને હમણા? ૩૨૦. આ તો સર્વથા ભિન્ન છે બે વચ્ચે. એ વાત કઈ અપેક્ષાએ કરી છે એ સમજવું જોઈએને. આહા..હા..! નિત્યાનંદ પ્રભુ જેમાં ગુણની સદૃશ્યતા કાયમ રહે છે અનાદિ-અનંત. એ અનાદિ-અનંત આત્મા પર્યાયમાં રાગ કરે, વિકાર કરે અને બીજા ભવે એકલો ભોગવે. આહા..હા..! જેને માટે કર્યા એ કોઈ સાથ આપે નહિ. એ સમુકા અગ્રેસર થયા હોય ત્યાં અસુરકુમાર આદિ મારે વધારે. આહા..હા..! ત્યાં દૃષ્ટાંત આવે છેને એ. એના બાપનું શ્રાદ્ધ હતું. શ્રાદ્ધ સમજો છો? શ્રાદ્ધ નથી સમજતા? બાર મહિને કરે છેને મરી ગયા હોય એનું. ભાદરવામાં કરે છેને શ્રાદ્ધ. કાગડાને નાખે. એ શ્રાદ્ધ હતું એના બાપનું. એ બાપ મરીને કુતરી થઈ. કુતરીનું બચ્ચું એની શેરીમાં જ. શેરી સમજ્યા ગલી. શેરીમાં કુતરીનું બચ્ચું. અહીં દૂધપાક કર્યો બાર મહિને. બધાયે ખાધો. તો કુતરીનું બચ્ચુ આવતુ હતું તો જે છોકરો હતો એ લાકડી મારે. તાવેથો મારે. અરે..! ઉં.. એમ કરીને ભાગે. વારંવાર આવે. કોઈ મુનિ આવ્યા એને પૂછયું કે આ શું છે? આમ કેમ? વારંવાર અહીં આવે છે. રાડ નાખે તોપણ આવે, મારીએ તોપણ આવે. એ તારો બાપ છે. જેના માટે તે આ દૂધપાક બનાવ્યોને આજે? હાય... હાય... એવું અનંતવાર થયું છે. આહા..હા..! પણ એ પર્યાય એ નથી, પણ દ્રવ્ય તો એનું એ છે. એવું અનેકાંત છે. એકાંત પર્યાય કરે અને બીજી પર્યાય ભોગવે માટે દ્રવ્ય નથી એમ નથી. ત્યાં દ્રવ્ય કરે આ સમયે અને બીજે સમયે દ્રવ્ય ભોગવે એ એકાંત નથી. પર્યાયદૃષ્ટિથી તો વર્તમાન પર્યાય, બીજી પર્યાય ભોગવે. દ્રવ્યની દૃષ્ટિથી એ જ દ્રવ્ય કરે અને એ જ દ્રવ્ય ભોગવે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- દ્રવ્ય તો પરિણમનરૂપ

ઉત્તર :- પરિણમે છે. નથી પરિણમતું? ભેદદૃષ્ટિએ. સમજાણું કાંઈ? એ આજે આવ્યું હતું એમાં વાંચવામાં. કીધું પર્યાયની વાત લીધી. આહા..હા..! દિગંબરમાં તો શ્રાવક હોય કે મુનિ હોય કે જે સાચા થયા છે એની તો એક પ્રકારની લહેર ઉઠી છે. આહા..હા..! એમાં કાંઈ ખોડખાંપણ ક્યાંય નથી. .. સમ્યગ્જ્ઞાનદિપીકા. ક્ષયોપશમ બહુ છે, પણ મૂળ ચીજમાં તીર માર્યું છે એણે. આહા..હા..! હું તો જ્ઞાયકભાવ છું. મારો જ્ઞાયકભાવ સંસારની કોઈ ચીજની સાથે તન્મય નથી. આહા..હા..! હા, પોતાની પર્યાયથી કથંચિત્ તન્મય એમ લીધું, ભાઈ! ચેતનજી! આહા..હા..! એમ લીધું છે. ચિહ્ન કર્યું હતુંને. તે દિ’ વાંચ્યું હતુંને મોઢા આગળ પાનામાં.

મુમુક્ષુ :- કથંચિત્‌નો .. ઓછો થાય છેને આપણે એટલે પછી સર્વથા મનાય જાય છે.

ઉત્તર :- ઇ સર્વથા અપેક્ષાએ સર્વથા છે.

મુમુક્ષુ :- એ નવી અપેક્ષાએ

ઉત્તર :- એ નવી અપેક્ષાએ, પણ આ તો પ્રમાણ અપેક્ષાએ પર્યાય એની છે, પણ પ્રમાણ જો કથંચિત્ ભિન્ન માને છે એ પ્રમાણ નિશ્ચયથી પર્યાયથી બે ભિન્ન છે એવો નિશ્ચય રાખીને કથંચિત્ ભિન્ન છે એનો સરવાળો સાથે લે છે. શું કહ્યું? ઝીણી વાત આવી.

મુમુક્ષુ :- જે આપ અમને કથંચિત્ કહો છોને...

ઉત્તર :- એ આ કથંચિત્ પણ આ અપેક્ષાએ. પ્રમાણથી. અને પ્રમાણમાં પણ પ્રમાણે જે નિશ્ચયથી પર્યાય અને દ્રવ્ય ભિન્ન છે. એને તો નિશ્ચય રાખ્યું છે લક્ષમાં. એ ઉપરાંત બીજી પર્યાય મેળવી તો કથંચિત્ ભિન્ન છે એવું પ્રમાણથી કહેવામાં આવે છે. આહા..હા..! માર્ગ, વીતરાગ માર્ગ બાપુ આ તો. અને વસ્તુની સ્થિતિ એવી છે. આહા..હા..! અરે..! ક્યાં જાવું? ક્યાં રહેવું? આહા..હા..! એક પ્રતિકૂળ સંયોગ જરી (આવે તો) આખી રાત નિંદ્રા ન આવે અને રાત મોટી થઈ ગઈ એમ માને. આજે તો રાત મોટી થઈ ગઈ. આહા..હા..! ભગવાન! એવી એવી પીડા તો તે નરકમાં વેદન કર્યું છે. તારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર, સ્વભાવ ઉપર પડી નથી અને પર્યાય ઉપર જ તારી દૃષ્ટિ રહી. આહા..હા..! પણ ક્ષણિકમાં એમ કહે છે એ. પણ એ પર્યાય આ અને આ પર્યાય ત્યાં તારી દૃષ્ટિ છે અને દ્રવ્ય ઉપર તો દૃષ્ટિ છે નહિ. આહા..હા..! એકદમ ફેરફાર. પર્યાયથી જુઓ તો એકવાર મનુષ્યગતિ અહીં, વળી દેવ. .. શરીર નર દેખાવમાં, પરિણામ બીજા, ભવ બીજા. ઓહો..હો..! પર્યાયથી જોવે તો આવો છે, પણ વસ્તુથી જોવે તો એનો એ આત્મા ત્યાં અને એનો એ આત્મા ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ?

**'વસ્તુપણાનો અધ્યાસ કરીને શુદ્ધનયના લોભથી ઋજુસૂત્રનયના એકાંતમાં રહીને જે એમ દેખે-માને છે કે 'જે કરે છે તે જ નથી ભોગવતો, બીજો કરે છે અને બીજો ભોગવે છે', તે જીવ મિથ્યાદૃષ્ટિ જ દેખવો...'** આહા..હા..! તારી દૃષ્ટિમાં એ વસ્તુનું સ્વરૂપ આવ્યું નથી. સમજાણું કાંઈ? **'કારણ કે, વૃત્ત્યંશોનું (પર્યાયોનું) ક્ષણિકપણું હોવા છતાં,...'** વર્તમાન અવસ્થાની અંશરૂપ દશાનું સમયપણું હોવા છતાં **'વૃત્તિમાન (પર્યાયી) જે...'** પર્યાયમાન છે ત્રિકાળી ભગવાન. આહા..હા..! વૃત્તિમાન નામ પર્યાયમાન **'જે ચૈતન્યચમત્કાર (આત્મા) તે તો ટંકોત્કીર્ણ (નિત્ય) જ અંતરંગમાં પ્રતિભાસે છે.'** આહા..હા..! ચૈતન્યચમત્કાર આત્મા. ભૂતકાળની.. આહા..હા..! એક વાત એવી છે. ભાઈએ લખી છે સોગાની. એ વાત માર્મિક છે કે વર્તમાન પર્યાયમાં ભૂત અને ભવિષ્યનું જ્ઞાન તો છે જ્ઞાનની પર્યાયમાં. કેમકે પર્યાય ત્રણ કાળને જાણે છે. શું કહ્યું? વર્તમાન પર્યાયમાં ત્રણ કાળનું જ્ઞાન છે. ભલે એને ખ્યાલમાં વિશેષ પ્રગટ ન આવે, પણ એની શક્તિમાં ત્રણ કાળની પર્યાય, ત્રણ કાળને જાણે એવી પર્યાય છે. એ પર્યાયમાં ભવિષ્યમાં પર્યાય થશે એનું જ્ઞાન

છે. સમજાણું કાંઈ? અને ભૂતમાં થશે એનું જ્ઞાન છે.

મુમુક્ષુ :- પર્યાય નથી પણ પર્યાયનું જ્ઞાન છે.

ઉત્તર :- પર્યાય નથી. એક સમયની પર્યાયમાં બીજી પર્યાય નથી, પણ એક સમયની પર્યાયમાં ભવિષ્ય પર્યાય જે થવાની અને ભૂતની થઈ ગઈ એનું જ્ઞાન છે. એય..! ચેતનજી! ...

મુમુક્ષુ :- .. કોને દેખે?

ઉત્તર :- એમ કે ધારણા... મહારાજે એકવાર એમ કહ્યું કે એક સમયની પર્યાય શ્રુતજ્ઞાનની ત્રણ કાળને જાણે. ત્યારે મને એમ થઈ ગયું કે હું આવી-આવી ધારણા કરું. બાકીની તો ઉડી ગઈ. એય..! એમાં એમ છે. કારણ કે ભવિષ્યની પર્યાય જે થશે એનું જ્ઞાન અહીંયાં છે. એય..! અમરચંદભાઈ! આહા..હા..! આવો વિકલ્પ ઇ જાતનો પણ વસ્તુસ્થિતિ તો આ છે. એક સમયની પર્યાયમાં એનું સામર્થ્ય જ એટલું છે. ચાહે તો મતિશ્રુતજ્ઞાન હોય. આહા..હા..! એ પર્યાયમાં આખું દ્રવ્ય ન આવ્યું, એ પર્યાયમાં ભૂત-ભવિષ્યની પર્યાય ન આવી, પણ એ પર્યાયમાં દ્રવ્ય અને ભૂત-ભવિષ્યની પર્યાયનું જ્ઞાન થયું. આહા..હા..! સમજાણું કાંઈ? કોને? સમ્યગ્દષ્ટિ મતિશ્રુત જ્ઞાનીની વાત અહીં ચાલે છે. કેવળીની તો ક્યાં વાત છે. મીઠાલાલજી! અરે..! પણ ભારે વાતું ભાઈ! ... ૫૦-૨૫-૧૦૦ પર્યાયમાં, ૧૦૦ પર્યાયમાં જે એની તાકાત છે. ધારણાની અને જે સમયે જ્ઞાન થવાનું પર્યાયમાં છે તો એ પર્યાય થવાવાળીનું જ્ઞાન પણ આ વર્તમાન પર્યાયમાં છે. શું કહ્યું? ધન્નાલાલજી!

મુમુક્ષુ :- સમજાણું નહિ.

ઉત્તર :- ન આવ્યું. ઠીક. લ્યો આ પંડિતને સમજાણું નહિ.

મુમુક્ષુ :- સમજાવો સાહેબ. સમજવા આવ્યા છીએ.

ઉત્તર :- અહીંયાં કહે છે કે એક સમયની પર્યાય જ્ઞાનની સમ્યક્. જોકે અજ્ઞાની પર્યાયમાં તાકાત તો છે પણ એ માનતો નથી. સમજાણું કાંઈ? અને જ્ઞાનીની પર્યાયમાં તાકાત છે એમ એ માને છે. કે મારી પર્યાયમાં બે ભવ, ત્રણ ભવ કરવા છે તો ત્રણ ભવમાં જે જ્ઞાન થશે જે પર્યાયમાં. ઇ પર્યાયમાં જ્ઞાન થશે, તો એની પાસે પર્યાયમાં જ્ઞાન છે. ભગવાનજીભાઈ! જરી ઝીણી વાત થઈ ગઈ. સમજાણું નહિ? એક પર્યાયમાં બીજી પર્યાય નથી. એક પર્યાયમાં દ્રવ્ય-ગુણ આવતા નથી, પણ એક સમયની પર્યાયમાં દ્રવ્ય-ગુણનું જ્ઞાન, પોતાની પર્યાયનું જ્ઞાન, ભૂત-ભવિષ્યની પર્યાયનું જ્ઞાન. આહા..હા..! ગજબ વાત છેને. જે પર્યાયનો અંત નથી એવી પર્યાયનું જ્ઞાન પણ એક સમયની પર્યાયમાં આવે છે.

મુમુક્ષુ :- .. છે તો એક સમયને પકડી શકતો નથી.

ઉત્તર :- પકડી શકવાની વાત ક્યાં છે? એ તો અસંખ્ય સમય ભલે પકડે. પણ એની તાકાત સમજમાં આવે છેને. એ તો ઉપયોગની વાત થઈ. પણ એનું સામર્થ્ય કેટલું? ઝીણી વાત થઈ ગઈ

થોડી હોં. એય..! ધન્નાલાલજી! ભાઈ! હવે એ તો આવે ત્યારે નીકળે ત્યારે નીકળે એ. આહા..હા..!

મુમુક્ષુ :- એ એક સમયની પર્યાયની શક્તિ...

ઉત્તર :- એટલી શક્તિ છે. એટલી શક્તિ છે એમાં બીજી વાત છે. હું પચાસ સમય પછી મને વિશેષ ધારણા થશે એ તો એ પર્યાયનું સામર્થ્ય છે તો ત્યાં થશે. અને એ પર્યાયનું સામર્થ્ય આ પર્યાયે કબુલ કર્યું છે. સમજાણું કાંઈ? એય..! શેઠ! ઝીણું છે. આહા..હા..! દ્રવ્ય તો એક બાજુ રાખો. સમજાણું કાંઈ? પણ એક સમયની પર્યાય. આહા..હા..! એને અમુક ભવમાં કે અમુક કાળમાં કે આ જ ભવમાં વિશેષ જ્ઞાન પર્યાયમાં થયું છે. અગિયાર અંગ વિગેરે સમજાણું? તો એ જ્ઞાન થવાનું છે તો એ પર્યાયમાં એમ જ થશે. પણ આ પર્યાયમાં એની શ્રદ્ધા એને છે. કે આવી પર્યાયમાં આમ થશે. એ પર્યાયનો એવો ધર્મ છે. સમજાણું કાંઈ? પણ મારી પર્યાયમાં વર્તમાનમાં વિશેષ ધારી લઉં. ઝીણી વાત છે થોડી હોં. આહા..હા..! ગજબ વાત છે. સર્વજ્ઞનું કથન સર્વજ્ઞને સિદ્ધ કરતાં, સાબિત કરતાં. આહા..હા..! ભગવાન તો કોઈ એક સમયની તાકાતવાળો છેને. ભલે કેવળી છે એ પ્રત્યક્ષ દેખે ત્રણ કાળને અને મતિશ્રુત જ્ઞાન એક સમયમાં પરોક્ષ, પણ પરોક્ષમાં પરિપૂર્ણ દેખે. ભલે એનો ખ્યાલ જુદો પાડીને ન એને આવે, પણ એની તાકાતમાં છે એવી તો પ્રતીત એને આવે. સમજાણું કાંઈ? ચંદુલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો .. ઠીક છે, પણ અહીં તો બીજી વાત કરવી છે. બહુ તો એક, બે, ચાર હોય એમાં કાંઈ નથી. એ ભવ-બવની વાત નથી. એ તો ભવ જ્ઞાનનું જ્ઞેય છે. અહીં તો. આહા..હા..! કેવળજ્ઞાન થશે એ કેવળજ્ઞાન જ્યારે થશે એની પર્યાયમાં એટલી તાકાત છે. એ સમયની ખીલેલી. એ ખીલેલી પર્યાયની વર્તમાનમાં શ્રદ્ધા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું પકડી લીધું બધું. કેવળજ્ઞાન આ આવશે અલ્પકાળમાં થશે જ. કેમકે દ્રવ્યને પકડી લીધું છે તો એમાંથી કેવળજ્ઞાનની પર્યાય આવશે, આવશે અને આવશે જ. પણ એ પર્યાયની એટલી તાકાત જે છે એ ભવમાં એ પર્યાયની શ્રદ્ધા આ પર્યાયમાંથી આવી ગઈ છે, કે મને એ સમયે જ્ઞાન જેટલું થશે તો એ સમયે થશે જ એનું જ્ઞાન એને થઈ ગયું છે. આહા..હા..!

મુમુક્ષુ :- કાંઈ સમજતો નથી ભાષા.

ઉત્તર :- ભાવલિંગ ત્યારે પોતે...

મુમુક્ષુ :- ભાવલિંગ...

ઉત્તર :- ભાવલિંગ ચારિત્રનો ખ્યાલ છે. ભાવલિંગ એટલે પર્યાયમાં ચારિત્ર થશે એ ચારિત્રની પર્યાયનું જ્ઞાન તો અહીંયાં છે કે નહિ? આ ભવે અને આ કાળે એવું સ્પષ્ટ ભલે ખુલ્લું ન હોય, સમજાણું કાંઈ? આહા..હા..! પણ એ મતિ અને શ્રુતજ્ઞાનની પર્યાયમાં ભવિષ્યની પર્યાય ચારિત્રની

કહો, કેવળજ્ઞાનની કહો, ધારણામાં અવગ્રહ, ઇયા, અવાય ધારણા થઈને જે સમયે જેટલી ધારણા થશે એ પર્યાયની તાકાતનું જ્ઞાન આ સમયે છે. એટલે બહુ ઉતાવળ કરીને એને શાસ્ત્રને ભણી લઉં અને ધારી લઉં (એવી ઉતાવળ નથી).

મુમુક્ષુ :- એવુ ગુંજાઈશ નથી.

ઉત્તર :- આહા..હા..! સર્વજ્ઞનું કહેલું તત્ત્વ એટલું ગંભીર... ગંભીર... ગંભીર... અને તે રૂપે તે સત્ય. સમજાણું કાંઈ? માણસને અંદર વિચાર, મનન કરીને તત્ત્વનો નિર્ણય કરવો જોઈએ એમ ને એમ માની લે એ કોઈ વસ્તુ છે? સમજાણું કાંઈ? ભાવનું અંદરમાં એવો પર્યાયભાવ, ગુણભાવ, દ્રવ્યભાવ એવું પર્યાયમાં એને ભાસન થવું જોઈએ. ભાઈ તો કહે છેને ટોડરમલજી? ભાવભાસન ભાઈ! એ શબ્દ બહુ વાપરે છે હરવખતે. એનો અર્થ આ છે. ભાવભાસન થવું જોઈએ. આ રીતે આ છે ઇ ભગવાન કહે છે એ ઠીક, પણ પોતાને એવું ભાવભાસન થઈ જાય એ જ વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ભાઈ ઝીણું! આવો માર્ગ વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. ક્યાંય ... નહિ બાપા! આહા..હા..! લ્યો વળી આ વાત આવી ગઈ વચમાં.

મુમુક્ષુ ;- વર્તમાનમાં કેટલી તાકાત છે!

ઉત્તર :- વર્તમાનમાં જાણવાની તાકાત છે.

મુમુક્ષુ :- એટલે અત્યારે ધારણાની જરૂર નથી એમ મારું કહેવું.

ઉત્તર :- બહુ અંદર વિકલ્પ કરીને આમ કરી લઉં... આમ કરી લઉં... સમજાણું કાંઈ? આ તો ભગવાન! આહા..હા..! એના દ્રવ્ય અને ગુણની લીલાનું તો શું કહેવું? પણ એના મતિશ્રુત જ્ઞાન-અજ્ઞાનમાં પણ તાકાત તો છે, પણ પરને જાણે છે એટલી તાકાત માને છે. સમજાણું કાંઈ? એ અજ્ઞાન પણ પરમાં પરની પર્યાયનું જ્ઞાન તો છેને એને? કે ભવિષ્યમાં પર્યાય થશે એવું જ્ઞાન છે, પણ મિથ્યાજ્ઞાન છે. પરના જ્ઞાનમાં એ જ્ઞાન માને છે એકલું. આ તો આત્માની ભવિષ્યમાં પચાસ વર્ષ પછી જે પર્યાય થશે અને એ પર્યાયમાં જે વિકાસ થશે એ વિકાસની પર્યાયની વર્તમાન પર્યાયમાં જ્ઞાન છે કે આમ થશે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં ભગવાન તો એમ કહે છે કે **"જે કરે છે તે જ નથી ભોગવતો, બીજો કરે છે અને બીજો ભોગવે છે', તે જીવ મિથ્યાદૃષ્ટિ જ દેખવો-માનવો;...'** જોઈએ. આહા..હા..! એ પ્રવચનસારમાં આવ્યું છેને ભાઈ! એમ કે અમારે તો અનુભૂતિ(થી મતલબ છે). ક્ષયોપશમ ઓછું-વત્તું હોય એની સાથે સંબંધ નથી. આહા..હા..! એનું કહેવાનું આ છે. જે થશે એ સમયે થશે જ. પણ હું એવો ક્ષયોપશમ કરું. અંદર વસ્તુ છે એમાં દૃષ્ટિ લગાવીને સ્થિર થા. આહા..હા..! એ વાત છે. જયસુખભાઈ! આ તો લોજિકથી વાત છે હોં ન્યાયથી. આહા..હા..! ભવિષ્યમાં ચારિત્રનો દોષ થાય છે એને એ પર્યાયનું જ્ઞાન તો વર્તમાન ભૂત-ભવિષ્યને જાણવાની તાકાત છે કે નહિ? એથી એ પર્યાયમાં ફેરફાર કરવો એ સમ્યગ્દૃષ્ટિને નથી. મિથ્યાદૃષ્ટિ માને છે કે હું આમ કરું... આમ કરું...

આમ કરું... આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિ...

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ માને છે કે મને પરનું જ્ઞાન છે. પરની પર્યાય દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન છે કે નહિ? આવ્યુંને? નથી આવતું? આમ મોઢું ફેરવે. એ તો બધું એવું જ ચાલે છે. આહા..હા..! અજ્ઞાનીને મતિશ્રુત જ્ઞાનનો ક્ષયોપશમ છે કે નહિ? અને એ પર્યાયમાં એમ પણ જાણે છે કે ભવિષ્યની પર્યાય પરની એ મારી, તો મારા ઉપર એની દૃષ્ટિ નથી. એ પરને જાણવાની દૃષ્ટિ છે તો એટલું જાણવું એ સમયે થશે એવી પણ આ જ્ઞાનની પર્યાયમાં પ્રતીત તો છે, પણ મિથ્યા પ્રતીત છે એ તો. સ્વ અંદર ન આવ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! ત્યાં કહ્યુંને? પ્રવચનસાર નહિ ૨૦૦ ગાથા. ભગવાન તો જ્ઞાયકસ્વભાવી રહ્યો છે. આહા..હા..! શું કહે છે? લાખ વાતની વાત સંસાર.. ઓહો..! એ તો જાણકસ્વભાવ સત્ત્વવાળું એ જ્ઞાયકસત્ત્વપણે જ ત્રિકાળ રહ્યો છે. ક્યારેય સંસાર અને રાગનો સ્પર્શ નથી એને. સમજાણું કાંઈ? આ પંડિતાઈની વાત નથી. એ જ્ઞાનસ્વભાવી આત્મા એવું જેને જ્ઞાન થયું એ તો માન્યતામાં એમ છે કે નિમિત્તથી પણ મારામાં જ્ઞાન નહિ થાય. ઇન્દ્રને જ્ઞાન છે તો એ માને છે કે ભગવાનની વાણી સાંભળું છું તો એનાથી મને જ્ઞાન થાય છે. એમ નથી માનતા.

મુમુક્ષુ :- તો જાય છે શું કરવા?

ઉત્તર :- એ જાય વિકલ્પ છે અને ગતિ કરવાની ક્રિયા છે તો જાય. એને પણ જાણે. ભારે વાત! કોયડો એવો.

મુમુક્ષુ :- ન પણ ભાવ આવે.

ઉત્તર :- આવે કોઈને અને ન પણ આવે કોઈને.

મુમુક્ષુ :- કાંઈ બધાને આવે એવું નથી.

ઉત્તર :- ના એવું નથી. ભાઈએ નહોતું લખ્યું એકવાર. સોગાનીએ. એના શબ્દો તો મારકણા છે. શું કહેવાય? મારકણા. બહેનને માટે લખ્યું એકવાર કે બહેનની ભક્તિ જોઈને મને એમ થાય છે. મારામાં એટલી ખામી કેમ છે? છેને ભાઈ! એનો અર્થ કે પોતાને એ જાતનો વિકલ્પ નથી. સમજાણું કાંઈ? દ્રવ્યદૃષ્ટિપ્રકાશમાં આવે છેને? આહા..હા..! આ તો વસ્તુ ભાઈ છે. આહા..હા..!

કહે છે કે જે પર્યાય કરે છે એ જ પર્યાય નથી કરતી એમ એકાંત નથી. દ્રવ્ય કર્તા છે એમ લેવું ભેગું. પર્યાય કરે છે અને એ પર્યાય નથી કરતી એ પર્યાયને ભોગવવી એ તો પર્યાયદૃષ્ટિથી. પણ સાથે દ્રવ્યદૃષ્ટિથી એ પર્યાય કરે છે દ્રવ્ય અને એ જ પર્યાય દ્રવ્ય ભોગવે છે એ સમયે. આહા..હા..! કહો, આમ વર્તમાન ક્ષયોપશમ હોય અને મિથ્યાત્વ બહુ સેવ્યા હોય. મરતા નિગોદમાં જાવું હોય. પર્યાયનો સંકોચ થઈ જાય એકદમ. ક્ષયોપશમ ખસી જાય. નિગોદમાં આ ન હોય. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું? ક્ષયોપશમ ઘણો હોય વિકાસ પણ દૃષ્ટિ મિથ્યાત્વ છે. અને જોર સત્તાના

સ્વભાવનો અનાદર કરવાનું છે. સમજાણું કાંઈ? ત્યાં વિપરીત જ સિદ્ધ કરવું છે. તો એનો ક્ષયોપશમ નહિ રહે. કેમકે એને તો જાવું છે નિગોદમાં. અહીં કહ્યુંને ભગવાન કુંદકુંદાચાર્યે કે વસ્ત્રનો ટૂકડો રાખીને મુનિ કેમ હોય? અમે સાધુ છીએ એમ માને છે, મનાવે છે, માનતાને ભલું જાણે છે એ નિગોદ જાશે.

મુમુક્ષુ :- તો એને એ બીજા ભવમાં તરત ન જાય.

ઉત્તર :- ભલે ન જાય, પણ એની ગતિનો સરવાળો ત્યાં છે. એ વચમાં થોડો કાળ રહેશે એની ગણતરી નથી. સર્વ વિરાધક, મિથ્યાત્વનો આરાધક, સમકિતનો વિરાધક એની ગતિ નિગોદ છે. વચ્ચે એક-બે ભવ છે એની કોઈ ગણતરી નથી. અને સમકિતીનો આરાધક, વચ્ચે એક-બે ભવ હોય સ્વર્ગનો કે મનુષ્યનો. એની કોઈ ગણતરી નથી. એનું ફળ તો મુક્તિ છે બસ. આહા..હા..! એવી ચીજ છે, ભાઈ! આહા..હા..! આ તો આ પર્યાયનું આવ્યું તો વળી આ આવ્યું.

મુમુક્ષુ :- ઉંડા ઉંડા ઉતાર્યા ઉંડા. પાતાળ કૂવામાં ઉતાર્યા.

ઉત્તર :- આહા..હા..! આ ચીજ તો વસ્તુની સ્થિતિ એવી છે. કોઈ માની લે બીજી રીતે તો કાંઈ વસ્તુસ્થિતિ બદલાઈ જાય? આહા..હા..!

**'તે તો ટંકોત્કીર્ણ (નિત્ય) જ અંતરંગમાં પ્રતિભાસે છે.'** સમય સમયની પર્યાય ભિન્ન-ભિન્ન હોવા છતાં ભગવાન તો નિત્યાનંદ ટંકોત્કીર્ણ છે. સમજાણું કાંઈ? એને એવું ખ્યાલ ન હોય કે મેં આ ભવમાં, આ ઠેકાણે ચારિત્રની પર્યાય મને થશે. એવો ખ્યાલ વ્યક્ત ન હોય. પણ પરિણામમાં તાકાત છે. કાળક્રમે એવી પર્યાય થશે એવું સમ્યગ્દષ્ટિને પર્યાયમાં પ્રતીત છે, જ્ઞાન છે. પ્રતીત તો નિર્વિકલ્પ શ્રદ્ધા. આ તો જ્ઞાનની વાત ચાલે છેને. જ્ઞાનની ચમત્કારિક દશા જે ભગવાન ચૈતન્ય ચમત્કાર વસ્તુ છે એનું જ્ઞાન થયું તો એ પર્યાય ચૈતન્ય ચમત્કાર છે. આહા..હા..! રાગથી ભિન્ન પોતાની ચીજ છે. ભલે જ્ઞાનીને રાગ હોય, રાગનો કર્તા-ભોક્તા હોય, પણ એ જ્ઞાનસ્વભાવ છે એને ભિન્ન રાખીને કર્તા-ભોક્તા થાય છે. આહા..હા..! જ્ઞાનસ્વભાવમાં એનું એકત્વ નથી કરતા. સમજાણું કાંઈ? આહા..હા..! વળી ભોગવે અને કર્તા-ભોક્તા કહેવું. સમ્યગ્દષ્ટિ જ્ઞાની રાગ જેટલો થાય છે એટલું પરિણમન છે તો કર્તા છે. પરિણમે તે કર્તા અને એટલો જ ભોક્તા છે. વળી એક બાજુ કહેવું કે જ્ઞાનસ્વભાવ એને સમ્યક્ થતું જ નથી. ત્રિકાળ. પણ એવી અતન્મય ચીજ છે એનું જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ? જે ભવિષ્યની પર્યાય થશે એનું જ્ઞાન છે તો આ તો વર્તમાનનું જ્ઞાન કેમ ન થાય? આહા..હા..! ભારે ભાઈ! એવો માર્ગ છે, ભાઈ એણે જોવો પડશે, વિચારવો પડશે. આહા..હા..! એમ ને એમ ભાસે એમ નથી. એને જેવો ભાવ છે એવું ભાસન થવું જોઈએ. ભલે થોડો ઉઘાડ હોય. એની સાથે કોઈ સંબંધ નથી, પણ થોડા ક્ષયોપશમમાં પણ એ પર્યાયમાં એટલી તાકાત છે ભવિષ્યમાં ક્ષાયિક પર્યાય થશે એને જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આનો અર્થ પણ ભાઈ એમ થઈ ગયો છે ... ક્રમબદ્ધ. આહા..હા..! ગજબ વાત છે. આહા..હા..!

મુમુક્ષુ :- લીલાલહેર છે.

ઉત્તર :- લહેર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઇ હોય, પણ જ્ઞાનના સ્વભાવ સાથે તન્મય નથી. ત્રિકાળ છે એ તન્મય નથી. એક સમયની પર્યાયમાં તન્મય છે.

મુમુક્ષુ :- ઘડીકમાં કહો લીલાલહેર છે અને ઘડીકમાં કહો અગ્નિ છે.

ઉત્તર :- ઇ લીલાલહેર તો જાણવું-દેખવું એ લીલાલહેર છે. રાગનું પરિણમન છે અને રાગનું દુ:ખ છે એ લીલાલહેર છે? આહા..હા..! ગજબ ચરણાનુયોગની કથનશૈલી. આહા..હા..! અને આ દિગંબર સંતોએ હાટ ખોલી નાખ્યા હાટ મોટા. નિધાનની દુકાનુ ખોલી નાખી. આ માર્ગ છે. પણ હોંશ અને બહારમાં રોકાય એમાં નવરાશ ક્યાં? અને પંડિતો અને ત્યાગીઓ બિચારા બહારમાં રોકાય. ભાઈ! તારા હિતની વાતું બાપુ! આહા..હા..! ભાઈ! તને નુકસાન થાય છે. એ આત્માના જ્ઞાન વિના જેટલા જપ ને તપ ને વ્રત ને બધું દુ:ખરૂપ વૃથા છે.

મુમુક્ષુ :- એ તો વર્તમાનમાં પણ છે.

ઉત્તર :- બેય. અજ્ઞાનીને તો એકલા રાગનું જ વેદન છે. જ્ઞાનીને તો રાગનું (જ્ઞાનનું) વેદન અને રાગનું થોડું વેદન બેય એક સમયે છે. આહા..હા..! છતાં એ જ્ઞાનની શુદ્ધ પર્યાય અને અશુદ્ધ પર્યાય એક પર્યાયના બે ભાગ. છતાં બે એક નથી થઈ. આહા..હા..! કૈલાસચંદજી! સમજાય છે? આહા..હા..! અરે..! એની સમજની લહેર, એના જ્ઞાનની લહેર શું છે? આહા..હા..! આવો રાગાદિ.. શું છે? ... જાણતો નથી?

અહીંયાં તો આ આવ્યુંને કે પર્યાયને જ માને છે પણ વૃત્તિમાન પર્યાયમાન '**તે તો ટંકોત્કીર્ણ (નિત્ય) જ અંતરંગમાં પ્રતિભાસે છે.**' એને તો જાણતો નથી. આહા..હા..! જાણવાની પર્યાય વર્તમાન પર્યાય પૂરતો હું છું એમ માને, પણ એ પર્યાય આખા દ્રવ્યની છે એને તો જાણતો નથી. આ એક શલ્ય છે અંદર. કે મને નિમિત્તથી અને પરથી કોઈ ધર્મ થઈ જશે એ પણ એક મિથ્યા શલ્ય છે. અને સૂક્ષ્મ શલ્યનો એને ખ્યાલ નહિ આવે. આ તો વીતરાગમાર્ગ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીંયાં તો કહે છે કે જ્ઞાનમાં જે ક્ષયોપશમ પરલક્ષી ઉઘાડ થયો. સમજાણું કાંઈ? એનાથી પણ આત્માનું જ્ઞાન અને ભાન નથી થતું. નિમિત્તથી તો નહિ, ગુરુ-દેવથી નહિ, શાસ્ત્રથી નહિ. આહા..હા..! પણ પોતાની પર્યાયમાં જે ક્ષયોપશમ થયો પર્યાયમાં સાંભળીને. સાંભળવું તો નિમિત્ત, પણ ઉપાદાનમાં વિકાસ ઉઘાડ પોતાનો છે. એટલે નિશ્ચય ક્ષયોપશમ નથી થયો, પણ એ ક્ષયોપશમથી પણ આત્મજ્ઞાન નથી થતું. સમજાણું કાંઈ? વિચાર તો ઘણા અંદર આવી ગયા. આહા..હા..!

અહીંયાં કહે છે. શું કહ્યું આમાં? ક્ષયોપશમ. બહારનો એક ક્ષયોપશમ છેને નવ પૂર્વ ભણ્યો.

અગિયાર અંગ ભણ્યો. અબજો-અબજો શ્લોકો. આહા..હા..! એ પોતાની સ્વદ્રવ્યની દૃષ્ટિ કરવામાં બિલકુલ સહાયક નથી. બંધનું કારણ છેને એ પણ. બંધનું કારણ એ અબંધ પરિણામ કેમ મદદ કરે? આહા..હા..! .લાલજી! ક્યાં ગયા ચુનિભાઈ? ... કહો, સમજાણું કાંઈ? લ્યો વળી આ પર્યાયના ઓલા શબ્દ આવ્યાને **'ટંકોત્કીર્ણ (નિત્ય) જ અંતરંગમાં પ્રતિભાસે છે.'** આહા..હા..! એ પર્યાયમાં પ્રતિભાસિત થાય છે. ધ્રુવમાં ધ્રુવનું ભાસન થાય? આહા..હા..! માર્ગ ઘણો બાપુ સૂક્ષ્મ બહુ. અને તે નિર્વિકલ્પ માર્ગ છે તો રાગ શુભાશુભભાવને સ્થૂળ કહ્યા. સ્થૂળ. આહા..હા..! પર્યાય સૂક્ષ્મ શુદ્ધ અને દ્રવ્ય-ગુણ તો ઘણા સૂક્ષ્મ. એક સમયમાં બધી શક્તિમાં તત્ત્વ દ્રવ્ય સત્ત્વવાન અને ગુણ એનું સત્ત્વ એ તો પરિપૂર્ણ તાકાત છે. એવો ટંકોત્કીર્ણ ભગવાન પર્યાયમાં પ્રતિભાસિત થવો એ જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આહા..હા..! આ લોકોને એવું લાગે બહારમાં એકાંત વ્યવહારવાળાને. આ તો વ્યવહારથી કાંઈ થાય જ નહિ. લ્યો. થાય નહિ, એ ધર્મ થતો નથી. એનાથી બંધ નથી થતો? આહા..હા..!

વસ્તુ તો સત્ છે અને સત્‌નું સત્વ જ એવું છે એવી પ્રતીતિ થવી જોઈએને? વસ્તુ જેવી સત્ છે અને એનું પરમસત્ય સ્વભાવ ગુણ સત્ત્વ છે એનું. એ પણ સત્ એવું છે. એવું છે એવી પર્યાયમાં પ્રતીત આવવી એ પર્યાયમાં તાકાત કેટલી છે પાછી એ પ્રતીતિ આવવી... આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્ય-ગુણમાં તો અનંત તાકાત છે, પણ એટલી અનંત તાકાતની પર્યાયમાં કબુલાત આવીને? તો એ પર્યાયમાં એની કબુલાત આવી એ ઉપરાંત ભૂત-ભવિષ્યની પર્યાય આખા આત્માની પર્યાયની પ્રતીત થઈ છેને? કે વર્તમાન પર્યાય પૂરતી પ્રતીત થઈ છે? આહા..હા..! પ્રવચનસારમાં કહ્યું છે નહિ? ભાઈ! ત્રણ કાળને નહિ જાણે તો એક દ્રવ્ય જ પોતાનું નહિ જાણે ઇ. પોતાનું દ્રવ્ય જ ત્રિકાળી છે. ૪૯-૫૦ ગાથા છેને. પ્રવચનસાર ત્યાં એમ છે. ... શેઠ આવ્યા હતા ત્યારે. બંસીધરજી હતા. આહા..હા..! બાપા! માર્ગ પ્રભુ આ પંડિતાઈનો નથી. આહા..હા..! આ તો અંતરના સ્વભાવની દૃષ્ટિ થવી ત્યારે બધું સમ્યક્ થઈ જાય છે. આહા..હા..! એ વાત છે. બીજા એની કિંમત ટાંકે ન ટાંકે એની સાથે સંબંધ નથી.

મુમુક્ષુ :- ટાંકે તોપણ આપણને શું લાભ અને ન ટાંકે તો..

ઉત્તર :- ભાઈએ કહ્યું નથી? સોગાનીએ. સોગાનીએ માલ માલ તો બહુ ભર્યા છે હોં. કે બાગમાં ફૂલ છે. એ ફૂલને સુંગધ કોઈ લે, કિંમત કરે તો જ એ સુગંધ છે અને સુગંધ ન લે કોઈ એમ ને એમ રહે તો સુગંધ ક્યાંય ચાલી જાય છે? આહા..હા..! એમ ભગવાન આત્મા પોતાનું ભાન કરીને જાગૃત થયો એ દુનિયાને ખબર પડે તો ઇ રહે? અને દુનિયાને ખબર ન પડે અને ચાલ્યો જાય? આહા..હા..! સમજાણું કાંઈ? જરી આજે ઝીણી વાત થોડી આવી ગઈ છે હોં. પણ સમજવા જેવી છે.

મુમુક્ષુ :- આજ નહિ આવે અને કાલ નહિ આવે તો... બે દિવસ પ્રસંગના છેને એમ

ઉત્તર :- હા, અમારે ત્ર્યંબકભાઈ આવ્યા છે. ... ૩૫૦૦ રૂપિયાના હીરા લાવ્યા છે. કાલે બહેનને વધાવવાના છે. એને ક્યાં છે કાંઈ. ભાઈને કહ્યું ૩૫૦૦નો હીરા કાલે ... એમાં શું? ધૂળમાં કાંઈ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સાડા ત્રણ હજારના હીરા છે. એનાથી બહેનને વધાવવાના છે. પછી નાખશે આમાં રામજીભાઈ પરમાગમમાં. અત્યારે તો કર્તા-હર્તા ઇ થઈ ગયું છેને બધું. ... આહા..હા..! હા પણ ઇ કોઈ કહે ત્યાં કાંઈ બહેન એની પાસે નથી રાખવાના કાંઈ. એ તો એના .. કેટલા આવશે ઇ. પણ ઇ મોટું પેટ છે એમ. બધું સમાઈ જાય.

**'અંતરંગમાં પ્રતિભાસે છે.'** એને ન માનવું અને એકલી પર્યાયને માનવી. આહા..હા..! પણ એના દ્રવ્ય-ગુણને માનવા અને એની પર્યાયની તાકાત કેટલી છે એને ન માનવી બહુ વિચિત્ર. આહા..હા..! સમજાણું કાંઈ? વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ-૨, બુધવાર, તા.૧૫-૦૮-૧૯૭૩
## ગાથા-૩૪૫ થી ૩૪૮, પ્રવચન-૪૭૦

## પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

૩૪૫, ૪૬, ૪૭, ૪૮. આ સમયસાર સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. એની ચાર ગાથાની ટીકા થઈ ગઈ. ભાવાર્થ. વસ્તુનો સ્વભાવ દરેક દ્રવ્યનો. ચાહે કોઈ પરમાણુ હોય, કાળાણું હોય કે જીવ હોય દરેક દ્રવ્યનો સ્વભાવ. વસ્તુ શબ્દ કર્યોને? કેમકે એમાં અનંતગુણ વસે છે. એ કારણે એને વસ્તુ કહેવામાં આવી છે. **'વસ્તુનો સ્વભાવ જિનવાણીમાં...'** વીતરાગની વાણીમાં **'દ્રવ્યપર્યાયસ્વરૂપ કહ્યો છે;...'** દ્રવ્ય નામ કાયમ રહેનારી ચીજ અને પર્યાય નામ વર્તમાન બદલતા પરિણામ. એ વસ્તુનો સ્વભાવ છે. **'માટે સ્યાદ્વાદથી એવો અનેકાંત સિદ્ધ થાય છે...'** સ્યાદ એટલે અપેક્ષાએ જે કથન છે **'એવો અનેકાંત સિદ્ધ થાય છે કે પર્યાય-અપેક્ષાએ તો વસ્તુ ક્ષણિક છે...'** પર્યાય અપેક્ષાએ તો ક્ષણિક વસ્તુ છે. સમજાણું કાંઈ? અને વેદન પણ પર્યાયમાં છે. આહા..હા..!

મુમુક્ષુ :- એટલે?

ઉત્તર :- એટલે શું? કે એક સમયની પર્યાયમાં .. પર્યાયમાં ત્રણ કાળનું જ્ઞાન છે, પણ ત્રણ કાળની બીજી પર્યાયનું વેદન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાયમાં પોતાના દ્રવ્યનું જ્ઞાન છે. ક્ષણિક પર્યાયની અહીં વાત ચાલે છે. આહા..હા..! એક દ્રવ્ય જે વસ્તુ છે એનું જ્ઞાન છે,

એક ગુણનું જ્ઞાન છે, પર્યાયનું જ્ઞાન છે અને ત્રિકાળની પર્યાયનું જ્ઞાન છે. છતાં એ એક સમયની પર્યાય ત્રિકાળના જ્ઞાનને વર્તમાનમાં વેદતો નથી. વર્તમાનમાં તો એક સમયની પર્યાયનું જ વેદન છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનુભવનું, આનંદનું વેદન તો એક સમયની પર્યાયમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે કે '**પર્યાય-અપેક્ષાએ તો વસ્તુ ક્ષણિક છે...**' વેદનની અપેક્ષાએ. અહીં તો આનંદના વેદનની અપેક્ષાએ એ વસ્તુ ક્ષણિક વેદન છે. સમજાણું કાંઈ? ધ્રુવનું વેદન નથી થતું. એક અપેક્ષાએ ધ્રુવ કહ્યુંને અલિંગગ્રહણમાં? ભગવાન આત્મા પોતાના વેદનની જે ક્ષણિક પર્યાય છે એ દ્રવ્યને સ્પર્શતી નથી. લ્યો, આહા..હા..! સમજાણું કાંઈ? આલિંગન કરતી નથી. આહા..હા..! પરનું તો આલિંગન ક્યાં રહ્યું? પરને તો સ્પર્શ કરવો એ તો છે જ નહિ. આહા..હા..! પણ વર્તમાન જે પર્યાય છે એ વેદનની પર્યાય એ જ આત્મા એમ કહ્યું ત્યાં. આ બીજી વાત કહે છે, એ બીજી વાત છે. આ કહે છે કે ક્ષણિક પર્યાય એ જ આખો આત્મા. સમજાણું કાંઈ? અહીંયાં કહે છે કે એ તો પોતાની પર્યાયનું વેદન અનુભવ છે. અમને તો અનુભવમાં આવ્યો એ આત્મા. એથી એ દ્રવ્યને ક્ષણિક માને છે એમ નથી. પણ શબ્દ તો એમ લીધો. આહા..! લ્યો વળી એ ચાલ્યું. કે પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. દ્રવ્ય છે તો ખરુંને? આહા..હા..! જિનવાણીમાં બે અંશ આવ્યા છે--એક ત્રિકાળ અંશ ધ્રુવ. આહા..હા..! એક વર્તમાન અંશ પર્યાય. તો એ પર્યાયમાં વેદન છે તો વર્તમાન ધ્રુવનું જ વેદન છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનીને પણ એક સમયની પર્યાયમાં બે પ્રકારનું વેદન છે.

મુમુક્ષુ :- શુદ્ધતા અને અશુદ્ધતા.

ઉત્તર :- શુદ્ધતા અને અશુદ્ધતા. સમજાણું કાંઈ? એક સમયની પર્યાય, પણ વેદન બે પ્રકારનું છે. એક સમયમાં, એક પર્યાયમાં બે ભાગ છે. આહા..હા..! જેટલો એ પર્યાયે દ્રવ્ય ત્રિકાળી ભગવાન આત્મા એનો આશ્રય લઈને જે પર્યાય પ્રગટી એ તો શુદ્ધ જ છે. સમજાણું કાંઈ? એટલું તો શુદ્ધનું વેદન છે. પણ જેટલો હજી પરલક્ષે જે અશુદ્ધતા ઉત્પન્ન થાય છે. પરલક્ષે હોં, પરથી નહિ. સમજાણું કાંઈ? પરલક્ષે જેટલી અશુદ્ધતા છે એ બેયનું વેદન છે. એય..! ચેતનજી!

મુમુક્ષુ :- હા પાડે છે.

ઉત્તર :- એ તો હા જ પાડેને. કારણસર હા કહ્યું છે. આજે પત્ર આવ્યો છે ત્યાંથી. ક્યાં બેઠા છે એ? પત્ર આવ્યો છે ત્યાં લાવ્યા હતા મારી પાસે. ગડબડ બધું. વેદન એમ કે એક પર્યાયનું વેદન છે અને આનું વેદન નથી. ભઠ્ઠીનું વેદન જ નથી. આહા..હા..! ગડબડ તે કેટલી ગડબડ! અહીં તો પર્યાયનો ક્ષણિકભાવ છે એમાં પણ બે પ્રકારનું વેદન છે. જ્ઞાનીને. અજ્ઞાનીને એકલું અશુદ્ધ વેદન છે. આહા..હા..! કેવળજ્ઞાનીને એકલું શુદ્ધનું વેદન છે. પર્યાયની વાત ક્ષણિકની ચાલે છે. ચંદુભાઈ! પણ સાધકભાવ જ્યાં સુધી છે ત્યાં સુધી શુદ્ધતાનું પણ વેદન છે અને એ પર્યાયમાં અશુદ્ધતા પણ

એક સમયે સાથે છે, પણ છે ક્ષણિક. આહા..હા..! એ વેદનની પર્યાય બીજે સમયે નહિ હોય. આહા..હા..! બીજે સમયે બીજું વેદન છે. આહા..હા..! વસ્તુ તો એ છેને? વેદન કરવું એમાં જે અનાદિકાળથી ક્ષણિક પર્યાય અને નિમિત્ત ઉપર દૃષ્ટિ હોવાથી અશુદ્ધનું ક્ષણિક પર્યાયમાં વેદન છે. એ દુ:ખરૂપ છે. એ સંસાર છે. એ મિથ્યાત્વ છે. આહા..હા..!

અને પોતાનો ભગવાન આત્મા... ઇ ઓલો શબ્દ ત્યાં આવ્યો છે ભાઈ! સોગાનીમાં. બપોરે બતાવ્યું હતું. આમાં છેને એક. ૨૪માં પત્રમાં છે. વર્તમાન પર્યાયમાં, ભૂત પર્યાયનું, ભવિષ્યનું જ્ઞાન છે. છેને? એ બતાવ્યું હતુંને? ૨૪-૨૪. ૩૪ પાનું. વર્તમાન પર્યાયમાં પૂર્વ પર્યાય અને ઉત્તરકાળની પર્યાયનું જ્ઞાન વિદ્યમાન છે. પંડિતજી! 'તબ સ્મરણ અને મનનકા બોજાના ઉઠાના વ્યર્થ હૈ.' ક્ષણિક પર્યાય એ ક્ષણિક પર્યાયને ભૂતકાળની, ભવિષ્યની પર્યાયનું જ્ઞાન છે. સમજાણું? 'તબ સ્મરણ મનન કા બોજા ઉઠાના વ્યર્થ હૈ.' આહા..હા..! મૂળ વસ્તુ નથી. એ તે દિ' લખ્યું હતું પછી વળી બપોરે. આ ૧૩૭માં છે કે મારું આ બધું પઢવું-લખવું બંધ થઈ ગયું. ૩૮ છે. એક સમયની જ્ઞાન પર્યાય સ્વતંત્ર છે. આ ક્ષણિક પર્યાયની વાત ચાલે છે. એક સમયની પર્યાય સ્વતંત્ર છે. પૂર્વ પર્યાયનું પણ કારણ નથી. એમાં ત્રણ કાળના પદાર્થ જાણવાની તાકાત છે. અહીં તો બીજું કહેવું છે. એ તો એમાં આવી ગયું છે. જ્યારે એવું સાંભળ્યું અહીંયાં. એમ કહે છે. ભાઈ! 'ઐસા સુનકર મુઝે તો ઐસી ચોંટ લગી કિ તબસે મેરા પઢના કમ હો ગયા.' ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- લક્ષમાં એ છે બાકીના .. શેમાં?

ઉત્તર :- પઢના કમ હો ગયા.. પણ એના ઉપર આમ રસ હતો જે આ વાંચીએ તો ઠીક. એ રસ નથી. આહા..હા..! ... એ કાળ આવે ભલે, પણ એમાં જે એ કહ્યુંને કળશટીકામાં? કે પોતાનો ભગવાન રાગથી, પરથી ભિન્ન અનુભવમાં આવ્યો. સમજાણું કાંઈ? પછી બાર અંગનું જ્ઞાન પણ વિકલ્પાત્મક છે. એ કળશટીકામાં છે. અરમચંદભાઈ! એ કળશટીકા છેને? જોઈ છે રાજમલજીની! ... છે કે નહિ? ત્યાં છેને તમારે? કહો, સમજાણું કાંઈ? શું કહ્યું? છે એમાં? કળશ? 'વસ્તુભેદે એમ જાણવું કે આત્માનુભવ મોક્ષમાર્ગ છે.' જ્ઞાનાનુભવ કહો કે આત્માનુભવ કહો. એ પર્યાયનો અનુભવ એ આત્માનુભવ મોક્ષમાર્ગ છે. આહા..હા..! એ ક્ષણિક પર્યાય જ મોક્ષમાર્ગ છે. ધન્નાલાલજી! 'આ પ્રસંગે બીજો પણ સંશય ઉત્પન્ન થાય છે કોઈ જાણશે કે દ્વાદશાંગ જ્ઞાન કાંઈક અપૂર્વ લબ્ધિ છે.' બાર અંગનું જ્ઞાન કોઈ અપૂર્વલબ્ધિ છે. 'તેનું સમાધાન દ્વાદશાંગ જ્ઞાનમાં વિકલ્પ છે' દ્વાદશાંગ. 'તેમાં પણ એમ કહ્યું છે...' આ તો ગુજરાતી છેને? 'શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે.' બાર અંગમાં પણ એ કહ્યું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના શુદ્ધ દ્રવ્ય અને ગુણ એને અનુભવે, અનુભૂતિ. આહા..હા..! એમ દ્વાદશાંગમાં પણ એ કહ્યું છે. સારભૂત દ્વાદશાંગમાં પણ એ કહ્યું છે. 'તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણતરની અટક નથી.' આહા..હા..! એય..! વસ્તુસ્થિતિ સમજવી કઠણ પડે જગતને. ભણે, વાંચે બધું છે. સમજાણું કાંઈ? અટક નથી કે શાસ્ત્ર

ભણવા તો જ એનાથી આત્મજ્ઞાન વિશેષ શુદ્ધિ થશે. આહા..હા..! મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો એમ કહ્યું કે જેમ જેમ જ્ઞાન શાસ્ત્રનું વિશેષ થાય તેમ તેમ સમકિતને જ્ઞાન શુદ્ધિ વિશેષ હોય. સામાન્યથી વિશેષ બળવાન છે. કહ્યું? સામાન્યજ્ઞાન હોં. ત્યાં સામાન્ય એટલે ઓલું દ્રવ્ય નહિ. સામાન્ય નામ પર્યાયમાં અલ્પ-થોડું જ્ઞાન છે એનાથી વિશેષ જ્ઞાન તો બળવાન છે. એ અપેક્ષાએ કથન છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે વસ્તુસ્થિતિ એવી છે. હીરાભાઈ! લ્યો વળી આ આવ્યું. ક્યાંનું ક્યાં આવ્યું. એ ક્ષણિક પર્યાય પણ એ જ ચીજ છે એમ સિદ્ધ કરવું છેને અહીંયાં? પર્યાય તરીકે હોં. પણ પર્યાય તરીકે સિદ્ધ કરવાથી કોઈ બીજી વસ્તુ ચાલી જાય છે એમ નથી. આહા..હા..! કંઈ અટક-બંધન નથી. આહા..હા..! જુઓને દિગંબર ગૃહસ્થો પણ એવો પોકાર કરી ગયા છે. ... આમ શાસ્ત્રમાં આવે કે મુનિને પણ બે વાત છે. ધ્યાન અને સ્વાધ્યાય. અંદરમાં ટકે નહિ તો એવો ભાવ આવે છે, પણ એનું કોઈ જોર નથી એમાં કે આ હું આવું વાંચું તો મારા જ્ઞાનની શુદ્ધિ થશે. ક્ષણિક પર્યાયમાં નિર્મળતા તો પોતાની પર્યાયમાં પોતાથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો એ શાસ્ત્ર ભણવાથી કે એનો વિચાર, મનન, વિકલ્પ કરવાથી એ પર્યાયની નિર્મળતા નથી થતી. નિર્મળતા તો પોતાની પર્યાયમાં જેટલી દ્રવ્યને આશ્રયે થાય એ ભેદથી કથન છે. નહિતર એ સમયની, બીજા સમયની, ત્રીજા સમયની જે પર્યાય પોતાથી સ્વતંત્ર થાય છે એમાં નિર્મળતા પોતાને કારણે થાય છે. જ્ઞાનનો વિકાસ પોતાને કારણે થાય છે. આહા..હા..!

હવે એ કહે છે જુઓ અહીંયાં. 'ઐસા સુનકર મુઝે તો ચોંટ લગી કિ તબસે મેરા પઢના કમ હો ગયા. ચલો રે પર્યાયકા સ્વભાવ હી જાનનેકા હૈ તો સહજ અંદર જાનેગા. આકુલતા ક્યોં કરે? અંતરંગમેં સુખ પીઓને.' અમરચંદભાઈ! આહા..હા..! એટલે એ વિશેષ જાણપણાની શું જરૂર છે? સ્વરૂપમાં સ્થિર થાને. સુખ પીવોનો અર્થ એ. આનંદનો.. આહા..હા..! સમજાણું કાંઈ? 'સુખ પીઓને. ન્યાયાદિ નક્કી કરનેમેં તો આકુલતા હોતી હૈ.' લોકોને આકરું લાગે. એય..!

મુમુક્ષુ :- વાત તો તમે ...

ઉત્તર :- શું કહે છે? ચાબુક લાગે છે. ...માં વંચાવ્યું છેને બધાને. આ .. છે કે નહિ? ..લાલજી! એમ કે મેં તો વાંચ્યું છે પણ અહીં તો ધક્કો લાગે છે. આહા..હા..! વાત તો એવી છે, ભાઈ! સત્‌નું સ્વરૂપ જ એવું છે. જે પર્યાય સત્‌રૂપનું વેદન આવ્યું અને પછી વેદન વધી ગયું. સમજાણું કાંઈ? તો પર્યાયનો જ એવો સ્વભાવ એવો છે એ સમયે. આવી વાત, ભાઈ! પૂર્વ પર્યાયને આશ્રયે પણ નહિ. આહા..હા..! ક્ષણિક પર્યાયમાં કેટલી તાકાત પોતાથી. એવો આત્માનો સ્વભાવ જ છે. ઓહો..હો..! અજ્ઞાની ક્ષણિકને દેખીને એ જ એટલો છે એમ માને છે. સમજાણું કાંઈ? ..ભાઈ! આ ઠીક આવી ગયા પાછા કાલે આવી ગયા. કીધું આવશે કે નહિ. આ કરવાની વાત આ છે.

ભગવાન આત્મા પરમ સત્ય જે છે. સમજાણું કાંઈ? 'જો ન્યાયાદિક નક્કી કરનેમેં તો

આકુલતા હોતી હૈ. અપનેકો સુખ ચાહિયે.' રાડ નાખે માણસ. પ્રવચનસારમાં કહે છે કે તર્કથી ભગવાને જે કહ્યું એ વાત તર્કથી સિદ્ધ થઈ શકે છે. સમજાણું કાંઈ? પણ એ સાથે જે વિકલ્પ છે એનાથી આત્મામાં લાભ છે નહિ. કે શ્રુત અને મતિનો સ્વભાવ જ તર્ક છે. સમજાણું કાંઈ? આવે છેને સત્? મતિજ્ઞાનપૂર્વ ઉત્તરતર્કણા એ તત્ત્વાર્થસૂત્રમાં. મતિજ્ઞાનની ઉત્તર તર્કણા તે શ્રુત. એ તો શ્રુતનો પર્યાયનો સ્વભાવ એવો છે. સમજાણું કાંઈ? એ વિકલ્પ છે તો ઉત્તર તર્કણા થઈ એમ નથી. આહા..હા..! શશીભાઈ! આહા..હા..! લ્યો એ ક્યાંનું ક્યાં લઈ ગયા. અહીં તો કહે છે પોતાને સુખ જોઈએ. આહા..હા..! વસ્તુસ્થિતિ આ છે. લોકોને એવું લાગે વ્યવહારથી લોપ થઈ જાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- કલ્યાણનો માર્ગ આ છે.

ઉત્તર :- એવી અંદર પ્રતીતિના ઠેકાણા નથી જ્યાં તો એને અનુભવ કેમ થાય? પર્યાય ક્ષણિક છે એમાં એટલી તાકાત વેદનની છે કે પાંચમે, દસમે સમયે જે વેદનની પર્યાય છે એ પૂર્વે વેદન હતું તો આ વેદન ઉગ્ર થયું એમ પણ નથી. ચંદુભાઈ! આહા..હા..! ગંભીર વાત છે, ભાઈ!

કહે છે કે **'પર્યાય-અપેક્ષાએ તો વસ્તુ ક્ષણિક છે...'** ક્ષણિકમાં એવું કાઢ્યું. કે જે સમયે જે પર્યાય છે. એ ક્ષણિક છે. એક સમયે થનારી છે અને પછી શુદ્ધિની વૃદ્ધિ થાય છે એ પણ વૃદ્ધિની પર્યાય ક્ષણિક પોતાથી છે. પૂર્વની પર્યાયથી નહિ. સમજાણું કાંઈ? ચંદુભાઈ! ચંદુભાઈ માટે રાખ્યું હતું ઓલું સવારનું. એ વખતે યાદ આવ્યા હતા. અમારે ધન્નાલાલજી કહે કાલે .. વાત થઈને. થોડી વિશેષ સ્પષ્ટ કરો. ભાઈ આવે છે. એ તો ખ્યાલ કરીને આવતું નથી. એ તો જેમ આવે તેમ આવે. આહા..હા..! તો ચંદુભાઈ યાદ આવ્યા હતા કાલે કે ચંદુભાઈ આવશે તો બરાબર થોડું સ્પષ્ટિકરણ કરશું. આહા..હા..! કોણ કરે? ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- આપે અધૂરું રાખ્યું એટલે રહ્યુંને.

ઉત્તર :- ઇ જ માટે તો આ વાત ચાલે છે. આહા..હા..! એની પર્યાયનો સ્વતંત્ર ધર્મ એવો છે. એ વાત જ્યાં સુધી ન બેસે તો એને પર્યાયની શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ? આ તો ભગવાન વીતરાગ. આહા..હા..! કેવળજ્ઞાનથી ત્રણ કાળ, ત્રણ લોક દેખાય એવો. હું અંતરમાં પૂર્ણ કૃત્ય-કૃત્ય છું. દ્રવ્ય-ગુણ તો છે, પર્યાયમાં કૃત્ય-કૃત્ય થઈ ગયો ભગવાન. સમજાણું કાંઈ? એ વેદનનું કરવું એ ન રહ્યું. એ તો વેદન થાય જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આકરી વાત છે. સત્‌નું સ્વરૂપ જ એવું છે. જ્યાં સુધી દૃષ્ટિમાં ન આવે ત્યાં સુધી એનો અનુભવ કેમ થાય? સમજાણું કાંઈ? ટૂંકામાં પણ જે ચીજ છે એવો એને ખ્યાલ આવવો જોઈએ પહેલો. વિકલ્પથી નિર્ણય કરવામાં પણ. વજુભાઈ! લ્યો અહીં તો ત્યાં બેસવાના ઓઠીંગણે ત્યાં બેસતા. ત્યાં ઓઠીંગણ ન મળે તો અહીં આવ્યા હવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો ત્યાં બેસે એમ કહે. અહીં તો ત્યાં આઘા બેઠા હોય તો ... કહો, સમજાય છે કાંઈ? ક્ષણિક પર્યાય છેને? આહા..હા..! કહે છે જ્યારે એમ કહે કે ગુણભેદનો સ્પર્શ દ્રવ્યને નથી. પર્યાયનો સ્પર્શ દ્રવ્યને નથી. ત્યાં દ્રવ્ય અને પર્યાય સર્વથા ભિન્ન-ભિન્ન છે. આવ્યુંને એ? ૧૮ (નથી), ૧૯, ૨૦. ૧૮-૧૮. દ્રવ્ય-ગુણનું આલિંગન નથી. આહા..હા..! ગુણનું આલિંગન (નથી) જ્યાં દ્રવ્ય સ્વતંત્ર છે, અભેદ છે. અને પર્યાયનું આલિંગન દ્રવ્યને નથી. એ ૧૯. ક્ષણિક પર્યાયનો સ્પર્શ દ્રવ્યને નથી. એ...લાલજી! થોડી ઝીણી વાત છે, થોડો અભ્યાસ કરવો પડશે. આ ઓલા પૈસા-બૈસામાં જરી ઠીક પડી જાયને... થોડું જો સાંભળીને મળી જાય તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાઈએ.. આહા..હા..! એ ભાઈએ લખ્યું છે. પાત્ર હોય તો એકવાર સાંભળવાથી સરસરાટ અંદર ઉતરી જાય છે. આહા..હા..!

કહે છે **'પર્યાય-અપેક્ષાએ તો વસ્તુ ક્ષણિક છે...'** એ ક્ષણિક પર્યાયનું અસ્તિત્વ પણ સ્વીકારવું એ જેટલા પ્રમાણમાં છે એટલા પ્રમાણમાં સ્વીકારે તો પર્યાયનું અસ્તિત્વ માન્યું કહેવાય. સમજાણું કાંઈ? એ ક્ષણિક પર્યાય એમાં ક્ષણિક છે એટલું એમ નહિ, પણ એક પર્યાય એક અંશ એક સમય પૂરતો રહે છે, પણ એક સમય પૂરતો રહે એની તાકાત કેટલી? તો એક સમયની પર્યાયની યથાર્થ પ્રતીતિ થઈ. સમજાણું કાંઈ? એવું બૌદ્ધમાં તો છે નહિ કાંઈ. એક સમયની પર્યાયમાં એટલી તાકાત છે અને દ્રવ્ય-ગુણ જાણે એવી ચીજ તો છે નહિ. એવું બૌદ્ધ નહિ, પણ અજ્ઞાનીની એ વાત છે. સમજાણું કાંઈ? એક પર્યાય ઉપર જેની દૃષ્ટિ છે. તો એ પર્યાય ઉપર દૃષ્ટિવાળાને પર્યાયની તાકાત કેટલી છે એની પણ એને ખબર નથી. આહા..હા..! ચંદુભાઈ! આહા..હા..! અરે..! પ્રભુનો માર્ગ તો જો. આ આત્માનો માર્ગ હોં પ્રભુનો એટલે. આહા..હા..!

કહે છે કે પોતાનું દ્રવ્ય જે છે એ ગુણ જ્ઞાન, દર્શન એવા અનંત-અનંતના ભેદને એક અંશ પડે છે. અભેદ ભેદને કેમ સ્પર્શે? ઓહો..હો..! હવે એક બાજુ કહેવું કે વસ્તુનો અભેદ-ભેદ સ્વભાવ છે. સમજાણું કાંઈ? એમ લખ્યુંને સાતમી ગાથામાં? .. મોક્ષમાર્ગમાં પાછળ એ લખ્યું છે કે વસ્તુ અભેદ છે. ત્યાં સાતમી ગાથામાં લીધું છે. લ્યો ક્યાંનું ક્યાં આવ્યું પાછું. વસ્તુ તો ભેદાભેદ જ છે. એય..! એ તો કઈ અપેક્ષાએ? કે જ્યાં સુધી વિકલ્પ છે, રાગ છે ત્યાં સુધી રાગ થવાથી, પર ઉપર લક્ષ કરવાથી, ભેદ ઉપર લક્ષ કરવાથી વિકલ્પ થાય છે. રાગને કારણે ભેદ છે ભલે, પણ ભેદ ઉપર લક્ષ કરવાથી રાગને કારણે. ભેદ ઉપર લક્ષ કરવાથી, ભેદને કારણે (નહિ) લક્ષ કરવાને કારણે.

મુમુક્ષુ :- એ તો જ્ઞાન છે.

ઉત્તર :- એ તો જ્ઞાન છે. સમજાણું કાંઈ? એ રાગનું અસ્તિત્વ છે એ કારણે એ રાગના અસ્તિત્વમાં એનું ભેદ ઉપર લક્ષ જાય છે. સમકિતીને પણ એમ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તો જ્યાં સુધી પૂર્ણ અભેદ ન થાય ત્યાં સુધી ભેદનું લક્ષ છોડાવીને અભેદ દૃષ્ટિ કરીને અભેદમાં સ્થિર થવું એમ કહ્યું. લે. સમજાણું કાંઈ? એક જ પંક્તિ અને એક જ ગાથા સમજે એમાં પણ પાછી બીજી શું અપેક્ષા છે? એ અપેક્ષા ન સમજે તો જો યથાર્થ નિશ્ચય ન કર્યો તો એને ખ્યાલ આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, વળી આ તો પર્યાયની વાત ચાલી. ...પર્યાયનો...ચેતનજી! પણ પર્યાયનો આશ્રય તો દ્રવ્ય છે. એ દ્રવ્ય ભૂલી જાય છે અજ્ઞાની. સમજાણું કાંઈ? આહા..હા..! વાત તો એમ લીધી છેને. '**भूदत्थमस्सिदो खलु**' એમ ભાષા છે લ્યો. પર્યાય ભૂતાર્થનો આશ્રય કરે તો સમ્યગ્દર્શન થાય છે. તો આશ્રય દે છે એ? અને પર્યાય લે છે? એનો અર્થ કે જે પર્યાય પરતરફ વળે ક્ષણિક પર્યાય છે એને અંતરમાં વાળવી એ સમયે દ્રવ્યનો આશ્રય લીધો. લીધો એણે. આહા..હા..! કહો, ચંદુભાઈ! આહા..હા..! થોડું ઝીણું પડે પણ હવે આ...

મુમુક્ષુ :- આ સમજવાનો સાર છે.

ઉત્તર :- હા, સમજવું. આજ તો બહેનનો જન્મદિવસ છે. તો એમાં તો આવી સૂક્ષ્મ વાત તો આવી જોઈએને. અમારે પ્રવિણભાઈ તો એમ કહે. ક્યાં ગયા પ્રવિણભાઈ? ગયા? એ ટાઢા માણસ છે. ઇ કાલે કહે કે આ સોનગઢમાં આવું ન આવે તો આવે ક્યાં? આવે તો આવે ભાઈ! ક્યારે આવે અને કેમ આવે એ કાંઈ નક્કી નહિ. આહા..હા..! રતિભાઈ! તમારા બેય જણા છે વાંચનારા. એ રતિભાઈ તો શેઠ છે. વ્યવસ્થામાં. આવ્યા છે. પ્રેમચંદભાઈના દીકરા નથી ..ભાઈ. વાંચન કરે છેને ત્યાં. ચીમનભાઈ. એ ચીમનભાઈ કહેતા હતા. .. સાંભળવાનું બહુ સારુ મળે છે. ... એમ કહેતા હતા. ભારે વાત! કહો, ..ભાઈ! આ તમારા રાજકોટની વાત ચાલે છે.

મુમુક્ષુ :- રાજકોટ આપણું છેને.

ઉત્તર :- કોઈની કોઈ પર્યાય જ પણ એક સમયની છે એ એની નથી. આહા..હા..!

કહે છે કે '**પર્યાય-અપેક્ષાએ તો વસ્તુ ક્ષણિક છે અને દ્રવ્ય-અપેક્ષાએ નિત્ય છે.**' આહા..હા..! વસ્તુનો નિત્ય સ્વભાવ જેવો છે એવું પ્રતીતમાં આવવું જોઈએ. નિત્યમાં તો ધ્રુવપણું અનંતગુણનું છે. જે બદલતું નથી. સમજાણું કાંઈ? તો નિત્યના બે બોલ લીધા પહેલા ૧૮-૧૯. એમાં તો એમ લીધું પ્રત્યભિજ્ઞાનનું કારણ જે નિત્ય એવું જે સામાન્ય એ દ્રવ્યને સ્પર્શ્યા વિના શુદ્ધ પર્યાય છે. આહા..હા..! આ ક્ષણિક પર્યાય આટલી આ. સમજાણું કાંઈ? પ્રત્યભિજ્ઞાનનું કારણ કે આ... આ... આ.... આ... આ... આ .. એ જ હું વર્તમાન છે. મારી ચીજ એવું પ્રત્યભિજ્ઞાન આ હતું એ છે એવું પ્રત્યભિજ્ઞાનનું કારણ જે દ્રવ્યભાવ, સામાન્ય સ્વભાવ એને આલિંગન કર્યા વિના દ્રવ્ય પોતાના દ્રવ્યને આલિંગન કર્યા વિના પર્યાયનું આલિંગન કરે છે. પર્યાયનું આલિંગન હોય છે, પર્યાયનું વેદન થાય છે. એ પર્યાયનું વેદન થાય છે એ હું આત્મા છું એમ કહે છે. આહા..હા..! આ ક્ષણિક કહે છે એ બીજી વસ્તુ. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં કહ્યું કે એકલું પર્યાય છે એ દ્રવ્યને સ્પર્શ્યા વિના પર્યાય એ જ આત્મા. અહીં કહે છે કે એક ક્ષણિક પર્યાયને માનનારની દૃષ્ટિ

મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ઓહો..! એ કઈ અપેક્ષાએ? એ પર્યાય છે એ દ્રવ્યને અડતી નથી, પણ દ્રવ્ય છે તો ખરું. છે તો ખરું. પણ વિશેષદશા, આનંદની દશા ત્રિકાળ ધ્રુવને કેમ સ્પર્શે? કેમકે ત્રિકાળ ધ્રુવનું તો વેદન છે નહિ. વેદન તો એક સમયના આનંદનું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને દ્રવ્ય-અપેક્ષાએ નિત્ય છે. જીવ પણ...'** એ તો સામાન્ય વાત કરી પહેલા. સામાન્ય જગતનું તત્ત્વ. **'જીવ પણ વસ્તુ હોવાથી દ્રવ્યપર્યાયસ્વરૂપ છે.'** ભગવાન આત્મા પોતાના અસ્તિત્વમાં દ્રવ્ય અને પર્યાયસ્વરૂપનું એનું અસ્તિત્વ છે. દ્રવ્ય અને પર્યાયનું જોડલું. મૂક્યું છેને? ૩૨૦. ૩૨૦ ગાથામાં જયસેનાચાર્યની ટીકામાં. ભાઈએ હિંમતભાઈએ લખ્યું છે કૌંસમાં. ... દ્રવ્ય-પર્યાયનું જોડલું. આહા..હા..! **'જીવ પણ વસ્તુ હોવાથી દ્રવ્યપર્યાયસ્વરૂપ છે. તેથી, પર્યાયદષ્ટિએ જોવામાં આવે તો કાર્યને કરે છે એક પર્યાય,...'** વર્તમાન પર્યાય કાર્યને કરે છે એક પર્યાય **'અને ભોગવે છે અન્ય પર્યાય;...'** આ વાત લેવી છે. શાસ્ત્રમાં તો એમ આવે છે કે જે પર્યાય કરે એ જ પર્યાય ભોગવે. ૧૦૨ ગાથા. સમયસાર. સમજાણું કાંઈ? એ વાત અહીંયાં નથી કરવી. અહીંયાં તો સંયોગ-વિયોગ જે પર્યાયે વિકાર કર્યો એનું નિમિત્ત પામીને પુણ્ય-પાપના રજકણો બંધાણા એ તો એ સમયની પર્યાયમાં બંધાવાની તાકાત હતી. અને એ જ પુણ્ય-પાપનું ફળ જ્યાં ઉદય થયું તો જે સામગ્રી આવે છે એ પણ આવે છે સ્વતંત્ર, પણ એમાં નિમિત્ત પૂર્વના પુણ્ય-પાપના રજકણ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ સામગ્રી તરફ લક્ષ જશે તો રાગનું વેદન થશે. તો એ પર્યાય કરનારી બીજી અને ભોગવનારી બીજી આ અપેક્ષાએ. મારે કેટલી અપેક્ષાઓ આમાં તો!

મુમુક્ષુ :- કેટલી અપેક્ષા અમારે જાણવી?

ઉત્તર :- એ ગમે તે અપેક્ષા જાણવું. અપેક્ષા નામ અનંત જ્ઞાન છે જેમાં. આહા..હા..! અનંત-અનંત પર્યાયમાં તાકાત છે અનંત જાણવાની. વિકલ્પના આશ્રય વિના. તો એમાં શું છે? આહા..હા..! સમજાણું કાંઈ? એક શ્રીમદ્‌માં આવે છે કે આ જગતમાં કેટલાક કહે છે કે જગતમાં અધિષ્ઠાન હોવું જોઈએ. પત્ર આવે છેને? તો કહે છે કે અધિષ્ઠાન છે. કે હરિ મારા હૃદયમાં દેખાય છે એ અધિષ્ઠાન છે. એમ કહે. એય..! ચેતનજી! ઇ અધિષ્ઠાન છે. તો ગુણ-પર્યાયનું અધિષ્ઠાન એ છે. સમજાણું કાંઈ? બહારમાં એમ કહેશે કે જગતમાં એમ ચાલે છે કે એક અધિષ્ઠાતા હોવાથી... વળી લીધું કે અધિષ્ઠાતા છે અને આ મારા હૃદયમાં જે હરિ છે એ અધિષ્ઠાતા છે. પોતાના ગુણ-પર્યાયનો એ અધિષ્ઠાતા છે. દળ ત્યાં છે એમ લીધું. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે એ **'તેથી, પર્યાયદષ્ટિએ જોવામાં આવે તો કાર્યને કરે છે...'** વર્તમાન પર્યાય એ પર્યાયનું ફળ સંયોગ મળે, એનું વેદન એ પર્યાય નથી કરતી. સંયોગનું તો વેદન છે નહિ, પણ સંયોગ મળે એ તરફનું લક્ષ કરીને જે વેદન રાગાદિનું થાય છે એ આ પહેલી પર્યાયે વેદન નથી કર્યું. સમજાણું કાંઈ? કેટલી અપેક્ષાઓ! અલૌકિક વાત છે. આહા..હા..! બહુ થોડા શબ્દોમાં

સમયસાર અજોડ ગ્રંથ. ભરતક્ષેત્રમાં કેવળીને ભુલાવે એવો ગ્રંથ છે. સમજાણું કાંઈ?

કહે છે '**પર્યાયદૃષ્ટિએ જોવામાં આવે તો કાર્યને કરે છે એક પર્યાય, અને ભોગવે છે અન્ય પર્યાય;...**' આહા..હા..! અને આમ નિશ્ચયથી જુઓ તો જે પર્યાયે ભાવ કર્યો હતો એને કારણે ત્યાં ભોગવે છે પર્યાય એમ પણ નથી. આહા..હા..! એ તો સ્વતંત્ર થશે. એ જ સ્વતંત્ર પર્યાય બીજી ભોગવે છે પ્રતિકૂળતા, અનુકૂળતા સંયોગમાં લક્ષ કરીને. એમ અહીંયાં કહેવામાં આવ્યું. તો સંયોગ પણ સિદ્ધ કરે છે અને જે શુભાશુભભાવનું બંધ પુણ્ય-પાપ એ સિદ્ધ કરે છે અને એના ઉદયના કાળે સંયોગ મળે બીજે કાળે એ વખતે બીજી પર્યાય ભોગવે છે એમ બીજું છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ આવી! આહા..હા..! સંતોએ તો માર્ગ સરળ કરી દીધો છે. સીધો માર્ગ.

'**જેમ કે...**' દૃષ્ટાંત આપે છે. '**મનુષ્યપર્યાયે શુભાશુભ કર્મ કર્યાં...**' મનુષ્યભાવમાં પર્યાય હોં. એમાં '**શુભાશુભ કર્મ કર્યાં અને તેનું ફળ દેવાદિપર્યાયે ભોગવ્યું.**' સમજાણું કાંઈ? અહીં તો વિકારની પર્યાયની વાત લેવી છેને? સમજાણું કાંઈ? નિર્મળ પર્યાયની વાત અત્યારે નથી. આ તો વિકારી પર્યાય જે સમયે કરી મનુષ્યપણામાં. એનું ફળ આવશે સ્વર્ગની સંપદા આવશે ત્યાં આગળ બીજી પર્યાય ભોગવશે. આ પર્યાય તો ચાલી ગઈ. આહા..હા..! અરે..! જ્યાં અસ્તિત્વો એટલો સ્વીકાર કે જે પર્યાયમાં રાગ થયો, એ પર્યાયની પાછળ રાગના ફળમાં સંયોગ મળ્યો. એમાં વેદનમાં એ પર્યાય નથી રહેતી. આહા..હા..! એવું તો લંબાણ કર્યુંને? સમજાણું કાંઈ? આહા..હા..!

જો '**દ્રવ્યષ્ટિએ જોવામાં આવે તો,...**' એક વાત પહેલી એ કરી. '**તો, જે કરે છે તે જ ભોગવે છે;...**' ઇ આ કર્તા-ભોક્તા એક સમયની પર્યાયમાં ૧૦૨ ગાથામાં છે એ નહિ. સમજાણું કાંઈ? અહીંયાં તો આ સમયે રાગ-દ્વેષ જે દ્રવ્યની પર્યાયમાં થયા તો એ પર્યાયને ભોગવવા કાળે પણ એ દ્રવ્ય જ છે ત્યાં. સમજાણું કાંઈ? એ દ્રવ્યે અહીંયાં કર્યું પર્યાયમાં. આહા..હા..! ભારે વાતું! એક બાજુ કહે પર્યાય એ દ્રવ્ય કરે નહિ. બંધ-મોક્ષને અને બંધ-મોક્ષના કારણની પર્યાય દ્રવ્ય કરે નહિ. એય..! કઈ અપેક્ષા છે ભાઈ! એ બધી અલૌકિક વાત છે. સમજાણું કાંઈ? ત્યાં એ કહ્યું ૩૨૦ ગાથામાં કે બંધ-મોક્ષના પરિણામ અને બંધ-મોક્ષના કારણરૂપ પરિણામ એટલે માર્ગ બેયને દ્રવ્ય કરતું નથી. અહીંયાં તો દ્રવ્ય સિદ્ધ કરવું છે. ત્રિકાળ ટકનારી ચીજ. તો જે પર્યાયમાં અહીં રાગ કર્યો એ પણ દ્રવ્યે કર્યો હતો અને ત્યાં ભોગવનારો પણ દ્રવ્ય છે. સમજાણું કાંઈ? હવે એ દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો એ દ્રવ્યદૃષ્ટિ એટલે ઓલી અભેદની દૃષ્ટિ એ વાત નથી.

મુમુક્ષુ :- એ પર્યાયની વાત છે.

ઉત્તર :- હા, પર્યાયની. આહા..હા..! દ્રવ્યદૃષ્ટિથી જુવે તો દ્રવ્યદૃષ્ટિ તો અભેદ છે. આહા..હા..! અહીં દ્રવ્યદૃષ્ટિ નામ કાયમ રહેનારા આત્માની અપેક્ષાએ જોઈએ તો. એમ લેવું. એય..! માસ્તર! આવી વાત છે.

**'દ્રવ્યદૃષ્ટિએ જોવામાં આવે તો, જે કરે છે તે જ ભોગવે છે;...'** પણ વળી દ્રવ્યમાં તો કર્તા-ભોક્તા છે નહિ. સાંભળો ભગવાન! અહીં તો પર્યાય જે કરે છે એ જ પર્યાય ભોગવવામાં નથી, પણ દ્રવ્યની પર્યાય છે તો દ્રવ્ય જ્યાં પર્યાયમાં કરે છે એ જ ભોગવવા કાળે એ જ દ્રવ્ય છે. ભોગવવાનું તો પર્યાયમાં છે. કરવાનું પણ પર્યાયમાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ જે દ્રવ્ય હતું એણે વિકાર કર્યો અને એના વિકારના ફળરૂપ સંયોગને ભોગવ્યા, સંયોગને ભોગવ્યા એટલે રાગને ભોગવ્યો. સમજાણું કાંઈ? આહા..હા..! એની રમતું તો જુઓ! **'જેમ કે-મનુષ્યપર્યાયમાં જે જીવદ્રવ્યે શુભાશુભ કર્મ કર્યાં,...'** લ્યો, એ દ્રવ્યે શુભાશુભ વિકારી પર્યાય કરી. એય..! ચંદુભાઈ! ઓલા કહે દ્રવ્ય પુણ્ય-પાપના ભાવ દ્રવ્ય કરે જ નહિ. મોક્ષમાર્ગપ્રકાશકમાં. એ બીજી અપેક્ષાએ. એ તો પર્યાયની સ્વતંત્રતા સિદ્ધ કરવા માટે. અહીં તો દ્રવ્ય કાયમ રહેનારું છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? જરી ઝીણી વાત છે, ભાઈ! આ તો માર્ગ... આજે માણસો ઘણા છે. આ તો આવે એને સમજવું પડશેને. આમ-આમ ચાલે સંસારમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈથી કોઈ સમજે? જે સમજે એને લાભ. આહા..હા..! એય..! અને ગુરુ કહે એ સચ્ચા. પણ શી રીતે સચ્ચા? તારા ભાવમાં એ જાતની સ્થિતિ છે એ ખ્યાલમાં ન આવે એમાં તને શું સાચું આવ્યું? સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! ભારે માર્ગ, ભાઈ! આ કરતાં દયા પાળવી ધર્મ મારો સહેલોસટ હતો. અને આ લોકો કહે ભગવાનની ભક્તિ કરવી જાઓ ધર્મ. લ્યો, શેત્રુંજયની અને સમ્મેદશિખરની જાત્રા કરવી. લ્યો એય..! પંડિતજી! આ સ્થાકનવાસીમાં દયા પાળવી, વ્રત પાળવા એ ધર્મ. દિગંબરમાં વળી લૂગડા કાઢી નાખીને નગ્ન થવું એ ધર્મ અને આમ આ ખાવું અને આ ન ખાવું. શું કીધું?

મુમુક્ષુ :- ખાલી નગ્ન કીધું છે, ખાવા-પીવાનું નથી કીધું.

ઉત્તર :- ખાવા-પીવાનું નથી કીધું. વાત સાચી. એ પદ્ધતિરહિત છે પણ ઇ કહેવામાત્ર રહિત છે. કહેવામાત્ર રહિત છે. આહા..હા..! આ ... આહા..હા..! અહીં તો પરમાત્મા ત્રિલોકનાથની ધ્વનિમાં જે ભાવ આવ્યો એ સંતો જગત પાસે જાહેર કરે છે. ભાઈ! ધર્મ પિતાનું તો આ કહેવું છે. આહા..હા..! તું જેને દેવ માને છો એ દેવ તો એમ કહે છે. તું ભગવાનની આજ્ઞા પ્રમાણે માનતો નથી તો તે દેવને માન્યા નથી. દેવને માન્યા જ નથી તેણે. આહા..હા..!

**'જેમ કે-મનુષ્યપર્યાયમાં જે જીવદ્રવ્યે શુભાશુભ કર્મ કર્યાં,...'** ઓહો..હો..! કેટલી અપેક્ષા છે! **'તે જ જીવદ્રવ્યે દેવાદિ પર્યાયમાં પોતે કરેલાં કર્મનું ફળ ભોગવ્યું.'** એ દ્રવ્ય ભોગવવાના કાળે એટલું. ભોગવવું તો પર્યાયમાં છે. સમજાણું કાંઈ? એ અપેક્ષાએ લેવું છે. આહા..હા..! સાદી ભાષા પણ મારે અર્થ બહુ સારા કર્યા છે. હવે આ સમયસાર એક જણો કહે પંદર દિ'માં વાંચી ગયા. બહુ સારી વાત બાપા!

મુમુક્ષુ ;- એ તો આપ ઘણીવાર કહો છો એક કલાકમાં બધું... એક શબ્દમાં સમાઈ જાય.

ઉત્તર :- એમાં શું આવ્યું? '**भूदत्थमस्सिदो खलु**' એક શબ્દમાં આખો સાર આવી જાય લ્યો. પણ એનું સ્પષ્ટિકરણ કરવું કે પર્યાય કઈ રીતે દ્રવ્યનો આશ્રય કરે છે? દ્રવ્ય કેવું છે? એ પર્યાય આશ્રય કરે છે એ પર્યાય કેવી નીકળી? કેમ થઈ? એમાં તાકાત કેટલી? દ્રવ્યની તાકાત કેટલી? બેયનું જેટલું સામર્થ્ય છે એ પ્રમાણે પ્રતીત કરે તો યથાર્થ પ્રતીત કહેવામાં આવે છે. આહા..હા..! કેમ પંડિતજી! આ શું વિચાર કર્યો હતો? આ પંડિત લોકો છે. શું કહેવાય તમારે? સંસ્કૃતના...

મુમુક્ષુ :- સંસ્કૃતના પ્રોફેસર છે.

ઉત્તર :- સંસ્કૃતના પ્રોફેસર છે. નરમ માણસ છેને. આહા..હા..!

**'આ રીતે વસ્તુનું સ્વરૂપ અનેકાંતરૂપ સિદ્ધ હોવા છતાં,...'** અનેકાંત નામ બે ધર્મ થયા-- પર્યાય ધર્મ અને દ્રવ્ય ધર્મ. સમજાણું કાંઈ? **'જે જીવ શુદ્ધનયને સમજ્યા વિના શુદ્ધનયના લોભથી...'** એક પર્યાયમાં જે ત્રિકાળ ઉપાધિ કહેશે તો ઉપાધિ થશે. શુદ્ધનયથી જે યથાર્થ શુદ્ધનયથી સમજે તો દ્રવ્યસ્વભાવ શુદ્ધનયનો વિષય. સમજાણું કાંઈ? અને એક ન્યાયે તો શુદ્ધનયનો વિષય અશુદ્ધતા છે એ પણ શુદ્ધનયનો વિષય છે. પ્રવચનસાર. આહા..હા..! પરને જ્યાં લક્ષમાં લેવું નથી તો પોતામાં જે ભૂલ થઈ એ શુદ્ધનયથી પોતાથી છે. અને ત્રિકાળ દ્રવ્યની દૃષ્ટિ હોય તો શુદ્ધનય વસ્તુ જ છે. સમજાણું કાંઈ? અહીં તો 'શુદ્ધનયને સમજ્યા વિના...' એમ કહ્યુંને? **'શુદ્ધનયના લોભથી વસ્તુના એક અંશને (-વર્તમાન કાળમાં વર્તતા પર્યાયને) જ વસ્તુ માની ઋજુસૂત્રનયના વિષયનો એકાંત પકડી...'** ઋજુસૂત્ર વર્તમાન પર્યાય ચાલે એટલો હું બસ. આમ દીર્ઘદૃષ્ટિ કરવી. કહે એ આપણું કામ નથી. દીર્ઘ શું કહેવાય? આવે છેને દીર્ઘજીવ. લાંબો વિચાર કરવો એમ નહિ.

મુમુક્ષુ :- ઇ વળી ઉંધા અર્થમાં

ઉત્તર :- હા ઈ જ કહું છું દીર્ઘ...

મુમુક્ષુ :- ઉંડો વિચાર કર્યા જ કરે પણ કોઈ દિ' છેડો જ ન આવે.

ઉત્તર :- એને દીર્ઘસૂત્રી કહીએ અને અહીં દીર્ઘદૃષ્ટિવાળો. ત્રિકાળી વસ્તુને પ્રતીતમાં લેવી એ દીર્ઘદૃષ્ટિ. આહા..હા..! ઓલા તો સર્વજ્ઞ કેવા છે ને તેવા છે? લાંબુ-લાંબુ કર્યા જ કરે. દીર્ઘસૂત્રી. દીર્ઘસૂત્રી. શ્રીમદ્‌માં આવે છે. શ્રીમદ્‌માં એ ટૂકડો આવે છે. દીર્ઘસૂત્રી. એય..! ચેતનજી! દીર્ઘસૂત્રી. દોષના ઓલામાં આવે છે ત્યાં. સીધી વાત છેને. આહા..હા..!

અહીં તો કહે છે જે વસ્તુ એક સમયની માનીને **'ઋજુસૂત્રનયના વિષયનો એકાંત પકડી એમ માને છે કે 'જે કરે છે તે જ ભોગવતો નથી-અન્ય ભોગવે છે, અને જે ભોગવે છે તે જ કરતો નથી-અન્ય કરે છે', તે જીવ મિથ્યાદૃષ્ટિ છે,...'** આહા..હા..! એવી સામાન્ય વાત આ તો શાસ્ત્રમાં ઉલ્લેખ છેને એ વિશેષ સ્પષ્ટતાની વાત છે. એવી સાધારણ વાત નથી આ. આગળ

વધતા... વધતા... વધતા... વધતા... સર્વવિશુદ્ધજ્ઞાનમાં સ્પષ્ટ કરે છે. સર્વવિશુદ્ધ છેને આ? સમજાણું કાંઈ? તો એક સમયની પર્યાય એ કરે અને બીજે સમયે એ ન ભોગવે એમ એકાંત નથી. દ્રવ્ય તો જે સમયે જે કરે છે એ જ દ્રવ્ય એ સમયે ભોગવે છે. પણ અનેરો કરે અને અનેરો ભોગવે એકાંત માનનારો મિથ્યાદૃષ્ટિ છે. એક વસ્તુ અંદર ત્રિકાળ... આવશે અંદરમાં દાખલો. હારનો આવશે હારનો. હાર અહો..! '**हारवदहो निःसूत्रमुक्तेक्षिभिः**' આવે છેને ૨૦૮ (કળશ). સમજાણું કાંઈ? હારમાં દરેક મોતી એક-એક સ્વતંત્ર છે. પણ મોતીમાં સળંગ દોરો છે એ એક છે. પર્યાય અનેક છે. ૧૦૮ મણકા છે. પણ એક દોરામાં બધા છે. એમ પર્યાયમાં દ્રવ્ય એ જ છે ત્રિકાળમાં. આહા..હા..! બહુ ઝીણું ભારે ભાઈ! કહો, જયસુખભાઈ! આવો માર્ગ છે હોં. એ તો જ્ઞાનની અંદરમાં કેટલી વિશ◌ાળતા જ્ઞાનસ્વભાવની! એ વાત અહીંયાં છે. વિકલ્પની સાથે .. એ વસ્તુ નથી.

'**તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અર્હંતના મતનો નથી...**' અરિહંતનો મતનો નથી. '**કારણ કે, પર્યાયોનું ક્ષણિકપણું હોવા છતાં,...**' આહા..હા..! '**દ્રવ્યરૂપ ચૈતન્યચમત્કાર તો અનુભવગોચર નિત્ય છે;...**' '**દ્રવ્યરૂપ ચૈતન્યચમત્કાર તો અનુભવગોચર નિત્ય છે;...**' અનુભવ તો પર્યાયનો છે. પર્યાયમાં નિત્ય દ્રવ્ય છે એનો અનુભવ છે એમ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વવિશુદ્ધજ્ઞાન લીધું તો બહુ સ્થૂળ વાત લાગે એવી નથી. સૂક્ષ્મ વાત છે. સમજાણું કાંઈ? જેટલી પર્યાયની તાકાત છે એટલા પ્રમાણમાં એને સમજવા અને દ્રવ્યની જેટલી તાકાત છે એનું સામર્થ્ય સ્વભાવ એમ સમજવો તો સત્‌નો સ્વીકાર કર્યો છે. મારી પર્યાય પરથી થશે? દ્રવ્યથી નહિ તો પરથી થશે? એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એક બાજુ તો આવ્યું હતું આપણે આત્મધર્મમાં. પર્યાયનો દાતા દ્રવ્ય નથી. સમજાણું કાંઈ? સ્વતંત્ર છે. અહીં બીજી અપેક્ષા લેવી છે. એ સિદ્ધ કરવી છે. અપેક્ષા સમજવી જોઈએને બાપુ! આ કાંઈ કોઈના ઘરની વસ્તુ છે. કલ્પના કરી એ તો વસ્તુની કરી છે.

'**દ્રવ્યરૂપ ચૈતન્યચમત્કાર તો અનુભવગોચર નિત્ય છે;...**' અનુભવગોચર. પર્યાયમાં કાયમ રહેનાર પર્યાયમાં ખ્યાલ આવે છે એમ કહે છે. આનો આ પદાર્થ, એની એ ચીજ પર્યાયમાં કાયમ રહેનારી ચીજનું જ્ઞાન થાય છે. '**પ્રત્યભિજ્ઞાનથી જણાય છે...**' જુઓ, '**કે 'બાળક અવસ્થામાં જે હું હતો તે જ હું તરુણ અવસ્થામાં હતો અને તે જ હું વૃદ્ધ અવસ્થામાં છું'. આ રીતે જે કથંચિત્ નિત્યરૂપે અનુભવગોચર છે-...**' કથંચિત્ નિત્યરૂપ હોં. સર્વથા નિત્યરૂપ નહિ, પર્યાય અનિત્ય છે. આહા..હા..! જે પર્યાયે નિર્ણય કર્યો છે એ પર્યાય તો અનિત્ય છે. પર્યાયમાં નિત્યનો અનુભવ થયો, થયો તો પર્યાયનો, પણ દ્રવ્યરૂપ દૃષ્ટિ અંતર જવાથી આ દ્રવ્ય કાયમ રહેનારી એની એ ચીજ છે એમ '**અનુભવગોચર છે-સ્વસંવેદનમાં આવે છે અને જેને જિનવાણી પણ એવો જ ગાય છે, તેને જે ન માને તે મિથ્યાદૃષ્ટિ છે એમ જાણવું.**' એનો કળશ કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કળશ-૨૦૮

(शार्दूलविक्रीडित)

आत्मानं परिशुद्धमीप्सुभिरतिव्याप्तिं प्रपद्यान्धकैः
कालोपाधिबलादशुद्धिमधिकां तत्रापि मत्वा परैः।
चैतन्यं क्षणिकं प्रकल्प्य पृथुकैः शुद्धर्जुसूत्रे रतै-
रात्मा व्युज्झित एष हारवदहो निःसूत्रमुक्तेक्षिभिः॥208॥

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :

શ્લોકાર્થ :- [आत्मानं परिशुद्धम् ईप्सुभिः परैः अन्धकैः] આત્માને સમસ્તપણે શુદ્ધ ઇચ્છનારા બીજા કોઈ અંધોએ- [पृथुकैः] બાલિશ જનોએ (બૌદ્ધોએ)- [काल-उपाधि-बलात् अपि तत्र अधिकाम् अशुद्धिम् मत्वा] કાળની ઉપાધિના કારણે પણ આત્મામાં અધિક અશુદ્ધિ માનીને [अतिव्याप्तिं प्रपद्य] અતિવ્યાપ્તિને પામીને, [शुद्ध-जुसूत्रे रतैः] શુદ્ધ ઋજુસૂત્રનયમાં રત થયા થકા [चैतन्यं क्षणिकं प्रकल्प्य] ચૈતન્યને ક્ષણિક કલ્પીને, [अहो एषः आत्मा व्युज्झितः] આ આત્માને છોડી દીધો; [निःसूत्र-मुक्ता-ईक्षिभिः हारवत्] જેમ હારમાંનો દોરો નહિ જોતાં કેવળ મોતીને જ જોનારાઓ હારને છોડી દે છે તેમ.

ભાવાર્થ :- આત્માને સમસ્તપણે શુદ્ધ માનવાના ઇચ્છક એવા બૌદ્ધોએ વિચાર્યું કે- 'આત્માને નિત્ય માનવામાં આવે તો નિત્યમાં કાળની અપેક્ષા આવે છે તેથી ઉપાધિ લાગી જશે; એમ કાળની ઉપાધિ લાગવાથી આત્માને મોટી અશુદ્ધતા આવશે અને તેથી અતિવ્યાપ્તિ દોષ લાગશે.' આ દોષના ભયથી તેઓએ શુદ્ધ ઋજુસૂત્રનયનો વિષય જે વર્તમાન સમય તેટલો જ માત્ર (-ક્ષણિક જ-) આત્માને માન્યો અને નિત્યાનિત્યસ્વરૂપ આત્માને ન માન્યો. આમ આત્માને સર્વથા ક્ષણિક માનવાથી તેમને નિત્યાનિત્યસ્વરૂપ-દ્રવ્યપર્યાયસ્વરૂપ સત્યાર્થ આત્માની પ્રાપ્તિ ન થઈ; માત્ર ક્ષણિક પર્યાયમાં આત્માની કલ્પના થઈ; પરંતુ તે આત્મા સત્યાર્થ નથી.

મોતીના હારમાં, દોરામાં અનેક મોતી પરોવેલાં હોય છે; જે માણસ તે હાર નામની વસ્તુને મોતી તેમ જ દોરા સહિત દેખતો નથી-માત્ર મોતીને જ જુએ છે, તે છૂટા છૂટા મોતીને જ ગ્રહણ કરે છે, હારને છોડી દે છે; અર્થાત્ તેને હારની પ્રાપ્તિ થતી નથી. તેવી રીતે જે જીવો આત્માના એક ચૈતન્યભાવને ગ્રહણ કરતા નથી અને સમયે સમયે વર્તનાપરિણામરૂપ ઉપયોગની પ્રવૃત્તિને દેખી આત્માને અનિત્ય કલ્પીને, ઋજુસૂત્રનયનો વિષય જે વર્તમાન-સમયમાત્ર ક્ષણિકપણું તેટલો જ

માત્ર આત્માને માને છે (અર્થાત્ જે જીવો આત્માને દ્રવ્યપર્યાયસ્વરૂપ માનતા નથી-માત્ર ક્ષણિક પર્યાયરૂપ જ માને છે), તેઓ આત્માને છોડી દે છે; અર્થાત્ તેમને આત્માની પ્રાપ્તિ થતી નથી. 208.

શ્રાવણ વદ-૩, ગુરુવાર, તા.૧૬-૦૮-૧૯૭૩

કળશ-૨૦૮, પ્રવચન-૪૭૧

પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

આ સમયસાર સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૨૦૮ કળશ છે.

(शार्दूलविक्रीडित)

आत्मानं परिशुद्धमीप्सुभिरतिव्याप्तिं प्रपद्यान्धकैः
कालोपाधिबलादशुद्धिमधिकां तत्रापि मत्वा परैः।
चैतन्यं क्षणिकं प्रकल्प्य पृथुकैः शुद्धर्जुसूत्रे रतै-
रात्मा व्युज्झित एष हारवदहो निःसूत्रमुक्तेक्षिभिः॥208॥

અહીં તો બૌદ્ધને ક્ષણિક માનનારા સીધી વાત કરી છે કે મિથ્યાદષ્ટિ છે. મિથ્યાદષ્ટિ છે. એમ નહિ પણ કોઈપણ આત્મા. જૈનમાં રહ્યો છતાં પરિણામને જ માને અને ત્રિકાળી દ્રવ્યને ન માને તો એ બૌદ્ધમતિ છે, મિથ્યાદષ્ટિ છે. એમ તો કહ્યું. નહિ બીજાને મિથ્યાદષ્ટિ કહે એ મિથ્યાદષ્ટિ છે. કુંદકુંદાચાર્ય ૩૬૩ પાખંડને મિથ્યાદષ્ટિ કહે છે અષ્ટપાહુડમાં. કૈલાસચંદજી! એમ કહે છે કે નહિ? વસ્તુનું સ્વરૂપ છે એવું કહેને. જાણવું એ તો વસ્તુની સ્થિતિ છે. શ્રીમદ્ પણ કહે છે. આત્મજ્ઞાન સમદર્શિતા આવે છેને સમભાવ. સમદર્શિતા. સમદર્શિતાની વ્યાખ્યા એ નથી કે સુગુરુ અને કુગુરુ બે એક છે. કુદેવ અને સુદેવ એક છે, કુશાસ્ત્ર અને સુશાસ્ત્ર એક છે એ સમદર્શિતાની વ્યાખ્યા નથી. 'આત્મજ્ઞાન સમદર્શિતા' આવે છેને? પછી શું? '.. ઉદય થયો અપૂર્વ વાણી પરમશ્રુત સદ્‌ગુરુ લક્ષણ યોગ.' ત્યાં સમદર્શિની વ્યાખ્યા કરી. મૂઢતા છે કુગુરુ અને કુશાસ્ત્ર અને કુદેવને એક માનવા એ મૂઢ છે, મૂર્ખાઈ છે. સમદર્શિતા તો એને કહીએ કે જે વસ્તુની જેવી સ્થિતિ છે એવું વર્ણન કરે અને એમ જાણે. વર્ણન કરે ભાષાથી શબ્દ છે. સમજાણું કાંઈ?

અહીં એ અર્થ કર્યો છે જુઓ, **'આત્માને સમસ્તપણે શુદ્ધ ઇચ્છનારા...'** બીજી અપેક્ષાએ હો

શુદ્ધ ઇચ્છનારા. **'આત્માને સમસ્તપણે શુદ્ધ ઇચ્છનારા...'** અહીંયાં સંપૂર્ણ શુદ્ધ માનવાની બીજી અપેક્ષા છે. એક સમયની પર્યાયમાં ત્રિકાળને જોડવો એ અશુદ્ધ થઈ જાય છે એમ કહે છે. બાકી વસ્તુ તો સંપૂર્ણ શુદ્ધ જ છે. પર્યાયમાં અશુદ્ધતા છે. સમજાણું કાંઈ? ત્રિકાળ એક જ્ઞાયકભાવ શુદ્ધમાં તો આવ્યું નહિ છઠ્ઠી ગાથામાં? શુદ્ધં. **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।'** ભગવાન આત્મા પ્રમત્ત-અપ્રમત્ત પર્યાય જે છે એ છે જ નહિ. એ તો જ્ઞાયકભાવસ્વરૂપ છે. એ સમ્યગ્દર્શનનો વિષય છે અને એ સ્વરૂપ જ જ્ઞાયકભાવે ત્રિકાળ છે એનું નામ આત્મા. આહા..હા..! એ વાત જુદી, આ વાત જુદી.

પાછી ભાષા તો એવી આવીને જુઓ, **'આત્માને સમસ્તપણે શુદ્ધ ઇચ્છનારા બીજા કોઈ અંધોએ-બાલિશ જનોએ (બૌદ્ધોએ)...'** આંધળા બૌદ્ધોને એમ કહ્યું છે અહીંયાં ચોખ્ખું. આહા..હા..! **'કાળની ઉપાધિના કારણે...'** આ વાત કહે છે. સંપૂર્ણ શુદ્ધતામાં કાળ વર્તમાન છે એટલું માને તો સંપૂર્ણ શુદ્ધ કહેવામાં આવે છે. એમ એ કહે છે. સમજાણું કાંઈ? એ સંપૂર્ણ શુદ્ધ જુદી વાત, આ સંપૂર્ણ શુદ્ધ બીજી વાત. બાકી તો છે તો સંપૂર્ણ શુદ્ધ, વસ્તુ તો સંપૂર્ણ-પૂર્ણ એક જ્ઞાયકભાવ. જેમાં રાગાદિનો સ્પર્શ નથી. રાગથી વસ્તુ ભગવાન આત્મા તન્મય કદી થયો જ નથી. એ શુદ્ધતા તો સમ્યગ્દર્શનના વિષયની ત્રિકાળની અપેક્ષા છે. અને અહીં તો કહે છે કે એક કાળમાં ત્રિકાળ લગાવવો એ અશુદ્ધ છે. સમજાણું કાંઈ? શબ્દે-શબ્દમાં શું ફેર છે એ સમજવું જોઈએને.

કે **'સમસ્તપણે શુદ્ધ ઇચ્છનારા બીજા કોઈ અંધોએ-બાલિશ જનોએ (બૌદ્ધોએ) કાળની ઉપાધિના કારણે...'** નિત્યમાં કાળની અપેક્ષા હોય છે. શું કહ્યું? કાયમ રહેનારમાં ત્રિકાળ, ત્રણ એક વર્તમાન નહિ પણ ત્રણ કાળની ઉપાધિ લાગે છે. પણ ઇ અજ્ઞાનીની માન્યતા એવી છે. સમજાણું કાંઈ? એક સમયની પર્યાય એ વર્તમાનમાં એ દ્રવ્યને ત્રિકાળ માનવું એ ઉપાધિ છે. એક કાળમાં બીજા કાળને મેળવવો એ જ ઉપાધિ છે અને એ જ અશુદ્ધ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ અશુદ્ધતા અત્યારે નહિ. પર્યાયમાં અશુદ્ધતા છે, પર્યાયમાં ગુણસ્થાનના ચૌદ ભેદ છે એ અશુદ્ધ છે, પણ એ તો ભગવાન અશુદ્ધ પર્યાયથી ભિન્ન પોતાના દ્રવ્યનો આશ્રય કરીને, દ્રવ્યનું સેવન કરતા થકા પર્યાયમાં શુદ્ધતા પ્રગટી એમાં આ શુદ્ધ છે એમ જણાયું. સમજાણું કાંઈ? પરદેશમાં ત્યાં ક્યાં મળે એવું છે. કાંઈ ઠેકાણું નથી. ત્યાં તો બધી મમતા છે. છોકરાને સારું લગાડવા માટે. એ કાળ મફતનો જાય છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે **'સમસ્તપણે શુદ્ધ...'** એનો અર્થ? કે ઉપાધિ **'કાળની ઉપાધિના કારણે પણ આત્મામાં અધિક અશુદ્ધિ માનીને...'** એક સમયની ચીજ એને ત્રિકાળ માનવી, પણ એ સમયની ચીજને ત્રિકાળ ક્યાં માને છે? પણ એ કહે છે કે ક્ષણિક વર્તમાન સીધી વાત. એમાં વળી ત્રિકાળની લપ કરવી એ અશુદ્ધ છે. એમ અંધોએ, અજ્ઞાનીઓ, બૌદ્ધોએ એવું કલ્પ્યું છે. હવે એવી વાત બૌદ્ધ

સમ્યગ્દષ્ટિ... સમન્વય કરો... સમન્વય કરો... એમ બહુ લખ્યું મારા. જૈનસંદેશમાં આવું નાખે! કહો, જૈનસંદેશમાં, બાકી જૈનગેજેટમાં તો નાખે છે એકલું. આમાં નાખ્યું. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ વસ્તુસ્થિતિ જેવી છે એવી વાત તો આવવી જોઈએને.

મુમુક્ષુ :- આપણા ઘરનું.. તો ન આવે.

ઉત્તર :- આહા..હા..! આજે એવું લખ્યું છે કૈલાસચંદજીનો મોટો લેખ છે. જોકે મુનિપણું તો જેવું શાસ્ત્ર કહે છે એવું તો વર્તમાનમાં દેખાતું નથી. પણ વર્તમાન મુનિપણું જે છે એટલું જોઈને સંતોષ માનવો. શું વાત! અને જે રતનચંદજી કહે છે ક્રમબદ્ધ છોડવા. એ વાત રતનચંદજી કહે છેને? ક્રમબદ્ધ એટલે ક્રમબદ્ધ છે અને અક્રમ બેય છે. પર્યાય ક્રમબદ્ધ જ છે એમ નથી. એ ક્રમબદ્ધને તોડવા સર્વજ્ઞનું જે દૃષ્ટાંત આપ્યું અને સર્વજ્ઞને બીજી વાત કરે છે તો એ ક્રમબદ્ધ-અક્રમ કહે છે એમાં તો અમે પણ સહમત છીએ. એમ કહે છે. ઠીક! પણ એ સર્વજ્ઞને અમે ઉડાવી દઈએ કે સર્વજ્ઞ એક સમયમાં જ જાણે અને એક સમયના આશ્રયે ત્રિકાળને જાણે, તો એ અર્થપર્યાયથી અમે સમ્મત નથી. એ લેખ આવ્યો છે. વાંચવાનો છે. એય..! ચેતનજી! જૈનસંદેશમાં. આહા..હા..! પ્રભુ! શું કરે છે? આહા..હા..! કઈ રીતે? આવા જૈનસંદેશમાં આ વાત! વીતરાગની વાણી. અહીં તો કહ્યું છે હોં જિનવાણી પણ એમ કહે છે કે ત્રિકાળ ભગવાન આત્મા સ્વસંવેદનમાં આવે છે. એ દ્રવ્ય સ્વભાવ છે. વેદનમાં આવે છે એ પર્યાય, પણ પર્યાયની દૃષ્ટિનું ધ્યેય તો દ્રવ્ય છે. આ વેદનમાં આવ્યું એ ત્રિકાળી ચીજ છે. જિનવાણી એમ કહે છે. એને જો ન માને. લ્યો, સ્વસંવેદનમાં આવે છે અને **'જેને જિનવાણી પણ એવો જ ગાય છે, તેને જે ન માને તે મિથ્યાદૃષ્ટિ છે'** ઉપર છેને? કળશ ઉપર. .. પછીનો ભાવાર્થ ચાલ્યો એ. બે વાત છે.

મુમુક્ષુ :- કથંચિત્ અનુભવગોચર છે એટલે સ્વસંવેદન છે.

ઉત્તર :- એટલે સ્વસંવેદન. કથંચિત્ નિત્ય સ્વરૂપ અનુભવમાં આવ્યું. આત્મામાં આ જ આત્મા છે એવું જ્ઞાનના ભાવમાં, વેદનમાં. વેદનમાં આવે છે પર્યાય, પણ વેદનનું જે ધ્યેય છે એ તો ત્રિકાળી છે. સમજાણું કાંઈ? તો એ નિત્યનું પણ ભાન થાય છે અને અનિત્યનું પણ ભાન થાય છે અને જિનવાણી પણ એમ કહે છે. ઉપર છે? ધન્નાલાલજી!

**'તેને જે ન માને તે મિથ્યાદૃષ્ટિ છે...'** અહીં તો પોકાર કરીને કહે કુંદકુંદાચાર્ય પણ. એમ નથી કે ના, ના, કોઈને મિથ્યાદૃષ્ટિ ન કહેવા. આહા..હા..! દૃષ્ટિ વિપરીત ૩૬૩ પાખંડ છે જગતમાં. ભગવાન વખતે પણ હતું. આહા..હા..! ઋષભદેવ ભગવાનના વખતમાં પણ એનો પૌત્ર ભરતનો મરિચિ. એ મિથ્યાદૃષ્ટિ હતો. ભગવાનને નથી માનતો એ. આખું સાંખ્યમત કાઢ્યું એણે. તો શું એ મિથ્યાદૃષ્ટિ નહોતો? આહા..હા..! કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ ન હોવો જોઈએ, વેર ન કરવો, દ્વેષ ન કરવો. સમજાણું કાંઈ? પણ જે ચીજ જેવી છે એવી સમજણમાં ન લેવી અને બધું એક જ છે એમ

લેવું એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અહીં તો ત્યાં સુધી નયમાં તો. ગોમ્મટસારમાં. કે આત્મા પર્યાયથી રાગનો કર્તા છે, પર્યાયથી રાગનો ભોક્તા છે અને પર્યાયમાં પણ રાગનો કર્તા નથી અને પર્યાયમાં પણ રાગનો ભોક્તા નથી. એવી નય છે એ. એવા નયમાં એક નય માનવી કે આત્મા અકર્તા અને અભોક્તા છે અને કર્તા-ભોક્તા ન માન્યા તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ભારે ભાઈ! આવી માથાકુટ કોણ કરવા નવરા છે? ભાઈ! માથાકુટ નથી. આ તો માથાકુટ મટાડવાની વસ્તુ છે. આહા..હા..! ભાઈ! તારી ચીજ એવી છે. એવું ભગવાને કહ્યું છે.

તો કહે છે અંધ બૌદ્ધો. આ તો અમૃતચંદ્રાચાર્ય કહે છે. આંધળા બૌદ્ધોએ. લ્યો બૌદ્ધ ધર્મ તો અત્યારે બહુ છે. એની સંખ્યા ઘણી છે અત્યારે. આ બહાર પ્રદેશમાં શું કહેવાય? ચીન. ત્યાં બહુ. એથી શું છે? આહા..હા..! એ તો ક્ષણિક આત્મા એક સમયનો. જેમ હારમાં મોતી તો એક-એક મોતી તે વસ્તુ બસ. પણ મોતીમાં દોરો આખો છે. સળંગ નિત્ય ધ્રુવ પર્યાયમાં છે એ નહિ. ત્રિકાળ એ લાગે તો ઉપાધિ લાગે. એક સમયની પર્યાયમાં ત્રિકાળી જો ધ્રુવને કહીએ તો એક સમયમાં સીધી ઋજુસૂત્રનય. ઋજુ નામ સરળ, સૂત્ર-સીધી વાત. એમાં ત્રણ કાળ લગાવવા કે આત્મા ત્રિકાળ છે એ અશુદ્ધ છે. એમ બૌદ્ધ કહે છે. આહા..હા..!

**'આત્મામાં અધિક અશુદ્ધિ માનીને...'** જુઓ, છેને? ઓલા કળશમાં તો ત્રણ લીધા હોં. આમાં એક જ લીધું છે. કળશમાં ત્રણ લીધા છે. એક મતાંતર આમ છે અને એક મતાંતર આમ છે અને એક મતાંતર આમ છે એમ લીધું, ભાઈ! કળશમાં એમ લીધું છે. ત્રણ લીધા છે.

મુમુક્ષુ :- એનામાં ચાર છે. બૌદ્ધના પેટાભેદ ચાર છે.

ઉત્તર :- ના, ઇ નહિ. આ તો ઇ સિવાય. કેટલામો છે? ૨૦૮. એને એ ભેદ લીધા છે. એ આપણે તે દિ' વાંચ્યું હતું. ૨૦૮. એક તો **'कालोपाधिबलात्' 'અનંત કાળથી જીવદ્રવ્ય કર્મો સાથે મળેલું જ ચાલ્યું આવ્યું છે, ભિન્ન તો થયું નથી. એમ માનીને તે જીવમાં અધિક અશુદ્ધિ માને છે.'** એમ આમાં છે. હવે આમાં લખ્યું છે ત્રિકાળ માને છે માટે અશુદ્ધિ પામે છે. **'એકાંતપણે જે માનવામાં આવે તે મિથ્યાત્વ છે. હે જીવ! નાના પ્રકારનો અભિપ્રાય છે જેમનો એવા જે મિથ્યાદૃષ્ટિ જીવો છે...'** 'पृथुकैः'નો અર્થ કર્યો 'पृथुकैः' **'તેમનાથી વિદ્યમાન શુદ્ધ ચૈતન્યવસ્તુ સધાઈ નહિ.'** એક સમયને માનનારાને ત્રિકાળી વસ્તુ સિદ્ધ નહિ થાય. **'કેવા છે એકાંતવાદિ? દ્રવ્યાર્થિકનયથી રહિત...'** ત્રિકાળી દ્રવ્ય છે એને તો માનતા નથી. **'વર્તમાન પર્યાયમાત્રમાં વસ્તુરૂપ અંગીકાર કરવારૂપ એકાંતપણામાં મગ્ન છે.'** 'रतैः' છેને 'रतैः'? 'चैतन्य क्षणिकं प्रकल्प्य' **'એક સમયમાત્રમાં એક જીવ મૂળથી વિનશે છે, અન્ય જીવ મૂળથી ઊપજે છે--એવું માનીને બૌદ્ધમતના જીવોને જીવસ્વરૂપની પ્રાપ્તિ નથી.'** એક વાત. **'તથા મતાંતર કહે છે.'** હવે બીજી વાત. પહેલો આ મત કીધો. 'अपरैः तत्रापि कालोपाधिबलात् अधिकां अशुद्धिं मत्वा' **'કોઈ મિથ્યાદૃષ્ટિ એકાંતવાદિ એમ માને છે કે જેઓ જીવનું શુદ્ધપણું માનતા નથી, સર્વથા અશુદ્ધ**

**માને છે...'** કર્મના નિમિત્તે અશુદ્ધિ એ શુદ્ધ છે નહિ. એ કહે છે કે પર્યાયમાત્ર માનવી એ શુદ્ધ છે. અહીં કહે છે કે ત્રિકાળી જીવમાં કર્મની ઉપાધિથી જે અશુદ્ધ છે એ જ આત્મા. કોઈ અંદર બીજો શુદ્ધ છે એમ નથી. આહા..હા..! ભારે!

**'તેમને પણ વસ્તુની પ્રાપ્તિ નથી તેમ કહે છે--અનંત કાળથી જીવદ્રવ્ય કર્મો સાથે મળેલું જ ચાલ્યું આવ્યું છે, ભિન્ન તો થયું નથી. એમ માનીને તે જીવમાં અધિક અશુદ્ધિ માને છે અર્થાત્ જીવ દ્રવ્ય અશુદ્ધ છે શુદ્ધ છે જ નહિ-એવી પ્રતીતિ કરે છે જે જીવો, તેમને પણ વસ્તુની પ્રાપ્તિ નથી.'** ત્રીજા મતાંતર. આ શ્લોકનો જ મતાંતર છે. **'अन्धकैः अतिव्याप्तिं प्रपद्य' 'કર્મની ઉપાધિને માનતા નથી.' 'એકાંત મિથ્યાદૃષ્ટિ જીવ કોઈ એવા છે કે કર્મની ઉપાધિને માનતા નથી.' 'आत्मानं परिशुद्धम् ईप्सुभिः' 'જીવદ્રવ્યને સર્વ કાળ સર્વથા શુદ્ધ માને છે;...'** ત્રણ વાત લીધી. એક એકલી પર્યાય માને છે, એકલા અશુદ્ધ માને છે અને એકલા શુદ્ધ માને છે ત્રણ બોલ કાઢ્યા એમાંથી. સમજાણું કાંઈ? **'જીવદ્રવ્યને સર્વ કાળ સર્વથા શુદ્ધ માને છે;...'** પણ પર્યાયમાં અશુદ્ધતા છે એને માનતા નથી. એ પણ મિથ્યાદૃષ્ટિ છે. પર્યાયમાં અશુદ્ધ છે. સમ્યગ્જ્ઞાની મુનિને પર્યાયમાં અશુદ્ધતા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં એમ કહ્યું છે ટીકા. અન્ય **'ઉપાધિના કારણે પણ...'** ક્ષણિકને જ માન્યા એક બોલ કહ્યો, **'આત્મામાં અધિક અશુદ્ધિ માનીને...'** કર્મના નિમિત્તે અશુદ્ધતા એ જ ચીજ છે. એક બીજી વાત એ કહી. એક વાત અશુદ્ધિમાંથી એમ કહી કે ત્રિકાળ લાગુ પાડવો એ અશુદ્ધ છે. બીજો કર્મના નિમિત્તે અશુદ્ધતા છે એટલો જ આત્મા છે. શુદ્ધ બીજો છે એમ નથી. અને **'અશુદ્ધિ માનીને અતિવ્યાપ્તિને પામીને,...'** શું કહ્યું? એક સમયની પર્યાયમાં ત્રિકાળ લગાવે તો અતિવ્યાપ્તિ થઈ. સમજાણું કાંઈ? વર્તમાનમાં ત્રિકાળ લાગુ કરવો એ અતિવ્યાપ્તિ થઈ ગઈ અજ્ઞાની એમ કહે છે. આહા..હા..! ભાઈ! આ તો સમજણનો પિંડ આત્મા એની વાત છે બધી. જેટલી અપેક્ષાએ જ્ઞાનનું હોવું છે એટલું સમજવું પડશે. આહા..હા..!

**'શુદ્ધ ઋજુસૂત્રનયમાં રત થયા થકા...'** ત્રીજામાંથી એ કાઢ્યું કે તદ્દન આત્મા શુદ્ધ જ છે. પર્યાયમાં અશુદ્ધતા છે એ છે નહિ. એ પણ એકાંત મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? રાજમલજી ગૃહસ્થ છે લ્યો. એણે આ કળશની એવી ટીકા કરી. કળશટીકા છે કે નહિ? ભગવાનજીભાઈ! આ રાજમલજીની કળશટીકા.

મુમુક્ષુ :- ગુજરાતી-હિન્દી બેય છે.

ઉત્તર :- હા બેય છે ગુજરાતી-હિન્દી.

**'અતિવ્યાપ્તિને પામીને, શુદ્ધ ઋજુસૂત્રનયમાં રત થયા થકા...'** આણે એકમાં એ બધું લાગુ પાડ્યું, ભાઈ! એકલા બૌદ્ધને. ઓલા ત્રણ મત લીધા એણે અર્થમાં. એક તો ક્ષણિક માનનારા, એક સર્વથા અશુદ્ધ જ પર્યાયને માનનારા શુદ્ધ નહિ, એક સર્વથા શુદ્ધ માનનારા અશુદ્ધ નહિ.

આહા..હા..! આવી વાત તો કહે છે હવે એમાં બધાનો સમન્વય શી રીતે કરવો? સમન્વય એય..! અમરચંદભાઈ! એનું પણ સાચું અને અમારું પણ સાચું. એમ ક્યાંથી થાય?

મુમુક્ષુ :- બે ને બે પાંચ પણ સાચા અને બેને બે ચાર પણ સાચા.

ઉત્તર :- શું થયું? એય..! પંડિતજી! શું થયું? તમે બધા પંડિતો છોને. આ શેઠિયા બેઠિયા એમ કેમ માને છે?

મુમુક્ષુ :- ... ન માને તો કોણ માને?

ઉત્તર :- મિથ્યાત્વનો ... જવાબદારી હોય છેને. ધર્મની જવાબદારી હોય છે. આહા..હા..!

ભગવાન આત્મા ત્રિકાળ વસ્તુ કોઈ કહે તો શુદ્ધ જ છે. પર્યાયમાં અશુદ્ધ છે. પર્યાયમાં શુદ્ધતા છે એમ નથી અને એ પર્યાય ક્ષણિક જ છે. એ ક્ષણિકને ત્રિકાળ માનવો એ દોષ. અજ્ઞાની કહે છે. સમજાણું કાંઈ? અહીં કહે છે કે ક્ષણિકને ત્રિકાળ માનવો એ મિથ્યાદૃષ્ટિ છે અજ્ઞાની કહે છે. આ કહે કે નહિ, ક્ષણિકને ત્રિકાળ માનવું એ સમ્યગ્દર્શન છે. અને એક સમયની પર્યાયની અશુદ્ધ છે તો આખું દ્રવ્ય અશુદ્ધ તન્મય થઈ ગયું એ રતનચંદજી કહે છે. જેવું પરિણમન થયું એ સમયે આખું દ્રવ્ય એવું થઈ જાય.

મુમુક્ષુ :- અશુદ્ધ થઈ જાય માટે કહ્યું.

ઉત્તર :- પણ અશુદ્ધ દ્રવ્યાર્થિકનો અર્થ શું? એ તો પર્યાયની અપેક્ષાએ વાત છે. અશુદ્ધ દ્રવ્ય એટલે પર્યાય. ત્રિકાળી દ્રવ્ય કે દિ' હતું? અશુદ્ધ દ્રવ્યાર્થિક કહો કે અશુદ્ધ નિશ્ચયનય કહો કે પર્યાયનયને વ્યવહારનય કહો એક વાત છે. ત્રિકાળી દ્રવ્ય પર્યાયપણે વિકાર છે એમ કહેતા અશુદ્ધ દ્રવ્યાર્થિક કહેવામાં આવે છે, પણ અશુદ્ધ દ્રવ્યાર્થિકનો અર્થ દ્રવ્ય એવું નથી થતું. આહા..હા..! દ્રવ્ય તો ચિદાનંદ ભગવાન જ્ઞાયકસ્વરૂપી પરમાનંદ મૂર્તિ. પરમસ્વભાવભાવ પારિણામિકભાવ ત્રિકાળ એકરૂપ છે. એમાં કોઈ પર્યાયની ગંધ નથી. અશુદ્ધતાની ગંધ નથી અને શુદ્ધ પર્યાય હોય એ પણ એમાં નથી. આહા..હા..! કેમકે ઉત્પાદ અને વ્યય એ તો વ્યવહારનયનો વિષય થયો. સમજાણું કાંઈ? સંસારનો ઉત્પાદ હતો અને સંસારનો વ્યય થઈને મોક્ષ થયો તો એ તો ઉત્પાદ-વ્યય પર્યાયનય વ્યવહારનયનો વિષય થયો. સમજાણું કાંઈ? નિશ્ચયમાં તો ભગવાન પૂર્ણાનંદ જ્ઞાયક, જ્ઞાનસ્વભાવમાં ભગવાન આત્મા તન્મય છે. રાગથી, પુણ્યથી આત્મા તન્મય નથી. સમજાણું કાંઈ? પણ એ રાગમાં, પર્યાયમાં તન્મય છે તો આખા દ્રવ્યને રાગમાં તન્મય માનવો તો શુદ્ધતા ક્યાંથી આવશે? આખું દ્રવ્ય જ અશુદ્ધ હોય તો અશુદ્ધતાનો નાશ થઈને શુદ્ધતા ક્યાંથી આવશે? ત્રિકાળી ભગવાન શુદ્ધ છે એ તો આખા બાર અંગના સારમાં એ ચીજ છે. આહા..હા..! સમજવાની અંદર જરી કોશીશ કરવી જોઈએ. એમ ને એમ બહારથી પ્રયત્ન કર્યા વિના સમજી જાય (એમ નથી). પ્રયત્ન તો કરવો જોઈએને. સૂક્ષ્મ પડે પણ સૂક્ષ્મ કેવું છે? વિકલ્પથી પણ ખબર ન પડે એવું તો સૂક્ષ્મ છે. શુભરાગને પણ સ્થૂળ કહ્યો છે સ્થૂળ. પુણ્ય-પાપ અધિકારમાં સ્થૂળ. જે ભાવે

તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ સ્થૂળ છે. આહા..હા..! જે ભાવે મહાવ્રતના પરિણામ એ ભાવ સ્થૂળ છે. આહા..હા..! આ ભગવાન તો દ્રવ્ય, ગુણ અને પર્યાયથી શુદ્ધ છે એક ન્યાયે. સમજાણું કાંઈ? કારણપર્યાયપણે તો એ શુદ્ધ છે, દ્રવ્યે શુદ્ધ છે, ગુણે શુદ્ધ છે અને કારણપર્યાય શુદ્ધ છે. સમજાણું કાંઈ?

એક સમયની સંસાર પર્યાય એને જાણવી. છે એટલું. આદરણીયમાં તો એક દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રિકાળ વસ્તુ. આહા..હા..! સત્યનું સ્વરૂપ જ એવું છે એનો સત્કાર-આદર કરવો એનું નામ સમ્યક્ સત્યદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ માર્ગ ભાઈ! આહા..હા..! આખા સંસારની પર્યાય અનાદિથી જુદી-જુદી ચાલી આવે છે. એ પર્યાય સંસારની સ્વભાવમાં છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એવા સ્વભાવ ઉપર દૃષ્ટિ કર્યા વિના સંસારનો અભાવ કદી થતો નથી. સંસારનો અભાવ કહો કે મિથ્યાત્વનો અભાવ કહો. મિથ્યાત્વ સંસાર છે. સમજાણું કાંઈ? પણ છેને એમાં પર્યાયમાં અશુદ્ધતા? મિથ્યાત્વની માન્યતા? એ માન્યતામાં તો આખા ત્રિકાળીની દૃષ્ટિ છે નહિ એમાં. પૂર્ણ શુદ્ધ માને, પર્યાયની અશુદ્ધતા ન જાણે તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. પૂર્ણ અશુદ્ધ માને અને ત્રિકાળી શુદ્ધ ન માને તો દૃષ્ટિ વિપરીત છે અને ક્ષણિક ઉપર દૃષ્ટિ રાખીને ક્ષણિક જ વ્યક્ત છે તો એટલાને આત્મા માને એ પણ મિથ્યાદૃષ્ટિ છે. એમ કહ્યું. આહા..હા..! ભારે ભાઈ આમાં તો.

**'શુદ્ધ ઋજુસૂત્રનયમાં રત થયા થકા...'** વર્તમાન પર્યાયમાં જ લક્ષ દેતા થકા. આહા..હા..! લીન **'ચૈતન્યને ક્ષણિક કલ્પીને,...'** ત્રિકાળી ભગવાન આનંદનું ધામ ચૈતન્ય પુંજ જે ધ્રુવ કદી હલતો નથી, કોઈ દિ' ગતિ કરતો નથી, કદી પરિણમતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવા **'ચૈતન્યને ક્ષણિક કલ્પીને,...'** આહા..હા..! ધ્રુવ દળને દૃષ્ટિમાંથી છોડીને એક સમયની પર્યાયને જ માનીને આ આત્માને છોડી દીધો. આહા..હા..! અહીં તો પરને માને એ પ્રશ્ન નથી. અહીં તો એક સમયની પર્યાય પરિણામ વ્યક્ત પ્રગટ છે એ જ પરિપૂર્ણ દ્રવ્ય છે. એ જ તારી ચીજ છે એમ માનનારો મિથ્યાદૃષ્ટિએ પર્યાયમાં સળંગ રહેનારી એ ચીજને છોડી દીધી. મારે ભારે આવું ઝીણું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. વર્તમાનમાં કઈ પર્યાય...

ઉત્તર :- જે પર્યાય છે ઇ. માની. .. ગમે તે હોય નહિ. એ એક ક્ષણ પૂરતો જ આત્મા બસ. એને ક્યાં શુદ્ધતા તો છે. એ તો અશુદ્ધ છે. અને કેટલીક પર્યાય શુદ્ધ છે અસ્તિત્વગુણની. એ ક્યાં એને છે? .. છે જ ક્યાં? અહીં તો પર્યાય અશુદ્ધ હો કે શુદ્ધ હો. અનાદિની હોં. અસ્તિત્વ, વસ્તુત્વગુણ આદિની પર્યાય જે અસ્તિત્વ આદિ એ તો અનાદિ શુદ્ધ છે અને રાગાદિના કેટલાક ગુણની પર્યાય અનાદિ અશુદ્ધ છે. આનંદની, ચારિત્રની, શ્રદ્ધાગુણની, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન વગેરેની અશુદ્ધ છે. પણ એ પર્યાય વર્તમાન છે બસ એટલું. બીજે સમયે બીજી અને ત્રીજી સમયે ત્રીજી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ રીતે એક સમયની દશાને લક્ષમાં લઈને એ જ આત્મા પૂર્ણ એમ માનનારો ત્રિકાળી દ્રવ્યને છોડી દીધું. એક-એક મોતીને માનનારો આખો દોરો સળંગ છે એને છોડી દીધો. દોરો કહે છેને? ધાગા. લ્યો અહીં કહ્યું. એક-એક મોતીને આખું પૂર્ણ માનીને, મોતીમાં જે સળંગ દોરો છે ધાગા. એને છોડી દીધો. તો આખો હાર છોડી દીધો.

મુમુક્ષુ :- હાર બને જ નહિ.

ઉત્તર :- ક્યાંથી બને? એક મોતીનો હાર ક્યાંથી બને? એક મોતીનો હાર ક્યાંથી થાય? એ તો અંશ છે. એમ એક સમયની પર્યાય તો અંશ છે. પર્યાયને અંશ જ કહ્યો છેને પ્રવચનસારમાં. અંશ કહ્યો છે. બહુ ખુલાસો. ઓહો..હો..! .. વસ્તુ કેવી છે એવી અંદર બેસે એવી ચીજ છે. એટલી સ્પષ્ટ વાત છે. સમજાણું કાંઈ? અનુભવમાં આવે એવી ચીજ છે એ. આહા..હા..! અનુભવ કરનારી પર્યાયમાં થોડી શુદ્ધતા છે અને થોડી અશુદ્ધતા છે. પણ વસ્તુ છે દ્રવ્ય અને ગુણ તો ત્રિકાળ શુદ્ધ છે. તો આખા દ્રવ્યના પ્રમાણજ્ઞાનમાં જ્ઞાન તો જેવી પર્યાય છે એમ જાણે કે નહિ? જ્ઞાન એમ જાણે કે અશુદ્ધતા નહિ હું એકલું શુદ્ધ છું? એકલા પૂર્ણ શુદ્ધ તો સિદ્ધ છે. સમજાણું કાંઈ? હા, એ અશુદ્ધની પર્યાયથી વસ્તુસ્વરૂપ તન્મય નથી થયું. એક ન્યાયે.

મુમુક્ષુ :- તન્મય થયો એવું ...

ઉત્તર :- તન્મય છે જ નહિ. સમજાણું કાંઈ? જ્ઞાયકભાવમાં રાગ તન્મય વસ્તુદૃષ્ટિથી નથી. પર્યાયદૃષ્ટિથી એમાં અનિત્યપણે તન્મય છે. આહા..હા..! સંયોગભાવ કહ્યોને એને? સંયોગી. સંયોગીભાવ અનિત્ય છે. સંયોગીભાવ તરીકે અનિત્ય છે, ત્રિકાળભાવ તરીકે નિત્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરેરે..! આ આંધળાએ છતી ચીજને ન દેખી? એમ કહે છે. ચીજ જે છે મોજુદ દ્રવ્ય ત્રિકાળ એને તો જોઈ નહિ અને એક સમયની પર્યાયને જોઈ. આંધળો છે. કોઈને એમ આંધળા કહેવું... આ વસ્તુની સ્થિતિની વાત છે. વ્યક્તિ માટે નહિ. પરમાત્મા છે ભગવાન. સર્વ આત્મા આત્મદૃષ્ટિએ બંધુ છે આત્મા. પર્યાયમાં જે પોતાનામાં દેખે છે. તો એ સમયે જે પર્યાયમાં છે એને જાણે તો ખરાને? સમજાણું કાંઈ? જે અજ્ઞાનીની પર્યાયમાં મિથ્યાત્વભાવ છે એમ પોતાની પર્યાયમાં પણ સમ્યગ્દૃષ્ટિ અશુદ્ધતાને જાણે-દેખે છે, અનુભવે છે, તો બીજાની પર્યાય દ્રવ્ય તરીકે ભગવાન આત્મા બંધુ છે. પર્યાય તરીકે તો પોતાની પર્યાય જ્યાં ઉઠી ગઈ દૃષ્ટિમાંથી તો જ્ઞાનથી એની પર્યાયનું જ્ઞાન ન થયું એમ જ્ઞાનમાં ઉલટી માન્યતા, ઉલટી શ્રદ્ધા એ તો જ્ઞાનનો વિષય જાણે બરાબર. સમજાણું કાંઈ? સ્વપર. વિકાસ ... સ્વપર વિકાસ શક્તિ હમારી. પ્રકાશ. 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી તાતે વચન ભેદ ભ્રમ ભારી, જ્ઞેય શક્તિ દ્વિવિધા પ્રકાશી.' આ સમયસાર નાટક. 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી તાતૈ વચન ભેદ ભ્રમ ભારી, જ્ઞેય શક્તિ દ્વિવિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી.' સમજાણું કાંઈ? જ્ઞેય બે પ્રકારના છે-- સ્વજ્ઞેય અને પરજ્ઞેય. એમ અંતરમાં પણ સ્વભાવ અને પરભાવ. આહા..હા..! સમજાણું કાંઈ?

દૃષ્ટિની અપેક્ષાએ રાગ પરજ્ઞેયમાં આવે છે. પણ જ્ઞાનની અપેક્ષાએ પોતાની પર્યાયમાં જેટલી અશુદ્ધતા છે એ સ્વજ્ઞેયમાં આવી ગઈ. આકરો માર્ગ! સમજાણું કાંઈ? જ્ઞાન તો સમય સમયની ખબર રાખે છે કે નહિ? જેવી વસ્તુ છે એવું જાણે છેને જ્ઞાન? જ્ઞાન એમ ન જાણે તો વિપરીતજ્ઞાન થઈ ગયું એ તો. સમજાણું કાંઈ?

**'આ આત્માને છોડી દીધો; જેમ હારમાંનો દોરો નહિ જોતાં...'** હારમાનો દોરો. દોરો-દોરો **'નહિ જોતાં કેવળ મોતીને જ જોનારાઓ હારને છોડી દે છે તેમ.'** મોતી હોય સફેદ અને અંદર સોનાનો દોર઼ા હોય. ... સળંગ. સમજાણું કાંઈ? આ મોતીનું કરે છેને. હારને છોડી દે. મોતીને જોનારો હારને છોડી દે છે. તેમ એક સમયની પર્યાયને જોનારો ત્રિકાળને છોડી દે છે. આહા..હા..! આ કરતા઼ દયા પાળવી, વ્રત પાળવા સટ દઈને સહેલું લ્યો. અપવાસ કરવા એ તપસ્યા અને તપસ્યા એ નિર્જરા અને નિર્જરા એ મોક્ષનું કારણ. આ બધું સમજવું અને આ બધું... એય..! જયંતિભાઈ! જેટલું વિપરીત અભિપ્રાયનું શલ્ય પડ્યું હોય તો બધું કાઢવા માટે બધી વાતનું જ્ઞાન કરવું પડશે. સમજાણું કાંઈ? જેટલા પ્રમાણમાં વિપરીત શલ્ય. મિથ્યાત્વના તો અસંખ્ય પ્રકાર છે અને સૂક્ષ્મ અનંત પ્રકાર છે. વિપરીત માન્યતામાં અભિપ્રાયમાં ભાવની અપેક્ષાએ તો અસંખ્ય પ્રકાર છે. અને એક-એક અસંખ્યમાં પણ જુદાં પાડતા-પાડતા બધા અનંત થઈ જાય છે. સૂક્ષ્મ શલ્ય અંદર રહી જાય એ પણ મિથ્યાત્વનો રસ છે. અને થોડો ગૃહીત મિથ્યાત્વ હોય એ પણ મિથ્યાત્વ છે અને એનાથી સ્થૂળ દ્રવ્ય મિથ્યાત્વ હોય. સમજાણું કાંઈ?

ભગવાનના ૨૫૦૦ વર્ષને નામે કંઈક-કંઈક બહાર લખે છે. એવું મહાવીર ચરિત્રમાં લખ્યું છે. મહાવીર ચરિત્ર .. લખાણ ... નથી. ... બરાબર નથી. કેમકે ભગવાનને એમાં અવિવાહિત લખ્યા છે. શાસ્ત્રની .. પછી વાણી નીકળી એમ લખ્યું છે. શ્વેતાંબર શાસ્ત્રમાં એમ છે જ નહિ. શું કરવું પણ? બાપુ! માર્ગ તો આ છે. જેવું સત્ય અને જેમ છે એમ માનવું કે એનાથી વિરૂદ્ધ માનવું?

મુમુક્ષુ :- કોક કહે છે કે તમે અસત્ય કહો છો.

ઉત્તર :- કહે ઇ. એનો .. છેને. જેને જે વાત બેઠી હોય એ તો અમારું સત્ય એમ માને, પણ એની જ્ઞાનથી તુલના કરવી પડશે કે નહિ? આહા..હા..! વિચારભેદ છે તો કયા કારણે વિચારભેદ છે એ તો નક્કી કરવું પડશેને? જયસુખભાઈ! આહા..હા..! વિચારભેદ ન હોય તો એટલા પંથ અને વાડા કેમ પડે? સમજાણું કાંઈ? તો વિચારભેદ કેમ છે? સત્યથી વિરૂદ્ધ કેમ છે? એનું તો જ્ઞાન કરવું પડશે. એમાં વર્તમાનકાળ જેવો કાળ. વાત થઈ ગઈ અને માને કે એ તો અમને ઠીક છે. ... વાત ... શાસ્ત્ર પ્રમાણે ... આમ પણ નથી ... પણ જે વર્તમાનપણે છે મુનિ એમાં આપણે પ્રેમ, વાત્સલ્ય કરો લ્યો. આ વાત્સલ્ય હતોને ... જન્મ-જન્મ. વિષ્ણુકુમારે પોતે પોતાનું ચારિત્ર છોડીને પણ વાત્સલ્ય કર્યું. છોડીને કર્યુંને? છેને શાસ્ત્રમાં? મુનિપણું છોડી દીધું. માયા છોડી.

મુમુક્ષુ :- ... એ અનુસરણ કરવા જેવું છે?

ઉત્તર :- અનુસરણ કરવું પણ ... આ એણે કર્યું માટે બીજાએ પણ કરવા જેવું છે એમ નથી. એ સમયે એ પ્રસંગ એવો હતો તો એમ થઈ ગયું. પણ .. મુનિપણું છોડીને આમ કર્યું એ અનુસરણ કરવા જેવું નથી, આચરણ કરવા જેવું નથી.

ભાવાર્થ. ભાવાર્થ છેને એ કળશનો? **'આત્માને સમસ્તપણે શુદ્ધ માનવાના ઇચ્છક એવા બૌદ્ધોએ વિચાર્યું કે-'આત્માને નિત્ય માનવામાં આવે...'** આહા..હા..! **'તો નિત્યમાં કાળની અપેક્ષા આવે છે...'** ત્રિકાળ આવ્યુંને ત્રિકાળ? **'તેથી ઉપાધિ લાગી જશે;...'** આહા..હા..! એ જાતમાં વાતમાં ટેવાઈ ગઈ હોય ... હોયને એને? **'એમ કાળની ઉપાધિ લાગવાથી આત્માને મોટી અશુદ્ધતા આવશે અને તેથી અતિવ્યાપ્તિ દોષ લાગશે.''** અતિવ્યાપ્તિ સમજાણું? વર્તમાનમાં વ્યાપે એક સમયમાં ત્રિકાળમાં ગઈ એ દૃષ્ટિ. અતિ આગળ ગઈ. આ અતિવ્યાપ્તિ દોષ કહ્યો. સમજાણું કાંઈ? સર્વમાં વ્યાપે. આ ત્રણ દોષ આવે છે કે નહિ? અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ અને અસંભવ. આત્માનું કેવળજ્ઞાન લક્ષણ કહે એ અવ્યાપ્તિ છે. બધામાં એમ છે નહિ. અને સમજાણું કાંઈ? અતિવ્યાપ્તિ કહે. આત્મામાં છે જ નહિ. આહા..હા..! અમૂર્તક જ છે એકલું. એ પણ અતિવ્યાપ્તિ દોષ છે. ઓલું મૂર્તિક અસંભવ દોષ છે. સમજાણું કાંઈ? શું કહ્યું? શેઠ!

આત્માને કેવળજ્ઞાન પર્યાયમાં માને લક્ષણ એનું તો અવ્યાપ્તિ છે. બધાને કેવળજ્ઞાન છે નહિ. તો એ લક્ષણમાં અવ્યાપ્તિ થઈ ગઈ અને આત્માને અમૂર્ત માનવો. બીજામાં પણ અમૂર્તપણું તો છે. આકાશ પણ અમૂર્ત છે. તો અતિવ્યાપ્તિ થઈ ગઈ. અને આત્માને મૂર્ત માનવો કેમકે કર્મનું નિમિત્ત મૂર્ત છે તો આત્માને પણ મૂર્ત માનવો એ અસંભવ દોષ છે. એમાં પણ મોટી તકરાર. કહે નહિ વર્તમાન દોષ છે. કઈ અપેક્ષાએ? ... છોડ્યું જ નથી કદી. કર્મના ઉદયને ચૈતન્યને કદી અડ્યો જ નથી. અને ઉદય છે એ આત્માને કદી અડ્યો નથી. ભિન્ન-ભિન્ન વસ્તુ રહી ગઈ. આહા..હા..!

**' કાળની અપેક્ષા આવે છે તેથી ઉપાધિ લાગી જશે; એમ કાળની ઉપાધિ લાગવાથી આત્માને મોટી અશુદ્ધતા આવશે અને તેથી અતિવ્યાપ્તિ દોષ લાગશે.'** આ દોષના ભયથી **તેઓએ શુદ્ધ ઋજુસૂત્રનયનો વિષય જે વર્તમાન સમય તેટલો જ માત્ર (-ક્ષણિક જ-) આત્માને માન્યો...'** આપણે તો વર્તમાન સીધી વાત. જેટલું વર્તમાનમાં છે એટલું જ આત્મામાં જાઓ.

મુમુક્ષુ :- કામ વર્તમાનમાં થાય છે તો ભૂત-ભવિષ્યનું શું કામ છે?

ઉત્તર :- ભૂત-ભવિષ્યનું (શું) કામ પણ વર્તમાનમાં થાય એ કોના આશ્રયે? એ પર્યાય ઉત્પન્ન થાય છે એ કોને આધારે? પર્યાયને આધારે પર્યાય એ બીજી વાત હોં. ષટ્કારક પર્યાયના આધારે પર્યાય એ બીજી વાત છે. આરેરે..! ભારે! સમજાણું કાંઈ? એમ તો પર્યાય ઉત્પન્ન થાય છે એ પર્યાયને આધારે પર્યાય. પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન અને પર્યાય અપાદાન. પણ એ અસ્તિપણે જ્યારે સિદ્ધ કરવું હોય ત્યારે. પણ એ પર્યાય ક્યાંથી આવી એ સિદ્ધ કરવું હોય તો દ્રવ્યમાંથી પર્યાય આવે છે. અદ્ધરથી નથી લટકતી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જે આ વર્તમાન પર્યાય છે એમાં ...

ઉત્તર :- વર્તમાન પર્યાય છે એટલું જ નહિ. એ અતિવ્યાપ્તિ છે.

મુમુક્ષુ :- એમ માને એ અતિવ્યાપ્તિ...

ઉત્તર :- પર્યાયમાં પર્યાય જેટલો માને તો યથાર્થ છે, પણ પર્યાયમાં ત્રિકાળ માને તો અતિવ્યાપ્તિ દોષ આવે છે એમ એ અજ્ઞાની કહે છે. અજ્ઞાની એમ કહે છે. પર્યાયમાં પર્યાય જેટલો માને તો તો યથાર્થ છે એમ કહે છે, પણ એક સમય રહેનારી ચીજને સામે ત્રિકાળ રહેનારો છે એ ત્રિકાળ ત્રણ કાળની ઉપાધિ લાગે એ અતિવ્યાપ્તિ થઈ. વર્તમાન બીજા કાળમાં પણ એ ચાલ્યું ગયું લક્ષણ. એમ કહે છે.

**'નિત્યાનિત્યસ્વરૂપ આત્માને ન માન્યો.'** લ્યો, **'સમય તેટલો જ માત્ર (-ક્ષણિક જ-) આત્માને માન્યો અને નિત્યાનિત્યસ્વરૂપ...'** છે. ત્રિકાળ રહેનારનો પણ છે અને એક સમય ત્રિકાળ રહેનારો પણ નિર્ણય કોણે કર્યો? અનિત્યે નિર્ણય કર્યો. નિત્યનો નિર્ણય નિત્યમાં નથી થતો. આહા..હા..! નિત્યનો નિર્ણય અનિત્યમાં થાય છે. અનિત્યનો નિર્ણય અને નિત્યનો નિર્ણય બધો પર્યાયમાં થાય છે. આહા..હા..! ભારે આવી વાત પર્યાય અને દ્રવ્ય ને ગુણની. કહો, સુજાનમલજી! **'આમ આત્માને સર્વથા ક્ષણિક માનવાથી તેમને નિત્યાનિત્યસ્વરૂપ-દ્રવ્યપર્યાયસ્વરૂપ સત્યાર્થ આત્માની પ્રાપ્તિ ન થઈ;...'** સાચા આત્માની પ્રાપ્તિ ન થઈ. એક ક્ષણિક પર્યાયની પ્રાપ્તિ થઈ. આ તો ત્રિકાળ નિત્યાનિત્ય છે એવી તો પ્રાપ્તિ થઈ નથી. **'માત્ર ક્ષણિક પર્યાયમાં આત્માની કલ્પના થઈ;...'** વર્તમાન અવસ્થામાં આખો ... **'પરંતુ તે આત્મા સત્યાર્થ નથી.'** એક સમયનો આત્મા સત્યાર્થ નથી. આહા..હા..! નિત્યાનિત્યસ્વરૂપ એ જ સત્યાર્થ છે. કહો, સમજાણું કાંઈ? ત્યાં નિત્યાનિત્યને સત્યાર્થ માન્યું. છે એ અપેક્ષાએ. બાકી સત્યાર્થ ત્રિકાળને સત્યાર્થ કહે એ બીજી ચીજ. અહીંયાં તો એનો સ્વભાવ એવો છે બેય. એને સત્યાર્થ કહે છે, બસ. હવે એ બેમાં પણ ત્રિકાળ દ્રવ્ય છે એ યથાર્થ સત્ય છે. એ દ્રવ્યની અપેક્ષાએ જો અહીંયાં બે મળીને સત્યાર્થ કહ્યો એને જ ત્રિકાળ દૃષ્ટિની અપેક્ષાએ પર્યાયને અસત્યાર્થ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એનો નિત્ય સ્વભાવ અને અનિત્યસ્વભાવ અસ્તિ છે, સત્ય છે. છે એ અપેક્ષાએ નિત્યાનિત્યને સત્યાર્થ કહ્યું અને બીજી અપેક્ષા કે જે પર્યાયની દૃષ્ટિ પર્યાય એ વ્યવહાર છે, અભૂતાર્થ છે. કેમકે ત્રિકાળ નથી. એમ ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ. ત્રિકાળ એ જ સત્યાર્થ અને ભૂતાર્થ. પર્યાય અસત્યાર્થ અને અભૂતાર્થ. મારે! સમજાણું કાંઈ?

છેને? **'સત્યાર્થ નથી.'** એમ કીધુંને? આ તો નિત્યાનિત્યમાં નય સત્યાર્થ છે. આ અપેક્ષાએ. એનું સ્વરૂપ જ એવું છે. ત્રિકાળ અને પર્યાય સ્વરૂપ. એ અપેક્ષાએ સત્યાર્થ છે. પણ દૃષ્ટિના વિષય તરીકે સત્યાર્થ તો ત્રિકાળ એક સત્યાર્થ છે. સમજાણું કાંઈ? અને જે વિષય કરે છે પર્યાય એ અસત્યાર્થ છે. અર્થાત્ એ ત્રિકાળ રહેનારી નથી. એક સમયની પર્યાય ત્રિકાળ નથી રહેતી એ

અપેક્ષાએ એને અસત્યાર્થ કહી, ત્રિકાળ રહેવાની અપેક્ષાએ એને અસત્યાર્થ કહી. એની અપેક્ષાએ એ સત્યાર્થ છે. પર્યાય પર્યાય તરીકે છે એ અપેક્ષાએ સત્યાર્થ છે. આહા..હા..! આ સમજ્યા વિના ઓઘે-ઓઘે કરો ધર્મ. ભાઈ! દાન દે આ. ... એમ કે એ શુભભાવ. પણ અમે સામાયિક અને પોષા પડિક્કમણા કરીએ એ તો ધર્મભાવ છેને એમ કહે છે. દાન, દયા બહારની. દયા તો ધર્મ છે, પણ દાનાદિ કરવું એ ભલે તમે પુણ્ય કહો. અમે પણ એને પુણ્ય કહીએ ભલે, પણ ધર્મ સામાયિક, પોષા, અપવાસ કરવા એ તો ધર્મ છેને? એ વિકલ્પ છે. તે ધર્મ નથી.

મુમુક્ષુ :- વિકલ્પ શું ચીજ છે ખબર જ નથી. વિકલ્પ શું છે?

ઉત્તર :- **'મોતીના હારમાં...'** ભાષા બોલે તો બીજી અપેક્ષા અંદર હોય છે. આહા..હા..! ભાષા થાય છે. **'મોતીના હારમાં, દોરામાં અનેક મોતી પરોવેલાં હોય છે;...'** મોતી પોરવેલા ભાઈ! **'જે માણસ તે હાર નામની વસ્તુને મોતી તેમ જ દોરા સહિત દેખતો નથી-માત્ર મોતીને જ જુએ છે, તે છૂટા છૂટા મોતીને જ ગ્રહણ કરે છે,...'** છૂટા છૂટા મોતીને જ ગ્રહણ કરે છે, **'હારને છોડી દે છે; અર્થાત્ તેને હારની પ્રાપ્તિ થતી નથી. તેવી રીતે જે જીવો આત્માના એક ચૈતન્યભાવને ગ્રહણ કરતા નથી...'** એકરૂપ સળંગ રહેનારું જ્ઞાન એને ગ્રહણ નથી કરતો. **'અને સમયે સમયે વર્તનાપરિણામરૂપ...'** જોયું? **'અને સમયે સમયે વર્તનાપરિણામરૂપ ઉપયોગની પ્રવૃત્તિને દેખી...'** જાણવા-દેખવાનો વેપાર તો વર્તમાન પર્યાયમાં છે. એને લક્ષમાં લઈને લ્યો **'આત્માને અનિત્ય કલ્પીને,...'** **'વર્તનાપરિણામરૂપ ઉપયોગની પ્રવૃત્તિને દેખી...'** અને ઉપયોગ પણ ભિન્ન-ભિન્ન રીતે થાય છે તો ઉપયોગ બીજે કાળે બીજો આત્મા થઈ ગયો, ત્રીજે કાળે ત્રીજો થઈ ગયો. એમ માનીને ...

**'ઉપયોગની પ્રવૃત્તિને દેખી આત્માને અનિત્ય કલ્પીને, ઋજુસૂત્રનયનો વિષય જે વર્તમાન-સમયમાત્ર ક્ષણિકપણું તેટલો જ માત્ર આત્માને માને છે (અર્થાત્ જે જીવો આત્માને દ્રવ્યપર્યાયસ્વરૂપ માનતા નથી-માત્ર ક્ષણિક પર્યાયરૂપ જ માને છે), તેઓ આત્માને છોડી દે છે;...'** લ્યો, આહા..હા..! **'તેમને આત્માની પ્રાપ્તિ થતી નથી.'** આ વારંવાર બહુ કર્યો અર્થ છે. કે અનાદિની વ્યક્ત જે પ્રગટ પર્યાય છે એમાં ભલે શાશ્વત સાંભળ્યું હોય, જોયું હોય સમજાણું કાંઈ? પણ એ એક સમયની પ્રગટ પર્યાય છે તો વ્યક્ત પ્રગટ અનાદિ-અનંત દરેક જીવની છે. સમજાણું કાંઈ? પણ એમાં સળંગ રહેનારો કોણ? એ તો ધ્રુવ છે. અને ધ્રુવમાં દૃષ્ટિ કરવી આ તો ... જે કાળનો હતો આ, એ કાળનો હતો એ આ. ઝીણી ગાથા છે આજે હોં. કોઈને સ્થૂળ લાગે પણ આ આગળ વધતા ગયા છે. સૂક્ષ્મપણે સ્પષ્ટિકરણ કરવા આગળ વધી ગયા છે. આહા..હા..! એના ખ્યાલમાં ભાવભાસન થવું જોઈએ. એ માટે આ બધું સ્પષ્ટિકરણ થાય છે. દ્રવ્ય-પર્યાયને નથી માનતો. માત્ર ક્ષણિક પર્યાયરૂપ જ માને છે. **'તેઓ આત્માને છોડી દે છે; અર્થાત્ તેમને આત્માની પ્રાપ્તિ થતી નથી.'** એટલે કે ધ્રુવની પ્રાપ્તિ નથી થતી. પર્યાયમાં પ્રાપ્તિ પર્યાયની થશે.

આહા..હા..!

બરાબર પકડાય એવું નથી એય..! ધન્નાલાલજી! એક એક સમયની પર્યાય ઉપર અનાદિથી દૃષ્ટિ વ્યક્ત નામ .. હોવાથી. એટલા અસ્તિત્વને સ્વીકારનારા ત્રિકાળ ધ્રુવનો સ્વીકાર કરતા નથી એ મિથ્યાદૃષ્ટિ છે. વાત આવે તો બધી આવેને. **'ઋજુસૂત્રનયનો વિષય જે વર્તમાન-સમયમાત્ર ક્ષણિકપણું તેટલો જ માત્ર આત્માને માને છે...'** દુનિયામાં નથી કહેતા કે ગોલણ ગાડા ભરે. વર્તમાનમાં શું કાંઈક છેને શબ્દ? આ તો ભાષા છે આ. વર્તમાન દીઠો ભવિષ્યમાં કોણે દીઠો? ગોલણ ગાડા ભરે એ જુદી વાત છે.

મુમુક્ષુ :- મુઆ પછી માલ ગોલણ...

ઉત્તર ;- હા, એમ આવ્યું. મુઆ પછી માલ ગોલણ ભરે. મરી ગયા પછી ભલે બહાર કોઈ ગોલણ લઈ જાય. એનો .. હતો. મુઆ પછી માલ ગોલણ ભરે. ગોલણ સમજ્યાને? ગોલી-દાસી. જાવ લઈ જાવ. અમારે શું છે? હવે વર્તમાનમાં તો રક્ષણ કરીએ. પણ વર્તમાનમાં ગોલણ ગાડા ભરે તો પછી તારી ચીજ તો ક્યાંય જાશે કે નહિ? કોઈ ક્ષેત્રમાં. ત્યાં તો તું જ છો. સમજાણું કાંઈ? નિત્ય આત્મા છે. એવા નિત્યને સ્વીકાર કરતો નથી. આ સમજીને નિત્ય હોં. તેથી આ શ્રીમદે એમ કહ્યુંને (કે) આત્મા છે તે નિત્ય છે, છે કર્તા નિજ કર્મ. કર્તામાં બેય આવી જાય છે. શુદ્ધ પરિણમન અને અશુદ્ધ પરિણમન. છે ભોક્તા વળી મોક્ષ છે. મોક્ષ ઉપાય ... છ બોલ છે. આદિપુરાણના છે. આદિપુરાણમાં એ છ બોલ આવે છે. સમજાણું કાંઈ?

**'હવેના કાવ્યમાં આત્માનો અનુભવ કરવાનું કહે છે :-'** લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કળશ-૨૦૯

**(शार्दूलविक्रीडित)**

**कर्तृर्वेदयितुश्च युक्तिवशतो भेदोऽस्त्वभेदोऽपि वा**
**कर्ता वेदयिता च मा भवतु वा वस्त्वेव सञ्चिन्त्यताम्।**
**प्रोता सूत्र इवात्मनीह निपुणैर्भेत्तुं न शक्या क्वचि-**
**च्चिच्चिन्तामणिमालिकेयमभितोऽप्येका चकास्त्वेव नः॥209॥**

હવેના કાવ્યમાં આત્માનો અનુભવ કરવાનું કહે છે :-

શ્લોકાર્થ :- [किर्तुः च वेदयितुः युक्तिवशतः भेदः अस्तु वा अभेदः अपि] કર્તાનો અને ભોક્તાનો યુક્તિના વશે ભેદ હો અથવા અભેદ હો, [वा कर्ता च वेदयिता मा भवतु] અથવા કર્તા અને ભોક્તા બન્ને ન હો; [वस्तु एव सञ्चिन्त्यताम्] વસ્તુને જ અનુભવો. [निपुणैः सूत्रे इव इह आत्मनि प्रोता चित्-चिन्तामणि-मालिका क्वचित् भेत्तुं न शक्या] જેમ ચતુર પુરુષોએ દોરામાં પરોવેલી મણિઓની માળા ભેદી શકાતી નથી, તેમ આત્મામાં પરોવેલી ચૈતન્યરૂપ ચિંતામણિની માળા પણ કદી કોઈથી ભેદી શકાતી નથી; [इयम् एका] એવી આ આત્મારૂપી માળા એક જ, [नः अभितः अपि चकास्तु एव] અમને સમસ્તપણે પ્રકાશમાન હો (અર્થાત્ નિત્યત્વ, અનિત્યત્વ આદિના વિકલ્પો છૂટી આત્માનો નિર્વિકલ્પ અનુભવ અમને હો).

ભાવાર્થ :- આત્મા વસ્તુ હોવાથી દ્રવ્યપર્યાયાત્મક છે; તેથી તેમાં ચૈતન્યના પરિણમનરૂપ પર્યાયના ભેદોની અપેક્ષાએ તો કર્તા-ભોક્તાનો ભેદ છે અને ચિન્માત્ર દ્રવ્યની અપેક્ષાએ ભેદ નથી; એમ ભેદ-અભેદ હો. અથવા ચિન્માત્ર અનુભવમાં ભેદ-અભેદ શા માટે કહેવો ? (આત્માને) કર્તા-ભોક્તા જ ન કહેવો, વસ્તુમાત્ર અનુભવ કરવો. જેમ મણિઓની માળામાં મણિઓની અને દોરાની વિવક્ષાથી ભેદ-અભેદ છે પરંતુ માળામાત્ર ગ્રહણ કરતાં ભેદાભેદ-વિકલ્પ નથી, તેમ આત્મામાં પર્યાયોની અને દ્રવ્યની વિવક્ષાથી ભેદ-અભેદ છે પરંતુ આત્મવસ્તુમાત્ર અનુભવ કરતાં વિકલ્પ નથી, આચાર્ય મહારાજ કહે છે કે-એવો નિર્વિકલ્પ આત્માનો અનુભવ અમને પ્રકાશમાન હો. 209.

શ્રાવણ વદ-૪, શુક્રવાર, તા.૧૭-૦૮-૧૯૭૩

કળશ-૨૦૯, પ્રવચન-૪૭૨

પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

આ સમયસાર સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૨૦૯ કળશ.

(शार्दूलविक्रीडित)

कर्तुर्वेदयितुश्च युक्तिवशतो भेदोऽस्त्वभेदोऽपि वा<br>
कर्ता वेदयिता च मा भवतु वा वस्त्वेव सञ्चिन्त्यताम्।

प्रोता सूत्र इवात्मनीह निपुणैर्भेत्तुं न शक्या ककचि-
च्चिच्चिन्तामणिमालिकेयमभितोऽप्येका चकास्त्वेव नः॥209॥

**'કર્તાનો અને ભોક્તાનો યુક્તિના વશે ભેદ હો...'** શું કહ છે? આત્મા રાગનો કર્તા છે અને રાગનો ભોક્તા છે. દ્રવ્યદૃષ્ટિએ એમ છે. પર્યાયદૃષ્ટિએ ભેદ છે. જે પર્યાય કરે છે એ પર્યાય ભોગવતી નથી. અત્યારે એ ચીજ લેવી છે હોં. નહિતર તો જે સમયે રાગ થાય છે તે જ સમયે વેદન છે. કર્તાનો, ભોક્તાનો સમય તો એ જ છે. અત્યારે બીજી વસ્તુ સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ? કહે છે કે **'કર્તાનો અને ભોક્તાનો યુક્તિના વશે ભેદ હો...'** જે પર્યાય રાગને કરે છે એ પર્યાય એના ફળને ભોગવતી નથી. એનો જે પુણ્ય-પાપ બંધ થઈ જાય અને એનું ફળ જ્યારે આવે છે ત્યારે એ ભોક્તાના કાળે બીજી પર્યાય છે. ભેદ હોય. એક વાત. આમાં તો રાગનો કર્તા અને રાગનો ભોક્તા એટલું જ લેવું છે. બાકી તો સમુચ્ચય. બાકી જ્ઞાનભાવમાં પણ સમ્યગ્દર્શનના કાળે પણ જેટલો રાગનો અંશ છે, એનું પરિણમન છે તો એ અપેક્ષાએ કર્તા પણ છે. રાગ કરવાલાયક છે એવું કર્તવ્ય દૃષ્ટિથી નથી. સમજાણું કાંઈ? રાગ કર્તવ્ય છે, કરવાલાયક છે એમ નથી. પણ રાગનો જેટલો અંશ બાકી છે, એનું પરિણમન છે તો પરિણમન એ કર્તા, તો એ અપેક્ષાએ આત્મા જ્ઞાની પણ રાગનો કર્તા છે. અને જ્ઞાની પણ રાગનો એ જ સમયે ભોક્તા છે. સમજાણું કાંઈ? અને ભવિષ્યમાં પણ સંયોગમાં લક્ષ જશે તો એટલો... નિર્જરામાં આવ્યુંને ભાઈ! બીજી ગાથામાં. અશુદ્ધનું વેદન નહિ છૂટે. જ્ઞાનીને પણ અશુદ્ધનું વેદન તો હોય છે. એ સમયે ખરી જાય છે બીજે સમયે. પહેલી ગાથામાં દ્રવ્યકર્મની નિર્જરા કહી. બીજી ગાથામાં ભાવનિર્જરા કહી. અને એમ પણ લીધું કે શાતા-અશાતા વેદનને છોડતી નથી. આહા..હા..! જ્ઞાનીને પણ હોં.

મુમુક્ષુ :- નિર્જરાની વાત છેને.

ઉત્તર :- નિર્જરા અધિકાર છેને. આ તો માણસને એવું લાગે કે કર્તા આત્મા જ્ઞાન થયા પછી રાગનો કર્તા અને ભોક્તા નથી, પણ ઇ તો કઈ અપેક્ષાએ? દૃષ્ટિની અપેક્ષાએ. સમજાણું કાંઈ? એય..! મનસુખભાઈ! આ બધું ઝીણું છે આ.

મુમુક્ષુ :- શું કરવાનું?

ઉત્તર :- માટે આ નિવૃત્તિ લઈને અભ્યાસ કરવો એમ કહ્યું. ક્યાં ગ્યો? ગ્યો? તમારો નટુ. છે? લ્યો છે. પણ એને તો ધંધાનું... માથે બોજો છે. પણ ઇ તો પાપનો બોજો છે. માને નહિ. પણ તો શું એનો અર્થ થયો? માથે ધંધા કરવાનો બોજો છે. ગયો સવારમાં નહિ? બોજો છે કહે. બોજો બહુ. વેપારના ધંધામાં જોડાઈ ગયો અને એમાં ભુલાઈ ગયું અહીંનું. આહા..હા..!

અહીં તો એમ સિદ્ધ કરવું છે કે સમ્યગ્દૃષ્ટિ હોય કે મિથ્યાદૃષ્ટિ હોય. મિથ્યાદૃષ્ટિમાં રાગના કર્તૃત્વબુદ્ધિથી કરે છે અને ભોક્તાબુદ્ધિથી ભોગવે છે. દ્રવ્યદૃષ્ટિએ. એ જ આત્મા રાગનો કર્તા છે અને એ જ આત્મા ભોક્તા છે. દ્રવ્યદૃષ્ટિ એટલે ઓલી દ્રવ્યદૃષ્ટિ ત્રિકાળ દ્રવ્યદૃષ્ટિ ઇ અહીં નહિ.

મારે કેટલી.. આ તો દ્રવ્ય નામ સામાન્ય જે ચીજ છે એની એ રહે છે. એ અપેક્ષાએ જે સમયે રાગ દ્રવ્યે કર્યો એ સમયે અને બીજા સમયે પણ દ્રવ્ય તો એ જ છે. એણે કર્યું અને એણે ભોગવ્યું. એક વાત.

બીજી વાત કે જે સમયે રાગ કર્યો એનું ફળ એ સમયે ભોગવતો નથી પર્યાયદૃષ્ટિથી. સમજાણું કાંઈ? એ મિથ્યાદૃષ્ટિને પણ એમ છે. હવે અહીં સમ્યગ્દૃષ્ટિને પણ એમ લેવું છે. સમ્યગ્દૃષ્ટિ જીવ રાગની પર્યાય, વ્યવહારરત્નત્રયનું પર્યાયરૂપ પરિણમન થાય છે. તો પરિણમ થાય છે એ અપેક્ષાએ કર્તા સમ્યગ્દૃષ્ટિ પણ છે, અરે..! ગણધર પણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? છઠ્ઠે ગુણસ્થાને મુનિ ગણધર હોય, તોપણ જેટલો રાગ છે એટલું પરિણમન છે, એટલું કર્તૃત્વ છે. સમજાણું કાંઈ? કહ્યુંને ૪૭ નયમાં? કર્તૃત્વ, અકર્તૃત્વ, ભોક્તૃત્વ, અભોક્તૃત્વ ચારેય નય એક સમયમાં છે.

મુમુક્ષુ :- એ ૪૭ એક સમયમાં છે.

ઉત્તર :- એક સમયમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ જ્યારે પર્યાયથી આ પર્યાય કરે છે તો એ પર્યાય એનું ફળ સંયોગ આવે તો એ પર્યાય ભોગવે છે એમ નથી. બીજી પર્યાય. અને એક સમયમાં જે રાગ છે એ કર્તાનયથી તો સમ્યગ્દૃષ્ટિ પણ કર્તૃત્વનયથી પણ જાણે છે અને અકર્તૃત્વનયથી એ જ સમયે પણ અકર્તૃત્વનયથી રાગનું કર્તૃત્વ પરિણમન મારું નહિ. એમ પણ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને ભોક્તૃત્વનયથી. જે પર્યાય ભોગવે છે એ પર્યાય કરતી નથી એક અપેક્ષા. અને દ્રવ્યની અપેક્ષાએ જે દ્રવ્ય પર્યાયમાં કરે છે એ જ દ્રવ્ય ભોક્તા છે.

ત્રીજી વાત. ધર્મીને પણ જેટલો રાગનો અંશ આવે છે એટલો ભોક્તા પણ એ સમયે છે. સમજાણું કાંઈ? અને એ જ સમયે ભોક્તા નહિ અભોક્તા પણ છે. આહા..હા..! ... પર્યાય છેને? જેટલી નય છે એ યથાર્થપણે જો સમજે તો સમ્યક્ છે અને એકાંત નય લઈ જાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જશે. સમજાણું કાંઈ? એ જ્ઞાનમાં જેટલો અંશ રાગનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ છે એ જ્ઞાન બરાબર જાણે છે. સમજાણું કાંઈ? દુઃખનું વેદન છે. પૂર્ણ આનંદ નથી. એકલો આનંદ નથી તો દુઃખ છે કે નહિ સાથે? એક જ પર્યાયના બે ભાગ. જેટલા અંશે સ્વનો આશ્રય લઈને આનંદ આવ્યો એ સ્વસુખનું વેદન અને એ જ સમયે એ જ પર્યાયમાં નિમિત્તના લક્ષે થાય છે રાગ અને દુઃખ. એ એક પર્યાયમાં બે ભાગ છે. પર્યાય એક અને ભાગ બે. ..લાલજી! જરી ઝીણી વાત છે. અભ્યાસ કરે તો સમજાય એવું છે.

મુમુક્ષુ :- એક પર્યાયના બે ભાગ.

ઉત્તર :- બે ભાગ (ભગવાનને). એક જ પર્યાયમાં એક જ સુખ આવ્યું. અજ્ઞાનીને એક જ પર્યાયમાં એક જ દુઃખ આવ્યું. સાધકને એક પર્યાયમાં સુખ-દુઃખ બે આવ્યા. આહા..હા..! ઘાસીલાલજી! આહા..હા..!

કહે છે '**કર્તાનો અને ભોક્તાનો યુક્તિના વશે...**' યુક્તિ એટલે ન્યાય. '**વશે ભેદ હો...**'

પર્યાય અપેક્ષાએ ભેદ હોય, દ્રવ્ય અપેક્ષાએ અભેદ હોય. **'અથવા કર્તા અને ભોક્તા બન્ને ન હો;...'** સમજાણું કાંઈ? આત્મા રાગનો કર્તા નથી અને રાગનો ભોક્તા પણ નથી. એ સમયમાં એક નય છે. યુક્તિના વશે કહ્યુંને? એ બધામાં લાગુ પડે છે. આહા..હા..! **'કર્તા અને ભોક્તા બન્ને ન હો;...'** આહા..હા..! આ તે સ્યાદ્વાદ! આ અનેકાંત છે. ફુદડીવાદ નથી કે રાગથી પણ ધર્મ થાય છે અને વિકારથી થાય છે તો અનેકાંત. એ અનેકાંત નથી. પણ રાગનો કર્તા પણ છે અને રાગનો અકર્તા પણ છે એ અનેકાંત એક સમયમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એ જ સમયે ભોક્તા પણ એ જ સમયે છે. અભોક્તા પણ છે અને ભોક્તા પણ છે. ન્યાયથી એમ હો તો હો. કર્તા અને ભોક્તા બેય ન હોય, અકર્તા અને અભોક્તા હોય. વસ્તુનો જ અનુભવ કરો એવા ભેદનું જ્ઞાન યથાર્થ કરવું. (જ્ઞાન) કરીને પછી અનુભવ કરવો. એ વિકલ્પ છે એ છોડી દેવો. કે હું કર્તા છું અને હું અકર્તા છું અને હું ભોક્તા છું અને અભોક્તા છું.

મુમુક્ષુ :- પહેલેથી જ ન કરે તો .. અંદરમાં જાય.

ઉત્તર :- એ આવ્યા વિના રહે જ નહિ. અંદરમાં ક્યાંથી જાય? અને આવ્યા પછી પણ, સમ્યક્ થયા પછી પણ એ આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આ તો સત્યથી વાત છે. આહા..હા..!

વસ્તુનો એ છેને શબ્દ? **'सञ्चिन्त्यताम्'** એને? **'सञ्चिन्त्यताम्'** સમ્યક્ પ્રકારે વેદન કરો. આહા..હા..! એમ કહે છે. એ છે એમ જાણવું. ન્યાયથી, યુક્તિથી જેવી ચીજ છે એવું જ્ઞાન કરવું, પણ કરીને એની પાછળ જે વિકલ્પ છે કે હું આવો છું... હું આવો છું... એ બધું છોડી દે. છતાં છોડી દેવાથી કર્તા છે એ પર્યાયની, એ પર્યાયનું જ્ઞાન કર્યું એ જૂઠું છે એમ નથી. શું કહ્યું? એમ કે જ્ઞાન કર્યું હતું કે આ રાગનો કર્તા આત્મા છે અને એટલો ભોક્તા પણ છે, એવું જ્ઞાન કર્યું હતું. તો જ્ઞાન ખોટું નથી પડતું. સમજાણું કાંઈ? ડાલચંદજી! વાત સૂક્ષ્મ છે. વીતરાગ માર્ગ. આહા..હા..! સર્વજ્ઞનો, પરમાત્માનો પંથ સાક્ષાત્ સિદ્ધનો અને અજ્ઞાનીનો. અલૌકિક વાત છે. એવી વાત બીજાની સાથે મેળવે તો મળશે નહિ.

અહીં પણ કહ્યું જુઓ, ત્યાં છે. **'अभितः'** છેને? **'अभितः'** સર્વથા પ્રકાર છે એમાં **'अभितः'**માં. સમજાણું કાંઈ? સર્વથા પ્રકારે અમને તો. આહા..હા..! એ જ્ઞાનમાં ભલે ગમે તેટલું પર્યાયનું જ્ઞાન થઈ જાય. સમજાણું કાંઈ? પણ અમે તો ભગવાન આત્મા એક સ્વરૂપી .. સર્વથા એકનો અનુભવ કરો. આહા..હા..! **'सञ्चिन्त्यताम्'** છેને? વસ્તુનો જ અનુભવ કરવો. આહા..હા..! આ તો પર્યાયમાં એટલું છે એમ યુક્તિથી, જ્ઞાનથી જાણવું. આહા..હા.! પણ એ ત્રિકાળી ચીજ જે અભેદ અખંડાનંદ પ્રભુ છે એને સ્વ પૃથક્ વેદનથી અનુભવો એમ કહે છે. સમજાણું કાંઈ? પ્રત્યક્ષ આત્માના જ્ઞાનમાં પ્રત્યક્ષ કરીને વેદન કરો. આહા..હા..! અનુભવ શું આવ્યું છે ભાઈ ... અનુભવરસને અનુભવો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા ઇ. આમાં છે. એય..! ચેતનજી! ક્યાં છે? લ્યો તમે તો આના અભ્યાસી કહેવાઓ. એય..! કાંતિભાઈ! તમારા ઉપર કાગળ આવે છે બધા. ક્યાંક છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઇ ત્યાંની વાત નથી. ત્યાં તો છે. આ તો આની વાત છે. દ્રવ્યદૃષ્ટિપ્રકાશમાં છે. લ્યો આવ્યું. પાનું ૫૯. પત્ર ૪૨. ૪૨ પત્ર છે. આવ્યું. 'ગુણ અનંતકે રસ સબ઼ૈ અનુભવ રસકે માંહી તાતૈ અનુભવ સારીખો ઔર દૂસરો નાહીં.' આહા..હા..! સમજાણું કાંઈ? 'ગુણ અનંત કે રસ સબૈ' અનંતગુણનો રસ. એક સમયમાં અનંતગુણના રસ અનુભવમાં આવે છે. બીજે ઠેકાણે છે. પણ આ તો અહીં આવ્યું ને આવી ગયું. 'ગુણ અનંતકે રસ સબ હૈ અનુભવ રસકે માંહી યાતે અનુભવ સારીખો ઔર દૂસરો નાહીં.' મોક્ષમાર્ગ તો અનુભવ છે એમ કહે છે. 'અનુભવ મોક્ષસ્વરૂપ. અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ. અનુભવ માર્ગ મોક્ષનો.' આહા..હા..! 'અનુભવ હૈ રસકૂંપ.' એ આ રસકૂંપની વ્યાખ્યા કરી. 'અનુભવ માર્ગ મોક્ષનો અનુભવ હૈ રસકૂંપ, અનુભવ રત્ન ચિંતામણિ અનુભવ હૈ રસકૂંપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' સમજાણું કાંઈ? આહા..હા..! 'અનુભવીને રે એકલું રે આનંદમાં રહેવું રે.' આહા..હા..! એ અમે નાની ઉંમરમાં સાંભળ્યું હતું. ૭૨-૭૩ વર્ષ પહેલાની વાત છે. પાડોશી હતા એક બ્રાહ્મણ. નવીનભાઈ હતા. એ બોલતા હતા નાહીને. સ્નાન કરેને બ્રાહ્મણ? પોતીયું ઓઢેની નહાતા હતા અને બોલે. ત્યારે બોલતા તે દિ' યાદ છે તે દિ' હોં. ૭૨-૭૩ વર્ષ પહેલાની વાત છે. 'અનુભવીને રે એટલું રે આનંદમાં રહેવું, ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે.' પણ એને ભાન ન મળે કાંઈ શું બોલે છે ઇ. પણ એ લોકો નાહીને બોલેને આમ. 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે, ભજવા પરિબ્રહ્મ.' પરિબ્રહ્મ એ તો ઈશ્વર માને, પણ આ પરિબ્રહ્મ.

આ કહે છે જુઓ, '**વસ્તુને જ અનુભવો.**'. વસ્તુ પરમબ્રહ્મ ભગવાન આત્મા. એક જ આત્મા એ પરબ્રહ્મ આત્મા. બધા થઈને નહિ. અને એ પરમબ્રહ્મ ભગવાન બીજો એનો પણ અનુભવ નથી.. આહા..હા..! સમજાણું કાંઈ? '**વસ્તુને જ અનુભવો.**' આહા..હા..! જેટલી અપેક્ષા છે એને જાણવી. જ્ઞાનમાં આવે છે નયનું જ્ઞાન. એમાં જો એકપણ નયનો નિષેધ કરે તો તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. અને એ એમ જાણીને પણ સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે '**જેમ ચતુર પુરુષોએ દોરામાં પરોવેલી મણિઓની માળા...**' આહા..હા..! '**चिन्तामणि-मालिका**' છેને? '**मालिका**' શબ્દ. '**ચતુર પુરુષોએ...**' આહા..હા..! '**દોરામાં પરોવેલી મણિઓની માળા...**' બીજી નથી લીધી ... ઓલા કહે છે કે અક્રમબદ્ધ થાય છે. કેમ? આ મોતી કાઢીને બીજા મોતી પરોવે તો હારનો નાશ કરો, તોડો તો એમ થાય છે. હાર જ તુટી જાય છે. એમ કે આ ક્રમબદ્ધ છે. જે '**मालिका**' કહ્યુંને '**मालिका**' એક પછી એક હાર. આ અહીંયાં... આ અહીંયાં... એમ આ અહીંયાં... એમ કરતાં... કરતાં... આ અહીંયાં અને એ ત્યાં. એમ દોરો તોડીને એમ કરી દ્યો. તો દ્રવ્ય જ નહિ રહે.

સમજાણું કાંઈ? દ્રવ્યને તો તોડી નાખ્યું એ તો અજ્ઞાન થયું. આહા..હા..! ... ક્રમબદ્ધનું કરવા માટે. આજે આવ્યું હતુંને કે ક્રમના ... સહમત છીએ. આવ્યું હતુંને ભાઈ કાલે? એમાં સહમત છે. પણ તમે કેવળજ્ઞાનીના જ્ઞાનને ઉડાવો છો કે જ્ઞાન એક સમયમાં બધું જાણે તો એને લઈને બધું જાણે. એ રીતે તો એ કેવળજ્ઞાનની વ્યાખ્યામાં .. આખો ઉડી જાય છે.

મુમુક્ષુ :- પછી .. સર્વજ્ઞપણું ક્યાં રહે?

ઉત્તર :- કેવળજ્ઞાની એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકો દેખે તો તો ક્રમબદ્ધ થઈ ગયું. આહા..હા..! સવારમાં આવ્યું હતુંને ભગવાન ગણધરોએ કહેલા તત્ત્વોમાં ભવ્ય જીવને ભવના નાશનો ઉપાય તત્ત્વમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ક્રમબદ્ધમાં પણ નિર્ણય જ્યારે થાય છે. મોક્ષતત્ત્વ કહો, કેવળજ્ઞાની કહો, તો કેવળજ્ઞાનીની પ્રતીતિ થઈ તો એનો અર્થ થયો કે મોક્ષતત્ત્વની પ્રતીતિ થઈ. તો મોક્ષની પર્યાયની પ્રતીતિમાં કેવળજ્ઞાન ત્રણ કાળ, ત્રણ લોકને દેખે છે. આગળ-પાછળ નહિ. એણે કબુલ કર્યું છે રતનચંદજી. ખાણિયા ચર્ચામાં તો કેવળજ્ઞાનની અપેક્ષાએ તો બરાબર લાગે છે ક્રમબદ્ધ. લે. પણ શ્રુતજ્ઞાનની અપેક્ષાએ નહિ. પણ શ્રુતજ્ઞાની બીજું માને? ભાઈ! આ તો ફુલચંદજી કહેતા હતા પંડિતોના ઉંડા પાણી કેટલું એ ખ્યાલ આવી જાશે. આહા..હા..! ... આમ જ હોય, ક્રમબદ્ધ ન હોય, .. બેય હોય. આ ભગવાને કહ્યું ફલાણામાં. હવે બીજી કરી છે ત્યાં ... સમજાણું કાંઈ? ક્રમ-અક્રમનું જ્ઞાન કરવું તો અક્રમ નામ ગુણ અને કર્મ નામ પર્યાય એનું જ્ઞાન કરવું એમ ક્રમ-અક્રમની વાત છે. અને કેવળજ્ઞાન મોક્ષતત્ત્વ એમાં પર્યાયમાં કેવળજ્ઞાનની પર્યાયની પ્રતીતિ કરે છે તો એમાં શું આવ્યું? કે એ પર્યાય દ્રવ્યમાંથી આવે છે પૂર્ણ તો દ્રવ્ય પરિપૂર્ણ પર્યાયનો પિંડ છે. ધ્રુવની પ્રતીત થઈ ત્યારે પર્યાયની પ્રતીતિ થઈ ત્યારે એ તત્ત્વની પ્રતીતિમાં ભવનો નાશ કરવાની તાકાત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ તત્ત્વ જ્યાં ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા એની પ્રતીતિ જ્યારે કરી, સર્વજ્ઞની પ્રતીતિ જ્યારે કરી અર્થાત્ જ્યારે મોક્ષપર્યાયની પ્રતીતિ કરી, તો એ મોક્ષપર્યાય તત્ત્વ એક છે. તો એનું તત્ત્વ શેમાંથી આવ્યું હતું? દ્રવ્યમાંથી. તો દ્રવ્ય ત્રિકાળી છે એવી દૃષ્ટિ જ્યારે થાય ત્યારે તો મોક્ષપર્યાયની પણ પ્રતીતિ થઈ ગઈ. અને મોક્ષ અને સંવર-નિર્જરા કેવી વસ્તુ છે એવી પ્રતીતિ થઈ ગઈ અને એવી જ્યારે પ્રતીતિ થઈ તો બંધ ને આસ્રવ ને પુણ્ય-પાપનો તો ત્યાં દૃષ્ટિમાં અને વર્તમાન પર્યાયમાં પણ અભાવ છે. આસ્રવ અને બંધ હેયબુદ્ધિએ જાણ્યા અને નિર્જરા-મોક્ષ ઉપાદેયબુદ્ધિએ જાણ્યા ઉપાદેય, આ ત્રિકાળ દ્રવ્યને આશ્રયે કરીને જાણ્યા. આ તત્ત્વની દૃષ્ટિમાં જ ભવનો નાશ કરવાની તાકાત છે. આહા..હા..! ... કર્યો છે. વસ્તુની શ્રદ્ધામાં ભવનો તાપનો નાશ કરવાની તાકાત છે.

મુમુક્ષુ :- બીજું કહે શા માટે?

ઉત્તર :- તો કહે શું? હેતુ શું છે એનું તાત્પર્ય? તાત્પર્ય તો વીતરાગતા લાવવી એ છે. તો

નવેય તત્ત્વ યથાર્થ જ્યાં છે. એમ જાણ્યું અને માન્યું તો એમાં તો વીતરાગતા આવી ગઈ. વીતરાગતા આવી તો એમાં રાગનો, સંસારનો તો એમાં અભાવ થઈ ગયો. સંસાર છે જ નહિ. મારા દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં જ સંસાર નથી લે. ઉદયભાવ પર્યાયમાં જ નથી. એ પરથી ભિન્ન કરવાની અપેક્ષાએ. સમજાણું કાંઈ? આહા..હા..! રાગાદિ થાય છે તો જ્ઞાનસ્વભાવ જે છે એ રાગથી તન્મય નથી થતો. જ્ઞાનીને પણ રાગ થાય છે, પણ જ્ઞાન સ્વભાવ છે એનાથી તન્મય થઈને રાગ નથી થતો. અને જ્ઞાનસ્વભાવથી અતન્મય રહીને બીજો રાગ થાય છે.

મુમુક્ષુ :- પરસન્મુખતા

ઉત્તર :- પરસન્મુખતા. અતન્મય થવા છતાં. તન્મય ન થવા છતાં અનતન્મયપણે રાગ રહ્યો છતાં રાગનું વેદન છે. આહા..હા..! સમજાણું કે નહિ ચેતનજી! આહા..હા..! સ્વભાવ અને વિભાવ એકરૂપ નથી છતાં સ્વભાવથી પરિપૂર્ણ દશા ન હોય અને પર્યાયમાં અતન્મયપણે રાગ સ્વભાવની સાથે અતન્મયપણે પણ પર્યાયમાં તન્મયપણે પર્યાય ઉત્પન્ન થઈ છે. આહા..હા..! ભારે વાતું બાપુ! આહા..હા..! એની લીલા જ્ઞાનની એ બરાબર ન સમજે તો અંદર ગોટા વળે. આહા..હા.! આ તો પોતાના હિતની વાત છે. સમજાણું કાંઈ? પોતાનું હિત ક્યારે થશે? અને ક્યારે થાય છે? એ તત્ત્વની અંદર જ્યાં દૃષ્ટિ થઈ તો હિત થઈ ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? અને એને જ્ઞાન જાણ છે. આસ્રવભાવ એટલો છે, રાગ છે, પુણ્ય છે, પાપ છે. ચૌદમું ગુણસ્થાન આવ્યું તોપણ જ્ઞાન જાણે છે શ્રુતજ્ઞાની. એટલું અસિદ્ધપણું છે. ચૌદ ગુણસ્થાન સુધી અસિદ્ધપણું અંશે છે. સિદ્ધ નથી. આહા..હા..! એ જીવ પણ સંસારસ્થ છે. એકકોર દૃષ્ટિમાંથી રાગ પણ નહિ. આ તો દૃષ્ટિમાંથી રાગ પણ નહિ એ રાગનું પૃથક્પણું દૃષ્ટિમાંથી થઈ ગયું, છતાં એ રાગ છે એટલો સંસાર છે. અરે..! રાગ ગયો. ચાર અઘાતિ કર્મના નિમિત્તમાં પોતાના ઉપાદાન જેટલી શક્તિ હોય છે એટલો સંસાર એનો છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ! વસ્તુની સ્થિતિ એવી છે. એવું યથાર્થપણે ન જાણે તો એની દૃષ્ટિ યથાર્થ નથી થતી. સમજાણું કાંઈ? પછી ભેદ-ભાવનો વિકલ્પ છૂટી જાય, પણ પહેલા જ્ઞાન તો યથાર્થ જેવું છે તેવું કરવું પડેને? આવી નવરાશ ક્યાં હોય? આ કહે અમે ધંધાપાણી, ઓલા કહે અમારે રસોઈ કરવી. સવારમાં ચા-પાણી ઉકાળવા ઉઠે ત્યારે. દસ વાગે રોટલા, વળી બપોરે કાંઈક કરવા ચા-પાણી, સાંજે વળી ભજીયા અને પુડલા. હવે આ રસોયાણી-રસોયાણી કીધી છે હોં. એય..! તારી બાને એમ કીધું હતું આણંદજી. રસોયાણી છે અમારી કાકી. એલા પણ શેઠ છેને. શેઠાણી કહેવાયને. કહે એ રસોયાણી છે. નવરાશ નથી. આને ધંધા આડે નવરાશ નથી, આને રસોઈ આડે આ બાયુને. હવે આ નિર્ણય ક્યારે કરવો ત્યારે? આહા..હા..! કહે છે કે બાપુ! નિર્ણયનો કાળ તો સદાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! કામને કાળે કામ હોય અને વિકલ્પ પણ હોય પણ અંતર અનુભવદૃષ્ટિ કરવામાં ક્યાં કાળ નડે છે ત્યાં? આહા..હા..! સમજાણું કાંઈ? લખ્યું નહિ યોગસારમાં છેલ્લે નહિ? ગૃહકામ કરતાં છતાં, હેયાહેયનું

જ્ઞાન. આવે છે. એ ૬૭ અને ૬૮ બે ગાથામાં છે. બેમાં છે. સમજાણું કાંઈ? શું પછી? 'ગૃહકામ કરતા છતાં હેયાહેયનું જ્ઞાન...' પછી? 'ધ્યાવે સદા જિનેશ્વર પદ' પછી? 'શીઘ્ર લહે નિર્વાણ'. આ નિર્વાણ છે. સવારમાં આપણે આવે છેને. શ્રાવક ગૃહસ્થ અને મુનિ બેયને નિશ્ચય ભક્તિ છે. સમજાણું કાંઈ? નિર્વાણની ભક્તિ બેયને છે. આહા..હા..! જુઓને. ત્યાં પણ કહ્યું. .. નિર્વાણ... જ્ઞાન છે અને આત્મામાં એકાગ્રતા છે. નિર્વાણ. નિર્વાણ છે.

૬૮ ગાથામાં છે. ૬૮-૬૮. ... યોગસાર. આમાં છે નહિ. આમાં છે? જુઓ, અમિતગતિ આચાર્યનું હોં. યોગીન્દ્રદેવનું. અમિતગતિ તો એ તો આખો અધિકાર. એ તો આખો અધિકાર. એ તો આખો અધિકાર. લ્યો નીકળ્યું. ૧૮. 'ગૃહકામ કરતાં છતાં, હેયાહેયનું જ્ઞાન; ધ્યાવે સદા જિનેશપદ' ધ્યાવે સદા જિનેશપદ. અંતર સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાન એ સદાય ધ્યાન છે. 'શીઘ્ર લહે નિર્વાણ.' લ્યો, પછી પાછળ. 'મુનિજન કે કોઈ ગૃહી, જે રહે આતમલીન;...' ગૃહી પણ આત્મામાં લીન ઓલા કહે ગૃહસ્થને એ હોય નહિ. શુદ્ધ ઉપયોગ હોય નહિ, પણ મુનિને યોગ્ય શુદ્ધ ઉપયોગ ન હોય એમ કહ્યું છે. આવે છેને ટીકામાં આવે છે. ગૃહસ્થોને શુદ્ધ ઉપયોગનું ઠેકાણું નથી. ઇ શુદ્ધ ઉપયોગ એટલે મુનિને જે શુદ્ધ ઉપયોગ એ એને નથી, પણ અહીં તો કીધું 'મુનિજન કે કોઈ ગૃહી, જે રહે આતમલીન; શીઘ્ર સિદ્ધિસુખ તે લહે...' અહીં પણ શીઘ્ર આવ્યું લ્યો, ત્યાં પણ શીઘ્ર હતું. 'એમ કહે પ્રભુ જિન.' આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન ત્રિલોકનાથ કહે છે કે ગૃહી હોવા છતાં જે આત્મ તરફની દૃષ્ટિ, જ્ઞાન અને એકાગ્રતાથી લીન છે શીઘ્ર સિદ્ધિ સુખને પામે છે, પણ હવે મુનિ થયા વિના ચારિત્ર વિના મુનિ હોય નહિને, પણ ઇ ચારિત્ર એને આવે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં પ્રતીતમાં ન આવ્યું? એ ૧૭-૧૮માં નથી આવતું? સમયસાર ૧૭-૧૮ આપણે વાંચી હતીને ત્યાં? ફતેપુરમાં ૧૭-૧૮. કે આ આત્મામાં લીન થવું તે ચારિત્ર અને ચારિત્રથી મુક્તિ છે. પ્રતીતમાં એમ આવ્યું આ વસ્તુ જે આનંદકંદ પ્રભુ એમાં હું લીન છું. ત્યારે ચારિત્ર છે એ આત્મામાં આચરણ કરવું એ ચારિત્ર છે. અને એ આચરણ કરશે એવી દૃષ્ટિમાં પ્રતીત છે. સમજાણું કાંઈ? આચરણ કરું અને એ આચરણ થશે એવી તો પ્રતીત છે કે નહિ? વર્તમાન પર્યાયમાં પણ ભવિષ્યની ચારિત્ર પર્યાયનું જ્ઞાન અંદરમાં છે. સમજાણું કાંઈ? અવ્યક્તપણે પણ વર્તમાન જ્ઞાનમાં ભવિષ્યની પર્યાયનું જ્ઞાન તો છે. આહા..હા..! કઈ રીતે? સમજાણું કાંઈ? એ ભવિષ્યની ચારિત્રની પર્યાયનું જ્ઞાન તો અહીંયાં છે. એક સમયમાં ત્રણ કાળ પર્યાય દેખે છે કે નહિ? એક સમયની પર્યાયમાં ત્રણ કાળની પર્યાય જણાય છે. શ્રુતજ્ઞાનમાં. આહા..હા..! ગજબ વાત છે! સ્વપરપ્રકાશક અને દ્રવ્ય પોતે ત્રિકાળી પર્યાયવંત છે. તો એક દ્રવ્યને જાણે તો ત્રિકાળી પર્યાયનું જ્ઞાન પર્યાયમાં આવી ગયું. આહા..હા..! શ્રુતજ્ઞાનની પર્યાયમાં આવી ગઈ. આપણે વધારે આવી ગયું છે બે દિ' પહેલા. એકમ-એકમ. એકમને દિ' ખૂબ આવ્યું હતું.

મુમુક્ષુ :- એક પર્યાયમાં બધી પર્યાયનું જ્ઞાન

ઉત્તર :- બધી પર્યાયનું જ્ઞાન આવી જાય છે. એક સમયની શ્રુતજ્ઞાનની પર્યાય ભવિષ્યની પર્યાયનું જ્ઞાન થઈ જાય છે, પર્યાય નથી આવતી. જો વર્તમાન પર્યાયમાં ભવિષ્યની પર્યાયનું જ્ઞાન ન હોય તો ત્રિકાળી પર્યાય દ્રવ્ય સ્વરૂપ છે તો ત્રિકાળી પર્યાયનો પિંડ એ દ્રવ્ય છે તો ત્રિકાળી પર્યાયનું જ્ઞાન ન થયું તો દ્રવ્યનું જ્ઞાન ન થયું. આહા..હા..! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? ૧૮માં .... હોં. ૧૮ અને ૬૫. બેયને લીધા છે. 'મુનિજન કે કોઈ ગૃહી, જે રહે આતમલીન; શીઘ્ર સિદ્ધિસુખ તે લહે, એમ કહે પ્રભુ જિન.' ઓહો..હો..! સંતો દિગંબર આચાર્યોએ તો ગજબ કામ કર્યા છે. આત્મામાં બેસી જાય, કબુલ કરે એવી ચીજ છે. આહા..હા..! એવી વાત ક્યાંય છે નહિ. છતાં કહે છે કે અહીં બધું શ્વેતાંબરની વાતું આવે છે. એય..! તમારો શેઠિયો. એ કહેતો હતો કે નહિ? ત્યાં બધું જોયું તો શ્વેતાંબર... એય..! મીઠાલાલભાઈ! તમારા વકીલ. અરર...! શું કરે છે પ્રભુ?

અહીં કહે છે **'જેમ ચતુર પુરુષોએ દોરામાં પરોવેલી મણિઓની માળા...'** બધી પર્યાયમાં. બધી પર્યાયમાં. સમજાણું? એક દ્રવ્યમાં બધી પર્યાય છે. **'પણ કદી કોઈથી ભેદી શકાતી નથી;...'** એને ભેદી નથી શકાતી. અભેદમાં પર્યાય જે ત્રિકાળી છે એ એકરૂપ છે ચીજ. એને તોડી નથી શકાતી કે આઘી-પાછી કરી શકાય એમ છે નહિ. **'મણિની માળા પણ કદી કોઈથી ભેદી શકાતી નથી; એવી આ આત્મારૂપી માળા...'** આહા..હા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ એની જે ત્રિકાળી પર્યાયની માળા એક પછી એક. સમજાણું કાંઈ? આ તો ક્રમબદ્ધ થઈ ગયું, વ્યવસ્થિત થઈ ગયું, જ્ઞાનની પર્યાયમાં ભવિષ્યની જ્ઞાનપર્યાય આવી ગઈ. ભાઈએ તો એ માટે લખ્યું છે સોગાનીએ. કે ઓહો..! એક સમયમાં ત્રિકાળી પર્યાયનું જ્ઞાન છે તો ધારણા કરવાનો બોજો કોણ ઉઠાવે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... ૧૩૮ પ્રશ્નમાં. ઓલા ૨૪ કાગળમાં છે ૨૪મા. બતાવ્યું હતુંને? ૨૪. 'વર્તમાન પર્યાયમાં પૂર્વ ઉત્તર કાળની પર્યાયનું જ્ઞાન વિદ્યમાન છે.' છદ્મસ્થને હોં. 'ત્યારે સ્મરણ અને મનનો બોજો ઉઠાવવો વ્યર્થ છે.'

મુમુક્ષુ :- .. શું?

ઉત્તર :- .. અંદર એકાગ્રતા. ન થઈ શકે અને આવે એ બીજી વાત છે.

મુમુક્ષુ :- કાંઈક પરિણામ તો હોવું જોઈએને.

ઉત્તર :- પરિણમન છેને અંદરમાં. આહા..હા..!

મુમુક્ષુ :- ૨૪ કલાક એમાં

ઉત્તર :- ૨૪ કલાક એકાગ્રતા છે. વિકલ્પ છે તોપણ અંદર એકાગ્ર છે. બસ એટલી વાત છે. આત્મલીન એમ આવ્યુંને? સદાય. એ સદાય એ જ કર્તવ્ય છે. જુઓને. ૩૭ પછી લીધું છે એમ. ૧૩૭ હોં. ...'એક સમયની જ્ઞાન પર્યાય સ્વતંત્ર છે. એમાં પૂર્વ પર્યાય પણ કારણ નથી. એમાં ત્રણ

કાળના પદાર્થ જાણવાની તાકાત છે. એમ સાંભળીને મને તો એવી ચોંટ લાગી. ત્યારથી મારું વાંચવું ઓછું થઈ ગયું.'

મુમુક્ષુ :- વાંચવાનું ઓછું થઈ ગયું તો થયું શું?

ઉત્તર :- અંદરમાં એકાગ્રતા કરવ઼ાનો પ્રયોગ થઈ ગયો.

મુમુક્ષુ :- એવું એમાં નથી લખ્યું.

ઉત્તર :- ઇ એમાં આવી ગયું અંદર. ઇ અંદરમાં એકાગ્ર થવાનો પ્રયત્ન. અંદરમાં એકાગ્રતા એ તો આવે છેને. ઇ કહે છેને એ ઘુંટણ-ઘુંટણ. અંદર ઘુંટણમાં લાગી ગયો. છે ભલે વિકલ્પ ઘુંટણમાં, પણ એ વિકલ્પથી આ વિકલ્પ જુદી જાતનો છે. વિશેષ પુણ્યનું કારણ છે. છે તો પુણ્યનું કારણ એ વિકલ્પ હોં.

મુમુક્ષુ :- એનાથી નજીક ન આવે?

ઉત્તર :- એ નજીક-ફજીક કાંઈ નથી. એય..! ચેતનજી! શું?

મુમુક્ષુ :- .. સેવા છે.

ઉત્તર :- એ તો કીધુંને. એ તો કહે છેને.

મુમુક્ષુ :- .. થાય છે ઇ એટલી નિર્જરા કહેવાય સ્વાધ્યાયમાં જેટલી અજ્ઞાનતા નાશ થાય છે.

ઉત્તર :- સ્વાધ્યાયમાં અજ્ઞાનતા એ વિકલ્પવાળા સ્વાધ્યાયમાં નહિ, પણ સમ્યગ્દર્શન થયું છે એના વિકલ્પના સ્વાધ્યાયના કાળમાં અંતરમાં એકાગ્ર થાય છે એ નિર્જરા છે. એકલી શાસ્ત્રના વિકલ્પની એ વાત નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

**'તેમ આત્મામાં પરોવેલી ચૈતન્યરૂપ ચિંતામણિની માળા...'** આત્મામાં પરોવેલી ત્રિકાળની પર્યાય. આહા..હા..! **'ચૈતન્યરૂપ ચિંતામણિની માળા પણ કદી કોઈથી ભેદી શકાતી નથી;...'** અખંડ દોરો છેને અખંડ? ધ્રુવપણું. પર્યાય ત્રિકાળી છે, પણ એમાં ધ્રુવપણું કાયમ છેને. એ ધ્રુવપણું છેદી શકાતું નથી. આહા..હા..! આ ચૈતન્ય ચિંતામણિની માળા. ચૈતન્ય ચિંતામણિ માળા. **'કદી કોઈથી ભેદી શકાતી નથી; એવી આ આત્મારૂપી માળા એક જ,...'** અમારે તો એક જ આત્મામાળા. આહા..હા..! **'અમને સમસ્તપણે પ્રકાશમાન હો...'** જુઓ, આ આચાર્યની ભાવના! આહા..હા..! એવી આત્મારૂપી માળા અનેકગુણોની અનેક પર્યાયસહિત હોય, પણ માળા એક જ આત્મદ્રવ્ય **'અમને સમસ્તપણે પ્રકાશમાન હો...'** આહા..હા..! પછી તો **'નિત્યત્વ, અનિત્યત્વ આદિના વિકલ્પો છૂટી...'** બાકી તો કર્તા અને અકર્તાનો જે વિકલ્પ હતો એ છૂટીને. એમ. કર્તૃત્વ અને અકર્તૃત્વ છેને પાઠમાં? કર્તૃત્વ, અકર્તૃત્વ .. અકર્તા, અભોક્તા એ બધો વિકલ્પ યુક્તિથી નિર્ણય કર્યો હોય પણ એ વિકલ્પ છૂટીને અમને તો એક આત્મા... આત્મા... આત્મા... **' આત્માનો નિર્વિકલ્પ અનુભવ અમને હો).'** લ્યો આ મુનિરાજ પોતે અમૃતચંદ્રાચાર્ય કહે છે. પંચમ આરાના સાધુ એક હજાર વર્ષ ભગવાન પછી થયા. પંદરસો વર્ષ પહેલા. હમણા હજાર વર્ષ પહેલા. ઇ એમ

કહે છે કે અમને તો એક આત્મા હો. આહા..હા..! અમને તો જે નજરમાં જે આત્મા આવ્યો છે એ અનેક પર્યાયમાં સળંગ એકરૂપ આત્મા એ નજરમાં રહો, એ અનુભવમાં રહો. આહા..હા..!

**'આત્માનો નિર્વિકલ્પ અનુભવ અમને હો).'** એ કર્તા અને અકર્તા, ભોક્તા અને અભોક્તા એ બધું છે યુક્તિથી, જ્ઞાનથી જેમ છે એમ જાણો, પણ જાણીને પર્યાયમાં જાણીને કરવું શું છે? આહા..હા..! એ તો ૪૭ નયમાં પણ એમ છે. ૪૭ નય. વ્યવહારે કર્મનો સંબંધ હતો, વ્યવહારે બંધ હતો, વ્યવહાર .. છૂટી ગયો પરની સાથે. નિશ્ચયથી પોતાની પર્યાયને કારણે .. બંધ હતો, .... એવો નિશ્ચય હોં. એ બધું હોય, પણ એ જાણીને અંતરમાં આત્મા અખંડ આનંદરૂપ છે એનો અનુભવ કરો. બસ લ્યો. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- આત્મા વસ્તુ હોવાથી દ્રવ્યપર્યાયાત્મક છે;...'** ઓલા કહે છે કે અનંતધર્મવાળી છે. તો જેટલા ધર્મ જગતમાં છે એ બધા ધર્મો આત્મામાં છે. એમ કહેતા હતા. કાલે આવ્યું હતુંને. રાતે નહોતું વાંચ્યું? બહુ લખ્યું છે. બહુ વિરોધ, ઘણો વિરુદ્ધ તત્ત્વ. આવું જૈનસંદેશ ... અરે..! પ્રભુ! તું શું કરે છે? જૈનનો સંદેશ તો વીતરાગભાવનો હોય અને તે વીતરાગી ભગવાનની દૃષ્ટિ વિના એ કાંઈ હોઈ શકે નહિ. ગોમ્મટસારમાં ગાથા આવી હતીને નવ જીવની નહિ નવ દેવ? અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જિનવાણી, જિનધર્મ, જિનમંદિર, જિનબિંબ. એ નવ દેવ. એ નવ દેવમાં આત્માદેવ. આહા..હા..! કેમકે અરિહંતમાં નવ દેવ સમાઈ જાય છે. ગર્ભ છે ગર્ભ. અરિહંતમાં સમાઈ જાય છે કેમ? કે અરિહંતની પહેલી અવસ્થા આચાર્ય, ઉપાધ્યાયની હતી. એ અપેક્ષાએ એમાં સમાઈ ગયા. અને પછી સિદ્ધ થશે. એ પણ સમાઈ ગઈ. સમજાણું કાંઈ? અને અરિહંતનું વચન એ જિનવાણી, અરિહંત પોતે અને અરિહંતનું મંદિર એ જિનમંદિર અને અરિહંતની પ્રતિમા એ જિનબિંબ. એ બધું અરિહંતમાં આવી જાય છે. આહા..હા..! છે એમાં શ્રાવકરત્નકરંડાચારમાં. શ્રાવકરત્નકરંડાચારમાં છેને એ? સમજાણું કાંઈ?

એ અરિહંતમાં બધું આવ્યુંને? અરિહંતપણું અરિહંતમાં આવ્યું, સિદ્ધપણું પણ ભવિષ્યમાં થશે એમાં આવ્યું. અને આચાર્ય, ઉપાધ્યાય ભૂતકાળમાં થઈ ગયા એ પણ આવ્યા અને અરિહંતબિંબમાં એ બિંબ આવ્યું. એની વાણીમાં જિનવાણી આવી, એને વાણીથી જે કહ્યું એમાં જિનધર્મ આવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એ નવદેવમાં પણ ભગવાન આત્મદેવ વિશેષ છે. આ તો એક આવ્યુંને? સમજાણું કાંઈ? એમાં વિવિક્ષાવશ કર્તૃત્વ-ભોક્તૃત્વનો ભેદ હોય અને ન પણ હોય. પર્યાયથી ભેદ છે, દ્રવ્યથી ભેદ નથી. અથવા કર્તા-ભોક્તા **'ભેદ-અભેદ શા માટે કહેવો?'** અકર્તા અને અભોક્તા છે એ પણ શા માટે કહેવું? એમ કહે છે મૂળ તો. કેવળ શુદ્ધવસ્તુમાત્રનો .. એના અસાધારણ ધર્મ વડે જુઓ, કેવળ શુદ્ધવસ્તુમાત્ર એના અસાધારણ ધર્મ વડે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અનુભવ કરવો જોઈએ. આહા..હા..! આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. સર્વવિશુદ્ધ છેને? એ રીતે આત્મા પણ વસ્તુ હોવાથી દ્રવ્ય-પર્યાયરૂપ છે. દ્રવ્ય અને પર્યાય બે રૂપ આત્મા છે. માટે

તેમાં ચૈતન્યના પરિણમનરૂપ સ્વરૂપ પર્યાયના ભેદોની અપેક્ષાએ તો કર્તા-ભોક્તા ભેદ છે. એક પર્યાય કરે છે, એ પર્યાયનું ફળ સંયોગ બહારનું. એ સમયે નથી ભોગવતો. કર્તા-ભોક્તા. પછી ભોગવે છે. એ .. 'અને ચિન્માત્ર દ્રવ્યની અપેક્ષાએ ભેદ નથી.' આત્મા તો એ જ કરનારો છે અને ભોગવનારો પણ એ જ છે. આહા..હા..! દ્રવ્ય ભોગવનારું છે? પર્યાયમાં ભોગવાય છે. પણ અહીં તો એવું દ્રવ્ય ત્યાં હતું. દ્રવ્યને ભોગવવું એ તો પર્યાયમાં છે. દ્રવ્યમાં ભોગવવું છે નહિ, પણ એ દ્રવ્ય એ રાગને કરવા વખતે હતું એ જ એનો ભોક્તા છે એમ કહેવામાં આવે છે. દ્રવ્ય ભોક્તા. આહા..હા..! ધ્રુવ ભોક્તા છે? ભોગવાય તો પર્યાય છે. ભારે ભાઈ! આને વિચાર, મનન જોઈએ વિશેષ. સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિ જેમ છે એવો નિશ્ચય કરવા એણે વખત દેવો જોઈએ. જગતના અભ્યાસ કરવા માટે કેટલા જુઓને ૨૫-૨૫ વર્ષ મુંડાવે છે. આ એલ.એલ.બી. અને એમ.એ.ના પુંછડા મોટા રખડવાના. આ તો કેટલી અપેક્ષા. અપેક્ષા નામ જ્ઞાનની કેટલી બળતા. લ્યો અપેક્ષા પૂછયું હતુંને કોઈએ? અપેક્ષા શું? એ જ્ઞાનની વિશેષતા. અનેક પ્રકારના જ્ઞાન અને જ્ઞેય કેવા છે એની વિશેષતા છે. એનું બધું જ્ઞાન કરીને પોતાનો અનુભવ કરવો. એમાં ચૈતન્ય પરિણમનરૂપ અપેક્ષા. અપેક્ષા છે. પર્યાયના ભેદોની અપેક્ષા. કર્તા-ભોક્તા ભેદ છે. ચિન્માત્રમાં જોકે ભેદ નથી. આહા..હા..! ઇ ભેદ નથી એનો અર્થ શું? કે જે દ્રવ્ય રાગની પર્યાયના કાળે હતો એ જ એ વખતે ભોગવવા કાળે દ્રવ્ય છે એમ. સમજાણું કાંઈ?

**'એમ ભેદ-અભેદ હો. અથવા ચિન્માત્ર અનુભવમાં ભેદ-અભેદ શા માટે કહેવો? (આત્માને) કર્તા-ભોક્તા જ ન કહેવો, વસ્તુમાત્ર અનુભવ કરવો.'** .. એવો વિકલ્પ ઉઠાવવો ન જોઈએ એમ. કહેવું તો ઠીક. **'જેમ મણિઓની માળામાં મણિઓની અને દોરાની વિવક્ષાથી ભેદ-અભેદ છે...'** મણિઓની માળામાં. મણિઓની અને દોરાની. મણિઓની અપેક્ષાએ ભેદ, દોરાની અપેક્ષાએ અભેદ. **'પરંતુ માળામાત્ર ગ્રહણ કરતાં ભેદાભેદ-વિકલ્પ નથી, તેમ આત્મામાં પર્યાયોની અને દ્રવ્યની વિવક્ષાથી...'** પર્યાયની અપેક્ષાએ ભેદ છે, દ્રવ્યની અપેક્ષાએ ભેદ નથી. **'પરંતુ આત્મવસ્તુમાત્ર અનુભવ કરતાં વિકલ્પ નથી,...'** લ્યો, આહા..હા..! **'પરંતુ આત્મવસ્તુમાત્ર અનુભવ કરતાં વિકલ્પ નથી, આચાર્ય મહારાજ કહે છે કે...'** હું સંપૂર્ણપણે પ્રકાશ. એ સંપૂર્ણ કોનો અર્થ કર્યો? 'अभितः' 'अभितः'ને? બસ એમ. સર્વથા કહો. 'अभितः' છેને ટીકામાં? કળશના મૂળ પાઠમાં. સર્વથા પ્રકારે અમને તો આત્મા અનુભવમાં હો બસ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઇ સર્વથા લીધું છે. 'अभितः' છેને? સમસ્તપણે કહો, 'अभितः' કહો. આહા..હા..! સંપૂર્ણ પ્રકાશમાન હો. શબ્દાર્થમાં. મૂળ શ્લોકના. મૂળ શ્લોકનો શબ્દાર્થ. ભાવાર્થની ઉપર. છેને? ભાવાર્થ ઉપર. અત્યારે ગુજરાતી છેને. એટલે ફેર પડે. અહીં તો આ છે, ત્યાં એ. અહીં ગુજરાતી છેને. અહીં હિન્દીમાં અહીં. ગુજરાતીમાં ત્યાં.

**'આચાર્ય મહારાજ કહે છે કે-એવો નિર્વિકલ્પ આત્માનો અનુભવ અમને પ્રકાશમાન હો.'** આહા..હા..! સમજાવવાનો વિકલ્પ પણ અમને ન હો. બહુ સરસ. કર્તા છે, કર્તા નહિ અકર્તા છે, ભોક્તા છે, ભોક્તા નહિ, રાગનો કર્તા નથી, રાગનો ભોક્તા નથી, રાગનો કર્તા છે, રાગનો ભોક્તા છે. આહા..હા..! સાધક છેને? તો પર્યાયમાં અનેક વિચિત્રતા હો. જ્ઞાન એને બરાબર જાણે. કોઈપણ નયને દુભાવે તો મિથ્યાદષ્ટિ છે. જ્ઞાન જૂઠું હોય તો જ્ઞાન મિથ્યા થઈ જાય. સમજાણું કાંઈ? પરની સાથે અહીં કાંઈ સંબંધ નથી. પોતાની પર્યાયની વાત છે અને દ્રવ્યની વાત, બસ બે વાત. એક બાજુ એમ કહે કે રાગનો સ્વામી કર્મ છે. ૭૨ ગાથા. વિકારનો સ્વામી કર્મ છે. એ દૃષ્ટિની અપેક્ષાએ. એક બાજુ જ્ઞાનની અપેક્ષાએ કહે કે જેટલો આત્મા અશુદ્ધ-શુદ્ધ ધર્મ છે એનો સ્વામી આત્મા છે. અધિષ્ઠાતા. પોતાની વિકારી પર્યાય અને નિર્વિકારી પર્યાયનો અધિષ્ઠાતા આત્મા છે. આહા..હા..!

મુમુક્ષુ :- એની પર્યાયમાં થાય છેને.

ઉત્તર :- એનું અસ્તિત્વ પરની સાથે અહીં સંબંધ ક્યાં છે? સમજાણું કાંઈ? એક બાજુ કહે કે વિકારના સ્વામીપણે પરિણમવું એ હું નથી. ૭૩ ગાથામાં એમ કહ્યું. એક બાજુ કહે પ્રવચનસાર જ્ઞાનની અપેક્ષાએ કે કર્તા-ભોક્તા, અશુદ્ધતા, વ્યવહાર, નિશ્ચય, કર્મથી બંધાય એ વ્યવહાર, કર્મથી છૂટે એ વ્યવહાર એ વ્યવહાર એક નય છે, પણ નિશ્ચયનય? પોતાની પર્યાયથી બંધાયેલો છે અને પર્યાયથી છૂટે એ નિશ્ચય. એ નિશ્ચય હોં, દ્રવ્ય અને ગુણ નિશ્ચય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે એ અપેક્ષાએ જેટલો ધર્મ એમાં છે એ એણે ધારી રાખ્યો છે. એ તો પહેલા આવે છેને છઠ્ઠી ગાથામાં સમયસાર. પણ અશુદ્ધતાની ધારણ તો આત્માથી છે. અશુદ્ધતા કોઈ કર્મે ધારણ કરી છે અને કર્મથી છે એમ નથી. આહા..હા..! એવો સ્યાદ્વાદ જેટલો અંતરમાં ધર્મ છે એની અપેક્ષાએ જે કથન કર્યું એને જાણવું. અને જાણીને અંતર સ્વભાવમાં અનુભવ કરવો એ જ એનું તાત્પર્ય અને સાર છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કળશ-૨૧૦

(रथोद्धता)

व्यावहारिकदृशैव केवलं
कर्तृ कर्म च विभिन्नमिष्यते।
निश्चयेन यदि वस्तु चिन्त्यते
कर्तृ कर्म च सदैकमिष्यते॥210॥

હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [केवलं व्यावहारिकदृशा एव कर्तृ च कर्म विभिन्नम् इष्यते] કેવળ વ્યાવહારિક દૃષ્ટિથી જ કર્તા અને કર્મ ભિન્ન ગણવામાં આવે છે; [निश्चयेन यदि वस्तु चिन्तयते] નિશ્ચયથી જો વસ્તુને વિચારવામાં આવે, [कर्तृ च कर्म सदा एकम् इष्यते] તો કર્તા અને કર્મ સદા એક ગણવામાં આવે છે.

ભાવાર્થ :- કેવળ વ્યવહાર-દૃષ્ટિથી જ ભિન્ન દ્રવ્યોમાં કર્તા-કર્મપણું ગણવામાં આવે છે; નિશ્ચય-દૃષ્ટિથી તો એક જ દ્રવ્યમાં કર્તા-કર્મપણું ઘટે છે. 210.

**શ્રાવણ વદ-૫, શનિવાર, તા.૧૮-૦૮-૧૯૭૩**
**કળશ-૨૧૦, ગાથા-૩૪૯ થી ૩૫૫, પ્રવચન-૪૭૩**

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. કળશ-૨૧૦. 'હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે :-'

(रथोद्धता)

व्यावहारिकदृशैव केवलं
कर्तृ कर्म च विभिन्नमिष्यते।
निश्चयेन यदि वस्तु चिन्त्यते
कर्तृ कर्म च सदैकमिष्यते॥210॥

શું કહે છે જુઓ, **'કેવળ વ્યાવહારિક દૃષ્ટિથી જ...'** અસદ્‌ભૂત વ્યવહારનય જૂઠી દૃષ્ટિ છે એ. એ **'કેવળ વ્યાવહારિક દૃષ્ટિથી જ કર્તા અને કર્મ ભિન્ન ગણવામાં આવે છે;...'** અર્થાત્ એક દ્રવ્ય કર્તા પર્યાયનું બીજી પર્યાયનું અને બીજી પર્યાય એનું કાર્ય. એ તો અસદ્‌ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે. કુંભારે ઘડો કર્યો. એ તો અસદ્‌ભૂત દૃષ્ટિથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આત્મા બોલે છે. તો આત્માની પર્યાયની કર્તા અને ભાષાની પર્યાય કાર્ય એ અસદ્‌ભૂત જૂઠી દૃષ્ટિથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'અને કર્મ ભિન્ન ગણવામાં આવે છે;...'** ત્યાં. કર્તા અને એનું કાર્ય ભિન્ન ગણવામાં આવે છે. **'નિશ્ચયથી જો...'** એટલે વાસ્તવિક રીતે **'વસ્તુને વિચારવામાં આવે,...'** સદ્‌ભૂત વ્યવહારનયથી વાસ્તવિક એટલે સદ્‌ભૂત વ્યવહારનયથી જે વિચાર કહેવામાં આવે **'તો કર્તા અને કર્મ સદા એક ગણવામાં આવે છે.'** પોતાની પર્યાયનો કર્તા અને એ પર્યાય એનું કર્મ. બીજી રીતે વાત છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અહીં તો નિશ્ચયથી સિદ્ધ

ઉત્તર ;- નિશ્ચય એટલે ઇ. યથાર્થથી સદ્‌ભૂત વ્યવહારનયથી જુઓ તો. એમ. નિશ્ચયનો અર્થ. કર્તા-કર્મ છેને? આત્મા પોતાની પર્યાયનો કર્તા અને આત્માનું પર્યાય કર્મ એ અશુદ્ધ નિશ્ચયનયે છે. ખરેખર તો એ સદ્‌ભૂત વ્યવહારનય છે. રાગનો કર્તા એ પણ અસદ્‌ભૂત વ્યવહારનય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ છે એ પર્યાયનો કર્તા અને પર્યાય એનું કાર્ય એ બરાબર છે.

**'નિશ્ચયથી જો વસ્તુને વિચારવામાં આવે,...'** એટલે વાસ્તવિક રીતે તત્ત્વની દૃષ્ટિથી જોવે તો કર્તા અને કાર્ય. કરનારની પર્યાય અને એનું કાર્ય અભિન્ન છે. આત્મા પોતાની પર્યાયનો કર્તા અને પોતાની પર્યાય એનું કાર્ય. આત્મા પરની પર્યાયનો કર્તા અને પરની પર્યાય કાર્ય (એમ નથી). આહા..હા..! ભારે આકરું કામ! સમજવું એને મુશ્કેલ પડે. વસ્તુ તો સરળ અને સીધી છે. આહા..હા..! આ આંગળી ચાલે છે જુઓ, તો એ કર્તા એ આંગળીની પર્યાયનો કર્તા એ પરમાણુ છે અને એ પર્યાય એનું કાર્ય છે.

મુમુક્ષુ :- ... ખબર પડતી નથી.

ઉત્તર :- ખબર પડવાનું અહી શું કામ છે? ખબર પડે તો ચૈતન્ય એક સિદ્ધ થાય. પાંચ દ્રવ્ય જડ સિદ્ધ ન હોય. સમજાણું કાંઈ? ખબર પડે ઇ જ કર્તાકર્મ હોય તો જગતમાં જડ છે એ વાત સિદ્ધ જ નહિ થાય. અમરચંદભાઈ! વસ્તુ જડ પરમાણુ હોય કે કાળાણુ હોય એ પોતાની પર્યાયનો એ કર્તા અને એ પર્યાય એનું કાર્ય. રોટલીની કર્તા સ્ત્રીને કહેવી એ અસદ્‌ભૂત વ્યવહાર જૂઠી દૃષ્ટિથી કથન છે. અને રોટલી પરમાણુ એનો કર્તા રોટલીની પર્યાયનો અને રોટલીની પર્યાય એનું કાર્ય એ સદ્‌ભૂત વ્યવહારનય છે. એની પર્યાયમાં એ જ કર્તા છે એ અપેક્ષાએ સત્ય છે. સમજાણું કાંઈ? ભારે! પરની દયાનું કાર્ય જીવે શુભભાવ કર્યો તો શુભભાવ કર્તા અને પરની દયા પાળી એ એનું કાર્ય એમ છે નહિ.

મુમુક્ષુ :- એ વાત આમાંથી સિદ્ધ થાય છે.

ઉત્તર :- એમાંથી સિદ્ધ થાય છે. એ તો છે નહિ. અસદ્‌ભૂત દૃષ્ટિથી કહેવામાં આવે છે. આ જીવે આ જીવની દયા પાળી, એની હિંસા કરી, એ જૂઠું બોલ્યો, કોઈ પરચીજને ઉપાડી લીધી. સમજાણું કાંઈ? શરીરથી વિષયની ક્રિયા ન થઈ એ બધું અસદ્‌ભૂત વ્યવહારનયથી છે. સદ્‌ભૂતવ્યવહારનયથી તો એ પરમાણુ આ સ્કંધ એ તત્ત્વ છે એ રચનારો છે અને એની પર્યાય એમ થાય છે એનું એ કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'કર્તા અને કર્મ સદા એક ગણવામાં આવે છે.'** આહા..હા..! એ માટીએ ઘડો કર્યો. માટી કર્તા અને ઘડો એનું કાર્ય એ તો દ્રવ્ય પર્યાયનો કર્તા થયો એટલો ભેદ થયોને? સમજાણું કાંઈ? એ સદ્‌ભૂતવ્યવહારે બરાબર છે. પણ કુંભારે ઘડો કર્યો. આહા..હા..! કડિયાએ મકાન બનાવ્યું, સુથારે શું કહેવાય? ગાડી બનાવી. કહો, પંડિતજી! આ મોટર .. લ્યો એના શું કહેવાય ડ્રાઈવર. ડ્રાઈવર સુધારે છે કે નહિ મોટરને બગડે ત્યારે? સાફ કરે આમ ધોવે આમ કરે. તો એ અજ્ઞાની માનનારો કે હું કર્તા અને એ ક્રિયા એ જ મારું કાર્ય. સમજાણું કાંઈ? પણ એ ક્રિયા જે થઈ એનો કર્તા તો એ જડ પરમાણુ છે. અને એ પરમાણુની એ પર્યાય એનું કાર્ય છે. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? પૈસા ગણવામાં આવે છેને ૨૫, ૫૦, ૧૦૦ રૂપિયાની નોટ. તો એ ગણવાની ક્રિયા આમ થાય છે એનો કર્તા જીવ છે, એનો કર્તા રાગ છે તો એનાથી લક્ષ્મી ગણાય. સમજાણું કાંઈ? તો જૂઠું છે એમ કહે છે. એ પરમાણુ એ જ ક્ષેત્રાંતર થવાની તાકાત કર્તા થઈને એ પર્યાય ક્ષેત્રાંતર થાય છે. ગામ . દેનારો કહે કે મેં અપેક્ષા દીધી. એય..! શેઠ! ખોટું છે?

મુમુક્ષુ :- આ તો આખી દુનિયા જૂઠુ ઉપર જ ચાલે એવું દેખાય છે.

ઉત્તર :- એમ છે. વસ્તુ એવી છે. અનંત તત્ત્વો માનવા, અનંત દ્રવ્ય માનવા અને એ દ્રવ્યમાં એક દ્રવ્યની પર્યાયને બીજી પર્યાયનો કર્તા માનવો એ અનંત-અનંતપણે રહેતું જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ... અનંત પરમાણુ અને અનંત આત્મા અને અનંત દ્રવ્ય જગતમાં છે એવો સ્વીકાર કરવો અને વળી એમ માનવું કે એક દ્રવ્યની પર્યાયને બીજી પર્યાયને કરે તો તો એ બીજા દ્રવ્યની પર્યાયને એણે કરી તો પર્યાયનું કાર્ય તો એણે કર્યું. પોતાની પર્યાય તો પોતાથી રહી નહિ. તો પર્યાય સમયે-સમયે જે રહી એનો કર્તા તો દ્રવ્ય રહ્યું નહિ. તો દ્રવ્ય પણ રહ્યું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં અનંત દ્રવ્યની સિદ્ધિ થતી નથી. એમ કહે છે. આહા..હા..! આ રામજીભાઈ ધ્યાન નથી રાખતા? આમાં બધું કેટલું ધ્યાન દે. બીજા કહે ધ્યાન ઇ રાખે છે અમારે. પણ ધ્યાન રાખે છે માટે કાર્ય થાય છે ત્યાં? કહો, સમજાય છે કાંઈ? વજુભાઈને બોલાવે આમાં શું કરવું? ફલાણાને બોલાવે. કહો, વજુભાઈ! ભારે ભ્રમ મારા!

ભગવાન! તારું તત્ત્વ ભિન્ન, એનું તત્ત્વ ભિન્ન. એ ભિન્ન તત્ત્વની વર્તમાનદશાનું કાર્ય તો એ તત્ત્વ કરે છે. અને તું કર્તા થા તો બે દ્રવ્ય એક થઈ જાય છે. એમ એક થઈને એક એનું એ કરે,

એનું એ કરે, એનું એ કરે તો બધા દ્રવ્યનો નાશ થઈ જાય છે. ..લાલજી! બરાબર છે? તો આ હુશિયાર થઈને વેપાર કરે છેને. દુકાનના થડે બેસીને બરાબર હિસાબ લાવો. પાંચ રૂપિયાનું વાર છે આ કપડું. ભાઈ ચાર આના ઓછા દેજો. તો એણે ગ્રાહકને કપડું દીધું એ કપડા દેવાનું કાર્ય કપડાના વેપારીએ કર્યું એ ખોટી દૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ? આ શરાફ કહો પૈસા દે લ્યો. શરાફ આપણા ડાલચંદજી શરાફ છે. ધન્નાલાલજી શરાફ છે. એ શરાફ લક્ષ્મીનું બરાબર વ્યાજ ઉપજાવું, એટલા દેવા...એટલા દેવા એ ક્રિયા સાવધાનપણે કરે છે તો થાય છે. એમ નથી. આહા..હા..!

## ગાથા-૩૪૯ થી ૩૫૫

जह सिप्पिओ दु कम्मं कुव्वदि ण य सो दु तम्मओ होदि।
तह जीवो वि य कम्मं कुव्वदि ण य तम्मओ होदि॥349॥
जह सिप्पिओ दु करणेहिं कुव्वदि ण सो दु तम्मओ होदि।
तह जीवो करणेहिं कुव्वदि ण य तम्मओ होदि॥350॥
जह सिप्पिओ दु करणाणि गिण्हदि ण सो दु तम्मओ होदि।
तह जीवो करणाणि दु गिण्हदि ण य तम्मओ होदि॥351॥
जह सिप्पि दु कम्मफलं भुंजदि ण य सो दु तम्मओ होदि।
तह जीवो कम्मफलं भुंजदि ण य तम्मओ होदि॥352॥
एवं ववहारस्स दु वत्तव्वं दरिसणं समासेण।
सुणु णिच्छयस्स वयणं परिणामकदं तु जं होदि॥353॥
जह सिप्पिओ दु चेट्ठं कुव्वदि हवदि य तहा अणण्णो से।
तह जीवो वि य कम्मं कुवदि हवदि य अणण्णो से॥354॥
जह चेट्ठं कुव्वंतो दु सिप्पिओ णिच्चदुक्खिओ होदि।
तत्तो सिया अणण्णो तह चेट्ठतो दुही जीवो॥355॥

यथा शिल्पिकस्तु कर्म करोति न च स तु तन्मयो भवति।
तथा जीवोऽपि च कर्म करोति न च तन्मयो भवति॥349॥

यथा शिल्पिकस्तु करणैः करोति न च स तु तन्मयो भवति।
तथा जीवः करणैः करोति न च तन्मयो भवति॥350॥
यथा शिल्पिकस्तु करणानि गृह्णाति न च स तु तन्मयो भवति।
तथा जीवः करणानि तु गृह्णाति न च तन्मयो भवति॥351॥
यथा शिल्पी तु कर्मफलं भुंक्ते न च स तु तन्मयो भवति।
तथा जीवः कर्मफलं भुंक्ते न च तन्मयो भवति॥352॥
एवं व्यवहारस्य तु वक्तव्यं दर्शनं समासेन।
शृणु निश्चयस्य वचनं परिणामकृतं तु यद्भवति॥353॥
यथा शिल्पिकस्तु चेष्टां करोति भवति च तथानन्यस्तस्याः।
तथा जीवोऽपि च कर्म करोति भवति चानन्यस्तस्मात्॥354॥
यथा चेष्टां कुर्वाणस्तु शिल्पिको नित्यदुःखितो भवति।
तस्माच्च स्यादनन्यस्तथा चेष्टमानो दुःखी जीवः॥355॥

यथा खलु शिल्पी सुवर्णकारादिः कुण्डलादिपरद्रव्यपरिणामात्मकं कर्म करोति, हस्तकुट्टकादिभिः परद्रव्यपरिणामात्मकैः करणैः करोति, हस्तकुट्टकादीनि परद्रव्यपरिणामात्मकानि करणानि गृह्णाति, ग्रामादिपरद्रव्यपरिणामात्मकं कुण्डलादिकर्मफलं भुंक्ते च, न त्वनेकद्रव्यत्वेन ततोऽन्यत्वे सति तन्मयो भवति; ततो निमित्तनैमित्तिकभावमात्रेणैव तत्र कर्तृकर्मभोक्तृभोग्यत्व-व्यवहारः। तथात्मापि पुण्यपापादिपुद्गलद्रव्यपरिणामात्मकं कर्म करोति, कायवाङ्मनोभिः पुद्गलद्रव्यपरिणामात्मकैः करणैः करोति, कायवाङ्मनांसि पुद्गलद्रव्यपरिणामात्मकानि करणानि गृह्णाति, सुखदुःखादिपुद्गलद्रव्यपरिणामात्मकं पुण्यपापादिकर्मफलं भुंक्ते च, न त्वनेकद्रव्यत्वेन ततोऽन्यत्वे सति तन्मयो भवति; ततो निमित्तनेमित्तिकभावमात्रेणैव तत्र कर्तृकर्मभोक्तृभोग्यत्व-व्यवहारः। यथा च स एव शिल्पी चिकीर्षुश्चेष्टारूपमात्मपरिणामात्मकं कर्म करोति, दुःखलक्षणमात्मपरिणामात्मकं चेष्टारूपकर्मफलं भुंक्ते च, एकद्रव्यत्वेन ततोऽनन्यत्वे सति तन्मयश्च भवति; ततः परिणामपरिणामिभावेन तत्रैव कर्तृकर्मभोक्तृभोग्यत्वनिश्चयः। तथात्मापि चिकीर्षुश्चेष्टारूपमात्मपरिणामात्मकं कर्म करोति, दुःखलक्षणमात्मपरिणामात्मकं चेष्टारूपकर्मफलं भुंक्ते च, एकद्रव्यत्वेन ततोऽनन्यत्वे सति तन्मयश्च भवति; ततः परिणामपरिणामिभावेन तत्रैव कर्तृकर्मभोक्तृभोग्यत्वनिश्चयः।

હવે આ કથનને દૃષ્ટાંત દ્વારા ગાથામાં કહે છે :

જ્યમ શિલ્પી કર્મ કરે પરંતુ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ પણ કર્મો કરે પણ તે નહીં તન્મય બને. 349.
જ્યમ શિલ્પી કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને. 350.
જ્યમ શિલ્પી કરણ ગ્રહે પણ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ પણ કરણો ગ્રહે પણ તે નહીં તન્મય બને. 351.

શિલ્પી કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને. 352.
-એ રીત મત વ્યવહારનો સંક્ષેપથી વક્તવ્ય છે;
સાંભળ વચન નિશ્ચય તણું પરિણામવિષયક જેહ છે. 353.
શિલ્પી કરે ચેષ્ટા અને તેનાથી તેહ અનન્ય છે,
ત્યમ જીવ કર્મ કરે અને તેનાથી તેહ અનન્ય છે. 354.
ચેષ્ટા કરંતો શિલ્પી જેમ દુખિત થાય નિરંતરે,
ને દુખથી તેહ અનન્ય, ત્યમ જીવ ચેષ્ટામાન દુખી બને. 355.

ગાથાર્થ :- [यथा] જેમ [शिल्पिकः तु] શિલ્પી (-સોની આદિ કારીગર) [कर्म] કુંડળ આદિ કર્મ [करोति] કરે છે [सः तु] પરંતુ તે [तन्मयः न च भवति] તન્મય (તે-મય, કુંડળાદિમય) થતો નથી, [तथा] તેમ [जीवः अपि च] જીવ પણ [कर्म] પુણ્યપાપ આદિ પુદ્‌ગલકર્મ [करोति] કરે છે [न च तन्मयः भवति] પરંતુ તન્મય (પુદ્‌ગલકર્મમય) થતો નથી. [यथा] જેમ [शिल्पिकः तु] શિલ્પી [यः] હથોડા આદિ કરણો વડે [करोति] (કર્મ) કરે છે [सः तु] પરંતુ તે [तन्मयः न च भवति] તન્મય (હથોડા આદિ કરણોમય) થતો નથી, [तथा] તેમ [जीवः] જીવ [करणैः] (મન-વચન-કાયરૂપ) કરણો વડે [करोति] (કર્મ) કરે છે [न च तन्मयः भवति] પરંતુ તન્મય (મન-વચન-કાયરૂપ કરણોમય) થતો નથી. [यथा] જેમ [शिल्पिकः तु] શિલ્પી [करणानितु] કરણોને [गृह्णाति] ગ્રહણ કરે છે [सः तु] પરંતુ તે [न च तन्मयः भवति] તન્મય થતો નથી, [तथा] તેમ [जीवः] જીવ [करणानि तु] કરણોને [गृह्णाति] ગ્રહણ કરે છે [न च तन्मयः भवति] પરંતુ તન્મય (કરણોમય) થતો નથી. [यथा] જેમ [शिल्पिकः तु] શિલ્પી [कर्मफलं] કુંડળ આદિ કર્મના ફળને (ખાનપાન આદિને) [भुंक्ते] ભોગવે છે [सः तु] પરંતુ તે [तन्मयः न च भवत] તન્મય (ખાનપાનાદિમય) થતો નથી, [तथा] તેમ [जीवः] જીવ [कर्मफलं] પુણ્યપાપાદિ પુદ્‌ગલકર્મના ફળને (પુદ્‌ગલપરિણામરૂપ સુખદુઃખાદિને) [भुंक्ते] ભોગવે છે [न च तन्मयः भवति] પરંતુ તન્મય (પુદ્‌ગલપરિણામરૂપ સુખદુઃખાદિમય) થતો નથી.

[एवं तु] એ રીતે તો [व्यवहारस्य दर्शनं] વ્યવહારનો મત [समासेन] સંક્ષેપથી [वक्तव्यम्] કહેવાયોગ્ય છે. [निश्चयस्य वचनं] (હવે) નિશ્ચયનું વચન [शृणु] સાંભળ [यत्] કે જે [परिणामकृतं तु भवति] પરિણામવિષયક છે.

[यथा] જેમ [शिल्पिकः तु] શિલ્પી [चेष्टा करोति] ચેષ્ટારૂપ કર્મને (પોતાના પરિણામરૂપ

કર્મને) કરે છે [तथा च] અને [तस्या अनन्यः भवति] તેનાથી અનન્ય છે, [तथा] તેમ [जवः अपि च] જીવ પણ [कर्म करोति] (પોતાના પરિણામરૂપ) કર્મને કરે છે [च] અને [तस्मात् अनन्यः भवति] તેનાથી અનન્ય છે. [यथा] જેમ [चेष्टां कुर्वाणः] ચેષ્ટારૂપ કર્મ કરતો [शिल्पिकः तु] શિલ્પી [नित्यदुःखितः भवति] નિત્ય દુઃખી થાય છે [तस्मात् च] અને તેનાથી (દુઃખથી) [अनन्यः स्यात्] અનન્ય છે, [चेष्टमानः] ચેષ્ટા કરતો (પોતાના પરિણામરૂપ કર્મને કરતો) [जीवः] જીવ [दुःखी] દુઃખી થાય છે (અને દુઃખથી અનન્ય છે).

ટીકા :- જેવી રીતે-શિલ્પી અર્થાત્ સોની આદિ કારીગર કુંડળ આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક (-પરદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે, હથોડા આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક કરણો તેમના વડે કરે છે, હથોડા આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક કરણો તેમને ગ્રહણ કરે છે અને કુંડળ આદિ કર્મનું જે ગામ આદિ પરદ્રવ્યપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે તેમનાથી (કર્મ, કરણ આદિથી) અન્ય હોવાથી તન્મય (કર્મકરણાદિમય) થતો નથી; માટે નિમિત્તનૈમિત્તિકભાવમાત્રથી જ ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે; તેવી રીતે-આત્મા પણ પુણ્યપાપ આદિ જે પુદ્ગલદ્રવ્યપરિણામાત્મક (-પુદ્ગલદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે, કાય-વચન-મન એવાં જે પુદ્ગલદ્રવ્યપરિણામાત્મક કરણો તેમના વડે કરે છે, કાય-વચન-મન એવાં જે પુદ્ગલપરિણામાત્મક કરણો તેમને ગ્રહણ કરે છે અને પુણ્યપાપ આદિ કર્મનું જે સુખદુઃખ આદિ પુદ્ગલદ્રવ્યપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે તેમનાથી અન્ય હોવાથી તન્મય (તે-મય) થતો નથી; માટે નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી જ ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે.

વળી જેવી રીતે-તે જ શિલ્પી, કરવાનો ઇચ્છક વર્તતો થકો, ચેષ્ટારૂપ (અર્થાત્ કુંડળ આદિ કરવાના પોતાના પરિણામરૂપ અને હસ્ત આદિના વ્યાપારરૂપ) એવું જે સ્વપરિણામાત્મક કર્મ તેને કરે છે તથા દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું સ્વપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, અને એકદ્રવ્યપણાને લીધે તેમનાથી (કર્મ અને કર્મફળથી) અનન્ય હોવાથી તન્મય (કર્મમય ને કર્મફળમય) છે; માટે પરિણામપરિણામીભાવથી ત્યાં જ કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે; તેવી રીતે-આત્મા પણ, કરવાનો ઇચ્છક વર્તતો થકો, ચેષ્ટારૂપ (-રાગાદિપરિણામરૂપ અને પ્રદેશોના વ્યાપારરૂપ) એવું જે આત્મપરિણામાત્મક કર્મ તેને કરે છે તથા દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું આત્મપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, અને એકદ્રવ્યપણાને લીધે તેમનાથી અનન્ય હોવાથી તન્મય (તે-મય) છે; માટે પરિણામ-પરિણામીભાવથી ત્યાં જ કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે.

## ગાથા-૩૪૯ થી ૩૫૫ ઉપર પ્રવચન

એ ગાથા કહેશે. આમાં પણ વાંધા છે જરી આ ગાથામાં. વર્તમાન વાંધા બહુ ઉઠાવે મારા.

**जह सिप्पिओ दु कम्मं कुव्वदि ण य सो दु तम्मओ होदि।**
**तह जीवो वि य कम्मं कुव्वदि ण य तम्मओ होदि॥349॥**
**जह सिप्पिओ दु करणेहिं कुव्वदि ण सो दु तम्मओ होदि।**
**तह जीवो करणेहिं कुव्वदि ण य तम्मओ होदि॥350॥**
**जह सिप्पिओ दु करणाणि गिण्हदि ण सो दु तम्मओ होदि।**
**तह जीवो करणाणि दु गिण्हदि ण य तम्मओ होदि॥351॥**
**जह सिप्पि दु कम्मफलं भुंजदि ण य सो दु तम्मओ होदि।**

ઓહો..હો..! ..ગાથાની શૈલીએ કેટલી વાત મૂકી છે. અધ્યાત્મને થોડા શબ્દમાં સમજાવે, પણ થોડા વિના સમજાવે જ નહિ. આહા..હા..!

**तह जीवो कम्मफलं भुंजदि ण य तम्मओ होदि॥352॥**
**एवं ववहारस्स दु वत्तव्वं दरिसणं समासेण।**
**सुणु णिच्छयस्स वयणं परिणामकदं तु जं होदि॥353॥**
**जह सिप्पिओ दु चेट्ठं कुव्वदि हवदि य तहा अणण्णो से।**
**तह जीवो वि य कम्मं कुवदि हवदि य अणण्णो से॥354॥**
**जह चेट्ठं कुव्वंतो दु सिप्पिओ णिच्चदुक्खिओ होदि।**
**तत्तो सिया अणण्णो तह चेट्ठतो दुही जीवो॥355॥**

**જ્યમ શિલ્પી કર્મ કરે પરંતુ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ પણ કર્મો કરે પણ તે નહીં તન્મય બને. 349.**

જુઓ, કરે શબ્દ આવ્યો છે.

**જ્યમ શિલ્પી કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને. 350.**
**જ્યમ શિલ્પી કરણ ગ્રહે પણ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ પણ કરણો ગ્રહે પણ તે નહીં તન્મય બને. 351.**
**શિલ્પી કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને. 352.**

અહીં આવ્યું.

**-એ રીત મત વ્યવહારનો સંક્ષેપથી વક્તવ્ય છે;**
**સાંભળ વચન નિશ્ચય તણું પરિણામવિષયક જેહ છે. 353.**
**શિલ્પી કરે ચેષ્ટા અને તેનાથી તેહ અનન્ય છે,**
**ત્યમ જીવ કર્મ કરે અને તેનાથી તેહ અનન્ય છે. 354.**
**ચેષ્ટા કરંતો શિલ્પી જેમ દુખિત થાય નિરંતરે,**
**ને દુખથી તેહ અનન્ય, ત્યમ જીવ ચેષ્ટામાન દુખી બને. 355.**

'**ટીકા :- જેવી રીતે-શિલ્પી...**' કારીગર. '**અર્થાત્ સોની આદિ...**' એટલે બધા કારીગર. કુંભાર, સોની, કડિયા, લુહાર, મોટર બનાવનાર, અક્ષર લખનાર. અક્ષર લખે, નામું લખે એ પણ કારીગર છેને? આ રોટલી બનાવે એ કારીગરી કહેવાય. બનાવે છે કે નહિ? શીરો બનાવે, માલપુવા બનાવે. એ શું કહે છે? સમજાણું કાંઈ? પુરણપોળી બનાવે. ઇ બધા કારીગર કહેવાય કારીગર. રસોયાણી રસોઈ કરે એ પણ રસોઈની કારીગર છે. આહા..હા..! એ '**શિલ્પી અર્થાત્ સોની આદિ...**' શિલ્પી નામ કળાવાળો કારીગર '**કુંડળ આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક (-પરદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે,...**' એ અહીં વાંધા. કે જુઓ, કુંદકુંદાચાર્યે કહ્યું કે શિલ્પીઓ કરે છે, પણ એ તો પહેલાથી કહ્યુંને કે એ તો વ્યવહારથી કથન છે. આહા..હા..!

મુમુક્ષુ :- પહેલા ભૂમિકા આવી ગઈ.

ઉત્તર :- ભૂમિકા તો આવી ગઈ. આહા..હા..! એનો અર્થ એ કરે છે લોકો જુઓ કરે તો ખરા. તન્મય ન થાય. અરે..! પણ કરે ત્યારે તન્મય થઈ ગયો એ તો. એ તો ૯૯ ગાથામાં આવ્યું નહિ? જુઓને તન્મય થઈ ગયો. પરનું કાર્ય કરે તો તન્મય થઈ જાય. કારણ કે તન્મય ન હોય, પણ કરે ખરા. લે આ ભારે વાત! આહા..હા..! સર્વવિશુદ્ધ અધિકારમાં એટલું સ્પષ્ટ કર્યું. જેને વિકલ્પ કરવાનો પણ અવકાશ નથી પણ વિકલ્પ કરૂણાથી આવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? વિકલ્પ આવ્યો એ દુ:ખ છે. આકુળતા છેને? એટલી આકુળતા છે. આહા..હા..! મિશ્રધર્મ કહ્યો છેને ભાઈ ત્યાં. આત્માવલોકનમાં. મિશ્ર. સત્યધર્મ, અધર્મ, મિશ્રધર્મ. આપણે અહીં .. ગાથામાં વ્યવહાર કર્મથી... કર્મધારા અને જ્ઞાનધારા. સમ્યગ્દષ્ટિને જ્ઞાનધારા નિરંતર રહે છે. આહા..હા..! જાણવું-દેખવું... જાણવું-દેખવું... શ્રદ્ધાની પર્યાય, શ્રદ્ધાનું કામ નિરંતર કરે છે. એને જ્ઞાનધારા કહેવામાં આવે છે. અનંતગુણની પરિણતિ જેટલી શુદ્ધ થઈ ચોથે ગુણસ્થાનથી. એ બધી જ્ઞાનધારા કહેવામાં આવે છે. આહા..હા..! અને જેટલી અશુદ્ધતા રહી. એ તો પ્રશ્ન પણ થયો છે કે ભાઈ! ક્યાં સુધી કર્મધારા? બારમા સુધી ગણવી? કે બારમે તો ભાઈ વીતરાગતા છે. ત્યાં કર્મધારા ક્યાંથી આવી? અંતરાત્મા ચોથેથી બારમા સુધી કર્મધારા અને જ્ઞાનધારા. તો કહે ત્યાં હજી જ્ઞાન અને દર્શન અને

વીર્યની અપૂર્ણતા છેને. ત્યાં સુધી કર્મધારા સાધે છે. એય..! આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ તો જુઓ, ઓહો..હો..! નિર્મળ સ્પષ્ટ. કે જ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું, કે મુનિપણું થયું. સત્યપણું હોં શાંતિની ધારા. મિથ્યાત્વ અને કષાય જેટલો ગયો એટલી તો શાંત રસની ધારા કાયમ ચાલે છે. પાંચમા ગુણસ્થાનમાં પણ બે કષાયનો અભાવ એટલી શાંતિ તો કાયમ ચાલે છે. છઠ્ઠે ગુણસ્થાને ત્રણ કષાયનો અભાવ એટલી શાંતિ કાયમ ચાલે છે. આહા..હા..! પણ એની સાથે જે વિકલ્પ ઉઠ્યો તે કર્મધારા છે. સમજાણું કાંઈ? તો એ કર્મધારાનું ખરેખર કર્તાપણે ગણો તો જીવ જ છે. આહા..હા..! એ આવ્યુંને? એ કર્તા-ભોક્તાનય ભાઈ! પ્રવચનસાર. કર્તા-ભોક્તા નય. ગણધર પણ કર્તા-ભોક્તા છે. આહા..હા..! કઈ શૈલી! જેટલું રાગરૂપ પરિણમન છે એ અપેક્ષાએ કર્તા-કર્મ આવે છે અને જેટલું રાગનું વેદન છે. આહા..હા..! ભોક્તા કહેવામાં આવે છે. પૂર્ણ ભોગ્યદશા પ્રગટ નથી થઈ. એમાં તેટલી ભોગદશા હજી રાગની સાથે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તો અહીં કહે છે '**કારીગર કુંડળ આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક (-પરદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે,...**' એ વ્યવહારથી કહેવામાં આવે છે. આ કર્તા છેને ત્યાં વજન છે. જુઓ, કર્તા આવ્યું કે નહિ? આચાર્ય કહે છેને. ... શી રીતે કરે છે? તો કહે વ્યવહારનયનો અસદ્‌ભૂત વ્યવહારનય જૂઠી નયનું વચન છે. નય તો સમ્યગ્જ્ઞાન છેને. અસદ્‌ભૂત વ્યવહારનય... વ્યવહારનય પણ સમ્યક્‌જ્ઞાનનો અંશ છેને ઇ? વ્યવહારનય કરે છે. પણ એ કરે છે એમ કહેવું વ્યવહારનયનો વિષય એ તો નહિ. એ જ્ઞાન એમ જાણે છે એને. જ્ઞાન એમ જાણે છે કે વ્યવહારનયથી આ પરને કર્તા કહે છે એ, જ્ઞાન જાણે એમ છે નહિ. પણ પોતામાં... આગળ આવશે ઇ. એક વાત.

'**હથોડા આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક કરણો તેમના વડે કરે છે,...**' સાધન હોય છેને. કુંભાર કરે તો લાકડી લઈને શું કહેવાય? ચાકડો. સ્ત્રી રોટલી કરે તો વેલણ, નીચે છે એ પાટલો. પાટલો કહે છેને નીચે રોટલી વણે. ચકલા. ચકલા કેમ? એ ઉડે છે ત્યાં? એ બધા સાધનથી કરે છે. પાઠ છેને. '**પરદ્રવ્યપરિણામાત્મક કરણો તેમના વડે કરે છે,...**' પણ એ તો પહેલાથી છે. એ તો વ્યવહારનયથી કથન છે. આહા..હા..! આનો અર્થ જ ઉડાવે લ્યો. કરી શકાય કર્તા છે.. પણ કઈ નયથી કહ્યું? અશુદ્ધવ્યવહારનયથી કહ્યું. આહા..હા..! સાચી નય છે નહિ. એનું જ્ઞાન કરનાર તો એમ જ જાણે છે કે આ પરને કરવું, સાધન હથોડા વડે કરવું. સામે ચીજ છેને એ હથોડાથી? એ વડે કરે છે એમ કહેવું એ તો વ્યવહારદૃષ્ટિનો વિષય છે. જૂઠી દૃષ્ટિ, પરાશ્રય દૃષ્ટિનું કથન છે. આ વેપાર-વેપારમાં કેમ છે? એય..! નટુભાઈ! ક્યાં ગયા મનસુખભાઈ? આ વેપારમાં હુશિયાર માણસ થડે બેસેને. નહિતર બડથોલને બેસાડવો ત્યાં? કોણ ગ્રાહક આવે? એને સમજાવું. કેમ દેવું, ઉધાર કેમ દેવું? ઉધાર દેવામાં કેટલો નફો વધારવો.

મુમુક્ષુ :- હુશિયાર માણસ હોય.

ઉત્તર :- હુશિયાર નથી એમાં? હેં અમરચંદભાઈ! .. આવે તમારે ઘરે ત્યાં રાણપુરથી સવાર-સાંજ આવેને પાંચ હજારને દસ હજાર?

મુમુક્ષુ :- આઠ-દસ હજાર હોય.

ઉત્તર :- ના, ના એક-એક.. પણ એટલીબધી લઈ જાય? ... પાંચ હજાર ... લાખ, બે લાખ .. પેદા થઈ જાય. ઇ હુશિયારથી કામ લે ... આહા..હા..! ભાઈ! એ ભાષા જ તારી નથીને. આહા..હા..! ભાષાની પર્યાય જીવ કરે છે ભાષા અસદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે. એની પણ તકરાર છે. ધવલમાં લખ્યું છે કે ભાષાનું કાર્ય જ્ઞાનનું છે. ઇ આવ્યું હતું એમાં. ખાણિયા ચર્ચા નહિ? ખાણિયા ચર્ચા નહિ? ઇ બહુ .. અમારે. જુઓ આ જ્ઞાનનું કાર્ય ભાષા. ભાઈ! એ તો અસદ્‌ભૂત વ્યવહારનયનું કથન છે. એ તો એનું જ્ઞાન કરાવવાની વાત છે. જ્ઞાન ભાષા કરે જડની? કાંઈ હજી સ્થૂળ દૃષ્ટિ મિથ્યાત્વ. ભાઈ! સૂક્ષ્મ મિથ્યાત્વ અંદર વિકલ્પ ઉઠે છે એ પણ કાર્ય આત્માની પર્યાયનું નહિ. આહા..હા..! ભલે પરિણમન કરે સમકિતી રાગરૂપ. પણ એ રાગનું કાર્ય સમ્યગ્દર્શન-જ્ઞાનની પરિણતિનું કાર્ય એનું છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ જગતને સાંભળવા મળ્યો નથી. તો ક્યાંથી સમજે? ભિન્ન દૃષ્ટિ કરીને હું તો મારી પર્યાયનો કર્તા છું. હું પરની પર્યાયની ઉપસ્થિતિમાં હાજર થાવ. હાજર હતો તો વેપાર મેં કર્યો? સમજાણું કાંઈ?

**'હથોડા આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક કરણો...'** કરણ એટલે સાધન. કુંભારનો દંડ, ચાકડો આદિ, સોનીને હથોડી આદિ, સુતારને વાંસડો શું કહેવાય ઇ? ... કરવત. ... ... એ .. ખેંચે એ પણ વ્યવહાર છે અસદ્‌ભૂત. આત્મા તો ખેંચે નહિ, પણ વાંસડો પરદ્રવ્ય છે અને લાકડી છેદાય તે પરદ્રવ્ય છે તો વાંસડાથી લાકડી કપાણી અસદ્‌ભૂત વ્યવહારનયથી કથન છે, જૂઠી દૃષ્ટિથી કથન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કાપવાની ક્રિયા લાકડામાં થાય છે એ લાકડાથી થાય છે. આહા..! શાક દૂધીનું હોયને દૂધીનું શાક. શાક કહે છેને? તરકારી. એમાં દૂધી હોય, કારેલાનું શાક કરે છેને. ઘીસોડા હોય ઘીસોડા. એની રગ હોયને કઠણ એ કાઢી નાખે. તો કહે છે કે ઇ છરીથી રગ નીકળે છે એ વાત જૂઠી છે.

મુમુક્ષુ :- અહીં તો આખો સંસાર ઉડાડવાની વાત છેને.

ઉત્તર :- આખા સંસારનું કાર્ય જડનું. આત્મા કર્મ બાંધે એ વાત ખોટી છે એમ કહે છે. આહા..હા..! આત્મા અજ્ઞાનપણે અથવા જ્ઞાનપણા પાછળ ચારિત્રના દોષપણે જે રાગાદિ ધર્મીને પણ થાય છે તો એ રાગ કર્મને બાંધે છે એ જૂઠી દૃષ્ટિથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવે છેને એ છ દોષ? જ્ઞાનાવરણીય. જ્ઞાનાવરણીય છ પ્રકારે બંધાય છે. આવે છે? .. અંતરાય, ... એ જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે એ અસદ્‌ભૂતવ્યવહારનયનું કથન છે. જૂઠી દૃષ્ટિનું કથન છે.

મુમુક્ષુ :- તત્ત્વાર્થસૂત્રમાં લખ્યું છેને!

ઉત્તર :- આ અસદ્‌ભૂત વ્યવહારનયથી કથન છે. એ પદ્ધતિ લૌકિક વ્યવહારનો અર્થ જ એ વ્યવહાર લોક શું કહ્યું? દ્રવ્યસંગ્રહ. ... લોકો બોલે તે ભાષા એ વ્યવહાર ભાષા લૌકિક છે. છ પ્રકારે જ્ઞાનાવરણીય કર્મ જીવ બાંધે. કહે છે કે એ અસદ્‌ભૂતવ્યવહાર છે, જૂઠો છે. પોતાની પર્યાયનું કાર્ય પોતાનો આત્મા કર્તા અને પર્યાય એનું કાર્ય એ સદ્‌ભૂતવ્યવહાર છે. આહા..હા..! અશુદ્ધ રાગ .. તોપણ એ પર્યાયનો ભેદ છેને એટલો? ઇ અપેક્ષાએ હોં. બાકી એ પણ અશુદ્ધ સદ્‌ભૂત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**હથોડા આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક કરણો તેમના વડે કરે છે,...**' એ વ્યવહાર વચન. '**હથોડા આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક કરણો તેમને ગ્રહણ કરે છે...**' જુઓ, હવે હથોડો ઉતારે છે આમ. વેલણ ઉપાડે છે, વેલણ ઉપાડે છે. એ વ્યવહારનું વચન છે. આહા..હા..! જૂઠા વ્યવહારનું. હથોડો ઉપાડી શકે છે કે આ લાકડી આત્મા ઉપાડે છે એ જૂઠા વ્યવહારનું વચન છે. આહા..હા..! જીભની પર્યાયને આત્મા હલાવે છે એ જૂઠા વ્યવહારનયનું વચન છે. જીભની પર્યાય એના પરમાણુ તો એના પરમાણુથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વવિશુદ્ધ અધિકારમાં સ્પષ્ટ કર્યું છે સૂક્ષ્મ કરતા-કરતા પરિણામ, પોતાના પરિણામનો કર્તા, પરપરિણામ એનું કાર્ય અને આત્મા એમ. છે નહિ. એટલું ભેદજ્ઞાન કરાવ્યું છે.

'**અને કુંડળ આદિ કર્મનું જે ગામ આદિ પરદ્રવ્યપરિણામાત્મક ફળ...**' સોનીને કોઈ પચાસ રૂપિયા, સો રૂપિયા, પાંચસો રૂપિયા, રાજા હોય તો ગામ આપે. રાજકુંવર હોય મોટો તો ગામ આપે. પાંચ-દસ લાખ રૂપિયા. દસ-દસ લાખના દાગીના પહેરે. દાગીના સમજ્યા? ઝેવર. કરોડ, બે કરોડના દાગીના. રાજા તો મોટા હોય. આ તો ... જયપુરમાં છેને એ? દુર્લભજી ઝવેરી. સ્થાનકવાસી. ... શું કહે છે? ..ભાઈ. એના દીકરાના લગન કરવા આવ્યા હતા અહીં ભાવનગર. ભોગીભાઈ છેને ભોગીલાલ? એના દીકરીની દીકરી. દોઢ કરોડના દાગીના લાવ્યા હતા. રાજા તો પછી આ તો ગૃહસ્થ. દોઢ કરોડના દાગીના તો કન્યા માટે લાવ્યા હતા. કહો, શેઠ! એકવાર મેં પૂછ્યું હતું. એના મકાનમાં ઉતર્યા હતાને. ત્યારે બીજાનું મકાન જોતા હતા કે આ મકાન કોનું? કે દુર્લભજીની સ્ત્રીના નામે સંતોષના નામે ૩૫ લાખનું મકાન છે. ૩૫ લાખ દીધા છે. ... પુનમચંદ ગોદિકા. બે અબજ પછી અહીં ભોગીભાઈ આવ્યા હતા ભાવનગર શેઠને કીધું આમ કોક કહેતું હતું. ...કહે હા અમારા દીકરીના દીકરીના લગન માટે આવ્યા હતા દિકરો લઈને તો દોઢ કરોડના દાગીના લાવ્યા હતા. ... એય..! મનસુખ! દોઢ કરોડ-દોઢ કરોડ. પણ શું દોઢ કરોડ ધૂળ?

મુમુક્ષુ :- આપ તો એના વખાણ કરો અને પછી એમ કહો...

ઉત્તર :- વખાણ ક્યાં કર્યા? આ તો .. વસ્તુ કીધી. એનું ફળ ભોગવે. દાગીના જેણે કર્યા હોય એને ગામ દે કે લાખ, બે લાખ આપે. એ ભોગવે ગામ આદિ એમ છેને? એ પરદ્રવ્ય પરિણામ. એ

ભોગવે એ કર્તા, એ વ્યવહારનયનું કથન છે. પૈસાને શું ભોગવે? પૈસાનું ફળ મકાનને શું ભોગવે? અને લાડવા, દાળ, ભાત, શાક. આહા..હા..! અનુભવપ્રકાશમાં તો કહ્યું છે કે ખાવું, પીવું વગેરે જડની ક્રિયા અને અજ્ઞાની માને કે મેં કરી. મેં ખાધું, મેં પીધું, મેં લીધું. અનુભવપ્રકાશમાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કરે છે. ખાવું, પીવું, બોલવું, ચાલવું, હલવું બધું સંબંધ લીધો છે. એ બધું પુદ્ગલ કરે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! અને માને છે કે હું ખાઉં છું, હું પીવુંુ છું, હું સુવુંુ છું. સમજાણું કાંઈ? આહા..હા..! કોણ ખાય બાપુ! એ તો જડની ક્રિયા છે. આત્મા તો જાણે અથવા રાગ હોય બસ એટલું. રાગને ભોગવે. સમજાણું કાંઈ? ધર્મી જીવ હોય તો આનંદને ભોગવે અને રાગને પણ ભોગવે. એક સમયે બે છે. એકલા અજ્ઞાની હોય તો એકલા વિકારને, આકુળતાને ભોગવે, પણ પરચીજને ભોગવે છે. સ્ત્રીનો ભોગ આત્મા લે છે એ વાત તદ્દન જૂઠી છે. આહા..હા..! પ્રભુ! તું તો અરૂપી છોને. અરૂપીનું કાર્ય તો અરૂપીમાં અરૂપી હોય છે અને શરીરની ક્રિયા આમ થાય એ તારાથી થાય છે? આહા..હા..! ભારે વાત ભાઈ! લોકો એને સ્વચ્છંદ કહેતા હતા. લ્યો જડની હોય તો સ્વચ્છંદી થઈ જશે. આહા..હા..! પણ કરી શકે છે જ ક્યાં? તો .. આંગળી હલાવવી, પાંચ ઇન્દ્રિયની કોઈપણ ક્રિયા આત્મા કરી શકે ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી. આહા..હા..! એમ હજી પરના પરિણામનો કર્તા અને એ મારું કાર્ય ત્યાં સુધી બુદ્ધિ મિથ્યાદષ્ટિ મૂઢ છે.

અહીંયાં તો અંદરમાં આવે છે અને સ્વભાવને ભૂલીને રાગને કરે એ પણ અજ્ઞાની અને મૂઢ છે. અને અહીંયાં એનાથી આગળ જઈને ચૈતન્યનું ભાન થયું હું તો શુદ્ધ અખંડ-અભેદ આનંદકંદ ત્રિકાળ શક્તિરૂપ હું છું. મારી શક્તિ કદી સંસારરૂપ થઈ જ નથી. અને મારી શક્તિ અને સ્વભાવમાં કદી આવરણ છે નહિ. આહા..હા..! નિરાવરણ મારી શક્તિ, જ્ઞાન શક્તિ, જ્ઞાન સત્ત્વ, આનંદ શક્તિ. સમજાણું કાંઈ? એ હું છું. તો એ હું છું એવી દૃષ્ટિમાં શુદ્ધતા જ એનો કર્તા અને ભોક્તા છે. થોડી અશુદ્ધતા આવી એને પણ કર્તા-ભોક્તાનયે જાણવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં શું કહેવું છે? એ કહેવું છે કે પરદ્રવ્યનું કાર્ય તારાથી થાય એ દૃષ્ટિ છોડી દે, એ લક્ષ છોડી દે અને એ લક્ષ છોડવાથી તારી ચીજ જે અખંડ આનંદકંદ પ્રભુ છે ત્યાં તારું લક્ષ જશે. તો ત્યાં લક્ષ જશે તો રાગનું લક્ષ છૂટી જશે એમાં. આહા..હા..! સમજાણું કાંઈ? તાત્પર્ય તો વીતરાગતા બતાવવી છેને. આ બતાવીને કહેવું છે શું? કે તું કરે છો તું કરે એ બતાવવું છે? તારા પરિણામ તે કર્યા. તારા પરિણામ તે કર્યા રાગના. તો એ બતાવીને એમ કહેવું છે કે તારી ચીજ પૂર્ણ આનંદ અખંડાનંદ પ્રભુ છે. એના પરિણામને ત્યાં જોડી દે એ બતાવવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શુદ્ધ પરિણામ જોડી દે અહીંયાં એ તારું તાત્પર્ય વીતરાગભાવ છે. આહા..હા..! ભારે કામ ભાઈ! ચોથે ગુણસ્થાનથી વીતરાગ પર્યાય પ્રગટે છે. સમજાણું કાંઈ? અનુભવ નિર્વિકલ્પ

ક્યારેક ક્યારેક હોય છે. એ શુદ્ધ પરિણતિ તો નિરંતર થાય છે. આહા..હા..! રાગ અને પોતાનો સ્વભાવ તદ્દન ભિન્ન છે એવું ભાન થયું, છતાં જેટલું રાગનું પરિણમન છે એ મારી નબળાઈથી, મારામાં થાય છે એમ જ્ઞાની જાણે છે. સમજાણું કાંઈ?

અને '**પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે...**' એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરે. એક દ્રવ્ય હથોડાદિ કરણથી કરે, એક દ્રવ્ય બીજા હથોડા આદિના કરણથી ઉપાડે. ઉપાડે, .. કરવું. હથોડાને ઉપાડવો. આહા..હા..! અને એનું ફળ જીવ ભોગવે એ '**અનેકદ્રવ્યપણાને લીધે તેમનાથી (કર્મ, કરણ આદિથી) અન્ય હોવાથી તન્મય (કર્મકરણાદિમય) થતો નથી;...**' અન્ય હોવાથી તે સમયની પર્યાય પરની એમાં આ પર્યાય એક નથી થતી. પર્યાય તો ભિન્ન રહે છે. આહા..હા..! અંતરમાં શુદ્ધ પર્યાય ધર્મની રાગથી તો ભિન્ન છે, પણ રાગની પર્યાય પણ પરદ્રવ્યથી ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં લખ્યું છે અનુભવપ્રકાશમાં ભાઈ! એક ઠેકાણે. વિકલ્પ ઉઠે છે ધર્મીને પણ એ દુઃખ છે. પરદ્રવ્ય આશ્રિત જેટલા વિકલ્પો ઉઠે એ દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાનો ચૈતન્ય પ્રભુ મહા બિરાજમાન છે. મોજુદ છે, છતું છે એને અછતું કેમ કરો છો? સમજાણું કાંઈ? અને અછતિ ચીજ રાગાદિ અને પરચીજ સ્વભાવની અપેક્ષાએ અછતિ છે. એને છતિ કરીને પ્રસિદ્ધિ કરીને તું શા માટે ત્યાં રોકાય છે? આહા..હા..!

તારી ચીજ પરના કાર્યથી તો ભિન્ન છે, પણ ખરેખર તો રાગના કાર્યથી પણ એ ચીજ ભિન્ન છે. સમજાણું કાંઈ? ભલે એક સાથે ધર્મીને રાગ પણ હોય અને સુખ પણ હોય, પણ છે તો રાગથી ભિન્ન. સમજાણું કાંઈ? એક પર્યાયના બે ભાગ. જેટલી શુદ્ધતા થઈ એટલું તો તન્મય છે. રાગથી તન્મય સ્વભાવ નથી, પણ પરિણમન છે એમાં. આહા..હા..! સમજાણું કાંઈ? તો આ કહે છે કે પરથી કરી તો શકે છે, તન્મય નથી થતો. પણ શું છે? રતનચંદજીએ એવું લખ્યું છે. રતનચંદજી છેને મુખત્યાર? ઓહો..હો..! એવું નિર્મળ જૈનદર્શન એટલે કે વસ્તુનું દર્શન એટલે વસ્તુનો સ્વભાવ સીધો પરમાત્મ તત્ત્વથી ભરેલો છે. આહા..હા..! એ તરફ દૃષ્ટિ લઈ જવા માટે આ બધી વાત કરી છે. પરનો કર્તા તો નથી, તો તને પરના લક્ષથી શું વાત છે? સમજાણું કાંઈ? તારાથી પરમાં કાંઈ થતું નથી શરીર, વાણી, મન બધા કર્મો. આહા..હા..! નિવૃત્તતત્ત્વ છેને. પરથી તો નાસ્તિ છેને. પણ પોતાનું તત્ત્વ સ્વતત્ત્વની અપેક્ષાએ એ પણ નાસ્તિ છે. એની અપેક્ષાએ અસ્તિ છે, પણ આ તત્ત્વથી તો નાસ્તિ છે. તો આ તત્ત્વ નાસ્તિમાં અસ્તિ કેમ કરે? આહા..હા..! સમજાણું કાંઈ? અને એ પરદ્રવ્યની નાસ્તિ છે તારામાં. તો પરદ્રવ્યમાં તારી નાસ્તિ તો તારી અસ્તિનું કાર્ય પરદ્રવ્ય કેમ કરે? આહા..હા..! પરમસત્યની જાહેરાત છે, ઢંઢેરો છે. આહા..હા..!

પરની પર્યાયને હું કરું, એનું અસ્તિત્વ જે છે એનું. એ મારાથી અસ્તિત્વ રહ્યું છે. તો એક-એક સમયની પર્યાય એના અસ્તિત્વથી નથી, એના અસ્તિત્વથી છે. તો બધી પર્યાય પરના અસ્તિત્વથી થઈ. એનું અસ્તિત્વ રહ્યું નહિ. એ તો બધા દ્રવ્ય અને ગુણનો નાશ કરી નાખ્યો એણે.

આહા..હા..! સમજાણું કાંઈ? માટે કર્મ-કરણાદિની એની સાથે તન્મય નથી થતો. ભગવાન આત્મા કારીગર હથોડો ઉપાડે છે ... સમજાણું કાંઈ? રોટલી મોટી દડો થાય છેને ફુલાવવાની કળા. પહેલા નાખે છે. ... નાખે પછી આમ ... એટલે અંદર થોડું નાખે પણ એટલું ખાલી રહે આમ કરે ત્યાં બે ભાગ થઈ જાય. એ કળાનું કામ છે કે નહિ? આહા..હા..! ભાઈ! તારું પરતત્ત્વથી તો નિવૃત્ત તત્ત્વ તારું કાયમ છે. સમજાણું કાંઈ? અને પરતત્ત્વ પણ તારાથી નિવૃત્ત તત્ત્વ ભિન્ન છે. એની સહાય હોય તો પરમાં કાંઈ કાર્ય થાય એમ છે નહિ. અને પરની તને સહાય હોય તો તારામાં કાંઈ થાય એમ છે નહિ. આહા..હા..! એવી વીતરાગની વાણી જગતને મળી નથી. .. તારું તત્ત્વ પરથી પ્રસિદ્ધ છે. બીજાનું તત્ત્વ એનાથી પ્રસિદ્ધ છે, તારાથી નહિ. સમજાણું કાંઈ? નિમિત્ત વિના થાય નહિ. અહીં તો ના પાડે છે જુઓ. એક પર્યાય બીજાને નિમિત્ત થાય, પણ કર્તા નથી. આહા..હા..! ... હથોડાથી અને હથોડાની ક્રિયાથી તો ભગવાન નિવૃત્ત છે. એ તારી ચીજ પણ તારાથી નિવૃત્ત છે, અભાવરૂપ છે. તારાથી અભાવરૂપનું કાર્ય તારાથી કેમ થાય? આહા..હા..!

**'માટે નિમિત્તનૈમિત્તિકભાવમાત્રથી જ ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે;...'** આ તો સાધારણ દૃષ્ટાંત આપ્યું પહેલા હોં .. આદિનું. **'નિમિત્તનૈમિત્તિકભાવમાત્રથી જ...'** ફક્ત ઘડા આદિની .. સામે થાય તે નૈમિત્તિક છે, આ નિમિત્ત છે બસ એટલું. પણ નિમિત્ત છે તો ત્યાં કર્તા થયો, નૈમિત્તિક તારા નિમિત્તથી થઈ એમ છે નહિ. આ વાંધા મોટા નિમિત્ત અને ઉપાદાનના. ..લાલજી! એકાંત છે સોનગઢનું. ભગવાનનું .. નિમિત્તથી કાંઈ થતું નથી. .. આંખ બંધ કરો તો દેખાય છે? આંખ ઉઘાડી હોય તો નિમિત્ત છે તો જણાય છે. લે. એ વાત જ ખોટી છે. .. આવ્યા હતાને ... એણે વિરોધ કર્યો હતો આ ... આ ૨૫૦૦ વર્ષ ભગવાનના ઉજવે છેને? તો વિરોધ કર્યો. જામનગર સંઘ વિકલ્પ સાધુ, સાધ્વી ... ... ... ... હોય તો આચાર્યોની મદદ લેવી જોઈએ ... .... ... કોણ કરે? આહા..હા..! એ બહારના પદાર્થની જે પરિણતિ છે તે કાળે થવાની તે થાશે. આહા..હા..! એમ કે ધર્મને ધક્કો લાગશે એમ વાત કરે છે. ધર્મ... પણ એને ધક્કો શું લાગે? અમારો ધર્મ તો ધાર્મિક છે. ધાર્મિક કહેવું કોને એની ખબર નથી. આહા..હા..!

એહીં કહે છે કે જેમ એ **'નિમિત્તનૈમિત્તિકભાવમાત્રથી જ ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે;...'** ઇ હથોડાથી કામ કર્યું અને પરનું કામ કર્યું અને હથોડો ગ્રહણ કર્યો એ બધા નિમિત્તના કથનો છે. એ નૈમિત્તિક ક્રિયા ત્યાં થવાની હતી એ જ સમયે આને નિમિત્ત કહેવામાં આવ્યું. **'તેવી રીતે-'** હવે બાહ્ય દૃષ્ટાંત આવ્યું. **'આત્મા પણ પુણ્યપાપ આદિ જે પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક...'** એ કર્મ જડની વાત છે. **'આત્મા પણ પુણ્યપાપ આદિ જે પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક (-પુદ્‌ગલદ્રવ્યના પરિણામસ્વરૂપ)...'** શાતા-અશાતાના રજકણો જે છેને એ પુદ્‌ગલના રજકણની વાત છે. કે આત્મા કર્મ બાંધે છે શાતા એવા પરિણામ દયાના કર્યા

તો શાતા બાંધે છે. એ અસદ્‌ભૂત વ્યવહારનયનું કથન છે. આત્મા કર્મને બાંધી શકે જ નહિ ત્રણ કાળમાં. કર્મના રજકણ સ્વતંત્ર છે. આહા..હા..! રાગ ન કર્યો હોય તો? એ તો નિમિત્તમાત્રના કથનથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? રાગ ન કર્યો હોય તો ત્યાં આવરણની પર્યાય થનારી પરમાણુમાં પણ નહોતી. આહા..હા..! ભારે વાત આકરી! આવું ઝીણું ... એ પરિણામ પુણ્ય-પાપના પણ સ્થૂળ છે. પણ અહીં તો એના પરિણામ છે એના અસ્તિત્વમાં તો એનો તો કર્તા-ભોક્તા કહેવામાં આવે છે. અજ્ઞાની કર્તા-ભોક્તા અજ્ઞાનભાવથી છે, જ્ઞાની પરિણમનની અપેક્ષાએ કર્તા-ભોક્તા કહેવામાં આવે છે. પણ એવો ભાવ થયો રાગનો, તો એ રાગને કારણે ત્યાં જ્ઞાનાવરણીય કર્મ બંધાણા, મોહનીય કર્મ બંધાણા એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? શાસ્ત્રમાં તો ત્યાં સુધી કહ્યું છે. ચોથે ગુણસ્થાને પણ સાત-આઠ કર્મ બંધાય છે. પાંચમાં સાત-આઠ કર્મ બંધાય છે. પાંચમે સાત-આઠ છે. અને દસમે છ. રાગનો એક અંશ રહ્યો એનાથી છ કર્મ બંધાય છે. બંધાય છે પણ બાંધે છે એમ નથી. સમજાણું કાંઈ? રાગનો અંશ છે. તો રાગનો અંશ છે તો .. ન બંધાય. છેલ્લો અંશ એનો બંધ ન હોય, પણ બીજા બંધમાં એ નિમિત્ત છે. નૈમિત્તિક તો એ સમયની પરમાણુની કર્મરૂપે બંધ થવાની પર્યાય હતી. એ નૈમિત્તિક અને આ નિમિત્ત. એવો '**ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે;...**' જાણનાર છે.

તેમ આત્મા પુણ્ય-પાપના પરિણામ જડના કરે, કર્મને કરે છે. આહા..હા..! ત્યાં એમ આવે લ્યોને ... જ્ઞાનાવરણીય કર્મ બંધથી જ્ઞાન રોકાય અને પોતાની પર્યાય હિણી કરી જ્ઞાનાવરણી બંધીશે પણ બાંધ્યા એ પર્યાય નહિ. સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીય કર્મબંધનમાં છ બોલ છે એ પર્યાય હોય, પણ એ પર્યાય રજકણને બાંધે શાતા-અશાતાની એમ નથી. એ આયુષ્યને બાંધે એમ નથી એમ કહે છે. આહા..હા..! આયુષ્ય બંધાવાને લાયક એ સમયે જે પરિણામ હોય. આમ જુઓ તો ભગવાન તો અચળાયુ છે. અચળાયુ નામ ત્રિકાળ ચળે નહિ એવી સ્થિતિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા તો અચળાયુ છે, પણ પર્યાયમાં આયુષ્ય બંધાવાના લાયક રજકણમાં જે નિમિત્ત પરિણામ થાય છે એને પણ આયુષ્ય કહે છે. એટલી સ્થિતિ છે ત્યાં. એ પરિણામને કરો. તેથી પરિણમન હોય, પણ એનાથી આયુષ્ય બંધાણું. આહા..હા..! એમ નથી. સમય સમયની પર્યાય સ્વતંત્ર એમ જાહેર કરે છે. તારા પરિણામ રાગ અને દ્વેષના થયા તો ત્યાં આગળ કર્મના પરમાણુની પર્યાયે કરવું પડ્યું એમ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધી કહો. વસ્તુ એમ છે નહિ. આહા..હા..!

કર્મને કરે છે. '**કાય-વચન-મન એવાં જે પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક કરણો તેમના વડે કરે છે,...**' કાયા વડે, વચન વડે, મન વડે. આ જડ છેને ત્રણ? એ વડે કરે છે. આહા..હા..! એ .. નિમિત્ત-નૈમિત્તિક સંબંધને કરે છે '**અને પુણ્યપાપ આદિ કર્મનું જે સુખદુઃખ આદિ પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક ફળ તેને ભોગવે છે,...**' શું કહે છે? કે શાતા-અશાતા જીવ બાંધે છે

એ પણ વ્યવહારનયનું કથન છે. પછી શાતા-અશાતાથી મળેલી સામગ્રી. સામગ્રી આ એને ભોગવે છે એ ફળ. પ્રતિકૂળ સામગ્રી, અનુકૂળ સામગ્રીના ગંજ તો એને ભોગવે છે. '**પુણ્યપાપ આદિ કર્મનું જે સુખદુઃખ આદિ પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે તેમનાથી અન્ય હોવાથી તન્મય (તે-મય) થતો નથી;...**' ખરેખર ભોક્તા છે જ નહિ એમ કહે છે. ભાષા તો એમ છે જુઓ ભોગવે તો છે, પણ તન્મય નથી થતો. પણ તન્મય થઈ ગયો. પરની પર્યાય ભોગવે તો એરૂપે થઈ ગયો. તન્મય થઈ ગયો. આહા..હા..! આ વિવેક અંદરમાં લાવવો. સમજાણું કાંઈ? અનંત પુરુષાર્થ જોઈએ. એ કાંઈ વાતુંથી કે શબ્દોથી પાર ન આવે.

'**તન્મય (તે-મય) થતો નથી; માટે નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી જ ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે.**' આ લાડવા ખાય છે, રૂપિયા ભોગવે છે. ભાઈ! ભગવાને દીધું તો ભોગવે છે. બધી ખોટી વાત છે. મકાન, બાગ-બગીચા, ફૂલ-ઝાડ ગુલાબમાં ચારેકોર બેઠો હોય. બહુ ભોગવ્યું. પરને શું ભોગવે? એ તો નિમિત્તનું કથન છે. એની ક્રિયા તો એમાં થાય છે. આત્મા ક્યાં એને ભોગવે છે? નિમિત્ત-નૈમિત્તિકથી કથન છે. હવે વિશેષ વાત. એ બાકી રહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૯, રવિવાર, તા.૧૯-૦૮-૧૯૭૩**

**ગાથા-૩૪૯ થી ૩૫૫, પ્રવચન-૪૭૪**

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ સમયસાર. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. શિલ્પીનું દૃષ્ટાંત આવ્યુંને? હવે એ કર્તાની વ્યાખ્યા પહેલી ગઈ. શિલ્પી કારીગર પરદ્રવ્યને કરે છે એમ કહેવું એ તો અસદ્‌ભૂત વ્યવહારનયનું કથન છે. અને હથિયાર આદિ કરણો વડે કામ કરે છે એ પણ અસદ્‌ભૂત વ્યવહારનયનું કથન છે અને એ હથિયાર ગ્રહણ કરે છે એ પણ અસદ્‌ભૂત વ્યવહારનયનું કથન છે, જૂઠી દૃષ્ટિનું કથન છે.

મુમુક્ષુ :- ગ્રહણ કરતો નથી

ઉત્તર :- .. પણ ગ્રહણ કરતો નથી અને ઉપાડતો પણ નથી. એને સાધન બનાવીને કામ કરતો જ નથી. અને તેનું કાર્ય વ્યવહાર... વ્યવહારમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી આવ્યુને પહેલું? નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી ...'**ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે;...**' ખોટો વ્યવહાર છે. આહા..હા..! હવે અહીંયાં ભોક્તાની વાત કરે છે. નિશ્ચયથી કર્તાકર્મ અને નિશ્ચયથી ભોક્તા.

'**વળી જેવી રીતે-તે જ શિલ્પી,...**' કારીગર '**કરવાનો ઇચ્છક વર્તતો થકો,...**' સ્ત્રી રસોઈની ઇચ્છા કરે છે અને સોની સોનાનું કામ કરવાની ઇચ્છા કરે છે. કારીગર બીજો કુંભાર ઘડો કરવાની ઇચ્છા કરે છે. સમજાણું કાંઈ? '**ચેષ્ટારૂપ (અર્થાત્ કુંડળ આદિ કરવાના પોતાના પરિણામરૂપ...**' વિકલ્પ રાગ. '**અને હસ્ત આદિના વ્યાપારરૂપ)...**' હસ્ત આદિનો વેપાર છે તો જડનો, પણ એક ક્ષેત્રે સંબંધ કરીને એનો છે એમ કહેવામાં આવે છે. અને જે ચીજ બને છે એ પરક્ષેત્ર પરથી ભિન્ન છે. આ બીડીવાળવાની ઇચ્છા થઈ. એ કારીગર છેને બીડીવાળા? ઇચ્છા થઈ અને એનો હસ્ત આદિ વેપાર પણ ચાલે. આ ડોક્ટર ... કાલે નહોતા. સોની લ્યો, બીડીવાળા લ્યો કોઈપણ સુથાર લ્યો, આ વકીલ લ્યો. વકીલને પણ લાગુ પડે. દલીલનો ઇચ્છુક વકીલ. સમજાણું કાંઈ? એ વેપાર કરવાની ઇચ્છા હોય એની પણ એ પોતાના પરિણારૂપ કર્મ કરે છે. બોલે (ઇચ્છા) છે તો એક ક્ષેત્રાવગાહ તેથી તેને કહેવામાં આવ્યું. અને ભાષા આદિ છે એ તો પરવસ્તુ ભિન્ન છે. સમજાણું કાંઈ? તો કહે છે પોતાના પરિણારૂપ કર્મ. ઇચ્છા કરનારો, કોઈ રોટલી કરનારો, આ કંદોઈ પકવાન બનાવનાર, આ સેવ બનાવનારા. સેવ હોય છેને સેવ? શું કહે છે? ઘઉંની સેવ હોય છેને. એ બધાની ઇચ્છા હોય એની અને ઇચ્છાના નિમિત્ત ક્ષેત્ર અવગાહનથી ... તો એને અહીંયાં નિજ પરિણામ કહેવામાં આવ્યા છે. એ કર્મનો કર્તા એક વાત.

અને '**તથા દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું સ્વપરિણામાત્મક ફળ તેને ભોગવે છે,...**' આહા..હા..! એ વખતે એ રાગભાવ છે તો દુઃખનું ફળ એ ભોગવનાર છે. જોકે અહીંયાં તો ભોગની વાત લેવી છે. પણ એ જ સમયે રાગ છે. .. ઘડો કરવાનો, રસોઈ કરવાનો. સમજાણું કાંઈ? દાગીના બનાવવાનો, મકાન બનાવવાનો એ રાગ થયો એ '**દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું સ્વપરિણામાત્મક ફળ તેને ભોગવે છે,...**' આહા..હા..! એ રાગની જે ચેષ્ટા થઈ એ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? બીડી વળે છે તે બીડીવાળાથી એમ નહિ. બીડીવાળાનું પરિણામ છે કે હું બીડી વાળું. એવી ઇચ્છા. અને એમાં આંગળી આમ થઈ. એને અહીંયાં નિમિત્ત ક્ષેત્રમાં આત્મા અને શરીર છે તો એની ક્રિયા પોતાની છે એમ કહેવામાં આવ્યું. .. ખરેખર તો ભિન્ન છે. પણ એ બહારની ક્રિયા નોકર્મ જે બહાર દૂર છે. એના પરિણામનો કર્તા એ માને. ઇચ્છા કરે અને દુઃખને ભોગવે. એમ પરનું કામ કરી શકે નહિ અને પરને ભોગવી શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? વિષયને સેવનારો, ઇચ્છા કરનારો એ વિષયની ઇચ્છા કરે અને એ ઇચ્છાનું દુઃખ

ભોગવે. પણ એ શરીરની ક્રિયા કરી શકે એ અહીં તો લેવું બહારનું, પણ શરીરની ક્રિયા આમ કરી શકે એમ નથી. આહા..હા.!

મુમુક્ષુ :- સાવ પાંગળો બનાવી દીધો.

ઉત્તર :- પરથી તો પાંગળો પૂરો. અહીં તો હજી એની ઇચ્છાનો કર્તા બનાવવો છે. પરથી ભિન્ન કરીને. પછી તો ઇચ્છાનો કર્તા થાય એ પણ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. કર્તૃત્વબુદ્ધિથી. પરિણમનમાં રાગાદિ અને રાગનું દુ:ખ હોય સમકિતીને પણ (એ બીજી વાત). સમજાણું કાંઈ? પણ એ રાગ કરવાલાયક છે એવી બુદ્ધિ તો જ્ઞાનીને હોય નહિ. રાગ આવે. આહા..હા..! સમકિતી પણ કુંભાર હોય, સમકિતી બાયું હોય સમકિતી. લાપસી બનાવે, રસોઈ બનાવે, રોટલી બનાવે. સમજાણું કાંઈ? શું કહે છે? રોટલા. રોટલાને શું કહે છે? એ રોટલી તો ઘઉંની. પણ બાજરાના હોય છેને રોટલા. રોટલા ન કહે? તો શું કહે? જાડી રોટલી? આપણે તો કહે છેકે નહિ બાજરાનો. આમ ગોળ સરખો રાખે. તો એ ક્રિયાનો કર્તા આત્મા ત્રણ કાળમાં નથી. આહા..હા..! કેમકે એ તો પરદ્રવ્ય છે અને પરદ્રવ્યના સ્વકાળની પર્યાય પરદ્રવ્યમાં પોતાથી થાય છે. આહા..હા..! ભારે આવું. સમજાણું કાંઈ?

અહીંયાં તો હજી પરદ્રવ્યના પરિણામના કર્તાથી છોડાવો છે. પછી તો પોતાનું પરિણામ જે રાગાદિ છે એ પણ પોતાનું નથી. આહા..હા..! રાગ એ પરભાવ છે. જેમ પરદ્રવ્ય પરભાવ છે એમ એ તો પરભાવ તો પોતાની પર્યાયથી ભિન્ન છે એ અપેક્ષાએ પરભાવ કહ્યો, પણ સ્વભાવદૃષ્ટિથી તો રાગ જ પરભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! સોની, રસોયાણી બાઈ કે કંદોઈ, સુથાર, કડીયા કે વકીલ બધા પોતાની ઇચ્છા કરે અને ઇચ્છાના ફળ દુ:ખને ભોગવે. પોતાના પરિણામને કરે અને ભોગવે, પણ પરના પરિણામને કરે અને ભોગવે એમ છે નહિ. સમજાણું કાંઈ? જુવાનીમાં અમે પૈસા કમાઈએ તો વૃદ્ધાવસ્થામાં એને ભોગવવામાં આવે. એ વાત ખોટી છે એમ કહે છે. કહો, ધન્નાલાલજી!

મુમુક્ષુ :- દુનિયા તો એને ડાહ્યો કહે.

ઉત્તર :- ડાહ્યો તો અમારે વીરજીભાઈએ એકવાર કહ્યું હતું. વીરજીભાઈને ઠપકો આપવો પડ્યો. ...૯૦ની સાલમાં. ૯૦-૯૦ ત્યાં વઢવાણ ૯૦ની સાલ. પરિવર્તન પહેલા વઢવાણ હતાને. દરિયાપુર .. ત્રણ-ત્રણ હજાર માણસ. ... બહુ માણસો હતાને ત્યારે અમારી પ્રતિષ્ઠા બહુ હતીને સંપ્રદાયમાં. ૯૦ની સાલમાં વીરજીભાઈ આવ્યા હતા તાકળે. કહો છે વીરજીભાઈના .. કાંતિભાઈ નથી. એ વીરજીભાઈએ એમ ત્યાં કહ્યું હતું બહાર. અત્યારે થોડું કમાઈ લઈએ પછી કામ આવે. અરે..! વીરજીભાઈ! આ શું કહો છો? ૯૦ની સાલની વાત છે હોં ૯૦. કેટલા? વકીલ! પહેલા પાઠશાળામાં દિગંબરના શાસ્ત્રના અભ્યાસ પહેલાં તેં કરતા ત્યારે. આ પાઠશાળામાં દિગંબર શાસ્ત્રના અભ્યાસી કહેવાતા. એ ૯૦ની સાલમાં એમ બોલ્યા. કે આ વીરજીભાઈ આમ કહે છે. કે

અત્યારે કમાવાનો સમય છે, પછી વૃદ્ધાવસ્થામાં ... એનો શું અર્થ? ઓઘે-ઓઘે એણે વાંચ્યું હતું પણ અંદરમાં એનો વાસ્તવિક નિર્ણય નહિ. બહુ મગજવાળા હતા, અભ્યાસી હતા. એ તો બહુ બધા ઓલામાં ... ... સવારે વીરજીભાઈ રોગી છે. બહુ .. અને વીરજીભાઈ આવ્યા સપનામાં. બે ... હતા સાથે. વીરજીભાઈ! ક્યાં જાવ છો? ક્યાં જાવું છે? રાતે સપનું આવ્યું. આ .. સપનામાં હોં. ત્યાં સવારે સમાચાર આવ્યા. રાતે સપનું અને સવારે સમાચાર વીરજીભાઈ તો ખલાસ થઈ ગયા. અમરચંદભાઈ! ... રાજકોટ. તો એણે સમાચાર આપ્યા. ... બરાબર છે. સપનું આવ્યું. ... એ પણ પહેલા તો ... પછી તો બહુ ...

અહીં તો કહ્યું શું આત્મા કમાઈ શકે છે? પૈસા લઈ શકે છે અને એ પૈસાને ભોગવી શકે છે? શેઠ! .. ગપ્પા મારે એમ છે? આહા..હા..! એક રજકણની જે પર્યાય એના સ્વકાળથી થાય છે. નિમિત્તથી નથી થતી. મોટો ઝઘડો જગતમાં. અનંત દ્રવ્ય જે વર્તમાન સમયમાં પરિણમ્યું છે એ પોતાના કાળથી પરિણમ્યું છે. કોઈ નિમિત્તથી પરિણમે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! અભિમાન થઈ જાય છે અભિમાન. મેં આમ કર્યું... મેં આમ કર્યું... આહા..હા..!

કહે છે .. ઇચ્છાને કરો. કેમકે ઇચ્છા પરિણામ છે, આત્મા પરિણામી છે. ઇચ્છા પર્યાય છે અને આત્મા એનો પર્યાયી છે. આ પર્યાય છે અને એ પર્યાયી છે. શું કહ્યું એ? પર્યાયી. પર્યાયવાળું દ્રવ્ય. સમજાણું કાંઈ? .. નિયમસારમાં. નિયમસાર. પર્યાયી આત્મા, પર્યાયી આત્મા પર્યાય સ્વભાવવાળો... મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? નિયમસારમાં છે બતાવ્યું હતુંને. ક્યાં છે? નિયમસાર છે? નથી? ઇ. ઇ જ આવ્યું ઇ જ. પાનું એ જ આવ્યું. ૩૯ પાનું ખુલ્યું જુઓ, પર્યાયી આત્મામાં. પર્યાયી. પર્યાય◌ી એટલે આત્મા. પર્યાયી. પર્યાય એ અવસ્થા. પર્યાયી એ આત્મા દ્રવ્ય. સમજાણું કાંઈ? આ પંદરમી ગાથા. '**પર્યાયી આત્માના જ્ઞાન વિના...**' પોતાના પર્યાયી દ્રવ્ય સ્વભાવ ભગવાન એના જે અંતરમાં જ્ઞાન વિના '**આત્મા પર્યાયસ્વભાવવાળો છે;...**' આત્મા એક સમયની અવસ્થાના સ્વભાવવાળો માને છે. એમ છે નહિ એમ કહે છે. આહા..હા..! '**તેથી શુભાશુભ મિશ્ર પરિણામથી આત્મા વ્યવહારે મનુષ્ય થાય છે,...**' શુભાશુભ પરિણામથી મનુષ્ય થાય છે અને ચાર ગતિમાં રખડે છે. પર્યાયી ભગવાન આત્મા એ પર્યાય સ્વભાવવાળી દૃષ્ટિ હોવાથી એક સમયની અવસ્થાની દૃષ્ટિ હોવાથી એ પર્યાય સ્વભાવવાળો થયો. પર્યાયી સ્વભાવવાળો ન થયો. જરી ઝીણી વાત છે. ભારે ભાઈ! સમજાણું કાંઈ? ચાર ગતિમાં કેમ ઉપજે છે? કે પર્યાયી એવો ભગવાન આત્મા એના જ્ઞાન વિના, એનો સત્કાર, આશ્રય વિના એ એક સમયની પર્યાયવાળો આત્મા. એક સમયની પર્યાય એ જ હું. એવી અનાદિથી દૃષ્ટિ અજ્ઞાનીની પર્યાયબુદ્ધિ છે. એ પર્યાયબુદ્ધિને કારણે શુભાશુભ પરિણામ કરે છે. અશુભ કરે તો નરકમાં જાય છે. શુભાશુભ હોય તો મનુષ્ય થાય છે. માયાદિ હોય તો તિર્યંચમાં જાય છે. સમજાણું કાંઈ? શુભ પરિણામ હોય તો સ્વર્ગમાં જાય છે. પણ એ પર્યાય સ્વભાવવાળો છે એ ચાર ગતિમાં જાય છે.

આહા..હા..! સમજાણું કાંઈ? એ પોતાની પર્યાય પોતે કરી, પણ પર્યાયદૃષ્ટિ રાખીને વિકારી ભાવ કર્યા તો એનાથી ચાર ગતિમાં એને રખડવું પડે છે. .. કેટલું કામ કર્યું જુઓ, આ ...

અહીં કહે છે કે પ્રાણી કોઈપણ પદાર્થને કરવાની ઇચ્છા કરે છે. ઇચ્છા પરિણામને કરો અજ્ઞાનભાવે. અહીં તો રાગનો કર્તા કહેવો છેને? સમજાણું કાંઈ? એમ જ્ઞાનભાવમાં પણ એ રાગનું પરિણમન થોડું હોય તો હોય. સમજાણું કાંઈ? પણ એથી રાગના પરિણામ એના છે તો એના ... જ્યારે રાગનું વેદન છે એ પણ એના પરિણામમાં છે એ કારણે વેદનનું પરિણામ એ આત્માનું છે. સમજાણું કાંઈ? ... આહા..હા..! વસ્તુ શું છે? એને સમજવા માટે ધીરેથી, શાંતિથી, પોતાનો સ્વભાવ શું છે, વિભાવ શું છે, પરનો ભાવ શું છે? એવું એણે યથાર્થ તત્ત્વનો નિર્ણય કરવો જોઈએ. આહા..હા..! બાકી પૂજા હો ન હો, વ્રતાદિ હો ન હો પહેલી આ ચીજ છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**ફળ તેને ભોગવે છે.**' આહા..હા..! પોતાના પરિણામ કરે છે કે આમ હું કરું, આમ બનાવું, લઉં બોલું, હું આમ કરું, સોની કહે હું દાગીના બનાવું તે પરિણામ પરિણામી આત્મા તો પરિણામી અને પરિણામ અભેદ હોવાથી એ પરિણામનો કર્તા હોય અને પરિણામનો ભોક્તા હોય કેમકે એ તો એના અસ્તિત્વમાં પર્યાય થાય છે. આહા..હા..! '**અને એકદ્રવ્યપણાને લીધે...**' જુઓ, ભાષા. '**તેમનાથી (કર્મ અને કર્મફળથી) અનન્ય હોવાથી...**' ભાષા જુઓ, ભગવાન આત્મા એની પર્યાયમાં એક કામ કરવાની ઇચ્છા થાય તો કહે છે કે ઇચ્છા અને ઇચ્છાનું ફળ દુઃખ. કેમકે એ તો અનન્ય હોવાથી. જીવદ્રવ્યની સાથે એ પરિણામ અનન્ય છે, ભિન્ન નથી. આહા..હા..! એક બાજુ કહેવું કે રાગ આત્માથી ભિન્ન છે. સમજાણું કાંઈ? રાગનો સ્વામી કર્મ છે આત્મા નહિ. એ બીજી દૃષ્ટિ. અહીંયાં તો પર્યાયની ભૂલ છે એ કાઢવાની પહેલી વાત કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! તન્મય છે. શું કહે છે? ઇચ્છા થઈ કુંભારને, સોનીને કોઈને સમજાણું કાંઈ? આ વકીલ પુસ્તકો લાવો, એવો કાયદો એમાં છે. ... તો એ ક્રિયા જડ છે. એ ક્રિયા કરવાની ઇચ્છા અને ઇચ્છાનું ફળ દુઃખ એ આત્મા સાથે અનન્ય છે. તન્મય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એકદ્રવ્યપણાને લીધે...**' દ્રવ્ય છે એ આત્મા દ્રવ્યો છે. રાગરૂપ દ્રવ્યો છે આવે છેને ભાઈ! પંચાસ્તિકાય ૯મી ગાથામાં. દ્રવ્યતિ ઇતિ બે બોલ છે. ...બંસીધરજી. એનો ખ્યાલ છે. પંચાસ્તિકાયમાં. દ્રવ્યતિ ... અને ગચ્છતિ પોતે પરિણામે અને રાગને પણ પ્રાપ્ત થાય છે. કર્યુંને એણે? રાગ એનું પરિણમન છે, એની પર્યાય છે. પંચાસ્તિકાય છેને? વસ્તુમાં જેમાં જેટલી અસ્તિ છે એ બતાવવું છે. એમાં પરવસ્તુની નાસ્તિ અને પોતાની ચીજમાં પરની નાસ્તિ, પણ પર્યાય તો એના અસ્તિત્વમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો એ કારણે કહ્યું કે જે આત્મા દ્રવે છે. દ્રવ્યત્વગુણથી દ્રવે છે. તો એવા અનંતા ગુણ દ્રવે છે. દ્રવ્યત્વ ગુણ બીજા ગુણમાં નથી, પણ એ દ્રવ્યત્વગુણને કારણે દ્રવવું એ દરેક ગુણનો પોતાનો સ્વભાવ થઈ ગયો છે. પોતારૂપ છે. શું કહ્યું? જે જ્ઞાન છે એ દ્રવે છે પર્યાયથી. તો એ દ્રવે છે તો જ્ઞાનગુણમાં પણ એવું દ્રવ્યત્વરૂપ છે, ભાઈ!

એનું પરિણામ કહ્યુંને? દ્રવે છે તો દ્રવ્યતિ ઇતિ દ્રવ્યં. તો દ્રવ્યના, ગુણના પર્યાયનું પરિણમન ત્યાં છે? સમજાણું કાંઈ?

એક ગુણ બીજા ગુણમાં નથી. એક પર્યાય બીજી પર્યાયમાં નથી, પણ એક ગુણનું રૂપ અને એક પર્યાયનું રૂપ બીજા ગુણમાં-પર્યાયમાં થાય છે. આ શું? ભારે! દરેક ગુણની એક-એક ગુણમાં એનું સ્વરૂપ છે. જ્ઞાન છે તો સત્તાગુણ છે તો જ્ઞાનગુણ છે એમ નથી. પણ જ્ઞાનગુણ જે છે એમાં છેપણું આવ્યું એ એનું સ્વરૂપ છે. એ સત્તાગુણને કારણે નહિ. એ તો નિમિત્ત છે. સમજાણું કાંઈ? ડાલચંદજી! એવી વાત ભગવાન! બહુ ઝીણી વાત. તત્ત્વજ્ઞાનનો વિષય બહુ ઝીણો છે. લોકો બહારથી હજી તો ઝઘડા કરે છે. આહા..હા..! અમે બહારમાં આમ કરી શકીએ, આમ કરીએ. પ્રભુ! એ તો એનું અસ્તિત્વ સિદ્ધ કરવું હોય તો હોય.

એ તો કહ્યું દ્રવ્યપણાને લીધે. છેને? **‘(કર્મ અને કર્મફળથી) અનન્ય હોવાથી...’** આનંદગુણનું પરિણમન પણ દુઃખરૂપ, ચારિત્રગુણનું પરિણમન અશાંતિરૂપ સમજાણું કાંઈ? આ એક વાત આવી હતી. જે વીર્ય છેને એ સ્વરૂપની રચના કરે છે. એ વીર્યગુણ પોતાની પર્યાયની રચના કરે? શું કહ્યું? વીર્યગુણ ૪૭ શક્તિમાં આવ્યો. તો સ્વરૂપની રચના કરે તે વીર્ય. તો હવે એક-એક ગુણ પોતાના સ્વરૂપની રચના કરે એમ આવ્યું એમાં? આખા દ્રવ્યમાં વીર્યપણે શક્તિ પડી છે. આ વીર્યગુણ નહિ. સમજાણું કાંઈ? પ્રત્યેક ગુણમાં પોતાનું વીર્યપણું છે કે જે વીર્યગુણ અનંતગુણ સ્વરૂપની રચના કરવામાં નિમિત્ત છે. આહા..હા..! અને પોતાના ઉપાદાનથી છે. ભારે વીતરાગમાર્ગ ભાઈ! આમ તો કહ્યુંને? **‘द्रव्याश्रया निर्गुणागुणा’** એ આવે છેને તત્ત્વાર્થસૂત્રમાં? અનંતગુણ દ્રવ્યને આશ્રયે છે, પણ ગુણને આશ્રયે બીજો ગુણ નથી. પંડિતજી! પણ છતાં બીજા ગુણનું રૂપ તો અનંતગુણમાં છે. એક-એક ગુણનું રૂપ અનંતગુણમાં છે. સમજાણું કાંઈ? આ તો ઓલું દ્રવ્ય આવ્યુંને ભાઈ દ્રવ્યત્વ? તો દ્રવ્યત્વગુણ તો એવું છે સામાન્યમાં આવે છે. છ ગુણ સામાન્ય? એમાં આવે છે. દ્રવ્યત્વ ગુણ છે એ પોતાના દ્રવ્યત્વ પર્યાય દ્રવે છે? આ અનંતગુણમાં દ્રવ્યત્વ પોતાની પર્યાય એ બીજા ગુણ એમાં નથી આવતો, પણ પોતાનું દ્રવ્યત્વ દરેક ગુણમાં શક્તિ એવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ તો .. તો સિદ્ધને થયું. એક ગુણમાં બીજો ગુણ નથી. એક ગુણમાં આખું દ્રવ્ય નથી. એક સમયની પર્યાયમાં ભૂત-ભવિષ્યની પર્યાય નથી. એક સમયની પર્યાયમાં ભૂત-ભવિષ્યની પર્યાય નથી. સમજાણું કાંઈ? પણ એક સમયમાં ભૂત-ભવિષ્યનું જ્ઞાન થાય છે. આહા..હા..! જ્ઞાન થાય છે. જ્ઞાન થયું તો પછી ભૂત-ભવિષ્યની પર્યાય ત્યાં આવી ગઈ? જ્ઞેયાકાર થઈ એમ કહે છેને ભાઈ! કે જ્ઞાનની પર્યાયમાં ભૂત-ભવિષ્ય પર્યાય અથવા દ્રવ્ય જ્ઞેયાકાર.. જ્ઞેયાકાર તો કહેવામાં આવી છે. છે તો પોતાના જ્ઞાનની પર્યાય એ. જ્ઞાનાકાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે **‘એકદ્રવ્યપણાને લીધે તેમનાથી (કર્મ અને કર્મફળથી) અનન્ય હોવાથી...’** પ્રત્યેક

ગુણની જે પર્યાય ત્યાં થઈ એ પર્યાય ત્યાં અનન્ય છે. દ્રવ્યથી અનેરી છે એમ નથી. આહા..હા..! વળી ત્યાં ૩૨૦ ગાથામાં એમ કહ્યું. સમજાણું કાંઈ? કે જે બંધના પરિણામ છે, બંધના કારણના પરિણામ છે એ પરિણામનો કર્તા દ્રવ્ય નથી. એ તો ગુણ ભિન્ન સિદ્ધ કરવાની વાત છે. અહીં તો પરથી ભિન્ન કરવાની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? હજી પરથી ભિન્નના તો ઠેકાણા નથી એને રાગથી ભિન્ન કરવાનું ક્યાંથી આવે? પરના પરિણામનો હું કર્તા નહિ એના પણ જ્યાં ઠેકાણે નથી. એને રાગના પરિણામ મારા નથી એ તો ક્યાંથી આવે એને? આહા..હા..! સમજાણું કાંઈ? જરી ઝીણું આવી ગયું. આ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરનું કથન છે. લોકોને સાંભળવા મળ્યું નથી અને ખબર નથી એને. અમે જૈન છીએ... જૈન છીએ... શું જૈન પણ?

ત્રિલોકનાથ. આવ્યું નહિ પહેલા નિયમસારમાં? જિનેશ્વરદેવના ચરણકમળની ઉપાસના કરનારા એ જૈન છે. આહા..હા..! .. ગણધર આદિ. એમ આવ્યુંને? આહા..હા..! સમજાણું કાંઈ? પણ જૈન ભગવાન કહે છે એની તો ખબર નથી અને જૈનપણું આવ્યું ક્યાંથી? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જૈન તો જન્મથી આવે છે.

ઉત્તર :- જન્મ કોનો? જન્મ તો શરીરનો બહારથી છે. એમાં જૈનપણું ક્યાં આવ્યું? આહા..હા..! નામ જૈન હતું. એ કહે છેને. કહેતા હતાને ... એ કહેતા હતા. દિગંબરમાં જેટલાનો જન્મ થયો એ તો ભેદજ્ઞાની તો છે જ. આહા..હા..! હવે ચારિત્ર લ્યો બસ. ધન્નાલાલજી! ભારે ગડબડ થઈ હોં વર્તમાનમાં. અરે..! ભગવાન! સાધુ દિગંબરના હોય તો ભેદજ્ઞાન નથી. મિથ્યાદૃષ્ટિ અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેષ સુખ ન પાયો.' એનો શું અર્થ થયો? કે જે પંચ મહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ એ બધું દુ:ખરૂપ હતું. એમ આવ્યું કે નહિ? અઠ્યાવીશ મૂળગુણ, પંચ મહાવ્રત એવા પાંચ સમિતિ, ગુપ્તિ વ્યવહાર. વ્યવહાર. બરાબર પાળે, શુક્લલેશ્યા. દુ:ખ છે. એ શુક્લલેશ્યા એ દુ:ખ છે. એનાથી ભિન્ન પડીને આત્માનું જ્ઞાન અને સુખ ન થયું તો એ બધું ફોગટ છે. ચેતનજી! આહા..હા..! ભગવાન!

અહીંયાં એક દુ:ખના પરિણામ આત્માની સાથે અનન્ય કહેવામાં આવ્યું. કહે છે આનંદની ઉલટી પર્યાય એમાં થાય છે. સમજાણું કાંઈ? અને ચારિત્રગુણની ઉલટી પર્યાય એનાથી થાય છે. સમ્યગ્દૃષ્ટિને પણ પર્યાયના બે ભાગ છે. મિશ્રધારા કહ્યુંને? મિશ્રધારા. કર્મધારા અને જ્ઞાનધારા. આહા..હા..! જેટલી સ્વભાવના આશ્રયે પર્યાયની શુદ્ધતા પ્રગટ થઈ એ તો નિર્મળ અને આનંદરૂપ છે. એમાં જેટલી એક જ પર્યાયમાં બીજો ભાગ રહ્યો, પરના લક્ષે ઉત્પન્ન થઈ એ વિકારીપર્યાય દુ:ખરૂપ પર્યાય. એક પર્યાયમાં બે ભાગ. અને એ પર્યાય આત્માથી તન્મય છે, અનન્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો ધીરેથી કહીએ તો વધારે સ્પષ્ટ થાય છે. ... માર્ગ એવો છે, પ્રભુ! તું સાંભળતો ખરો નાથ! તું જડની ક્રિયા કરે છે?

અહીં તો કહે છે કે એક તો દ્રવ્યત્વને લીધે. એ દ્રવ્યત્વના કારણમાં અનંતાગુણ દ્રવે છે. સમજાણું કાંઈ? અને કર્મનું ફળ અનન્ય હોવાથી. દુઃખની વાત છે. કે રાગ, દ્વેષ, શુભ-અશુભભાવ એના ફળરૂપ કર્મચેતના અને કર્મફળચેતના બે વાત લીધી. બીજાનું કાર્ય કરે નહિ, પોતામાં જે રાગ આવે એ કર્મચેતનાનો કર્તા આત્મા છે. કેમકે એ પરિણામ આત્માથી અનન્ય છે. અનન્ય નામ અનેરા પરિણામ અને અનેરા પરિણામી એમ નથી. અનેરા પરિણામ અને અનેરા પરિણામી એમ નથી. આહા..હા..! ઝીણું છે જરી. આ વાત બહુ ... સર્વવિશુદ્ધ અધિકારમાં લીધી છે. સૂક્ષ્મ વાત કરે છે. પહેલી વાત કરી એને વિશેષ સ્પષ્ટ કરે છે. સમજાણું કાંઈ? આ વાત સ્થૂળ છે એમ નથી. સૂક્ષ્મ છે. આહા..હા..!

કહે છે કે જે **'સ્વપરિણામાત્મક ફળ તેને ભોગવે છે,...'** અને સ્વપરિણામ સ્વરૂપ કર્મને કરે છે જીવ રાગ. દયા, દાન આદિ. કેમ? કે **'એકદ્રવ્યપણાને લીધે...'** એ પરિણામ અને પરિણામ રાગ અને રાગનું ફળ દુઃખ એક દ્રવ્યના પરિણામ છે. કોઈ બીજા દ્રવ્યના પરિણામ નથી. આહા..! સમજાણું કાંઈ? એકબાજુ ભગવાન એમ કહે છે કે રાગાદિ તો પરદ્રવ્ય અને પુદ્ગલ જ છે. એ તો સ્વભાવ અને વિભાવની વચ્ચે ભેદજ્ઞાનની વાત છે. સમજાણું કાંઈ? એકકોર ભગવાન કહે કે દયા, દાન અને પરિણામ અને સુખ-દુઃખની કલ્પના એ બધું પરદ્રવ્ય છે, પુદ્ગલ છે. પરદ્રવ્ય એટલે પુદ્ગલ છે. પુદ્ગલના પરિણામ કહીને પુદ્ગલ કહી દીધા છે. એ તો ત્રિકાળ ભગવાન સ્વભાવની દૃષ્ટિ કરાવવા. સમજાણું કાંઈ? આહા..હા..! એક બાજુ એમ કહે કે ભગવાન આત્મામાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ થયા એ પણ પરદ્રવ્ય. સમજાણું કાંઈ? કેમકે પર્યાયમાંથી પર્યાય આવતી નથી તો એ સ્વદ્રવ્ય નહિ. સ્વદ્રવ્ય જે ભગવાન આત્મા એમાંથી પર્યાય આવે એ સ્વદ્રવ્ય તો ધ્રુવ છે. આહા..હા..! અમરચંદભાઈ! આહા..હા..! એક સમયની ... ચૈતન્યની પર્યાય ઓહો..હો..!

કહે છે આત્મ સ્વદ્રવ્ય જ્યાં શુદ્ધ પરમાનંદ પ્રભુ એ તો નિષ્ક્રિય એમ કહે છે. ત્યાં ધ્રુવ પરિણમતું જ નથી. પરિણમે છે પર્યાય. અહીં કહે છે કે પરિણમે છે એ દ્રવ્ય પોતે પરિણમે છે. પરથી ભિન્ન સિદ્ધ કરવાની વાત છે. સમજાણું કાંઈ? આ હળદરના ગાંઠીયે ગાંધી થઈ જાય એમ નથી એમ કહે છે. શું કહ્યું? શું દૃષ્ટાંત છે? શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઇ. હળદરનો ગાંઠીયો લાવ્યો તો થઈ ગયો ગાંધી. પણ જેટલી હળદર હોય એવી અનેક ચીજ હોય ધાણા, જીરૂ... સમજાણું કાંઈ? ત્યારે એને ગાંધી કહેવામાં આવે છે. એમ એક હળદરના ગાંઠીયા લ્યો અમે વેપારી. પણ એક હળદરના ગાંઠીયે ગાંધી ન થવાય. કેટલી રાખે! ... ... પણ થોડું-થોડું બધી ચીજ રાખે. હતું તો કણબીનું ઘર. પણ કણબીના ઘરમાં એ પગથિયું હોયને પગથિયું. એક બાજુ .. એ પગથિયામાં પાળા બાંધીને એટલામાં દુકાન કરી. સમજ્યા? પગથિયા

સમજો છો? તો એક બાજુ બારણા ... તો એ ... દુકાન બનાવી કણબીએ ઘરમાં. .... એક પતિ-પત્ની બે હતા. ... એ ... કહો, મનસુખભાઈ! લ્યો આ અમારે ... ત્યાં. દુકાનમાં બહુ રાખે. શું કહેવાય? ગોદામમાં ઘણી ચીજ પડી હોય. એક જ ચીજે ગાંધી થઈ જાય? એમ શાસ્ત્રની એક વાત સમજીને થઈ ગયો જ્ઞાની? યથાર્થમાં તો એક વાત સાંભળે તોપણ જ્ઞાની થઈ જવાય છે. એ તો આવે છે 'એક ભવ જાણે તે સર્વ ભવ જાણે' એમ આવે છે. સંસ્કૃત ટીકામાં. જયસેનાચાર્યની ટીકામાં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, અહીં તો બે-ચાર શબ્દ સાંભળ્યા અને થઈ ગયો પ્રતિનિધિ. એ વિકારી પર્યાય જીવની નહિ. પણ કઈ અપેક્ષાએ? એ તો ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિમાં એ વિભાવ અને સ્વભાવ એકરૂપ થયો નથી. એ અપેક્ષાએ પર કહેવામાં આવે છે. અહીં તો કહે અનંત પરિણામ એના છે. સમજાણું કાંઈ? ..ભાઈ! આ આવી વાત છે. ભગવાનના ઘરમાં ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર એવા સમય-સમયની સ્વતંત્રતાને સિદ્ધ કરીને પછી ત્રિકાળી દ્રવ્યની પ્રસિદ્ધિ કરવા કહ્યું છે. આ નિર્ણય કરાવીને એને તો પરથી ભિન્ન થવાને અને પરથી ભિન્ન થયો તો પછી રાગથી પણ ભિન્ન થાય જ છે એ. કેમકે પરલક્ષી જે ભાવ મારામાં આવે છે એ મારી ચીજ નથી. ત્રિકાળ મારી નથી. વર્તમાન મારી હતી એમ સિદ્ધ કર્યું. ત્રિકાળ મારી નથી. સમજાણું કાંઈ? હવે આ માર્ગ!

એ કહે છે જુઓ, ભાષા કેટલી લીધી! **'એકદ્રવ્યપણાને લીધે તેમનાથી (કર્મ અને કર્મફળથી) અનન્ય હોવાથી તન્મય (કર્મમય ને કર્મફળમય) છે;...'** ભાષા જુઓ, એ રાગ થયો કે લડાઈનો દ્વેષ થયો એ જીવની પર્યાયમાં તન્મય છે. મિથ્યાત્વ પરિણામ પણ જીવમાં તન્મય છે. પરનો કર્તા માને છે તો ભાવ તો એનો છે કે નહિ? એ માન્યતા તો મિથ્યાત્વ છે. મિથ્યાત્વના પરિણામ જીવની સાથે તન્મય છે. મિથ્યાત્વના પરિણામ કર્મ છે, આત્મા એનો કર્તા છે. મિથ્યાત્વના પરિણામ કર્મ છે આહા..હા..! આ તો સર્વજ્ઞની કોલેજ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે. આહા..હા..! કેટલી જ્ઞાનની વિશાળતા! કેટલી જ્ઞાનની વિવિધતા! એણે બરાબર જાણવું જોઈશે. સમજાણું કાંઈ?

કહે છે **'તન્મય (કર્મમય ને કર્મફળમય) છે;...'** આત્મામાં જે કર્મ ચેતના રાગ-દ્વેષ મિથ્યાત્વ આદિનો ભાવ અને એને ભોગવવાનો ભાવ એ આત્માથી ભિન્ન નહિ. સમજાણું કાંઈ? પર્યાય છેને એની? આમ તો હજી કર્તા-કર્મમાં તો એમ કહ્યું કે એ પુણ્ય અને પાપના ભાવ સંયોગીભાવ છે. તન્મય નથી. લ્યો. આહા..હા..! સંયોગી નામ ત્રિકાળની અપેક્ષાએ તો એક સમયનો સંસાર, એક સમયનો હોં. એક સમયની ભૂલ. ભગવાનની ભૂલ હોય તો એક સમયની. પર્યાય છેને એક સમયની? એ તો સંયોગીભાવ છે. નિમિત્ત જે સંયોગ છે સંયોગને લક્ષે ઉત્પન્ન થયો એ સંયોગીભાવ છે. સ્વભાવભાવ નથી. અહીં કહે છે કે એ સંયોગીભાવ આત્મા સાથે તન્મય છે.

એટલો નિર્ણય કરતા પરથી ભિન્ન ન આવડે એ સંયોગીભાવથી આત્મા ભિન્ન છે એમ નિર્ણય નહિ કરી શકે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'માટે...'** આ કારણે. એક છોકરો છે ઇ કહેતો દાહોદવાળાનો. આપણે .. ક્યાં છે? ગયો? છે. બહુ સારું કર્યું બાપા! એકાગ્રતાથી સાંભળે અને નક્કી કરે એમાં શું છે. પણ નિમિત્ત-નૈમિત્તિકથી થાય છે એ કર્તા-કર્મ નહિ. નિમિત્તનૈમિત્તિક... આ તો આત્માના હિતને માટે આ વાત સાંભળવી અને સમજવા જેવી છે. અમે બાળક છીએ માટે. પણ બાળક હોય તો ક્યાં સુધી (બાળક) રહીશું? આહા..હા..! ... ઉપર આવે છેને? કંચન વર્ણી કાય કરી દેશે ઢગલો જેમ મચ્છ અને બગલો, પંખી અને બાજ પકડતા વાર ન લાગી બાપા! ફડાક દઈને. આમ સારું કાંઈક લાગે ત્યાં બીજે? એમ કહે છે. આ દેહ તો જુદો છે તો જુદો પડે. આહા..હા..! ... 'જેમ .. ઉપર ડાઘ મચ્છ અને બગલો તારી કંચન વર્ણી કાય.' કરી દેશે ઢગલો કાળ. બાપુ! આ ક્યાં તારી છે? કે તારી પાસે રહે? આહા..હા..! તારી પાસે રહે એ તો જ્ઞાન, દર્શન અને આનંદ આદિ એ તારા ... છે.

અહીંયાં તો કહે **'માટે પરિણામ...'** પરિણામ ક્યા? કે રાગ-દ્વેષના જે આત્માના પરિણામ થયાને એ. અને ભોગવવાનો ભાવ થયો એ પરિણામ. રાગનો ભોક્તા થયોને? પર્યાય.. એ પરિણામ. એ પરિણામ કર્તાપણાનું અને ભોક્તાપણાનું. આમ તો લીધું છેને ભાઈએને ૯૫ ગાથામાં પ્રવચનસાર. આત્મામાં કર્તા-અકર્તા, ભોક્તા-અભોક્તા ગુણ અનાદિના છે. ૯૫ જ્ઞેય અધિકાર ત્રીજી ગાથા. ૯૩, ૯૪, ૯૫ ત્રીજી. પ્રવચનસાર. કર્તા-ભોક્તા, કર્તા-અકર્તા, ભોક્તા-અભોક્તા છએ દ્રવ્યમાં સામાન્યગુણ છે. સમજાણું કાંઈ? બાબુભાઈ! આ તો પ્રવચનસારમાંથી કહે છે. કુંદકુંદાચાર્યદેવ. કર્તાનય છે અને ભોક્તા પણ નય છે. સમ્યગ્દૃષ્ટિને પણ રાગનું પરિણમન છે એ મારામાં છે એમ જ્ઞાની જાણે છે. ભોક્તા પણ જેટલો રાગનો.. આવે છેને એ કર્તાનય રંગરેજનું દૃષ્ટાંત. રંગરેજ શું કહે છે? પ્રવચનસાર. રંગરેજ જેમ રંગને કરે છે એમ ભગવાન આત્મા જ્ઞાની પણ (રાગનો કર્તા છે.) એનું પરિણમન છેને એટલો કર્તા છે અને વૈદ્યનું દૃષ્ટાંત લીધુંને. રોગી. રોગી જેમ ભોગવે છે દુ:ખને. એમ આત્મામાં ભોક્તા આત્મામાં પર્યાય છે. એવો નયનો સ્વભાવ છે. અકર્તા અને અભોક્તાનો એ સમયે .. સ્વભાવ છે. આહા..હા..! છએ દ્રવ્યમાં ભગવાન તો એમ કહે છે કે કર્તા, અકર્તા, ભોક્તા અને અભોક્તા સામાન્યગુણ છે. સામાન્યગુણ છે. છએ દ્રવ્યમાં છે. આહા..હા..! ૯૫ ગાથા છે. કેટલું યાદ રાખવું આમાં? એ તો બધું આવી ગયું. ભગવાન! તારી એક વસ્તુ જાણે તો બધો ન્યાય એમાં આવી જાય છે. એવી ચીજ. આહા..હા..!

કહે છે **'માટે પરિણામપરિણામીભાવથી...'** ભાવ શબ્દે પર્યાય. એ પરિણામ છે એને પણ ભાવ કહ્યો, પરિણામીને પણ ભાવ કહ્યો. એ પરિણામી ત્રિકાળીભાવ અને પરિણામ વર્તમાનભાવ. **'ત્યાં જ કર્તા-કર્મપણાનો...'** આત્મા કર્તા અને રાગ એનું કાર્ય, ભોક્તા આત્મા ભોક્તા અને રાગનો ભોગ્ય એ **'નિશ્ચય છે;...'** લ્યો, એ નિશ્ચય છે. એમ બરાબર છે એમ કહે છે. અહીં તો

સદ્‌ભૂત વ્યવહારનય. આ ભારે! આત્મા પોતાના અસ્તિત્વમાં રાગ અને રાગના ફળનો ભોક્તા, પણ પરની ચીજને કરી શકે કે ભોગવી શકે એમ ત્રણ કાળમાં નથી. આહા..હા..! હવે આ ખાય ત્યારે રોટલી, દાળ, મસાલા ઉપર જાય હાથ, ચટણી ઉપર હાથ જાય ચટણી. ચટણી હોય છેને. કેટલી .. એને ઉડાવે... દાળિયા હોય છેને. શું કહે છે? આ ચણ્યા-ચણ્યા પાક્કા. એની ચટણી કરે છે, કોથમરીની થાય છે, મરચાની થાય લીલા મરચાની. એ આત્મા કરે છે કે નહિ? કોણ કરે? ભગવાન! એ તો વાત અહીં ચાલે છે. તને ઇચ્છા થાય એટલી વાત છે અને હરખ થયો ખાવામાં જરી. એ હરખને તે ભોગવ્યો. પરનો કર્તા અને પરનો ભોક્તા ભગવાન આત્મા ત્રણ કાળમાં નથી. અજ્ઞાનપણે પણ નથી. આહા..હા..! બોજો ઉતરી જાય કેટલો લ્યો. મેં કર્યું... મેં કર્યું... આ મેં કર્યું... જ્યાં ત્યાં ડંફાસ. ડંફાસ ને ડંફાસ મારે બહારમાં. આવું કામ કર્યું... આવું કામ કર્યું.. આવો વેપાર કર્યો, આ રીતે કર્યો તો લાખો રૂપિયાનો ઢગલો થઈ ગયો, લ્યો પણ તે શું કર્યું? તે તો રાગ કર્યો. અને હરખ કર્યો. ન મળે તો શોક થાય. એ શોક તે કર્યો. એવા શોકને તું ભોગવનારો થયો. આહા..હા..!

**'પરિણામપરિણામીભાવથી ત્યાં જ કર્તા...'** ઓલો પરિણામી એ કર્તા અને પરિણામ તે કર્મ એમ લેવું. **'અને ભોક્તા...'** પરિણામી ભોક્તા અને પરિણામ છે એ ભોગ્યપણું એને ભોગવે. એવો **'નિશ્ચય છે;...'** એના પરિણામનો કર્તા અને ભોક્તા થાય છે. પરિણામી ચીજ એની વર્તમાન પર્યાય રાગાદિ એની કર્તા-ભોક્તા થાય છે. આહા..હા..! પણ પરનો કર્તા અને ભોક્તા પ્રભુ તે અભિમાનથી માન્યું છે મિથ્યાત્વથી. આહા..હા..! ટૂંકામાં સમાવ્યું. **'તેવી રીતે...'** આ તો કારીગરનું દૃષ્ટાંત લીધું. **'આત્મા પણ, કરવાનો ઇચ્છક વર્તતો થકો,...'** એ તો કારીગરનું દૃષ્ટાંત દીધું. સિદ્ધાંત હવે કહે છે. **'તેવી રીતે...'** તેવી રીતેનો શું અર્થ છે? એ કારીગરનું દૃષ્ટાંત દીધું એ. **'આત્મા પણ, કરવાનો ઇચ્છક વર્તતો થકો,...'** ઇચ્છા કરે. **'ચેષ્ટારૂપ (-રાગાદિપરિણામરૂપ અને પ્રદેશોના વ્યાપારરૂપ) એવું જે આત્મપરિણામાત્મક કર્મ...'** ઇ ચેષ્ટા. પ્રદેશોના વ્યાપારરૂપ. અસંખ્ય પ્રદેશ કંપે **'એવું જે આત્મપરિણામાત્મક...'** એ કંપન્ન થયું એ પણ આત્મપરિણામ છે, રાગાદિ થયા એ પણ આત્મપરિણામ છે. એ કર્મને કરે છે. એ આત્મપરિણામ રાગ અને પ્રદેશમાં કંપન્ન એ પરિણામને કરે છે. સમજાણું કાંઈ? ઘડો હોય છેને ઘડો, આ રોટલી લ્યોને રોટલી. આત્માના પ્રદેશ કંપન એ પરિણામ જીવ કરે છે. તો આંગળીને આમ હલાવીને રોટલી કરે છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ ધર્મ આવો કેવો ભાઈ! આમાં તો એમ કહે પરની દયાનો ભાવ તને હોય પણ પરની દયા તું પાળી શકે એમ છે નહિ. એમ કહે છે. દયાના ભાવ પરિણામ અને પરિણામી તો પરિણામી પરિણામનો કર્તા છે પણ પરની દયા પાળું એનો કર્તા તું છે નહિ. આહા..હા..! ઓલા કહે કે આવો ધર્મ મારો આવો! આ તો આવી સંસ્કૃતિથી પણ નીચે ઉતરી ગયો એમ કહે છે મારા! ભગવાન! વસ્તુનું સ્વરૂપ એવું છે. આહા..હા..! પરની દયા કોણ

પાળે? અજ્ઞાની માને. પરના પરિણામ આત્મા કરે? આયુષ્ય અને શરીર એક સાથે રહેનારી ચીજ ત્યાં એ પરિણામ આત્મા કરે? અને એને કાપે .. એ પરિણામ આત્મા કરે મારવાના? પરિણામ કરે, પણ એ મર્યો એવા પરિણામ આત્મા કરે? આહા..હા..! ...લાલજી! આ સમજવું પડશે. હા બહારથી કાંઈ નહિ થાય. આહા..હા..!

**'ચેષ્ટારૂપ (-રાગાદિપરિણામરૂપ અને પ્રદેશોના વ્યાપારરૂપ) એવું જે આત્મપરિણામાત્મક કર્મ તેને કરે છે તથા દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ...'** દુઃખ. આહા..હા..! રાગનું દુઃખ. લ્યો અહીં તો એ આવ્યુંને ભાઈ! રાગ છે એ તો દુઃખ એનું ફળ દુઃખ. એ સમયે. ... એ .. આવ્યા. જ્ઞાનીને પણ પરિણામ આવ્યા ભોક્તા કીધું નહિ? ભોક્તા રાગનો એનો જીવ છે. એ જ્ઞાની છઠ્ઠા ગુણસ્થાનવાળો હોય તોપણ, ગણધર તીર્થંકર હોય તોપણ છઠ્ઠે ગુણસ્થાને. આહા..! મુનિ તરીકે. છઠ્ઠા ગુણસ્થાનનો અર્થ કે જેટલો રાગ છે એનો ભોક્તા એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'ચેષ્ટારૂપ કર્મનું આત્મપરિણામાત્મક ફળ તેને ભોગવે છે,...'** એ રાગરૂપી કાર્ય એનું આત્મપરિણામ ફળ રાગ હરખ. આહા..હા..! કે શોક. એ પરિણામને ભોગવે છે. **'અને એકદ્રવ્યપણાને લીધે...'** લ્યો એક દ્રવ્ય થયુંને એ? રાગ-દ્વેષ પરિણામ એક દ્રવ્યનું પરિણામ છે. ભોગવવાના પરિણામ એક દ્રવ્યના પરિણામ છે. બીજું દ્રવ્ય છે એમાં? **'એકદ્રવ્યપણાને લીધે તેમનાથી અનન્ય હોવાથી તન્મય (તે-મય) છે;...'** રાગ અને દ્વેષ અને હરખ અને શોક જે આત્મામાં તન્મય તદ્રૂપે છે. કોઈ પરપરિણામ અને પરદ્રવ્ય છે એમ છે નહિ.

**'માટે પરિણામ-પરિણામીભાવથી...'** એ કારણે. ઓલામાં આવ્યું હતુંને? નિમિત્ત-નૈમિત્તિકમાત્રથી વ્યવહારને કર્તા-ભોક્તા કહે છે. અહીંયાં એ આવ્યું. **'પરિણામ-પરિણામીભાવથી ત્યાં જ કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે.'** ઓલો વ્યવહાર હતો. નિમિત્ત-નૈમિત્તિકપણે કર્તા-ભોક્તા કહેવામાં આવે છે વ્યવહાર. આ નિશ્ચય છે. પોતાના પરિણામને કરે અને ભોગવે. **'પરિણામ-પરિણામીભાવથી ત્યાં જ કર્તા-કર્મપણાનો...'** પરિણામી આત્મા કર્તા અને રાગ દ્વેષ ઇચ્છા, દયા આદિના એ કર્મ અને ભોક્તા ભગવાન અને ભોગ્ય .. એના પરિણામ વસ્તુનો ભાવ એ પોતામાં પરિણામ-પરિણામી છે તે નિશ્ચય છે. આ વાસ્તવિક છે. પરથી ભિન્ન કરવાની પહેલી વાત કરે છે. એ કળશ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રવચન-૪૭૫, ૪૭૬, ૪૭૭માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.

## ગાથા-૩૫૬ થી ૩૬૫

जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह जाणगो दु ण परस्स जाणगो जाणगो सो दु॥356॥
जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह पासगो दु ण परस्स पासगो पासगो सो दु॥357॥
जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह संजदो दु ण परस्स संजदो संजदो सो दु॥358॥
जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह दंसणं तु ण परस्स दंसणं दंसणं तं तु॥359॥
एवं तु णिच्छयणयस्स भासिदं णाणदंसणचरित्ते।
सुणु ववहारणयस्स य वत्तव्वं से समासेण॥360॥
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं जाणदि णादा वि सएण भावेण॥361॥
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं पस्सदि जीवो वि सएण भावेण॥362॥
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं विजहदि णादा वि सएण भावेण॥363॥
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं सद्दहदि सम्मदिट्ठी सहावेण॥364॥
एवं ववहारस्स दु विणिच्छओ णाणदंसणचरित्ते।
भणिदो अण्णेसु वि पज्जएसु एमेव णादव्वो॥365॥
यथा सेटिका तु न परस्य सेटिका सेटिका च सा भवति।
तथा ज्ञायकवस्तु न परस्य ज्ञायको ज्ञायकः स तु॥356॥
यथा सेटिका तु न परस्य सेटिका सेटिका च सा भवति।

तथा दर्शकस्तु न परस्य दर्शको दर्शकः स तु॥357॥
यथा सेटिका तु न परस्य सेटिका सेटिका च सा भवति।
तथा संयतस्तु न परस्य संयतः संयतः स तु॥358॥
यथा सेटिका तु न परस्य सेटिका सेटिका च सा भवति।
तथा दर्शनं तु न परस्य दर्शनं दर्शनं तत्तु॥359॥
एवं तु निश्चयनस्य भाषितं ज्ञानदर्शनचरित्रे।
श्रृणु व्यवहारनयस्य च वक्तव्यं तस्य समासेन॥360॥
यथा परद्रव्यं सेटयति सेटिकात्मनः स्वभावेन।
तथा परद्रव्यं जानाति ज्ञातापि स्वकेन भावेन॥361॥
यथा परद्रव्यं सेटयति सेटिकात्मनः स्वभावेन।
तथा परद्रव्यं पश्यति जीवोऽपि स्वकेन भावेन॥362॥
यथा परद्रव्यं सेटयति सेटिकात्मनः स्वभावेन।
तथा परद्रव्यं विजहाति ज्ञातापि स्वकेन भावेन॥363॥
यथा परद्रव्यं सेटयति सेटिकात्मनः स्वभावेन।
तथा परद्रव्यं श्रद्धत्ते सम्यग्दृष्टिः स्वभावेन॥364॥
एवं व्यवहारस्य तु विनिश्चयो ज्ञानदर्शनचरित्रे।
भणितोऽन्येष्वपि पर्यायेषु एवमेव ज्ञातव्यः॥365॥

सेटिकात्र तावच्छेवतगुणनिर्भरस्वभावं द्रव्यम्। तस्य तु व्यवहारेण श्वैत्यं कुडयादिपरद्रव्यम्। अथात्र कुडयादेः परद्रव्यस्य श्वैत्यस्य श्वेतयित्री सेटिका किं भवति किं न भवतीति तदुभयतत्त्वसम्बन्धो मीमांस्यते-यदि सेटिका कुडयादेर्भवति तदा यस्य यद्भवति तत्तदेव भवति, यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति तत्त्वसम्बन्धे जीवति सेटिका कुडयादेर्भवन्ती कुडयादिरेव भवेत्; एवं सति सेटिकायाः स्वद्रव्योच्छेदः। न च द्रव्यान्तरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वाद्द्रव्यस्यास्त्युच्छेदः। ततो न भवति सेटिका कुडयादेः। यदि न भवतिसेटिका कुडयादेस्तर्हि कस्य सेटिका भवति? सेटिकाया एव सेटिका भवति। ननु कतराऽन्या सेटिका सेटिकायाः यस्याः सेटिका भवति? न खल्वन्या सेटिका सेटिकायाः किन्तु स्वस्वाम्यंशावेवान्यौ। किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण? न किमपि। तर्हि न कस्यापि सेटिका, सेटिका सेटिकैवेति निश्चयः। यथायं दृष्टान्तस्तथायं दार्ष्टान्तिकः-चेतयितात्र तावद् ज्ञानगुणनिर्भरस्वभावं द्रव्यम्। तस्य तु व्यवहारेण ज्ञेयं पुद्गलादिपरद्रव्यम्। अथात्र पुद्गलादेः परद्रव्यस्य ज्ञेयस्य ज्ञायकश्चेतयिता किं भवति किं न भवतीति तदुभयतत्त्वसम्बन्धो मीमांस्यते-यदि चेतयिता पुद्गलादेर्भवति तदा यस्य यद्भवति तत्तदेव भवति यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति तत्त्वसम्बन्धे जीवति चेतयिता पुद्गलादेर्भवन् पुद्गलादिरेव भवेत्; एवं सति चेतयितुः स्वद्रव्योच्छेदः। न च द्रव्यान्तरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वाद्द्रव्यस्यास्त्युच्छेदः। ततो न भवति चेतयिता पुद्गलादेः। यदि न भवति चेतयिता पुद्गलादेस्तर्हि कस्य चेतयिता भवति? चेतयितुरेव चेतयिता भवति। ननु कतरोऽन्यश्चेतयिता चेतयितुर्यस्य चेतयिता भवति? न खल्वन्यश्चेतयिता चेतयितुः, किन्तु स्वस्वाम्यंशावेवान्यौ। किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण? न किमपि। तर्हि न कस्यापि ज्ञायकः, ज्ञायको

ज्ञायक एवेति निश्चयः।

किञ्च सेटिकात्र तावच्छेवतगुणनिर्भरस्वभावं द्रव्यम्। तस्य तु व्यवहारेण श्वैत्यं कुडयादिपरद्रव्यम्। अथात्र कुडयादेः परद्रव्यस्य श्वैत्यस्य श्वेतयित्री सेटिका किं भवति किं न भवतीति तदुभयतत्त्वसम्बन्धो मीमांस्यते-यदि सेटिका कुडयादेर्भवति तदा यस्य यद्भवति तत्तदेव भवति यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति तत्त्वसम्बन्धे जीवति सेटिका कुडयादेर्भवन्ती कुडयादिरेव भवेत्; एवं सति सेटिकायाः स्वद्रव्योच्छेदः। न च द्रव्यान्तरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वाद्रव्यस्यास्त्युच्छेदः। ततो न भवति सेटिका कुडयादेः। यदि न भवति सेटिका कुडयादेस्तर्हि कस्य सेटिका भवति? सेटिकाया एव सेटिका भवति। ननु कतराऽन्या सेटिका सेटिकायाः यस्याः सेटिका भवति? न खल्वन्या सेटिका सेटिकायाः, किन्तु स्वस्वाम्यंशावेवान्यौ। किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण? न किमपि। तर्हि न कस्यापि सेटिका, सेटिका सेटिकैवेति निश्चयः। यथायं दृष्टान्तस्तथायं दार्ष्टान्तिकः-चेतयितात्र तावद्दर्शनगुणनिर्भरस्वभावं द्रव्यम्। तस्य तु व्यवहारेण दृश्यं पुद्गलादिपरद्रव्यम्। अथात्र पुद्गलादेः परद्रव्यस्य दृश्यस्य दर्शकश्चेतयिता किं भवति किं न भवतीति तदुभयतत्त्वसम्बन्धो मीमांस्यते-यदि चेतयिता पुद्गलादेर्भवति तदा यस्य यद्भवति तत्तदेव भवति यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति तत्त्वसम्बन्धे जीवति चेतयिता पुद्गलादेर्भवन् पुद्गलादिरेव भवेत्; एवं सति चेतयितुः स्वद्रव्योच्छेदः। न च द्रव्यान्तरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वाद्रव्य-स्यास्त्युच्छेदः। ततो न भवति चेतयिता पुद्गलादेः। यदि न भवति चेतयिता पुद्गलादेस्तर्हि कस्य चेतयिता भवति? चेतयितुरेव चेतयिता भवति। ननु कतरोऽन्यश्चेतयिता चेतयितुर्यस्य चेतयिता भवति? न खल्वन्यश्चेतयिता चेतयितुः, किन्तु स्वस्वाम्यंशावेवान्यौ। किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण? न किमपि। तर्हि न कस्यापि दर्शकः, दर्शको दर्शक एवेति निश्चयः।

अपि च सेटिकात्र तावच्छेवतगुणनिर्भरस्वभावं द्रव्यम्। तस्य तु व्यवहारेण श्वैत्यं कुडयादिपरद्रव्यम्। अथात्र कुडयादेः परद्रव्यस्य श्वैत्यस्य श्वेतयित्री सेटिका किं भवति किं न भवतीति तदुभयतत्त्वसम्बन्धो मीमांस्यते-यदि सेटिका कुडयादेर्भवति तदा यस्य यद्भवति तत्तदेव भवति यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति तत्त्वसम्बन्धे जीवति सेटिका कुडयादेर्भवन्ती कुडयादिरेव भवेत्, एवं सति सेटिकायाः स्वद्रव्योच्छेदः। न च द्रव्यान्तरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वाद्द्व्यस्यास्त्युच्छेदः। ततो न भवति सेटिका कुडयादेः। यदि न भवति सेटिका कुडयादेस्तर्हि कस्य सेटिका भवति? सेटिकाया एव सेटिका भवति। ननु कतराऽन्या सेटिका सेटिकाया यस्याः सेटिका भवति? न खल्वन्या सेटिका सेटिकायाः, किन्तु स्वस्वाम्यंशावेवान्यौ। किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण? न किमपि। तर्हि न कस्यापि सेटिका, सेटिका सेटिकैवेति निश्चयः। यथायं दृष्टान्तस्तथायं दार्ष्टान्तिकः-चेतयितात्र तावद् ज्ञानदर्शनगुणनिर्भरपरापोहनात्मकस्वभावं द्रव्यम्। तस्य तु व्यवहारेणापोह्यं पुद्गलादिपरद्रव्यम्। अथात्र पुद्गलादेः परद्रव्यस्यापोह्यस्यापोहकश्चेतयिता किं भवति किं न भवतीति तदुभयतत्त्वसम्बन्धो मीमांस्यते-यदि चेतयिता पुद्गलादेर्भवति तदा यस्य यद्भवति तत्तदेव भवति यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति तत्त्वसम्बन्धे जीवति चेतयिता पुद्गलादेर्भवन् पुद्गलादिरेव भवेत्; एवं सति चेतयितुः स्वद्रव्योच्छेदः। न च द्रव्यान्तरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वाद्द्व्यस्यास्त्युच्छेदः। ततो न भवति चेतयिता पुद्गलादेः। यदि न भवति चेतयिता पुद्गलादेस्तर्हि कस्य चेतयिता भवति? चेतयितुरेव चेतयिता भवति। ननु कतरोऽन्यश्चेतयिता चेतयितुर्यस्य चेतयिता भवति? न खल्वन्यश्चेतयिता चेतयितुः, किन्तु स्वस्वाम्यंशावेवान्यौ। किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण? न किमपि। तर्हि न कस्याप्यपोहकः,

अपोहकोऽपोहक एवेति निश्चयः।

अथ व्यवहारव्याख्यानम्-यथा च सैव सेटिका श्वेतगुणनिर्भरस्वभावा स्वयं कुडयादिपरद्रव्यस्वभावेनापरिणममाना कुडयादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणमयन्ती कुडयादि-परद्रव्यनिमित्तकेनात्मनः श्वेतगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमाना कुडयादिपरद्रव्यं सेटिकानिमित्तकेनात्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमानमात्मनः स्वभावेन श्वेतयतीति व्यवह्रियते, तथा चेतयितापि ज्ञानगुणनिर्भरस्वभावः स्वयं पुद्गलादिपरद्रव्यस्वभावेनापरिणममानः पुद्गलादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणमयन् पुद्गलादिपरद्रव्यनिमित्तकेनात्मनो ज्ञानगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमानः पुद्गलादिपरद्रव्यं चेतयितृनिमित्तकेनात्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमानमात्मनः स्वभावेन जानातीति व्यवह्रियते।

किञ्च-यथा च सैव सेटिका श्वेतगुणनिर्भरस्वभावा स्वयं कुडयादिपरद्रव्यस्वभावेना-परिणममाना कुडयादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणमयन्ती कुडयादिपरद्रव्यनिमित्तकेनात्मनः श्वेतगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमाना कुडयादिपरद्रव्यं सेटिकानिमित्तकेनात्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमानमात्मनः स्वभावेन श्वेतयतीति व्यवह्रियते, तथा चेतयितापि दर्शनगुणनिर्भरस्वभावः स्वयं पुद्गलादिपरद्रव्यस्वभावेनापरिणममानः पुद्गलादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणमयन् पुद्गलादिपरद्रव्यनिमित्तकेनात्मनो दर्शनगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमानः पुद्गलादिपरद्रव्यं चेतयितृनिमित्तकेनात्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमानमात्मनः स्वभावेन पश्यतीति व्यवह्रियते।

अपि च-यथा य सैव सेटिका श्वेतगुणनिर्भरस्वभावा स्वयं कुडयादिपरद्रव्यस्वभावे-नापरिणममाना कुडयादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणमयन्ती कुडयादिपरद्रव्यनिमित्तकेनात्मनः श्वेतगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमाना कुडयादिपरद्रव्यं सेटिकानिमित्तकेनात्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमानमात्मनः स्वभावेन श्वेतयतीति व्यवह्रियते, तथा चेतयितापि ज्ञानदर्शनगुणनिर्भरपरापोहनात्मकस्वभावः स्वयं पुद्गलादिपरद्रव्यस्वभावेनापरिणममानः पुद्गलादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणमयन् पुद्गलादिपरद्रव्यनिमित्तकेनात्मनो ज्ञानदर्शनगुणनिर्भरपरापोहनात्मकस्वभावस्य परिणामेनोत्पद्यमानः पुद्गलादिपरद्रव्यं चेतयितृ-निमित्तकेनात्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमानमात्मनः स्वभावेनापोहतीति व्यवह्रियते।

एवमयमात्मनो ज्ञानदर्शनचारित्रपर्यायाणां निश्चयव्यवहारप्रकाशः। एवमेवान्येषां सर्वेषामपि पर्यायाणां द्रष्टव्यः।

---

('ખડી તો ખડી જ છે'-એ નિશ્ચય છે; 'ખડી-સ્વભાવે પરિણમતી ખડી ભીંત-સ્વભાવે પરિણમતી ભીંતને સફેદ કરે છે' એમ કહેવું તે પણ વ્યવહારકથન છે. તેવી રીતે 'જ્ઞાયક તો જ્ઞાયક જ છે'-એ નિશ્ચય છે; 'જ્ઞાયકસ્વભાવે પરિણમતો જ્ઞાયક પરદ્રવ્યસ્વભાવે પરિણમતાં એવાં પરદ્રવ્યોને જાણે છે' એમ કહેવું તે પણ વ્યવહારકથન છે.) આવા નિશ્ચય-વ્યવહાર કથનને હવે ગાથાઓમાં દ્રષ્ટાંત દ્વારા સ્પષ્ટ કહે છે :

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક ખરે જ્ઞાયક તથા; 356.
જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
દર્શક નથી ત્યમ પર તણો, દર્શક ખરે દર્શક તથા; 357.
જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
સંયત નથી ત્યમ પર તણો, સંયત ખરે સંયત તથા; 358.
જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
દર્શન નથી ત્યમ પર તણું, દર્શન ખરે દર્શન તથા. 359.
એમ જ્ઞાન-દર્શન-ચરિતવિષયક કથન નિશ્ચયનય તણું;
સાંભળ કથન સંક્ષેપથી એના વિષે વ્યવહારનું. 360.
જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
જ્ઞાતાય એ રીત જાણતો નિજ ભાવથી પરદ્રવ્યને; 361.
જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
આત્માય એ રીત દેખતો નિજ ભાવથી પરદ્રવ્યને; 362.
જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
જ્ઞાતાય એ રીત ત્યાગતો નિજ ભાવથી પરદ્રવ્યને; 363.
જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
સુદૃષ્ટિ એ રીત શ્રદ્ધતો નિજ ભાવથી પરદ્રવ્યને; 364.
એમ જ્ઞાન-દર્શન-ચરિતમાં નિર્ણય કહ્યો વ્યવહારનો,
ને અન્ય પર્યાયો વિષે પણ એ જ રીતે જાણવો. 365.

ગાથાર્થ :- (જોકે વ્યવહારે પરદ્રવ્યોને અને આત્માને જ્ઞેય-જ્ઞાયક, દૃશ્ય-દર્શક, ત્યાજ્યત્યાજક ઇત્યાદિ સંબંધ છે, તોપણ નિશ્ચયે તો આ પ્રમાણે છે :) [यथा] જેમ [सेटिका तु] ખડી [परस्य न] પરની (-ભીંત આદિની) નથી, [सेटिका] ખડી [सा च सेटिका भवति] તે તો ખડી જ છે, [तथा] તેમ [ज्ञायकः तु] જ્ઞાયક (જાણનારો, આત્મા) [परस्य न] પરનો (પરદ્રવ્યનો) નથી, [ज्ञायकः] જ્ઞાયક [सः तु ज्ञायकः] તે તો જ્ઞાયક જ છે. [यथा] જેમ [सेटिका तु] ખડી [परस्य न] પરની નથી, [सेटिका] ખડી [सा च सेटिका भवति] તે તો ખડી જ છે, [तथा] તેમ [दर्शकः तु]

દર્શક (દેખનારો, આત્મા) [परस्य न] પરનો નથી, [दर्शकः] દર્શક [सः तु दर्शकः] તે તો દર્શક જ છે. [यथा] જેમ [सेटिका तु] ખડી [परस्य न] પરની (-ભીંત આદિની) નથી, [सेटिका] ખડી [सा च सेटिका भवति] તે તો ખડી જ છે, [तथा] તેમ [संयतः तु] સંયત (ત્યાગ કરનારો, આત્મા) [परस्य न] પરનો (-પરદ્રવ્યનો) નથી, [संयतः] સંયત [सः तु संयतः] તે તો સંયત જ છે. [यथा] જેમ [सेटिका तु] ખડી [परस्य न] પરની નથી, [सेटिका] ખડી [सा च सेटिका भवति] તે તો ખડી જ છે, [तथा] તેમ [दर्शनं तु] દર્શન અર્થાત્ શ્રદ્ધાન [परस्य न] પરનું નથી, [दर्शनं तत् तु दर्शनम्] દર્શન તે તો દર્શન જ છે અર્થાત્ શ્રદ્ધાન તે તો શ્રદ્ધાન જ છે.

[एवं तु] એ પ્રમાણે [ज्ञानदर्शनचरित्रे] જ્ઞાન-દર્શન-ચારિત્ર વિષે [निश्चयनयस्य भाषितम्] નિશ્ચયનયનું કથન છે. [तस्य च] વળી તે વિષે [समासेन] સંક્ષેપથી [व्यवहारनयस्य वक्तव्यं] વ્યવહારનયનું કથન [शृणु] સાંભળ.

[यथा] જેમ [सेटिका] ખડી [आत्मनः स्वभावेन] પોતાના સ્વભાવથી [परद्रव्यं] (ભીંત આદિ) પરદ્રવ્યને [सेटयति] સફેદ કરે છે, [तथा] તેમ [ज्ञाता अपि] જ્ઞાતા પણ [स्वकेन भावेन] પોતાના સ્વભાવથી [परद्रव्यं] પરદ્રવ્યને [जानाति] જાણે છે. [यथा] જેમ [सेटिका] ખડી [आत्मनः स्वभावेन] પોતાના સ્વભાવથી [परद्रव्यं] પરદ્રવ્યને [सेटयति] સફેદ કરે છે, [तथा] તેમ [जीव अपि] જીવ પણ [स्वकेन भावेन] પોતાના સ્વભાવથી [परद्रव्यं] પરદ્રવ્યને [पश्यति] દેખે છે. [यथा] જેમ [सेटिका] ખડી [आत्मनः स्वभावेन] પોતાના સ્વભાવથી [परद्रव्यं] પરદ્રવ્યને [सेटयति] સફેદ કરે છે, [तथा] તેમ [ज्ञाता अपि] જ્ઞાતા પણ [स्वकेन भावेन] પોતાના સ્વભાવથી [परद्रव्यं] પરદ્રવ્યને [विजहाति] ત્યાગે છે. [यथा] જેમ [सेटिका] ખડી [आत्मनः स्वभावेन] પોતાના સ્વભાવથી [परद्रव्यं] પરદ્રવ્યને [सेटयति] સફેદ કરે છે, [तथा] તેમ [सम्यग्दृष्टि] સમ્યગ્દષ્ટિ [स्वभावेन] પોતાના સ્વભાવથી [परद्रव्यं] પરદ્રવ્યને [श्रद्धत्ते] શ્રદ્ધે છે. [एवं तु] આ પ્રમાણે [ज्ञानदर्शनचरित्रे] જ્ઞાન-દર્શન-ચારિત્ર વિષે [व्यवहारनयस्य विनिश्चियः] વ્યવહારનયનો નિર્ણય [भणितः] કહ્યો; [अन्येषु पर्यायेषु अपि] બીજા પર્યાયો વિષે પણ [एवम् एव ज्ञातव्यः] એ રીતે જ જાણવો.

ટીકા :- આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે (અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે). હવે, 'શ્વેત કરનારી ખડી, શ્વેત કરવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?'-એમ તે બન્નેનો તાત્વિક (પારમાર્થિક) સંબંધ અહીં વિચારવામાં આવે છે : જો ખડી ભીંત-આદિ

પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે (-જુદું દ્રવ્ય નથી);'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ વિદ્યમાન) હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ, ભીંત-આદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ); એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ (નાશ) થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી. (આગળ વિચારીએ :) જો ખડી ભીંત-આદિની નથી, તો ખડી કોની છે? ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે. (એ પ્રમાણે દૃષ્ટાંત કહ્યું.) જેમ આ દૃષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છે : આ જગતમાં ચેતયિતા (ચેતનારો અર્થાત્ આત્મા) છે તે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે. હવે, 'જ્ઞાયક (અર્થાત્ જાણનારો) ચેતયિતા, જ્ઞેય (અર્થાત્ જણાવાયોગ્ય) જે પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?'-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે : જો ચેતયિતા પુદ્ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ છતો) હોવાથી, ચેતયિતા જો પુદ્ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ, પુદ્ગલાદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ); એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્ગલાદિનો નથી. (આગળ વિચારીએ :) જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે. (આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે? (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી જ્ઞાયક કોઈનો નથી, જ્ઞાયક જ્ઞાયક જ છે-એ નિશ્ચય છે.

(આ રીતે અહીં એમ બતાવ્યું કે : 'આત્મા પરદ્રવ્યને જાણે છે'-એ વ્યવહારકથન છે; 'આત્મા પોતાને જાણે છે'-એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે; 'જ્ઞાયક જ્ઞાયક જ છે'-એ નિશ્ચય છે.)

વળી (જેવી રીતે જ્ઞાયક વિષે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતથી કહ્યું) એવી રીતે દર્શક વિષે કહેવામાં

આવે છે : આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે (અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે). હવે, 'શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?'-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે : જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ); એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી. (આગળ વિચારીએ :) જો ખડી ભીંત-આદિની નથી તો ખડી કોની છે? ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે. જેમ આ દૃષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છે : આ જગતમાં ચેતયિતા છે તે દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું દૃશ્ય છે. હવે, 'દર્શક (દેખનારો અથવા શ્રદ્ધનારો) ચેતયિતા, દૃશ્ય (દેખાવાયોગ્ય અથવા શ્રદ્ધાવાયોગ્ય) જે પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?'-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે : જો ચેતયિતા પુદ્ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ચેતયિતા જો પુદ્ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ); એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્ગલાદિનો નથી. (આગળ વિચારીએ:) જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે. (આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે? (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી દર્શક કોઈનો નથી, દર્શક દર્શક જ છે-એ નિશ્ચય છે.

(આ રીતે અહીં એમ બતાવ્યું કે : 'આત્મા પરદ્રવ્યને દેખે છે અથવા શ્રદ્ધે છે'-એ વ્યવહારકથન છે; 'આત્મા પોતાને દેખે છે અથવા શ્રદ્ધે છે'-એમ કહેવામાં પણ સ્વ-

સ્વામીઅંશરૂપ વ્યવહાર છે; 'દર્શક દર્શક જ છે'-એ નિશ્ચય છે.)

વળી (જેવી રીતે જ્ઞાયક તથા દર્શક વિષે દષ્ટાંત-દાર્ષ્ટાંતથી કહ્યું) એવી જ રીતે અપોહક (ત્યાજક, ત્યાગ કરનાર) વિષે કહેવામાં આવે છે : આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે (અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે). હવે, 'શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?'-એમ તે બન્નેનો તાત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે : જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્વિક સંબંધ જીવંત હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ); એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી. (આગળ વિચારીએ :) જો ખડી ભીંત-આદિની નથી તો ખડી કોની છે? ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી એવી બીજી કોઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે. જેમ આ દષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છે : આ જગતમાં જે ચેતયિતા છે તે, જેનો જ્ઞાનદર્શનગુણથી ભરેલો, પરના અપોહનસ્વરૂપ (ત્યાગસ્વરૂપ) સ્વભાવ છે એવું દ્રવ્ય છે. પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું અપોહ્ય (ત્યાજ્ય, ત્યાગવાયોગ્ય પદાર્થ) છે. હવે, 'અપોહક (ત્યાજક) ચેતયિતા, અપોહ્ય (ત્યાજ્ય) જે પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?'-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે : જો ચેતયિતા પુદ્ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્વિક સંબંધ જીવંત હોવાથી, ચેતયિતા જો પુદ્ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ); એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્ગલાદિનો નથી. (આગળ વિચારીએ:) જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે. (આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે? (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ

સાધ્ય નથી. તો પછી અપોહક (અર્થાત્ ત્યાગ કરનાર) કોઈનો નથી, અપોહક અપોહક જ છે-એ નિશ્ચય છે.

(આ રીતે અહીં એમ બતાવ્યું કે : 'આત્મા પરદ્રવ્યને અપોહે છે અર્થાત્ ત્યાગે છે'-એ વ્યવહારકથન છે; 'આત્મા જ્ઞાનદર્શનમય એવા પોતાને ગ્રહે છે'-એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે; 'અપોહક અપોહક જ છે'-એ નિશ્ચય છે.)

હવે વ્યવહારનું વ્યાખ્યાન કરવામાં આવે છે :

જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (-ભીંત આદિના) સ્વભાવના પરિણામ વડે ઊપજતા ભીંત-આદિ પરદ્રવ્યને, પોતાના (-ખડીના-) સ્વભાવથી શ્વેત કરે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે; તેવી રીતે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળો ચેતયિતા પણ, પોતે પુદ્‌ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો અને પુદ્‌ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો, પુદ્‌ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે એવા પોતાના (-પુદ્‌ગલાદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા પુદ્‌ગલાદિ પરદ્રવ્યને, પોતાના (-ચેતયિતાના-) સ્વભાવથી જાણે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે.

વળી (જેવી રીતે જ્ઞાનગુણનો વ્યવહાર કહ્યો) એવી જ રીતે દર્શનગુણનો વ્યવહાર કહેવામાં આવે છે : જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (ભીંત આદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના (-ખડીના) સ્વભાવથી શ્વેત કરે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે; તેવી રીતે દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળો ચેતયિતા પણ, પોતે પુદ્‌ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો અને પુદ્‌ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો, પુદ્‌ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના દર્શનગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે એવા પોતાના (-પુદ્‌ગલાદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા પુદ્‌ગલાદિ પરદ્રવ્યને પોતાના (-ચેતયિતાના-) સ્વભાવથી દેખે છે અથવા શ્રદ્ધે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે.

વળી (જેવી રીતે જ્ઞાન-દર્શન ગુણોનો વ્યવહાર કહ્યો) એવી જ રીતે ચારિત્રગુણનો વ્યવહાર કહેવામાં આવે છે : જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (-ભીંત આદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના (-ખડીના-) સ્વભાવથી શ્વેત કરે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે; તેવી રીતે જેનો જ્ઞાનદર્શનગુણથી ભરેલો, પરના અપોહનસ્વરૂપ સ્વભાવ છે એવો ચેતયિતા પણ, પોતે પુદ્‌ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો અને પુદ્‌ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો, પુદ્‌ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના જ્ઞાન દર્શનગુણથી ભરેલા પર અપોહનાત્મક (પરના ત્યાગસ્વરૂપે) સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે એવા પોતાના (-પુદ્‌ગલાદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા પુદ્‌ગલાદિ પરદ્રવ્યને, પોતાના (-ચેતયિતાના-) સ્વભાવથી અપોહે છે અર્થાત્ ત્યાગે છે - એમ વ્યવહાર કરવામાં આવે છે.

એ રીતે આ, આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર પ્રકાર છે. એ જ પ્રમાણે બીજા પણ સમસ્ત પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર પ્રકાર સમજવો.

ભાવાર્થ : શુદ્ધનયથી આત્માનો એક ચેતનામાત્ર સ્વભાવ છે. તેના પરિણામ જાણવું, દેખવું, શ્રદ્ધવું, નિવૃત્ત થવું ઇત્યાદિ છે. ત્યાં નિશ્ચયનયથી વિચારવામાં આવે તો આત્માને પરદ્રવ્યનો જ્ઞાયક નથી કહી શકાતો, દર્શક નથી કહી શકાતો, શ્રદ્ધાન કરનારો નથી કહી શકાતો, ત્યાગ કરનારો નથી કહી શકાતો; કારણ કે પરદ્રવ્યને અને આત્માને નિશ્ચયથી કાંઈ પણ સંબંધ નથી. જે જ્ઞાન, દર્શન, શ્રદ્ધાન, ત્યાગ ઇત્યાદિ ભાવો છે, તે પોતે જ છે; ભાવ-ભાવકનો ભેદ કહેવો તે પણ વ્યવહાર છે. નિશ્ચયથી ભાવ અને ભાવ કરનારનો ભેદ નથી.

હવે વ્યવહારનય વિષે. વ્યવહારનયથી આત્માને પરદ્રવ્યનો જ્ઞાતા, દ્રષ્ટા, શ્રદ્ધા કરનાર, ત્યાગ કરનાર કહેવામાં આવે છે; કારણ કે પરદ્રવ્યને અને આત્માને નિમિત્તનૈમિત્તિકભાવ છે. જ્ઞાનાદિ ભાવોને પરદ્રવ્ય નિમિત્ત થતું હોવાથી વ્યવહારી જનો કહે છે કે-આત્મા પરદ્રવ્યને જાણે છે, પરદ્રવ્યને દેખે છે, પરદ્રવ્યનું શ્રદ્ધાન કરે છે, પરદ્રવ્યને ત્યાગે છે.

એ પ્રમાણે નિશ્ચય-વ્યવહારના પ્રકારને જાણી યથાવત્ (જેમ કહ્યું છે તેમ) શ્રદ્ધાન કરવું.

## શ્રાવણ વદ-૧૦, ગુરૂવાર, તા.૨૩-૦૮-૧૯૭૩
## ગાથા-૩૫૬ થી ૩૬૫, પ્રવચન-૪૭૮

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ સમયસાર. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ખડીનું દૃષ્ટાંત. ખડી કહે છેને ખડી? ખડીને કલાઈ કહે છે? અમારે કલાઈને વાસણમાં કરે. '**ટીકા :- આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે...**' સફેદ કરવાલાયક એવી દીવાલ એ તો વ્યવહારથી એને સફેદ કરવાલાયક છે. ખરેખર તો શ્વેતપણું પોતામાં જ રહે છે. સમજાણું કાંઈ? દીવાલ. કાલે એક છોકરો કહેતો હતો આપણો બોર્ડિંગવાળો. કે આ સમજાણું સફેદ એ સફેદાઈમાં રહે છે, પણ સફેદ એ ભીંતમાં પ્રવેશતી નથી. કેમકે વરસાદ આદિ આવે તો એ સફેદાઈ ધોવાઈ જાય છે. ભીંતરૂપ હોય તો ધોવાય ક્યાંથી? સમજાણું કાંઈ? '**(અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે).**' ભીંત આદિ છે. '**હવે, 'શ્વેત કરનારી ખડી, શ્વેત કરવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?**'' બહુ .. કીધું છે.

'**એમ તે બન્નેનો તાત્વિક (પારમાર્થિક) સંબંધ...**' દીવાલ અને ખડી એ બેનો તાત્વિક સંબંધ વિચારતા '**જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : 'જેનું જે હોય તે તે જ હોય,...**' જેનું જે હોય તે તે જ હોય. જો ખડી ભીંતની થઈ જાય તો ભીંતની ખડી થઈ ગઈ. ખડી ખડીમાં રહી નહિ. '**જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે...**' જુઓને દૃષ્ટાંત પણ કેવું આપ્યું છે! સફેદાઈનું તો બહારથી દૃષ્ટાંત. અંતરમાં સિદ્ધાંત આ. જેમ ભગવાન આત્મા એમ છેને? '**જેનું જે થાય છે...**' જેમ આત્માનું જ્ઞાન. '**આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે...**' ચાહે તો જ્ઞાનમાં રાગાદિ જણાય પણ એ જ્ઞાન કોઈ રાગનું થઈ જાય છે (એમ નથી). આહા..હા..! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એમ કહ્યુંને બહારમાં? જાણેલો તો જાણવાની પર્યાય પોતામાં રહે છે કે જાણવાની પર્યાય રાગરૂપ થઈ જાય છે? રાગ આવ્યો એને જાણ્યો તો રાગમય થઈને જાણ્યું છે કે જ્ઞાનમય રહીને જાણ્યું છે? બહુ ઝીણી વાત છે હોં. એમ સાધારણ વાત અહીંયાં થઈ ગઈ એટલે લાગે ઓહો..હો..! આહા..હા..! સમય-સમયની સફેદાઈ ભીંતની જે થાય તો તે સફેદાઈ ભીંતરૂપ થઈ જાય. સમજાણું કાંઈ?

**'આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ વિદ્યમાન) હોવાથી,...'** શું? કે ખડી જે જ્ઞેય જેને સફેદ કરે છે એની થઈ જાય તો તેરૂપ જ હોવી જોઈએ. ભીંતમાં ખડી લાગે છે તો ખડી ભીંતરૂપ થતી નથી. ખડી તો ખડીમાં રહીને સફેદાઈની પર્યાય થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ વિદ્યમાન) હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય...'** તો એની ભીંત થઈ ગઈ, પોતાની રહી નહિ. **' (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ, ભીંત-આદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ); એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ (નાશ) થાય.'** આહા..હા..! ઇ ખડી જો ભીંતરૂપ થઈ જાય તો ખડીની સત્તા પોતાથી રહી નહિ. પોતાની સત્તાનો નિર્વિભાગમાં ભાગ થઈ ગયો. થોડો ભાગ ત્યાં ઘૂસી ગયો અને સફેદાઈ તો ત્યાં રહી ગઈ. સમજાણું કાંઈ? આહા..હા..! સૂક્ષ્મ વાત છે.

જે સમયે જ્ઞાનમાં... પછી જ્ઞાનમાં ઉતારવું. **'પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.'** ૧૦૩ ગાથા. કર્તા-કર્મની ૧૦૩ ગાથામાં એક દ્રવ્યની પર્યાય બીજી દ્રવ્ય પર્યાયમાં સંક્રમણ થાય, પલટીને તેરૂપ થઈ જાય એમ કદી ત્રણ કાળમાં બનતું નથી. આહા..હા..! **'માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી.'** એ ખડી ભીંતની નથી. **'(આગળ વિચારીએ :) જો ખડી ભીંત-આદિની નથી, તો ખડી કોની છે? ખડીની જ ખડી છે.'** આહા..હા..! સફેદ ખડી ખડીની જ છે. **'(આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે?'** શિષ્યનો પ્રશ્ન છે. એમ કહ્યુંને? ખડીની ખડી છે. તો એવી બીજી કઈ ચીજ છે કે ખડીની ખડી છે? આહા..હા..! સમજાણું કાંઈ? ભીંત આદિની તો ન હોય, પણ ખડીની ખડી છે, ખડીની ખડી છે તો બીજી કઈ ખડી છે કે એની તે ખડી છે? આહા..હા..!

**'ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી,...'** ભાઈ! આહા..હા..! **' પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.'** ખડી ખડીની છે એ તો બે સ્વામીરૂપ અંશ થયો. ખડી સ્વામી અને ખડી સ્વ એનો સ્વામી ખડી. એ તો કહેવામાત્રના બે ભાગ છે. આહા..હા..! છે? **'બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.'** આહા..હા..! ખડી ખડીની છે એ તો સ્વસ્વામી અંશ બેમાં એનો જ ભેદ કરીને કર્યો. **'બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.'** ખડી એ સ્વામી છે અને ખડી એ ખડી એનો અંશ છે. કોઈ બીજો અંશ છે નહિ. **'અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?'** આહા..હા..! હવે અહીં લીધું. ખડી ખડીની છે એવો ભેદ કરીને વ્યવહારથી શું સાધ્ય કરવું છે તમારે? એનાથી શું સાધ્ય છે? સમજાણું કાંઈ? **'કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી,...'** હવે દૃષ્ટાંત કહ્યું કે **'ખડી ખડી જ છે...'** એવો ભેદ પણ એમાં નથી. આહા..હા..! ભારે! ખડી, ભીંત, કપડું, આ લાકડામાં કરે છે. પોલીશ. શું કહે છે? .. એમાં બહુ ચિકાશ હોય તો એને ખડી કરે છેને ધોળું. એ ખડીથી લાકડી નથી થઈ. જો

લાકડીથી થઈ હોય તો પોતાના સ્વભાવનો નાશ થઈ જાય. ત્યારે છે કોની? તો ખડી ખડીની છે. તો કોણ ખડીનો સ્વામી અને કોણ ખડી એનું સ્વ? એ તો ભેદથી કથન કર્યું છે વ્યવહારથી. આહા..હા..! ખડીની ખડી એ તો વ્યવહારથી કથન છે. વસ્તુના બે ભેદ એમાં છે નહિ. આહા..હા..!

**'જેમ આ દૃષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત...'** નામ સિદ્ધાંત છે. સમજાણું કાંઈ? એક છોકરો કાલે પુછતો હતો આજ ઝીણું બહુ કહ્યું. કાલે તો રજા હતીને છોકરાઓને બોર્ડિંગમાં. દાહોદ-દાહોદનો છોકરો. **'આ જગતમાં ચેતયિતા (ચેતનારો અર્થાત્ આત્મા) છે...'** ભગવાન આત્મા જગતની અંદર જાણનારો છે. જાણનારો છે **'તે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે.'** એ જાણનારો જે આત્મા છે ચેતયિતા ચેતનાર એ તો જ્ઞાનગુણથી પરિપૂર્ણ સ્વભાવવાળું દ્રવ્ય છે. આહા..હા..! જુઓ, મતિ-શ્રુતનો ભેદ છે એ પણ એમાં નથી. એ તો પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવવાળું જ્ઞાનગુણથી પરિપૂર્ણ સ્વભાવવાળું. ઝીણું છે, ભગવાન! એમ અંતરમાં માનવું એ અલૌકિક ચીજ છે. ભગવાન આત્મા જ્ઞાનગુણથી સ્વભાવવાળું પરિપૂર્ણ છે. જ્ઞાનગુણથી પરિપૂર્ણ સ્વભાવવાળું. સ્વભાવવાળું. એ સંપૂર્ણ સ્વભાવ. જ્ઞાનગુણથી પરિપૂર્ણ સ્વભાવવાળું દ્રવ્ય. સ્વભાવ જ્ઞાનગુણથી પરિપૂર્ણ સ્વભાવ એ સ્વભાવ. એ સ્વભાવવાળું દ્રવ્ય છે. સમજાવું છે. વસ્તુ તો સ્વભાવસ્વરૂપી છે એમ કહો. અહીં ભેદ કરીને સમજાવું છેને? આહા..હા..! જુઓ, આ તત્ત્વની વાસ્તવિક સમજ. આહા..હા..!

કહે છે કે જેમ એ જ્ઞાનગુણથી પરિપૂર્ણ ચેતયિતા આત્મા એ ચેતયિતા એ જ્ઞાનગુણથી પૂર્ણ છે. છાંટા છાંટા અહીં આવે છે? ત્યારે ખુલ્લા કરો શું વાંધો? આ બધા મૂંઝાય છે. પહેલો સિદ્ધાંત આ કે આ જગતમાં એક આત્મા ચેતયિતા છે. જાણનારો ભગવાન આત્મા એ જગતમાં જગતથી ભિન્ન ચીજ છે. જગતમાં કહ્યુંને? **'તે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળું...'** આહા.હા..! એ સમજ સ્વભાવથી, જ્ઞાનસ્વભાવથી, જ્ઞાનગુણથી પરિપૂર્ણ **'સ્વભાવવાળું દ્રવ્ય છે. પુદ્‌ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે.'** શરીર, વાણી, મન, કર્મ, ધર્મ, અધર્મ આદિ પદાર્થ, આકાશ એ રાગ એ **'પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે.'** એ જાણનાર જ્ઞાનગુણથી પરિપૂર્ણ સ્વભાવવાળો આત્મા એનું પરજ્ઞેય વ્યવહારથી જાણનારું જ્ઞેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે' 'પુદ્‌ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે.'** આત્મા એમ. ચેતયિતા એવો આત્મા. એ વ્યવહારે પરજ્ઞેય છે. આહા..હા..! આમાં ઝઘડા મોટા છે. પણ વ્યવહારથી કહે તો એનાથી જ્ઞાન થાય કે નહિ? કે આ શબ્દ કાને પડ્યા તો એમાં જ્ઞાનની પર્યાય થાય છે કે નહિ? શબ્દ જ્ઞાનમાં જ્ઞેય થયો, જ્ઞેય જ્ઞાનમાં થયું તો એ જ્ઞેયથી અહીં જ્ઞાન થાય કે નહિ? આહા..હા..! સમજાણું કાંઈ? આત્માનું જ્ઞેય પુદ્‌ગલાદિ પરદ્રવ્ય. આત્માનું જ્ઞેય પુદ્‌ગલાદિ પરદ્રવ્ય. રાગાદિ, શરીરાદિ, વાણી આદિ, કર્મ આદિ જગતના પદાર્થ એ સમયે વ્યવહારથી ચેતયિતા જે આત્મા એનો એ વ્યવહારથી જ્ઞેય છે.

નિશ્ચયથી એ જ્ઞેય નથી. આહા..હા..!

મુમુક્ષુ :- વ્યવહાર અને નિશ્ચયનયમાં ફેર છે.

ઉત્તર :- વ્યવહાર એ જ્ઞેય કરે છે એ અપેક્ષાએ વ્યવહાર, જૂઠો વ્યવહાર. અસદ્‌ભૂત વ્યવહારનયથી કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? વ્યવહારથી એ ચેતયિતા આત્માનું જ્ઞેય છે. આહા..હા..! પરમાર્થથી એ જ્ઞેય આત્માનું છે જ નહિ, પરમાર્થથી તો પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય એ સ્વજ્ઞેય છે. ઝીણી વાત છે. રાગાદિ તો નહિ, પરવસ્તુ તો નહિ, પણ પરવસ્તુ એનું જ્ઞેય એ પણ વ્યવહારથી છે. આહા..હા..! સમજાણું કાંઈ? સત્યાર્થ દૃષ્ટિથી નહિ, અભૂતાર્થ દૃષ્ટિથી એમ કહેવામાં આવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? ચેતયિતા. એ ચેતયિતા જાણનાર ગુણથી પરિપૂર્ણ હોવા છતાં એ પરજ્ઞેય પુદ્‌ગલાદિ વ્યવહારથી જ્ઞેય ભિન્ન છે. પરવસ્તુ છેને? એનું જ્ઞેય તો વ્યવહારથી થયું. પરચીજને જાણનાર એ તો વ્યવહારથી કહેવામાં આવે છે. ખરેખર એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**‘હવે, ‘જ્ઞાયક (અર્થાત્ જાણનારો) ચેતયિતા, જ્ઞેય (અર્થાત્ જણાવાયોગ્ય) જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?’’** હવે એ વ્યવહારથી જે પુદ્‌ગલાદિ જ્ઞાનમાં જ્ઞેય તરીકે, વ્યવહારથી જે કહેવામાં આવ્યું એ **‘ચેતયિતા, જ્ઞેય (અર્થાત્ જણાવાયોગ્ય) જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?’’** એ જાણનારો રાગનો છે કે નહિ? શરીરનો છે કે નહિ? પરનો છે કે નહિ? સમજાણું કાંઈ? સુજાનમલજી!

મુમુક્ષુ :- વાત બરાબર છે, પણ વિસ્તારથી કહોને જરા ઝીણું પડે છે.

ઉત્તર :- ધીરેથી તો વાત ચાલે છે. જાણનારને ભગવાન આત્મા જાણનાર. કેમકે એ તો જ્ઞાનગુણથી પરિપૂર્ણ સ્વભાવવાળો. એ ચેતયિતા રાગ, શરીર, વાણી, જ્યારે જ્યારે ખ્યાલમાં આવે છે ત્યારે તો એ પરજ્ઞેય જીવે જાણ્યું એ તો વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! ક્યાં સુધી આ વ્યવહારને લઈ ગયા! હજી તો અહીંયાં દયા, દાન એ વ્રતની ક્રિયા. અહીં તો કહે છે એ તો પરજ્ઞેય છે. અને પરજ્ઞેય જાણવું કહેવું એ વ્યવહારથી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**‘ચેતયિતા, જ્ઞેય (અર્થાત્ જણાવાયોગ્ય) જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?’-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ...’** પરમાર્થ સંબંધ. જ્ઞેય અને જ્ઞાન ભગવાન.બે વચ્ચેનો તાત્ત્વિક સંબંધ વિચારવામાં આવે તો **‘જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય તો...’** જાણનાર રાગ અને શરીરનો હોય, જેને જાણે એ એનો હોય. આહા..હા..! બાયડી, છોકરા, કુટુંબ એનો નહિ આત્મા? એ તો વ્યવહારથી જ્ઞેય એમ કહે છે. તારા તો નથી પણ વ્યવહારથી જ્ઞેય છે. તારી ચીજ તો નથી, પણ પરચીજ તો તને જાણવામાં વ્યવહારથી જ્ઞેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **‘પુદ્‌ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : ‘જેનું જે હોય...’** જેનું જે હોય **‘તે તે જ હોય,...’** જ્ઞેયનું જો હોય તો (જ્ઞાન) જ્ઞેયરૂપ જ થઈ જાય. સમજાણું કાંઈ? જેનું જે હોય તે તે જ હોય. **‘જેમ આત્માનું**

**જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ છતો) હોવાથી,...'** ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી છે. કહો, સમજાણું કાંઈ? આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન જ આત્મા છે. એ તો તાત્ત્વિક સંબંધ છે, પરમાર્થ સંબંધ છે, યથાર્થ સંબંધ છે. ૬૯ ગાથામાં કહ્યું હતુંને પહેલા? આત્માનું તાદાત્મ્ય સંબંધ છે. તાદાત્મ્ય સંબંધ છે એમ કહ્યું ૬૯માં. અદ્વૈત સંબંધ છે. વિકારનો સંબંધ તો સંયોગીભાવથી છે. વ્યવહાર સંબંધ છે. આહા..હા..! ચૈતન્ય જાગતી જ્યોત ભગવાન, કહે છે પરને જાણે એમ કહેવું એ જ વ્યવહાર છે. આહા..હા..! રાગ કરે છે અને દયા પાળે છે વ્યવહાર એ તો ક્યાંય રહી ગયું. સમજાણું કાંઈ? પણ એ દયાનો ભાવ, એ ભાવ જ્ઞેય છે અને એને જાણે છે વ્યવહારથી તો જાણવાથી શું એનો થઈ ગયો? એનો થઈને જાણે છે કે પોતામાં રહીને જાણે છે? આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ. આહા..હા..!

જ્ઞાનસ્વભાવથી પરિપૂર્ણ પ્રભુ જે એના વ્યવહારથી જ્ઞેય છે એનું જો થાય, એનું થાય તો એ રૂપ થઈ જાય. તાત્ત્વિક સંબંધમાં તો એનો છે નહિ. તાત્ત્વિક સંબંધમાં તો જ્ઞાન તે આત્મા એ તાત્ત્વિક સંબંધ છે. જ્ઞાન તે આત્મા... જ્ઞાન તે આત્મા... નિઃશંક રીતે એવો નિર્ણય કરવાથી અનુભવમાં આત્મા આવે છે એમ આવ્યુંને ત્યાં ૬૯માં? જ્ઞાન તે આત્મા એ નિઃશંકપણે આત્મામાં ઠરે છે તો દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર ત્રણે થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ જ્ઞાન અને આત્મા ભિન્ન હશે એવી શંકા એને નથી થતી. જેમ જ્ઞાન જ્ઞેયને જાણે છે તો તે જ્ઞેયરૂપ નથી થતું. તાદાત્મ્ય સંબંધ એની સાથે નથી. સંયોગ સંબંધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યની કથન શૈલી અલૌકિક છે. સાધારણ વાત નથી. તાત્ત્વિક વાત છે. આહા..હા..!

કહે છે, ભગવાન! તું તો જાણનાર છોને નાથ! તો તે રાગને અને પુદ્ગલ શરીર આ છે એમ જાણ્યું, તો જાણ્યું તો તેરૂપ થઈ ગયું? એ તો વ્યવહારથી જાણ્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાની જ્ઞાનની પર્યાયમાં રાગ અને શરીરને જાણ્યું અને એ જ્ઞેય તો વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! કેમકે એ પરચીજ છે. પરચીજ પરમાર્થે જણાઈ એમ હોય તો તો તાત્ત્વિક સંબંધ થઈ ગયો. તો તો જ્ઞેય અને જ્ઞાન એક થઈ ગયું. જેમ જ્ઞાન અને આત્મા એક છે. એ તાત્ત્વિક સંબંધ છે. તો એમ જ્ઞેયનું જ્ઞાન થાય તો જ્ઞાન અને જ્ઞેય એક તાદાત્મ્ય સંબંધ થયો. સમજાણું કાંઈ? જે પ્રકારનો રાગ અને જે પ્રકારનું જ્ઞેય સામે હોય એ પ્રકારે અહીં જ્ઞાન થાય છે. તો એ જ્ઞાન થાય છે તો તે જ્ઞેય(નું જ્ઞાન કહેવું તે) વ્યવહાર છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૨મી ગાથામાં કહ્યું એ વાત બીજી રીતે કહે છે. એમ છઠ્ઠી ગાથામાં ચોથું પદ કહ્યું **'णादो जो सो दु सो चेव'** જાણનારો જાણનાર છે. એ પરનો થયો નથી. આહા..હા..! અને જેમ પરચીજ છે એવું એમાં જ્ઞાન થાય, પણ એ જ્ઞાન પરચીજ છે તો થાય છે એવો સંબંધ નથી. એ વ્યવહારે પરને જાણે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવી બધી સમજણ કરવી અને આ બધું. ઇ કરતા દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા લ્યો. બાપુ! ભૂલ છે ભાઈ! એમાં...

આહા..હા..! સત્ સત્ પ્રભુ સત્ છે. એનો જ્ઞાનસ્વભાવ તાત્ત્વિક સંબંધ છે. આહા..હા..! જ્ઞેયને જાણે એ તાત્ત્વિક સંબંધ નથી. આહા..હા..! રાગ અને શરીર જણાય છે તો જ્ઞેયની સાથે જ્ઞાનનો તદ્રૂપ સંબંધ નથી. આહા..હા..! દેહની ક્રિયા હું કરી શકું છું અને રાગનો હું કર્તા એ તો ક્યાંય ભિન્ન રહી ગઈ ચીજ. પણ દેહ અને રાગ જે વાણી આદિ છે એને જ્ઞેય તરીકે જ્ઞાન જાણે એ પણ વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાર્થે તો જ્ઞાન અને આત્મા એનો પરમાર્થ સંબંધ છે. જ્ઞાન અને જ્ઞેયનો પરમાર્થ સંબંધ છે? એ તો વ્યવહાર સંબંધ થયો. આહા..હા..! પરને જાણવું એ વ્યવહાર થઈ ગયો કહે છે. આહા..હા..! કેવળી લોકાલોકને જાણે એ તો અસદ્ભૂત વ્યવહાર થઈ ગયો. કેમકે એ ચીજ અહીંયાં આવી નથી અને એ ચીજ છે તો જાણવું ડબલ થયું સ્વપરપ્રકાશનું. એમ છે નહિ. આહા..હા..! શેઠ! આ સમજવું પડશે. એમાં બહારમાં નહિ ચાલે કાંઈ ધૂળમાં. છાપામાં આવ્યું હતું કોકને આપતા હતાને કાંઈક? શું કહેવાય? અભિનંદન. ભાઈએ મોકલ્યું હતુંને પહેલા? છાપામાં આવ્યું હતું. ભાઈ આવ્યા હતા શોભાલાલ શેઠ. ભાઈએ ના પાડી. એય..! છાપામાં આવ્યું હતું. કોનો સંબંધ? અભિનંદન તો પોતાને પોતાનો આત્મા દે છે. બહારમાં અભિનંદનના પૂંછડા લગાડ્યા બધા. આહા..હા..!

અહીં તો કહે છે કે જ્ઞાન જે અભિનંદનના શબ્દને જાણે છે એ પણ વ્યવહાર સંબંધ છે. સમજાણું કાંઈ? પરમાર્થે સંબંધ તો જ્ઞાન તે આત્મા એની સાથે સંબંધ છે. જ્ઞેય જાણ્યું એની પર્યાયનો તો આત્મા સાથે સંબંધ છે. આહા..હા..! એ જ્ઞાનની પર્યાયને જ્ઞેયનો સંબંધ કહેવો એ વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો હજી રાગ ને દયા ને વ્રત પાળવા એ વ્યવહાર છે. અને એ વ્યવહાર નિશ્ચયને પમાડે અરે..! ઇ તો ક્યાંય ચીજ રહી ગઈ. સમજાણું કાંઈ? પણ એ દયા, દાન, ભક્તિ આદિના જે ભાવ થયા એને જ્ઞાન જાણે એ પણ વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'...'** આત્મા જ છે. **'આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ છતો) હોવાથી,...'** આત્મા તે જ્ઞાન એવો સંબંધ તાત્ત્વિક વિદ્યમાન છે. પરમાર્થે એ જીવન જ્ઞાન તે આત્મા એ સંબંધ તાત્ત્વિક પરમાર્થે જીવિત છે, વિદ્યમાન છે. જ્ઞેયને જાણે એ સંબંધ વિદ્યમાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'ચેતયિતા જો પુદ્ગલાદિનો હોય...'** જાણનારો જો રાગનો, શરીરનો, કર્મનો, વાણીનો હોય **'તો ચેતયિતા તે પુદ્ગલાદિ જ હોય...'** તો જાણનારો તો રાગરૂપ થઈ ગયો. જાણનારો શરીરરૂપ થયો. પોતાની ચીજ તો છોડી દીધી. આહા..હા..! ભારે વાત ભાઈ! આ સમયસાર ભરતક્ષેત્રમાં અજોડ. અદ્વૈત ચક્ષુ આવે છેને. અજોડ ચક્ષુ. ફુલચંદજી અને શાહુજી કહે એકવાર ઓહો...! ત્યાં ગોહાટી ૯૭ ગાથા જરી સ્પષ્ટ વંચાણી. ઓહો..હો..! સમયસાર એક જૈનદર્શનના પ્રાણ છે. એક સમયસાર. આહા..હા..! વસ્તુદર્શનનો પ્રાણ છે. વાચક છે અને આ વાચ્ય છે એમ સમયસાર. જ્ઞાન તે આત્મા એ વાચ્ય. પરમાર્થ સંબંધ

છે અને જ્ઞાન પરને જાણે એ પરમાર્થ સંબંધ નથી. વ્યવહારથી કહેવામાં આવે છે. કેમકે જ્ઞાનમાં એ ચીજ જણાઈ એ નિમિત્ત રહી એ અપેક્ષાએ વ્યવહારથી જણાય એમ કહેવામાં આવે છે, પણ ખરેખર તો એને જાણતો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પુદ્ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ, પુદ્ગલાદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ); એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.'** આહા..હા..! જે ભગવાન આત્માની પર્યાયમાં જ્ઞેયનું જાણવું થયું તો જ્ઞેયનો જો થઈ જાય તો પોતાની સત્તાનો અભાવ થઈ જાશે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું બધું જાણવું! ધર્મ ક્યાં થયો એમાં? ભાઈએ કહ્યું હતું એક ફેરી ધન્નાલાલજી! બાપુ! એ રાગ અને પરવસ્તુને જાણવી એ પણ વ્યવહાર છે. તો તારી દૃષ્ટિ તો તારી જાણવાની પર્યાય છે તારી. એ જાણનાર પોતાને જાણે છે, પરને નહિ. આહા..હા..! જે સમયે જે પ્રકારનો રાગ, જે પ્રકારનો સંયોગ વિયોગ જોવામાં આવ્યો એ જ્ઞેયનું જ્ઞાન કર્યું એ જ્ઞેયને કારણે નહિ. જ્ઞેયને સ્પર્શીને નહિ અને જ્ઞેયનો થઈને નહિ, એ તો જ્ઞાનરૂપે રહીને પરને જાણે છે. સમજાણું કાંઈ? લ્યો હવે આવી ઝીણી વાતું હવે. ઓલી વાતું જાડી તે વ્રત કરો, અપવાસ કરવો, અપવાસ કરો, જાત્રા કરો, ભક્તિ કરો ભગવાનની. પુણ્યથી ધર્મ થાય કહો. ક્યાંય વાત... આહા..હા..! પુણ્ય તો પરવસ્તુ છે. એ તો જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞેયથી ધર્મ થાય?

મુમુક્ષુ :- જાત્રા કરવા ગયા હતાને તમે

ઉત્તર :- એ તો શુભભાવ છે. પણ એ કોઈ ધર્મ નથી. આ ભાવને જાણે છે એ પણ વ્યવહાર છે. આહા..હા..! જ્ઞાનની પર્યાય રાગને જાણે છે એ વ્યવહાર થયો કે જ્ઞાનની પર્યાયમાં રાગ આવ્યો ક્યાં? એ સંબંધીનું જ્ઞાન તો પોતાનું પોતાથી થયું છે. સમજાણું કાંઈ? માર્ગ વીતરાગનો ત્રિલોકનાથ તીર્થંકરની વાત બહુ સૂક્ષ્મ છે. લોકોને જૈનદર્શન શું ચીજ છે એ વાત સાંભળી નથી અને બીજી રીતે મળી. બસ આમ કરો ને આમ કરો ને આમ કરો. આહા..હા..! એવી વાત સાંભળીને એ કહેતા હતા ચૈત્ર સુદ તેરશ. તેરશ નહિ પણ બારશ. આગ્રામાં. એક પંડિત હતા. કરવું-ધરવું કાંઈ નહિ આનંદ બહુ. પુનમચંદજી!

મુમુક્ષુ :- એ મશ્કરીમાં કહેતા હતા.

ઉત્તર :- મશ્કરી. ... શું એનું નામ છે? બાબુરામજી. ... એમ કહેતા હતા. વ્યાખ્યાન સાંભળ્યું. ઉભો થઈ ગયો. ... કરવું-ધરવું કાંઈ નહિ. અરે..! પણ શું કરવું? અહીંયાં તો કહે છે કે રાગને કરવો એ પણ મિથ્યાત્વભાવ છે. કર્તવ્ય તરીકે કરવું એ મારું કર્તવ્ય છે. આહા..હા..! અહીં તો રાગને જાણવો એ પણ વ્યવહાર છે. એ સમયમાં તો જ્ઞાન જ્ઞાનની પર્યાયને જાણે છે. એ પણ ભેદ છે હજી. આહા..હા..! સમજાણું કાંઈ? એવા ભેદથી તને શું સાધ્ય છે? એમ કહે જ્ઞાની. એવા ભેદથી સાધ્ય શું છે? પરને જાણવું એ વાસ્તવિક હોય તો તારું સાધ્ય શું? તો તું પરરૂપ થઈ ગયો.

હવે અહીં તો ભેદ પાડશે. **'એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.'** પોતાની સત્તા

સ્વભાવમાં અને દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહે છે. એ પરને જાણવાથી પરરૂપ તાત્વિક સંબંધ હોય તો પોતાની સત્તાને ખોવે છે. પોતાની સત્તાનો અભાવ થાય છે. આહા..હા..! ઝીણી વાત. રાગનું જ્ઞેય જ્ઞાનમાં તદ્રૂપ થઈને જો જાણે તો રાગરૂપ થઈ ગયો. એ તો પોતાની સ્વભાવની સત્તાનો નાશ કર્યો. રાગ વખતે જાણવા ટાણે પણ પોતાના સ્વભાવમાં રહીને પોતાની પર્યાયને જાણે છે. એ પણ ભેદ કરવો કે જ્ઞાયક જ્ઞાયકનો છે. એ આગળ ના પાડશે. આહા..હા..! આવી વાત વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એ સિવાય વાત આવી ક્યાંય મળતી નથી. સમજાણું કાંઈ? ધન્નાલાલજી! આહા..હા..! આ તો સત્-સત્ સત્યની સાહેબી જાહેર થાય છે.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી. જ્ઞાન અને ભગવાનનો સંબંધ તો તાદાત્મ્ય છે. પણ જ્ઞાન જ્ઞેયને જાણે છે એની સાથે તાદાત્મ્ય સંબંધ નથી. તાદાત્મ્ય સંબંધ હોય તો જ્ઞેયનું જ્ઞાન થઈ જાય. પોતાની સત્તાનો અભાવ થઈ જાય. આહા..હા..! કહો, સમજાય છે? બહુ સાર ભર્યો છે.

મુમુક્ષુ :- આવું ભેદજ્ઞાન .. આ આત્મા છે. ... વાત છે.

ઉત્તર :- આહા..હા..! જાણનારો દ્રવે છે જ્ઞાનપર્યાયને. એ પર્યાય જ્ઞાયક જ્ઞાયકની છે અને જ્ઞાયક જ્ઞાયકને જાણે છે એ પણ નિષેધ કરશે. આહા..હા..! પરને જાણે છે એ તો વ્યવહાર છે એનો તો નિષેધ જ છે. રાગ કર્મ છે એ તો નિષેધ્ય જ છે, પણ રાગનું જ્ઞાન છે એનો પણ નિષેધ છે. જ્ઞાનનું જ્ઞાન છે, રાગનું નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! સમયસાર તે સમયસાર છેને. ભરતક્ષેત્રનો સૂર્ય છે. કેવળજ્ઞાનનો સૂર્ય પ્રગટ કર્યો છે. સમજાણું કાંઈ?

પોતાનું અસ્તિત્વ અને સત્તા જ્ઞાન અને ભગવાન આત્મા તાદાત્મ્ય-તદ્રૂપ સંબંધ. એ તો તાત્વિક પરમાર્થ સંબંધ છે અને જ્ઞાન જ્ઞેયને જાણે છે એ તો વ્યવહાર છે. તદ્રૂપ સંબંધ નથી. કેમકે જ્ઞાન જ્ઞેયને જાણે છે તો જ્ઞેયરૂપ જાણે છે કે જ્ઞાનરૂપ રહીને જાણે છે? આહા..હા..! સમજાણું કાંઈ? એવો માર્ગ વીતરાગનો. આહા..હા..! પહેલા એની સાચી સમજણ હોવી જોઈએ. સાચી સમજણ વિના જે કાંઈ કરશે એ બધું મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યા આચરણ. આહા..હા..! કેમકે ભગવાન તો જ્ઞાનસ્વરૂપ જ છે. કરે કોને? જાણે કોને? ઓહો..હો..! કહો, હીરાભાઈ! કોનું કરે? અહીં તો લોકોને એ ... આહા..હા..! આપણા બધાનું કરીએ... આમ કરીએ... આમ કરીએ... દેશનું કરવું, દેશ સેવા કરવી, દેશસેવા જેવી કોઈ ભક્તિ નથી, દેશભક્તિ જેવી કોઈ ભક્તિ નથી. આહા..હા..! આ સાંભળનારા દિગંબર જૈનો સાંભળે. એય..! શેઠ! ઉદાર હશે ઉદાર આવા બધા ગાંડા-પાગલ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આહા..હા..! એ આત્માને જાણવો એને માટે આ છે. આત્મા શું ચીજ છે અને સ્વતંત્ર કેમ છે? પરને જાણવા છતાં પરરૂપ થતો નથી અને પરને જાણવું પણ વ્યવહાર છે એ તો પ્રથમ સમ્યગ્દષ્ટિ માટે છે. અરે..! સમ્યગ્દર્શન પ્રગટ કરવાની લાયકાત માટે આ છે. સમજાણું કાંઈ? કેમ

નેમચંદજી! આહા..હા..!

**'જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ છતો) હોવાથી, ચેતયિતા જો પુદ્‌ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્‌ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ,...'** રાગરૂપ જ હોવો જોઈએ, શરીરરૂપ હોવો જોઈએ. **'પુદ્‌ગલાદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ);...'** તો રાગ અને પુદ્‌ગલથી ભિન્ન ચૈતન્ય ભગવાન તો ન રહેવા જોઈએ. સમજાણું કાંઈ? આવી ધર્મની વાતું હવે માણસને... હજી તો દયા પાળો, ભક્તિ કરો, જાત્રા એક-બે કરો સમ્મેદશિખરની. 'એક વાર વંદે જો કોઈ' આવે છે કે નહિ? 'એક વાર વંદે જો કોઈ તાતે નરક પશુ નહિ હોઈ.' હવે એમાં શું થયું? એ તો શુભભાવ છે. પંડિતજી! આવે છેને? પૂજામાં આવે છે. ... આહા..હા..! એક સાધુ કહેતા હતા અહીં આવ્યા હતા તે. જુઓ અમારી પાસે સમ્મેદશિખરના માહાત્મ્યનું પુસ્તક છે. તો શું છે? એમાં લખ્યું છે કે સમ્મેદશિખરની જાત્રા એકવાર કરે તો ૪૯ ભવે મોક્ષ જાય. ૪૯ ભવ. અમે ગયા ત્યારે ગુજરી ગયા હતા. ...અહીં રોકાણા હતા. ઓરડો છેને એ. આ ઓરડો છેને બહાર. બહાર ઓરડી છેને ઓરડી? શું કહે છે? ઓરડો. ત્યાં બેઠા હતા ત્યારે કહ્યું. કીધું એ આ વાણી વીતરાગની નહિ. વીતરાગની વાણીમાં પરના દર્શન અને પરના આશ્રયે ભવ ઘટે એ વીતરાગની વાણી નહિ. સ્વને આશ્રયે ભવ ઘટે એ વીતરાગની વાણી. શ્વેતાંબરમાં આવે છેને એ? શું કહેવાય? શેત્રુંજય માહાત્મ્ય. એમ આ સમ્મેદશિખરનું માહાત્મ્ય. અરે..! ભગવાન! માહાત્મ્ય તારું શું છે તને ખબર નથી. આહા..હા..!

જ્ઞાન અને ભગવાનને તાત્ત્વિક સંબંધ છે. આહા..હા..! એ સમ્મેદશિખરને જ્ઞેય તરીકે જાણવું એ તાત્ત્વિક સંબંધ નથી. આહા..હા..! ત્રણ લોકના નાથને સમવસરણમાં જોવા ... ... પરજ્ઞેય છે. આહા..હા..! પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે કે ... હું તારું જ્ઞેય છે એ તારા જ્ઞાનમાં હું જણાઉ એ તો વ્યવહાર છે. પરમાર્થ નથી. આહા..હા..! એ વાણી તીર્થંકર સર્વજ્ઞોની વાણી હોય આ. એ વાણી અમને માનો અને અમને આચરો લ્યો તમારું કલ્યાણ થઈ જશે. લાડવા ખવરાવો સારા આહાર-પાણી.

મુમુક્ષુ :- બ્રાહ્મણ પણ એમ કહે.

ઉત્તર :- એ બ્રાહ્મણ એમ કહે. આહા..હા..! ...લાલજી! અહીં તો આ વાત છે. તીર્થંકર એમ કહે છે કે અમે છદ્મસ્થ મુનિ છીએ. અમને આહાર-પાણી દે તોપણ એનો ભાવ વ્યવહાર શુભ છે. એનાથી કલ્યાણ થશે અને સંસાર ઘટશે એમ છે નહિ. એ તો છે નહિ પણ આહાર દેનારનો જે ભાવ શુભ. આ શુભને જ્ઞેય કરીને જાણે છે એ પણ યથાર્થ નથી. મારો કરીને માને એ તો નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ એવો છે ભગવાનનો. એ તો દિગંબર સંતોએ જાહેર કર્યો છે. સમજાણું કાંઈ? આવી વાણી અને આવી ચીજ ક્યાંય છે નહિ. પણ જરી વિચાર કરે. આમાં પણ

છે... આમાં પણ છે... શું ધૂળ છે? બીજામાં પણ છે. તારું આચરણ કેમ બીજાને મિથ્યાદૃષ્ટિ કહીએ? મિથ્યાદૃષ્ટિ કહો તો મિથ્યાદૃષ્ટિ કહેનારો જ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! શું કહે છે તું? અરેરે..! ભાઈ! ૩૬૩ પાખંડ મિથ્યાદૃષ્ટિ એમ કહ્યું. રાગની ક્રિયાને ધર્મ માને, પુણ્યની ક્રિયાને ધર્મ માને એને તો ભગવાને મિથ્યાદૃષ્ટિ કહ્યો. પુણ્ય-પાપમાં જો ફેર માને તો ઘોર સંસારમાં રખડશે મિથ્યાદૃષ્ટિ. એમ તો કહ્યું. આહા..હા..! એ કોઈ પક્ષપાત નથી. વસ્તુની મર્યાદા એવી છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

ભગવાન આત્મા કહે છે કે ' **પુદ્ગલાદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ); એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી,...**' સત્તાવાળી વસ્તુની અસત્તા કેમ હોય? જે સત્તા અસ્તિત્વતત્ત્વ ભગવાન આત્મા એ જ્ઞેયનું થઈ જાય તો પોતાની સત્તા રહે એમ કેમ બને? સમજાણું કાંઈ? આહા..હા..! '**એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી,...**' આહા..હા..! અસ્તિ સત્તાની અસત્તા કેમ થાય? સમજાણું કાંઈ? રાગ નામ શરીરને જાણે છે. એવો પરમાર્થ સંબંધ થઈ જાય તો તો એનો થઈ ગયો. પોતાની સત્તા તો રહી નહિ. આહા..હા..!

'**એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.**' ૧૦૩ ગાથામાં. કર્તા-કર્મની ૧૦૩ ગાથા નહિ? ... ૧૦૩. ૧૦૩. '**जो जम्हि गुणे**' ૧૦૩ છે. હિન્દી ૧૮૧ પાનું છે.

**जो जम्हि गुणे दव्वे सो अण्णम्हि दु ण संकमदि दव्वे।**
**सो अण्णमसंकमतो कह तं परिणामए दव्वं॥१०३॥**

**જે દ્રવ્ય જે ગુણ-દ્રવ્યમાં, નહિ અન્ય દ્રવ્યે સંક્રમે,**
**અણસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને? ૧૦૩.**

બીજાને પરદ્રવ્ય કેમ પરિણમાવે? શું પરદ્રવ્ય પોતાની પર્યાયને સંક્રમે છે? આહા..હા..! પરદ્રવ્યને પરિણમાવવામાં અંદર પોતાની સત્તાનો થોડો ભાગ દે છે ત્યાં? સમજાણું કાંઈ? નિર્વિભાગ સત્તામાં ભાગ હોતો નથી કે થોડી સત્તા એને દે અને થોડી સત્તા પોતામાં રાખે. સમજાણું કાંઈ? ગજબ વાત છે. આહા..હા..! કુંદકુંદાચાર્ય આદિ સંતો, દિગંબર મુનિઓ મહા, મહા... સમજાણું કાંઈ? એવી ચીજ. આહા..હા..! તારામાં તું રહે છો ભાઈ! શું જ્ઞેયરૂપ થઈ ગઈ? જ્ઞેયનો વ્યવહાર તો જાણવામાં આવ્યો. તો શું જાણવાની પર્યાય જ્ઞેયમાં ચાલી ગઈ? જ્ઞાનમાં જાય તો તારી સત્તાનો અહીં અભાવ થઈ જાય અને સત્તાનો અભાવ તો કદી થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો હિન્દી ચાલ્યુંને કે ગુજરાતી ચલાવું છે ભાઈ કહેતા હતા છગનલાલજી. એ બધા સાંભળવામાં હિન્દી છે. ... કીધું આપણે ગુજરાતી સમજો.

મુમુક્ષુઃ- ...

ઉત્તર :- ... હિન્દી તો પરમદિ' છેને હજી. કાલ તો રાખવા દ્યો. પરમ દિ' કોણ આવે છે. હવે

બહેનો પણ સમજે અહીં તો હવે ૩૯ વર્ષથી. હિન્દી ભાષા તો બહુ સાધારણ પ્રચલિત છે. શું આ લોકો સરકાર તો હિન્દી ભાષા કહે. રાષ્ટ્રભાષા કહેવાય.

મુમુક્ષુ :- ઇ અપેક્ષાએ બરાબર પણ બીજી અપેક્ષાથી કહેવાય.

મુમુક્ષુ :- જે ભાવ આવવા જોઈએ..

ઉત્તર :- ... ખ્યાલ રાખીને વાત કરે છે. જેવું ગુજરાતીમાં સ્પષ્ટ આવે છે એટલું હિન્દીમાં ન આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાષા જરી ગોઠવવી પડેને. તોપણ ચાલે છે હવે. હવે કાંઈ બહુ એવું નથી.

મુમુક્ષુ :- .. છે પણ એના જેવું નથી.

ઉત્તર :- શેઠ તો એમ કહે છે લ્યો. હિન્દીના હીમાયતી છે ઇ. આહા..હા..!

**'માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી...'** ભગવાન આત્મા પરને જાણવાના કાળે પણ પરરૂપ થઈને જાણે એમ છે નહિ. આહા..હા..! પોતામાં રહીને, પોતાના અસ્તિત્વમાં રહીને પરને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'(આગળ વિચારીએ :) જો ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી...'** ભગવાન જાણનારો જેને જાણે એરૂપ નથી. જેને જાણે એરૂપ નથી. વ્યવહારને જાણે તો વ્યવહારરૂપ છે નહિ આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રુતજ્ઞાનની વાત ચાલે છે આ તો. સાધકની વાત છેને? આહા..હા..! ભગવાન આત્મા રાગાદિ જે વ્યવહાર છે એને એરૂપે થઈને નથી જાણતો એ તો પોતાના રૂપમાં રહીને એને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહા..હા..! એ વ્યવહાર છે. આહા..હા..! ... વ્યવહાર જોડી દીધો.

કહે છે **'ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી...'** વ્યવહારનો નથી, રાગાદિનો નથી. એ નિમિત્તરૂપ જ્ઞેય છે એનો નથી. આહા..હા..! **'જો ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે.'** એ જાણનારનો જ જાણનાર છે. આહા..હા..! જાણનારો જ જાણનાર છે. **'(આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે?'** શિષ્યને પ્રશ્ન ઉઠ્યો જાણનારનો જાણનાર છે. જાણવાવાળો અને એને જાણનારો ... આહા..હા..! જાણાનારનો જ જાણનાર છે. જાણનારનો જ જાણનાર છે. તો શું જાણવાવાળાનો જણાવાવાળો છે? આહા..હા..! **'ચેતયિતાનો જ ચેતયિતા છે. (આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે? (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી,...'** ભગવાન કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય કહે છે કે એ ચેતયિતાનો ચેતયિતા જે છે એમ જો તમે કહ્યું, તો કોઈ ચેતયિતા બીજો છે અને એનો જ ચેતયિતા છે. સમજાણું કાંઈ? એમ નથી.

**'તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.' 'તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.'** એ

ચેતયિતાનો ચેતયિતા એ તો બે સ્વસ્વામી. ચેતયિતાનો ચેતયિતા. ચેતયિતા એ સ્વામી, ચેતયિતા એનું સ્વ. સમજાણું કાંઈ? એ તો સ્વ-સ્વામીરૂપ અંશ જ છે. આહા..હા..! એ જાણનાર જાણનારનો છે એ તો સ્વસ્વામી અંશનો અંશ જ છે. **'અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?'** રાગ કરવાથી શું સાધ્ય છે? પણ રાગને જાણવાથી શું સાધ્ય છે? અને આત્મા આત્માને જાણે એમાં સાધ્ય શું છે? એમાં શું સત્ય સિદ્ધ થાય છે? આહા..હા..! સમજાણું કાંઈ? આ તો મસ્તી જ્ઞાનીની છે. આહા..હા..! **'અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી.'** જાણનારો જાણનારનો છે. એમા સત્ સિદ્ધ શું થયું? એ તો ભેદ થયો. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, જેઠાલાલજી! જુઓ, ભગવાનના જ્ઞાનની વહેંચણી. આહા..હા..!

મુમુક્ષુ :- બહુ કામ આજે

ઉત્તર :- આજે વરસાદ પણ આવ્યો. બહેનના દિવસે પણ આવ્યો હતો વરસાદ. અહીં પૂરું થયું અને વરસાદ આવ્યો પછી. લોકો કહે ઘી વરસે છે એમ કહેતા હતા. પંદર તારીખ. ... ત્યાં આવ્યું... લોકો એમ કહેતા હતા. આ તો સોનું વરસે છે. હા એ કહે છે. આહા..હા..! આ તો અમૃત વરસે છે આત્મામાં. સમજાણું કાંઈ? આહા..હા..! પ્રભુ કહે છે ચેતયિતા ચેતયિતાનો છે એવો વ્યવહાર કરવાથી શું સાધ્ય થાય છે? એમાં સાધ્ય શું અભેદ થયો? સાધ્યમાં શું આનંદ આવ્યો? એમ કહે છે. આહા..હા..! જુઓ આ દિગંબર સંતોની મસ્તીઓ. એની આ મસ્તી. આહા..હા..!

**'તો પછી જ્ઞાયક કોઈનો નથી, જ્ઞાયક જ્ઞાયક જ છે...'** જ્ઞાયક જ્ઞાયકનો જ છે. જ્ઞાયક જ્ઞાયક જ છે. એનો એ છે. જાણવાની પર્યાય એની એ છે. બીજી કોઈ છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## શ્રાવણ વદ-૧૧, શુક્રવાર, તા.૨૪-૦૮-૧૯૭૩
## ગાથા-૩૫૬ થી ૩૬૫, પ્રવચન-૪૭૯

## પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર સમયસાર. ખડીનો અધિકાર ચાલે છેને. કે આત્મા પરદ્રવ્યને જાણે છે એ વ્યવહાર કથન છે. ઓહો..હો..! આત્મા રાગાદિ વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ છે એને જાણે છે એ પણ વ્યવહારકથન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચીજ એની નથી. પરભાવ છે.

છે ખરી, પણ જ્ઞાનદૃષ્ટિથી વસ્તુ પરભાવ છે. ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિમાં એ છે નહિ. છતાં છે. તો એ છે એને જાણે છે એમ વ્યવહારનયમાં બારમી ગાથામાં આવ્યું હતું. વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે. અહીં કહે છે કે વ્યવહારને જાણે છે એ પણ ઉપચાર વ્યવહાર છે. આહા..હા..! ગજબ વાત છે. માર્ગ એવો છે. અભેદ ચીજ અંદર જ્ઞાયકભાવ એવી દૃષ્ટિમાં વળી આ જ્ઞાયક રાગને જાણે એ વ્યવહાર ક્યાંથી આવ્યો? પંડિતજી! આહા..હા..! સમજાણું કાંઈ? એ તો ઠીક આત્મા પોતાને જાણે છે. આહા..હા..!

**'એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;...'** આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા આત્માને જાણે છે એમાં પણ વ્યવહારભેદ આવ્યો. સ્વસ્વામી અંશ. સ્વ પોતાનો સ્વભાવ આદિ પર્યાય અને સ્વામી એનો આત્મા. એ તો એનો એ રહેશે. છતાં એક આત્મા આત્માને જાણે છે એ પણ વ્યવહાર થયો કહે છે. ભેદ થયોને ભેદ! ઓહો..હો..! સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાને જ્ઞાયકને જ્ઞાયક જ જાણે છે બસ. આહા..હા..! અહીંયાંથી ધર્મની શરૂઆત થાય છે. સમજાણું કાંઈ? વ્યવહાર ક્રિયાકાંડથી તો ધર્મ થતો નથી, શુભભાવ, પણ શુભભાવને જાણવો એ પણ વ્યવહાર છે. આહા..હા..! અને આત્મા પોતાને જાણે એવો ભેદ પણ વ્યવહાર છે. આહા..હા..! શેઠ! ભેદ છેને? તો અખંડ અભેદ છે. જ્ઞાયક જ્ઞાયકને જાણે છે એમ બે ભેદ ક્યાંથી થયા? એ તો જ્ઞાયક જ્ઞાયક જ છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વિષય છે સર્વવિશુદ્ધજ્ઞાન. સમ્યગ્દર્શનમાં આત્મા આત્માને જાણે છે એવો ભેદ પણ એનો વિષય નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં નિમિત્ત તો એનો વિષય નથી, રાગનો વ્યવહાર તો વિષય નથી, પણ વ્યવહારને જાણે છે એ પણ વિષય નથી, પણ આત્મા આત્માને જાણે એવો ભેદ પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. બહુ ઝીણી વાત! આહા..હા..! માર્ગ વીતરાગનો. લોકોને આ પ્રવૃત્તિ આ કરો ને આ કરો. જ્ઞાનને જોડી દીધો, ભાઈ હમણા કહેતા હતાને. છાપવાળા ઇંદોર. છાપખાનાવાળા.

મુમુક્ષુ :- નવી દુનિયાવાળા

ઉત્તર :- હા એ. નવી દુનિયાનું છાપું બહાર પાડે. એ કહેતા હતા કે અમે તો એવું જોડી દીધું હતું. વાત સાચી.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ એને એમ કહેવું કે આત્મા આત્માને જાણે એ પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. કેમકે એ તો જ્ઞાયક ચેતનથી જ્ઞાયક ધ્રુવ ધ્રુવ છે ઇ છે. આહા..હા..! એવી દૃષ્ટિ થવી એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન ભૂમિકા ધર્મની કહેવામાં આવે છે. આહા..હા..! અને એવા સમ્યગ્દર્શન વિના કોઈ વ્રત ને તપ ને પંચ મહાવ્રત બધા નિરર્થક છે. આહા..હા..!

મુમુક્ષુ :- આપ તો એમ કહો છે કે એ હોય તોપણ રાગ છે.

ઉત્તર :- રાગ છે. હોય તો સમ્યગ્દૃષ્ટિને હોય તો એ રાગ છે, પણ એ રાગને જાણે એ પણ અહીંયાં નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, દોષ જોવો, દોષ જોવો કહેતા હતાને.

આ તો અહીં આવ્યું વળી. દોષ છે એને જાણે, પણ જાણવું એ પણ વ્યવહાર છે. આહા..હા..! ઘાસીલાલજી! ... છે. પોતાનો માનવો એ તો મિથ્યાત્વ છે. વ્યવહારમાં રાગાદિનો ભાવ પોતાના સ્વરૂપમાં છે એમ માનવું તો મિથ્યાત્વ છે, પણ રાગ નથી એમ માનવું પણ મિથ્યાત્વ છે. કેમકે એને પર્યાયની દૃષ્ટિ થઈ નથી. અને રાગ છે તો એને જાણવો એ પણ વ્યવહાર છે. આહા..હા..! કરવું તો છે જ નહિ. સ્વરૂપચંદભાઈ! ભારે ઝીણું! અરે..! જગતને તત્ત્વ મળવું. આહા..હા..!

જુઓને શું કહે છે? **"આત્મા પરદ્રવ્યને જાણે છે'-એ વ્યવહારકથન છે;...'** ભાઈએ બતાવ્યું? સમજાણું કાંઈ? ઓહો..હો..! ઇ રાગ પણ ખરેખર તો પરદ્રવ્ય છે. આહા..હા..! હજી પર્યાય પરદ્રવ્ય એ પછી. એ તો પછી. આહા..હા..! પોતાનો ભગવાન જ્ઞાયક સ્વરૂપ સ્વભાવ એને એમ કહેવું કે રાગનો કર્તા છે, એ નિમિત્તને મેળવે છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! પણ એ રાગ જે આવે છે એને જાણે છે એ પણ વ્યવહાર છે. એનાથી આગળ જઈને આત્મા આત્માને જાણે છે એ પણ ભેદરૂપ વ્યવહાર એ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહા..હા..! સ્વરૂપચંદભાઈ! એવી વાત છે બહુ ઝીણી. આહા..હા..!

**'એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;...'** વ્યવહાર તો અભૂતાર્થ છે. સત્ય નહિ. આહા..હા..! ભારે જગતને આકરું લાગે આ. અભ્યાસ નહિ અને એ વાત સાંભળવા મળી નથી તો વિચાર ક્યાંથી કરે? સમજાણું કાંઈ? ભગવાન તો અભેદ ધ્રુવ છે. ઓલું ભેદાભેદ છે એ જુદી ચીજ. પ્રમાણની વાત સાતમી ગાથામાં કીધુંને ભેદાભેદ. એ તો પ્રમાણ... પણ અહીં તો નય છે એટલી વાત નિશ્ચય. આ આત્મા આત્માને જાણે એવો પણ ભેદ ક્યાંથી આવ્યો? એમ કહે છે. એમાં તો વિકલ્પ ઉઠે છે. રાગને જાણે છે એવો પણ વિકલ્પ ઉઠે છે. બાર અંગનું જ્ઞાન કહે છે કે વિકલ્પ છે. આહા..હા..! અને બાર અંગમાં પણ સ્થૂળ કહ્યું છે. પંચાધ્યાયમાં આવે છે, ભાઈ! બાર અંગમાં પણ સ્થૂળ કથન છે. આહા..હા..! ગજબ વાત છે.

મુમુક્ષુ :- ગમે તેટલું કથન કરે

ઉત્તર :- કથન તો કેટલું? જુઓ, સિદ્ધ ભગવાન પૂર્ણાનંદનો નાથ અનંત આનંદ આદિ માહાત્મ્યનો પિંડ. આહા..હા..! એને કહે કે બાર અંગમાં, ભગવાનની વાણી આવી બાર અંગમાં. બાર અંગ હોં. જેમાં ચૌદ પૂર્વ સમાઈ જાય છે. એ બારમાં અંગમાં તો ત્રીજો ભાગ છે એના. એવા-એવા પાંચ ભાગ થઈને દૃષ્ટિવાદ છે. બારમાં. તો બાર અંગમાં પણ ઓહો..હો..! સ્થૂળ કથન છે કહે છે. આહા..હા..! પંચાધ્યાયમાં છે. પંડિતજી! પંચાધ્યાય વાંચ્યું છે? પંચાધ્યાય. એ બંડીજીને કહે છે. જુઓ હવે આ વાંચવું જોઈએને. થોડો વખત લેવો જોઈએ. હુશિયાર માણસને તો આ જરી વાંચન કરીને નિર્ણય કરવો જોઈએ. આહા..હા..! પંચાધ્યાયમાં એમ કહ્યું બાર અંગમાં સ્થૂળ વાત છે. કળશટીકામાં કહ્યું બાર અંગનું જ્ઞાન તો વિકલ્પ પરાશ્રય લક્ષે વિકલ્પ છે. આહા..હા..!

અહીં તો કહે છે કે આત્મા આત્માને જાણે એ પણ વ્યવહાર છે. આહા..હા..! એ તો કાઢી

નાખ્યું બાર અંગ પણ. હીરાભાઈ! માર્ગ તો આવો છે, ભાઈ! ભગવાન તો અરૂપી એકરૂપ સ્વરૂપી એકરૂપ. જ્ઞાયક તો જ્ઞાયક છે. અનાદિકાળથી એ તો જ્ઞાયક જ્ઞાયક જ રહ્યો છે. સમજાણું કાંઈ? અધ્યવસાય અનેરો કહે. ૨૦૦ ગાથા પ્રવચનસાર. આહા..હા..! ગજબ વાત છે. વ્યવહાર અને નિશ્ચયનું સ્વરૂપ જાણવું એ તો અલૌકિક વાત છે. કહે છે કે આ તો આત્મા સંયોગને જાણે છે, રાગને જાણે છે એ તો વ્યવહાર થયો. અને એમાં તન્મય થતો નથી, તન્મય થતો નથી પણ જાણે છે. સમજાણું કાંઈ? એ તો વ્યવહાર છે. પણ આત્મા પોતાને જાણે છે, આત્મા આત્માને જાણે છે. એ શું? એ તો જ્ઞાયક જ છેને. હવે એ આત્મા આત્માને જાણે. આહા..હા..! આત્મા કર્તા અને આત્મા જાણે એ એનું કાર્ય એવો ભેદ ક્યાં એમાં છે? એમ કહે છે એ તો. આહા..હા..! ..લાલજી! એવી ચીજ છે. એ સમજવાની ચીજ. આહા..હા..! મનુષ્યદેહમાં ...

મુમુક્ષુ :- .. એ પણ વ્યવહાર છે.

ઉત્તર :- વ્યવહાર છે. આહા..હા..! ભેદ થયોને? આત્મા આત્માને જાણે, ચેતયિતા ચેતિયાતને જાણે એવો ભેદ થઈ ગયોને? ચેતયિતા ચેતયિતા બસ છે. આહા..હા..! એ અભેદ ચીજ એ સમ્યગ્દર્શનનો ધ્યેય અને વિષય. એ માટે આ વાત લીધી છે. આહા..હા..!

“**જ્ઞાયક જ્ઞાયક જ છે’-એ નિશ્ચય છે.)**’ એક બોલ થયો. બીજો બોલ. ‘**વળી (જેવી રીતે જ્ઞાયક વિષે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતથી કહ્યું)**’ દૃષ્ટાંત નામ દાખલો અને દાષ્ટાંત નામ સિદ્ધાંત. ‘**એવી રીતે દર્શક વિષે કહેવામાં આવે છે :**’ શ્રદ્ધા અને દર્શક બેય એમાં સમાઈ જાય છે. ‘**એવી રીતે દર્શક વિષે કહેવામાં આવે છે : આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે.**’ ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્યે પણ સંસ્કૃત ટીકા આખી લીધી. એક-એક બોલ બધા લીધા. ‘**આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું...**’ પરિપૂર્ણ સ્વભાવવાળું દ્રવ્ય છે. ‘**ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે (અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે). હવે, ‘શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?’-એમ તે બન્નેનો તાત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે : જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ :**’ એ આવી ગયું આપણે. પણ એમ આખી ટીકા મૂકી સંસ્કૃત તો આપણે વાંચવું તો જોઈએને. સમજાણું કાંઈ? આહા..હા..!

‘**જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : ‘જેનું જે હોય તે તે જ હોય,...**’ જેનું જે હોય. જે ભીંતની ખડી હોય તો ભીંતરૂપ થઈ જાય. તો ભીંતની ખડી છે નહિ. ખડી તો ખડીની છે. આહા..હા..! જુઓ, ખડીનું દૃષ્ટાંત આપ્યું. સફેદ. સમજાણું કાંઈ? ‘**જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;’...**’ આહા..હા..! દૃષ્ટાંત પણ આત્માનું આપ્યું. ‘**આત્માનું જ્ઞાન હોવાથી...**’ આત્માનું જ્ઞાન હોવાથી ‘**જ્ઞાન તે આત્મા જ છે;...**’ આહા..હા..! ‘**આવો તાત્વિક સંબંધ જીવંત હોવાથી,...**’ લ્યો આ જીવંત આવ્યું. જીવંત પહેલા આવ્યું હતુંને? શું

નામ ઇ? બિયાના. બિયાના-બિયાના. બિયાનામાં ગયા હતાને. સીમંધરસ્વામીની નીચે લખેલું જીવંતસ્વામી. જીવંતસ્વામી વિદ્યમાન છેને. જીવંત કહે કે વિદ્યમાન કહે લ્યો. સમજાણું કાંઈ? જીવંત એટલે વિદ્યમાન પાછું અહીં લીધું. ત્યાં જીવંત સ્વામી લખ્યું છે. બિયાનામાં સીમંધર ભગવાનની પ્રતિમા છે વચ્ચે. ૫૧૬ વર્ષ પહેલાની. ૫૧૬ વર્ષ પહેલાની. કોઈ કહે કે અહીં કેમ ભગવાનને પધરાવ્યા છે? ચોવીસ તીર્થંકરમાંથી કોઈ તીર્થંકર નથી? નવો માર્ગ કાઢવો છે નવો માર્ગ? એમ કહે. અરે..! ભગવાન! સાંભળતો ખરો. સમજાણું કાંઈ? એ તો ત્યાં પોપટભાઈ હતા. એણે કહ્યું કે આપણે સીમંધર ભગવાન પધરાવીએ.

મુમુક્ષુ :- એ તો ત્રણમાં આપણે નેમિનાથ ભગવાનને મૂકવા.

ઉત્તર :- પણ એણે આ સીમંધર ભગવાનને. એ ઉપર રાખ્યા. આ ચાર આવ્યુંને નેમિનાથ ભગવાન મોક્ષ પધાર્યા. સીમંધર ભગવાન પછી રાખ્યા. ૯૫. ૯૫માં થયુંને એ? મંદિર ૯૫માં થયું. નક્કી થયું પહેલું. પણ ૯૫માં થયુ એ. ૯૭માં. ૯૫માં નક્કી થયું ત્યાં. ૯૭માં.

**'એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય...'** જે ખડી જેની હોય એનો થઈ જાય. તો આત્માનું જ્ઞાન અને દીવાલની સફેદાઈ તો એ સફેદાઈ દિવાલરૂપ થઈ ગઈ. પોતાપણું રહ્યું નહિ. આહા..હા..! **'એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી,...'** સત્તાનો નાશ કેમ થાય? સત્તા છે... છે... છે... એ ન હોય ... ન હોય એમ કેમ બને? આહા..હા..! **'કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.'** ૧૦૩ ગાથામાં. **'માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી. (આગળ વિચારીએ :) જો ખડી ભીંત-આદિની નથી તો ખડી કોની છે? ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે?'** શિષ્યનો પ્રશ્ન છે. ખડીની ખડી તો ખડીની ખડી. ખડીની ખડી. હવે ખડીની ખડી તો બીજી કઈ ખડી છે કે એની ખડી છે? એમ શિષ્યે પ્રશ્ન કર્યો. આહા..હા..! **'(આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી,...'** ઉત્તર આપે છે. **'બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.'** ખડીની ખડી. સ્વામી થઈ ખડી અને ખડી એનો અંશ થયો. એ તો સ્વસ્વામી અંશનો ભેદ કર્યો છે. આહા..હા..! **'અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?'** એમાં તારું શું ફળ આવશે? આહા..હા..! વ્યવહારરત્નત્રયથી તને શું ફળ આવશે? દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પંચ મહાવ્રતના પરિણામથી તને શું લાભ થશે? પણ એને જાણવાથી તને શું લાભ થશે? પણ આત્મા આત્માને જાણે એમાં તને શું લાભ છે? એ તો ભેદ થઈ ગયો, એ તો વિકલ્પ થયો. આહા..હા..! દિગંબર સંતોની કથની તે આહા..હા..! ગંભીર... ગંભીર... ગંભીર વાણી. એક જણો કહે હું તો પંદર દિ'માં વાંચી ગયો સમયસાર. બહુ સારી વાત છે.

મુમુક્ષુ :- વાંચી નાખ્યું.

ઉત્તર :- વાંચી નાખ્યું. બસ. અરે..! ભગવાન! તને સમયસારનું વાચ્ય, શું સમયસાર છે એની

ખબર વિના તે વાંચી લીધું, વાંચી લીધું. વાંચીને છોડી દીધું. કે ઠીક આમ છે. અંદરમાં લાવ્યો કે નહિ? આહા..હા..!

'**અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી.**' જુઓ, આત્મા સ્વામી અને આત્માને જાણે. એનો એ અંશ. એવો ભેદ કરતા વિકલ્પ ઉત્પન્ન થાય છે. એમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સાધ્ય તને શાંતિ અને આનંદ-સાધ્યમાં એ ક્યાંથી આવ્યો? સ્વસ્વામી અંશમાં સાધ્યનું ફળ શું? આનંદ હોવો જોઈએ. એ તો આનંદ છે નહિ ભેદમાં તો. આહા..હા..! વ્યવહાર દયા, દાન, વ્રતાદિના પરિણામ એનાથી તો તને કાંઈ સાધ્ય નથી. પણ એને જાણવાથી પણ તને શું સાધ્ય થયું? આહા..હા..! અને એને જાણે એવો આત્મા. આત્મા આત્માને જાણે એમાં તને સાધ્ય આનંદ શું આવ્યો? સમજાણું કાંઈ? એ તો ભેદ થયો. ભેદમાં તો વિકલ્પ થયો અને વિકલ્પનું ફળ તો દુઃખ છે. આહા..હા..!

ભગવાન આત્મા અસ્તિ પૂર્ણ એ આત્મા જાણનારો જાણે, જાણનારને જાણે. આત્માનો આત્મા, આત્માનો આત્મા, જાણનારને જાણનારો, ચેતયિતાનો ચેતયિતા. આહા..હા..! એમાં તને લાભ શું થયો કહે છે. અહીં તો પૈસા-બૈસા જોઈને લાભ કહે છેને. લાભ સવાયા.

મુમુક્ષુ :- એ તો વેપાર-ધંધામાં. હવે સવાયા ન આવે.

ઉત્તર :- સવાયા કાંઈક કરતા હતા પહેલા લખતા હતા આમ. બારણા ઉપર લખતા હતા.

મુમુક્ષુ :- શુભ-લાભ.

ઉત્તર :- હા, ધૂળમાંય શુભ નથી. આહા..હા..!

અહીં તો કહે છે પરમાત્મા તીર્થંકરની દિવ્યધ્વનિનો સાર લઈને આ આચાર્યે સમયસાર બનાવ્યું. એ પરંપરાથી જે વાત ચાલતી હતી આત્માની એ જ વાત કુંદકુંદાચાર્ય કહે છે. ભગવાનના શ્રીમુખે સમવસરણમાં પણ એ વાત આવી. આઠ દિવસ ત્યાં રહ્યા હતા. સમજાણું કાંઈ? સાક્ષાત્ ભગવાન પાસે આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ બનાવ્યું. ભગવાનનો તો આ સંદેશ છે. આહા..હા..! કે આત્મા આત્માને જાણે એમાં તને શું લાભ છે? આહા..હા..! આત્મા વ્યવહારને કરે તો શું લાભ છે? એ તો ક્યાંય ચાલ્યું ગયું. ભાઈએ લખ્યું હતું. લાલભાઈએ. દીપચંદજી સાથે વાત થઈ હતી. દોષ દેખે એ તો બહુ સાધારણ વાત છે. ... દીપચંદજી.

મુમુક્ષુ :- હલકી વાત છે.

ઉત્તર :- એ તો હલકી વાત છે. મિથ્યાદૃષ્ટિની વાત છે એમ બધી. હીરાભાઈ! અરે..! આત્મા! શું કરે છે? આહા..હા..! પોતાનો પક્ષ સિદ્ધ કરવા શું કરે છે એની ખબર નથી. આહા..હા..! આ તો કહે છે ભાઈ! એ તો મિથ્યાદૃષ્ટિ કહે છે. દોષને જાણવા એ તો ક્યાંય રહી ગઈ વાત. પણ દોષને જાણવો તો ઠીક આત્મા આત્માને જાણે એ વાત દૂર રહી ગઈ. આહા..હા..! એય..! સ્વરૂપચંદભાઈ! આવી સ્વરૂપની વાત છે, ભગવાન! આહા..હા..! લોકોએ બહારમાં માથાકુટ કરી

જીવન ચાલ્યા જાય છે. બગાડી દે જીવન હોં. આહા..હા..! બાયડી માટે, છોકરા માટે, ધૂળ માટે, આબરૂ માટે. મરીને ઢોર થાશે પશુ. એય..! મનસુખભાઈ! આહા..હા..! એ વસ્તુનું સ્વરૂપ એવું છે. આહા..હા..! પરની મમતા, આ મારા એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! એ તો દૂર રહ્યું. સ્ત્રી, કુટુંબ, પરિવાર અને લક્ષ્મી પણ વ્યવહારનો રાગ એને મારો માનવો એ મિથ્યાત્વ છે. આહા..હા..! ભગવાન જ્ઞાયકસ્વભાવમાં એ વ્યવહાર ક્યાં છે? એ તો પરવસ્તુ છે. આહા..હા..! લાલભાઈએ કહ્યું હતું કે એમાં શું વિરોધ છે? સમજાણું કાંઈ? પણ લોકોને પોતાનો પક્ષ રાખીને પોતાની વાત સાચી છે એ સિદ્ધ કરવા કાંઈ કાંઈ કરે છે. આહા..હા..! અરે..! ભગવાન! શું કરે છો? ભાઈ! તારી મહિમા ભેદ પાડવામાં પણ તારી મહિમા નથી એમ કહે છે અહીં તો. આહા..હા..! ઘાસીલાલજી! શું આવ્યું? વ્યવહારને જાણવો એ કહે છે કે નહિ, આ શું છે?

મુમુક્ષુ :- બહુ દૂર રહ્યું.

ઉત્તર :- આહા..હા..! અહીં તો કહે છે કે વ્યવહારને જાણ્યો એ પણ વ્યવહાર, એ પણ વિકલ્પ ઉઠે છે. આહા..હા..! અને આત્મા આત્માને જાણે એ પણ વ્યવહાર. આહા..હા..! સમજાણું કાંઈ? ...લાલજી! આહા..હા..! ભાઈ! તારી ચીજ તો જ્ઞાનસ્વરૂપ પડી છેને અંદર? આહા..હા..! પરમ નિધાન પરમ નિધાન પ્રગટરૂપ આગળ રે. જગત ઓળંગી જાય જિનેશ્વર. એ આનંદઘનજીમાં આવે છે. સ્વરૂપચંદભાઈ! 'પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઓળંગી જાય જિનેશ્વર આ જ્યોતિ વિના જગદીશની, અંધો અંધ ભુલાય જિનેશ્વર. ધર્મ જિનેશ્વર ગાઉ રંગ શું? એ ભંગ મા પડશો રે પ્રીત પ્રભુજી પરમ નિધાન પ્રભુ મુખ આગળ રે' આહા..હા..! હે! તારી પર્યાયમાં મુખ આગળ એ મુખ ફેરવ તો સમીપમાં પડ્યો ભગવાન. આહા..હા..! સમજાણું કાંઈ? તારી વર્તમાન પર્યાયનું મુખ ફેરવ તો મુખ આગળ જ પડ્યો છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? આ માર્ગ છે, ભગવાન! એ જુવાનને કે બાળકને કે સ્ત્રીને કે કુંટુંબને કે કન્યાને બધાને આ સમજવું જોઈએ ભગવાન!

મુમુક્ષુ :- ઓલી તો બહારની વાત.

ઉત્તર :- હા એ તો બહાર ક્યાં ધૂળમાં સ્ત્રી નહિ, પુરુષ નહિ એ કાંઈ નથી. અહીં તો રાગ જ નથી પછી પ્રશ્ન શું? આ તો આત્માથી આત્માને જાણે એ પણ નહિ ત્યાં આ શું? આહા..હા..! કહો, પુનમચંદજી! હજી તો બહારની તકરારું. અરરર..! નહિ-નહિ આમ હોય, તેમ હોય. આહા..હા..! હજી ઓલા કહે દેશની ભક્તિ એ સર્વોત્કૃષ્ટ ભક્તિ. પ્રભુ! તું શું કરે છે ભાઈ! કોની પાસે આ માર્ગ તું કહે છો ભગવાન? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો પરમાત્મા જ્ઞાયક છે... જ્ઞાયક છે... એ તારી સમ્યગ્દર્શનની ભક્તિ છે. આહા..હા..! સમ્યગ્દર્શન અને આત્મા એવો ભેદ કરવો એ પણ કાંઈ નથી એમ કહે છે. આહા..હા..! ચંદુલાલજી! આ એવી વાત છે, ભાઈ! બહારમાં ધૂળ તો અનંતવાર મળી. મળી શું મમતા મળી.

ધૂળ તો ધૂળમાં રહે છે. આહા..હા..!

કહે છે કે **'સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?'** તને એમાં ફળ લાભદાયક ક્યાં આવ્યું? આહા..હા..! સમજાણું કાંઈ? **'કાંઈ સાધ્ય નથી.' 'કાંઈ સાધ્ય નથી.'** આહા..હા..! એમાં સમ્યગ્દર્શન કાંઈ પણ પ્રગટતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? શાંતિભાઈ! આવો માર્ગ પ્રભુ એય..! સોનગઢવાળાએ આમ કર્યું. સોનગઢની વાત છે કે આત્માની વાત છે? સોનગઢિયા એમ બોલે મારા. એ સોનાને કાટ નથી લાગતો. એમ ભગવાન આત્માને ભેદ નથી હોતો. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! સંતોએ જગતની પાસે માર્ગ સહેલો કરીને છોડી દીધો છે. આ માર્ગ છે, પ્રભુ! તું તારી ચીજને તપાસ. આહા..હા..! અને તપાસ અને તપાસવાળી ચીજ એમ બે પણ નથી. ભાઈ તો કહે છેને સોગાની પર્યાયમાં બેસીને આ ધ્રુવ છે... ધ્રુવ છે.. એ તો છેતરપિંડી થશે. એમાં શું તને હાથ આવશે? ધ્રુવ ભિન્ન રહી ગઈ અને પર્યાય ભિન્ન રહી ગઈ એ તો. આહા..હા..! આવે છેને? આહા..હા..! આ પર્યાયમાં રહીને આ ધ્રુવ આ પર્યાયમાં રહીને દૃષ્ટિ ત્યાં રાખીને આ ધ્રુવ ઇ કહે છે અહીં. આહા..હા..! આ દ્રવ્ય, જ્ઞાયક જ્ઞાયકને જાણે એ તો વ્યવહારબુદ્ધિ, પર્યાયબુદ્ધિ થઈ. આહા..હા..! તો પર્યાયમાં રહીને એવો તે ભેદ જોયો. પર્યાય અંતરમાં પ્રસરીને જ્ઞાયક તે જ્ઞાયક છે. એવી દૃષ્ટિ વિના સાધ્ય જે સમ્યગ્દર્શન અથવા શાંતિ એ ફળ નહિ આવે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે. જેમ આ દૃષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છે : આ જગતમાં ચેતયિતા છે તે દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે.'** દર્શનગુણથી અને શ્રદ્ધાગુણથી બેય સાથે લેવું. **'પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું દૃશ્ય છે. હવે,...'** હવે કૌંસમાં લે છે. પહેલી તો સામાન્ય વાત કરી. **''દર્શક (દેખનારો અથવા શ્રદ્ધનારો)...'** આહા..હા..! **'ચેતયિતા, દૃશ્ય (દેખાવાયોગ્ય અથવા શ્રદ્ધાવાયોગ્ય) જે પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?'-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે : જો ચેતયિતા પુદ્ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : 'જેનું જે હોય તે તે જ હોય,...'** વ્યવહાર જે અશુદ્ધ ઉત્પન્ન થયો, છે ખરી વાત. અશુદ્ધ. પણ કહે છે કે અશુદ્ધની સાથે અશુદ્ધને જાણ્યું તો એની સાથે સંબંધ શું છે? **'જો ચેતયિતા પુદ્ગલાદિનો હોય તો શું થાય...'** તો રાગ .. શું થાય? તે **'તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે : જો ચેતયિતા પુદ્ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : 'જેનું જે હોય તે તે જ હોય,...'** જેનું જે હોય તે તે જ હોય. **'જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી,...'** આહા..હા..! આત્માને જ્ઞાન તાત્ત્વિક સંબંધથી વિદ્યમાન સંબંધ છે. જીવતો સંબંધ છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? સાદી ભાષા પણ ભાઈ તત્ત્વની ગંભીરતા ઘણી. સમજાણું કાંઈ?

**'સંબંધ જીવંત હોવાથી, ચેતયિતા જો પુદ્‌ગલાદિનો હોય...'** ભગવાન આત્મા રાગનો, શરીરનો, વાણીનો હોય **'તો ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય...'** તો ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છોડીને રાગરૂપ થઈ જવો જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? રાગને જાણનારો રાગનો થઈ જાય તો તો ચેતયિતાનો ઉચ્છેદ થઈ ગયો. આહા..હા..! કહો, સ્વરૂપચંદભાઈ! આ તો બધું ઝીણું આવ્યું આ તો બહુ. **'આત્મા જ છે;'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ચેતયિતા જો પુદ્‌ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય...'** જ્ઞાનસ્વરૂપી ભગવાન જો રાગનો હોય તો રાગરૂપ હોવો જોઈએ. આહા..હા..!

**'એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.'** ૧૦૩ ગાથા. **'માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી. (આગળ વિચારીએ:) જો ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે. (આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે? (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.'** આહા..હા..! દેખનારો આત્મા અને શ્રદ્ધા કરનારો. સમજાણું કાંઈ? એ શ્રદ્ધા કરનારો આત્મા રાગનો હોય, રાગરૂપ થઈ જાય, શ્રદ્ધા સ્વરૂપથી તો નાશ થઈ જાય. પોતાની શ્રદ્ધા અને દર્શનરૂપ ભાવ છે એ સત્તાનો તો અભાવ થઈ જાય. આહા..હા..! સૂક્ષ્મ વાત ઘણી કરી છે. સમજાણું કાંઈ? આ તો સાંભળવાથી આત્મા જણાય તો સાંભળવામાં તો વાણી છે. સમજાણું કાંઈ? જો વાણીથી પમાય તો વાણીનો થઈ જાય એ તો. આહા..હા..! બહુ સિદ્ધાંત ભર્યો છે એમાં. દર્શક શ્રદ્ધા કરનારો અને દેખનારો રાગનો હોય તો રાગરૂપ થઈ જાય એ તો પરદ્રવ્યરૂપ થઈ ગયો, પોતાની સત્તાનો તો અભાવ થઈ ગયો. સમજાણું કાંઈ? નિર્વિભાગ ચૈતન્યદ્રવ્ય એમાં ભાગ પડી ગયો. પરમાં ગયો થોડો. આખો પરમાં ગયો એ તો. આહા..હા..! વાણીથી લાભ થાય એમ કહો તો વાણીરૂપ જ્ઞાન થઈ ગયું. આહા..હા..! એક પોતાની જ્ઞાન સત્તા વાણીરૂપ થઈ ગઈ. આહા.હા..! પોતાની સત્તાનો તો નાશ થયો. અને પોતાની ચૈતન્ય સત્તાનો તો કોઈ દિ' નાશ થતો નથી. સત્ છે, અવિનાશી ભગવાન એનો વિનાશ કેમ હોય? આહા..હા..!

**' ચેતયિતા નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?'** ઓહો..હો..! દેખનારો દેખનારનો છે એમાં એવો ભેદ-સાધ્ય શું છે? આહા..હા..! દેખનાર દેખનારનો છે. દેખનારો રાગનો નથી અને રાગને જાણે એ પણ નથી. આહા..હા..! **'સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?'** કહે છે કે શ્રદ્ધા કરનાર આત્મા રાગરૂપ થઈ જાય તો શ્રદ્ધા કરનારની ચીજનો જ અભાવ થઈ જાય અને ભેદરૂપ જો હોય. એમ કહે છે. દેખનારો અને શ્રદ્ધા કરનારો એ ભેદરૂપ થઈ જાય

તો અભેદનો નાશ થાય છે. સમજાણું કાંઈ? અહીંયાં સુધી લઈ ગયા. આહા..હા..! સ્ત્રી, કુટુંબ, પરિવારનો તો આત્મા નથી. આ સંબંધે રાગ ઉત્પન્ન થયો એ રાગનો પણ આત્મા નથી અને રાગને જાણવું એ પણ આત્મા નથી. એ રાગને જાણવો એ રાગને જાણવું એ તો પોતામાં રહીને જાણે છે. એ પોતાને જાણે છે, પરને જાણવું એમાં શું આવ્યું? સમજાણું કાંઈ? આહા..હા..! ભારે! દેખનારો આત્મા પોતાને દેખે છે. એવા ભેદથી શું લાભ થયો તને? ઓહો..હો..! ગજબ વાત કરે છે. એમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ક્યાંથી થશે તને? એમ કહે છે. કેમકે સમ્યગ્દર્શનનો વિષય જ્ઞાયક અભેદ એક છે. એકના તું બે ભેદ પાડે છે તો તને સમ્યગ્દર્શન સાધ્ય થશે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અમુલખચંદજી! શું આવ્યું? બહુ આવી ઝીણી વાત. સમાજને હવે બેસે? સમાજ તે આત્મા છે કે નહિ? આહા..હા..!

કહે છે ભગવાન! આત્મા પોતાને દેખે છે અથવા શ્રદ્ધા કરે છે. આત્મા પોતાને દેખે છે અને શ્રદ્ધાવાન, શ્રદ્ધાવાન શ્રદ્ધાને કરે છે. શ્રદ્ધા કરે છે, પોતાની શ્રદ્ધા કરે છે. આત્મા પોતાને દેખે છે અથવા પોતાની શ્રદ્ધા કરે છે. આહા..હા..! ભારે! પર્યાયબુદ્ધિ ઉડાવાની શૈલી! પર્યાયમાં રહીને એમ માન કે આ શ્રદ્ધાવાળો છે એ ભેદ તો પર્યાયમાં રહીને એવી વાત કરે છે. એમાં લાભ શું થયો તને? આહા..હા..! શ્રદ્ધા કરનારો શ્રદ્ધારૂપ છે અથવા શ્રદ્ધા કરનારો શ્રદ્ધા કરનાર જ છે. એ તો પર્યાયબુદ્ધિ થઈ. આહા..હા..! કથન શૈલી તે પણ કથનશૈલી. શ્રદ્ધા પરદ્રવ્યને દેખે છે અને પરદ્રવ્યની શ્રદ્ધા કરે છે એ તો વ્યવહારકથન છે. સમજાણું કાંઈ? વળી નયમાં એ આવે છે. કે દોષને રાગરૂપ પરિણમન કરે છે જીવ અને રાગરૂપનો ભોક્તા છે એ પોતાની પર્યાયમાં છે. એ જ્ઞાન એને જાણે છે એમ. વિષય એનો નથી એ. વિષય તો અભેદ છે. પણ અભેદથી જે દૃષ્ટિ સાથે જ્ઞાન પ્રગટ્યું એ જ્ઞાન અભેદને સ્વીકારે છે અને પોતાની પર્યાયમાં જેટલી દોષરૂપ પર્યાય પરિણમે છે એને જાણે છે કે આ પરિણમન મારું છે. કર્તૃત્વ અને ભોક્તા હું છું. એમ ગણધરદેવ પણ જાણે છે અને માને છે. આહા..હા..! ભારે આકરું! અનેકાંત માર્ગ સ્યાદ્વાદ. વળી કહેવું કે આત્મા આત્માને જાણે એ પણ નહિ. એ તો દૃષ્ટિના વિષયની વાત છે. પછી જે જ્ઞાન થયું એ જ્ઞાન ત્રિકાળને પણ જાણે અને પ્રમાણજ્ઞાન હોં. પેટામાં જેટલી પર્યાય રાગ જેટલો છે એ કર્તૃત્વનયથી મારી છે. એટલે કર્તૃત્વ મારું છે, પરિણમન મારું છે અને અકર્તૃત્વત્વથી પણ સાથે છે અને ભોક્તા રાગને ભોગવે એ પણ છે અને નથી ભોગવતો એ પણ સાથે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ચોથા ગુણસ્થાનની. એ ચોથા ગુણસ્થાનને પામવાની આ રીત છે.

મુમુક્ષુ :- લ્યો પહેલા ગુણસ્થાનમાં પામવાની વાત આવી.

ઉત્તર :- એમ કે આવી ઝીણી વાત કેવળીની છે. સંપ્રદાયમાં તો એ વાત ચાલતી નથી. ભાઈ તો કહેતા હતા. આ કરો... આ કરો... વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો, મંદિર બનાવો.

આહા..હા..! એ બહારનું કર્તાપણું તો ક્યાં રહ્યું? પણ રાગનું કર્તવ્ય મારું છે, કર્તવ્ય મારું છે એ પણ ક્યાં રહ્યું? પરિણમન છે એ કર્તવ્ય તરીકે છે એમ નથી. સમજાણું કાંઈ? પણ પરિણમન છે એને જ્ઞાન બરાબર જાણે છે. પરમાર્થવચનિકા. કીધુંને ભાઈ કાલે. પરમાર્થ વચનિકા. છેને પાછળ? મોક્ષમાર્ગ પ્રકાશકમાં પાછળ. વ્યવહાર લીધો છે. તો કહે છે કે ચોથેથી પાંચમે શુદ્ધાશુદ્ધ વ્યવહાર છે. શુદ્ધનું પણ પરિણમન છે અને અશુદ્ધનું પણ પરિણમન છે. મિશ્ર છેને એ? મિશ્રધર્મમાં પણ એ લીધું એ આત્માવલોકનમાં. ભાઈ દીપંચદજીએ. ધમ્માધમ. ધર્મ અને અધર્મરૂપ પરિણમન એ મિશ્રધર્મ છે. આહા..હા..!

જેટલા અંશે જ્ઞાયકના આશ્રયે પરિણતિ શુદ્ધ થઈ એ ધર્મ. અને જેટલા અંશે એ જ પર્યાયમાં પરનો આશ્રય છે એટલો શુભભાવ એ પણ અધર્મ. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં પણ આવે છે. જ્ઞાનીને વિષય-કષાયના પરિણામ પૂજા, ભક્તિના પરિણામ સવિકલ્પ છે. આવે છે. ઓહો..હો..! ગૃહસ્થોએ પણ (ગજબ કામ કર્યો છે) ટોડરમલજી. પરમાર્થવચનિકા બનારસીદાસની. કહે છે કે જેટલા અંશે રાગરૂપ ભાવ છે એટલો અધર્મભાવ છે. આહા..હા..! શ્રાવકને મિશ્રધર્મ છે. કાંઈક ધર્મદશા છે અને થોડી અધર્મદશા છે. એક પર્યાયના બે ભાગ. પણ એ ભાગનું સાચું જ્ઞાન ક્યારે થશે? કે જ્ઞાયકભાવની દૃષ્ટિ થયા પછી એ સાચું જ્ઞાન થશે. સમજાણું કાંઈ? તો પ્રમાણજ્ઞાન એનું સાચું હોય છે. આહા..હા..! આ પર્યુષણ આવે તો ઝીણું બહુ આવે ઝીણું. સાંભળે તો ખરા હવે અહીંયાં. આ તો ૩૯ વર્ષનું આ પર્યુષણ છે. ૩૯ વર્ષમું છે.

મુમુક્ષુ :- બહારમાં પ્રચાર નથીને.

ઉત્તર :- બહારનો પ્રચાર. અહીં મકાન બનાવ્યું પછી બહારનું શું કામ છે તમારે? અહીં બનાવ્યુંને.

મુમુક્ષુ :- .. પ્રચાર કરવો છે.

ઉત્તર :- પોતામાં કરવો છે પરમાં કરવો છે. સાગરમાં આવો એમ કે ત્યાં. ... શેઠ. આજે જ માગણી કરતા હતા. હવે નહિ. સમાજનું હવે અહીંનું તો કર પહેલા. આહા..હા..! રામજીભાઈનું કામ છે એ પૂરું તો કરે પહેલા. અને આ વરસાદ પણ આવ્યો હતો અનુકૂળ. એક તો ઓલા જોવા આવે. જોવા આવે. બહુ સારું થયું... સારું થયું...

મુમુક્ષુ :- જીવોનું કલ્યાણ થશે.

ઉત્તર :- આહા..હા..! આ અઢી ઇંચ વરસાદથી ઘણો ફેર પડી ગયો છે. કારણ કે મોલ ઠીક છે. નવ ઇંચમાં તો મોલ છેને? મોલ શું કહે છે? ફસલ. બહુ તાજી લીલી. એમાં આ અઢી ઇંચ આવ્યો બે ઇંચ અને ... લોકોને એમ થયું. ... લોકોને તો બહારથી એમ હોય પણ શાસ્ત્રમાં .. પંચ કલ્યાણક હોય ... સુકાળમાં હોવો જોઈએ. એવો લેખ છે. વસુબિંદુ કુંદકુંદાચાર્યના શિષ્ય. ... થઈ ગયા. આહા..હા..!

રાગના ભાવમાં આત્મા નાશ પામ્યો. અહીં તો કહે છે કે રાગને જાણવાથી પણ આત્મા નાશ પામ્યો. આહા..હા..! અહીંયાં તો આત્મા આત્માને જાણે એમાં પણ આત્મા નાશ પામ્યો. કહો, હીરાભાઈ! આહા..હા..! ભગવાન! તારું નિજ પદ તો અંદર પૂર્ણ પડ્યું છેને. આહા..હા..! એમાં ભેદ ક્યાં આવ્યો? વસ્તુ અખંડ છે પ્રભુ! એવી દૃષ્ટિ કરવી તો આત્મા પોતાને દેખે છે અને શ્રદ્ધા કરે છે એ કથનમાં પણ સ્વસ્વામી અંશરૂપ વ્યવહાર છે. આહા..હા..! દેખનાર દેખનારને દેખે છે. શ્રદ્ધા કરનારો શ્રદ્ધા કરનારની શ્રદ્ધા કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પણ પર્યાયબુદ્ધિમાં છે, વ્યવહાર એમ કહે છે. પર્યાયમાં ઉભા રહીને એ વાત કરી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'દર્શક દર્શક જ છે...'** દેખનારો ભગવાન દેખનાર જ છે. દેખનારનો દેખનાર છે એમ નથી. દેખનારો દેખનાર જ છે. આહા..હા..! દર્શક દર્શકનો છે? કે ના. એ ભેદ ક્યાંથી આવ્યો? **'દર્શક દર્શક જ છે...'** દેખનારો દેખનારનો નથી. દેખનાર દેખનારનો જ છે. આહા..હા..! દર્શક જ છે. બહુ ફેર છે હોં આટલી વાતમાં. દેખનાર દેખનારનો છે અને દેખનારો દેખનારો જ છે. બેમાં બહુ ફેર છે. આહા..હા..! એકમાં વ્યવહારબુદ્ધિ અને એકમાં નિશ્ચયબુદ્ધિ. આહા..હા..! સમજાણું કાંઈ? દેખનારની આ પર્યાય છે. આહા..હા..! અને આ પર્યાય દેખનાર તરફ જાય છે. આહા..હા..! કહે છે એ પણ વ્યવહાર થયો. ધ્રુવથી અલગ રહીને પર્યાયમાં આ ધ્રુવ છે એ શું લાભ થયો તને? આહા..હા..! પર્યાયમાં ધ્રુવ ઉપર પ્રસરવાથી એ જ્ઞાયક દર્શન દર્શન જ છે. શ્રદ્ધા કરનારનો શ્રદ્ધા જ છે. શ્રદ્ધા કરનારો શ્રદ્ધા કરનાર જ છે એમ શ્રદ્ધા કરનાર શ્રદ્ધા જ છે. શ્રદ્ધા કરનારો શ્રદ્ધા જ છે. આહા..હા..! પર્યાયમાં સમ્યગ્દર્શન થયું તો અભેદ ઉપર દૃષ્ટિ હોવાથી સ્વભાવ તો શ્રદ્ધા કરનારો શ્રદ્ધા કરનાર જ છે. આહા..હા..! એવી પર્યાયમાં સમ્યગ્દર્શન અને શ્રદ્ધા ઉત્પન્ન થઈ. આહા..હા..! ઝીણું છે ભગવાન! બહુ ઝીણું. ઓહો..હો..! **'દર્શક દર્શક જ છે-એ નિશ્ચય છે.'** ત્રણ બોલ થયા. જ્ઞાયક, દર્શન અને શ્રદ્ધા ત્રણ બોલ થયા.

**'વળી (જેવી રીતે જ્ઞાયક તથા દર્શક વિષે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતથી કહ્યું) એવી જ રીતે અપોહક (ત્યાજક, ત્યાગ કરનાર) વિષે કહેવામાં આવે છે :'** ધીરેથી સાંભળવાની વાત છે ભગવાન! એક ન્યાય થોડું ફરે તો આખી દૃષ્ટિ ફરી જાય છે એમ કહે છે. **'આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વેત્ય છે (અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે). હવે, 'શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?'-એમ તે બન્નેનો તાત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે : જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્વિક સંબંધ જીવંત હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ); એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.'** સ્વદ્રવ્ય રહેતું

નથી, પરદ્રવ્યરૂપ થઈ જાય છે. **'પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી. (આગળ વિચારીએ :) જો ખડી ભીંત-આદિની નથી તો ખડી કોની છે? ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી એવી બીજી કોઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?'** આ તો દૃષ્ટાંત છે હોં.

**'તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-'** આહા..હા..! આ કેવળજ્ઞાનની વાત નથી કપુરચંદજી! આવી વાત ઉંચી એમ કહે. આહા..હા..! જૈનદર્શને એવું સંપ્રદાયમાં મૂક્યું છે. અજૈન તરીકે મૂક્યા છે. જૈન પરમેશ્વર વીતરાગભાવ એ કેમ થાય એ વાત છોડીને બાકી આ કરો... આ કરો... આ કરો... એ અજૈનદર્શન છે. આહા..હા..! **'જેમ આ દૃષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છે :'** હવે સિદ્ધાંત કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ-૧૨, શનિવાર, તા.૨૫-૦૮-૧૯૭૩
## ગાથા-૩૫૬ થી ૩૬૫, પ્રવચન-૪૮૦

## પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

આ સમયસાર. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ..નો અધિકાર ચાલે છે. જ્ઞાન, દર્શન અને શ્રદ્ધા ત્રણની વાત આવી ગઈ. હવે પરનો ત્યાગ આત્મા કરે છે તો ત્યાગનો જ આત્મા છે કે ત્યાગથી ભિન્ન આત્મા છે? એ વાત ચાલે છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ, શરીર, વાણી વગેરે. એનો આત્મા ત્યાગ કરે છે તો એ ત્યાગ કરનારી ચીજનો આત્મા છે કે એનાથી ભિન્ન છે? એ વાત ચાલે છે. સૂક્ષ્મ વિષય છે. ચારિત્રનો વિષય છે.

**' આ જગતમાં જે ચેતયિતા છે...'** આત્મા જે છે **'તે, જેનો જ્ઞાનદર્શનગુણથી ભરેલો,...'** જ્ઞાન, દર્શન એવો જે ગુણ એનાથી પરિપૂર્ણ .. દેખે છે. આહા..હા..! **'પરના અપોહનસ્વરૂપ**

**(ત્યાગસ્વરૂપ) સ્વભાવ છે એવું દ્રવ્ય છે.**' એ તો રાગ, શરીર આદિના ત્યાગસ્વરૂપ જ સ્વભાવવાળો છે. ત્યાગ કરવો એવી વસ્તુસ્થિતિ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાગ કરો... ત્યાગ કરો... ત્યાગ. ભગવાનનો માર્ગ ત્યાગનો છે એમ કહે છે લોકો. કહે છે કે જેનો ત્યાગ કરે છે એ '**વ્યવહારે તે ચેતયિતાનું અપોહ્ય (ત્યાજ્ય, ત્યાગવાયોગ્ય પદાર્થ) છે.**' નિશ્ચયથી તો પરનો સ્વભાવ જ આત્મા છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. રાગનો ત્યાગ કરું એવું સ્વરૂપમાં નથી. એમ કહે છે. રાગના ત્યાગસ્વભાવ સ્વરૂપ જ છે આત્મા. સમજાણું કાંઈ? ત્યાગમાર્ગ ભગવાનનો છે. ત્યાગમાર્ગ એવા મોટા લેખ આવે છે. ઓલા છોટાલાલજીનો મોટો લેખ આવ્યો છે. ઇંદોરવાળા ત્યાગ ઉપર પહેલો. હવે તો ... કોની પાસે.. અમુલખ. અમુલખભાઈને? .. માફી માગી. મારી ભૂલ થઈ ગઈ. ત્યાગ કોનો કરવો? શ્રદ્ધામાં પણ .. એમ કહે છે. કોનો ત્યાગ કરું, રાગનો, દયા, દાન, વ્રત, ભક્તિ, શુભાશુભભાવ એનો હું ત્યાગ કરું તો કહે છે કે એ ત્યાગ કરું એ એનો આત્મા છે કે હું ત્યાગ કરું. સમજાણું કાંઈ? શું આત્મા રાગનો છે? કે રાગનો હું ત્યાગ કરું? એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો જ્ઞાન-દર્શનગુણથી પરિપૂર્ણ પ્રભુ છે. આહા..હા..!

'**પરના અપોહનસ્વરૂપ (ત્યાગસ્વરૂપ) સ્વભાવ છે...**' દ્રવ્ય છે. રાગાદિ પરદ્રવ્યના ત્યાગસ્વરૂપ, અભાવસ્વરૂપ એ તો પદાર્થ છે. આહા..હા..! '**પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું અપોહ્ય (ત્યાજ્ય, ત્યાગવાયોગ્ય પદાર્થ) છે.**' વ્યવહારથી કથન કરવામાં આવે છે. વસ્તુ એવી નથી. આહા..હા..! લ્યો આ જૈનદર્શનનો ત્યાગ માર્ગ... ત્યાગમાર્ગ.. પણ શેનો ત્યાગ? સમજાણું કાંઈ? જેનો ત્યાગ કરવો છે એનાથી રહિત સ્વભાવવાળો છે. તો પછી ત્યાગ કરવો એ ક્યાં રહ્યું ત્યાં? એમ કહે છે. એ તો સ્વભાવમાં જે ફેર થયો રાગ સ્વભાવ(થી ભિન્ન) એ જ્ઞાન એ પ્રત્યાખ્યાન છે એમ કહ્યુંને? જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનમાં સ્થિર રહ્યો એટલે રાગની ઉત્પત્તિ થતી નથી એને ત્યાગ કરે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. નિશ્ચયથી તો રાગની સાથે દ્રવ્યસ્વભાવ સાથે તાદાત્મ્ય સંબંધ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પરદ્રવ્યનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે, વેપારનો ત્યાગ કરે, ધંધાનો ત્યાગ કરે. એનો અર્થ શું? એ ત્યાગ કરું છું એ ચીજ તારી હતી તે એનો તું ત્યાગ કરે? આહા..હા..! સમજાણું કાંઈ? જૈનદર્શનનું રહસ્ય સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ?

પુદ્ગલાદિ કે રાગાદિ બધા '**વ્યવહારે તે ચેતયિતાનું અપોહ્ય (ત્યાજ્ય, ત્યાગવાયોગ્ય પદાર્થ) છે.**' પરમાર્થે તો પરદ્રવ્ય સ્વભાવથી રહિત જ પોતાનો સ્વભાવ છે. ચૈતન્યપુંજ પ્રભુ જ્ઞાનાનંદ, સહજાનંદ અને વીતરાગમૂર્તિ આત્મા છે. વીતરાગમૂર્તિ જ આત્મા છે. એમાં રાગનો ત્યાગ કરું એ વસ્તુમાં નથી. આહા..હા..! લ્યો આ ત્યાગની વાત આવી આજે. ત્યાગ કોનો કરવો? પોતામાં છે નહિ એનો ત્યાગ કરવો? પોતામાં છે એનો ત્યાગ કરવો? પોતામાં કહ્યુંને જ્ઞાનદર્શન ગુણથી પૂર્ણ આત્મા છે. એનો ત્યાગ કરવો? અને જે રાગાદિ એમાં છે નહિ એનો ત્યાગ કરવો?

પંડિતજી! આહા..હા..! સમજાણું કાંઈ? એ વસ્તુ એ રાગ અને સ્વભાવ વિકારના અભાવસ્વભાવસ્વરૂપ જ વસ્તુ છે. અભાવ કરું તો શું તારી ચીજમાં હતો એ? અને એ વસ્તુમાં તાદાત્મ્ય હતો તું? એકરૂપ હતો તો હું છોડું? સ્વરૂપચંદભાઈ! આ ઝીણી વાતું છે. આહા..હા..! ધર્મને નામે પણ.

મુમુક્ષુ :- લુંટાણા છે.

ઉત્તર :- લુંટાણા છે. આહા..હા..! એ વસ્તુ શું છે એને દૃષ્ટિમાં તો લીધી નથી. વસ્તુ ભગવાન આત્મા જેમ પોતાના જ્ઞાનથી પરને જાણે છે એ પણ વ્યવહાર છે. એમ દર્શનથી પરને દેખે છે અને શ્રદ્ધે છે પરને એ પણ વ્યવહાર છે. ખરેખર એ અંદરમાં છે નહિ. આહા..હા..! એમ રાગનો ત્યાગ કરે છે આત્મા એ તો વ્યવહારકથન, વ્યવહાર વિકલ્પ છે. વસ્તુ એમાં છે નહિ. આહા..હા..! એ તો ચારિત્રસ્વરૂપ જ આત્મા છે. વીતરાગસ્વરૂપ જ આત્મા છે. એ અકષાયભાવસ્વરૂપ એ આત્મા છે. એમાં કષાયનો તો અભાવસ્વભાવસ્વરૂપ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? દેવીલાલજી! ભારે વાત! આ ત્યાગ કરો... ત્યાગ કરો... કોનો ત્યાગ? પોતાની ચીજનો ત્યાગ? એ ચીજનો ત્યાગ તે પોતાની હતી? પોતામાં છે? પોતામાં સ્થિર રહી હતી? કે પોતાની છે એને છોડો. એ રાગાદિ સ્વભાવથી તો રહિત જ આત્મસ્વભાવ છે. ત્રણે કાળે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! ભારે વાતું ભાઈ! શું રાગની સાથે તાદાત્મ્ય સ્વરૂપ છે? રાગનો, પુણ્યનો, દયા-દાનનો ભાવ પણ પર છે. આહા..હા..! આ તો કપડા છોડો, આ છોડો, આ છોડો. એ ત્યાં નહોતા ભાઈ આપણે ગોંડલ. એક સાધુ નહિ ધારશીભાઈને ઘરે હતા. આવ્યા હતા. આ છોડો. એમ કરતા હતા.

મુમુક્ષુ :- વ્યાખ્યાનમાં કહેતા હતા.

ઉત્તર :- વ્યાખ્યાનમાં કહેતા હતા. આ છોડો. પણ શું છોડે? હવે સાથે તો ઘાસ રાખતા હતા અને મેથી રાખતા હતા. વાયુના .. ફળ મેથી-મેથી આ. મેથી નથી સમજતા? મેથી દાણા કસ્તુરી મેથી હોયને. તો એને વાયુનો રોગ હતો તો મેથી સાથે રાખતા. અને ઘાસ રાખતા હતા. ... લ્યો આ ત્યાગી.

મુમુક્ષુ :- .. હોય તો શું કરે?

ઉત્તર :- શું કરે? મરી જાય? એમ શિષ્ય કહે છે. સાધુપણું તે મરવું છે? શું કરવું એને? આહા..હા..! વીતરાગ સર્વજ્ઞનો માર્ગ તો બીજો છે. ..લખ્યું હતુંન઼ માર્ગમાં દુઃખ નથી, માર્ગ તો સુખરૂપ છે. પણ માર્ગ.. વાંચ્યું કે નહિ ભાઈ! કાગળ આવ્યો હતોને તમારા ઉપર? તમારા ઉપર. છાપેલો અહીં છે. છાપેલો મોકલે. એમ કે પોગળ ઉભું કરે છે. આહા..હા..! અહીં છાપેલો. નીચે ચાર લીટી સર્વજ્ઞ વીતરાગનો માર્ગ તો સુખરૂપ છે. એમાં દુઃખ ક્યાંથી આવ્યું? દુઃખનું વેદન માનનાર સર્વજ્ઞના માર્ગમાં તો છે નહિ. આહા..હા..! માર્ગ છે એ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એ તો સુખરૂપ છે. પણ જેમાં રાગ આવે છે એ શું ચીજ છે? આહા..હા..! ભીંત ભૂલ્યા છે જુઓ

વસ્તુની સ્થિતિ જ આખી .. દૃષ્ટિ વિપરીત. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો શેઠ આ એમ છે. આ માર્ગ પહેલા સમજવો કઠણ છે. સમજ્યા પછી રાખવો કઠણ છે.

મુમુક્ષુ :- અજીર્ણ થઈ જાય.

ઉત્તર :- અજીર્ણ. આ તો અજીર્ણ મટાડવાની ચીજ છે. આહા..હા..!

કહે છે કે ભગવાન આત્મા તો **'પરના અપોહનસ્વરૂપ (ત્યાગસ્વરૂપ) સ્વભાવ છે એવું દ્રવ્ય છે.'** છેને? **'પુદ્‌ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું અપોહ્ય (ત્યાજ્ય, ત્યાગવાયોગ્ય પદાર્થ) છે. હવે, 'અપોહક (ત્યાજક) ચેતયિતા,...'** અપોહકનો અર્થ ત્યાગ કરનાર ચેતયિતા એ **'અપોહ્ય...'** અપોહ્ય છેને? ત્યાજ્ય. અપોહક ત્યાગ કરનારો આત્મા ચેતયિતા એટલે એ ત્યાજ્ય જેનો થાય એનો એ છે? રાગનો ત્યાગ કરે છે તો રાગનો આત્મા છે? આહા..હા..! ભારે વાત ભાઈ! જૈનદર્શનનો વ્યવહાર સમજવો કઠણ બહુ. ખોટા માંધાતા ગોથા ખાય છે. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં બુદ્ધિ જાય એને વ્યભિચારી કહી છે. પણ વ્યભિચાર એ તો ઘણીવાર આવ્યું છે આત્મધર્મમાં. પદ્મનંદી પંચવિંશતિમાં આવ્યું. આમાં આવ્યું નિર્જરા અધિકાર ૨૦૩ શુભભાવ વ્યભિચાર છે. ૨૦૩ છે. રાગાદિ વ્યભિચાર છે. આહા..હા..!

મુમુક્ષુ :- એમ જ હોયને પરની સાથે સંબંધ...

ઉત્તર :- પરનો સંબંધ પણ વિકલ્પ એ તો આખો વિભાવ ત્રિકાળ ચૈતન્ય સ્વભાવનો પુંજ એનો વિભાવ એને સંબંધ શું છે? સંબંધ શું છે? આ વાત સમજવી કઠણ. ભગવાન. આહા..હા..! એકલો સ્વભાવ પરનો ત્યાગ સ્વભાવ સ્વરૂપ જ પદાર્થ છે. આહા..હા..! તો એમાં કહે છે કે રાગનો ત્યાગ કરવો એ ક્યાંથી આવ્યો? એમાં છે નહિ એનો ત્યાગ કરવો? સમજાણું કાંઈ? દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે તો દ્રવ્યની સ્થિરતા થાય છે. સ્થિરતા થાય છે તો રાગની ઉત્પત્તિ નથી થતી. એ રાગની ઉત્પત્તિ નથી તો રાગના સ્વભાવ વિનાનું જ દ્રવ્ય છે. ત્યારે તો રાગનો અભાવ કરીને સ્વભાવદૃષ્ટિ થઈ તો રાગનો અભાવ જ છે એમાં. આહા..હા..! ઝીણી વાત બહુ. અપોહકની વાત.

**'પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?'-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ...'** બન્નેનો શું? ભગવાન ચેતયિતા જે રાગાદિ ત્યાગ કરવાયોગ્ય વસ્તુથી તો અભાવ-સ્વભાવરૂપ છે. તો જે રાગાદિનો ત્યાગ કરે છે એનો આત્મા છે? પરદ્રવ્યનો છે કે નહિ? **'એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે :'** ઓહો..હો..! **'જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય...'** ભગવાન આત્મા જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ પ્રભુ છે. એ તો આગળ આવી ગયું અર્થમાં. તો જ્ઞાનદર્શન ગ્રહણ કરું સમજાણું કાંઈ? એ પણ જેમાં નથી. ગ્રહણ કરું શું? એ તો રૂપ છે એમાં. આહા..હા..! રાગભાવનો અભાવસ્વભાવરૂપ પદાર્થ છે. એ પદાર્થ રાગનો ત્યાગ કરનાર પદાર્થ એ રાગનો છે એ પોતાનો છે? રાગમય હો, પોતાનો જો રાગનો હોય તો રહેતો નથી. આહા..હા..! છોટાભાઈ! આવી ઝીણી વાત છે. અરેરે..! વીતરાગમાર્ગ જગતને સાંભળવા મળ્યો નથી. આહા..હા..! ક્યાં

ચાલ્યો જાય છે... ક્યાં ચાલ્યો જાય છે... લૂગડા ફેરવ્યા, અમે ત્યાગી થઈ ગયા. આહા..હા..! તો કહે છે કે પણ ત્યાગી તો અનાદિથી છે જ પરના અભાવસ્વભાવરૂપ. શું ત્યાગ કર્યો તેં? ત્યાગવાની વસ્તુ સાથે તારો તાદાત્મ્ય સંબંધ હતો? તાત્વિક સંબંધ હતો? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? હજી સમ્યગ્દર્શનની ખબર નથી એ આત્માને હું આને છોડી દઉં, એને છોડી દઉં એ સમ્યગ્દર્શનને છોડે છે. આ તો સમ્યગ્દર્શનને છોડવાનો અર્થ એ આવ્યુંને ૬૯માં પોતાની ઉદાસીન અવસ્થાને છોડે છે. ઉદાસીન અવસ્થા હતી તો છોડે છે? ૬૯.. સમજાવવા શું કરે? પોતાની વીતરાગ અવસ્થા હતી તો છોડે છે? શાસ્ત્રમાં એમ લીધું. રાગને પોતાનો માનનાર, રાગને જાણવું એવી ઉદાસીન અવસ્થા પોતામાં હોવી જોઈએ. એ ઉદાસીન અવસ્થાનો ત્યાગ કરીને. એનો અર્થ કે એ અવસ્થા ઉત્પન્ન થતી નથી. રાગ ઉત્પન્ન કરે છે તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ઝીણું છે, શોભાલાલજી!

મુમુક્ષુ :- એને જ સમજવું છે.

ઉત્તર :- હા, ઠીક કહે છે. આ દુર્લભ છે તે સમજવું એમ કહે છે. .. એ તો ચૈતન્ય પિંડ તો એકલી સમજનો પિંડ છે. એનો રાગના અભાવસ્વભાવ સ્વરૂપ જ પદાર્થ છે. જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ અને રાગના અભાવસ્વભાવસ્વરૂપ પદાર્થ. અસ્તિ-નાસ્તિ કરી. સમજાણું કાંઈ? આહા..હા..! ઓલી સપ્તભંગી ચાલે છેને પહેલી? કે સ્વથી અસ્તિ અને પરથી નાસ્તિ. એમ ભગવાન આત્મા આ તો વિચાર કરવાની ચીજ છે. અંતરમાં રમણતા કેમ થાય છે? એ રમણતા કાંઈ બહારથી આવે છે? અને રમણતા નહિ રાગનો ત્યાગ એનો આત્મા સાથે તાત્વિક સંબંધ હતો? તાત્વિક સંબંધ હોય તો છૂટે કેમ? સમજાણું કાંઈ? તો તાત્વિક સંબંધ નહોતો તો રાગનો ત્યાગ કરે છે તો એ રાગનો આત્મા હતો? આહા..હા..! ઇંદુલાલજી! એ વસ્તુ એવી છે. ત્યાં તમારા પરદેશમાં મળે નહિ, ...માં મળે નહિ આ વાતું. આહા..હા..! જુઓ આ વીતરાગ માર્ગ. જે દૃષ્ટિનો વિષય ભગવાન આત્મા સમ્યગ્દર્શનનું ધ્યેય એ વસ્તુ તો અખંડાનંદ પ્રભુ છે એ તો. એ આત્મા રાગનો ત્યાગ કરે એ તો વ્યવહાર કથન છે. રાગના સ્વભાવભાવથી રહિત તો એનો સ્વભાવ છે. હવે રાગથી રહિત સ્વભાવ છે એ રાગનો ત્યાગ કેમ કરે? સમજાણું કાંઈ?

**'તો શું થાય તે પ્રથમ વિચારીએ : 'જેનું જે હોય તે તે જ હોય,...'** જે રાગનો ત્યાગ કરે છે તો રાગનો હતો આત્મા? એનો હોય એ તો રાગરૂપ હોવો જોઈએ. ભગવાન જ્ઞાન-દર્શન પરિપૂર્ણ છે એ તો રહેતું નથી. મીઠાલાલજી! આહા..હા..! કહે છે **'જેનું જે હોય...'** જે રાગનો ત્યાગ કરે છે એ રાગનો આત્મા હતો? જો એનો હોય તો એરૂપ થઈ જાય. જેનું જે હોય એ રાગનું હોય તો એ રાગરૂપ થઈ જાય છે. શરીરનો ત્યાગ કર્યો તો શરીરરૂપ હતો? તો શરીરનો ત્યાગ કર્યો. નહિ. સમજાણું કાંઈ? કપડા છોડી દીધા. તો કપડા છોડ્યા એ કપડામાં આત્મા હતો? તાદાત્મ્ય સંબંધ હતો? તો કપડાના અભાવસ્વભાવરૂપ તો ચૈતન્યદ્રવ્ય છે. સમજાણું કાંઈ? એવો આહાર છોડી

દીધો, આવો આહાર અમને ન ખપે. તો કહે છે કે ભગવાન! એકવાર સાંભળતો ખરો. તારી ચીજ તો જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ પડી છે. અહીંયાં તો આગળ કહેશે કે જ્ઞાનદર્શનને ગ્રહું છું એ પણ વ્યવહાર છે. એ તો છે એ છે. સમજાણું કાંઈ? એમ જ્ઞાન જ્ઞાનને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. એમાં સાધ્ય શું આવ્યું? એમ ભગવાન આત્મા રાગના અભાવ-સ્વભાવસ્વરૂપ અને જ્ઞાનના જ્ઞાનદર્શનને ગ્રહણ કરે છે એમાં ભેદ આવ્યો, એમાં આત્મા ક્યાં આવ્યો? આહા..હા..! ઝીણી વાતું, ભાઈ! સમજાણું કાંઈ? હું રાગનો ત્યાગ કરું છું અને જ્ઞાનદર્શનને ગ્રહણ કરું છું. રાગનો આત્મા હતો તો તે ત્યાગ કર્યો તે? એનો હતો? અને જ્ઞાનદર્શનને ગ્રહણ કરું છું. તો જ્ઞાનદર્શન તો સ્વરૂપ છે જ. ગ્રહણ કરું છું જ્ઞાનદર્શનને એ આત્મા ક્યા રહ્યો? આહા..હા..! શેઠ! ઝીણી વાત છે. પૈસામાં ને પૈસામાં આખી જિંદગી ગાળી આ રળવું ને આ રળવું. આ બીજી ચીજ છે. શેઠ! આ બે શેઠ છેને. આ મોટા શેઠ છે, આ નાના શેઠ. ભગવાનદાસ શોભાલાલ. બુંદેલ ખંડના બાદશાહ. શેનાય બાદશાહ નથી. અહીં તો કહે રાગનો પણ બાદશાહ નથી એમ કહે છે. શેઠ! આહા..હા..!

મુમુક્ષુ :- આત્માનો બાદશાહ તો છે.

ઉત્તર :- એ તો બીજી ચીજ છે. ભગવાન આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનદર્શનસ્વરૂપ એનો તો સ્વામી છે. એનો સ્વામી છું એ પણ વ્યવહાર થઈ ગયો. સ્વસ્વામીસંબંધ. સમજાણું કાંઈ? પરનો તો સ્વામી નથી, રાગનો તો સ્વામી નથી, કર્મનો સ્વામી નથી, પણ ભેદનો સ્વામી આત્મા નથી. આહા..હા..! અખંડ જ્ઞાયકમૂર્તિ પૂર્ણાનંદ જેનું સ્વરૂપ એ ધ્રુવમાં હું આવી પર્યાય કરું એવું પણ ધ્રુવમાં ક્યાં છે? સમજાણું કાંઈ? આહા..હા..! એ ૩૨૦ ગાથામાં બહુ આવ્યું. ધ્રુવ ભગવાન ચૈતન્ય સ્વરૂપ એ તો વર્તમાન પર્યાય જે શુદ્ધ છે એનો પણ એ કર્તા નથી. આહા..હા..! પરિણમન પરિણમનનો કર્તા છે. ધ્રુવ ધ્રુવપણે રહે છે. સમજાણું કાંઈ? એમ ભગવાન જે જ્ઞાનદર્શન એનું સ્વરૂપ અલ્પજ્ઞ પણ નહિ. અલ્પજ્ઞપણું ક્ષયોપશમભાવ એ નહિ. એ આત્મા એટલો નથી. આહા..હા..! જાણવું અને દેખવું સ્વભાવસ્વરૂપ પરિપૂર્ણ સ્વરૂપ હોવા છતાં પરનો ત્યાગ કરે એમ કહેવું વ્યવહાર છે. પરમાર્થે તો રાગ અને વ્યવહારરત્નત્રય એ શુભરાગ છે એનો ત્યાગ સ્વભાવ જ એનો સ્વભાવ છે. સ્વભાવ એનો ત્યાગસ્વભાવ છે તો ત્યાગ કરવાનું ક્યાંથી આવ્યું? એમ કહે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. તોપણ સાંભળવી તો પડેને. આ તો ૩૯ વર્ષ થયા અહીંયાં. આ ૩૯મું પર્યુષણ છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

એક જ શબ્દ અને એક જ વાક્ય. બેડો પાર. તું તો જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છોને. એ તો બે. અહીંયાં તો સર્વ ગુણથી પરિપૂર્ણ છે. એ પરિપૂર્ણ છે એમાં અપૂર્ણતા પણ જ્યાં તાદાત્મ્ય સંબંધ નથી. આહા..હા..! તો અપૂર્ણતાનો ત્યાગ હું કરું. સમજાણું કાંઈ? ઇ અલ્પજ્ઞતાનો ત્યાગ કરું તો અલ્પજ્ઞ સાથે તાદાત્મ્ય સંબંધ હતો? એ અલ્પજ્ઞ હતો? એય..! આહા..હા..! ગજબ વાત છે...

પરમેશ્વર ત્રિલોકનાથ એની દિવ્યધ્વનિમાં આવ્યું એ કુંદકુંદાચાર્યદેવ જગત પાસે પ્રસિદ્ધ કરે છે. ભાઈ! તારું સ્વરૂપ બીજું છે. રાગનો ત્યાગ કરવો એ તારા સ્વરૂપમાં નથી. કેમકે રાગનો ત્યાગસ્વભાવસ્વરૂપ તો તારું છે. તો રાગનું સ્વરૂપ તારું છે? ચીમનભાઈ! આ ઝીણું છે તમારા કાયદા કરતા. કાયદા તો બધા ઘણા હોયને. ..ફલાના, ઢીકણાના. આહા..હા..!

કહે છે કે એકવાર તું દૃષ્ટિમાં તો જો. ભગવાન આત્મા તો જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છે. એ જ્ઞાનદર્શનમાં એકાગ્ર થા. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનદર્શનને હું પકડું છું. પકડવું-પકડવું ક્યાં છે? એ તો વળી યાદ આવ્યું. કહો, ચેતનજી! આવે છેને? લોકો ન સમજે. ભાષા જરી આકરું લાગે ભારે બધું લખાણ છેને. ... ... તો કાઢો. ... આહા..હા..! એમાં લખ્યું છે. શું કહ્યું છે? પકડવું. કોઈએ પૂછ્યું જ્ઞાનદર્શનને પકડવું. જ્ઞાનને પકડવું એમ કહો છોને? નવનીતભાઈ! વાંચ્યું છે કે નહિ? આ ... ... આહા..હા..! ભાઈ! તને ખબર નથી, બાપુ! એ ચીજને ન જાણી તો દૃષ્ટિ ખોટી છે. આહા..હા..! ભાઈ! તને નુકસાન છે તને ખબર નથી. સામે (સોગાનીજીએ) જવાબ દીધો છે. પકડવું-પકડવું શું છે? ... ... પકડવું-પકડવું કાંઈ છે નહિ. જેમ છે એ ચીજમાં દૃષ્ટિ કરવી એ પકડવું. દૃષ્ટિ કર એ પણ વ્યવહારથી કહેવાય છે. આહા..હા..! એ તો પર્યાય પર ઉપર છે તો આ બાજુ વાળ એમ કહેવામાં આવે છે. આહા..હા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ! પણ હવે સમજવું તો પડશે કે નહિ. ઝીણી વાત લાગે પણ માર્ગ તો આવો છે. આહા..હા..! ... તમારે તો. ... આહા..હા..!

કહે છે કે ચારિત્ર જે છે એ તો રાગના અભાવ-સ્વભાવરૂપ છે. એ જ્ઞાનદર્શનસ્વરૂપ જે ભગવાન આત્મા છે એવું અસ્તિત્વ જે સત્તા એવો જ્યારે સ્વીકાર કર્યો એવો હું છું. ... પર્યાય કહે છે કે આ હું છું. ... એમ નહિ કે આ. એ તો પર્યાય તરફ વળ્યો એ તો પરિપૂર્ણ જ્ઞાન દર્શન અને આનંદ સ્વભાવથી, વીતરાગ સ્વભાવથી ભરેલો છે. એ વીતરાગ સ્વરૂપે જ્યાં ભરેલો છે એને રાગનો ત્યાગ કરવો એ આવતું જ નથી એમાં. ... આહા..હા..! અરે..! જિનેન્દ્રના પંથ તો જુઓ. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એણે કહેલું તત્ત્વ અલૌકિક તત્ત્વ છે.

કહે છે એ **'જેનું જે હોય...'** તો રાગાદિનો આત્મા છે? જેનો હોય તો તેરૂપ થઈ જાય. સમજાણું કાંઈ? રાગનો જો આત્મા હોય, શરીરનો હોય, કપડાનો હોય તો તેરૂપ થઈ જાય. આહા..હા..! **'જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;''** આત્મા જ છે. તમારી મેળે વાંચો તો સમજાય તેવું નથી આ. માટે વાંચવું નહિ એમ નથી કહ્યું હોં.

મુમુક્ષુ :- ત્યારે શું કરવું?

ઉત્તર :- વાંચવું. વાંચવ઼ુ઼ પૂછવું એમાં. એલા ચોપડાનો અભ્યાસ બહુ અને. આ અમારે અભ્યાસ નહિ. આહા..હા..! અહીં તો ... બધું આવેને એમાં. આહા..હા..! પ્રભુ! તું કોણ છો? ક્યાં છો? કેમ છો? કે હું તો રાગના અભાવ સ્વભાવસ્વરૂપ જ છું. જેનો મારામાં અભાવ છે એનો મારે

ત્યાગ કરવો ક્યાં રહ્યો? મીઠાલાલજી! આહા..હા..! હિંમતનગરના અગ્રેસર. આહા..હા..! એકમાં જ બેડો પાર છે. દૃષ્ટિના વિષયમાં કહે છે કે રાગનો ત્યાગ એમાં આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વસ્તુસ્થિતિ છે. વીતરાગમૂર્તિ પ્રભુ છે એમાં રાગનો ત્યાગ ક્યાંથી આવ્યો? વીતરાગ... વીતરાગ... વીતરાગ... આત્માનું સ્વરૂપ જ વીતરાગ. જ્ઞાતા-દૃષ્ટા કહો તો એમાં વીતરાગતા આવી ગઈ. સમજાણું કાંઈ? જો રાગાદિનો ત્યાગ કરનારો ચેતયિતા એ તો ભગવાન આત્મા જેનો હોય તો તેરૂપ થઈ જાય. જેમ આત્મા જ્ઞાન છે.. એમ રાગનો એ હોય તો રાગરૂપ થઈ જાય. પોતાની જ્ઞાન, દર્શન આનંદમૂર્તિ પ્રભુ એ તો ભિન્ન રહેતી નથી દૃષ્ટિમાં. સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ ભારે! લોકો બહારનો ત્યાગ દેખીને અર્પાઈ જાય છે .. દિવામાં પતંગીયા પડેને, પતંગીયા દિપક જોઈને એમ બહારથી ત્યાગ જોઈને અર્પાઈ જાય બધા. આહા..હા..! અંતરમાં વસ્તુ શું છે અને વસ્તુની દૃષ્ટિ શું છે, અનુભવ શું છે એની ખબર નથી.

મુમુક્ષુ :- ... ખબર નથી.

ઉત્તર :- એની પણ ખબર નથી. વાત સાચી. આહા..હા..! કોઈ વ્યક્તિને માટે વાત નથી હોં ભગવાન! આ તો વસ્તુસ્વરૂપ એવું છે. કોઈ વ્યક્તિની વાત કરવી એ વાત નથી. આહા..હા..! વસ્તુસ્થિતિ એવી છે. સમજાણું કાંઈ?

તો કહે છે **'આવો તાત્વિક સંબંધ જીવંત હોવાથી,...'** શું? કે આત્માનું જ્ઞાન થવાથી જ્ઞાન એ આત્મા જ છે. એવો તાત્વિક સંબંધ જીવંત-વિદ્યમાન છે. આહા..હા..! રાગનો જો આત્મા હોય તો રાગરૂપ થઈ જાય વિદ્યમાનપણે. પોતાની ચીજનો તો નાશ થઈ જાય. આહા..હા..! રાગનો ત્યાગ કરું એવી વિકલ્પદશા. એમાં આત્મા તો આવ્યો નહિ. સમજાણું કાંઈ? કારણ કે રાગ-વિકલ્પના જ અભાવ-સ્વભાવસ્વરૂપ છે. આહા..હા..! જીવંત-વિદ્યમાન હોવાથી **'ચેતયિતા જો પુદ્‌ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્‌ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ);...'** તો એ રાગ અને શરીરરૂપ જ હોવું જોઈએ. આહા..હા..! ઓલામાં લખ્યું છેને અનુભવપ્રકાશમાં. કે જો શરીરરૂપ આત્મા હોય તો આત્મા રૂપી જ થઈ જાય. સમજાણું કાંઈ? અને શરીર આત્મારૂપ હોય તો તો શરીર આત્મા થઈ જાય. શરીરરૂપ આત્મા હોય તો શરીરનું અરૂપીપણું આવે. અને અરૂપી શરીરરૂપ થઈ જાય તો બધાને દેખવામાં આવે આ આત્મા. એ તો દેખાતો નથી. ... સમજાણું કાંઈ? આવું ભારે! ...

કહે છે જેનું હોય એનું થઈ જાય એમ કહે છે. તો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ તો રાંકો થઈ ગયો. પોતાનો તો રહ્યો નહિ. આહા..હા..! બહુ સૂક્ષ્મ. આવી વાત વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા સિવાય ક્યાંય છે નહિ. દિગંબર સંતો કેવળજ્ઞાનના કેડાયતો એ છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનના પુત્ર હતા એ બધા. લઘુનંદન કહે છેને. સમકિતિને પુત્ર કહ્યા તો આ તો સાધુ હતા. સમકિતી લઘુનંદન છે. આવે છેને. 'જગમા હીં જિનેશ્વર કે લઘુનંદન.' સમ્યગ્દૃષ્ટિ તીર્થંકરના લઘુનંદન છે.

આહા..હા..! નાનો દીકરો. તો મુનિની તો શું વાત કરે? આહા..હા..! એ દૃષ્ટાંત સવારમાં નહોતું આવ્યું? જિનેશ્વર ... છે. મુનિ. આહા..હા..! ... ભાઈ! જેટલો રાગ છૂટ્યો, દૃષ્ટિ થઈ વસ્તુની. આહા..હા..! એ તો જ્ઞાતા-દૃષ્ટાથી ભરપૂર ભગવાન એને રાગ છોડું એવો વિકલ્પ પણ એમાં ક્યાં આવ્યો? જો રાગ છોડું એવો વિકલ્પ આવે તો આત્મા રાગરૂપ થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? નિશ્ચય સત્ ભગવાનનું કહેલું, અલૌકકિ વાત છે. આહા..હા..!

એ ...માં કહ્યું હતું આત્મા અને એના પર્યાયના પ્રદેશભેદ છે ભાઈ! પ્રદેશભેદ. વિકાર ... ઓલામાં ૩૨૦માં કથંચિત્ ભિન્ન છે એમ આવ્યું. સર્વથા અભિન્ન હોય તો પર્યાયનો નાશ થતાં જ્ઞાનનો નાશ થતાં આત્માનો નાશ થઈ જાય. ધ્યાન મોક્ષમાર્ગની પર્યાય આત્મા સાથે સર્વથા અબંધ હોય, અભિન્ન હોય તો દેખનારની પર્યાયનો અભાવ હોય તો એ દ્રવ્યનો પણ અભાવ થઈ જાય. ભારે વાતું, ભાઈ! આહા..હા..! ભાઈ! તારો ભેટો કરવો તો અલૌકિક છે. આહા..હા..!

કહે છે **'એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.'** જો રાગનો ત્યાગ કરે છે તો રાગનો હતો તો પોતાનો તો રહ્યો નહિ. આહા..હા..! શૈલી તે પણ શૈલી. લોજિકથી, ન્યાયથી બાપુ! આ સમજવાની વસ્તુ તો આ છે. એ વાસ્તવિક દૃષ્ટિ વિના બહારનો ત્યાગ કરે તો મિથ્યાત્વનું પોષણ છે. આહા..હા..! એને ત્યાગી માનીને સમ્યગ્દૃષ્ટિ કરતા ઉંચા માને લ્યો. આહા..હા..! બહુ ભૂલ, મોટી ભૂલ છે. કહે છે **'એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી,...'** સત્તા છે. જેનું હોવું ... છે એનો અભાવ ક્યાં છે? આહા..હા..! **' કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.'** ૧૦૩ ગાથા. **' માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્ગલાદિનો નથી.'** ભગવાન રાગનો નથી. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો જે રાગ છે એનો આત્મા નથી. આહા..હા..!

**' માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્ગલાદિનો નથી.'** એ આત્મા રાગનો છે જ નહિ. શરીરનો નહિ, વાણીનો નહિ, ગુરુનો નહિ, દેવનો નહિ. આહા..હા..! છોડું છું અને શ્રીગુરુના ઉપદેશથી ગ્રહણ કરું છું. ... આવ્યું સમજાણું કાંઈ? ચેતયિતા કોનો છે ત્યારે? **'જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી...'** જેનો ત્યાગ કરે છે એનો એ નથી. ... **'જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે.'** એ તો આત્મા આત્મા જ છે. **'(આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે...'** આત્માનો આત્મા છે. આત્માનો આત્મા છે તો આત્માનો આત્મા, આત્માનો અને બીજો આત્મા એ કોણ છે? આહા..હા..! આટલો ભેદ પણ વસ્તુને છોડી દે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ આત્મા આત્માનો છે તો ... **'(આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી,...'** આહા..હા..! **'પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.'** આત્મા જ્ઞાનદર્શનને ગ્રહણ કરે છે એ પણ બે અંશો થઈ ગયા. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાન, દર્શનને પકડે છે. પકડે શું? એ તો છે જ. સમજાણું કાંઈ? એવું જ્ઞાનદર્શન, એવો

ભગવાન આત્મા પોતાને ગ્રહે, આત્મા આત્માને પકડે **'પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?'** એનું ફળ શું? ઓહો..હો..! નિમિત્તથી તને શું લાભ? સંયોગથી તને શું લાભ છે? અને પર્યાયબુદ્ધિથી તને લાભ શો? ગુણગુણી ભેદ કરવાથી તને લાભ શું? આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા આત્માનો છે. આત્મા આત્માનો છે. તો એ આત્મા જ્ઞાન-દર્શનરૂપ એ આત્માનો છે એવો ભેદ ક્યાં રહ્યો? એ તો સ્વસ્વામી અંશરૂપ થયો. ભેદ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ?

**' અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?'** ઓહો..હો..! હું ગુણને ગ્રહણ કરું છું. તો ગ્રહણ કરનારો અને ગુણ તો બે ભેદ થઈ ગયા. સમજાણું કાંઈ? નગ્નપણું ગ્રહણ કરું છું એ તો ક્યાંય રહી ગયું. આહા..હા..! રાગને ગ્રહણ કરું એ તો ક્યાંય રહી ગયું, પણ ભગવાન આત્મા જ્ઞાનદર્શનને ગ્રહણ કરે છે. ગ્રહણ કરું છુંનો અર્થ શું? જ્ઞાનદર્શનરૂપ તો જ્ઞાનદર્શન તો છે. આહા..હા..! આ ઝીણું પડે માણસને સત્ય. પછી બીજે રસ્તે ચડાવી દીધા. આ કરો, વ્રત કરો, તપ કરો, ભક્તિ કરો, પૂજા કરો. સમ્મેદશિખર એકવાર જાય બાર મહિને. 'એકવાર વંદે જો કોઈ નરક પશુ ન હોઈ.' આવે છેને. શું થયું પણ એમાં?

મુમુક્ષુ :- પછી હળવે-હળવે મોક્ષ જાય.

ઉત્તર :- ઇ હળવે ધૂળેય ન જાય. સાક્ષાત્ સમવસરણની જાત્રા અનંતવાર કરી. ભગવાનની દિવ્યધ્વનિમાં ગયો હતો. સમવસરણમાં અનંતવાર. એમાં થયું શું? આહા..હા..! આકરું પડે ભાઈ! પોતાનો સ્વઆશ્રય લીધા વિના પરના આશ્રયે લાભ થાય એ (વાત છે નહિ) ... બહાર ... ત્યારે કહેતા હતા ... સવારે એમ કહેતા હતા નહિ? ...

અહીં કહે છે. આહા..હા..! ભગવાન આત્મા રાગનો ત્યાગ કરવા જાય તો પોતાની સ્થિતિ રહેતી નથી કહે. આહા..હા..! કહો, ચેતનજી! આહા..હા..! પ્રભુ! તારી ચીજ તો ભિન્ન અનાદિ-અનંત પડી છેને? એમ જ્યાં અભેદમાં દૃષ્ટિ થઈ બસ અંદરમાં એકાગ્રતા કરીને સ્થિરતા. એ પકડ્યું છે... સમજાણું કાંઈ? સ્વદ્રવ્યની દૃષ્ટિ થઈ. વસ્તુ તો પૂર્ણાનંદ પ્રભુ છે એમાં લીન થાય છે. પણ ચારિત્ર તો લીન હોય જ છે. એ સ્વરૂપ જ ચારિત્રમય છે એમ કહે છે. રાગના અભાવસ્વભાવસ્વરૂપ જ એ છે. આહા..હા..! એથી કહ્યુંને ત્યાં જ્ઞાન તે પચખાણ જ્ઞાન ૩૪ ગાથામાં કહ્યુંને ભગવાન એ જ્ઞાનમાં રહ્યું બસ એ જ્ઞાનરૂપ પરિણમન થયું એ પચખાણ, પચખાણ કોઈ બીજી. ચીજ છે નહિ. આહા..હા..! ભારે આકરું લાગે. હવે વેપારમાં રહેવું, આઠ કલાક ઉંઘવું, આઠ-દસ કલાક વેપારમાં રહેવું. એક-બે કલાક ત્યાં જાય દેરાસરમાં પૂજા-ભક્તિમાં જાય. હવે આ નિર્ણય કે દિ કરે? સ્વરૂપચંદભાઈ! મૂળ ચીજ આ છે.

કહે છે **'અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?'** ઓહો..હો..! હું ભગવાન આત્માને, જ્ઞાનદર્શનથી પકડું છું. એવા ભેદથી લાભ શું છે? આહા..હા..! પર્યાય એમ કહે આ

જ્ઞાન વડે પકડું છું એ પણ ભેદ છે. સમજાણું કાંઈ? પર્યાય એમ જાણે કે આ વસ્તુ ધ્રુવ છે. એને હું પકડું છું. આહા..હા..!

મુમુક્ષુ :- વ્યવહારથી

ઉત્તર :- વ્યવહાર. આહા..હા..! જુઓ આ સંતોની કથની.

**'કાંઈ સાધ્ય નથી.'** હું જ્ઞાનદર્શન જે પર્યાય છે એને પકડું છું. એવા ભેદથી પણ કાંઈ સાધ્ય નથી. આહા..હા..! પર્યાયનું દ્રવ્યમાં પ્રસરવું એ આ પર્યાયમાં દ્રવ્યનું પ્રસરવું એવો પણ ભેદ નથી. આહા..હા..! ભારે માર્ગ વીતરાગનો.

મુમુક્ષુ :- એ શબ્દો ...

ઉત્તર :- આ તો ભાષા વ્યવહારની આવેને. કથની તો એવી જ આવે. પર્યાયને અંદર લાવો સન્મુખ લાવો એનો અર્થ શું? ... કથનમાં કેટલું આવે? પર્યાય પર તરફ છે, તે સ્વ તરફ ઝુકે છે તેને સન્મુખ થાય છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! એકદમ નિશ્ચયનો અધ્યાત્મનો (માર્ગ) મુનિઓ સ્પષ્ટ કરે છે. દુનિયા ઝઘડા કરે કે ન કરે, એકાંત માને કે ન માને સ્વતંત્ર છે જીવ.

**'તો પછી અપોહક (અર્થાત્ ત્યાગ કરનાર) કોઈનો નથી,...'** આહા..હા..! રાગના ત્યાગ સ્વભાવવાળી ચીજ રાગના ત્યાગ સ્વભાવરૂપ છે જ નહિ. રાગનો ત્યાગ કરું એમ છે નહિ એમ કહે છે. એ તો ત્યાગસ્વભાવ છે જ. **'અપોહક અપોહક જ છે...'** ત્યાગ સ્વભાવ સ્વરૂપ ત્યાગ સ્વરૂપ સ્વભાવ જ છે. એમાં ત્યાગ કરવો રાગાદિનો એમ છે નહિ. આહા..હા..! બહુ સૂક્ષ્મ વાત છે. .. એવો માર્ગ છે. આ મનુષ્યપણા ... વાસ્તવિક તત્ત્વને જાણે, અનુભવે એનું નામ મનુષ્ય છે. બાકી મનુષ્યરૂપેણ મૃગા ચરંતિ. આહા..હા..! **'(આ રીતે અહીં એમ બતાવ્યું કે : 'આત્મા પરદ્રવ્યને અપોહે છે અર્થાત્ ત્યાગે છે'-એ વ્યવહારકથન છે;...'** વસ્તુસ્થિતિ એમ નથી. આહા..હા..! બાધા લો. બાધા સમજ્યા? પ્રતિજ્ઞા. પ્રતિજ્ઞા લે. બે ચીજ લઈશ, ફલાણું દૃષ્ટિ બહાર પડી છે. હું ગ્રહું છું, છોડું છું, એને છોડું છું. આહા..હા..! છુટેલી ચીજ પડી છે એને છોડું છું. સમજાણું કાંઈ? ... ઝવેરીની દુકાન દેખી એનો મને ત્યાગ છે. પણ ત્યાગ છે. તારી ચીજ ક્યાં હતી? આ ઝવેરાતની દુકાન હોયને. શું કહેવાય ઇ? માણેકચોક. માણેકચોકમાં નીકળે. આ ઝવેરાતની દુકાનનો મારે ત્યાગ છે. એનો તો અભાવસ્વભાવ સ્વરૂપ છે જ એ તો. આહા..હા..! કહે છે રાગાદિનો મને ત્યાગ છે. પણ રાગાદિથી રહિત તો તું છો એમાં ત્યાગ ક્યાંથી આવ્યો? આહા..હા..! સમજાણું કાંઈ?

**'એ વ્યવહારકથન છે; 'આત્મા જ્ઞાનદર્શનમય એવા પોતાને ગ્રહે છે'-'** સ્વરૂપ છેને એય જ્ઞાનદર્શનમય એવા નિજને ગ્રહણ કરે છે એમ કહેવામાં પણ સ્વસ્વામી (ભેદ) એવો વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ અધિકાર પરમ સત્ય. વીતરાગના શ્રીમુખેથી નીકળેલા કથન છે. આહા..હા..! **'એ વ્યવહારકથન છે; 'આત્મા જ્ઞાનદર્શનમય એવા પોતાને ગ્રહે છે'-એમ**

**કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;...'** સમજાણું કાંઈ? પર્યાય આત્મા તરફ પર તરફ ન વાળીને પર્યાય આત્મા તરફ વળે છે. એ પણ ભેદ થયો. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ તે માર્ગ! વીરનો માર્ગ એને જગત .. મેલો કરીને જગત પાસે મૂક્યો. આહા..હા..! એ વસ્તુની દૃષ્ટિ થવી ... એ જ કોઈ અપૂર્વ વાત છે. સમજાણું કાંઈ? હું તો ભગવાન સ્વરૂપ છું, દ્રવ્ય છું. જ્ઞાનથી આત્માને જાણે કે આત્મા જ્ઞાનને જાણે એ ભેદ પણ નથી. જાણનારો જાણે એમાં જાણવું ક્યાં આવ્યું? એમ દેખનારો દેખે છે એમાં નવું દેખવું શું આવ્યું? અને શ્રદ્ધા કરનારો શ્રદ્ધા કરે જ છે. એમાં નવું શું આવ્યું? એમ પરનો ત્યાગ કરનારો પરના ત્યાગસ્વરૂપ જ રહ્યો છે. એમાં પરનો ત્યાગ આવ્યો ક્યાંથી? ઓલા ચોપડા પડ્યા હોય એ બધા ફેરવે (ત્યાં સમજાય) અને આ ચોપડી ફેરવે તો સમજાય નહિ. એમ કહીને એને .. ન વાંચવું એમ કહે છે. સમજાણું કાંઈ? આપણને સમજાય નહિ. હવે ન સમજાય આટલું? ... સમજાય ... ચોપડાને. સમજાણું કાંઈ? આહા..હા..! ચારિત્રની વ્યાખ્યા અપોહક સ્વભાવ. એ જ્ઞાન જ્ઞાનરૂપ રહ્યો એમ કહે છે. એનું નામ રાગનો ત્યાગ એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ... જ્ઞાનસ્વભાવ-જ્ઞાનસ્વભાવ જ્ઞાનરૂપ રહ્યો એ જ અપોહક એ જ પરના ત્યાગસ્વભાવસ્વરૂપ રહ્યો. એવો .. સ્વસ્વામીઅંશ વ્યવહાર છે.

**'અપોહક અપોહક જ છે-'** પરના ત્યાગસ્વભાવ સ્વરૂપ દ્રવ્ય તો દ્રવ્યસ્વરૂપ પરના ત્યાગસ્વભાવસ્વરૂપ જ છે. એને પરનો ત્યાગ કરવો એ વસ્તુમાં છે નહિ. એવી દૃષ્ટિ અંદરમાં પરિણમવી .. આત્મા પ્રત્યે.. એનું નામ સમ્યગ્દર્શનરૂપી પ્રથમ ધર્મ છે. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન-૪૮૧માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

## શ્રાવણ વદ-૧૪, સોમવાર, તા.૨૭-૦૮-૧૯૭૩
## ગાથા-૩૫૬ થી ૩૬૫, પ્રવચન-૪૮૨

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. અહીંયાં શ્વેત ખડીનું દૃષ્ટાંત લીધુંને પહેલા. જ્ઞાનગુણનો વ્યવહાર કહ્યો. છે? ક્યાં છે શેઠ! આ શેઠને કહ્યું. જ્ઞાનગુણ વ્યવહારનો અધિકાર પૂરો થઈ ગયો. બસ એ

ત્યાં સુધી આવ્યું.

**'વળી (જેવી રીતે જ્ઞાન-દર્શન ગુણોનો વ્યવહાર કહ્યો)...'** જેમ જ્ઞાનનો સિદ્ધાંત સિદ્ધ કર્યો એમ દેખવું અને શ્રદ્ધવું. બે બોલ લેવા. દેખવું અને શ્રદ્ધવું. ઝીણા બોલ છે. એનો વ્યવહાર કહેવામાં આવે છે. પરને દેખે એમ છે નહિ. સમજાણું કાંઈ? પણ વ્યવહારથી એમ કહેવાય કે દર્શનગુણથી પરને દેખે. પરમાં વ્યાપ્યા વિના. સમજાણું કાંઈ? એમ શ્રદ્ધાગુણથી પરને શ્રદ્ધે એ અંદરમાં વ્યાપ્ય-વ્યાપક થયા વિના. વ્યાપ્ય-વ્યાપક સમજ્યા? પરની પર્યાય વ્યાપ્ય અને પોતાનો આત્મા વ્યાપક છે એમ છે નહિ. પરની પર્યાય કાર્ય છે અને પોતાનો આત્મા કર્તા છે એમ છે નહિ. આહા..હા..!

**'જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી,...'** આચાર્યોએ સંસ્કૃત ટીકા પ્રરૂપી છે. આહા..હા..! એક-એકને ભિન્ન કરીને. **'પોતે ભીંત આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી...'** એ સફેદ ખડી એ દીવાલ નામ ભીંત. ભીંતને પરદ્રવ્યના સ્વભાવથી પરિણમતી નહિ. ભીંતરૂપે ખડી નહિ હોવા છતાં (આત્મા) ભીંતરૂપ પરને જોવે અને શ્રદ્ધે એમ કહેવું વ્યવહાર છે. સમજાણું કાંઈ? પરને સફેદ કરે છે એમ કહેવું એ તો વ્યવહાર છે. કહે છે **'શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી...'** એ ખડી પરદ્રવ્ય જે ભીંત એ રૂપે નહિ થતી થકી. એ રૂપે થાય છે? એ તો ખડી ખડીરૂપે રહે છે. આહા..હા..! સમય સમયનો વિચાર સ્વતંત્ર સિદ્ધ કર્યો છે. ઓલામાં .. છે.

**'ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...'** ભીંત જેને શ્વેત કરે છે એમ કહેવામાં આવે છે. એમ દિવાલ આદિ ભીંતને નિમિત્ત છે. **'એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી,...'** એ શ્વેત પોતાના ગુણની પરિણતિથી ઉપજે છે. ભલે એમાં ભીંત નિમિત્ત હોય, પણ શ્વેત પોતાની પર્યાયથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? **'ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (-ભીંત આદિના-) સ્વભાવના પરિણામ વડે...'** હવે ભીંત જેને નિમિત્ત. ખડી જેને નિમિત્ત છે ભીંતને. પહેલા ભીંત ખડીની પર્યાયમાં નિમિત્ત કહેતા હતા છતાં ખડી તો પોતાથી ઉત્પન્ન થતી હતી. હવે ભીંતને ખડી નિમિત્ત છે. **'જેને નિમિત્ત છે એવા પોતાના (-ભીંત આદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા...'** ભીંત ભીંતની પર્યાયથી ઉત્પન્ન થઈ છે ત્યાં. **'ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના (-ખડીના-) સ્વભાવથી શ્વેત કરે છે...'** એ ભીંતને શ્વેત નિમિત્ત છે. છતાં ભીંતની પર્યાયરૂપ સફેદ થઈ નથી. અને ભીંતની પર્યાય સફેદાઈરૂપ થઈ નથી. સફેદાઈની પર્યાય, ખડીની પર્યાય ભીંતરૂપ થઈ નથી અને ભીંતની પર્યાય ખડીરૂપ થઈ નથી. છતાં એ ખડી એને સફેદ કરે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ રીતે દર્શનગુણ. અહીંયાં આવ્યું હવે આ. ભગવાન આત્મા દષ્ટાગુણથી તો પરિપૂર્ણ ભરેલો જ છે. એમ શ્રદ્ધાગુણથી પણ પરિપૂર્ણ ત્રિકાળ ભરેલો છે. શ્રદ્ધા ગુણ હોં, શ્રદ્ધા પર્યાય પછી. સમજાણું કાંઈ? આત્મા દર્શનગુણથી પરિપૂર્ણ ભરેલો છે અને શ્રદ્ધાગુણથી પરિપૂર્ણ ભરેલો જ છે.

તેમ ચેતયિતા પણ દર્શન દેખવાના ગુણથી ભરેલો, એની દૃષ્ટિ ત્યાં હોવાથી એમ કહે છે. જેમાં દર્શનગુણ પરિપૂર્ણ છે અને જેમાં શ્રદ્ધાગુણ પરિપૂર્ણ છે. ધર્મની દૃષ્ટિ ત્યાં હોવી જોઈએ. સમજાણું કાંઈ? કહે છે એ **'એવો ચેતયિતા પણ, પોતે પુદ્‌ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો...'** દર્શનગુણથી અને શ્રદ્ધાગુણથી આત્મા પરિપૂર્ણ ભરેલો છે. એવો આત્મા **'પોતે પુદ્‌ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો...'** એ શ્રદ્ધાગુણથી અને દર્શનથી ભરેલો એ પરદ્રવ્યરૂપે પરિણમતું નથી. એ શ્રદ્ધાગુણ અને દર્શનગુણ પોતાની પર્યાયરૂપ પરિણમે છે. પરરૂપથી પરિણમતો નથી. સમજાણું કાંઈ? છે અંદર? **'પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો અને પુદ્‌ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો,...'** અને ભીંત પણ પોતાની સફેદ પર્યાય પોતાના દર્શન-શ્રદ્ધામાં નહિ લાવતો થકો. શ્રદ્ધા કરનાર અને દેખનાર પર્યાય પરદ્રવ્યને પોતામાં નહિ લાવતો થકો, પોતાની પર્યાય એરૂપ નહિ કરતો થકો. આહા..હા..! ભાષા તો સાદી છે.

**'પુદ્‌ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...'** કોને? પોતાના દર્શનગુણથી ભરેલો પ્રભુ અને શ્રદ્ધાગુણથી ભરેલો આત્મા એનું જે પરિણમન થયું એમાં પરદ્રવ્ય નિમિત્ત કહેવામાં આવે છે, પણ પરદ્રવ્ય નિમિત્ત હોવા છતાં પણ પોતાની શ્રદ્ધા અને દર્શનગુણથી એ પ્રગટે છે. નિમિત્તની પર્યાયરૂપ ઉત્પન્ન થતો નથી. આ લોજિકથી તો વાત કરે છે પણ હવે, એય..! ચીમનભાઈ! ઝીણું છે આ ફેર આવ્યા.

મુમુક્ષુ :- એ ખબર પડી જાયને કે આ ઝીણું છે.

ઉત્તર :- કેટલીક વાર આવતા હોય તો ... બધું સરખું હોય? આહા..હા..!

કહે છે ભગવાન ત્રિલોકનાથ તારો આત્મા દર્શનગુણથી અને શ્રદ્ધાગુણથી ભરેલો છે તો સમ્યગ્દર્શન ભેદજ્ઞાનની વાત કરે છે. જેમાં પરદ્રવ્યથી અને રાગથી પોતાની ચીજ ભિન્ન છે એવું ભાન અને પ્રતીત અને દૃષ્ટાપણું પ્રગટ્યું છે. સમજાણું કાંઈ? તો કહે છે કે પોતાનો ભગવાન દર્શનગુણથી, દૃષ્ટાગુણથી પરિપૂર્ણ ભરેલો છે. અને શ્રદ્ધાગુણથી પરિપૂર્ણ ભરેલો છે. એવી જ્યાં દૃષ્ટિ થઈ ત્યારે શ્રદ્ધાગુણમાં સમ્યગ્દર્શનનું પરિણમન આવ્યું. અને દર્શનગુણમાં દૃષ્ટાપણાની પર્યાયનું પરિણમન થયું. એ પરિણમનમાં રાગાદિ વસ્તુ નિમિત્ત હોય, નિમિત્ત હોવા છતાં પણ પોતાનું શ્રદ્ધાગુણ અને દર્શનગુણથી ઉત્પન્ન થાય છે. નિમિત્તમાં ઉત્પન્ન અને નિમિત્તથી ઉત્પન્ન થતો નથી. આહા..હા..! ભારે વાત! શ્રદ્ધાગુણની પર્યાય અને દર્શનગુણની પર્યાય અવસ્થા સમય સમયની છે. ક્રમબદ્ધ પણ સિદ્ધ કર્યું. નિમિત્તથી ઉત્પન્ન નથી થતું એમ સિદ્ધ કર્યું અને રાગાદિ વ્યવહારથી પર્યાય નિશ્ચય નથી એમ ત્રણે પાંચ બોલની જે તકરાર છે એ બધા સિદ્ધાંત અહીં સિદ્ધ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યય અને નિમિત્તથી થાય છે એમ આવે છેને? એવું ક્રમબદ્ધ. જે સમયે આત્મા પોતાના દર્શન અને શ્રદ્ધાગુણથી ભરેલો હોવા છતાં

જ્યારે એની દૃષ્ટિ થાય ત્યારે પરિણમન થાય છે. પર્યાયમાં સમ્યગ્દર્શનની અને દૃષ્ટાગુણની પર્યાયરૂપ પરિણમન થાય છે. એ પરિણમનમાં રાગાદિ નિમિત્ત હોય, એમ હોવા છતાં શ્રદ્ધાગુણની અને દર્શનગુણની પર્યાય તો પોતાથી ઉત્પન્ન થાય છે. નિમિત્તથી નહિ, નિમિત્તમાં નહિ, નિમિત્તથી નહિ, નિમિત્તમાં નહિ. આહા..હા..! ... લાલજી! બધા વેપારમાં કેટલાક ... કસોટી કરવી પડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ન સમજાય કોઈ એવી ચીજ નથી. આ તો સમજાય એવી વસ્તુ છે. કે ભગવાન આત્મા શ્રદ્ધા અને દર્શનગુણથી ભરેલો છે. પરિપૂર્ણ. ગુણ છે એ તો પરિપૂર્ણ જ છે. હવે એ પરિપૂર્ણની દૃષ્ટિ થઈ એ દૃષ્ટિની ઉત્પત્તિ જે થઈ એ ત્રિકાળ દ્રવ્યને આશ્રયે ઉત્પન્ન થઈ. એ ઉત્પન્ન થવામાં રાગાદિ પરદ્રવ્ય ભલે નિમિત્ત કહો, પણ નિમિત્ત હોવા છતાં શ્રદ્ધા અને દર્શનગુણની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. કહો, સમજાણું કાંઈ?

**'પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...'** આહા..હા..! દર્શનગુણ. **'એવા પોતાના જ્ઞાન દર્શનગુણથી ભરેલા પર અપોહનાત્મક (પરના ત્યાગસ્વરૂપે) સ્વભાવના પરિણામ વડે...'** આહા..હા..! દર્શનગુણથી પરિપૂર્ણ સ્વભાવના પરિણામ વડે એમ ભાષા છેને? ત્રણે પર્યાય લીધી. દ્રવ્ય જે છે વસ્તુ એ દર્શન અને શ્રદ્ધાગુણથી પરિપૂર્ણ છે. એટલે ગુણ પરિપૂર્ણ છે દ્રવ્ય. હવે એ ગુણનું પરિણમન થયું, પર્યાય થઈ. એ તો કહ્યું **'દર્શનગુણથી ભરેલા પર અપોહનાત્મક (પરના ત્યાકસ્વરૂપે) સ્વભાવના પરિણામ વડે...'** હવે પરિણામ આવ્યું. હવે ત્રિકાળી ભગવાન આત્મા દર્શન અને શ્રદ્ધાગુણથી પરિપૂર્ણ છે એવી જ્યાં દૃષ્ટિ થઈ તો એ સ્વભાવગુણનું પરિણામ થયું. આહા..હા..! એમ કહે છે. એમાં દૃષ્ટા આદિની પર્યાય થઈ તો સ્વભાવગુણનું પરિણમન થયું. આહા..હા..! બહુ વાત! કેટલું .. લીધું! ઓહો..હો..!

ભગવાન આત્મા વસ્તુ તરીકે એના ગુણ જે છે વસ્તુના દર્શનગુણ શ્રદ્ધા એનાથી તો પરિપૂર્ણ વસ્તુ છે. અપૂર્ણ કે વિપરીત એમાં છે નહિ. પણ એવો પરિપૂર્ણ દર્શનગુણથી ભરેલો ભગવાન એની અસ્તિનો સ્વીકાર જ્યાં થયો ત્યારે એ દર્શનગુણની પર્યાયરૂપ પરિણમન થયું, શ્રદ્ધાગુણની પર્યાયરૂપ સમકિતરૂપી પરિણમન થયું. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે એ પરિપૂર્ણ સ્વભાવના પરિણામ વડે ઉત્પન્ન થયું છે એમ કહે છે. **'ઊપજતો થકો,...'** જુઓ, ચાહે તો પોતાના જ્ઞાનદર્શનમાં પરિણમન થયું એમાં પરદ્રવ્ય રાગાદિ વ્યવહારાદિ નિમિત્ત હોય, પણ ઉત્પન્ન તો પોતાની પર્યાયથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલું સંતોએ સરળ કરી દીધું છે. બહુ સરળ. ઓહો..હો..! સમજાણું કાંઈ? દિગંબર સંતો. આજ એક આવ્યું હતું. ... જૈનધર્મ એટલે વિશ્વધર્મ વાત છે. ... આમાં તમારા લેખકે લખ્યું છે ... વિશ્વધર્મ એમ કે આ બધા વિશ્વના ધર્મ જેવો ધર્મ છે. એમ નથી. એ તો જૈનધર્મ તો તીર્થંકર ત્રિલોકનાથ સર્વજ્ઞે કહેલો માર્ગ એવો માર્ગ ક્યાંય છે નહિ. એ વિશ્વધર્મ કહો એટલે બધાના ધર્મ જેવો આ છે એમ છે નહિ. એમ ત્યાં લખ્યું છે. ... આ લેખકના લેખમાં .. નથી પણ હવે એ વિદ્વાનોને વિચાર આવ્યો... .... આહા..હા..!

આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જેમાં આત્મા સર્વજ્ઞ સ્વભાવી હતો. આત્મા સર્વજ્ઞ એટલે ગુણ એ સ્વભાવી હતો. કહ્યુંને? સર્વદર્શી સ્વભાવી હતો. શ્રદ્ધાથી પરિપૂર્ણ હતો. આહા..હા..! એવો પરિપૂર્ણ જે વસ્તુ એ પરિપૂર્ણ ગુણથી ભરેલો. છલોછલ ભરેલો છે કહે. શ્રદ્ધાગુણથી અને દર્શનગુણથી ભગવાન આત્મા પરિપૂર્ણ ભરેલો છે. એવી પરિપૂર્ણની જ્યારે દૃષ્ટિ થઈ, રાગની, પર્યાયની, નિમિત્તની બુદ્ધિ છૂટીને. આહા..હા..! કુંદકુંદાચાર્ય આદિ (આચાર્યોએ) આહા..હા..! ગજબ કામ કર્યા છે. ઓહો..હો..! તીર્થંકર જેવું કામ કર્યું છે. પંચમ આરે કેવળજ્ઞાનને ઉભું રાખ્યું. સમજાણું કાંઈ? કહે છે. આમાં પુનર્યુક્તિ ન લાગે. સ્વરૂપચંદભાઈ! ઓલા બે-ત્રણ-ચાર વાર ... આહા..હા..!

ભગવાન! તું આત્મા છોને નાથ! તારા આત્મામાં તો પ્રભુ ... જ્ઞાનગુણથી તો ભરેલો પરિપૂર્ણ છે. એવા દર્શનગુણથી પરિપૂર્ણ છે. આહા..હા..! એવી શ્રદ્ધા સમકિતની વાત કરેને. ત્રિકાળ શ્રદ્ધાગુણથી પરિપૂર્ણ વસ્તુ છે. આહા..હા..! એ ત્રણની વાત કરે છે ચારિત્રની પછી થઈ ગઈ હતી. ... આગળ આવશે.

તો કહે છે એવો પરિપૂર્ણ ભગવાન ગુણથી ભરેલો એનો જ્યાં સ્વીકાર થયો તો શ્રદ્ધાગુણની પર્યાયનું પરિણમન થયું અને દૃષ્ટાગુણની પર્યાયનું પરિણમન થયું. એ પર્યાય થઈ. શેઠ! ઝીણી વાત છે. તમારા ઓલા દિલ્લીમાં જેમ દર્શન ... એવું નથી અહીં. કહો, ...ભાઈ! .... ... આ તો .. વાત છે. આહા..હા..! કહે છે. ગજબ કામ કરે છે. સમજાય છે કાંઈ? કહે છે કે સમ્યગ્દર્શન તો પર્યાય છે. અને શ્રદ્ધાગુણથી ભરેલો પ્રભુ પૂર્ણ છે. આહા..હા..! એવા પરિપૂર્ણ પ્રભુ ઉપર દૃષ્ટિ પડતાં જે શ્રદ્ધાગુણ જે સમયે ઉત્પન્ન થયો એમાં રાગાદિ, વ્યવહારાદિ નિમિત્ત તો હોય, પણ ઉત્પન્ન તો પોતાથી થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત આ. અરે..! ક્યાં છો ભગવાન! બાપુ! તારી સ્વતંત્રતાનો ઢંઢેરો આ તો છે. આ કોઈ વાર્તા-કથા નથી, આ તો મહાપ્રભુની કથા છે. ચૈતન્ય પ્રભુની કથા છે, ભાઈ! આહા..હા..!

કહે છે કે પોતાની શ્રદ્ધાગુણની પર્યાયનું પરિણમન થયું એ દ્રવ્ય પરિપૂર્ણ દ્રવ્ય છે, વસ્તુ ગુણથી પરિપૂર્ણ છે એવી અંતર્મુખ દૃષ્ટિ જ્યાં થઈ ત્યારે એ શ્રદ્ધાગુણની પરિણમન દશા સમકિતીની પર્યાય થઈ એ પર્યાયમાં રાગાદિ દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા આદિ વ્યવહાર. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો વિકલ્પ તે વિકલ્પ શ્રદ્ધાગુણની પર્યાયમાં નિમિત્ત થાય, પણ એ પ્રગટ તો પોતાની શ્રદ્ધાગુણથી જ પ્રગટ થયો છે. એમ દૃષ્ટાગુણ. દર્શનગુણથી ભરેલો પ્રભુ તો દર્શનગુણથી પરિપૂર્ણ દ્રવ્ય એવો સ્વીકાર જ્યારે દૃષ્ટિમાં થયો તો સ્વીકાર થયો એ દર્શનગુણની દૃષ્ટાગુણની પર્યાય દૃષ્ટારૂપ પરિણમે છે. દેખવારૂપ પરિણમે છે. દેખવારૂપ પરિણતિને કાળે બીજી ચીજ રાગાદિ નિમિત્ત થાય પણ છતાં ઉત્પન્ન પોતાથી થાય છે. આહા..હા..! ભેદ આમ ... અને આ રીતે અંદર સમજ્યા વિના ભગવાન તારો આરો નહિ આવે. આ જન્મ-મરણ ચોર્યાસીના કરે છે એ

દુ:ખી છે. આહા..હા..! ... કે અનેકાંત તો ગુણ અને પર્યાય વચ્ચે છે. પર્યાયમાં થોડું દુ:ખ અને થોડું સુખ એમ અનેકાંત હોય? આવ્યું હતુંને ભાઈ એમાં? ... ઇ પણ બીજી વાત છે ત્યાં. આહા..હા..! બહુ વાત જગતથી જુદી. એક સમયની પર્યાયમાં પરિણમન જે થયું એ તો પોતાનું શુદ્ધ છે. સમજાણું કાંઈ? એ કાળે અશુદ્ધ પરિણમન છે રાગાદિનું એ એમાં નિમિત્ત અહીં તો કહેવાય છે, પણ ઉત્પન્ન થયું પોતાની શુદ્ધ પર્યાયપણે ઉત્પન્ન થયો છે. પર્યાયમાં અશુદ્ધતા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- મોક્ષમાર્ગપ્રકાશકમાં તો ચોખ્ખું છે.

ઉત્તર :- છેને ચોખ્ખું કીધું.

મુમુક્ષુ :- નિર્વિકારી છે.

ઉત્તર :- હોય છેને બંને એક સાથે રહેવામાં વિરોધ નથી. બે અંશ, એક પર્યાયના બે ભાગ. બેપણું થયું વિશેષ.. કર્તાકર્મ અધિકાર. બેય કર્મધારા, રાગ ધારા છે. અહીંયાં તો એ સિદ્ધ કરવું છે કે શ્રદ્ધાગુણથી ભરેલો એવો જ્યાં સ્વીકાર થયો તો પરિણમન થયું શ્રદ્ધાગુણનું. એ પરિણમનની ઉત્પત્તિના કાળે બીજી ચીજ ભલે અશુદ્ધતા આદિ નિમિત્ત હોય, પણ અત્યારે એ વાત લેવી છે તો અશુદ્ધ ઉપાદાન એની પર્યાયમાં પણ સ્વભાવ અને વિભાવથી ભિન્ન બતાવીને વિભાવ પૃથક્ છે એમ બતાવવું છે. સમજાણું કાંઈ? વિભાવ સ્વભાવરૂપ થતો નથી અને સ્વભાવની ઉત્પત્તિ વિભાવરૂપ થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તો પોતાની શ્રદ્ધા પર્યાયમાં બધું ચાલે છેને અત્યારે? નિમિત્તથી થાય... નિમિત્તથી થાય... પંડિતજી! આહા..હા..! એય..! ..ભાઈ! અહીં તો કહે છે કે નિમિત્ત હોય, તો હોય કોણે ના પાડી? પણ એ શ્રદ્ધાગુણ અને જ્ઞાનગુણ અને દર્શનગુણથી ભરેલો પ્રભુ એ વસ્તુની અંદર પરિપૂર્ણની જ્યાં પ્રતીત થઈ એ તો પોતાનું પરિણમન થયું. એ પોતાના પરિણમનને કાળે બીજા નિમિત્તરૂપે ઉત્પન્ન થયો છે? કે પોતાની પર્યાયરૂપ ઉત્પન્ન થયો છે? આહા..હા..! ભીખાભાઈ! એ મગજને ત્યાં કેળવવું પડે. આ બૈરા રોટલી નથી કરતા? રોટલી. લોટ બાંધે છેને લોટ? તો એમ ને એમ રોટલી કરી નાખે? પહેલા કેળવણી કરે છે. એકલા લોટમાં પાણી નાખીને બાંધે તો રોટલી સરખી ન થાય. ઓહો..હો..! શું કહેવાય એની ભાષા? ગુંદે. હા. ગુંદના. ત્યારે પછી રોટલી થાય. એમ આ તત્ત્વજ્ઞાનની કેળવણી કરવી જોઈએ. શું કહે છે?

મુમુક્ષુ :- બહારની ચીજ છે?

ઉત્તર :- એ બાઈ ગુંદતી નથી એ તો પોતાનું નિમિત્તથી કથન છે. બાઈની પર્યાય ત્યાં .. ગુંદવાની પર્યાયમાં ઘુસે છે? અને એ બાઈની પર્યાયના ઉત્પન્ન કાળે અથવા એ કેળવણી ત્યાં થાય છે એ ઉત્પન્ન થવાને કાળે બાઈનું નિમિત્ત હોય, પણ ઉત્પન્ન તો પોતાની પર્યાયથી થઈ છે. નિમિત્તથી ઉત્પન્ન થઈ છે એ? સ્વરૂપચંદભાઈ! આ ભારે વાતું ભાઈ! આ તો દુનિયાથી જુદું પડવાની વાત છે. આહા..હા..!

કહે છે કે એ શ્રદ્ધાગુણ અને દર્શનગુણની પર્યાયપણે પરિણમન થયું એનો અર્થ શું થયો? કે એની દૃષ્ટિ તો જ્ઞાન પ્રત્યે અંદર ગઈ છે. વસ્તુ પ્રત્યે દૃષ્ટિ અને જ્ઞેયની પર્યાય, જ્ઞાનની પર્યાય અંદર ગઈ છે. તો અંદર જ્યાં ગઈ ત્યાં જ્ઞાન, દર્શન અને શ્રદ્ધાની પર્યાયરૂપ પરિણમન થયું. એ પરિણમનમાં કઈ રીતે ઉત્પન્ન થયો? કે પોતાના ઉપાદાનથી ઉત્પન્ન થયો છે. એમાં એ બીજી ચીજ નિમિત્ત હોં, પણ નિમિત્તપણે ઉત્પન્ન થયું છે કે નિમિત્તને કારણે ઉત્પન્ન થયો છે એમ છે નહિ. ... પરપણે પરિણમતો નથી અને પરને પોતાપણે કરતો નથી. આહા..હા..! પરપણે પરિણમતો નથી અને પરને પોતાપણે પરિણમાવતો નથી. આહા..હા..! કહો શીવલાલભાઈ! આવી વાત છે. આહા..હા..! જુઓ, એની ભેદજ્ઞાનની દશા. આહા..હા..! સમજાણું કાંઈ? બે કારણથી કાર્ય ઉત્પન્ન થાય એનો તો અહીં નિષેધ કરે છે. આરોપ કહો કે... નિમિત્તપણે તે નિમિત્તને કાળે પોતાની પર્યાયપણે ઉત્પન્ન થાય છે. નિમિત્તનો સહારો લઈને ઉત્પન્ન થાય છે (એમ નથી). ત્રિકાળ દ્રવ્ય અને ગુણથી ભરેલો પ્રભુ એનો આશ્રય છે તો પરિણમન થાય છે. સમજાણું કાંઈ? થોડું ઝીણું છે પણ આ સમજવું પડશે. અરે..! આવો મનુષ્યદેહ ચાલ્યો જાય છે સમયે સમયે. કરે છે. ... આહા..હા..!

કહે છે. શ્રદ્ધા ... એ પણ બતાવે છે અને શ્રદ્ધાગુણમાં નિમિત્ત થયો પણ છતાં નિમિત્તપણે ઉત્પન્ન નથી થતો. અધિગમ આવે છેને ભાઈ! '**तन्निसर्गादधिगमाब्दा**' અધિગમ સાંભળ્યું ભગવાનની, ગુરુ પાસેથી તો સમકિત થયું. સમકિતી પર્યાય ભલે થઈ. નિમિત્ત કહો, પણ એ નિમિત્તપણે શ્રદ્ધાગુણની પર્યાય ઉત્પન્ન થઈ છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! પરિપૂર્ણ કૃત્ય કૃત્ય વસ્તુ છે. એ કૃત્ય કૃત્યની દૃષ્ટિ કરવાથી પર્યાયમાં કૃત્યકૃત્યતા ઉત્પન્ન થાય છે. કે જે પર્યાય કૃત્ય કૃત્ય સમ્યગ્દર્શનરૂપી પર્યાય થઈ, અવશ્ય કરવાલાયક ક્રિયા થઈ એ પર્યાયમાં બીજી ચીજ નિમિત્ત હો, પણ એ નિમિત્તપણે પર્યાય ઉત્પન્ન થાય છે અને નિમિત્તથી પર્યાય ઉત્પન્ન થાય છે, નિમિત્તમાં જઈને પર્યાય ઉત્પન્ન થાય એમ છે નહિ. આહા..હા..!

હવે '**ચેતયિતા જેને નિમિત્ત છે...**' રાગાદિ નિમિત્ત કહ્યું હતુંને આ બાજું? હવે રાગ અને દેવ-ગુરુ-શાસ્ત્રમાં આત્મા ચેતયિતા નિમિત્ત છે. પોતાની શ્રદ્ધાગુણની અને જ્ઞાનગુણની અવસ્થામાં બીજી ચીજને નિમિત્તની અસ્તિત્વતા સિદ્ધ કરવા છતાં એ પર્યાય નિમિત્તપણે અને નિમિત્તથી ઉત્પન્ન થઈ, (કે) નિમિત્તમાં ઉત્પન્ન નથી થતી. પોતાની પર્યાયને કારણે ઉત્પન્ન થાય છે. હવે એ પર્યાય '**ચેતયિતા જેને નિમિત્ત છે...**' ચેતયિતા શબ્દે આખી પર્યાય ઓલી પરિણમનવાળી. દ્રવ્ય આખું એમ નહિ. ચેતયિતા એટલે જે પરિણમન થયું શ્રદ્ધા, જ્ઞાન, દર્શનની પર્યાય એ ચેતયિતા એ પર્યાય પરદ્રવ્યમાં નિમિત્ત હોવા છતાં પણ... એ પોતાના સ્વભાવના પરિણામ વડે ઉત્પન્ન થાય છે પુદ્ગલાદિ. ભલે પરદ્રવ્યમાં શ્રદ્ધા જ્ઞાનની પર્યાય નિમિત્ત હોય, પણ પરદ્રવ્યની પર્યાય એનાથી

ઉત્પન્ન થાય છે. આનાથી થાય એમ છે નહિ. આહા..હા..! બહુ ભેદજ્ઞાનના ભાવ બતાવ્યા છે. સમજાણું કાંઈ?

એ કહે છે **'એવા પોતાના (-પુદ્ગલાદિના-) સ્વભાવના પરિણામ વડે...'** એ રાગાદિ અને શરીરાદિ કે દેવ-ગુરુ-શાસ્ત્ર એ તો પોતાના પરિણમન વડે ઉપજે છે. નિમિત્ત છે તો એને કારણે ઉપજે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? શું કહ્યું? આમ ફેરવ્યું. પહેલા પોતાની પર્યાયમાં એ નિમિત્ત હોવા છતાં પોતાની પર્યાયપણે ઉત્પન્ન થાય છે. હવે પરદ્રવ્યમાં પર્યાયમાં આ પર્યાય નિમિત્ત છતાં એ પરદ્રવ્યની પર્યાય પોતાથી ઉપજે છે. સમજાણું કાંઈ? દર્શનગુણની પર્યાય અને શ્રદ્ધાગુણની પર્યાય (જેણે આ) અજીવ માન્યું, શરીરને માન્યું એમ જે કહ્યું એ તો વ્યવહારે સિદ્ધ કરવું છે. કેમકે એ અજીવની પર્યાય શરીરાદિની એ કાળે પોતાના સ્વકાળે પોતાથી ઉત્પન્ન થાય છે. એમાં પોતાની શ્રદ્ધા ગુણ અને દર્શનગુણની પર્યાય નિમિત્ત હોય, છતાં એ પરદ્રવ્ય તો પોતાની પર્યાયથી ઉપજે છે. તો શ્રદ્ધાગુણ અને જ્ઞાનગુણ અને દર્શન ગુણની પર્યાયથી ઉપજે છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ રીતે **'ચેતયિતા જેને નિમિત્ત છે...'** ભગવાન આત્મા પોતાની સમકિત પર્યાયથી અને દર્શન પર્યાયથી પરિણમતો થકો પરદ્રવ્યને નિમિત્ત કહેવામાં આવે છે. એમ હોવા છતાં પરદ્રવ્યની પર્યાય તે કાળે પોતાથી ઉત્પન્ન થાય છે. એ દ્રવ્ય પોતાથી ઉપજે છે. આને કારણે નહિ. આહા..હા..! કહે અમારે શ્રદ્ધા કરવી છે તો દેવ-ગુરુ-શાસ્ત્રને મેળવો. તારી શ્રદ્ધાને કારણે દેવ-ગુરુ-શાસ્ત્ર આવે છે. એમ નથી એમ કહે છે. એ તો કારણે એની પર્યાયે ત્યાં ઉપજતો થકો ત્યાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચેતયિતા જેને એટલે પરવસ્તુને. નિમિત્ત છે. **'એવા પોતાના (-પુદ્ગલાદિના-) સ્વભાવના પરિણામ વડે...'** એ ચીજ આવી છે. ઉત્પન્ન પોતાને કારણે છે. તારી શ્રદ્ધા ગુણની પર્યાય ઉપજી એ કારણે એ પર્યાય ત્યાં ઉપજે છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનગુણની પર્યાય, દેખનારી પર્યાય પોતાથી ઉપજી એમાં શાસ્ત્ર આદિ નિમિત્ત હોય, એને નિમિત્ત કહો. પણ એ નિમિત્તથી આ જ્ઞાન, દર્શન અને શ્રદ્ધાની પર્યાય ઉપજી એમ નથી. અને શ્રદ્ધા જ્ઞાનની પર્યાય ઉપજી એ શબ્દોને નિમિત્ત થાય, પણ એ શબ્દની પર્યાય નિમિત્ત છે તો તે કાળે ઉપજી એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ હિન્દી બહુ કઠણ નથી. સાદી છે. અહીં તો .. હિન્દી બોલે... અમારી ગુજરાતી બોલીએ તો ગુજરાતી .. હોય છે. હિન્દી ન સમજે. ... છેને. કહો, સમજાણું કાંઈ? હવે હિન્દી તો દેશ ભાષા છે. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થઈ નથી. આહા..હા..! ..દેવ-ગુરુ-શાસ્ત્ર લ્યો સામે. તો દેવ-ગુરુ-શાસ્ત્ર પોતાની શ્રદ્ધા જ્ઞાનની પર્યાયમાં નિમિત્ત ભલે કહો, પણ એ નિમિત્તપણે અને નિમિત્તથી પર્યાય ઉત્પન્ન થઈ એમ નથી. અને એ પરપર્યાય દેવ-ગુરુ-શાસ્ત્રની પર્યાયમાં પોતાની શ્રદ્ધા જ્ઞાનની પર્યાયને નિમિત્ત કહો

જ્ઞેય કહો. પણ છતાં એ જ્ઞેય તો પોતાની પર્યાયથી ત્યાં ઉત્પન્ન થયો છે. અહીં જ્ઞાનની પર્યાયને કારણે આ શાસ્ત્ર તારી સામે આવ્યું છે (એમ નથી). આહા..હા..! સમજાણું કાંઈ?

ખરેખર તો યથાર્થ સમજ્યા વિના તે નિર્ણય યથાર્થ થતો નથી. સમજાણું કાંઈ? પણ એ પહેલા પણ વિકલ્પથી પણ એવી વસ્તુ છે એવો તો નિર્ણય કરવો પડશેને. સમજાણું કાંઈ? એ વિકલ્પથી નિર્ણય એ વાસ્તવિક નિર્ણય નથી. એ જ કહે છેને પરિણમન થયું તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડી તો પરિણમન થયું ત્યારે યથાર્થ નિર્ણય કહેવામાં આવે છે. એમ કહે છે. .. આહા..હા..! આ ફેરે (વખતે) આ મોટા દિવસમાં આવ્યું આ.

મુમુક્ષુ :- મોટા દિવસમાં સારામાં સારી વાત આવી છે.

ઉત્તર :- સાચી વાત છે. વાત તો મોટી જ આવી છેને એય..! સારા દિવસમાં પકવાન કરે. રોટલી રોટલા કરતા હશે ત્યારે? અમારે પાલેજમાં એમ હતું. તેરશ હોય તેરસ ચોદશ પાખી હોયને રોટલી-રોટલા ન કરે. ચારેય દિ' જુદું જુદું કરે. હવે તો ખોરાક ... નહિતર લાડવા કરે ને મોહનથાળ કરે ને ચુરમું કરે એમ ચારેય દિ' જુદું જુદું. રોટલી નહિ. હવે તો બધું છોકરા ના પાડે છે કેટલાક. કાંતિભાઈનો છોકરો આવે છે. ભાવતું નથી. એવું નો ભાવે. આ હોય તો મુકો નહિ. અમારે પોપટભાઈ હતા ખીમજીભાઈના દાદા. ચુરમુ હોય તો દાળ ભાત અને ચોખા ન ખાય.

મુમુક્ષુ :- એકલી રોટલી...

ઉત્તર :- એ તો દરરોજ ખાઈએ છીએ.

મુમુક્ષુ :- એકલી રોટલી હોય તો એકલી રોટલી...

ઉત્તર :- આ તો પકવાન વખતે લાડવા ત્રણ-ચાર ચઢાવે ચુરમાના.

મુમુક્ષુ :- કોઈ મુળ મુદ્દો મૂકીને .. ને કોણ લે.

ઉત્તર :- ચોખા ભાત પણ નહિ, દાળ પણ નહિ અને શાક પણ નહિ. હવે ઇ તો દરરોજ ખાઈએ છીએ મૂકને આ આવ્યું છે. અમારે પોપટભાઈ કહેતા હોં. એય..! ચંદુભાઈ! તમારા દાદા કહેતા ઇ. એના બાપના બાપ. ચીમનભાઈના બાપ. આહા..હા..! કોની સાથે ક્યાં સંબંધ છે ક્યાં ટકી રહે?

કહે છે કે પોતાનું પરિણામ પોતાથી જે થયું એ પરિણામ શ્રદ્ધા, દૃષ્ટાનું પરચીજમાં વર્તમાન કાળ એનું અને વર્તમાન કાળ એનો. તો એને નિમિત્ત કહો, પણ એ નિમિત્ત છે તો ત્યાં એના દ્રવ્યસ્વભાવથી પર્યાય ઉત્પન્ન શરીર ને વાણી ને મન ઉપજે છે એમ નથી. પોતાના સ્વભાવથી ઉપજે છે. આહા..હા..! શાસ્ત્ર સામે આવવા એ સમયે પોતાની પર્યાયથી આવ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં વિચાર કરવો પડશે. એમ ને એમ નહિ ચાલે. સ્વતંત્ર એવી ભાષા નહિ ચાલે. કારણ સિદ્ધ કરવું પડશે. આહા..હા..!

સ્વભાવ. પોતાના સ્વભાવના પરિણામ વડે ઉત્પન્ન થયો થકો પુદ્‌ગલાદિ પરદ્રવ્યને પોતાના

સ્વભાવ વડે દેખે છે. હવે ઓલો વ્યવહાર સિદ્ધ કરવો છે. પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવથી દેખે છે અને શ્રદ્ધા કરે છે એવો વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! નિશ્ચયમાં તો પોતાની શ્રદ્ધાની પર્યાયમાં પોતાની શ્રદ્ધા કરે છે. દેખવામાં પોતાને દેખે છે. જાણવામાં પોતાને જાણે છે. આહા..હા..! એવી સમય સમયમાં ભિન્ન-ભિન્ન પર્યાય◌ પોતાથી ઉપજતો થકો આત્મા પરને દેખે છે, શ્રદ્ધા કરે છે એ વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! છેને બેય વાત? જુઓ, સ્વભાવથી દેખે છે અથવા શ્રદ્ધા કરે છે. બેય પાઠ છે. આહા..હા..! દર્શન... પછી. પશ્યતિ એટલું લીધું. ... ચિહ્ન કર્યું છે આ બાજું. પહેલામાં આવી ગયું છેને.

'**એ રીતે આ, આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર...**' આવી કથા લોકોને એવી લાગે. એટલા અપવાસ કર્યા, દીક્ષા લીધી .. પણ દીક્ષા કોને કહેવી અને અપવાસ કોને કહેવા એ સમજ્યા વિના? આહા..હા..! સમજાણું કાંઈ? આંધળે આંધળો. ચૈતન્ય ભગવાન પોતાના જ્ઞાન પ્રકાશથી સમયે સમયે ઉત્પન્ન થાય છે એ બીજી ચીજ એમાં નિમિત્ત કહો, અને બીજી ચીજમાં આ પરિણામ નિમિત્ત કહો, બીજાના પરિણામમાં આ પરિણામને નિમિત્ત કહો, પણ એ બીજી ચીજ પોતાના સ્વભાવથી ઉત્પન્ન થાય છે આ પોતાની પર્યાયથી ઉપજે છે. આહા..હા..! કેટલો (ખુલાસો) છે.

'**(જેવી રીતે જ્ઞાન-દર્શન ગુણોનો વ્યવહાર કહ્યો) એવી જ રીતે ચારિત્રગુણનો વ્યવહાર કહેવામાં આવે છે :**' ઓહો..હો..! '**જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી...**' ખડી. પરદ્રવ્યને ધોળી કરે છે એ તો વ્યવહાર છે. પોતામાં ધોળારૂપ પર્યાય થાય છે નીચે. એવી ભીંત '**આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી...**' ખડી પરદ્રવ્ય ભીંત આદિરૂપ નહિ થતી થકી. એ તો સ્વયં પોતારૂપે પરિણમે છે. ભીંતપણે ઉત્પન્ન થઈ? ભીંતમાં તન્મય થઈ ગઈ છે? સફેદાઈ પર્યાય ભીંતની પર્યાયમાં એકરૂપ થઈ ગઈ છે? એકરૂપ હોય તો પાણી પડે તો ભીંત તો ઉભી રહે. સફેદાઈ તો ધોવાઈ જાય. ભીંત ભિન્ન ચીજ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**ચારિત્રગુણનો વ્યવહાર કહેવામાં આવે છે : જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (-ભીંત આદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના (-ખડીના-) સ્વભાવથી શ્વેત કરે છે...**' પોતાના સ્વભાવથી પરદ્રવ્યને શ્વેત કરે છે એવો વ્યવહાર છે. એ તો વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**એમ વ્યવહાર કરવામાં આવે છે; તેવી રીતે જેનો જ્ઞાનદર્શનગુણ...**' કેમકે ચારિત્ર લેવું છેને. ભગવાન આત્મા જ્ઞાનદર્શનગુણથી તો પરિપૂર્ણ છે અને '**પરના અપોહનસ્વરૂપ સ્વભાવ છે...**' રાગ અને

પરદ્રવ્યના ત્યાગસ્વભાવરૂપ આત્મા છે. ત્યાગસ્વભાવરૂપ આત્મા છે. એના સદ્ભાવરૂપ આત્મા છે એમ છે નહિ. આહા..હા..! એવી આત્માની દૃષ્ટિ નથી અને જ્ઞાન અને ચારિત્ર ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? ચારિત્ર લઈ લ્યો, વ્રત લ્યો, તપ કરો. ક્યાંથી આવ્યો? સૂક્ષ્મ વાત છે. આહા..હા..! એકડા વિનાના મીંડા છે. શું કહે છે? એકડા વિનાના મીંડા. આહા..હા..!

**'જેનો જ્ઞાનદર્શનગુણથી ભરેલો,...'** એ તો બે બોલ તો એમાં આવ્યા હતા. અહીં **'પરના અપોહનસ્વરૂપ સ્વભાવ છે...'** ભગવાન આત્માના તો રાગ અને શરીર, વાણીના અભાવ-સ્વભાવરૂપ સ્વભાવ છે. એના અભાવસ્વભાવરૂપ સ્વભાવ છે. અભાવ કરવો એમ છે નહિ. આહા..હા..! અપોહન સ્વરૂપ અપોહન એટલે ત્યાગસ્વરૂપ સ્વભાવ છે. રાગના ત્યાગસ્વભાવરૂપ જ આત્મામાં સ્વભાવ છે. રાગના સદ્ભાવરૂપ ભાવ એ આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! **'એવો ચેતયિતા પણ,...'** ઓલું ભીંતની સાથે મેળવવું છેને? **'પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો...'** એવો આત્મા જ્ઞાનદર્શને પરિપૂર્ણ છે અને પરના ત્યાગસ્વભાવસ્વરૂપ છે. એ આત્મા **'પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો...'** રાગાદિ, શરીરાદિનો ત્યાગ જે થાય છે તો એ ત્યાગરૂપ આત્મા પરિણમતો નથી. આત્મા તો પોતાના જ્ઞાનદર્શનથી પરિપૂર્ણમાં પરના અભાવસ્વભાવરૂપ પરિણમન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે ઝીણો. અને ચારિત્રની વ્યાખ્યા. ચારિત્રસ્વરૂપ તો આત્મા છે એમ કહે છે. કેમકે એ તો વીતરાગસ્વરૂપ છે. જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ અને રાગના અભાવસ્વભાવસ્વરૂપ વીતરાગભાવથી પરિપૂર્ણ. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્મા જેને **'પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો...'** જે પરચીજને.. કહે છેને એ? કપડા ઉતારે છે. જુઓ, કપડા આત્મા ઉતારે છે. એક ફેરી પ્રશ્ન અહીં થયો હતો. ઓલા ઉપાશ્રયમાં ... શું કરે? કપડા ઉતારવાની પર્યાય તો એમાં ઉપજે છે. આહા..હા..! એ ચાંદમલજી હતાને ઉદયપુરવાળા બ્રહ્મચારી. એ કહેતા હતા. કે જુઓ કપડા તો ઉતારો છોને. અહીં એ કહે છે કપડા ઉતારવાની પર્યાયરૂપે આત્મા ચારિત્રથી નહિ પરિણમતો થકો. સમજાણું કાંઈ? છેને?

**'પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો...'** કપડા ઉતારવાની પર્યાયરૂપ આ પરના ત્યાગસ્વભાવરૂપ આત્મા પરરૂપે પરિણમતો નથી. પરરૂપ પરિણમન નહિ કરતો થકો અને **'અને પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો,...'** પરરૂપે પરિણમન નથી કરતા, પુદ્ગલ ઉતારવાની પર્યાયરૂપ એ આત્મા નથી કરતો અને પુદ્ગલાદિ પર્યાયને પોતારૂપ નથી કરતો. કપુરચંદજી! એવી ઝીણી વાત છે. આ તો જૂના કાને નવી વાત આવી. આહા..હા..! 'સર્વજ્ઞનો ધર્મ સુશરણ જાણી' આવે છેને એ? 'આરાધ્ય આરાધ્ય સ્વભાવ આણી અનાથ એકાંત સનાથ સાથે એના વિના કોઈ ન-બાહય સ્હાંશે.' શ્રીમદે નાની ઉંમરમાં સોળ વર્ષે મોક્ષમાળામાં કહ્યું છે હોં. સોળ વર્ષે હોં. આહા..હા..! 'સર્વજ્ઞનો ધર્મ સુશરણ જાણી આરાધ્ય

આરાધ્ય સ્વભાવ આણી સનાથ એકાંત સનાથ સાથે એના વિના કોઈ ન બાહય સ્હાંશે.' કોઈ શરણ નહિ મળે તને. બહારથી કોઈ શરણ છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- તમે તો શરણ તીર્થંકરદેવનું કહ્યું છે.

ઉત્તર :- પણ ઇ તો વ્યવહારે તો કહેવામાં આવેને. એમાં આ કહ્યું હતું નથી એના વિના શરણ કોઈ નથી. વ્યવહારથી શરણ કહે છે. હે ભગવાન! તમને ભૂલ્યો. આવે છેને? તમે કહેલા દયા, દાનને અમે ઓળખ્યા નહિ. એમ લખ્યું છે. પાળ્યા નહિ એમ નહિ. ઓળખ્યા નહિ, જાણ્યા નહિ. આ શું કહે? કઈ રીત? આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે ચેતયિતા પોતાના જ્ઞાનદર્શન ગુણથી અને પરના ત્યાગસ્વભાવરૂપ પરિપૂર્ણથી ભરેલો છે. પરના અભાવ સ્વભાવરૂપ પરિપૂર્ણ છે. થોડા અભાવ સ્વરૂપ છે અને થોડા અભાવસ્વરૂપ નથી એમ નથી. આહા..હા..! આખી દુનિયા વિકલ્પથી માંડીને વસ્તુ છે એને ભગવાન આત્માનો સ્વભાવ તો એના અભાવસ્વભાવરૂપ જ સ્વભાવ છે. એવો ભગવાન આત્મા **'પોતે પુદ્‌ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો...'** એ રાગ અને શરીરની ક્રિયા જે કપડા ઉતરે છે એરૂપે આ પર્યાય પરિણમતી નથી. પરદ્રવ્યની પર્યાયરૂપ પરિણમન કરતી નથી. આહા..હા..! લોચ કરે છેને લોચ લ્યો. આહા..હા..! તો કહે છે કે ભગવાન તારી ચીજ તો લોચ અને લોચ સંબંધીનો વિકલ્પ, વિકલ્પના અભાવસ્વરૂપ તારી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એમાં તારી ચારિત્ર પર્યાય અથવા પરના અભાવસ્વભાવરૂપ પર્યાય એ પરરૂપે નથી થતી. અહીં લોચ ક્રિયારૂપે નથી થતી. એમ પરની એ પર્યાયને પોતામાં પોતારૂપ નથી કરતી. પરની પર્યાય એ પોતામાં નથી કરતી, પોતાની પર્યાય પરરૂપ નથી કરતી. આહા..હા..! ભારે ભાઈ આ દેખાય કે આત્મા લોચ કરે છે. કે ના. લોકો ખુશી થઈ જાય આમ. આહા..હા..! કેટલું સહન કરે! શું છે પણ સાંભળને. આહા..હા..! માણસ ભેગા થાય લોચન કરે તો. જોવા આવે. આહા..હા..! શું છે? એ તો જડની પર્યાય છે. એ જડની પર્યાયરૂપે ત્યાં આત્મા ચારિત્રસ્વરૂપ છે, પરના અભાવસ્વરૂપ છે એ પર્યાયરૂપમાં એ ભાવ આવે છે? એ ભાવ અહીં પર્યાયમાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચારિત્રની ખબર નથી, તપની ખબર નથી, જ્ઞાનની ખબર નથી. અહીં તો ચારિત્રગુણથી પરિપૂર્ણ ભરેલો છે એમ કહે છે. પરના, રાગના અભાવસ્વભાવરૂપ પૂર્ણ સ્વભાવથી ભરેલો છે. આહા..હા..! એવો આત્મા જ્યારે દૃષ્ટિ અને અંદર એકાગ્ર થાય છે તો એ ગુણનું પરિણમન થાય છે એમ કહે છે. એવા અભાવસ્વભાવરૂપ જે ગુણ છે. એ ગુણનો આશ્રય કરે છે તો દ્રવ્યનો આશ્રય તો એ ગુણનું પરિણમન પોતાથી ઉપજે છે પર્યાયમાં. ચારિત્રની પર્યાય પોતાથી ઉપજે છે. પરના ત્યાગસ્વભાવરૂપ ભાવ પોતાથી ત્યાગસ્વભાવ એની પર્યાયમાં પરિણમે છે. સ્વરૂપચંદભાઈ! આ ફેરે બહુ ઝીણું આવ્યું છે. આહા..હા..! મુંબઈમાં આવું ન કહેવાય. ત્યાં તો બે પાંચ વ્યાખ્યાન રાખ્યા હોય તો થાય કે આ શું કહે છે?

કહે છે. આહા..હા..! પર્યાય પર્યાયમાં પ્રત્યેક ગુણ પોતાના ગુણથી ભરેલો ભગવાન એ ભરેલો છે એવી જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં પરિણમન થઈ ગયું. એ પોતાથી પર્યાય ઉત્પન્ન થાય છે કહે. સમજાણું કાંઈ? એ મહાવ્રતનો વિકલ્પ ઉઠ્યો એ કહે છે કે ભગવાન તો વિકલ્પના અભાવસ્વભાવરૂપ છે. અને પોતાનો સ્વભાવ પરના અભાવ સ્વરૂપ છે એવી જ્યાં ચારિત્રની પરિણમન દશા ઉત્પન્ન થઈ એ ચારિત્રના પરિણામ એ રાગરૂપ નથી થતો. રાગરૂપ નથી થતો અને એ રાગ પોતાની પર્યાયરૂપ નથી કરતો. રાગને પોતાની વીતરાગી પર્યાયરૂપ નથી કરતો. રાગમાં રાગ રહે છે, પોતાનું પરિણામ પોતાથી છે. આહા.હા..! ગજબ વાત છેને. પાંચમે ગુણસ્થાને ચોથે ગુણસ્થાને અંગીકાર કરો. ત્યાં છેને ચારિત્ર પહેલા. એ તો વિકલ્પ આવ્યો. આહા..હા..! ચોથે ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને એવો વિકલ્પ આવે. ચરિત્ર અંગીકાર કરવાનો. એરૂપ ગ્રહ્યું આત્માએ.

મુમુક્ષુ :- પછી ભાવલિંગ અને દ્રવ્યલિંગ બેય ગુરુ આપે.

ઉત્તર :- હા તે આપે. દ્રવ્યલિંગ પણ આપતા નથી અને ભાવલિંગ પણ આપતા નથી અને દ્રવ્યલિંગથી ભાવલિંગ પ્રગટ થતું નથી, ભાવલિંગ પ્રગટ્યું તો દ્રવ્યલિંગ આવ્યું એમ પણ નથી.

મુમુક્ષુ :- આમાં લખ્યું છે.

ઉત્તર :- ઇ લખે વ્યવહારના લખાણ બધા એવા હોય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમાં તો ગુરુ ઉપર જવાબદારી નાખી દે.

ઉત્તર :- કોઈની જવાબદારી કાંઈ ન મળે. ગુરુએ આપ્યું દ્રવ્યલિંગ અને ભાવલિંગ એવો પાઠ છે પ્રવચનસાર. એય..! શેઠ! એવો પાઠ છે પ્રવચનસારમાં. ચરણાનુયોગ ચુલિકામાં નિમિત્તથી વ્યવહારકથન છે. અભૂતાર્થનયનું કથન છે. આહા..હા..! અહીં એ કહે છે વ્યવહાર. જુઓ, પરનો ત્યાગ કર્યો આત્માએ એ તો વ્યવહારનું કથન છે. વસ્તુ એમ છે નહિ. એવા ત્યાગસ્વભાવ અભાવસ્વરૂપ તો છે. પરનો ત્યાગના અભાવ સ્વભાવ પોતાનો. અને અંદરમાં પરમાં ત્યાગ જ છે આત્મામાં. આહા..હા..! ભારે વાતું ભાઈ આવી. આ વીતરાગનો માર્ગ ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર અરિહંત દેવની વાણીમાં આ માર્ગ આવ્યો. આહા..હા..! સંતોએ જગત પાસે જાહેર કર્યો કે માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? શબ્દના બાણ વાગ્યા આવે છેને. એય..! મોહનભાઈ! નથી ચાલતું તમારે ત્યાં? ગુરુના શબ્દના બાણ વાગ્યા. આમાં પણ આવે છે આપણે હોં સમયસારમાં શબ્દબ્રહ્મ. શબ્દ ગુરુના વાગ્યા આમાં છે પાઠ. સમયસાર નાટકમાં આવે છે. આહા..હા..! એનો અર્થ ઇ કે પોતાની પર્યાય જાગૃત જે પોતાથી થઈ તો એ વાણીને નિમિત્તથી બાણ વાગ્યા એમ કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- એવું લાગે કે લાકડી વાગે છે.

ઉત્તર :- લાકડી વાગે વ્યવહારના આવા લખાણ ઘણા બહુ. ઘણા વ્યવહારના લખાણ શાસ્ત્રમાં છે. એને પકડે એ તો કહે છે કે વ્યવહારથી કહ્યું એને પકડે તો એ ઉપદેશને સાંભળવાને

લાયક નથી. આહા..હા..! વ્યવહારને પકડે અને આગ્રહ કરે એ ઉપદેશ સાંભળવાને લાયક નથી. કથની એવી આવે અને કહે લ્યો શાસ્ત્રમાં કહ્યું છે. ભગવાન! કથની એવો વ્યવહાર આવે. પણ એ આદરણીય નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો,...'** પોતામાં ચારિત્રગુણથી ભરેલો એટલે રાગના અભાવસ્વભાવરૂપ પરિપૂર્ણ ભરેલો છે. તો એની દૃષ્ટિ કરવાથી, એનો આશ્રય કરવાથી જે વર્તમાન પર્યાયમાં ચારિત્રની પર્યાય ઉત્પન્ન થઈ એ રાગરૂપ નથી પરિણમતી. એ વ્યવહારરૂપ નહિ પરિણમતી થકી એમ છેને? અને **'અને પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો,...'** રાગાદિને પોતાની ચારિત્રગુણની પર્યાયમાં નહિ પરિણમાવતો થકો. આહા..હા..! **'પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...'** એ રાગાદિ શરીરની ક્રિયા, કપડા ઉતારવા કે નગ્ન થવું એ પોતાની ચારિત્રની પર્યાયમાં નિમિત્ત છે. ઓહો..હો..! **'પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...'** કોને? ચારિત્ર પર્યાયને. **'એવા પોતાના જ્ઞાન દર્શનગુણથી ભરેલા પર અપોહનાત્મક (પરના ત્યાકસ્વરૂપે) સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો,...'** આહા..હા..! કહે છે કે રાગાદિનો અભાવ થયો એ ચારિત્રની પર્યાયમાં નિમિત્ત કહેવામાં આવે છે અને નિમિત્ત હોવા છતાં પણ પોતાના ચારિત્રના પરિણામ તો પોતાથી ઉત્પન્ન થયા છે. નિમિત્તથી ઉત્પન્ન થયા નથી. નિમિત્તમાં નહિ અને નિમિત્તથી નહિ અને નિમિત્તમાં નહિ. આહા..હા..! **'એવા પોતાના જ્ઞાન દર્શનગુણથી ભરેલા પર અપોહનાત્મક (પરના ત્યાકસ્વરૂપે) સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે...'** હવે એ કપડા આદિ છૂટે છે અને રાગાદિ છે એમાં ચેતયિતાના પરિણામ, ચારિત્રના પરિણામ એમાં નિમિત્ત છે. **'એવા પોતાના (-પુદ્ગલાદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા...'** કપડા ઉતારવાનો વિકલ્પ થવો એ પોતાથી પરિણમન થયું. એના સ્વભાવથી ઉપજે છે. પોતાના સ્વભાવથી નહિ.

**'પોતાના (-ચેતયિતાના-) સ્વભાવથી અપોહે છે...'** ઓહો..હો..! **'સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો,...'** પુદ્ગલાદિ, શરીરાદિ, વાણી આદિ, આહારના ત્યાગ આદિ. આહાર છોડું છું. આહાર છોડે છે તો શું થયું? એ તો છૂટેલું જ છે. એનું પરિણમન આહારના નિમિત્તથી એવું પરિણમન છે. તારી પાસે એ નહિ આવવાનું જ પરિણમન એનું હતું. સમજાણું કાંઈ? એમાં ચારિત્રનું પણ નિમિત્ત હોય, પણ એ પરના ત્યાગરૂપ એ આત્મા થતો નથી અને પરના ત્યાગરૂપ પોતામાં પરિણમાવતો નથી. **'સ્વભાવથી અપોહે છે અર્થાત્ ત્યાગે છે - એમ વ્યવહાર કરવામાં આવે છે.'** એ તો વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ-૧૫, મંગળવાર, તા.૨૮-૦૮-૧૯૭૩
## ગાથા-૩૫૬ થી ૩૬૫, પ્રવચન-૪૮૩

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ત્રણ બોલ ચાલ્યા. શ્રદ્ધા, દર્શન, જ્ઞાન અને ચારિત્ર. દર્શનમાં બે બોલ ભેગા. પછી ભાવાર્થ આવશે. **'એ રીતે આ, આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર પ્રકાર છે.'** એટલે કે આ આત્મા જે વસ્તુસ્વભાવ છે એના ઉપર દૃષ્ટિ દેવાથી પર્યાયની ઉત્પત્તિ પોતાના આશ્રયે ઉત્પન્ન થાય છે. જ્ઞાનસ્વભાવી આત્મા. સાદી તો ભાષા આવે છે પણ હવે જરી. બે જુવાનિયાને પૂછ્યું હતું સવારમાં. સમજાય છે કીધું? નથી સમજાતું. પણ આ સાદુ આવે. ધ્યાન રાખે તો સમજાય. કે આ આત્મા છે આત્મા છે કે નહિ? એ આત્મા એક-એક ગુણથી પરિપૂર્ણ ભરેલું તત્ત્વ છે. કહો હવે એ નથી સમજાતું? અને એ આત્મા વર્તમાન પર્યાયથી દ્રવ્યનો આશ્રય કરે તો એમાં અનંતગુણમાંથી જે એક જ્ઞાનગુણ છે એ જ્ઞાનગુણની પર્યાય ઉત્પન્ન થાય છે. એમાં બીજી ચીજ નિમિત્ત હોય, પણ નિમિત્તમાં અને નિમિત્તને કારણે પર્યાય ઉત્પન્ન થાય છે એમ છે નહિ. સ્વરૂપચંદભાઈ! આ તો સમજાય એવી વાત છે. એય..! શેઠ! એને બોલાવે તો ન બોલી શકે.

મુમુક્ષુ :- આપ કહો છો પછી તરત અમે ભૂલી જઈએ છીએ.

ઉત્તર :- પણ આમાં તો સાદી વાત છે તદ્દન. કે આ આત્મા જે છે. હવે કાલથી ગુજરાતી આવશે હોં. આજ થોડું હિન્દી છેને. ચાર દિ' હિન્દી કહ્યું હતુંને? કાલ સવારથી ગુજરાતી ચાલશે. બૈરા-બૈરા આવ્યા છેને બધા. સવાર બોલતી હતી બાયું કાંઈ સમજાણું નહિ એમ બોલ્યા. ગુજરાતી માંડ માંડ સમજાય, સમજાણું.

કહે છે કે આ દેહ છે એ તો જડ છે. એનાથી ભિન્ન અંદર જાણવું-દેખવું, જાણવું-દેખવું તત્ત્વ છે કે નહિ? તો એ આત્મતત્ત્વ જ્ઞાનસ્વભાવથી પરિપૂર્ણ છે. ગુણથી તો પરિપૂર્ણ છે કે નહિ? ગુણમાં અપૂર્ણતા અને વિપરીતતા થતી નથી. અપૂર્ણતા અને વિપરીતતા વર્તમાનદશામાં છે. સમજાણું કાંઈ? ત્રિકાળ દ્રવ્ય અને ગુણમાં એમ થતું નથી. તો એ આત્મા જ્ઞાનથી પરિપૂર્ણ પદાર્થ છે. એની દૃષ્ટિ જ્યારે થાય છે. દ્રવ્યદૃષ્ટિ. દ્રવ્ય ઉપર જ્યાં રુચિ અને અનુભવ થાય છે તો કહે છે કે

એ જ્ઞાનગુણ પોતાની પર્યાયમાં પોતાથી પર્યાયથી ઉત્પન્ન થાય છે. કોઈ કર્મનો ક્ષયોપશમ થયો તો અહીં ઉપજ્યો એમ છે નહિ. કહો, શેઠ! લ્યો એ કહે .. તમે .. કહો. વીડીયોમાં કેમ કામ કરતા હતા ત્યાં તડાકાફડાકા. જેમાં રુચિ હોય એનો ખ્યાલ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! અરે..! આ તત્ત્વ ચૈતન્ય ભગવાન મહાપ્રભુ જેમાં શરીર નહિ, વાણી નહિ, કર્મ નહિ, પુણ્ય-પાપના રાગથી ભિન્ન તત્ત્વ એ તત્ત્વ ઉપર ભલે પર્યાયમાં રાગ-દ્વેષ હોય, પણ વસ્તુ જે છે ત્રિકાળ એ તો પોતાના જ્ઞાનગુણથી પરિપૂર્ણ છે અને એ પરિપૂર્ણ ઉપર દૃષ્ટિ કરવાથી, પરિપૂર્ણ જે દ્રવ્ય અને ગુણ છે એ પોતાની પર્યાયમાં ઉત્પન્ન થાય છે સ્વકાળને કારણે. આહા..હા..! સમ્યગ્જ્ઞાન પ્રગટે છે એ આ શબ્દ સાંભળવાથી નહિ. સમજાણું કાંઈ? ભલે શબ્દ સાંભળવા એને નિમિત્ત કહો, પણ એ જ્ઞાન પ્રગટે છે તો પોતાથી પ્રગટે છે ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ત્યારે? તે પહેલા નહિ?

ઉત્તર :- એ પહેલા નિમિત્ત ક્યાંથી આવ્યું? આહા..હા..! સમજાણું કાંઈ? અને એ જ્ઞાનસ્વભાવ પરિપૂર્ણ વસ્તુ છે, ગુણ છે. એવી જ્યાં દૃષ્ટિ થઈ તો પરિણમન સમ્યક્ જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ. એ પર્યાયમાં બીજી ચીજ-જ્ઞાનાવરણીય આદિનો ક્ષયોપશમ કે દેવ-ગુરુ-શાસ્ત્રની વાણી નિમિત્ત આદિ હોય, પણ એ નિમિત્ત છે તો અહીંયાં જ્ઞાનની ઉત્પત્તિ થાય છે એમ નથી. તો એ જ્ઞાનની ઉત્પત્તિમાં બીજી વસ્તુ નિમિત્ત અને બીજી વસ્તુમાં જ્ઞાનની પર્યાય નિમિત્ત. કહો, સમજાણું કાંઈ? એવી સમ્યગ્જ્ઞાનમાં આ સ્થિતિ છે. આહા..હા..!

એમ દર્શન. આત્મા દૃષ્ટા. અનંતગુણ છેને એમાં? તો ત્રણ ગુણની અહીંયાં વ્યાખ્યા કરી છે. ચાર કહો. એક આત્મા દર્શનગુણ એટલે દૃષ્ટા શક્તિથી અને શ્રદ્ધા શક્તિથી પરિપૂર્ણ છે. વસ્તુ છે તો પરિપૂર્ણ છેને. વસ્તુમાં અપૂર્ણતા અને વિપરીતતા ક્યાંથી આવી? સમજાણું કાંઈ? તો પદાર્થ પણ વાસ્તવિક પદાર્થનું જ્ઞાન નથી. દ્રવ્ય-ગુણ-પર્યાય શું કહે છે એની ખબર નથી અને એને ધર્મ કરવો હવે આ ક્યાંથી આવ્યું? આહા..હા..! સમજાણું કાંઈ? તો આત્મા વસ્તુ છે એમાં એક દર્શનગુણ ભર્યો છે. તો એ દર્શનગુણ નામ દૃષ્ટા શક્તિ જેને દૃષ્ટિક્રિયા કહે છે. ૪૭ શક્તિમાં તો એમ કીધુંને દૃષ્ટિ ક્રિયા. સમજાણું કાંઈ? એ દૃષ્ટા શક્તિનો સ્વભાવથી આત્મા પરિપૂર્ણ છે. પણ એ પરિપૂર્ણ દ્રવ્યની જ્યાં દૃષ્ટિ થાય છે તો જે દૃષ્ટા શક્તિ છે એ પરિણમે છે. પોતાની પર્યાયમાં દર્શન-દેખવાની પર્યાયરૂપ ઉપજે છે. એ ઉપજવામાં બીજી વસ્તુ નિમિત્ત હોય, પણ ઉપજે છે પોતાથી અને બીજી વસ્તુને પણ પોતાની પર્યાય નિમિત્ત કહેવામાં આવે છે. તો એમાં શું? નિમિત્ત કહેવામાં આવે છે તો આ પર્યાય નિમિત્તથી થઈ નથી અને નિમિત્તની પર્યાય એનાથી થઈ નથી. સુમનભાઈ! આ તો સાદી ભાષા છે. આહા..હા..!

મુમુક્ષુ :- ભાષા સાદી પણ ભાવ?

ઉત્તર :- ભાવ ઉંચા. પણ ભાવ આમાં સાદી ભાષામાં સમજાય એવી છે. એવું નથી કે ન

સમજાય. એટલું ન સમજાય? સમજાણું કાંઈ? અમારે ધર્મચંદભાઈ તો કહે છે કે ચાર ચોપડીના ભણેલા પણ આ સમજી શકે. જગજીવનભાઈના દીકરા.

મુમુક્ષુ :- .. પણ ન ભણ્યા હોય...

ઉત્તર :- પણ સાધારણ ચાર ચોપડીનું (જ્ઞાન હોય તેને પણ સમજાય) આ શું કહે છે? અમુક તદ્દન અભણ હોય એને તો મુશ્કેલી પડે. મુશ્કેલી પડે કે ન સમજી શકે એવું કાંઈ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આહા..હા..! અહીંયાં તો કહે છે કે તારે ધર્મ કરવો છે કે નહિ? ધર્મ નામ સુખી થવું છે કે નહિ?

મુમુક્ષુ :- હા પણ બધુ અનુકૂળ રાખીને સુખી થાવું છે.

ઉત્તર :- એમ છે નહિ કદી. આહા..હા..! અહીં તો કહે છે કે જો તારે સુખી થવું હોય. તું દુ:ખી છો. પરાધીન દૃષ્ટિથી અને પરના આશ્રયે ભાવ ઉપજે તે દુ:ખ છે. આહા..હા..! આ શ્લોકો આવ્યા છે એ સાધકના આવ્યા છે, ભાઈ! આ કષાય તરીકે,, સાધકનું. સાધ્યનું પછી આવ્યું છે. સાધકનો અર્થ છેને ઉપાય-ઉપેય? એ અધિકાર ઉપાયનો અહીં સરવાળો કર્યો છે. એ ઉપાય એટલે સાધક. સાધકના બોલ બધા લીધા છે આ. એકકોર કષાય, એકકોર શાંતિ, એકકોર કહે એક સાથે કષાય અને શાંતિ. આહા..હા..! પણ એ કેમ ઉપજે છે એમ પહેલા કહે છે. કે પોતામાં જે શ્રદ્ધાગુણથી ભરેલો આત્મા છે. સમકિતની પર્યાય વર્તમાનદશા છે, પણ જે વસ્તુ છે એ તો શ્રદ્ધાગુણથી પરિપૂર્ણ પડેલો છે. તો એ શ્રદ્ધાગુણવાળું જે દ્રવ્ય એના ઉપર દૃષ્ટિ કરવાથી શ્રદ્ધા-ગુણની પર્યાય સમ્યક્‌પણે ઉપજે છે. સમ્યગ્દર્શન પર્યાય એનો એ ધર્મ છે. એ પર્યાયમાં દર્શનમોહનો ક્ષયોપશમ નિમિત્ત હોય, પણ એનાથી આ ઉપજ્યું નથી. સમ્યગ્દર્શનની પર્યાય એનાથી નથી ઉપજી. સમજાણું કાંઈ? અને દર્શનમોહનો ક્ષયોપશમ જો હોય તો એનાથી ઉત્પન્ન નથી થયો અને દર્શનમોહનો ક્ષયોપશમમાં સમ્યગ્દર્શનની પર્યાય નિમિત્ત હોય, પણ નિમિત્તથી ત્યાં ક્ષયોપશમ થયો છે એમાં એમ નથી. સમજાણું કાંઈ?

એમ ચારિત્રગુણ આત્મામાં છે. એટલે પરના ત્યાગસ્વભાવરૂપ આત્માનો સ્વભાવ છે. રાગાદિ અને પરના અભાવસ્વભાવરૂપ આત્માનો સ્વભાવ છે. આ નથી સમજાતું? કે આ આંગળી છે આ આંગળીના અભાવસ્વભાવસ્વરૂપ એનું છે. એનાથી એના અભાવ સ્વભાવસ્વરૂપ છે. પોતાથી સ્વભાવસ્વરૂપ છે અને એનાથી અભાવસ્વરૂપ છે. એમ ભગવાન આત્મા રાગ અને શરીરાદિના ભાવથી અભાવસ્વભાવસ્વરૂપ છે અને એ અભાવસ્વભાવસ્વરૂપ ચારિત્રભાવને, અપોહસ્વભાવથી એ પરિપૂર્ણ ભરેલો છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો દૃષ્ટિ જ્યારે દ્રવ્ય ઉપર પડે છે તો ચારિત્રગુણની પર્યાય પરિણમે છે વીતરાગપર્યાયપણે. એમાં રાગની મંદતા આદિ નિમિત્ત હોય પણ

નિમિત્તપણે ચારિત્રની પર્યાય ઉપજે છે એમ નથી. સમજાણું કાંઈ? ..લાલજી! આ તો સમજાય એવી વાત છે. આ તો વેપારીને સમજાય એવી વાત છે. વકીલને તો એકકોર રાખો.

મુમુક્ષુ :- ઝઘડો તો એક જ વાતનો છે.

ઉત્તર :- હા, પણ આ તો સાદી સીધી વાત છે. કે પ્રત્યેક ગુણથી ભરેલું તત્ત્વ અને એ ગુણ ઉપર દૃષ્ટિ કરવી એની વાત અહીંયાં છે. ગુણનો સ્વીકાર થયો, આ દ્રવ્ય છે, આ ગુણ છે પરિપૂર્ણ. ગુણ તો પરિપૂર્ણ જ હોયને. અને આખી ચીજ અખંડ અભેદ છે. સમજાણું કાંઈ? ચારિત્રગુણથી ભરેલો છે આત્મા. અર્થાત્ એ અકષાયરસસ્વરૂપ જ આત્મા છે. એટલે કે રાગ અને પરદ્રવ્યના અભાવસ્વભાવસ્વરૂપ છે. એવી ચીજ. એના ઉપર જ્યાં દૃષ્ટિ થઈ તો જે અભાવસ્વભાવરૂપ ભાવ છે એ ચારિત્રભાવ વર્તમાન વીતરાગપર્યાયપણે પરિણમે છે. એ ચારિત્રમોહનો ક્ષયોપશમ થયો તો અહીંયાં ઉપજે છે એમ નથી. અને એ ચારિત્રમોહનો ક્ષયોપશમ ત્યાં હોય એમાં અહીંયાં ચારિત્ર ઉપજે છે, તો ત્યાં ચારિત્ર ઉપશમ થાય એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી સીધી સરળ વાત છે. પણ ગડબડે ચડાવી દીધી. શેઠ! શેઠિયાને દરકાર ન મળે કાંઈ રળવા આડે. જય નારાયણ. માથે બેઠા હોય એ હા. ક્યાં ગયા શેઠ? ભાઈને ઠપકો આપે છે.

મુમુક્ષુ :- સુધરવા માટે.

ઉત્તર :- વાત તો એ છે. અરેરે..! પોતાની ક્યાં દરકાર છે. આ હું શું છું? કેવી શક્તિથી ભરેલો છું? અને એવી શક્તિનો સ્વીકાર થાય ત્યારે તો એ શક્તિમાંથી ગુણની પર્યાયનો ઉત્પાદ થાય જ છે. પર્યાયે સ્વીકાર કર્યો તો પર્યાય ઉપજે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો એ ચારિત્રની પર્યાય રાગનો ત્યાગ કરે છે એમ કહેવું એ તો વ્યવહાર છે. ખરેખર તો રાગનું નિમિત્ત પણ ચારિત્રના પરિણમનમાં નથી અને ચારિત્રનું પરિણમ છે તો રાગનો ક્ષયોપશમ ત્યાં થયો એમ પણ નથી. આહા..હા..! ..કુમારજી! એવી ચીજ છે. આ તો સમજાય એવી વસ્તુ છે.

ત્રણ તો આવી ગયા જુઓ, **'આ, આત્માના...'** બે લીટી છેને બે લીટી? **'જ્ઞાન-દર્શન-ચારિત્ર...'** એમાં પર્યાય પણ લેવી. **'પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર પ્રકાર છે.'** આ નિશ્ચય ક્યો? કે પોતાની પર્યાય પોતાથી ઉપજે એ નિશ્ચય અને એ પર્યાય પરને દેખે છે, જાણે છે અને રાગને છોડે છે એમ કહેવું એનું નામ વ્યવહાર. સમજાણું કાંઈ? એવી વસ્તુની સ્થિતિ જ્યારે શ્રદ્ધા-જ્ઞાનમાં ન આવે તો ધર્મ ઉપજતો નથી. લાખ મરી જાય રાગની ક્રિયા કરીને પંચ મહાવ્રત ને દયા-દાનને. સમજાણું કાંઈ? એવી ક્રિયા તો અભવિ પણ અનંતવાર કરે છે. એ કોઈ વસ્તુ નથી. વસ્તુ તો ભગવાન પરમાનંદસ્વરૂપ. તો અહીં તો ત્રણવાર કહ્યું.

**'એ જ પ્રમાણે બીજા પણ સમસ્ત પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર પ્રકાર સમજવો.'** હવે એક આપણે આનંદનું લઈએ. આ ત્રણ બોલ તો આવ્યા. હવે આત્મા જે છે વસ્તુ વસ્તુ છે. એ આનંદગુણથી પૂર્ણ ભરેલો છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદરૂપ સુખસ્વભાવ અમૃત. સુખ

અમૃતરૂપથી પરિપૂર્ણ ભરેલો છે. આહા..હા..! ઇ કેમ બેસે? અહીં તો બેસે એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા આનંદના અતીન્દ્રિય અમૃતના સાગરથી છલોછલ ભરેલો છે. આહા..હા..! એનો જ્યારે આશ્રય કરે છે. પરિપૂર્ણ દ્રવ્ય છે વસ્તુ અને ગુણ પરિપૂર્ણ આનંદ. એવી રીતે પ્રતીતમાં જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય થયું તો પ્રતીતમાં શ્રદ્ધા થઈ આનંદની. તો એ આનંદગુણની વર્તમાન પર્યાય ઉપજે છે એ પોતાના આશ્રયે-લક્ષે ઉપજે છે. એ આનંદની પર્યાય ઉપજે સમ્યગ્દર્શન-જ્ઞાનની સાથે. એ આનંદ પોતાની પર્યાયથી ઉપજે છે. આહા..હા..! એ શ્રદ્ધાગુણની પર્યાયથી નહિ, ચારિત્રગુણની પર્યાયથી નહિ, નિમિત્તથી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગમાર્ગ બાપુ કેવળજ્ઞાનના આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં નિશ્ચય અને વ્યવહાર? હા. એવી નિશ્ચય.. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એનો માલ તો આ છે. આહા..હા..! કહે છે કે તારે સુખી થાવું હોય એટલે કે ધર્મ કરવો હોય એટલે કે અધર્મનો નાશ કરવો હોય તો એ કેમ થાય? કે એ ભગવાન આત્મા વસ્તુ છે અતીન્દ્રિય આનંદથી ભરેલો છે. આહા..હા..! એવો જ્યારે પર્યાયમાં, વર્તમાન દશામાં સ્વીકાર થયો ત્યારે આનંદની પર્યાયથી ઉપજે છે. કોઈ સાધન છે. કે આ સગવડતા બહુ હતી માટે આનંદની પર્યાય ઉપજી કે રાગની મંદતા હતી તો આનંદની દશા ઉપજી એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ આનંદની પર્યાય જ્યારે આનંદથી ભરેલો પ્રભુ પૂર્ણ છે. એવો જ્યાં સ્વીકાર થયો, પર્યાયમાં એવો સ્વીકાર થયો તો એ આનંદની પર્યાય ઉપજી એ સમયે સુખગુણથી વિપરીત ભાવ જે ચાર ઘાતિકર્મ છે એ ઘાતિકર્મ મંદ થયા તો આનંદની પર્યાય ઉપજે એમ નથી. આહા..હા..! આનંદગુણને ચાર ઘાતિકર્મનું નિમિત્ત છે વિપરીતતામાં. સમજાણું કાંઈ? તો કહે છે કે એ આનંદની ઉત્પત્તિ પોતાનો પરિપૂર્ણ સ્વભાવની દૃષ્ટિ હોવાથી પર્યાય દૃષ્ટિ પણ છૂટી ગઈ. જેની દૃષ્ટિ એક અંશ ઉપર હતી એ છૂટી ગઈ. રાગથી છૂટી ગઈ, નિમિત્તથી છૂટી ગઈ. પરિપૂર્ણ વસ્તુ આનંદથી ભરેલો એના ઉપર જ્યારે દૃષ્ટિ ગઈ તો એ દૃષ્ટિની ઉત્પત્તિ પોતાથી થાય છે, આનંદગુણથી આનંદ આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ રાગની મંદતાનો વ્યવહારભાવ હતો અને વ્યવહાર હતો તો આનંદની પર્યાયની ઉત્પત્તિ થઈ એમ છે નહિ. અથવા વ્યવહારનો અભાવ થયો એ કારણે આનંદની પર્યાય ઉપજી એમ નથી. સમજાણું કાંઈ? અને વ્યવહારના અભાવમાં આનંદની પર્યાય નિમિત્ત હોય, પણ વ્યવહારનો અભાવ આનંદની પર્યાયથી થયો છે એમ નથી. આહા..હા..! કહો, જેઠાભાઈ! આ કપુરચંદભાઈ કહે આવું સાંભળવાનું મળતું નથી. સાચી વાત હશે? પ્રશ્ન એ ચાલતો નથી. બહારની કડાકુટ. આહા..હા..! આવા અપવાસ કરવા, આ આમ કરવું આમ આ કરવું, આમ ભક્તિ કરવી, પૂજા કરવી, સ્વાધ્યાય કરવો વગેરે વગેરે બધી ક્રિયાકાંડ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કર્મકાંડ છે બધું. આહા..હા..! પ્રવચનસારમાં આવે છે છેલ્લે. સમજાણું

કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નિમિત્તનું કથન છે. ચરણાનુયોગનું કથન છે. સમજાણું કાંઈ? ઓલાએ તો લીધું જ નથી સમ્યજ્ઞાન દિપીકાવાળાએ. એણે છોડી દીધું છે. કર્મકાંડ સાથે આવે છે. કર્મકાંડથી જ્ઞાનકાંડ થાય છે. ચરણાનુંયોગમાં છે ઇ. સમ્યગ્જ્ઞાનદિપીકામાં એ લીધું જ નથી. ધર્મદાસ ક્ષુલ્લક. એ તો સાંભળવામાં આવે છે.

એ તો એક નયે એમ પણ નથી કહ્યું? કે વ્યવહારથી જે ક્રિયા થઈ, ક્રિયાથી પણ આત્મા ધર્મ થાય એ આવ્યું હતુંને? ક્રિયાનય. એ તો એક રાગનો ભાવ થયો એવો જે પુરુષાર્થ ધર્મ એવો એક ધર્મ ગણવામાં આવ્યો યોગ્યતા. એ ક્ષણે. એ જ સમયે જ્ઞાનથી પણ ધર્મ થાય છે જ્ઞાનનયે. પણ એક સાથે બે છે. કોઈને ક્રિયાનયે થાય છે અને કોને જ્ઞાનનયથી થાય છે એમ નથી. ભાઈ! અર્થ કરે પણ સમજે નહિ તો શું કરે? એ તો એક સમયમાં એવી યોગ્યતા ગણવામાં આવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈને કાળલબ્ધિથી થાય છે અને કોઈને અકાળે થાય છે. એવો બે પાઠ છે. આગળ-પાછળ. કોઈને કાળે અને કોઈને અકાળે એમ છે? એ જ જીવને એક સમયે મુક્તિ થવાના કાળે થાય છે અને એ જ સમયે સ્વભાવમાં પુરુષાર્થથી જે થઈ તો એ અકાળથી થઈ એમ એ જ સમયે કહેવામાં આવે છે. આહા..હા..! સમય બીજો, કોઈ જીવ બીજો કે જીવનો સમય બીજો એમ છે નહિ. જરી ઝીણું આવ્યું. સમજાણું કાંઈ? વસ્તુની ખબર ન મળે પણ એમ ને એમ.. ચોર્યાસીના અવતારમાં પાછો ચાલ્યો જશે ગોથા ખાઈને. આહા..હા..! નરક અને નિગોદ હોં. જો આ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત ન કર્યું તો અંતર્મુખ .. અને સમ્યગ્દર્શનની પર્યાયમાં એવો સંસ્કાર ન પામ્યા તો નરક અને નિગોદ, નિગોદ અને નરક. આહા..હા..! અનંતભવની ભવરાશિ, અનંતભવની ભવરાશિ. આહા..હા..! અરેરે..! ખબર નથી હું ક્યાં જઈશ? અને ક્યાં રહીશ? એમ ને એમ હોંશમાં ને હોંશમાં ... ક્યાં હોંશ કરું છું એની એને ખબર જ નથી. સમજાણું કાંઈ?

કહે છે. ત્યાં તો કાળ એક સમયનો છે અને વ્યવહારનય એક સમયે છે ત્યાં. આત્મા કર્મના સંબંધે છે એ બંધ અને એના અભાવમાં મોક્ષ. એ પરની અપેક્ષાએ વ્યવહારનય ગણવામાં આવ્યો છે. પણ છે તો પોતાથી એ વ્યવહારનયનો ધર્મ. પરને કારણે નહિ. અને કર્મનો સંબંધ છે એ બંધ, કર્મનો સંબંધ છૂટ્યો એ મોક્ષ. એ વ્યવહારનય. પણ એ જ સમયે પોતાના રાગથી રોકાણો એ બંધ અને રાગનો અભાવ કર્યો એ મોક્ષ. એ જ સમયે એ નય છે. સમજાણું કાંઈ? મનસુખભાઈ! ઝીણું બહુ પણ આ. ઝીણું તો કાંઈ નથી બહુ સરળ છે. પણ માણસને ઇ જાતનો અભ્યાસ નથી. અભ્યાસ નથી એટલે શું? ઓલા ...

મુમુક્ષુ :- એ તો ઉપદેશ...

ઉત્તર :- ઉપદેશ અનિવાર્ય (એમ નહિ) યોગ્યતાનયથી એમ છે. આહા..હા..! એક બાઈનો

પતિ પરદેશમાં હતો. એક વખત ચોપડી વાંચતો હતો. પતિનો પત્ર આવ્યો. તો પત્ર બાઈ વાંચતી હતી એમાં એક ઘાંચી નીકળ્યો ઘાંચી. અભણ.. અરે..! ભાઈ! આ કાગળ. આ કાગળ લીધો તો ખરો હાથમાં. પણ રોવા માંડ્યો. બાઈને થયું કે ધણી ગુજરી ગયો હશે? આહા..હા..! ભાઈ! તમે કેમ રોવો છો? કે હું આમાં જાણી શકતો નથી. પણ ત્યારે જાણને પહેલા આ. રોવાની પછી કહે. આ શું તે માંડી? તને વાંચવા બેસાડ્યો તો આ માંડી તે? પંડિતજી! એવો દાખલો આવે છે. નિશાળમાં આવતો તે દિ' આ તો હોં. ભાઈ .. બાઈના ધણીએ પત્ર લખ્યો હતો. આમ સાજા-નરવાનો પત્ર હતો. બીજું કાંઈ નહોતું. પણ ઓલો વાંચી શકે નહિ ઘાંચી. હાથમાં લીધો તો ખરો ... ભાઈ! શું કરવા રડો છો? ... બહેન હું વાંચી શકતો નથી. પણ બોલને. અમને તો વહેમ પડી ગયો તું. એમ આ સમજે નહિ અને શાસ્ત્ર લઈને વાંચવા બેસે... માંડે મોટા અને માંડે રાગથી ધર્મ થાય, નિમિત્તથી આ થાય. રોવા જ માંડે પાછો. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કહે છે આ ત્રણ ગુણ, ચાર ગુણ તો આવ્યા. આનંદથી લે છે. આનંદ ગુણની પર્યાય પોતાથી ઉપજે છે. અર્થાત્ સુખરૂપ દશા ધર્મ એ પોતાનું ત્રિકાળી દ્રવ્ય જે આનંદથી ભરેલું છે એના સ્વીકારથી આનંદની પર્યાય આવે છે. પર્યાયનો સ્વીકાર નથી અને રાગનો સ્વીકાર નથી. (પર્યાય, રાગાદિ) હો, આહા..હા..! સમજાણું કાંઈ? તો પોતાના આનંદગુણની ઉત્પત્તિમાં પોતાનું દ્રવ્ય કારણ છે. ઘાતિકર્મની મંદતાના અભાવનો અંશ કારણ છે એમ નથી. નિમિત્ત હોય. અને એ નિમિત્તમાં પણ જે ઉઘાડ થાય અથવા અભાવ થાય એમાં આ પર્યાય નિમિત્ત હોય, પણ આ નિમિત્તે એમાં કાંઈ કર્યું છે એમ નથી. એમ વીર્યગુણ. પુરુષાર્થ-પુરુષાર્થ કહે છેને માણસ? પુરુષાર્થ કરવો, પુરુષાર્થ કરવો. ક્યાં કરવો? ભગવાન તો પુરુષાર્થથી પરિપૂર્ણ ભરેલા છે. આત્મા વીર્યગુણથી પુરુષાર્થથી આત્મબળથી તો પરિપૂર્ણ ભરેલો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્મબળથી પરિપૂર્ણ છે. એ ઉપર જ્યાં સ્વીકાર-દૃષ્ટિ થઈ તો એ વીર્યની રચના જે અનંતગુણ સ્વરૂપની રચના કરનારું વીર્ય પોતાથી ઉપજે છે. કોઈ શરીર મજબુત હોય અને ખાવા-પીવાની ચીજ બહુ અનુકૂળ હોય .. ઓલા બધું ગણાવે છે આ બદામ ને પિસ્તા આવે છેને? શીતલપ્રસાદે લખ્યું હતું. અરેરે..!

.. અમારે ઓલો હતો શીવલાલજી હતોને એ કહે ૮૧માં. એક ઓલી બ્રાહ્મી આવે છેને બ્રાહ્મી. તેલ-તેલ. બુદ્ધિ જાડી બહુ. તો બ્રાહ્મીનું તેલ લાવ્યો હતો. ૮૧ની વાત. ૧૯ ને ૨૯ કેટલા વર્ષ થયા? ૪૮ વર્ષ થયા. .. પછી બુદ્ધિ બહુ જાડી. આ શું? કે બ્રાહ્મીનું તેલ ચોપડીએને તો બુદ્ધિ વધે. એય..! શેઠ! બદામ ને પિસ્તા ને દૂધ ને કેસર ઘુંટીને પીવે...

મુમુક્ષુ :- મગજ ઠંડો રહે.

ઉત્તર :- ધૂળેય રહેતું નથી અહીં તો એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શાસ્ત્રમાં લખ્યું છે તોય?

ઉત્તર :- પણ ઇ તો નિમિત્ત કોણ એ બતાવ્યું છે. ઇ તો અહીં વાત કરે છે. પોતાનો પુરુષાર્થ પર્યાયમાં જે પ્રગટે છે એ પુરુષાર્થ ગુણથી ભરેલા આત્માની દૃષ્ટિથી ઉપજે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પુરુષાર્થ પૂર્ણ વીર્યબળ, આત્મામાં અનંતગુણની રચના પર્યાયમાં લાવવી એવો વીર્યગુણથી પરિપૂર્ણ ભરેલો છે. એવો પરિપૂર્ણ વીર્યને ધરનાર ભગવાન વીર્યવાન એનો સ્વીકાર કરતાં એની દૃષ્ટિ થતાં એ પુરુષાર્થની જે શક્તિ છે ગુણ એ પર્યાયમાં વીર્યરૂપે પરિણમે છે. વીર્યગુણની રચનારૂપ વીર્યની પર્યાય થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શરીરમાં બહુ બળ હોય કે દૂધ ને તેલ ને શું કીધું ઇ? બદામ ને પિસ્તા એ ખાય તો બુદ્ધિ ખીલે.

મુમુક્ષુ :- અક્કલકડો ખાય તો બુદ્ધિ ખીલે.

ઉત્તર :- અક્કલકડો એ તો ભાષા કહે છે નામ. આમાં કહે છે બ્રાહ્મીમાં એ બધા તેલ ચોપડેને મગજ ઉપર. ... થાય.

મુમુક્ષુ :- મગજ શાંત તો થઈ જાય.

ઉત્તર :- ધૂળેય થાતો નથી. પાડાને ખવડાવોને બદામ ને પિસ્તા. સમજાણું કાંઈ? એ તો પોતામાં વીર્યગુણ ભર્યો છે આત્મબળ. એવી જ્યાં અંતરદૃષ્ટિએ અંદર સ્વીકાર થયો એ આત્મબળ જે શક્તિ છે એ પર્યાયમાં વીર્યરૂપ ઉત્પન્ન થાય છે. અનંતગુણની રચનારૂપ ઉપજે છે. એ સમયે ભલે અંતરાય કર્મનો ક્ષયોપશમ હોય, નિમિત્ત હોય, પણ એ ક્ષયોપશમ છે તો વીર્ય ઉપજે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? એમાં નિમિત્ત હોય. વીર્યાંતર ક્ષયોપશમમાં પોતાથી પરિણમન ત્યાં થયું એમાં વીર્ય પુરુષાર્થ ઉત્પન્ન થયું એમાં નિમિત્ત હોય અને એ ચીજ અહીંયાં નિમિત્ત હોય, પણ નિમિત્ત હોવા છતાં પણ વીર્ય તો પોતાથી ઉપજે છે. પરથી ઉપજતું નથી. આહા..હા..! હજી આવી સાચી સમજણના પણ ઠેકાણા નથી. અને ધર્મ થઈ જાય (એમ નથી). આહા..હા..!

મુમુક્ષુ :- જીવને પુરુષાર્થ તો ઘણો થયો છે.

ઉત્તર :- કોને? આહા..હા..! એ બધું આવ્યું છે. ... કાગળ આવ્યોને ફુલચંદજીનો. એક લખાણ આવ્યું છે પહેલું. જૈનગેજેટમાં એમાં નાખ્યું છે. એ લોકો કરવા તો બહુ માંગે છે પણ ચાલતું નથી. ... પહેલા તો જાણે એમ કહેવા માગ્યા કે અધ્યાત્મની વાત અમે કરીએ છીએ. ત્યાં અધ્યાત્મ .. નથી. ... જૈનગેજેટમાં લખ્યું છે. ... મંડળ સ્થાપ્યા મંડળ. મંડળમાં પણ કાંઈ ઠેકાણા રહ્યા નહિ. ... બે દિવસમાં ઉડાવી દીધું. શેઠ! ... બે દિવસ આવ્યા તો બધું .. ઉડાવી દીધું. હવે પૂર્વભવમાં એવો .હતો ઉડાવ્યો છે. બહેનશ્રીના જન્મદિવસ... એમ કહે. અરે..! ભગવાન! શું કહે છે?

મુમુક્ષુ :- આવા ને આવા...

ઉત્તર :- અરે..! ભગવાન! એમ કેમ કરીને એમ કે પોતાનો ધર્મ સાચો છે અને ... પણ અને બહાર આવી ગઈ તમારી વાત કોઈ. લુખ્ખી છે તમારી વાત ખોટી છે. આહા..હા..! કહો, પંડિતજી! આહા..હા..! શું કરે? ન બેસે એને. 'જામેં જિતની બુદ્ધિ હૈ ઇતનો દેહ બતાય. વાંકો બુરો ન

માનીએ ઓર કહાં સે લાય?' કહો, શેઠ! જેને હોય બુદ્ધિ એ બતાવે. આ માર્ગ તો બીજો છે, ભાઈ! તને ખબર નથી.

કહે છે કે પોતાનો વીર્યગુણ ભરેલો છે પ્રભુ પુરુષાર્થથી. પર્યાયમાં પુરુષાર્થ જે થાય છે એ તો અનંતમા ભાગે હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો પુરુષાર્થ પર્યાય થઈ એના ઉપર નજર નહિ કરતો એમ કહે છે. નજર તો જેમાં પુરુષાર્થ પૂર્ણ છે ત્યાં નજર કર, ભાઈ! આહા..હા..! ભાઈ! વસ્તુ એવી છે. આ તો કહે જુઓ, ઓલા ભાઈએ કહ્યું હતું કૈલાસચંદજીએ. એકકોર નિશ્ચયવાદ એકાંત છે અને એકકોર વ્યવહારવાદી શુભક્રિયા કરનારનું એકાંત છે. એનો વિરોધ કર્યો. એક પંડિત કહે જૂઠી વાત છે. એકાંત નથી અમારું. અમે તો શુદ્ધ ઉપયોગ માટે શુભભાવની ક્રિયા કરીએ છીએ. માટે અનેકાંત છે. અને એનું એકાંત છે. અરે..! ભગવાન! શું તને થયું? આહા..હા..!

અહીં તો કહે છે પરમાત્મા કે તારા વીર્યનો પુરુષાર્થ તારી શક્તિમાંથી આવે છે. એ તો શક્તિવાનની દૃષ્ટિ કરવાથી પુરુષાર્થની ઉત્પત્તિ થાય છે. દ્રવ્ય આવ્યું, ગુણ આવ્યા અને ઉત્પત્તિ એ પર્યાય ત્રણે આવી ગયા. ત્રણેમાં તારી સ્થિતિ છે. બહારના કોઈ કારણથી તારી સ્થિતિ એવી રહે છે અને તને કોઈ કારણથી બહારની બુદ્ધિ બીજી સ્થિતિમાં રહે એમ છે નહિ. સમજાણું કાંઈ? તો એ વીર્યગુણથી શુદ્ધગુણની પણ રચના નથી એમ કહે છે અહીં તો. આહા..હા..! વીર્યગુણની રચના એ વીર્ય નથી. એ તો નપુસંકતા છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? હા એ શુભરાગ મંદ હોય તે સમયે એ વીર્યની પુરુષાર્થની ગતિમાં એ નિમિત્ત કહો, પણ એનાથી ઉત્પન્ન થયો અને એનાથી ઉપજ્યો છે એમ છે નહિ. આહા..હા..! આ તે શી રીતે.. આહા..હા..! અને એ ક્ષયોપશમનું વીર્યાંતર થયું તો વીર્યથી જે પર્યાય ઉત્પન્ન થઈ એને નિમિત્ત કહો ઝીણી વાત છે ભાઈ! જ્ઞાનને કેળવવું જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? ભાવ તો ઉંચા છે, પણ ભાષા જે પ્રકારે સાદી આવે છે એમાં તો સમજી શકાય એવી આવે છે. સમજાણું કાંઈ?

જુઓ, '**એ જ પ્રમાણે બીજા પણ સમસ્ત પર્યાયોનો...**' એવો આત્મામાં કાર્યકારણ નામનો ગુણ છે એ વાત કરે છે. આત્મામાં એક અકાર્યકારણના ગુણથી ભરેલો આત્મા છે. શું કહ્યું? આત્મા જે વસ્તુ છે. આ શરીર, વાણી આ તો જડ કોકની વસ્તુ આવીને ઉભી છે. સમજાણું કાંઈ? આ રજકણ તો એકવાર વીંછીના ડંખપણે પરિણમ્યો હતો. એ પરમાણુ આ પર્યાય પરિણમે થયો. એ તો જડની દશા છે. આહા..હા..! એ તારામાં છે નહિ, તારાથી છે નહિ. તારા કારણે એ વસ્તુ આવી નથી. આહા..હા..! ચંદુલાલજી! આ શરીર હોં માટી આ ધૂળ. તારા કારણે આવી નથી, તારાથી આવી નથી અને તારામાં આવી નથી. આહા..હા..! એને કારણે એ સ્થિતિ થઈ પરિવર્તન થયું. આહા..હા..! એકવાર સર્પનું ઝેરપણે પરમાણુ પરિણમ્યા હતા એ જ પરમાણુ અત્યારે આ શરીરપણે પરિણમ્યા છે. તે વખતે જોઈ જોઈને ભાગતા હતા ... સર્પના ઝેર દેખીને. સાંભળ્યું હોય

હજી તો જોયું ન હોય એણે. એ રજકણો પરિણમન કરતા-કરતાં શરીરપણે, ભાષાપણે થાય છે. એ ક્યાં તારી વસ્તુ છે? ક્યાં તારામાં છે? ક્યાં તું એને લાવ્યો છો?

તો કહે છે કે આત્મામાં અકાર્યકારણ નામનો ગુણ છે. હવે આ મોટી તકરારી શબ્દ આવ્યો. એનો ખુલાસો થાય છે. કે આ આત્મા જે અંદર છે એ સ્વભાવવાન છેને? એનો કોઈ સ્વભાવ હોવો જોઈએને? એ ગુણી છેને ગુણી. ગુણી એટલે? દ્રવ્ય. ગુણી એટલે આ ચોખાની ગુણી એ નહિ. ગુણી કહે છેને? ચોખાની ગુણી, દાળની ગુણી. આ તો ગુણને ધરનારો ગુણી. ગુણી એક છે અને ગુણ અનંત છે. ગુણી એવું દ્રવ્ય તો એક છે એને એમાં ગુણ છે એ અનંત છે. તો એમાં એક અકાર્યકારણ નામનો ગુણ ભર્યો છે પરિપૂર્ણ. સમજાણું કાંઈ? અરે..! ભગવાન! આ તો માર્ગ વીતરાગસ્વરૂપ છે. એને એ જાણવું જોઈએ પહેલું તો સમ્યગ્દર્શન થવું એ જ પહેલી વસ્તુ છે. અને સમ્યગ્દર્શનમાં સ્વતંત્ર દ્રવ્ય પરિપૂર્ણ ગુણથી ભરેલો છે એવો સ્વીકાર થયા વિના પર્યાયનું પરિણમન કદી સમ્યક્ થતું નથી. આહા..હા..! ચારિત્ર તો ક્યાંથી આવે? આહા..હા..! પહેલું તો ચારિત્ર... ચારિત્ર... ચારિત્ર... ત્યાગ એ ચારિત્ર. એમાં બધું આવશે. જૈનદર્શન સંસ્કાર. સંસ્કૃતિ એ છે. જૈનગેજેટમાં નાખ્યું છે. સોનગઢ ઇ એકાંત છે. બહુ સારી વાત, ભગવાન! આહા..હા..! બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! તારે પણ સ્વીકાર કરવો પડશે. સત્ય જોઈતું હોય તો. સમજાણું કાંઈ? આહા..હા..!

શ્રીમદ્ કહે છેને પ્રભુ સર્વગુણ સંપન્ન છે, પણ અપલક્ષણનો પાર નથી. પર્યાય. વસ્તુસ્વરૂપે સંપન્ન છે, પણ પર્યાયમાં અપલક્ષણ દોષ અને અવગુણનો પાર નથી. આહા..હા..! કર્મના .. જુઓ ભગવાનને પણ અપલક્ષણ કહે છે. આહા..હા..! શ્રીમદ્ તો એમ કહે છે કે એને ઉઘાડ ઘણો હતો અને સમ્યગ્દૃષ્ટિ હતા આત્મજ્ઞાની. એમાં શંકા હોય જ નહિ. એનું કામ કરીને ચાલ્યા ગયા છે. એક દેહ પામીને કેવળ લેશે. સમજાણું કાંઈ? આહા..હા..! તો કહે છે કે પ્રભુ તું અનંતગુણ સંપન્ન તો છે. અપલક્ષણ દોષનો પાર નથી. પણ ઇ તો પર્યાયમાં દોષ મિથ્યાત્વ અજ્ઞાનની જ વાત કરે છે. સમજાણું કાંઈ? અહીંયાં કહે છે કે પર્યાયમાં દોષ જ ઉપજતો નથી જ્યારે સ્વનો આશ્રય થયો તો. દોષ થોડો ઉપજે છે એ પર્યાયથી જુઓ તો દોષ અંદર છે, પણ દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો દોષ એમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ! આહા..હા..! મોટા માંધાતા ગોથા ખાઈ જાય ન સમજે તો એવી વાત છે. આહા..હા..! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ અરિહંતદેવનો આ તો માર્ગ છે. આ કોઈ આલીદુઆલી માને એવો છે નહિ ભાઈ આ. ઓહો..હો..!

કહે છે આત્મામાં આ તો .. ગુણ છે અનંત પર્યાયની વાત ચાલી. અકાર્યકારણ નામનો ગુણ છે. એટલે કે આત્મામાં આત્મા કોઈનું કાર્ય નથી. એની પર્યાય પણ કોઈનું કાર્ય નથી અને એની પર્યાય પણ કોઈને કારણ નથી. આહા..હા..! એવો આત્મામાં ગુણ છે. એ અકાર્યકારણ નામની શક્તિથી શક્તિવાન ભગવાન પરિપૂર્ણ છે. એ અકાર્યકારણના ગુણથી ભરેલો પદાર્થ એની જ્યારે

દૃષ્ટિ થઈ તો પર્યાયમાં પણ અકાર્યકારણરૂપી પરિણમનદશા થઈ કે જે પર્યાય પરમાં નિમિત્ત નથી અને પરના નિમિત્તે ઉપજતો નથી. કહો, સમજાણું કાંઈ? ફરીને. આપણે ક્યાં એક-બે વારમાં પૂરું કરવું છે? આહા..હા..! અકાર્યકારણ. એમાં ગુણ છે. અનાદિ-અનંત. જેમ જ્ઞાન અનાદિ-અનંત, દર્શન અનાદિ-અનંત, ચારિત્ર અનાદિ-આનંદ, આનંદ અનાદિ-અનંત એમ અકાર્યકારણ નામનો ગુણ અનાદિ-અનંત પરિપૂર્ણ ભરેલો છે. આહા..હા..! એ પરિપૂર્ણ અકાર્યકારણની શક્તિથી શક્તિવાન છે. એવો જ્યારે સ્વીકાર અને દૃષ્ટિ થઈ. આહા..હા..! તો પર્યાયમાં અકાર્યકારણ નામની એક પર્યાય પરિણમી. એ પર્યાય ઉપજવામાં બીજી વસ્તુ નિમિત્ત હોય, પણ નિમિત્તથી અકાર્યકારણ .. ઉપજી છે એમ નથી. આહા..હા..! અને નિમિત્તની પર્યાય, અકાર્યકારણની પર્યાય ઉપજી એનાથી નિમિત્તની પર્યાય ઉપજી અંદર-બહાર એમ પણ નથી. ભગવાનજીભાઈ! ભારે ઝીણું આવું પણ હોં. આવી વસ્તુ. આહા..હા..!

કહે છે એ કારણ ઉડાવે છે. સાંભળતો ખરો ભગવાન! વ્યવહાર કારણ અને નિશ્ચય કાર્ય. તો કહે છે કે એ વસ્તુના સ્વભાવમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો નયથી જ્ઞાન કરાવવું હોય તો કહે છે. છતાં વ્યવહાર રાગની મંદતા કરી આ ભૂમિકા પ્રમાણમાં એવી મંદતા થઈ એટલું કહેવું છે, પણ એ રાગની મંદતા એ કારણ અને આત્મામાં નિર્મળ પર્યાય થવી તે કાર્ય એમ નથી. કહો, હીરાભાઈ! આહા..હા..! તો કાર્યકારણ. આહા..હા..! .. અકાર્યકારણ તો દ્રવ્ય છે. પણ એલા દ્રવ્ય અને ગુણ છે એવું... પરિણમન છે કે નહિ એનું? ગુણ છે તો એનું પરિણમન થાય છે કે નહિ? એ ફુલચંદજીએ કહ્યું છે હોં. ફુલચંદજીએ કહ્યું. આ લોકો દ્રવ્ય-દ્રવ્ય કહે છે પણ દ્રવ્ય અને ગુણ બેનું પરિણમન હોય કે નહિ? ફુલચંદજીએ કહ્યું એકવાર ખબર છે. ફુલચંદજીને પણ બહુ ક્ષયોપશમ .. રુચિ બહુ છે. હુકમચંદજી જાગ્યા છે એ વળી જુદું. લખ્યું છેને જયપુર આહા..હા..! બહુ ક્ષયોપશમ. અને અહીંથી બહાર પ્રતિજ્ઞા લીધી છે. નહિ તો આ પણ ધર્મની પ્રરૂપણા અને આ પણ એમ નહિ એવી પ્રતિજ્ઞા છે. આહા..હા..! બોલ્યા હતા વ્યાખ્યાનમાં. બોલ્યા હતા. ... છે ભાઈ! ... ... સમજાણું કાંઈ?

કહે છે કે શરીર, વાણી અને શરીરાદિ અનુકૂળ હોય તો અંદર અકાર્યકારણ નામની શક્તિ પર્યાય ઉપજે એમ નથી. અને શરીરમાં બળ હોય તો અહીંયાં અકાર્યકારણ શક્તિ ઉપજી એનાથી શરીરમાં બળ આવ્યું એમ નથી. શરીરમાં શરીરરૂપ પર્યાય જે છે એ પર્યાય પણ ખરેખર તો અકાર્યકારણવાળી એ શક્તિ છે એમાં. આહા..હા..! પરમાણુમાં પણ એક અકાર્યકારણ નામની શક્તિ છે. તો પરમાણુ પણ પોતાની પર્યાયમાં ઉપજે છે એ પરને કારણે નહિ અને આત્મા પણ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયપણે ઉપજે છે તો એમાં પરનું કારણ નથી. હોય, નિમિત્ત હોય, પણ નિમિત્તમાં ઉપજ્યો, અકાર્યકારણ પર્યાય નિમિત્તમાં અને નિમિત્તથી ઉપજી છે (એમ નથી) એ તો ગુણી ભગવાનને કારણે ઉપજી છે. આહા..હા..! કેટલું યાદ રાખવું એક કલાકમાં?

મુમુક્ષુ :- બધું આવી જાય છે.

ઉત્તર :- બધું આવી જાય છે ભાઈ! તું એકરૂપે પણ અનંતગુણ તારામાં. આહા..હા..! ભગવાન ત્રિલોકનાથે તીર્થંકરદેવે તારું રૂપ જોયું છે. અનંતગુણનું રૂપ તારું છે. તું બહુરૂપી છે. એકરૂપ નથી. દ્રવ્ય તરીકે એક અને ગુણ તરીકે અનેક. એ તો એક-અનેકગુણ આવ્યા છેને. ૪૭ નયમાં આવ્યું છે. ૪૭ શક્તિમાં. ૪૭ શક્તિ. દરેકમાં એક વ્યાપક છે એવું દ્રવ્ય એક છે અને ગુણમાં અનેક ગુણ વ્યાપક છે માટે અનેક છે. એમ આવ્યું. ઓહો..હો..! આચાર્યોએ તો ઘણા સાધનો સામગ્રી ભરી છે, પણ એ સામગ્રીથી પણ આત્માની પર્યાય ઉત્પન્ન ન થાય. એમ કહે છે. આહા..હા..! વાણી પર છે, દેવ પર છે, ભગવાન પર છે. આહા..હા..! એ ભગવાન છે અને વાણી છે તો આત્મામાં પર્યાયનું પરિણમન થાય છે એમ નથી. કેમકે એમાં અકાર્યકારણ નામનો ગુણ પડ્યો છે તો એ ગુણ સર્વગુણમાં વ્યાપક છે. એ અકાર્યકારણ નામનો ગુણ જે છે શક્તિ છે એ તો અનંતગુણમાં વિભુ તરીકે વ્યાપી છે. તો જ્ઞાનમાં પણ આકાર્યકારણતા છે, શ્રદ્ધામાં પણ આકાર્યકારણતા છે, ચારિત્રમાં અકાર્યકારણ, આનંદમાં અકાર્યકારણતા છે. આહા..હા..!

જુઓ, આ વીતરાગનું કથન. આહા..હા..! એ મથુરાના પેંડા ન્યારા છે. એમ કહે છેને શું કહે છે? શું કહે છે તમારે? મથુરાના પેંડા.. મથુરા કહે છે એમ કહે. ત્રણ લોકથી મથુરા ન્યારી એમ. મથુરામાં શ્રીકૃષ્ણ રહેતા હતાને. મથુરાના પેંડા. ઓહો..! અહીં તો કહે છે કે આ ભગવાનનો પેંડો ન્યારો છે. આહા..હા..! ..ભાઈ! અરે..! એકવાર સાંભળતો ખરો, ભગવાન! તું વિરોધ કરે છે પણ એકવાર સાંભળતો ખરો આઠ દિ'. તને ખબર પડે કે આ તો એકાંત છે કે અનેકાંત છે. એ પાછું વળી એમાં બીજું કાંઈક કાઢ્યું. એ પર્યાયમાં દુઃખ હોય અને સ્વભાવમાં સુખ હોય, પણ પર્યાયમાં સુખ અને દુઃખ એ અનેકાંત નથી. અરે..! ભગવાન! એવું .. તને. આહા..હા..!

અહીં તો કહે છે એક પર્યાયમાં આનંદ પણ છે અને એક પર્યાયના ભાગમાં દુઃખ પણ છે. આહા..હા..! એક સમયમાં શુદ્ધાશુદ્ધની એક સમયની પર્યાયમાં જ્ઞાન કરે છે. સાધક જીવ એમ કહે છે. હું નિમિત્ત તરફના લક્ષે જ્યારે અશુદ્ધતા થાય તે પણ મારી છે અને પોતામાં લક્ષ જતાં શુદ્ધતા પણ મારી છે. એક પર્યાયના બે ભાગ સાથે દેખાય છે એમ કહે છે. અને એ ન દેખે તો મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. આહા..હા..! શાંતિભાઈ! માર્ગ તો આવો છે, ભાઈ! આહા..હા..! અરે..! એને સાંભળવા મળ્યો નથી. હોં. પ્રભુ ત્રિલોકનાથ તીર્થંકરદેવ એની કથની શું છે એ સાંભળવા મળી નથી. અરેરે..! ક્યાં જાવું છે તારે? સમજાણું કાંઈ? પંચાધ્યાયીનો દાખલો આપે. ગુણ અને પર્યાયરૂપ અનેકાંત ત્યાં ગુણ છે પર્યાય... આહા..હા..! અહીં તો કહે છે કે આત્મામાં એક અકાર્યકારણ નામની શક્તિ છે શક્તિ ગુણ. કે જ્યારે આત્માનું ભાન થયું, આત્માનું એવું અસ્તિત્વ-હયાતી-મોજુદગી એવા ગુણથી પરિપૂર્ણ એવી જ્યારે દૃષ્ટિ થઈ તો એ દૃષ્ટિની પર્યાયને બીજું કોઈ કારણ છે અથવા એવી કોઈ દૃષ્ટિની પર્યાય કારણ છે એવો વસ્તુનો સ્વભાવ નથી.

આહા..હા..! આ તે કાંઈ વાત! ડાલચંદજી! આવી વાતું છે. આહા..હા..!

આત્મામાં સ્વચ્છતા ઉપજી. સ્વચ્છતા એક ગુણ છેને અંદરમાં? સ્વચ્છતા ગુણથી તો ભરેલો આત્મા છે. ભગવાન આત્મા વસ્તુ એ અનાદિ-અનંત એકરૂપ જેમાં સ્વચ્છતા નામની શક્તિ ગુણ અનાદિ-અનંત પડ્યો છે. આહા..હા..! એ જ સ્વચ્છતાની પર્યાય જ્યારે સ્વચ્છતા ગુણના ધરનાર ઉપર ગઈ તો સ્વચ્છતા ગુણની પર્યાય ઉપજી એ કોઈ રાગની મંદતાથી અને દેવ-ગુરુ-શાસ્ત્રથી અથવા સમજણથી, વજ્રનારાચ સંહનન હતું તો સ્વચ્છતાની પર્યાય ઉપજી, વજ્રનારાચ સંહનન હતું તો કેવળજ્ઞાનની પર્યાય ઉપજી એમ છે નહિ. આહા..હા..! ... સમજાણું કાંઈ? કેવળજ્ઞાનની પર્યાય .. સંહનન પહેલું જોઈએ, આવું મનુષ્યપણું જોઈએ. અરે..! સાંભળતો ખરો, ભગવાન! તારી કેવળજ્ઞાનની પર્યાય જ્યારે ઉપજે છે તો એ તો પૂર્ણ ગુણથી ધરનાર દ્રવ્ય છે એને આશ્રયે ઉપજી છે. પૂર્વની પર્યાયથી પણ નહિ. તો સંહનન આદિ મનુષ્યદેહાદિ એ કેવળજ્ઞાનની પર્યાયમાં નિમિત્ત હોય, પણ નિમિત્તથી અહીં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે, સંહનન મજબુત છે તો અહી કેવળજ્ઞાન ઉપજે છે એમ નથી. અને કેવળજ્ઞાન ઉપજે છે તો સંહનન એવી પર્યાય પરમાણુમાં થાય છે સંહનની મજબુતાઈ એમ છે નહિ. એ સંહનનની એ સમયની પર્યાયમાં કેવળજ્ઞાન નિમિત્ત છે. ઓહો..હો..! લ્યો, એ નિમિત્ત-નૈમિત્તિક પરમાં નિમિત્તનું ... પહેલું? હા એ. વ્યવહારને નિશ્ચય નિમિત્ત અને નિશ્ચયને વ્યવહાર નિમિત્ત. એનો અર્થ શું? છે બસ. આહા..હા..! સમજવાની વસ્તુ છે, ભાઈ! આહા..હા..!

એ કહે છે .. અથવા પ્રકાશ નામનો ગુણ આત્મામાં છે. એટલે કે આત્મામાં પ્રકાશગુણથી ભરેલો પ્રભુ એનો જ્યાં આશ્રય લીધો તો પર્યાયમાં સ્વસંવેદન પરની અપેક્ષા વિના પોતાથી આત્મા પ્રત્યક્ષ અનુભવમાં આવે છે એવી પર્યાય ઉપજે છે. સમજાણું કાંઈ? એમાં બીજી કોઈ વસ્તુ કારણ નથી. લ્યો અહીં તો કલાક એમાં લીધો. એય..! સુમનભાઈ! લ્યો તમે આવ્યા અને આ બધું થયું. આહા..હા..! કહે છે કે કેવળજ્ઞાન પર્યાય જ્યારે ઉપજે છે કેવળજ્ઞાન. તે કેવળજ્ઞાન ઉપજે છે પૂર્વ પર્યાયનું નિમિત્ત છે તો ઉપજે છે એમ નથી. નિમિત્ત હોય. મોક્ષનો માર્ગ એને વ્યવહાર કહો નિમિત્ત. આહા..હા..! કેવળજ્ઞાન જ્યારે ઉપજે છે તો ત્રિકાળી ગુણથી ભરેલો પ્રભુ એના આશ્રયે ઉપજે છે. પૂર્વના વ્યવહારથી, નિમિત્ત હોય, પણ નિમિત્તને કારણે કેવળજ્ઞાન ઉપજ્યું છે અને સંહનન મજબુત છે તો ઉપજ્યું છે એમ નથી. હા, એ સંહનન આદિ મનુષ્યદેહને કેવળજ્ઞાનની ઉત્પત્તિમાં નિમિત્ત કહો, પણ નિમિત્તનો અર્થ એવો નથી કે એ કારણ છે તો અહીં કારણ થયું. આહા..હા..!

મુમુક્ષુ :- એ ન હોય એમ ન બને.

ઉત્તર :- એ હોય. ન હોય કેમ બને? હોય માટે એને નિમિત્ત કહેવામાં આવે છે. .. પણ ત્યાં હોય એને આ નિમિત્ત કહેવામાં આવે છે. એક સમયમાં થાય છે. પણ કોઈને કારણે કોઈની ઉત્પત્તિ થાય એવું વસ્તુનું સ્વરૂપ ભગવાનના જ્ઞાનમાં આવ્યું નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કળશ-૨૧૫

(शार्दुलविक्रीडित)

शुद्धद्रव्यनिरूपणार्पितमतेस्तत्त्वं समुत्पश्यतो
नैकद्रव्यगतं चकास्ति किमपि द्रव्यान्तरं जातुचित्।
ज्ञानं ज्ञेयमवैति यत्तु तदयं शुद्धस्वभावोदयः
किं द्रव्यान्तरचुम्बनाकुलधियस्तत्त्वाच्च्यवन्ते जनाः॥215॥

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :

શ્લોકાર્થ :- [शुद्ध-द्रव्य-निरूपण-अर्पित-मतेः तत्त्वं समुत्पश्यत] જેણે શુદ્ધ દ્રવ્યના નિરૂપણમાં બુદ્ધિને સ્થાપી-લગાડી છે અને જે તત્ત્વને અનુભવે છે, તે પુરુષને [एक-द्रव्य-गतं किम् अपि द्रव्य-अन्तरं जातुचित्त न चकास्ति] એક દ્રવ્યની અંદર કોઈ પણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ (કદાપિ) ભાસતું નથી. [यत् तु ज्ञानं ज्ञेयम् अवैति तत् अयं शुद्ध-स्वभाव-उदयः] જ્ઞાન જ્ઞેયને જાણે છે તે તો આ જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે. [जनाः] આમ છે તો પછી લોકો [द्रव्य-अन्तर-चुम्बन-आकुल-धियः] જ્ઞાનને અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ હોવાની માન્યતાથી આકુળ બુદ્ધિવાળા થયા થકા [तत्त्वात्] તત્ત્વથી (શુદ્ધ સ્વરૂપથી) [किं च्यवन्ते] શા માટે ચ્યુત થાય છે ?

ભાવાર્થ :- શુદ્ધનયની દૃષ્ટિથી તત્ત્વનું સ્વરૂપ વિચારતાં અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી. જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે તે તો આ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે; કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી કે તેઓ જ્ઞાનને સ્પર્શતાં નથી. આમ હોવા છતાં, જ્ઞાનમાં અન્ય દ્રવ્યોનો પ્રતિભાસ દેખીને આ લોકો 'જ્ઞાનને પરજ્ઞેયો સાથે પરમાર્થ સંબંધ છે' એવું માનતા થકા જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે, તે તેમનું અજ્ઞાન છે. તેમના પર કરુણા કરીને આચાર્યદેવ કહે છે કે- આ લોકો તત્ત્વથી કાં ચ્યુત થાય છે ? 215.

**પ્રવચન-૪૮૪માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

## ભાદરવા સુદ-૩, ગુરુવાર, તા.૩૦-૦૮-૧૯૭૩
## કળશ-૨૧૫-૨૧૬, પ્રવચન-૪૮૫

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૨૧૫ કળશ ચાલે છે. 'शुद्ध-द्रव्य-निरूपण-अर्पित-मतेः तत्त्वं समुत्पश्यत' **'જેણે શુદ્ધ દ્રવ્યના નિરૂપણમાં બુદ્ધિને સ્થાપી-લગાડી છે...'** શું કહે છે? કે આત્મા એ તો પવિત્ર શુદ્ધ ચૈતન્યઘન છે. એમાં જેણે બુદ્ધિને સ્થાપી છે અને તત્ત્વને અનુભવે છે. એટલે કે આનંદને, શાંતિને અનુભવે છે. સમજાય છે કાંઈ? આ દેહ અને રાગથી ભિન્ન તત્ત્વ છે એ. એવા તત્ત્વની દૃષ્ટિ જ્યાં સ્થાપતા સમ્યગ્દર્શન અને જ્ઞાનની પર્યાયને એ બાજુ સ્થાપતા તત્ત્વનો અનુભવ એટલે આનંદ અને શાંતિનો અનુભવ થાય એનું નામ ધર્મ છે. સમજાય છે કાંઈ? **'જેણે શુદ્ધ દ્રવ્યના નિરૂપણ...'** શબ્દ તો કથન છે ભાવમાં. ચૈતન્યઘન આનંદસ્વરૂપ એવા આત્માના નિજસ્વભાવમાં જેણે બુદ્ધિને, દૃષ્ટિને સ્થાપી છે અને એ ઉપરાંત તે તત્ત્વનો અનુભવ કરે છે. શાંતિનું વેદન છે એમ કહે છે.

**'તે પુરુષને...'** 'एक-द्रव्य-गतं किम् अपि द्रव्य-अन्तरं जातुचित्त न चकास्ति' **'એક દ્રવ્યની અંદર કોઈ પણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ (કદાપિ) ભાસતું નથી.'** આહા..હા..! ખરેખર તો ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ એમ દૃષ્ટિ અને અનુભવ થતાં એમાં રાગનો પણ અનુભવ નથી. સમજાય છે કાંઈ? **'એક દ્રવ્યની અંદર કોઈ પણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ (કદાપિ) ભાસતું નથી.'** આહા..હા..! એમાં રાગનો આસ્રવભાવ પણ વસ્તુના અનુભવમાં રહેલો ભાસતો નથી. આહા..હા..! જુઓ આ વસ્તુનું સ્વરૂપ. સમજાય છે કાંઈ? **'એક દ્રવ્યની અંદર કોઈ પણ અન્ય દ્રવ્ય રહેલું...'** અજીવ, શરીર, કર્મ તો અંતર રહેલું ભાસતું નથી, પણ અંતર સ્વભાવમાં પુણ્ય અને પાપના વિકલ્પો પણ અંદર ભાસતા નથી. આહા..હા..!

'यत् तु ज्ञानं ज्ञेयम् अवैति तत् अयं शुद्ध-स्वभाव-उदयः' આહા..! એ ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞેયને જાણે છે. રાગાદિ, પરાદિ દ્રવ્યોને એ જાણે છે. જાણવાનો તો એનો સ્વભાવ છે. આહા..હા..! **'જ્ઞાન જ્ઞેયને જાણે છે તે તો આ જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે.'** આહા..હા..! સમજાય છે

કાંઈ? આ તો તાત્વિક સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છેને? એટલે આત્મા રાગથી પણ ભિન્ન શરીર અને કર્મથી પણ ભિન્ન અને પૂર્ણ સ્વભાવથી આત્મા અભિન્ન. આહા..હા..! એવું જે તત્ત્વ છે એમાં જ્યાં દૃષ્ટિ અને જ્ઞેયપણે જ્ઞાન થયું તેથી એના અનુભવમાં શાંતિ અને આનંદનું વેદન થયું એમાં રાગનો કણ ભાસતો નથી. હા રાગને જાણે. જાણે તેથી ત્યાં અશુદ્ધતા થઈ જાય છે (એમ નથી). સમજાય છે કાંઈ? એ જ્ઞાનના શુદ્ધસ્વભાવની પ્રગટદશા છે. રાગને, શરીરને જેમ છે તેમ જાણવું એ વ્યવહાર કહ્યું હતુંને પહેલા? એને જાણવું એ વ્યવહાર છે, પણ અહીં તો જ્ઞાનમાં એ ચીજ જેવી છે એવી જણાય જાય છે. જણાય છે માટે અશુદ્ધ થાય છે એમ નથી. સમજાણું કાંઈ? ઝીણો વિષય છે. આહા..હા..! પહેલી એના સમજમાં તો એ વાત લેવી પડેને. એ વિના અંતર્મુખ શી રીતે થઈ શકશે? આહા..હા..! જુઓને આ પાણી ન હોય તો રાડું પાડે છે કારીગર. એક પાણી ન .. આવે. બોટાદમાં નથી, ચુરામાં નથી, ફલાણે નથી. એય..! તમારે રાજકોટમાં નથી. એમ કહે છે માણસ. આમ કહેતા હતા. પણ આત્મામાં પાણી ભર્યું છે અનંતુ. સ્વરૂપચંદભાઈ! સ્વરૂપમાં આનંદનું પાણી પડ્યું છે. આહા..હા..!

અનંત આનંદના તેજસ્વરૂપ ભગવાન, અનંત શાંતિના રસના કંદ સ્વરૂપ પ્રભુ એવા તત્ત્વ ઉપર દૃષ્ટિ પડતા એને આનંદ અને શાંતિનું વેદન આવે અને તે જ્ઞાનમાં રાગાદિ જણાય એથી કરીને અશુદ્ધ જ્ઞાન થઈ ગયું એમ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! એ કર્મધારા જે ચાલે છે એ ભિન્ન છે કહે છે. સ્વભાવથી ભિન્ન છે. ભલે છે ખરી.

મુમુક્ષુ :- હોય પછી જાણે કેમ?

ઉત્તર :- રાગનો ભાવ, વિકારનો ભાવ છે ખરો પર્યાયમાં, પણ એ જ્ઞાનને જાણવાના તત્ત્વમાં એ નથી. એનાથી તે ભિન્ન છે. આહા..હા..! શેઠ! આ બધું વાંચવું, સમજવું પડશે. ઘરે વાંચવું પડશે. એમ ને એમ ચોપડા તપાસો, પણ આ કોઈ દિ' તપાસ્યું, વાંચ્યું છે? વાત તો એમ જ છે. આહા..હા..! ચૈતન્ય ભગવાન કહે છે કે એવા ચૈતન્ય ઉપર જેની દૃષ્ટિ પડી એથી એ ચૈતન્યનું વેદન અને અનુભવ થયો એમાં રાગને જાણવાનું જ્ઞાન ભલે પ્રગટ થાય, પણ રાગરૂપ આત્મા થઈ જાય. જાણે માટે રાગરૂપ થઈ જાય (એમ નથી). આહા..હા..! રાગ આસ્રવ છે, દુ:ખરૂપ છે. ભગવાન આત્માના અનુભવમાં તો આનંદ છે. અનાકુળતા છે, એ (રાગ) આકુળતા છે. આકુળતાને જાણતા જ્ઞાન(માં) આકુળતા થઈ જાય છે એમ નથી. આ તો ધર્મની કોલેજ છે. એનો સાર વીતરાગતા બતાવે છે. આહા..હા..! ભાઈ! તું કોણ છો? ક્યાં છો? કેમ છો? હું આત્મા છું અને કોણ છો એટલે આત્મા. ક્યાં છો? આનંદના ધામમાં. આહા..હા..! કેમ છો? કે એ સ્વભાવ અને સ્વભાવવાનમાં એકમેક છો. આનંદ અને આત્મા બે ભિન્ન નથી ત્યાં. સમજાય છે કાંઈ? આ તો સમ્યગ્દર્શનની કળા એમાં શું પ્રાપ્ત થાય એની વાત છે. આમ દેવ-ગુરુ-શાસ્ત્રને માને, નર-પશુઓને માને કે એ સમ્યગ્દર્શન છે એમ નથી. સમજાય છે કાંઈ? એક-એક કળશે તો અમૃતના વેણલા

વાયા છે. ભાઈ! પ્રભુ! તું કોણ છો ભાઈ! તું આત્મા છો. આત્મા છો તો છે શું તારો સ્વભાવ. સ્વભાવ શું કાયમી અસલી? કે કાયમી અસલી તો જ્ઞાન અને આનંદ આદિ સ્વભાવ છે. એવા સ્વભાવવંત ઉપર દૃષ્ટિ પડતા અને તેને જ્ઞાનમાં જ્ઞેય બનાવતા જ્ઞાનમાં વેદન શાંતિનું આવે, પણ ઇ જ્ઞાન પોતાને જાણતા શાંતિ આવે એવું જ્ઞાન રાગને અને શરીરને જાણે, માટે જ્ઞાનની શાંતિ ત્યાં અશાંતરૂપ થઈ જાય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાત છે.

**'જ્ઞાન જ્ઞેયને જાણે છે...'** એ તો જ્ઞાનના શુદ્ધ સ્વભાવનું પ્રગટ થવું એ તો એનું સ્વરૂપ છે. પોતાને જાણે, રાગને જાણે, શરીરને જાણે એ જાણવામાત્રથી કાંઈ જ્ઞાન મેલું થઈ જાય છે જ્ઞાન. એમ છે નહિ. આહા..હા..! **'આમ છે તો પછી લોકો...'** **'द्रव्य-अन्तर-चुम्बन-आकुल-धियः'** '**જ્ઞાનને અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ હોવાની...**' ભગવાન આત્માને રાગ અને શરીરની સાથે એકમેક હોવાની **'માન્યતાથી આકુળ બુદ્ધિવાળા થયા થકા...'** અરે..! આકુળતા કેમ થાય છે એને? રાગને જાણવું એ જાણવામાં ક્યાં મલિનતા છે? સમજાય છે કાંઈ? એ આ જણાઈ ગયું, આ જણાઈ ગયું. આહા..હા..! શરીરના અવયવો ખુલ્લા કરીને મૂક્યા હોય તો જ્ઞાન જાણે. જાણતા કાંઈ અશુદ્ધતા થઈ જાય છે? સમજાય છે કાંઈ? આહા..હા..! એ તો પરજ્ઞેય વસ્તુ જડ છે. એના અવયવો ખુલ્લા મૂકે ખુલ્લા એટલે માણસને જોઈને એને અશુદ્ધતા થાય એમ છે? એ તો જ્ઞાનનો સ્વભાવ જ પ્રગટ થવો સ્વને અને પરને જાણે એ તો પ્રગટ થવો એ તો એનો સ્વભાવ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ વિષ્ટા જાણે ઉંહું.. આમ થઈ જાય. હાડકા સડેલા મીંદડાના. બિલ્લી-બિલ્લી એને કૂતરા સડી ગયેલા ઉંહું... ભાઈ! તને શું થયું એમાં? એ તો જ્ઞેય છે. એ જ્ઞાન જાણે. જાણવામાં એ પ્રતિકૂળતા થઈ, એ મલિન જ્ઞાન થઈ ગયું. ઉંહું... ઉંહું... એ ક્યાંથી થયું? આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

અહીં તો કહે છે કે ભગવાન આત્મા જ્ઞાનના સ્વભાવવાળું તત્ત્વ એવું જ્યાં ભાન થયું. ત્યારે તે જ્ઞાન ગમે તે ચીજ દુર્ગંધવાળી હોય, બિભત્સ હોય, છાની-ગુપ્ત રાખવા જેવી ચીજ હોય અવયવો શરીરના. એ જ્ઞાનમાં જણાય તેથી તેને જ્ઞેય કાંઈ અહીં આવી ગયું છે? અને જ્ઞેયમાં જ્ઞાન પેસી ગયું છે? આહા..હા..! સમજાણું કાંઈ? ઓલું આવે છેને સુરદાસનું? આમ જોયું સ્ત્રીનું શરીર આંખો ફોડી નાખી.

મુમુક્ષુ :- આંખો ફોડી.

ઉત્તર :- આંખો ફોડી આવે છેને? સુરદાસમાં આવે છે. એવો વેશ્યાનો લોલુપી હતો પહેલો. કે વેશ્યાને ઘરે જાતો હતો. તો દોરડું માથે ચડવું હોય તો દોરડું નહોતું સર્પ હતો એ. સર્પને જાલીને એ વેશ્યાના ઘરમાં મેડીમાં ગયો. પછી તો એને વૈરાગ્ય થયો જ્યારે. ત્યારે એને એમ થયું કે આ બધું દેખાય છે આ સ્ત્રીના અવયવો અને સ્ત્રી આદિ એ આંખને ફોડી નાખું. એ આંખ ફોડે શું થાય? આહા..હા..! અને એ જણાવાથી એમાં દુ:ખ ક્યાં આવ્યું જ્ઞાનમાં? જ્ઞાને તો જાણ્યું. આમ

છે. આહા..હા..!

કહે છે અરે..! **'જ્ઞાનને અન્ય દ્રવ્ય સાથે...'** જ્ઞાન એટલે આત્મા સ્વરૂપ. એને અન્ય દ્રવ્ય રાગ અને શરીરની સાથે **'સ્પર્શ હોવાની માન્યતાથી આકુળ બુદ્ધિવાળા થયા થકા તત્ત્વથી (શુદ્ધ સ્વરૂપથી) શા માટે ચ્યુત થાય છે?'** અરેરે..! આવું જણાય જાય તત્ત્વથી ચ્યુત થાઉં છું. એમ માને છે અજ્ઞાની. આહા..હા..! સમજાય છે કાંઈ? અહીં એક તત્ત્વ છે એમાં બીજા તત્ત્વનો તો અભાવ છે. ચૈતન્ય તત્ત્વમાં રાગાદિ આસ્રવ તત્ત્વ અને અજીવ તત્ત્વ એનો તો અભાવ છે. તો અભાવનું જ્ઞાન કરે એમાં અશુદ્ધતા ક્યાંથી થઈ ગઈ? ઘણા નથી કહેતા કેટલાક આમ થપાટ મારે ..ને. શું છે પણ? એવી કોઈ વાત ચાલતી હોયને. છેને એ સભામાં થપાટ મારે. શું કહે છે? એ તો જ્ઞાનમાં જણાય એ ચીજ. .. હોય. આહા..હા..! અરે..! તત્ત્વથી ચૈતન્યમૂર્તિ ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ પરને જાણતા આકુળતા તને કેમ થઈ જાય છે? કે અરેરે..! આ પરને જાણવું એટલે અશુદ્ધ થયું. અશુદ્ધતા કાઢી નાખું. પણ અશુદ્ધતાનું જ્ઞાન અહીં થયું એને કાઢી ક્યાંથી નાખ તું? સમજાણું કાંઈ? એ **'શા માટે ચ્યુત થાય છે?'**

ભાવાર્થ. જરી તત્ત્વની દૃષ્ટિનો વિષય સૂક્ષ્મ છે. એ ધર્મ કેમ થાય એ વિષય ઝીણો છે. ધર્મ કરનાર ધર્મ કરનારો જીવ અને એ તો જ્ઞાન અને આનંદસ્વભાવી પ્રભુ. એને જેણે જાણ્યો એને ધર્મ થાય અને એ ધર્મમાં એને બીજી ચીજ જણાય જાય તેથી અહીંયાં દુઃખ થાય અને આકુળતા જ્ઞાનમાં આવી જાય એમ છે નહિ. **'શુદ્ધનયની દૃષ્ટિથી...'** ત્રિકાળી પરમાત્માના સ્વરૂપની દૃષ્ટિથી. **'તત્ત્વનું સ્વરૂપ વિચારતાં અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી.'** આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપમાં રાગનું દુઃખ અને શરીરના અજીવનો પ્રવેશ અંદર દેખાતો નથી. સમજાણું કાંઈ? આ તો અલૌકિક વાતું છે, ભાઈ! સાધારણ આ વાત નથી, આ તો વીતરાગના પેટની અને આત્માના વિકાસની વાત છે આ તો. આહા..હા..!

કહે છે એમાં **'દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી. જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે તે તો આ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે;...'** સમજાણું કાંઈ? અરીસામાં અગ્નિ અને બરફની અવસ્થા થાય. ઇ અગ્નિ અને બરફની અવસ્થા છે? ઇ તો અરીસાની અવસ્થા છે. સમજાય છે કાંઈ? એમ જ્ઞાનરૂપે અરીસો. સીસા કહતે હૈ ન સીસા? દર્પણ. એમાં દેખાય રાગાદિ. ઇ રાગાદિ દેખાણો તો એ પર્યાય જ્ઞાનની છે. એ રાગની પર્યાય અને રાગને લઈને થઈ છે એમ છે નહિ. આહા..હા..! બહુ સાવધાનીનો માર્ગ છે આ તો. સમજાય છે કાંઈ? **'જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે તે તો આ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે; કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી...'** આહા..હા..! જાણક સ્વભાવી ભગવાન જ્ઞાયક સ્વભાવી એ કાંઈ રાગને, શરીરને અડતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એક તત્ત્વ બીજા તત્ત્વને અડતું નથી. અડતું નથી સમજ્યાને? સ્પર્શતું નથી.

**'તેઓ જ્ઞાનને સ્પર્શતાં નથી. આમ હોવા છતાં, જ્ઞાનમાં અન્ય દ્રવ્યોનો પ્રતિભાસ દેખીને...'** જ્ઞાનમાં પરવસ્તુનું જ્ઞાન દેખીને. છેને પ્રતિભાસ? **'આ લોકો 'જ્ઞાનને પરજ્ઞેયો સાથે પરમાર્થ સંબંધ છે' એવું માનતા થકા જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે, તે તેમનું અજ્ઞાન છે.'** આહા..હા..! પરને જાણતા જીવ મલિન થઈ જાય છે એ અજ્ઞાનીનું અજ્ઞાન છે. જીવ તો લોકાલોકને જાણે છે. ભેદજ્ઞાનમાં તો જગતના વિષય લેનારા સંખ્યાતા, સ્ત્રી, પુત્ર હોય એ બધું જ્ઞાનમાં શું નથી જણાતું? જ્ઞાન શું ન જાણે? આહા..હા..! ત્રણ કાળ, ત્રણ લોકના દ્રવ્ય-ગુણ-પર્યાય જેની પર્યાયના સામર્થ્યમાં જણાઈ જાય છે. .. મલિન થઈ ગયું છે? સમજાણું કાંઈ?

**'તે તેમનું અજ્ઞાન છે. તેમના પર કરુણા કરીને...'** લ્યો, આચાર્યદેવ કહે છે કરૂણા કરીને. કરૂણા તો વિકલ્પ છે. એ કાંઈ વીતરાગ છે? એટલો રાગ છે. ... રાગ છે. આહા..હા..! ગજબ વાત છે. તું જીવ છો જ્ઞાનસ્વભાવથી, ચૈતન્યના અનુભવથી રાગ ભિન્ન છે. છેને? સમજાણું કાંઈ? **'તેમના પર કરુણા કરીને આચાર્યદેવ કહે છે કે-આ લોકો તત્ત્વથી કાં ચ્યુત થાય છે?'** એનું તારે શું કામ છે આવું? તો કહે છે કે વિકલ્પ આવે હોય. ઇ વિકલ્પ ... આહા..હા..! અરેરે..! આ તો ચૈતન્ય.. પ્રભુ! ચૈતન્યના સ્વભાવને તો સ્વપરને જાણવું એ તો સ્વભાવ છે. એમાં પરને જાણવામાં, જ્ઞેય જણાવામાં હું અશુદ્ધ થઈ ગયો, મારું દેખવું-જાણવું ન રહ્યું, બીજાનું પણ જાણવું આમાં આવી ગયું તો મલિન થઈ ગયો. કરૂણા કરીને કહે છે કે અરે..! શું કરે છે તું આ? **'આ લોકો તત્ત્વથી કાં ચ્યુત થાય છે?'** એ તો સ્વપરપ્રકાશક જ્ઞાનનો સ્વભાવ છે તેથી પરને જાણતા એ તો પોતાની પર્યાય છે જાણવાની. સમજાય છે કાંઈ? એ પરતત્ત્વથી વિચલિત નથી થઈ ગયો. આહા..હા..! કરૂણા કરીને. આ કરૂણા તો રાગની હોય વિકલ્પની. ... અરેરે..! આ જીવ શું કરે છે? શું કરે છે આ?

વસ્તુ સ્વરૂપથી કેમ આ ચ્યુત થાય છે? પોતાની જાતને કેમ ભૂલે છે? પોતાની જાત તો જ્ઞાન અને આનંદની જાત છે. એવું પર જાણતા મને દુઃખ થઈ ગયું, હું અશુદ્ધ થઈ ગયો, મેલો થઈ ગયો. ઓહો..હો..! શું થયું છે તને આ? .. થાય છે. જાણવું એ તો એનો સ્વભાવ છે. એ વસ્તુ જણાણી તો દ્વીરૂપતા થઈ. પોતાને જાણ્યું અને પરને જાણ્યું એ જ્ઞાન ... પોતામાં થયું. એથી શું અશુદ્ધતા થઈ મલીનતા થઈ ગઈ નથી. ૨૧૫. ...

## કળશ-૨૧૬

(मन्दाक्रान्ता)

शुद्धद्रव्यस्वरसभवनात्किं स्वभावस्य शेष-
मन्यद्द्रव्यं भवति यदि वा तस्य किं स्यात्स्वभावः।
ज्योत्स्नारूपं स्नपयति भुवं नैव तस्यास्ति भूमि-
र्ज्ञानं ज्ञेयं कलयति सदा ज्ञेयमस्यास्ति नैव॥216॥

ફરી આ જ અર્થને દૃઢ કરે છે :

શ્લોકાર્થ :- [शुद्ध-द्रव्य-स्वरस-भवनात्] શુદ્ધ દ્રવ્યનું (આત્મા આદિ દ્રવ્યનું) નિજરસરૂપે (અર્થાત્ જ્ઞાન આદિ સ્વભાવે) પરિણમન થતું હોવાથી, [शेषम् अन्यत् द्रव्यं किं स्वभावस्य भवति] બાકીનું કોઈ અન્યદ્રવ્ય શું તે (જ્ઞાનાદિ) સ્વભાવનું થઈ શકે ? (ન જ થઈ શકે.) [यदि वा स्वभावः किं तस्य स्यात्] અથવા શું તે (જ્ઞાનાદિ) સ્વભાવ કોઈ અન્યદ્રવ્યનો થઈ શકે ? (ન જ થઈ શકે. પરમાર્થે એક દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે સંબંધ નથી.) [ज्योत्सनारूपं भवं स्नपयति] ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જવળ કરે છે [भूमिः तस्य न एव अस्ति] તોપણ પૃથ્વી ચાંદનીની થતી જ નથી; [ज्ञानं ज्ञेयं सदा कलयति] તેવી રીતે જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે [ज्ञेयं अस्य अस्ति न एव] તોપણ જ્ઞેય જ્ઞાનનું થતું જ નથી.

ભાવાર્થ :- શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે તો કોઈ દ્રવ્યનો સ્વભાવ કોઈ અન્ય દ્રવ્યરૂપે થતો નથી. જેમ ચાંદની પૃથ્વીને ઉજ્જવળ કરે છે પરંતુ પૃથ્વી ચાંદનીની જરા પણ થતી નથી, તેમ જ્ઞાન જ્ઞેયને જાણે છે પરંતુ જ્ઞેય જ્ઞાનનું જરા પણ થતું નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ હોવાથી તેની સ્વચ્છતામાં જ્ઞેય સ્વયમેવ ઝળકે છે. પરંતુ જ્ઞાનમાં તે જ્ઞેયોનો પ્રવેશ નથી. 216.

## કળશ-૨૧૬ ઉપર પ્રવચન

(मन्दाक्रान्ता)

शुद्धद्रव्यस्वरसभवनात्किं स्वभावस्य शेष-
मन्यद्द्रव्यं भवति यदि वा तस्य किं स्यात्स्वभावः।
ज्योत्स्नारूपं स्नपयति भुवं नैव तस्यास्ति भूमि-
र्ज्ञानं ज्ञेयं कलयति सदा ज्ञेयमस्यास्ति नैव॥216॥

સર્વજ્ઞ જ્ઞાનમાં સમય સમયની પર્યાયનો વિવેક કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'शुद्ध-द्रव्य-स्वरस-भवनात्' **'શુદ્ધ દ્રવ્યનું (આત્મા આદિ દ્રવ્યનું) નિજરસરૂપે (અર્થાત્ જ્ઞાન આદિ સ્વભાવે) પરિણમન થતું હોવાથી,...'** જ્ઞાનાદિ સ્વભાવે પરિણમન થતું હોવાથી. **'(આત્મા આદિ દ્રવ્યનું)...'** શબ્દ કર્યો છેને. એટલે આત્મામાં જણાય.. કહે છે કે આત્મા અને આત્મા આદિ બીજા દ્રવ્યો એમ. **'દ્રવ્યનું નિજરસરૂપે (અર્થાત્ જ્ઞાન આદિ સ્વભાવે) પરિણમન થતું હોવાથી,...'** એ તો જ્ઞાનાદિ સ્વભાવે પરિણમન થયું છે. પોતાનું અને પરનું જાણવું એ તો જ્ઞાનરૂપે સ્વભાવે પરિણમ્યું છે. એ પરને જાણતા પરરૂપે પરિણમ્યું છે એમ નથી. બહુ ઝીણી વાત. આહા..હા..! આવો વીતરાગમાર્ગ એને સમજવામાં ન આવે અને બીજી ચીજો જાણ્યા કરે, વિચાર કરે. આહા..હા..! આ કાળ ભેદજ્ઞાન કરવાનો કાળ છે. એને ઠેકાણે પરની સાથે અભેદ (કરે છે). સમજાય છે કાંઈ? કહે છે કે જ્ઞાનમાં તો પર જણાય. **'(આત્મા આદિ દ્રવ્યનું) નિજરસરૂપે (અર્થાત્ જ્ઞાન આદિ સ્વભાવે) પરિણમન થતું હોવાથી,...'** આત્મા અને શુદ્ધ દ્રવ્યનું નિજરસરૂપે પરિણમન થતું હોવાથી. એટલે કે આત્મા આદિ બીજા દ્રવ્યોનું પોતામાં નિજરસે પોતાની શક્તિના સ્વભાવથી પરિણમન થતું હોવાથી. આહા..હા..! ભગવાન આત્માનો જ્ઞાનરસ એ સ્વભાવે પોતે પોતાને અને પરને જાણતા નિજરસરૂપે પરિણમે છે. પરના રસે અને પરના જ્ઞેયે પરિણમતું નથી. સમજાણું કાંઈ?

**'શુદ્ધ દ્રવ્યનું (આત્મા આદિ દ્રવ્યનું) નિજરસરૂપે (અર્થાત્ જ્ઞાન આદિ સ્વભાવે) પરિણમન...'** એટલે ચૈતન્ય જ્ઞાનમૂર્તિ પ્રભુ એ જ્ઞાનના રસપણે પોતાને અને પરને જાણવાપણે નિજરસના પરિણમનથી જ પરિણમે છે. એ જ્ઞેયને જાણીને પરિણમે છે એમ છે નહિ. આહા..હા..! આત્મા આદિ દ્રવ્યોનું, આત્મા આદિ રાગ અને આસ્રવનું જે જ્ઞાન છે એ તો નિજરસનું જ જ્ઞાન છે. નિજરસની શક્તિથી જ જ્ઞાનરૂપે પરિણમે છે. એ રાગને લઈને છે એમ છે નહિ. ભારે વાત! નિજદ્રવ્યનું. (એટલે) ભગવાન આત્મા પવિત્ર ચૈતન્યમૂર્તિનું પોતાનું અને પરદ્રવ્યનું (જ્ઞાન) નિજરસથી પરિણમન છે. પરને લઈને પરિણમન છે જ્ઞાનનું એમ નથી. આહા..હા..! જેવી ચીજ

જણાય તેવું ત્યાં જ્ઞાન થાય. પણ એ જ્ઞાન નિજરસથી પરિણમ્યું છે. પરને લઈને પરિણમ્યું છે એમ નથી. સમજાણું કાંઈ?

'शुद्ध-द्रव्य-स्वरस-भवनात्' ભગવાન શુદ્ધ ચૈતન્ય પ્રભુ સ્વને-પરને જાણવાના ભાવમાં પોતાની શક્તિના રસથી પોતે પરિણમે છે. એ જ્ઞેય રાગાદિ છે એને જાણે છે એ તો નિજરસની શક્તિથી જાણે છે. એ રાગના અવલંબનથી જાણે છે એમ નથી. આહા..હા..! સ્વરૂપચંદભાઈ! પ્રભુ! તું તો ચૈતન્ય અરીસો છોને. એ ચૈતન્યનો રસ જ શક્તિ સ્વપણે પરિણમે છે તે પરને પોતાનું, પોતાને અને પરને (જાણતું) એ જ્ઞાન નિજરસથી જ પરિણમે છે. પરને લઈને પરિણમે છે એમ નથી. આહા..હા..! ભારે વાતું, ભાઈ! કેવળજ્ઞાન પરિણમે છે એ લોકાલોકને લઈને પરિણમે છે એમ નથી. એમ નિશ્ચયજ્ઞાન પોતાને અને પરને જાણવારૂપે થાય એ નિજસ્વભાવની શક્તિથી પોતામાં પોતાથી થાય છે. પરને લઈને પરિણમન જ્ઞાનનું, જાણવું થાય, પરનું જાણવું પરને લઈને થાય એમ નથી. અહીંયાં તો લોજિકથી વાત છે કે નહિ? ..ભાઈ! ચેતનજી! ... ચૈતન્ય સ્વરૂપ છે, જ્ઞાનરૂપ છે એનું. હવે ઇ પોતે પોતાને પરને જાણવામાં નિજરસથી પરિણમે છે. એ પોતાના શક્તિના સ્વભાવથી પરિણમ્યું છે. બીજાની શક્તિ છે માટે પરના જાણવારૂપે પરિણમ્યું છે. એમ જરીએ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ આમાં? આહા..! એવી ઝીણી વાતું. ન સમજાય એટલે માણસને એવું થઈ જાયને કે આ ઝીણું પડે. ઇ સમજાય નહિ એને જ આકરું પડે. નહિ સમજાય તે (માન્યતા) સમજવા દેતી નથી.

અરે..! હું તો ત્રણ કાળ, ત્રણ લોકને જાણનારો ભગવાન. હું કોને ન જાણું? અને પરને જાણવું એ તો મારા નિજરસનો સ્વભાવ છે. પરને જાણવું એ પરને કારણે મારો નિજરસ પરિણમે છે (એમ નથી). આહા..હા..! સમજાય છે કાંઈ? આવી ચર્ચા થઈ ગઈ હતી પહેલી. ૮૩. લોકલોક છે તો જ્ઞાનનું પરિણમન એને જાણવારૂપે છે. રતનચંદજી કહે છેને કે જ્ઞાનમાં તાકાત તો ઘણી છે. લોક અલોકથી અનંતગુણો હોય તો જાણે છે, પણ નિમિત્ત નક્કી કરે તો જાણે. એય..! ... બધું ન જાણે. આ .. ઘણીવાર મૂક્યા છે. કે રતનચંદજી મુખત્યાર. કારણ પર્યાય. આહા..હા..! કહે છે એકવાર શાંતિથી સાંભળ, ભાઈ! તારો સ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ જાણવું-દેખવું-આનંદ છે. હવે એમાં જો પર જણાય, પોતે જણાય અને પર જણાય. એ બેયનું નિજરસથી પરિણમન આત્માનું છે. પરને લઈને જાણવાનું પરિણમન છે નહિ. આહા..હા..! ...જી! ગુજરાતી ભાષા છે તો સાદી... બહુ માણસ છેને એને ગુજરાતી... આહા..હા..!

કહે છે કે જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એમ જ્યાં દૃષ્ટિમાં આવ્યો ત્યારે તેને વર્તમાન જ્ઞાનમાં સ્વ અને પરદ્રવ્ય, રાગાદિ પરદ્રવ્ય એ અનંતુ જો જણાય એ જ પોતાના નિજરસના સામર્થ્યથી એ પરિણમ્યું છે. એ પરજ્ઞેય છે, રાગ છે, શરીર છે માટે અહીં પરના જ્ઞાનરૂપે પરિણમન થયું એમ છે

નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ આ ભેદજ્ઞાન. **'શુદ્ધ દ્રવ્યનું (આત્મા આદિ દ્રવ્યનું) નિજરસરૂપે (અર્થાત્ જ્ઞાન આદિ સ્વભાવે) પરિણમન થતું હોવાથી,...'** જુઓ, કેટલું ... શુદ્ધ પવિત્ર પ્રભુ એનું જે જ્ઞાન અને વર્તમાનમાં પરિણમન અવસ્થાનું થવું. એ અવસ્થામાં સ્વ અને પર બેય જણાય. એ બેય જાણવાનું પરિણમન તો સ્વરસનું છે. પોતાના સામર્થ્યનું છે, પરના સામર્થ્યથી એ પરનું જ્ઞાન કરે છે એમ છે નહિ. આહા..હા..! પરનું જ્ઞાન કરે છે પણ સ્વના તાકાતથી કરી રહ્યો છે પંડિતજી! આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? .. અવસ્થા રાગાદિ હોય, શરીરાદિની હોય એને જ્ઞાનસ્વરૂપી શુદ્ધ દ્રવ્ય જાણે તો કહે છે કે એ જાણવું એ પોતાના સામર્થ્યથી વસ્તુ(નું) એ રીતે સ્વપરનું પરિણમન થયું છે. સ્વપરને જાણવાનું પરિણમન થયું છે. પરની હયાતી છે અને પરને લઈને થયું છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ આમાં? નવરંગભાઈ! ભારે વાતું! આહા..! એ આત્મા જ્ઞાનના સ્વભાવથી ભરેલો પદાર્થ છે. તો કહે છે કે એ શુદ્ધ દ્રવ્ય જ્યારે વર્તમાન પર્યાયમાં સ્વ અને પરને જાણવાના કાળમાં તે પરિણમન સ્વના સામર્થ્યથી જ પરિણમન થયું છે. પરની અપેક્ષા રાખીને એ સ્વપરનું પરિણમન થયું અહીંયાં. એમ નથી. સમજાણું કાંઈ? આવું ઝીણું પણ ભારે. આવો માર્ગ તો કાને પડે નહિ જેને. આહા..હા..!

અહીં તો કહે છે **'શુદ્ધ દ્રવ્યનું (આત્મા આદિ દ્રવ્યનું) નિજરસરૂપે (અર્થાત્ જ્ઞાન આદિ સ્વભાવે) પરિણમન થતું હોવાથી,...'** ઠીક. 'अन्यत् द्रव्यं किं स्वभावस्य भवति' **'બાકીનું કોઈ અન્યદ્રવ્ય શું તે (જ્ઞાનાદિ) સ્વભાવનું થઈ શકે?'** શું કહ્યું સમજાણું કાંઈ? અહીંયાં જ્ઞાન સ્વ અને પરને જાણે એ તો નિજરસની શક્તિથી સ્વપરને જાણે છે. એટલે **'शेषम् अन्यत् द्रव्यं किं स्वभावस्य भवति' 'બાકીનું કોઈ અન્યદ્રવ્ય શું તે (જ્ઞાનાદિ) સ્વભાવનું થઈ શકે?'** આહા..હા..! સમજાણું કાંઈ? રાગ જ્ઞાનમાં જણાણું એ તો જ્ઞાનના પોતાના સામર્થ્યથી જ એ રીતે પરિણમ્યું છે. એથી રાગ શું અહીંયાં આવી ગયું? એ સંબંધીનું જ્ઞાન પોતાનું પોતાથી થયું છે. એથી રાગ અહીંયાં આવી ગયો? આહા..હા..! અમરચંદભાઈ! આવો તો દુકાનમાંથી નિવૃત્તિ લે તો સમજાય એવું છે. પ્રવૃત્તિમાં ટાઈમ નહી અને છોકરા પાછા પૂંછડા લગાડે છે. પછી કરશું... પછી કરશું... એય..! ફુલચંદભાઈ! હમણા નહિ પછી કરશું.

મુમુક્ષુ :- છોકરાને ઠેકાણે તો પાડે.

ઉત્તર :- કોણ ઠેકાણે પાડે? એ ફુલચંદભાઈ એમ કહેતા હતા. વખત મળતો નથી. એક છોકરો નાનો મોટો થાય ત્યાં બીજો નાનો હોય એ મોટો થાય. એમ કહેતા હતા .. આપણે અમૃતલાલભાઈ ગુજરી ગયાને. અમૃતલાલભાઈ આપણા ... ... ... રાખતા હતા .. અમૃતલાલ ... બોલ્યા હતા. હવે અહીંયાં તો ... ખબર છે કે નહિ? એમ કે અમૃતલાલભાઈ ગયા હવે મારે છોકરાને કાંઈક ... કેટલા વર્ષ થઈ ગયા. તેરની સાલમાં ગુજરી ગયાને? તેરમાં. સોળ વર્ષ થયા. અમૃતલાલભાઈ. બહુ માણસ નરમ અને બહુ ધગશ. અહીં પ્રચાર કરવાની પ્રચાર કરવાની

ઘણીવાર કહે છે કે આ વખત લઈશ. વખત તો .... મૂકી દીધોને? ક્યાં મૂક્યો છે? ઇ કહેતા હતા. ... આહા..હા..! મારું જગતમાં પણ ચાલ્યા જ કરે એવું. એક આ કરવું પડશે, એના પછી આ કરવું... એના પછી આ કરવું... પણ તારું કે દિ' કરવું છે તારું? પોતે દુઃખી થાય.

મુમુક્ષુ :- તું અનાદિ-અનંત છોને પછી કરજે.

ઉત્તર :- અનાદિ-અનંત છો એટલે? તું ક્યાં રહ્યો એમાં? પરનું કરું-પરનું કરું (પણ) સ્વ તું રહ્યો ક્યાં એમાં? આહા..હા..! અહીં તો પર જાણવામાં આવે એ જાણવું પણ પરને લઈને નથી થયું એમ સિદ્ધ કરે છે. એ તો પોતાના ચૈતન્યના નિજરસ શક્તિ છે સ્વપરને જાણવું એના સામર્થ્યથી પરિણમી રહ્યું છે. આહા..હા..! રાગ જણાણો જ્ઞાનમાં માટે રાગની હયાતી છે તો રાગનું અહીં જ્ઞાન થયું એમ નથી. આ જ્ઞાનમાં સ્વપરપ્રકાશક સામર્થ્ય છે એમ સ્વપરપ્રકાશકરૂપે પરિણમે છે. આહા..હા..! આચાર્યોની શૈલી તો ગજબ છેને. આ અમૃતચંદ્રાચાર્યે કળશ કર્યા. સમજાણું કાંઈ? એ હળવે-હળવે બે-ત્રણ-ચાર વાર તો વાત કરીએ છીએ કે ભાઈ બૈરા-બૈરાને ન સમજાય એવું નથી. સમજાય એવું છે આ તો. ફુલચંદભાઈ! ત્રણ-ચાર વાર તો આવે છે વાત. પણ રાતે પૂછે તો એં..એં.. થઈ જાય છે શેઠને પણ. આહા..હા..!

કહે છે. ગજબ વાત છે. પ્રભુ! તારું દ્રવ્ય તો શુદ્ધ પવિત્ર જ્ઞાનસ્વરૂપી છેને. આહા..હા..! એવું જેને ભાન થયું એ ધર્મીને બીજી ચીજ જણાતા એમ એ ધર્મી જાણે છે કે બીજી ચીજને જાણવાનું પરિણમન તો મારા જ્ઞાનની શક્તિથી થયું છે. એની હયાતી છે માટે જાણવાનું પરિણમન થયું (એમ નથી). ...ભાઈ! આ તો લોજિકથી તો વાત છેને. અહીં કાંઈ ગુપ્ત નથી.

મુમુક્ષુ :- એનાથી ...

ઉત્તર :- કોણ આપે? એ તો પૈસા આવે એને જાણનારો છે. આ રાગ છે એનો એ જાણનારો છે. એ જાણનારો જે જાણનારરૂપે પરિણમે છે એ પૈસા અને રાગ છે માટે એ રૂપે પરિણમે છે એમ નથી. કારણ કે એનામાં જ્ઞાન જ નથી. એ તો પરવસ્તુ છે. જેના જ્ઞાનમાં સ્વભાવ સામર્થ્ય પડ્યું છે એ સ્વભાવથી પોતે સ્વપરને જાણવા પરિણમે છે. પરને લઈને છે નહિ. સ્વરૂપચંદભાઈ! આહા..હા..! પર એના નહિ, પરનો આત્મા નહિ, પરને લઈને જ્ઞાનનું પરિણમન નહિ. આહા..હા..! ભગવાન આત્મા પરનો, રાગનો, શરીરનો નહિ, રાગ અને શરીર આત્માના નહિ, પણ આત્મા જાણવાને કાળે પરને એ રાગ અને શરીરનું જ જ્ઞાન અહીંયાં હોય. છતાં એ જ્ઞાનનું પરિણમન પરને લઈને નહિ. આહા..હા..! કેવળજ્ઞાનનું પરિણમન જ્ઞાનમાં થાય એ સ્વપર પરિણમન અને લોકાલોક છે માટે અહીં સ્વપરનું પરિણમન છે એમ નથી. આહા..હા..! મોટી ચર્ચા ચાલી હતી ઉપાશ્રયમાં. વીરજીભાઈ સાથે. નીચે ઉતર્યા અને પૂછ્યું. બાપુ! પોતે પોતાની તાકાત સત્ છે. લોકાલોકનું સત્ છે માટે અહીં કેવળજ્ઞાનનું સત્ત્વ પ્રગટે છે. (એમ નથી) આહા..હા..!

મુમુક્ષુ :- .. લોકાલોક છે તો દેખાય છેને.

ઉત્તર :- ઇ વાત જ ખોટી છે. દેખાય છે એ તો પોતાની પર્યાય દેખાય છે. સ્વપરને જાણવાની પર્યાયવાળો ધર્મ એ જીવનો એ જાણે છે. પંડિતજી! આ તો લોજિકથી તો વાત છે, પણ હવે માણસને કેળવવું જોઈએ. અંદર ભાસમાં એને આવવું જોઈએ. આ વસ્તુ છે. આહા..હા..!

કહે છે કે ભગવાનની મૂર્તિ અને ભગવાન જ્ઞાનમાં જણાણા. સમવસરણમાં ભગવાન બિરાજે છે. હવે કહે છે કે એ જ્ઞાનમાં જાણવાની જે દશા થઈ એ કોને લઈને છે? એ તો પોતાનો સ્વપરપ્રકાશક સ્વભાવ નિજરસ હતો. એ રીતે સ્વપરને જાણવાનું પરિણમન થયું છે. એ સમવસરણ દેખ્યું માટે એને લઈને અહીં પરિણમન જ્ઞાનનું થયું. ત્યાં ક્યાં જ્ઞાન હતું એમાં? આ જ્ઞાન ત્યાં ક્યાં હતું? બહુ ઝીણું હોં. સમજાણું કાંઈ? ઝીણું કહેવું અને વળી સમજાણું કાંઈ એમ કહે છે પાછા? અરે..! પણ તું ચૈતન્યમૂર્તિ ભગવાન ઇન્દ્રિય ગ્રાહ્ય નથી, વિકલ્પ ગ્રાહ્ય નથી. એવો તો ઇ ગણે છે. આહા..હા..! એ તો જ્ઞાનગમ્ય છે. આહા..હા..!

કહે છે **'शुद्ध-द्रव्य-स्वरस-भवनात्'** આહા..હા..! એ **'शेषम् अन्यत् द्रव्यं किं स्वभावस्य भवति'** પોતે ભગવાન આત્મા પોતાના નિજરસથી જાણવા-દેખવાના પરિણમનપણે પરિણમે એથી પરદ્રવ્યનું જ્ઞાન પોતાથી પરિણમે એમાં પરદ્રવ્યનો સ્વભાવ અહીં ક્યાં આવ્યો? **'अन्यत् द्रव्यं किं स्वभावस्य भवति'** જાણવા-દેખવાના પરિણમનનો અન્ય દ્રવ્ય સ્વભાવ થઈ જાય? અન્ય દ્રવ્યનો એ સ્વભાવ થાય? અન્ય દ્રવ્યના સ્વભાવથી થયું છે? આહા..હા..! ભારે વાતું, ભાઈ! બાપુ! માર્ગ આ તો જુદા છેને. આહા..હા..! **'शेषम् अन्यत् द्रव्यं किं स्वभावस्य भवति'** **'બાકીનું કોઈ અન્યદ્રવ્ય શું તે (જ્ઞાનાદિ) સ્વભાવનું થઈ શકે?'** સમજાય છે કાંઈ? આ સ્ત્રી એક ઉભી હોય એનું અહીં જ્ઞાન થયું. તો કહે છે કે એ જ્ઞાન થયું એ તો સ્વની શક્તિને કારણે સ્વપરનું જ્ઞાન થયું. તેથી જ્ઞેય વસ્તુ આની થઈ જાય? એ જ્ઞેય વસ્તુ સ્વભાવની થઈ જાય? જાણવા-દેખવાનો જે સ્વભાવ છે એમાં જે જ્ઞેય જણાણું માટે જ્ઞેય જ્ઞાનનું થઈ ગયું? આહા..હા..! અને તે જ્ઞાન શું જ્ઞેયનું થઈ ગયું? આહા..હા..! ..જી! આવો ધર્મ છે. ત્યાં તો કાંઈ સાંભળવાનું ન હોય ત્યાં હોં. આહા..હા..! તારી તાકાત એ તાકાતથી પરિણમ્યો છે. પરની હયાતીને લઈને એ તાકાતનું પરિણમન થયું છે એમ નથી. સમજાણું કાંઈ? અરે..! એને ભરોસો ક્યાં આવે છે? આહા..હા..! ફક્ત પરને જાણવું અને સ્વને જાણવું એ તો મારો સ્વતઃ સ્વભાવ છે. એ સ્વતઃ સ્વભાવનું પરપણે પર એમાં જણાણું ત્યાં સ્વભાવની એ ચીજ થઈ ગઈ? કે રાગને જ્ઞાને જાણ્યું કે જ્ઞાન તો પોતાના સ્વભાવથી જણાણું છે. એમાં જ્ઞાનના પર્યાયનો એ રાગ થઈ ગયો? આહા..હા..! સુમનભાઈ! ઇ તમારા કાયદા-બાયદાનું કાંઈ ન ચાલ્યું. થોથેથોથા હોય. શું કહેવાય એનું કામ તેલ-તેલ. તેલ કહેવાયને શું કહેવાય? આહા..હા..! ઇ ઠીક પણ આફેરે નવરાશ લઈને આવ્યા. આ અધિકાર જરી ઝીણો આવ્યો હતો. આ વખતે આવ્યા પણ ઇ જાતનું. આહા..હા..!

તારું જ્ઞાનનું અસ્તિત્વ, તારો સ્વભાવ જ્ઞાનના અસ્તિત્વ સ્વરૂપે છે. અસ્તિ એટલે મોજુદગી-

હયાતી. એ જ્ઞાનની હયાતીમાં એવો જે તારો સ્વભાવ એમાં પરજ્ઞેય જણાણું એ પરજ્ઞેયને લઈને જાણવું આમાં થયું? કે સ્વપરનું જ્ઞાનની પોતાની તાકાતને લઈને થયું? આહા..હા..! આટલું ભેદજ્ઞાન! આટલી ચીજ આ! સમજાણું કાંઈ? જ્ઞાનમાં જણાણું કે આ જીવની વેળા ફળી. એનું આયુષ્ય હતું એટલો બચ્યો એમ જ્ઞાનમાં જણાયું. તો એ જ્ઞાનમાં એ બચ્યો એનાથી આ જ્ઞાનનું પરિણમન થયું? એ તો બચ્યો એના સ્વભાવમાં આવી ગયો. તો પરદ્રવ્યનો સ્વભાવ આ સ્વભાવમાં આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? આવે છેને. આહા..હા..!

**'शेषम् अन्यत् द्रव्यं किं स्वभावस्य भवति'** અન્ય દ્રવ્યો રાગાદિ જ્ઞાનમાં જણાય તેથી જ્ઞાનના સ્વભાવનો રાગ અને શરીર પરવસ્તુ થઈ જાય? એનો સ્વભાવ જો જાણવું-દેખવું એ તો પોતાના સ્વભાવમાં છે. સાધારણ આ વાત નથી હોં. આહા..હા..! મૂળભૂત વાત છે.

મુમુક્ષુ :- એ વાત..

ઉત્તર :- હા એ વાત... કાંઈ ... એકાંત... એકાંત... કરીને કાઢી નાખે અરે..! ભગવાન! શું કહે છે તું આ? રાગાદિ ભાવ પણ જ્યાં પરવસ્તુ છે એનું કર્તાબુદ્ધિએ કરવું એ મિથ્યાત્વ છે. પણ એને જાણવાબુદ્ધિએ જાણવું એ પણ રાગ છે માટે જાણવું થયું છે (એમ નથી). આહા..હા..! એમ હોય તો રાગ તે જ્ઞાનના સ્વભાવનો થઈ જાય. જ્ઞાનનો સ્વભાવનો રાગ કોઈ દિ' થાય નહિ. સમજાણું કાંઈ? આ તો આ શબ્દોમાં ભાવ છે એનું જરી સ્પષ્ટિકરણ છે. ટીકા તરીકે એનું સ્પષ્ટિકરણ થાય ત્યારે માંડ સમજાય. પંડિતજી! આહા..હા..! આવો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે આત્માની અસ્તિત્વની હયાતીમાં સ્વભાવની સ્વપરપ્રકાશક શક્તિ જાહેર કરી કે ભાઈ! તે જ્ઞેય જાણ્યું માટે તે જાણવું જ્ઞેયને લઈને થયું એમ નથી. ઇ તો અહીંના સ્વભાવને લઈને જાણવાનું થયું છે. અને એ જ્ઞેય જણાણું માટે અહીં જ્ઞાનના સ્વભાવનું થઈ ગયું. એ ચીજ જ બરાબર જણાય. વેદાંત કહે છેને. વેદાંત એમ કહે છે. ... .. ભાઈ હતાને ... માણસ આમ નરમ હતો બિચારાને તત્ત્વની ખબર નહિ કહે કે કપાટ દેખાય છે કે જ્ઞાન છે ઇ પણ જ્ઞાન છે તો અહીં જણાય છે. અને બધું જ્ઞાન છે. બધો વ્યાપક આત્મા છે. જે ચીજ છે સામે એ ચીજ અહીં જણાય છે એનો અર્થ ઇ છે કે એ ચીજ જ જ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! એમ કહે છે વળી. એકપણું સ્થાપવું છેને એને? એમ નથી. એનું જ્ઞાન તે સંબંધીનું જ્ઞાન પોતામાં પોતાને કારણે થયું છે. એ તો જડ છે. પણ ઘરનું જ્ઞાન ચૈતન્યના સ્વપરપ્રકાશના સ્વભાવથી જ્ઞાન થયું છે. તેથી જ્ઞેય એ અહીંયાં જ્ઞાનમાં આવી ગયું છે, અભેદ થઈ ગયું છે એમ છે નહિ. ભિન્ન રહી ગયું. બે અસ્તિત્વ સિદ્ધ કરવા નથી. એક તત્ત્વ સિદ્ધ કરવું છે. બધું એક છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! મોટો ભ્રમ. ધર્મને માને એ મોટો ભ્રમ. આ .. ભગવાન!

એ .. જ્ઞાનાદિ સ્વભાવની થઈ શકે? ન જ થઈ શકે. **'यदि वा स्वभावः किं तस्य स्यात्'** **'પરમાર્થે એક દ્રવ્યને...'**લ્યો **'यदि वा स्वभावः किं तस्य स्यात्'** **'અથવા શું તે (જ્ઞાનાદિ) સ્વભાવ**

**કોઈ અન્યદ્રવ્યનો થઈ શકે?'** પહેલું ઇ કીધું કે જ્ઞેય જણાણું એ તો પોતાના સ્વભાવથી જણાણું. માટે જ્ઞેય કાંઈ જ્ઞાનનું થઈ ગયું? અને જ્ઞાને જ્ઞેયને જાણ્યું તેથી જ્ઞાન જ્ઞેયનું થઈ ગયું? જ્ઞાને રાગને જાણ્યું તેથી જ્ઞાન રાગનું થઈ ગયું? જ્ઞાન તો આત્માનું છે. આહા..હા..! વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છેને. એ વાતને સિદ્ધ કરે છે. એ બહુ ટૂંકું હતું ત્યાં. સ્પષ્ટ કરે છે. સમકિતી જીવને પણ રાગાદિ આવે અને એને વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે. એને વ્યવહારથી જાણે એ પ્રયોજન છેને. ત્યારે કહે છે કે જાણતા, જાણતા જ્ઞાન રાગ સ્વભાવનું થઈ ગયું? અને રાગભાવ જ્ઞાનસ્વભાવનો થઈ ગયો? આહા..હા..! **'અન્યદ્રવ્યનો થઈ શકે? (ન જ થઈ શકે. પરમાર્થે એક દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે સંબંધ નથી.)...'** જ્ઞેયને જ્ઞાન જાણે માટે જ્ઞેય સાથે સંબંધ થયો એમ નથી. અને જ્ઞેય આમાં જણાઈ જાય, માટે જ્ઞાનમાં જ્ઞેય આવી ગયું અથવા જ્ઞાન અહીં જ્ઞેય જણાય એ જ્ઞાન જ્ઞેયનું થઈ ગયું એવો કોઈ સંબંધ છે નહિ. આહા..હા..! આચાર્યોએ જંગલમાં રહીને બહુ ટૂંકામાં શબ્દોમાં ભેદજ્ઞાન કરી નાખ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

'ज्योत्सनारूपं भवं स्नपयति' **'ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જવળ કરે છે...'** શ્રીમદ્‌માં આવે છે. શું કહે છે? આ ચંદ્રની ચાંદની છેને પ્રકાશ? એ પૃથ્વીને ઉજ્જવળ કરે છે. પૃથ્વીને ઉજ્જવળ કરે છે કે ઉજ્જવળતામાં ઉજ્જવળતા રહી છે? આહા..હા..! ભારે! 'ज्योत्सनारूपं भवं स्नपयति' **'ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જવળ કરે છે...'** 'भूमिः तस्य न एव अस्ति' **'તોપણ પૃથ્વી ચાંદનીની થતી જ નથી;...'** પ્રકાશ ચાંદનીનો પડ્યો અને આમ જાણે ભ્રમ થયો. છતાં એ પૃથ્વી ત્યાં પ્રકાશની થઈ નથી. આહા..હા..! કહો, સમજાણું? **'તોપણ પૃથ્વી ચાંદનીની થતી જ નથી;...'** 'ज्ञानं ज्ञेयं सदा कलयति' **'તેવી રીતે જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે...'** જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે. **'તોપણ જ્ઞેય જ્ઞાનનું થતું જ નથી.'** જે પ્રકારનો દયાનો, દાનનો વિકલ્પ ઉઠ્યો એવું જ અહીં જ્ઞાન થાય. સમકાળે હોં. રાગ થયો અને પછી એને જાણે એમ પણ નહિ. જેવો રાગ થયો, જે પ્રકારનો દ્વેષ થયો, વાસના થઈ એનું જ્ઞાન તે જ સમયે જ્ઞાન સ્વપરપ્રકાશના સામર્થ્યને લઈને પોતાથી તે પરિણમ્યું જ્ઞાન. સમજાણું? અને તેથી તે જ્ઞાન સ્વભાવ જ્ઞેય એટલે રાગનો થયો નથી અને રાગ જ્ઞેય એટલે જ્ઞાનસ્વભાવનો થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ઝીણી વહેંચણી છે આ તો. ભેદજ્ઞાનની પ્રશંસા છે. અહીં તો સાધારણ જાણે વાત કરી. પરજ્ઞેય જ્ઞાનરૂપે થાય નહિ, જ્ઞાન સ્વભાવ પરરૂપે થાય નહિ. હવે એનું કારણ શું? જ્ઞેય છે એને જાણનારું જ્ઞાન છતાં જ્ઞાનમાં જ્ઞેય આવે નહિ અને જ્ઞેયને કારણે અહીં જાણે નહિ. તો જાણવાને કારણે ઇ જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..! નિશ્ચય તત્ત્વ છે ત્યાં પરની અપેક્ષા કેવી? આહા..હા..! **'તોપણ જ્ઞેય જ્ઞાનનું થતું જ નથી.'**

**'શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે તો કોઈ દ્રવ્યનો સ્વભાવ કોઈ અન્ય દ્રવ્યરૂપે થતો નથી. જેમ ચાંદની પૃથ્વીને ઉજ્જવળ કરે છે પરંતુ પૃથ્વી ચાંદનીની જરા પણ થતી નથી,...'**

સફેદાઈ કરે ખડીમાં આવ્યું હતું. ખડી ભીંતને ઉજળી કરે તો ભીંત ખડીની થઈ જાય? અને ખડી ભીંતની થઈ જાય? આહા..હા..! ચૈતન્યનો સ્વપરપ્રકાશક સ્વભાવ એવો સ્વભાવ સ્વ અને પરને જાણવા કાળે પોતાના સ્વભાવની અસ્તિથી પરિણમી ગયું. પરનું જ્ઞેયનું અસ્તિત્વ છે માટે આ પરિણમન છે એમ નથી. અને એ જ્ઞેય અહીંયાં આવતું નથી એમ જ્ઞાન એ સંબંધી પોતામાં પોતાથી પરિણમન થયું છે. પણ એથી જ્ઞેય અહીંયાં આવ્યું અને જ્ઞાનમાં જેવું રાગ જેવો છે એવું જ જણાય માટે જ્ઞાન રાગરૂપ થઈ જાય એમ છે નહિ. આહા..હા..!

**'પરંતુ જ્ઞેય જ્ઞાનનું જરા પણ થતું નથી.' 'પરંતુ પૃથ્વી ચાંદનીની જરા પણ થતી નથી, તેમ જ્ઞાન જ્ઞેયને જાણે છે...'** વ્યવહારને જાણે, રાગને જાણે **'પરંતુ જ્ઞેય જ્ઞાનનું જરા પણ થતું નથી.'** જ્ઞેય જ્ઞાનનું જરાપણ થતું નથી. **'આત્માનો જ્ઞાનસ્વભાવ હોવાથી તેની સ્વચ્છતામાં જ્ઞેય સ્વયમેવ ઝળકે છે.'** એ સ્વયમેવ ઝળકે એ તો પરિણમન સ્વયમેવ થાય છે. **'પરંતુ જ્ઞાનમાં તે જ્ઞેયોનો પ્રવેશ નથી.'** જ્ઞાનમાં જ્ઞાનના પર્યાયનો પ્રવેશ છે. તે સંબંધીનું જ્ઞાન સ્વસંબંધીના જ્ઞાનનો પર્યાય છે. છતાં એ સંબંધીનું આ જ્ઞાન થયું માટે જ્ઞાન જ્ઞેયનું જ્ઞાનમાં પ્રવેશ છે એમ છે નહિ. એ જ્ઞાનનો સ્વભાવ જ્ઞેયમાં નથી, જ્ઞેયનો સ્વભાવમાં જ્ઞાનમાં આવતો નથી. એમ ભિન્ન ચીજ છે. એમ યથાર્થ અંદરમાં જાણવું અને દૃષ્ટિ દ્રવ્ય ઉપર મૂકવી એનું નામ ધર્મ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૩૬૬ થી ૩૭૧

**दंसणणाणचरित्तं किंचि वि णत्थि दु अचेदणे विसए।**
**तम्हा किं घादयदे चेदयिदा तेसु विसएसु॥३६६॥**
**दंसणणाणचरित्तं किंचि वि णत्थि दु अचेदणे कम्मे।**
**तम्हा किं घादयदे चेदयिदा तम्हि कम्मम्हि॥३६७॥**
**दंसणणाणचरित्तं किंचि वि णत्थि दु अचेदणे काए।**
**तम्हा किं घादयदे चेदयिदा तेसु काएसु॥३६८॥**
**णाणस्स दंसणस्स य भणिदो घादो तहा चरित्तस्स।**
**ण वि तहिं पोग्गलदव्वस्स को वि घादो दु णिद्दिट्ठो॥३६९॥**
**जीवस्स जे गुणा केइ णत्थि खलु ते परेसु दव्वेसु।**
**तम्हा सम्मादिट्ठिस्स णत्थि रागो दु विसएसु॥३७०॥**

रागो दोसो मोहो जीवस्सेव य अणण्णपरिणामा।
एदेण कारणेण दु सद्दादिसु णत्थि रागादी।।३७१।।
दर्शनज्ञानचारित्रं किञ्चिदपि नास्ति त्वचेतने विषये।
तस्मात्किं हन्ति चेतयिता तेषु विषयेषु।।३६६।।
दर्शनज्ञानचारित्रं किञ्चिदपि नास्ति त्वचेतने कर्मणि।
तस्मात्किं हन्ति चेतयिता तत्र कर्मणि।।३६७।।
दर्शनज्ञानचारित्रं किञ्चिदपि नास्ति त्वचेतने काये।
तस्मात्किं हन्ति चेतयिता तेषु कायेषु।।३६८।।
ज्ञानस्य दर्शनस्य च भणितो घातस्तथा चारित्रस्य।
नापि तत्र पुद्गलद्रव्यस्य कोऽपि घातस्तु निर्दिष्टः।।३६९।।
जीवस्य ये गुणाः केचित सन्ति खलु ते परेषु द्रव्येषु।
तस्मात्सम्यग्दष्टेर्नास्ति रागस्तु विषयेषु।।३७०।।
रागो द्वेषो मोहो जीवस्यैव चानन्यपरिणामाः।
एतेन कारणेन तु शब्दादिषु न सन्ति रागादयः।।३७१।।

यद्धि यत्र भवति तत्तद्घाते हन्यत एव, यथा प्रदीपघाते प्रकाशो हन्यते; यत्र च यद्भवति तत्तद्घाते हन्यत एव, यथा प्रकाशघाते प्रदीपो हन्यते। यत्तु यत्र न भवति तत्तद्घाते न हन्यते, यथा घटघाते घटप्रदीपो न हन्यते; यत्र च यत भवति तत्तद्घाते न हन्यते, यथा घटप्रदीपघाते घटो न हन्यते। अथात्मनो धर्मा दर्शनज्ञानचारित्राणि पुद्गलद्रव्यघातेऽपि न हन्यन्ते, न च दर्शनज्ञानचारित्राणां घातेऽपि पुद्गलद्रव्यं हन्यते; एवं दर्शनज्ञानचारित्राणि पुद्गलद्रव्ये न भवन्तीत्यायाति; अन्यथा तद्घाते पुद्गलद्रव्य घातस्य, पुद्गलद्रव्यघाते तद्घातस्य दुर्निवारत्वात्। यत एवं ततो ये यावन्तः केचनापि जीवगुणास्ते सर्वेऽपि परद्रव्येषु न सन्तीति सम्यक् पश्यामः, अन्यथा अत्रापि जीवगुणघाते पुद्गलद्रव्यघातस्य, पुद्गलद्रव्यघाते जीवगुणघातस्य च दुर्निवारत्वात्। यद्येवं तर्हि कुतः सम्यग्दृष्टेर्भवति रागो विषयेषु? न कुतोऽपि। तर्हि रागस्य कतरा खानिः? रागद्वेषमोहा हि जीवस्यैवाज्ञानमयाः परिणामाः, ततः परद्रव्यत्वाद्विषयेषु न सन्ति, अज्ञानाभावात्सम्यग्दष्टौ तु न भवन्ति। एवं ते विषयेष्वसन्तः सम्यग्दष्टेर्न भवन्तो, न भवन्त्येव।

---

'જ્ઞાન અને જ્ઞેય તદ્દન ભિન્ન છે, આત્માના દર્શનજ્ઞાનચારિત્રાદિ કોઈ ગુણો પરદ્રવ્યોમાં નથી' એમ જાણતો હોવાથી સમ્યગ્દષ્ટિને વિષયો પ્રત્યે રાગ થતો નથી; વળી રાગદ્વેષાદિ જડ વિષયોમાં પણ નથી; તેઓ માત્ર અજ્ઞાનદશામાં વર્તતા જીવના પરિણામ છે.-આવા અર્થની ગાથાઓ હવે કહે છે :

ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન વિષયમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે વિષયમાં? ૩૬૬.

ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કર્મમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે કર્મમાં? ૩૬૭.
ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કાયમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે કાયમાં? ૩૬૮.
છે જ્ઞાનનો, દર્શન તણો, ઉપઘાત ભાખ્યો ચરિતનો,
ત્યાં કાંઈ પણ ભાખ્યો નથી ઉપઘાત પુદ્‌ગલદ્રવ્યનો. ૩૬૯.
જે ગુણ જીવ તણા, ખરે તે કોઈ નહિ પરદ્રવ્યમાં,
તે કારણે વિષયો પ્રતિ સુદૃષ્ટિ જીવને રાગ ના. ૩૭૦.
વળી રાગ, દ્વેષ, વિમોહ તો જીવના અનન્ય પરિણામ છે,
તે કારણે શબ્દાદિ વિષયોમાં નહીં રાગાદિ છે. ૩૭૧.

ગાથાર્થ :- [दर्शनज्ञानचारित्रम्] દર્શન-જ્ઞાન-ચારિત્ર [अचेतने विषये तु] અચેતન વિષયમાં [किञ्चित् अपि] જરા પણ [न अस्ति] નથી, [तस्मात्] તેથી [चेतयिता] આત્મા [तेषु विषयेषु] તે વિષયોમાં [किं हन्ति] શું હણે (અર્થાત્ શાનો ઘાત કરી શકે)?

[दर्शनज्ञानचारित्रम्] દર્શન-જ્ઞાન-ચારિત્ર [अचेतने कर्मणि तु] અચેતન કર્મમાં [किञ्चित् अपि] જરા પણ [न अस्ति] નથી, [तस्मात्] તેથી [चेतयिता] આત્મા [तत्र कर्मणि] તે કર્મમાં [किं हन्ति] શું હણે? (કાંઈ હણી શકતો નથી.)

[दर्शनज्ञानचारित्रम्] દર્શન-જ્ઞાન-ચારિત્ર [अचेतने काये तु] અચેતન કાયામાં [किञ्चित् अपि] જરા પણ [न अस्ति] નથી, [तस्मात्] તેથી [चेतयिता] આત્મા [तेषु कायेषु] તે કાયાઓમાં [किं हन्ति] શું હણે? (કાંઈ હણી શકતો નથી.)

[ज्ञानस्य] જ્ઞાનનો, [दर्शनस्य च] દર્શનનો [तथा चारित्रस्य] તથા ચારિત્રનો [घातः भणितः] ઘાત કહ્યો છે, [तत्र] ત્યાં [पुद्‌गलद्रव्यस्य] પુદ્‌ગલદ્રવ્યનો [घातः तु] ઘાત [कः अपि] જરા પણ [न अपि निर्दिष्टः] કહ્યો નથી. (દર્શન-જ્ઞાન-ચારિત્ર હણાતાં પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી.)

(આ રીતે) [ये केचित्] જે કોઈ [जीवस्य गुणाः] જીવના ગુણો છે, [ते खलु] તે ખરેખર [परेषु द्रव्येषु] પર દ્રવ્યોમાં [न सन्ति] નથી; [तस्मात्] તેથી [सम्यग्दृष्टेः] સમ્યગ્દૃષ્ટિને [विषयेषु] વિષયો પ્રત્યે [रागः तु] રાગ [न अस्ति] નથી.

[च] વળી [रागः द्वेषः मोहः] રાગ, દ્વેષ અને મોહ [जीवस्य एव] જીવના જ [अनन्यपरिणामाः] અનન્ય (એકરૂપ) પરિણામ છે, [एतेन कारणेन तु] તે કારણે [रागादयः] રાગાદિક [शब्दादिषु] શબ્દાદિ વિષયોમાં (પણ) [न सन्ति] નથી.

(રાગદ્વેષાદિ સમ્યગ્દૃષ્ટિ આત્મામાં નથી તેમ જ જડ વિષયોમાં નથી, માત્ર અજ્ઞાનદશામાં

રહેલા જીવના પરિણામ છે.)

ટીકા :- ખરેખર જે જેમાં હોય તે તેનો ઘાત થતાં હણાય જ છે (અર્થાત્ આધારનો ઘાત થતાં આધેયનો ઘાત થાય જ છે), જેમ દીવાનો ઘાત થતાં (દીવામાં રહેલો) પ્રકાશ હણાય છે; તથા જેમાં જે હોય તે તેનો ઘાત થતાં હણાય જ છે (અર્થાત્ આધેયનો ઘાત થતાં આધારનો ઘાત થાય જ છે), જેમ પ્રકાશનો ઘાત થતાં દીવો હણાય છે. વળી જે જેમાં ન હોય તે તેનો ઘાત થતાં હણાતું નથી, જેમ ઘટનો ઘાત થતાં *ઘટ-પ્રદીપ હણાતો નથી; તથા જેમાં જે ન હોય તે તેનો ઘાત થતાં હણાતું નથી, જેમ ઘટ-પ્રદીપનો ઘાત થતાં ઘટ હણાતો નથી. (એ પ્રમાણે ન્યાય કહ્યો.) હવે, આત્માના ધર્મો-દર્શન, જ્ઞાન અને ચારિત્ર-પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થવા છતાં હણાતા નથી અને દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થવા છતાં પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી (એ તો સ્પષ્ટ છે); માટે એ રીતે 'દર્શન-જ્ઞાન-ચારિત્ર પુદ્‌ગલદ્રવ્યમાં નથી' એમ ફલિત (સિદ્ધ) થાય છે; કારણ કે, જો એમ ન હોય તો દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થતાં પુદ્‌ગલદ્રવ્યનો ઘાત, અને પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થતાં દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત અનિવાર્ય થાય (અર્થાત્ અવશ્ય થવો જોઈએ). આમ છે તેથી જે કોઈ જેટલા જીવના ગુણો છે તે બધાય પરદ્રવ્યોમાં નથી એમ અમે સમ્યક્ પ્રકારે દેખીએ છીએ (-માનીએ છીએ); કારણ કે, જો એમ ન હોય તો, અહીં પણ જીવના ગુણોનો ઘાત થતાં પુદ્‌ગલદ્રવ્યનો ઘાત, અને પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થતાં જીવના ગુણોનો ઘાત અનિવાર્ય થાય. (આ રીતે સિદ્ધ થયું કે જીવના કોઈ ગુણો પુદ્‌ગલદ્રવ્યમાં નથી.)

(પ્રશ્ન :) જો આમ છે તો સમ્યગ્દષ્ટિને વિષયોમાં રાગ ક્યા કારણે થાય છે? (ઉત્તર :) કોઈ પણ કારણે થતો નથી. (પ્રશ્ન :) તો પછી રાગની કઈ ખાણ છે? (ઉત્તર :) રાગ-દ્વેષ-મોહ જીવના જ અજ્ઞાનમય પરિણામ છે (અર્થાત્ જીવનું અજ્ઞાન જ રાગાદિક ઊપજવાની ખાણ છે); માટે તે રાગદ્વેષમોહ, વિષયોમાં નથી કારણ કે વિષયો પરદ્રવ્ય છે, અને સમ્યગ્દષ્ટિમાં (પણ) નથી કારણ કે તેને અજ્ઞાનનો અભાવ છે; આ રીતે રાગદ્વેષમોહ, વિષયોમાં નહિ હોવાથી અને સમ્યગ્દષ્ટિને (પણ) નહિ હોવાથી, (તેઓ) છે જ નહિ.

ભાવાર્થ : આત્માને અજ્ઞાનમય પરિણામરૂપ રાગદ્વેષમોહ ઉત્પન્ન થતાં આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ ગુણો હણાય છે, પરંતુ તે ગુણો હણાતાં છતાં અચેતન પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી; વળી પુદ્‌ગલદ્રવ્ય હણાતાં દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ હણાતાં નથી; માટે જીવના કોઈ ગુણો પુદ્‌ગલદ્રવ્યમાં નથી. આવું જાણતા સમ્યગ્દષ્ટિને અચેતન વિષયોમાં રાગાદિ થતા નથી. રાગદ્વેષમોહ પુદ્‌ગલદ્રવ્યમાં નથી, જીવના જ અસ્તિત્વમાં અજ્ઞાનથી ઊપજે છે; જ્યારે અજ્ઞાનનો અભાવ થાય અર્થાત્ સમ્યગ્દષ્ટિ થાય ત્યારે તેઓ ઊપજતા નથી. આ રીતે રાગદ્વેષમોહ પુદ્‌ગલમાં નથી તેમ જ સમ્યગ્દષ્ટિમાં પણ નથી, તેથી શુદ્ધદ્રવ્યદષ્ટિથી જોતાં તેઓ છે જ નહિ. પર્યાયદષ્ટિથી જોતાં જીવને અજ્ઞાન-અવસ્થામાં તેઓ છે. એ પ્રમાણે જાણવું.

**પ્રવચન-૪૮૬-૪૮૭માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

## ભાદરવા સુદ-૬, સોમવાર, તા.૦૩-૦૯-૧૯૭૩
## ગાથા-૩૬૬-૩૭૧, કળશ-૨૧૮, પ્રવચન-૪૮૮

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. પ્રશ્ન છેને? થોડું ચાલ્યું છે, ફરીને. **'પ્રશ્ન :- જો આમ છે તો સમ્યગ્દષ્ટિને વિષયોમાં રાગ ક્યા કારણે થાય છે?'** શિષ્યને પ્રશ્ન થયો કે સમ્યગ્દષ્ટિને રાગ-દ્વેષ નથી અને વિષયોમાં પાંચ ઇન્દ્રિયોના વિષયો, શરીર અને કર્મ એમાં આત્માના ગુણ નથી તો એમાં ઘાત કરવાથી કોઈ આત્માનો મિથ્યાત્વનો ઘાત થાય છે, એમ નથી. તો કહે છે કે શા કારણે થાય છે?

**'ઉત્તર :- કોઈ પણ કારણે થતો નથી.'** સમ્યગ્દષ્ટિને વિષયોમાં રાગ ક્યા કારણે થાય છે? પાંચ ઇન્દ્રિયોના વિષયો છેને? એનાથી રાગ ઉત્પન્ન થાય છે? એમાં ગુણ નથી તો સમ્યગ્દષ્ટિની દૃષ્ટિ ત્યાં નથી. સમજાણું કાંઈ? જ્યાં આત્માના ગુણ છે ત્યાં ધર્મીની દૃષ્ટિ છે. એમાં ગુણ નથી. તો વિષયોમાં એને રાગ થાય એમ બનતું નથી. **'કોઈ પણ કારણે થતો નથી.'** રાત્રે પ્રશ્ન હતોને કોઈનો? અહીં તો અનંતાનુબંધી અને મિથ્યાત્વ સંબંધી રાગ-દ્વેષની વાત છે.

મુમુક્ષુ :- અહીં તો એટલે?

ઉત્તર :- આ સ્થળે. બીજે સ્થળે બીજો અધિકાર હોય. અત્યારે તો આ અધિકાર છે.

ફક્ત, ભગવાન આત્મા એ પુણ્ય-પાપની ઉત્પત્તિનું ધામ-સ્થાન છે જ નહિ. તેમ પર ચીજ પણ રાગ-દ્વેષની ઉત્પત્તિનું કારણ નથી. સમજાણું કાંઈ? મિથ્યાત્વ અને રાગ-દ્વેષની ઉત્પત્તિ નિજ વસ્તુની દૃષ્ટિને ભૂલીને પર્યાયદૃષ્ટિમાં મિથ્યાત્વથી, અનંતાનુબંધીથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

**'કોઈ પણ કારણે થતો નથી. (પ્રશ્ન :- તો પછી રાગની કઈ ખાણ છે?'** રાગ તો દેખાય છે. રાગની ઉત્પત્તિની ખાણ કોણ છે? ખાણ.. ખાણ. ખાણ કહે છેને? ખાણી. એની ખાણ કોણ છે? આહા..હા..! **'રાગ-દ્વેષ-મોહ, જીવના જ અજ્ઞાનમય પરિણામ છે...'** આહા..હા..! એ વિષયોમાં,

કાયામાં અને કર્મમાં પણ નહિ અને વિષયોની અભિલાષા, કાયાની મમતા અને કર્મબંધનના કારણરૂપ ભાવ, એ આત્માની પર્યાયમાં થાય છે. સમજાણું કાંઈ? કાયાની મમતા, કર્મનું બંધન... મિથ્યાત્વ અને અનંતાનુબંધીની વાત અહીંયા લેવી છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયના બંધનો કારણ ભાવ અને વિષયોની અભિલાષરૂપ ભાવ, એ તો આત્માની અજ્ઞાનદશામાં એ પરિણામ થાય છે. ન આત્માથી અર્થાત્ સમ્યગ્દષ્ટિથી, ન પરથી, અંદરથી અજ્ઞાનભાવ ઉત્પન્ન કરે છે તો વિષયોની અભિલાષા કરે છે. વિષયોની અભિલાષા, કાયાની મમતા અને કર્મબંધનનું કારણ મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો ભાવ. એ ભાવ અજ્ઞાની પોતાની પર્યાયમાં ત્રિકાળ વસ્તુની દૃષ્ટિ ભૂલીને અજ્ઞાનપણે ઉત્પન્ન કરે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે દૃષ્ટિ પલટ. જે રાગ અને પુણ્ય ને વિકલ્પ ઉપર તારી દૃષ્ટિ છે એને છોડી દે. તો રાગ-દ્વેષ છૂટશે. નહિતર રાગ-દ્વેષ કોઈ બાહ્ય વસ્તુને છોડવાથી કે બાહ્ય વસ્તુના ત્યાગથી એ રાગ-દ્વેષ, મિથ્યાત્વ નહિ છૂટે. શેઠ!

મુમુક્ષુ :- ત્રણ કક્કાને છોડવા.

ઉત્તર :- કક્કા-ફક્કા કાંઈ છોડવા નથી. એ.. ક્યાં ગયા? ચેતનજી! કક્કા-કંચન, કામિની અને કુટુંબ, કુટુંબ. કાંઈ છોડવા નથી, બાપા! તને ખબર નથી, ભાઈ! એનામાં ગુણ છે કે ગુણનો ઘાત થાય એમાં? અને એનાથી-સંયોગથી ગુણનો ઘાત થાય છે? એના વિયોગથી ગુણની ઉત્પત્તિ થાય છે? આહા..હા..! ભારે જબરી વાત છે!

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્ય એમ કહે છે, એની ટીકા કરનારા અમૃતચંદ્રાચાર્ય પણ એમ કહે છે કે **'રાગ-દ્વેષ-મોહ, જીવના અજ્ઞાનમય પરિણામ છે...'** પોતાની ચીજ આનંદસ્વરૂપ અને વીતરાગસ્વરૂપ આત્માને ભૂલે છે અને એની દૃષ્ટિ છોડે છે અને એનો આશ્રય છોડે છે, રાગનો આશ્રય કરે છે તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? એ કુટુંબ ને કંચન અને કામિની અને કુટુંબ એ કોઈ રાગ-દ્વેષનું કારણ નથી. એ વિસ્તાર ૩૭૨ ગાથામાં કરશે. પરવસ્તુ કોઈ રાગની ઉત્પત્તિમાં કારણ નથી. આહા..હા..! જે ચીજ છોડવાની છે એની તો ખબર નથી. સમજાણું કાંઈ? કુટુંબ છોડો, સંસાર છોડો, પણ સંસાર ક્યાં છે? તારી દૃષ્ટિમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ સંસાર છે. એ સંસારની ઉત્પત્તિ કંચન, કુટુંબ અને... શું કીધું ત્રીજું? કામિની. સ્ત્રી, કંચન-સોનું અને કુટુંબથી કોઈ વિકાર ઉત્પન્ન નથી થતો. એ પરચીજ છે, જ્ઞેય છે. સમજાણું કાંઈ?

કહે છે કે **'રાગ-દ્વેષ-મોહ અજ્ઞાનમય પરિણામ છે (અર્થાત્ જીવનું અજ્ઞાન જ રાગાદિક ઊપજવાની ખાણ છે);...'** આહા..હા..! પરચીજ નહિ, સ્વદ્રવ્ય નહિ. નિજ સ્વરૂપનો એક સમયનો અજ્ઞાનભાવ તે અજ્ઞાન મિથ્યાત્વના રાગ-દ્વેષની ઉત્પત્તિની ખાણ છે. અહીં મિથ્યાત્વ અને અનંતાનુબંધીના કષાયની વાત છે. ત્રણ કષાયની વાત નથી. એ તો પછી જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે

જાણવામાં આવે છે. આહા..હા...! ભારે! આ પુસ્તક છે કે નહિ શેઠ ઘરે? કેટલી વાર વાંચ્યું છે? શું કહે છે? જુઓ!

મુમુક્ષુ :- ઘરે હોય, પણ સમજાય નહિ તો શું કરવું?

ઉત્તર :- સમજાય નહિ તો પહેલા સાંભળીને ખ્યાલ તો કરવો પડે કે નહિ? ન સમજાય એટલે કંઈ વાંચવું નહિ? ક્યાં નથી સમજાણું એ વાંચે તો ખબર પડે. સમજાણું કાંઈ? કીધુંને? અમારા માસ્તર તે દિ' એવા હતા. એ કહે, ઘરે વાંચીને આવજો. માસ્તર હતા ઇ, નરોત્તમ કરીને. આ તો ૭૨-૭૩ વર્ષ પહેલાની વાત છે. ઘરે વાંચીને આવજો અને અમે શીખડાવીએ છીએ એમાં તમારી દૃષ્ટિથી શું શીખ્યા હતા અને શું અર્થ થાય છે તેનો આંતરો સમજાશે. સમજાણું કાંઈ? રામજીભાઈના ગુરુ હતા વાંચ્યા વિના ન આવવું.

મુમુક્ષુ :- વાંચીને જ ન આવવું.

ઉત્તર :- વાંચીને જ ન આવવું. ખબર છે. અમારે ઇ માસ્તર હતું. વાંચીને ન આવવું, અમારી પાસે સાંભળવું. એમ. ઓલો તો ઇ કહે, તમે વાંચીને આવજો, પછી તમારા ખ્યાલમાં ન હોય વાત. અમે તો આમ અર્થ કરતા હતા. અમે આવો અર્થ કરીએ છીએ તેની તમને તુલના થશે. સમજાણું કાંઈ? પદ્ધતિ જુદી, માસ્તર એવો હતો, નરોત્તમ. બાયડી નહોતી. રાંધતા રાંધતા મોટા મોટા છોકરાઓને બોલાવે. એ રાંધતા હોય. રોટલી, દાળ, ભાત કરતા. છોકરાઓને બેસાડે. કણબીવાડમાં ઓલીકોર (ઘર) હતું. સુથારની બાજુમાં તમે વાંચીને આવ્યા છો? કહો. બોલો પાઠ. કરો એ પાઠનો અર્થ. એ રાણપુર જાય ... એનો અર્થ આમ નથી. એનો અર્થ આમ નથી એમ કહેતા. એમ સમયસાર આદિ વાંચ્યું હોય તો અમારી દૃષ્ટિમાં આમ લાગતું હતું અને આ તો બીજી વાત કરે છે. એમ એમાં આંતરો પડી જાય. ગંગવાલજી! આહા..હા..!

**'માટે તે રાગદ્વેષમોહ, વિષયોમાં નથી...'** પરવસ્તુમાં કે' દિ' ગુણ હતા કે એમાં વિપરીત રાગ-દ્વેષ થાય. જ્યાં ગુણ છે ત્યાં વિપરીતતા થાય. સમજાય છે કાંઈ? પરમાં કાંઈ આત્માના ગુણ નથી. તો ત્યાં વિપરીત ક્યાંથી આવી? અને એનાથી વિપરીતતા કેવી રીતે થાય? વિષયોમાં નથી, કાયામાં નથી અને કર્મમાં નથી. એમ ત્રણે લઈ લેવા. સમજાણું કાંઈ? પાઠમાં ત્રણ છેને. રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવ એ નથી પાંચ ઇન્દ્રિયના વિષયો-શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શમાં, નથી આ પાંચ શરીરમાં-ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ અને કાર્મણ-એ પાંચ શરીરમાં પણ રાગ-દ્વેષ નથી, એ તો જડ છે. ન્યાં ક્યાં ગુણ હોય તો ગુણની વિપરીતતા ત્યાં થાય. સમજાણું કાંઈ? અને કાયા, વિષય અને કર્મ. અનંતાનુબંધી આદિ જડ કર્મ રજકણ છે એમાં કંઈ દુ:ખ ગુણ નથી. તો ગુણની વિપરીતતા એમાં નથી. જેમાં ગુણ હોય એમાં વિપરીતતા કરી શકે છે. જેમાં ગુણ નથી એની વિપરીતતા ક્યાંથી આવી? સમજાણું કાંઈ?

તો કહે છે કે **'અને સમ્યગ્દૃષ્ટિમાં (પણ) નથી કારણ કે તેને...' 'વિષયો પરદ્રવ્ય છે, અને**

**સમ્યગ્દષ્ટિમાં (પણ) નથી...'** બે વાત કરી. પરમાં રાગ-દ્વેષ નથી, સમ્યગ્દષ્ટિમાં નથી. સમજાણું કાંઈ? કારણ કે સમ્યગ્દષ્ટિની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર છે. તો દ્રવ્યસ્વભાવમાં રાગ ઉત્પન્ન થવાની તાકાત નથી. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્દષ્ટિ ધર્મની પ્રથમ શરૂઆત એને કહે છે કે જે પોતાનો આત્મા પૂર્ણ આનંદ શુદ્ધ દ્રવ્ય ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ, અનુભવ થયા હોય તો એ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ, દ્રવ્યસ્વભાવમાં રાગ-દ્વેષની ઉત્પત્તિનું કારણ નથી, તો દ્રવ્યસ્વભાવની દૃષ્ટિવાળીને પણ રાગ-દ્વેષની ઉત્પત્તિનું કારણ અજ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયા તો દૃષ્ટિના વિષયમાં દ્રવ્યસ્વભાવ છે. સમ્યગ્દર્શનનું ધ્યેય અને વિષય દ્રવ્યસ્વભાવ છે. તો ત્રિકાળી આનંદકંદ પ્રભુ એમાં વિપરીતતા ક્યાંથી આવી? સમજાણું કાંઈ? તો એવી વિપરીત દૃષ્ટિનો નાશ કરીને અવિપરીત દૃષ્ટિવંત ધર્મીમાં રાગ-દ્વેષ નથી. આ મિથ્યાત્વ અને અનંતાનુબંધી સંબંધી. એ જ ખરેખર મિથ્યાત્વ તે જ સંસાર છે. પછી ત્રણ કષાયના કષાયની કોઈ ગણતરી નથી. જેનું મૂળ છેદાઈ ગયું તે ઝાડ ક્યાં સુધી રહેશે? સૂકાઈ જશે પંદર દિ', મહિનામાં. એમ ભગવાન આત્મા પોતાના વિષયને છોડીને પરવિષયના લક્ષમાં જઈને પોતાથી અજ્ઞાનભાવથી અનંતાનુબંધી, મિથ્યાત્વ રાગ-દ્વેષ આદિ ઉત્પન્ન કરતો હતો તે દોષ છે. પોતાની પર્યાયબુદ્ધિથી મિથ્યાત્વ ઉત્પન્ન કરતો હતો તે દોષ છે. આહા..હા..!

ત્યારે આ લોકો કહે છે કે સમકિતીને દોષ થતો નથી એ શું વાત છે? એઇ..! એ તો આ પ્રકારની અત્યારે વાત છે. પછી ચારિત્રની અપેક્ષા લે ત્યારે તો જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ અસ્થિરતાના રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. આસ્રવ અધિકારમાં આવે છે. આહા..હા..! એકાંત તાણે તો આખી વાત તૂટી જશે, થઈ રહ્યું. આહા..હા..!

અહીંયા તો અનંત સંસારનું કારણ એવું મિથ્યાત્વ અને એની સાથે સંબંધવાળો કષાય, આ બેની વાત ચાલે છે. તો એ મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગ-દ્વેષ એ પોતાના સ્વભાવની દૃષ્ટિને ભૂલીને પર્યાય અને રાગ રુચિથી તે મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો રાગ ઉત્પન્ન થાય છે. નહિ પરથી, નહિ સ્વદ્રવ્યથી, ન સમ્યગ્દષ્ટિથી. આહા..હા..! કહો, શેઠ! સમજાય છે કે નહિ? આ તો હિન્દી ચાલ્યું. ઓલા હિન્દી લોકો આવ્યા છે ... તો હિન્દી ચાલશે. મગનલાલના કાકા આવ્યા હતા. .... એ તો ગુજરાતી સમજે થોડું થોડું, શું કરે? કહો, સમજાણું કાંઈ? જેવી ગુજરાતીમાં સ્પષ્ટ ભાષા આવે એવી આમાં અટકી જાય. શબ્દ શોધવા પડેને, એનો બંધબેસતો શબ્દ શું છે (એ ગોતવું પડે). ગુજરાતીમાં તો બંધબેસતો શબ્દ ચાલ્યો આવે, ધારાવાહી ચાલ્યો આવે. જુઓને, શેઠ જરી બોલે ત્યારે ઇ બોલે છે. હિન્દી, રતનભાઈ આવ્યા છે, બે. જુવાનિયાને લઈને. આ નવા નવા છે, નથી કાંઈ સમજતા. અહીં અમારે રંગુલાલજી એ પણ કાંઈ સમજતા નથી ગુજરાતી. આહા..હા..!

કહે છે કે, વસ્તુ જે ભગવાન આત્મા ચિદાનંદસ્વરૂપ વીતરાગમૂર્તિ આત્મા તો છે. તો

વીતરાગમૂર્તિ રાગ-દ્વેષની ઉત્પત્તિની ખાણ છે? તો જેની દૃષ્ટિ સ્વભાવ ઉપર થઈ સમ્યગ્દર્શન (થયું) તો એને પણ રાગ-દ્વેષની ઉત્પત્તિનું સ્થાન તો રહ્યું નહિ. રાગ-દ્વેષની ઉત્પત્તિનું સ્થાન તો પર્યાયબુદ્ધિ, અજ્ઞાનબુદ્ધિ હતું. સમજાણું કાંઈ? એ પરથી પણ મિથ્યાત્વ, રાગ-દ્વેષ નથી, દ્રવ્યથી પણ નથી, પર્યાયબુદ્ધિમાં અજ્ઞાનથી રાગ-દ્વેષની ઉત્પત્તિ સંસારના કારણરૂપ થાય છે. અસ્થિરતાના રાગ-દ્વેષ અહીંયા ગૌણ છે. સમજાણું કાંઈ? આહા..!

મોટી લડાઈઓ કરે સમકિતી. કોણ કરે? એ તો ક્રિયા જડની થાય છે અને અંદરમાં અસ્થિરતાનો જે રાગ છે એ રાગ પોતાની નબળાઈથી ઉત્પન્ન થયો છે. તો એ નબળાઈ દૃષ્ટિનો વિષય નથી. સમજાણું કાંઈ? નબળાઈ દૃષ્ટિનો વિષય નથી. દૃષ્ટિનો વિષય તો પૂર્ણ આનંદઘન આત્મા છે. આહા..હા..! ચૈતન્યસ્વભાવ પોતાનો પૂર્ણ એવો જે આત્મા એની જે દૃષ્ટિ સ્વઆશ્રય કરીને સમ્યગ્દર્શન થાય, તો સમ્યગ્દૃષ્ટિમાં પછી રાગ-દ્વેષ નથી. એ અનંતાનુબંધી અને મિથ્યાત્વના સંસારના મૂળ રાગ-દ્વેષ નથી. બરાબર છે? અને પરમાં નથી. વિષયોમાં, કાયામાં, કર્મમાં. વિષય સંબંધી અભિલાષા, કાયા સંબંધી મમતા, અનંતાનુબંધી મિથ્યાત્વના પરિણામ તો અજ્ઞાનભાવથી ઉત્પન્ન થાય છે. એ કંઈ પરના કારણે વિષયો છે માટે અભિલાષા ઉત્પન્ન થાય છે એમ નથી. સમજાણું કાંઈ? શરીર છે તો તેના તરફની મમતા ઉત્પન્ન થાય છે, એમ છે? અને કર્મ છે માટે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે એમ છે? બિલકુલ નહિ. આહા..હા..! શ્રીપાલજી! આવી વાત છે. દોષ કાઢી નાખે એ વાત પણ નથી, હોં! કે સમકિતીને દોષ જ નથી, વેદન જ નથી. એ પણ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાન છે. આહા..હા..! એ પર્યાયની અપેક્ષાથી ત્યાં વાત છે, અહીંયા દ્રવ્યની અપેક્ષાથી વાત છે. સમજાણું કાંઈ? બેનું યથાર્થ જ્ઞાન થવું (જોઈએ).

અહીંયા એમ કહે છે તો પછી સમ્યગ્દૃષ્ટિને તો રાગ નથી, દુઃખ નથી. રાગ-દ્વેષ નથી તો દુઃખ પણ નથી. એ કઈ અપેક્ષાથી છે? પર્યાયબુદ્ધિ છે અને સ્વભાવબુદ્ધિ થઈ છે એ અપેક્ષાથી તેને દુઃખ નથી. અનંતાનુબંધી અને મિથ્યાત્વનું દુઃખ નથી. પણ ચારિત્રદોષનું જે દુઃખ છે તેને અહીંયા ગૌણ કરીને (વાત કરે છે). વસ્તુમાં રાગ-દ્વેષની ખાણ નથી, સમ્યગ્દૃષ્ટિનો વિષય વસ્તુ છે, તો રાગ-દ્વેષની ઉત્પત્તિની સ્થિતિ સમ્યગ્દૃષ્ટિને નથી એમ અહીંયા વાત લેવી છે. આહા..હા..! **'કારણ કે તેને અજ્ઞાનનો અભાવ છે...'** જુઓ! ભાષા છેને? છેને? સમ્યગ્દૃષ્ટિને નથી **'કારણ કે વિષયો પરદ્રવ્ય છે....'** વિષયોમાં નથી. કારણ કે તે પરદ્રવ્ય છે. સમ્યગ્દૃષ્ટિમાં નથી કારણ કે તેને અજ્ઞાનનો અભાવ છે. જુઓને! સમજાણું કાંઈ? શરીરમાં, કર્મમાં અને વિષયો-શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ... આહા..હા..! એમાં કોઈ રાગ-દ્વેષ નથી. એ તો પરવસ્તુનું અસ્તિત્વ છે. અને સમ્યગ્દૃષ્ટિમાં નથી. કારણ કે તેને અજ્ઞાનનો અભાવ છે. બરાબર છે? આહા..હા..!

આમાં વજન અને તોલ તો સમ્યગ્દર્શન ઉપર જાય છે અને વિપરીત શ્રદ્ધા. ચાહે તો બાહ્યક્રિયા વ્રતાદિ પાળતો હોય... સમજાણું કાંઈ? પંચ મહાવ્રત, નગ્નપણું, અઠ્યાવીશ મૂળગુણ

પાળતો હોય, પણ એ રાગની રુચિ છે કે રાગ મારું કર્તવ્ય છે અને રાગ એ મારું કામ છે... આહા..હા..! એ દૃષ્ટિને સમ્યગ્દૃષ્ટિ નથી કહેતા, મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ચાહે તો દ્રવ્યલિંગ-નગ્નપણું ધારણ કર્યું હોય, અઠ્યાવીશ મૂળગુણ ધારણ કર્યા હોય, પણ એને રાગની રુચિ છે, રાગ કર્તવ્ય છે, કરવાલાયક છે, એનાથી લાભ થાય છે એવી દૃષ્ટિવંતને મિથ્યાદૃષ્ટિ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'કારણ કે તેને અજ્ઞાનનો અભાવ છે; આ રીતે રાગદ્વેષમોહ વિષયોમાં નહિ હોવાથી, અને સમ્યગ્દૃષ્ટિને (પણ) નહિ હોવાથી, (તેઓ) છે જ નહિ.'** છે જ નહિનો અર્થ શું? વસ્તુમાં નથી, વસ્તુની દૃષ્ટિવંતને નથી. પરને નથી. (કારણ કે) પરના કારણે રાગ-દ્વેષ ઉત્પન્ન થતા જ નથી. રાગ-દ્વેષ તો અહીંયા મિથ્યાજ્ઞાનથી ઉત્પન્ન થતા હતા. આહા..હા..! ભારે ઝીણું, ભાઈ! અમરચંદભાઈ! આ વાત. મિથ્યાત્વ એ જ સંસાર છે. એ દૃષ્ટાંત આપ્યું છેને? બિલાડી, બિલાડી. બિલાડીની કમર ભાંગી ગઈ-કેડ ભાંગી ગઈ. પછી ઢસડાય છે આમ. કેડ ભાંગી જાયને? કેડ સમજો છો? બિલાડી. કમર તૂટી જાય. કોઈ લોઢાનો ભાર આવ્યો તો તૂટી ગઈ. પછી ચાલે ખરી, ઢસડાઈને ચાલે. બે પગ આમ નીચે ચાલી શકે નહિ તો આમ (ઢસડાઈને ચાલે). એમ મિથ્યાત્વની કમર જ્યાં તોડી નાખી, અજ્ઞાનભાવનો નાશ કર્યો સ્વભાવની દૃષ્ટિથી પછી રાગ-દ્વેષ ઢસરડા કરે છે. પછી થોડા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયા તો શ્રદ્ધાનો દોષ અને ચારિત્રની અશુદ્ધતા વ્યવહાર રાગ, શુભભાવ એની ભિન્નતા બતાવે છે કે શુભભાવ ઘણો છે તો ત્યાં મિથ્યાત્વના નાશનો અંશ હોય છે. તો શુભભાવમાં ક્યાં ગુણ છે કે ગુણની વિપરીતતા ત્યાં હોય? સમજાણું કાંઈ? ગુણ તો ભગવાન આત્મામાં છે. અનંત આનંદ, શાંતિ આદિ. તો દૃષ્ટિ વિપરીત કરે છે એમાં રાગ-દ્વેષ થાય છે. જ્યાં ગુણ છે ત્યાં વિપરીતતા થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! શુભભાવમાં ક્રિયાકાંડ શુભની એટલી કરે, મહિના મહિનાના અપવાસ, સંથારા (કરે). સંથારા સમજ્યા? સંલેખના બે બે મહિનાની. એ તો રાગની ક્રિયા છે, એમાં આત્મા ક્યાં આવ્યો? આત્મા તો રાગ અને એ ક્રિયાથી ભિન્ન અંદર ચીજ છે. એ ચીજની જેને દૃષ્ટિ નથી તેને અજ્ઞાનભાવથી રાગ અને દ્વેષ ઉત્પન્ન થાય છે, તે મિથ્યાદૃષ્ટિ જીવ છે. આહા..હા..! એ અપવાસ કરે, આહારનો ત્યાગ કરે, સંથારા કરે.. શું કીધું સંથારાને? સંલેખના, તોપણ ક્ષણે ક્ષણે રાગની પર્યાયબુદ્ધિ તો અંદર પડી છે. તો સમયે સમયે એ મિથ્યાત્વનું જ પોષણ થાય છે. આહા..હા..! ઝીણી વાત બહુ. કારણ કે જ્યાં ગુણ છે ત્યાં તો દૃષ્ટિ છે નહિ, અને દૃષ્ટિ છે રાગ અને પર ઉપર. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ આ તો સૂક્ષ્મ વાત છે, ભાઈ! અત્યારે મોટા દિવસમાં આ વાત આવી ગઈ. આહા..હા..!

પ્રભુ! તારી પથારી એકલી ગુણની પથારીમાં પડ્યો છો. આહા..હા..! ભગવાન! પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યુંને? **'पुरु'** અનંત જ્ઞાનાદિમાં સ્થિતિ, એમાં સૂવે એટલે એકાકાર થાય એને પુરુષ

કહીએ. જે પુરુષ રાગ અને દ્વેષમાં એકાકાર થાય એને જડ અને નપુંસક કહીએ. પોતાની ચૈતન્ય ભગવાન શક્તિ, જ્ઞાતા-દૃષ્ટા, આનંદમાં એમાં '**सेत्ति**', એમાં શયન કરે-લીન થાય એ તો આત્મા, એ પુરુષ. અને જે રાગ અને દ્વેષ ને પરની મમતામાં સૂવે છે એ આત્મા નહિ. એ જડ છે, એ નપુંસક છે. આહા..હા..! સ્વરૂપચંદભાઈ! બહુ શુભભાવ કરે અને બહુ અશુભભાવ કરે તો એ નપુંસક છે એમ કહે છે. આ પૈસા રળવાનો બહુ (ભાવ કરે), સાયકલ-બાયકલ દોડાવે ચારે કોર. એ દોડાવી શકતો નથી હોં સાયકલને. ભાવ કરે એટલી વાત. ઇ ભાવ, સાયકલ દોડી માટે ભાવ થયા?

મુમુક્ષુ :- ભાવ થયા માટે દોડી.

ઉત્તર :- ભાવ થયા માટે દોડી એ (વાત) તો એક કોર રહી ગઈ.

પોતાની વસ્તુની જેને મહત્તા આવી નથી તેને રાગ અને પુણ્યની મહત્તા જેની દૃષ્ટિમાં છે એ અજ્ઞાનીને રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે, જ્ઞાનીને નહિ, જા! જ્ઞાનીને તો જ્ઞાન, દર્શન અને આનંદની પર્યાય ઉત્પન્ન થાય છે એમ કહે છે. જેમાં ગુણ હોય એ ઉત્પન્ન થાયને. આહા..હા..! સમજાણું કાંઈ? અનેકાંત માર્ગ ભગવાનનો એવો છે. એમ અનેકાંત નથી કે શુભભાવથી પણ ધર્મ થાય અને શુદ્ધથી પણ ધર્મ થાય. એમ અનેકાંત નથી. શુદ્ધથી ધર્મ થાય અને શુભથી ધર્મ ન થાય એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ? અનેકાંત તો અમૃત છે. આવે છેને? ભાઈ! પ્રવચનસારમાં. નહિ? અનેકાંત તો અમૃત છે. આહા..હા..! પોતાના દ્રવ્યસ્વભાવમાં રાગ નથી, પુણ્ય નથી. અરે..! ત્રિકાળ સ્વભાવમાં એક સમયની પર્યાય નથી. આ અનેકાંત. અને આવી દૃષ્ટિ થઈ ત્યાં અમૃતનો સ્વાદ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! એટલે કે સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ? અનુભવનું ચિહ્ન તો આનંદનું વેદન છે. સમજાણું કાંઈ?

કહે છે કે, અનેકાંતનો અર્થ એમ કરે કે અનેકાંત તો... કર્યો છેને? નથી આવ્યું? કે દ્રવ્યમાં નથી, ગુણમાં નથી અને પર્યાયમાં છે-એ અનેકાંત. પણ એક જ પર્યાયમાં દોષ અને નિર્મળતા એ અનેકાંત નહિ. વળી એવું અનેકાંત આવ્યું હમણાં. એમ આવ્યું છે. સમજાણું કાંઈ? એક સમયની પર્યાયમાં થોડી નિર્મળતા અને થોડી મલિનતા એનું નામ અનેકાંત નહિ, એમ કહે છે ઇ. અહીં તો કહે છે કે એનું નામ અનેકાંત છે. રાગાદિ હોય છતાં સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે તો પર્યાયમાં રાગ નથી, નિર્મળતા છે તે પર્યાય ગણવામાં આવી. કારણ કે રાગ પૃથક્ થઈ ગયો છે તો રાગ એમાં નથી એમ કહેવામાં આવે છે. પણ જ્યારે ચારિત્રની દશાનો રાગ સાંભળે, સમજે અને જ્ઞાનથી જ્યારે જ્ઞેય જણાય છે ત્યારે ખ્યાલમાં આવે છે કે રાગનો અંશ છે, દુઃખ છે. એ દુઃખનું વેદન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનું નામ અનેકાંત છે. અનેકાંત ફૂદડીવાદ નથી કંઈ. આહા..હા..!

**'સમ્યગ્દૃષ્ટિને (પણ) નહિ હોવાથી, (તેઓ) છે જ નહિ.'** છે જ નહિનો અર્થ અનંતાનુબંધીના અને મિથ્યાત્વના રાગ-દ્વેષ નથી. એ નથી એમ કહેવામાં આવે છે. અસ્થિરતાના

છે એ તો જ્ઞાનમાં જ્ઞેય થઈ ગયું. પરજ્ઞેય તરીકે જ્ઞાનમાં થઈ ગયા. આહા..હા..!

**'ભાવાર્થ :- આત્માને અજ્ઞાનમય પરિણામરૂપ...'** ભાષા જુઓ! રાગ-દ્વેષ, મોહાદિ **'ઉત્પન્ન થતાં આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ ગુણો હણાય છે,...'** જુઓ! બાહ્યની ક્રિયા ગમે તેટલી શુભ હોય અને દેહની ક્રિયા પણ શરીરથી બ્રહ્મચર્ય પાળતો હોય, સ્ત્રીનો સંગ ન કર્યો હોય શરીરથી, કહે છે કે, પણ અંદરમાં એ રાગની પ્રીતિમાં પડ્યો છે. આહા..હા..! વિભાવના પ્રેમમાં પડ્યો છે એ અજ્ઞાનીને રાગ-દ્વેષ અને મોહ ઉત્પન્ન થાય છે. મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે, એમ કહે છે. ઓહો..! શરીરથી જાવજીવનું બ્રહ્મચર્ય હોય અને વ્રતના પરિણામ પણ શુભ હોય, તપના પરિણામ પણ શુભ હોય, સમજાણું કાંઈ? પણ જો એની પ્રીતિ અને રાગની રુચિ છે તો અજ્ઞાનમય રાગ-દ્વેષ, મિથ્યાત્વ (છે). આહા..હા..! સમયે સમયે તે મિથ્યાત્વ અને અનંતાનુબંધીના સ્વરૂપાચરણ વિરુદ્ધ ભાવ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? માર્ગ કઠણ બહુ. પોતાનો છે માટે સરળ છે, પણ અનાદિથી અભ્યાસ નથી એટલે કઠણ કહેવામાં આવે છે. અને અત્યારે તો ચાલતો જ નથી. ચાલતો નથી એટલું જ નહિ પણ વિપરીત ચાલે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'આત્માના અજ્ઞાનમય પરિણામરૂપ...'** રાગ-દ્વેષ અને મિથ્યાત્વ આદિ **'ઉત્પન્ન થતાં આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ ગુણો હણાય છે, પરંતુ તે ગુણો હણાતાં છતાં અચેતન પુદ્ગલદ્રવ્ય હણાતું નથી;...'** શરીરની ક્રિયા ઘટી જાય, સમજાણું કાંઈ? શુભની ક્રિયા આમ થાય, શરીર આમ રહે તો એનો ઘાત થતો નથી, અચેતન પુદ્ગલનો ઘાત નથી થતો. સમજાણું કાંઈ? **'વળી પુદ્ગલદ્રવ્ય હણાતાં દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ હણાતાં નથી;...'** આહા..હા..! શરીરાદિનું મમત્વ અલ્પ છોડ્યું, મિથ્યાદૃષ્ટિ રહ્યો. આહા..હા..! તો કહે છે કે આમ પુદ્ગલદ્રવ્યનો ઘાત થવાથી શરીર જીર્ણ થયું, મન-વચન પણ જીર્ણ થઈ ગયા, સમજાણું કાંઈ? આમ થવા છતાં (આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થતો નથી).

અહીં તો એક ન્યાયથી એમ છે કે કર્મમાં રસ મંદ પડી જાય, સમજાણું કાંઈ? કર્મ જડમાં રસ મંદ પડી જાય તો અહીંયા ગુણ થાય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ગુણની ઉત્પત્તિ તો પોતાના દ્રવ્યના આશ્રયે દૃષ્ટિ કરે તો ઉત્પત્તિ થાય છે. અને ચાહે તો કર્મનો રસ મંદ પડે, પણ રુચિ રાગની, રાગના પ્રેમમાં પડ્યો છે તો એને મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો વિકાર જ ઉત્પન્ન થાય છે. આહા..હા..! કહો, ચીમનભાઈ! બહુ માર્ગ આવો આકરો, ભાઈ! લોકોને અભ્યાસ નહિને એટલે લાગે. છે તો એની ચીજ, પણ અત્યારે એવું ચાલ્યું છેને, એવું ચાલ્યું કે આ ચીજ સાંભળવા મળતી નથી. આહા..હા..! અને સાંભળવા મળે તો કહે છે, એકાંત છે, એકાંત છે. (વ્યવહારને) સાધન કહ્યું છે. સાધન, સાંભળને હવે. જેને સાધન કહ્યું છે તે જ બાધક છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે ગુણોનો ઘાત થવાથી અચેતન પુદ્ગલનો ઘાત નથી થતો. જેમ, દૃષ્ટાંત હતોને?

દીવો ઓલાઈ જાય, બુઝાઈ જાય. દીવો, દીવો કહે છેને? દીપક. દીપક બુઝાઈ જાય તો કાંઈ ઘડો ફૂટી જાય છે? અને ઘડો ફૂટી જાય તો દીપક બુઝાઈ જાય છે? સમજાણું કાંઈ? એમ શરીરાદિ બધું ઘટી જાય એથી કાંઈ અંદરમાં અજ્ઞાન મટી જાય? આહા..હા..! સમજાણું કાંઈ? અને અજ્ઞાન ઉત્પન્ન થયું પર્યાયબુદ્ધિ થઈને, એ વખતે શુભક્રિયા આદિ બધી હો, એ ઘટી જાય એવું કાંઈ નથી. હો. પણ મિથ્યાત્વ તો અંદર ઉત્પન્ન થયું છે. આહા..હા..! ભારે આકરી વાત.

**'માટે જીવના કોઈ ગુણો પુદ્‌ગલદ્રવ્યમાં નથી.'** એમાં (પુદ્‌ગલદ્રવ્યમાં) નથી તો એનો ઘાત થવાથી વિપરીતતા ક્યાંથી થાય? **'આવું જાણતા સમ્યગ્દષ્ટિને અચેતન વિષયોમાં....'** અચેતન શરીરમાં, અચેતન કર્મમાં **'રાગાદિ થતા નથી.'** આહા..હા..! ધર્મીને પોતાના સ્વભાવની જ્યારે દૃષ્ટિ થઈ ત્યારે તો અનંતાનુબંધીના રાગ-દ્વેષ નથી થતા, પણ જે રાગાદિ ઉત્પન્ન થાય છે એ અસ્થિરતાથી ઉત્પન્ન થાય છે, અજ્ઞાનથી નહિ. અને અસ્થિરતાથી ઉત્પન્ન થાય છે એટલું છઠ્ઠે ગુણસ્થાને પણ એટલું દુઃખ છે. એવું દુઃખનું વેદન સમકિતી જ્ઞાનીને પણ પર્યાય હોય છે. સમજાણું કાંઈ? આ તો દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાથી કથન છે. આહા..હા..! પર્યાયમાં તો જ્યાં સુધી પૂર્ણ આનંદનું વેદન નથી તો રાગનું વેદન છે. આહા..હા..! **'આવું જાણતા સમ્યગ્દષ્ટિને અચેતન વિષયોમાં રાગાદિ થતા નથી.'** આહા..હા..! એ અચેતન વિષયો મારા, એમ નથી થતું.

**'રાગદ્વેષમોહ પુદ્‌ગલદ્રવ્યમાં નથી, જીવના જ અસ્તિત્વમાં...'** આહા..હા..! મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગ-દ્વેષ પરદ્રવ્યથી થતા જ નથી. આહા..હા..! ચાહે તો સ્ત્રીના વિષયમાં સમ્યગ્દષ્ટિ દેખાય, સમજાણું કાંઈ? પણ અનંતાનુબંધી અને મિથ્યાત્વના રાગ-દ્વેષ એને નથી. આહા..હા..! અને અજ્ઞાની બાહ્ય ત્યાગમાં એટલો દેખાય (કે) શરીર જીર્ણ (થઈ ગયું હોય), સ્ત્રી-કુટુંબ, લાખોની પેદાશ હો એને છોડી દીધી હોય અને શરીરમાં રસ દૂધ... રસ કહે છેને? દહીં, દૂધ આદિ, એ રસ પણ છોડી દીધા હોય, પણ આત્માનો રસ એણે છોડી દીધો છે. પર્યાયબુદ્ધિમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ જ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ, બાપુ! એને સાંભળવા મળે નહિ. અરે..રે...! એ બિચારા ક્યાં જાય? આહા..હા..! એની રીત અને એની પદ્ધતિ... અજ્ઞાન ઉત્પન્ન થવાની રીત શું? અને અજ્ઞાન ઉત્પન્ન નહિ થવાની રીત શું છે? એની ખબર નથી.

ઓહો..હો..! મુનિઓએ જંગલમાં રહીને કરુણાના સ્ત્રોતમાં આ સમયસાર આદિ બની ગયા. આહા..હા..! અને એમ પણ કહે છેને કેટલીક વાર, અરે..રે..! આ કેમ સમજાતું નથી? અમને ખેદ થાય છે. ખેદ નથી લખ્યો? હવે અહીં તો ના પાડે છે કે સમકિતીને રાગ ન હોય. ન્યાં વળી છઠ્ઠે ગુણસ્થાને ખેદ છે એમ લખ્યું છે. એ ખેદ ચારિત્રમોહના નિમિત્તથી જે કંઈ થયો એની વાત છે. દર્શનમોહના નાશથી જે રાગ-દ્વેષ ન થયા એ રાગ તો એને થતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ત્રણલોકના નાથ તીર્થંકરદેવ પરમેશ્વર સર્વત્ર અરિહંતના શ્રીમુખેથી નીકળેલી વાણી, એ કુંદકુંદાચાર્ય સાંભળીને મહાવિદેહમાં ગયા હતા. આહા..હા..! કોઈ કહે કે મહાવિદેહમાં ગયા હતા કે નહિ? પણ વાણી તો જુઓ! જો તો કેટલો આંતરો વાણીમાં છે! ભગવાનના સાક્ષાત્ ભેટા થઈ, ભરતમાં આવ્યા પછી આ શાસ્ત્ર બનાવ્યા છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! અલ્પ શબ્દોમાં કેટલું ગંભીર રહસ્ય પડ્યું છે!

ભગવાન! તારી ચીજની તને ખબર નથી અને તું બાહ્ય ત્યાગ કરીને માની લે છે કે મને ધર્મ છે. પણ અજ્ઞાન તો પડ્યું છે, પ્રભુ! આહા..હા..! મિથ્યાત્વ, વિપરીત માન્યતા અને અનંતાનુબંધીના (કારણે) સ્વરૂપાચરણનો અભાવ એ ચીજ તો પડી છે તને. ક્યાંથી ધર્મ થયો તને? ઓહો..હો..! સમજાણું કાંઈ? અને સ્વરૂપની દૃષ્ટિ અને સ્વરૂપનું આચરણ થયું, અજ્ઞાનનો નાશ થયો.. સમજાણું કાંઈ? પછી વિષયોમાં રાગ ક્યાંથી થાય? પ્રેમ તો અહીંયા ગયો છે. પ્રભુ આત્મા અનંતગુણનો પિંડ છે એમાં પ્રેમ ગયો છે, પ્રેમ તો ત્યાં પડ્યો છે. ધર્મીનો પ્રેમ વિષયોમાં, કુટુંબમાં, સ્ત્રીઓમાં, કર્મમાં ક્યાંય નથી. પરદ્રવ્યમાં ધર્મીને પ્રેમ છે જ નહિ. અને પરદ્રવ્યમાં પ્રેમ છે તો એ ધર્મી નહિ. આહા..હા..! આ તો અવલદોમની વાત છે, ભગવાન! આખો સંસાર ગુલાંટ ખાઈ જાય છે. આહા..હા..! આમ સંસાર સ્ત્રી, કુટુંબ બધું છોડ્યું પણ રાગની એકતા છૂટે નહિ ત્યાં સુધી અજ્ઞાન ગયું નહિ અને મિથ્યાત્વનો નાશ થયો નહિ. મિત્યાત્વ તો એમને એમ જ છે.

**'જીવના જ અસ્તિત્વમાં અજ્ઞાનથી ઊપજે છે;...'** જુઓ! એ રાગ-દ્વેષ કોઈ કર્મના અસ્તિત્વમાં, કાયાના અસ્તિત્વમાં, વિષયોની હયાતીમાં ઉત્પન્ન નથી થતા. રાગ-દ્વેષ તો ઊલટી દશા પોતાની પર્યાયમાં અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. **'જ્યારે અજ્ઞાનનો અભાવ થાય...'** જ્યારે દૃષ્ટિ દ્રવ્ય ઉપર થઈ તો પર્યાબુદ્ધિનો નાશ થયો. સમજાણું કાંઈ? **'અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ થાય...'** સાચી દૃષ્ટિ જ્યાં અંતર્મુખ થઈ... આહા..હા..! ત્યારે રાગદ્વેષાદિ ઉત્પન્ન નથી થતા. ત્યારે એ મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો વિકાર ઉત્પન્ન થતો નથી.

**'આ રીતે રાગદ્વેષમોહ પુદ્‌ગલમાં નથી તેમ જ સમ્યગ્દૃષ્ટિમાં પણ નથી,...'** કહો, સમજાણું કે નહિ? **'તેથી શુદ્ધદ્રવ્યદૃષ્ટિથી જોતાં...'** લ્યો! શુદ્ધદ્રવ્યદૃષ્ટિ. આહા..હા..! ધ્રુવ ભગવાન પરમાનંદની મૂર્તિ આત્મા. એક પર્યાયનો અંશ છે, એક ત્રિકાળી ધ્રુવનો અંશ છે. આહા..હા..! ધ્રુવ, પરમદૃષ્ટિ ઉપર જ્યાં ધ્રુવ ઉપર પડી તો શુદ્ધદ્રવ્યદૃષ્ટિથી જોતાં **'તેઓ છે જ નહિ.'** જગતમાં રાગ-દ્વેષ છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! અને **'પર્યાયદૃષ્ટિથી જોતાં જીવને અજ્ઞાન-અવસ્થામાં તેઓ છે,...'** લ્યો, આટલું સિદ્ધ કરવું છે. પર્યાયદૃષ્ટિથી-રાગના પ્રેમથી-પુણ્યના પ્રેમની દૃષ્ટિથી જુઓ, એ પર્યાયદૃષ્ટિ છે, તો અજ્ઞાન અવસ્થામાં છે ત્યાં મિથ્યાત્વ અને અનંતાનુબંધી રાગ-દ્વેષ. **'એ પ્રમાણે જાણવું.'** કહો, અમરચંદભાઈ! ... થોડું થોડું ... **'એ પ્રમાણે જાણવું.'**

## કળશ-૨૧૮

(मन्दाक्रान्ता)

रागद्वेषाविह हि भवति ज्ञानमज्ञानभावात्
तौ वस्तुत्वप्रणिहितदशा दृश्यमानौ न किञ्चित्।
सम्यग्दृष्टिः क्षपयतु ततस्तत्त्वदृष्ट्या स्फुटं तौ
ज्ञानज्योतिर्ज्वलति सहजं येन पूर्णाचलार्चिः॥२१८॥

શ્લોકાર્થ :- [इह ज्ञानम् हि अज्ञान-भावत् राग-द्वेषौ भवति] આ જગતમાં જ્ઞાન જ અજ્ઞાનભાવથી રાગદ્વેષરૂપે પરિણમે છે; [वस्तुत्व-प्रणिहित-द्दशा दृश्यमानौ तौ किचिंत् न] વસ્તુત્વમાં મૂકેલી (-સ્થાપેલી, એકાગ્ર કરેલી) દષ્ટિ વડે જોતાં (અર્થાત્ દ્રવ્યદષ્ટિથી જોતાં), તે રાગદ્વેષ કાંઈ જ નથી (-દ્રવ્યરૂપ જુદી વસ્તુ નથી). [ततः सम्यग्दृष्टिः तत्त्वदृष्टया तौ स्फुटं क्षपयतु] માટે (આચાર્યદેવ પ્રેરણા કરે છે કે) સમ્યગ્દષ્ટિ પુરુષ તત્ત્વદષ્ટિ વડે તેમને (રાગદ્વેષને) પ્રગટ રીતે ક્ષય કરો, [येन पूर्ण-अचल-अर्चिः सहजं ज्ञानज्योतिः ज्वलति] કે જેથી, પૂર્ણ અને અચળ જેનો પ્રકાશ છે એવી (દેદીપ્યમાન) સહજ જ્ઞાનજ્યોતિ પ્રકાશે.

ભાવાર્થ :- રાગદ્વેષ કોઈ જુદું દ્રવ્ય નથી, જીવને અજ્ઞાનભાવથી (રાગદ્વેષરૂપ પરિણામ) થાય છે; માટે સમ્યગ્દષ્ટિ થઈને તત્ત્વદષ્ટિથી જોવામાં આવે તો તેઓ (રાગદ્વેષ) કાંઈ પણ વસ્તુ નથી એમ દેખાય છે, અને ઘાતિકર્મનો નાશ થઈ કેવળજ્ઞાન ઊપજે છે. ૨૧૮.

---

## કળશ-૨૧૮ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-' આ અર્થનું છે, હોં!

(मन्दाक्रान्ता)

रागद्वेषाविह हि भवति ज्ञानमज्ञानभावात्
तौ वस्तुत्वप्रणिहितदशा दृश्यमानौ न किञ्चित्।
सम्यग्दृष्टिः क्षपयतु ततस्तत्त्वदृष्ट्या स्फुटं तौ
ज्ञानज्योतिर्ज्वलति सहजं येन पूर्णाचलार्चिः॥२१८॥

ઓહો..હો..! વીતરાગી મુનિ વીતરાગભાવમાં ઝુલતા હતા. કરુણાનો એવો વિકલ્પ આવ્યો તો

શાસ્ત્ર બની ગયું. શાસ્ત્ર તો જડથી બન્યું. આહા..હા..! **'આ જગતમાં જ્ઞાન જ અજ્ઞાનભાવથી રાગદ્વેષરૂપે પરિણમે છે;...'** જુઓ ભાષા! ભગવાન આત્મા જાણકસ્વભાવ અને આનંદસ્વભાવ પ્રભુ, પોતાને ભૂલીને રાગદ્વેષરૂપે અજ્ઞાનભાવે એ પરિણમે છે. રાગ-દ્વેષ અજ્ઞાન છે. એમાં જ્ઞાનની ગંધ નથી. જ્ઞાનસ્વરૂપની એમાં અસર નથી. એવા જ્ઞાનભાવને ભૂલીને જ્ઞાન જ અજ્ઞાનરૂપ પરિણમે છે. પરને કારણે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહીએ? અમને આવું સંભળાવવા મળ્યા તો અમારું અજ્ઞાન રહ્યું. એ.. શેઠ! અહીં ના પાડે છે. અજ્ઞાન પણ એણે કર્યું છે, કોઈએ કરાવ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

દૃષ્ટિ ફેરે સૃષ્ટિ છે. સ્વભાવની દૃષ્ટિ થઈ તો અવિકારની ઉત્પત્તિ છે અને રાગના પ્રેમની રુચિ છે તો એકલા વિકારની ઉત્પત્તિ છે. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો. અરે..રે..! વાડામાં ઊપજે અને સાંભળવા મળે નહિ. આ ચીજ સમજાય નહિ. અને સાંભળવા ન મળે તો વિચારમાં ક્યાંથી આવે? આહા..હા..! વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવનું ફરમાન કહે છે કે **'જ્ઞાન જ અજ્ઞાનભાવથી...'** પરિણમે છે. ભગવાન જ્ઞાનસ્વરૂપી પોતાને ભૂલીને રાગ-દ્વેષ અને મિથ્યાત્વરૂપે પરિણમે છે. પરિણમે છે એટલે અવસ્થારૂપ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'વસ્તુત્વમાં મૂકેલી (-સ્થાપેલી, એકાગ્ર કરેલી) દૃષ્ટિ વડે...'** વસ્તુત્વ શબ્દ પડ્યો છે. વસ્તુપણું-આત્મપણું એટલે જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણ. વસ્તુત્વ-વસ્તુપણું. આનંદ, જ્ઞાનાદિ ભાવ. એવા વસ્તુમાં સ્થાપેલી દૃષ્ટિ વડે. આવી વસ્તુમાં દૃષ્ટિ સ્થાપવાથી **'(એકાગ્ર કરેલી) દૃષ્ટિ વડે જોતાં (અર્થાત્ દ્રવ્યદૃષ્ટિથી જોતાં, તે રાગદ્વેષ કાંઈ જ નથી...'** આહા..હા..! **'(દ્રવ્યરૂપ જુદી વસ્તુ નથી).'** સમજાણું કાંઈ? હિન્દી છેને ઇ? હિન્દી છે? હિન્દી છે. ઇ જ ચાલે છે.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસ્વભાવ જ અજ્ઞાનરૂપ થાય છે. કોઈ કર્મથી કે વિષયોથી કે કાયાથી (થાય છે) એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બસ! ગુલાંટ ખાય પર્યાયબુદ્ધિ તો રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. પણ વસ્તુત્વ દૃષ્ટિમાં, વસ્તુત્વ-આનંદ અને જ્ઞાનસ્વભાવ એ વસ્તુત્વ, વસ્તુ આત્મા એનું વસ્તુત્વ જ્ઞાનાદિ સ્વભાવ જ્ઞાયકભાવ. આહા..હા..! એના ઉપર દૃષ્ટિ સ્થાપવાથી, એકાગ્ર દૃષ્ટિ વડે જોવાથી, દ્રવ્યદૃષ્ટિ વડે જોવાથી તે રાગ-દ્વેષ કાંઈ જ નથી. મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગ-દ્વેષ કાંઈ જ નથી. આહા..હા..! 'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર' શ્રીમદ્‌માં આવે છેને છેલ્લે? છેલ્લે.

**ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર,**
**અંતર્મુખ અવલોકતા વિલય થતા નહિ વાર.**

ગુજરાતી છે. વિલય થતા નહિ વાર. છેલ્લે છે. આહા..હા..!

તો કહે છે, દ્રવ્યરૂપ જુદી કોઈ વસ્તુ નથી. **'માટે (આચાર્યદેવ પ્રેરણા કરે છે કે) સમ્યગ્દૃષ્ટિ પુરુષ તત્ત્વદૃષ્ટિ વડે...'** બીજી વાત કરે છે કે સમ્યગ્દૃષ્ટિ પુરુષને તત્ત્વદૃષ્ટિ તો થઈ અને એના

આશ્રયે '**(રાગદ્વેષને) પ્રગટ રીતે ક્ષય કરો,...**' આહા..હા..! થોડા રાગ-દ્વેષ બાકી રહ્યાને? એ પોતાના સ્વને આશ્રયે નાશ કરો. બીજો કોઈ ઉપાય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જેને આશ્રયે મિથ્યાત્વ અને અનંતાનુબંધી ગયા એવા સમ્યગ્દષ્ટિને કહે છે કે '**તત્ત્વદષ્ટિ વડે તેમને (રાગદ્વેષને) પ્રગટ રીતે ક્ષય કરો,...**' ઓહો..હો..! ભાષા છેને? '**दृश्यमानौ सम्यग्दृष्टिः क्षपयतु**' આચાર્યની ભાષા પણ... '**क्षपयतु**' ક્ષય કરો. આહા..હા..! ભગવાન! તારી વસ્તુ તો તારી પાસે છે. તારી પાસે છે શું, તું જ આનંદાદિ છો! એવી દૃષ્ટિ રાખીને, એનો આશ્રય લઈને રાગનો નાશ કરો. આહા..હા..! સમજાણું કાંઈ?

પહેલા તો સમ્યગ્દષ્ટિ થઈને સ્વભાવના આશ્રયમાં એકાકાર થઈને મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો નાશ કરો અને પછી તેનો ઉગ્ર આશ્રય કરીને બાકી રહેલા રાગ-દ્વેષનો નાશ કરો. આ એક ઉપાય છે, બાકી બીજો કોઈ ઉપાય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ થયા પછી વ્રત ને તપ કરે તો પછી નિર્જરા થાય છે અને કર્મ ટળે છે, એમ નથી. આહા..હા..! પછી પણ ત્યાં જ આશ્રય કરવાથી રાગાદિ છે તેનો નાશ થાય છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! '**પ્રગટ રીતે ક્ષય કરો.**' પ્રગટ રીતે. '**स्फुटं**' '**स्फुटं**' પ્રગટ. આહા..હા..! ચૈતન્ય આનંદનો કંદ પ્રભુનો આશ્રય કરીને પ્રગટ રીતે રાગ-દ્વેષની ઉત્પત્તિનો નાશ કરો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કે જેથી, પૂર્ણ અને અચળ જેનો પ્રકાશ છે...**' ચળે નહિ અને પૂર્ણતા પ્રગટ થાય '**એવી (દેદીપ્યમાન) સહજ જ્ઞાનજ્યોતિ પ્રકાશે.**' કેવળજ્ઞાનપણે ભગવાન પ્રકાશિત થાઓ. પણ પહેલા તત્ત્વદૃષ્ટિ કરી તો રાગ-દ્વેષની ઉત્પત્તિનો નાશ થયો. પછી પણ જરી અસ્થિરતા રહી એને પણ તત્ત્વની દૃષ્ટિમાં એકાકાર થઈને નાશ કરો કે જેથી એકલી જ્ઞાનજ્યોતિ જળહળ જ્યોતિ પ્રગટ થઈ જાય. આહા..હા..! આ એક ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી કે સમ્યગ્દર્શન થયા પછી પણ વ્રત કરે ને ક્રિયા કરે ને ભક્તિ કરે ને પૂજા કરે એનાથી કર્મ (ક્ષય થશે).

શાસ્ત્રમાં તો દેડકાની વાત નથી આવતી? રાજગૃહી નગરીનો દેડકો. આવે છે કે નહિ? રાજગૃહી. દેડકાની કથા નથી સાંભળી? પુષ્પ લઈને ભગવાન પાસે જતો હતો. ફૂલ લઈને જતો હતો અને હાથીનો પગ આવી ગયો. એ હતો, એની પત્ની હતી અને આ પતિ હતો. તો એ પતિમાં એની વાવમાં પ્રેમ રહી ગયો. વાવ સમજ્યા? વાવડી. વાવડીમાં પ્રેમ થઈ ગયો તો દેડકો થયો. દેડકો. એને જાતિસ્મરણ થયું, દેડકાને જાતિસ્મરણ થયું. જાતિસ્મરણ થયા પછી સ્ત્રી પાસે કૂદી કૂદીને જાય. કપડામાં. આ કાઢી નાખે કપડાની આ શું કહેવાય? ... વારંવાર જાય છે. એકવાર મુનિ આવ્યા તો મુનિને પૂછ્યું, સાહેબ! એક દેડકો છે એ વારંવાર મારી પાસે આવે છે, હું કાઢી નાખું છું, કોણ છે? (મુનિરાજ કહે છે), એ તારો પતિ છે. ઓહો..! એમાં વાવમાં મમતા રહી ગઈ એટલે દેડકો થયો છે. દેડકો. આહા..હા..! એમાં એક વાર ભગવાન પધાર્યા. એ શુભભાવની વાત કરવી હોય તો એમ જ કહેને. ભગવાનનું પધારવું થયું. લોકો પૂજનસામગ્રી લઈને દર્શન કરવા જતા

હતા. એ શબ્દ સાંભળ્યો. સાંભળ્યું તો.. ઓહો..! મારે પણ ભક્તિ કરવી છે. વીસ હજાર પગથિયા ચડવાની તાકાત છે? ભગવાનના સમવસરણમાં વીસ હજાર તો પગથિયા છે, પણ ભક્તિના પ્રેમમાં કૂદકા મારીને પુષ્પ મોઢામાં લઈને જતો હતો. એમાં શ્રેણિક રાજા પણ નીકળ્યા. હાથીનો પગ આવી ગયો. એકદમ સ્વર્ગનો દેવ થયો. ન્યાંથી, દેડકાનું ચિહ્ન લઈને ભગવાનના સમવસરણમાં પહેલો પેઠો. આવે છેને ઇ? શ્લોક છે. રત્નકરંડ શ્રાવકાચાર. રત્નકરંડ શ્રાવકાચાર, સમંતભદ્રાચાર્ય (દ્વારા રચિત) એનો એ શ્લોક છે. ત્યાં દેડકાનું ચિહ્ન લઈને હાજર થયો. ઓહો..! જુઓ! ભક્તિનો પ્રભાવ! શુભભાવ છેને ઇ. શ્રેણિક રાજાને તો પહોંચતા પહોંચતા વાર લાગી તો એની પહેલા ત્યાં પહોંચી ગયો. લોકો.. ઓહો..હો..! શુભભાવ છે તો એનું ફળ તો આવે છેને. એનાથી કોઈ જન્મ-મરણ મટી ગયા એમ નથી. સમજાણું કાંઈ? એ તો જન્મ-મરણ મટવાનો ઉપાય તો એક સ્વદ્રવ્યનો આશ્રય કરે એ જ એક ઉપાય છે. આહા..હા..! પણ જ્યારે ભક્તિ આદિને બતાવવી હોય તો એમ બતાવે. એમ બતાવે કે આમ હતો, તિર્યંચ હતો, દેડકો હતો. આવી ભાવના ભક્તિનો શુભભાવ થયો તો સુધર્મ દેવલોકનો દેવ થયો. મરીને દેવ થયો. ઉપયોગ મૂક્યો કે ઓહો..! હું તો દેડકો હતો. ભગવાનની ભક્તિના પ્રભાવથી મને આ પદ મળ્યું. ચાલો ભગવાન પાસે! એ તો શુભભાવની મર્યાદા છે. પણ એનાથી કોઈ જન્મ-મરણ મટી જાય છે એમ નથી. સમજાણું કાંઈ? અને એમ થયું તો પછી જન્મ-મરણ મટી જશે (એમ નથી). પરના આશ્રયે કદી જન્મ-મરણ મટતા નથી.

જન્મ-મરણ મટવાનો એક, ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા પોતાનું સ્વરૂપનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે, એનો આશ્રય કરવાથી ચારિત્ર થાય છે, એનો આશ્રય કરવાથી શુક્લધ્યાન થાય છે, એનો આશ્રય કરવાથી દેદીપ્યમાન કેવળજ્ઞાન થાય છે. સ્વરૂપચંદભાઈ! આ બધી સ્વરૂપની વાત છે. આહા..હા..! શ્રીમદ્દનું એક આવે છે, સમ્યગ્દષ્ટિ કહે છે, જો મને સમ્યગ્દર્શન થયું તો કેવળજ્ઞાન લીધા વિના છોડીશ નહિ. પછી તું ના પાડીશ તો નહિ ચાલે. શ્રીમદ્દમાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તું મોટો કે હું મોટો છું. મને સમ્યગ્દર્શન થયું તો હું કેવળજ્ઞાન લઈશ જ લઈશ. સમ્યગ્દર્શન થાય તો કેવળજ્ઞાન થાય. મિથ્યાદૃષ્ટિને તો જ્ઞાન જ મિથ્યા છે. આહા..હા..!

પોતાનો ચૈતન્ય ભગવાન પૂર્ણ જ્ઞાયકસ્વભાવ આનંદ પ્રભુ છે એવી અંતર દ્રવ્યદૃષ્ટિ, દ્રવ્યનો ધ્રુવનો સ્પર્શ થયો તો કહે છે કે હું મોટો છું. હું અલ્પકાળમાં કેવળજ્ઞાન લેવાનો છું. આહા..હા..! અમારા વિના તું કેવળજ્ઞાન પામીશ (એમ ન બને) ઇ કહે છે, જુઓ! (તત્ત્વદૃષ્ટિ) '**વડે તેમને (રાગદ્વેષને) પ્રગટ રીતે ક્ષય કરો,...**' જેના આશ્રયથી મિથ્યાત્વ અને અનંતાનુબંધી ગયા, તેનો આશ્રય કરીને રાગ બાકી છે તેનો નાશ કરો. આવી ક્રિયા કરવાથી નાશ કરો એમ નથી કહ્યું. આહા..હા..! '**જેથી પૂર્ણ અને અચળ જેનો પ્રકાશ છે એવી (દેદીપ્યમાન) સહજ જ્ઞાનજ્યોતિ પ્રકાશે.**' ચૈતન્ય સત્ત્વ છે એ પર્યાયમાં પૂર્ણ પ્રગટ થાય છે. રાગ નીકળી ગયો તો એકલી જ્ઞાનદશા

પૂર્ણ થઈ ગઈ. આહા..હા..! લ્યો, એનો ભાવાર્થ આવશે, વખત થઈ ગયો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૭, મંગળવાર, તા.૦૪-૦૯-૧૯૭૩
## કળશ-૨૧૮, ૨૧૯, ગાથા-૩૭૨, પ્રવચન-૪૮૯

આ સમયસાર, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. ૨૧૮મો કળશ છેને? એનો ભાવાર્થ. **'રાગદ્વેષ કોઈ જુદું દ્રવ્ય નથી,...'** શું કહે છે? જેમ શરીર, વાણી, મન, કર્મ આદિ પૃથક્ દ્રવ્ય-વસ્તુ છે, એમ રાગ-દ્વેષ કોઈ પૃથક્ દ્રવ્ય-વસ્તુ નથી. પોતાનો ચૈતન્યસ્વભાવ શુદ્ધ ચૈતન્યમાં રાગ-દ્વેષ નથી. પરદ્રવ્યમાં પણ રાગ-દ્વેષ નથી. તો રાગ-દ્વેષની ઉત્પત્તિનું કારણ, પોતાનું ચૈતન્યસ્વરૂપ આનંદકંદ જ્ઞાતાદૃષ્ટા છે તેનું અજ્ઞાન તે જ રાગ-દ્વેષની ઉત્પત્તિનું કારણ છે. સમજાણું કાંઈ? તો રાગ-દ્વેષ કોઈ પૃથક્ દ્રવ્ય નથી, એ તો વિભાવરૂપ પરિણતિ છે. જ્યાં સુધી પર્યાયબુદ્ધિ છે, રાગબુદ્ધિ છે, વર્તમાન એક અંશમાં જેની દૃષ્ટિ અનાદિની છે તેને ત્યાં રાગ-દ્વેષ અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. એ રાગ-દ્વેષરૂપ પરિણામ વસ્તુ નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ શુભાશુભ ભાવ એ પરિણામ છે. એ જીવના અજ્ઞાનભાવથી થાય છે. કારણ કે પોતાનું સ્વરૂપ જે આત્મા એ તો આનંદકંદ વીતરાગમૂર્તિ સ્વરૂપ આત્માનું તો છે. તો એમાંથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય એમ તો નથી. એ શુભાશુભ વિકલ્પ જે રાગ થાય છે એ પોતાના સ્વભાવમાંથી તો આવતા નથી અને પર્યાયમાં-અવસ્થામાં જ્યાં સુધી બુદ્ધિ છે ત્યાં સુધી અજ્ઞાનથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગ-દ્વેષ અહીંયા ગણવામાં આવ્યા છે.

**'માટે સમ્યગ્દૃષ્ટિ થઈને...'** લ્યો, સમ્યગ્દૃષ્ટિને (રાગ-દ્વેષ) હોતા નથી, વળી સમ્યગ્દૃષ્ટિ થઈને (રાગ-દ્વેષ) નાશ કરો. ઇ કહેવું હતું જરી. સમજાણું કાંઈ? પહેલા કહી ગયા હતા કે રાગ-દ્વેષ જે પુણ્ય-પાપના શુભાશુભ ભાવ એ પરદ્રવ્યમાં નથી. કારણ કે ત્યાં ગુણ નથી તો ગુણની વિપરીત અવસ્થા પણ નથી. અને રાગ-દ્વેષ સમ્યગ્દૃષ્ટિ જીવને નથી. આહા..હા..! કારણ કે સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને હોય તોપણ એની દૃષ્ટિમાં તો દ્રવ્યસ્વભાવ અખંડ આનંદમૂર્તિની દૃષ્ટિ છે. તો એને તો રાગ-દ્વેષ નથી. આ અનંત સંસારના રાગ-દ્વેષની વાત ચાલે છે. અસ્થિરતાના રાગ-દ્વેષ છે તેને અહીંયા ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

કહે છે, **'સમ્યગ્દૃષ્ટિ થઈને...'** પોતાની ચીજ આનંદ અને જ્ઞાતા-દૃષ્ટાથી ભરેલો પરિપૂર્ણ પ્રભુ

છે. એવી અંતર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઈને. પોતામાં સમ્યગ્દર્શન પ્રગટ કરીને '**તત્ત્વદૃષ્ટિથી જોવામાં આવે....**' વસ્તુદૃષ્ટિથી જોવામાં આવે '**તો તેઓ (રાગદ્વેષ) કાંઈ પણ વસ્તુ નથી...**' સમજાણું કાંઈ? આચાર્યને અંતર વસ્તુના સ્વભાવ ઉપર જોર આપવું છે. જોરથી જ્યારે સમ્યગ્દર્શન થયું, તો કહે છે કે ચોથે ગુણસ્થાને વસ્તુની દૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન જે અનંત કાળમાં કદી થયું નથી. મુનિવ્રત અનંત વાર લીધા અને વ્રતાદિ પાળ્યા પણ સમ્યગ્દર્શન નહોતું.

મુમુક્ષુ :- વ્રતા પાળતા...

ઉત્તર :- ધૂળેય પાળતા નથી, વ્રત તો રાગ છે. રાગ આત્માથી ભિન્ન જાણે છે. ઇ તો અહીંયા કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ તો અંતર્મુહૂર્ત.. અંતર્મુહૂર્ત વળી આવી ગયું. અંતરની વાત છે. અંતર વસ્તુમાં પૂર્ણાનંદમાં એક ક્ષણ પણ અંદરમાં દૃષ્ટિ દીધી તો એને સમ્યગ્દર્શન થાય છે. વ્રત અને તપની ક્રિયાથી થાય છે એમ ત્રણકાળમાં નથી. સમ્યગ્દર્શન વિના વ્રત ને તપ કંઈ હોતા જ નથી. એ તો અજ્ઞાની માને છે કે અમે વ્રતધારી છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત. વીતરાગ માર્ગ સૂક્ષ્મ છે. આહા..હા..! ઇ આવ્યું હતુંને પહેલા? ચાહે જેટલી પુદ્ગલની ક્રિયા શુભભાવ હો, બાહ્યના સ્ત્રી-કુટુંબ આદિ છોડી દીધા હોય, નગ્નપણું લીધું હોય અને અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય તોપણ બુદ્ધિ રાગની રુચિમાં છે અને અંતરદૃષ્ટિમાં બુદ્ધિ નથી તો એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

અંતરમાં રાગનો કણ પણ સ્વભાવની સાથે એકતા કરવી એ જ મિથ્યાત્વ અને સંસાર છે. અને એ રાગથી ભિન્ન પોતાની ચીજમાં તો રાગ પણ નથી, અને પરિપૂર્ણ પરમાત્મા પોતાની ચીજ એક સમયમાં કૃતકૃત્ય પરિપૂર્ણ છે એવી અંતરમાં દૃષ્ટિનો દ્રવ્યમાં પ્રસાર કરવો, દ્રવ્યમાં થંભી જવું, દ્રવ્યમાં દૃષ્ટિને તાદાત્મ્ય કરવી... એનું નામ સમ્યગ્દર્શન છે. કહો, શેઠ! આહા..હા..! કોઈ શુભભાવ કરે, ભક્તિ ને પૂજા ને દાન ને દયા ને વ્રત ને એ ક્રિયાથી સમ્યગ્દર્શન થાય છે એમ નથી. અને એ ક્રિયા કરે છે તો એ સમ્યગ્દૃષ્ટિ છે એમ નથી. આહા..હા..!

સમ્યગ્દર્શન તો, સમ્યક્ સત્ય પૃથક્ દૃષ્ટિ. તો જેવી વસ્તુ છે એવી દૃષ્ટિમાં આવવી અને પોતાની દૃષ્ટિ ત્યાં થંભી જવી.. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. પૂર્ણ આનંદકંદ પરિપૂર્ણ કૃતકૃત્ય તત્ત્વમાં પોતાની પર્યાયનું થંભી જવું, રોકાઈ જવું, તાદાત્મ્ય થવું... તાદાત્મય થવાનો અર્થ પર્યાયનું એ તરફ ઢળવું. પર્યાય અને દ્રવ્ય એક નથી થઈ જતા. તો એવી પર્યાયને, વર્તમાન જ્ઞાનની અવસ્થા-દશાને અંતરમાં ઢળવાથી આખી ચીજ દૃષ્ટિમાં-પ્રતીતમાં, જ્ઞાનમાં જ્ઞેય તરીકે આવી... આહા..હા..! એવા સમ્યગ્દૃષ્ટિને રાગ-દ્વેષ નથી. ક્યા રાગ-દ્વેષ નથી? અનંતાનુબંધી અને મિથ્યાત્વ સંબંધી નથી. હવે થોડા બાકી રહ્યા અસ્થિરતાના, તો કહે છે કે તત્ત્વદૃષ્ટિથી જોવામાં આવે તો સમ્યગ્દૃષ્ટિને એ રાગ-દ્વેષ નથી. '**એમ દેખાય છે,...**' આહા..હા..! ક્ષય કરવો એમ અંદર કહ્યું હતુંને? રાગ-દ્વેષને પ્રગટ રીતે ક્ષય કરો, સમ્યગ્દૃષ્ટિ થઈને. આહા..હા..!

સમ્યગ્દષ્ટિ કેવી રીતે થાય? એ તો આવ્યું કે અંતર ચીજ જે પૂર્ણાનંદ છે એના ઉપર દષ્ટિ કરવાથી અનુભવ જ્ઞાનનો થાય ત્યારે પ્રતીત થાય છે કે આ આત્મા, એનું નામ સમ્યગ્દર્શન છે. કપુરચંદજી! આહા..! આ તો વૃદ્ધ માણસ છે, ઇ કહે છે કે અમે કોઈ દિ' સાંભળ્યું જ નથી. આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયેક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો શું અર્થ થયો? મુનિવ્રત, પંચ મહાવ્રત નગ્નપણું આદિ અનંત વાર લીધા. પંચ મહાવ્રતની એવી ક્રિયા અનંત વાર કરી. એ તો શુભરાગ છે. પણ એ રાગરહિત અંદર ચૈતન્ય વસ્તુ ભગવાન પરમાનંદ સ્વરૂપનો સ્પર્શ કર્યા વિના, એમાં દષ્ટિનો પ્રસાર કર્યા વિના સમ્યગ્દર્શન કદી એ ક્રિયાકાંડથી થતું નથી સમજાણું કાંઈ?

કહે છે કે, '**સમ્યક્દષ્ટિ થઈને તત્ત્વદષ્ટિથી...**' વસ્તુ સ્વરૂપ ઉપર દષ્ટિ પડવાથી રાગ વિનાની ચીજ છે, સંસારનો ઉદયભાવ જેમાં નથી. સંસારનો ઉદયભાવ, જે કહે છેને, ઉદયભાવના બોલ આવ્યાને? કેટલા છે? એકવીશ. તત્ત્વાર્થસૂત્રમાં ઉદયભાવના એકવીશ બોલ, વસ્તુમાં નથી. એ તો પર્યાયમાં છે. તો પર્યાયબુદ્ધિ જ્યાં સુધી છે ત્યાં સુધી છે. અવસ્થાબુદ્ધિ-અંશબુદ્ધિ છે ત્યાં સુધી છે. વસ્તુદષ્ટિમાં એ નથી. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો. બિચારા ક્રિયા કરે, વ્રત પાળે, મહિના મહિનાના અપવાસ કરે છતાં મિથ્યાદષ્ટિ છે. કેમ? કે એ રાગની-વિકલ્પની દશા છે તેને જ ધર્મ માને છે. પણ વિકલ્પથી રહિત અંદર ચિદાનંદ ભગવાન પરિપૂર્ણ વસ્તુ જેની દષ્ટિ કરવાથી પ્રશસ્ત-પ્રશંસનિક દષ્ટિ થાય છે. એ પ્રશંસનિક દષ્ટિ છે. એ દષ્ટિ વિના રાગની ક્રિયા પ્રશંસનિક નથી. સમજાણું કાંઈ?

કહે છે, '**તત્ત્વદષ્ટિથી જોવામાં આવે તો તેઓ (રાગદ્વેષ) કાંઈ પણ વસ્તુ નથી એમ દેખાય છે, અને ઘાતિકર્મનો નાશ થઈ...**' જ્યારે પહેલી દષ્ટિ કરી અંતરમાં તો એમાં રાગ-દ્વેષ નથી. ત્યારપછી થોડા રાગ-દ્વેષ રહ્યા, અનંતાનુબંધી અને મિથ્યાત્વના રાગ-દ્વેષ ગયા, હવે થોડા ત્રણ કષાયનો રાગ રહ્યો એ અંતર તત્ત્વદષ્ટિનો આશ્રય કરતા કરતા ઘાતિકર્મનો નાશ થાય છે. રાગ-દ્વેષનો નાશ થઈને, ઘાતિકર્મનો નાશ થઈને '**કેવળજ્ઞાન ઊપજે છે.**' સમ્યગ્દર્શન થયા પછી વ્રતાદિના, તપાદિના પરિણામથી કેવળજ્ઞાન થાય છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અંતર ચીજ જ્ઞાનાનંદ પ્રભુનો આશ્રય લીધો તો એમાં રાગ-દ્વેષ નથી. એટલો રાગ-દ્વેષ રહિત થઈ ગયો. હવે ત્રણ કષાયના રાગ-દ્વેષ રહ્યા એ અંતર દષ્ટિમાં વસ્તુમાં નથી, એ વસ્તુમાં એકાકાર થતાં થતાં એ રાગ-દ્વેષનો નાશ થશે અને કેવળજ્ઞાન થશે.

કોઈ કહે કે ભાઈ! સમ્યગ્દર્શન થયા પછી તો વ્રત પાળવાને? વ્રત તો રાગ છે, વિકલ્પ છે. સમ્યગ્દર્શન થયા પછી સ્વરૂપમાં રમવું તે ચારિત્ર છે. સમજાણું કાંઈ? દુનિયા સાથે મેળ ખાય નહિ એવી ચીજ છે. આહા..હા..! એવી ચીજ છે, ભાઈ! આ તો. શું કરે? એ ચીજ જ એવી છે. પરમાનંદનો નાથ પૂર્ણાનંદ સ્વરૂપની દષ્ટિ કરવાથી, પર્યાયબુદ્ધિનો નાશ કરવાથી તેને સમ્યગ્દર્શન

થાય છે અને પછી તેનો આશ્રય કરતાં કરતાં અસ્થિરતાના રાગનો નાશ થઈને, ઘાતિકર્મનો નાશ થઈને કેવળજ્ઞાન થાય છે. પહેલેથી છેલ્લે સુધીની આ વસ્તુ છે. સમજાણું કાંઈ?

## કળશ-૨૧૯

(शालिनी)

रागद्वेषोत्पादकं तत्त्वदृष्ट्या
नान्यद्द्रव्यं वीक्ष्यते किञ्चनापि।
सर्वद्रव्योत्पत्तिरन्तश्चकास्ति
व्यक्तात्यन्तं स्वस्वभावेन यस्मात्॥२१९॥

**'અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યને ગુણ ઉપજાવી શકતું નથી' એમ હવેની ગાથામાં કહેશે; તેની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છે :**

**શ્લોકાર્થ :** [तत्त्वदृष्ट्या] **તત્ત્વદ્રષ્ટિથી જોતાં,** [ राग-द्वेष-उत्पादकं अन्यत् द्रव्यं किंचन अपि न वीक्ष्यते ] **રાગદ્વેષને ઉપજાવનારું અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી,** [यस्मात् सर्व-द्रव्य-उत्पत्तिः स्वस्वभावेन अन्तः अत्यन्तं व्यक्ता चकास्ति] **કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતાના સ્વભાવથી જ થતી અંતરંગમાં અત્યંત પ્રગટ પ્રકાશે છે.**

**ભાવાર્થ : રાગદ્વેષ ચેતનના જ પરિણામ છે. અન્ય દ્રવ્ય આત્માને રાગદ્વેષ ઉપજાવી શકતું નથી; કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતપોતાના સ્વભાવથી જ થાય છે, અન્ય દ્રવ્યમાં અન્ય દ્રવ્યના ગુણપર્યાયોની ઉત્પત્તિ થતી નથી. ૨૧૯.**

## શ્લોક-૨૧૯ ઉપર પ્રવચન

**'અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યને ગુણ ઉપજાવી શકતું નથી' એમ હવેની ગાથામાં કહેશે;...'** ગુણ શબ્દે પર્યાય. **'તેની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છે :-'** ૨૧૯. આ ગાથા બહુ સારી છે. ૩૭૨.

रागद्वेषोत्पादकं तत्त्वदृष्ट्या
नान्यद्द्रव्यं वीक्ष्यते किञ्चनापि।

सर्वद्रव्योत्पत्तिरन्तश्चकास्ति
व्यक्तात्यन्तं स्वस्वभावेन यस्मात्॥२१९॥

**'શ્લોકાર્થ :- તત્ત્વદૃષ્ટિથી જોતાં,...'** વાસ્તવિક તત્ત્વદૃષ્ટિ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એવી દૃષ્ટિથી જોવામાં આવે તો **'રાગદ્વેષને ઉપજાવનારું અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી,...'** આહા..હા..! રાગ અને દ્વેષ ઉત્પન્ન કરાવવામાં કર્મ પણ કારણ નથી, કુટુંબ કારણ નથી. આજ વળી યાદ આવ્યું, ભાઈ બોલે છેને? કંચન, કુટુંબ ને (કામિની). એ કોઈ કારણ નથી રાગ-દ્વેષ ઉત્પન્ન કરવામાં. કર્મને કારણે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે એમ પણ નથી, કુટુંબને કારણે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે એમ પણ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કંચન અને કામિની.

ઉત્તર :- કામિની. સ્ત્રીથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે એમ નથી. એ તો પરદ્રવ્ય છે. અને સોનું. લક્ષ્મી-ધન, ધન, શેઠ! ધનથી રાગ-દ્વેષ ઉત્પન્ન નથી થતા એમ કહે છે. ... ધન, સ્ત્રી, કુટુંબ, કર્મ કોઈ બાહ્ય ચીજ કે અભ્યંતર ચીજ કર્મ, કોઈ રાગ-દ્વેષ ઉત્પન્ન થવામાં કારણ નથી. આહા..હા..! અત્યારે તો એમ ચાલે છે કે રાગ-દ્વેષ... કર્મ છે તેનો ઉદય આવે તો પોતામાં રાગ-દ્વેષ થાય છે. તદ્દન મૂઢ દૃષ્ટિ છે. એમ વાત જ નથી.

મુમુક્ષુ :- ગોમ્મટસારમાં તો એમ આવે છે.

ઉત્તર :- એ ગોમ્મટસારમાં તો નિમિત્તનું કથન કર્યું છે. સમજાણું કાંઈ? એ તો આવી ગયું. જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય છે. એ તો પોતાની જ્ઞાનની હીણી દશા કરવાના કાળમાં નિમિત્ત કોણ વસ્તુ હતી તેનું ત્યાં જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! કહો, શેઠ! ડાલચંદજી રાગ ઉત્પન્ન નથી કરાવતા. એને માટે ... એમ કહે છે. એની મા રાગ ઉત્પન્ન નથી કરાવતી, આ બીડીનો ધંધો રાગ ઉત્પન્ન નથી કરાવતો એમ કહે છે. એ પોતાની વસ્તુને ભૂલીને અથવા અસ્થિરતાથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. આહા..હા..! મોટો ગોટો અત્યારે. કર્મને લઈને આત્માને રાગ-દ્વેષ, કર્મને લઈને આત્માને રાગ-દ્વેષ. ભગવાન ના પાડે છે કે તારી શ્રદ્ધા ખોટી છે. તું કર્મને વશ થાય છે તો રાગ-દ્વેષ થાય છે. કર્મ તને વશ કરે છે એમ નથી. સ્ત્રીને જોઈને તું રાગ કરે છે તો રાગ થાય છે. સ્ત્રીને વશ થઈને, સ્ત્રીથી રાગ નથી થતો. આહા..હા..!

મુમુક્ષુ :- સ્ત્રી રાગ કરાવે છે કે નહિ?

ઉત્તર :- બિલકુલ નહિ. કરાવાનો ક્યાં પ્રશ્ન આવ્યો? તું એને જોઈને રાગ કરે છે તો એને નિમિત્ત કહેવામાં આવે છે. એને વશ થઈ ગયો તું. સ્ત્રી આત્માને રાગ કરાવે છે, બિલકુલ ખોટી વાત છે. સ્વરૂપચંદભાઈ! આ મોટા માણસ છેને, એમાં રોકાવું પડેને, બાયડી, છોકરા... એને માટે રોકાય છે? આહા..હા..! એ તો તારો રાગ છે, મમતા છે માટે તું રોકાય છે. અને મમતામાં કારણ કોઈ બીજી ચીજ છે, ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા સમવસરણમાં ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે

જાહેર દિવ્યધ્વનિ આવી કે પોતામાં સંસારના રાગ-દ્વેષ ઉત્પન્ન થવામાં કોઈ બીજી વસ્તુ-કર્મ, શરીર કે ધન છે એમ નથી.

**'તત્ત્વદષ્ટિથી જોતાં...'** આહા..હા..! કેટલી સ્પષ્ટ વત કરે છે જુઓને! વસ્તુસ્થિતિ અને વસ્તુની મર્યાદા જુઓ તો, એમ કહે છે. ભગવાન આત્મા પોતાની પર્યાયમાં જે રાગ-દ્વેષ અને મિથ્યાત્વ થાય છે, એ તત્ત્વદષ્ટિથી જોવામાં આવે તો એ રાગ-દ્વેષ અને મિથ્યાત્વને ઉત્પન્ન કરનાર અન્ય દ્રવ્ય કિંચિત્ માત્ર નથી. આહા..હા..! અમારે દામોદર શેઠ કહેતા કે, થોડા દોકડા રાખો એના. અહીં કહે છે, કિંચિત્ (માત્ર નથી). કર્મના ૪૯ દોકડા રાખો અને વિકાર થવામાં પોતાના ૫૧ (રાખો). દોકડા સમજ્યા? પ્રતિશત કહે છેને? એવી ચર્ચા થઈ. (સંવત) ૧૯૭૬ની સાલ. ૭૬, કેટલા વર્ષ થયા? ૨૪+૨૯=૫૩. ૫૦ અને ૩, ૫૩ વર્ષ પહેલાની વાત છે. સમજાણું કાંઈ? સંપ્રદાયમાં જ્યારે હતાને ત્યારે એ ચર્ચા બહુ થતી હતી. દામોદર શેઠ વારંવાર કહેતા હતા. મહારાજ! હું તો કહું છું કે કર્મથી થાય છે. બીજાના મોઢે કહે, હોં! સીધી મારી સાથે વાત ન કરે. અમારી તો એવી જ માન્યતા છે કે કર્મથી જ થાય છે. પણ મહારાજ પુરુષાર્થથી કહે છે તો ૫૧ દોકડા કહે છેને? ૫૧ દોકડા પુરુષાર્થના રાખો અને ૪૯ દોકડા કર્મના રાખો. રામજીભાઈએ એક ફેરી પકડ્યા હતા. શેઠ આવ્યા ત્યારે. હુકમીચંદ શેઠ આવ્યા હતાને જ્યારે, ઇંદોરથી. હુકમીચંદ શેઠ અહીં દર્શન કરવા આવ્યા હતા એની સાથે હતાને, જીવણધર, જીવણધર પંડિત. તો જીવણધર કહે કે કર્મથી થાય છે. તો કેટલા થાય છે? એ પ્રશ્ન કર્યો. પચાસ દોકડા કર્મના અને પચાસ દોકડા એના. આવા ને આવા બધા.

અહીં ત્રિલોકનાથ તીર્થંકરની દિવ્યધ્વનિનો સાર જે કુંદકુંદાચાર્યે લીધો (એ વાત કરે છે). ભગવાન પાસે ગયા હતા, આઠ દિવસ રહ્યા અને આ શાસ્ત્ર બનાવ્યા. આહા..હા..! **'તત્ત્વદષ્ટિથી જોતાં...'** સાચી દષ્ટિથી, સત્ય દષ્ટિથી અને વસ્તુની સ્થિતિ અને મર્યાદાથી જોઈએ તો રાગ-દ્વેષ અને મિથ્યાત્વ આદિ ઉત્પન્ન કરનાર અન્ય દ્રવ્ય કિંચિત્ માત્ર પણ નથી. એક અંશ પણ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં તો કહે કે કર્મના ઉદય પ્રમાણે આત્માને વિકાર થાય છે. ડિગ્રી ટુ ડિગ્રી. એમ ચાલ્યું છે. બહુ ચાલ્યું છે. આહા..હા..! જ્યારે ચર્ચા ચાલી હતી ત્યારે બહુ ચાલી હતી પચ્ચીશ વર્ષ પહેલાં. ડિગ્રી ટુ ડિગ્રી થાય છે. આહા..હા..! મિથ્યાત્વનું જોર. સમજાણું કાંઈ? જેવો કર્મનો ઉદય આવે,... ડિગ્રી ટુ ડિગ્રી સમજ્યા? જેવો ત્યાં (ઉદય આવે) તેવું અહીં થાય. શરીરમાં તાવ આવેને? તાવ આવે છે તો મૂકે છેને? થર્મોમીટર. તો જેટલો અંદર હોય એટલો આવે છે કે નહિ? કે ઓછોવત્તો આવે છે? એમ જેટલો કર્મનો ઉદય આવે એટલા પ્રમાણમાં ડિગ્રી ટુ ડિગ્રી વિકાર કરવો પડે. એમ મૂઢ લોકો વીતરાગની દષ્ટિથી વિરુદ્ધ માને છે અને કહેતા હતા. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તત્ત્વદષ્ટિથી જોતાં,...'** તો મિથ્યાત્વભાવ.. એમાં ઇ આવ્યું, હોં! મિથ્યાત્વ અને રાગ-દ્વેષ

ભાવ. એ ત્રણે. '**ઉપજાવનારું અન્ય દ્રવ્ય...**' કર્મ, ધન, કુટુંબ, સ્ત્રી, આબરૂ, દીકરા.. દીકરા કુટુંબમાં આવી ગયા. '**જરાય દેખાતું નથી,...**' ભગવાન અમૃતચંદ્રાચાર્ય તો કહે છે, મુનિ દિગંબર સંત વનવાસી કુંદકુંદાચાર્યની ટીકા કરનારા, ભગવાન કુંદકુંદાચાર્ય તો બે હજાર વર્ષ પહેલા થયા ભરતક્ષેત્રમાં. દિગંબર સંત. અને હજાર વર્ષ પછી અમૃતચંદ્રાચાર્ય (થયા). એ કળશમાં કહે છે, ભાઈ! આગળ આવશે કુંદકુંદાચાર્યની ગાથામાં. તત્ત્વદષ્ટિથી-વસ્તુસ્થિતિથી જુઓ તો. મૂર્ખ એમ માને છે કે કર્મથી વિકાર થાય છે. નોકર્મ બાહ્ય ચીજથી વિકાર થાય છે. ભગવાન કહે છે કે તત્ત્વદષ્ટિથી જુઓ તો રાગ-દ્વેષને ઉપજાવનારું અન્ય દ્રવ્યમાં શું આવ્યું? કર્મ, શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ, ધન, આબરૂ બધું આવી ગયું.

બહુ લક્ષ્મી વધી જાય, કરોડ, બે કરોડ, પાંચ કરોડ. લક્ષ્મી વધે એટલો રાગ અહીં વધે કે નહિ એને કારણે? આહા..હા..! બાહ્ય ચીજ સાથે શું સંબંધ છે? એ ચીજ રાગ કરાવે છે? આહા..હા..! અન્ય દ્રવ્ય, કર્મ દ્રવ્ય '**જરાય દેખાતું નથી, કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતાના સ્વભાવથી જ થતી...**' દ્રવ્યો શબ્દે દ્રવ્યની પર્યાય. પ્રત્યેક દ્રવ્ય અને પદાર્થની વર્તમાન પર્યાય-અવસ્થા '**પોતાના સ્વભાવથી જ થતી...**' આહા..હા..! મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ ભાવ પણ આત્માની પર્યાયના સ્વભાવથી ઉત્પન્ન થાય છે. '**પોતાના સ્વભાવથી જ થતી અંતરંગમાં અત્યંત પ્રગટ પ્રકાશે છે.**' આહા..હા..! પ્રત્યેક પદાર્થ પોતાની પર્યાયથી ઉત્પન્ન થઈને પ્રકાશે છે. પરને કારણે કંઈ થાય એવી વાત જૈનદર્શનમાં વીતરાગમાર્ગમાં વ્યવહારથી પણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! '**અંતરંગમાં અત્યંત પ્રગટ પ્રકાશે છે.**' આહા..હા..! ભાવાર્થ.

નાટકમાં આવ્યું છે ઇ. નાટક છેને એમાં. ૨૧૮ છેને? ૬૦. '**પરમાત્મપદની પ્રાપ્તિનો માર્ગ**'

**જીવ કરમ સંજોગ, સહજ મિથ્યાત્વરૂપ ધર**
**રાગ દોષ પરનતિ પ્રભાવ, જાનૈ ન આપ પર. ૬૦.**
**કોઉ સિષ્ય કહૈ સ્વામી રાગ દોષ પરિનામ,**
**તાકૌ મૂલ પ્રેરક કહહુ તુમ કૌન હૈ.**

**પુગ્ગલ કરમ જોગ**' સંબંધ આ મન-વચન-કાયાનો. 'કિંધૌ ઇંદ્રિનિકૌ ભોગ' ઇન્દ્રિયના ભોગ આત્માને રાગ-દ્વેષ કરાવે છે? એમ શિષ્ય પૂછે છે. '**કિંધૌં ધન કિંધૌં પરિજન કિંધૌં ભૌન હૈ.**' મકાન. મકાન થયુંને મોટું? શું મકાન રાગ-દ્વેષ કરાવે છે? '**ગુરુ કહૈ છહૌં દર્વ અપને અપને રૂપ, ગુરુ કહૈ છહૌં દર્વ અપને અપને રૂપ, સબનિકૌ સદા અસહાઈ પરિનૌન હૈ.**' પોતાની પરિણતિ-પર્યાય કોઈની સહાય વિના થાય છે. ગંગવાલજી! '**કોઊ દરબ કાહૂકૌ ન પ્રેરક કદાચિ તાતૈં, રાગ દોષ મોહ મૃષા મદિરા અચૌન હૈ. ૬૧,**' પછી તો ...

**કોઉ મૂરખ યૌં કહૈ, રાગ દોષ પરિનામ,**

**પુગ્ગલકી જોરાવરી, વરતૈ, આતમરામ. ૬૨.**
**જ્યૌં જ્યૌં પુગ્ગલ બલ કરૈ, ધરિધરિ કર્મજ ભેષ,**
**રાગદોષકૌ પરિનમન, ત્યૌં ત્યૌં હોઈ વિશેષ. ૬૩.**
**ઇહિવિધિ જો વિપરીત પખ, ગહૈ સદ્દહૈ કોઈ,**
**સો નર રાગ વિરોધસૌં, કબહૂ ભિન્ન ન હોઈ. ૬૪.**
**સુગુરુ કહૈ જગમૈં રહૈ, પુગ્ગલ સંગ સદીવ,**
**સહજ સુદ્ધ પરિનમનિકૌ, ઔસર લહૈ ન જીવ. ૬૫.**

ધન તો સદાય છે તો રાગ-દ્વેષ જવાનો અવસર જ ન રહે.

**તાતૈં ચિદભાવનિ વિષૈ, સમરથ ચેતન રાઉ,**
**રાગ વિરોધ મિથ્યાતમૈં, સમકિતમૈં સિવ ભાઉ. ૬૬.**

વિપરીત માન્યતામાં અજ્ઞાની રાગ-દ્વેષ ઉત્પન્ન કરે છે. સમ્યગ્દૃષ્ટિ '**સિવ ભાઉ**' પોતાના મોક્ષમાર્ગની ઉત્પત્તિ કરે છે. આહા..હા..!

'**ભાવાર્થ :- રાગદ્વેષ ચેતનના જ પરિણામ છે.**' દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ બધા શુભાશુભભાવ ચેતનના જ પરિણામ છે. આહા..હા..! એ આત્માની પર્યાય છે, એ કોઈ જડની પર્યાય-અવસ્થા નથી. '**અન્ય દ્રવ્ય આત્માને રાગ-દ્વેષ ઉપજાવી શકતું નથી;...**' અન્ય દ્રવ્યની પર્યાય પોતાને રાગ-દ્વેષ ત્રણકાળમાં ઉત્પન્ન ન કરાવી શકે. '**કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતપોતાના સ્વભાવથી જ થાય છે,...**' આહા..હા..! '**અન્ય દ્રવ્યમાં અન્ય દ્રવ્યના ગુણપર્યાયોની ઉત્પત્તિ થતી નથી.**' અન્ય દ્રવ્યમાં અન્ય દ્રવ્યની પર્યાયથી રાગ-દ્વેષ અને ગુણ ઉત્પન્ન થતા નથી.

---

## ગાથા-૩૭૨

**अण्णदविएण अण्णदवियस्स णो कीरए गुणुप्पाओ।**
**तम्हा दु सव्वदव्वा उप्पज्जंते सहावेण।।३७२।।**
**अन्यद्रव्येणान्यद्रव्यस्य न क्रियते गुणोत्पादः।**
**तस्मात्तु सर्वद्रव्याण्युत्पद्यन्ते स्वभावेन।।३७२।।**

**न च जीवस्य परद्रव्यं रागादीनुत्पादयतीति शङ्कयम्; अन्यद्रव्येणान्यद्रव्यगुणोत्पाद-करणस्यायोगात्; सर्वद्रव्याणां स्वभावेनैवोत्पादात्। तथाहि-मृत्तिका कुम्भभावेनोत्पद्यमाना किं कुम्भकारस्वभावेनोत्पद्यते, किं**

मृत्तिकास्वभावेन? यदि कुम्भकारस्वभावेनोत्पद्यते तदा कुम्भकरणाहङ्कारनिर्भरपुरुषाधिष्ठितव्यापृतकरपुरुषशरीराकारः कुम्भः स्यात्। न च तथास्ति, द्रव्यान्तरस्वभावेन द्रव्यपरिणामोत्पादस्यादर्शनात्। यद्येवं तर्हि मृत्तिका कुम्भकारस्वभावेन नोत्पद्यते, किन्तु मृत्तिकास्वभावेनैव, स्वस्वभावेन द्रव्यपरिणामोत्पादस्य दर्शनात्। एवं च सति मृत्तिकायाः स्वस्वभावानतिक्रमान्न कुम्भकारः कुम्भस्योत्पादक एव; मृत्तिकैव कुम्भकारस्वभावमस्पृ-शन्ती स्वस्वभावेन कुम्भभावेनोत्पद्यते। एवं सर्वाण्यपि द्रव्याणि स्वपरिणामपर्यायेणोत्पद्यमानानि किं निमित्तभूतपरद्रव्यान्तरस्वभावेनोत्पद्यन्ते, किं स्वस्वभावेन? यदि निमित्तभूतद्रव्यान्तरस्वभावेनोत्प-द्यन्ते तदा निमित्तभूतपरद्रव्याकारस्तत्परिणामः स्यात्। न च तथास्ति, द्रव्यान्तरस्वभावेन द्रव्यपरिणमोत्पादस्यादर्शनात्। यद्येवं तर्हि न सर्वद्रव्याणि निमित्तभूतपरद्रव्यस्वभावेनोत्पद्यन्ते, किन्तु स्वस्वभावेनैव, स्वस्वभावेन द्रव्यपरिणामोत्पादस्य दर्शनात्। एवं च सति सर्वद्रव्याणां स्वस्वभावानतिक्रमान्न निमित्तभूतद्रव्यान्तराणि स्वपरिणामस्योत्पादकान्येव; सर्वद्रव्याण्येव निमित्तभूत-द्रव्यान्तरस्वभावमस्पृशन्ति स्वस्वभावेन स्वपरिणामभावेनोत्पद्यन्ते। अतो न परद्रव्यं जीवस्य रागादीनामुत्पादकमुत्पश्यामो यस्मै कुप्यामः।

---

હવે આ અર્થને ગાથામાં કહે છે :

> કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,
> તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે. ૩૭૨.

ગાથાર્થ :- [अन्यद्रव्येण] અન્ય દ્રવ્યથી [अन्यद्रव्यस्य] અન્ય દ્રવ્યને [गुणोत्पादः] ગુણની ઉત્પત્તિ [न क्रियते] કરી શકાતી નથી; [तस्मात् तु] તેથી (એ સિદ્ધાંત છે કે) [सर्वद्रव्याणि] સર્વ દ્રવ્યો [स्वभावेन] પોતપોતાના સ્વભાવથી [उत्पद्यन्ते] ઊપજે છે.

ટીકા :- વળી જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે એમ શંકા ન કરવી; કારણ કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે; કેમકે સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે. આ વાત દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :

માટી કુંભભાવે (ઘડા-ભાવે) ઊપજતી થકી શું કુંભારના સ્વભાવથી ઊપજે છે કે માટીના સ્વભાવથી ઊપજે છે? જો કુંભારના સ્વભાવથી ઊપજતી હોય તો જેમાં ઘડો કરવાના અહંકારથી ભરેલો પુરુષ રહેલો છે અને જેનો હાથ (ઘડો કરવાનો) વ્યાપાર કરે છે એવું જે પુરુષનું શરીર તેના આકારે ઘડો થવો જોઈએ. પરંતુ એમ તો થતું નથી, કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી. જો આમ છે તો પછી માટી કુંભારના સ્વભાવથી ઊપજતી નથી, પરંતુ માટીના સ્વભાવથી જ ઊપજે છે કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે. આમ હોવાથી, માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે, કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ; માટી જ કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી, પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે.

એવી રીતે-બધાંય દ્રવ્યો સ્વપરિણામપર્યાયે (અર્થાત્ પોતાના પરિણામભાવરૂપે) ઊપજતાં થકાં, નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજે છે કે પોતાના સ્વભાવથી ઊપજે છે? જો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં હોય તો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના આકારે તેમના પરિણામ થવા જોઈએ. પરંતુ એમ તો થતું નથી, કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી. જો આમ છે તો સર્વ દ્રવ્યો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં નથી, પરંતુ પોતાના સ્વભાવથી જ ઊપજે છે કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે. આમ હોવાથી, સર્વ દ્રવ્યો પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતાં હોવાને લીધે, નિમિત્તભૂત અન્યદ્રવ્યો પોતાના (અર્થાત્ સર્વ દ્રવ્યોના) પરિણામના ઉત્પાદક છે જ નહિ; સર્વ દ્રવ્યો જ, નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવને નહિ સ્પર્શતાં થકાં, પોતાના સ્વભાવથી પોતાના પરિણામભાવે ઊપજે છે.

માટે (આચાર્યદેવ કહે છે કે) જીવને રાગાદિનું ઉત્પાદક અમે પરદ્રવ્યને દેખતા (-માનતા, સમજતા) નથી કે જેના પર કોપ કરીએ.

ભાવાર્થ : આત્માને રાગાદિક ઊપજે છે તે પોતાના જ અશુદ્ધ પરિણામ છે. નિશ્ચયનયથી વિચારવામાં આવે તો અન્યદ્રવ્ય રાગાદિકને ઉપજાવનાર નથી, અન્યદ્રવ્ય તેમનું નિમિત્તમાત્ર છે; કારણ કે અન્યદ્રવ્યને અન્યદ્રવ્ય ગુણપર્યાય ઉપજાવતું નથી એ નિયમ છે. જેઓ એમ માને છે-એવો એકાંત કરે છે-કે 'પરદ્રવ્ય જ મને રાગાદિક ઉપજાવે છે', તેઓ નયવિભાગને સમજ્યા નથી, મિથ્યાદૃષ્ટિ છે. એ રાગાદિક જીવના સત્ત્વમાં ઊપજે છે, પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે-એમ માનવું તે સમ્યગ્જ્ઞાન છે. માટે આચાર્યમહારાજ કહે છે કે-અમે રાગદ્વેષની ઉત્પત્તિમાં અન્ય દ્રવ્ય પર શા માટે કોપ કરીએ? રાગદ્વેષનું ઊપજવું તે પોતાનો જ અપરાધ છે.

---

## ગાથા-૩૭૨ ઉપર પ્રવચન

'હવે આ અર્થને ગાથામાં કહે છે :-' જુઓ! ૩૭૨. આ કુંદકુંદાચાર્યની ગાથા છે. આ અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત.

अण्णदविएण अण्णदवियस्स णो कीरए गुणुप्पाओ।
तम्हा दु सव्वदव्वा उप्पज्जंते सहावेण॥३७२॥

**કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,**
**તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે. ૩૭૨.**

ગુણ એટલે પર્યાય. લ્યો, વિકાર પણ નિજ સ્વભાવથી ઉત્પન્ન થાય છે એમ કહ્યું. પોતાની

પર્યાય છેને. પર્યાયનો સ્વભાવ છે ઇ. આહા..હા..! જરાય, આત્માને વિકાર કરવામાં કર્મ જરાય કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હજી શ્રદ્ધાના-વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હજી તો કર્મથી કરાય. પછી કર્મ તો સદાય જગતમાં છે. તો રાગથી નિવૃત્તિ લેવાનો અવસર તો તને મળે જ નહિ. આહા..હા..!

'ટીકા :-' **'એમ શંકા ન કરવી...'** ભગવાન કુંદકુંદાચાર્યે ગાથા કહી, અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત મુનિ વનવાસી એ ટીકા કરે છે. **'વળી જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે એમ શંકા ન કરવી;...'** લ્યો, આ તો સાધારણ ભાષા સમજાય એવી છે. એવી શંકા ન કરવી કે પરદ્રવ્ય નામ કર્મ, સ્ત્રી, લક્ષ્મી, આબરૂ, મકાન અને ભવન, ભવન સમજ્યા? બંગલા-હજીરા. મોટું મકાન હોયને? ચાલીશ-ચાલીશ લાખના મકાન. સાહૂજીને ચાલીશ લાખના મકાન છે. ઓલાને ચાલીશ લાખના મકાન છે. ગોવા.. ગોવા. ચાલીશ લાખનું મકાન એક. ધૂળના ઢગલા પર, ઇ ક્યાં આત્માને રાગ કરાવે છે? આહા..હા..! સમજાણું કાંઈ? પણ બીજી ચીજથી નહિ, નોકર્મ તો નહિ, ભાઈ! પણ કર્મ જે છે એ તો વિકાર કરવામાં નિમિત્ત થઈને જ આવે. ગજબ વાત છેને! દૃષ્ટિમાં વિપરીતતાનું જોર કેટલું! નોકર્મ તો આપણે બનાવીએ તો નોકર્મ બને. સ્ત્રીને રાગનું નિમિત્ત બનાવે (તો વિકાર થાય). પણ કર્મ તો નિમિત્ત થઈને આવે છે તો એણે (વિકાર) કરવો જ પડશે. આહા..હા..! સ્વરૂપચંદભાઈ! શ્વેતાંબર તો આમ ચાલે છે બધું. હવે દિગંબરમાં આમ ચાલે છે. ઇ તો એ જ કહે છે, કર્મથી થાય છે, કર્મથી થાય છે. (સંવત) ૨૦૦૬ની સાલમાં અમે પાલીતાણા હતાને. રામવિજયનો માણસ આવ્યો. એનું નામ જીવ.. કેવા? જીવા પ્રતાપ કરોડપતિ છેને. આવ્યા, આવીને કહે, આમ છે. કર્મથી થાય છે એમ લેવું. કર્મથી આત્મા રખડે છે. આત્માના અપરાધથી રખડે છે એમ તમે કહો છો તો ભગવાન એમ નથી કહેતા. પંડિતજી! ૨૦૦૬ની સાલ, ત્રણ વર્ષ થયા. ચર્ચા કોની સાથે કરે? આ વસ્તુસ્થિતિ આમ છે.

આત્મામાં વિકાર ને મિથ્યાત્વ ને રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે તે પોતાના અપરાધથી થાય છે. પરનું કારણ બિલકુલ નથી. બે કારણથી કાર્ય થાય છે એમ કહે છે એ વાત અહીં જૂઠી પડી. પોતાનો ઊંધો પુરુષાર્થ છે. એનાથી મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. પરથી કિંચિત્ માત્ર નહિ એમ કહ્યું. નિમિત્ત તો કિંચિત્ માત્ર પણ નથી કરતું, અકિંચિત્કર છે એમ કહ્યું. આહા..હા..! કોને પડી છે? આ બિચારા બાયડી, છોકરામાં આવ્યા અને કાંઈક પાંચ-પચ્ચીશ લાખ રૂપિયા ફળ્યા હોય અને આબરૂ (થઈ હોય), મરી જાય એમને એમ કરી કરીને, જાઓ! જાઓ! ઢોરમાં, પશુમાં અવતાર. આહા..હા..! આ ચીજ શું છે? વિકાર કઈ રીતે થાય છે? અને હું કેમ રખડું છું? એનો નિર્ણય કરવાનો અવસર જ ક્યાં છે. આહા..હા..! એમને એમ જિંદગી જાય છે લોકોની. ઓહો..હો..!

આ મનુષ્યનો જે અવતાર ભવના અભાવ કરવા માટેનો આ અવતાર છે. એને ઠેકાણે હજી વ્યવહારના નિર્ણય નહિ. શેઠ! સાચી વાત છે કે નહિ? અત્યાર સુધી આ બધા કરોડપતિ કહેવાય ને આ ધૂળપતિ. એમાં ને એમાં મશગુલ થઈ નિર્ણય નહિ અને જે માથે બેઠો કહે એ સાચું, જાઓ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ભણ્યો ઇ સાચું ભણ્યો કે ખોટું, એની કાંઈક કિંમત કરવી છે કે નહિ?

મુમુક્ષુ :- આટલા આટલા વર્ષથી ભણે એ કંઈ ખોટું ભણે?

ઉત્તર :- ભણ્યા, મોટા ભણ્યા, અગિયાર અંગ ભણ્યો અનંતવાર. એમાં શું થયું? નવ પૂર્વ સુધી ભણ્યો અનંતવાર. પણ અંદર રાગ મારી ચીજ નથી, મારી ચીજમાં તો આનંદ છે એવી દૃષ્ટિ એણે કદી કરી નહિ. આહા..હા..!

**'એમ શંકા ન કરવી;...'** ભગવાન અમૃતચંદ્રાચાર્ય મુનિ પરમેષ્ઠી દશા! મુનિ એટલે ઓહો..હો..! મુનિ, જેને ત્રણ કષાયનો નાશ અને આનંદની જેને, પર્યાયમાં આનંદની ભરતી આવે છે. આહા..હા..! પ્રચુર સ્વસંવેદન. મુનિ કોને કહીએ. આ બહારથી ત્યાગ થઈ ગયો અને નગ્ન થઈ ગયા એટલે થઈ ગયા મુનિ? એવું તો અનંતવાર લીધું છે. આ તો અત્યારે છે એવું તો નવમી ગ્રૈવેયક ગયો એનાથી ઘણો (ત્યાગ કર્યો હતો). સમજાણું કાંઈ? પણ એ રાગ અને વિકાર કર્મને કારણે ઉત્પન્ન થાય છે અને રાગથી મને ધર્મ થાય છે. આહા..હા..! શું કહ્યું? શુભરાગ થયો એ કર્મ મંદ પડ્યા તો શુભરાગ થયો અને શુભરાગ છે એ ધર્મ છે. એટલે કર્મથી ધર્મ થયો. આહા..હા..! અજ્ઞાનીને ખબર નહિ કાંઈ અને એમને એમ જિંદગી ચાલી જાય. આહા..હા..! પશુની પેઠે અવતાર છે. સાચો નિર્ણય કરવાનો ટાઈમ નથી, એ બધા પશુ જેવા છે. ભલે કરોડોપતિ હો. એ.. શેઠ! આવે છેને? .. મૃગા ચરંતિ, મનુષ્યા સ્વરૂપે મૃગા ચરંતિ. ઢોર જેવા.

અહીં તો આચાર્ય.. આહા..હા..! કહે છે, પરદ્રવ્ય, જીવને રાગ-દ્વેષ, પુણ્ય-પાપ કરાવે છે, ઉત્પન્ન કરે છે એ શંકા ન કરવી. આહા..હા..! તારા સ્વભાવની દૃષ્ટિ નથી તો તને મિથ્યાત્વ આદિ ઉત્પન્ન થાય છે. અને સ્વભાવમાં સ્થિરતા નથી તો અસ્થિરતાના રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? **'કારણ કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણો...'** ગુણો એટલે પર્યાય. અન્ય દ્રવ્યની ગુણની પર્યાય **'ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે;...'** આહા..હા..! ભગવાનમાં પણ વાણી કાઢવાની અયોગ્યતા છે, એમ કહે છે. આહા..હા..! વાણી તો વાણી જડની છે. અન્ય દ્રવ્ય કંઈ કરે એની અયોગ્યતા છે. વાણી નીકળવામાં ભગવાન પણ અયોગ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને પરનું ભલું કરવામાં ભગવાન અયોગ્ય છે. શું કહ્યું? સ્વરૂપચંદભાઈ! પરનું કલ્યાણ થાઓ, એમાં ભગવાન અયોગ્ય છે. એનું કલ્યાણ તો એનાથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું? જુઓ!

**'અન્ય દ્રવ્ય વડે...'** વસ્તુ વડે અન્ય દ્રવ્યની પર્યાય ઉત્પન્ન કરવાની અયોગ્યતા છે. આહા..હા..! **'કેમ કે સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે.'** સર્વ તત્ત્વમાં પોતાની પર્યાય નિર્મળ અને વિકારી પોતાથી થાય છે. રાગ પણ પોતાથી થાય છે અને રાગનો અભાવ-સમ્યગ્દર્શન પ્રગટ કરવું એ પણ પોતાથી ઉત્પન્ન થાય છે. કર્મ મંદ પડે અને સમ્યગ્દર્શન થાય એવી વસ્તુ નથી. અને મનુષ્યપણું છે માટે કેવળજ્ઞાન થાય છે એમ નથી. મનુષ્યપણું કેવળજ્ઞાન ઉત્પન્ન કરવામાં અકિંચિત્કર છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'કેમ કે સર્વ દ્રવ્યોનો...'** એટલે સ્વભાવથી જ ઉત્પન્ન થાય છે. વિકાર મંદ, તીવ્ર, મિથ્યાત્વ અને સમ્યગ્દર્શન વીતરાગ પર્યાય એ પોતાથી ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'આ વાત દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :-'** દૃષ્ટાંતપૂર્વક સમજાવવામાં આવે છે.

**'માટી...'** દૃષ્ટાંત આપે છે. ભગવાન અમૃતચંદ્રાચાર્ય મુનિ ભાવલિંગી સંત.. ઓહો..હો..! ગણધર જેને નમસ્કાર કરે એવું સાધુપદ છે. આહા..હા..! **'માટી કુંભભાવે (ઘડા-ભાવે) ઊપજતી થકી...'** માટી-માટી ઘડાપણે ઉત્પન્ન ઊપજતી. ઘડાપણે માટી ઉત્પન્ન થઈ. કુંભારથી ઘડો ઉત્પન્ન થાય છે એમ નથી. આહા..હા..! **'માટી કુંભભાવે...'** જુઓ! ઘટરૂપ પર્યાયથી ઉત્પન્ન તેને ભાવ કહ્યું. માટી ઘડાની પર્યાયથી ઊપજતી **'કુંભારના સ્વભાવથી ઊપજતી હોય તો...'** શું માટી કુંભારના સ્વભાવે ઉત્પન્ન થાય છે? કે માટીના સ્વભાવથી ઘડા-ભાવે ઊપજે છે? આહા..હા...! પરથી ઉત્પન્ન થાય છે, આ કહે છેને. કર્મ વિના કોઈને વિકાર થતો હોય તો બતાવો. એ તો પહેલા આવ્યું છે. સિદ્ધને કર્મ નથી તો વિકાર નથી થતો. અહીંયા કર્મ છે તો વિકાર થાય છે. ખોટી વાત છે. પોતાથી થાય છે વિકાર અને ભવન, કોઈ પરથી થતું નથી. આહા..હા..! સાંભળવામાં એમ આવ્યું. બધું એમ જ ચાલે. ભાઈ! કર્મ કંઈક માર્ગ આપે તો આપણે ધર્મ કરીએ. ઘણી ધર્મ-ભાવના છે. પણ કર્મ જરી માર્ગ આપે તો (થાય). કર્મ તો જડ છે. જડ શું કરે તારામાં? સમજાણું કાંઈ? અને અમારા જ્ઞાનાવરણીય કર્મનું જોર તો અમને જ્ઞાનપર્યાય ઉત્પન્ન નથી થતી, એમ મૂર્ખ કહે છે. અને કર્મ જરી માર્ગ આપે તો અમારામાં જ્ઞાનનો વિકાસ થાય, એમ મૂઢ જીવ કહે છે. વીતરાગની શ્રદ્ધા એને નથી અને તત્ત્વની સ્થિતિની મર્યાદા શું છે એની શ્રદ્ધાની ખબર નથી. સમજાણું કાંઈ?

કહે છે, **'માટી કુંભભાવે (ઘડા-ભાવે) ઊપજતી થકી શું કુંભારના સ્વભાવથી ઊપજે છે કે માટીના સ્વભાવથી ઊપજે છે? જો કુંભારના સ્વભાવથી ઊપજતી હોય તો જેમાં ઘડો કરવાના અહંકારથી...'** જુઓ! આહા..હા..! હું ઘડો બનાવું છું એવો અહંકાર છે એનામાં તો. **'ભરેલો પુરુષ...'** આહા..હા..! આ રોટલી બને છે એ સ્ત્રીના સ્વભાવથી બને છે કે રોટલીના સ્વભાવથી રોટલી બને છે? એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ રોટલી કરતું'તુ. લોટ જ પોતાના સ્વભાવથી રોટલી કરે છે. વીતરાગમાર્ગ જગતથી નિરાળો છે. અનંત દ્રવ્ય જ્યાં છે, અનંત વસ્તુ, પ્રત્યેક વસ્તુ પોતાની પર્યાયથી પરિણમે છે, એમાં બીજો પરિણમાવે તો થાય એમ નથી. આહા..હા..!

**'ઘડો કરવાના અહંકારથી ભરેલો પુરુષ રહેલો છે અને જેનો હાથ (ઘડો કરવાનો) વ્યાપાર કરે છે...'** આમ આમ ઘડામાં. **'એવું જે પુરુષનું શરીર તેના આકારે ઘડો થવો જોઈએ.'** જો માટીના પોતાના સ્વભાવથી ઘડો ન થયો હોય અને કુંભારે બનાવ્યો હોય તો કુંભારના સ્વભાવરૂપે માટી થવી જોઈએ. કુંભારનું શરીર આમ આકાર કરતું હોય તો કુંભારનું સ્વરૂપ ત્યાં આવવું જોઈએ. ત્યાં તો માટીનું સ્વરૂપ આવે છે. કુંભારનું તો કાંઈ આવતું નથી. આહા..હા..! કુંભારથી ઘડો થતો નથી, એમ કહે છે. કડિયાથી મકાન થતું નથી. આહા..હા..! જગતની ચીજ અનંત છે પરમાણુઓ, અનંત આત્મા છે. તો દરેક પદાર્થ પોતામાં રહીને પોતાની પર્યાય કરે છે. પરમાં જઈને પરમાં કરાવે છે એમ છે? પરમાં પ્રગટ કરે છે? આહા..હા..! સ્વતંત્ર તત્ત્વની શ્રદ્ધાના, વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા નથી એને નિશ્ચય સમ્યગ્દર્શન તો થતું નથી. આહા..હા..! જ્યાં ત્યાં મેં કર્યું, મેં કર્યું. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે' ગુજરાતી ભાષા છે. 'શકટનો ભાર જેમ શ્વાન તાણે.' શકટ, ગાડું હોયને ગાડું? (શ્વાન) કૂતરો હોયને. નીચે અડે તો એમ માને કે મારાથી ગાડી ચાલે છે. મારીથી ચાલે છે. આ બીડીનો વેપાર આદિ હું છું તો ચાલે છે. કૂતરા જેવા છે એમ કહે છે. સમજાણું કાંઈ? ...લાલજી! દીકરો સારો છે માટે કામ કરે છે, એ ખોટી વાત છે.

મુમુક્ષુ :- કામ નથી કરતો?

ઉત્તર :- કામ કરે છે રાગનું. આહા..!

કુંભાર તો **'ઘડો કરવાના અહંકારથી ભરેલો...'** છે. હું કરું છું, હું કરું છું એવા અહંકારથી ભરેલો છે. આહા..હા..! **'જેનો હાથ (ઘડો કરવાનો) વ્યાપાર કરે છે એવું જે પુરુષનું શરીર તેના આકારે ઘડો થવો જોઈએ.'** કુંભારના શરીરના સ્વરૂપે થવો જોઈએ. એ તો માટીનું સ્વરૂપ છે ઘડામાં તો. ઘડામાં તો માટીનો સ્વભાવ આવ્યો છે, કોઈ કુંભારનો સ્વભાવ નથી આવ્યો. ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- દેખાય..

ઉત્તર :- દેખાય કાંઈ નહિ, ભાન નથી એને. બહુ ધ્યાન રાખે તો આ પાક પાકે છે. ફસલ સમજ્યા? ખેતી.. ખેતી. એ વાત કંઈ અક્કેય દોકડો સાચો નથી એમ કહે છે. અહીંયા તો બીજા રજકણની પર્યાય બીજો રજકણ કરે એમ તો જોવામાં આવતું નથી. અજ્ઞાની પોતાની દૃષ્ટિથી જુએ છે. એ ચીજને સંયોગથી જુએ છે, પણ એના સ્વભાવથી પર્યાય થાય છે એમ જોતો નથી. સમજાણું કાંઈ? તેના (કુંભારના) શરીર આકારે પરિણમે **'એમ તો થતું નથી,...'** કુંભારના સ્વભાવથી ઘડો

બનતો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ લે? અને કોણ દે? અભિમાન કરે અભિમાન. હું ગામમાં મુખિયો છું, ગામનો બરાબર ચલાવું છું. કોણ ચલાવે? તારી પર્યાય તારામાં રહી, જગતની પર્યાય જગતમાં છે. એ પર્યાય બીજો કરે? આહા..હા..! મિથ્યાત્વની પ્રવૃત્તિ છે હું ઘડો બનાવું છું, એ મિથ્યાત્વભાવ છે. એમ કર્મથી મને વિકાર થાય છે એમ માનવું એ મિથ્યાત્વભાવ છે. અને હું કર્મ બાંધુ છું એ પણ મિથ્યાત્વભાવ છે. કર્મ તો કર્મથી બંધાય છે, તારાથી બંધાય છે? આહા..હા..! આ દીકરાને કેળવણી આપે તો સારો થાય. રામજીભાઈએ સુમનભાઈને કેટલી કેળવણી આપી. જુઓ! બહુ આપી. રૂપિયા પણ આપ્યા છે એને. ... શું કહેવાય? અંગ્રેજી આહા..હા..! અમેરિકા ગયો હતો, લ્યો. ત્યારે પગાર છેને આટલો. મહિનાના આઠ હજાર. આઠ હજારનો પગાર છે એમ કહે છે લોકો. આહા..હા..!

કહે છે કે એ પૈસા આવ્યા, એ એની પર્યાયથી આવ્યા છે, કંઈ તારી ઇચ્છાથી આવ્યા છે? આહા..હા..! રાગ કર્યો માટે પૈસા આવ્યા એમ નથી. રાગ કરવાવાળો પૈસા આવવાની પર્યાયમાં પેસે છે કે લાવે? પૈસા લાવે છે? બિલકુલ ખોટી વાત છે. ઓહો..હો..! અહીંયા તો કર્મથી વિકાર નથી થતો એ સિદ્ધ કરવાના આ બધા દૃષ્ટાંત છે. આહા..હા..! જૈનમાં તો એ જ માને બધા. વિકાર થાય છે એ તો કર્મથી થાય છે. કર્મ આગળ આવે એટલે અહીં તો કહે છે કે તારી શ્રદ્ધા ઊલ્ટી છે, તીવ્ર મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો...'** ભાષા જુઓ હવે. **'પરંતુ એમ તો થતું નથી, કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે...'** કુંભારના સ્વભાવે માટીનો ઘડો થયો, ઘડો કુંભારના સ્વભાવે થયો એમ તો જોવામાં આવતું નથી. **'કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.'** આચાર્ય મહારાજ તો એમ પોકારે છે કે કુંભારથી થાય છે એમ તો અમને જોવામાં આવતું નથી. દરબાર! આ બાયડી શું કરે? આ રોટલી કરવી, દાળ-ભાત કરવા કે નહિ? ખીચડી, કઢી, પાપડ. વસ્તુ બીજી ચીજ છે કે નહિ? એ ચીજની અવસ્થા એ ચીજથી થાય છે, તારાથી ક્યાં થાય છે એમાં? આહા..હા..! નરસિંહ મહેતાએ ન કહ્યું? 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' કૂતરો છે એ ગાડીનો ભાર તાણે છે (એમ માને છે), એમ થડે બરાબર વ્યવસ્થિત બેસું છું તો વ્યવસ્થિત કામ કરું છું ધંધાના. પાંચ લાખ, દસ લાખ ઉઘરાણી નાખે છે તો એમાંથી બે લાખ, અઢી લાખ પેદા કરે છે. મૂઢ છે. એ.. મનસુખ! પણ છોકરાને મદદ કરું તો આ પૈસા થાય. પચાસ હજાર, લાખ પણ ન થાય. ... જરી મદદ કરે, ટેકો આપે...

મુમુક્ષુ :- બધો નફો...

ઉત્તર :- ધૂળમાંય નથી. નફો કોને કહેવો? આહા..હા..! એક રજકણની પર્યાય આત્મા કરે એમ ત્રણકાળ ત્રણલોકમાં બનતું નથી. આહા..હા..!

એક દ્રવ્યના બીજા દ્રવ્યની પર્યાયમાં-પરિણામમાં ઉત્પાદ જોવામાં આવતો નથી. આવતો નથી. આચાર્ય એમ કહે છે. રોટલી સ્ત્રી બનાવે છે એમ અમારા જોવામાં આવતું નથી. કુંભાર ઘડો બનાવે છે એ અમારા જોવામાં આવતું નથી. કહો, સમજાણું કાંઈ? આ વકીલ દલીલ આપે છે ભાષાથી એ અમને જોવામાં આવતું નથી, કહે છે. બીડી વાળેને આમ તમારે? ટીમરુ ને... શું કહેવાય? આપટો. આપટો હોયને આપટો. ટીમરુ... એક પત્તાની હોય છે, આપટાના બે-ત્રણ પત્તા નાના હોયને. ખબર છેને, અમારી દુકાનમાં ત્યાં હતુંને. અમારે કુંવરજીભાઈને બીડીનો મોટો વેપાર છે. પાંચ પાંચ હજાર રૂપિયાનો તે દિ' હોં! સાંઈઠ વર્ષ પહેલા. પાંચ પાંચ હજાર કમાતા દુકાનમાં. સાંઈઠ વર્ષ પહેલાંની વાત છે. દુકાનમાં પાંચ પાંચ હજારની તમાકુ પડી હોય અને બીડીમાં ... અરે..! કોણ કરે? પણ એ અભિમાન કરી કરીને બિચારા ગયા. એ.. મનસુખ! એના બાપની વાત ચાલે છે. અભિમાન-મેં આ કર્યું ને મેં આમ કર્યું. જાઓ! રખડવા. આહા..હા..! અરે..! જગતને આમ અનાદિથી કર્યું છે. આહા..હા..! હું જો અહીંયા ન હોત તો વ્યવસ્થિત કામ ન થાત. મારી ઉપસ્થિતિને કારણે આ કામ વ્યવસ્થિત થાય છે. એવી માન્યતા જૂઠી છે. આહા..હા..!

કહે છે, '**કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો...**' આહા..હા..! '**પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.**' આહા..હા..! ઘડો કુંભારે બનાવ્યો એ તો અમને જોવામાં આવતું નથી, એમ કહે છે. ભગવાન એમ કહે છે. બાપુ! અન્ય પદાર્થ અને તારી ચીજ ભિન્ન છે. તો ભિન્ન ચીજ ભિન્ન ચીજની કોઈ દશા ઉત્પન્ન કરી દે એમ ત્રણકાળમાં બનતું નથી. હજી શ્રદ્ધાના ઠેકાણા નથી, જ્યાં હોય ત્યાં હું કરું, હું કરું.. અંતરમાં આત્મામાં જવાનો અવસર ક્યાં રહ્યો? આહા..હા..! સમજાણું કાંઈ? '**જો આમ છે તો માટી કુંભારના સ્વભાવથી ઊપજતી નથી,...**' માટી કુંભારના સ્વભાવથી ઊપજતી નથી '**પરંતુ માટીના સ્વભાવથી જ ઊપજે છે...**' આહા..હા..! ઘડો. માટીનો સ્વભાવ રાખીને ઘડો ઉત્પન્ન થયો છે. કુંભારના સ્વભાવથી ઘડો નથી થયો. '**કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે.**' પહેલા નથી જોવામાં આવતું એમ કહ્યું હતું, હવે (કહે છે) જોવામાં આવે છે. માટી ઘડારૂપે થઈ તો પોતાના સ્વભાવથી ઉત્પન્ન થઈ છે, કુંભારના સ્વભાવથી ઉત્પન્ન નથી થઈ. એમ '**પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે.**' આહા..હા..! વિકાર જીવમાં થાય છે તો પોતાના સ્વભાવથી ઉત્પન્ન થાય છે એમ જોવામાં આવે છે. કર્મથી ઉત્પન્ન થાય છે, ધનથી, લક્ષ્મીથી, મકાનથી (થાય છે) એ વાત નથી. આહા..હા..! '**જોવામાં આવે છે.**' '**પોતાના સ્વભાવને દ્રવ્યના પરિણામનો...**' વસ્તુની અવસ્થાનો '**ઉત્પાદ જોવામાં આવે છે.**' વિશેષ કહેશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૮, બુધવાર, તા.૦૫-૦૯-૧૯૭૩
## ગાથા-૩૭૨, પ્રવચન-૪૯૦

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર, ૩૭૨ ગાથા ચાલે છે. બહુ ગાથા અલૌકિક છે! આહા..હા..! કહે છે કે ઘડા-ભાવે માટી ઉત્પન્ન થાય છે, કોઈ કુંભારના ભાવે ઘડાની ઉત્પત્તિ થતી નથી. જો કુંભારના ભાવે ઘડો થાય તો કુંભારનો સ્વભાવ એમાં આવવો જોઈએ. એ તો છે નહિ.

મુમુક્ષુ :- આંગળીનો આકાર એમાં આવે.

ઉત્તર :- આંગળીનો આકાર આવતો નથી. એ આકાર તો એની પર્યાયમાં છે. આકાર શું? આંગળી પોતાથી પોતામાં થાય છે. માટીમાં ઘડો થાય છે એ માટીની પર્યાયના સ્વભાવથી થાય છે. કહો, સ્વરૂપચંદભાઈ!

રોટલી વેલણથી નથી થતી. પાણી ઊનું અગ્નિથી થતું નથી. ચોખા પાણી વિના ચડે છે, પાણીથી ચોખા નથી ચડતા. ચડતાને શું કહે છે? સીઝતા નહિ, સીઝતા નહિ. પાણીથી ચોખા ચડતા નથી. કેમકે પાણીની પર્યાયનો સ્વભાવ એમાં છે. એ ચોખાની પર્યાયમાં ક્યાંથી આવી ગયો એનો સ્વભાવ કે પાણીથી ચડે? અગ્નિ અગ્નિની પર્યાયમાં રહી, એમાં શું આવ્યું? પાણીની ઉષ્ણતા થાય છે એ તો પોતાના સ્વભાવથી ઉત્પન્ન થાય છે. અગ્નિથી જળ ઉત્પન્ન થાય છે એમ છે જ નહિ.

મુમુક્ષુ :- સવારે પાણી ઊનું મૂકવું કે ન મૂકવું?

ઉત્તર :- કોણ મૂકે? કહો, સ્નાન કરતી વખતે પાણી ગરમ કરેને? અહીં ના પાડે છે કે અગ્નિથી થતું નથી. પણ કોણ કરે છે? તે સમયે થવાનું હશે તો એવું નિમિત્ત આવશે જ. પણ નિમિત્તને કારણે એમાં પર્યાય થઈ છે એમ ત્રણકાળ ત્રણલોકમાં નથી. આહા..હા..! પરથી ભિન્ન છે અને પોતાની પર્યાયનો કર્તા પોતે છે. બીજી પર્યાયનો કર્તા (થાય તો) એ વસ્તુ શું નકામી છે? શેઠિયાનો શબ્દ આવ્યો. 'કોઈ દ્રવ્ય નિકમ્મા હૈ કિ પર કી પર્યાય દૂસરા કરે?' એમ છે, શબ્દ છે. આહા..હા..! વસ્તુ તો આવી છે.

કહે છે કે '**પુરુષનું શરીર તેના આકારે ઘડો થવો જોઈએ.**' જો માટીમાંથી ઘડો થવામાં કુંભારથી થતો હોય તો કુંભારના સ્વભાવે ઘડો થવો જોઈએ. એ તો ઠંડા પરિણામ માટીથી થયા છે, પાણીના ઘડાનો ઠંડો સ્વભાવ છે. સમજાણું કાંઈ? ઠંડો થાય છે એ પણ ઘડાની પર્યાયથી નહિ. સમજાણું કાંઈ? પણ માટીમાં ઠંડો સ્વભાવ છેને ઘડામાં? જેવો માટીમાં સ્વભાવ હતો એવો ઘડામાં

પણ ઠંડો સ્વભાવ રહ્યો છે. કંઈ કુંભારનો સ્વભાવ ત્યાં આવ્યો છે? કુંભાર તો ક્રોધી હોય, એકદમ ગધેડાને દાંત મારે, અહીંયા વળી ઘડાને બનાવવામાં નિમિત્ત હોય, તો શું કુંભારનો સ્વભાવ ત્યાં આવી જાય છે? સમજાણું કાંઈ? એમ કહે છે, જુઓ!

**'પરંતુ એમ તો થતું નથી, કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો...'** ભાષા. ગુરુથી જ્ઞાન નથી થતું એમ કહે છે.

મુમુક્ષુ :- ... ગુરુ વિના જ્ઞાન ન થાય.

ઉત્તર :- એ વ્યવહારના કથન આવે છે. ગુરુએ બધું આપ્યું છે એમ પણ આવ્યું છે. દ્રવ્યલિંગ અને ભાવલિંગ ગુરુએ આપ્યું, લ્યો. એ તો વ્યવહારનું કથન છે. વ્યવહારનય અન્યથા કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ત્યાં તો એમ કહ્યું, પંચાચાર જે છે, જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર એ પંચ વ્યવહારના તો વિકલ્પ, રાગ છે. એમ પણ આવ્યું. તારા પ્રસાદથી જ્યાં સુધી હું વીતરાગ ન થઈ જાઉં ત્યાં સુધી તારો પ્રસાદ મને હો એનો અર્થ શું? એ રાગથી અહીંયા નિર્મળ પર્યાય થાય છે? રાગનો સ્વભાવ અહીંયા આવે છે કે વીતરાગી પર્યાય ઉત્પન્ન કરી દે? આહા..હા..! સમજાણું કાંઈ? **'કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના...'** ભગવાનના સ્વભાવથી કોઈ પરને જ્ઞાન થાય અને પરની પ્રતીતિથી એને સ્વભાવની પ્રતીતિ થઈ જાય એમ જોવામાં આવતું નથી.

મુમુક્ષુ :- આમ લાગે છે અહીંયા.

ઉત્તર :- લાગે ઇ માને છે. દૃષ્ટિ સંયોગ ઉપર છેને, એટલે એમ માને છે. એમ છે નહિ. પોતાની પર્યાય-અવસ્થા પોતાથી થાય છે, પોતાના સ્વભાવથી થાય છે, પરના સ્વભાવથી થાય છે એમ ત્રણકાળમાં નથી. વાણી છે તેનાથી અહીંયા જ્ઞાનીની પર્યાય ઉત્પન્ન થાય છે? પરદ્રવ્યના સ્વભાવથી પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી. આહા..હા..! માર્ગ આવો છે. સમજાણું કાંઈ?

પુદ્‌ગલ કહ્યું છેને ત્યાં ચરણાનુયોગમાં? ચાર. વિનય ચિત્ પુદ્‌ગલ... લ્યો, જેટલા પુદ્‌ગલ છે એમાં આત્મા કામ કરે છે? નિમિત્ત છે તો એમ કહેવામાં આવે છે. ચિત્ પુદ્‌ગલ વિનયમાં નિમિત્ત છે તો એને ઉપકરણ કહ્યું, ઉપકરણ કહ્યું. ઇ ઉપકરણ છે? ગુરુની વાણી ઉપકરણ છે. તત્કાળ બોધક. શાસ્ત્ર કાયમબોધક છે. ચોવીશે કલાક જ્યારે વાંચે ત્યારે તૈયાર છે. એના ઉપરથી મગજમાં એ દૃષ્ટાંત આવ્યો હતોને. ભગવાનની પ્રતિમા... હજારગણી, દસ હજારગણી કેમ કહ્યું? કાયમ ભગવાનના પ્રતિમા બિરાજે છે. જ્યારે જ્યારે લાભ લેશે. એ પણ પ્રતિમાથી શુભભાવ થાય છે એમ પણ નથી. અરે..! ... એઇ..!

મુમુક્ષુ :- ઇ પ્રતિમાનો મહિમા શું?

ઉત્તર :- મહિમાં એમાં રહ્યો. મહિમા અહીં ક્યાં આવી ગયો? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માને છે, દૃષ્ટિમાં ઊંધાઈ છે. ચીડી કહે છેને? ચીડિયા. ચકલી ઇયળ ખાઈને ભગવાનના માથે બેસે છે તો એને કેમ મહિમા ન લાગી? સમજાણું કાંઈ? પરદ્રવ્યની પર્યાય પરદ્રવ્યને ઉત્પન્ન કરે પર્યાયમાં એમ ત્રણકાળમાં બનતું નથી. આ તો લોજીકથી, ન્યાયથી વાત છે. કહો, શેઠ!

**'અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.'** એમ લીધું અમૃતચંદ્રાચાર્યે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાનની પ્રતિમા છે, અરે..! ભગવાન સાક્ષાત્ સમવસરણમાં છે, સાક્ષાત્ કેવળજ્ઞાની બિરાજે છે, તો એના સ્વભાવથી અહીંયા શુભભાવ થાય છે? ત્યાં તો સ્વભાવ વીતરાગ છે.

મુમુક્ષુ :- ભગવાનને દેખતા આમ થઈ ગયું.

ઉત્તર :- ઇ દેખતા થાય (એટલે) પોતાથી થાય છે ત્યારે દેખતા થયું એમ કહેવામાં આવે છે. વાત તો એવી છે. આહા..હા..! ભારે! જગતથી ઊંધી વાત છે. જગત ઊંધું છેને ઊંધું, ઊંધાથી ઊંધુ છે બધું. આહા..હા..! ભગવાનને જોવાથી શુભભાવ થાય છે કે સમેદશિખર જઈએ અને તેથી ત્યાં શુભભાવ થયો, શત્રુંજય ગયા તો ત્યાં શુભભાવ થયા, તો અહીં કહે છે કે પરદ્રવ્યના સ્વભાવથી પરદ્રવ્યના પરિણામની ઉત્પત્તિ જોવામાં આવતી નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બંધ કોણ કરે? શુભભાવ આવ્યા વિના નહિ રહે. એ તો એને કારણે થશે. ભગવાનની પ્રતિમા અને ભગવાનથી નહિ. સમજાણું કાંઈ? ગણધર વીતરાગની વાણી સાંભળે છે તો ગણધરને જ્ઞાનની પર્યાયનો વિકાસ એ વાણીથી થયો એમ નથી. પરદ્રવ્યના સ્વભાવથી પરદ્રવ્યના ઉત્પન્ન થતા જોવામાં આવતા નથી. જુઓને! **'જોવામાં આવતો નથી.'** તું અનંત દ્રવ્ય માન અને એમ કહે કે આ પરિણામથી આ પરિણામ ઉત્પન્ન થયા, તો પૃથક્પણું તો રહ્યું નહિ. સમજાણું કાંઈ? ઓહો..! વ્યવહારના કથન અને નિશ્ચયની સત્યતા. વ્યવહાર તો.. વ્યવહાર **'अखिलं त्याज्यं'** સર્વ ત્યાજ્ય છે. દૃષ્ટિમાં તો વ્યવહારનો ત્યાગ છે, વિકલ્પનો ત્યાગ છે. હોય છે, છે ત્યારે ત્યાગ છેને. કોઈ વ્યવહારનો વિષય છે જ નહિ અને વ્યવહાર છે જ નહિ, એકાંત મિથ્યાદૃષ્ટિ છે. અને વ્યવહાર છે તો નિશ્ચય ટકે છે, નિશ્ચયમાં લાભ મળે છે, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

બે નય છેને? તો બે નયના બે વિષય છેને? આ તો વિષયી છે. નય તો વિષય કરનાર છે તો એનો વિષય છે કે નહિ? ભગવાનની વાણી બે નયથી ચાલે છે. પર્યાય વ્યવહારનયથી કહે છે અને દ્રવ્ય ત્રિકાળનયથી. બે વસ્તુ છે કે નહિ? પણ પર્યાયથી, પર્યાયના આશ્રયે ધર્મ થાય છે એમ નથી. આહા..હા..! વીતરાગનો માર્ગ આખા જગતથી નિરાળો છે. સંપ્રદાયની દૃષ્ટિથી તો આખો

નિરાળો છે.

**'જો આમ છે...'** શું જો આમ છે? કે પરદ્રવ્યના સ્વભાવની પર્યાયથી પરદ્રવ્યની પર્યાય ઉત્પન્ન થતી જોવામાં આવતી નથી. ..લાલજી! બરાબર છે? વળી કોઈ કહે છે કે આમ છે તો તમે ત્યાં સાંભળવા કેમ જાઓ છો? સ્વરૂપચંદભાઈ! ત્યારે એકે જવાબ આપ્યો... નિમિત્તથી કાંઈ થતું નથી, તો તમે નિમિત્ત પાસે સાંભળવા કેમ જાઓ છો? ત્યારે એક જણે જવાબ આપ્યો, કેશુભાઈ છેને? વઢવાણમાં કેશુભાઈ છે એક. કે એ નિમિત્તથી કંઈ થતું નથી એ દઢ કરવા માટે સાંભળીએ છીએ. શેઠ! કેશુભાઈ વઢવાણવાળા, દશાશ્રીમાળી. એક કેશુભાઈ વિસાશ્રીમાળી છે. વેપારી. એમના દીકરાને કલોલમાં નોકરી હતી, નહિ? ઇ વિસાશ્રીમાળી. અમદાવાદમાં. આ દશાશ્રીમાળી, એ બોલકો વધારે છે. ઓલાએ પૂછ્યું કે તમે કેમ જાઓ છો? એ નિમિત્તથી થતું નથી અને પોતાથી થાય છે એ દઢ કરવા માટે અમે સાંભળીએ છીએ. ... દઢ કરવા માટે .. પણ દઢ પોતાથી થાય છે. આહા..હા..! દઢ તો પોતાથી થાય છે, કંઈ સાંભળવાથી થતું નથી. પણ દઢ કરવામાં એ નિમિત્તથી થયું એમ કહેવામાં આવે છે, વ્યવહારે. આહા..હા..!

**'જો આમ છે તો પછી માટી કુંભારના સ્વભાવથી ઊપજતી નથી,...'** જો કોઈ પદાર્થના સ્વભાવથી કોઈ પદાર્થની પર્યાય ઉત્પન્ન થતી જોવામાં આવતી નથી તો, **'જો આમ છે તો પછી માટી કુંભારના સ્વભાવથી ઊપજતી નથી, પરંતુ માટીના સ્વભાવથી જ ઊપજે છે...'** કહો, સમજાણું કાંઈ? માટી કુંભારના સ્વભાવથી ઊપજતી નથી. આહા..હા..! વળી એક એમ કહેતો હતો, ચોખા લાખ (વર્ષ) પડ્યા હોય, પણ પાણી વિના કદી સીઝે નહિ. અહીં કહે છે કે પાણીની પર્યાયનો સ્વભાવ ચોખાનો સ્વભાવ સીઝવામાં નિમિત્ત હો, પણ એનાથી સીઝે એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ અડતું જ નથી. આહા..હા..! જુગલકિશોર ગુજરી ગયાને, દિલ્હીવાળા? અહીંયા આવ્યા હતા. પણ આ પ્રત્યક્ષ દેખાય છે કે અગ્નિથી થાય છે. દષ્ટ ને ઇષ્ટ જોઈએ છીએ. આહા..હા..! અહીં તો કહે છે કે અમને જોવામાં આવતું નથી. એક દ્રવ્યની પર્યાય-પાણીની ઉષ્ણ પર્યાય અગ્નિની પર્યાયથી ઉત્પન્ન થાય છે એમ જોવામાં તો આવતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'માટી કુંભારના સ્વભાવથી ઊપજતી નથી,...'** આહા..હા..! **'પરંતુ માટીના સ્વભાવથી જ ઊપજે છે...'** આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ઘડો ઉત્પન્ન થયો એ તો માટીના સ્વભાવથી ઉત્પન્ન થયો છે. આહા..હા..! આ વાત! કુંભારથી ઘડો થતો જોવામાં આવતો નથી એમ કહે છે અહીંયા. રોટલી સ્ત્રીથી નથી થતી એમ જોવામાં આવે છે, એમ કહે છે. સ્ત્રીથી રોટલી થાય છે એમ જોવામાં આવતું નથી.

મુમુક્ષુ :- બાયડી રોટલી નહિ કરે.

ઉત્તર :- રોટલી કોણ કરતી હતી? કહ્યુંને એકવાર? અમે વડોદ ગયા હતા, વડોદ. ઉમરાળા પાસે વડોદ છેને? ત્રણ કોસ. એક વાંઢો હતો, વાંઢો. સમજ્યાને? સ્ત્રી નહોતી. રોટલી આવી એની, એવી રોટલી આવી, બરાબર ગોળ ચક્કર વણતા આવડે નહિ એટલે એક છેડો આમ નીકળે અને એક આમ નીકળે. રોટલી. ગોળ ન આવડે. આ બાયુંને ગોળ આવડે, ગોળ આવડે છે તો કરી શકે છે?

મુમુક્ષુ :- આપે કીધું, વાંઢો હતો એટલે ગોળ ન થઈ.

ઉત્તર :- એ તો નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવે છે નૈમિત્તિક. નિમિત્તથી થયું છે એમ નથી. રોટલી હોયને? એમાં વેણું સરખું ફરે તો ગોળ રોટલી થાય. પણ ઓલાને આવડે નહિ તો આમ થઈ જાય ઘડીક તો આમ છેડો નીકળી જાય. ખૂણા પડે. રોટલી એવી આવી હતી. ઘણા વર્ષ થયા. ... વડોદથી ... છ ગાઉ. છ ગાઉ-બાર માઈલ. કહો, સમજાણું કાંઈ? એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે કે આ ... આ રોટલી કરવામાં (નિમિત્ત) નથી. એમ. રોટલી થઈ છે પોતાથી. એમ પર્યાયમાં માણસનો સ્વભાવ ત્યાં આવ્યો છે? એ લોટના સ્વભાવથી, રોટલી પોતાના સ્વભાવથી થઈ છે. આહા..હા..!

મુમુક્ષુ :- આખી માન્યતા ...

ઉત્તર :- મોટો ફેર, આખો ફેર, ચક્કર ફેર છે. હજી પર્યાયમાં પણ સ્વતંત્રતાની ખબર નથી, એને દ્રવ્ય સ્વતંત્ર ભગવાન પૂર્ણાનંદ અંદર છે એની તો ક્યાંથી એને પ્રતીત થાય? સમજાણું કાંઈ?

પ્રત્યેક દ્રવ્યની એક સમયની ચાલતી તે કાળની, સ્વકાળની પર્યાય પરદ્રવ્યના નિમિત્તથી કદી થતી નથી. એનું અસ્તિત્વ જે છે સ્વકાળનું તે પોતાથી થાય છે. આટલી સ્વતંત્રતાની દૃષ્ટિ પણ જેને નથી બેસતી તેને પર્યાયની પાછળ ભગવાન પૂર્ણાનંદ છે.. આહા..હા..! જે પર્યાયમાં દેખાતો નથી, તેને જોવો છે. આહા..હા..! પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ એવો સ્વભાવ પર્યાય માને છે. જ્યારે પર્યાયની સ્વતંત્રતા જાણવામાં આવી ત્યારે એ પર્યાય પણ સ્વતંત્રપણે આવી ત્રિકાળી વસ્તુને જાણે છે. આહા..હા..! ત્યારે તેને સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. એ સમ્યગ્દર્શન કોઈ રાગના, વ્યવહારના વિકલ્પની શ્રદ્ધા હતી માટે ઉત્પન્ન થયું, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કર્યો તો સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું એમ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- અવિનય...

ઉત્તર :- વિનયથી ઉત્પન્ન થાય છે, અવિનય તો છે જ નહિ. વિનય છે ઇ શુભભાવ છે, પણ એમાં પણ સમ્યગ્દર્શન ઉત્પન્ન નથી થતું. આહા..હા..! રાગનો સ્વભાવ અને આત્માનો સમ્યગ્દર્શન સ્વભાવ બે જુદી વસ્તુ છે. એ તો આત્માના સ્વભાવથી તે પર્યાય (ઉત્પન્ન થાય છે). અલિંગગ્રહણમાં છઠ્ઠો બોલ આવે છેને? પોતાના સ્વભાવથી જ આત્મા જણાય છે, પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષ જાણે છે. છઠ્ઠો બોલ છે. અલિંગગ્રહણના વીસ બોલ છેને. પોતાના સ્વભાવથી જણાય એવો

પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પોતાની નિર્મળ પર્યાયથી જ આત્માનું જ્ઞાન થાય છે. રાગથી નહિ, નિમિત્તથી નહિ, પરથી નહિ અને તે પ્રત્યક્ષ જ્ઞાતા છે. જેને રાગની અને મનની સહાયતાની જ્યાં જરૂર નથી. આહા..હા..! એવો આત્મા પોતાના સ્વભાવથી જ સમ્યગ્દર્શનની પર્યાયમાં ઉત્પન્ન થાય છે. આહા..હા..! એ આત્મા ઉત્પન્ન થાય છે, સ્વભાવ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? એમ ચારિત્ર. આત્માનો સ્વભાવ છે તેનાથી ચારિત્રની પર્યાય ઉત્પન્ન થાય છે. મહાવ્રતના પરિણામ છે અને શરીર અનુકૂળ છે માટે ઉત્પન્ન થાય છે એમ નથી. અને સંઘયણ મજબુત છે, વજ્રનારાચ સંઘયણથી અહીંયા કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે એમ નથી. અને કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થવાની છે તો વજ્રનારાચ સંહનનની પર્યાય ત્યાં છે, એમ પણ નથી. એ તો પોતાને કારણે આવ્યું છે. આહા..હા..! ભારે! આ નિમિત્ત-ઉપાદાનનો મોટો ગોટો છેને. આહા..હા..!

**'માટીના સ્વભાવથી જ ઊપજે છે કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે.'** પહેલા, જોવામાં નથી આવતું એમ કહ્યું હતું. આ અસ્તિ કરી. દરેક પદાર્થની વર્તમાન પર્યાય, માટીમાંથી ઘડો થયો એ પોતાના સ્વભાવથી દ્રવ્યના પરિણામ, પરિણામ એટલે ધર્મ, એવા પરિણામ ઘડાના ઉત્પન્ન (થયા એમ) જોવામાં આવે છે. માટીના સ્વભાવથી, માટીથી ઘડો ઉત્પન્ન થયો એમ જોવામાં આવે છે. ભારે વાત ભાઈ! જ્યાં ત્યાં કર્તા, હું કર્તા, હું કર્તા... હું આવો હુશિયાર છું તો મારો કંઠ કળા એવું બોલાય, આમ ચાલે. શું કંઠની પર્યાયમાં તારી પર્યાય આવે છે? આહા..હા..! ધીમે બોલવું ઇચ્છે તો ધીમું બોલાય, ઉતાવળથી બોલવું હોય તો ઉતાવળથી ભાષા આવે છે. એ વાત ખોટી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખોટી છે, ખોટી છે. હું ધીમેથી બોલું તો અવાજમાં શાંત દેખાય, એ પણ ભ્રમ છે. અને ઉતાવળી બોલું તો મારી પ્રકૃતિ ઉતાવળી છે એ લોકો જોશે. એ વાતમાં એક્કેય દોકડો સાચો નથી. આહા..હા..! વાત એવી છે, ભાઈ! ઝીણી સૂક્ષ્મ વાત છે. પોતાની સ્વતંત્રતાની પર્યાય જડની ભાષાની એ પ્રકારની થવામાં પોતાનો વિકલ્પનો સ્વભાવ ત્યાં ગયો છે કે એ વિકલ્પથી ભાષા ઉત્પન્ન થાય છે? આહા..હા..! આ ચશ્માથી જ્ઞાનની પર્યાય અંદર ઉત્પન્ન થાય છે એમ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- કાઢી નાખે.

ઉત્તર :- કોણ કાઢે? કોણે ચડાવ્યા હતા તે કાઢે? એઇ..! ..ભાઈ! આહા..હા..! ચંદ્રશેખર (મહારાજ કહે), અમારે ચર્ચા કરવી છે. જુઓ! ચશ્મા છે તો દેખાય છે. (મેં કહ્યું), ચર્ચા થઈ ગઈ.

મુમુક્ષુ :- બોલ્યા એટલે થઈ ગઈ.

ઉત્તર :- બોલ્યા, થઈ ગઈ. ભાઈ! કંઈ ખબર નહિ, બિચારા જૈનોના માણસોને ખબર નહિ.

ચશ્મા છે તો જ્ઞાનની પર્યાય (જાણે છે), ચશ્મા કાઢી નાખો તો (દેખાશે નહિ), પણ કાઢે કોણ? એ તો જે સમયની જે જ્ઞાનની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે, એ પરથી બિલકુલ ઉત્પન્ન નથી થતી. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહે છે? જુઓ!

**'પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે.'** આહા..હા..! ભાષાની પર્યાય પોતાના સ્વભાવથી ભાષાની પર્યાય ઉત્પન્ન થઈ છે. આહા..હા..! આ ઉપદેશમાં વાણી જે આવે છે.. આહા..હા..! આવે છે, એ પોતાના સ્વભાવથી આવે છે. સમજાણું કાંઈ? આત્માના જ્ઞાનથી એવી પર્યાયમાં ભાષા બોલવામાં આવે છે એમ નથી. ઘણો હુશિયાર હોય, એ તો કારીગરનો દૃષ્ટાંત આવી ગયોને? કળાબાજ હો. તો શું કળાબાજ તારી પર્યાયથી ત્યાં ભાષામાં પર્યાય થાય છે? કલાક, બે કલાક હું એવું ભાષણ કરું (કે) લોકોનું રંજન થઈ જાય. અરે..! ભગવાન! તું કોણ છો? આહા..હા..! સમજાણું કાંઈ? બધી પરાધીન દૃષ્ટિ. પરને રાજી કરવા અને પરથી રાજી થવું. અમારાથી તમને લાભ થાય છે તો ... બહુમાન. આહા..હા..! અમારાથી લાભ થાય છે. અહીં કહે છે કે, અમારાથી તમારામાં કિંચિત્ લાભ નથી થતો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહારના કથન બોલવામાં છે. રાજકોટ અમારું શહેર થઈ ગયું? આવી ગઈ વાત. વ્યવહારનયથી બોલે છે તો શું એનું રાજકોટ શહેર થઈ ગયું? આહા..હા..!

પ્રભુની, વીતરાગ સર્વજ્ઞદેવની જે ચીજ છે એ ચીજ... આહા..હા..! સમયે સમયે જે જે દ્રવ્ય છે એના સ્વકાળે તેમાં પર્યાય થાય છે. એમાં બીજાના કારણે ઉત્પન્ન થાય છે, ત્રણ કાળમાં નથી. આહા..હા..! એમને એમ અનાદિથી પરના અભિમાન કરી કરીને જિંદગી ગઈ.

મુમુક્ષુ :- આખા હિન્દુસ્તાનમાં ખળભળાટ મચાવ્યો છે.

ઉત્તર :- પણ શેઠ આવ્યાને ભાગ્યશાળી થઈને, ત્યાં છોડીને, ઘર છોડીને બે લાખનું મકાન બનાવ્યું અહીંયા. વાત તો સાચી છે. ભગવાન ... એને રુચતું નથી એટલે.

ભાઈ! ત્રણકાળ ત્રણલોકમાં કોઈ દ્રવ્ય નામ પદાર્થની પર્યાય પરદ્રવ્યની પર્યાયથી ઉત્પન્ન થાય એમ તો જોવામાં આવતું નથી, પણ પોતાની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય એમ જોવામાં આવે છે, એમ કહે છે. બે વાત કરી અનેકાંતની. નિમિત્તથી પણ થાય અને ઉપાદાનથી થાય એમ તો જોવામાં આવતું નથી. બધા કહે છે એમ. આહા..હા..! ભાઈ કહેતા હતાને? દેવકીનંદન. દેવકીનંદન ભાઈ કહેતા હતા. અમારું આ બધું પંચાધ્યાયીમાં લખ્યું છે જૂઠા છે ન્યાય? કોણ સમજતું હતું? અમે તો પંડિત કહેવાઈએ, નાખી દઈએ અંદર. આવી વાત તો ... તમે એમ કહો કે બધા પંડિતો, બધા ત્યાગીઓ બધા નિમિત્તથી થાય છે એમ ... કાશીથી અમે આ ભણ્યા છીએ. એ બિચારા કહેતા હતા, નરમ માણસ. આહા..હા..! આ તો વસ્તુની સ્થિતિ છે, ભાઈ! કોઈનો અનાદર કરવાની આ વસ્તુ નથી. સમજાણું કાંઈ? શું કહે છે?

આહા..હા..! ૩૭૨ ગાથા ગજબની વાત છે! આત્મામાં, સર્વજ્ઞના આત્મામાં પણ દિવ્યધ્વનિ કરવાની યોગ્યતા નથી. આહા..હા..! દિવ્યધ્વનિની પર્યાય જડની પર્યાય પોતાથી તે કાળે ઉત્પન્ન થઈ છે. કહો, સમજાણું કાંઈ? અને દવાથી રોગની પર્યાય નાશ થાય છે એમ જોવામાં તો નથી આવતું, કહે છે. કહો, કાંતિભાઈ! આ તો તમારું ડૉક્ટરનું આવ્યું. તાવ આવ્યો અને આપે... શું કહેવાય ઇ? ક્વિનાઈન, ક્વિનાઈન. ક્વિનાઈન, વળી ઇંજેક્શન એક કોર રહ્યું. ક્વિનાઈન આપે ત્યાં ઉતરી જાય તાવ. કહે છે, ખોટી વાત છે. ક્વિનાઈનની પર્યાય ભિન્ન છે અને શરીરની ઉષ્ણ પર્યાયની પર્યાય ભિન્ન છે. તો બીજાથી પર્યાયમાં કંઈક અસર આવી અને તાવ ઉતરી ગયો એમ અમે તો જોતા નથી, એમ કહે છે. કાંતિભાઈ! આ તો ડૉક્ટરને નામે મીંડા થયા. રામજીભાઈએ ઘણા અસીલને જીતાડ્યા છેને. ઘણા અસીલને જીતાડ્યા. હુશિયાર કહેવાતા હતા બધા વકીલોમાં. સાચી વાત હશે ઇ?

મુમુક્ષુ :- એમ લોકો કહે છે.

ઉત્તર :- લોકો કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- અમારે માનવું કોનું?

ઉત્તર :- માનવું આ ભગવાન કહે એનું. કોઈનું બીજું માનવું નહિ. આહા..હા..! સ્ત્રીઓમાં એમ નથી કહેવાતું? જેને હાથ બહુ હળવો હોય એની બધી રસોઈ સારી જ થાય. સાચી વાત છે? અરે..! બગડી જાય શું, કાંઈ ઠેકાણું ન હોય. પુડલા કરે. પુડલા થાય છેને? પુડલાને શું કહે છે? માલપુવા. એ બરાબર હુશિયાર બાઈ હોય ઇ કરી શકે. તવામાં નાખે અને પછી આમ નાખે, હેઠે ... બધું હોય. ઉખેડે ફટ દઈને. કઠણ થઈ જાય અને વચ્ચે જરી પોચું થઈ જાય. પુવા, માલપુવા, શું કહેવાય તમારે? આ શું કીધું હમણાં? પુડલા. અમારી ગુજરાતી ભાષા છે. પુડલા સમજ્યા? પુવા પુવા થાય છેને? હરામ વાત છે, કહે છે. અમને તો એમ જોવામાં નથી આવતું કે હુશિયારીની પર્યાયથી તે પુડલા થયા, અમે તો નથી જોતા કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- એ તો ત્યાગી..

ઉત્તર :- ત્યાગીની ક્યાં, વસ્તુના સ્વભાવની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? અમને તો જોવામાં નથી આવતું. આહા..હા..! ત્યારે આ બધી કેળવણી-બેળવણીના મીંડા વળી જાય છે. પણ પરમાં શું કરી શકે તારી કેળવણી? તારી કેળવણી તારી પાસે રહી. સમજાણું કાંઈ? પહેલા એ વાત ચાલી હતી. સારો ઘડો બનાવવો હોય તો સારા કુંભારને કેમ બોલાવે છે? કોઈ નિમિત્તથી ન થતું હોય તો. એ પ્રશ્ન ચાલ્યો હતો પંડિતોમાં. ઘડો સમજ્યાને? આ સારા ઘડા બને છે દીવાળીમાં રંગરોગાન કરીને .. અંદર ફૂલ નાખે.. તો એ કારીગર સારો હોય તો એનાથી ઘડો બને છે. બડથોલ જેવા કુંભાર હોય તો બને? એમ એ પંડિતની દલીલ હતી.

મુમુક્ષુ :- ઇ તો એમ જ હોયને, કપડું સીવવું હોય તો સારા દરજી પાસે દેવાયને.

ઉત્તર :- વાત જ ખોટી છે. ન્યાં મોહનભાઈ શું કરે? ન્યાં મોહનભાઈને કીધું હતું હમણાં. એ કપડાની પર્યાયના સ્વભાવથી કપડાની પર્યાયથી થાય છે. મોહનભાઈ હુશિયાર હોય તો નહિ. છે કે નહિ મોહનભાઈ? નથી આવ્યા. કહો, સમજાણું કાંઈ? કાલે કહ્યું હતું કાલે. કીધું, તમારાથી આ સંચો ચાલતો નથી. કપડું નથી થતું. ત્યારે આ શું ઈશ્વર કરતો હશે? એમ ... ઈશ્વર નામ દરેક પદાર્થ ઈશ્વર સ્વતંત્ર ઇશ્વર છે. જડેશ્વર છે. વિભાવઇશ્વર, સ્વભાવ ઇશ્વર જડ ઇશ્વર, ત્રણ ઇશ્વર. શ્રીમદ્ કહ્યું, ત્રણ પ્રકારના ઈશ્વર (છે). જડેશ્વર-પોતાની પર્યાય પોતાથી થાય છે, કોઈના તાબે નથી થતી. અને વિભાવ-ઇશ્વર-અજ્ઞાની રાગનો કર્તા થઈને વિભાવનો સ્વામી થાય છે. એ વિભાવ-ઇશ્વર છે. ધર્મી સ્વભાવનો ઇશ્વર છે. આહા..હા..! આ વસ્તુ છે, ભાઈ! અભિમાન ગળી જાય. જ્યાં હોય ત્યાં, હું કરુ છું, હું કરુ છું. મેં આવી ભાષા કરી તો લોકોમાં મારી છાપ એવી પડી ગઈ કે હું શાંત છું, હું આવો છે. બધી ભ્રમણા છે, બધી ભ્રમણા અજ્ઞાનીની. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ જ અહંકાર છે. આહા..હા..! અમારે દમોદર શેઠ હતા. ... (સંવત) ૧૯૭૩માં વરસાદ બહુ તો. ૭૩ની સાલમાં વરસાદ બહુ હતો. છ મહિના સુધી. વરસાદ સમજ્યા? બારીશ. છ મહિના. ચૈત્રથી આસો સુદ પુનમ. એટલો બાજરો અને જુવાર થયા હતા. રાડા.. રાડા. રાડાને શું કહે છે? ઘાસ. રાડાને શું કહે? કડપ. ઇ આપણી ભાષા છે. વિહાર કરીને ગયા દામનગર, ૭૩માં. .... નહિ? આપણે છેને? ... ગયા હતા. ફૂલચંદભાઈ હતા, એક ફૂલચંદભાઈ હતા. ... એટલા આમ ... ઓહો..હો..! દામોદર શેઠને ઘરે એને પોતાને ખેડ મોટી. એક ગામ દસ હજારનું ઘરે. આખું ગામ દસ હજારનું. તે દિ' હોં! ૭૩ની સાલ. ઘણા વર્ષ થઈ ગયા, ૫૬ વર્ષ થયા. તો બહુ .. હોય તો સુતળી મંગાવે સુતળી. સુતળી સમજ્યા? ... ખેરત, બસ્સો-બસ્સો વીઘામાં ખેતર હોય છે. ખેતર સમજ્યા? જમીન. ઘણા ખેતર. સુતર મંગાવી બાંધે. આપણને તો ખબરેય નહિ એવી. બહુ વરસાદ હોય અને એવું થાય... દસ-દસ, પચ્ચીશ-પચ્ચીશ બાંધી લે સુતરથી. આમ પણ ઢળે નહિ, આમ પણ ઢળે નહિ. બહુ વરસાદમાં ઢળી જાય તો બાજરાના લોથા હોયને, પાણીમાં જાય તો સડી જાય. એ કળાથી એમ થયું કે નહિ? એ તો એ વખતે ૭૩ની સાલમાં.

મુમુક્ષુ :- ઇ મોટા થઈ ગયા તો બાંધી દીધા.

ઉત્તર :- ઇ વાત જ ખોટી છે, એમ અહીંયા કહે છે. કોણ બાંધે? પરમાણુની પર્યાય પોતાના સ્વભાવથી ત્યાં સુતળી આવી છે. અને એ રાડા.. રાડાને શું કહે છે? અનાજ ... એના સાઠા, શું કહે છે તમારી ભાષામાં? એ જુવારના .. કડપ હોયને? કડપ આપણી ભાષા છે. મોટા થાય છે, ઇ. ઉપર ઇ હોય છે. અમારે અહીંયા કડપ કહે છે, સાઠા કહે છે, રાડા કહે છે. કેમ, દરબાર! રાડા કહેને રાડા? કણબી છે. પણ ઇ પોતાથી ત્યાં ઊભા છે. અને પવનથી હલે છે એમ પણ નથી.

આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહુ ફેર. માન્યતામાં ફેર છે. વસ્તુ છેને, જગતની ચીજ છેને. એ ચીજની અવસ્થા તો ઇ ચીજથી થાય છે. ઇ ચીજની અવસ્થા પરથી થાય છે? તો એ ચીજે શું કામ કર્યું? જો પરથી અવસ્થા થાય તો અવસ્થા વિનાની વસ્તુ રહી? એની અવસ્થા કરનાર તો દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે કઠણ છે, બાપુ! માર્ગ એવો છે. આહા..હા..!

એક પણ રજકણની પર્યાય બીજા રજકણની પર્યાયથી થાય (એમ) ત્રણકાળમાં બનતું નથી એમ કહે છે. આહા..હા..! પરમાણુમાં બે ગુણની ચીકાશ હોય ઇ ચાર ગુણની ચીકાશવાળા પરમાણુમાં ભળી જાય તો ચાર ગુણ થઈ જાય. એવો પાઠ છે. પરથી થઈ જ નથી. એ તો પોતાના પરમાણુમાં બે ગુણની પર્યાયથી ચાર ગુણ થવાની લાયકાત છે તો તે પોતાના પર્યાયસ્વભાવથી ઉત્પન્ન થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સોનીએ દાગીના બનાવ્યા નથી. દાગીનાની પર્યાયના સ્વભાવથી પર્યાય ઉત્પન્ન થઈ છે. એ સોનીથી થયા નથી. આહા..હા..! નીચે શું કહેવાય? એરણ.. એરણ. લોઢાની એરણ હોય છેને? શું કહે છે એરણને? નીચે હોય છે. હથોડી તો ઉપર છે, નીચે હોય ઇ. એરણ. લોઢાની એરણ હોયને? ટીપે છે તો ત્યાં દાગીના થાય છે એમ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની મેળાએ થાય છે એમ કહે છે અહીંયા. જોવામાં એમ આવે છે એમ કહે છે અહીંયા તો. એ પરમાણુ જ પોતાની પર્યાયથી ઉત્પન્ન થાય છે એમ જોવામાં આવે છે. પરથી ઉત્પન્ન થાય છે એમ તો જોવામાં આવતું નથી. તારી આંધળી દૃષ્ટિથી શું દેખાય તને? આહા..હા..! સમજાણું કાંઈ? તદ્દન આત્માની પોતાની અને જડની પર્યાય તે કાળે પોતાથી થાય છે, પરથી નહિ. આહા..હા..! તેનું નામ અનેકાંત છે. નિમિત્તથી પણ થાય, પોતાથી પણ થાય (એ તો ફૂદડીવાદ છે).

અગિયારમે ગુણસ્થાને ચડે છેને? કષાયનો ઉદય આવે છે તો અગિયારમા ગુણસ્થાનેથી પડે છે. એમ છે જ નહિ. ઉદય આવ્યો ત્યારે અંદર તો દસમું ગુણસ્થાન થઈ ગયું? એ પોતાથી પર્યાયમાં નબળાઈથી આવ્યો, તો અગિયારમેથી ખસી ગયો. કર્મથી બિલકુલ નહિ. આહા..હા..! કહો, કપુરચંદજી! આ વેપાર-બેપારમાં તમારે દેણું થાયને મોટું? તો હુશિયાર માણસ કરી શકે કે નહિ? કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

**'આમ હોવાથી, માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે...'** કેટલું સ્પષ્ટ કરે છે! માટી પોતાના સ્વભાવથી ઘડારૂપ થઈ છે. કુંભારના સ્વભાવથી ઘડારૂપે નથી થઈ. કારણ કે માટી પોતાના સ્વભાવથી ઘડારૂપ થઈ છે. એ માટી પોતાના સ્વભાવને ઉલ્લંઘતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? માટે **'કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...'** માટે કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ

નહિ. એ તો નિશ્ચયની વાત છે, પણ વ્યવહારથી તો કરે છે કે નહિ? એમ બોલવામાં આવે છે, પણ કરતો નથી. આ કથનની પદ્ધતિ નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવે છે. ભારે માર્ગ, ભાઈ! આમાં એમ પણ આવ્યું કે પરજીવની દયા પળાય છે એ પોતાનો દયાભાવ થયો માટે ત્યાં દયા પળાય છે એમ નથી. અને મારવાનો ભાવ થયો તો ત્યાં શરીર અને આત્મા જુદા થઈ ગયા એમ નથી. પરદ્રવ્યની પર્યાયના સ્વભાવથી પરદ્રવ્યની પર્યાય ઉત્પન્ન થાય છે એમ કદી નથી. આહા..હા..!

એક જણ કહે કે, ઓહો..! આ સોનગઢનો ધર્મ તો આર્ય સંસ્કૃતિથી પણ આગળ ચાલ્યો ગયો. આવાને આવા. કહો, કોઈની દયા પાળી શકે નહિ. અરે..! સાંભળ તો ખરો. આર્ય સંસ્કૃતિ એ છે કે પરની પર્યાય કોઈ કરી શકતું નથી. પરની પર્યાય કરે છે એ અનાર્ય સંસ્કાર છે, અજ્ઞાનીના સંસ્કાર છે, મિથ્યાત્વના સંસ્કાર છે ... આહા..હા..! સમજાણું કાંઈ? કેટલી દયા પાળે, કેટલું .. કરે, ઓહો..હો..! વ્યવહારમાં આવે તો દયાના વખાણ બહુ કરે. શ્રીમદ્ તો એકવાર એમ કહેતા હતા, કોઈ શાક મોળતું (સમારતું) હોય, મોળતું હોય સમજ્યા? શાક હોયને? શાક કાપે ઇ અમને જોવામાં મુશ્કેલી પડે છે. ... અમે તો જોઈ નથી શકતા. એકેન્દ્રિય જીવ છેને. ઘીસોડા, દૂધી, શાક હોયને? શાકને શું કહે છે? તરકારી, સબ્જી. ઘીસોડાની રગ કાઢી નાખે, આમ કરે. મોટી દૂધી હોય તો કટકા કરે. આહા..હા..! એકેન્દ્રિય જીવ છે, હોં! એ પર્યાય બીજો કરતો નથી પણ ત્યાં એવી થાય છે. આહા..હા..! અનંત અનંત જીવમાંથી અસંખ્ય જીવ પ્રત્યેકને અંદર દુઃખ થાય છે. અને અનંત જીવ છે, બટાટાની એક કટકીમાં અનંત અને આમ હાથ ફરે એમાં અનંત જીવ મરી જાય છે. પણ એ હાથથી નથી મર્યા. એમાં એટલા જીવ નીકળવાની, પોતાના સ્વભાવથી નીકળવાની યોગ્યતાથી નીકળી ગયા. ભારે વાતું ભાઈ આવી!

પંડિતોને તો, જો અમારાથી કંઈ લાભ ન થતો હોય તો પંડિતોનું માન કોણ કરે? માટે અમારાથી તમને લાભ થાય છે. પંડિતજી! પગાર કોણ દેશે? અમારાથી થાય છે. જુઓ! પચ્ચીશ વર્ષ, પચાસ વર્ષ એકધારું કામ કર્યું તમારી ઓફીસમાં. કામમાં કેટલો સુધારો થઈ ગયો. પંડિતો કેટલા વેપાર-ધંધામાં ચડી ગયા. શેઠ એમ કહે છે. કારણ કે આમાં કાંઈ રહ્યું નહિ. અરે..! વાત સાચી. હુકમચંદજી જેવા પંડિત નીકળ્યા. પોતાની યોગ્યતાથી નીકળ્યા છે. સમજાણું કાંઈ? ફૂલચંદજી, રતનચંદજી છે. રતનચંદજી નહિ? આના ભાઈ, હુકમચંદજીના ભાઈ. મોટા ભાઈ છેને. હિંમતભાઈ, લ્યો. એ બધા પંડિતો નીકળ્યા એ પોતાથી નીકળ્યા કે પરથી નીકળ્યા છે. આહા..હા..!

કહે છે, માટી પોતાના સ્વભાવને ઉલ્લંઘતી નથી, બીજો શું કરી શકે? એમ કહે છે. એમ પ્રત્યેક પદાર્થ પોતાની પર્યાય થાય છે તે સ્વભાવને કોઈ પદાર્થ ઉલ્લંઘતા નથી. પોતાનો સ્વભાવ ઉલ્લંઘન થતો નથી, બીજો કરે શું? આહા..હા..! સમજાણું કાંઈ? માટે 'કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...' આહા..હા..! આ ભરત ભરે છેને બાયું? ભરત સમજ્યા? કપડામાં. કેવું ભરે છે, જુઓ! બરાબર એક એક મોતી સરખું મૂકે. હાથી બનાવવો હોય, આમ.. આમ.. એ કહે છે કે એ

હાથી જે મોતીથી બને છે એ પોતાની પર્યાયને કારણે હાથી બને છે. સ્ત્રીની કળા અને હાથથી બનતો નથી. આરે.. આરે..! આ વાત! નાળિયેર નથી ભરતા? મોતીના નાળિયેર ભરે છેને? મોતી ભરે, હાથી, ઘોડા ચારે બાજુ, ચારે બાજુ ... ભરત કરે છે. એ તો જોયું છેને. અહીંયા પણ આવ્યા છે. આપણે ચાંદીના આવ્યા છેને? ઉપર ભરત ભરે ભરત. તો કહે છે કે એ પર્યાયથી એનાથી થઈ છે. સ્ત્રીના હાથથી નહિ, એનો કોઈ હથિયાર હાથમાં હોય એનાથી નહિ. આહા..હા..!

તું તો સ્વતંત્ર છે અને એ પણ સ્વતંત્ર ચીજ પોતાથી છે. આહા..હા..! એ સ્વતંત્રતાને લૂટનારો જગતમાં કોઈ પ્રાણી નથી. આ સ્વતંત્રતા છે. અત્યારે કહે છેને, સ્વતંત્ર રાજ મળ્યું. ધૂળેય મળ્યું નથી. હેરાન હેરાન છે. છાપામાં બહુ આવે છે. ... શું કહેવાય એ બધા? નેતાઓ. પ્રધાનોનો ખર્ચ ઘટાડો. પ્રધાનો એશઆરામ કરે છે. બીજાને મદદ કરતા નથી. દસ દસ હજાર, વીસ વીસ હજાર... છાપામાં બહુ આવ્યું છે. બચત કરો. તમે આટલા આટલા ખર્ચ કરે છે. પણ એ પણ એની પોતાની પર્યાય થાય છે ત્યારે એનાથી થાય છે. પરિગ્રહ બચે તો બીજાને મળે (એમ નથી). એમ કહે છેને કે પાંચ કરોડ સંગ્રહ કરે છે પણ જો પચાસ લાખ ખર્ચ ઘટે તો બીજાને મળે. એ વાતમાં કોઈ માલ નથી. મળ્યું છે ક્યાં? પણ એમ કે એટલા રાખે. રાખ્યા છે ક્યાં? ઇ તો આવ્યા છે. એને કારણે લક્ષ્મી રહે છે. શેઠ! આહા..હા..! દુનિયાથી તો ભારે ઊંધુ, ભાઈ! દુનિયાથી તો વાત આખી (જુદી). આહા..હા..! યુવક મંડળ કરો, યુવક મંડળ મળીને સુધારો કરો. નથી કરતા? ... યુવક મંડળ હોય છેને? સેવા મંડળ, જીવદયા મંડળ. કરો સારા કામ. શું કરવું છે તારે? આહા..હા..! ભારે કઠણ વાત, ભાઈ! સેવા કરે છેને! આપણે અહીં સેવા કરો. કોની સેવા કરે? કોણ કરે? આહા..હા..! જેની જે દ્રવ્યની પર્યાય પોતાના સ્વભાવથી ઉત્પન્ન થાય છે. એમાં બીજાનો અધિકાર શું? આહા..હા..! આવી વાત છે, ભાઈ!

**'માટી જ કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી,....'** કેટલું સિદ્ધ કરે છે, જુઓ! પહેલા (કહ્યું) ઉલ્લંઘન નથી કરતી તેથી ઉત્પાદક નથી. માટી કુંભારના સ્વભાવને સ્પર્શ કરતી નથી. કુંભારના હાથને કે એની ક્રિયાને માટી સ્પર્શ નથી કરતી. એ તો ભિન્ન ચીજ છે. ભિન્ન ચીજમાં સ્પર્શ ક્યાંથી આવ્યો? એકબીજામાં તો અભાવ છે. ઘડાની પર્યાય અને કુંભારની પર્યાય, (બેને એકબીજામાં) અભાવ છે. .. આહા..હા..! બહુ ગાથા, ૩૭૨ ગજબ! ભેદજ્ઞાન. જડની પર્યાય, એક જડની પર્યાય બીજા જડની પર્યાય કરે એમ નથી. સમજાણું કાંઈ? દડો હોયને દડો? ગેંદ.. ગેંદ. ગેંદ કહે છેને? દડો. ઊછાળે છેને? તો બીજો છોકરો હોય એ ઝીલી લે. કોઈ વખતે ઝીલે નહિ, પડી જાય. ધ્યાન રાખે ઝીલાય જાય અને નહિતર પડી જાય. બેય વાત ખોટી છે. એ તો એની પર્યાયમાં જે થવાની હોય તે થાય છે. એ તો... એમ કહે છે, એ તો નિયતવાદ થઈ ગયો. વળી એમ કહે છે. જે પર્યાય જે સમયે થવાની હોય તે થાય છે એ તો નિયતવાદ થઈ ગયો. પણ નિયત જ છે. નિયતનો અર્થ નિશ્ચય. આહા..હા..! આવું કહેવાવાળા નિયતવાદી... શેઠિયા છેને? એને કોઈએ

કહ્યું. તમે અચોક્કસવાદી છો? તમારું નામ પણ ચોક્કસ નથી? ... નજરે દેખાય છે ચીજ કે આ ભિન્ન છે અને હું ભિન્ન છું. તો ભિન્નની પર્યાયમાં ભિન્ન કરે છે એમ ક્યાં જોવામાં આવ્યું? સમજાણું કાંઈ?

**'કુંભારના સ્વભાવને...' 'માટી જ...'** નિશ્ચયથી. જુઓ! 'જ'. **'કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી, પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે.'** આહા..હા..! ઘડાની પર્યાયનો ઉત્પાદ માટી છે, કુંભાર નહિ. સમજાણું કાંઈ? આ પુસ્તક બનાવવાની પર્યાય પુસ્તક બનાવવાવાળો કરતો નથી એમ કહે છે. આ બાંધકામ નથી કરતા? વજુભાઈએ નહોતું કર્યું? કાંઈક બાંધકામ કર્યું હતું. બાંધકામ કરી શકે છે કે નહિ આત્મા? નહિ? હવે ભાઈ અહીં મોટી પાળ બાંધે અને પાણીને રોકે. મોટી તકરાર ચાલી છે હમણાં આ નર્મદાની. બાંધો, દર વખતે નુકશાન થાય છે પાણીનું-જળનું. નર્મદામાં પાણી બહુ આવે છે, બહુ. આ તો હમણાં ઓલા બામણાવાળા નહિ? ચંદુભાઈ આવ્યા હતા. એ ગામ જોખમમાં છે. પાણી બહુ. પાણી... પાણી.. પાણી નદી.. એ સમયે તે થવાની છે, કોણ રોકે? હોનારત કહે છે કે નહિ? હોનારત કહે છે એનો અર્થ શું? જે થવાનું હોય તે થાય છે. આહા..હા..! તું તો જાણનાર છો, કોઈ પરનું કરવાવાળો નથી. આહા..હા..!

આવી પર્યાયની સ્વતંત્રતા પરની અને પોતાની છે એમ પણ પ્રતીતમાં ન લાવનારો, એ દ્રવ્યની પ્રતીતિ કેવી રીતે કરશે? પર્યાય જેમાંથી ઊભી થાય છે, પર્યાય જેમાંથી ઉત્પન્ન થાય છે એ ચીજ કેવડી છે? પરિણામ જેમાંથી ઉત્પન્ન થાય છે એ ચીજ કેવી છે? એવી દૃષ્ટિ કરાવવા પર્યાયની સ્વતંત્રતા છે એમ પ્રસિદ્ધ કરે છે. એનું તાત્પર્ય તો આ છે. પર્યાય સ્વતંત્ર થાય છે એમ જ્યારે નિર્ણય થાય તો પર્યાયની પાછળ ભગવાન દ્રવ્ય ત્રિકાળ પડ્યું છે એની દૃષ્ટિ કરે. સમજાણું કાંઈ? અને એ પર્યાય સ્વતંત્ર થવામાં કોઈનો અધિકાર કે આટલા પરદ્રવ્ય મળે તો દ્રવ્યદૃષ્ટિ થાય, એવી પર્યાયની પરાધીનતા નથી. આહા..હા..!

**'નહિ સ્પર્શતી થકી,...' 'માટી જ કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી,...'** છે? **'પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે.'** આહા..હા..! પાણી પોતાના સ્વભાવથી ઉષ્ણ થયું છે. ચોખા પોતાના સ્વભાવથી ચડે છે, પાણીથી નથી ચડતા. આ વાત.. રંગુલાલજી! ક્યાંય સાંભળી છે? તમારા દેશમાં નહિ અને દિલ્હીમાં નહિ. આહા..હા..! **'એવી રીતે...'** એ તો દૃષ્ટાંત કહ્યો. કુંભાર અને ઘડાનો દૃષ્ટાંત આપી, લોકોને ખ્યાલમાં આવે એવો દૃષ્ટાંત આપ્યો. કહો, આ ફસલ શું કહેવાય તમારી આ? અનાજની મોસમ પાકેને? બહુ ધ્યાન રાખે ખેતરનું તો અનાજ પાકે છે એમ નથી એમ કહે છે. એક વાર આંટો મારવો ખેતરમાં હમેંશા. એમ લોકો કહે છે. છાશવારે એક વાર જાવું. જોઈ લેવું કે કોઈ વચમાં કાપી નથી ગયુંને? એકવાર આંટો મારવો ત્યાં ખેતરમાં. આ પણ હમણાં કહેતા હતા, રામજીભાઈએ મને કહ્યું કે એકવાર આંટો મારવો. કોણ કહેતા હતા? હોલકર, હોલકર. એનો ચૂનો પગમાં હતોને, ત્યાં આવ્યા. ચૂનો ક્યાંથી આ પગમાં? રામજીભાઈએ કહ્યું છે

કે એકવાર આંટો મારવો. આરે.. આરે..! ભારે આવું! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ભારે કામ છે, ભાઈ! આહા..હા..!

**'એવી રીતે-બધાંય દ્રવ્યો...'** આ તો દૃષ્ટાંત દીધો. **'સ્વપરિણામપર્યાયે...'** ભાષા જુઓ! ઓહો..હો..! પરિણામથી એમ ન લીધું, સ્વપર્યાયથી એમ ન લીધું. કારણ કે પરિણમન કરે છે એવી પર્યાય (લેવી છે). આહા..હા..! **'બધાંય દ્રવ્યો...'** પોતાના પરિણામ. સ્વપરિણામ, પાછી ભાષા આવી. પોતાની પરિણમન જે પર્યાય, પરિણમનરૂપ જે પર્યાય. આહા..હા..! **'(અર્થાત્ પોતાના પરિણામભાવરૂપે) ઊપજતાં થકાં,...'** અનંત પદાર્થ વર્તમાન સમયમાં પોતાના સ્વભાવથી પર્યાયની ઉત્પત્તિ થાય છે. આહા..હા..! ત્રણકાળ ત્રણલોકના દ્રવ્યની વાત કરી. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

**'બધાંય દ્રવ્યો...'** બધામાં કોણ બાકી રહ્યું? અનંત રજકણ, અનંત આત્મા, અનંત નિગોદના જીવ, અનંત સિદ્ધના જીવ, બધા જીવ. આહા..હા..! **'બધાંય દ્રવ્યો સ્વપરિણામપર્યાયે (અર્થાત્ પોતાના પરિણામભાવરૂપે)...'** પર્યાયનો અર્થ ભાવ કર્યો. **'ઊપજતાં થકાં, નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજે છે કે પોતાના સ્વભાવથી ઊપજે છે?'** બધા દ્રવ્યો સ્વપરિણામપર્યાયથી ઉત્પન્ન થાય છે કે નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજે છે? કે પોતાના સ્વભાવથી (ઊપજે છે)? **'જો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં હોય તો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના આકારે તેમના પરિણામ થવા જોઈએ.'** પરદ્રવ્યના જેવા ભાવ છે એવા અહીંયા ભાવ થવા જોઈએ. આહા..હા..! સંતો આચાર્યો કેટલી કરુણાથી સ્પષ્ટ કરે છે! એ તો વીતરાગી મુનિ હતા. સમજાણું કાંઈ? જંગલમાં વસતા હતા, આનંદમાં રહેતા હતા. નગ્ન મુનિ દિગંબર, વસ્ત્રનો તાણો નહિ. એ તો નહિ, પણ અંદર રાગનો કણ નહિ અંતરની દૃષ્ટિમાં. એવા વીતરાગી સંત આટલી ટીકા કરીને જગતને કરુણાથી કહે છે. સમજાણું કાંઈ? **'અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજે છે કે પોતાના સ્વભાવથી ઊપજે છે? જો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં હોય તો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના આકારે તેમના પરિણામ થવા જોઈએ. પરંતુ એમ તો થતું નથી.'** આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન-૪૯૧ તથા ૪૯૨માં ગાથા-૩૫૬ થી ૩૬૫ ઉપરના પ્રવચન હોવાથી લેવામાં આવેલ નથી.**

## કળશ-૨૨૧

(रथोद्धता)
रागजन्मनि निमित्ततां पर-
द्रव्यमेव कलयन्ति ये तु ते।
उत्तरन्ति न हि मोहवाहिनीं
शुद्धबोधविधुरान्धबुद्धयः॥२२१॥

હવે આ જ અર્થ દઢ કરવાને અને આગળના કથનની સૂચના કરવાને કાવ્ય કહે છે :

શ્લોકાર્થ : જેઓ રાગની ઉત્પત્તિમાં પરદ્રવ્યનું જ નિમિત્તપણું (કારણપણું) માને છે, (પોતાનું કાંઈ કારણપણું માનતા નથી,) તેઓ-જેમની બુદ્ધિ શુદ્ધજ્ઞાનરહિત અંધ છે એવા (અર્થાત્ જેમની બુદ્ધિ શુદ્ધનયના વિષયભૂત શુદ્ધ આત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત અંધ છે એવા)- મોહનદીને ઊતરી શકતા નથી.

ભાવાર્થ : શુદ્ધનયનો વિષય આત્મા અનંત શક્તિવાળો ચૈતન્યચમત્કારમાત્ર, નિત્ય, અભેદ, એક છે. તે પોતાના જ અપરાધથી રાગદ્વેષરૂપે પરિણમે છે. એવું નથી કે જેમ નિમિત્તભૂત પરદ્રવ્ય પરિણમાવે તેમ આત્મા પરિણમે છે અને તેમાં આત્માનો કાંઈ પુરુષાર્થ જ નથી. આવું આત્માના સ્વરૂપનું જ્ઞાન જેમને નથી તેઓ એમ માને છે કે પરદ્રવ્ય આત્માને જેમ પરિણમાવે તેમ આત્મા પરિણમે છે. આવું માનનારા મોહરૂપી નદીને ઊતરી શકતા નથી (અથવા મોહની સેનાને હરાવી શકતા નથી), તેમને રાગદ્વેષ મટતા નથી; કારણ કે રાગદ્વેષ કરવામાં જો પોતાનો પુરુષાર્થ હોય તો જ તેમને મટાડવામાં પણ હોય, પરંતુ જો પરના કરાવ્યા જ રાગદ્વેષ થતા હોય તો પર તો રાગદ્વેષ કરાવ્યા જ કરે, ત્યાં આત્મા તેમને ક્યાંથી મટાડી શકે? માટે, રાગદ્વેષ પોતાના કર્યા થાય છે અને પોતાના મટાડ્યા મટે છે-એમ કથંચિત્ માનવું તે સમ્યગ્જ્ઞાન છે. ૨૨૧.

ભાદરવા સુદ-૧૧, શનિવાર, તા.૦૮-૦૯-૧૯૭૩
કળશ-૨૨૧, ગાથા-૩૭૩-૩૮૨, પ્રવચન-૪૯૩

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૨૨૧ કળશનો ભાવાર્થ છે. ચાલ્યું છે, ફરીને લઈએ.

**'ભાવાર્થ :- શુદ્ધનયનો વિષય...'** સમ્યક્‌જ્ઞાન નિશ્ચયનય અથવા સમ્યગ્દર્શનનો જે વિષય છે એ તો આત્મા અનંત શક્તિવાન છે. જેમાં અનંત અનંત આનંદ, અનંત વીર્ય, અનંત પ્રભુતા, પ્રત્યેક ગુણમાં પ્રભુતાથી ભરેલો આત્મા છે. આહા..હા..! અને અનંત શક્તિવાન છે એ તો પરમાણુમાં પણ એમ કહેવામાં આવે છે કે અનંત શક્તિવાન છે. અહીં તો **'ચૈતન્યચમત્કારમાત્ર...'** છે. ચૈતન્યનો રસ જાણવું-દેખવું એવો ચમત્કાર વસ્તુ કે જેના જ્ઞાનમાં એક સમયમાં શ્રુતજ્ઞાનમાં પણ ત્રણકાળ ત્રણલોક જાણવામાં આવે એવી એની શક્તિ છે. આહા...હા..! આ તો ત્રિકાળીની વાત છે.

**'નિત્ય,...'** છે. ભગવાન ધ્રુવ અસ્તિ, મોજૂદગી ચીજ તો ત્રિકાળ છે અને **'અભેદ,...'** છે. એમાં ગુણ-ગુણીનો ભેદ નથી. આ ગુણ છે અને આ ગુણી છે એવો ભેદ નથી, એ તો અભેદ છે. અને **'એક છે.'** બધા આત્મા મળીને એક છે એમ નહિ. પોતાનો આત્મા જ એકસ્વરૂપ અભેદ છે. આહા..હા..! **'તે પોતાના જ અપરાધથી...'** આવો હોવા છતાં પર્યાયમાં-અવસ્થામાં **'પોતાના જ અપરાધથી રાગદ્વેષરૂપે પરિણમે છે.'** પહેલા કહ્યું એ તો શુદ્ધનયનો વિષય દ્રવ્યસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય. એમાં પર્યાયમાં-અવસ્થામાં જે અપરાધથી રાગ-દ્વેષનું પરિણમન થાય છે તે અપરાધ પોતાથી થાય છે. આહા..હા..! સમ્યગ્દર્શન થયા પછી અવ્રત, પ્રમાદ, કષાયનું જે પરિણમન છે તે પોતાના અપરાધથી છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન થયું તો હવે બંધ છે જ નહિ અને બંધના કારણરૂપ પરિણમન પણ નથી એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પોતાના જ અપરાધથી...'** છઠ્ઠા ગુણસ્થાન સુધી કહ્યું નહિ? તીર્થંકરગોત્ર બાંધે, આહારક શરીર બાંધે. છઠ્ઠી ભૂમિકા મુનિ. એ શુભ ઉપયોગનો અપરાધ છે. આહા..હા..! કોઈ કર્મને કારણે શુભ ઉપયોગ થયો છે એમ નથી. સમજાણું કાંઈ? છઠ્ઠે ગુણસ્થાને મુનિ ભાવલિંગી સંત, જેને મિથ્યાત્વ, અવ્રત-બે ભાવ તો મૂળમાંથી નાશ થયા છે. પ્રમાદ, કષાય રહ્યા છે. યોગ તો ઠીક સાધારણ. પ્રમાદ, કષાયના ભાવથી પ્રમાદમાં શુભ ઉપયોગ પણ પ્રમાદ છે. આહા..હા..! એ પોતાને કારણે છે. કોઈ કર્મના ઉદયને કારણે અહીંયા વિકાર છે એમ નથી. આહા..હા..! **'પોતાના**

**જ અપરાધથી રાગદ્વેષરૂપે પરિણમે છે. એવું નથી કે કે જેમ નિમિત્તભૂત પરદ્રવ્ય પરિણમાવે...**' જેમ કર્મ વિકારરૂપે પરિણમાવે છે એમ નથી. આહા..હા..! '**તેમ આત્મા પરિણમે છે...**' જેમ પરદ્રવ્ય પરિણમાવે એમ પરિણમવું પડે એમ નથી. સમજાણું કાંઈ?

ઘણા વર્ષ પહેલા એ ચર્ચા થઈ હતી કે વિકાર થાય છે એમાં શું? તો કહેતા હતા કે પચાસ દોડકા કર્મના અને પચાસ દોકડા આત્માના. દૃષ્ટાંત આપતા હતા. જેમ એક રૂપિયાભાર લોટ હોય, આટા સમજો છો? ચણાનો, બેસન. એક રૂપિયાભાર મૂકો એમાં એક રૂપિયાભાર સાકર નાખો-શક્કર. સાકર ભળી ગઈ. થોડો સ્વાદ સાકરનો રહ્યો અને થોડો સ્વાદ લોટનો રહ્યો. નહિ? એ દૃષ્ટાંત આપ્યો હતો, (સંવત) ૧૯૮૮માં, દામનગર. દામોદર શેઠ આવ્યા હતાને. એ કર્મને બહુ માનવાવાળા. કર્મથી જ થાય છે. મેં કીધું, કર્મથી બિલકુલ થતું નથી આત્મામાં.

મુમુક્ષુ :- જૈનમાત્ર.

ઉત્તર :- જૈનમાત્ર (એમ માને છે). મોટી ચર્ચા થઈ હતી, ૧૯૮૮માં તો. દામનગર, દામનગર ચોમાસુ હતું. ૮૮, કેટલા વર્ષ થયા? ૪૧. એમણે પ્રશ્ન કર્યો કે એક રૂપિયાભાર સાકર હોય તો એકનો સ્વાદ આવે. એમાં એક રૂપિયાભાર લોટ નાખે તો એટલો સ્વાદ આવે છે? પણ એ સ્વાદ ભિન્ન છે અને લોટનો સ્વાદ ભિન્ન છે. શાકનો દૃષ્ટાંત આપ્યો ૧૫મી ગાથામાં. જેમ શાકમાં, શાક સમજ્યાને? સબ્જી. એમાં જેટલું ખારું છે એ તો ભિન્ન ચીજ છે. શાક ભિન્ન ચીજ છે. જેટલો ખારાશનો સ્વાદ છે એ ભિન્ન ચીજ છે. નમક. મીઠાનો સ્વાદ છે એ ભિન્ન છે. શાકનો સ્વાદ ભિન્ન છે. એમ કર્મના ઉદયનો સ્વાદ જડમાં ભિન્ન છે અને વિકારનો સ્વાદ જીવની પર્યાયમાં એનાથી ભિન્ન છે. આહા..હા..! મૂળ કોઈ નિર્ણય કરવાના ઠેકાણા ન મળે. મારી ચીજ શું છે? કેવી છે? એ તો આવી છે જેમ પહેલા કહ્યું.

આવી વસ્તુ હોવા છતાં, અભેદ, નિત્ય, એક ચૈતન્યચમત્કારમાત્ર અનંત શક્તિવાન. આહા..હા..! પર્યાયમાં પોતાના અપરાધથી જ વિકાર કરે છે. પરના કારણે થાય તો... '**તેમ આત્મા પરિણમે છે...**' એમ નથી. '**આવું માનનારા મોહરૂપી નદીને ઊતરી શકતા નથી...**' એ મોહ અને રાગ-દ્વેષનો નાશ નથી કરી શકતા. કારણ કે એ તો કર્મ કરાવે ત્યાં સુધી કરશે. આત્માનો પુરુષાર્થ તો કાંઈ છે નહિ. આહા..હા..! '**આવું માનનારા મોહરૂપી નદીને ઊતરી શકતા નથી (અથવા મોહની સેનાને હરાવી શકતા નથી), તેમને રાગદ્વેષ મટતા નથી;...**' કર્મ કરાવે તો એવું અમારે પરિણમન થશે તો રાગ-દ્વેષ મટશે નહિ. '**કારણ તે રાગદ્વેષ કરવામાં જો પોતાને પુરુષાર્થ હોયતો જ તેમને મટાડવામાં પણ હોય,...**' આ પ્રશ્ન (સંવત) ૧૯૭૧માં ઉઠ્યો હતો. વિકાર કરવામાં પોતાનો પુરુષાર્થ હોય તો પોતાના પુરુષાર્થ મટાડીને નાશ કરી શકે. સમજાણું કાંઈ? મોટી ચર્ચા થઈ હતી. ૭૧, ૭૧. કેટલા વર્ષ થયા? ૫૮ વર્ષ થયા. ૫૦ અને ૮. આ પ્રશ્ન જ,

હોં! વિકાર પોતાની પર્યાયમાં પોતાથી સ્વતંત્ર થઈને થાય છે અને એ વિકારનો નાશ પુરુષાર્થથી થાય છે. કોઈ પરને કારણે થયો અને કર્મ જ્યારે માર્ગ આપે ત્યારે પોતામાં પુરુષાર્થ ચાલે એમ નથી. ત્રણે સંપ્રદાયમાં આ મોટો ઝઘડો-કર્મથી થાય છે, કર્મથી થાય છે, કર્મથી થાય છે. એ રતનચંદજી તો જ્યાં કર્મનું નામ આવે, ત્યાં આમ જ લખે, બસ! રતનચંદ મુખત્યાર. કર્મથી થાય છે. ભગવાન કહે છે. ભગવાન! તું વસ્તુ તો આવી શુદ્ધ આનંદકંદ છે. પણ એ તરફનો પૂર્ણ આશ્રય ન હોય અથવા બિલકુલ આશ્રય ન હોય ત્યારે તો તારો જ અપરાધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા' આવે છે કે નહિ? એ તો ભજનમાં પણ આવે છે. 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા' કોઈ બીજી ચીજ ભૂલવાડે છે એમ નથી.

'**રાગદ્વેષ કરવામાં...**' આ ભાષા ત્યાં છે, ભાઈ! ૧૮૯ ગાથામાં, પ્રવચનસાર-૧૮૯. ત્યાં આ જ ભાષા છે. રાગ-દ્વેષ કરવામાં પોતાનો પુરુષાર્થ હોય તો ટાળવામાં પોતાનો પુરુષાર્થ કામ કરે. આહા..હા..! '**પરંતુ જો પરના કરાવ્યા જ રાગદ્વેષ થતા હોય તો પર તો રાગદ્વેષ કરાવ્યા જ કરે,...**' આહા..હા..! '**ત્યાં આત્મા તેમને ક્યાંથી મટાડી શકે?**' તો આત્મા તેમનો ક્યાંથી નાશ કરી શકશે? '**માટે, રાગદ્વેષ પોતાના કર્યા થાય છે...**' રાગ અને દ્વેષ. રાગના બે ભાગ-માયા અને લોભ. દ્વેષના બે ભાગ-ક્રોધ અને માન. એનો મૂળ ભાગ મિથ્યાત્વ એ પણ કષાય છે. સમજાણું કાંઈ? એ કષાય કરવામાં જો પરનો ભાવ હોય તો પર તો રાગ-દ્વેષ કરાવ્યા જ કરે. પોતાની સ્વતંત્રતા રહે નહિ. તો '**આત્મા તેમને ક્યાંથી મટાડી શકે? માટે, રાગદ્વેષ પોતાના કર્યા થાય છે...**' મુનિને, સમકિતીને અને મિથ્યાદૃષ્ટિને બધાને. આહા..હા..! સમજાણું કાંઈ? આ કુટુંબને કારણે અમારે પાપ કરવા પડે છે એમ નથી, એમ કહે છે. કહો, શેઠ! શું કરે? પાંચ દીકરા હોય, મોટી આબરૂ હોય તો.. સાધારણ દીકરો હોય તો આબરૂ પ્રમાણે કોઈની કન્યા માંગી લેવી પડે કે આ કન્યા આપો. તમે નથી આપી શકતા. લાવો. કહો, એમ કરવું પડે કે નહિ? દીકરાને કારણે રાગ થાય છે? સમજાણું કાંઈ? કોઈ દીકરો એવો હોયને મોળો-પાતળો, મોળો-પાતળો સમજો છે? શરીરમાં બરાબર ન હોય. ઝટ કોઈ કન્યા ન મળતી હોય. શેઠ એવા આબરૂવાળા હોય તો કોઈની કન્યા માંગી લે કે આ કન્યા મારા પુત્ર માટે આપો. લ્યો, પરને માટે રાગ કર્યો કે નહિ? પોતાને સમાધાન થતું નથી કે અમે આટલી આબરૂવાળા માણસ અને અમારો દીકરો આમ કોઈ ... હોય, લગ્ન ન થાય તો આબરૂ જાય. માટે કોઈપણ રીતે લાવો. એ રાગને કરવાવાળો જીવ પોતાથી છે. સ્વરૂપચંદભાઈ! કન્યા પણ બરાબર સરખી ન હોય, સાધારણ હોય તોપણ ક્યાંય લગ્ન કર્યા વિના રહી શકે નહિ. ઇ બાઈ કહે કે મારે લગ્ન કરવા છે. હવે સાધારણ હોય તો પગે લુલી હોય, આંખે સહેજ ફેરફાર હોય, દેખાવ ઓછો હોય, શેઠિયાને કહે કે એવો કોઈ છોકરો હોય તો કહે. ગરીબ માણસ હોય. એ કન્યા માટે રાગ કર્યોને? પાપ કર્યા એણે. આહા..હા..! શેઠ! આહા..હા..!

**'પોતાના મટાડ્યા...'** કહે છે. આહા..હા..! તેજોલેશ્યા મૂકે છેને સાધુ, નહિ? તેજોલેશ્યા, શુક્લલેશ્યા. એક ખભેથી નીકળે. દ્રવ્યસંગ્રહમાં આવે છે. કોઈ જમણેથી કેમકે એ સવળી તેજોલેશ્યા હોય. દુકાળ હોય ત્યાં સાધુનો ભાવ હોય તો ત્યાં સુકાળ થઈ જાય. એ તો ત્યાં પુણ્યનો ઉદય એવો હતો તો એવું નિમિત્ત થયું, હોં! અહીં તો બીજું કહેવું છે કે એમનો એટલો ભાવ પણ અપરાધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સાધુને આવો ભાવ આવ્યો કે દુકાળ છે ત્યાં સુકાળ થઈ જાઓ. બહુ આકરુ મૃત્યુ થાય કોઈ રાજા આદિનું, તો એવો ભાવ આવી જાય. અપરાધ છે. સમજાણું કાંઈ? વિષ્ણુકુમાર, વિષ્ણુકુમાર મુનિ. સાતસો સાધુ માટે એવું નાનું શરીર બનાવ્યું એ તો માયા કરી. વામનરૂપ લીધું, માયા કરી, જમીન માંગી. સાધુને આ? અપરાધ છે. સાધુપણું રહ્યું નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મુનિને હિસાબે નથી કર્યો, પોતામાં સ્થિર ન થઈ શક્યા માટે કર્યો છે.

મુમુક્ષુ :- સાતસો મુનિને બચાવવા માટે કર્યુંને.

ઉત્તર :- નહિ. ભાવ કોનો? એમાં ભાવ શું છે? ભાવ તો વિકલ્પ છે, રાગ છે. ભલે શુભ હો. સમજાણું કાંઈ? ઇ ચર્ચા પણ ઘણી થઈ હતી, (સંવત) ૧૯૭૧માં. આણંદ છેને, આણંદપર ચોટીલા. આણંદપર પ્રેમચંદભાઈને બહુ ત્યાં.. ઘીના ડબ્બા બહુ આવે. પ્રેમચંદ લક્ષ્મીચંદ, એને ઘીનો ધંધો હતો. આણંદપર એ ૭૧માં ચર્ચા થઈ, અમારા ગુરુ ભાઈ સાથે. જુઓ! ગોશાળા ... ગોશાળાના જીવને સાધુએ બાળી નાખ્યા એવો પાઠ છે. ... નામના આચાર્યે, આ ગોશાળાના ... એ તો કલ્પના છે, હોં! ગોશાળા-બોશાળા .. ગોશાળા હશે ભલે, ભગવાનના શિષ્ય થયા અને સાધુને બાળી નાખ્યા એ બધી વાત ખોટી છે. એવો પાઠ આવે છે ભગવતી સૂત્રમાં. પછી ગોશાળાનો જીવ મરીને સ્વર્ગમાં ગયો. પહેલા વિરોધ, પછી એના પરિણામ સારા થઈ ગયા. સ્વર્ગમાંથી આવીને રાજાનો કુંવર થયો. ગામમાં એક આચાર્ય હતા, મુનિ જંગલમાં ધ્યાન કરતા હતા. ગોશાળાનો જીવ નીકળ્યો ઘોડાગાડીમાં. તો એને વેર આવ્યું પૂર્વનું. ગાડી ચલાવી, મુનિની ઉપર ચલાવી. મુનિને વિચાર (આવ્યો) કે ઘોડો હાથમાં નહિ રહ્યો હોય. થઈ જાય. પાછો ઊભો થયો અને વળી પાછો ઘોડો (ચલાવ્યો). ઓહો..! આ તો જાણીને કરે છે. બીજી વાર કર્યું અને ત્રીજી વાર આચાર્યે કહ્યું, જો હવે મારી પાસે લાવીશ તો બાળીને ભસ્મ કરી દઉં. ભસ્મ કરી નાખ્યો, તેજોલેશ્યાથી. એને પાપ લાગે કે નહિ? નહિ, પ્રાયશ્ચિત્ લીધું નહિ. પ્રાયશ્ચિત્ લીધું જ નહિ એણે. પ્રાયશ્ચિત્ ન લીધું તો શું? સમજાણું કાંઈ? ૭૧ની વાત છે. લાઠીમાં ચોમાસુ હતું. રાજકોટ આવવું હતું. ૭૧માં ચૈત્ર મહિનો. વીંછીયાથી ત્યાં રાજકોટ ગયા. પ્રાયશ્ચિત ન લીધું મેં કીધું પણ આ સાધુ કેવો? એ સાધુ ઘોડાને ગોશાળામાં રાજકુમાર જીવને બે ઘોડા. ઘોડા સમજ્યા? બે અશ્વ. ઘોડાગાડીમાં જતા હતા

અને ઇ. અને એનો.. શું કહેવાય? સારથી. ચારેયને ભસ્મ (કરી નાખ્યા). એવો પાઠ છે. .. સાધુપણું રહ્યું. બિલકુલ ખોટી વાત છે. એમ વાત હોય નહિ. સાધુ કોને કહે? વીતરાગી સાધુ... દુશ્મન હોય તોપણ સમભાવ હોય. ... પ્રાયશ્ચિત્ ન લીધું હોય તો ન ... એમાં શું? ભગવતીમાં છે. ઇ અપરાધ કર્યો છે, પોતાથી કર્યો છે. સમજાણું કાંઈ? કર્મને કારણે એવો ઉદય આવ્યો અને કરવું પડ્યું એમ નથી.

માટે '**રાગદ્વેષ પોતાના કર્યા થાય છે અને પોતાના મટાડ્યા મટે છે-એમ કથંચિત્ માનવું તે સમ્યગ્જ્ઞાન છે.**' એમ અપેક્ષાએ માનવું. આહા..હા..! જેમ કહે છેને, જો રાગદ્વેષનો કર્તા માને તો મિથ્યાત્વ થાય છે અને જો કર્મથી વિકાર માને તો પોતાના ઉપાદાનથી થયું છે એમ રહેતું નથી. ઇ ચર્ચા પણ ઘણી થઈ. ઘણી ચર્ચા થઈ સંપ્રદાયમાં. બહારમાં લોકોને કાંઈ ખબર નહિ. અહીં તો કહે છે કે સમ્યક્જ્ઞાન ચીજ એવી છે કે રાગ પોતાથી ઉત્પન્ન થયો છે એ સમ્યક્જ્ઞાન છે. પરથી ઉત્પન્ન થયો છે એમ માનવું એ મિથ્યાજ્ઞાન છે. આહા..હા..! એ અધિકાર પૂરો થયો. બીજો અધિકાર.

---

## ગાથા-૩૭૩ થી ૩૮૨

णिंदिदसंथुदवयणाणि पोग्गला परिणमंति बहुगाणि।
ताणि सुणिदूण रूसदि तूसदि य पुणो अहं भणिदो॥३७३॥
पोग्गलदव्वं सद्दत्तपरिणदं तस्स जदि गुणो अण्णो।
तम्हा ण तुमं भणिदो किंचि वि किं रूससि अबुद्धो॥३७४॥
असुहो सुहो व सद्दो ण तं भणदि सुणसु मं ति सो चेव।
ण य एदि विणिग्गहिदुं सोदविसयमागदं सद्दं॥३७५॥
असुहं सुहं व रूवं ण तं भणदि पेच्छ मं ति सो चेव।
ण य एदि विणिग्गहिदुं चक्खुविसयमागदं रूवं॥३७६॥
असुहो सुहो व गंधो ण तं भणदि जिग्घ मं ति सो चेव।
ण य एदि विणिग्गहिदुं घाणविसयमागदं गंधं॥३७७॥
असुहो सुहो व रसो ण तं भणदि रसय मं ति सो चेव।
ण य एदि विणिग्गहिदुं रसणविसयमागदं तु रसं॥३७८॥
असुहो सुहो व फासो ण तं भणदि फुससु मं ति सो चेव।

ण य एदि विणिग्गहिदुं कायविसयमागदं फासं॥३७९॥
असुहो सुहो व गुणो ण तं भणदि बुज्झ मं ति सो चेव।
ण य एदि विणिग्गहिदुं बुद्धिविसयमागदं तु गुणं॥३८०॥
असुहं सुहं व दव्वं ण तं भणदि बुज्झ मं ति सो चेव।
ण य एदि विणिग्गहिदुं बुद्धिविसयमागदं दव्वं॥३८१॥
एयं तु जाणिऊणं उवसमं णेव गच्छदे मूढो।
णिग्गहमणा परस्स य सयं च बुद्धिं सिवमपत्तो॥३८२॥
निन्दितसंस्तुतवचनानि पुद्गलाः परिणमन्ति बहुकानि।
तानि श्रुत्वा रुष्यति तुष्यति च पुनरहं भणितः॥३७३॥
पुद्गलद्रव्यं शब्दत्वपरिणतं तस्य यदि गुणोऽन्यः।
तस्मान्न त्वं भणितः किञ्चिदपि किं रुष्यस्यबुद्धः॥३७४॥
अशुभः शुभो वा शब्दो न त्वां भणति शृणु मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं श्रोत्रविषयमागतं शब्दम्॥३७५॥
अशुभं शुभं वा रूपं न त्वां भणति पश्य मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं चक्षुर्विषयमागतं रूपम्॥३७६॥
अशुभः शुभो वा गन्धो न त्वां भणति जिघ्र मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं घ्राणविषयमागतं गन्धम्॥३७७॥
अशुभः शुभो वा रसो न त्वां भणति रसय मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं रसनविषयमागतं तु रसम्॥३७८॥
अशुभः शुभो वा स्पर्शो न त्वां भणति स्पृश मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं कायविषयमागतं स्पर्शम्॥३७९॥
अशुभः शुभो वा गुणो न त्वां भणति बुध्यस्व मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं बुद्धिविषयमागतं तु गुणम्॥३८०॥
अशुभं शुभं वा द्रव्यं न त्वां भणति बुध्यस्व मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं बुद्धिविषयमागतं द्रव्यम्॥३८१॥
एतत्तु ज्ञात्वा उपशमं नैव गच्छति मूढः।
विनिर्ग्रहमनाः परस्य च स्वयं च बुद्धि शिवामप्राप्तः॥३८२॥

यथेह बहिरर्थो घटपटादिः, देवदत्तो यज्ञदत्तमिव हस्ते गृहीत्वा, 'मां प्रकाशय' इति स्वप्रकाशने न प्रदीपं प्रयोजयति, न च प्रदीपोऽप्ययःकान्तोपलकृष्टायःसूचीवत् स्वस्थानात्प्रच्युत्य तं प्रकाशयितुमायाति; किन्तु वस्तुस्वभावस्य परेणोत्पादयितुमशक्यत्वात् परमुत्पादयितुमशक्तत्वाच्च यथा तदसन्निधाने तथा तत्सन्निधानेऽपि स्वरूपेणैव प्रकाशते। स्वरूपेणैव प्रकाशमानस्य चास्य वस्तुस्वभावादेव विचित्रां परिणतिमासादयन् कमनीयोऽकमनीयो वा घटपटादिर्न मनागपि विक्रियायै कल्प्यते। तथा बहिरर्थाः शब्दो, रूपं, गन्धो, रसः, स्पर्शो, गुणद्रव्ये च, देवदत्तो यज्ञदत्तमिव हस्ते गृहीत्वा, 'मां शृणु, मां पश्य, मां जिघ्र, मां रसय, मां स्पृश, मां बुध्यस्व' इति स्वज्ञाने नात्मानं प्रयोजयन्ति, न चात्माप्ययःकान्तोपलकृष्टायःसूचीवत् स्वस्थानात्प्रच्युत्य तान् ज्ञातुमायाति; किन्तु वस्तुस्वभावस्य परेणोत्पादयितुमशक्यत्वात्

परमुत्पादयितुमशक्तत्वाच्च यथा तदसन्निधाने तथा तत्सन्निधानेऽपि स्वरुपेणैव जानीते। स्वरूपेणैव जानतश्चास्य वस्तुस्वभावादेव विचित्रां परिणतिमासादयन्तः कमनीया अकमनीया वा शब्दादशो बहिरर्था न मनागपि विक्रियायै कल्प्येरन्। एवमात्मा प्रदीपवत् परं प्रति उदासीनो नित्यमेवेति वस्तुस्थित्तः, तथापि यद्रागद्वेषौ तदज्ञानम्।

---

રે! પુદ્‌ગલો બહુવિધ નિંદા-સ્તુતિવચનરૂપ પરિણમે,
તેને સુણી, 'મુજને કહ્યું' ગણી, રોષ તોષ જીવો કરે. ૩૭૩.
પુદ્‌ગલદરવ શબ્દત્વપરિણત, તેહનો ગુણ અન્ય છે,
તો નવ કહ્યું કંઈ પણ તને, હે અબુધ! રોષ તું ક્યમ કરે? ૩૭૪.
શુભ કે અશુભ જે શબ્દ તે 'તું સુણ મને' ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે કર્ણગોચર શબ્દને; ૩૭૫.
શુભ કે અશુભ જે રૂપ તે 'તું જો મને' ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ચક્ષુગોચર રૂપને; ૩૭૬.
શુભ કે અશુભ જે ગંધ તે 'તું સૂંઘ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ઘ્રાણગોચર ગંધને; ૩૭૭.
શુભ કે અશુભ જે રસ જેહ તે 'તું ચાખ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે રસનગોચર રસ અરે! ૩૭૮.
શુભ કે અશુભ જે સ્પર્શ તે 'તું સ્પર્શ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે કાયગોચર સ્પર્શને; ૩૭૯.
શુભ કે અશુભ જે ગુણ તે 'તું જાણ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર ગુણને; ૩૮૦.
શુભ કે અશુભ જે દ્રવ્ય તે 'તું જાણ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર દ્રવ્યને; ૩૮૧.
-આ જાણીને પણ મૂઢ જીવ પામે નહીં ઉપશમ અરે!
શિવ બુદ્ધિને પામેલ નહિ એ પર ગ્રહણ કરવા ચહે. ૩૮૨.

ગાથાર્થ :- [बहुकानि] બહુ પ્રકારનાં [निन्दितसंस्तुतवचनानि] નિંદાનાં અને સ્તુતિનાં વચનોરૂપે [पुद्गलाः] પુદ્‌ગલો [परिणमन्ति] પરિણમે છે; [तानि श्रुत्वा पुनः] તેમને સાંભળીને અજ્ઞાની જીવ [अहं भणितः] 'મને કહ્યું' એમ માનીને [रुष्यति तुष्यति च] રોષ તથા તોષ કરે છે (અર્થાત્ ગુસ્સે થાય છે તથા ખુશી થાય છે).

[पुद्गलद्रव्य] પુદ્‌ગલદ્રવ્ય [शब्दत्वपरिणतं] શબ્દપણે પરિણમ્યું છે; [तस्य गुणः] તેનો ગુણ [यदि

अन्यः] જો (તારાથી) અન્ય છે, [तस्मात्] તો હે અજ્ઞાની જીવ! [त्वं न किञ्चित् अपि भणितः] તને કાંઈ પણ કહ્યું નથી; [अबुद्धः] તું અજ્ઞાની થયો થકો [किं रुष्यसि] રોષ શા માટે કરે છે?

[अशुभः वा शुभः शब्दः] અશુભ અથવા શુભ શબ્દ [त्वां न भणति] તને એમ નથી કહેતો કે [माम् शृणु इति] 'તું મને સાંભળ'; [सः एव च] અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), [श्रोत्रविषयम् आगतं शब्दम्] શ્રોત્રેન્દ્રિયના વિષયમાં આવેલા શબ્દને [विनिर्ग्रहीतुं न एति] ગ્રહવા (જાણવા) જતો નથી.

[अशुभं वा शुभं रूपं] અશુભ અથવા શુભ રૂપ [त्वां न भणति] તને એમ નથી કહેતું કે [माम् पश्य इति] 'તું મને જો'; [सः एव च] અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), [चक्षुर्विषयम् आगतं] ચક્ષુ-ઇન્દ્રિયના વિષયમાં આવેલા (અર્થાત્ ચક્ષુગોચર થયેલા) [रूपम्] રૂપને [विनिर्ग्रहीतुं न एति] ગ્રહવા જતો નથી.

[अशुभः वा शुभः गन्धः] અશુભ અથવા શુભ ગંધ [त्वां न भणति] તને એમ નથી કહેતી કે [माम् जिघ्र इति] 'તું મને સૂંઘ'; [सः एव च] અને આત્મા પણ [घ्राणविषयम् आगतं गन्धम्] ઘ્રાણેન્દ્રિયના વિષયમાં આવેલી ગંધને [विनिर्ग्रहीतुं न एति] (પોતાના સ્થાનથી ચ્યુત થઈને) ગ્રહવા જતો નથી.

[अशुभः वा शुभः रसः] અશુભ અથવા શુભ રસ [त्वां न भणति] તને એમ નથી કહેતો કે [माम् रसय इति] 'તું મને ચાખ'; [सः एव च] અને આત્મા પણ [रसनविषयम् आगतं तु रसम्] રસના-ઇન્દ્રિયના વિષયમાં આવેલા રસને [विनिर्ग्रहीतुं न एति] (પોતાના સ્થાનથી છૂટીને) ગ્રહવા જતો નથી.

[अशुभः वा शुभः स्पर्शः] અશુભ અથવા શુભ સ્પર્શ [त्वां न भणति] તને એમ નથી કહેતો કે [माम् स्पृश इति] 'તું મને સ્પર્શ'; [सः एव च] અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), [कायविषयम् आगतं स्पर्शम्] કાયાના (-સ્પર્શેન્દ્રિયના) વિષયમાં આવેલા સ્પર્શને [विनिर्ग्रहीतुं न एति] ગ્રહવા જતો નથી.

[अशुभः वा शुभः गुणः] અશુભ અથવા શુભ ગુણ [त्वां न भणति] તને એમ નથી કહેતો કે [माम् बुध्यस्व इति] 'તું મને જાણ'; [सः एव च] અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), [बुद्धिविषयम् आगतं द्रव्यम्] બુદ્ધિના વિષયમાં આવેલા ગુણને [विनिर्ग्रहीतुं न एति] ગ્રહવા જતો નથી.

[अशुभं वा शुभं द्रव्यं] અશુભ અથવા શુભ દ્રવ્ય [त्वां न भणति] તને એમ નથી કહેતું કે [माम् बुध्यस्व इति] 'તું મને જાણ'; [सः एव च] અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), [बुद्धिविषयम् आगतं द्रव्यम्] બુદ્ધિના વિષયમાં આવેલા દ્રવ્યને [विनिर्ग्रहीतुं न एति] ગ્રહવા જતો નથી.

[एतत् तु ज्ञात्वा] આવું જાણીને પણ[मूढः] મૂઢ જીવ [उपशमं न एव गच्छति] ઉપશમને પામતો નથી; [च] અને [शिवाम् बुद्धिम् अप्राप्तः च स्वयं] શિવ બુદ્ધિને (કલ્યાણકારી બુદ્ધિને, સમ્યગ્જ્ઞાનને) નહિ પામેલો પોતે [परस्य विनिर्ग्रहमनाः] પરને ગ્રહવાનું મન કરે છે.

ટીકા : પ્રથમ દ્રષ્ટાંત કહે છે : આ જગતમાં બાહ્યપદાર્થ-ઘટપટાદિ-, જેમ દેવદત્ત નામનો પુરુષ યજ્ઞદત્ત નામના પુરુષને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે તેમ, દીવાને સ્વપ્રકાશનમાં (અર્થાત્ બાહ્યપદાર્થને પ્રકાશવાના કાર્યમાં) જોડતો નથી કે 'તું મને પ્રકાશ', અને દીવો પણ લોહચુંબક-પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેને (બાહ્યપદાર્થને) પ્રકાશવા જતો નથી; પરંતુ, વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ હોવાથી, દીવો જેમ બાહ્યપદાર્થની અસમીપતામાં (પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે) તેમ બાહ્યપદાર્થની સમીપતામાં પણ પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે. (એમ) પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા એવા તેને (દીવાને), વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતો એવો મનોહર કે અમનોહર ઘટપટાદિ બાહ્યપદાર્થ જરાય વિક્રિયા ઉત્પન્ન કરતો નથી.

એવી રીતે હવે દાર્ષ્ટાંત છે : બાહ્યપદાર્થો-શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ તથા ગુણ ને દ્રવ્ય-, જેમ દેવદત્ત યજ્ઞદત્તને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે તેમ, આત્માને સ્વજ્ઞાનમાં (બાહ્યપદાર્થોને જાણવાના કાર્યમાં) જોડતા નથી કે 'તું મને સાંભળ, તું મને જો, તું મને સૂંઘ, તું મને ચાખ, તું મને સ્પર્શ, તું મને જાણ', અને આત્મા પણ લોહચુંબક-પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને (બાહ્યપદાર્થોને) જાણવા જતો નથી; પરંતુ, વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ હોવાથી, આત્મા જેમ બાહ્યપદાર્થોની અસમીપતામાં (પોતાના સ્વરૂપથી જ જાણે છે) તેમ બાહ્યપદાર્થોની સમીપતામાં પણ પોતાના સ્વરૂપથી જ જાણે છે. (એમ) પોતાના સ્વરૂપથી જ જાણતા એવા તેને (આત્માને), વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતા એવા મનોહર કે અમનોહર શબ્દાદિ બાહ્યપદાર્થો જરાય વિક્રિયા ઉત્પન્ન કરતા નથી.

આ રીતે આત્મા દીવાની જેમ પર પ્રત્યે સદાય ઉદાસીન છે (અર્થાત્ સંબંધ વગરનો, તટસ્થ છે)-એવી વસ્તુસ્થિતિ છે, તોપણ જે રાગદ્વેષ થાય છે તે અજ્ઞાન છે.

ભાવાર્થ : શબ્દાદિક જડ પુદ્ગલદ્રવ્યના ગુણો છે. તેઓ આત્માને કાંઈ કહેતાં નથી, કે 'તું અમને ગ્રહણ કર (અર્થાત્ તું અમને જાણ)'; અને આત્મા પણ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને ગ્રહવા (-જાણવા) તેમના પ્રત્યે જતો નથી. જેમ શબ્દાદિક સમીપ ન હોય ત્યારે આત્મા પોતાના

**સ્વરૂપથી જ જાણે છે, તેમ શબ્દાદિક સમીપ હોય ત્યારે પણ આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે છે. આમ પોતાના સ્વરૂપથી જ જાણતા એવા આત્માને પોતપોતાના સ્વભાવથી જ પરિણમતાં શબ્દાદિક કિંચિત્માત્ર પણ વિકાર કરતાં નથી, જેમ પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા એવા દીવાને ઘટપટાદિ પદાર્થો વિકાર કરતા નથી તેમ. આવો વસ્તુસ્વભાવ છે, તોપણ જીવ શબ્દને સાંભળી, રૂપને દેખી, ગંધને સૂંઘી, રસને આસ્વાદી, સ્પર્શને સ્પર્શી, ગુણ-દ્રવ્યને જાણી, તેમને સારાં-નરસાં માની રાગદ્વેષ કરે છે, તે અજ્ઞાન જ છે.**

## ગાથા-૩૭૩ થી ૩૮૨ ઉપર પ્રવચન

**'સ્પર્શ, રસ,...'** આ ગાથા આવી ગઈ. **'સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દાદિરૂપે પરિણમતાં પુદ્ગલો...'** નિંદા, પ્રશંસા આદિથી પરિણમતા પુદ્ગલ એ **'આત્માને કાંઈ કહેતાં નથી કે 'તું અમને જાણ',...'** કહે છે પુદ્ગલ? કે અમને તું જાણ. **'અને આત્મા પણ પોતાના સ્થાનથી છૂટીને તેમને જાણવા જતો નથી.'** પોતાના સ્થાનથી છૂટીને ઇ શબ્દ, રૂપ, રસ, ગંધને અંદર અડવા જાય છે? આહા..હા..! **'બન્ને તદ્દન સ્વતંત્રપણે પોતપોતાના સ્વભાવથી જ પરિણમે છે.'** નિંદા કરવાવાળી પર્યાય જડની, પ્રશંસા કરવાવાળી પર્યાય જડની. આ જડમાં થાય છે. આ આત્મા પણ અહીંથી નીકળીને નિંદા-પ્રશંસામાં જતો નથી, અડતો નથી. અજ્ઞાની મૂઢ થઈને આવી નિંદા-પ્રશંસાના શબ્દો સાંભળીને રાગ-દ્વેષ કરે છે એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? મારી નિંદા કરી. તારી નિંદા ક્યાં? તું તો આત્મા છો. ખબર છે એને આત્માની? તું આત્મા કોણ છે એની એને ખબર છે? તો તારી નિંદા કઈ રીતે કરી? અને એ તો શબ્દરૂપે પરિણમ્યા છે. આહા..હા..! નિંદા, પ્રશંસાના શબ્દરૂપે પરિણમ્યા છે. એ શબ્દપણે પરિણમ્યા એમાં તું ત્યાં નથી જતો અને ઇ નથી કહેતા તું અમને જાણવામાં રોકાઈ જા. અમે શબ્દ છીએ છેને જાણવા તું રોકા, એમ કહે છે એ ચીજ? મૂઢ. મારી નિંદા કરી, મારી પ્રશંસા કરી, મારી આબરૂ કાઢી. તારી આબરૂ ક્યાં છે? બહાર છે આબરૂ? સમજાણું કાંઈ?

બન્ને સર્વથા **'સ્વતંત્ર પોતપોતાના સ્વભાવથી જ પરિણમે છે. આમ આત્મા પર પ્રત્યે ઉદાસીન...'** ઉદાસીન છે. સમજાણું કાંઈ? બે દેરાણી-જેઠાણી હતી, બેમાં તકરાર થઈ. બે. દેરાણી-જેઠાણી સમજો છો? જેઠાણી હતી ઇ પૈસા લઈને આવી હતી. એના બાપે દસ હજાર રૂપિયા લીધા હતા. અને દેરાણી આવી હતી એ ફરતી આવી હતી. .. એટલે પૈસા લીધા વિના. તો તકરાર ચાલતા ચાલતા દેરાણી બોલી. એવું કંઈક બોલી. ત્યારે જેઠાણી કહે, મફતની શું બોલે છો દેરાણી?

જેઠાણી કહે કે હું મફતની નથી આવી. મારા બાપે પૈસા દીધા છે ત્યારે હું આવી છું. તું મફતની આવી છો. મફતની શું બોલ બોલ કરે છે? મફતની હું નથી આવી, મારા બાપે દસ હજાર રૂપિયા લીધા છે અને તારા બાપે મફતમાં આપી છે. સ્વરૂપચંદભાઈ! મફતના શબ્દો એને કહેતા હતા સામાને નુકશાન કરવા માટે? આણે મને મફતની કીધી. આહા..! એમ કોઈ નિંદા કરે, પ્રશંસા કરે. શું છે પણ? નિંદા શબ્દોની પર્યાય છે. એ શબ્દની પર્યાય, તું જાણવા માટે રોકા એમ કહે છે? અને તારી સત્તા ત્યાં છોડીની જાય છે? તારી સત્તામાં તું રહે છે અને નિંદાની સત્તામાં નિંદા છે. આહા..હા..!

**'તોપણ અજ્ઞાની જીવ...'** આહા..હા..! છેને? આત્મા પર પ્રત્યે તો ઉદાસીન છે. આહા..હા..! **'(સંબંધ વિનાનો, તટસ્થ) છે,...'** ચાહે તો જડની પર્યાય હો, શરીરની, નિંદાની, પ્રશંસાની **'તોપણ અજ્ઞાની જીવ સ્પર્શાદિકને સારાં-નરસાં માનીને...'** સ્પર્શ શરીરનો માખણ જેવો છે, સ્પર્શ. સ્પર્શની પર્યાય કહેતી નથી કે તું મને જાણ અને આત્મા પોતાની સત્તાને છોડીને સ્પર્શમાં જતો નથી. પણ સ્પર્શને સ્પર્શીને એને રાગ થાય છે. બહુ મજા આવી આજે, બહુ મજા આવી. મૂઢ છો. રાગ કર્યો એમાં મજા શું આવી? રાગ કર્યો ઇ સ્પર્શ લઈને આવ્યો છે? સમજાણું કાંઈ? **'સારાં-નરસાં માનીને રાગીદ્વેષી થાય છે તે તેનું અજ્ઞાન છે.-આવા અર્થની ગાથાઓ હવે કહે છે :-'** લ્યો.

**णिंदिदसंथुदवयणाणि पोग्गला परिणमंति बहुगाणि।**
**ताणि सुणिदूण रूसदि तूसदि य पुणो अहं भणिदो॥३७३॥**
**पोग्गलदव्वं सद्दत्तपरिणदं तस्स जदि गुणो अण्णो।**
**तम्हा ण तुमं भणिदो किंचि वि किं रूससि अबुद्धो॥३७४॥**
**असुहो सुहो व सद्दो ण तं भणदि सुणसु मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं सोदविसयमागदं सद्दं॥३७५॥**
**असुहं सुहं व रूवं ण तं भणदि पेच्छ मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं चक्खुविसयमागदं रूवं॥३७६॥**
**असुहो सुहो व गंधो ण तं भणदि जिग्घ मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं घाणविसयमागदं गंधं॥३७७॥**
**असुहो सुहो व रसो ण तं भणदि रसय मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं रसणविसयमागदं तु रसं॥३७८॥**
**असुहो सुहो व फासो ण तं भणदि फुससु मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं कायविसयमागदं फासं॥३७९॥**
**असुहो सुहो व गुणो ण तं भणदि बुज्झ मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं बुद्धिविसयमागदं तु गुणं॥३८०॥**

असुहं सुहं व दव्वं ण तं भणदि बुज्झ मं ति सो चेव।
ण य एदि विणिग्गहिदुं बुद्धिविसयमागदं दव्वं॥३८१॥
एयं तु जाणिऊणं उवसमं णेव गच्छदे मूढो।
णिग्गहमणा परस्स य सयं च बुद्धिं सिवमपत्तो॥३८२॥

રે! પુદ્‌ગલો બહુવિધ નિંદા-સ્તુતિવચનરૂપ પરિણમે,
તેને સુણી, 'મુજને કહ્યું' ગણી, રોષ તોષ જીવો કરે. ૩૭૩.
પુદ્‌ગલદરવ શબ્દત્વપરિણત, તેહનો ગુણ અન્ય છે,
તો નવ કહ્યું કંઈ પણ તને, હે અબુધ! રોષ તું ક્યમ કરે? ૩૭૪.
શુભ કે અશુભ જે શબ્દ તે 'તું સુણ મને' ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે કર્ણગોચર શબ્દને; ૩૭૫.
શુભ કે અશુભ જે રૂપ તે 'તું જો મને' ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ચક્ષુગોચર રૂપને; ૩૭૬.
શુભ કે અશુભ જે ગંધ તે 'તું સૂંઘ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ઘ્રાણગોચર ગંધને; ૩૭૭.
શુભ કે અશુભ જે રસ જેહ તે 'તું ચાખ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે રસનગોચર રસ અરે! ૩૭૮.
શુભ કે અશુભ જે સ્પર્શ તે 'તું સ્પર્શ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે કાયગોચર સ્પર્શને; ૩૭૯.
શુભ કે અશુભ જે ગુણ તે 'તું જાણ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર ગુણને; ૩૮૦.
શુભ કે અશુભ જે દ્રવ્ય તે 'તું જાણ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર દ્રવ્યને; ૩૮૧.
-આ જાણીને પણ મૂઢ જીવ પામે નહીં ઉપશમ અરે!
શિવ બુદ્ધિને પામેલ નહિ એ પર ગ્રહણ કરવા ચહે. ૩૮૨.

'**ટીકા :- પ્રથમ દૃષ્ટાંત કહે છેઃ આ જગતમાં બાહ્યપદાર્થ-ઘટપટાદિ-, જેમ દેવદત્ત નામનો પુરુષ યજ્ઞદત્ત નામના પુરુષને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે તેમ.**' દેવદત્ત પુરુષ કોઈ યજ્ઞદત્ત પુરુષને હાથ પકડીને કહે કે આ કાર્ય કર તેમ. '**દીવાને સ્વપ્રકાશનમાં...**' શું કહે છે? ઘટપટાદિ ચીજ પડી હો એ દીપકને એમ નથી કહેતી કે તું અમને પ્રકાશ. સૂક્ષ્મ વાત છે થોડી. દેવદત્ત હાથ પકડીને (કહે કે), અહીંયા કામ કરવું પડશે. એમ ઘટપટાદિ દીપકમાં જે પ્રકાશતી ચીજ એમ નથી કહેતી કે તું અમને પ્રકાશ. કહે છે? આહા..હા..! સમજાણું કાંઈ? પ્રકાશ થયો તો પ્રકાશને આ

ચીજ કહે છે કે તું અમને પ્રકાશ?

**'દીવાને સ્વપ્રકાશનમાં (અર્થાત્ બાહ્યપદાર્થને પ્રકાશવાના કાર્યમાં) જોડતો નથી...'** આહા..હા..! સમજાણું કાંઈ? **'દીવાને સ્વપ્રકાશનમાં (અર્થાત્ બાહ્યપદાર્થને પ્રકાશવાના કાર્યમાં) જોડતો નથી કે 'તું મને પ્રકાશ', અને દીવો પણ લોહચુંબક-પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ...'** દીવો પણ એ ઘટપટ પાસે જઈને પ્રકાશે છે? એ પોતામાં પ્રકાશે છે. આહા..હા..! **'દીવો પણ લોહચુંબક-પાષાણ...'** લોહનું ચુંબક હોય છેને, લોહચુંબક. એ પાષાણથી ખેંચી લે. **'લોખંડની સોયની જેમ પોતાના સ્થાનથી ચ્યૂત થઈને...'**

ભગવાન આત્મા પોતાની સત્તાના ક્ષેત્રમાં, પોતાના ભાવમાં છે. એ આત્મા પરને જાણવામાં જાતો નથી. અહીં તો દીપકનું દૃષ્ટાંત છે. **'પોતાના સ્થાનથી ચ્યૂત થઈને (બાહ્યપદાર્થને) પ્રકાશવા જતો નથી; પરંતુ વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી...'** સમજાણું કાંઈ? **'વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો...'** નથી. પ્રકાશ પરથી ઉત્પન્ન નથી થતો અને પર ચીજ પ્રકાશને ઉત્પન્ન કરતી નથી. આહા..હા..! ન્યાયથી ... **'તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ હોવાથી, દીવો જેમ બાહ્યપદાર્થની અસમીપતામાં (પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે)...'** પદાર્થની સમપીતામાં ન હોય, આઘો હોય તો પોતાના પ્રકાશથી પ્રકાશે છે અને ઘટપટની સમીપ હોય તોપણ પોતાના પ્રકાશથી પ્રકાશિત કરે છે. કોઈ પરથી પ્રકાશે છે એમ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દૃષ્ટાંત દઈને સમજાવે છે. આહા..હા..! ...

**'તેમ બાહ્યપદાર્થની સમીપતામાં પણ પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે.'** દીવો, હોં! જેમ દીવો, ઘટપટાદિ બાહ્યપદાર્થથી દૂર હો તોપણ પોતાથી પ્રકાશે છે અને બાહ્યપદાર્થની સમીપ હોય તોપણ પોતાના પ્રકાશથી પ્રકાશે છે. પરને કારણે નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા એવા તેને (દીવાને), વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતો...'** શું? સામે (બાહ્ય પદાર્થ). **'મનોહર કે અમનોહર ઘટપટાદિ બાહ્યપદાર્થ જરાય વિક્રિયા ઉત્પન્ન કરતો નથી.'** દીવાનો પ્રકાશ તો બાહ્યપદાર્થ અનુકૂળ હો કે પ્રતિકૂળ હો, ગંધવાળો હોય કે દુર્ગંધ હો. સમજાણું કાંઈ? સુંદર રૂપ હો કે કુરૂપ હો, એ પરિણતિ દીવાને જરાય વિક્રિયા કરી શકતા નથી. ત્યાં ભલે વિચિત્રતા હો. **'વિચિત્ર પરિણતિને પામતો મનોહર કે અમનોહર ઘટપટાદિ બાહ્યપદાર્થ જરાય વિક્રિયા ઉત્પન્ન કરતો નથી.'**

**'એવી રીતે...'** હવે (સિદ્ધાંત) કહે છે. હવે સિદ્ધાંત, જે આત્મામાં ઉતારવો છે ઇ. **'બાહ્યપદાર્થો-શબ્દ,...'** લો! એ ટૂંકામાં લીધું છેને. શબ્દ થયા શબ્દ, નિંદા-પ્રશંસાના. એ શબ્દ અહીંયા આત્માને કંઈ કહેતા નથી કે તું અમને પ્રકાશ. શબ્દથી દૂર હોય આત્મા તોપણ પોતાથી

પ્રકાશે છે અને શબ્દની નજીક હોય તો આત્મા તો પોતાના જ્ઞાનથી પ્રકાશે છે, કોઈ પરને કારણે (પ્રકાશતો) નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શબ્દ (કહેતા નથી કે) **'તું મને સાંભળ,...'** ત્રીજી લીટીમાં છે. શબ્દ, તું મને સાંભળ એમ શબ્દ કહે છે? અને રૂપ **'તું મને જો,...'** એમ કહે છે? સુંદર રૂપ હો શરીરનું, સ્ત્રી આદિનું, ચિતરામણનું રૂપ એમ નથી કહેતું કે તું મને જોવામાં રોકાઈ જા. તું મને જો એમ કહે છે? અને ગંધ **'તું મને સૂંઘ,...'** એમ કહે છે ગંધ? ફૂલઝાડી હો, ફૂલ-ઝાડ સુગંધ (હોય) ઇ એમ નથી કહેતા કે તું મને સૂંઘ. અને રસ. રસ, રસ. લાડવા, દાળ, ભાત, શાક, મોસંબી, રસગુલ્લા કે એવા આવે છેને મીઠા? તો એ રસ એમ નથી કહેતો કે **'તું મને ચાખ,...'** આહા..હા..! સમજાણું કાંઈ? એ ચીજ સ્વતંત્ર છે અને તું પ્રકાશવાવાળી ચીજ સ્વતંત્ર છે. પરને તું પ્રકાશતો નથી અને પરને કારણે પ્રકાશતો નથી. આહા..હા..!

સ્પર્શ. સ્પર્શ નથી કહેતું કે **'તું મને સ્પર્શ,...'** કર. આ સુંવાળુ શરીર છે કે માખણ હો, રેશમી ગાદલા હોય. ગાદલા સમજો છો? ગાદી સમજો છો? ગાદી રેશમી હોય, સુંવાળુ કપડું હોય, શરબતી મલમલ હોય ઝીણું, તો ઇ એમ કહે છે કે મને સ્પર્શ? શરીર સુંદર રૂપાળું માખણ જેવું હોય, એ શરીર એમ કહે છે કે મને સ્પર્શ? એ તો જડ છે. આહા..હા..! **'તું મને સ્પર્શ,...'** એમ નથી કહેતા. અને ગુણ અને દ્રવ્ય. **'તું મને જાણ'** એમ કહે છે? કેવળીના ગુણો અને કેવળીનું દ્રવ્ય આદિ છ દ્રવ્ય જગતમાં છેને? તું મને જાણ એમ કહે છે? ગુણ અને અવગુણ બેય લેવા. સામે ગુણની પર્યાય હો કે અવગુણની હો. એ અવગુણ, ગુણની પર્યાય એમ નથી કહેતી તું મને પ્રકાશ. સમજાણું કાંઈ? જરી સૂક્ષ્મ વિષય છે.

**'અને આત્મા પણ લોહચુંબક-પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ...'** આત્મા, જેમ લોખંડની સોય લોહચુંબકથી ખેંચાઈને ચાલી જાય છે, એમ આત્મા પણ... આહા..! **'જાણવા જતો નથી;...'** આત્મા જાણવા (ત્યાં) જાય છે? આત્મા તો પોતામાં છે. અજ્ઞાનીની ભૂલ કેમ થાય છે ઇ બતાવે છે. શબ્દ, રૂપ, રસ અને ગંધ. સુંદર શબ્દ હો નિંદાના કે પ્રશંસાના, તો એ એમ નથી કહેતા કે તું અમને જાણવા માટે રોકા. કહે છે? અને તું તારી સત્તામાં છે એ સત્તા છોડીને ત્યાં જાય છે? શબ્દને પકડવા જાય છે? તો કેમ આમ થયું? આ શું થાય છે તને? અજ્ઞાની, હું પરને સાંભળું છું અને વાણી નિંદા મને સાંભળવા મળી તો મને ખેદ થયો. ખેદ શું નિંદાના શબ્દોથી થયો? કે તારી ઊંધાઈથી થયો? ભાઈ! શું કરીએ? મારી પ્રશંસા ઘણી કરે તો મને તો અંદર રાગ થઈ જાય છે. અને બહુ નિંદા કરે તો મને બહુ દ્વેષ થાય છે. ખોટી વાત છે, એમ કહે છે. શેઠ!

મુમુક્ષુ :- પોતાની નબળાઈ...

ઉત્તર :- નબળાઈ તો પોતાને કારણે છે, પરને કારણે છે? અભિનંદનું પૂંછડું દેવાનું હતું એને, રહી ગયું. વળી એણે ના પાડી, રહેવા દો, ભાઈ! શેઠને અભિનંદન આપવાના હતા. આ કહે કે, નહિ. ભાઈને ... ધૂળમાંય અભિનંદન છે ક્યાં ત્યાં? આહા..હા..! મોટા મોટા અભિનંદન ચાંદીમાં

મઢાવીને આપે, સોનામાં મઢાવીને આપે. તો એમાં થયું શું? એ તો જડની પર્યાય થઈ. ઇ એમ કહે છે કે તું અમને જાણવામાં રોકા? અને આત્મા પોતાની સત્તાનું ક્ષેત્ર છોડીને ત્યાં સ્પર્શ કરવા જાય છે? નિંદા-પ્રશંસાને આત્મા અડે છે? આહા..હા..! આવી ચીજ હોવા છતાં, આમ જાણતો હોવા છતાં.. એમ કહે છે અહીં તો, અજ્ઞાનીને શિવબુદ્ધિ નથી થતી. નિરૂપદ્રવ કલ્યાણબુદ્ધિ ઉત્પન્ન થતી નથી. લ્યો, આ કલ્યાણબુદ્ધિ ઉત્પન્ન કરે છે. આહા..હા..!

**'પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને (બાહ્યપદાર્થોને) જાણવા જતો નથી;...'** આહા..હા..! **'પરંતુ, વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી...'** એ પોતાનો જ્ઞાનનો પ્રકાશ નિંદા-પ્રશંસા આદિથી ઉત્પન્ન થતો નથી, એ તો પોતાથી (ઉત્પન્ન) થાય છે. આહા..હા..! આવું જ જ્ઞાન કેમ થયું? જ્ઞાનની સમ્યક્ પર્યાય તો એમ જ થાય છે. જેવી નિંદા-પ્રશંસા સાંભળે તો એવું જ્ઞાન થાય છે, તો જ્ઞાન એમાંથી થયું છે, પરથી થતું નથી, પરથી નથી થયું. આહા..હા..! **'પરંતુ, વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન....'** આત્માનું જ્ઞાન પર વડે ઉત્પન્ન થતું નથી. **'તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ હોવાથી,...'** આહા..હા..! બે ન્યાય આપ્યા કે વસ્તુનો સ્વભાવ પર વડે ઉત્પન્ન નથી થતો તેથી પરને ઉત્પન્ન નથી કરી શકતી. આહા..હા..! શબ્દ, રૂપ, રસ, ગંધ આદિ.. સમજાણું કાંઈ? એમાં તો ગુણ અને અવગુણ પણ આવી ગયા. ઘણા પ્રાણી એવા અવગુણી હોય તો એ અવગુણ એમ કહે છે કે તું મને જાણે? અને જ્ઞાન પોતાની સત્તા છોડીને અવગુણને જાણવા ત્યાં જાય છે? આહા..હા..! એમ કેવળી પરમાત્મા ગુણી, ગુણ અને દ્રવ્ય એ દ્રવ્યને એમ કહે છે કે તું અમને જાણ? અને જ્ઞાન અહીંયા પોતાનું સ્થાન છોડીને કેવળી પાસે જાય છે? આહા..હા..! સમજાણું કાંઈ?

કેવળીના ગુણ જે પર્યાય નિર્મળ છે અને અજ્ઞાનીની અનિર્મળ વિકારી મિથ્યાત્વ આદિની પર્યાય છે, તો એ તો એના ગુણ છે એ ગુણ એમ નથી કહેતા કે તું અમને જાણ અને આત્મા પોતાનું સ્થાન છોડીને એની પાસે જાય છે એમ પણ નથી. આહા..હા..! ઝીણી વાત પડે. સમજાણું કાંઈ?

શબ્દ-નિંદા પ્રશંસા આદિ. એ તો જડની પર્યાય ત્યાં છે એ પર્યાય તને કહે છે કે તું અમને જાણ? પરથી અહીંયા જ્ઞાન ઉત્પન્ન થાય છે? અને જ્ઞાન પોતાનું સ્થાન છોડીને ત્યાં સાંભળવા જાય છે? પોતાના સ્થાનમાં રહીને સાંભળે છે તો પોતાની જ્ઞાનની પર્યાય પોતાથી થાય છે, કંઈ પરથી ઉત્પન્ન થઈ નથી. આહા..હા..! અરે..! શું કરે? એવી નિંદા કરે છે તો મને ખેદ થઈ ગયો. ખેદ થયો તો નિંદા સાંભળીને તને ખેદ થયો? તારી પર્યાયમાં સહન ન થયું માટે ખેદ તો તારાથી થયો છે. સમજાણું કાંઈ? અને ઘણી પ્રશંસા કરે તો અમે તો સાંભળી નથી શકતા, ભાઈ! મને અંદર હરખ થતો હતો, હરખ આવતો હતો. પ્રશંસા થઈ એટલે તને હરખ થયો? પ્રશંસાના શબ્દો તને કહે છે કે મને સાંભળ? જ્ઞાન પોતાનું સ્થાન છોડીને પ્રશંસાના શબ્દોની સમીપ જાય છે? અને

પ્રશંસા સમીપ હો કે દૂર હો, એ આવ્યુંને પહેલા? શબ્દ નજીક હોય નિંદા-પ્રશંસા કરવાવાળા કે આત્માનું જ્ઞાન એનાથી સમીપ હો કે એનાથી દૂર હો, નિંદા-પ્રશંસા કરવાવાળા (શબ્દોથી), એ તો પોતાના જ્ઞાનથી પ્રકાશ કરે છે, આત્મા તો જાણે છે. સમજાણું કાંઈ? ... કર્યું છેને. ગાથા એક એક મૂકી. ટીકા પછી ટૂંકી કરી.

**'વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો...'** વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન નથી કરી શકાતો. જ્ઞાનનો જાણવાનો સ્વભાવ, નિંદા-પ્રશંસા, સુગંધ-દુર્ગંધ, સમજ્યા? કુરૂપ-રૂપ, મીઠો રસ અને કડવો રસ, સ્પર્શ અનુકૂળ અને પ્રતિકૂળ, ગુણ અને અવગુણ અને દ્રવ્ય-પરદ્રવ્ય.. આહા..હા..! પરદ્રવ્યને જાણવાની પર્યાય તો તારામાં તારાથી થાય છે. શું એ દ્રવ્ય ભગવાન છે તો તારી પર્યાયમાં (જ્ઞાન) ઉત્પન્ન થયું? કેવળીને જાણ્યા કે આ ભગવાન નિર્મળ છે. તો નિર્મળ પર્યાયને જાણી તો તારી જ્ઞાનની પર્યાયથી જાણી. શું નિર્મળ પર્યાયથી અહીંયા નિર્મળ પર્યાય થઈ છે? પરથી અહીંયા થઈ છે? અને પોતાનો સ્વભાવ પરથી ઉત્પન્ન થાય છે એમ છે? પોતાના સ્વભાવને ઉત્પન્ન કરી શકે નહિ અને પોતાનો પર્યાયસ્વભાવ પરથી ઉત્પન્ન થતો નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

એમ સ્પર્શ. શરીરનો સુંવાળો (સ્પર્શ). સુંદર રૂપ એ તો જડની પર્યાય છે. જડની પર્યાય એમ નથી કહેતી કે તું મને સ્પર્શ. પ્રવચનસારમાં આવ્યું છેને? વિષયો શું કરે? અકિંચિત્કર. તું વિકાર ઉત્પન્ન કરે છે. પ્રવચનસાર. સ્વર્ગના વિષયો પણ તને શું કરે? વિષયો શું કરે? તું રાગ-દ્વેષ પોતાથી ઉત્પન્ન કરે છે, વિષયથી નહિ. પર વિષયો અકિંચિત્કર છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિષયો શબ્દે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ બધા. સમજાણું કાંઈ? એ વિષયો તને એમ નથી કહેતા કે તું અમારામાં સુખબુદ્ધિ કર. તું તારી પર્યાયમાં સુખબુદ્ધિ કરે છે કે આ ઠીક છે. એ તો તારી કલ્પના છે. સમજાણું કાંઈ? આહા..હા..!

લાડવા, લાડવા કહે છેને? લડ્ડુ. ચુરમાના લાડવા, અડદની દાળ સદડી અને પત્તરવેલિયા હોય અને ચટણી હોય મરચાની, લીલા મરચા.

મુમુક્ષુ :- હવે બધી નવી ફેશન થઈ ગઈ.

ઉત્તર :- નવી ફેશન પણ આ ચટણી તો કરતા હશે કે નહિ? આમ ખાય ને... એ ચીજ શું છે? ચીજને તું અડે છે? અને એ ચીજ તને કહે છે કે તું મને અડ? એમ કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... અજ્ઞાનથી આવે છે એને. પર ચીજમાં વિચાર ક્યાં છે? એ તો જડ છે. જડની પર્યાય અહીંયા આવી જાય તો આત્મા જડ થઈ જાય. આહા..હા..! તત્ત્વની ખબર નથી કે આ વિકાર કઈ રીતે ઉત્પન્ન થાય છે અને હું કઈ રીતે માનું છે? એ ખબર નથી. ઇ કહે છે. સમજાણું કાંઈ? શું કરે? ભાઈ! સ્પર્શ એટલો અનુકૂળ છેને, બરાબર પગ દાબતા.. દાબતા.. દાબતા..

સુંવાળા શરીરમાં મને આવો વિકાર થયો. એમ કહે છે કે પરની પર્યાય જડની અને એનો હાથ, ઇ તને કહે છે કે તું મને અડ? અને ઇ કહે છે કે અમને જાણવામાં રોકાઈ જા? પોતાનો આત્મા ત્યાં સ્પર્શમાં જાય છે? સ્પર્શની પર્યાયમાં અંદર જાય છે? આહા..હા..! સમજાણું કાંઈ? પોતાની પર્યાયમાં એમ જાણે કે મારી પર્યાય ત્યાં જાતી નથી અને એ મને જાણ એમ કહેતા નથી. એમ જાણીને પણ અજ્ઞાનીને રાગ-દ્વેષ કેમ થાય છે? એમ કહે છે. મિથ્યાત્વને કારણે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. ભ્રાંતિ એને થઈ ગઈ છે. અહીંથી મને સુખ મળ્યું, અહીંથી મને સુખ મળ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! મિથ્યાત્વનો સંબંધ ક્યાં સુધી છે? અને અજ્ઞાનની ઉત્પત્તિ કઈ રીતે કરે છે? એ પોતાથી થાય છે ઇ બતાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

પાઠમાં છેલ્લા શબ્દો છેને શિવબુદ્ધિને પ્રાપ્ત નહિ થઈને સ્વયં પરને ગ્રહણ કરવાનું મન કરે છે. સમજાણું કાંઈ? છેલ્લી ગાથા છેને? છેલ્લી ગાથા છે. આવું સમજાય છે, એના ખ્યાલમાં આવે છે કે વાત સાચી છે. સ્પર્શ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શની પર્યાય પોતાને નથી કહેતી કે તું જાણ અને જ્ઞાન પોતાનું સ્થાન છોડીને ત્યાં જતું નથી. એમ જાણવા છતાં રાગ-દ્વેષ કેમ ઉત્પન્ન થાય છે? સમજાણું કાંઈ? અજ્ઞાનીની ભ્રમણા છે, એમ કહે છે. આહા..હા..! કેટલાક વળી એમ કહે કે સારી વસ્તુને સારી જાણવામાં (શું વાંધો છે)? પણ સારી કહેવી કોને? કહો, સમજાણું કાંઈ? દીકરો સારો થયો, પેદાશ કરવાવાળો કર્મી જાગ્યો. ઇ કહે છે કે મને જાણવામાં રોકા? અને તારું જ્ઞાન અહીંથી છોડીને ત્યાં જાય છે? તો કેમ રાગ-દ્વેષ કરે છે આવા? અજ્ઞાનમાં તને ભાન નથી તારી વસ્તુનું.

હું તો જાણનારો મારામાં રહીને જાણનારો છું. પરને કારણે નહિ, એમ કહે છે. પોતામાં રહીને પોતામાં પોતાથી હું જાણનાર-દેખનાર છું. પરને કારણે નહિ અને પરને હું અડતો જ નથી. આહા..હા..! હવે અહીં દાળ-ભાત આમ મોસંબી પડી હોય. તૃષા લાગી હોય. ગટ.. ગટ.. (પીવે). ગન્ના-ગન્ના-શેરડી. મીઠાશ હોય અને તૃષા લાગી હોય તો ગટ.. ગટ.. ગટ કરીને (પીવે છે). એ રસ તને કહે છે કે તું જાણ? એ તો જડ છે. અને તારી જ્ઞાનપર્યાય અહીંથી ખસીને રસમાં જાય છે? એમાં તો અભાવ છે. જ્ઞાનની પર્યાયમાં રસનો અભાવ અને રસની પર્યાયમાં જ્ઞાનનો અભાવ. આહા..હા..!

ઊંધો ઘડો હોયને? ઊંધો ઘડો. ઊંધો ઘડો હોયને? તો એમાં બધું ઊંધુ જ રહે. ઊંધા ઉપર ઊંધું રહે, સવળા ઉપર સવળો રહે. એમ દૃષ્ટિ વિપરીત છે તેને પરને કારણે મને અહીંયા રાગ થયો, અહીં તો રાગ પોતાથી થયો છે એમ સિદ્ધ કરે છે અને પરને કારણે મને જ્ઞાન થયું, સમજાણું કાંઈ? ખોટી વાત છે. આહા..હા..! ક્ષણે ક્ષણે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ અને ગુણ અને દ્રવ્ય. લીધુંને? પરના અવગુણ છે-મહા મિથ્યાત્વી, મહા કષાય ... તો એ કહે છે કે તું મને જાણ? અને તારું જ્ઞાન પોતાનું સ્થાન છોડીને ત્યાં જાય છે? બે વાત લીધીને? શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, ગુણ અને દ્રવ્ય તારાથી દૂર હોય. તોપણ એ વસ્તુ તને રાગ કે જ્ઞાન કરાવતી નથી. અને તારા

આત્માની સમીપ એ વસ્તુ હોય, એ વસ્તુ નથી કહેતી કે તું અમને જાણ. આહા..હા..! તારી ચીજ જ્યાં જ્ઞાતા-દૃષ્ટા છે તેને ભૂલીને નિમિત્તના લક્ષે તને જે વિકાર ઉત્પન્ન થાય છે એ ઉત્પન્ન થવાનું કારણ તારો આત્મા જ છે, પરનું કારણ બિલકુલ નથી. ઓહોહો..! સમજાણું કાંઈ?

**'વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી...'** આહા..હા..! જ્ઞાનની પર્યાય કે રાગની પર્યાય પર દ્વારા ઉત્પન્ન નથી થઈ શકતી. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુસ્વભાવ છેને? **'પરંતુ, વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ હોવાથી...'** પરનો સ્વભાવ તારું જ્ઞાન ઉત્પન્ન કરે અને રાગ ઉત્પન્ન કરે એમ બને નહિ. પોતાની પર્યાય પરથી નથી થતી અને પોતાની પર્યાય પરને ઉત્પન્ન નથી કરતી. પરની પર્યાય પરથી ઉત્પન્ન થતી નથી અને પરની પર્યાય પોતાથી થાય છે, પરથી નહિ. આહા..હા..! પરથી ઉત્પન્ન નથી થતી અને પરને ઉત્પન્ન નથી કરતી. દરેક પદાર્થની પર્યાય પરથી ઉત્પન્ન નથી થતી અને પરને ઉત્પન્ન નથી કરતી. આ તો સિદ્ધાંત થયો. સમજાણું કાંઈ? ચાર પૈસે શેર તો મણના અઢી. સ્વરૂપચંદભાઈ! કુંચી છેને કુંચી. ... સમજાણું કાંઈ? ચાર પૈસાના શેર તો મણના અઢી રૂપિયા. અઢી રૂપિયા મણ તો ચાર પૈસાનો શેર. સાડી સાડત્રીસ શેર લીધા તો સાડી સાડત્રીસ આના.

એમ એક પર્યાય કોઈપણ જગતની-શબ્દની, રૂપની, રસની, ગંધની, સ્પર્શની, અવગુણની અને ગુણની, કેવળી પરમાત્મા દેવ છે ઇ એમ નથી કહેતા કે તું અમને જાણવામાં રોકા. આહા..હા..! ગજબ છે! અને કેવળજ્ઞાનની પર્યાયમાં આ જ્ઞાનની પર્યાય ત્યાં અડે છે તો અહીંયા જ્ઞાન થાય છે એમ નથી. આહા..હા..! અરિહંત ને ગુરુ ને શાસ્ત્રથી પણ પોતાની પર્યાય નથી થતી એમ કહે છે. ... શું? ગુણ અને દ્રવ્ય પર છે. તું એને જાણવામાં રોકાઈ જા એમ ઇ નથી કહેતા. તારી પર્યાય મારાથી ઉત્પન્ન થાય છે એમ નહિ અને તારી પર્યાયને હું ઉત્પન્ન કરું છું એમ નહિ. કહો, સમજાણું કાંઈ? ગુરુ દ્વારા અંદર ઉત્પન્ન થાય છે કે નહિ? પણ ગુરુ પર રહ્યા, શબ્દ પર રહ્યા. એ શબ્દ ત્યાં ક્યાં અંદર ઘુસી જાય છે? એ શબ્દ ક્યાં કહે છે કે તું અમને જાણવામાં રોકાઈ જા.

મુમુક્ષુ :- ગુરુથી ન થાય પણ ગુરુ વિના પણ ન થાય

ઉત્તર :- એના વિના જ થાય છે. એ તો નિમિત્તને સિદ્ધ કરવું હોય તો એમ કહેવાય. નિમિત્ત છે ખરું, પણ એ નિમિત્તથી અહીં જ્ઞાન થયું છે એમ નથી. અને જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ તો નિમિત્તને આવવું પડે એમ નથી. આહા..હા..! ઘણું સૂક્ષ્મ નાખ્યું છે.

સ્પર્શ, રસ, ગંધ. રસ લ્યો. રસગુલ્લા હોયને રસગુલ્લા દૂધના. ઇ અહીંયા પડ્યા હોય તો ઇ રસગુલ્લા એમ કહે છે કે તું મને જાણવામાં રોકા? એ તો જડની પર્યાય છે. અને પોતાની જ્ઞાનની પર્યાય અહીંથી છૂટીને રસગુલ્લાને અડે છે? આમ હોવા છતાં અજ્ઞાનીને રસગુલ્લામાં રાગ કેમ ઉત્પન્ન થાય છે? એમ કહે છે. સમજાણું કાંઈ? અને ઝેર આવ્યું, ઝેર આવ્યું. તો ઝેરની પર્યાય

એમ કહે છે કે તું મને જાણવામાં રોકા? અને જ્ઞાનની પર્યાય પોતાથી છૂટીને, ચ્યુત થઈને પરને- ઝેરને અડે છે? ઉંહું.. હું.. શું થયું તને? દ્વેષ થયો તારાથી. ઝેરને કારણે નહિ. આહા..હા..! કડવું મોઢું થાયને? બહુ કડવું થઈ જાય મોઢું. એવી આવે છેને દવાઓ, બહુ કડવી, કડવી. તીખી દવા પણ આવે છે. ... ધોળી. ક્વિનાઈન નહિ, આ તો આપણે દેશી. શું કહ્યું? ... કાંસા આવે છે કડવા બહુ. કાળીજીરી એટલી બધી કડવી નથી. બહુ કડવું, બહુ કડવું. એ કડવી પર્યાય તને કહે છે કે મને જાણવામાં રોકા? અને તારી જ્ઞાનપર્યાય પોતાનું સ્થાન છોડીને કડવીમાં પ્રવેશ કરવા જાય છે? મોઢું તીખું (થઈ ગયું). દરબાર! આ દરબારે એક દવા બતાવી આજે. રસ્તામાં એક ઝાડ હતુંને. ઇ કહે કે આ ઝાડ એવું છે નાનું કે ... જ્યાં બાંધે તરત ખરી જાય. એ હોય. બતાવ્યું હતું રસ્તામાં. હવે તો બહુ વનસ્પતિ ઊગીને. ફૂલ હતા. આમ કરિયાતા જેવું લાગતું હતું. હોય એમાં. પણ એ ચીજથી અહીંયા અંદર કંઈ થયું છે? અહીં તો એનાથી પરમાં કાંઈ નથી થતું. આહા..હા..! એ પરની ચીજ પોતાને કંઈ કરતી નથી અને પોતાની પર્યાય પરને કંઈ કરતી નથી. આહા..હા...! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ-૧૨, રવિવાર, તા.૦૯-૦૯-૧૯૭૩**
**ગાથા-૩૭૩-૩૮૨, કળશ-૨૨૨, પ્રવચન-૪૯૪**

... સમજાણું કાંઈ? દરેક પદાર્થ જગતમાં, શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ ઇન્દ્રિયના વિષયો છે. અને ભગવાન અરિહંત આદિ કે અરૂપ અધર્માસ્તિ આદિ મનના વિષય છે. સમજાણું કાંઈ? એ વિષય આત્માને એમ નથી કહેતા કે તું અમને જાણવામાં રોકા. અને આત્મા પોતાના સ્થાનથી ચ્યુત થઈને પરને જાણવા જાતો નથી. અજ્ઞાની આવી પરવસ્તુને જોઈને ઇષ્ટ-અનિષ્ટની કલ્પના કરીને મિથ્યાત્વથી રાગ-દ્વેષ ઉત્પન્ન કરે છે એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

શબ્દ-ભગવાનની વાણી હો કે કોઈપણ શબ્દ હો, એ શબ્દ એમ નથી કહેતા કે તું અમને જાણવામાં રોકા. કહે છે? રૂપ. શરીરનું સુંદર રૂપ. સ્ત્રીનું કે ચિતરામણ, એ સ્ત્રી એમ નથી કહેતી કે તું મને જાણવામાં રોકા. અને પોતાનો આત્મા પણ પોતાનું સ્થાન છોડીને ત્યાં જાય છે એમ નથી. એમ ગંધ, એમ રસ, એમ સ્પર્શ. એમ મનના વિષય જે અરિહંતના ગુણ, ગુણીના ગુણ અને અવગુણીના ગુણ. બેય ... એ મનનો વિષય છે. એ ચીજ એમ નથી કહેતી કે અમને જાણવામાં તું રોકા. વીતરાગની વાણી, વીતરાગ એમ નથી કહેતા કે અમને જાણવામાં તું રોકાઈ જા. તું આત્મા

પોતાના જ્ઞાનનું સ્વરૂપનું ક્ષેત્ર છોડીને પરમાં પ્રવેશ કરીને જાણે છે એમ છે? એ બાહ્ય પદાર્થ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને ગુણ અને દ્રવ્ય એ આત્માની સમીપમાં હો તોપણ આત્મા પોતાથી જાણે છે. એ દૂર હોય તોપણ આત્મા પોતાથી જાણે છે. પરથી તો જાણતો નથી. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વિષય છે.

અહીંયા કહે છે, '**વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી....**' વચ્ચે છે. પોતામાં જે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે એ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને ગુણનું તથા અવગુણનું દ્રવ્યથી ઉત્પન્ન નથી થતી. સમજાણું કાંઈ? આવો ધર્મ કઈ જાતનો? કોણ જાણે શું ...? સમજાણું કાંઈ? શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ અને ગુણ-અવગુણ, પદાર્થ અને દ્રવ્ય-વસ્તુ કંઈ પર વડે ઉત્પન્ન નથી કરાતી. પોતામાં જ્ઞાનની ઉત્પત્તિ પર વડે નથી થતી. અને વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન નથી કરી શકતો. શું કહ્યું? સમજાણું? અરસપરસ લીધું. વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન નથી કરી શકાતો અને વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન નથી કરી શકતો. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ, ગુણ અને દ્રવ્ય એ પોતાની જ્ઞાનપર્યાયને ઉત્પન્ન નથી કરતા. તેઓ અહીંયા ઉત્પન્ન નથી કરતા અને આ આત્માની પર્યાય પરને ઉત્પન્ન નથી કરતી. સમજાણું કાંઈ?

આમ હોવા છતાં... '**આત્મા જે બાહ્યપદાર્થોની અસમીપતામાં (પોતાના સ્વરૂપથી જ જાણે છે)...**' દ્રવ્ય-ગુણ-પર્યાય અથવા અવગુણ-ગુણ અને દ્રવ્ય અને શબ્દો દૂર હોય તોપણ જાણવામાં પોતાની પર્યાયથી જ જાણે છે. એ કંઈ એને કારણે જાણે છે એમ નથી. '**તેમ બાહ્યપદાર્થોની સમીપતામાં...**' સમીપ આવી ગયા. સ્પર્શ, વર્ણ, ગંધ, રસનું ઇન્દ્રિય વડે જોડાણ થયું. એ પદાર્થ પોતાની સમીપ હોય તોપણ આત્મા પોતાના સ્વરૂપથી જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જરી સૂક્ષ્મ ન્યાયથી લોજીકથી વાત છે.

ભગવાન આત્મા પોતાના જ્ઞાનગુણથી ભરેલો પદાર્થ, પરપદાર્થની સમીપતા હો કે અસમીતા-દૂર હો, પણ એ તો પોતાના જ્ઞાનની પર્યાયથી જ જાણે છે. એ પરથી નથી જાણતો. પર એને જાણવાની પર્યાય ઉત્પન્ન કરે છે એમ નથી. '**પોતાના સ્વરૂપથી જ જાણતા એવા...**' પોતાનું સ્વરૂપ જ્ઞાતા જાણવાની પર્યાયથી પોતાને કારણે જાણે છે. '**વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતા...**' સામે પદાર્થ, ગુણ-અવગુણ, દ્રવ્ય, શબ્દ, રૂપ વિચિત્ર પર્યાયથી પરિણત છે. '**મનોહર કે અમનોહર...**' અહીંયા પહેલા સમીપતા લીધું. હવે સામે મનોહર રૂપ, રસ, ગંધ, સ્પર્શ છે કે ગુણ હો કે અવગુણ હો, પ્રતિકૂળ શબ્દ, રૂપ, રસ, ગંધ અને અવગુણ આદિ હો. એ '**મનોહર કે...**' મનોહર શબ્દાદિ બાહ્ય પદાર્થ કે અમનોહર શબ્દાદિ બાહ્ય પદાર્થ '**જરાય વિક્રિયા ઉત્પન્ન કરતા નથી.**' જેમ ઘટને પ્રકાશવામાં દીવો પ્રકાશે છે. ઘટાદિ નજીક હોય તોપણ પ્રકાશે છે અને દૂર હોય તોપણ પ્રકાશે છે. ઘટ દીવાને નથી કહેતો કે તું મને પ્રકાશ. દીવો પોતાનું સ્થાન છોડીને ઘટને પ્રકાશવા નથી જાતો. એમ ભગવાન આત્મા.. આહા..હા..! બાહ્ય પદાર્થ સમીપ હો

કે અસમીપ હો, બાહ્ય પદાર્થ અનુકૂળ હો કે પ્રતિકૂળ હો, મનમાં લલચાવે એવો હો કે અમનોહર હો, એ તો પર છે. એ **'મનોહર કે અમનોહર શબ્દાદિ બાહ્યપદાર્થો જરાય...'** તેઓ જરાય જ્ઞાન ઉત્પન્ન કરતા નથી. શું થયું? આ તો નિમિત્ત કંઈ કરતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિશ્ચયની કથન છે.

ઉત્તર :- નિશ્ચયનું છે એટલે યથાર્થનું (કથન છે). વ્યવહાર તો બોલવાની ચીજ છે, નિમિત્તનું જ્ઞાન કરાવવા. વસ્તુસ્થિતિ તો આ છે અનાદિથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવ્યું છે શાસ્ત્રમાં. નથી આવ્યું બારમી ગાથામાં? જાણેલો પ્રયોજનવાન છે. બારમી ગાથામાં આવ્યું છે. દૃષ્ટિ પોતાની થઈ કે હું તો ત્રિકાળ ભૂતાર્થ સ્વરૂપ, સત્ય સ્વરૂપ, પરમ સત્ય સ્વરૂપ છું એવી દૃષ્ટિ થઈ તો સમ્યગ્દર્શન થયું. એ પહેલા પ્રશ્ન હતો કે, અમારે પહેલા વિકલ્પથી નિર્ણય કરવો એ વિકલ્પથી નિર્ણય થયો છે કે નહિ એ નક્કી કોણ કરે? એવો પ્રશ્ન હતો. સમજાણું કાંઈ? પહેલા રાગમિશ્રિત વિચારથી આ આત્મા કેવો છે? ગુણ કેવા છે? પર્યાય કેવી છે? સંયોગ કેવી ચીજ છે? એનો સ્વતંત્રપણે વિકલ્પથી પહેલા નિર્ણય કરવો. એ કહે છે કે વિકલ્પથી નિર્ણય કરવો (એમ કહ્યું તો) વિકલ્પથી નિર્ણય થયો છે કે નહિ એની ખાત્રી કોણ દે? પણ એવી શંકા છે તો વિકલ્પથી નિર્ણય કર્યો છે એ યથાર્થ નથી. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. ભાઈએ પૂછ્યું હતુંને. જબલપુર. ક્યાંના? જબલપુરને? ૧૪૪ ગાથામાં આવ્યું છે, કર્તાકર્મ (અધિકાર). પહેલા આગમથી, શ્રવણથી એવો નિર્ણય કરવો કે આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, જાણનાર છે, કોઈ રાગ ને પુણ્ય ને પાપ ને પરનું કરે, પરથી પોતામાં થાય એમ છે જ નહિ. આવો રાગમિશ્રિત વિચારથી પહેલી ભૂમિકામાં નિર્ણય કરવો. સમજાણું કાંઈ? જેવી વસ્તુ છે એમ પહેલા જ્ઞાનમાં વિકલ્પથી યથાર્થ ન હોય તો નિર્વિકલ્પ ન થઈ શકે. અને વિકલ્પથી નિર્ણય કર્યો કે નિર્વિકલ્પ થઈ શકે એમ પણ નથી. આહા..હા..! તો પહેલા તો નિશ્ચય બરાબર કરવો કે હું આત્મા જ્ઞાનસ્વરૂપી ભગવાન (છું).

હું તો વિચિત્ર મનોહર, અમનોહર શબ્દ, રૂપ, રસની પર્યાય, નિંદાની હો કે સ્તુતિની હો, કુરૂપ હો કે સુરૂપ હો, સુગંધ હો કે દુર્ગંધ હો, પર સુંવાળુ હોય કે કર્કશ હો, ગુણ હો કે અવગુણ હો, દ્રવ્ય જડનું હો કે ભગવાનનું હો. સમજાણું કાંઈ? બધામાં હું તો જાણનાર, મારી પર્યાયથી જ જાણનારો છું. મારી પર્યાય એનાથી ઉત્પન્ન નથી થતી અને મારી પર્યાય એને ઉત્પન્ન નથી કરતી. એ નિમિત્તને પ્રાપ્ત કરે છે એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? કેટલાક કહે છેને કે પહેલા નિમિત્ત મેળવો, મેળવો. પણ કેમ મળે? પોતાની પર્યાય પર નિમિત્તને લાવી શકે છે? અને પોતાની પર્યાય નિમિત્ત ઉત્પન્ન કરી શકે છે? સમજાણું કાંઈ? માર્ગ સૂક્ષ્મ છે, ભગવાન! આ અંતરનો ચૈતન્યનો દોર જાણવું-દેખવું એ પોતાની પર્યાયથી થાય છે. ચાહે તો ભગવાનની વાણી હો કે

સાક્ષાત્ સમવસરણ હો, તે સમયે પણ પોતાની જ્ઞાનની પર્યાયથી પોતે જાણે છે. સમજાણું કાંઈ? શ્રવણમાં પણ શ્રવણ નિમિત્ત છે તો જ્ઞાનની પર્યાય શ્રવણ ઉત્પન્ન કરાવે છે એમ નથી. અને જ્ઞાનની પર્યાય શબ્દને મેળવી શકે છે એમ નથી. પોતાની પર્યાયનો સ્વભાવ પરથી થતો નથી, ન પોતાની પર્યાયનો સ્વભાવ પરને સમીપ લાવે કે દૂર કરે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે આવો માર્ગ, ભાઈ! ઇ કરતાં પૂજા, ભક્તિ, દાન, દયા,.. ધર્મના ચાર પ્રકાર-દાન, શીળ, તપ, ... દાન, શીળ, તપ અને ... એ ચારેય શુભભાવ છે. એ ધર્મના પ્રકાર જ નથી. સમજાણું કાંઈ? દુનિયાથી જુદી ચીજ છે.

ભગવાન! તારી ચીજ જ બીજી છે. ચાહે તો જગતના પદાર્થ વીતરાગની વાણી સમીપ હો કે વીતરાગ વાણી મહાવિદેહમાં છૂટતી હો, પણ તારો જાણવાનો સ્વભાવ તારાથી છે. સમીપમાં શબ્દ કાને પડે છે.. એમ કહે છે, તોપણ જાણવાની પર્યાય શબ્દથી તો ઉત્પન્ન નથી નથી. પરદ્રવ્યનો સ્વભાવ પરદ્રવ્યની પર્યાય ઉત્પન્ન કરે એવો તો છે નહિ અને પોતાની પર્યાય પરદ્રવ્યથી ઉત્પન્ન થાય એમ પણ નથી. આહા..હા..! ભારે વાતું, ભાઈ! સવારે આવ્યું હતુંને આચાર્ય એમ કહે છે કે, આચાર્યાદિ મંગળિક કરે છે.. એ વિકલ્પ છે. આહા..હા..! ગજબ વાત! ... આવે છેને? શિષ્યના ઓલા માટે.. સમજ્યાને? ... **'वंदित्तु सव्व सिद्धे'** ભગવાનનું મંગળિક કરીને... આહા..હા..! આદ્ય મંગળિક, મધ્ય મંગળિક અને અંત મંગળિક એમાં આવે છેને? ભાઈ! ત્રણે આવે છે. સમયસાર સર્વવિશુદ્ધમાં ગાથા છે. પણ ઇ આદ્ય, મધ્ય અને અંતમાં મંગળિક તો ખરેખર વિકલ્પ નહિ, પોતાની શુદ્ધિની આદ્ય-ઉત્પત્તિ સમ્યગ્દર્શનની, મધ્યમાં ઉત્પત્તિ ચારિત્રની, અંતમાં ઉત્પત્તિ કેવળજ્ઞાનની. આહા..હા..! એ મંગળિક છે. ... આવે છેને? .. બહુ આવે છે. ભરતેશ વૈભવમાં આવે છેને? .... એઇ..! શેઠ! તારણસ્વામીમાં બહુ આવે છે. જિન શબ્દ છે એ બોલે છે તે પણ વિકલ્પ છે. એ શબ્દ જિનના પડ્યા કાનમાં તો અહીંયા જ્ઞાનની ઉત્પત્તિ થઈ એમ નથી અને જ્ઞાનની ઉત્પત્તિ શબ્દ સમીપ લાવ્યા, આ પર્યાય પરને ઉત્પન્ન કરે એમ નહિ અને પરથી ઉત્પન્ન થાય એમ પણ નથી.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- દેશનાલબ્ધિ ત્યારે કહેવાય. પામે ત્યારે કહેવાય. બધી એવી વાતું છે. વ્યવહારે કહેવાય. વિકલ્પ છે. દેશનાલબ્ધિ પામે એ વિકલ્પ છે. બહુ માર્ગ ઝીણો છે. આહા..હા..! શ્રદ્ધાનો વિષય અને શ્રદ્ધા અલૌકિક ચીજ છે! ચારિત્રની વાત ઘણી ઉંચી એ તો પરમ દશા ધન્ય અવતાર! પણ પહેલા તો સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનો વિષય અને સમ્યક્જ્ઞાન ચોથે થાય છે એ તો અપૂર્વ ચીજ છે! આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન! ... શબ્દ, રૂપ, રસ, ગંધ સમીપ હો કે અસમીપ-દૂર હો, એ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ ને દ્રવ્ય-ગુણ મનોહર હો કે અમનોહર હો, એ કોઈ તારી ચીજને વિક્રિયા રાગ

ઉત્પન્ન નથી કરતી. સમજાણું કાંઈ? એ રાગ ઉત્પન્ન કરવામાં કારણ-ફારણ નથી. આહા..હા..! **'આ રીતે...'** છેલ્લી બે લીટી છે. **'આત્મા દીવાને જેમ...'** દીવો દીવો એની જેમ **'પર પ્રત્યે સદાય ઉદાસીન છે...'** દીવો પણ જેમ ઘટપટથી ઉદાસીન છે.. આહા..હા..! એમ ભગવાન આત્મા સદા ઉદાસીન (અર્થાત્) તટસ્થ છે. ઘટ અને પટથી દીવાનું સ્થાન ભિન્ન છે, તટસ્થ છે. તટ સમજ્યા? નદીના પ્રવાહમાં તટ હોયને? બે કાંઠા. ... આત્મા જગતના પદાર્થનો પ્રવાહ ચાલતો હોય તેનાથી ભિન્ન સંબંધવાળો તટસ્થ છે. આહા..હા..! કોઈ સંબંધ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાણે ઇ તો, જાણવાનો સ્વભાવ છે. જાણવાના સ્વભાવમાં પદાર્થ જાણ્યો માટે રાગ થયો એમ છે જ નહિ. દુર્ગંધ જાણવામાં આવી. બિલાડી, કૂતરો મરી ગયા, દુર્ગંધ. ઉંદર મરી જાય છેને? આહા..હા..! શું કહેવાય? પાણી નીકળે એને? ખાળ. નાની હોયને, ઉંદર ગરી ગયો હોય તો નીકળી ન શકે. એક ... ખબર છે? ઉંદર. ... બહાર ઉતર્યા હતા, ત્યાં ઉંદર મરી ગયો હતો. ... નવી માં હતાને, ઇ ત્યાંના હતા. પિતા બહુ આબરૂવાળા હતા, રાજકુમાર જેવા હતા. મોટી ઉંમર પણ પછી લગ્ન થયા હતા. આબરૂ હતીને. ત્રણ દીકરા હતા, બે દીકરી હતી. ... ત્યાં ઉતર્યા હતાને, ત્યાં ખાળમાં ઉંદર મરી ગયો હતો. દુર્ગંધ.. કબાટ છેને, કબાટ? કબાટ ... થોડી જગ્યા છોડી દીધી. ... એકદમ નજીક ન પડે, તેમ બહુ દૂર ન કરે. થોડો નજીક, દૂર કરે એમાં ઉંદર એમને એમ સૂકાઈ જાય ત્યાં. ... સમજાણું કાંઈ? આહા..હા..! કબાટ અને ભીંતની વચ્ચે જગ્યા થોડી હોય, એ તો જાનવર છે, આમ ફરતા.. ફરતા.. ફરતા.. આમ ગરી ગયો. હવે ગયો તો.. ન નીકળે નીચે, ન નીકળે ઉપર, ન ચાલે આ બાજુ. હવે એની દુર્ગંધ મરે નહિ. તો દુર્ગંધ કહે છે કે મને જાણવા માટે તું રોકા? માણસ નથી કહેતા? માથું ફરી ગયું. શું છે? ચીજ છે. વિચિત્ર પરિણતિથી પરિણમવાવાળી ચીજ છે. ... પર્યાય એની થાય છે દુર્ગંધ... એ પર્યાય તને કહે છે કે તું જાણવા માટે રોકાઈ જા? અને મને જાણીને તને હું રાગ કરાવું છું એમ છે? એને જાણીને રાગ કેમ કરે છે? ...

મનોહર એ મને ઠીક છે, અમનોહર એ મને ઠીક નથી એ મિથ્યાદૃષ્ટિ રાગ-દ્વેષની ઉત્પત્તિ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ કઠણ વાત છે. સ્ત્રી, પુત્ર, કુટંબ-કબીલા. તમારા ... નહોતું કહ્યું? જ્યારે કંઠે વળગે કુટુંબ, આપણે ગળે વળગે કુટુંબ એમ કહીએ છીએ. .... કુટંબ-કબીલા ગળે વળગ્યા. એમાં આવે છે કંઠે. કંઠે વળગ્યા કુટુંબ ને બાયડી-છોકરા. એ તારા જ્ઞાન કરવામાં ... એની સામે જોઈને, હોં! પોતાનું જ્ઞાન કરવામાં રોકા એમ નથી કહ્યું. આ સ્ત્રી ને આ બાયડી ને આ છોકરા ને આ ને આ... પોતાની આબરૂ ઠીક રાખવા માટે... રોકાઈ ગયો, મૂઢ છે. મરી ગયો સૂકાઈને. જીવન તો ખોયા. આહા..હા..! કુટુંબ-કબીલા તારે કંઠે વળગ્યા છે તો મારે એનું કરવું પડે... શેઠ! સમાજનું કરવું પડે. જ્યાં હોય ત્યાં સમાજ હોય ત્યાં બોલાવે તો જાવું પડે. મોટું નામ

હોય તો શું કરે? મોટા માટે એને. ઓહો..! ... મરી ગયો આમને આમ. કેટલાકને એ રીતે હોય.. મોટા મોટા ગૃહસ્થ હોય એની સાથે બેસે ... જેથી કરીને અમે મોટા.. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! ... હોય સાધારણ, પણ મોટા મોટા ગૃહસ્થ હોય એની સાથે જાય, બોલે, બેસે એટલે મોટામાં ગણાય. પણ મરી ગયો આમને આમ. ... ઘણા જોયા છે અમે તો, હોં! નામ-ઠામ ન કહેવાય. ક્યાં રોકાણો? રોકાણો સમજો છો? શું કહે છે? રુક ગયા, રુક ગયા. આહા..હા..!

અહીંયા તો આત્મા, દીવાની જેમ પર પ્રત્યે સદાય પ્રત્યક્ષ ઉદાસીન સંબંધ વિનાનો છે, પર સાથે કોઈ સંબંધ નથી. આહા..હા..! એ કહ્યું હતુંને? એક ફરી. ૮૭, (સંવત) ૧૯૮૭ની સાલ. ... ચીતળ ગયા હતા. અમારા મનસુખનું સગપણ કરવા આણંદજી આવ્યો હતો. આણંદજી. એ આણંદજીએ કહ્યું કે આનું સગપણ થયું તો કાંઈ પૂર્વ ભવનો સંબંધ હશે? પૂર્વનો સંબંધ હશે? ૮૭ની વાત છે, કારતક વદ-૧. ... સગપણ કર્યું. એક ઇયળમાંથી મરીને આવી હોય, ઇયળમાંથી. ઇયળ સમજો છો? કીડો. પતિ મરીને આવ્યો હોય થોરમાંથી. થોર સમજ્યા? થોર થાય છે. કોની સાથે શું સંબંધ છે? આહા..હા..! કાંઈ લેવા-દેવા કોની સાથે? ક્યાંયથી ઇયળ મરીને બાયડી થઈ તો કહે, મારી બાયડી. ઓલો પતિ મરીને આવ્યો હોય થોરમાંથી આવ્યો હોય, થોર-એકેન્દ્રિય. થોર કહે છેને? કાંટાવાળા થોર નથી હોતા? ... બહુ ઉગે છે. ભાઈ! નીકળ્યા હતાને, કાલે જોયું હતું. ગાંડા બાવળ. ... એમાંથી કોઈ સ્ત્રીનો જીવ આવ્યો હોય. આહા..હા..! અને પતિનો જીવ ક્યાંયથી આવ્યો હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. કાંઈ સંબંધ બિલકુલ કોઈને નથી. એ તો રાજમતિની અને નેમિનાથની વાત જુદી છે. આ તો કાંઈ સંબંધ નહોતો. એવા અનંતા જીવ છે. ગીરધરભાઈ!

મુમુક્ષુ :- ... ભેગા થઈ જાય.

ઉત્તર :- ભેગા થાય એ તો સૌને કર્મની યોગ્યતાનો નિમિત્ત સંબંધ હોય તો ભેગા થઈ જાય. મરઘાબેન ક્યાંકથી આવ્યા હશે અને તમે ક્યાંકથી આવ્યા છો. કહો, સમજાણું કાંઈ? એ અમારે મનસુખ વખતે આ પ્રશ્ન થયો હતો. ... અમરેલી. .. પાડિયાદ પાંચ ગાઉ ચીતળ આવે. પાંચ પાંચ ગાઉ ચાલતા. દરરોજ ચાલતા બાર બાર માઈલ. પછી આણંદજી આવ્યો હતો. ... ક્યાં મનસુખ અને ક્યાં ... કીધું, એમ જ હોય. ઇયળ અને થોરનો દાખલો આપ્યો હતો. આહા..હા..!

અહીં કહે છે કે આત્મા પરપદાર્થ સાથે સંબંધ વિનાનો છે, તટસ્થ છે. કાંઠે જેમ પાણી ચાલ્યું જતું હોય નદીમાં. કાંઠો કહે છેને? તટ કહે છે તટ. પાણી ચાલ્યું જાતું હોય એને તટની સાથે શું સંબંધ છે? આહા..હા..! સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા પોતાની પર્યાયને પરિણત કરીને મનુષ્યભવમાં આવ્યો હોય, બાહ્ય પદાર્થ ચીજ સમીપ કે દૂર છે, આ શેઠિયાના ધંધા કરતા હોયને કોઈ, શેઠિયો તો દૂર હોય અને ઓલો ધંધો કરતો હોય એ મુંબઈમાં ચાલતો હોય. સમજાણું કાંઈ?

અને શેઠની દુકાન નજીકમાં (હોય). તે તમને ક્યાં કહે છે કે મને જોઈને તમે રાગ કરો. અને તમારું જ્ઞાન પણ ક્યાં પોતાના ક્ષેત્રથી ચ્યુત થઈને, ક્ષેત્રથી ભ્રષ્ટ થઈને ત્યાં જાય છે. એમ છે કાંઈ? આહા..હા..! મિથ્યાદૃષ્ટિમાં પરદ્રવ્યનો સંબંધ એવો લાગે છે કે આ તો સંબંધ અમારો અનાદિનો છે. મૂઢ છે, સંબંધ કેવો? કર્મની પર્યાયનો પણ સંબંધ નથી. એ તો પરમાણુની પર્યાય એને કારણે કર્મપર્યાય થઈ છે. કોઈ કર્મપર્યાય તને કહે છે કે તું અમને જાણવામાં રોકાઈ જા? અને પોતાની પર્યાય કર્મને ઉત્પન્ન કરે છે? ઉદીરણા કરે છેને? ... ઉદીરણા કરે છેને કર્મની? જડની પર્યાયની ઉદીરણા કોણ કરે? પોતાના પુરુષાર્થથી અંદર થાય છે. કર્મ કર્મને કારણે થાય છે. આહા..હા..! માળો પણ લપટાણો છેને. કાંઈ લેવા-દેવા કોઈની સાથે ન મળે. કોઈની સાથે લેવા-દેવા નથી. એવો તટસ્થ છે.

**'એવી વસ્તુસ્થિતિ છે, તોપણ જે રાગદ્વેષ થાય છે તે અજ્ઞાન છે.'** આહા..હા..! સમજાણું કાંઈ? આ છોકરા અને છોકરી એનું રૂપ આને દેખું તો એવો રાગ આવે, એવો પ્રેમ આવે છે. એ પ્રેમ તેં કર્યો કે છોકરાએ કરાવ્યો છે? એકનો એક દીકરો એટલે પ્રેમ આવે અને પોતે સાધારણ હોય, ... બુદ્ધિ થોડી. એમાં દીકરો કંઈક સારો થશે એમ થઈને એને પ્રેમ બહુ આવે અંદરથી. આહા..હા..! કુળ ઉજાળશે કુળદીપક. કાંઈ ઠેકાણા ન મળે. અહીં કહે છે કે આત્મા ભગવાન અને પરપદાર્થ અનંતની વિચિત્રતાથી પરિણમન પોતાને કોઈ રાગ-દ્વેષ ઉત્પન્ન કરાવતા નથી. અજ્ઞાની ઠીક-અઠીક જાણીને, એકલું જાણવું એટલું નહિ એ તો એનો સ્વભાવ છે, પણ જાણવા ઉપરાંત ઠીક-અઠીક કરે છે એમ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનથી રાગ-દ્વેષ ઉત્પન્ન કરે છે. જ્ઞાનીને રાગ-દ્વેષ ઉત્પન્ન થતા જ નથી, એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઇ તો કોને? અજ્ઞાની માને એને. જ્ઞાની તો જાણે. .. બસ, એટલું. .. દ્વેષ નથી આવ્યો કાંઈ એને લઈને. એને કારણે દ્વેષ થતો નથી. સમજાણું કાંઈ? ... મિથ્યાદૃષ્ટિ અભવીને પણ જાણવામાં આવે. વિભંગજ્ઞાન થાય છેને? ઘણા ભવનું જ્ઞાન હોય. સાત દ્વીપ, સાત સમુદ્ર દેખે. કેટલા ભવનો સંબંધ છે એનું જ્ઞાન થાય. પ્રત્યક્ષ હોં! વિભંગ પ્રત્યક્ષ છે ... સમ્યગ્દર્શન નહિ. એવા જ્ઞાનને જાણવું થાય પણ એને કારણે સમ્યગ્દર્શન છે કે સમ્યક્જ્ઞાન છે એમ નથી. આહા..હા..! પરનું જાણવું ગમે તેટલું ખીલી જાય, નવ પૂર્વનું જ્ઞાન થઈ જાય, લો! તોપણ એની નિમિત્તને આધીન વૃત્તિ છે અને એનાથી રાગ-દ્વેષ કરે છે. પોતાના સ્વભાવનો આશ્રય ત્યાં નથી. આહા..હા..! ભારે ભાઈ! આવો માર્ગ એને ખબરેય નથી કે આવો માર્ગ છે.

કહે છે, આત્માને દીવાની જેમ.. આ આખો સાર લીધો છે. પર પ્રત્યે, પર શબ્દે દેવ-ગુરુ-શાસ્ત્ર, સમેદશિખર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દુશ્મન, સ્વજન, પર પ્રત્યે સદાય તટસ્થ છે. આહા..હા..! આવી વસ્તુસ્થિતિ છે, આવી વસ્તુની મર્યાદા છે. **'તોપણ જે રાગદ્વેષ થાય છે તે**

**અજ્ઞાન છે.**' સમજાણું કાંઈ? આવી ચીજ છે. સ્ત્રી તો સ્ત્રી, એવી સ્ત્રી કે હજારો, લાખોમાં નથી. એમ બોલે છે કે નહિ? શેઠ! પછી હોય ભલે સાધારણ. કહ્યાગરી, અનુકૂળ અને કોઈ સજ્જનને બોલે નહિ, અપમાન કરે નહિ. સમજાય છે કાંઈ? ... સમજાય છે? ... વાણી કાંઈક બોલ્યા હશે તો કહે, વાણી તો જુઓ! અમે ગરાસણી છીએ. અમારી મર્યાદા જાળવજો, નહિતર અમે સર્પણી છીએ. ... અમને વતાવશો નહિ, હોં! વતાવશો નહિ, સમજ્યા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમ કહે. પરદેશી રાજાને આપી દીધુંને રાણીએ ઝેર. બને છે. દીકરાને માએ આપ્યું ઝેર. નામ ન દેવાય સમજાય છે કાંઈ? દીકરો પરણીને આવ્યો રાજકુમાર પણ એને મેળ ન ખાધો ... ઝેર આપી દીધું. આહા..હા..! એ.. દરબાર! એને બધી ખબર હોય. આહા..હા..! એ વાણિયામાં એવી હોય સર્પણી જેવી બાઈયું. એમ ન સમજો કે આ ગરાસણીની વાત ચાલે છે. એવા હોય અંદર. ... ઘણી ખબર હોયને અંદર. દેવાય નહિ નામઠામ. અરે..! ભાઈ! તારે અને એને શું સંબંધ છે? તું ક્યાંનો અને એ ક્યાંના? તારી ચીજને અને એ ચીજને શું સંબંધ છે? અજ્ઞાની સંબંધ માનીને ઇષ્ટ-અનિષ્ટ જોઈને, માનીને, માનીને ઇષ્ટ-અનિષ્ટ છે ક્યાં? રાગદ્વેષ કરે છે એ મિથ્યાત્વભાવથી છે. સમ્યગ્દષ્ટિને એમ થતું નથી. આહા..હા..! ... આ તો સમયસાર છે.

'**ભાવાર્થ :- શબ્દાદિક જડ પુદ્‌ગલદ્રવ્યના ગુણો છે.**' શબ્દાદિ છેને? ગુણ એટલે પર્યાય. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ જડ પુદ્‌ગલની પર્યાય છે. '**તેઓ આત્માને કાંઈ કહેતાં નથી,...**' તેઓ આત્માને કંઈ નથી કહેતા કે '**તું અમને ગ્રહણ કર (અર્થાત્ તું અમને જાણ)'; અને આત્મા પણ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને ગ્રહવા (-જાણવા) તેમના પ્રત્યે જતો નથી.**' આહા..હા..! એ જ્ઞેય છે અને તું જ્ઞાન છે. તો જ્ઞેય તરફ જ્ઞાન નથી જતું અને જ્ઞાન તરફ જ્ઞેય નથી આવતું. આહા..હા..! મૂળ શલ્ય રહ્યું છે એની અહીં વાત કરે છે. અનાદિથી.. સમજાણું કાંઈ? દીક્ષા લે તો કહે, આ શિષ્ય મારો અને હું ગુરુ. આવો મારે સંબંધ છે. સંબંધ કેવો? ... ૭૫નો માહ મહિનો. માહ વદ પાંચમ હતી. ૭૫ની માહ વદ પાંચમ. ઇ કેમ યાદ રહી ગયું? કે અમારે વાવડીના હતાને, ..ભાઈના ભાઈ, સોભાગચંદભાઈ. ગુલાબચંદભાઈના માહ વદ પાંચના લગ્ન હતા ૭૫માં. આ નવાના હોં નવાના. પહેલાના ગુજરી ગયા હતા ગુલાબચંદભાઈ નહિ? ... ભાઈના દાદા. કેમ ન આવ્યા? અહીં દીક્ષામાં ન આવ્યા એ યાદ રહ્યું. ... કેમ નથી આવ્યા? કે ત્યાં લગ્ન છે. મહા વદ પાંચમના હતા. મહા વદ પાંચમની દીક્ષા હતી. ૭૮માં ગુજરી ગયા. જગજીવનભાઈના મોટા ભાઈ. આહા..હા..!

કહે છે કે આત્મા કંઈ પર તરફ નથી જતો. આહા..હા..! '**જેમ શબ્દાદિક સમીપ ન હોય...**' શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, ગુણ કે અવગુણ કે દ્રવ્ય નજીક ન હોય '**ત્યારે આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે છે,...**' નજીક ન હોય તોપણ પોતાના સ્વરૂપથી જ જાણવાની પર્યાય ઉત્પન્ન

થાય છે. બહુ સૂક્ષ્મ વાત છે. **'તેમ શબ્દાદિક સમીપ હોય...'** પહેલા, સમીપ ન હોય એમ કહ્યું હતું. સમીપ હોય, તો સમીપ આવ્યા માટે અહીંયા રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે (એમ નથી). સમજાણું કાંઈ? શબ્દ, રૂપ, રસ, ગંધ... આહા..હા..! ભગવાનની વાણી સાંભળી, સમીપ છે વાણી એમાં રાગ થયો કે એનાથી જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એમ નથી. આહા..હા..!

પંચાસ્તિકાયમાં કહ્યું છેને? ભાઈ! નહિ? પરસમય, પરસમય. કષાયનો ભાગ રહે છે. સૂક્ષ્મ. અર્હંતાદિની ભક્તિ, ... આવે છે. ... એ રાગ છે. એટલો રાગ પણ જો રહે તો તે પરસમય છે. એટલું ચારિત્ર પરસમય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ... બધું છે. નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ છે, ભગવાન પ્રત્યે પ્રેમ રહે અને આગમ. આગમની શ્રદ્ધા રહે. આગમ, આગમ પરમાગમ. આહા..હા..! ભગવાનનો માર્ગ જુદો છે પરમાગમનો પ્રેમ રહે ત્યાં રાગ છે, ત્યાં સુધી મુક્તિ નહિ થાય. સમજાણું કાંઈ? અને એ રાગ પરમાગમે ઉત્પન્ન નથી કરાવ્યો. આહા..હા..! તત્ત્વની વ્યવસ્થા એની અવસ્થા અલૌકિક વાત છે! સાધારણ સાધારણ એમને એમ માનીને સમજ્યા વિના ધર્મ કર્યો, ધર્મ કર્યો. શું ધર્મ કર્યો? ... ઓહો..હો..!

કહે છે, તેવી જ રીતે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને મનનો વિષય, ઇન્દ્રિયનો વિષય, ગુણ અને દ્રવ્ય સમીપ હો ત્યારે પણ આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે છે. આહા..હા..! શબ્દ કાને પડ્યા તોપણ જ્ઞાનની પર્યાય પોતાથી ઉત્પન્ન થઈ છે, શબ્દથી નહિ. સમજાણું કાંઈ? એ વાણી ભગવાનની થઈ એ કાને પડી તો ત્યાં તે પ્રકારના જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાના જ્ઞાનની પર્યાયની ઉત્પત્તિ પોતાથી તે કાળે ઉત્પન્ન થાય છે, શબ્દથી નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંભળાય છે ક્યાં? જાણે છે. જાણે છે. ચૈતન્યબ્રહ્મ છે, જ્ઞાનબ્રહ્મ છે, પ્રજ્ઞાબ્રહ્મ છેને એ તો. જાણવાનો ગંજ પુંજ છે. જાણે છે. એ જાણે છે એ પણ પોતાની પર્યાયને જાણે છે અને પોતાથી જાણે છે, પરથી નહિ. આહા..હા..! સુંદર શરીરનું રૂપ જોઈને રાગ આવે છે મને, આવું સુંદર કોમળ શરીર, નમણાઈ, અનેક અંગ જ્યાં જ્યાં હોય તે સરખા એને જોઈને રાગ આવે છે. મૂઢ છે. એ તો પર છે. એ ચીજે તને રાગ કરાવ્યો? આહા..હા..! અને એ રાગનું જ્ઞાન થયું તે પણ રાગ છે માટે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એમ પણ નથી. આહા..હા..! જ્ઞાનની પર્યાય પોતાથી થઈ છે. રાગનું જ્ઞાન થયું તો રાગ છે માટે જ્ઞાનની પર્યાય એ રાગથી થઈ એમ પણ નથી. બહુ ઝીણી વાત. વીતરાગમાર્ગ કેવળીનો સૂક્ષ્મ ઘણો ભાઈ! લોકોએ સ્થૂળ કરીને.. આહા..! ગજબ કર્યો! વ્રત કરો ને તપ કરો ને ભક્તિ કરો એમાં તમારે ધર્મ થશે. અરે..રે..! વ્રત કરો. પણ ભાઈ એ તો રાગ છે, ભાઈ! રાગનો કર્તા માનવો એ જ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! ... રાગનો પણ આત્મા જ્ઞાતા છે અને એ જ્ઞાતાની પર્યાય ઉત્પન્ન થઈ એ રાગ છે માટે ઉત્પન્ન થઈ (એમ નથી). એ પરદ્રવ્ય છે

... સમજાણું કાંઈ?

કહે છે, **'આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે છે, આમ પોતાના સ્વરૂપ જ જાણતા એવા આત્માને પોતપોતાના સ્વભાવથી જ પરિણમતાં...'** સામી ચીજ. શબ્દ, રૂપ, રસ, ગંધ **'કિંચિત્માત્ર પણ વિકાર કરતાં નથી,...'** સમજાણું કાંઈ? દીવાના પ્રકાશમાં ઝેર હો, સર્પ હો, વીંછી હો કે કેસર હો ને કસ્તુરી હો, દીવાના પ્રકાશમાં કાંઈ ફેરફાર થાય છે એને કારણે? એમ ચૈતન્યહીરો જ્ઞાનપ્રકાશનો પુંજ પ્રભુ વિચિત્રપણે શબ્દાદિ જાણવામાં આવે તો એ જાણવાની તારી પર્યાય તારાથી થઈ છે. આહા..હા..! બહુ સૂક્ષ્મ.

કોઈ સમીપમાં નજીક ગુણી છે. તો એ ગુણીના કારણે અહીંયા તેના ઉપર પ્રેમ આવ્યો છે એમ નહિ. આહા..હા..! આમ તો કહેવામાં નથી આવતું? કે ... જેને શાંતિ પ્રગટ થઈ ... એવો ભાવ આવ્યા વિના રહે નહિ. ચેતનજી! આવે છે? ... સજ્ઝાયમાં ઘણું ભર્યું છે, થોડામાં ઘણું ભર્યું છે. ... તદ્દન ઓલી આવી. તદ્દન ઓલી એટલે? સ્વતંત્ર સિદ્ધ કરવાની વાત છે. પરની કોઈ અપેક્ષા નથી.

**'જેમ પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા એવા દીવાને ઘટપટાદિ પદાર્થો વિકાર કરતા નથી તેમ, આવો વસ્તુસ્વભાવ છે.'** આ સમયસાર વાંચવામાં પણ થોડો વખત જોઈએ. રંગુલાલજી! ચોપડા જોવે છે કે નહિ? વાંચે તો, આ સમજાણું નહિ અથવા હું આમ સમજ્યો હતો, પછી સાંભળવામાં ખબર પડે કે આ સમજવામાં ફેર પડ્યો. વાંચવું નહિ કાંઈ. સ્વાધ્યાય કરવો હમેંશા થોડો. કોઈ કહે ઇ માનવું પણ સ્વાધ્યાયમાં શાસ્ત્રમાં શું છે? એવી વાત સ્વાધ્યાયથી સમજે તો એના ખ્યાલમાં આવે. ભલે વિકલ્પથી હો. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! આવા અવસર ક્યારે મળે? ભાઈ! ઓહો..હો..! ચારિત્રદોષ હો તો એ કંઈ ભ્રષ્ટ નથી, એમ કહે છે. દંસણ ભટ્ઠા ભટ્ઠા, દંસણ ભટ્ઠા ન સિઝંતિ. આહા..હા..! આચાર્યોએ આચાર્ય હોવા છતાં કેવી વાત કરી છે! ચરિત્ત ભટ્ઠા સિઝંતિ. આહા..! જેને દૃષ્ટિ અને જ્ઞાનનું ભાન નથી એ ચારિત્રભ્રષ્ટ અને દર્શનભ્રષ્ટ છે. દૃષ્ટિ છે અને ચરિત્ર ભ્રષ્ટ છે, તોપણ એના ખ્યાલમાં છે કે આ દોષ મારામાં છે. આ દોષ ખસી ગયો તો એનો છૂટકારો થઈ જશે. સમજાણું કાંઈ? આહા..હા..! દર્શન અને જ્ઞાન ઉપર જોર આપે છે. મિથ્યાદૃષ્ટિને રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ રાગ-દ્વેષ ઉત્પન્ન થતાં જ નથી. ... સમ્યગ્દૃષ્ટિને રાગ-દ્વેષ નથી, પરપદાર્થમાં રાગ-દ્વેષ નથી, તો રાગ-દ્વેષ ઉત્પન્ન કેમ થયા? મિથ્યા ભ્રમથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાનને જોયા માટે રાગ થયો.. આહા..હા..! ગજબ વાત છે! સમેદશિખર ગયા તો બહુમાનનો પ્રશસ્ત રાગ આવ્યો, પ્રશસ્ત રાગની વ્યાખ્યા છેને, ભાઈ! પંચાસ્તિકાયમાં પાછળ, નહિ? ગાથા છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો ભાવ ... પ્રશસ્ત રાગ, અનુકંપા એ રાગ મિથ્યાદૃષ્ટિને તો મિથ્યાશ્રદ્ધાથી ઉત્પન્ન થયો છે. પરથી મને આમ થયું, પરથી મને આમ થયું. જ્ઞાનીને પોતાની નબળાઈથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

**'જેમ પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા એવા દીવાને ઘટપટાદિ પદાર્થો વિકાર કરતા નથી તેમ, આવો વસ્તુસ્વભાવ છે, તોપણ જીવ શબ્દને સાંભળી,...'** જીવ શબ્દને સાંભળી. જ્યાં નિંદાના શબ્દ કાને પડ્યા... અને પ્રશંસાના પૂંછડા વળગ્યા મોટા.. સમજાણું કાંઈ? બુલંદશહેરના બાદશાહ. બહુ સેવા કરી છે. ... બુંદેલખંડ, બુંદેલખંડ. ... કેલાશચંદ્રજી. એ તો બુંદેલશહેર. આ તો બુંદેલખંડ. આહા..હા..! ઘણા એના રાજા ચાલ્યા ગયા અને ખંડ તો એમને એમ પડ્યા રહ્યું છે. ... આહા..હા..! આ ભાઈ કહે છે ... ધરતી રાજા રામની ન થઈ. રામ પુરુષોત્તમ પુરુષ, એને લઈને રામરાજ્ય, રામરાજ્ય ચાલ્યું હતું એના રાજમાં. આહા..હા..! એ તો પરચીજ છે. એ મોક્ષ ચાલ્યા ગયા રામચંદ્રજી. કેવળજ્ઞાન કરી મોક્ષ પધાર્યા. આહા..હા..! ધરતી તો અહીં પડી રહી. આહા..હા..! ભાઈ!

અહીં તો ... નહોતું કીધું? ઉમરાળાના ... મકાન કરાવ્યા. ... પછી થયા પૈસા. ... શું કહેવાય? માંએ કીધું, બેટા! આપણા જૂના ઘર ગમે એટલી કિંમત હોય તોપણ આપણે લેવું છે. પાંચસો-સાતસોનું હશે, ઓલાએ દસ હજાર લખ્યા. અમે જન્મ્યા છે આ મકાનમાં. ઠીક! માંગે એટલા લખને પૈસા. કેટલા લેવા છે તારે? ... દસને? (રૂપિયા) દાનમાં દેવું હોય તો ન દે અને અહીં દે. આહા..હા..! અને એને અભિમાન હોય, અમારું મકાન. એ મકાન ... કોનું મકાન હતું? ભાઈ! અમારો દીકરો. ... અમારી દીકરી આમ ભણેલી છે. બી.એ. એમ કાંઈ છેને? રામજીભાઈના મિત્ર હતા એ. અમારી દીકરી આવી છે. પણ શું છે આ? ... અમારા સાળાની વહુ આવતી મોટી પણ શું છે તારે? સાંભળને! મોહનભાઈ! એવું ચાલે છે કે નહિ? તારે શું પણ હવે? અમારો સાળો અને એની વહુ આવી. તારે શું છે પણ હવે? મારી નાખે જગતને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અભિમાનમાં જ જીવે છે. મારી નાખ્યા, મારી નાખ્યા. આહા..હા..!

**'તોપણ જીવ શબ્દને સાંભળી, રૂપને દેખી, ગંધને સૂંઘી, રસને આસ્વાદી, સ્પર્શને સ્પર્શી, ગુણ-દ્રવ્યને જાણી, તેમને સારાં-નરસાં માની...'** ભાષા આ છે. ઠીક છે અને અઠીક છે. ઠીક-અઠીક... એ તો જ્ઞેય છે, એમાં ઠીક-અઠીક ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? આહા..હા..! મિથ્યાશલ્ય પડ્યા છે. **'સારાં-નરસાં માની રાગદ્વેષ કરે છે, તે અજ્ઞાન જ છે.'**

## કળશ-૨૨૨

(शार्दूलविक्रीडित)

पूर्णैकाच्युतशुद्धबोधमहिमा बोधो न बोध्यादयं
यायात्कामपि विक्रियां तत इतो दीपः प्रकाश्यादिव।
तद्वस्तुस्थितिबोधवन्ध्यधिषणा एते किमज्ञानिनो
रागद्वेषमयीभवन्ति सहजां मुञ्चन्त्युदासीनताम्॥222॥

ફરી આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :

શ્લોકાર્થ :— [पूर्ण-एक-अच्युत-शुद्ध-बोध-महिमा अयं बोधः] પૂર્ણ, એક, અચ્યુત અને શુદ્ધ (-વિકાર રહિત) એવું જ્ઞાન જેનો મહિમા છે એવો આ જ્ઞાયક આત્મા [ततः इत-बोध्यात्] જ્ઞેય પદાર્થોથી [काम अपि विक्रियां न यायात्] જરા પણ વિક્રિયા પામતો નથી, [दीपः प्रकाश्यात् इव] જેમ દીવો પ્રકાશ્ય પદાર્થોથી (-પ્રકાશાવાયોગ્ય ઘટપટાદિ પદાર્થોથી) વિક્રિયા પામતો નથી તેમ. તો પછી [तद्-वस्तुस्थिति-बोध-बन्ध-धिषणाः एते सहजाम् उदासीनताम् मुंचन्ति, रागद्वेषमयीभवन्ति] એવી વસ્તુસ્થિતિના જ્ઞાનથી રહિત જેમની બુદ્ધિ છે એવા આ અજ્ઞાની જીવો [किम्-सहजाम् उदासीनताम् मुञ्चन्ति, रागद्वेषमयीभवन्ति] પોતાની સહજ ઉદાસીનતાને કેમ છોડે છે અને રાગદ્વેષમય કેમ થાય છે ? (એમ આચાર્યદેવે શોચ કર્યો છે.)

ભાવાર્થ :-- જ્ઞાનનો સ્વભાવ જ્ઞેયને જાણવાનો જ છે, જેમ દીપકનો સ્વભાવ ઘટપટાદિને પ્રકાશવાનો છે. એવો વસ્તુસ્વભાવ છે. જ્ઞેયને જાણવામાત્રથી જ્ઞાનમાં વિકાર થતો નથી. જ્ઞેયોને જાણી, તેમને સારાં-નરસાં માની, આત્મા રાગીદ્વેષી-વિકારી થાય છે તે અજ્ઞાન છે. માટે આચાર્યદેવે શોચ કર્યો છે કે-'વસ્તુનો સ્વભાવ તો આવો છે, છતાં આ આત્મા અજ્ઞાની થઈને રાગદ્વેષરૂપે કેમ પરિણમે છે? પોતાની સ્વાભાવિક ઉદાસીન-અવસ્થારૂપ કેમ રહેતો નથી?' આ પ્રમાણે આચાર્યદેવે જે શોચ કર્યો છે તે યુક્ત છે, કારણ કે જ્યાં સુધી શુભ રાગ છે ત્યાં સુધી પ્રાણીઓને અજ્ઞાનથી દુ:ખી દેખી કરુણા ઊપજે છે અને તેથી શોચ થાય છે. 222.

## કળશ-૨૨૨ ઉપર પ્રવચન

**'હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'**

**पूर्णैकाच्युतशुद्धबोधमहिमा बोधो न बोध्यादयं**
**यायात्कामपि विक्रियां तत इतो दीपः प्रकाश्यादिव।**
**तद्वस्तुस्थितिबोधबन्ध्यधिषणा एते किमज्ञानिनो**
**रागद्वेषमयीभवन्ति सहजां मुञ्चन्त्युदासीनताम्।।२२२।।**

આહા..હા..! **'શ્લોકાર્થ :- પૂર્ણ, એક, અચ્યુત અને શુદ્ધ (-વિકાર રહિત) એવું જ્ઞાન જેનો મહિમા છે...'** કોની? આત્માની. આત્મા કેવો છે? પૂર્ણ જ્ઞાન છે, એક, અચ્યુત. પોતાના સ્વભાવથી કદી ચ્યુત થયો નથી અને શુદ્ધ. ચાર વિશેષણ થયા. ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનથી ભરેલો છે અને એક સ્વરૂપે છે. અંદર ભેદ નથી. અચ્યુત છે (અર્થાત્) પોતાના સ્વભાવથી કદી ચ્યુત થયો નથી અને શુદ્ધ છે એવું જ્ઞાન. આહા..હા..! **'જેનો મહિમા છે એવો આ જ્ઞાયક આત્મા...'** લો. એવો આત્મા જ્ઞાયક ભગવાન **'જ્ઞેય પદાર્થોથી જરા પણ વિક્રિયા પામતો નથી,...'** જાણવાલાયક પદાર્થને જાણવાથી વિક્રિયા બિલકુલ થતી નથી. એ તો એનો સ્વભાવ છે. જ્ઞાનથી પૂર્ણ એક અચિંત્ય આત્મા ભર્યો છે. એ ચીજને જાણે એમ કહેવું એ પણ હજી વ્યવહાર છે. પોતાની પર્યાય તે સમયે ઉત્પન્ન થઈ તેને જાણે છે. ભારે ઝીણું ભાઈ આવું. હવે ઓલા દયાને ધર્મ (માને). ઓલા કહે, ભક્તિમાં ધર્મ. ઓલા કહે, કપડા છોડે એમાં ધર્મ. આહા..હા..!

અહીં તો ભગવાન આચાર્ય મહારાજ જગતને કહે છે કે, અરે..! પ્રભુ! તું તો પૂર્ણ એક ઉદાસીન ચૈતન્યમૂર્તિ છે. આખા જગતથી તો તું ઉદાસ છે. જગતને અને તારી વસ્તુને કાંઈ સંબંધ નથી. આહા..હા..! એ **'જ્ઞેય પદાર્થોથી જરા પણ વિક્રિયા પામતો નથી,...'** ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

